(૧૧૮) શ્રી બચુભાઈ નાથાભાઈ કિશોરી ગુજરાતી શપથ
(૧૧૯) શ્રી વજેસિંગભાઈ પારસિંગભાઈ પણદા ગુજરાતી શપથ
(૧૨૦) શ્રી તુષારસિંહ કનકસિંહ મહારાઉલ ગુજરાતી શપથ
(૧૨૧) શ્રી ફતેસિંહ વખતસિંહ ચૌહાણ ગુજરાતી શપથ
(૧૨૨) શ્રી જયદ્રથસિંહજી ચંદ્રસિંહજી પરમાર ગુજરાતી શપથ
(૧૨૩) શ્રી અરવિંદસિંહ દામસિંહ રાઠોડ ગુજરાતી શપથ
(૧૨૪) શ્રી સી.કે.રાઉલજી ગુજરાતી શપથ
(૧૨૫) શ્રી જેઠાભાઈ ઘેલાભાઈ ભરવાડ ગુજરાતી શપથ
(૧૨૬) શ્રી હીરાભાઈ હરીભાઈ પટેલ ગુજરાતી શપથ
(૧૨૭) શ્રી માનસિંહ કોહયાભાઈ ચૌહાણ ગુજરાતી શપથ
(૧૨૮) પટેલ શ્રી મણીભાઈ દેવજીભાઈ ગુજરાતી શપથ
(૧૨૯) પરમાર શ્રી રામસિંહ પ્રભાતસિંહ ગુજરાતી શપથ
(૧૩૦) વડોદિયા શ્રી લાલસિંહ ઉદેસિંહ ગુજરાતી શપથ
(૧૩૧) ઝાલા શ્રી ગૌતમભાઈ જેસંગભાઈ ગુજરાતી શપથ
(૧૩૨) ચૌહાણ શ્રી સુંદરસિંહ ભલાભાઈ ગુજરાતી શપથ
(૧૩૩) ઠાકોર શ્રી નટવરસિંહ ફૂલસિંહ ગુજરાતી શપથ
(૧૩૪) દેસાઈ શ્રી પંકજકુમાર વીનુભાઈ ગુજરાતી શપથ
(૧૩૫) દેસાઈ શ્રી શંકરભાઈ દેસાઈભાઈ ગુજરાતી શપથ
(૧૩૬) પટેલ શ્રી જયંતભાઈ રમણભાઈ ગુજરાતી શપથ
(૧૩૭) પટેલ શ્રી નિરંજન ગુજરાતી શપથ
(૧૩૮) રોહિત શ્રી અંબાલાલ આશાભાઈ ગુજરાતી શપથ
(૧૩૯) શ્રી દેવુસિંહ જેસીંગભાઈ ચૌહાણ : ગુજરાતી શપથ
(૧૪૦) શ્રી અમિતકુમાર અજીતકુમાર ચાવડા : ગુજરાતી શપથ
(૧૪૧) શ્રી રાજેન્દ્રસિંહ ધીરસિંહ પરમાર : ગુજરાતી શપથ
(૧૪૨) શ્રી શિરિષકુમાર મધુસુદન શુકલ : ગુજરાતી શપથ
(૧૪૩) શ્રી ગુલસીંગભાઈ રંગલાભાઈ રાઠવા : ગુજરાતી શપથ
(૧૪૪) શ્રી મોહનસિંહ છોટુભાઈ રાઠવા : ગુજરાતી શપથ
(૧૪૫) શ્રી ધીરૂભાઈ ચુનીલાલ ભીલ : ગુજરાતી શપથ
(૧૪૬ શ્રી અભેસિંહ મોતીભાઈ તડવી : ગુજરાતી શપથ
(૧૪૭ શ્રી ખુમાનસિંહ રાયસિંહ ચૌહાણ : ગુજરાતી શપથ
(૧૪૮ શ્રી ભુપેન્દ્રભાઈ ગટુલાલ લાખાવાલા : ગુજરાતી શપથ
(૧૪૯ શ્રી જીતેન્દ્ર સુખડીયા : ગુજરાતી શપથ
(૧૫૦) શ્રી યોગેશ પટેલ : ગુજરાતી શપથ
(૧૫૧) શ્રી મધુભાઈ બાબભાઈ શ્રીવાસ્તવ : ગુજરાતી શપથ
(૧૫૨) શ્રી ઉપેન્દ્રસિંહ પ્રતાપસિંહ ગોહિલ : ગુજરાતી શપથ
(૧૫૩) શ્રી દિનેશભાઈ બી. પટેલ : ગુજરાતી શપથ
(૧૫૪) શ્રી ચંદુભાઈ ડાભી : ગુજરાતી શપથ
(૧૫૫) શ્રી કિરણકુમાર લક્ષ્મણભાઈ મકવાણા : ગુજરાતી શપથ
(૧૫૬) શ્રી ઈકબાલ પટેલ : ગુજરાતી શપથ (અલ્લાહના નામે)
(૧૫૭) શ્રી દુષ્યંતભાઈ રજનીકાંત પટેલ : ગુજરાતી શપથ
(૧૫૮) શ્રી અમરસિંહ રામસિંહ વસાવા : ગુજરાતી શપથ
(૧૫૯) શ્રી હર્ષદભાઈ ચુનીલાલ વસાવા ગુજરાતી શપથ
(૧૬૦) શ્રી પરેશભાઈ ગોવિંદભાઈ વસાવા ગુજરાતી શપથ
(૧૬૧) શ્રી ગણપતભાઈ વેસ્તાભાઈ વસાવા ગુજરાતી શપથ
(૧૬૨) શ્રી પ્રભુભાઈ નાગરદાસ વસાવા ગુજરાતી શપથ
(૧૬૩) શ્રી પુનાભાઈ ઢેડાભાઈ ગામીત ગુજરાતી શપથ
(૧૬૪) શ્રી ઈશ્વરભાઈ નરસિંહભાઈ વહીઆ ગુજરાતી શપથ
(૧૬૫) શ્રી કુંવરજીભાઈ નરસિંહભાઈ હળપતિ ગુજરાતી શપથ

| | | |
|---|---|---|
| (૧૬૬) શ્રી કિરીટભાઈ ગંગારામભાઈ પટેલ | ગુજરાતી શપથ | |
| (૧૬૭) શ્રી નાનુભાઈ ભગવાનભાઈ વાનાણી | ગુજરાતી પ્રતિજ્ઞા | |
| (૧૬૮) શ્રી રણજીતભાઈ મંગુભાઈ ગિલીટવાલા | ગુજરાતી શપથ | |
| (૧૬૯) શ્રી કિશોર વાંકાવાલા | ગુજરાતી શપથ | |
| (૧૭૦) શ્રી રમેશભાઈ છો. પટેલ | ગુજરાતી શપથ | |
| (૧૭૧) શ્રી લક્ષ્મણભાઈ પરસોત્તમભાઈ પટેલ | ગુજરાતી શપથ | |
| (૧૭૨) શ્રી નરેશભાઈ મગનભાઈ પટેલ | ગુજરાતી શપથ | |
| (૧૭૩) શ્રી વિજયભાઈ રમેશભાઈ પટેલ | ગુજરાતી શપથ | |
| (૧૭૪) શ્રી છનાભાઈ કોળુભાઈ ચૌધરી | ગુજરાતી શપથ | |
| (૧૭૫) શ્રી જીતુભાઈ હરજીભાઈ ચૌધરી | ગુજરાતી શપથ | |
| (૧૭૬) શ્રી રમણલાલ નાનુભાઈ પાટકર | ગુજરાતી શપથ | |
| (૧૪૫) શ્રી સિદ્ધાર્થભાઈ ચીમનભાઈ પટેલ | ગુજરાતી શપથ | * |
| (૧૫૮) શ્રી છોટુભાઈ અમરસિંહભાઈ વસાવા | ગુજરાતી શપથ | ** |
| (૦૪૭) શ્રી દિનુભાઈ બોઘાભાઈ સોલંકી | ગુજરાતી શપથ | *** |

**શપથવિધિનું કામકાજ બપોરના ૩-૦૮ વાગ્યે પૂરું થયું.**

• આ સભ્યશ્રીઓએ પાછળથી શપથ લીધા

* આ સભ્યશ્રીએ તા.૧૮.૧.૨૦૦૮ ના રોજ માનનીય અધ્યક્ષશ્રીની ચેમ્બરમાં શપથ લીધા.

** આ સભ્યશ્રીએ તા.૨૨.૧.૨૦૦૮ ના રોજ માનનીય અધ્યક્ષશ્રીની ચેમ્બરમાં શપથ લીધા.

*** આ સભ્યશ્રીએ તા.૨૫.૨.૨૦૦૮ ના રોજ માનનીય અધ્યક્ષશ્રીની ચેમ્બરમાં શપથ લીધા.

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તા.૧૮મી જાન્યુઆરી, ૨૦૦૮**
**પોષ ૨૮, ૧૯૨૯ શાકે**
**સભાગૃહ સવારના ૧૦-૦૦ કલાકે મળ્યું**
**પહેલી બેઠક**
**કાર્યકારી અધ્યક્ષશ્રી દોલતરાય ના. દેસાઈ અધ્યક્ષસ્થાને**
**સભાગૃહની બેઠકની શરૂઆત "વંદે માતરમ્" સંગીતની ધૂન વગાડીને કરવામાં આવી.**

## શપથ અથવા પ્રતિજ્ઞાવિધિ

**કાર્યકારી અધ્યક્ષશ્રી:** ઓર્ડર, ઓર્ડર, ગઈકાલે સોગંદવિધિ વખતે જે માનનીય સભ્યશ્રીઓ સોગંદ અથવા પ્રતિજ્ઞા લેવાના બાકી રહયા છે તે સભ્યશ્રીઓનાં નામ હવે સચિવશ્રી બોલશે. જે સભ્યશ્રીનું નામ સચિવશ્રી બોલે તેમણે પોતાની જગ્યા ઉપરથી ઉભા થઈને સચિવશ્રી પાસે જવા અને તેમની સામે જઈને જે ભાષામાં એટલે કે ગુજરાતી, હિન્દી કે અંગ્રેજી ભાષામાં સોગંદ અથવા પ્રતિજ્ઞાનો નમૂનો મેળવી લેવા વિનંતી છે. ત્યારબાદ સચિવશ્રીની પાસે જમણી બાજુએ ઉભા રહીને તેમણે મેળવેલ નમૂના મુજબ બોલીને સોગંદ કે પ્રતિજ્ઞા લેવી અને ત્યારબાદ નમૂનામાં સૂચવેલ જગ્યાએ પોતાની સહી કરીને તેમજ પોતાનું નામ અને મત વિસ્તાર લખીને તે નમૂનો સચિવશ્રીને પરત કરવા વિનંતી છે. સોગંદ અથવા પ્રતિજ્ઞા લીધા પછી મારી જમણી બાજુએ આવેલ પગથીયા ઉપરથી મંચ ઉપર આવીને મારી સાથે હસ્તધૂનન કરવા વિનંતી છે. ત્યારબાદ અધ્યક્ષશ્રીની ખુરશી પાછળ થઈ ડાભી બાજુએ આવેલ પગથીયા ઉતરીને સચિવશ્રીના મેજ ઉપર રાખેલા શપથપત્રકમાં પોતાનું નામ લખીને તેની સામે સહી કરીને સભાગૃહમાં પોતાની બેઠક લેવા વિનંતી છે

હવે બાકી રહેલ સભ્યશ્રીઓ પ્રતિજ્ઞા અથવા શપથ લેશે.

**શ્રી ઈશ્વરસિંહ ઠાકોરભાઈ પટેલ** **ગુજરાતી શપથ**

## અધ્યક્ષશ્રીની ચૂંટણી

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું વિધાનસભાના નિયમોના નિયમ ૧૦(૧) અન્વયે પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહના માનનીય સભ્ય શ્રી અશોકભાઈ ચંદુલાલ ભટ્ટને આ સભાગૃહના અધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવે.

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ :(વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ જે પ્રસ્તાવ રજૂ કર્યો છે તેને હું ટેકો આપું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કાર્યકારી અધ્યક્ષશ્રી :** હું આ સભાગૃહના સભ્ય શ્રી અશોકભાઈ ચંદુલાલ ભટ્ટને સર્વાનુમત્તે સભાગૃહના અધ્યક્ષશ્રી તરીકે જાહેર કરું છું અને તેમને અધ્યક્ષ સ્થાન લેવા માટે વિનંતી કરું છું.

(ત્યારબાદ સભાગૃહના નેતા શ્રી નરેન્દ્રભાઈ મોદી, વિરોધપક્ષના નેતા શ્રી શકિતસિંહ ગોહિલ તેમજ નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા અને વૈધાનિક અને સંસદીય બાબતોના રાજયકક્ષાના મંત્રીશ્રી અમીતભાઈ શાહ, નવા વરાયેલા અધ્યક્ષશ્રી અશોકભાઈ ભટ્ટને અધ્યક્ષસ્થાને દોરી ગયા અને શ્રી અશોકભાઈ ભટ્ટે અધ્યક્ષસ્થાન લીધું.)

**(શ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને)**

## અધ્યક્ષશ્રીને અભિનંદન

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (મુખ્યમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ચૂંટણી પછીના આ પ્રથમ વિધાનસભાના સત્રમાં અને જયારથી ગુજરાત રાજયની સ્થાપના થઈ ત્યારથી આ ૧૦૮મા સત્રમાં નવા અધ્યક્ષશ્રીની સર્વાનુમતે વરણી થઈ છે. લોકશાહીની ઉજ્જવળ પરંપરાને જાળવીને આ ગૃહના બધા જ માનનીય સભ્યશ્રીઓએ સર્વસંમતિથી અધ્યક્ષશ્રી ઉપર વિશ્વાસ મૂકયો છે, લોકશાહીની ઉજ્જવળ પરંપરા ઉપર વિશ્વાસ મૂકીને માનનીય શ્રી અશોકભાઈ ભટ્ટને અધ્યક્ષ પદ ઉપર પસંદ કર્યા છે. આ ગૃહમાં સૌથી લાંબો સમય ધારાસભ્ય પદે રહીને એમણે આ ગૃહનાં બધાં જ પાસાંઓને જોયાં છે, જાણ્યાં છે, અનુભવ્યાં છે. ગુજરાત વિધાનસભાના સ્પીકર પદના ઈતિહાસમાં આટલો લાંબો અનુભવ ધરાવનાર કોઈ માનનીય ધારાસભ્યશ્રીને સ્પીકર પદ ઉપર બેસવાનો આ પહેલો અનુભવ છે. વિરોધપક્ષમાં પણ એક જુજારુ નેતા તરીકે, એક જાગૃત ધારાસભ્ય તરીકે, સત્તા પક્ષમાં ટ્રેઝરી બેન્ચમાં એક ક્રિયાશીલ ઈનોવેટીવ અને ગરીબો માટે સદાય ચિંતા કરનાર એમનો કાર્યકાળ આપણે બધાએ જોયો છે. એટલે આ પ્રકારે વિરોધપક્ષની જવાબદારી હોય, સત્તા પક્ષની જવાબદારી હોય એમ બંને પ્રકારની જવાબદારી નિભાવ્યા પછી આ ગૃહના સર્વોચ્ચપદે તેઓ બિરાજીત થયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ લોકશાહીનું મંદિર છે. એમાં સૌ ધારાસભ્યો આ લોકશાહીના મંદિરમાં લોકશાહીની ઉજ્જવળ પરંપરાઓને જાળવી રાખવા માટે બંધાયેલા છીએ અને એના માટે પૂરતા પ્રયત્નો પણ કરતા રહીશું. મને વિશ્વાસ છે કે આપનું માર્ગદર્શન લોકશાહીના ઉચ્ચ મૂલ્યોની રખેવાળી કરવાની સાથે સાથે પ્રજાના મનને અને પ્રજાના મતને આદર કરીને આગળ ધપશે. એ વાત સાથે સહમત છું કે ૫.૫૦ કરોડ ગુજરાતીઓની જવાબદારી સમગ્રતઃ આ લોકશાહીના મંદિરમાં બેઠેલા સર્વે માનનીય ધારાસભ્યશ્રીઓની છે. અહીંયાં બધા સહિયારા મળીને આ બંને સાથી પક્ષ તરીકે આ કાર્યને નિભાવશે. ભૂતકાળમાં આ લોકશાહીના મંદિરમાંથી રાજયના લોકોના હિત માટે થયેલા ઉમદા કાર્યોની પરંપરાને જાળવી રાખશે અને વધુ ઉમંગ સાથે જનહિતનાં કામોને અને મુખ્યત્વે લૅજીસ્લેટીવનું કામ છે. એ લૅજીસ્લેટીવના કામને કેવી રીતે ગુણવત્તા સભર બનાવી શકીએ, એની ડિબેટને વધુ અર્થપૂર્ણ કેવી રીતે બનાવી શકીએ, વધુ પરિણામકારી કેવી રીતે બનાવી શકીએ અને દરેક વિચાર વિમર્શને અંતે એક એવું અમૃત મળી આવે જે અમૃત આ રાજયની પ્રજાના હિત માટે લાંબા સમય સુધી ઉપકારક નીવડે. આપના માર્ગદર્શનમાં આ સમગ્ર પ્રક્રિયા આપણી ભૂમિકા જેમાં સમગ્ર ગૃહના સંચાલનની છે એમાં આપના અનુભવને કારણે માત્ર સંચાલન જ નહિ, મને વિશ્વાસ છે કે એક ઉદ્દીપકની પણ રહેશે, એક કેટેલીક એજન્ટની પણ રહેશે, જે સમગ્ર પ્રક્રિયાને વધારે અર્થસભર બનાવશે.

હું આપને આ સભાગૃહ વતી અનેક અનેક શુભેચ્છા પાઠવું છું, ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું અને આપનો આ નવા પ્રકારની જવાબદારીવાળો કાર્યભાર આ ગુજરાતની લોકશાહીના ઇતિહાસમાં ઉમદા રીતે નોંધાશે એવી પૂરી મને શ્રદ્ધા છે. આ તબક્કે હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ(વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આપની આ સભાગૃહે સર્વસંમતિથી અધ્યક્ષપદે નિયુકિત કરી છે ત્યારે હું અંગત રીતે મારા પક્ષના તમામ સભ્યશ્રીઓ વતી ખૂબ હ્દયપૂર્વક આપને અભિનંદન પાઠવું છું.

આપશ્રીને ખૂબ લાંબો બહોળો અનુભવ છે. આપે વિધાનસભા ગૃહમાં જે રીતે સંસદીય પ્રણાલિકાઓ માટે આ બાજુની પાટલીઓ ઉપર બેસીને મુદ્દાઓ ઉઠાવીને ગૃહને નિયમબદ્ધ રીતે પ્રણાલિકાઓમાં ચલાવવા માટે શિરસ્તો પાડ્યો છે. એક જાગૃત સભ્ય તરીકે હું માનુ છું કે આપ અધ્યક્ષપદ ઉપર બેસીને નિર્ણયો કરશો એ નિર્ણયો પણ આપની એ પરંપરાઓને જાળવી રાખીને ગુજરાત વિધાનસભાના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાય એ પ્રકારના નિર્ણયો બની રહેશે એવી મને અપેક્ષા છે અને આપને હું મારી હ્દયપૂર્વકની શુભેચ્છા પાઠવું છું. વિધાનસભા ગૃહની ગુજરાતની પ્રણાલિકાઓ વિશે માનનીય અધ્યક્ષશ્રીની નિયુકિતના સમયે આપે આ તરફ બેસીને અને સામા પક્ષે બેસીને પણ જે મંતવ્યો નવા અધ્યક્ષ જે આ પદ પર બિરાજમાન થાય ત્યારે જે શબ્દો આપે વાપર્યા છે, હું તેને જોતો હતો અને આપની મંજૂરીની અપેક્ષા સાથે એ જ શબ્દો જે આપના શબ્દો છે તેને હું દોહરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભાગૃહમાં ૧૮મી માર્ચ-૧૯૮૫ના રોજ જ્યારે નવા અધ્યક્ષની વરણી કરવામાં આવી ત્યારે માનનીય અધ્યક્ષશ્રી આપે એ સમયે જે બે પંકિતઓનો ઉપયોગ કર્યો હતો તેને હું અહીં ટાંક્યા વગર નહીં રહી શકું.

માનનીય અશોકભાઈ ભટ્ટ (ખાડીયા): "માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના સંસદીય પ્રથાના કીર્તિમંદિરમાં વિધાનસભા ગૃહ ઉપર અનેક કીર્તિકળશો ચડ્યા છે. દેશની અંદર અનેક વિધાનસભાઓની સંસદીય પ્રથામાં આપણે અનેક દાખલાઓ, આદર્શો બેસાડી શક્યા છીએ અને તેવા નિર્ણયો આપ અને આપના પૂર્વ અધ્યક્ષશ્રીએ આપેલા છે. આ પક્ષની સરકાર હોય કે તે પક્ષની સરકાર હોય, પણ અધ્યક્ષશ્રીના નિર્ણયો પ્રજાને અને પ્રજાના પ્રતિનિધિઓને આનંદ અને વિશ્વાસ પ્રાપ્ત થાય એવા રહ્યા છે."

માનનીય અધ્યક્ષશ્રી, મને વિશ્વાસ છે કે એક જાગૃત સભ્યશ્રી તરીકે માનનીય નટવરલાલ શાહ સાહેબ જ્યારે આ સિંહાસન પર બિરાજમાન થયા ત્યારે આપે જે શબ્દો વાપર્યા હતા એ શબ્દો મુજબ આપના અધ્યક્ષકાળ દરમ્યાન આ ગૃહ ચાલશે એવી મને સંપૂર્ણ શ્રદ્ધા છે.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ચ-૧૯૯૮માં આપે ફરી વખત જ્યારે અહીં અધ્યક્ષ તરીકે નવા માનનીય અધ્યક્ષશ્રી બિરાજમાન થયા ત્યારે આપે પાના-૫ ઉપર બહુ જ સારા શબ્દોનો આપણી વિધાનસભાની ચર્ચાઓમાં ઉપયોગ કર્યો હતો.

માનનીય અશોકભાઈ ભટ્ટ (આરોગ્ય, પરિવાર કલ્યાણ, શ્રમ અને રોજગાર મંત્રીશ્રી): આપે સામે બેસીને કહ્યું હતું કે, " આ દેશની અંદર સંસદીય સંસ્કૃતિનો વારસો જો કોઈએ આપ્યો હોય તો ગુજરાતે આપ્યો છે. આઝાદી પહેલાં પ્રાંતિક સ્વરાજ્ય પ્રાપ્ત થયું ત્યારે સ્વ. વિઠ્ઠલભાઈ પટેલે પાડેલી પ્રણાલિકાઓ અને આઝાદી પછી દેશની લોકશાહીની અંદર પહેલા અધ્યક્ષ તરીકે પૂજ્ય માવળંકર દાદાએ પાડેલી પ્રણાલિકાઓ, આ દેશની પરંપરાઓ, પ્રણાલિકાઓ અને સંસ્કૃતિનો અમર વારસો આપના અધ્યક્ષકાળ દરમ્યાન જીવંત રહેશે" એ જ શબ્દો હું આજે જ્યારે આપ આ આસન પર બિરાજમાન થયા છો ત્યારે મારી શુભકામનાઓ સાથે દોહરાવું છું. મને સંપૂર્ણ વિશ્વાસ છે.કે, માનનીય અધ્યક્ષશ્રી, આપ તો સંસદીય પ્રણાલિકાના નિષ્ણાત અને વાચક છો. આપણી જે ઉચ્ચ પ્રણાલિકાઓ છે, આપે જરૂર એ ક્વોટ પણ કરેલું છે કે, " આ અધ્યક્ષશ્રીના આસન પર બેઠેલાં માનનીય સ્વ. રાઘવજીભાઈ લેઉવા અને માનનીય સ્વ. નટવરલાલ શાહ સાહેબ, તેમણે કહ્યું હતું કે વિરોધપક્ષ તો લઘુમતીમાં હોય, હું ભલે આ પક્ષના ચૂંટણી ચિહ્ન પરથી ચૂંટાયો હોઉં, પરંતુ મારી એ જવાબદારી છે કે વિરોધપક્ષનો અવાજ ન

ગૂંગળાવો જોઈએ અને એ મારી જવાબદારી બજાવતા બજાવતા કદાચ એવું કલંક આવે કે અધ્યક્ષ વિરોધપક્ષની તરફેણવાળા છે. તો એ કલંકને પણ હું માથે લઈશ પરંતુ લોકશાહીને જીવંત રાખીશ."

માનનીય અધ્યક્ષશ્રી, આ આપણી પરંપરાઓ છે અને જ્યારે આપ આ આસન ઉપર બિરાજમાન છો ત્યારે આપને ખૂબ અભિનંદન પાઠવું છું. મંત્રીશ્રીઓ તો આવે અને જાય, તેમના ઇતિહાસ બહુ લાંબો સમય યાદ નથી રહેતા, પરંતુ માનનીય અધ્યક્ષશ્રીનો ઇતિહાસ એ ચિરંજીવી બનતો હોય છે. આપને સત્તા પક્ષના જે અનુભવો છે, વિરોધપક્ષના જે અનુભવો છે, આપની સાથે આ જ ગૃહમાં આપ સામે બેઠા હો અને અમે અહીં બેઠા હોઈએ એમ પણ કામ કર્યું છે. આપ અહીં બેઠા હોય અને અમે સામે બેઠા હોઈએ એમ પણ કામ કર્યું છે અને સત્તાધારી પક્ષ કોઈ હોય અને આપ વિરોધપક્ષમાં હોય અને અમે ટેકો આપતા પક્ષ તરીકે બેઠા હોઈએ એમ પણ કામ કર્યું છે. ત્યારે આપની સાથેના અનુભવના નાતે હું કહી શકું છું. આપ જ્યારે આ આસન ઉપર બિરાજમાન થયા છો ત્યારે એ પ્રણાલિકા જરૂર જીવંત રાખશો એનો ગુજરાતની જનતાને અહેસાસ થાય કે ગુજરાતની વિધાનસભાની અંદર એક જીવંત લોકશાહીની પ્રણાલિકાઓ છે એને દ્રઢ બનાવવા માટે અહીં અનુભવી માનનીય અધ્યક્ષશ્રી બેઠા છે એ વાતની પ્રતીતિ થાય અને આપનો ઇતિહાસ પણ સુવર્ણ અક્ષરે લખાશે એવી શુભ કામનાઓ પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રીની વરણી વખતે માનનીય માધવસિંહ સોલંકીએ કહ્યું હતું કે "ગૃહના નેતા તરીકે હું કોઈ પક્ષનો નેતા નથી આ ગૃહનો નેતા છું. સામે બેઠેલા વિરોધપક્ષના નેતા હોઈ શકે પણ હું તો આ સમગ્ર ગૃહનો નેતા છું અને હું પૂરેપૂરી તટસ્થતાથી કામ કરીશ. આ અધ્યક્ષશ્રીની ખુરશીના નિયમો બધા માટે સમાન બની રહે એના માટે ટેકો આપવા તત્પર રહીશ." હું આ મારા વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓવતી ખાતરી આપું છું કે અમે સ્વયંભેર જે રીતે આપ સહકાર માગો એ રીતે સહકાર આપીશું અને આપ અમારા અધિકારોને રક્ષણ આપશો એવી અપેક્ષા સાથે હૃદયપૂર્વક શુભ કામનાઓ પાઠવીને વિરમું છું.

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ બારમી વિધાનસભાએ આપની અધ્યક્ષ તરીકે સર્વાનુમતે વરણી કરી છે એટલા માટે હું હૃદયપૂર્વક આપને આવનારા કાર્યકાળ માટે શુભેચ્છા આપું છું. કદાચ સમગ્ર ગૃહમાં આપ જ એવા સભ્યો કે જેમણે છેલ્લી પાટલી ઉપર કામ કર્યું છે અને પહેલી પાટલી ઉપર પણ કામ કર્યું છે અને ટ્રેઝરી બૅન્ચ ઉપર પણ કામ કર્યું છે અને વિરોધપક્ષની અગ્રિમ હરોળમાં કામ કર્યું છે. આપે સંસદીય બાબતોના મંત્રી તરીકે કામ કર્યું છે. જેમણે અનેક વિભાગો સંભાળ્યા હોય. આટલા બહોળા અનુભવ સાથે આપ જ્યારે આ પદને સંભાળી રહ્યા છો એ વખતે અમને સંપૂર્ણ શ્રદ્ધા છે. સંસદીય પ્રણાલિકાઓના સંવર્ધન માટે આવનાર પાંચ વર્ષ સુવર્ણકાળ સમાન બની રહેશે. ફરીવાર આપની સર્વાનુમતે વરણી થઈ છે એ બદલ હૃદયપૂર્વક શુભેચ્છા આપું છું અને આભાર માનું છું કે આપણે ઉચ્ચ પ્રણાલિકાઓ અહીં જાળવી છે. વિરોધપક્ષના મિત્રોએ પણ આપની વરણીની દરખાસ્તને ટેકો આપી આ ગૃહની પરંપરા જાળવી છે એ બદલ હું એમનો આભાર માની વિરમું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, આપની સુદીર્ઘ આ ગૃહની સેવાઓ બાદ, આ ગૃહના સભ્ય તરીકે ખૂબ લાંબા અનુભવ બાદ આપની અધ્યક્ષ તરીકે વરણી થઈ છે એ બદલ હું આપને અભિનંદન આપું છું અને આ ગૃહના સંચાલનની અંદર આપણે એકદમ ઉચ્ચ પરંપરાઓ પ્રસ્થાપિત કરીએ એવી આપને શુભેચ્છાઓ પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા માનનીય નેતાશ્રીએ જ્યારે આપની પાસે જે અપેક્ષાઓ અધ્યક્ષ તરીકેની છે એની વાત કરી છે અને માનનીય ગૃહના નેતાશ્રીએ જ્યારે અધ્યક્ષપદને આ ગૃહનું સર્વોચ્ચ પદ કહ્યું છે ત્યારે ખરા અર્થમાં એ સર્વોચ્ચ પદ બને એટલા માટે ઘણી અપેક્ષાઓ ગૃહ અને સમાજ આપણા બધાની પાસેથી રાખશે. હું આપને ભારતની પાર્લામેન્ટમાં પહેલા સ્પીકરની વરણી થઈ ત્યારે આપણા સ્વર્ગસ્થ વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ આઠમી માર્ચ ૧૯૪૮ના રોજ જે શબ્દો ઉચ્ચાર્યા હતા એને માત્ર યાદ દેવડાવવા માગું છું.

માનનીય વડાપ્રધાને કહ્યું હતું કે, "The Speaker represents House. He represents dignity of the House, the freedom of the House and because the House represents the Nation, in a particular way, the Speaker becomes symbol of Nation's freedom and liberty. Therefore, it is right that,

that should be an honoured position, a free position and should be occupied always by a man of oustanding ability and impartiality. માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે જ માનનીય અધ્યક્ષશ્રીમાં જે મહત્ત્વનું લક્ષણ હોવું જોઈએ એ Cold neutrality of the impartial judge. માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ કપરી જવાબદારી છે આપની અને એ કપરી જવાબદારી નિભાવવા માટે આપની પાસે અનુભવનું ભાથું પણ એટલું જ મોટું છે. સાચે જ કહ્યું કે આપે આક્રમક વિરોધપક્ષ તરીકેની ભૂમિકા પણ અનેક વખત બજાવી છે અને ટ્રેઝરી બેચના બચાવની જ્યારે કામગીરી હોય ત્યારે એ કામગીરી પણ આપે બરોબર નિભાવી છે. એ બંને અનુભવોની વચ્ચે આપે cold neutrality of the impartial judge બનવું પડશે અને મને વિશ્વાસ છે કે આપની પાસે એ અનુભવ છે અને સાથે એક લક્ષણ મહત્ત્વનું એ છે કે જીવનના મધ્યાહન પછી સામાન્ય રીતે સ્પીકરની પસંદગી થતી હોય છે એ મધ્યાહન પણ આપ વટાવી ચૂકયા છો. હું આપને યાદ અપાવવા માગું છું કે આ પરંપરાઓ આજની શરૂ નથી થઈ, હું ૪૦૦ વર્ષ પહેલાનો એક દાખલો આપને યાદ અપાવવા માગું છું કે ઈંગ્લેન્ડની અંદર આ પ્રથા

શરૂ થઈ એ પછી ૧૬૪૨ની ચોથી જાન્યુઆરીએ રાજા ચાર્લ્સ એણે પાંચ સાંસદ ઉપર રાજદ્રોહનો મૂકદમો જાહેર કર્યો.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, આપણે હજી બીજી બેઠકમાં જવાનું છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું ત્રણ જ મિનિટમાં પૂરું કરીશ.

**અધ્યક્ષશ્રી** : હજી બાબુભાઈ પણ બોલવાના છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૬૪૨ની વાત કરું છું. પાંચ સાંસદો ઉપર રાજદ્રોહનો આરોપ હતો. વૉરંટ જાહેર કરાયું, વૉરંટમાં પકડી ના શકાયા અને એ વખતે રાજા ચાર્લ્સ હેનરી ખુદ હાઉસની અંદર ધસી આવ્યા અને એણે આ પાંચ જે સાંસદો હતા એને પકડવા માટે સ્પીકરને ઑર્ડર કર્યો અને એ વખતે સ્પીકરે જે જવાબ આપ્યો હતો રાજાને એ માત્ર હું આપની જાણ માટે કહુ છું. એ જવાબ એવો હતો કે, "May it please Your Majesty, I have neither eyes to see nor toungue to speak in this place but the House as pleased to direct me whose servant I am here and I humbly beg Your Majesty's pardon that I cannot give any other answer than this to what Your Majesty be deem fit of me. અને આ જવાબ ૧૬૪૨માં અપાયો હતો અને આજે તો આપણે ૪૦૦ વર્ષના ઇતિહાસ પછી એક મેચ્યોર ડૅમોક્રેસીમાં આવી ચૂક્યા છીએ અને ગુજરાત તો ડૅમોક્રેસીમાં બીજા બધા કરતા આગળ છે ત્યારે આપની પાસેથી જરૂર એવી અપેક્ષા રાખીશ કે અહીંયા માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું એ પ્રમાણે આ સર્વોચ્ચપદ માટે જે કરેજ હોવી જોઈએ એ કરેજ બતાવવાની ક્ષમતા પણ આપનામાં છે અને એનો અનુભવ પણ આપનામાં છે ત્યારે આપ જરૂરથી આ ગૃહને એક નવી દિશા ઉપર લઈ જશો એવી અપેક્ષા રાખુ છું. ગુજરાતની પરંપરા છે એ માનનીય ગણેશ વાસુદેવ માવળંકર હોય, માનનીય રાઘવજીભાઈ લેઉવા હોય કે માનનીય કુંદનલાલ ધોળકીયા હોય આ બધા જે બુઝર્ગો હતા એ સહિતના અનેક બુઝર્ગોએ આ ચેરને, ગૃહને શોભાવ્યું છે. હું અપેક્ષા રાખુ છું કે જે આ ગૃહની અપેક્ષા છે, સમાજની અપેક્ષા છે, ડૅમોક્રેસીની અપેક્ષા છે એ પરિપૂર્ણ કરવામાં આપને પરમકૃપાળુ પરમાત્મા શકિત આપે એવી પ્રાર્થના સાથે આપને શુભેચ્છા પાઠવું છું.

**અધ્યક્ષશ્રી** : બાબુભાઈ, સમયની મર્યાદા સાથે.

**શ્રી બાબુભાઈ મે. શાહ(ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે જ્યારે સર્વાનુમતે નિર્ણય લેવાયો છે ત્યારે આ ગૃહનું ડેકોરમ પણ જળવાય એવું આપણે બધા ઈચ્છીએ. અમારા જેવા માટે અત્યંત આનંદનો પ્રસંગ છે. એટલા માટે કે આજે સર્વાનુમતે આપની વરણીનો આનંદ છે એ આનંદ ચિરંજીવી બને એવું આપણે ઈચ્છીએ. આ ગૃહમાં વર્ષો સુધી આપની સાથે અને આપની સામે રહેવાનો મને ખૂબ લાંબો સમય મળ્યો છે. આપને આ વિધાનસભાની અંદર મૌલિકતા સાથેના સભ્ય તરીકે ગણવામાં આવે છે. માનનીય અશોકભાઈ ભટ્ટ સાહેબ એક સ્પાર્ક તરીકે હંમેશા ઓળખાયા છે. તણખો છે એ માનવાચક શબ્દ છે. એમાંથી ક્યાંક નવી વસ્તુનો ઉજાસ આપના મારફત આવેલ હોય ત્યારે આપ ગૃહના અધ્યક્ષપદે બિરાજ્યા છો ત્યારે મારા જેવા માટે ખૂબ રોમાંચક અને આનંદનો પ્રસંગ હું ગણું છું. આપના અધ્યક્ષપદની ઘણી બાબતો આવતા દિવસોમાં, કસોટીની પળો પણ આવશે. પણ આપ હંમેશા દરેક કસોટીમાંથી પાર પડેલા છો. આ સર્વોચ્ચ પદ છે એમાં રાજ્યના ત્રણ સર્વોચ્ચ પદો ગણાય છે. એક તો નામદાર હાઈકોર્ટના ચીફ જસ્ટિસનું પદ, ગુજરાત વિધાનસભાનું અધ્યક્ષપદ અને માનનીય મુખ્યમંત્રીશ્રીનું પદ. આ ત્રણ પદો ખૂબ ગૌરવવંતાં પદો છે. કારણ કે આ વાત હંમેશાં આદરણીય કુંદનલાલ ધોળકિયા આપણા આ ગૃહના પૂર્વ અધ્યક્ષ હતા એ કહેતા હતા અને આજે એમણે આપને અભિનંદન આપવા માટે મને કહ્યું છે. આ ગૃહની અંદર બધાના વતીથી અભિનંદન આપીએ અને અગાઉ અમારા વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ અને શ્રી અર્જુનભાઈએ પોતાના વિદ્વત્તાભર્યા પ્રવચનો કર્યા છે એટલે એ પ્રસંગો નહીં ટાંકું. આ ગુજરાતની અને ગૃહની ગરિમા છે એ અધ્યક્ષપદની ખુરશીમાં સચવાયેલી હોય છે અને આ ગરિમાનો આપના કાળ દરમિયાન અમે અનુભવ કરી શકીએ અને આવતા દિવસોમાં આપે આપેલા નિર્ણયો છે એની પ્રશંસા થાય એવું વાતાવરણ બની રહે, એમાં સફળતા મળી રહે એવું હું ઈચ્છું છું અને ફરી આપને અભિનંદન આપું છું.

**અધ્યક્ષશ્રી**: આ સન્માનનીય ગૃહના આદરણીય માનનીય નેતાશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અને સૌ સભ્યો. સૌથી પહેલાં આપનો હૃદયપૂર્વક આભાર માનું છું કે, આ સભાગૃહના અને લોકશાહીના મંદિરના એક સર્વોચ્ચ પદ માટે આપે મારી પસંદગી કરી, સર્વાનુમતે પસંદગી કરી અને જે વિશ્વાસ મૂક્યો છે તે વિશ્વાસને પરિપૂર્ણ કરવા માટે હું પ્રયત્નશીલ રહીશ. આપ સૌએ અને વિશેષ કરીને મને અભિનંદન આપતી વખતે આદરણીય વિરોધપક્ષના નેતાશ્રી, મુખ્યમંત્રીશ્રી અને ગૃહના નેતાશ્રીએ જે શબ્દોથી મને સત્કાર્યો છે એ બન્નેના શબ્દો અને એ બન્નેના પ્રવચનોને હું યોગ્ય રીતે નિભાવવાના પ્રયત્નો માટેની ખાતરી આપું છું. આપ સૌ જાણો છો કે આ સભાગૃહમાં આ પદ એક એવું પદ છે કે જેણે સમગ્ર ગુજરાતને ગૌરવ અપાવ્યું છે. આમ તો આપણા ગુજરાતે જ સમગ્ર દેશની લોકશાહી, સમગ્ર દેશની સંસદીય પ્રણાલિકાનો ઈતિહાસ સર્જવાનું એક નેતૃત્વ લીધું છે. ગુજરાત એક જ એવું રાજ્ય ગૌરવપૂર્વક કહી શકે એમ છે કે આઝાદી પહેલાં આઝાદી અપાવવા માટે, સ્વરાજ માટે નેતૃત્વ લીધું હતું. આઝાદી પહેલાં અને આઝાદી પછી સંસદીય પ્રણાલિકાઓની સ્થાપના માટે પણ ગુજરાતે નેતૃત્વ લીધું હતું અને એ નેતૃત્વએ રાષ્ટ્રની લોકશાહીના ઈતિહાસના અને રાષ્ટ્રના સંસદીય પરંપરાના ઈતિહાસના સર્જકો દેશને ગુજરાતે આપ્યા છે. ૧૯૨૫ ની ૨૪મી ઑગસ્ટે બ્રિટિશ શાસનકાળની અંદર સ્વ.વિઠ્ઠલભાઈ પટેલે જ્યારે અધ્યક્ષપદ

સંભાળ્યું ત્યારે સમગ્ર દેશે અને ગુજરાતે એક આનંદની લાગણી અનુભવી હતી અને ગાંધીજીએ તે દિવસે એમ કહ્યું હતું કે, " એક ખેડૂતનો પુત્ર આ દેશના ઉચ્ચપદે બેઠો છે ત્યારે હવે આ દેશની આઝાદી દૂર નથી." એવો વિશ્વાસ પૂજ્ય ગાંધીજીએ જ્યારે ૨૪મી ઑગસ્ટ ૧૯૨૫ ના દિવસે વ્યકત કર્યો હતો અને આજે આપણે સાથે મળીને એક એવી ભાવનાથી શરૂઆત કરીએ કે જેમ સ્વરાજ્ય દૂર નથી એવો વિચાર ગાંધીજીએ મૂક્યો હતો. તેમ આ ગૃહ હવે દેશની જનતાને એમ કહે કે સુરાજ્ય દૂર નથી, આપણે સૌ આ ગૃહની અંદર આઝાદી પછી પણ ગુજરાતે દેશના સંસદીય ઇતિહાસને આગળ લઈ જવાના કાર્યની જવાબદારી સંભાળી છે અને પૂજ્ય દાદા સાહેબ માવળંકરે એ જવાબદારી પરિપૂર્ણ કરતી વખતે એમણે દેશની સંસદીય લોકશાહીને એક નવો ચહેરો આપ્યો. સામાન્ય રીતે કોમનવેલ્થના દરેક રાષ્ટ્રે લોકશાહી અપનાવી ત્યારે સંસદીય લોકશાહી એ British Parliamentary Practiceની replica બની. પરંતુ ભારતની લોકશાહી એ British Parliamentary Practiceની replica ના બને એ ચિંતન પૂજ્ય દાદા સાહેબ માવળંકરનું હતું અને એમણે એ ચિંતન સાકાર કર્યુ અને દેશની લોકશાહી અને સંસદીય પ્રણાલિકાઓના ઇતિહાસને સ્થાપવામાં આપણા ગુજરાતે એક સુવ્યવસ્થિત પ્રયાસોના એવા સર્જકો આપ્યા એ ગૌરવવંતા પુરુષોને આજે યાદ કરીએ. હું એ પણ યાદ કરું છું કે પહેલી મે ૧૯૬૦ પછી ગુજરાતે વિધાનસભાની અંદર પૂજ્ય આદરણીય કલ્યાણજી મહેતા, પૂજ્ય લેઉવા સાહેબથી શરૂ કરીને મારા પુરોગામી શ્રી મંગળદાસભાઈ સહિતના આપણા ૧૩ અધ્યક્ષોએ ગુજરાતની વિધાનસભાને એક સંસદીય ઇતિહાસ આપ્યો છે અને એ ઇતિહાસના આપણે સૌ સાક્ષીઓ છીએ અને એ ઇતિહાસને આપણે આગળ લઈ જવાના છીએ. આદરણીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે મારા વકતવ્યને ટાંકીને વાત કરી છે હું એને આગળ લઈ જવાનો વિચાર કરું છું. આપણે જો એ વાતને આગળ લઈ જવી હોય તો આપણે સૌ સાથે મળીને આદરણીય મુખ્યમંત્રીશ્રી, આ ગૃહના નેતાશ્રીએ જે કહ્યું તેમ આપણે સાથી પક્ષ તરીકે રહીએ. ગુજરાતની પ્રજાએ આપણા ઉપર જે વિશ્વાસ મૂક્યો છે, ગુજરાતની પ્રજાએ જે આપણને કામ સોપ્યું છે તે પૂર્ણ કરીએ. ૧૨મી વિધાનસભાના સભ્યો માટે તો એક ખૂબ આનંદનો અવસર છે એ અવસરની વાત હું એટલા માટે કરું છું કે ૧૯૫૬ની આઠમી ઑગસ્ટે મહાગુજરાતની ચળવળની શરૂઆત થઈ અને પહેલી મે ૧૯૬૦ના દિવસે આ રાજ્યની સ્થાપના થઈ ત્યારથી ૫૦ વર્ષ આ વિધાનસભા પૂરાં કરશે. આપણે સૌ સભ્યો આ સ્વર્ણિમ ગુજરાતના ૫૦મા વર્ષના કાળમાં સભ્યો બન્યા છીએ ત્યારે આપણો સંકલ્પ શું હોઈ શકે, આપણો સંકલ્પ એ બને કે ગુજરાતને વિશ્વનું શ્રેષ્ઠ રાજ્ય બનાવીએ. આપણો સંકલ્પ એ બને કે, લોકપ્રતિનિધિ તરીકે પ્રજાએ જે આપણામાં વિશ્વાસ મૂક્યો છે અને આપણે જે સંકલ્પ સાથે અહીંયાં આવ્યા છીએ એ સંકલ્પ પરિતૃપ્ત કરવા માટે આપણે એક સાથે આ સભાગૃહમાં એવા નિર્ણય લઈએ કે જે નિર્ણયોને દેશ અનુસરે, ગુજરાત વિધાનસભાનો એ ગૌરવવંતો ઇતિહાસ રહ્યો છે કે એના અનેક નિર્ણયો આ વિધાનસભાના પાછલા વર્ષોમાં થયા છે કે જેને ગુજરાતે, માત્ર ગુજરાતે જ નહિ પરંતુ સમગ્ર દેશે એ નિર્ણયોને આવકાર્યા છે. જ્યારે ગુજરાતની પ્રજાએ આ ૧૨મી વિધાનસભાની ચૂંટણી સમયે જે લોકશાહીના સંસ્કારોની પ્રતીતિ કરાવી, ઉમદા લોકશાહીની સ્થાપના માટે અનન્ય અનુભૂતિ સમગ્ર દેશને કરાવી ત્યારે ગુજરાતની સમજ બતાવનારી પ્રજાનું પણ આપણે સૌ આ સભાગૃહના સભ્યો તરીકે અભિવાદન કરીએ. મને લાગે છે કે આજનો પ્રસંગ એવો છે કે સ્વર્ણિમ કાળની અંદર જવા માટે આપણે જે સંકલ્પો લઈને આવ્યા છીએ તે સંકલ્પ આ પક્ષનો હોય કે બીજા પક્ષનો હોય, સંકલ્પ એ માત્ર આપણા સૌનો છે કે આ ગુજરાતના ગરીબ માણસોની ચિંતા કરીએ ગુજરાતના ગરીબ માણસોનું ચિંતન કરીએ, ગુજરાતના ગરીબ માણસો સુધી પહોંચવું છે, ગુજરાતના ગરીબ માણસોને આપણે કાંઈક આપવું છે, કાંઈક રહી ગયું હોય તો એના માટેનું પરિપૂર્ણ કરવું છે અને એ પરિપૂર્ણ કરતાં કરતાં ગુજરાતને શ્રેષ્ઠત્તમ બનાવવું છે. શ્રેષ્ઠ ગુજરાત બનાવવાની દિશામાં સૌનો સહયોગ મળી રહે અને તે માટે સહયોગી વાતાવરણ આપણે સર્જીયે તો મને લાગે છે કે, જે અપેક્ષા આદરણીય શ્રી શકિતસિંહજીએ વિરોધપક્ષના નેતા તરીકે રાખી છે તો આ વિચારને, આ સંસ્કારને, આ ભૂમિકાને લઈને જો આપણે આગળ ચાલીશું તો મને લાગે છે કે, તમે મારામાં જે વિશ્વાસ મૂક્યો છે એ વિશ્વાસને પરિપૂર્ણ કરવા માટે સૌએ સાથે મળીને ગુજરાતની શ્રેષ્ઠતા અને ગુજરાતના વિકાસની દિશામાં સહિયારા પ્રયત્નો કરીએ. આપણા મંતવ્યો ચોક્કસ જુદા હોઈ શકે પરંતુ મંતવ્યો રજૂ કરીએ, અને મંતવ્યો રજૂ કરીને એ મંતવ્યો અને ચિંતનો આપણા નિર્ણયો બને અને એ નિર્ણયો સમગ્ર દેશની દિશા બને એ દિશા તરફ આપણે આગળ જવું છે. હું ચોક્કસ કહું છું કે, જો આપણે આ દિશાને લઈને આગળ ચાલીશું તો ગુજરાત એ સુરાજ્ય અને સ્વરાજ્ય માટે સમગ્ર દેશને દિશા બતાવશે. ગુજરાતની લોક સંસ્કૃતિ એ હંમેશા સંસદીય લોકશાહીના સંસ્કારની પૂર્વ ભૂમિકા છે. કારણ કે, એ સહઅસ્તિત્વમાં માને છે, સૌને સાથે લઈને ચાલવામાં માને છે, એ આપત્તિને પણ આશીર્વાદમાં પલટીને ઉત્સવો ઉજવતા ઉજવતા ગુજરાતના વિકાસને માનતી હોય એવી લોક સંસ્કૃતિ ગુજરાતની સેંકડો વર્ષોથી રહી છે. એજ લોક સંસ્કૃતિને આપણે ફરી એક વાર દેશની સંસ્કૃતિ બનાવવી હોય તો મને લાગે છે કે, આપણે એમ કહી શકીએ કે, ગુજરાતે દેશની કોઈપણ ક્રાંતિનો ઇતિહાસ સર્જ્યો છે. બારમી વિધાનસભા એ દેશને દિશા બતાવવા માટે એક નવી સંસદીય પ્રણાલિકા નહીં, પરંતુ આપણી લોક સંસ્કૃતિના આધારિત સંસદીય પ્રણાલિકાને આપણે અપનાવીએ અને એ પ્રણાલિકા સહ ચિંતનની છે. વિચારોના મતભેદ હોઈ શકે પણ મન ભેદ ન હોઈ શકે. આપણે સાથે મળીને સહિષ્ણુતા કેળવીએ અને એજ વાતાવરણ આ ગૃહનું બનશે એવી અપેક્ષા મને છે. આ અપેક્ષાને પરિપૂર્ણ કરીશું તો ગૃહના નેતાએ ગુજરાતની જનતાએ જે અપેક્ષાઓ મૂકી છે એ વાત કરી છે. આપણા સૌના ઉપર ગુજરાતની પ્રજાએ એક વિશ્વાસ મૂક્યો છે. આપણે સૌને લોક પ્રતિનિધિ તરીકે મોકલ્યા છે ત્યારે આપણે આપણા કર્તવ્યો બજાવીએ.

મને લાગે છે કે, આજે આ સભાગૃહના સૌ સભ્યો એક મંત્ર તરીકે જીવંત રહેશે ત્યારે એ રાષ્ટ્રના વિકાસ માટે ગુજરાત, અને રાષ્ટ્રના વિકાસ માટે ગુજરાત એવો મંત્ર આપણે જીવંત મંત્ર બને તો મને લાગે છે કે, જે કાર્યો પૂજ્ય ગાંધીજીના આઝાદી અપાવ્યા પછી બાકી રહ્યા હતાં, સરદાર વલ્લભભાઈ પટેલનું દેશને. ઘડવાની અંદર સ્વપ્ન રહ્યું હતું એ સ્વપ્નો આ ગૃહ પૂરાં કરશે. આ ગૃહનું સંયુક્ત નેતૃત્વ, આ ગૃહમાંથી આવેલો અવાજ સૌનો અવાજ બને એજ પ્રજાનો અવાજ બનશે તો સરદાર વલ્લભભાઈ પટેલે અને પૂજ્ય ગાંધીજીએ જે વિચારો મૂકીને આ રાજયને અને આ દેશના ગરીબ માણસો સુધી પહોંચવાના વિચારો મૂક્યા હતા એ વિચારોનો અવાજ, એ વિચારોનો પડઘો આ સભાગૃહનો બને તો એ વિચારોનો અવાજ, એ વિચારોનો પ્રતિઘોષ, એ વિરોધપક્ષનો અવાજ નહીં ગણાય, એ સત્તાધારી પક્ષનો અવાજ નહીં ગણાય પણ ગૃહનો અવાજ બનશે અને ગુજરાતની પ્રજાનો અવાજ બનશે. હું આશા રાખું છું કે, આપણે સૌ ફરીથી એ મહાપુરુષોના જેમણે આપણને એક મોટો અમૂલ્ય વારસો આપ્યો છે એ વારસાને ઉજ્જવળ બનાવીએ અને ગુજરાતને આપી શકીએ. આ સભાગૃહને ખાતરી આપું છું કે, ગુજરાતની આવતી કાલનું ભાવી, દેશની આવતી કાલના ભાવીને આગળ ઘડનારા અનેક નિર્ણયો આપણે અહીંયાં સાથે મળીને કરવાના છે ત્યારે એમાં આપ સૌનો સહયોગ મળશે અને એવા નિર્ણયો આપણે કરીશું તો સમગ્ર દેશ આપણી પાસે, ગુજરાત પાસે અપેક્ષા રાખી રહ્યો છે કે, ગુજરાત જ દેશની લોકશાહીનું દિશા સૂચક બનશે. દેશની સંસદીય લોકશાહીનો ઇતિહાસ ગુજરાતે આપ્યો છે અને એજ શ્રદ્ધા સાથે અને એ બનાવવામાં આ સભાગૃહમાં આપ સૌના સહચિંતનો મળશે, આપનું માર્ગદર્શન મળશે. આપની અપેક્ષા પૂરી કરવા માટે હું પ્રયત્નશીલ રહીશ એવી ખાતરી સાથે ફરીથી મારા પુરોગામીઓએ ગુજરાતની સંસદીય પ્રણાલીકાના લોકશાહીના મંદિરને જે ઉજજવળ પ્રણાલિકાનું મંદિર બનાવ્યું છે તેનો એક પૂજારી બનીને રહીશ.

પહેલી બેઠકનું કામકાજ પૂરું થાય છે, નામદાર રાજયપાલશ્રી ૧૧.૦૦ વાગ્યે આ ગૃહને સંબોધન કરશે. નામદાર રાજયપાલશ્રીના સંબોધન પછી પંદર મિનિટના વિરામ બાદ આ સભાગૃહની બીજી બેઠક મળશે. પહેલી બેઠક અત્યારે પૂરી થયેલી જાહેર કરું છું.

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ સવારના ૧૦-૪૫ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ રાજયપાલશ્રીનું સંબોધન પૂરું થયા બાદ ૧૫ મિનિટ બાદ ફરી મળવા મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**

**શુક્રવાર, તા.૧૮મી જાન્યુઆરી, ૨૦૦૮**

**પોષ ૨૮, ૧૯૨૯ શાકે**

**બીજી બેઠક**

**બપોરના ૧૨.૨૩**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને**

# શોકદર્શક ઉલ્લેખો

**ગુજરાત રાજયના પૂર્વ્ નાયબ મંત્રી સ્વ.શ્રી જયરામભાઈ આણંદભાઈ પટેલ, પૂર્વ સભ્ય સ્વ. શ્રી રમણભાઈ મથુરભાઈ પટેલ, સ્વ.શ્રી વસનજીભાઈ ગ.ગામીત, સ્વ.શ્રી શંકરભાઈ રવજીભાઈ પટેલ સ્વ.શ્રીમતી રૂપકુંવરબા ભાવસિંહજીઝાલા અને સ્વ. વિઠ્ઠલભાઈ સોમદાસ પટેલના અવસાન અંગે/ગુજરાત રાજયના પૂર્વ્ નાયબ મંત્રી સ્વ.શ્રી જયરામભાઈ આણંદભાઈ પટેલના અવસાન અંગે**

**શ્રી નરેન્દ્ર દામોદરદાસ મોદી (સભાગૃહના નેતાશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી જયરામભાઈ આણંદભાઈ પટેલનું ૨૬ મી સપ્ટેંબર, ૨૦૦૭ ના રોજ ૮૦ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે.

રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના કોલકી ગામના વતની સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ ચૌદમી નવૅમ્બર, ૧૯૨૬ના રોજ બર્મા દેશના યાંગસ્વે શહેરમાં થયો હતો. બર્મા ખાતે શિક્ષણ મેળવ્યા બાદ વતનમાં પાછા ફરી તેઓશ્રીએ ગ્રામીણ કાર્યકર્તા તરીકે કારકિર્દીની શરૂઆત કરેલ હતી. "ભારત છોડો" આંદોલનમાં તેઓશ્રીઓ ભાગ લીધેલ. સન ૧૯૫૪ માં કોલકી ગામના સરપંચ તરીકે તેઓની વિશિષ્ટ કામગીરી માટે દ્વિભાષી મુંબઈ રાજય દ્વારા કોલકી ગામને બેસ્ટ વિલેજનો એવોર્ડ મળેલ હતો. સન ૧૯૬૪માં તેઓશ્રીએ રાજયના નાયબ કૃષિ મંત્રી તરીકે ગુજરાત કૃષિ ઉદ્યોગ નિગમની સ્થાપના કરેલ. સન ૧૯૬૫માં સિંચાઈ મંત્રી તરીકે ભાદર ડેમ સિંચાઈ યોજના, મચ્છુ ડેમ-૨ સિંચાઈ યોજના જેવી નાની મોટી યોજનાઓનું આયોજન કરી ખેડૂતોના આર્થિક ઉત્કર્ષમાં મહત્વનું યોગદાન આપેલ હતું. ત્યારબાદ તેઓશ્રીની ગૃહ, માહિતી, સિંચાઈ, વીજળી અને નાગરિક પુરવઠા માટેના નાયબ મંત્રી તરીકે વરણી કરવામાં આવી હતી. સને ૧૯૯૦માં ગુજરાત રાજય ખનીજ વિકાસ નિગમના ચેરમેન તરીકે અદ્યતન લીગ્નાઈટ પ્રોજેકટને કાર્યરત કરેલ હતો. આજ સમયમાં તેઓશ્રીએ રાજકોટ ડીસ્ટ્રીકટ કો.ઓપરેટીવ બેન્કના ચેરમેન તરીકે રહી કરેલી ઉત્કૃષ્ટ કામગીરી માટે રાષ્ટ્રીય સ્તરનો બેસ્ટ પરફોર્મન્સ એવોર્ડ બૅન્કને એનાયત થયો હતો. સન ૧૯૯૨માં તેઓશ્રીના સફળ અધ્યક્ષપણા હેઠળ ગુજરાત સ્ટેટ કો.ઓપરેટીવ બૅન્કે દેશની પ્રથમ હરોળની સહકારી બૅન્કનું સ્થાન પ્રાપ્ત કરી રાષ્ટ્રીય એવોર્ડ મેળવેલ હતો.

શ્રી પટેલે જીવનકાળ દરમિયાન ગુજરાત રાજયની સહકારી ડેરીઓ, ખાંડ ફેકટરીઓ, બેન્કો તેમજ અન્ય સહકારી સંસ્થાઓને માર્ગદર્શન પૂરું પાડયું હતું.શ્રી પટેલના આ ઉત્કૃષ્ટ પ્રદાનને ધ્યાને લઈ ઈફકો દ્વારા સન ૨૦૦૪-૦૫નો સર્વોચ્ચ સહકારી બંધુ રાષ્ટ્રીય એવોર્ડ તેઓશ્રીને એનાયત કરવામાં આવ્યો હતો. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ કો.ઓપરેટીવ મેનેજમેન્ટ જેવી રાષ્ટ્રીય સહકારી પ્રબંધ સંસ્થા સ્થાપવાનું શ્રેય પણ તેમને જાય છે.

સાદાઈ, સચ્ચાઈ, પ્રમાણિકતા, નીડરતા, મકકમતા, નિર્વ્યસની જીવન, નિસ્વાર્થ ભાવના, હિસાબોની ચોકસાઈ, ગરીબી પ્રત્યે હમદર્દી, દીર્ઘદ્રષ્ટિવાળુ આયોજન, સામાજિક તથા રચનાત્મક સેવાનો અભિગમ તેમના જીવનના મહત્વના પાસાંઓ રહેલ.

સ્વર્ગસ્થશ્રી પટેલે બીજી તેમજ ત્રીજી ગુજરાત વિધાનસભામાં ઉપલેટા મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરીને પ્રજાના પ્રશ્નોને વાચા આપી હતી.

તેઓશ્રીએ પશ્ચિમ જર્મની તથા ઓસ્ટ્રેલિયાની મુલાકાત લીધી હતી.

તેઓશ્રીના અવસાનથી સહકારી ક્ષેત્રે રાજયને ન પુરી શકાય તેવી ખોટ પડેલ છે. તેમજ ગુજરાત રાજયએ એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**પૂર્વ સભ્ય સ્વ. શ્રી રમણભાઈ મથુરભાઈ પટેલના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી રમણભાઈ મથુરભાઈ પટેલનું ૮મી ડિસેમ્બર, ૨૦૦૭ના રોજ ૮૫ વર્ષની જૈફવયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ શ્રી પટેલનો જન્મ ૧૬મી નવેમ્બર, ૧૯૨૨ના રોજ અમદાવાદ જિલ્લાના સાણંદ ગામે થયો હતો. તેઓશ્રી ટેક્ષટાઈલ ઉદ્યોગ, શિક્ષણ તથા સમાજસેવાના ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થ શ્રી પટેલે સન ૧૯૪૨માં શહીદ શ્રી વીર કિનારીવાળા સાથે "હિન્દ છોડો" ચળવળમાં સક્રિય ભાગ લીધો હતો. જુદી જુદી શાળાઓના ટ્રસ્ટી તરીકે રહી તેમજ શાળાઓની સ્થાપનામાં પણ રસ દાખવી શૈક્ષણિક ક્ષેત્રે તેઓશ્રીએ અમૂલ્ય યોગદાન આપ્યું હતું. વિદેશમાં અભ્યાસઅર્થે જતા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આર્થિક સહાય કરવા તેઓ સદા તત્પર રહેતા હતા. સામાજિક કુરિવાજો દૂર કરવા તેઓશ્રી જીવનપર્યંત પ્રયત્નશીલ રહ્યા હતા.

સ્વર્ગસ્થ શ્રી પટેલે ચોથી ગુજરાત વિધાનસભામાં સન ૧૯૭૨ થી ૧૯૭૪ સુધી દસક્રોઈ મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ હતું અને પોતાના વિસ્તારમાં પાણી પુરવઠા જેવા લોકહિતના કામો કરી પ્રજાના પ્રશ્નોને વાચા આપી હતી.

તેઓશ્રીના અવસાનથી ગુજરાતને એક સાચા સમાજસેવકની ખોટ પડી છે.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**પૂર્વ સભ્ય સ્વ.શ્રી વસનજીભાઈ ગનજીભાઈ ગામીતના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય શ્રી વસનજીભાઈ ગનજીભાઈ ગામીતનું તારીખ ત્રીજી સપ્ટેમ્બર, ૨૦૦૭ના રોજ ૭૩ વર્ષની વયે કુકરાડુંગરી ગામે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ શ્રી ગામીતનો જન્મ તારીખ ૩૦મી જુલાઈ, ૧૯૩૪ના રોજ સોનગઢ તાલુકાના મૈયાલી ગામે થયો હતો. તેઓશ્રી ખેતી તેમજ સમાજસેવાના વ્યવસાય સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થ શ્રી ગામીતે ઘુટવેલ વિભાગ જંગલ કામદાર મંડળીના સ્થાપક તેમજ મંત્રી તરીકે, આદિજાતિ વિકાસ ઘટક, જામખડીના અધ્યક્ષ તરીકે, વલસાડ જિલ્લા જંગલ સહકારી સંઘ તેમજ સોનગઢ તથા વ્યારા તાલુકાની અનેકવિધ હાઉસીંગ તેમજ નીરા મંડળીઓમાં મંત્રી તથા ઉપપ્રમુખ તરીકે પ્રશંસનીય કામ કર્યું હતું. બંધારપાડા વિભાગની ખેડૂત સહકારી મંડળી તથા દૂધ સહકારી મંડળીના સ્થાપક તરીકે તેમજ કારોબારી સભ્ય તરીકે તેઓશ્રીએ અનન્ય સેવાઓ આપી હતી.

સ્વર્ગસ્થ શ્રી ગામીતે પાંચમી, છઠ્ઠી અને સાતમી ગુજરાત વિધાનસભામાં રાજયના સોનગઢ મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ હતું અને પોતાના વિસ્તારમાં લોકહિતના કામો કરી પ્રજાના પ્રશ્નોને વાચા આપી હતી.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉમદા સમાજસેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

## પૂર્વ સભ્યશ્રી શંકરભાઈ રવજીભાઈ પટેલના અવસાન અંગે

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી શંકરભાઈ રવજીભાઈ પટેલનું તારીખ આઠમી જુલાઈ, ૨૦૦૭ના રોજ ૭૬ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ ૧લી એપ્રિલ, ૧૯૩૧ના રોજ ધરમપુર તાલુકાના ખારવેલ ગામે થયો હતો. તેઓશ્રી મુખ્યત્વે ખેતીના વ્યવસાય તથા આદિવાસી ઉત્કર્ષની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી પટેલે પ્રાથમિક શિક્ષક તરીકે ઉત્કૃષ્ટ સેવાઓ આપી હતી. તેઓશ્રીએ ધરમપુર તાલુકા આદિવાસી યુવક મંડળ, વલસાડ જિલ્લા આદિવાસી વિકાસ મંડળ તેમજ ધરમપુર તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે લાંબા સમય સુધી પ્રશંસનીય કામ કર્યુ હતું. " આદિવાસી ભવન " ના પ્રમુખ તરીકે રહી તેઓશ્રીએ જીવન પર્યંત સેવાઓ આપી હતી. સ્વર્ગસ્થશ્રી પટેલે છઠ્ઠી અને સાતમી ગુજરાત વિધાનસભામાં રાજયના ધરમપુર મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ હતું અને પ્રજાના પ્રશ્નોને વાચા આપી હતી.

તેઓશ્રીના અવસાનથી રાજયએ આદિવાસી ઉત્કર્ષની પ્રવૃત્તિ કરનાર એક ઉમદા સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

## પૂર્વ સભ્ય શ્રીમતી રૂપકુંવરબા ભાવસિંહજી ઝાલાના અવસાન અંગે.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય શ્રીમતી રૂપકુંવરબા ભાવસિંહજી ઝાલાનું તારીખ પહેલી ઓકટોબર,૨૦૦૭ના રોજ ૬૯ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ રૂપકુંવરબાનો જન્મ છઠ્ઠી જાન્યુઆરી, ૧૯૩૮ના રોજ અમદાવાદ જિલ્લાના ભોયણી ગામે થયો હતો. સ્વાતંત્ર્ય સેનાની શ્રી બાલસિંહજી સોલંકીના પુત્રી સ્વર્ગસ્થ રૂપકુંવરબાએ ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમના ડિરેકટર તરીકે નોંધપાત્ર સેવાઓ આપેલ હતી. તેમણે મહેસાણા જિલ્લા ક્ષત્રિય સમાજના પ્રમુખ તરીકે પણ મહત્વની કામગીરી કરેલ હતી અને સમગ્ર જીવનકાળ દરમિયાન ખેતીવાડી, પશુપાલન તથા મહિલાઓના ઉત્કર્ષ માટે સતત કાર્યરત રહ્યા હતા.

સ્વર્ગસ્થ શ્રીમતી ઝાલાએ છઠ્ઠી ગુજરાત વિધાનસભાની પેટા ચૂંટણીમાં ચૂંટાઈ આવી મહેસાણા મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરી પ્રજાના પ્રશ્નોને વાચા આપી હતી.

તેઓશ્રીના અવસાનથી ગુજરાત રાજયે મહિલાઓના ઉત્કર્ષ માટે કાર્યરત એવા ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

## પૂર્વ સભ્યશ્રી વિઠ્ઠલભાઈ સોમદાસ પટેલના અવસાન અંગે.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી વિઠ્ઠલભાઈ સોમદાસ પટેલનું તારીખ ૧૬મી ઓગસ્ટ, ૨૦૦૭ના રોજ ૬૮ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ પાંચમી નવેમ્બર, ૧૯૩૯ના રોજ મહેસાણા જિલ્લાના આખજ ગામે થયો હતો. સ્વર્ગસ્થશ્રી પટેલ ખેતીવાડી તથા સમાજ સેવા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા. તેઓશ્રીએ ગુજરાત સ્ટેટ હાઉસીંગ ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડના ડિરેકટર તરીકે તથા શ્રી આદર્શ કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિમિટેડ, કલોલના પ્રમુખ તરીકે અનન્ય સેવાઓ આપી હતી. નંદાસણ-કલોલ હાઈવે પર થતાં અકસ્માતોમાં ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે હોસ્પિટલમાં પહોંચાડવાના સેવાના કાર્યમાં શ્રી પટેલ હંમેશા તત્પર રહેતાં. દુષ્કાળના સમયમાં રાહત કાર્યો શરૂ કરવામાં તેમજ કિસાન આંદોલનમાં સક્રિય રહ્યા હતા. તેઓશ્રીએ ગણેશ બ્રાન્ડ થ્રેશર તથા થ્રેશર વન વે બ્રેકર જેવા ખેતીવાડીને લગતા સાધનો બનાવ્યા જે ખેતીના વિકાસમાં ઉપયોગી નીવડયા. સમાજ સેવા, વાંચન, પ્રવાસ તથા ટેકનીકલ સંશોધનમાં તેઓશ્રીને ઉંડો રસ હતો.

સ્વર્ગસ્થશ્રી પટેલે આઠમી તેમજ નવમી ગુજરાત વિધાનસભામાં કલોલ મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરીને પ્રજાના પ્રશ્નોને વાચા આપી હતી. તેઓશ્રીએ યુ.એસ.એ., યુ.કે., યુરોપ, સ્વીઝરલેન્ડ, કેનેડા, યુગાન્ડા તેમજ કેન્યા સહિત અનેક દેશોનો પ્રવાસ કર્યો હતો.

તેઓશ્રીના અવસાનથી ગુજરાત રાજયએ એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધ પક્ષના નેતાશ્રી)** : માનનીય ગૃહના નેતાશ્રીએ જે શોકદર્શક ઉલ્લેખો કર્યા છે, એમાં હું પણ મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થ જયરામભાઈ પટેલ, જેમણે એક સ્વાતંત્રય સેનાનીથી શરૂ કરીને સરકારના મંત્રી તરીકે સહકારી ક્ષેત્રના ટોચના હોદ્દા પર બેસીને જે કામગીરી કરી છે, એમને શોકાંજલિ આપતા કહેવું હોય તો એટલું જ કહી શકાય કે, ' જબ તુ આયા જગમેં જગ હસે તું રોયે, ઐસી કરની કર ચલે, તું હસે જગ રોયે.

આમ જયરામભાઈએ લાંબી ઈનીંગ સુધી કામ કર્યુ એનો હું બહુ નાનપણથી સાક્ષી રહ્યો છું. મારા દાદા સ્વર્ગસ્થ રણજીતસિંહજી ગોહિલ સાથે આ ગૃહના સાથી સભ્ય તરીકે તેઓ કામગીરી કરતા હતા. હું નાનો હતો ત્યારથી દાદાના સાથી સભ્ય હોવાના નાતે તેમને હું મારા ગામમાં આવતા જોતો હતો. હું જયારે મંત્રીમંડળના સભ્ય તરીકે જવાબદારી નિભાવતો હતો ત્યારે જી.એમ.ડી.સી.ના ચેરમેન તરીકે તેમને કામગીરી કરતા જોયા છે. એ ઉમદા વ્યકિતત્વ કે જેમણે જી.એમ.ડી.સી. માં ૧૩ કરોડ રૂપિયાનો નફો થયો હતો તે તેમની સૂઝબૂઝ અને એમની ચેરમેનશીપના વહીવટથી ૧૩ કરોડથી વધીને ૧૧૫ કરોડ રૂપિયા થયૌ. મેં આયોજન વિભાગના મંત્રી તરીકે તેમને કહ્યું કે આપનું સન્માન થવું જોઈએ. એમણે કહ્યું કે જાહેરજીવનમાં રહેલા લોકોએ વ્યકિતગત સન્માનોથી દૂર રહેવું જોઈએ. મારે આની પ્રસિદ્ધિ નથી જોઈતી. હું કંઈક છું એમ નહીં, વિભાગ બળવત્તર થાય તો જનતાનું હિત થાય, એ ભાવના. અમારે સૌએ પણ એમના જીવનમાંથી શીખવાની જરૂર છે કે પ્રસિદ્ધિની ભૂખથી દૂર રહીને સેવાનું આંદોલન કરવાનો સ્ત્રોત જોવા મળતો હોય તો સ્વર્ગસ્થ જયરામભાઈના જીવનમાંથી જોવા મળે.

સાથે સાથે માનનીય અધ્યક્ષશ્રી, એ વાતના આપ પણ સાક્ષી છો કે આરોગ્ય વિભાગમાં સરકારની મળતી ગ્રાન્ટ પછી પણ ઘણી સુવિધાઓ ખૂટતી હોય છે. ત્યારે હું આરોગ્ય મંત્રી હતો અને એક નાની વિનંતી કરી તો માનનીય જયરામભાઈએ આપણી કેન્સર ઈન્સ્ટિટયૂટ, કાર્ડિયાક ઈન્સ્ટિટયૂટ, કીડની ઈન્સ્ટિટયૂટ માટે આ જે ૧૦ ટકા રકમ નફો થાય છે એ વિભાગે વાપરવો. જયારે અનેક અદ્યતન સુવિધાઓ પ્રાપ્ત થઈ ત્યારે મેં વિનંતી કરી હતી કે આપનું એક તૈલચિત્ર રાખીએ. એમણે કહ્યું કે તૈલચિત્ર ના હોઈ શકે. આ પ્રજાના નાણા છે અને પ્રજાના કામ માટે હું આપું તો એમાં મારું નામ ન હોવું જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના અમારે સૌએ આમાંથી બોધપાઠ લેવાનો છે કે ધારાસભ્યની ગ્રાન્ટ પણ અમે લેતા હોઈએ તો નામ લખવાની જરૂર નથી. પ્રજાના નાણા પ્રજાને માટે વાપરીએ છીએ ત્યારે સ્વયંની પ્રસિદ્ધિથી દૂર રહેવાનો જો કોઈ જગ્યાએથી બોધપાઠ મળતો હોય તો એ સ્વર્ગસ્થ જયરામભાઈના જીવનમાંથી મળે છે. હું ઈશ્વરને પ્રાર્થના કરું છું કે આ ગૃહના સહુને એમના જીવનની સાદગી, સરળતા, પ્રસિદ્ધિથી દૂર રહીને સેવાની સાધના કરવાની સદબુદ્ધિ ઈશ્વર અર્પણ કરે.

માનનીય અધ્યક્ષશ્રી, હું દુ:ખ સાથે ઉલ્લેખ કરું છું કે માનનીય સભ્યશ્રી રમણભાઈ મથુરભાઈ પટેલનું અવસાન થયેલ છે. માનનીય ગૃહના નેતાશ્રીએ જે શોકાંજલિ અર્પણ કરી છે, એમાં હું મારો સૂર પૂરાવું છું. હું માત્ર એટલું જ કહીશ કે સ્વર્ગસ્થ રમણભાઈએ હિંદ છોડોની ચળવળમાં ભાગ લઈને આ દેશની આઝાદીની લડતમાં યોગદાન આપ્યું. પરંતુ જે શિક્ષણની વધુમાં વધુ જરૂરિયાત અને આઝાદી પછીના એ સમયમાં ગરીબ બાળકો કેમ ભણી શકે, એને ફાયદો કેમ મળી શકે, એની શૈક્ષણિક વ્યવસ્થા માટે હંમેશા રમણભાઈ પટેલ જાગૃત રહીને કામ કરતા હતા.

સ્વર્ગસ્થ વસનજીભાઈ ગામીતના શોકદર્શક ઉલ્લેખમાં પણ હું મારો સૂર પૂરાવું છું. હું એટલું જ કહીશ કે ત્રણ ત્રણ વખત વિધાનસભામાં ચૂંટાયેલા વસનજીભાઈ ગામીત, એમણે આદિવાસી ક્ષેત્રમાં સહકારિતનો પાયો નાંખ્યો. અને સહકારી ક્ષેત્રે એ સમાજમાંથી કામ કરીને વધારે લાભ કેમ મેળવી શકાય, એની જો સૌથી વધારે સેવાઓ આ ક્ષેત્રમાં કોઈએ આપી હોય તો તે મારે કહેવું જોઈએ કે વસનજીભાઈ ગામીતે આપી હતી.

એમના વિસ્તારની મેં મુલાકાત લીધી ત્યારે એ સહકારી પ્રવૃત્તિના પ્રણેતાનું નામ આદિવાસી વિસ્તારમાં હંમેશાં અમર રહેશે એમ હું માનું છું.

માનનીય સભ્યશ્રી શંકરભાઈ પટેલને પણ હું મારી શાંકાંજલિ અર્પુ છું. આદિવાસી ભવનના પ્રમુખ તરીકે રહીને જીવનપર્યંત ગરીબ માણસોનું સેવાકાર્ય કર્યુ હતું. કોઈ અમીરો સાથેનો સંબંધ ના સ્થપાય તો કાંઈ નહીં, પરંતુ ગરીબોના ઝૂંપડાંની તકલીફોનો અહેસાસ શ્રી પટેલને હંમેશાં રહ્યો હતો.

સ્વ. શ્રીમતી રૂપકુંવરબા ઝાલાના શોકદર્શક ઉલ્લેખમાં પણ હું મારો સૂર પૂરાવું છું. ક્ષત્રિય સમાજમાંથી હું આવું છું એટલે એ સમાજની સમસ્યાઓ હું જાણું છું. એની સામાજીક વ્યવસ્થા અને મહિલાઓ બહાર ના નીકળી શકે એવી સમાજ વ્યવસ્થા ચાલતી હોય ત્યારે સમાજના પ્રમુખ તરીકે આગળ આવીને મહિલાઓનું એમના સમાજમાં યોગદાન થાય, જૂની પ્રણાલિકાઓમાંથી બહાર નીકળીને વર્તમાન સમસ્યાઓ સાથે સમાજની બહેનો તાલ મિલાવે એ એમની ઝંખના હતી અને સામાજીક દૂષણોને દૂર કરવા માટે સ્વ. શ્રીમતી ઝાલાએ જે યોગદાન આપ્યું છે એ જાહેર જીવનમાં ચિરંજીવી બની રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. શ્રી વિઠ્ઠલભાઈ પટેલના શોકદર્શક ઉલ્લેખમાં પણ હું મારો સૂર પુરાવાની સાથે એ જ વાત કરીશ કે આપણા અર્થતંત્રનો સાચો આધારે એ કૃષિ છે. આપણે ગમેતેટલા મોટા ઉદ્યોગોની વાત કરીએ છીએ પરંતુ એનાથી શ્રીમંત એ વધારે શ્રીમંત થવાનો અને ગરીબ એ વધારે ગરીબ થવાનો છે. લોકશાહીની જરૂરિયાત એ છે કે to build a bridge between Haves and Have Nots જેની પાસે કાંઈ નથી અને જેની પાસે બહુ છે એ બન્ને વચ્ચેનો સેતુ બનવાનું કામ કરવું જોઈએ અને મારે કહેવું જોઈએ કે કૃષિ ક્ષેત્રમાં ગરીબ વ્યકિતઓને કેમ વધારે બળવત્તર બનાવી શકાય, આર્થિક નબળા માણસને આર્થિક રીતે સદ્ધર કેમ બનાવાય, આર્થિક રીતે સદ્ધર હોય એ તો એની રીતે વધારે આર્થિક સદ્ધરતા પ્રાપ્ત કરતો જાય, પરંતુ આર્થિક રીતે નબળા માણસને આર્થિક સદ્ધરતાની દિશામાં લઈ જવાનું પ્રેરણાદાયી કામ વિઠ્ઠલભાઈએ કર્યુ હતું.

માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય તમામ સ્વ. સભ્યશ્રીઓને આપણા સૌ વતી શ્રધ્ધાંજલિ આપીને વિરમું છું.

**અધ્યક્ષશ્રી:** મારી સૌ સભ્યશ્રીઓને વિનંતી છે કે જયારે શોકદર્શક ઉલ્લેખ ચાલતો હોય ત્યારે સભાગૃહમાંથી પોતાનું સ્થાન છોડે નહીં. હમણાં માનનીય સભ્યશ્રી મોહનસિંહ રાઠવા એ તો ખૂબ સિનિયર સભ્યશ્રી છે અને બાકીના બે નવોદિત સભ્યશ્રીઓ પણ સભાગૃહ છોડીને ગયા છે ત્યારે....

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ:** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મોહનસિંહને આવશ્યક પરિસ્થિતિવશ બહાર જવું પડે તેમ હતું અને તેઓશ્રી મને ચિઠ્ઠી મોકલીને બહાર ગયા છે.

**અધ્યક્ષશ્રી:** બાકીના જે નવોદિત સભ્યશ્રીઓ આવ્યા છે તેમને વિધાનસભાના નિયમોની ખબર ના હોય એટલા માટે આ કહું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ(ભા.રા.કો.) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહના નેતાશ્રી જે શોકદર્શક ઉલ્લેખો લઈને આવ્યા છે અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જેમાં સૂર પૂરાવ્યો છે તેમાં હું પણ મારો સૂર પૂરાવું છું.

માનનીય જયરાભાઈ પટેલ એ તો સૌરાષ્ટ્રની સહકારી પ્રવૃત્તિ નહીં, પરંતુ એ તો ગુજરાતની સહકારી પ્રવૃત્તિના આગેવાન હતા અને જી.એમ.ડી.સી.ના ચેરમેન તરીકે કચ્છના પ્રાજેકટોને નવો મોડ અને દોરવણી આપી હતી.

સ્વ. શ્રી રમણભાઈ પટેલ, શ્રી વસનજી ગામીત, શંકરભાઈ પટેલ સાથે આ ગૃહમાં રહેવાનો મોકો મળ્યો નથી, પરંતુ સ્વ. શ્રીમતી રૂપકુંવરબા ઝાલા સાથે છઠ્ઠી ગુજરાત વિધાનસભામાં સાથે બેસવાનો મને મોકો મળ્યો હતો. શ્રી ભાવસિંહજી ઝાલાનું મૃત્યુ થયા પછી પેટા ચૂંટણીમાં મહેસાણામાંથી એ ચૂંટાયા હતાં અને ખૂબ જ ગૌરવવંતું શ્રીમતી રૂપકુંવરબા ઝાલાનું વ્યકિતત્વ છવાયેલું રહેતું હતું.

એ જ રીતે વિઠ્ઠલભાઈ સોમદાસ પટેલનો તો ખૂબ જ નજીકના મિત્ર તરીકે હું રહ્યો છું. એમને વિઠ્ઠલકાકાના નામથી બોલાવતા હતા અને એ મારાથી એકાદ વર્ષ મોટા હતા, પરંતુ તેઓશ્રી કૃષિ ક્ષેત્રમાં જે આધુનિકતા લાવ્યા અને એમણે જે મશીન બનાવ્યું હતું એ ગણેશ થ્રેસર એ આખા ઉત્તર ગુજરાતમાં નહીં, આખા ગુજરાતમાં નહીં, પરંતુ આખા હિન્દુસ્તાનમાં એ જાણીતું હતું. એવા શ્રી વિઠ્ઠલભાઈનું અવસાન એ એમના સ્નેહીજનો અને મિત્રો માટે આઘાતજનક હતું અને એ મિત્રોમાંનો એક હું પણ હતો. તેઓશ્રી અમેરિકા ગયા અને ત્યાં જ એમનું અવસાન થયું અને તેમના બેસણા અને શોકસભા વખતે સમગ્ર માનવમહેરાણ ઉમટી પડયો હતો એના કારણે એમની લોપ્રિયતા કેટલી હતી એની પ્રતીતિ થતી હતી.

માનનીય સ્વ. તમામ ધારાસભ્યશ્રીઓને હું મારી શ્રધ્ધાંજલિ આપું છું અને જાહેર જીવનમાં આ બધા સ્વ. મહાનુભાવો હંમેશાં યાદ રહેશે એ વાતને હું દોહરાવું છું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (ભાજપ)** :માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહના માનનીય નેતાશ્રી, જે શોકદર્શક ઠરાવ લાવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું. સ્વર્ગસ્થ જયરામભાઈ પટેલ એક વડીલ ખેડૂત અગ્રણી અને સહકારી અગ્રણી હતા. મારી રાજકીય કારકિર્દીની શરૂઆતમાં એમની સાથે કામ કરવાનો મને મોકો મળ્યો હતો. આજે યાદ કરાવું તો ઉચિત ગણાશે કે જ્યારે રાજયમાં સહકારી બૅન્કોની વિશ્વસનીયતા ઉપર પ્રશ્ન ઊભો થયો હતો ત્યારે સ્ટેટ કો ઓપરેટીવ બૅન્કના ચેરમેન તરીકે સરકારના માર્ગદર્શન નીચે એમણે જે કામગીરી કરી અને રાજયના સહકારી માળખામાં પ્રજાનો વિશ્વાસ ફરીથી પ્રસ્થાપિત થાય તેના માટે એમણે ખૂબ સુંદર કામગીરી કરેલી. અને સરકારને પણ એ કોઈપણ જાતના રાજકીય વલણથી મુક્ત રહી અને સરકારી ક્ષેત્રનું કામ છે અને પ્રજાનું કામ છે અને ગુજરાતની સહકારી પ્રતિષ્ઠાને બચાવવાની કામગીરી હતી તે એમણે ખૂબ સુંદર રીતે કરેલી તેને આજે આપણે યાદ કરવી જોઈએ.

બીજું જ્યારે તેઓશ્રી જી.એમ.ડી.સી.ના ચેરમેન હતા તે વખતે એમણે બોર્ડ નિગમોમાંથી જે નફો થતો હતો તે નફા માટે, અગાઉ જ્યારે ભૂતકાળમાં સરકારના જુદા જુદા ક્ષેત્રો જેવા કે હૉસ્પિટલ, કૉલેજ, શાળા વગેરેમાં તેનો ઉપયોગ થતો નહોતો તેવા સમયમાં એમણે અમદાવાદની કીડની ઇન્સ્ટિટ્યૂટમાં જી.એમ.ડી.સી.ના ચેરમેન તરીકે મોટું દાન આપેલું, અને એ રીતે બોર્ડ નિગમો પણ આવા આરોગ્ય અને શિક્ષણ લક્ષી કામગીરી કરી શકે તેવી પદ્ધતિ એમણે ઊભી કરેલી. અને તેને કારણે આજે આપણે આવી કીડની ઇન્સ્ટિટ્યૂટ અને અન્ય હૉસ્પિટલો તથા શાળા-કૉલેજોને વધુ સેવાભાવી અને સક્ષમ બનાવી શક્યા છીએ.

એ જ રીતે સ્વર્ગસ્થ વિઠ્ઠલભાઈ પટેલ અમારા કડી તાલુકાના વતની હતા. કલોલમાં વ્યવસાય અર્થે વસેલા અને જિલ્લા પંચાયતના ડેલીગેટ તરીકે શરૂઆત કરી અને નાના કાર્યકર તરીકે કામ કર્યુ અને ધારાસભ્ય પણ બનેલા, અને જે પ્રમાણે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ઉલ્લેખ કર્યો અને વિરોધપક્ષના નેતાશ્રીએ પણ ઉલ્લેખ કર્યો તે રીતે ઓછું ભણેલા પણ ખૂબ તીક્ષ્ણ બુદ્ધિમત્તા ધરાવતા, અને એન્જિનિયર ન હોવા છતાં એન્જિનિયરને પણ શરમાવે તેવી યાંત્રિક કુશળતા હતી. કૃષિ ક્ષેત્રમાં ખેડૂતોને ઉપયોગી અનેક પ્રકારના ઓજારો, યંત્રો ખૂબ ઓછા ખર્ચે ઉપલબ્ધ થાય તેવી પદ્ધતિ વિકસાવેલી. અને તેના કારણે એકલા ઉત્તર ગુજરાત કે ગુજરાતમાં જ નહીં પણ રાજસ્થાનમાં પણ એમને બ્રાન્ડ ખૂબ લોકપ્રિય થયેલી. અને આખી દુનિયામાં ફરીને મોંઘી મોંઘી ટૅક્નીકને દેશી રીતે અમલમાં લાવી શકાય તેવી તીવ્ર લાગણી સાથે એમણે એ ટૅક્નીકનો કાયમ માટે ઉપયોગ કરેલો. અને તેના કારણે ગુજરાત અને ભારતના ખેડૂતને સસ્તી કિંમતમાં સારામાં સારી કાર્યક્ષમતા ધરાવતા યાંત્રિક સાધનો ઉપલબ્ધ કરાવેલા. અને નાનામાં નાના કાર્યકરથી શરૂઆત કરી અને ધારાસભ્ય સુધી પહોંચેલા. એ જ રીતે એમની યાદ શકિત પણ એટલી બધી તીવ્ર હતી કે સેંકડો ટેલિફોન નંબરો પણ તેમને મોઢે યાદ રહેતા હતા, કોઈપણ અધિકારી, ધારાસભ્ય કે કાર્યકરોના ફોન નંબરો પણ જો આપણે વિઠ્ઠલભાઈને પૂછીએ તો તરત જ મળી રહેતા. તેઓ અમેરીકા ગયા હતા અને ત્યાં અચાનક તેમને હાર્ટ એટેક આવવાથી તેમનું ત્યાં અવસાન થયું. એમની લોકપ્રિયતા એટલી

બધી હતી કે કાર્યકરો, નાગરિકો અને પ્રજાજનોએ એમને ખૂબ ભાવભીની શ્રદ્ધાંજલિ આપી હતી. આ બન્ને મહાનુભાવોને હું પણ મારી શ્રદ્ધાંજલિ આપું છું અને એ સાથે સાથે અન્ય સ્વર્ગસ્થ સભ્યશ્રીઓ માટે જે શોક દર્શક ઠરાવ આવ્યા છે તેમને પણ હું મારી શ્રદ્ધાંજલિ અર્પુ છું.

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ(ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી આ ગૃહના દુ:ખદ અવસાન પામેલા સભ્યશ્રીઓના સંદર્ભમાં શોક પ્રસ્તાવ લઈને આવ્યા છે અને જેને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ અનુમોદન આપેલ છે તેમાં હું પણ મારો સૂર પૂરાવું છું.

સ્વ.જયરામભાઈ પટેલ સહકારી ક્ષેત્રના ભીષ્મ પિતામહ બની રહ્યા. ગામના સરપંચથી શરૂ કરીને એમણે એમની પોતાની કારકિર્દીની શરૂઆત કરી અને ગુજરાતની જુદી જુદી સરકારોમાં જુદા જુદા વિભાગો એમણે કુશળતાપૂર્વક સંભાળ્યા એટલું જ નહિ પણ જી.એમ.ડી.સી. હોય કે રાજકોટની સહકારી બેંક હોય કે ગુજરાત મધ્યસ્થ સહકારી બેંક હોય. સહકારી ક્ષેત્રમાં એમનું ઉત્કૃષ્ટ પ્રદાન રહ્યું છે. સહકારી ક્ષેત્રના વિકાસ માટે અને સહકારી ક્ષેત્રના પ્રશ્નોને વાચા આપવા માટે જયરામભાઈ સતત કાર્યરત રહ્યા છે. આજના દિવસોમાં જ્યારે જુદા જુદા અનેક પ્રકારના દૂષણો સહકારી પ્રવૃત્તિમાં જોવા મળતાં હોય એવા સંજોગોમાં એમનું જીવન એમની કાર્ય પ્રત્યેની નિષ્ઠા એ આપણા સૌને માટે ઉદાહરણ પૂરું પાડે છે. હું આજના તબક્કે એમને મારી શ્રદ્ધાંજલિ અર્પુ છું.

સ્વ. રમણભાઈ મથુરભાઈ પટેલ ઉદ્યોગ સાથે સંકળાયેલા હતા પરંતુ સમાજ સેવામાં પણ એટલો જ ઊંડો રસ લઈને સતત કાર્યરત રહ્યા. ખાસ કરીને શિક્ષણના ક્ષેત્રમાં એમનું પ્રદાન અભૂતપૂર્વ રહ્યું. જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને જ્યારે જરૂર પડે ત્યારે મદદ કરવા માટે તેઓ સદા તત્પર રહેતા તેવા રમણભાઈના દુ:ખદ અવસાન પ્રસંગે મારી દિલસોજી વ્યક્ત કરું છું.

સ્વ. વસનજીભાઈ ગામીત ત્રણ ત્રણ વખત વિધાનસભાના સભ્ય બન્યા અને જુદી જુદી અનેક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા રહ્યા હતા.

સ્વ. શંકરભાઈ પટેલ, સ્વ. શ્રીમતી રૂપકુંવરબા ઝાલા, અને સ્વ. શ્રી વિઠ્ઠલભાઈ પટેલ આ તમામ સભ્યશ્રીઓને હું અંત:કરણપૂર્વક મારી દિલસોજી વ્યક્ત કરુ છું. પ્રભુ તેઓના આત્માને શાશ્વત શાંતિ અર્પે અને આપના દ્વારા આ શોક સંદેશો તેઓશ્રીના કુટુંબીજનોને પાઠવવામાં આવે.

**શ્રી રમણલાલ ના. પાટકર(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભાગૃહની અંદર સભાગૃહના નેતાશ્રી જે શોક પ્રસ્તાવ લઈને આવ્યા છે અને જેને વિરોધપક્ષના નેતાશ્રીએ અનુમોદન આપેલ છે એમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય જયરામભાઈ પટેલ સાથે મારે મિત્રતા હતી. હું ઘણી વખત એમને મળવા માટે જતો હતો. તેઓએ ૩૦ વર્ષ પહેલા ઉંમરગામ તાલુકાના નારગોલ ગામેથી પદયાત્રા કાઢેલી. હું એમને પાંચ વર્ષ પહેલા મળ્યો ત્યારે તેમણે એ પદયાત્રા કાઢી હતી એની યાદ અપાવી હતી. તેઓ સહકારી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા અને ગરીબ માણસોને સહકારી સંસ્થામાં મદદ કરવા હંમેશા તત્પર રહેતા હતા.

ધરમપુર અને કપરાડા બંને એક હતા ત્યારે ત્યાં શંકરભાઈ માસ્તર રહેતા હતા. અમે તેઓને બધા માસ્તર તરીકે ઓળખતા હતા. જે તે વખતે તેઓ ધરમપુર તાલુકાના કપરાડા ગામે રહેતા હતા ત્યારે સ્ટેટ સુધી આવા માટે કોઈ સાધન મળતું નહોતું અને પગપાળા પણ જઈ શકાય તેમ નહોતું તેવા સંજોગોમાં સેવા કરવા જવું હોય તો પણ તકલીફ પડતી હતી તેમ છતાં તેઓ સેવા કરવા માટે તત્પર રહેતા. પ્રાથમિક શિક્ષણમાં લોકોની સેવા કરવામાં તેમણે યોગદાન આપ્યું છે અને એટલા માટે જ તેમનું હુલામણું નામ શંકરભાઈ માસ્તર આપેલું છે. તેઓ આજે આપણી વચ્ચે નથી. તેમના કુટુંબીજનો ઉપર આવે પડેલી આપત્તિમાં ભગવાન મદદગાર બને એવી પ્રાર્થના કરું છું.

**શ્રી છનાભાઈ કોળુભાઈ ચૌધરી (ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા આ ગૃહના પૂર્વધારાસભ્યોના અવસાન અંગે શોકદર્શક ઠરાવ લઈને આવ્યા છે ત્યારે તમામ સ્વર્ગસ્થ સભ્યશ્રીઓને હું મારી હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. સાથે સાથે હું જે મતવિસ્તારમાંથી આવું છું એ મતવિસ્તારના પૂર્વ ધારાસભ્ય

શંકરભાઈ રવજીભાઈ પટેલ તેઓ ધરમપુરના ખારવેલ ગામમાં જન્મ લઈને તેમની કારકિર્દી શિક્ષક તરીકે શરૂ કરેલી. ધરમપુરના ખૂબ ઉંડાણ જંગલમાં, કારણ કે એશિયા ખંડમાં મોટામાં મોટો ધરમપુર તાલુકો છે અને શિક્ષક તરીકેની તેમની કારકિર્દી દરમ્યાન તેમને એવું લાગ્યું કે આ વિસ્તારમાં શિક્ષણની પ્રવૃત્તિ ખૂબ જ ઓછી છે. ત્યારે શિક્ષક તરીકેની નોકરી છોડીને તેઓ જ્યાં નોકરી કરતા હતા એ જ ગામમાં સરપંચ તરીકે ૧૦ વર્ષ સુધી લોકોની સેવા કરી અને ત્યાર બાદ તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે ત્રણ ટર્મ સુધી રહ્યા. તેમની સાથે મને પણ એકાદ ટર્મમાં કામ કરવાનો મોકો મળ્યો. ખરેખર તેમનો સ્વભાવ એવો હતો કે નાના માણસને કેવી રીતે સમજણ આપવી. નાના માણસો સાથે કેવી રીતે કામ કરવું. તે સમયમાં ધરમપુર તાલુકો ઉંડાણનો જંગલ વિસ્તાર હતો. લોકો તેમની પાસે આવતા, તેઓ પગપાળા જતા કાં તો સાઈકલ ઉપર જતા. એવી રીતે તેમણે આ વિધાનસભામાં બે વખત સભ્યપદ લીધું છે. એ વિસ્તારમાં તેઓ શૈક્ષણિક પ્રવૃત્તિઓ, સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સતત સંકળાયેલા રહ્યા. છેલ્લા દિવસોમાં પણ અમે જ્યારે તેમને મળવા જતા ત્યારે કહેતા કે આમાં મારી જે પ્રવૃત્તિઓ છે કે સેવાકીય પ્રવૃત્તિ, શૈક્ષણિક પ્રવૃત્તિ એ તમે સૌ ચાલુ રાખજો. ભગવાન સદ્ગતના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના કરીને આપના મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી દિલીપ સંઘાણી (ભા.જ.પ.)** માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના માનનીય નેતા પૂર્વ ધારાસભ્યશ્રીઓના અવસાન અંગે જે શોકદર્શક ઉલ્લેખો લઈને આવ્યા છે અને વિરોધપક્ષના નેતાશ્રીએ તેમાં સૂર પૂરાવ્યો છે તેમાં હું પણ મારો સૂર પૂરાવું છું.

શ્રી જયરામભાઈ પટેલ સાથે મારા વિદ્યાર્થી પરિષદના કાર્યકાળમાં જ રાજકોટમાં એલ.એલ.બી. કરવાને કારણે, કેટલાક સામાજિક પ્રસંગોને કારણે સંપર્કમાં આવ્યો અને ત્યાર પછી સહકારી ક્ષેત્રમાં તેમની સાથે કામ કરવાનો મોકો પણ મળ્યો. રાજય સહકારી બેંકના ચેરમેન અને ડિરેક્ટર તરીકે ઘણાં લાંબા સમય સુધી સહકારી ક્ષેત્રમાં કામ કરવાની તક મળી. ગુજરાતમાં સહકારી ક્ષેત્રનું માળખું આજે પણ દેશભરમાં નોંધ લેવાય તે સ્થિતિમાં છે અને તેમાં કેટલાક પ્રસંગે સહકારી ક્ષેત્રના કાર્યભાર ઉપર પ્રશ્નાર્થ ઉભો થયેલ ત્યારે સરકારે જે અભિગમ અપનાવ્યો તેના આધારે ખૂબ જ પ્રભાવિત થઈને બોર્ડમાં એક વખત નહીં, અનેક વખત તેમણે સરકારની નીતિ અંગે પોતાનો અહોભાવ બતાવ્યો. વ્યકિતગત રૂપમાં આપણા ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈની કાર્યપદ્ધતિથી તો ખૂબ જ પ્રભાવિત રહીને જે ક્ષેત્રને દેશભરમાં ડૂબતું હોય એ સ્થિતિનું ચિત્ર ઈરાદાપૂર્વક ઉભું કરવામાં આવ્યું હતું તેમાંથી સરકારે અભિગમ દાખવીને કેવી રીતે ઉપર લાવવાના પ્રયાસો કર્યા એથી પ્રભાવિત થઈને પોતે પણ એ જ પદ્ધતિથી કામ કરવાનો પ્રયાસ કરીને તેમણે સમગ્ર ગુજરાતમાં કયારેય રાજય સહકારી બેંકના ચેરમેન તરીકે આ પક્ષની બેંક છે કે બીજા પક્ષની બેંક છે એવો વિચાર કરવાના બદલે સહકારી માધ્યમથી ખેડૂતોનું ભલું કેમ થઈ શકે એના માટે સતત ચિંતન કરવા પ્રયાસો કર્યા. આવા એક સહકારી ક્ષેત્રના અગ્રણી આપણા વચ્ચેથી જતા રહ્યા છે એનું દુઃખ છે. એવા જ પૂર્વ સદસ્યો રમણભાઈ પટેલ, વસનજીભાઈ ગામીત, શંકરભાઈ પટેલ, શ્રીમતી રૂપકુંવરબા ઝાલા અને વિઠ્ઠલભાઈ પટેલ આપણા વચ્ચે નથી ત્યારે આ ગૃહના નેતાશ્રી અને વિરોધ પક્ષના નેતાશ્રીએ જે સૂર પૂરાવ્યો છે એમાં હું મારો સૂર પૂરાવું છું.

**શ્રી જગદીશ ઠાકોર(ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહના નેતાશ્રી જે શોકદર્શક ઉલ્લેખો લઈને આવ્યા છે અને એમાં વિપક્ષના નેતાશ્રીએ સૂર પૂરાવ્યો છે એમાં હું પણ મારો સૂર પૂરાવું છું.

મુઠેરી ઊંચું જીવન આ વિભૂતીઓ જીવ્યા છે. આમાંથી સ્વ. રૂપકુંવરબા ઝાલા સાથે કામ કરવાનો થોડોક અવસર મને મળ્યો છે. વિપક્ષના નેતાએ કહ્યું એ ખૂબ સાચી વાત છે કે એક એવા સમાજમાંથી આવવું અને એ સમાજમાંથી રાજકીય નેતૃત્વ કરવું અને સાથે સાથે સમાજના કુરિવાજો, સમાજની જે પદ્ધતિઓ હોય એમાંથી સમાજને બહાર લાવવાની કામગીરી રૂપકુંવરબાએ કરી છે એ સમગ્ર ઉત્તર ગુજરાતમાં ખરેખર ખૂબ ઉલ્લેખનીય છે. કટોસણ જેવા સ્ટેટના રાજવી પરિવારમાંથી આવતા હોવા છતાં ખૂબ જ સાદગીભર્યું જીવન જીવ્યા છે. સતત સામાજિક મેળાવડાઓમાં મળવાનું થાય ત્યારે એક ચિંતા રહ્યા કરે કે જે સમાજ એના રીત-રિવાજોમાં પડી ભાંગ્યો છે, આર્થિક અને સામાજિક રીતે પાયમાલ થયો છે એ સમાજ માટે સૌએ ભેગા થઈને અન્ય સમાજોને સાથે રાખીને આ સમાજને પગભર કેમ બનાવી શકાય એની એ સતત ચિંતા કરતા હતા. સમાજના સમૂહલગ્ન હોય, તેજસ્વી તારલાઓને ઇનામ વિતરણનો કાર્યક્રમ હોય ત્યારે એમની સમાજના લોકોને ટકોર રહેતી. માનનીય ગૃહના નેતાશ્રી અને વિપક્ષના નેતાશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે એમાં આપના માધ્યમ દ્વારા તમામ સ્વર્ગસ્થોને મારી શોકાંજલિ અર્પું છું અને આ તમામ જે ઊંચું જીવન જીવ્યા છે એને હું વંદન કરું છું.

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા જે શોકદર્શક ઠરાવો લઈને આવ્યા છે અને વિરોધ પક્ષના નેતાશ્રીએ જેને સમર્થન આપ્યું છે એ આ ગૃહના પૂર્વ સભ્યો પૈકીના સ્વ.શ્રી જયરામભાઈ પટેલ મારા મત વિસ્તાર ઉપલેટા તાલુકાના કોલકી ગામના એ મૂળ રહેવાસી. એમના પિતાજી બર્મા ધંધાર્થે ગયેલા. ત્યાં એમનો જન્મ થયો. ૧૩ થી ૧૪ વર્ષથી ઉંમરે ફરી પાછા ભારત આવ્યા અને કોલકીને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું. સ્વાતંત્ર્યની ચળવળમાં એમણે ભાગ લીધો ત્યારથી એમના જાહેર જીવનની શરૂઆત થઈ. ૧૯૬૨થી શરૂ કરીને એમણે ગુજરાત વિધાનસભામાં ઉપલેટાનું લોક સમર્થન મેળવીને એક સારામાં સારું નેતૃત્વ આપેલું. સહકારી ક્ષેત્રમાં 'બાપા' તરીકે, ભિષ્મ પિતામહ તરીકે હતા. આજે ઉપલેટામાં અમે રાજકીય જીવન દ્રષ્ટિથી જોઈએ તો જયરામભાઈ એક એવું વ્યકિતત્વ હતા કે જેને અનુસરવાનું મન થાય. એમણે એવો ચીલો પાડ્યો હતો કે સમગ્ર સમાજને સાથે લઈને ચાલવાનું. નાત-જાતના ભેદભાવ વગર બધાને સાથે જોડી સમાજને માટે ખૂબ મોટું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડેલ હતું.આવા સ્વ. જયરામભાઈ અમારા ઉપલેટાની ધરતીના પુત્ર હતા અને અમને એનું ગૌરવ છે અને ગુજરાત વિધાનસભામાં પણ સિંચાઈ ક્ષેત્રે અને ગૃહમંત્રી તરીકે પણ એમણે ઉત્તમ કામગીરી કરી હતી. સિંચાઈ ક્ષેત્રમાં ઉપલેટા મચ્છુ ડૅમ, ભાદર ડૅમ છે આ બધા ડૅમ આવેલા છે તે બધા એમના કાર્યકાળ દરમિયાન એમના આયોજન પ્રમાણે હતા. આજે ઉપલેટા, ધોરાજી કે સૌરાષ્ટ્રના જે ખેડૂતો છે એ જે સાધન સંપન્ન અને સમૃદ્ધ છે એ પાણીને લીધે છે, એ જયરામભાઈની દીર્ઘદૃષ્ટિને પરિણામે છે. આવા જયરામભાઈના જવાથી ગુજરાતનું જાહેર જીવન અને સહકારી ક્ષેત્ર ખુબ રાંક બન્યું છે. ગૃહના નેતાશ્રી જે ઠરાવ લઈને આવ્યા છે એના બાકીના સભ્યશ્રીઓને પણ હું મારી શ્રદ્ધાંજલિ અર્પુ છું. આપના મારફત એમના પરિવારજનોને શોકસંદેશો પાઠવીએ.

**શ્રી બાબુભાઈ જ. પટેલ (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઠરાવ લઈને આવ્યા છે એમાં મારો સુર પૂરાવુ છું. માનનીય નાયબ મંત્રીશ્રી જયરામભાઈ જેઓ સહકારના ગુરુ કહેવાય, સહકારના ભીષ્મપિતા પણ કહેવાય એ રીતે ખૂબ સારું લોકો માટે જીવન જીવ્યા અને એમના જીવનમાંથી એ પણ જાણવા મળે છે કે સહકાર એટલે કેવો સહકાર કે સંસ્કાર સાથેનો સહકાર. એમના સહકારની અંદર સંસ્કાર ભરેલા હતા એવું એમનું જીવન હતું. ખૂબ સારું જીવન હતું. પીઢનેતા હતા, પટેલ સમાજના પણ નેતા હતા.

સ્વ. રમણભાઈ મથુરભાઈ પટેલ જેઓ મારા વિસ્તાર દસક્રોઈમાંથી ચૂંટાઈને આવતા હતા. ૧૯૭૨થી ૧૯૭૫ સુધી એમણે ધારાસભ્યશ્રી તરીકે ખૂબ સારું કામ કર્યુ હતું. વિદ્યાર્થી જીવનમાં એમણે પ્રાથમિક શાળા ગોધાવીની અંદર અભ્યાસ કરેલો, ગુજરાત કૉલેજમાં સાયન્સ ક્ષેત્રે આગળ હતા અને ક્રિકેટ ટીમના કૅપ્ટન હતા. ૧૯૪૨ની હિંદછોડો ચળવળની અંદર કુવા ખાતે આઝાદીની ચળવળનો વેગ, ગુજરાતમાં કુવા ગામની નામના થાય એ માટે એમણે કોશિશ કરેલી. શિક્ષણ ક્ષેત્રે પણ ખૂબ જગ્યાએ ટ્રસ્ટી હતા, ભકતવલ્લભ ધોળા, દુર્ગા વિદ્યાલય, સરદાર પટેલ અને સ્વામી વિવેકાનંદ વિદ્યાલય, મણીનગર ખાતે, સ્વામીનારાયણ આર્ટસ અને સાયન્સ કૉલેજની સ્થાપનામાં પણ એમનો સિંહફાળો હતો. ઉદ્યોગક્ષેત્રે વાત કરીએ તો રમણભાઈ મથુરભાઈ પટેલ એક સામાન્ય પ્રિન્ટીંગ કોન્ટ્રાકટરથી શરૂ કરેલી એમની જિંદગી અને બંસીધર મિલના માલિક અને બીજી ચાર મોટી ફૅકટરીના માલિક બન્યા અને માલિક બન્યા પછી પણ એમણે મોટા બનીને મોટાપણું ખૂબ દાખવ્યું. એમની પાસે વિદ્યાર્થી જાય, જ્યાં પણ ભણવું હોય, કોઈપણ વિદ્યાર્થી હોય એમણે નાત જાત જોયા નથી અને એમણે જે પણ મદદ જોઈએ એ મદદ કરી છે અને બહારગામ કે વિદેશમાં, વિપ્રાંતમાં જવું હોય એને એમણે ખૂબ મદદ કરી છે. અમદાવાદ ખાતે લેઉવા પાટીદાર છાત્રાલયના આર્થિક વિકાસમાં એમનો ખૂબ મોટો ફાળો હતો. એમણે એમના પોતાના પૈસે અમારા વિસ્તારનાં રણોદરા ગામ ખાતે પ્રાથમિક શાળાનું પોતાના પૈસે મકાન બનાવ્યું અને એની અંદર છેલ્લે છેલ્લે એમણે માધ્યમિક શાળા પણ બનાવી. એમના પરિવારમાં કુલ ચાર ભાઈઓ છે. ૨ ભાઈઓ હયાત છે અને બે પુત્રો હયાત છે અને પાંચ બહેનો એમની હયાત છે. ખૂબ મોટો ભર્યોભાદર્યો એમનો પરિવાર છે, ૮૫ વર્ષની ઉંમરે સક્ષમ હતા અને બે મહિના પહેલા એક જગ્યાએ અમે બંને સાથે ગયા હતા, એમની ખુમારી ૮૫ વર્ષે પણ આપણને શરમાવે તેવી યુવાની જેવી હતી. પરમાત્મા સ્વર્ગસ્થ સભ્યશ્રીઓના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના સાથે શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ.

**અધ્યક્ષશ્રી**: આ ગૃહના નેતાશ્રીએ આપણા મહાનુભાવો સ્વર્ગસ્થ જેમણે આ ભૂમિ ઉપરથી વિદાય લીધી છે એને અંજલિ આપી. વિરોધપક્ષના નેતા સહિત અન્ય ૧૦ જેટલા સભ્યોએ શ્રદ્ધાંજલિમાં ભાગ લીધો. તેમાં સૂર પુરાવતાં આદરણીય સ્વર્ગસ્થ જયરામભાઈ માટે એમ કહેવાય કે, ગુજરાતની સહકારી પ્રવૃત્તિએ, ગુજરાતના સહકારી આંદોલને એક પિતૃભાવવાળી વ્યકિત ગુમાવી છે. એમના જવાથી સમગ્ર ગુજરાતની નાની સહકારી મંડળીઓથી માંડીને રાજયની સહકારી સંસ્થાઓના એક પિતામહ નહીં પણ પિતૃભાવ ગુમાવ્યો છે એનું હું દુઃખ અનુભવું છું. એમની સાથે જાહેર જીવનની વ્યકિતની રીતે મળવાનું થતું હતું. એમના સ્પષ્ટ વિચારો આપણને સૌને

પ્રેરે તેવા અને સ્પષ્ટ વિચારોની સાથેસાથે એ ગુજરાતના અનેક સેવા કાર્યોના સમર્થક રહ્યા અને એવી સમર્થનકારી વ્યકિત આજે આપણી વચ્ચેથી ગઈ છે.

એક ખેડૂતના દીકરાથી શરૂ કરીને અમદાવાદમાં ટૅક્સટાઈલ ઉદ્યોગમાં નામના કાઢી એમાં ઉદ્યોગપતિ બન્યા. સ્વર્ગસ્થ રમણભાઈનું રાયપુર દરવાજા પાસે જ કાર્યક્ષેત્ર હતું. એટલે એમને ખાસ મળવાનું થાય. સ્વર્ગસ્થને અંજલિ આપતાં એમ કહેવાય કે, ગરીબ માણસનો છોકરો એમને ત્યાં ગયો હોય તો એના વિદ્યાભ્યાસની અંદર મદદ કરતા હતા એવા રમણભાઈ આપણે ગુમાવ્યા છે. સ્વર્ગસ્થ શંકરભાઈ અને સ્વર્ગસ્થ વસનજીભાઈ, સ્વર્ગસ્થ શંકરભાઈની સાથે થોડોક વખત આ સભાગૃહમાં રહ્યો છું. બન્ને જણા માટે વ્યકિતગત રીતે કહી શકાય કે, વન બંધુના એ બંધુ હતા. આદિવાસીઓના કલ્યાણની પ્રવૃત્તિઓના એ સમર્થક રહ્યા. સ્વ. રૂપકુંવરબા સાથે કૌટુંબિક અને પારિવારિક સંબંધો રહ્યા છે. ભાવસિંહજી મારી સાથે હતા. સ્વ. રૂપકુંવરબાએ આ સભાગૃહની અંદર જે યોગદાન આપ્યું એના કરતાં સભાગૃહની બહાર જાહેર જીવનની અંદર વિશેષ કરીને ગરીબ મહિલાઓના ઉત્થાન માટે એમને જે કાર્ય કર્યું એ કાર્ય આપણા સૌના માટે માર્ગદર્શક છે. સ્વ. વિઠ્ઠલભાઈ પટેલ એક સાથી તરીકે આ સભાગૃહમાં હતા. આપણે એમને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. એક ખેડૂત ટેકનોલૉજિસ્ટ બને અને સામાન્ય ખેડૂતને ખેતી માટે પડતી મુશ્કેલીઓના નિવારણના યંત્રનો નિર્માતા બને. ગુજરાતની ધરતી ઉપરનો ખેડૂત યુગાન્ડાની ધરતી ઉપર જઈને ખેતીના વિકાસના કાર્યો કરે, એવા વિકાસશીલ ખેડૂતના દીકરા અને સાહસિક હતા. એવા વિકાસશીલ સભ્ય આપણે અને ગુજરાતે ગુમાવ્યા છે. આ સૌ સભ્યોને આજે આપણે શ્રદ્ધાંજલિ અર્પવા બે મિનિટનું મૌન પાળીશું.

( બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું)

**અધ્યક્ષશ્રી :** સભાગૃહની આ લાગણી સદ્‌ગતોના કુટુંબીજનોને મોકલી આપવામાં આવશે.

**સચિવશ્રી** : માનનીય અધ્યક્ષશ્રી, આજે સવારના ૧૧-૦૦ વાગ્યે માનનીય રાજ્યપાલશ્રીએ બંધારણની કલમ- ૧૭૬(૧) અન્વયે ગુજરાત વિધાનસભાને સંબોધન કર્યું હતું. નામદાર રાજ્યપાલશ્રીએ કરેલ સંબોધનની પ્રમાણિત નકલ મને મળી છે જે સભાગૃહના મેજ ઉપર મૂકવાની હું રજા લઉ છું.

રાજ્યપાલશ્રીના સંબોધનની નકલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

તા.૧૮મી જાન્યુઆરી, ૨૦૦૮

**રાજ્યપાલશ્રીનું સંબોધન**

તા.૧૮મી જાયુઆરી, ૨૦૦૮
**રાજયપાલશ્રીનું સંબોધન**

તા.૧૮મી જાયુઆરી, ૨૦૦૮
**રાજયપાલશ્રીનું સંબોધન**

તા.૧૮મી જાયુઆરી, ૨૦૦૮
**રાજયપાલશ્રીનું સંબોધન**

પોષ ૨૮, ૧૯૨૯ શાકે
**રાજયપાલશ્રીનું સંબોધન**

તા.૧૮મી જાયુઆરી, ૨૦૦૮
**રાજયપાલશ્રીનું સંબોધન**

પોષ ૨૮, ૧૯૨૯ શાકે

**રાજયપાલશ્રીનું સંબોધન**

તા.૧૮મી જાયુઆરી, ૨૦૦૮
**રાજયપાલશ્રીનું સંબોધન**

પોષ ૨૮, ૧૯૨૯ શાકે
**રાજયપાલશ્રીનું સંબોધન**

તા.૧૮મી જાયુઆરી, ૨૦૦૮
**રાજયપાલશ્રીનું સંબોધન**

તા.૧૮મી જાયુઆરી, ૨૦૦૮
**રાજયપાલશ્રીનું સંબોધન**

પોષ ૨૮, ૧૯૨૯ શાકે
**રાજયપાલશ્રીનું સંબોધન**

તા.૧૮મી જાયુઆરી, ૨૦૦૮
**રાજયપાલશ્રીનું સંબોધન**

પોષ ૨૮, ૧૯૨૯ શાકે

**રાજયપાલશ્રીનું સંબોધન**

તા.૧૮મી જાયુઆરી, ૨૦૦૮
**રાજયપાલશ્રીનું સંબોધન**

**માનનીય અધ્યક્ષશ્રી અને વિધાનસભાના સભ્યશ્રીઓ,**

લોકશાહીના મંદિર એવા આ વિધાનગૃહમાં આપ સૌને, ૧૨ મી વિધાનસભાના જન પ્રતિનિધિ તરીકે હું આવકારૂં છું. ગૃહમાં પ્રથમ વખત ચૂંટાઇ આવવાનું જેમને સૌભાગ્ય પ્રાપ્ત થયું છે તેમને પણ હું અભિનંદન આપું છું.

વિધાનસભાની આ ચૂંટણીઓ સંપૂર્ણ શાંતિમય વાતાવરણમાં, અનિચ્છનીય ઘટના વગર સંપન્ન થઇ છે. એક કરોડ ઉપરાંત જાગૃત મહિલા મતદાતાઓ સહિત એકંદરે ૨ કરોડ ૧૮ લાખ મતદાતાઓએ મતાધિકારનો ઉપયોગ કરીને લોકતંત્રનું મૂલ્ય વધાર્યું છે. આઝાદી પહેલા, ગુજરાતે `સ્વરાજયની સ્થાપના માટે અગ્રેસર રહીને યોગદાન આપ્યું હતું અને ૨૧ મી સદીમાં સુરાજય ની નેમ સાકાર કરવા લોકશાહીના મૂલ્યોનું જતન કરવાની ઉજ્જવળ પરંપરા પણ જાળવી છે. આપ સૌ પણ સંસદીય લોકશાહીના આ સર્વોચ્ચ ભવનમાં શ્રેષ્ઠ રચનાત્મક કાર્યો દ્વારા લોકસેવા માટે સતત સક્રિય અને કટિબધ્ધ રહેશો તેવી મને સંપૂર્ણ શ્રધ્ધા છે.

ગુજરાતની જનતાનો આ ચૂંટણીમાં ચુકાદો ઐતિહાસિક છે. મારી સરકારે છેલ્લા પાંચ વર્ષમાં માત્ર ને માત્ર જનહિતને કેન્દ્રસ્થાને રાખીને વહીવટમાં ગુણાત્મક પરિવર્તન લાવીને અને જનભાગીદારીથી વિકાસની નવી તરાહ અપનાવીને જે કાર્યસિધ્ધિઓ મેળવી છે તેનાથી ગુજરાત ઉપર આખા દેશનું ધ્યાન આકર્ષિત થયું છે. ગુજરાત શ્રેષ્ઠ રાજય બને તે માટેના મારી સરકારના અભિગમ અને કાર્યોને આ જનાદેશ દ્વારા સમર્થન પ્રાપ્ત થયું છે.

મારી સરકારના આ નિષ્ઠાપૂર્વકના અને પ્રમાણિક પ્રયાસો ઉપર જનતાએ સંપૂર્ણ ભરોસો મૂકયો છે  અને તેણે વિજય અપાવ્યો છે.

વિશ્વસનીય નેતૃત્વ, સ્પષ્ટ નીતિ અને સાફ નિયત હોય તો લોક સમર્થન મળે જ છે તે આ ચૂંટણીમાં પ્રજાએ સાબીત કર્યું છે. સુઆયોજિત અને સર્વાંગી વિકાસ, શાંતિ અને સલામતિ તથા સમૃદ્ધિ માટેનો અવિરત પૂરૂષાર્થ કરીને ભારતના

વિકાસમાં ગુજરાત પોતાનું યોગદાન આપી રહ્યું છે અનેક વિરોધો હોવા છતાં પણ ગુજરાતની પ્રજાએ તે વિરોધોને નકારીને લોકતાંત્રિક માર્ગે તેની પુષ્ટી કરી છે.

ગુજરાતની જનતા વિકાસ અને સમૃધ્ધિના સર્જનને વરેલી છે અને મારી સરકાર આગામી પાંચ વર્ષોમાં સમૃદ્ધ અને સુરક્ષિત ગુજરાત માટે પ્રતિબદ્ધ રહેવાની છે. ૨૦૧૦માં ગુજરાતની સ્થાપનાના ૫૦ વર્ષ પૂરાં થઇ રહ્યાં છે. આ સ્વર્ણિમ જયંતિની ગરિમાને સાકાર કરવા મારી સરકારે, અત્યારથી જ પ્રયાસો હાથ ધર્યા છે. ગુજરાતની સુવર્ણજયંતિ માત્ર ઔપચારિક ઉજવણી ન બની રહે તેવી મારી સરકારની નેમ છે. સાડાપાંચ કરોડ ગુજરાતીઓ, પ્રત્યેક નાગરિક સ્વર્ણિમ સંકલ્પ કરે તેવી નેમ મારી સરકાર ધરાવે છે. ગુજરાતને દરેક ક્ષેત્રમાં શ્રેષ્ઠતમ ઉંચાઇ ઉપર લઇ જવાના આ સંકલ્પમાં આપ સૌનો સહયોગ પ્રાપ્ત થશે તેવી મને પૂરી શ્રધ્ધા છે.

એકવીસમી સદીના પ્રથમ દશકામાં વિશ્વભરમાં અર્થતંત્રના તમામ ક્ષેત્રોમાં રોકેટ ગતિએ વિકાસ થઇ રહ્યો છે. વિવિધ સરકારો અને કંપની જગત, વિકસી રહેલા તથા વિકસીત દેશોએ ભારતની આર્થિક શકિત અને તેમાંય ગુજરાતના નિર્ણાયક યોગદાનની નોંધ લીધી છે. ભારતના આયોજન પંચે રાજ્યની ક્ષમતાને પિછાણી દસમી પંચવર્ષીય યોજનાના સમગ્ર દેશ માટે નકકી કરેલા વાર્ષિક વૃધ્ધિદરની સામે **ગુજરાતને ૧૦.૦૨ ટકાનો વૃધ્ધિ દરનો લક્ષ્યાંક આપ્યો હતો જે ગુજરાતે હાંસલ કરી લીધો છે.** હવે આયોજન પંચે અગીયારમી પંચવર્ષીય યોજના માટે ગુજરાતને **૧૧.૨** ટકાનો લક્ષ્યાંક આપ્યો છે જેમાં ઔધોગિક વૃધ્ધિદર ૧૪ ટકા સુધી હાંસલ કરવાનો પડકાર ગુજરાતે ઉપાડી લીધો છે

**પંચવર્ષીય આયોજનમાં હરણ ફાળ**

ગુજરાતમાં પ્રથમ નવ પંચવર્ષીય યોજનાઓમાં એકંદરે કુલ **રૂ.૫૪,૨૬૫** કરોડ જેટલો ખર્ચ થયો હતો જયારે ૨૦૦૨ થી ૨૦૦૭ ની દસમી યોજનામાં કુલ **રૂ.૪૯,૪૧૫** કરોડનો ખર્ચ થયો છે. મારી સરકારે પ્રજા ઉપર

કરવેરાનો બોજ વધારવાને બદલે સુચારૂ નાણાંકીય વ્યવસ્થાપન કરીને આ સિધ્ધિ હાંસલ કરી છે.

ગુજરાતની માથાદીઠ આવક પાંચ વર્ષ પહેલા રૂપિયા **૧૮,૨૦૦** હતી તે વધીને રૂપિયા **૨૬,૫૪૩** સુધી પહોંચી છે. વિકાસની આ ગાથામાં ગત વર્ષો દરમિયાન મારી સરકારે વિવિધ ક્ષેત્રોમાં કરેલી કામગીરીની વિગતો હવે હું આપુ છું.

**વંચિતોનો વિકાસ**

રાજયનો વિકાસ સર્વસમાવેશક હોવો જોઇએ.ગતિના મુખ્ય પ્રવાહોથી વંચિત રહી ગયેલા જન સમુદાયોનો વિકાસ મારી સરકારની પ્રાથમિકતા રહી છે. અનુસૂચિત જાતિના, અનુ.જન જાતિના, બક્ષીપંચની વિકસતી જાતિઓ અને વિકલાંગો સહિત સમાજ સુરક્ષાના ક્ષેત્રમાં, શૈક્ષણિક અને સ્વાસ્થ્ય વિષયક કલ્યાણકારી યોજનાઓનું ફલક વિસ્તાર્યુ છે અને યોજનાઓને વધુ અસરકારક બનાવી છે.

- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જન જાતિઓ અને બક્ષીપંચના **૨૯૧** લાખ વિદ્યાર્થીઓને પ્રાથમિક અને માધ્યમિક શાળાની શિષ્યવૃત્તિ આપવામાં આવી છે.
- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જન જાતિઓ અને બક્ષીપંચની જાતિઓની **3.33** લાખ કન્યાઓને સાયકલ સુવિધા આપવામાં આવી છે.
- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જન જાતિઓ અને બક્ષીપંચના પ્રાથિમક શાળાના **૧૬૩.૨૪** લાખ વિદ્યાર્થીઓને બે જોડી ગણવેશ આપવામાં આવ્યા છે.
- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જન જાતિઓ અને બક્ષીપંચના સમુદાયોમાં ગંભીર રોગોનો ભોગ બનેલા **૧.૨૪** લાખ દરદીઓને મેડીકલ સહાય આપવામાં આવી છે.

- કુંવરબાઇનું મામેરૂં યોજના નીચે અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જન જાતિઓ અને બક્ષીપંચની **૭૨,૭૮૯** કન્યાઓને તેમજ સાત ફેરા સમુહ લગ્નના યોજના અન્વયે **૭,૮૨૦** યુગલોને નાણાંકીય સહાય આપવામાં આવી છે.
- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જન જાતિઓ અને બક્ષીપંચના ઘર વિહોણા લાભાર્થીઓને **૭૨,૨૫૮** મકાન સહાય આપવામાં આવી છે.
- અગિયાર જિલ્લા મથકોમાં ડો. બાબાસાહેબ આંબેડકર ભવન કાર્યરત કર્યા છે.
- અમદાવાદમાં રાષ્ટ્રિય કક્ષાના ડો. બાબાસાહેબ આંબેડકર ફાઉન્ડેશનનું લોકાપર્ણ કર્યુ છે.

## સમાજ સુરક્ષા

રાજય સરકારે વિકલાંગ વ્યકિતઓમાં આત્મવિશ્વાસ જગાવવા અને પોતાની શકિતઓ દ્વારા આત્મનિર્ભર બનીને સમાજમાં ગૌરવભેર જીવી શકે તેના ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યું છે. પાંચ વર્ષમાં **૯૬,૬૦૬** વિકલાંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ, **૭,૮૪૫** વિકલાંગોને સાધન સહાય, **૪૧,૫૭૩** વિકલાંગોને સંત સૂરદાસ યોજના, **૬૬,૦૩૬** વૃધ્ધો અને અશકત વ્યકિતઓને વય વંદના યોજના તેમજ સંકટ મોચન યોજના હેઠળ **૭,૪૦૦** વિકલાંગ લાભાર્થીઓને આવરી લીધા છે.

રાજય સરકારે વિકલાંગોને એસ.ટી. બસના પાસ માટેની આવક મર્યાદા રૂ. એક લાખથી વધારીને રૂ. **૨.૫૦** લાખ કરી છે અને અકસ્માત વિમા યોજના પણ શરૂ કરવામાં આવી છે. મહર્ષિ અષ્ટાવક્ર યોજના **૧૮૮** તાલુકાઓમાં અમલમાં આવી છે.

## આદિજાતિ કલ્યાણ

રાજયના ૭૫ લાખ જેટલા વનક્ષેત્રમાં વસતા અનુસૂચિત જન જાતિઓને વિકાસયાત્રામાં ભાગીદાર બનાવવા મારી સરકારે રૂપિયા **૧૫,૦૦૦** કરોડના

વનબંધુ કલ્યાણ પેકેજનો અમલ શરૂ કરી દીધો છે. મારી સરકારે આદિજાતિ પેટા વિસ્તાર યોજના અને ગુજરાત પેટર્નના આદિજાતિ કલ્યાણના મોડેલનો અમલ કરીને સમગ્ર વનવાસી ક્ષેત્રમાં વિકાસની ચેતના જગાવી છે. ૧૯૭૪ થી ૨૦૦૧ સુધી આદિજાતિ પેટા યોજનામાં રૂ. **૬,૫૦૦** કરોડ ખર્ચ થયો હતો તેની તુલનામાં છેલ્લા પાંચ વર્ષમાં રૂ. **૬,૦૦૦** કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે અને હવે આગામી પાંચ વર્ષમાં વનબંધુ કલ્યાણ યોજના દ્વારા અનુસૂચિત જન જાતિઓના જીવનધોરણમાં ગુણાત્મક પરિવર્તન લાવવાની નેમ છે. આ પેકેજથી-

- પાંચ લાખ કુટુંબોની રોજગારીની તકો વધારવી અને આર્થિક વિકાસ બમણો કરવો,
- શિક્ષણની ગુણવત્તા અને ઉચ્ચ અભ્યાસો પર ભાર,
- સૌને માટે આરોગ્ય સુવિધા તથા આવાસ,
- પાઇપ લાઇનથી પાણી અને સિંચાઇની સુવિધા,
- બારમાસી રસ્તાઓ અને વિજળીની સાર્વત્રિક ઉપલબ્ધતા તથા અનુસૂચિત જન જાતિ વિસ્તારોના શહેરોનો ગ્રોથ સેન્ટર તરીકે વિકાસ વગેરેનો સમાવેશ થાય છે.

આ વર્ષે રૂ. **૨,૩૩૫** કરોડના વનબંધુ કલ્યાણ પેકેજનો અમલ હાથ ધરી દીધો છે.

મારી સરકારે અનુસૂચિત જન જાતિના ખેડૂતોને જંગલની જમીન ખેડવાના માલિકી હક્કો આપવા આગવી પહેલ કરી છે. રૂ. **૧,૩૫૦** લાખની જોગવાઇ કરીને વનવસાહત ગામોના વિકાસની દિશામાં પણ પ્રેરણારૂપ કાર્ય કર્યું છે. આદિજાતિ વિસ્તારોમાં રસ્તા, પાણી, સિંચાઇ જેવી પાયાની સુવિધાઓના એક લાખ જેટલા નાના-મોટા વિકાસ કામો સંપન્ન કર્યા છે.

## સરદાર સરોવર યોજના

સરદાર સરોવર યોજનાને પૂર્ણ કરવા મારી સરકારે અગ્રિમતા આપી છે. નર્મદા યોજના પાછળ ૨૦૦૧ સુધીમાં રૂપિયા **૧૦,૯૭૮.૬૩** કરોડ ખર્ચ થયો હતો

તેની સામે છેલ્લા પાંચ વર્ષમાં કૂલ રૂપિયા **૧૧,૨૦૮** કરોડ ખર્ચ થયો છે. યોજનાના મુખ્ય બંધની ૧૨૧.૯૨ મીટરની નિર્ણાયક ઉંચાઇ માટે સંઘર્ષ કરીને પણ તેનું નિર્માણ કાર્ય પુરૂ કર્યુ છે.

- **૧,૪૫૦** મેગાવોટની વીજ ઉત્પાદન ક્ષમતા ધરાવતો નર્મદાજળ વિદ્યુત પ્રોજેકટ રાષ્ટ્રને ચરણે ધરી દીધો છે.
- નર્મદાની મુખ્ય નહેર, શાખાનહેર, પ્રશાખા અને ડિસ્ટ્રીબ્યુટરી કેનાલો સહિત ૧૭૩૫૫ કી.મી. લંબાઇની નહેરોનું બાંધકામ પૂર્ણ થઇ ગયું છે.
- જન ભાગીદારીથી કેનાલો દ્વારા સિંચાઇની ક્ષમતા વધારવા માટેનું સુધારેલું સમયપત્રક અમલમાં મૂકયું છે.
- **૪૫૮** કી.મી ની મુખ્ય નહેર રાજસ્થાનની સરહદ સુધી પહોંચવાની તૈયારીમાં છે.
- રાજયમાં **૧૮૬૧** કિ.મી.ની બલ્ક પાઇપ લાઇન અને એક લાખ કિ.મી. ઉપરાંત વિતરણ પાઇપ લાઇનો દ્વારા કેવડીયાથી કચ્છ અને સૌરાષ્ટ્ર તથા ઉત્તર ગુજરાતમાં દૂર સુધીના વિસ્તારોમાં પીવાનું પાણી પહોંચાડવામાં આવે છે. રાજયના **૫૫૨૪** ગામડા અને **૮૭** નગરોને આ પાઇપ લાઇનથી પાણી પૂરૂ પાડવામાં આવે છે.

  - ગામમાં પાણીનું વિતરણ તથા તેને લગતી તમામ કામગીરી લોકભાગીદારીથી કરવાનો પ્રયોગ સફળ થયો છે અને તેને વ્યાપક લોક સ્વીકૃતિ મળી છે. રાજયમાં **૨૯૧૪** ગામડાઓમાં **૩૦૭** કરોડના કામો લોકભાગીદારીથી પૂરા કર્યા છે તથા ૨૪૫૯ ગામોમાં ૨૨૬ કરોડના કામો પ્રગતિ હેઠળ છે.

**જળ સંચય** મારી સરકારે જન ભાગીદારીથી જળ વ્યવસ્થાપન ક્ષેત્રે ક્રાંતિ કરી છે. ગુજરાત જેવા અછતગ્રસ્ત રાજયમાં પાણીની સમસ્યાનું કાયમી નિવારણ કરીને જળશકિતનું વિકાસમાં રૂપાંતર કર્યુ છે.

- પાંચ વર્ષમાં **૬૦** હજાર ચેકડેમો, **૧** લાખ **૭૧** હજાર જેટલી ખેત તલાવડી અને **૩૫,૪૦૦** જેટલા બોરીબંધ જન ભાગીદારીથી બનાવવામાં આવ્યા છે.
- નદીઓ ઉપર મોટા ચેકડેમોની શ્રુંખલા અને હયાત કોઝ-વે ને ચેક ડેમમાં ફેરવવામાં આવ્યા છે.
- **૧૪,૮૦૦** જેટલા તળાવો ઉંડા કર્યા છે.
- જૂની-પૂરાતન વાવોને પુનર્જિવીત કરવા લોક ભાગીદારીને પ્રેરિત કરીને,જલમંદિર નું નવતર અભિયાન હાથ ધર્યુ છે.

જળ સંચયના આ પગલાંઓને પરિણામે ભૂગર્ભ જળ સ્તરમાં સુધારો થયો છે, ખેતીનું ઉત્પાદન વધ્યું છે, પાણીની ગુણવત્તા સુધરતાં જમીન સંરક્ષણ થયું છે.

**સુજલામ સુફલામ યોજના**

સૂકા પ્રદેશોના **૧૦** જિલ્લાઓના ખેડૂતો માટે સુજલામ -સુફલામ યોજના જળ વ્યવસ્થાપનની ટેકનોલોજીનું પ્રેરક દ્રષ્ટાંત પુરૂં પાડી રહી છે. કડાણા જળાશયથી બનાસકાંઠા સુધી યોજનાની સ્પ્રેડીંગ કેનાલ ૭ જિલ્લાઓમાંથી પસાર થઇ છે અને છેલ્લા બે ચોમાસા દરમિયાન વરસાદી પાણીનો સંગ્રહ થતાં સૂકી ખેતીને સિંચાઇનો લાભ મળ્યો છે. નર્મદાના પુરના પાણીથી ઉત્તર ગુજરાતના જળાશયો અને તળાવો ભરવા માટે ૭ પાઇપ લાઈન યોજનાઓ પૂરી કરી છે અને એક યોજના પૂર્ણતાને આરે છે.

- **૭૦૦** કી.મી. ની પાઇપ લાઇન દ્વારા કેવડીયાથી કચ્છ, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના પાણીની વિકટ સમસ્યાવાળા **૨,૭૦૦** ગામો અને ૫૮ શહેરોમાં નર્મદાનું શુદ્ધ પીવાનું પાણી પહોચ્યું છે.
- ઉત્તર ગુજરાતના સુકા વસ્તારો માટે નર્મદા અને મહી-કડાણાના વધારાના પાણીનો ટેકનોલોજીથી સમન્વય કરીને **૧૦૦૦** દિવસમાં ૩૪૫ કી.મી. લાંબી સુજલામ સુફલામ કેનાલ દ્વારા પાણી વહેતા કર્યા છે.

- સુરેન્દ્રનગર જિલ્લામાં **૧૦૭** મોટા ચેકડેમો પૈકી **૧૦૦** પૂરા થયા છે જયારે કચ્છમાં ક્ષાર પ્રવેશ નિયંત્રણ માટે **૧૨** જેટલા બંધારાના કામો પૂર્ણ કર્યાં છે.

મારી સરકારે દેશમાં સૌ પ્રથમ નદીઓના આંતર જોડાણનું સ્વપ્ન સાકાર કર્યું છે. દરિયાકાંઠે ક્ષાર પ્રવેશ નિયંત્રણની કામગીરી આયોજનબદ્ધ રીતે આગળ ચાલી રહી છે.સહભાગી સિંચાઇ વ્યવસ્થાનો કાયદો અમલમાં મૂકીને ખેડૂતોની જન ભાગીદારી પ્રેરિત કરી છે અને **૧** લાખ હેકટર જેટલો વિસ્તાર ખેડૂતોની સિંચાઇ મંડળીઓને સુપરત કરી દીધો છે.

**કૃષિ**

સમગ્ર દેશમાં કૃષિ વિકાસ ક્ષેત્ર ગુજરાતે દિશા સૂચક પ્રગતિ સાધી છે. સતત ત્રણ વર્ષના કૃષિ મહોત્સવની સફળતા, જળ સંચયના કાર્યક્રમો, સોઇલ હેલ્થ કાર્ડ, કૃષિ માર્કેટિંગનું માળખું અને મૂલ્યવર્ધિત ખેતીવાડી માટે રાજય સરકારે જે વિશ્વસનીય પગલાં લીધા તેના પરિણામે રાજયનું કૃષિ ઉત્પાદન રૂ. **૯૦૦૦** કરોડથી વધીને રૂ. **૩૪,૦૦૦** કરોડનો વિક્રમ સર્જક આંક વટાવી ગયું છે. કિસાનોની આવક વૃધ્ધિ માટે જળ, જમીન અને ટેકનોલોજીનો સમન્વય કરીને ગુજરાતમાં અતિવર્ષા જેવી કુદરતી આપત્તિ છતાં **૧૨** ટકા જેટલો કૃષિ વિકાસદર પ્રાપ્ત કર્યો છે. દેશના બે ટકા ના કૃષિ વિકાસદરની તુલનામાં ગુજરાતની કૃષિક્ષેત્રે આ સિધ્ધિ ગૌરવ રૂપ બની રહી છે.

- રાજય સરકારે પાણીના વૈજ્ઞાનિક વપરાશ, જમીનની ફળદ્રુપતા વધારવા અને ખેત પેદાશોની ઉત્પાદકતા વૃદ્ધિ માટે ડ્રીપ ઇરીગેશન અપનાવવા ખેડૂતોને પ્રેરિત કર્યાં છે અને તે માટે રૂ.**૧,૫૦૦** કરોડની ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની કાર્યરત કરી છે.

રાજય સરકારે સહકારી બેન્કીગ અને સહકારિતા પ્રવૃતિઓને વધુ સુગ્રથિત કરવા તેમજ ખેત બજાર અને ગ્રામીણ અર્થતંત્રને વધુ સુદૃઢ બનાવવા સુધારાત્મક પગલાઓ લીધા છે. પશુપાલન ક્ષેત્રે, દુધ ઉત્પાદનમાં વૃધ્ધિ માટેના પ્રોત્સાહક પ્રયાસોને પરિણામે છેલ્લા એક વર્ષમાં **૨૦** ટકા દૂધ ઉત્પાદન વધ્યું છે.

## ઔદ્યોગિક વિકાસ

સમગ્ર દેશમાં ઔદ્યોગિક પ્રગતિ અને ઔદ્યોગિક મૂડી રોકાણમાં ગુજરાત પ્રથમ સ્થાને રહ્યું છે.

રાજય સરકારની ઉદ્યોગો દ્વારા રોજગારીના નિર્માણની અને આર્થિક સમૃદ્ધિના સર્જન માટેની સરળ નીતિઓને કારણે ગુજરાત ઔદ્યોગિક વિકાસમાં હરણફાળ ભરી રહયું છે. ઉદ્યોગોના વિકાસ માટે સાનુકુળ વાતાવરણ, આર્થિક સ્વાતંત્ર્ય, ઉચ્ચકક્ષાની આંતરમાળખાકીય સવલતો, બંદરો, માર્ગો, વિજળી અને પાણીની સુવિચારીત સવલતો, ઔદ્યોગિક શાંતિ અને સુધારાલક્ષી અભિગમના કારણે ગુજરાતના ઔદ્યોગિક વિકાસે સમગ્ર એશિયાનું ધ્યાન આકર્ષિત કર્યુ છે એટલું જ નહિ, એશિયાના ઇકોનોમિક ટાઇગર ગણાતા ચીન, જાપાન, કોરીયા જેવા દેશો પણ અહીં વધુ ને વધુ મૂડી રોકાણ કરવા તત્પર બન્યા છે.

મારી સરકારે ઉદ્યોગ સાહસિકોની ઉદ્યમશીલતાને પણ પ્રોત્સાહન કરી છે એટલું જ નહિ, વાયબ્રન્ટ ગુજરાત શ્રેણીમાં ત્રણ વૈશ્વિક રોકાણકાર પરિષદ યોજીને ઐતિહાસિક ઘટનારૂપે એકંદર રૂ. સાડા આઠ લાખ કરોડથી વધુ મૂડીરોકાણ કરારો કર્યા છે. આ સમજૂતિના કરારોમાંથી ૮૦ ટકા રોકાણો વાસ્તવિક બની ગયાં છે અને અનેક પ્રોજેકટસ અમલમાં આવ્યા છે, કેટલાય પ્રોજેકટ અમલીકરણના વિવિધ તબક્કામાં છે.

ગુજરાતની ઔદ્યોગિક પ્રગતિને ગૌરવરૂપ રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડીયાએ પ્રસિધ્ધ કરેલા અહેવાલોમાં સન ૨૦૦૬-૨૦૦૭ માં સમગ્ર દેશમાં થયેલા **ઔદ્યોગિક મૂડી રોકાણમાં ૨૫.૮ ટકા ના સૌથી વધુ ફાળા સાથે ગુજરાત પ્રથમ રહ્યું છે.**

**DEUTSCH** બેન્ક ના અભ્યાસ અહેવાલ અનુસાર **ઔદ્યોગિક મૂડીરોકાણના કુલ 33 પોઇન્ટસ માંથી સૌથી વધુ ૨૮ પોઇન્ટસ સાથે ગુજરાત પ્રથમ રહ્યું છે.**

રાજયમાં ઔદ્યોગિક વિકાસની આ હરણફાળને કારણે **૧૩** લાખ જેટલી વધુ રોજગારીની પ્રત્યક્ષ તકો ઉભી થવાની છે.

મારી સરકારે સરકાર સંચાલિત જાહેર સાહસોની નબળી અને ખોટ કરતી કંપનીઓનો વહીવટ કાર્યક્ષમ બનાવવા અને કર્મયોગીની ભાવના પ્રેરિત કરીને નફાકારક કોર્પોરેટ સેકટરમાં રૂપાંતર કરીને સમગ્ર દેશમાં ઐતિહાસિક સિધ્ધિ મેળવી છે.

ગુજરાતની અર્થતંત્રમાં ઉભી થયેલી નવી શાખના પરિણામે ગુજરાતની કંપનીઓને કેપિટલ માર્કેટમાં શ્રેષ્ઠ આકર્ષણ તરીકેની પ્રતિષ્ઠા મળી છે.

**ટેક્ષ ટાઇલ્સ**

કાપડ ઉદ્યોગ પ્રદુષણ મુકત અને વિશાળ રોજગારી આપતો ઉદ્યોગ હોવાથી, રાજય સરકારે કાપડ ઉદ્યોગ અને તૈયાર વસ્ત્રોના ઉદ્યોગ વિકસાવવા ઉપર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. રાજયમાં બે એસ.ઇ.ઝેડ એપેરલ પાર્ક સ્થાપવામાં આવ્યા છે, ટેકનિકલ ટેક્ષટાઇલના વિકાસની નીતિ અમલમાં મૂકી છે, ગુજરાત સ્ટેટ ટેક્ષટાઇલ લિમિટેડની વર્ષોથી બંધ પડેલી- ફડચામાં ગયેલી પાંચ કાપડ મિલોની અસ્કયામતોનો કબજો લઇને મારી સરકારે રોજગારલક્ષી એપેરલ પાર્ક, ગારમેન્ટ ટ્રેઇનિંગ, હોસ્પિટલ, મેડિકલ કોલેજ, નર્સિંગ જેવી માનવ સંસાધન વિકાસની સંસ્થાઓ સ્થાપવાની દિશામાં પહેલ કરી છે, અમદાવાદમાં બંધ પડેલી મિલોના કારણે સર્જાયેલી બેકારીની સમસ્યાના સક્ષમ વિકલ્પ તરીકે એપેરલ પાર્ક રોજગારીનું મહત્વનું સાધન બની ગયું છે.

**એસ.ઇ.ઝેડ** સમગ્ર દેશમાં સ્પેશ્યલ ઇકોનોમિક ઝોન (એસ.ઇ.ઝેડ) નો કાયદો ગુજરાતે સર્વ પ્રથમ કર્યો છે. એસ.ઇ.ઝેડ ના બિનવિવાદાસ્પદ મોડેલથી વૈશ્વિક અર્થતંત્રમાં ગુજરાતે આગવું સ્થાન મેળવવાની દિશા બતાવી છે.

અત્યાર સુધીમાં **૫૧** એસ.ઇ.ઝેડ સ્થાપવા માટે ભારત સરકારની મંજુરી મળી ગઇ છે.એસ.ઇ.ઝેડ આધારિત વિશ્વસ્તરની માળખાકીય સુવિધાઓ સાથે નવી નગર યોજનાઓ અને નવા નગરો અસ્તિત્વમાં આવશે. રોજગારીની તકો તથા સંપતિનું સર્જન થશે.

**સ્પેશ્યલ ઇન્વેસ્ટર્સ રિજિયન** જાપાન સરકારના સહયોગથી દિલ્હી-મુંબઇ ઇન્ડસ્ટ્રીયલ કોરીડોર(ડીએમઆઇસી)નો મહત્વાકાંક્ષી પ્રોજેકટ આકાર લઇ રહ્યો છે

જેનો ખૂબજ મોટો ભાગ ગુજરાતમાંથી પસાર થવાનો છે અને આ પ્રોજેકટનો મહ્ત્તમ લાભ રાજયના વિકાસ માટે મેળવવા મારી સરકારે આગોતરાં અને વ્યૂહ્રાત્મક પગલાં ભર્યા છે. આના પરિણામે ગુજરાતમાં ડીએમઆઇસી કોરીડોરના અમદાવાદ જીલ્લાના ધોલેરા અને ભરૂચ જીલ્લાના દહેજ સ્થળે સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયન સ્થાપવાની પહેલરૂપ દરખાસ્ત રાજય સરકારે તૈયાર કરી છે.

**ખનિજ વિકાસ**

મારી સરકાર કુદરતી સંશાધનોના વિકાસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે, ખનિજ સંપતિમાં ગુજરાત અગ્રસ્થાને રહ્યું છે. ભૂતકાળમાં મોટાભાગે ખનિજોનો કાચોમાલ નિકાસ કરવાની પરંપરા હતી પરંતુ મારી સરકારે લિગ્નાઇટ આધારિત વીજ ઉત્પાદન અને સિમેન્ટ ઉત્પાદન ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યુ છે. કચ્છમાં ખનિજ બોકસાઇટમાંથી એલ્યુમિનિયમ આધારિત પ્લાન્ટ સ્થાપવા તેમજ **૨૪** લાખ ટનની ક્ષમતાના સિમેન્ટ પ્લાન્ટ ખાનગી ભાગીદારીથી સંયુકત સાહ્સ તરીકે સ્થાપવાની દિશામાં આગળ વધી રહી છે.

**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી**

મારી સરકાર ઇન્ફરમેશન ટેકનોલોજી, બાયો ટેકનોલોજી અને નેનો ટેકનોલોજીના વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહી છે, વાયબ્રન્ટ ગુજરાત આઇ.ટી. ઇન્વેસ્ટર્સ સમિટ ધ્વારા રૂ. **૧૫,૦૦૦** કરોડથી વધારે રકમના સમજૂતિ કરારો કરવામાં આવ્યા છે.

- રાજય સરકારે ઇન્ફરમેશન ટેકનોલોજી ધ્વારા ઇ-ગવર્નન્સ ક્ષેત્રે આગવી પ્રતિષ્ઠા મેળવી છે.
- મુખ્યમંત્રીશ્રીનો ઓન-લાઇન ટેકનોલોજી ધ્વારા જન ફરિયાદ નિવારણ કાર્યક્રમ (સ્વાગત) આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા ધરાવે છે જેને હવે તાલુકા સુધી વિસ્તારવાનું નકકી કર્યુ છે.
- બ્રોડ બેન્ડ કનેકિટવીટીથી “ **ઇ-ગ્રામ વિશ્વગ્રામ** ” ની કલ્પના સાકાર કરવાની દિશામાં કામગીરી આગળ વધી રહી છે.

- **કોમ્પ્યુટર સોસાયટી ઓફ ઇન્ડીયાએ ગુજરાત રાજયને બેસ્ટ ઇ-ગવર્ન સ્ટેટ એવોર્ડ - ૨૦૦૭ એનાયત કર્યો છે.**

- રાજય સરકારનો નિર્ધાર સમાજમાં વિજ્ઞાનલક્ષી અભિગમ કેળવાય તેમજ ટેકનોલોજી દ્વારા સામાન્ય માનવીને ઉપકારક સેવા, સુવિધા અને સુખાકારીમાં ગુણાત્મક પરિવર્તન આવે તેવો રહ્યો છે. તદ્‌ઉપરાંત રાજયમાં આઇ.ટી. પાર્ક ડેવલપર્સ કંપનીઓ ધ્વારા રોજગાર લક્ષી આઇ.ટી. અને સંલગ્ન સેવાઓ માટે જરૂરી માળખાગત સુવિધાઓ ઝડપથી વિકસી રહી છે, ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે નોલેજ કોરિડોર ઉભો થઇ રહ્યો છે. સુરત - રાજકોટ- જામનગર અને ભાવનગર જેવા શહેરોમાં એસ.ટી.પી.આઇ. સેન્ટરો સ્થાપવાના છે. વડોદરા નજીક સાવલી બાયોટેકનોલોજી પાર્ક વિકાસ માટે સમયબધ્ધ આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

## ઉર્જા વિકાસ

મારી સરકારે ઉર્જા શકિતને આધુનિક વિકાસમાં ચાલકબળ ગણીને ઉર્જા વિકાસ ઉપર ધ્યાન કેન્દ્રીત કર્યું છે. **૧,૦૦૦** દિવસમાં **જયોતિગ્રામ યોજના** પૂર્ણ કરીને ગ્રામીણ વીજળી પૂરવઠા ક્ષેત્રે સમગ્ર દેશમાં ગૌરવ પ્રાપ્ત કર્યું છે. જેમાં **૧૮,૦૦૦** ગામડાઓમાં **૨૪** કલાક થ્રી-ફેઇઝ વીજળી ઉપલબ્ધ થતાં સામાજિક અને આર્થિક પ્રવૃતિઓમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું છે. પૂર્વ રાષ્ટ્રપતિશ્રીએ જયોતિગ્રામનું લોકાર્પણ કરીને ગુજરાતની આ સિધ્ધિને પ્રેરક ગણાવી છે. આના પરિણામે ગામડાં અને શહેરો વચ્ચેનું અંતર ઘટયું છે. આના કારણે ગામડાઓમાં આધુનિક પ્રૌદ્યોગિકી સાધનોનો ઉપયોગ શકય બનતાં શિક્ષણમાં પણ ગુણાત્મક સુધારા થયા છે. ઉર્જા ક્ષેત્રે બીજા સુધારાત્મક પગલાં જેવા કે--

- **વિદ્યુત ક્ષેત્રે સુધારા કરવામાં ગુજરાત દેશનું અગ્રેસર રાજય છે તેમ આયોજન પંચે સ્વીકાર્યુ છે.**
- ઉર્જા ક્ષેત્રે ગુજરાતને છેલ્લા પાંચ વર્ષમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય **૧૫** જેટલા એવોર્ડ મળ્યા છે.

- ગુજરાત વિદ્યુત બોર્ડનું પુનર્ગઠન કરીને સાત નવી કંપનીઓ ધ્વારા તેને જનસેવાનું કાર્યક્ષમ માધ્યમ બનાવ્યું છે.
- ગુજરાત વિદ્યુત બોર્ડ પાંચ વર્ષ પહેલાં **૬૨૯** કરોડની ખોટ કરતું વીજતંત્ર હતું જે અત્યારે ૨૦૦૭ માં **૨૨૦** કરોડનો નફો કરતું વીજતંત્ર થઇ ગયુ છે.
- રાજયમાં પાંચ વર્ષમાં **૨૪૫૯** મેગાવોટ વીજ ઉત્પાદન વધ્યું છે, પાંચ વર્ષમાં નવાં છ વીજ મથકો શરૂ થયા છે અને આઠ નું નિર્માણ કાર્ય પ્રગતિમાં છે.
- આગામી પાંચ વર્ષમાં **૧૫,૦૦૦** મેગાવોટ વીજ ઉત્પાદનનું આયોજન કર્યું છે.
- મારી સરકાર વીજ ઉત્પાદનમાં તમામ ઉપલબ્ધ સંસાધનોનો વિનિયોગ કરવા પ્રતિબદ્ધ છે.

## બિન પરંપરાગત ઉર્જા

બિન પરંપરાગત ઉર્જા સ્ત્રોતોના વિકાસ માટે મારી સરકારે પ્રોત્સાહક અભિગમ અપનાવ્યો છે. પવન ઉર્જા અંગેની નવી પ્રોત્સાહક નીતિ અમલમાં મૂકી છે, જેના પરિણામે આગામી વર્ષોમાં **૪,૦૦૦** મેગાવોટ પવન ઉર્જાનું ઉત્પાદન થઇ શકશે. છેલ્લા પાંચ વર્ષમાં **૮૫૧** મેગાવોટ ક્ષમતા ધરાવતા વિન્ડ ફાર્મ કાર્યરત થયા છે.

## પેટ્રોલિયમ

પેટ્રોલિયમ ઉર્જાના વિકાસ અને સંશોધન ક્ષેત્રમાં ગુજરાતે હરણફાળ ભરી છે, **૫૧** જેટલા ઓઇલ અને ગેસ બ્લોકના વિકાસ અને સંશોધન કરારો મેળવીને **રાજ્યનું પેટ્રોલીયમ કોર્પોરશન મુખ્ય પ્રગતિશીલ પેટ્રોલિયમ કંપનીઓની હરોળમાં આવતાં ગુજરાત દેશનું પેટ્રોકેપિટલ બન્યું છે.** ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશને હાઇડ્રોકાર્બન ક્ષેત્રમાં દક્ષિણ ભારતના કે. જી. બેસિનમાં તેલ ગેસનો સૌથી મોટો ભંડાર શોધ્યો છે. દિન દયાલ કુદરતી ગેસ ક્ષેત્ર તરીકે નામના મેળવી રહેલા આ ગેસ-ઓઇલ ક્ષેત્રમાં વિપુલ માત્રામાં ગેસ-તેલ નો ભંડાર છે તે બાબત હવે સર્વ સ્વીકૃત બની છે.

રાજયમાં તેલ-ગેસના ભંડારો શોધવામાં અને વિકસાવવામાં પણ મારી સરકારે સફળતારૂપ પહેલ કરી છે. હાલ દૈનિક ૧૮૦૦ બેરલ લેખે ક્રુડ ઓઇલનું ઉત્પાદન કરવામાં આવે છે.

- રાજય સરકારે **૨૨૦૦** કી.મી. લાંબી પાઇપ-લાઇન ધ્વારા ગેસ ગ્રીડનો પ્રોજેકટ હાથ ધરી ગુજરાતના ખૂણે-ખૂણે ઉદ્યોગો, વીજ મથકો અને ઘર વપરાશ માટે ગેસ પહોંચાડવાનું અભિયાન ઉપાડયું છે.
- **૧૨૦૦** કી.મી. જેટલી પાઇપ-લાઇનનું કામ પુરૂ કર્યું છે અને **૮૦૦** કી.મી. ની પાઇપ લાઇન પ્રગતિમાં છે.
- રાજયના શહેરોમાં **૧૦૦** જેટલાં સી.એન.જી. સપ્લાય સ્ટેશન શરૂ કરવામાં આવ્યા છે તેમજ મોરબી, વાપી અને હિંમતનગરમાં ઉદ્યોગો માટે ગેસનું વિતરણ શરૂ થઇ ગયું છે.
- પેટ્રોલિયમ ઉર્જા ક્ષેત્રે કુશળ અને વ્યવસાયિક માનવશકિતની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને મારી સરકારે ગાંધીનગરમાં સમગ્ર **દેશની પ્રથમ એવી પેટ્રોલિયમ યુનિવર્સિટી ની સ્થાપના કરી છે.**
- પેટ્રોલિયમ ઉર્જા વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકીના વિશ્વ કક્ષાના શિક્ષણ માટે ગુજરાત અગ્રેસર બન્યું છે.

**મહેસૂલી વહીવટ**

મારી સરકારે મહેસૂલી વહીવટને ટેકનોલોજી દ્વારા અસરકારક પારદર્શી અને ઝડપી સેવા આપતા તંત્ર તરીકે કાર્યક્ષમ બનાવવા ધ્યાન કેન્દ્રીત કર્યું છે. **ખેતીની નવી શરતમાંથી જૂની શરતની રૂપાંતર નીતિ સરળ બનાવી છે,** દસ્તાવેજોમાં પક્ષકારોના ફોટોગ્રાફ અને ફિંગરપ્રિન્ટ ની સુરક્ષિત માલિકી હકકની પ્રથા દાખલ કરી છે. મહાનગરપાલિકાઓમાં આઠ લાખ પ્રોપર્ટી કાર્ડના કમ્પ્યુટરાઇઝેશનની કામગીરી પૂર્ણ કરેલ છે.

- **ઇ- ધરા કાર્યક્રમ** ધ્વારા ગ્રામ કક્ષાએ મહેસૂલી દસ્તાવેજો આપવાની સરળ પધ્ધતિ ઉપલબ્ધ કરી છે જેને **બે એવોર્ડ મળ્યા છે.**

- **૨૨૫** તાલુકાઓમાં નાગરિક સેવા કેન્દ્રો અને **૧૫** જિલ્લાઓમાં જનસેવા કેન્દ્રો શરૂ કર્યા છે.
- ઇ સ્ટેમ્પિંગ પાયલોટ પ્રોજેકટથી બેન્કો અને ટપાલ કચેરી ધ્વારા ફ્રેન્કીંગ મશીનથી સ્ટેમ્પનું વેચાણ થાય છે.
- સ્ટેમ્પ ડયૂટીમાં **૪.૯** ટકા સુધી ઘટાડો કરી કૌટુંબિક મિલકતની વહેંચણીના લેખોમાં રાહત આપી છે.
    - આપત્તિ વ્યવસ્થાપન ધારો અમલમાં મૂકીને આપત્તિ વખતે રાહત-બચાવ કામ માટેનું તંત્ર ઉભું કર્યુ છે.

## પંચાયત અને ગ્રામ વિકાસ

ઇ-ગ્રામ વિશ્વ ગ્રામ યોજના અંતર્ગત તમામ ગ્રામ પંચાયતોમાં કમ્પ્યુટર સાધન સામગ્રી સુવિધા પૂરી પાડવામાં આવેલ છે, આ તમામ ઇ-ગ્રામ પંચાયત ખાતે ઇન્ટરનેટ સુવિધા સાથે ઇ-સેવાઓ ઉપલબ્ધ કરવાનું આયોજન કરેલ છે.

## સરદાર પટેલ આવાસ યોજના

સરદાર પટેલ આવાસ યોજના હેઠળ લાભાર્થીને સારી ગુણવત્તાવાળુ પાકું, ટકાઉ, હવા ઉજાશની સગવડતા વાળું ભુકંપ અવરોધક આવાસ પુરુ પાડવા યુનિટ કોસ્ટ પેટે **રૂ. ૩૬** હજારની સહાય **રૂ. ૭,૦૦૦** લાભાર્થી શ્રમફાળો નકકી કરવામાં આવેલ છે. અત્યાર સુધીમાં **૨** લાખ **૬૭** હજાર મકાનોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે.

## ગ્રામ મિત્ર

ગ્રામ મિત્ર યોજના અન્વયે ગામના લોકોને રાજય સરકારની વિવિધ વિકાસ યોજનાઓની માહિતી મળી રહે તે હેતુથી રાજયના સક્ષમ, શિક્ષિત અને ઉત્સાહી યુવાનોની ગ્રામમિત્ર તરીકે પસંદગી કરવામાં આવે છે જે અન્વયે **૧૩,૬૯૩** ગ્રામ પંચાયતો ખાતે **૬૬,૦૪૩** ગ્રામમિત્રોની પસંદગી કરવામાં આવેલ છે.

## શિક્ષણ

મારી સરકારે છેલ્લા પાંચ વર્ષમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા, શિક્ષણની ખરાબીઓ દૂર કરવા, માનવ સંશાધન વિકાસ માટેના ઉચ્ચ વ્યવસાયો, કૌશલ્ય નિર્માણ અને વ્યવસાયિક તેમજ પ્રૌદ્યોગિક શિક્ષણની સુવિધાઓનું ફલક વિસ્તારવા ઉપર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે.

- પાંચ વર્ષ પહેલાં રાજયમાં સાત યુનિવર્સિટી કાર્યરત હતી જેની સામે છેલ્લા પાંચ જ વર્ષમાં ચાર કૃષિ યુનિવર્સિટીઓ સહિત નવી ૧૫ યુનિવર્સિટીઓ કાર્યરત કરી છે.
- વૈશ્વિક સ્પર્ધાના યુગમાં અંગ્રેજીના પ્રશિક્ષણથી ગુજરાતનો યુવાન પાછો ન પડે તે માટે સ્કોપ (અંગ્રેજી વાતચીત કૌશલ્ય નિર્માણ) નો પ્રોજેકટ હાથ ધરવામાં આવ્યો છે.
- રાજયમાં નોલેજ કોર્પોરેશન શરૂ કરવામાં આવ્યું છે.
- કન્યા કેળવણી ક્ષેત્રે કલંકરૂપ પરિસ્થિતિનું નિવારણ કરવામાં રાજય સરકારનું અભિયાન સફળ બની રહ્યુ છે.
- કન્યા કેળવણી નીધિ, વિદ્યાલક્ષ્મી બોન્ડ જેવી અનેક યોજનાઓથી ડ્રોપ આઉટ દર **૪૯** ટકાથી ઘટીને **૩.૨૪** ટકા સુધી નીચે ઉતરી ગયો છે.
- ગ્રામ વિસ્તારની કન્યાઓને અભ્યાસ માટે બસ મુસાફરીના ભાડામાંથી સંપૂર્ણ માફી આપવામાં આવી છે.

રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં **૯૩,૮૮૮** વિદ્યા સહાયકોની નિમણૂક કરી છે.

## રમત ગમત

ગુજરાતના યુવાનોની ખેલકૂદ ક્ષેત્રે શક્તિઓ વિકસાવવા માટેના પ્રોત્સાહક પ્રયાસો અને કૌશલ્ય નિર્માણની સુવિધાઓ દ્વારા ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં યુવાન ખેલાડીઓએ રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય રમત ગમત સ્પર્ધાઓમાં અનેક

વિશિષ્ટ સિદ્ધીઓ મેળવી છે.ભૂતકાળનાં વર્ષોની સરખામણીમાં યુવા ખેલાડીઓએ વિવિધ રમતોમાં સૌથી વધુ **૬૩૮** એવોર્ડ મેળવ્યા છે. આ સિવાય-

- ૧૧ જિલ્લાઓમાં રમત ગમત સંકુલોનું નિર્માણ હાથ ધરવામાં આવ્યું છે.
- ગ્રામીણ ઓલમ્પિકસ રમતોત્સવ ના આયોજનથી ગામડાના બાળકોમાં ખેલકૂદનું કૌશલ્ય વિકસે અને ભારતીય રમતોનો વિકાસ થાય તે માટે અનોખું આયોજન કરવામાં આવ્યુ છે.
  - રાજ્યની નારી શક્તિ રમત ગમત ક્ષેત્રે પ્રતિભા સંપન્ન બનીને સ્પર્ધાઓમાં વિજેતા બની રહી છે.આ હેતુસર **૫,૭૬૨** મહિલા ખેલાડીઓને **૨.૫૦** કરોડથી વધારે રકમની સ્પોટ્ર્સ સ્કોલરશીપ આપવામાં આવી છે.

**આરોગ્ય**

રાજયના આર્થિક અને ઔદ્યોગિક વિકાસની સાથોસાથ રાજયમાં આરોગ્યની સુવિધાઓ અને જીવન ધોરણની ગુણવત્તા વધે તે પણ ખૂબ અગત્યનું છે. આ દિશામાં Human Development Index ને એક પરિમાણ તરીકે લઇને રાજયના સામાન્યમાં સામાન્ય માણસના જીવનની ગુણવત્તા સુધરે તેમજ બાળ મરણ, પ્રસુતા મરણ તેમજ પોલિયો જેવા રોગોથી બાળક તેમજ માતાને મુકત કરવા માટેની ગુજરાતની સઘન ઝુંબેશને રાષ્ટ્રિય કક્ષાએ પણ સ્વીકૃતિ મળી છે. આરોગ્યના ક્ષેત્રમાં ગુજરાતના આ પગલાંઓ દેશના અન્ય વિકસિત રાજયોમાં અગ્રીમ તેમજ વિશ્વના અન્ય વિકસિત દેશોની સમકક્ષ બની રહે તે દિશામાં મારી સરકારનો પ્રયાસ રહેશે.

માતા અને શિશુની જીંદગી બચાવવા માટે સુરક્ષિત પ્રસુતિ માટેની જન ભાગીદારી પ્રેરિત **ચિરંજીવી યોજનાએ પહેલા જ વર્ષે એશિયા ઈનોવેટીવ એવોર્ડ મેળવ્યો છે**.આ યોજનાના એક જ વર્ષના અમલમાં એક લાખ જેટલી ગરીબ માતાઓની સલામત પ્રસુતિ દ્વારા તેમની અને નવજાત શિશુની જીંદગી બચાવી છે. આ ઉપરાંત આપાતકાલીન તબીબી, ફાયર તથા પોલીસ સેવાઓ પૂરી પાડવા **૬૦** એમ્બ્યુલન્સ ધ્વારા રાજયના નવ જીલ્લા મથકો આવરી લેવાયા છે.

પોલિયો, રક્તપિત્ત જેવા રોગોની નાબૂદી સામેની ઝૂંબેશ સફળ બની છે.કુપોષણ સામેનો જંગ પણ હાથ ધર્યો છે. નિર્મળ ગુજરાતના અભિયાનના કારણે સ્વચ્છતા પ્રત્યે લોકોની જાગૃતિ વધતા રોગોના ફેલાવા પર નિયંત્રણ લાવી શકાયું છે.

**મહિલા અને બાળ વિકાસ**

મહિલા અને બાળ વિકાસના અનેક નવી તરાહના કાર્યક્રમો અને અભિયાનો મારી સરકારે હાથ ધર્યા છે જેમાં-

- બેટી બચાવો અભિયાને સામાજીક જાગૃતિ આણી છે
- પાંચ વર્ષ પહેલાં દર હજાર પુરુષોએ **૮૦૨** દિકરીઓનો જન્મ દર હતો તે વધીને **૮૭૦** થયો છે.
- નારી સશક્તિકરણ માટે મારી સરકારે મહિલાઓને નિર્ણયમાં ભાગીદાર બનાવવા, આર્થિક પ્રવૃત્તિમાં શક્તિશાળી બનાવવા, મહિલાઓને મિલકતના અધિકાર આપવા તેમજ શાળામાં દાખલ થતાં બાળકના નામ સાથે માતાનું નામ ફરજીયાત દાખલ કરવાનો નિર્ણય લઈને માતૃશક્તિને ગરિમા પ્રદાન કરી છે.
- આંગણવાડી કાર્યકર બહેનોને **"માતા યશોદા"** પુરસ્કારથી સન્માનિત કરીછે.
- **૧૮,૦૦૦** ગામડામાં **સખીમંડળ** દ્વારા લાખો ગ્રામ્ય નારી શક્તિને આર્થિક પ્રવૃત્તિમાં જોડી છે.
- મહિલા આયોગ કાર્યરત કર્યું છે.
- નારી ગૌરવ નીતિનો અમલ થઈ રહ્યો છે.
- **૧૯** જેટલી નારી અદાલત શરૂ કરી છે.
    - બાલભોગ યોજના દ્વારા ગરીબ કુટંબની બહેનો, સગર્ભા માતા અને ભૂલકાઓને કુપોષણમાંથી ઉગારવાનું અભિયાન હાથ ધર્યું છે.

## વાહન વ્યવહાર

રાજયમાં વાહન વ્યવહાર સેવાઓમાં ગુણાત્મક પરિવર્તન મારી સરકારે કર્યું છે. ઓટોરિક્ષા અને ખાનગી વાહનોને એલ.પી.જી. અને સી.એન.જી માં રૂપાંતર કરીને ઝેરી વાયુ પ્રદુષણ નિયંત્રીત કરવામા સફળતા મેળવી છે.

ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા સી.એન.જી સંચાલિત બસો મૂકવામાં આવી છે. સામાન્ય જનતા માટે **૩,૪૮૧** નવી આધુનિક બસો ખરીદીને પરિવહન સેવામાં મુકી છે.

નિર્મળ ગુજરાત અભિયાનમાં બસ મથકો ઉપર પ્રવાસીઓ માટે પાયાની સુવિધાઓ રૂપિયા ૨૫ કરોડના ખર્ચે ઉભી કરી છે.

## કાયદો અને વ્યવસ્થા

લોકતંત્રમાં સ્થિર અને સ્થાયી શાસન જ વિકાસના સાતત્યને જાળવે છે. તેના માટે જરૂર છે, સલામત ગુજરાત અને સુરક્ષિત ગુજરાતની. રાજ્યમાં કાયદો-વ્યવસ્થાની જાળવણી, ગુનાઓની તપાસ, શોધખોળ અને પ્રોસીક્યુશન તથા રાજ્યની આંતરિક સલામતીની કામગીરી અસરકારક રીતે થઇ રહી છે. જેનાથી પ્રજાજનોને શાંતિ અને સલામતીની પ્રતીતિ થઇ છે. છેલ્લા પાંચ વર્ષમાં એક પણ મોટી આતંકવાદી ઘટના ઘટવા પામી નથી.

છેલ્લા પાંચ વર્ષમાં કોમી તોફાનો ઉપર સફળ નિયંત્રણ રહ્યું છે અને ઓર્ગેનાઇઝડ ક્રાઇમનો જડમૂળથી નાશ થયો છે. સમસ્ત ભારતમાં ગુજરાતમાં બળાત્કારના ગુનાનો દર સૌથી ઓછો છે. જે ગુજરાતમાં મહિલાઓના ગૌરવ અને સલામતીની પ્રતીતી કરાવે છે. બળાત્કાર, લાજ લેવા માટે હૂમલો, છેડતી, દહેજ, હત્યા જેવા મહિલા સંબંધિત ગુન્હાઓના ક્રાઇમ રેટમાં પાંચ વર્ષમાં ઉત્તરોત્તર સતત ઘટાડો થતો રહ્યો છે. મહિલા અત્યાચારના ગુનાઓમાં ભારતનો દર **૬.૭** ટકા હતો જ્યારે ગુજરાતમાં આ દર માત્ર **૨.૫** ટકા જ રહ્યો છે જે સમસ્ત દેશ કરતાં ઓછા ગુના દર્શાવે છે.

આ દર્શાવે છે કે, ગુજરાતમાં કાયદો વ્યવસ્થાનું માળખું કેટલું સુદૃઢ છે. શિસ્તબધ્ધ પોલીસ દળ પ્રત્યે સમાજનો દૃષ્ટિકોણ અને પોલીસનો સમાજ પ્રત્યેનો અભિગમ આ બંને છેડાઓનું મનોવૈજ્ઞાનિક અંતર ઘટાડવાની જરૂર ઉપર ધ્યાન આપીને ગુના દરમાં આ ઘટાડો મારી સરકારે કરી બતાવ્યો છે.

સમસ્ત ભારતમાં મજૂર/ઔદ્યોગિક ક્ષેત્રમાં સૌથી શાંત રાજ્ય તરીકે ગુજરાતની ગણના થાય છે કારણ કે શાંત, સલામત અને સુરક્ષિત ગુજરાતમાં માનવકલાકનું નહિવત નુકસાન છે. ગંભીર ગુનાઓના ક્રાઇમ રેટમાં સતત ઘટાડો નોંધાઇ રહ્યો છે.

**નાગરિક પુરવઠો**

મારી સરકારે ખુલ્લા બજારમાં ખાદ્યતેલ અને ઘઉંના પોષણ મૂલ્ય તત્વોની પૂર્તિ કરવા ફોર્ટીફીકેશનની શરૂઆત કરેલ છે. આઇસીડીએસ અને મધ્યાહ્નન યોજનામાં પણ ફોર્ટીફીકશેનનો અમલ કરેલ છે. જે લાંબાગાળે ગુજરાતના લોકોના આરોગ્ય માટે ફાયદાકારક છે.તહેવારો દરમિયાન ગત વર્ષમાં **૧૨** હજાર મેટ્રીક ટન ખાદ્ય તેલનું વિતરણ કરેલ છે.

**ન્યાય વ્યવસ્થા** મારી સરકારે ઝડપી અને સરળ ન્યાય માટે ન્યાયતંત્રની માળખાકીય સુવિધાઓ વધારવા પ્રાધાન્ય આપ્યું છે અને **૭૭** જેટલા કોર્ટના આધુનિક ભવનો બાંધવામાં આવ્યા છે.

- ન્યાયતંત્રના વિધેયાત્મક અભિગમને કારણે અને ટેકનોલોજીના ઉપયોગથી અદાલતોમાં કેસોનૂં ભારણ લગભગ **૨૫** ટકા ઘટયું છે.
- સમગ્ર દેશમાં ગરીબોને ન્યાયમાં ઉપકારક એવી સાંધ્ય અદાલતો **(ઈવનીંગ કોર્ટ)**ગુજરાતે જ શરૂ કરી છે. ૮૮ જેટલી સાંધ્ય અદાલતોમાં **૨** લાખ **૪૪** હજાર કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે.
- વિવિધ કક્ષાની ૬ નવી અદાલતો સ્થાપવામાં આવી છે તથા **૪૭,૮૨૦** લોક અદાલતો યોજવામાં આવી છે.

## શ્રમ અને રોજગાર

ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૦૭-૦૮ માં **૧૦** નવી આઇ.ટી.આઇ. શરુ કરવામાં આવી છે તથા ચાલુ આઇ.ટી.આઇ. સંસ્થાઓમાં **૩૫૦૦** વધારાની બેઠકો શરુ કરવામાં આવેલ છે. આઈટીઆઈ અપગ્રેડેશનનો પ્રોજેક્ટ પણ અમલમાં મુક્યો છે.

વર્ષ ૨૦૦૭ માં **૪૩** રોજગાર કચેરીઓ દ્વારા **૧.૯૧** લાખ ઉમેદવારોએ રોજગારી મેળવેલ છે. ગુજરાત રાજયે **સતત પાંચ વર્ષથી સમગ્ર રાષ્ટ્રમાં પ્રથમ સ્થાન જાળવેલ છે.**

## કુટિર ઉદ્યોગ

કુટિર અને ગ્રામોધોગના વિકાસ માટે સ્વરોજગારી બેંકેબલ યોજના, ટુલકીટ, કૌશલ્ય સુધારણા તાલીમ અને બજાર વ્યવસ્થા પૂરી પાડવાની વિવિધ યોજનાઓનું અમલીકરણ કરી છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન કુલ **૫,૯૨,૪૦૦** રોજગારીની તકો પૂરી પાડવામાં આવેલ છે. **શ્રી બાજપાઇ બેંકેબલ યોજના** તથા **વડાપ્રધાનશ્રીની રોજગાર યોજના** ધ્વારા કુલ **૧** લાખ **૧૮** હજાર લાભાર્થીઓને **રૂ. ૫૬૪.૭૮** કરોડ બેંક ધિરાણની સહાય અને **૧૦૭.૫૪** કરોડની રાજય સહાય આપવામાં આવેલ છે. ગરીબી રેખા નીચે જીવતાં કુટુંબોને **૧,૪૭,૩૯૦** કીટ આપવામાં આવેલ છે.

બજાર પ્રોત્સાહન યોજના અંતર્ગત રાજયના ગ્રામ્ય કારીગરો ધ્વારા ઉત્પાદીત ચીજવસ્તુઓનું મેળાઓ/પ્રદર્શનો માધ્યમથી વેચાણ કરવાનું પ્રોત્સાહન પૂરુ પાડતા **રૂ. ૨૭૬** કરોડના હાથશાળ, હસ્તકલા, ખાદી વગેરેના માલસામાનનું રાજયમાં વેચાણ થયેલ છે. ખાદીના વેચાણમાં ૯ થી ૧૦ ટકા વૃદ્ધિ થઇ છે.

## શહેરી વિકાસ

શહેરી કરણની વધતી જતી માંગને પહોંચી વળવા માટે મારી સરકારે સને-૨૦૦૫થી તે માટેની અંદાજપત્રીય જોગવાઇ અઢી ગણી વધારી છે. **જવાહરલાલ નહેરૂ અર્બન રીન્યુઅલ મીશન** હેઠળ **૪૦૦૦** કરોડથી વધારે રકમના પ્રોજેકટોને મળેલ મંજૂરીએ રાષ્ટ્રીય કક્ષાએ સૌનું ધ્યાન ખેંચ્યુ છે. શહેરી વિસ્તારોની

માળખાકીય જરૂરીયાતની સાથે સાથે અભિગમના બદલાવને લોકો સમક્ષ મૂકવા સ્વચ્છતા પણ મહ્ત્વનું પરિમાણ બન્યું છે ત્યારે હ્વા, પાણી અને સ્થળોની સ્વચ્છતા માટે **નિર્મળ ગુજરાતનું મીશન** હાથ પર લીધુ છે, જેનાં ટુંકા ગાળાના પરિણામો, સ્વચ્છતા એક પડકાર હોવા છતાં, જનમાનસમાં તે અંગેના ખ્યાલો બદલવામાં સફળ થશે એવો મને વિશ્વાસ છે.

શહેરી આયોજન અને વિકાસ માટે **"ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ "** ધ્વારા ભાગીદારીનો અભિગમ અપનાવ્યો છે જે સર્વસ્વિકૃત બન્યો છે. નગરોના એકંદર વિકાસમાં માત્ર ભૌતિક માળખાકીય સવલતો જ નહી પરંતુ શહેરી ગરીબો માટે ગૃહનિર્માણની જોગવાઇ સહિતની સામાજીક માળખાકીય સવલતો ઉભી થાય તેને ફરજીયાત બનાવેલ છે. વિવિધ આવાસ યોજના હેઠળ શહેરી ગરીબો માટે છેલ્લા પાંચ વર્ષમાં **૫૫,૦૦૦** આવાસોનું નિર્માણ કરેલ છે.

### ગરીબ સમૃધ્ધિ યોજના

સમાજના દરેક લોકોના સર્વાંગી વિકાસ થકી જ એકંદરે શહેરી વિકાસ હાંસલ કરી શકાય જેથી શહેરી ગરીબ બેરોજગારોની આર્થિક ઉન્નતિ માટે સુનિશ્ચિત રોજગાર અને તેની તાલીમ આપતો **ઉમ્મીદ પ્રોજેકટ** હાથ ધરવામાં આવ્યો છે.

રાજયના ૫૦ લાખ જેટલા શહેરી ગરીબોના જીવનધોરણ સુધારવા રૂ. **૧૩** હજાર કરોડની શહેરી ગરીબ સમૃધ્ધિ યોજના નિર્ધારિત કરી છે.

### માર્ગ વિકાસ

રાજયના સર્વગ્રાહી અને ઝડપી વિકાસ માટે મારી સરકાર રસ્તાઓના વિકાસને ખૂબજ મહ્ત્વ આપે છે. રાજયના રસ્તાઓના વિકાસ માટે રાજય સરકાર ધ્વારા છેલ્લા પાંચ વર્ષમાં રૂ. **૪૪૮૨** કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.

ઉધોગો, બંદરો, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ, જિલ્લા અને તાલુકાના મુખ્ય મથકો, ગ્રામ્ય તેમજ આદિવાસી વિસ્તારોને વધારે સારી રીતે સાંકળી શકાય તે માટે આધુનિક રસ્તાઓનું માળખું પુરૂં પાડવાના હેતુથી રાજય સરકાર દ્વારા વ્યૂહાત્મક ધોરણે પ્રગતિપથ, વિકાસપથ, કિસાનપથ, પ્રવાસીપથ,વિશ્વબેંક યોજના જેવી ભિન્ન ભિન્ન લાંબાગાળાની યોજનાઓ શરૂ કરવામાં આવી છે. આ યોજનાઓ અંતર્ગત વિશ્વબેંકની યોજના હેઠળ લક્ષ્યાંક મુજબ રાજયના **૧,૮૮૪** કી. મી. રસ્તાઓની સુધારણાની કામગીરી સફળતા પૂર્વક પૂર્ણ થઈ છે. વિશ્વબેંકે તેઓના **" ઈન્ડીયન રોડ કન્સ્ટ્રકશન ઈન્ડસ્ટ્રી " ઉપરના અહેવાલમાં નોંધ્યુ છે કે ગુજરાત રાજય હાઈવે પ્રોજેકટ એ ભારત વર્ષનો હાલનો ઉત્તમ પ્રોજેકટ છે** અન્ય યોજના હેઠળ કુલ **૩૧૦૦૦** કિ.મી.ના વિવિધ રસ્તાઓની સુધારણા છેલ્લા પાંચ વર્ષમાં પૂર્ણ કરેલ છે. કિસાનપથ યોજના તથા નાબાર્ડ અને **પ્રધાનમંત્રી ગ્રામ્ય સડક યોજના (PMGSY)** ની મદદથી ગ્રામ્ય રસ્તાઓની સુવિધાનું સ્તર ઉંચુ લાવવામાં આવેલ છે કુલ **૭૫૧** કરોડના ખર્ચે **૮૧૫૯** કી. મી. થી પણ વધારે ગ્રામ્ય રસ્તાઓની સુધારણા કરવામાં આવી છે.

વિકાસની વણથંભી આગેકુચ ચાલુ રાખવા માટે મારી સરકારે આગામી પાંચ વર્ષ માટે અગત્યના રાજયધોરી માર્ગના આશરે **૫૫૦૦** કી. મી.ના રસ્તાઓની સુધારણાના હેતુથી રૂપિયા **૯,૦૦૦** કરોડના ખર્ચથી State Highway Develop Project પણ ઘડી કાઢયો છે, જે અન્વયે ખાસ આર્થિક ઝોન (SEZ) ઉધોગો, બંદરો, ખેતીવાડી તથા પ્રવાસન અંગેની જરૂરિયાતો પુરી પાડી શકાશે.

ગામડાઓ અન્ય ગામો સાથે રસ્તાઓથી જોડાય તે માટે ગ્રામ્ય જોડાણના માર્ગો વિસ્તારવાનું શરૂ કર્યુ છે દરેક ગામડું અને પરાને ઓછામાં ઓછો એક બારમાસી રસ્તો પૂરો પાડવાનું આગામી પાંચ વર્ષનું આયોજન કરેલ છે.

**પ્રવાસન**

ગુજરાત, સાંસ્કૃતિક વૈભવ અને ઐતિહાસિક સ્થાપત્ય સહિત રણ, દરિયો અને ગિરિમાળાઓનું અદભૂત પ્રવાસન વિરાસત ધરાવે છે તેનો વિકાસ કરવા ઉપર રાજય સરકારે ધ્યાન કેન્દ્રીત કર્યુ છે અને પ્રવાસન વર્ષ અંતર્ગત

તમામ જિલ્લાઓમાં મહત્વના અને મહિમા ધરાવતા પ્રવાસન સ્થળો ઉપર આંતર માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરી છે.

- અંબાજી, ડાકોર, પાલીતાણા, સોમનાથ, ગિરનાર અને દ્વારકાના પવિત્ર તીર્થ ક્ષેત્રોમાં યાત્રાળુઓને સુવિધા અને પ્રવાસન પ્રવૃતિનો ગુણાત્મક રીતે કાયાકલ્પ કરવામાં આવ્યો છે. પ્રવાસન વર્ષની ઉજવણીને કારણે રાજયમાં પ્રવાસીઓની સંખ્યામાં **33** ટકા વૃધ્ધિ થઇ છે.
- સરદાર સરોવર પ્રોજેક્ટ નિહાળવા આવતા દેશ-વિદેશના પ્રવાસીઓને સંખ્યાએ વિક્રમ સર્જ્યો છે અને **પાંચ** લાખ પ્રવાસીઓએ મૂલાકાત લીધી છે.

ગુજરાતના ગરબાનો નવરાત્રિ મહોત્સવ તેમજ પતંગનો આંતર રાષ્ટ્રિય મહોત્સવ જેવી ઉજવણીને કારણે ગુજરાત આંતરરાષ્ટ્રિય પ્રવાસન નકશા ઉપર સ્થાન પામ્યું છે.

મારી સરકાર Event Based Tourism ને પ્રાધાન્ય આપી રહી છે અને પ્રવાસન ઉદ્યોગને વિકસાવીને રોજગારીની તકોનું નવું ક્ષેત્ર પ્રસ્થાપિત કરવા પ્રતિબધ્ધ છે.

## બંદરો

મારી સરકાર બંદરો સંલગ્ન વિકાસ દ્વારા સમૃધ્ધિના સર્જન ઉપર ધ્યાન કેન્દ્રીત કરી રહી છે. **૧,૬૦૦** કી.મી. ના સમુદ્રકાંઠાને વિશ્વ વેપારના પ્રવેશદ્વાર તરીકે વિકસાવવામાં આવી રહ્યો છે. બંદરોને જોડતી રેલવે અને રસ્તાની માળખાકીય સવલતો આધુનિક બનાવવામાં આવી રહી છે.

ગુજરાત મેરીટાઇમ બોર્ડને વધુ કાર્યક્ષમ બનાવીને બંદરો દ્વારા **૧,૩૨૪** લાખ મેટ્રીક ટન કાર્ગો ટ્રાફિકની હેરફેરનો વિક્રમ સર્જ્યો છે.

મારી સરકાર શિપ બ્રેકીંગના ક્ષેત્રે સફળતા મેળવ્યા પછી શિપ રિપેરિંગ અને શિપ બિલ્ડીંગ યાર્ડ બનાવવા પ્રતિબધ્ધ રીતે આગળ વધી રહી છે.આંતર રાષ્ટ્રીય શિપ બિલ્ડીંગ સેમિનાર યોજીને રૂ. **૧૩,૦૦૦** કરોડથી વધારે

રોકાણો માટેના સમજૂતિના કરારો કરવામાં આવ્યા છે.

## વન પર્યાવરણ

મારી સરકારે વૃક્ષોની જાળવણી અને ઉછેરનું અભિયાન જનભાગીદારીથી હાથ ધર્યુ છે. સને **૧૮૫૭** ના સ્વાતંત્ર્ય સંગ્રામના દોઢસો વર્ષની ઉજવણી નિમિત્તે વીર શહીદોની યાદમાં **વિરાંજલિ વન નું અભિયાન** હાથ ધર્યુ હતું જે અન્વયે ગામે ગામ **૧,૮૫,૭૦,૦૦૦** વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે.

માનવીના જીવનમાં વૃક્ષોનો મહિમા ઉજાગર કરવા રાશિવન, નક્ષત્ર વન, માંગલ્ય વન, તિર્થંકર વન જેવા વનીકરણના નવતર અભિયાનો હાથ ધર્યા છે.

પર્યાવરણની સુરક્ષા માટે નર્મદાનું શુધ્ધ પાણી, સી.એન.જી. ધ્વારા વાયુ પ્રદુષણ રોકવાના પ્રયાસો તેમજ ન્યૂટ્રિશન ફૂડ ધ્વારા શુધ્ધ ખોરાક ધ્વારા સ્વાસ્થ્ય પર્યાવરણની દિશામાં મારી સરકારે ખાસ પહેલ કરી છે.

ગીરના સિંહોના રક્ષણ અને સંરક્ષણ માટે કોર્પ્સ સોસાયટી રચીને **૪૦** કરોડનું ભંડોળ મંજુર કરવામાં આવ્યું છે.

## માહિતી અને પ્રસારણ

રાજય સરકારની કલ્યાણ યોજનાઓ, નીતિઓ અને કાર્યક્રમોની મહત્વની જાણકારી નાગરિકોને મળે તે માટે આદ્યુનિક પ્રસાર માધ્યમો ધ્વારા પ્રચાર અને પ્રસારની કામગીરી સઘનપણે કરવામાં આવેલ છે. ઇલેકટ્રોનિક માધ્યમોના પ્રસારણ સાથે સુસંવાદિતા સાધીને વ્યાપક પ્રસિધ્ધિ માટે નવી ઇલેકટ્રોનીક મીડીયા શાખા કાર્યરત કરવામાં આવી છે. જનકલ્યાણની યોજનાઓની માહિતી સમાજના છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે **"ગુજરાત પાક્ષિક"** નું આધુનિક ઢબે ગુણવત્તાલક્ષી નવીનીકરણ કરવામાં આવેલ છે ગુજરાતી ભાષામાં પ્રગટ થતું બે લાખ જેટલી નકલોનો ફેલાવો ધરાવતું આ સામાયિક છે.

**વૈધાનિક અને**
**સંસદીય બાબતો**

મારી સરકાર આ સત્રમાં અન્ય કામકાજ ઉપરાંત **"ગુજરાત કો-ઓપરેટીવ સોસાયટીઝ (સુધારા) વટહુકમ, ૨૦૦૭"** ને કાયદામાં પરિવર્તીત કરતું વિધેયક રજૂ કરનાર છે.

**ઉપસંહાર** બારમી વિધાનસભાના આ સન્માનીય ગૃહના સભ્યોને સંબોધવાનો મને અવસર મળ્યો છે ત્યારે મને એ કહેવાનું મન થાય છે કે ગુજરાતની પ્રજાની અપેક્ષા ગુજરાત શકિતશાળી, સમૃધ્ધ અને સુરક્ષિત એવું ભારતનું આદર્શ રાજય બને એવી છે જે આપણે સૌએ પૂર્ણ કરવાની છે.સાડા પાંચ કરોડ ગુજરાતીઓની શકિત અને સામર્થ્યને વિકાસમાં જોડવાનો તથા ગુજરાતની વૈશ્વિક ઓળખ ઉભી કરવાનો મારી સરકારનો નિર્ધાર છે.

મારી સરકાર માનવીય સંવેદનાથી ધબકતી આર્થિક પ્રગતિ અને માનવશકિતના વિકાસને વરેલી છે અને તે માટે સામાજિક અને આર્થિક પરિવર્તનને નવો મોડ આપવા મારી સરકાર પ્રતિબધ્ધ રહેવાની છે.

સમતૂલિત સર્વદેશિક વિકાસ માટે ગામડાને પાણી અને વીજળીની સમસ્યાથી મુકત કર્યા છે અને હવે ટેકનોલોજીનું ફલક ગામડા સુધી વિસ્તારવાની નેમ રાખી છે.

એકેએક ગુજરાતી વિશ્વમાં ગુજરાતી હોવાનું ગૌરવ લઇ શકે અને ગુજરાત વિશે સ્વાભિમાન ધરાવી શકે તેવા ગુજરાતની આવતીકાલનું નિર્માણ કરવાની જવાબદારી જનતાએ આપ સૌને સોંપી છે. આપ સૌ આપના જાહેર જીવનના અનુભવો અને પ્રજાજીવનની અપેક્ષાઓ નજર સમક્ષ રાખીને આ સભાગૃહમાં જન પ્રતિનિધિ તરીકે આપનું શ્રેષ્ઠ યોગદાન આપશો તેવી અભિલાષા રાખું છું.

**જય હિંદ**

**જય જય ગરવી ગુજરાત**

# રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ (રજૂઆત)

**શ્રી આત્મારામભાઈ મ.પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો :-

" અમો આ સત્રમાં એકત્ર થયેલ ગુજરાત વિધાનસભાના સભ્યો રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ. "

**ડૉ. નીમાબેન બી. આચાર્ય :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી આત્મારામભાઈ પરમારે જે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે તેને હું અનુમોદન આપું છું.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

# પોઈન્ટ ઓફ કલેરિફિકેશન

### રાજયપાલશ્રીના સંબોધનની નકલ નહીં મળવા અંગે

**શ્રી શકિસિંહ હરિચંદ્રસિંહ ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે માનનીય રાજ્યપાલશ્રીના આભાર પ્રવચન શરૂ થાય કે તુરત જ નકલ સભ્યશ્રીઓને તે જ સમયે વહેંચવાની પ્રથા છે એ આજે અનુસરાઈ નથી.

બીજી બાબત એ છે કે આભાર પ્રસ્તાવ થયા પછી ચોકકસ દિવસો પછી ચર્ચા અપાય છે, જેથી આભાર પ્રસ્તાવ ઉપરના સુધારા રજૂ કરી શકાય. હું માનુ છું ત્યાં સુધી આજથી ગૃહની કાર્યવાહી એડજોર્ન કરવાની હતી અને ચર્ચા આવતા સમય માટે લઈ જવા માગો છો?

**અધ્યક્ષશ્રી** : વિધાનસભાના નિયમો મુજબ ત્રણ દિવસની ચર્ચા હવે પછી સત્ર મળશે ત્યારે આપવામાં આવશે. રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવની નકલ આપના પીજીયન બોક્ષમાં આવી જશે.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

સન ૨૦૦૭નો ગુજરાત સહકારી મંડળી (સુધારા) વટહુકમ

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી ( કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૭નો વટહુકમ ક્રમાંક-૨ સન ૨૦૦૭નો ગુજરાત સહકારી મંડળી (સુધારા) વટહુકમ તથા વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**વટહુકમ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યા.**

સન ૨૦૦૬-૦૭નો ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૬-૦૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવી.**

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલાં અનુમતિ મળેલાં વિધેયકો**

**સચિવશ્રી :** માનનીય અધ્યક્ષશ્રી, હું અગિયારમી ગુજરાત વિધાનસભાના અગિયારમા અને બારમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલાં અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૮, ૩૦ અને ૩૧ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અનુમતિ મળેલા વિધેયકો વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**અધ્યક્ષશ્રી :** નેક્સ્ટ.

**સચિવશ્રી** : બાબત ક્રમાંક:૬, સરકારી વિધેયક, સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૦૮નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન.

**અધ્યક્ષશ્રી :** માનનીય મંત્રીશ્રી.

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

### વિધેયક દાખલ કરવા અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધ પક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર, દાખલ કરવા સામે છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે પ્રથમ દિવસ છે અને આપનો પણ પ્રથમ દિવસ છે. કસ મ કસ હતી કે, આ મુદ્દો ઉઠાવવો કે કેમ ? માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓના અધિકારો ઉપર આ મોટી તરાપ છે અને એટલે હું મૌન રહી શકતો નથી. ભવિષ્યમાં આનું પુનરાવર્તન ન થાય અને એની સામે રક્ષણ આપના તરફથી મળે

એ અત્યંત જરૂરી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું વિધાનસભાના નિયમોના નિયમ ૧૨૧(ક) તરફ આપનું ધ્યાન દોરવા માગું છું. પહેલો મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર દાખલ કરવા સામે છે. આપ પરવાનગી આપો તો દાખલ અને પ્રથમ વાંચન, બંને મુદ્દાઓ હું એક સાથે રજૂ કરવા માગું છું. મારા બે પોઈન્ટ ઓફ ઓર્ડર છે એક, દાખલ કરવા સામે.

**અધ્યક્ષશ્રી :** બંને સાથે કરજો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના નિયમોના નિયમ ૧૨૧(ક) જોવા વિનંતી છે.માનનીય અધ્યક્ષશ્રી, હું સમય બચાવવા માટે સીધો જ પેટા નિયમ (૩) ઉપર આવી જાઉં છું. અધ્યક્ષશ્રી, આવી સૂચના દાખલ કરે, તે પહેલાં (૨) અધ્યક્ષશ્રી ઓછામાં ઓછા દિવસની સૂચનાથી પ્રસ્તાવ લાવવાની પરવાનગી આપી શકે. માનનીય અધ્યક્ષશ્રી, મેં લોકસભાની પ્રણાલિકાઓ, આપણી સંસદીય પ્રણાલિકાઓનું પુસ્તક, કોલ એન્ડ શકધર-પાર્લામેન્ટરી પ્રોસીજર એન્ડ પ્રૅક્ટિસ, આપણી પ્રણાલિકાઓ આ બધું જ જોયા પછી હું આ મુદ્દો ઉપસ્થિત કરવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, વિનિયોગ વિધેયક, નાણાકીય બાબતો, ખાનગી રાખવાની બાબતો, Yes, Hon'ble Speaker has the power to curtail this deal પણ દરેક બાબતમાં નહીં, **not now and then.** વટહુકમનું સ્થાન લેતું વિધેયક જ્યારે આવતું હોય ત્યારે રાજય સરકારને ખબર છે કે, ગૃહ મળે એટલે આ વટહુકમને બિલનું સ્થાન લેવું જ પડે. જો વટહુકમ બીલનું સ્થાન ન લે, વિધેયક ન બને, તો લેપ્સ થાય. એના માટે પણ છ અઠવાડિયા છે. બજૅટ સત્ર દરમિયાન છ અઠવાડિયામાં આપણે મળવાના હતા અથવા તો આ દિવસો જે છે એ ચાર-પાંચ-છ દિવસ માટે સત્ર બોલાવી શકાયું હોત પણ વિધાનસભાથી દૂર ભાગવાની પ્રણાલિકા માનનીય અધ્યક્ષશ્રી, સભ્યોના અધિકાર ઉપરની તરાપ છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણા નિયમો શું કહે છે? અધ્યક્ષશ્રી આવી સૂચના દાખલ કરે, પેટા(૩) ત્યાર પછી વિધેયકના પ્રભારી મંત્રીને તેની જાણ કરવામાં આવશે અને જે દિવસે વિધેયક દાખલ કરવાનું સૂચવ્યું હોય તે દિવસથી કામકાજના ઓછામાં ઓછા બે દિવસ પહેલાં સભ્યોમાં વહેંચવા માટે મંત્રીશ્રી આ વિધેયકની ૩૫૦ નકલો મોકલશે. માનનીય અધ્યક્ષશ્રી, આજે શું થાય છે? સરકાર વિધેયક દાખલ કરે છે, પહેલું વાંચન, બીજું વાંચન, ત્રીજું વાંચન અને પાસ કરવું છે. માનનીય અધ્યક્ષશ્રી, સુધારા આપવાનો અમારો અધિકાર છે, એના માટે બે દિવસની નોટિસ છે. માનનીય અધ્યક્ષશ્રી, દલીલ એવી આવે કે, એ પિરિયડ પણ અમે વેવ કરી દઈશું. માનનીય અધ્યક્ષશ્રી, આપ એક જાગૃત સભ્ય રહ્યા છો. બીલની કોપી ગઈકાલ સુધી પિઝિયન બૉક્સમાં મળી ન હોય, આજે બીલની કોપી મળે, અમારે સુધારો ક્યારે આપવો? કદાચ એ દિવસો વેવ કરવા હોય તો પણ અમારે વાંચવાનો સમય, વિચારવાનો સમય, સુધારો રજૂ કરવાનો સમય, આપે નિર્ણય કરવાનો સમય, માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રકારની ઉતાવળ શા માટે મને સમજાતું નથી.? માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક લાવતા પહેલાં જે તકેદારી સરકાર પક્ષે રાખવી જોઈએ, અમારે તો આપ સિવાય અમારું કોઈ રક્ષણ નથી, આપના થકી અમને રક્ષણ પૂરું પાડવા માટે વિધાનસભાના નિયમો છે. માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયો હું જોઈ ગયો. લોકસભામાં પણ, અને આપણા નિયમોએ તો ૧૨૫થી આ મુદ્દો ઉઠાવવા માટે ખાસ જોગવાઈ પણ આપી છે. હવે હું આપને ૧૩૦ જોવા વિનંતી કરીશ. આપણો નિયમ ૧૩૦ છે, પાના-૫૧, વિધેયક રજૂ કરવામાં આવે ત્યારે અથવા ત્યાર પછી કોઈપણ પ્રસંગે પ્રભારી સભ્ય Member-in-charge વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે, પ્રસ્તાવ રજૂ કરી શકશે પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, આ proviso is very important. પરંતુ જે દિવસે પ્રસ્તાવ લાવવાનો હોય તેના ચાર કામકાજના દિવસો પહેલાં વિધેયકની નકલ તેના અનુવાદ સહિત દરેક સભ્યને રવાના કરવામાં આવી ન હોય. ત્યાં સુધી આવો પ્રસ્તાવ લાવી શકાશે નહીં. હવે તે વહેલો લાવવા માટે માનનીય અધ્યક્ષશ્રી પરવાનગી આપી શકે. માનનીય અધ્યક્ષશ્રીના અધિકારો કયારે કયારે વપરાયા છે આપણી પાર્લામેન્ટરી પ્રોસીઝર જોશો તો જાણવા મળશે કે નાણાકીય બિલોની બાબતમાં, ગુપ્તતાની બાબતમાં, જરૂરિયાતની બાબતમાં, જે ઑર્ડિનન્સ છે એમાં ગુપ્તતા કઈ છે? ઑર્ડિનન્સને રીપ્લેસ કરતું બિલ લાવવું છે. છ અઠવાડિયા સુધી લેપ્સ થવાનું નથી. બજેટ સેશન મળવાનું છે. તો અધિકાર જે અમને નિયમોથી મળ્યો છે સાહેબ, કદાચ આજે આ સમગ્ર ગુજરાતના હિતમાં કેન્દ્ર સરકારે આપેલા પેકેજ અંગેનું બિલ છે. હું આ બિલને આજે રોકો એવી મારી વાત હોવાછતાં હું નહીં વળગી રહું પણ આપની પાસેથી એટલો એસ્યોરન્સ હું જરૂર ઈચ્છીશ અને માનનીય ગૃહના નેતાશ્રીને પણ આપની મારફત વિનંતી કરીશ કે આ પ્રકારનો જે અમારા સભ્યોનો અધિકાર છે. જેના માટે આપ ભૂતકાળમાં આપની સાથે કામકાજ સલાહકાર સમિતિમાં પણ મેં કામ કરેલું છે. આપ ઝનુનથી લડતા હતા એ દિવસો હું ભૂલ્યો નથી અને આ એ બાબત છે એટલા માટે આપનું રક્ષણ, માર્ગદર્શન અને ભવિષ્યમાં આવું ન થાય એના માટે બરાબરની આપની ટીપ્પણી આવે એવો આપને અનુરોધ કરું છું.

**શ્રી અમિત અ. શાહ ( વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધ પક્ષના નેતાએ જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઊભો કર્યો છે તે એટલા માટે ઉચિત નથી કારણકે સરકારે ૧૨૭(ક) હેઠળ માનનીય અધ્યક્ષશ્રીની મંજૂરી માગેલી છે અને મંજૂરી માનનીય અધ્યક્ષશ્રી તરફથી મળેલી છે. એટલે ૧૨૭(ક) ની બીજી કલમમાં જે જોગવાઈ છે અધ્યક્ષશ્રી ઓછા દિવસની સૂચનાથી પ્રસ્તાવ લાવવાની પરવાનગી આપે તે સિવાય ચાર દિવસમાં મૂકવાનું રહેશે. આપશ્રીએ આને મંજૂરી આપેલી જ છે એટલે આમાં કોઈ વિધાનસભાના નિયમોનું ઉલ્લંઘન થતું નથી અને બીજું, ૧૩૦ (૧) નિયમ ટાંક્યો એ એમણે આખો નથી વાંચ્યો. હું આખો નિયમ વાંચું છું. " પરંતુ જે દિવસે પ્રસ્તાવ લાવવાનો હોય તેના ચાર કામકાજના દિવસો પહેલા વિધેયકની નકલ અને તેના અનુવાદ સહિત દરેક સભ્યશ્રીઓને રવાના કરવામાં આવી ન હોય ત્યાં સુધી આવો પ્રસ્તાવ લાવી શકાય નહીં સિવાય કે

અધ્યક્ષશ્રી તે વહેલો લાવવા માટે પરવાનગી આપે". આ કિસ્સામાં આ પરવાનગી મળી ગઈ છે અને એમણે જે ઉચ્ચ પરંપરાની વાત કરી છે એ મારે વિરોધ પક્ષના નેતાશ્રીને યાદ કરાવવું છે કે કૅબિનૅટના તેઓ સભ્ય હતા એ વખતે કૅબિનૅટે ૧૯૯૨, ૧૯૯૩ અને ૧૯૯૪માં કુલ ૮૩ વાર આવા બીલો રજૂ કર્યા છે અને એમાં ૧૨૭(ક)નું ખંડન કર્યું છે અને મારી જોડે એની યાદી છે.

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે નાનું કલેરીફીકેશન જોઈએ છે. એ કયા બિલો હતા અને કેવા પ્રકારના બિલો હતા. ઑર્ડિનન્સને રીપ્લેસ કરતા હતા? મેં સામેથી કહ્યું કે નાણાકીય બિલ, ગુપ્તતાવાળા બિલો, ઑર્ડિનન્સને રીપ્લેસ કરતું બિલ આ રીતે આવ્યું હોય અને આપના તરફથી ભવિષ્યમાં હું તો એમ ઈચ્છતો હતો કે માનનીય ગૃહના નેતાશ્રી ઊભા થઈને એમ કહેશે કે યસ. અમારે પ્રિવિલેજ સ્પીકર સાહેબનો નથી વપરાવવો અને આ પ્રકારે ભવિષ્યમાં સંસદીય બાબતોના મંત્રીશ્રી પાસેથી હું અપેક્ષા રાખું છું કે આપ શા માટે સારી પ્રણાલિકાને અનુસરતા નથી? કેટલા બિલો આજ સુધીના ઈતિહાસમાં આવ્યા? માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફત એટલીસ્ટ ભૂતકાળની ટકોર આપે. જોઈ છે. ભૂતકાળમાં જોયું છે અમે પણ દંડા ખાધા છે મંત્રીશ્રી હતા ત્યારે અને સ્વીકાર્યું છે પણ ખરું. હવે પછી સભ્યશ્રીઓના અધિકાર ઉપર કયારેય તરાપ નહીં આવે. માનનીય મંત્રીશ્રીઓ જો મારા મંત્રીકાળ દરમિયાનની ફાઈલ જોશે તો એમાં જોવા મળશે. એમાં લખ્યું છે કે ડિપાર્ટમેન્ટે કયારેય વિધાનસભા સચિવાલય પાસે પ્રીવિલેજનો ઉપયોગ ન કરાવવો.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં તો પરંપરાનો ઉલ્લેખ એમણે કર્યો એટલે જુની વાત યાદ કરાવી.. મારે કોઈ કઠોરતા નિર્મિત કરવાની નથી અને હું માનનીય વિરોધ પક્ષના નેતાને કહેવા માગું છું કે આ બિલનો આશય એ લગભગ ૧૨૦૦કરોડ રૂપિયા ગરીબ ખેડૂતો સુધી પહોંચે એમાં છે અને હું ધારું છું એમાં કોઈ સભ્યશ્રીને વાંધો ન હોઈ શકે. શા માટે છ અઠવાડિયાનું મોડું કરવાનું? ગરીબ ખેડૂતોને જો ૧૨૦૦ કરોડની સહાય પહોંચતી હોય તો આપણે એને છ અઠવાડિયા સુધી શા માટે વિલંબમાં લઈ જવી?

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભવિષ્યમાં ચીવટ રાખીશું એટલી પણ વાત આવે.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલી જ સ્પષ્ટતા આ ગૃહના રેકર્ડ ઉપર મૂકવી છે કે આ બિલ આપની અનુમતિથી (અંતરાય) માનનીય શકિતસિંહજી મારી વાત પૂરી થવા દો. આ બિલ મુકતી વખતે વિધાનસભાના નિયમો અને પ્રણાલિકા બંને પૂરેપૂરા જળવાયા છે એટલે પોઈન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી. મારું એટલું જ ટૂંકું િનવેદન છે.

**અધ્યક્ષશ્રી:** વિરોધ પક્ષના નેતાએ જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઊભો કર્યો છે અને સંસદીય બાબતોના મંત્રીશ્રીએ જેનો જવાબ આપ્યો છે એ પોઈન્ટ ઓફ ઓર્ડર ખૂબ અગત્યના મુદ્દા ઉપર હોવાને કારણે હું એમાં નિર્ણય કરું છું કે.

હું ભારતના બંધારણની અને ગુજરાત વિધાનસભાના નિયમોની કેટલીક જોગવાઈઓ પ્રત્યે આ વિધાનસભાની સ્થાપિત થયેલી પ્રણાલિકાઓ અને પૂર્વ અધ્યક્ષશ્રીના નિર્ણયો તરફ ધ્યાન દોરવા માગું છું.

પ્રથમ તો એ હકીકત તરફ ધ્યાન દોરવા માગું છું કે અત્યારે જે વિધેયક રજૂ કરવામાં આવ્યું છે, તે વિધેયક સન ૨૦૦૭ના વટહુકમ ક્રમાંક-૨ સન ૨૦૦૭નું ગુજરાત સહકારી મંડળી સુધારા વટહુકમને રિપ્લેસ કરતું વિધેયક છે. ભારતના બંધારણની કલમ-૨૧૩ થી આ વિધાનસભાનું સત્ર ચાલુ ન હોય ત્યારે તાત્કાલિક કાયદો કરવો જરૂરી પડે, તેવા સંજોગો ઊભા થાય ત્યારે રાજ્યના રાજ્યપાલશ્રીને વટહુકમથી કાયદો કરવાની સત્તા આપવામાં આવી છે. તે મુજબ ગુજરાતના રાજ્યપાલશ્રીએ વિધાનસભાનું સત્ર ન હોવાથી વટહુકમ બહાર પાડીને સન ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમમાં કેટલાક સુધારાઓ કર્યા છે. ભારતના બંધારણની કલમ-૨૧૩ હેઠળ નામદાર રાજ્યપાલશ્રીએ વટહુકમથી કરેલ સુધારાને લોકશાહીની પ્રક્રિયા દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિની બનેલી વિધાનસભાએ જો મંજૂર રાખવો હોય તો વિધાનસભામાં આ વિધેયક લાવવું જ પડે. અત્રે વિધેયકના ઉદ્દેશો અને તેનાં કારણોની યાદીમાં આ વિધેયક લાવવા માટેના ઉદ્દેશો અને કારણોમાં બતાવ્યું છે તે તરફ આપનું ધ્યાન દોરવા માગું છું કે વિધેયકની સાથે જોડવામાં આવેલ ઉદ્દેશો અને કારણો જોવામાં આવશે તો જણાશે કે વૈધનાથન સમિતિના અહેવાલની ભલામણ મુજબ સહકારી સંસ્થાના સરવૈયા અને ખોટના કારણે ખોટ ભરપાઈ કરી આપવા માટે ખાસ પેકેજનો લાભ આપવાના હેતુસર આ વિધેયક લાવવામાં આવ્યું છે. વધુમાં હું ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭ (અ) હેઠળ પરંતુકની જોગવાઈ તરફ ધ્યાન દોરવા માગું છું કે વિધેયક સભાગૃહમાં દાખલ કરવાની અનુમતિ માગતો કોઈ પ્રસ્તાવ કરવામાં ન આવ્યો હોય તો પણ અધ્યક્ષને વિનંતી કરવામાં આવે તો તેવું વિધેયક તેના ઉદ્દેશો અને કારણો સહિત રાજ્યપત્રમાં પ્રસિદ્ધ કરવાની અનુમતિ આપવાની જોગવાઈ છે. તદનુસાર માનનીય સહકાર મંત્રીશ્રીએ આ વિધેયકને રાજ્યપત્રમાં પ્રસિદ્ધ કરવા અનુમતિ આપવા તત્કાલિન અધ્યક્ષશ્રીને વિનંતી કરી હતી અને તત્કાલિન અધ્યક્ષશ્રીએ નિયમ-૧૨૭(અ) પરંતુકની જોગવાઈ હેઠળના વિધેયકને રાજ્યપત્રમાં પ્રસિદ્ધ કરવા અનુમતિ આપેલ છે. વધુમાં એ બાબત તરફ ધ્યાન દોરવા માગું છું કે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૩૦(૧) ના પરંતુકની જોગવાઈ હેઠળ વિધેયકના પહેલા વાંચનનો પ્રસ્તાવ વહેલા કરવામાં આવે તેની પરવાનગી આપવાની વિધાનસભાના અધ્યક્ષશ્રીને સત્તા આપવામાં આવી છે. તે ઉપરાંત માનનીય મંત્રીશ્રીએ જે કારણોસર આ વિધેયકના પહેલા વાંચનનો પ્રસ્તાવ વહેલા કરવાની પરવાનગી માગી છે તે કારણોને ધ્યાનમાં લઈને તત્કાલીન અધ્યક્ષશ્રીએ પહેલા વાંચનનો પ્રસ્તાવ રજૂ કરવાની પરવાનગી આપી છે. વધુમાં તે બાબતે ધ્યાન

દોરવા માગું છું કે મારા પૂર્વ અધ્યક્ષશ્રીઓએ વટહુકમનું સ્થાન લેતા વિધેયકોને તાત્કાલિક પસાર કરવા પડે અને તે કારણોસર તેવા વિધેયકોના પહેલા વાંચનના પ્રસ્તાવ વહેલા કરવાના નિર્ણયો આપેલા છે, તે જોતા બારમી વિધાનસભાની સામાન્ય ચૂંટણી પછીનું આ પ્રથમ સત્ર હોય વિધેયકના સંદર્ભમાં વિધાનસભાના નિયમોની જોગવાઈથી અધ્યક્ષને પણ મળેલ સત્તા અનુસાર વિધેયક હાથ ધરવાની મંજૂરી આપવામાં આવી છે, તે જોતા માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહજીએ ઉઠાવેલ પૉઈન્ટ ઑફ ઑર્ડર રહેતો નથી.

**શ્રી શકિતસિંહ હરિચંદ્રસિંહ ગોહિલ** : આ બિલનો વિરોધ નથી કરતો. ભૂતકાળમાં જોઈને આપના નિર્ણયમાં ટકોર આપના તરફથી આપવી જોઈએ.

**અધ્યક્ષશ્રી** : વિરોધપક્ષના નેતાશ્રી અને સંસદીય બાબતોના મંત્રીશ્રી એક દિવસ ચેમ્બરમાં મળીશું.

# સરકારી વિધેયકો

## ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક,૨૦૦૮

### ગુજરાત સહકારી મંડળી અધિનિયમ,૧૯૬૧ વધુ સુધારવા બાબત વિધેયક

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી ( કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિધ્ધ થયેલા સન ૨૦૦૮ નું વિધેયક ક્રમાંક:૧ સન-૨૦૦૮ ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયકને હું આપની પરવાનગીથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૮ નું વિધેયક ક્રમાંક:૧ સન-૨૦૦૮ના ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, વૈદ્યનાથન કમિટીએ ભલામણ કરીને સહકારી ક્ષેત્રના માધ્યમમાં જે ખેડૂતોને ધિરાણ પૂરું પાડવાનું કામ કરે છે એવી ગુજરાતની આઠેક હજાર જેટલી મંડળીઓને વૈદ્યનાથન કમિટીની ભલામણના આધારે ચોક્કસ પ્રકારનો સુધારો સહકારી કાયદામાં કરે અને એટલા માટે તેનો લાભ મળી શકે, માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના ખેડૂતો માટે અને ગુજરાતના વિકાસ માટે જે કૃષિરથના માધ્યમથી આખા ગુજરાતના ખેડૂતોને જાગૃત કરીને ખેડૂતોની આવક બમણી થાય અને રાજયના વિકાસમાં તેઓનું યોગદાન આવે તેવા હેતુ સાથે જે કામ કરી રહ્યા છે અને તેવા સમયે આખા દેશને આ વૈદ્યનાથન કમિટીનું અમલીકરણ કરવા માટે અને જ્યારે ૧૯ રાજયોએ એમ.ઓ.યુ કર્યા છે ત્યારે રાજયના ખેડૂતોને વધુ તાત્કાલિક લાભ મળે એટલે વિધાનસભાની મંજૂરીની રાહ જોયા વિના વટહુકમથી પણ આ રાજયના સહકારી ક્ષેત્રમાં વધુમાં વધુ લાભ મળે તેવો પ્રયાસ કરીને વટહુકમ બહાર પાડેલ. આજે તે વટહુકમના સ્થાને કાયદાનુ રૂપ લાવીને ઝડપથી લાભ મળી શકે અને આપણે સૌ જાણીએ છીએ કે વટહુકમ બહાર પડે અને લાભ મળે તે દરમ્યાન ચૂંટણી જાહેર થઈ અને ચૂંટણીઓ જાહેર થઈ તો પણ તો પણ રાજય સરકારે રજૂઆત કરી કે જે જોગવાઈ છે તે મુજબ વટહુકમ બહાર પાડી ૭૫ ટકા જે રાહત તાત્કાલિક મળવી જોઈએ પરંતુ આચારસંહિતાના નામે પરવાનગી નહીં મળવાને કારણે તે સહકારી ક્ષેત્ર આ લાભથી વંચિત રહ્યા છે તેવા સમયે છ અઠવાડિયા કે છ દિવસનો નહીં પણ એકપણ દિવસનો વિલંબ કર્યા વિના ગરીબ, નાના, સામાન્ય ખેડૂતોને અને અત્યાર સુધી આનો લાભ આખા દેશના બે રાજયોને મળ્યો છે તેવા સમયે તેનો લાભ તાત્કાલિક મળે તેવા હેતુથી આ બિલ લાવવાનો પ્રયાસ છે. આ વિધયેકની ચર્ચા ફાઈનલ જવાબમાં કરીશ. આપ સૌને વિનંતી કરીશ કે આ બિલને મંજૂર કરે.

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ** : (વિરોધપક્ષના નેતાશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ જે લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા ત્યારે મને આશા અને અપેક્ષા હતી કે કયારેય પણ આપણે સત્ય વાતને સ્વીકારીશું અમે પણ આપણી સારી વાત હોય તો પીઠ થાબડવા તૈયાર રહેવાના, પરંતુ જ્યારે કેન્દ્ર સરકારે ગુજરાતને આટલો મોટો ફાયદો આપવાની વાત કરી હોય ત્યારે ઉદ્દેશો અને કારણો કૃષિરથ યાત્રાથી નહીં વૈદ્યનાથન કમિટીને કેન્દ્ર સરકારે સ્વીકારી એટલું જ નહીં કેન્દ્ર સરકારે પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓને પ્રત્યક્ષ ધિરાણના વ્યવસાયમાંથી ઉદભવતી સો ટકા ખોટને મધ્યસ્થ સહકારી બૅન્કો અને રાજય સહકારી બેન્કોને કૃષિ વિષયક ધિરાણના વ્યવસાયમાંથી ઉદ્‌ભવતી સો ટકા ખોટ તે કેન્દ્ર સરકાર ભોગવશે. રાજય સરકાર પાસે કેટલી જવાબદારી છે? તેનો ઉલ્લેખ થયો. રાજય સરકારે જાહેર વિતરણ વ્યવસ્થા ઈનપુટ વિતરણને કારણે થતી ખોટને ૫૦ ટકા ખોટ, ઈનવોક્ડ અને અન-ઈનવોક્ડ બાંયધરી અને બીજી મળવાપાત્ર રકમોને લગતી તમામ લેણી રકમો અને મધ્યસ્થ સહકારી બૅન્કો અને રાજય સહકારી બૅન્કના બિન-કૃષિવિષયક વ્યવસાયમાંથી ઉદ્‌ભવતી ખોટના હિસ્સાનો ભાગ ભોગવવાનો રહેશે. એક ફેરનેસ સરકાર પક્ષેથી અપેક્ષિત હોય છે. આ હેતુ માટે આ વખતે જ કેન્દ્ર સરકાર પાસેથી રાજય સરકારને કેટલા રૂપિયા મળવાના છે ૧૧૦૬.૫૮ કરોડ રૂપિયા, રિવાઈવલ પૅકેજનો હિસ્સો કેન્દ્ર સરકાર પાસેથી આપણને મળવાપાત્ર છે. સહેજ તો આની પ્રશંસા થાય કે કેન્દ્ર સરકારને રોજ દંડા મારવાના, રોજ ટીકા કરવાની, બિલમાં પણ?. આટલુ બોલતા શરમાવાનું શેનું? જે કરવું પડે એ તો કરવું જ પડે. (અંતરાય) એ

* વિધેયક સન ૨૦૦૮ના જાન્યુઆરી મહિનાની ૧૫મી તારીખે ગુજરાત સરકારી રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

તો અહીં જ બેઠો છું હું એ જોવા જ. વજુભાઈ આ લખવું તો પડે જ, બાકી આપનું ચાલેને તો ભાવનગરનો વિક્ટોરિયા પાર્ક નહિ, ઘણું બધું થાય. ક્રોસ ટોકમાં મારે નથી પડવું. મેં શરૂઆત નથી કરી. ટ્રેઝરી બૅન્ચથી ક્રોસ ટોક ન થાય. અમે નાના ભાઈ છીએ. અમારાથી ભૂલ થાય. માનનીય અધ્યક્ષશ્રીએ ભૂતકાળમાં ટકોર કરી છે કે મંત્રીશ્રીઓએ સંયમ રાખવો જ પડે. મંત્રીશ્રીઓથી ક્રોસ ટોક ન થાય (અંતરાય) અને મને ઉશ્કેરશો તો જ હું બોલીશ. બાકી હું આપને સંબોધીને બોલનારો માણસ છું. મારે કહેવું હશે તો હું આપના મારફત કહીશ સંસદીય બાબતોને તોડશો તો. (અંતરાય) ત્યાં નબળો કે સબળો હું જેવો છું તેવો ચોક્કસ ઉશ્કેરાઈશ. કારણકે આ ગૃહના તમામ સભ્યોનો અધિકાર લૂંટાતો હોય ત્યારે મૌન બેસી રહેવું, એક વ્યક્તિની પૂજા કરવી એમાં હું ટેવાયેલો નથી. માનનીય વજુભાઈ આત્માના અવાજને અનુસરનારો માણસ છું હું. હું એ કહેવા માગતો હતો (અંતરાય) ટ્રેઝરી બૅન્ચ બોલે છે એનો જવાબ આપુ છું. હું એક પણ ક્રોસ ટોક નથી કરતો. ટ્રેઝરી બૅન્ચ બોલે અને મને તક આપે છે. ટ્રેઝરી બૅન્ચ બોલીને મને તક આપે છે.

**શ્રી વજુભાઈ વાળા:** આમાં લેખિત આપ્યું છે કે કેન્દ્ર સરકાર કેટલા પૈસા આપે છે પછી બોલવાની શી જરૂર છે.

**શ્રી શકિતસિંહ ગોહીલ :** બોલવામાં શું કામ શરમાઓ છો. કૃષિ રથ લખ્યું નથી અને બોલો છો જે ઈરિલેવન્ટ છે અને જે રિલેવન્ટ લખાયેલું છે તે બોલતા શરમ થાય છે. હું સમજી શકુ છું. દિલીપભાઈને હું બહુ અંગત રીતે ઓળખું છું મારા મિત્ર છે. એમની મુશ્કેલીઓને હું સમજી શકુ છું. ચાલુ નાણાકીય વર્ષમાં ૮૦૦ કરોડ, ૭૫ ટકા રકમની ચૂકવણી નાબાર્ડ દ્વારા મુક્ત કરવામાં આવશે આ પણ પ્રશંસાને પાત્ર છે. વાતો નથી કાગળ પરની કે આપીશું, આપીશું. આંકડાઓ નહિ વાસ્તવિક રીતે ૮૦૦ કરોડ રૂપિયા આ વરસે મુક્ત થશે. એની સામે આ રાજય સરકાર શું કરે છે એમની પણ જવાબદારી હતી નાણાં મુક્ત કરવાની એમાં ઢાંચા મુજબ, રાજય સરકારે, એમ.ઓ.યુ. મુજબ લગભગ રૂપિયા ૮૮.૪૯ કરોડ ભોગવવાના રહેશે. ચાલુ વર્ષે કેટલા ભોગવે છે, કેટલો ખર્ચ મંજૂરી લઈને આવી છે માત્ર રૂપિયા પચાસ લાખની જોગવાઈ કરી છે શા માટે જોગવાઈ પૂરેપૂરી નથી કરતા. ખેડૂતોને લાભ જ આપવો છેને? મારે નહિ કહેવું જોઈએ પરંતુ અહીંયા માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી એમ કહે કે લાભ મળતો બંધ થઈ જાય આ બિલ પાસ ના થયું હોત તો. સંસદીય બાબતોના મંત્રીશ્રી આવું બોલે? આપ તો સમજી શકો છો કે ઑર્ડિનન્સ આવ્યો એટલે કાયદો આવી ગયો અને ઑર્ડિનન્સ લેપ્સ ક્યારે થાય આ બિલ આજે પસાર ન થાય તો એ ના લેપ્સ થાય, કેટલો સમય મળે આપ જાણો છો અને માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી જોઈ લે, સમજી લે, વાંચી લે, વિચારી લે. મારા આ વિરોધને એમ કહવું કે લાભ મળતો બંધ થઈ જશે. સહકારી ક્ષેત્રમાં સાથે મળીને અમારે સારું કરવાનું છે ક્યાંક બનશે એવું કે સહકારી ક્ષેત્રમાં ભારતીય જનતા પાર્ટીના આગેવાનો સત્તામાં બેઠા હશે અમારા બે-ત્રણ ડિરેક્ટરો હશે. કાલે અમારી સત્તા આવે, ગઈકાલ ભૂતકાળમાં હતી. ક્યારેક નજર કરજો આટલી હદ સુધી કયારેય નથી થયું.માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓને મારે યાદ કરાવવું છે સહકારી ક્ષેત્રને આપણે જીવંત રાખવું હોય તો સહકારી ક્ષેત્રમાં રાજકારણથી પર ઉઠવું પડશે. કેટલા હાઈકોર્ટનાં લીટીગેશન થાય છે તેનો હું સાક્ષી છું. તેનો હાઈકોર્ટનાં એડવોકેટસના ફીઝના બિલ કેવા બને છે આખરે કોના ઉપર જાય છે સહકારી સંસ્થાઓ તૂટે છે. મેં તો વકીલ તરીકે એક પણ સહકારી સંસ્થામાં આજસુધી બિલ નથી મૂકયું પરંતુ હું જાણું છું કે સહકારી સંસ્થાઓની ફીઝ કેટલી ચૂકવાય છે. બન્ને પક્ષે ચૂકવાય છે. રાજય સરકારના પૈસાનો ધુમાડો થાય અને સહકારી સંસ્થાના પૈસાનો પણ ધુમાડો થાય અને અંત શું આવે? સહકારી પ્રવૃત્તિ તૂટે છે આપ આવો ખુલ્લા હાથે બિલ લઈને ક્યાંક આપના લોકોને લાભ થશે ક્યાંક અમારા લોકોને લાભ થશે. આખરે સભાસદોએ જેને ચૂંટીને બેસાડયા છે તેમને લાભ થશે. માનનીય દિલીપભાઈ પાસે જરૂર એ અપેક્ષા છે કારણકે તે ક્ષેત્રમાંથી તે આવેલા માણસ છે અને એટલા માટે એવી વાત લઈને આવીએ આજે હું કાલે તું નહીં ગુજરાત કાયમ છે. ગુજરાતની જનતા કાયમ છે. સહકારી સંસ્થાને ટકાવવી છે આ બિલ તે કેન્દ્ર સરકારને મળતી, કેન્દ્ર સરકારમાંથી આવતી સહાય. કેન્દ્ર સરકારની મોટાઈ બાકી કમિટીઓ તો ઘણી બને છે અને કમિટીઓ કેવી બને છે અને કોણ રિપોર્ટ તેના સ્વીકારે છે તે આખું ગૃહ જાણે છે. કમિટીના રિપોર્ટ કોઈ સ્વીકારતું નથી. આ કેન્દ્ર સરકારે કમિટીનો રિપોર્ટ સ્વીકાર્યો એટલું નહીં નાણાં પણ ફાળવી આપ્યાં છે. ભૂતકાળ ચકાસો કેટલી કમિટીઓના રિપોર્ટ ધૂળ ખાય છે. ત્યારે આ એક સારી બાબત છે આ બિલને હું સમર્થન આપું છું પરંતુ એટલી અપેક્ષા માનનીય દિલીપભાઈ પણ આ ગૃહના એક સભ્ય રહ્યા છે ત્યારે આપના મારફતે મંત્રીશ્રીઓને કહેવા માંગુ છું કે જ્યારે આવું બિલ આવે ત્યારે આપના પક્ષના અને મારા પક્ષના સૌ વધારે ચર્ચા કરી શકે આખરે અમે પ્રશ્નો પૂછનારા માણસો નથી કહેવાતા we are legislators, legislation ઘડનારા લોકો છીએ, ધારાસભ્યો છીએ, ધારાને ઘડનારા છીએ તો અમને પૂરતું મટિરિયલ મળે. વૈદ્યનાથન કમિટીનો રિપોર્ટ આના સાથે મળે જે એમ.ઓ.યુ થયું છે જે NABARD સાથે થયું છે તેની કોપી આપ આપો અને આપના સભ્યો સૌ બોલશે. આપનું ડિપાર્ટમેન્ટ પણ ક્યારેક આપની આંખ ઉપર પાટા બાંધતું હોય કાંઈ બધાજ બધું જ જોઈ શકતા હોતા નથી. સામાન્ય માણસ પાસેથી હું પણ ઘણું શીખતો હોઉં છું ગૃહના નેતાશ્રીએ પણ ક્યારેક કંઈ ઉપયોગી સૂચન આવે તો સ્વીકારે અને ગૃહના સભ્યશ્રીઓ આમાં પૂરું યોગદાન આપી શકે એવું સરકારનું વલણ રહે. હું આ બિલને સમર્થન આપું છું અને સારી વાતની શરૂઆત કરું છું તેના પ્રતિઘોષની અપેક્ષા સાથે હું વિરમું છું.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું નાનકડી સ્પષ્ટતા કરવા ઉભો થયો છું માનનીય વિરોધપક્ષના નેતાએ કહ્યું કે મેં એવું કહ્યું કે ખેડૂતોને પૈસા ના મળે. મેં એવું નથી કહ્યું કે મોડાં મળે (અંતરાય) પહેલાં સાંભળી તો લો શકિતસિંહજી. પૈસા મોડાં મળે હું સમજી વિચારીને બોલ્યો છું.માનનીય શકિતસિંહજી વિરોધપક્ષના નેતા તરીકે બધું જ જાણીને બોલે તો આગળ ઉપર તેમને જ સારું પડશે મને નહીં. એ ઉલ્લેખ મેં એટલા માટે કર્યો છે કે નાબાર્ડની કન્ડીશન છે કે વટહુકમ નહીં પૂરેપૂરું ડિસ્બર્ઝમેન્ડ એ સંજોગોમાં જ થશે. જ્યારે એસેમ્બલી કાયદો પસાર કરે તે પછી જ પૂરેપૂરું ડિસ્બર્ઝમેન્ડ થશે. એટલા માટે મેં એવો શબ્દપ્રયોગ કર્યો છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સહકાર ગુજરાત સહકારી મંડળીઓ સુધારા વિનિયોગ-૨૦૦૮ લઈને આવ્યા છે, તેમાં હું મારું સમર્થન આપું છું. હું માનું છું કે વિધાનસભાનો પહેલો દિવસ છે અને આ સત્રનો પણ પહેલો દિવસ છે અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ આ બિલ ઉપર શરૂઆત પણ કરી, પરંતુ મારે રાજય સરકારને અભિનંદન એટલા માટે આપવાં છે કે કેન્દ્ર સરકારનું પેકેજ છે, કેન્દ્ર સરકારની સૂચના છે અને કેન્દ્ર સરકાર ઉપર વિરોધપક્ષની છે. તે આપે એટલે આપણે નહીં કરવું આ માનસિકતામાંથી બહાર આવીને સારું જે કંઈ હોય ગુજરાતની પ્રજાના હિતમાં હોય, ગુજરાતના ખેડૂતોના હિતમાં હોય આ વાતને સ્વીકારી અને જે સુધારા અધિનિયમ લાવ્યા છે તેને માટે અભિનંદન આપું છું. આવો જ એક કાયદો ગુજકોકનો કેન્દ્ર સરકારમાં મૂકયો. પ્રજાના ભલા માટેનો કાયદો હતો, પરંતુ માત્ર ને માત્ર ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે આ કાયદો બનાવીને મૂકયો છે, પણ હજુ સુધી કેન્દ્ર સરકારે એને મંજૂરી આપી નથી. આ બાબતની અંદર હું માનું છું કે રાજનૈતિક આક્ષેપોમાં ન જઈએ તો વધારે યોગ્ય ગણાશે. ૧૮ જેટલી મધ્યસ્થ સહકારી બેંકો આ રાજયની અંદર આવેલી છે. ૭૭૬૮ જેટલી પ્રાથમિક કૃષિ ધિરાણ આપનારી મંડળીઓ આ રાજયની અંદર છે. આ રાજયમાં ૧૧૯૫ કરોડ રૂપિયાની સહાય જે સીધી મંડળીઓ દ્વારા ખેડૂતો સુધી પહોંચવાની છે. અને એ માટે બિલ ન લાવી શકાય તો વટહુકમ લાવીને પણ કોઈ રાહ જોયા વિના રાજય સરકારે નિર્ણય કર્યો છે. આમાં માત્ર કેન્દ્ર સરકાર જ પૈસા આપશે એવું નથી. રાજય સરકારે પણ આમાં પોતાનું યોગદાન આપવાનું છે. રાજય સરકારે પણ આમાં પૈસા આપવાના છે. અને એ વાતને સ્વીકારીને કહ્યું કે કેન્દ્ર સરકારનું આ પેકેજ મળતું હોય તો રાજય સરકાર એના નાણા આપશે. અને એની સાથે આ સુધારા વિધેયક લઈને સરકાર આવી છે, એના માટે હું અભિનંદન આપું છું.

આ મંડળીના માધ્યમથી ૨૦ લાખ કરતાં પણ વધારે પરિવારોને સીધો ફાયદો થવાનો છે. સૌથી અગત્યની બાબત આમાં એ આવી રહી છે કે પ્રાઈવેટ કંપનીઓ હોય તો એના માનવબળને પ્રશિક્ષિત કરીને, એમને ટ્રેઈન કરીને આગળ લાવીને તમામ શકિત ડેવલપ કરીને રાજયના વિકાસ માટે પ્રયત્ન કરતા હોય છે. આ સહકારી માળખું કેવું? પરંપરા પ્રમાણેનું. પરંતુ એમાં પ્રોફેશનલ સીસ્ટમ આવે. નવો અભિગમ આવે. લોકભોગ્ય બની શકે એવો કન્સેપ્ટ આવે, એટલા માટે રાજય સરકારે હાલ સંમત થઈને એક નવો અભિગમ ઉભો કર્યો છે. ૧૪૦ જેટલા અહીંના ગુજરાતના તજજ્ઞો અને કેટલાક નાબાર્ડથી પણ તજજ્ઞો બોલાવીને ટ્રેનિંગ આપીને ૮ હજાર જેટલા મંત્રીઓને ચાર-ચાર, પાંચ- પાંચ દિવસની નિવાસી તાલીમ આપીને ૧૬ હજાર જેટલા બોર્ડ ઓફ ડિરેકટરોની પ્રાથમિક મંડળીઓને જણાવ્યું છે કે એની ટ્રેનિંગ આપવાની જોગવાઈ થઈ છે, એ અભિનંદનને પાત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી વધારે ખેડૂતોને એ ફાયદો થવાનો છે કે ગ્રામ્ય કક્ષાની મંડળીઓથી શરૂ કરીને જિલ્લા બેંક અને રાજય સહકારી બેંક, એ બધી બેંકોનું કોમ્પ્યુટરાઈઝેશન કરીને લીંકીંગ કરવાની લાંબા ગાળાની યોજના હતી અને એની શરૂઆત થઈ છે. જેના કારણે દેશમાં સહકારી માળખામાં બેંકીંગનો વ્યવસાય પડી ભાંગવાની સ્થિતિમાં એક પડકાર હોય ત્યારે ગુજરાત સરકારની આ પહેલને અભિનંદન આપવાં પડે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના બેંકીંગ માળખામાં ત્રિસ્તરીય બેંકીંગ માળખું છે. નાબાર્ડથી પુનઃ ધિરાણમાંથી વ્યવસ્થા હોય તો રાજય બેંક પાસે અને જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક અને ત્યાંથી મંડળી દ્વારા ગ્રાહક સુધી આ નાણા પહોંચતા હોય છે. આના કારણે એક બે સૌથી મોટા ફાયદા એ થશે કે ત્રિસ્તરીય માળખાને રાજય સરકારે કાયદો બનાવ્યો છે. એમાં આ જોગવાઈ કરી છે કે ત્રિસ્તરીય માળખામાં રહીને અને ડાયરેકટ ગ્રામ્ય કક્ષાની મંડળી હોય તેને એમ લાગે કે નાબાર્ડ પાસેથી સીધેસીધા ધિરાણ મેળવવું છે, તો એ પણ મેળવી શકાશે. જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકને થાય કે નાબાર્ડને પુનઃ ધિરાણ એક ટકો રાજય સહકારી બેંક, એક ટકો જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક અને ત્રીજો એક ટકો ગ્રામ્ય કક્ષાએ મંડળી લેતી હોય તો એ ત્રણ ટકાનું વ્યાજ વહીવટી પ્રક્રિયાને કારણે ચડતું હોય તો તાલુકા સુધી પહોંચવામાં મુશ્કેલી પડતી હોય એવા સંજોગોમાં રાજય સરકારે એ પણ જોગવાઈ કરી છે કે એમાં ન જોડાતા મંડળીને પોતાની સ્વેચ્છાએ એ નિયમો પ્રમાણે પોતે વહીવટ કરી શકશે. ધિરાણ પણ આપી શકશે. હું માનું છું કે આવનારા સમયમાં જે હરિફાઈ ચાલી રહી છે, સહકારી બેંક અને બેંકોની બેંક એ બેની વચ્ચે સહકારી માળખું મજબૂત બનશે. ગ્રામ્ય કક્ષા સુધી એની ઈફેકટ વધારે મજબૂત બનશે.

બીજી પણ એક આમાં જોગવાઈ કરવામાં આવી છે. (સમય સૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, આમાં સમય મર્યાદા હોય તો (અંતરાય)

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ:** સ્કોપમાં બોલવા માગતા હોય તો બોલવા દેવા જોઈએ.

**અધ્યક્ષશ્રી:** એટલા માટે કહું છું કે(અંતરાય) મને વધારે સમય આપવામાં કાંઈ વાંધો નથી.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી:** હું બે મિનિટમાં જ પૂરું કરું છું.

**અધ્યક્ષશ્રી:** પાંચ થી છ સભ્યશ્રીઓનાં નામ બોલવા માટે આવ્યાં છે એ બધાનો સમાવેશ થઈ જાય એટલા માટે.

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ:** સ્કોપમાં બોલવા માગતા હોય તો બોલવા દેવા જોઈએ.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી:**એક સૌથી ઉદાર મત એ રાખ્યો કે આમ તો સહકારી માળખામાં અનેક વખત એવી વાતો થતી હોય છે કે આ જે રાજય સરકારનો હસ્તક્ષેપ થાય છે એ ના થાય એ માટે જે જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકમાં અત્યારસુધીમાં બે ઉમેદવારો અને ૩ પ્રતિનિધિ મૂકવાની પરંપરા હતી, બેંકોમાં પણ મૂકવાની પરંપરા હતી એની જગ્યાએ ઉદાર મત રાખીને માત્રને માત્ર એક જ ઉમેદવાર પોતે મૂકી શકશે એના માટેનો નિર્ણય કર્યો છે એ માટે અભિનંદન આપું છું. ઘણી જગ્યાએ સરકાર પોતાના અધિકાર લઈ લેવાની વાત કરતી હોય ત્યારે આ માળખું વધારે ઉન્નત બને એ માટે એક પ્રતિનિધિ મૂકવાની વાત કરી છે એ માટે પણ હું તેમને અભિનંદન આપું છું.

બીજી એક સૌથી ઐતિહાસિક ઘટના એના કારણે બનવાની છે કે સરકારે એક વાત સારી રીતે જોડી કે પ્રાથમિક મંડળીમાં કોઈપણ ધિરાણ લેનાર વ્યકિત સભાસદ બની શકશે, એનાથી પણ વધારે સેલફેન ગ્રુપ હોય એ પણ હવે પછી એ પ્રાથમિક મંડળીના અને બેંકના સભાસદ બની શકશે. આવનાર સમયમાં નારી શકિતને એની સાથે જોડીને રાજયનો વિકાસ થાય એવો માનનીય મુખ્યમંત્રીશ્રીએ સંકલ્પ જાહેર કર્યો છે એ હું માનું છું કે મહિલા શકિતને આર્થિક સ્વાવલંબન બનાવવા માટેની એક ઐતિહાસિક ઘટના બની રહેશે.

ખાસ કરીને રાજય સરકારે બે બાબતો પોતાની પાસે રાખી છે એમાં એક તો સુપરવિઝન અને ગર્વનન્સ, આ બન્ને બાબતોમાં રાજય સરકાર ધ્યાન રાખશે અને એની સાથે સાથે નાણાકીય બાબતો બેંકની છે એના અધિકારો નાબાર્ડને આપ્યા છે એ હું માનું છું કે આ બિલ એ ખેડૂતોના હિતો માટેનું બિલ છે, ગુજરાતના સહકારી માળખાને મજબૂત કરવા માટેનું બિલ છે અને એના માટે હું મંત્રીશ્રીને ખૂબ ખૂબ હ્રદયપૂર્વકના અભિનંદન આપું છું અને સાથોસાથ એ બાબતોનો પણ ઉલ્લેખ કરવો પડે કે સ્વ. શ્રી જયરામભાઈ પટેલ કે જેઓ આ સહકારી પ્રવૃત્તિના ખૂબ જ હિમાયતી હતા એમને શોકાંજલિ આપવાનો આજનો દિવસ હતો અને સહકારી માળખાને પુન:જીવીત કરવા માટેનું આ બિલ પણ આજે જ લાવવામાં આવ્યું છે એના માટે હું પણ મારી હ્રદયપૂર્વકની તેમને શ્રધ્ધાંજલિ આપું છું આ પણ એક જોગસંજોગ જ કહેવાય ને?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, યુપીએ સરકારે આખા દેશની અંદર જે સહકારી પ્રવૃત્તિ છે એને રિફોર્મ કરવા માટેની એક કમિટી બનાવી છે અને એ રિફોર્મ કરવા માટે એક મોડેલ કાનૂન પણ આપ્યો છે અને જે રાજયો આ મોડેલ કાનૂનનો અમલ કરે એના માટે આ સહકારી પ્રવૃત્તિઓને રિવાઈવલ કરવાનું પેકેજ પણ આપ્યું છે અને મને કહેતાં આનંદ થાય છે કે આ રિવાઈવલ પેકેજના સૌથી કોઈ મોટા લાભાર્થી રાજયો હોય તો એ ગુજરાત અને મહારાષ્ટ્ર છે કારણ કે આ બન્ને રાજયોમાં આ સહકારી પ્રર્વત્તિનો ખૂબ જ વિકાસ થયેલો છે, પરંતુ આ બિલ અહીં લાવવાનું જે પૂણ્ય છે એ દિલીપભાઈના predecessor માનનીય ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા કે જેમની ઈચ્છા તો આ બિલ લાવવાની હતી, પરંતુ એ લાવવા દેવામાં આવ્યું ન હતું. માનનીય અધ્યક્ષશ્રી, આપ પણ એના સાક્ષી છો કે વૈદ્યનાથન્ કમિટીનો અહેવાલ સ્વીકારીને આ રિવાઈવલ પેકેજનો લાભ ગુજરાતના ખેડૂતોને આપવો જોઈએ. રાજય સરકારે તો એમાં માત્ર નોમિનલ ફાળો આપવાનો છે અને એમાંય જે સહકારી પ્રવૃત્તિમાં પડેલા છે એ પછી માનનીય દિલીપભાઈ કે શંકરભાઈ કે રામસિંહભાઈ હોય કે સી.કે.રાઉલજી તેમને બધાને ડર છે કે આ ૧૨૦૦ કરોડ રૂપિયાના પેકેજમાંથી આ રાજય સરકારે ૮૮ કરોડ રૂપિયાનો ફાળો આપવાનો છે કે આપશે કે કેમ? પરંતુ સૌથી વધારે મહત્વની વાત એ છે કે અમે દર વખતે કહેતા હતા કે આ વૈદ્યનાથન્ કમિટીના અહેવાલથી દેશનાં બીજાં રાજયો છે જેમને નોમિનલ ફાયદો થાય છે એ રાજયોએ સ્વીકાર્યો છે. આ સહકારી પ્રવૃત્તિમાં રિફોર્મ લઈ આવતું બિલ શા માટે રજૂ કરવામાં આવ્યું નહોતું? ખૂબ જરૂરી હતું. પરંતુ ચૂંટણીના થોડા મહિના પહેલા એક કે બે મહિના પહેલા માત્ર ખેડૂતોને થાય કે રાજય સરકાર આ કાનૂન લાવે છે એવું બતાવવા માટે વટ હુકમ લાવવામાં આવ્યો. આની પહેલાનું સત્ર હતું તે વખતે અમે અહીં બેસીને એમ કહેતા હતા કે વૈદ્યનાથન કમિટીનો અહેવાલનો સ્વીકાર કરો અને આ રિફોર્મ લાવો, પરંતુ આ સહકારી પ્રવૃત્તિમાં જે હસ્તક્ષેપ છે અને ઈન્સ્પેકશન રાજ છે, તે દૂર કરવાની વાત હતી. અને દૂર થાય તો સરકારનો સીધો અંકુશ છે અને એમાં સહકારી પ્રવૃત્તિની સાથે ન સંકળાયેલા હોય પરંતુ હસ્તક્ષેપ કરવા માટે બહુ જાણીતા હોય અને જે લોકો આવી પ્રવૃત્તિ પાછલા બારણેથી ચલાવતા હોય, માનનીય શંકરભાઈ આપ હસો છો, એટલે આપને ખબર પડી ગઈ હશે કે કોણ છે,

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ તમે તમારું ધ્યાન બીજે ન જાય તે ધ્યાનમાં રાખો, અને મારા તરફ જોઈને બોલો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હા, પણ માનનીય અધ્યક્ષશ્રી, તેના કારણે આ બિલનો અમલ થતો નહોતો. જો આ બિલનો સમયસર અમલ થયો હોત તો ૩ વર્ષ પહેલા આ ૭૭૬૮ જેટલી પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ છે તેમને આ રીવાઈવ પેકેજનો લાભ મળ્યો હોત. અને ૧૨૦૦ કરોડ રૂપિયાનું ફંડ આ પ્રવૃત્તિ માટે મળી શકયું હોત, આ જે મંડળીઓ ધિરાણ કરી શકતી નથી તે મંડળીઓ ધિરાણ માટે પાત્ર બની ગઈ હોત. હમણા

સ્વર્ગસ્થ જયરામભાઈને યાદ કરવામાં આવ્યા, પરંતુ જયરામભાઈ સહિતના સહકારી ક્ષેત્રના અનેક આગેવાનો જેમાં દિલીપભાઈ પણ સામેલ હતા તેઓએ વારંવાર માનનીય મુખ્ય મંત્રીશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી અને માનનીય સહકાર મંત્રીશ્રીઓને કહ્યું હતું કે આ વૈદ્યનાથન કમિટીનો અહેવાલ સ્વીકારો અને આ બિલ લાવો, પરંતુ આ અહેવાલ સ્વીકારે તો ૧૨૦૦ કરોડ રૂપિયા તો મળે પરંતુ તેની જે પ્રી કન્ડીશન હતી જેમ માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ કહ્યું તેમ આ અંગેનું બિલ લાવવું પડે, અને આ પ્રી કન્ડીશનનો અમલ કરીને બિલ લાવે તો પરિસ્થિતિ એવી થાય કે પાછલે બારણેથી જે લોકોએ આ પ્રવૃત્તિ કરવી હતી તે થઈ શકે નહીં. આ ગુજરાતમાં કેવી પ્રવૃત્તિ થઈ છે સહકારી ક્ષેત્રમાં તે આપણે બધા જાણીએ છીએ. એક સહકારી સંસ્થા, માતબર સહકારી સંસ્થાની ચૂંટણીની મુદત આવી જાય, અને તારીખ ન અપાય, ચૂંટણી કરવાની તારીખ માટે જે લોકો રાજકીય રીતે સરકારના વિરોધમાં બેસતા હોય તેમને હાઈકોર્ટમાં જવું પડે, હમણાં અમારા માનનીય નેતાશ્રીએ કહ્યું તેમ હાઈકોર્ટમાં કરોડો રૂપિયાના બિલો બને, અને માનનીય અધ્યક્ષશ્રી, જો તારીખ આવી હોય તો કોઈપણ કારણસર તે તારીખ કેમ પાછી લઈ જવી, અને કેવી રીતે ચૂંટણી લાવવી તે પણ થતું હતું. જે લોકો સરકારની સાથે હોય તેનો તમામ પ્રકારનો બચાવ થાય અને જે લોકો સરકારની સામે હોય અને જે આ સરકારી પ્રવૃત્તિના ભિષ્મપિતામઃ હોય તેવા લોકોની ઉપર એક યા બીજા કેસો થતા રહે, એમ અહીં સહકારી પ્રવૃત્તિઓમાં એટલો બધો ભ્રષ્ટાચાર થયો અને તેના જે આરોપીઓ હતા તે સરકાર સાથે સંકળાયેલા લોકો • (xxxxx) માં જાય, અને બીજી રીતે તેને જામીન મળે તેવી પ્રવૃત્તિ થાય પણ જે લોકો સારી પ્રવૃત્તિ કરતા હોય તેના ઉપર...

**શ્રી વજુભાઈ વાળા** : આમાં રીલેવન્ટ શું છે?

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : આ રીલેવન્ટ જ છે. આ રીફોર્મ બિલ છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ (xxxxx) ની વાત કરી એ આ ચર્ચામાં કયાંથી આવે તેથી એને કાઢી નાખવામાં આવે.

**અધ્યક્ષશ્રી** : (xxxxx) શબ્દ કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવે છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અર્જુનભાઈ, જૂના મુદ્દા રજૂ કરવાના બદલે આજના મુદ્દા રજૂ કરોને?

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, આપ શરૂ કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : પાંચ હજાર કરોડ રૂપિયાનો ભ્રષ્ટાચાર કરનારાઓ આજે ખુલ્લા ફરે છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, આપ બિલની મર્યાદામાં રહીને જ બોલો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : રીફોર્મ બિલ લઈને આવ્યા હોત તો સહકારી પ્રવૃત્તિમાં સરકારનો હસ્તક્ષેપ ઓછો થાય તો જ આ વૈદ્યનાથન કમિટીના અહેવાલ પ્રમાણેની રકમ મંડળીઓને ચૂકવાય. જો આપણે આ બિલ ત્રણ વર્ષ પહેલા લાવ્યા હોત તો ૧૨૦૦ કરોડ રૂપિયા કયારનાય મંડળીઓને મળી ગયા હોત. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ કહ્યું કે મોડું થશે પરંતુ પાછલે બારણે જે પ્રવૃત્તિ કરવી હતી એ ન થઈ હોત. આ રકમ ત્રણ વર્ષ પહેલા મળવાની હતી એ રકમ આજે મળે છે.

કઈ પ્રકારની સહકારી પ્રવૃત્તિમાં હસ્તક્ષેપ થાય છે એ આપને કહેવા માગું છું. એશિયાની શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ દૂધને લગતી સંસ્થા છે એની વાત હું કરુ છું. (અંતરાય) આ વૈદ્યનાથન કમિટીને લગતી જ વાત છે. રીફોર્મ ન થયું એના લીધે ગુજરાતની સહકારી પ્રવૃત્તિએ કેવા પરિણામો ભોગવ્યા છે એની વાત હું સભાગૃહને કરવા માગું છું. એશિયાની શ્રેષ્ઠ દૂધ સંસ્થા છે એના ચેરમેન કોંગ્રેસ સાથે સંકળાયેલા હતા એની સામે કેસ કર્યા, એણે ખોટી ભરતી કરી એના લીધે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા અને જેવા એ ભારતીય જનતા પક્ષમાં જોડાયા એટલે દૂધે ધોયેલા થઈ ગયા, એટલું જ નહિ એને ધારાસભાની ટિકિટ આપવામાં આવી.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈએ બિલ સિવાયના બીજા મુદ્દા ઉપર શરૂઆત કરી છે. તેથી અમારા સભ્યશ્રીઓ પણ બોલશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અર્જુનભાઈ ઈરીલેવન્ટ ચર્ચા કરે છે એમ ન કહી શકાય. પેટા કલમમાં સુધારા અંગેની વાત કરે છે, નાબાર્ડે પણ સહકારી પ્રવૃત્તિ કેમ સુદ્રઢ બને એ અંગેની વાત કરી છે. એ પ્રમાણે માનનીય સભ્યશ્રી દાખલા આપે અને એ મને વાગે એવા દાખલા છે એટલે વાંધા કાઢવા એ બરાબર નાથી.

**શ્રી વજુભાઈ વાળા** : અર્બનની વાત આમાં નથી. સહકારી પ્રવૃત્તિમાં સુધારાની વાત છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ ચર્ચાની શરૂઆત કરતી વખતે રીલેવન્ટ હતા. તેઓને સરકારની ટીકા કરવાનો અધિકાર છે એમાં હું વચ્ચે નથી આવતો પરંતુ આ બિલની મર્યાદા છે. વૈદ્યનાથન કમિટી ઉપર અને જે બિલ લઈને આવ્યા છે એની મર્યાદામાં રહીને માનનીય સભ્યશ્રી સારી રીતે બોલી શકે છે. તેથી તેઓ બીજા વિષય ઉપર ન જાય એટલી જ મારી વિનંતી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : રીફોર્મ ન લઈ આવ્યા એટલે કેવો હસ્તક્ષેપ થયો. (અંતરાય) મેં આ ખાનગી વાત નથી કરી ગુજરાતની પ્રજા જાણે છે, આપ પણ સારી રીતે જાણો છો. માનનીય મંત્રીશ્રી દિલીપભાઈ

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

નહોતા જાણતા એટલે હું કહું છું. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી આ બાબતના ઓપરેશનમાં માહીર છે. માનનીય દિલીપભાઈને ખબર નહોતી એટલા માટે કહી રહ્યો છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, આપના ત્યાં જ્યારે આવ્યા હશે ત્યારે દૂધે ધોવાઈને આવ્યા હશે ને ?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપે આ રોલ નહિ ભજવવો જોઈએ.

**અધ્યક્ષશ્રી** : આપ ટીકામાં જાઓ છો, એટલે કહું છું. આ બિલની ચર્ચાની શરૂઆત કરી, એમાં શકિતસિંહે પ્રણાલિકા પાડવાની શરૂઆત કરી એ વાતને આગળ લઈ જઈએ તો તમારુ માર્ગદર્શન સહકાર વિભાગને મળશે. સહકારના તમે ખૂબ જાણકાર છો. અભ્યાસુ છો, એટલે વિષય ઉપર બોલો. હું વિષયમાં આપને કયારેય ખલેલ પહોંચાડવા માગતો નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું સહકાર વિશે જ બોલ્યો છું. સહકારી બિલ વિશે જ બોલ્યો છું. ઈન્ડસ્ટ્રીઝ કે સુજલામ્-સુફલામ્ વિશે નથી બોલતો. આ મુદ્દાની સાથે જ વાત કરું છું.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, કેરી ઑન. (અંતરાય) નીતિનભાઈ, તેમની વાતને પૂરી કરવા દો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મેં કહ્યું તેમ દિલીપભાઈને આ પૂણ્ય કમાવવાનો અવસર આપવા બદલ આપે તો માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો આભાર માનવો જોઈએ કે ત્રણ વર્ષ સુધી આ બિલને અહીં આવવા દીધું નહીં, નહીં તો આ બિલ તો ત્રણ વર્ષ પહેલાં આવી ગયું હોત અને આપ બહાર હતા, સહકારી પ્રવૃત્તિના નિષ્ણાત છો અને આપ આ યોજનાનો લાભ ત્રણ વર્ષ પહેલાં આપના જે ખેડૂતો છે, લાભાર્થીઓ છે તેને આપી શક્યા હોત, પણ ન આપવા દેવામાં આવ્યો અને જ્યારે વટહુકમની જાહેરાત કરી ત્યારે જાણે ગુજરાતના ખેડૂતોનું વ્યાજ માફ કરી દેવાનું હોય અને ૧૨૦૦ કરોડ રૂપિયા ખેડૂતોને સીધા રાહત કરવાના હોય, તેમાં ન યુ.પી.એ. સરકાર આવી, ન બીજું કંઈ આવ્યું. પણ સત્ય આખરે બહાર આવે છે અને સત્ય બહાર આવ્યું. એ આ બિલ છે અને આ બિલને અમે ખરેખર આવકાર આપીએ છીએ. પણ સાથે આપના મારફત ટ્રેઝરી બેંચને એ વિનંતી કરવા માગીએ છીએ કે આમાં હજી એવા કલોઝીસ છે કે રજિસ્ટ્રાર અને સરકારે ઘણાં બધા પાવર્સ પોતાની પાસે રાખ્યા છે. એ ડાયલ્યુટ કર્યા હોત તો સહકારી પ્રવૃત્તિમાં માનનીય મંત્રીશ્રી તો છે જ. આ સ્વાયત્ત બોડીની આપણી કલ્પના છે કે આ સહકારી માળખું છે એ પોતાના પગ ઉપર ઉભું રહે અને સરકારના આધારિત પણ ન બને અને સરકારની ગુલામ પણ ન બને. એ બે દિશાના ધ્યેયો છે એ ધ્યેય ખરેખર આપણે પ્રાપ્ત કરી શક્યા હોત અને તો આપણી અહીંની સહકારી સંસ્થાઓ છે એ માત્ર આ રાજયના સીમાડા નહીં, આ દેશના સીમાડા નહીં પણ દેશના સીમાડાની બહાર જઈ શકે એવી ક્ષમતા પડેલી છે અને આવી ક્ષમતાવાળી જે સહકારી પ્રવૃત્તિઓ છે તેના પ્રતિનિધિઓ તો અહીં પણ બેઠાં છે. રામસિંહભાઈ બેઠાં છે. અમૂલ બ્રાન્ડ જ્યાંથી શરૂ થઈ, એ અમૂલ બ્રાન્ડ આજે વૈશ્વિક બ્રાન્ડ એટલા માટે બની ચૂકી છે. ડો. કુરિયન જેવા એક મહામાનવનો તેને સહકાર મળ્યો. તેણે એક એવું સ્વપ્ન જોયું કે ગુજરાતના ખેડૂતની પ્રોડકટ છે એ ગુજરાતના સીમાડાની બહાર જાય. દેશ સુધી પહોંચે. આજે વિશ્વ સુધી પહોંચવાની ક્ષમતા એમાં આવી છે. આજે ગુજરાતની ડેરીઓ છે એ દેશના સીમાડાઓ સુધી પહોંચી છે. આવું બિલ લાવીને જે મલ્ટી સ્ટેટ કો-ઓપરેટીવની કલ્પના કરી હતી અને વૈદ્યનાથન્ કમિટીના અહેવાલની અંદર જે પૂર્વશરત હતી કે એને કોઈની મંજૂરીની જરૂર નહીં. જે સક્ષમ સંસ્થાઓ છે એ મુંબઈમાં પણ પોતાની બ્રાન્ચ ખોલી શકે. દિલ્હીમાં પણ ખોલી શકે અને દિલ્હીમાં બ્રાન્ચ ખોલવી હોય તો સરકારની દયા ઉપર નહીં, પરંતુ એ મંડળીના એ કો-ઓપરેટીવના પ્રતિનિધિઓ છે તેને એમ લાગે કે અમારા બધાના હિતમાં ત્યાં જવું છે. તો તેનાથી આ સહકારી પ્રવૃત્તિનો વિકાસ થઈ શકે અને આવનારા દિવસો છે તેમાં આ જે મલ્ટીનેશનલ કંપનીઓ આવે છે તેની સાથે કોમ્પીટ કરી શકે એ પ્રકારનું તેને વહીવટી માળખું આપવાની જરૂર હતી, જરૂર છે, પરંતુ આમાં થોડી કચાશ રહી છે. અમારા માનનીય નેતાશ્રીએ કહ્યું તે પ્રમાણે જો થોડીક તક અપાઈ હોત તો તેમાં આ પ્રકારના સુધારા રજૂ કરીને એક મોનીટરીંગ ઓથોરિટી ઈન્ડીપેન્ડન્ટલી બને, સરકારથી જુદી અને જે રીતે TRAI છે, જે રીતે આપણાં વીજળીના ભાવ નિયમન કરવા માટેનું પણ કમિશન છે એ પ્રકારનું કમિશન બનીને તેનું નિયમન કરે એ પ્રકારની વ્યવસ્થા લાવવાની જરૂર હતી જેનો આમાં અભાવ છે અને હું આપના મારફત માનનીય માનનીય મંત્રીશ્રીને વિનંતી કરીશ કે આવતી વખતે ગુજરાતનું જે સહકારી માળખું છે, સહકારી કાનૂન છે એ વિશ્વના શ્રેષ્ઠ સહકારી કાનૂનની બરોબરી કરી શકે એવા કાનૂન સાથેનું સુધારા વિધેયક ફરી પાછું લઈ આવે એવી વિનંતી સાથે આ જે બિલ લાવ્યા છે તેને હું આવકારું છું.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા)** : માનનીય અધ્યક્ષશ્રી, સહકાર મંત્રીશ્રી સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૧ ગુજરાત સહકારી મંડળી વિધેયક લઈને આવ્યા છે એને આવકારવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ પ્રાથમિક કૃષિ સહકારી મંડળી હોય, મધ્યસ્થ સહકારી બૅન્ક હોય, રાજય સહકારી બૅન્ક હોય એ ખેતી ઉપર અવલંબિત હોય છે. જો દુષ્કાળ પડે અને ખેડૂતે જે લોન અને ધિરાણ લીધું હોય એ, એ વખતે ભરી ન શકે તો ઘણી પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓ છે એ વસૂલાત કરી શકતી હોતી નથી અને એને કારણે કેટલીય પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓ નબળી પડી છે. એની અસર જિલ્લા મધ્યસ્થ સહકારી બૅન્કો ઉપર પડતી હોય છે અને એને કારણે કેટલીય નબળી બૅન્કો થઈ છે. વૈધનાથ કમિટીએ શરત મૂકી છે. એ ગ્રેડ, બી ગ્રેડ, સી ગ્રેડ એમાં એ - ગ્રેડમાં જે ૫૦ કરતાં વધુ વસૂલાત કરે એને સીધું ધિરાણ આપવાનું. બી - ગ્રેડ હોય એને વસૂલાતના ૧/૩ પહેલા આપવાના, એના પછી બીજી વસૂલાત આવે એટલે એના ૨/૩ આપવાના અને પછી સી -

ગ્રેડને ધિરાણ આપવાનું નક્કી કર્યું છે અને છેલ્લા ૬ વર્ષથી સારો વરસાદ આવવાના કારણે ખેતીમાં આવક વધી છે, ખેડૂતોની આવકો વધી છે. પણ અસમતુલાના કારણે કેટલીય પ્રાથમિક કૃષિ મંડળીઓ નબળી પડી છે. એ નબળી ન પડે અને સુદૃઢ બને એના માટે વૈધનાથ કમિટીએ આપણને પ્રોત્સાહિત કરવા માટે સહાયનું પૅકૅજ આપ્યું છે. એના કારણે પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓ સુદૃઢ બને.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું, વૈધનાથ કમિટીએ એ પણ કહ્યું છે કે, ૨૫ ટકાથી વધુ સરકારની સહાય ન હોવી જોઈએ. જિલ્લા મધ્યસ્થ સહકારી બૅન્ક અને રાજય સહકારી બૅન્કમાં ૨, ૩ પ્રતિનિધિઓ હતા એના બદલે ૧ પ્રતિનિધિ રાખવાનું પણ એણે સૂચન કર્યું છે. બીજી બાબત સારી એ છે કે, જે ધિરાણ લેતા હોય, થાપણ મૂકતા હોય એને ફરજિયાત સભાસદ બનાવવા પડે. કેટલીક મંડળીઓ દ્વારા સભાસદની રીતે ધિરાણ આપવામાં આવતું હતું પણ એને સભાસદના કોઈ અધિકાર મળતા ન હતા એના માટે આ સૂચન કર્યું છે. સહકારી કૃષિ માળખાને નાણાકીય રીતે સુદૃઢ બનાવવા માટે આ એક ઉત્તમ પગલું છે અને આ સુધારાથી નાબાર્ડ અને રિઝર્વ બૅન્કનું માર્ગદર્શન રહેશે. આમાં બીજી વાત એ છે કે, જે પ્રાથમિક કૃષિ મંડળીઓ હોય એણે પહેલાં મધ્યસ્થ સહકારી બૅન્ક પાસે ફરજિયાત ધિરાણ લેવું પડતું હતું. એને આમાંથી મુકત કરવામાં આવ્યું છે, ત્રિસ્તરીય માળખામાંથી આ ક્ષેત્રને મુક્ત કરવામાં આવ્યું છે. નાબાર્ડ કે બીજી બૅન્કો પાસેથી ધિરાણ લઈ શકો. એને કારણે કૃષિ મંડળીઓનો વિકાસ થશે. આ સુધારાથી સહકારી માળખું મજબૂત બનશે. સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ વાત કરી અને અમારા સહકાર મંત્રીશ્રીને ધન્યવાદ આપ્યા કે, પહેલા દિવસે આ સુધારા વિધેયક લાવ્યા અને ૮૦૦૦ સહકારી મંડળીઓને મજબૂત કરવાની પ્રક્રિયા હેઠળ સરકાર આગળ વધી રહી છે. અને એમણે એમ કીધું કે અમે ત્રણ વર્ષથી આ વૈધનાથન કમિટીનો અમલ કરવા માટે સૂચન કરતા હતા. હું ૧૯૯૫થી આ સભાગૃહનો મેમ્બર છું પણ કોઈ વખત એમણે ગૃહમાં વાત કરી નથી. કોઈ જગ્યાએ લેખિત આપ્યું નથી. લોકોને * (xxxxx) લેવા માટે અહીં માઇકનો ઉપયોગ કરવો છે. સુદ્રઢ માળખું બને એના માટે તાલીમ, કલાસીસ લેવા અધિકારીઓ દ્વારા કલાસીસ ચલાવી સાત થી આઠ હજાર જેવા કર્મચારીઓને આનાથી માર્ગદર્શન આપીને કેમ સહકારી પ્રવૃત્તિઓ વેગવાન બને, એક તો સહકારી પ્રવૃત્તિને મજબૂત કરવાનું આ જ્યારે વિધેયક આવ્યું હોય ત્યારે રાજયનો હસ્તક્ષેપ ઓછો રાજય સરકાર કરવા માગતી હોય ત્યારે એમના મનમાં શું ખૂંચે છે એ મને ખબર પડતી નથી અને લોકશાહીનું રક્ષણ કેવું કરતા હોય છે એ અમે ૯૮માં જોયું છે. લોકશાહીનું રક્ષણ કેવું થયું હતું અહીં આ સભામાં માઈકો .ઊલળ્યા હતા અને એ રીતે લોકશાહીનું રક્ષણ અમે જોયું છે.

**શ્રી અધ્યક્ષશ્રી** : નારણભાઈ, માનનીય સભ્યશ્રી નારણભાઈ, આપ વિષયની બહાર ન જાવ, વિષય ઉપર જ બોલો, તમારા (xxxxx) આ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે એમણે કહ્યું કે આ અધુરું છે પણ ધીરેધીરે સુધારાની શરૂઆત છે. આ તો હજી પણ ઘણા સુધારા આવવાના છે પણ હું મહેરબાની કરીને એક સૂચન કરુ છું કે મહેસાણા જિલ્લા સહકારી બૅન્ક કોઈપણ મંડળીને સભાસદ નથી બનાવતી અને અહીં તો લખ્યું છે વૈદ્યનાથન કમિટીમાં કે ધિરાણ લેનાર થાપણો મૂકનાર સહકારી મંડળીને ફરજિયાત સભાસદ બનાવવામાં આવશે તો મારું સહકાર મંત્રીશ્રીને સૂચન છે કે આ અંગે મહેસાણા જિલ્લા મધ્યસ્થ સહકારી બૅન્ક સભાસદ ન ધરાવતી હોય તો એના ઉપર કાયદેસર રક્ષણ આપવાની જવાબદારી સહકાર મંત્રીની છે અને આ બિલ લઈને આવ્યા છે એને હું આવકારુ છું અને એનાથી નવી ક્રાંતિ થઈ શકશે.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી (ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, આખા સહકારી માળખનું સુદૃઢ રીતે આયોજન થાય તે માટે પ્રોફૅસર વૈજનાથન કમિટીના અહેવાલને અનુસરીને રાજય સરકાર ભલામણ કરે અને ભારત સરકાર એ ભલામણને સ્વીકારે એ બદલ હું ભારત સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપુ છું. ગુજરાત સહકારી માળખાની અંદર નંબર વન હતું. આજે મારે એ કહેવું પડે છે કે આમાં ભારત સરકારે ગ્રાન્ટ આપી અને આને મજબૂત કરવું જોઈએ, એનું રીસ્ટ્રકચરીંગ કરવું જોઈએ, એ કરવા માટેનો કયા કારણસર આ પ્રશ્ન ઉપસ્થિત થયો ( અંતરાય ) એના છેલ્લા ૧૦ વર્ષના ઇતિહાસમાં જઈએ, પાછળના ઇતિહાસમાં ના જઈએ તો સહકારી માળખાની અંદર જે રીતે રોજ પેપરમાં વાંચીએ છીએ કે આજે ફલાણા ડિરેક્ટરની ધરપકડ થઈ, કેતન પારેખ ૧૦૦ કરોડ લઈ ગયા,ફલાણા ભાઈ આટલા રુપિયા લઈ ગયા, આજે આના ડિરેક્ટર છ-છ વર્ષથી જેલમાં છે, કોઈ જામીન થતું નથી, કોઈ જામીન મળતા નથી, આજે ધીરેધીરે આ બધી સહકારી મંડળીઓ, મધ્યસ્થ બૅન્કો, જિલ્લા મધ્યસ્થ બૅન્કો અને રાજયની બધી બૅન્કો ધીરેધીરે ખોટ તરફ પરિણમી અને એના કારણે જે થાપણદારો હતા... જેમણે વિશ્વાસ રાખીને પોતાની થાપણો મૂકી છે એ થાપણદારો પણ પોતાનો વિશ્વાસ ડગાવી ચૂક્યા છે અને બીજી અસર એવી થઈ કે જે ધિરાણ લેનાર લોકો હતા એ લોકોની માન્યતા એવી થઈ કે આટલા મોટા મોટા લોકો ધિરાણ લઈ જાય છે અને પાછું આપતા નથી તો આપણે પણ લોન લઈ શા માટે પાછા આપીએ? એટલે આ બધી સહકારી મંડળીઓ, મધ્યસ્થ બેંકો ખોટમાં જતી રહી. કેન્દ્ર સરકારે ધાર્યું હોત તો લોનના પૈસા આપી શકી હોત પરંતુ એના બદલે ગ્રાન્ટ આપી. ગ્રાન્ટ એટલા માટે આપી કે અહીંનું સહકારી માળખું ગ્રામ્ય કક્ષાએ નાના ખેડૂતો સુધી અસર કરે છે. આથી લોન નહીં પરંતુ ગ્રાન્ટના આધારે પૈસા ફાળવીએ. આ બિલ મેં વાંચ્યું. એની અંદર માની લો કે મોટી

* (XXXXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

બેંકો છે જ્યાં કૌભાંડોનો મોટો સ્કોપ રહેલો છે એ બેંકોને કન્ટ્રોલ કરવા માટે રિઝર્વ બેંક સુધી સત્તા આપી છે. આ જ રીતે મોટા કદની મંડળીઓ છે જેમાં રાજય સરકાર ઈન્વોલ્વ થઈને એ મંડળીને એમ કહે કે તમારે આને જ મત આપવો પડશે નહિતર મંડળીને કૅન્સલ કરી દઈશું, ખતમ કરી દઈશું. ડરના માર્યા મેનેજમેન્ટના માણસો સરકાર કહે એ જ બેંકના ડિરેકટર ચૂંટીને મોકલે છે. સરકારનું ઈન્વોલ્વમેન્ટ થાય એટલે રજિસ્ટ્રારને સત્તા આપી છે. મારો સુધારો આ સભાગૃહ મૂકું છું કે મોટા કદની ધિરાણ મંડળીઓ છે એને પણ રિઝર્વ બેંક સાથે કનૅક્શન આપી દેવું જોઈએ અને એ એનો કન્ટ્રોલ કરે. આમાં રાજ્ય સરકારનું ઈન્વોલ્વમેન્ટ ન હોવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, કેટલીક બેંકો, સહકારી મંડળીઓ પોતાના સ્વભંડોળથી ધિરાણ કરતી હોય છે. એનો આમાં સમાવેશ કરવામાં આવ્યો નથી. સ્વભંડોળથી ચાલતી સહકારી મંડળીઓને મજબૂત કરવી હોય તો એનો પણ આમાં સમાવેશ કરવો જોઈએ. એ લોકોને પણ આ પૅકૅજના ભાગરૂપે એનો લાભ આપવો જોઈએ. આમાં આપણે કલમ ૮૧(ક) છે એમાં ધિરાણ ન કરતી અને કરતી સહકારી મંડળીઓનો ઉલ્લેખ છે. ધિરાણ કરતી મંડળીઓ બેંકમાંથી લોન લે છે. ખેડૂતોના વીમાની વાત કરીએ તો લોન લીધી હોય તો જ ખેડૂતોને વીમો મળે છે. બીજાને નુકસાન નથી જતું? એને વીમો નથી આપતા. બેંકોને પૈસા આપવાના અને ખેડૂતો ભૂલી ગયા હોય ત્યારે સગાવાદનો લાભ લઈ સગાઓને લાભ મળે એવું છે. આમાં સુધારો લાવવાની જરૂર છે. એટલા માટે મારા આ સુધારાઓ સૂચવું છું. મને વિશ્વાસ છે કે મારા સુધારા સ્વીકારાશે. આટલી વાત કરી મારી વાત પૂરી કરું છું.

**શ્રી બાબુભાઈ જ. પટેલ(દસકોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સહકાર મંત્રીશ્રી ગુજરાત સહકારી મંડળી (સુધારા) બિલ લઈને આવ્યા છે એને હું અનુમોદન આપું છું.

સમગ્ર દેશમાં ગુજરાત સરકારનું વહીવટી તંત્ર આગવી નામના ધરાવે છે. જે સંસ્થાઓ, જે ગ્રામ્ય સહકારી મંડળીઓ કે જેમાં ખેડૂતો સભાસદ હોય છે એ સંસ્થાઓની સ્થાપના અને સંચાલન સહકારી કાયદા અનુસાર થતું. ૩૦-૪૦ વર્ષ પહેલા જૂના લોકો દ્વારા ખૂબ સારો વહીવટ થતો હતો. પરંતુ તંત્રમાં ખોટા માણસો અંદર ઘુસી ગયા પછી એમણે એમના સગાવ્હાલાને અને પોતાના માણસોને કેવી રીતે લાભ મળે એની જ ચિંતા કરી. જ્યારે આ ભારતીય જનતા પક્ષની સરકાર બની ત્યારે સહકારનું અડધું તંત્ર સડી ગયેલું હતું, ખાડે ગયેલ હતું, એને ઉધઈ લાગેલી હતી. મારે વાત કરવી છે કે, સામેની પાટલીવાળા વાત કરે છે કે બેંકોમાં આમ થાય છે. જે ખાધા છે એમાં ૮૦ ટકા કોંગ્રેસીઓ છે. હું નામ સાથે વાત કહેવા તૈયાર છું. એના લીધે આજે થાપણદારો જોખમમાં મુકાઈ ગયા છે. શેરના પૈસા પણ મળી શકતા નથી. બેંકો પણ ફડચામાં ગઈ છે. (પ્રવચન અધૂરું)

**(વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૩૦)**
**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું વાત કરી રહ્યો હતો સહકારી માળખાની શું દુર્દશા કરી એની અને એમણે બેંકોની જે ગામડામાં રહેનારી બહેનો, વિધવા બહેનો એને ભેગા કરેલા પૈસા બેંકમાં મૂક્યા. રિટાયર થયેલો શિક્ષક જે કોઈને પૈસા ના આપે એણે પૈસા બેંકમાં મૂકયા અને આટલો બધો વિશ્વાસ સહકારી માળખાનો હતો. મેં હમણાં વાત કરી જયરામભાઈની, જયરામભાઈ એ સંસ્કારના હતા, પણ સંસ્કાર સાથે સહકારના હતા. એમની સાથે સંસ્કાર અને સહકાર હતો. જ્યારે આજે તો બેંકોમાં ઉચાપત થાય અને એમાં પણ આ ગામડાની બહેનો પૈસા લેવા નીકળી હોત એ બહેનો પૈસા વીનાના રહ્યાં હોત. મારે લાખ લાખ અભિનંદન મુખ્યમંત્રીશ્રીને આપવા છે કે જેમણે એક લાખ રૂપિયા સુધી પૈસા બધા લોકોને આપવા માટે આ બિલ લાવવાની જરૂર પડી છે અને આવા સમયે જ્યારે ખેડૂતની પરિસ્થિતિ, ખેડૂત સાથે સંકળાયેલ સહકારી બેંકો અને સહકારી ક્ષેત્રને બળવતર કરવા માટે આ ગુજરાત સરકાર દ્વારા વૈદ્યનાથન કમિટીના પૅકૅજ અન્વયે કરવામાં આવેલ અહેવાલના કાયદાકીય સુધારણા, કેવા સુધારા થયા. જે આપણને એમ થાય કે આ સુધારા પહેલાની વાત કરીએ તો બેંકની અંદર ત્રણ પ્રતિનિધિ, આપણે ગમે એટલી મહેનત કરી હોય, ગમે એટલો પસીનો પાડ્યો હોય પણ કોંગ્રેસના ત્રણ પ્રતિનિધિ બેંકનો કબજો કરતા હતા અને આજે એક પ્રતિનિધિ રાખ્યો છે. હું આ સરકારને બિરદાવું છું એક પ્રતિનિધિ રાખ્યો તે બદલ અને તેમને અભિનંદન આપું છું.

બીજી વાત કરીએ તો અત્યાર સુધી ધિરાણ લેનારી ગામડાના મંડળી ધિરાણ લેતી હતી અને એ ધિરાણ લેનારની કોઈ સભ્ય બનાવવાની વ્યવસ્થા હતી નહિ. આજે આ નવા સુધારાથી ધિરાણ લેનારને ફરજિયાત એ મંડળીના સભ્ય બનાવવાનું નક્કી થવા બદલ એમને હું અભિનંદન આપું છું. ૧૫ ટકા ડિવિડન્ડની મર્યાદા પણ નક્કી કરી, આવો કાયદામાં ફેરફાર થયો છે. કૃષિ ધિરાણ કરવામાં કેટલા નિયંત્રણો હતા એના ઉપરવટ જઈ નાણાકીય આંતર વહીવટી સ્વતંત્રતા પૂરી પાડવાની આ સંસ્થાઓને નાની નાની સહકારી મંડળીઓને સેવા આપી. બીજી વાત કરીએ તો એક તો સરકારને અભિનંદન એના માટે આપું છું કે ચૂંટણીમાં મત આપવા માટે સોસાયટીની અંદર જે મુદત વીતી લોકોએ પૈસા ના ભર્યા હોય એ મતદાન ના કરી શકે. આવા કામની જોઈ કોઈ હિંમત કરતું હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકાર જ કરી શકે, બાકી કોઈ ના કરી શકે. સહકારી ક્ષેત્રે ધિરાણ માળખાની સંસ્થામાં તેમના ફંડનું આર.બી.આઈ.એ નક્કી કરેલ માળખાકીય મુજબની નીતિને આધીન કરી શકશે અને આ જ્યારે આર્થિક મદદ થઈ શકશે ત્યારે કૃષિ ધિરાણ માળખું સંસ્થાઓનું વધુ કાર્યક્ષમ અને પારદર્શક બને તેમજ સેલ્ફ, હેલ્થ અને ગુડસમાં પણ સહકારી ધિરાણ માળખામાં સભ્યપદ પ્રાપ્ત થાય તે જ સારા હેતુથી આ

ધિરાણથી હજારો અને લાખો ખેડૂતોને ફાયદો થવાનો છે એવો એમને વિશ્વાસ બેસવાનો છે. સરકાર જે કામ કરી રહી છે એ ખરેખર સંસ્કાર સાથે સહકારનું કામ કરવાનું છે. છેલ્લે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ અને માનનીય સહકાર મંત્રીશ્રી અને ભૂતપૂર્વ સહકારમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા ગુજરાતના સહકારી માળખાને સુદૃઢ બનાવીને રાજ્ય સરકારની કૃષિ ઉત્પાદન ક્ષમતા વધારવાના પ્રયાસો ગુજરાતના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે આવું કામ કરતી ગુજરાત સરકારને લાખો અભિનંદન આપું છું અને આવકારું છું.

**શ્રી બ્રિજરાજસિંહ હે. જાડેજા(જામજોધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, વૈદ્યનાથન કમિશન સહકારી કાયદા મંડળી સુધારા અંગેનું જે બિલ આવ્યું છે એ બાબતે હું આપનું ધ્યાન દોરવા માગું છું. ઘણાં સારાં સૂચનો છે. સહકારી મંડળીઓને સ્વતંત્રતા પણ મળે છે. આ બિલ વહેલું પાસ કરવું જોઈતું હતું. આગળના ઘણા બધા માનનીય સભ્યશ્રીઓએ જે વાત કરી કે આ વહેલું પાસ કરવું જોઈતું હતું પણ ચૂંટણીની આચારસંહિતાના હિસાબે મોડું થયું છે પણ એમાં ઘણા સુધારા કરવાની જરૂર છે એ તરફ આપનું ધ્યાન દોરું છું. માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે સહકારી મંડળીઓમાં જે સભાસદો છે એ ખેતી કરતા ખેડૂતોને ધિરાણ જે આપે છે એની જે સ્વતંત્રતા માટે જે પોતે ધિરાણ કરે છે. જે રાષ્ટ્રીય કૃત બૅન્કો છે એ સારા ખેડૂતોને ધિરાણ કરે છે જ્યારે સહકારી મંડળીઓ છે એ કોઈ પણ ખેડૂતને ધિરાણ કરે છે એના લીધે જે એન.પી.એ. જે વધી ગયું છે એના માટે કેન્દ્ર સરકાર તરફથી આ નવું પૅકેજ આવ્યું છે અને ગુજરાત સરકારને બારસો કરોડ રૂપિયા મળવાના છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આ જે નબળી મંડળીઓ ફડચામાં જાય એવી છે એ મંડળીઓ સો ટકા સદ્ધર થઈ જવાની છે. ક્યાંક ક્યાંક કિન્નાખોરીનો મંડળીઓ ભોગ બને છે. એ જે વાત થઈ,ખરેખર એ વાત સાચી છે એટલે જ વૈદ્યનાથ કમિટીએ સૂચન કર્યુ છે કે, જે મંડળીઓએ જ્યાં જવું હોય એ પોતે સ્વતંત્ર રીતે રાષ્ટ્રીયકૃત બૅન્કોમાં પણ પોતે ધિરાણ મેળવી શકશે, સહકારી બૅન્કોમાં ધિરાણ મેળવી શકશે, એને જ્યાં અનુકૂળતા હોય ત્યાં એ ધિરાણ મેળવી શકશે. જેથી કરીને જ્યાં પોતાને અનુકૂળતા ન હોય એ પણ સુધારો કરી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, એમાં મારે એ ધ્યાન દોરવાનું છે કે, વૈદ્યનાથ કમિટીનાં ઘણાં સૂચનો છે, એમાં ખાસ કરીને જે ઉંમરની મર્યાદા છે, ૬૫ વર્ષની મર્યાદા છે એ ખરેખર ન હોવી જોઈએ. કેમ કે, આજે ધારાસભ્ય, સંસદસભ્ય પણ ગમે ત્યાં સુધી ચૂંટણી લડી શકતા હોય અને જે સહકારી કાયદો છે એમાં સહકારી સંસ્થા છે એમાં વયમર્યાદા ન હોવી જોઈએ. બીજું એવું છે કે, બે સંસ્થામાં પણ ન હોવા જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, સહકારી ક્ષેત્રે જોડાયેલા માણસો હોય છે એ ખેડૂતો હોય એ દરેક સંસ્થામાં દૂધ મંડળી, આદિવાસી મંડળીમાં પણ હોય જ્યાં જ્યાં એનું યોગદાન હોય, ભલે એ બે જગ્યાએ ચૂંટણી ન લડી શકે, બે જગ્યાએ મતદાન ન કરી શકે પણ ક્યાંક પોતે સભ્ય હોય અને અહીંથી એનું સભ્ય પદ રદ થાય એ સુધારો કરવા લાયક છે. માનનીય અધ્યક્ષશ્રી, જે વૈદ્યનાથ કમિટીએ જે સૂચન કર્યુ છે કે, ગ્રેજ્યુએટ જ સહકારી ચૂંટણી લડી શકે. માનનીય અધ્યક્ષશ્રી, માણસનો આ એક સ્વતંત્રતાનો જે બંધારણીય અધિકાર છે એ હણાય એવું લાગે છે. આમાં ગ્રૅજ્યુએટને લઈ આવ્યા છે. તો આમાં સાચા સહકારી કાર્યકર્તાને અન્યાય થશે. ચૂંટણીમાં બધાને સત્તા આપવી જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, જે બારસો કરોડની વાત થઈ એમાં ખાસ સુધારો કરવાની એ જરૂર છે કે, કેન્દ્ર સરકાર તરફથી જે ખેડૂતોને સાત ટકા વ્યાજની ધિરાણ નીતિ છે, એમાં કેન્દ્ર સરકારની બે ટકા સબસિડીની ધિરાણ નીતિ છે એમાં કેન્દ્ર સરકારે જે બે ટકા સબસિડી આપવાની જાહેરાત કરી છે તો રાજય સરકાર પણ આવું વિચારે કે, વહેલામાં વહેલી તકે બે ટકા સબસિડી, કેમ કે, નાબાર્ડની ગાઈડ લાઈન પ્રમાણે જો તમે ધિરાણ આપો તો કેન્દ્ર સરકાર બે ટકા અને રાજય સરકાર બે ટકા આપે તો જ ખેડૂતોને સાત ટકાએ ધિરાણ આપી શકાય. આજે પરિસ્થિતિ એવી છે કે, ઘણી બૅન્કોએ સાત ટકાએ ધિરાણ કરી દીધું જ્યારે રાજય સરકારે કહેલું કે અમે બે ટકા સબસિડી જમા કરાવીશું. આંધ્ર અને કર્ણાટકમાં આ માટે પાંચ ટકા સબસિડી રાજય સરકાર આપે છે. એના પરિણામે એ લોકો પાંચ ટકાએ ધિરાણ કરી શકે, તો રાજય સરકારે ખરેખર કરવું જ જોઈએ. એ બે ટકાની જાહેરાત કરી છે એ વહેલામાં વહેલી તકે સબસિડી સહકારી મંડળીઓ અને બૅન્કોને આપે તો જેથી કરીને આ વસૂલાત અંગે ફરક પડશે. સહકારી મંડળીમાં મુખ્ય જે ધિરાણ છે અને એની જે વસૂલાત ના આવે તો એનું માળખું તૂટી થાય છે. તો વસૂલાત માટે એ કહેવું છે કે, રાજય સરકાર એવા અધિકારીઓની નિમણૂક કરે વસૂલાત માટે, વસૂલાત માટે સ્ટ્રીક થવું જોઈએ અથવા બેંકને સત્તા આપવી જોઈએ જેના પરિણામે વસૂલાત આવે અને સંસ્થા ટકી શકે. આજે રાજય સરકાર તરફથી બેંકોને વસૂલાત અધિકારી આપે છે. સહકારી બેંકો એના ખર્ચે પગાર ભથ્થા આપે છે પણ જે નિવૃત્ત થવાને આરે હોય, ખાતામાંથી સકસેસ ન ગયા હોય એવાને આપે છે. કડક નિયમ થવા જોઈએ અથવા બેંકને સત્તા આપવી જોઈએ. સહકારી કાયદામાં સરકારનું ઈન્વોલમેન્ટ છે. મારી આગળના સભ્યશ્રીએ કહ્યું કે ત્રણ પ્રતિનિધિ હતા. અત્યારે નિયંત્રણ માટે સી.એ.ને સત્તા આપવામાં આવે છે એ સારું છે પણ રજીસ્ટ્રાર નિયંત્રણ કરે, પ્રતિનિધિની નિમણૂક કરશો તો પક્ષપાત આવશે જેથી કોઈ સહકારી અધિકારીની નિમણૂક કરવી જોઈએ. સહકારી અધિકારીનું સંરક્ષણ રહેશે અને કન્ટ્રોલ રહેશે.

ગુજરાત રાજય જમીન વિકાસ બેંક પણ માત્ર ખેડૂતોને જ ધિરાણ કરે છે. જમીન વિકાસ બેંકને આમાં વૈદનાથન કમિશનનો લાભ મળતો નથી. કેન્દ્ર સરકારને પણ રજૂઆત કરી છે. ભૂતપૂર્વ કૃષિ સહકાર મંત્રીએ પણ આ દરખાસ્ત માટે વિચારણા કરી હતી. હું વિનંતી કરું છું કે આપણે ત્યાં બેંકોને લેવડદેવડ કરવાની સત્તા આપી છે તો આખા રાજયમાં જમીન વિકાસ બેંકની વધુમાં વધુ શાખા છે અને બધા એનો લાભ મેળવે છે એટલે નાણાકીય

લેવડદેવડનું લાયસન્સ મળે તો ઊંચા દરે લોન લેવી ન પડે અને વ્યાજમાં પણ ફાયદો થાય. જે ત્રણ વર્ષની મુદત છે એ પાંચ વર્ષની કરવી જોઈએ જેથી કરીને વહીવટમાં સ્થિરતા આવશે અને સહકારી માળખું વધુ મજબૂત બનશે. સહકારી મંડળીઓની ચૂંટણી વખતે રાજકીય હસ્તક્ષેપ થાય છે. માર્કેટીંગ યાર્ડની ચૂંટણી હોય કે બેંકોની ચૂંટણીમાં હસ્તક્ષેપ કરવામાં આવે છે ત્યારે કાયદા સુધારવાની જરૂર છે. માર્કેટીંગ યાર્ડમાં જે ધિરાણ થયું છે ઘણા માર્કેટીંગ યાર્ડ, સુગર ફેકટરીના ધિરાણ સહકારી મંડળીઓ દ્વારા થાય છે. એની આવક હોવા છતાં વ્યાજ ચડી જવાથી પૈસા ભરતા નથી. જયારે સબસીડીનો લાભ આપે છે ત્યારે રાજય સરકાર સંસ્થાને મદદ કરવા વસૂલાત રેગ્યુલર કરે એવા લાભ આપવા જોઈએ જેથી વ્યાજ ચઢયું હોય એના માટે સરકારી પેકેજ કરીને રાહત આપે કેમકે એમને રાજય સરકાર મદદ કરે તો જ લાભ આપી શકાય. નાના ખેડૂતોને લાભ મળતો નથી કારણકે એક મોટું ધિરાણ અટકી ગયું હોય તો નાના માણસને લાભ મળતો નથી. આના માટે રાજય સરકાર વિચારીને યોગ્ય નિર્ણય લેવાય એવું મારું સૂચન છે. રાજય સરકાર વિચારણા કરે એવી મારી વિનંતી છે.

**શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સહકારી મંડળી સુધારા બિલ ૨૦૦૮ મંત્રીશ્રી લાવ્યા છે એને અનુમોદન આપવા માટે ઊભો થયો છું. ગુજરાતમાં આજે સહકારી સંસ્થાઓ દ્વારા ચાલતી પ્રવૃત્તિઓ ખૂબ પ્રશંસનીય છે. બીજા રાજયો કરતાં ગુજરાતમાં એક ઉત્તમ સહકારી માળખું બન્યું છે. આપણે જાણીએ છીએ કે નાના સીમાંત ખેડૂતો પણ અહીં સહકારી મંડળીમાં સરકાર દ્વારા ૩૩ટકા સભાસદ થવા માટે રાજય સરકાર દ્વારા, રજીસ્ટ્રાર દ્વારા પૈસા આપવામાં આવે છે. અને એટલા માટે એ મંડળીનો સભ્ય બની શકે અને સભ્ય બન્યા બાદ એ નાના અને સીમાંત ખેડૂત જે તે મંડળીમાંથી ધિરાણ મેળવે છે. આજે ધિરાણ મેળવ્યા પછી કેટલાક ચોમાસુ નિષ્ફળ જવાને કારણે કે અન્ય આફતોના કારણે ખેડૂત પૈસા ન ભરી શકે તો સ્વાભાવિક રીતે દેવાદાર બની જાય છે અને જ્યારે નિયમો એવા હોય કે એને કોઈપણ જગ્યાએથી ધિરાણ મળતું નથી. તેવા સંજોગોએ આજે જે સીધી રીતે સુધારા આવ્યા છે કે જે મંડળીનો સભાસદ ૫૦ ટકાથી વધારે લોન લઈને રીકવરી કરે છે, તો એને વધારેમાં વધારે કેન્દ્ર અને ગુજરાત સરકાર દ્વારા રાહત આપવાની નીતિનો સમાવેશ બિલમાં થયેલ છે જે અભિનંદનને પાત્ર છે. એક ઘટના મને યાદ આવે છે કે ૧૯૯૫ માં ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ દ્વારા સહકારી મંડળીને લોન આપવામાં આવી હતી એ લોન જે તે ખેડૂત સહકારી મંડળીનો સભાસદ હોય એને આપવામાં આવી હતી. ૨૨ કરોડની અંદર ૧,૧૫,૦૦૦ ખેડૂતો દેવાદાર બની ગયા હતા. સરકારના ધ્યાને મૂક્યું. આ સાચી વાત હતી. ૧,૧૫,૦૦૦ દેવાદાર હોય, ઓવર ડયુ થઈ ગયું હોય તો ભરી શકે નહિ, પરિણામે કોઈપણ સહકારી સંસ્થામાં કે બૅન્કમાં સરકારનો લાભ નહિ મેળવી શકે, એટલા માટે જે તે વખતે માફ કરવામાં આવ્યા હતા. આ રીતે સહકારી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા આ ખેડૂતો છે. નાના ખેડૂતો છે, એને ગુજરાત સરકાર દ્વારા અત્યાર સુધી ખૂબ મદદગાર બની છે, એના માટે હું ગુજરાત સરકારને અભિનંદન આપું છું. આજે જે બિલની અંદર મુખ્ય મુદ્દો છે કે ગુજરાત સરકાર અને ભારત સરકાર દ્વારા ૧૧૯૫ કરોડ રૂપિયાનું સહાય પૅકેજ મળવાનું છે. એમાં જે નીતિ નક્કી કરવામાં આવી છે એ જોતાં મારું માનવું છે કે કેટલીક વખત સરકારની ચોક્કસ નીતિના કારણે કેટલાક નિયમો મુજબ મેળવી શકતા ન હતા. આજે સહકારી સંસ્થામાં સાધારણ સભામાં પોતે નિર્ણય લઈને નાબાર્ડ પાસે કે બૅન્ક પાસે કે નાણાકીય સંસ્થા કે અન્ય ધિરાણ સંસ્થા પાસે લોન લઈને પોતે પોતાની પ્રવૃત્તિ કરી શકે. આ રીતે સુધારા આવ્યા છે એ ખરેખર પ્રશંસનીય છે. એનાથી કેટલીક બાબતો સહકારી સંસ્થામાં નડતર રૂપ હતી એ નીકળી જશે. મારું માનવું છે કે ગુજરાતની અંદર ખૂબ મોટા પાયા ઉપર ખેડૂતો સુગર ફૅક્ટરી સાથે સંકળાયેલ છે, એમાં પણ આજે જ્યાં જ્યાં સુગર ફૅક્ટરી સહકારી ધોરણે ચાલી રહી છે, એમાં સરકાર દ્વારા નક્કી કરેલ છે કે ૩૩ ટકા નાના અને સીમાંત ખેડૂતો અનુસૂચિત જાતિ કે જનજાતિના સભ્યને ફરજિયાત રીતે સભાસદ બનાવવા. એના કારણે માનીએ છીએ કે ગુજરાતની અંદર નાના અને સીમાંત ખેડૂતો જે અનુસૂચિત જાતિ કે જનજાતિના હોય એ સરકારી સંસ્થા સાથે સંકળાયેલા છે, જે એક પ્રશંસનીય પગલું ગુજરાત સરકારે લીધેલ છે, પરંતુ મારે એમાં એક વાત કહેવી છે કે કેટલીક નવી સુગર ફૅક્ટરી છે, એમાં સભાસદના શુભ ભાવનાથી અને રજિસ્ટાર દ્વારા લોન આપીને બનાવવામાં આવ્યા છે. એ ખેડૂતોની કાર્યાન્વિત સુગર ફૅક્ટરી ન હોય તો સભાસદના નામે લીધેલ લોન ભરી શકતા નથી, એના માટે દેવાદાર બન્યા છે અને ૭/૧૨ કે ૮-અ ની અંદર દેવાની એન્ટ્રી પડી ગઈ છે એવા લાખો ખેડૂતો દેવાદાર બની ગયા છે એનો વિચાર કરવો જોઈએ. સરકારની શું ભાવના હતી. સુગર ફૅક્ટરી ચાલુ ન થઈ હોય તો ન ભરી શકે, એમાં સુધારા કરીને બિલમાં જે કાઈ રાહત આપવી જોઈએ. આજે દક્ષિણ ગુજરાતની અંદર આપણે જોઈએ તો સહકારી સંસ્થા દ્વારા ફ્રુટ પ્રોસેસનો ખૂબ મોટો ઉદ્યોગ ચાલી રહ્યો છે. આજે ખેડૂતોને સાચી દ્રષ્ટિથી પગભર કરવા હોય તો સુગર ફૅક્ટરી ફ્રુટ પ્રોસેસની અંદર લાભ અપાવવો જરૂરી છે. ચીકુમાં દિવસે દિવસે ભાવ ડાઉન થતો જાય છે. માનવીની અંદર ડાયાબિટિસના રોગ થવાના કારણે ચીકુની અંદર મીઠાશનું પ્રમાણ વધ્યું છે, એના કારણે ખૂબ ઓછા ભાવથીથી વેચાય છે, તો સહકારી સંસ્થા ગુજરાત સરકારના માધ્યમથી બને અને ખેડૂત દ્વારા વેચાણની વ્યવસ્થા ગોઠવવામાં આવે તો મારું માનવું છે કે સરકારના ઉદેશો છે કે સહકારી સંસ્થા સાથે સંકળાયેલા ખેડૂતો આર્થિક રીતે પગભર કરવા તે ઉદેશ પાર પાડી શકે અને એટલા માટે સુધારાની અંદર જે કાઈ ૭૭૬૮ જેટલી પ્રાથમિક સહકારી મંડળી, ૧૮ જેટલી સહકારી બૅન્ક અને ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બૅન્ક સાથે મળીને જે કાઈ નાણાકીય પ્રવૃત્તિ કરે છે, તે વ્યવસ્થાની સામે સહકારી મંડળી પોતપોતાનો સભાસદ દેવાદાર ન હોય તો ન લઈ શકે અને અન્ય કોઈ સંસ્થા પાસે પૈસા લેવા હોય તો

સામાન્ય સભા કે બોર્ડ ઑફ ડિરેકટરની મીટિંગમાં ઠરાવ કરીને પોતે નિર્ણય લઈ શકે તે રીતેનો સુધારો લઈને આવ્યા છે, તે બિલને હું મારું અનુમોદન આપીને વિરમું છું.

**શ્રી સી.કે. રાઉલજી(ગોધરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સહકારી મંત્રીશ્રી ૨૦૦૭નું ગુજરાત સહકારી મંડળી સુધારા વિધેયક ક્રમાંક-૧ લઈને આવ્યા છે, તેને અનુમોદનની સાથે સાથે રાજકીય અવલોકન કર્યા સિવાય સામે પક્ષેથી બોલતા હતા હું ખૂબ શાંતિપૂર્વક સાંભળતો હતો. ૫૦ વર્ષની આઝાદીમાં અને ૧૦ વર્ષમાં ભાજપ પક્ષે શું કર્યુ તેનું ઉત્તમ ઉદાહરણ અમારી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ બૅન્ક છે. સહકારી ક્ષેત્રે આજે અમારા પંચમહાલ જિલ્લાની જે દશા છે તે વહીવટકર્તાઓ તમારા ભાજપના હતા. તેમાં હું આજે જરૂર કહીશ ૩૩૭ મંડળીઓ અને અમારી સામે જ્યારે આક્ષેપ કર્યો છે ત્યારે અમારે કહેવું છે..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર ઑર્ડર,

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, ૩૩૭ જેટલી સેવા સહકારી મંડળીઓ વૈદ્યનાથન કમિટીનો અહેવાલ કેન્દ્ર સરકારે સ્વીકાર્યો છે ત્યારે કેન્દ્ર સરકારમાંથી વૈદ્યનાથન કમિટીના અહેવાલ સ્વીકારવાના કારણે ગુજરાત સરકારને ૧૧૫૫ કરોડ રૂપિયા આવનાર છે. ત્યારે અગાઉ અમારા સાક્ષી સભ્યશ્રીએ વાત કરી કે સહકારી લોકશાહી માળખામાં ત્રણ સ્તરે ધિરાણની પ્રક્રિયા થાય છે. નાબાર્ડ, સ્ટેટ કો ઓપરેટીવી બૅન્ક, ડિસ્ટ્રિક્ટ બૅન્ક. ત્યારે મારો સવાલ છે કે અમારી ડિસ્ટ્રિક્ટ કો.ઓપરેટીવ બૅન્ક ૨૭૦ કરોડ જેટલી માતબર રકમ ખોટા ખર્ચા, ઉડાઉ ખર્ચા અને ખોટું ધિરાણ અને તેની વસૂલાત પણ નથી આવતી તેના કારણે અમારી ૧૦૫૦ દૂધ મંડળીઓ કે જેની ૨૫ હજાર ડિપોઝિટ છે, ૧૫ હજાર ડિપોઝિટ છે. દૂધ મંડળીઓ આર્થિક સકંજામાં આવી છે. બીજી ૩૩૭ સેવા સહકારી મંડળીઓ છે. સેવા સહકારી મંડળીઓ ખેડૂતો મારફતે ધિરાણ લે છે. આજે તે ધિરાણ પણ બંધ છે. હું વધુમાં કહીશ કે એક લાખ પચ્ચીસ હજાર ડિપોઝિટરો છે. અગાઉના વકતાઓએ કહ્યું કે વિધવા બહેનોના પૈસા છે. અમારે ત્યાં તો વિધવા બહેનો અને ત્યકતા બહેનોના પણ પૈસા છે. કર્મચારીઓએ પોતાનું સેવિંગ્સ પરસેવો પાડીને આમાં મૂકયું હતું. તે આજે છેલ્લા ચાર વર્ષથી બૅન્ક બંધ છે. પંચમહાલ જિલ્લાની આર્થિક પરિસ્થિતિની ગુજરાતને ખબર છે. પંચમહાલ જિલ્લો પછાત છે. અમારી પ્રગતિ એટલા માટે છે અને તમારી વહીવટ કરવાની રીત છે તેના કારણે અમે વિધાનસભામાં આવ્યા છીએ. એટલે જ હું કહીશ કે દુનિયાની અંદર સાચું બોલતાં શીખો, સાચું કહેતાં શીખો, વારંવાર જોરથી બોલવું, જૂઠું બોલવું એવી વાત હતી તે વાત બરાબર નથી. અમારો સવાલ છે કે ૨૭૦ કરોડ જેટલી માતબર રકમ બૅન્કને ફડચામાં લઈ જવાથી થઈ છે. ત્યારે મારો સવાલ છે કે વૈદ્યનાથન કમિટીના અહેવાલની અંદર ૧૧૫૫ કરોડના ભાગરૂપે ૨૭૦ કરોડ સ્ટેટ કો.ઓપરેટીવ બૅન્ક લઈ લે છે. અમારા પંચમહાલ જિલ્લાના ભાગે વૈદ્યનાથન કમિટીના ફાળાના ભાગરૂપે, વહેંચણીના ભાગરૂપે કેટલી રકમ આવશે એ તો ભગવાન જાણે. આજે પંચમહાલ ડિસ્ટ્રિક્ટ બૅન્ક છે તે ખેડૂતોની બૅન્ક છે. મારે સ્પષ્ટતા કરવી પડશે કે પંચમહાલ બૅન્કની અંદર ૩૩૭ સેવા સહકારી મંડળીઓ છે. તેમાં પછાત ખેડૂતો છે. અમે પંચમહાલ જિલ્લાના ઉત્થાન માટે સુગર સેલ મહી પંચમહાલ મંડળીની રચના કરી. તેના ડિપોઝિટના ૮૫ લાખ રૂપિયા, શેર હોલ્ડરોના રૂપિયા, ખેડૂતોના રૂપિયા આ બૅન્કમાં છે. અમને ચિંતા છે કે ૨૭૦ કરોડ તો નાબાર્ડના વચમાં રહી જામીનગીરી માટે સ્ટેટ કો.ઓપરેટીવ બૅન્કને મળવાના છે. ૨૭૦ કરોડ રૂપિયા તાત્કાલિક નાબાર્ડના અનુસંધાનમાં સ્ટેટ કો.ઓપરેટીવ બૅન્કે ભરી દીધા. હવે સવાલ છે કે ૨૭૦ કરોડ રૂપિયા ઉપરાંત રાજય સરકાર વધારે પૈસા આપે અને અમારી ડિસ્ટ્રિક્ટ બૅન્ક ચાલુ થાય. આ વાત હું આજે એટલા માટે કરું છું કે, અગાઉ પણ અમે આ બૅન્ક ચાલુ કરવા માટે નૉન પોલિટિકલ, કારણકે અમે જાણીએ છીએ કે દરેક પક્ષમાં રાહુ અને કેતુ હોય છે, પરંતુ હકીકતની અંદર ગરીબોનું હિત, ખેડૂતોનું હિત અમારા હૈયે હોવાના કારણે અમે નૉન પોલિટિકલ કમિટી બનાવી અને ભૂતપૂર્વ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાને મળ્યા અમે કહ્યું તે વખતે ત્યારે સરકારમાં તો જોઈશું, કરીશું એવું ચાલતું હોય છે, આજે ચાર વર્ષ પછી પણ બૅન્ક ચાલુ કરવા માટેની કોઈ ગતિવિધિ થઈ નથી ત્યારે અમને દુ:ખ છે કે, જ્યારે વૈદ્યનાથન કમિટીમાં કેન્દ્ર સરકારે આ મોટી રકમ ફાળવી છે ત્યારે માનનીય સહકાર મંત્રીશ્રીને હું વિનંતી કરીશ કારણકે મુખ્યમંત્રીશ્રીને તો ધારાસભ્યશ્રીઓ તો ઠીક પણ મંત્રીશ્રીઓ પણ ઘણી વખત મળવામાં અચકાય છે. મને દુ:ખ એટલા માટે થાય છે કે, અગાઉ સહકાર મંત્રીશ્રીને મળ્યા અમારા પંચમહાલ જિલ્લાનો સવાલ છે, આ પોલિટિકલ બેઝ પર નહિ, સહકારી સંસ્થાના માળખાનો સવાલ છે, અમારી બૅન્કનો સવાલ છે ખેડૂતોની બૅન્કનો સવાલ છે એ વખતે પણ અને ત્યારપછી પણ અમને કોઈ જવાબ નહિ, અમે જિલ્લાના સંસદસભ્યો, ધારાસભ્યો સાથે મળ્યા અમને એ વાતનું દુ:ખ છે કે, પંચમહાલ જિલ્લો પછાત છે, કોઈ કહેનાર નથી કોઈ બોલનાર નથી અને અમારા ધારાસભ્યશ્રીઓને હું કહીશ કે પંચમહાલ જિલ્લાના ધારાસભ્યશ્રીઓ મારી વાતને અનુમોદન આપે અને પંચમહાલ ડિસ્ટ્રિક્ટ બૅન્ક ચાલુ કરવામાં સહકાર આપે દુનિયાની અંદર પક્ષાપક્ષીમાં પડ્યા વગર સહકારી માળખું જ્યારે ઊંચું લાવવું હોય અને સહકારની, ખેડૂતોની જ્યારે પણ વાત કરતા હોઈએ ત્યારે આ વાતને અનુમોદન આપીને માનનીય મંત્રીશ્રી પણ આ બાબતમાં સવિશેષ વિચારે એવી મારી આ પ્રસંગે લાગણી છે. માનનીય સહકાર મંત્રી આ જે વિધેયક લઈને આવ્યા છે એને હું પણ અનુમોદન આપું છું પણ અમારા જિલ્લાની બૅન્ક માટે આપ જરૂર વિચારો એવી લાગણી સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ(શહેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે વિધેયક લઈને આવ્યા છે એ વિધેયકને મારું અનુમોદન આપવા માટે હું ઉપસ્થિત થયો છું. માનનીય મંત્રીશ્રી જે સુધારા બિલ લઈને આવ્યા છે

એનાથી ગુજરાતના ખેડૂતોને ખૂબ મોટા પ્રમાણમાં ફાયદો થવાનો છે, ગુજરાતની અંદર ખેડૂતોની જે ધિરાણ મંડળીઓ છે એની અંદર પચાસ ટકા જેટલી રિકવરી અને 'એ' કેટેગરીની જે મંડળીઓ છે એને ગુજરાતની, જિલ્લાની મધ્યસ્થ સહકારી બૅન્કોની રિકવરીની જે વાત છે એવી મંડળીઓને ૧૨૩ કરોડ રૂપિયાનો આ સુધારા બિલથી ફાયદો થવાનો છે, એની અંદર પણ બીજી જે મંડળીઓ હશે અને એ મંડળીઓની અંદર ૩૦ ટકાથી ૫૦ ટકા જે રિકવરી આવી હશે 'બી' કેટેગરીની મંડળીઓ હશે એની અંદરથી ૧૧૩ કરોડ રૂપિયા જેટલી સહાય મળવાની છે અને ગુજરાતના ખેડૂતોને ફાયદો થવાનો છે એવી જ રીતે 'સી' કેટેગરીની ૧૪૪૧ મંડળીઓ છે તેમાં ૩૧૯ કરોડ રૂપિયા જેટલો આ મંડળીઓને ફાયદો થવાનો છે. આ ફાયદો ગુજરાતની જે માંદી મંડળીઓ હતી એવી મંડળીઓને પણ આની અંદરથી મોટા પ્રમાણમાં ફાયદો થવાનો છે અને પૈસા મળશે, જેના કારણે ખેડૂતોને ધિરાણ કરવામાં આવતુ હતું એ ધિરાણ બંધ થઈ ગયેલ હતું એ ધિરાણ ચાલુ થશે, મધ્યમવર્ગના, ગરીબ ખેડૂતોને મોટા પ્રમાણમાં આનાથી ફાયદો થવાનો છે અને આ બિલ લાવવા બદલ ગુજરાત સરકાર અને કૃષિમંત્રીશ્રી દિલીપ સંઘાણી સાહેબ અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી માનનીય નરેન્દ્રભાઈ મોદી સાહેબને હું અભિનંદન આપું છું અને ગુજરાતના ખેડૂતોની ચિંતા કરનારી સરકાર, ગુજરાતના ખેડૂતોના હિતની વાત કરનાર સરકાર અને ગુજરાતના આદિવાસી, એસ.સી./એસ.ટી. તમામ ક્ષેત્રના ખેડૂતોના હિતની વાત કરનાર સરકારને ખૂબ ખૂબ અભિંદન આપું છું કે ગુજરાતના ખેડૂતો માટે જે સહાય થવા માટેનો આ જે પ્રયાસ થયો છે કમિટીના અહેવાલના અનુસંધાનમાં, હું બીજી કોઈ વાત નથી કરતો આખા દેશની અંદર, જ્યારે આ કાયદો લાવવામાં આવ્યો છે ત્યારે એવા ઘણાં કેન્દ્ર શાસિત પ્રદેશો છે કે એની અંદર આજની તારીખ સુધી પણ આ કાયદાનો અમલ કરવા માટે કોઈએ વિચાર્યુ નથી. ગુજરાત સરકાર આ દેશની અંદર બીજા નંબરની સરકાર છે કે જે ગુજરાત સરકારે, ભારતીય જનતા પાર્ટીની સરકારે, નરેન્દ્રભાઈ મોદીની સરકારે અને માનનીય દિલીપભાઈ સંઘાણીની સરકારે આ કાયદાની અંદર પ્રથમ વખત, પહેલી વખત સૌ પહેલાં આચાર સંહિતા હોવા છતાં પણ આ વટહુકમ બહાર પાડીને ગુજરાતના ખેડૂતોને આનો ફાયદો અપાવવા માટેનું કામ કર્યુ છે એટલે આ સરકારને..અંતરાય.... હવે આ સી.કે.ને મારે શું કહેવું, હું કહીશ તો બધા ઉભાં થઈ જશે.

**અધ્યક્ષશ્રી :** તમે વિષય ઉપર જ રહો, જેઠાભાઈ.

**શ્રી જેઠાભાઈ ઘેલાભાઈ ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પંચમહાલ પી.ડી.સી. બૅન્કની અંદર • (xxxxx) એના જેવી વાત છે. પંચમહાલ પી.ડી.સી. બેંક ચાલુ થવાની છે અને તે ભારતીય જનતા પાર્ટીની સરકાર, નરેન્દ્રભાઈ મોદીની સરકાર ચાલુ કરવાની છે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. તમે બધા દિલ્હી જઈ આવ્યા, (xxxxx) આવ્યા તો પણ ના થયું.

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે વ્યકિત સભાગૃહના સભ્ય નથી, જે વ્યકિત સભાગૃહના સભ્ય ના હોય તે વ્યકિતના નામનો ઉલ્લેખ કરવો તે બરાબર નથી. માનનીય જેઠાભાઈ બિલની મર્યાદાને સમજીને પંચમહાલ જિલ્લાની બૅન્કને ચાલુ કરવાની બાબતને ગંભીરતાથી લે એ શબ્દો જે કંઈ અન્ય નામોના ઉલ્લેખ થયા હોય તે કાર્યવાહીમાંથી રદ કરવામાં આવે.

**અધ્યક્ષશ્રી :** નામ કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવે છે.

**શ્રી જેઠાભાઈ ઘેલાભાઈ ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, શબ્દો કદાચ આપ રેકર્ડ ઉપરથી દૂર કરી નાખો પણ આ ગુજરાતની પ્રજાની દિલની વાત છે તે કોણ કરશે ? ગુજરાતની પ્રજાએ જે રેકોર્ડ આપ્યો છે, ઈનામ આપ્યું છે તેને તો કોઈ રોકી નથી શકવાનું અને ગુજરાતની પ્રજાએ જે કંઈ બધાને બતાવી આપ્યું છે બૅન્ક બંધ થઈ કે બેંક ચાલુ છે અને કોણે વહીવટ કર્યો ? તેની અંદર કોણ ડિરેકટર હતા માનનીય અધ્યક્ષશ્રી જો જૂનો ઈતિહાસ તપાસવામાં આવે તો ખરેખર આની અંદર ઘણી બધી માહિતી બહાર આવે તેમ છે.

**અધ્યક્ષશ્રી :** સી.કે.જી સાંભળો.

**શ્રી જેઠાભાઈ ઘેલાભાઈ ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે મંડળીઓ ૩૩૭ છે તેમાં કેટલાં માણસો અને કોણે ઉચાપત કરી છે તેની અમીતભાઈને મારી વિનંતી છે કે આની તપાસ થવી જોઈએ અને આવતી વિધાનસભામાં તે મૂકવામાં આવે તો ખબર પડશે કે કોને કોને પકડવાના બાકી છે તે પણ ખબર પડશે. મારી આપ સૌને વિનંતી છે કે આની તપાસ થવી જોઈએ અને ગુજરાતની અંદર પંચમહાલ (પી.ડી.સી.) બૅન્ક ચાલુ થાય તેમાં અમારી લાગણી છે તેમાં અમારો જરાય વિરોધ નથી. પંચમહાલ નહીં આખા ગુજરાતના તમામ ધારાસભ્યોની તેમાં સંમતિ હોઈ જ શકે. ખેડૂતોના હિત માટેની વાત હોય તો આ ગુજરાતની સરકાર, નરેન્દ્રભાઈ મોદીની સરકાર કયારેય વિરોધ ના કરી શકે અને આમાં સમય તો દરેક વસ્તુમાં લાગતો જ હોય છે. એક દહાડામાં કે બીજા દહાડામાં કંઈ તાત્કાલિક થતું હોતું નથી. સમય આવ્યે અને સમયે તો બધું થવાનું જ છે.

માનનીય નરેન્દ્રભાઈ મોદી સાહેબને ગુજરાતના તમામ અમારા મંત્રીશ્રી જશવંતસિંહ ભાભોર અમે બધા ધારાસભ્યોએ પણ રજૂઆત કરેલી અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું છે અને આના માટેની વિચારણા ચાલી રહી છે અને આ પેકેજ આવ્યું છે તેનાથી તેમને લાભ મળવાનો છે અને આ લાભ મંત્રીશ્રી આપવાના જ છે. તેમના

---

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

કહેવાથી નથી મળવાનો. કાં તો તેમના ઘરમાંથી નથી આપવાનો પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર, નરેન્દ્રભાઈ મોદીની સરકારે સારો અને સુંદર વહીવટ કર્યો તેને લીધે ૧૧૭ આવ્યા છે. મારી આપ સૌને એટલી જ વિનંતી છે કે આ કાયદાથી માનનીય મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે તે ગુજરાતના ગરીબ ખેડૂતોને ખૂબ જ ફાયદો થવાનો છે અને ગરીબ ખેડૂતોના આશીર્વાદ મળવાના છે ત્યારે આવતા વખતે પણ જે લોકોએ વિરોધ કર્યો છે તેમને બતાવી આપ્યું છે અને ફરીથી પણ બતાવી આપશે, લોકસભામાં પણ બતાવી આપશે. આ ગુજરાતની પ્રજા ખૂબ શાણી છે અને ખૂબ હોંશિયાર છે. ગુજરાતના ખેડૂતોની હિતની વાત ભારતીય જનતા પાર્ટીની, નરેન્દ્રભાઈ મોદીની સરકાર જ્યારે વાત કરતી હોય ત્યારે મારે ગૌરવ સાથે કહેવું જોઈએ કે એ વિસ્તારના, આદિવાસી વિસ્તારના ધારાસભ્ય તરીકે પ્રતિનિધિત્વ કરું છું અને માનનીય સી.કે.રાઉલજી સાહેબે જે વાત કરી છે અને તેમને અનુમોદન આપ્યું છે. આ બિલ પાસ થવામાં તેમનો સૂર પુરાવે છે તો મારે પણ તેમને અભિનંદન આપવા જોઈએ કે તમે અમને, આ માનનીય સરકારને અનુમોદન કર્યુ છે, અભિનંદન આપ્યાં છે તો તમે અભિનંદન આપવાના શું કામ બાકી રાખ્યાં, અભિનંદન આપી દેવા હતા ને અમારા મંત્રીશ્રીને તો અમને પણ આનંદ થાત. કદાચ કોઈ એમ માનશે કે સંસદીય બાબતોમાં ખૂબ જાણકાર હોય, ખૂબ અનુભવી હોય અને કાયદાના લીગલ તરીકે કોઈ જાણકાર હોય તો તેનાથી કોઈ બહુ નિષ્ણાત છે એવું માનવાને કોઈ કારણ નથી. મારી આપ સૌને એટલી જ વિનંતી છે કે આપ સૌમાં માનનીય મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યાં છે તેમાં મારો સંપૂર્ણ ટેકો છે, ગુજરાતના તમામ ધારાસભ્યોનો ટેકો છે એમાં કોઈ શંકાને સ્થાન નથી.

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સહકારમંત્રી ગુજરાત કો-ઓપરેટિવ સોસાયટી એકટ-૧૯૬૧માં સુધારા કરતું વિધેયક, ગુજરાત બિલ નંબર ૧-૨૦૦૮ લઈને આવ્યા છે, એ બિલ ઉપર જેટલા સભ્યશ્રીઓ બોલ્યા છે, એમણે એને સમર્થન આપ્યું છે, હું પણ સમર્થન આપું છું, કેમ કે દિલીપભાઈ, ખૂબ જ વાજબી સમયે આ બિલ આવવું જોઈતું હતું. સમયસર આવ્યું નથી, પણ ગૃહના પહેલા જ દિવસે આ બિલ આવ્યુ છે અને માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ કહ્યું, એમાં બધી વિગતો આવી જતી હતી. કે આ વૈદનાથ કમિટી કોણે અને કયારે રચેલી, કઈ સરકારે રચેલી, એની થોડી સ્પષ્ટતા કરી હોત, તો ખ્યાલ આવત. ગુજરાતના સહકારી માળખા માટે બધાને આદર હોય જ. નામ જ એવું છે, 'સહકાર'. એમાં દીવા નીચે કયાંક અંધારું પણ હોય. એને પારખતા આપણને આવડવું જોઈએ. ખામીઓને પારખતા આવડવું જોઈએ.

આજે જયરામભાઈને અંજલિ આપી, પણ સહકારી બાબતોના ભિષ્મ પિતામહ કહેવાય એવા આત્મારામભાઈ પટેલને પણ આ તબકકે હું યાદ કરીશ. સહકારી મંડળીઓના દેવા માફીમાં નહોતા લેવાતા. વી.પી.સિંઘની સરકાર વખતે ખેડૂતોના દેવા માફ થયા, પણ સહકારી મંડળીના દેવા લેવાયા નહીં. એ જ રીતે માનનીય ફકીરભાઈ વાઘેલાએ શીડયુઅલ ટ્રાઈબ કોરપોરેશન અને શીડયુઅલ કાસ્ટ કોરપોરેશનના દેવા માફ કરવા માટે વારંવાર કહેલું, રમણભાઈએ ઉલ્લેખ કર્યો કે ૧,૧૫,૦૦૦ સદસ્યો શીડયુઅલ ટ્રાઈબ કોરપોરેશનમાં બાકીદારો હતા. એ મંડળી નોન ફંકશનીંગ થઈ ગયેલી. ગુજરાતની આઠ હજાર મંડળીની વાત આવે છે ત્યારે એપેકસ બેંક અને ગુજરાત સરકારે આ દેવા ૧૯૯૭માં ભરી આપેલા એ પણ હું ગૃહને જણાવવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાત રાજયનો આપણા સૌનો કન્સેપ્ટ અને હેતુ એ છે કે 'બહુજન હિતાય, બહુજન સુખાય.' અમે જ કર્યુ, અમે જ કર્યુ એમ કહેવાને બદલે આપણે બધા કરીએ, એમ કહેવાની જરૂર છે. માનનીય ફકીરભાઈ સાહેબ શીડયુઅલ કાસ્ટ કોરપોરેશનના માત્ર ૮૦૦ રૂપિયા પ્રતિ વ્યકિત હોય એ દેવું પણ માફ નહોતા કરી શકયા અને એ જ પરિસ્થિતિ શીડયુઅલ ટ્રાઈબ કોરપોરેશનની હતી. નાબાર્ડની વાત આવે. નાબાર્ડની ચૂસ્તતા એવી છે કે દેવા નાબૂદ કરવા માટે એની અનુમતિ ન લીધી હોય તો રાજયનું બધું જ ધિરાણ અટકાવી દે. એવું એમણે કર્ણાટકમાં અગાઉ કરેલું. એટલા માટે નહોતા કરતા, પરંતુ નોન ફંકશનીંગ બોર્ડને કાર્યરત કરવાના હેતુસર સરકારે આ પૈસા ભરીને દબાયેલા, કચડાયેલા વર્ગના બંનેના મળીને અઢી લાખ કરતા વધુ સભ્યો હતા. એમણે કોરપોરેશનને ફરીથી કાર્યરત કર્યુ હતું. આ બિલનું હાર્દ આપણે સમજીએ છીએ. આ વૈદનાથ કમિટીનો અહેવાલ આવી ગયો. વહેલો આવી ગયો હોત તો વહેલા થઈ શકત. એ જ રીતે કેન્દ્ર સરકાર તરફથી નથી મળતું, નથી મળતું, એવી સતત આપણી ફરિયાદ હોય છે. પણ વાસ્તવિકતા આ ગૃહ સમજી શકે એટલા માટે આંકડા આપવા માગું છું.

બારમા નાણા પંચની રંગરાજન કમિટી આવી ત્યારે કોંગ્રેસ પાર્ટી પણ ત્યાં રજૂઆત કરવા માટે ગયેલ, ત્યારે માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા પણ ત્યાં ઉપસ્થિત હતા. રાજયના હિતની બધાની રજૂઆત હતી. એના કારણે બારમા નાણા પંચની અંદર ગુજરાત ઉપર કેલિમિટિઝનો મોટો બોજ છે, એનું વ્યાજ કેન્દ્ર સરકાર આપે, એનો પણ પાર્સિયલ સ્વીકાર આ બારમા નાણા પંચની રંગરાજન કમિટીની ભલામણનો કરી લેવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૩-૦૪ માં જે સરકાર હતી એ વખતે ૧૮૦૦ કરોડ રૂપિયા મળતા હતા, ક્રમેક્રમે યુપીએ સરકાર અવ્યા પછી ૨૦૦૪-૦૫ ૨૩૦૦ કરોડ રૂપિયા, ૨૦૦૫-૦૬ માં ૩૪૦૦ કરોડ રૂપિયા, ૨૦૦૬-૦૭ માં ૪૫૦૦ કરોડ રૂપિયા અને ૨૦૦૭-૦૮ માં ૫૪૦૦ કરોડ રૂપિયા આપણા અધિકારના મળેલ હતા. એમાં કોઈ મહેરબાની કરતા નથી. ગુજરાતમાં જે ટેકસ કલેકશન થાય એટલું પ્રપોર્શનેટલી મળતું નથી એ મુદ્દો બધાએ ભેગામળીને રજૂ કર્યો હતો. મહારાષ્ટ્ર અને ગુજરાતની સિલિંગ બાંધેલી છે અને એના કારણે ઈનડાયરેકટ ટેકસની ફાળવણી થાય છે એમાં આપણને ખૂબ ઓછા મળે છે. તબકકે તબકકે આ રકમ વધતી ચાલી છે તો કયારેક તો

એની નોંધ લઈએ અને કહીએ કે કેન્દ્ર સરકાર તરફથી મળતી રકમ છે એમાં વધારો થયો છે. કઈ સરકાર છે એ નથી. આજે આપણે જોઈએ તો ગુજરાતની પ્રજા ખૂબ જ સહનશીલ છે. પંચમહાલ બેંક છેલ્લા ચાર વર્ષથી બંધ હોય અને એના રિવાઈવલ માટેની કોઈને ચિંતા ના હોય? આ મુદ્દો અમારી પાસે પણ આવ્યો હતો કે કેટલાક લોકો એમાં હાજર નહોતા એવા લોકોને પણ એફ.આઈ.આર. ફરિયાદમાં લેવામાં આવેલ છે. હું તો સહકાર મંત્રીશ્રીને વિનંતી કરું છું કે જે મંડળીઓના વહીવટદારો જે કોઈ ઉચાપતમાં સંડોવાયેલા હોય તેમની સામે ત્વરિત પગલાં લઈને દાખલો બેસાડો જેથી કરીને માધવપુરા બેંક અને કેતન પારેખો આ દેશમાં પેદા ના થાય. સહકારમાં મારું જ્ઞાન મર્યાદિત છે અને આપણે બધા એક જ બોટમાં સેઈલ કરતા હોય એવું છે. કારણ કે સહકારી વિષય એ ગહન છે કારણકે આજે માનનીય સભ્યશ્રી બ્રિજરાજસિંહ જાડેજા સાહેબે જે વકતવ્ય આપ્યું એમાં એમણે જે મુશ્કેલીઓનો ઉલ્લેખ કર્યો છે કારણ કે સહકારી મંડળીમાં નવી મંડળીઓ નોંધાવા જાય તો રજિસ્ટાર એ મંડળીઓ નોંધતા નથી એવો કચ્છમાં મારો પોતાનો અનુભવ છે. એના સભ્ય બનવા માટે પણ વિટંબણાઓ થાય છે. તો એમાં કલોઝ દાખલ કરો કે કોઈપણ સભ્ય બનવા માગતા હોય તો નિયમાનુસાર તુરત જ સભ્યપદ આપવું જોઈએ, એમાં રજીસ્ટારની દયા ઉપર રહે એમ ના હોવું જોઈએ. માનનીય આત્મારામભાઈ પટેલે રિફોર્મ મુસદ્દો તૈયાર કર્યો હતો અને એના વહીવટકર્તામાં મહિલા સભ્ય હોવા જ જોઈએ એમ ફરજીયાતપણે મૂકયું હતું. ૧૯૯૭ માં આ મુસદ્દો તૈયાર થયો હતો એનો આજે ૧૦ વર્ષ સુધી કેમ અમલ ના થયો, કોની સરકાર છે? આજે આ બિલ આવ્યું છે અને આપણે બધા એની ખૂબ જ સારા વાતાવરણમાં ચર્ચા કરી રહયા છીએ. એમાં કોઈની ઉપર એલિગેશન નહીં, પરંતુ આ બિલ સર્વાનુમત્તે પાસ કરીએ. અમારા માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ ખૂબ જ મનનીય પ્રવચનમાં પોતાની વાત કહેવાની સાથે જે મનનીય વાત કરી છે એનો હકારાત્મક રીતે સ્વીકાર કરીને જયાં જયાં કોઈ ઉપકારની નોંધ લેવાની કે કોઈ સારી વસ્તુની નોંધ લેવાની રહી ગઈ હોય તો એ લઈને પણ સુધારી શકાય જેથી કરીને વાતાવરણ ખૂબ સારું બને. આજે આ ગૃહનું ૧૨મી વિધાનસભાનું સત્ર પહેલી વખતે મળ્યું છે એ ખૂબ સારા વાતાવરણમાં છે અને આવું જ વાતાવરણ ૫ વર્ષ સુધી બનાવી રાખીએ અને કોઈ વ્યકિત માટે નહીં, પરંતુ ગુજરાતની ૫.૫ કરોડની જનતા યાદ રાખે એવું વાતાવરણ બનાવીએ. માત્ર મેં કર્યુ, મેં કર્યુ, ૫૦ વર્ષમાં કાંઈ નથી કર્યુ અને અમે ૧૦ વર્ષમાં કર્યુ છે. તો કહેવાનું હોય તો ખૂબ કહી શકાય તેમ છે. પાણીની પાઈપલાઈન ગુજરાતમાં નહીં, પરંતુ હું મુંબઈ જતો હતો તો ભિવંડીમાં ૮ પાઈપલાઈન છે (અંતરાય)

**અધ્યક્ષશ્રી:** માનનીય બાબુભાઈ, પાણીની પાઈપલાઈનની પછીથી વાત કરજો, અત્યારે આની વાત કરો.

**શ્રી બાબુભાઈ શાહ:** હું ગુજરાતનો એટલા માટે દાખલો આપું છું, ટીકા માટે કહેતો નથી, પરંતુ માત્ર અમે જ કર્યુ છે, અમે જ કર્યુ છે એવા ભ્રમમાં ના રહે. આ ગુજરાતની ૫.૫ કરોડની જનતા છે એ પરિશ્રમ કરીને હજુપણ આનાથી વધારે આગળ નીકળવાની છે એવો વિશ્વાસ આપણે રાખીએ. માનનીય અધ્યક્ષશ્રી, આપણે બધા ૯ સભ્યોનો વિરોધપક્ષ હતો ત્યારે પણ આપણને સાંભળવામાં આવતા હતા.

**અધ્યક્ષશ્રી:** સાંભળીએ જ છીએ ને.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે એક સારા વાતાવરણમાં માનનીય સહકાર મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે તેને મારું સમર્થન આપીને વિરમું છું.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા)** : માનનીય અધ્યક્ષશ્રી, સહકાર સુધારા વિધેયક બિલ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે ત્યારે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે હું ઊભો થયો છું. સભાગૃહના ઘણા સભ્યશ્રીઓએ વૈદ્યનાથન કમિટીના અહેવાલ ઉપર ખૂબ સારા વિચારો રજૂ કર્યા છે અને ખૂબ સારી ચર્ચા કરી છે. હું બીજી કોઈ ટીકા ટિપ્પણમાં નથી પડવા માગતો, પણ મને યાદ છે ત્યાં સુધી વર્ષો પહેલા આપણે હિંમતથી બીજા રાજયોને એમ કહી શકતા હતા કે સહકારી માળખું જોવું હોય તો આવો ગુજરાતમાં, આજે પણ ઘણાં મિત્રો એમ કહેશે કે સહકારી માળખું સારામાં સારું ગુજરાતમાં ચાલતું હતું, અને હિંમતથી આપણે બોલી શકતા હતા અને બીજા રાજયના લોકો પણ અહીં સહકારી માળખું અને સહકારી સંસ્થાઓ જોવા માટે આવતા હતા. પણ હું સામેની પાટલી ઉપર બેઠેલા મિત્રોને એક વિનંતી કરું છું કે તેઓ પોતાના હૃદય ઉપર હાથ મૂકીને કહે કે છેલ્લા દસ વર્ષમાં સહકારી માળખાની શું પરિસ્થિતિ છે? તેની પુરેપુરી સ્થિતિનો ખ્યાલ કરીએ તો તેને આજે લૂણો લાગ્યો છે. સહકારી માળખા ઉપરથી આજે ધીમે ધીમે વિશ્વાસ ઉઠતો જાય છે. છેલ્લા દસ વર્ષમાં સહકારી માળખાની શું પરિસ્થિતિ થઈ છે? મારે નામ અને દાખલા સાથે નથી કહેવું, હું એમાં પડવા માગતો નથી, એમાં મને ન નાખો તો સારું.

**અધ્યક્ષશ્રી** : માનનીય ફતેસિંહ, એમને સાંભળો, માનનીય ફતેસિંહ, સાંભળો.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય ફતેસિંહ, હું કેટલાયે વર્ષોથી અહીં બેસતો આવ્યો છું, અને હિંમતથી બોલું છું. જો આ બેંકોને તોડવાનું કામ ન કર્યુ હોત અને એ અંગે આ ગુજરાત સરકારે વિચાર્યુ હોત તો આ સહકારી બેંકો ન તૂટી હોત. એ બેંકોના વહીવટદારો કોણ હતા? આ માધવપુરામાં, આ આણંદમાં, આ વડોદરામાં અને સુરતમાં મારે જવું નથી, પંચમહાલમાં મારે જવું નથી, હું તમને હિંમતથી કહું છું કે જાણી જોઈને મને એમાં ન નાખશો.

**અધ્યક્ષશ્રી** : માનનીય નીતિનભાઈ.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, • (xxxxx)

**અધ્યક્ષશ્રી:** માનનીય રામસિંહભાઈ, તમે મને સંબોધીને કહો. અધ્યક્ષશ્રીની સામે જોઈને જે બોલવું હોય તે બોલો. સભ્યશ્રીઓને સંબોધીને નહીં બોલો.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, હું ટૂંકમાં જ કહું છું, જાણી જોઈને મારો સમય બગાડે છે. નહીંતર હું સીધી રીતે બોલનારો માણસ છું.

**અધ્યક્ષશ્રી** : તમે મને સીધું જ કહો.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, વૈદ્યનાથન કમિટીના અહેવાલમાં જે પૅકેજ બહાર પડ્યું એમાં ગુજરાત અને એક બીજું રાજય, એમ બે જ રાજયોને લાભ મળ્યો છે. અને હું કહું છું કે ગુજરાત સરકારે આના માટે કેન્દ્ર સરકારનો આભાર માનતો ઠરાવ કેન્દ્ર સરકારને મોકલી આપવો જોઈએ. કેન્દ્ર સરકારનો આભાર માનવો જોઈએ. માનનીય જેઠાભાઈ બોલતા હતા કે વૈદ્યનાથન કમિટીનો અહેવાલ આવ્યો તેના કારણે આ ગરીબ ખેડૂતોને મદદ થવાની છે. ગરીબ ખેડૂતો સદ્ધર થવાના છે. તેમનું આર્થિક પાસુ મજબૂત થવાનું છે. તો હું જેઠાભાઈને પૂછું છું કે કમિટી કોણે બનાવી, આ ૧૨૦૦ કરોડનું પૅકેજ કોણે બહાર પાડ્યું? મને નથી લાગતું કે જેઠાભાઈને આનો પણ બરાબર ખ્યાલ હોય. ગરીબ ખેડૂતોની વાત કરતા હોય તો વૈદ્યનાથ કમિટીએ આ ખેડૂતો અને મંડળીઓની બાબતમાં ચર્ચા કર્યા પછી આ પૅકેજ બહાર પાડ્યું, ગુજરાત સરકાર ગરીબ ખેડૂતો અને ગરીબોની વાત કરે છે પણ હું નથી માનતો કે ગરીબ ખેડૂતોને કોઈ દિવસ આ સરકાર તરફથી લાભ થયો હોય, અત્યારસુધી ફક્ત ખેડૂતોની વાતો કરી છે પણ એમ વાતો કરીને સંતોષ નહીં માનતા મિત્રો, તમે તો ૯૦ હજાર કરોડનું દેવું કરીને બેઠા છો આ ગુજરાતને માથે. તમે ખેડૂતોને શું મદદ કરો છો? તમે એમાં વધારે ન પડતા, એમાં પડવા જેવું નથી.
તમે ખેડૂતોને શું મદદ કરો છો એમાં પડવા જેવું નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય ફતેસિંહ, આપ માનનીય સભ્યશ્રીને પ્રવચન પૂરું કરવા દો. બાકીના સભ્યશ્રીઓ દખલ ન કરે.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય મંત્રીશ્રી બિલ લઈને આવ્યા છે, માનનીય મંત્રીશ્રી ખૂબ જ બુદ્ધિશાળી છે, જૂના અનુભવી છે. સહકારી માળખું એમની પાસે છે ત્યારે ચોક્કસ છે કે આનો અમલ જલદી થશે, ગરીબ ખેડૂતોને એનો લાભ મળશે એવા વિશ્વાસ સાથે મેં કહ્યું એ પ્રમાણે વહેલો આનો અમલ થવો જોઈતો હતો એ થયો નથી એમાં ઘણું જ મોડું થયું છે. છતાં બેંકો, મંડળીઓ વગેરેને આનો પૂરેપૂરો લાભ થવાનો છે. તેમ છતાં માનનીય મંત્રીશ્રીને વિનંતી કરીશ કે ભવિષ્યની અંદર આ કમિટીએ એટલા માટે વિચાર કર્યો છે કે કમિટી, કમિટીના અધ્યક્ષનો વહીવટ સારો ન હોવાને કારણે ૧૦૦ ટકા મંડળીઓ ખોટમાં ગઈ એવી મંડળીઓને મદદ કરવા માટે આ પેકેજ બહાર પાડવામાં આવ્યું છે. વૈદ્યનાથન કમિટીએ નિયમો બનાવ્યા છે એ નિયમોનું બરાબર પાલન કરે તો ભવિષ્યમાં મંડળીઓને નુકસાન ન થાય. મંડળીઓ બંધ થઈ ગઈ, બેંકો બંધ થઈ ગઈ એનું પુનરાવર્તન ન થાય એના માટે સ્પષ્ટ નીતિ નિયમો બનાવ્યા છે. એનો પૂરેપૂરો અમલ થશે. મંડળી નાની હોય કે બેંક હોય સારી ચાલે છે પરંતુ એનો વહીવટદારો કોઈ વખતે ખોટા આવ્યા હોય એના લીધે મંડળી કે બેંક તૂટે છે એમાં કોઈ બેમત નથી. સહકારી માળખામાં લોકોને વિશ્વાસ નથી રહ્યો એ વાત પણ ચોક્કસ છે. જેણે ખોટો વહીવટ કર્યો હોય એણે ગેરરીતિ કરી હોય તેની કમિટીના સભ્યો કે ડિરેકટરને શિક્ષા થાય એમાં મને કોઈ વાંધો નથી. પરંતુ સરકાર ઘણી વખત સારી સહકારી મંડળીઓને ઈરાદાપૂર્વક હેરાનગતિ કરે છે. એ મહેરબાની કરીને બંધ કરો તો સારું. જેનો વહીવટ સારો છે જે ખેડૂતોના હિતની કામગીરી કરતી હોય જેના થકી ખેડૂતોને લાભ થતો હોય એવી સંસ્થાઓને હેરાનગતિ ન કરો. સંસ્થાના ચેરમેન કે કમિટીના સભ્યો એમાં ભ્રષ્ટાચાર કે ગેરરીતિ કરતાં હોય એને ફાંસીનો હુકમ આપો એમાં અમને કોઈ વાંધો નથી. માનનીય નીતિનભાઈ મને કોઈ વાંધો નથી. સારી સંસ્થા ચાલતી હોય એમાં સરકાર ઈરાદાપૂર્વક હેરાનગતિ ન કરે, ડખલ ન કરે. હું પણ સહકારી સંસ્થામાં અધ્યક્ષ છું, અમને શું હેરાનગતિ કરે છે એ અંગે અત્યારે હું કહેવા માગતો નથી. જ્યારે ડિમાન્ડ આવશે ત્યારે વાત ચોક્કસ કરીશ. જે કોઈ આઘુંપાછું કરતાં હોય એને તમે ફાંસીએ ચડાવો પરંતુ કોઈ સંસ્થામાં કોંગ્રેસના સભ્યો બેઠા છે એના તોડવા માટે પ્રયત્ન કરો છો, ઈરાદાપૂર્વક પ્રયત્ન કરો છો એ નીતિ બરાબર નથી. સહકારી માળખાને મજબૂત કરવાની વાત કરતા હોય, ખેડૂતોના લાભની વાત કરતા હોય ત્યારે જે જગ્યાએ સારો વહીવટ થતો હોય ત્યાં સરકાર દખલ ન કરે તેવું મારું સૂચન છે. માનનીય મંત્રીશ્રી બિલ લઈને આવ્યા છે એ બિલને હું આવકારું છું.

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી ( કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સહકારી કાયદાના આ સુધારા વિધેયક ઉપર સભાગૃહના ૧૨ જેટલા સભ્યશ્રીઓએ રસ દાખવીને એમના સૂચનો કર્યા છે જે મેં બરાબર સાંભળ્યા છે. મને આનંદ એ વાતનો છે કે બધા જ સભ્યશ્રીઓએ આ બિલને આવકાર્યું છે. તેથી હું બધા જ સભ્યશ્રીઓનો આભાર વ્યક્ત કરું છું.

---

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે

માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ આવકારથી શરૂઆત કરીને આ બિલ માટે કેટલાક અવલોકનો કરેલા. આ બિલ વટહુકમના સ્થાને આવ્યું છે. આપણે સૌ જાણીએ છીએ અને એટલા માટે આમાં કંઈ છૂપાવવું કે વિગતો નહીં આપવી એવો આશય હતો જ નહીં. વૈદ્યનાથન્ કમિટીનું બિલ આજે પાસ થાય તો રાતોરાત કોઈ પ્રક્રિયાઓ નથી આવી. પ્રક્રિયાઓ ઘણાં લાંબા સમયથી છેક પ્રાઈમરી મંડળી સુધી તંત્ર દ્વારા વ્યવસ્થા થઈ છે. રાજય સહકારી બેંકના માધ્યમથી ડિસ્ટ્રિક્ટ બેંક અને નીચે સુધી. એટલે વૈદ્યનાથન્ કમિટીનો રિપૉર્ટ શું, એમ.ઓ.યુ. શું એ બધી જ વિગતો નીચે સુધી ગઈ છે પણ મને લાગે છે કે સીધી રીતે આ સહકારી પ્રવૃત્તિમાં ભાગ નહીં લીધો હોવાને કારણે મારા બહુ જ જૂના પરમ મિત્ર માનનીય વિરોધપક્ષના નેતાની પાસે આ માહિતી નહીં હોવાને કારણે આ માહિતી આપવી જોઈએ એવું કહ્યું. આ માહિતી ઘણાં લાંબા સમયથી અપાઈ નહીં તેના આધારે આ બધું પૅકેજ તૈયાર થઈને આવ્યું છે. આંકડાઓ, તેમણે એક અવલોકન કરતાં એવું જણાવ્યું કે માત્ર ૫૦ લાખ રૂપિયા જ છે. હવે ક્યારે બાકીના મળશે કે એવું નહીં. મને જણાવતાં આનંદ થાય છે કે આ રકમની બજૅટમાં પૂરેપૂરી જોગવાઈ છે અને રાજય સરકારે ૮૮ કરોડની મંજૂરી આપી દીધી છે અને માર્ચ-૨૦૦૮ સુધીમાં માત્ર ૧૦ કરોડ રૂપિયા જ આપવાના થાય છે. તેની સામે ૮૮ કરોડની મંજૂરી રાજય સરકારે આપી દીધી છે. એટલે એમાં કોઈ શંકા રાખવાની જરૂર નથી. વૈદ્યનાથન્ કમિટીના કેટલાક સુધારાઓ, કેટલાક વિરોધ અવલોકનો અહીં કરવામાં આવ્યા છે. માનનીય બ્રિજરાજસિંહની વાત, સામાન્ય રીતે આપણી પ્રણાલિકા રહી છે કે હાઉસમાં બોલ્યા પછી, પોતાના સૂચનો કર્યા પછી જવાબ સાંભળવા માટે ઉપસ્થિત રહીએ. પરંતુ માનનીય અર્જુનભાઈ જવાબ સાંભળવા માટે ઉપસ્થિત નથી અને તેના કારણે જ કદાચ...(અંતરાય) એમના માટેનો જવાબ તો મારે આપવાનો છે એટલે. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ કહેલું કે સહકારી ખાતાઓમાં કે સહકારી સંસ્થાઓમાં ખૂબ જ ગોલમાલ છે. હું આ હાઉસ મારફત ગુજરાતની જનતાને વિશ્વાસ આપવા માગું છું કે ગોલમાલ સહકારી ક્ષેત્રમાં આ પક્ષના કરતા હોય કે પેલા પક્ષના, આ પાટલીના કરતા હોય કે પેલી પાટલીના, એ કંઈ જોયા વિના ગોલમાલમાં જે કોઈ સંડોવાયેલા હશે, કાનૂની રાહે જે કંઈ કાર્યવાહી કરવાની થતી હશે એ ચોક્કસ થશે. હું આપના માધ્યમથી સભાગૃહના મારા સાથી સદસ્યોને વિનંતી કરવા માગું છું કે જ્યારે કોઈ સામે કાનૂની રાહે પગલાં લેવામાં આવે ત્યારે એ દૃષ્ટિથી ન જૂએ કે અમારા પક્ષનો મારો સાથીદાર છે. હું તેની સાથે ફરું છું. એ માટે પગલાં લેવાઈ રહ્યાં છે. આટલાથી ઉપર ઉઠીને પોતે જાતે તપાસે કે તેમને આપેલી નોટિસમાં કેટલું તથ્ય છે. પગલાં લેવાઈ રહ્યા છે એમાં કેટલું તથ્ય છે. તો મને લાગે છે કે રાજકીય અવલોકનને બદલે વાસ્તવિક કો-ઓપરેટીવ એકટના અવલોકનો મુજબ ચાલે તો આવતા દિવસોમાં ગુજરાતમાં પુનઃ દૃઢતાપૂર્વકનો વિશ્વાસ ગુજરાતની જનતા વધુ દૃઢતાપૂર્વક સહકારી ક્ષેત્રમાં મૂકે એ પરિસ્થિતિનું વાતાવરણ આવતા દિવસોમાં ગુજરાતમાં ચોક્કસપણે આગળ વધશે. જે વાતાવરણ છે તે વધુ સુદ્રઢ બનશે. આ વાતાવરણ ક્યારે તૂટે છે કે આપણાં દ્વારા જ આ રાજકીય પગલાં લેવાય છે એવું કહેવાય ત્યારે લોકો ભ્રમિત થાય છે. જે ચોરી કરવાની વૃત્તિથી નાણાાંની ઉચાપત કે નાણાંનો ગેરઉપયોગ કરે અને તેની સામે જ્યારે પગલાં લેવાય તો પક્ષીય રીતે જ્યારે વિચારાય તો લોકો ભ્રમિત થતા હોય છે. આપણે સૌ આ દિશામાં પૂરતી કાળજી લઈએ. અહીંયાં મારા મિત્ર રાઉલજીને કહું કે ગુજરાતની બૅન્કોને કારણે જ આપણે અહીંયાં પહોંચ્યા છીએ એટલું વિચાર્યું હોત તો સારું હતું. અમારા વહીવટને કારણે જ ગુજરાતની જનતાએ માનનીય નરેન્દ્રભાઈના નેતૃત્વમાં અમને પુનઃ તક આપી છે. આ વહીવટને કારણે જ આપી છે. ખેડૂતોનું માત્ર આર્થિક શોષણ જ નહીં પણ અસલામતી અને અસુરક્ષા હતી, મુશ્કેલીઓ હતી એ કોઈએ સાંભળી નહીં એટલા માટે અહીંયાં પુનઃ રાજયની જનતાએ ચુકાદો આપ્યો છે. કોઈ ભ્રમિત ન થાય એટલા માટે અહીંથી કેટલીક સ્પષ્ટતા કરીશ. માનનીય વિરોધપક્ષના નેતાએ આ બિલ અહીંયાં મોડું આવ્યું એની વાત કરી છે. કૂતરાને બકરું કરવાનો પ્રસંગ આપણે બધાએ સાંભળ્યો જ છે એટલે નહીં કહું. પણ હવે ગુજરાતની જનતા સાંખી લેતી નથી એ આપણે અનુભવ્યું છે. એ જણાવતાં કહું છું કે આ બિલ લાવવામાં કોઈ વિલંબ થયો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપ જાણો છો કે, વૈધનાથન કમિટીએ ફેબ્રુઆરી ૨૦૦૫માં ભારત સરકારને રિપૉર્ટ આપ્યો. કેન્દ્ર સરકારે એની અંદર ઑક્ટોબર ૨૦૦૫માં રિવાઈઝ પૅકેજ તૈયાર કર્યું અને ત્યાર પછી આ ગુજરાત એક માટે નથી. સમગ્ર દેશમાં એમ.ઓ.યુ. કેવા પ્રકારના કરવા જોઈએ એ બધી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે એમ.ઓ.યુ.નો ડ્રાફ્ટ તૈયાર કર્યો. ફેબ્રુઆરી ૨૦૦૬માં અહીંયાં મૂક્યો. ૨૦૦૬માં કેન્દ્ર સરકારે આપણા સૌના માટે મોકલ્યો. એને હવે વર્ષ પૂરું થવા જાય છે. માનનીય અર્જુનભાઈએ કહ્યું કે અમે ૩ વર્ષથી રજૂઆત કરતા હતા. હાઉસમાં ખોટું બોલવું એવો શબ્દ વપરાતો નથી. બહાર ગુજરાતમાં એમની ઇમેજ કેવી છે એ ગુજરાતની પબ્લિક જાણે છે. એ શબ્દપ્રયોગ અહીંયાં કરવો નથી. યોગ્ય માહિતી નહીં આપીને એમણે માહિતીથી હટીને વાત કરી છે, ૩ વર્ષથી વાત કરે છે. કેન્દ્ર સરકારે કશું મોકલ્યું નથી તો આપણે કેવી રીતે કરી શકીએ? એ અહીંયાં હોત તો એ કહી શકત. ગુજરાતની જનતાએ વિશેષ સારું અવલોકન કર્યું છે. એટલા માટે મારા મિત્ર શકિતસિંહને આ તક મળી છે, વિરોધપક્ષના નેતા તરીકેની તક મળી છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એ એમની આંતરિક બાબત છે એના ઉપર ન જઈએ. બિલ ઉપર જઈએ.

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી** : માનનીય ભૂપેન્દ્રભાઈએ અમારા તરફથી અવલોકન કરેલું અને આ ફેબ્રુઆરીમાં આવ્યા પછી આર.બી.આઈ. સાથે રાજય સરકારે પરામર્શ કરીને એમ.ઓ.યુ.નો ડ્રાફ્ટ તૈયાર કરેલ. જુલાઇ ૨૦૦૬માં આ ડ્રાફ્ટ તૈયાર થયેલ અને તા.૨૧-૧૨-૨૦૦૬ના રોજ એમાં સહી સિક્કા કર્યા. નાબાર્ડ, કાયદા

વિભાગ અને કૃષિ વિભાગ સાથે પરામર્શ કરીને તા.૮-૧૦-૨૦૦૭ના રોજ વટહુકમ બહાર પાડ્યો. અને મને એ કહેતાં ગૌરવ અને આનંદ થાય છે કે, માનનીય ભૂપેન્દ્રસિંહે જે અગાઉ કૃષિ મંત્રી હતા એમણે આ વટહુકમ બહાર પાડ્યો. એના કારણે જ આ ગુજરાતના ખેડૂતોને લાભ મળી રહ્યો છે. માનનીય ભૂપેન્દ્રસિંહે આ કામગીરી ગુજરાતના ખેડૂતો માટે કરી છે. આ સ્થિતિમાં ગુજરાત સરકાર ગુજરાતના ખેડૂતો માટે કોઈ જગ્યાએ પાછળ નથી ગઈ. આપની જાણ માટે અત્યારે આખા દેશમાં ૨૩ રાજયોએ એમ.ઓ.યુ. કર્યા છે એમાંથી માત્ર ત્રણ રાજયોએ આ કાયદો પસાર કર્યો છે. હરિયાણા, આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ અને આજે આપણું ગુજરાત, આખા દેશમાં ત્રેવીસમાંથી ચાર રાજયોએ કાયદો પસાર કર્યો છે. આપણે વારંવાર સરખામણી કરતા હોઈએ છીએ, મહારાષ્ટ્ર સાથે, આપણે કોઈ રાજયની ટીકા નથી કરતા પણ મહારાષ્ટ્રમાં ખેડૂતોને આપઘાતોના પ્રસંગ અને મહારાષ્ટ્રની સ્થિતિ અને તે પણ આજની તારીખે મહારાષ્ટ્ર સરકારે આ કાયદો હજી સુધી પસાર કર્યો નથી, સુધારો કર્યો નથી. હજી એવી સ્થિતિમાં આપણે ગુજરાતનું ગૌરવ લેવું જોઈએ કે આ ગુજરાતની વિધાનસભા કેવી કે એમણે આ બિલને સાર્વત્રિક આવકાર્યુ છે અને એ આવકારતા મિત્રોને પણ હું આવકારું છું. મિત્રો, વારંવાર ખેડૂતો માટે, દેશના ખેડૂતો આપઘાત કરે છે તેવું વાતાવરણ છે તેવી વાત કરી તો મારે એ મિત્રોને પૂછવું છે કે કેન્દ્ર સરકાર આંધ્ર કે અન્ય રાજયોમાં આપઘાત માટે સ્પેશિયલ પૅકેજ આપતા હોય તો આક્ષેપ કરનારા મિત્રો એ આક્ષેપો છે એ પ્રમાણમાં ગુજરાત રાજયના ખેડૂતો માટે પૅકેજ લાવવા માટે કેટલી વખત દિલ્હી જઈને રજૂઆત કરી? કેમ રજૂઆત કરતા નથી? માત્ર ગુજરાતની સરકારે જ ખેડૂત કલ્યાણની દિશામાં ચાલવાનું? આ પૅકેજ જો આપઘાતની સ્થિતિના હોય તો એમને અમારે આપઘ ાતના આકડા આપવા નથી, એમણે આપેલા આકડા ઓછા હોય તો ઓછા, વધુ હોય તો વધુ એના પ્રમાણે પૅકેજ દિલ્હીથી લઈ આવે અથવા તો આ વાત કરવાનું બંધ કરે. ગુજરાતને બહાર બદનામ કરવાનું બંધ કરે એવી અપેક્ષા રાખું તો ખોટું નથી. (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : બાબુભાઈ આપ તો સીનીયર સભ્ય છો. (અંતરાય) માનનીય બાબુભાઈ.. ઑર્ડર ઑર્ડર.મંત્રીશ્રી જવાબ ચાલુ રાખો.

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, અહીંથી માનનીય બ્રિજરાજસિંહજીએ કેટલાક અવલોકનો કર્યા કે (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ, આપ પણ નાણામંત્રી રહ્યા છો, (અંતરાય)

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, ઉંમરની મર્યાદા, ગ્રેજયુએટની વાત છે તો એ ગ્રેજયુએટની વાત છે એ રાજય સરકારની છે જ નહીં, આર.બી.આઈ. એ મૂકેલું પ્રોવિઝન છે, આમ છતાં પણ રાજય સરકાર તરફથી આ અંગેની રજૂઆતો કરવામાં આવી હતી અને મને એ કહેતાં આનંદ થાય છે કે , એ વાત સ્વીકારી છે અને એમાં ગ્રેજયુએટનું પ્રોવિઝન કાઢી નાખ્યું છે ડાયરેક્ટરમાં, બીજી એમણે વાત કરી કે એક સભાસદ બે મંડળીમાં હોઈ શકે નહીં તો આજના આપણા કાયદામાં પણ સમાંતર એક સરખી મંડળી હોય તો ના હોઈ શકે એ જોગવાઈ છે પણ દુધ મંડળીમાં હોય તો કૃષિ વિષયક મંડળીમાં હોય તો એવો કોઈ બાધ આજની વ્યવસ્થામાં નથી. ૫ ટકાના ધિરાણની ત્યાં વાત કરવામાં આવી, મારા મિત્રો નાબાર્ડ તરફથી રીફાઈનાન્સ શરૂઆતના વર્ષોમાં જે મળતું હતું એ રીફાઈનાન્સ વર્ષોથી ઘટતું જાય છે, આજે અન્ય બૅન્કો, રાષ્ટ્રીયકૃત બૅન્કો કે અન્ય કોઈ બૅન્કો એ કેન્દ્ર સરકાર જે ધોરણે એ રીફાઈનાન્સ અને એકત્રિત ખોટની સગવડતા આપે છે એ સહકારી બૅન્કોને આપતા નથી. સહકારી બૅન્કો પણ આ દેશના રાજયના ખેડૂતોને જ ધિરાણ અને સહાય કરે છે તો કેન્દ્ર સરકાર તરફથી આ બે નીતિ છે એના બદલે આપણે સૌ સાથે મળીને એક વધારે પ્રયાસ કરીએ કે આ સમાંતર ધોરણ રાખવામાં આવે, જે ધોરણો રાષ્ટ્રીયકૃત બૅન્કોના માધ્યમથી જ ખેડૂતોને ધિરાણ આપવા માટે જે જોગવાઈઓમાં રીફાઈનાન્સ છે એ જ જોગવાઈ અને એ જ ધોરણ સહકારી બૅન્કોમાં રાખવામાં આવે. એ જ જોગવાઈઓ અને એ જ ધોરણો સહકારી બેંકોમાં રાખવામાં આવે તો મને લાગે છે કે આ સ્થિતિ આપણે નિવારી શકીશું. કારણ કે આજે પણ ગુજરાતમાં ૬૦ ટકા ખેડૂતો સહકારી બેંકોમાંથી ધિરાણ મેળવે છે. જે ધિરાણની ટકાવારી ૪૬ ટકા હતી એ ઘટીને આજે ૩૪ ટકાએ પહોંચી છે. એનો અર્થ જે મોટા અને શ્રીમંત ખેડૂતો છે એવા ખેડૂતો રાષ્ટ્રીયકૃત બેંકો અથવા અન્યત્ર જતા રહે છે. ગરીબ, સામાન્ય અને મહેનતકસ લોકો છે એને માત્ર સહકારી માળખા ઉપર આધાર રાખવો પડે છે. ૬૦ ટકા જેવા ખેડૂતો જ્યારે આ દિશામાંથી ધિરાણ મેળવે છે ત્યારે આ દિશામાં સંયુક્તપણે આપણે કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆત કરીને પ્રયત્ન કરવો જોઈએ કે સહકારી માળખાને ભેદભાવ રાખ્યા વિના આગળ જે ધિરાણ રીફાયનાન્સ છે એ વધારવામાં આવે. રામસિંહભાઈએ ખોટા વહીવટ અંગે કહ્યું. આ બાબતે મેં જનરલ રહી દીધું છે કે આવતા દિવસોમાં ખોટા કામો કરતા હશે એને છોડવાના નથી. માનનીય શક્તિસિંહ, શંકરભાઈ ચૌધરી, અર્જુનભાઈ મોઢવાડિયા, નારાયણભાઈ, મુકેશભાઈ તરફથી પુન: ધિરાણ ઘ ટવા અંગેની વાત કરી. આ બધી વાત મારા ઉલ્લેખમાં મેં કરી દીધી છે. બાબુભાઈ પટેલ, બ્રિજરાજરાજસિંહ, રમણભાઈ પાટકર, સી.કે.રાઉલજી, બાબુભાઈ શાહ અને જેઠાભાઈ ભરવાડે ચોટદાર રીતે આ બિલને આવકાર્યું છે. આ માટે હું સૌનો આભાર માનું છું. આ બિલ પસાર થવાથી ગોધરા બેંકને ૧૫ કરોડ રૂપિયા જેવી રાહત સહાય મળવાની છે. બાકીના પૅકેજ પ્રમાણે નાબાર્ડના એમ.ઓ.યુ. પ્રમાણે વસૂલાતના આધારે આ પૅકેજ ત્રણ વર્ષ સુધી ચાલવાનું છે. રાઉલજીને બાકીની મદદની જરૂર પડશે તો મદદ કરીશું. વસૂલાત માટે સૌ સાથે કાળજી લઈએ. ધિરાણ લેવું સહેલું છે પણ વસૂલાત માટે કાળજી લેવી જોઈએ. એમાં જે મદદની જરૂર પડશે એ મદદ સરકાર

ચોક્કસ કરશે. આ દિશામાં ચાલવું જોઈએ. એ વાતમાં આપણે સૌ સહમત થઈએ કે અહીંયા કોઈ નેતૃત્વના આધારે, વિશ્વાસના આધારે જ સરકાર ચાલતી હોય છે. મારે રાજકીય અવલોકનો કરવા નથી પણ આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાતની જનતામાં જે વિશ્વાસ આ ચુકાદો આપતા પહેલા આપણે સૌએ જોયો છે. કૃષિરથનો ઉલ્લેખ કર્યો ત્યારે વાસ્તવિક રીતે જે વૈજ્ઞાનિકોએ આના આધારે માહિતી આપવા ધોમધખતા તાપમાં ગ્રામ્ય વિસ્તારોમાં જઈને કામ કર્યું એણે ખેડૂતોમાં વધુ મજબૂત વિશ્વાસ પેદા કરાવ્યો એના કારણે નાના ખેડૂતોને સહકારી માળખામાંથી મદદ કરવાની વાત છે, કાર્ડ આપવાનો કાર્યક્રમ છે, એને જોડીને કાર્યક્રમ આગળ વધાર્યો હતો એના કારણે કૃષિ ક્ષેત્રે મજબૂત અને ઉચ્ચ હરણફાળ ભરવા માટે આર્થિક ક્ષેત્રે પૅકેજ, કૃષિકારોના વિકાસ માટે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે સંકલ્પ અને ઈરાદાઓ શરૂ કરવા માટેના સ્પષ્ટ કરી દીધા છે એ યોજનાનું અમલીકરણ આ બિલ થયા પછી ગુજરાતના તમામ ખેડૂતોને પ્રાપ્ત થશે.

માનનીય અધ્યક્ષશ્રી, હું ફરી આપ સૌને આશ્વશત કરતાં આ સુધારાઓ મંજૂર કરવા વિનંતી કરું છું. માનનીય મુખ્યમંત્રીશ્રીના "વિકસિત ગુજરાત, જીતેગા ગુજરાત"ના સ્વપ્નને સાકાર કરવા નાના ખેડૂતો માટે નક્કર કાર્યક્રમોની ભેટ આપી છે. રાજ્ય સરકાર બીન ખેતી વિષયક ધિરાણમાં આપણને હિસ્સો આપવાની છે. આપ સૌએ આ બિલને આવકાર્યું છે એ બદલ હું આપ સૌનો આભાર માનું છું અને બિલને પસાર કરવા વિનંતી કરું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને આપના મારફત પૂછવા માગું છું કે આ નાણાકીય યાદી છે તો માનનીય મંત્રીશ્રી જણાવવા કૃપા કરે કે આ બિલના કારણે આવર્તક અને અનાવર્તક ખર્ચ છે એ કેટલો કેટલો છે? આપણે કાયદાની કલમ ૧૨૩ મુજબ જે કલમના કારણે ખર્ચ પડવાનો છે એની નીચે લીટી દોરવી જોઈએ. ( પાના નં. ૧૬૩ વાંચી જાવ) જે કોઈ વિધેયકને અધિનિયમિત કરીને અમલમાં લાવવાથી રાજ્યની સંચિત નિધિ માટે ખર્ચ થાય એમ હોય (પેલામાં પાના નં.૪૯) તો તે વિધેયકની સાથે નાણાકીય યાદી સામેલ કરવી, જેમાં ખર્ચની જોગવાઈ કરતી કલમો પ્રત્યે ખાસ ધ્યાન દોરવું. માનનીય અધ્યક્ષશ્રી, નાણાકીય યાદી છે, જે બિલ છે તેના પાના અગિયાર ઉપર આપ્યું છે જે માટે કલમની વાત નથી અને આવર્તક તથા અનાવર્તક અંદાજ પણ આપો. (૨) રાજ્યની સંચિત નિધિમાંથી કરવાનો ખર્ચ બતાવતી કલમની જોગવાઈની બાજુમાં તેની લીટી દોરવી. લીટી માટે બહુ ઈસ્યુ નહિ કરું. પરંતુ આવો ખર્ચ બતાવતી વિધેયકની કલમની બાજુમાં નીચે આવી લીટી દોરવામાં આવી ના હોય, તે નથી થયું તો અધ્યક્ષશ્રી, પ્રભારી સભ્યશ્રી મેમ્બર ઈનચાર્જ કલમો સભાગૃહના ધ્યાન ઉપર લાવવા માટે પરવાનગી આપી શકશે. મારી વિનંતી છે કે એ જે કલમો છે એ સભાગૃહના ધ્યાન ઉપર માનનીય મંત્રીશ્રી લાવે એ એક સવાલ છે. બીજો સવાલ એ છે કે, એમણે જે બજૅટમાં રકમ મંજૂર કરી તો ક્યા હેડે, કયા પેટા સદર નીચે, કેટલી રકમ મંજૂર કરી છે એ પણ ધ્યાન દોરવું.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયકની જોગવાઈ મુજબ એવો અગર સાથે મૂક્યું છે તેની સેકશન મુજબ થયેલો ખર્ચ છે એ મુજબ દર્શાવી છે, અલગ કોઈ દર્શાવવામાં આવી નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારાના કારણે જે ખર્ચ ઊભો થાય એ કઈ સેકસન છે?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, ટેબલ ઉપર મૂકીશ.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૮ના વિધેયક ક્રમાંક-૧ નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૩૦, કલમ-૧ દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી,હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૮ ના વિધેયક ક્રમાંક-૧ નું ત્રીજું વાચન કરવાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૮ ના વિધેયક ક્રમાંક-૧ નું ત્રીજું વાચન કરવાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

## અધ્યક્ષશ્રીની જાહેરાત

### નવા ચૂંટાયેલા અધ્યક્ષશ્રી અને વિદાય લેતા અધ્યક્ષશ્રીના સન્માન કાર્યક્રમ અંગે

**અધ્યક્ષશ્રી :** આ સભાગૃહનું કામકાજ પૂરું થયા પછી વીસ મિનિટ બાદ વિધાનસભાના મકાનના ચોથા માળે શાસકપક્ષના ખંડમાં નવા ચૂંટાયેલા અધ્યક્ષશ્રી અને વિદાય લેતા માનનીય અધ્યક્ષશ્રીના સન્માનનો એક કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં માનનીય મંત્રીશ્રીઓ સહિત સૌને ઉપસ્થિત રહેવા માટે. વિનંતી છે.

સભાગૃહની આજની બેઠકનું કામકાજ પૂરું થાય છે, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯ (૧) અન્વયે હું સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખું છું.

સભાગૃહનું કામકાજ બપોરના ૪.૫૧ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર
અનિશ્ચિત મુદત માટે મુલતવી રહયું.

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા. ૨૫ મી ફેબ્રુઆરી, ૨૦૦૮**
**ફાલ્ગુન ૬, ૧૯૨૯ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી શ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## મોરબી, ધાંગધ્રા અને માળીયા બ્રાન્ચ કેનાલનાં કામો

*૨૮૯ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા (મોરબી)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કેઃ-

નર્મદા યોજનાની સૌરાષ્ટ્ર મુખ્ય કેનાલમાંથી મોરબી બ્રાન્ચ કેનાલ, ધાંગધ્રા બ્રાન્ચ કેનાલ તથા માળીયા બ્રાન્ચ કેનાલોનાં કામો કયારે પૂરા થવાની સંભાવના છે?

**મુખ્યમંત્રીશ્રી (નર્મદા):**

સૌરાષ્ટ્ર શાખા નહેરમાંથી નીકળતી માળીયા શાખા નહેરનું કામ લીલાપર/ઢાંકી ખાતેના વિશ્વના સૌથી મોટા પમ્પીંગ સ્ટેશન સાથે માર્ચ ૨૦૦૭ સુધીમાં પૂર્ણ થયેલ છે. ધાંગધ્રા અને મોરબી શાખા નહેરને પાણી આપવા માટે જરૂરી ચાર પમ્પીંગ સ્ટેશનની કામગીરી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે. ધાંગધ્રા શાખા નહેર અને મોરબી શાખા નહેરનું કામ વહેલાસર પૂર્ણ કરવાનું આયોજન છે.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ મારા પ્રશ્નનો જવાબ આપ્યો છે કે ૨૦૦૭ માં કામ પૂરું કર્યુ છે એ બદલ હું ધારાસભ્ય તરીકે તેમને અભિનંદન આપું છું કે એ પાણીથી સમગ્ર ગુજરાતને ઘણોબધો ફાયદો થયો છે, પરંતુ એની સાથે સાથે મારી લાગણી છે કે પાછળનાં જે ચાર પમ્પીંગ સ્ટેશનો અને માઈનોર કેનાલોનાં કામ કેટલા સમયમાં પૂરાં કરવા માગે છે એની ખાતરી આપે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ નીચેની આ નવી સરકારના પ્રશ્નોત્તરીના પ્રથમ તબકકામાં નર્મદા વિશેનો પ્રશ્ન આવ્યો છે એ આપણા સૌના માટે ગૌરવની વાત છે.

**અધ્યક્ષશ્રી:** માનનીય મંત્રીશ્રી, જેટલો ટૂંકો જવાબ આપશો એટલું વધારે સારું થશે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાનો જે પ્રશ્ન આખા ગુજરાત માટે અગત્યનો છે એટલા માટે હું આ ઉલ્લેખ કરી રહ્યો છું. સૌરાષ્ટ્રની બ્રાન્ચ કેનાલ કુલ ૧૦૪ કિલોમિટર લંબાઈની છે. કડી તાલુકામાંથી કરણનગરથી આ ચાલુ થાય છે અને ધોળીધજા ડેમ, સુરેન્દ્રનગર જિલ્લામાં એ પૂરી થાય છે. આમાંથી કુલ ૭ કેનાલો નીકળે છે અને એ ૭ કેનાલો પૈકી માળીયા, મોરબી અને ધાંગધ્રાનાં કામો ચાલુ છે અને આની જે મુખ્ય વિશિષ્ટતા છે તે એ છે કે કડી સુધી જે પાણી આવ્યું છે તે ગ્રેવિટીથી આવ્યું છે. સૌરાષ્ટ્રમાં આ કેનાલમાં પાણી પહોંચાડવાનું છે એ લિફટ કરીને આપવાનું છે અને એના માટે ૫ તબકકામાં પમ્પીંગ સ્ટેશનો બનાવવાનાં છે તેમાં ઢાંકીનું પમ્પીંગ સ્ટેશન પૂર્ણ થઈને કામ કરતું થઈ ગયું છે અને દુનિયામાં સર્વપ્રથમ આ કક્ષાનું મોટામાં મોટું પમ્પીંગ કરતું આ પમ્પીંગ સ્ટેશન છે અને આનાથી કરોડો લીટર પાણી અને લાખો કયુસેક પાણી આ પમ્પીંગ સ્ટેશનો દ્વારા પહોંચાડીને માળીયા અને મોરબી સુધી લિફટ કરીને પહોંચાડવા માટેનું આયોજન છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ બહુ સ્પેસિફિક પ્રશ્ન પૂછયો છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ધાંગધ્રા બ્રાન્ચ અને મોરબી બ્રાન્ચ આનો કુલ એસ્ટિમેટેડ ખર્ચ કેટલો હતો અને છેલ્લા ત્રણ વર્ષમાં આ બ્રાન્ચ કેનાલોમાં કેટલો ખર્ચ થયો છે અને માનનીય મંત્રીશ્રી એ પણ જણાવવા કૃપા કરશે કે આ બ્રાન્ચ કેનાલ કેટલા સમયમાં સમયબધ્ધ રીતે પૂર્ણ કરવાનું આયોજન છે?

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, ખર્ચ અને એની વિગતો આપો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : સર્વપ્રથમ તો આ જે કેનાલો છે એમાં જે પમ્પીંગ સ્ટેશનો બનવાનાં છે એના ખર્ચની હું વિગતો આપું છું. જેમાંથી કેનાલો નીકળવાની છે અને પ્રથમ જે પમ્પીંગ સ્ટેશન ઢાંકીનું છે એનો કુલ અંદાજ ૧૭૮ કરોડ રૂપિયાનો હતો જેમાંથી ૧૬૦ કરોડ રૂપિયાના ખર્ચે કામ પૂરું કરવામાં આવ્યું છે. બીજું જે છે એમાંથી માળિયા કેનાલ નીકળે છે અને આગળ પાણી પહોચાડાય છે એનું પમ્પીંગ સ્ટેશન નંબર ૨ એનો ૧૧૧ કરોડ રૂપિયાનો અંદાજીત ખર્ચ છે, ત્રીજું પમ્પીંગ સ્ટેશન છે એનો ૧૧૪ કરોડ રૂપિયાનો ખર્ચ, ચોથું પમ્પીંગ સ્ટેશન એનો ખર્ચ ૮૪ કરોડ રૂપિયા છે અને પાંચમું પમ્પીંગ સ્ટેશન છે એનો ખર્ચ ૮૫ કરોડ રૂપિયા છે. (અંતરાય) જે માળીયા કેનાલ છે એનો અંદાજીત ખર્ચ ૨૨૫ કરોડ રૂપિયા છે, એમાંથી ૨૨૫ કરોડનું કામ પૂરું થઈ ગયું છે અને માળીયા બ્રાન્ચ કેનાલ પણ કામ કરતી ચાલુ થઈ ગઈ છે. બીજા નંબરે ધ્રાંગધ્રા બ્રાન્ચ કેનાલ છે તેનો અંદાજીત ખર્ચ ૧૪૬ કરોડ રૂપિયા છે. અને ૭૨ કરોડ રૂપિયાનું કામ પૂર્ણ થયું છે. અને મોરબી શાખાનું કામ હવે હાથ ઉપર લેવાનું છે. ટેન્ડરની કાર્યવાહી ચાલી રહી છે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્ર શાખા બ્રાન્ચમાંથી કયા કયા વિસ્તારના તાલુકાઓને પાણી આપવાનું આયોજન છે અને કેટલા હેકટરમાં પાણી આપવામાં આવશે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્ર શાખા દ્વારા સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લાના ૮ તાલુકાઓમાં ૧૮૫૦૦૦ હેકટરમાં પાણી આપવાનું આયોજન છે. એમાં સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકામાં

૫૧૬૬૧ હેકટર, હળવદ તાલુકાના ૮૧૫૦ હેકટર, લખતર તાલુકાના ૧૪૮૫૦ હેકટર, પાટડી તાલુકાના ૧૭૬૬૯ હેકટર, વઢવાણ તાલુકાના ૭૯૮૭ હેકટર અને રાજકોટ જિલ્લાના મોરબી તાલુકામાં ૨૭૯૯૧ હેકટરમાં પાણી આપવાનું આયોજન છે.

**કલ્પસર યોજનાની કામગીરી**

* ૬૪૪ **શ્રી આત્મારામ મ. પરમાર (ગઢડા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી (કલ્પસર)** જણાવવા કૃપા કરશે કે,

(૧) કલ્પસર પ્રોજેકટ તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૨) આ યોજનામાં આજ દિન સુધી કેટલી રકમ ખર્ચાઈ છે, અને

(૩) આ યોજના પૂર્ણ થતાં રાજયને મળનારા લાભોની વિગતો શી છે?

**મુખ્ય મંત્રીશ્રી (કલ્પસર):**

(૧) હાલ કલ્પસર યોજનાનો પૂર્ણ શકયતાદર્શી અહેવાલ તૈયાર કરવાની કામગીરી પ્રગતિમાં છે.

(૨) આ યોજનામાં આજ દિન સુધી (જાન્યુ-૦૮ સુધી) કુલ ૨૭૫૯.૩૩ લાખનો ખર્ચ થયેલ છે.

(૩) પૂર્વ શકયતાદર્શી અહેવાલ તેમજ છ વિશિષ્ટ અભ્યાસો મુજબ આ યોજના પૂર્ણ થતાં રાજયને નીચે મુજબના મુખ્ય લાભો મળવાની શકયતા છે.

૧. સૌરાષ્ટ્રના નર્મદા વિકાસ વિસ્તારમાં નહીં આવતા ખાસ કરીને દરિયાકાંઠાના ૧૦.૫૪ લાખ હેકટર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે,

૨. ૧.૧૯ લાખ હેકટર જેટલી ખારાશવાળી જમીન નવસાધ્ય થશે.

૩. ૯૦૦ મી.ઘ.મી.જેટલું પીવાનું પાણી અને ૫૦૦ મી.ઘ.મી.પાણી ઉદ્યોગો માટે ઉપલબ્ધ થશે.

૪. ખંભાતના અખાતની પશ્ચિમે ઘોઘા કાંઠો તથા પૂર્વ દિશા તરફ હાંસોટ કાંઠાને જોડતો ૬૪.૧૬ કિલોમિટરનો બંધ બાંધવાથી ભાવનગરથી મુંબઈ સુધીના અંતરમાં ૨૨૫ કિ.મી.નો ઘટાડો થશે.

૫. એકલ બેઝીનના આયોજનથી ૫૮૮૦ મેગાવોટ વિદ્યુતશકિત (તૂટક) અને દ્વિ બેઝીનના આયોજનથી ૧૬૮૦ મેગાવોટ વિદ્યુતશકિત (સતત) ઉત્પન્ન થઈ શકશે. આ ઉપરાંત મત્સ્યોદ્યોગનો વિકાસ જેવા અન્ય લાભો પણ ઉપલબ્ધ થશે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ એક એવી કલ્પસર યોજના છે કે જો કાર્યાન્વિત થાય તો ગુજરાતની તકદીર બદલાઈ જાય તેમ છે.

**અધ્યક્ષશ્રી** : કોઈ પણ જાતના પ્રીએમ્બલ વાંચ્યા સિવાય સીધો પ્રશ્ન જ પૂછો. આપ માત્ર પ્રશ્ન ઉપર જ રહો.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે જે જવાબ રજૂ થયો છે એમાં જણાવ્યું છે કે પૂર્ણ શકયતાદર્શી અહેવાલની કામગીરી પ્રગતિમાં છે. તો આ પૂર્ણ શકયતાદર્શી અહેવાલ કઈ કંપની તૈયાર કરી રહી છે, અને કયાં સુધીમાં તે અહેવાલ સુપરત થશે? અને આ યોજનાનો સંભવિત ખર્ચ કેટલો છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કલ્પસર યોજના એ કોઈ કલ્પના નથી, અગાઉ ખેડા જિલ્લામાંથી પરિયેજમાંથી સૌરાષ્ટ્રમાં પાણી પહોંચાડ્યું ત્યારે પણ અહીંયા આવા જ શબ્દો કહેવાયા હતા અને આજે દસ વર્ષથી ત્યાં નર્મદાનું અને મહીનું પીવાનું પાણી સૌરાષ્ટ્રમાં, અહીં બેસીને બોલનારા લોકો પીતા થઈ ગયા છે, એટલે આ કોઈ કલ્પનાના ઘોડા નથી સાહેબ.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી જે પ્રશ્ન હોય તેનો જ જવાબ આપો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ કલ્પનાના ઘોડા નથી, આ વાસ્તવિક હકીકત બનનારી નર્મદા યોજના પછીની મોટામાં મોટી ગુજરાતના ભવિષ્યને પલટી નાખનારી યોજના છે. અને સરકાર ખૂબ ગંભીરતાપૂર્વક આ યોજનામાં તબક્કાવાર આગળ વધી રહી છે. આ યોજના બહુ હાઈ ટૅક્નીકલ યોજના છે, અને એમાં જે ખર્ચ થવાનો છે તે અત્યારે અંદાજ પ્રમાણે ૫૫ હજાર કરોડનો ખર્ચનો અંદાજ છે. અને એમાં જુદા જુદા ૬ નિષ્ણાત જૂથોની રચના કરવામાં આવી છે.

**અધ્યક્ષશ્રી** : એમણે કંપનીનું નામ પૂછ્યું છે એ જણાવો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, છ નિષ્ણાત જૂથો પણ બનાવ્યા છે અને નેધરલેન્ડની કંપનીને પ્રાથમિક અહેવાલની કામગીરીની જવાબદારી સોંપવામાં આવી છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે, તેમાં ગયા વખતે વર્ષ ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ એમાં ૨૦૦૬-૦૭માં ૫૦૦ લાખ રૂપિયાની જોગવાઈ કરી હતી અને ખર્ચ ફકત ૧૨૮ લાખનો થયો હતો.. એવી જ રીતે ૨૦૦૭-૦૮માં જોગવાઈ ૨૦૦૦ લાખની કરી હતી અને ખર્ચ ૧૧૫ લાખનો જ થયો હતો. તેની સામે એમ કહેવા માગે છે કે અત્યાર સુધીમાં ૨૭૫૯ લાખનો ખર્ચ થયો છે. તો આને કારણે આમાં ખૂબ ધીમી ગતિએ કામગીરી થઈ રહી છે, તો આટલો બધો વિલંબ થવાનું કારણ શું છે અને આ યોજના કયાં સુધીમાં પૂર્ણ કરી અને સૌરાષ્ટ્રને ખાસ કરીને પીવાનું પાણી અને વીજળી માટેની સુવિધા ઉપલબ્ધ થવાની છે તો કયાં સુધીમાં પૂર્ણ કરવા માગે છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : એક તો યોજના વિલંબમાં નથી. હજી યોજના શકયતાદર્શી અહેવાલના તબક્કે છે. મેં આગળ કહ્યું એમ ખૂબ ટેકનિકલ પ્રકારની કામગીરી છે. ભારત સરકાર અને આંતરરાષ્ટ્રીય કક્ષાની જુદી જુદી સંસ્થાઓ આમાં જોડાયેલી છે. દરિયાનું સર્વેક્ષણ કરીને દરિયાના તળિયાનું સર્વેક્ષણ મોજણી કરીને, હવાઈ નિરીક્ષણ કરીને નાની હોડીથી માંડીને મોટી સ્ટીમરો મોકલીને ભૂગર્ભના નકશાની કામગીરી કરીને સર્વે ઓફ ઈન્ડિયાની મદદ લઈને, રાષ્ટ્રીય સંસ્થાઓની મદદ લઈને આ કામગીરી ચાલે છે. સર્વે ઓફ ઈન્ડિયાએ આપણને એવું કહ્યું કે અમારી પાસે સ્ટાફ ઓછો છે. અમારી પાસે સીરક્રીકની અને બીજી ભારત સરકારે વધારે કામગીરી આપેલી છે એટલે અમે આ કામગીરી હાથ ઉપર લઈ શકીએ તેમ નથી એટલા માટે વિલંબ થયો છે. ખર્ચ જોઈએ તો એના માટે આપણે પૂરતી જોગવાઈ કરેલી છે એટલે ખર્ચના કારણે કોઈ કામ અટકતું નથી.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : આ કલ્પસર યોજનાથી ખાસ કરીને સૌરાષ્ટ્રને ખૂબ લાભ થવાનો છે. સૌરાષ્ટ્ર વિસ્તાર સુરત અને બોમ્બે સાથે વાહન વ્યવહાર માટે રસ્તાથી જોડાયેલો છે. આ યોજના થતાં વાહન વ્યવહાર માટે કેટલો લાભ થવાનો છે.?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : આ યોજના જુદા જુદા પ્રકલ્પોથી જોડાયેલી છે. મીઠા પાણીનું મોટું સરોવર બનશે, પર્યાવરણમાં સુધારો થશે. ગ્લોબલ વોર્મિંગના પ્રોબ્લેમો છે એમાં આ યોજનાથી ખૂબ લાભ થવાનો છે. બીજું ઘોઘાથી ખંભાતનો વિસ્તાર છે. ખંભાત અને ભરૂચ જિલ્લો છે એમાં માટીયાળથી જે રસ્તાઓનું આયોજન થવાનું છે એના લીધે ૨૨૫ કિલોમીટરનું અંતર સૌરાષ્ટ્રથી મુંબઈ સુધીનું ઘટવાનું છે.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : આ કલ્પસર યોજનાથી ખેડા વિસ્તારનો ખારોપટ અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠાનો ખારોપટ છે એ વિસ્તારમાં આની શું અસર થવાની છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : અહીંયા મીઠા પાણીનું સરોવર બનવાનું છે. અત્યારે નર્મદા, મહી અને દક્ષિણ ગુજરાતની જે નદીઓનું પાણી દરિયામાં નકામું વહી જાય છે એને રોકવાના છીએ. જે ભારતનું જ નહિ પરંતુ એશિયાનું મીઠા પાણીનું મોટામાં મોટું સરોવર બનશે. એના કારણે સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતના વિસ્તારોમાં પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવામાં આવશે. જે પાણીનો સંગ્રહ થશે એના કારણે સિંચાઈને પણ પાણી આપવામાં આવશે. ભૂગર્ભના જળમાં જે ખારાશ છે એ પણ આના લીધે ઓછી થશે. દરિયા કિનારાના વિસ્તારમાં જે ખારાશવાળી જમીન છે એ જમીન ખારાશથી મુકત થવાની છે. એને મીઠા પાણીનો લાભ મળશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : ૧૯૯૫માં માનનીય કેશુભાઈ પટેલે આ ગૃહમાં ૧૦ કરોડ રૂપિયાની બજેટમાં ફાળવણી કરીને આ યોજનાના પ્રિફિઝિબિલિટી રિપોર્ટની વાત કરી હતી. આજે આપણે ૨૦૦૮માં છીએ છતાં એ પ્રિફિઝિબિલિટી રિપોર્ટ તૈયાર થયો નથી. માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે આ રિપોર્ટ તૈયાર નથી થયો. તો ત્યાં ખાતમૂર્હતનો સવાલ ન હોય, દરિયામાં નાળિયેર નાખીને ખાતમૂર્હત થયું છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : પ્રિફિઝિબિલિટી રિપોર્ટના આધારે એવું કહેવામાં આવ્યું કે રાજયે છ વિષય ઉપર વધારે ઊંડાણપૂર્વક અભ્યાસ કરવાની જરૂર છે. એટલે અત્યારે વધારાના અભ્યાસની કામગીરી થઈ રહી છે. આ યોજનાનું કોઈ ખાતમૂર્હત કરવામાં આવ્યું નથી.

### જિલ્લાવાર બળાત્કારના નોંધાયેલ કેસ

***૭૭૦શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર(મહુધા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયમાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયા જિલ્લામાં બળાત્કારના કેટલા કેસ કે ફરિયાદોની નોંધણી થઈ,

(૨) કેટલા કેસોમાં આરોપીઓ પકડાયા, અને

(૩) આરોપીઓ નથી પકડાયા તેવા કિસ્સામાં સરકારે શું સઘન કાર્યવાહી કરી?

**મુખ્યમંત્રીશ્રી:**

(૧)

| અ.નં. | જિલ્લા/શહેર | કેસો |
|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૧૨૬ |
| ૨ | રાજકોટ શહેર | ૦૮ |
| ૩ | વડોદરા શહેર | ૭૩ |
| ૪ | સુરત શહેર | ૧૫ |
| ૫ | અમદાવાદ રૂરલ | ૧૪ |
| ૬ | ખેડા | ૨૬ |
| ૭ | આણંદ | ૨૪ |
| ૮ | ગાંધીનગર | ૨૬ |
| ૯ | સાબરકાંઠા | ૨૦ |
| ૧૦ | મહેસાણા | ૧૨ |

| | | |
|---|---|---|
| ૧૧ | જામનગર | ૨૯ |
| ૧૨ | રાજકોટ રૂરલ | ૫૧ |
| ૧૩ | સુરેન્દ્રનગર | ૩૯ |
| ૧૪ | બનાસકાંઠા | ૪૫ |
| ૧૫ | કચ્છ-ભૂજ | ૨૯ |
| ૧૬ | પાટણ | ૧૫ |
| ૧૭ | અમરેલી | ૧૯ |
| ૧૮ | ભાવનગર | ૫૦ |
| ૧૯ | જૂનાગઢ | ૨૦ |
| ૨૦ | પોરબંદર | ૦૩ |
| ૨૧ | વડોદરા રૂરલ | ૨૦ |
| ૨૨ | ભરૂચ | ૧૫ |
| ૨૩ | નર્મદા | ૦૯ |
| ૨૪ | પંચમહાલ | ૩૮ |
| ૨૫ | દાહોદ | ૩૨ |
| ૨૬ | સુરત | ૧૩ |
| ૨૭ | તાપી | ૦૮ |
| ૨૮ | વલસાડ | ૧૧ |
| ૨૯ | નવસારી | ૦૪ |
| ૩૦ | વેસ્ટર્ન રેલ્વે | ૦૩ |
| ૩૧ | આહવા-ડાંગ | ૦૮ |
| | **કુલ :** | **૮૦૫** |

(૨) ૭૫૩ કેસોમાં ૧૧૯૯ આરોપીઓ પકડાયા છે.

(૧) ગુનો કરી નાસતા ફરતા આરોપીઓને શોધવા તેમના મિત્રો, સગા વહાલા, સબંધીઓ તેમજ છૂપાવવાની સંભવિત જગ્યાઓએ ખાનગી રાહે તથા બાતમીદાર મારફતે તપાસ કરવામાં આવેલ છે.

- સી.આર.પી.સી. કલમ ૭૦ મુજબ મેજિસ્ટ્રેટ પાસેથી ધરપકડ વોરંટ મેળવી આજુબાજુના જિલ્લાઓ/શહેરોને વોરંટ પાઠવી ધરપકડ કરવાની કાર્યવાહી કરવામાં આવે છે. તેમજ સી.આર.પી.સી. ની કલમ ૮૧,૮૨ હેઠળ આરોપીની ચલ/અચલ મિલકતો ટાંચમાં લેવાની કાર્યવાહી કરવામાં આવે છે. જરૂર જણાયે મેજિસ્ટ્રેટનો હુકમ મેળવી ભાગેડુ જાહેર કરવામાં આવે છે. આ બાબતે જિલ્લા/શહેરોના પોલીસ સ્ટેશનોમાં બહોળી પ્રસિદ્ધિ આપવામાં આવે છે.
- જે અન્વયે ૫૪ આરોપીઓ સામે ધરપકડ વોરંટ કાઢવામાં આવેલ છે.
- આરોપીઓના મોબાઈલ તથા રહેણાંક ફોન ઓબ્ઝરવેશનમાં મૂકી માહિતી મેળવવા તજવીજ કરવામાં આવેલ છે.
- લોકલ ક્રાઈમ બ્રાન્ચ/એસ.ઓ.જીસ્કોર્ડને સતત તપાસમાં રહેવાની સૂચનાઓ આપવામાં આવેલ છે.

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર** : ગુજરાતમાં કયા જિલ્લામાં કયા કયા તાલુકામાં કઈ જ્ઞાતિ ઉપર બળાત્કાર થયા અને કઈ કઈ જગ્યાએ બળાત્કાર થયા. ખેતરમાં કર્યા, કોલેજોમાં કર્યા કે બીજી કઈ કઈ જગ્યાએ કર્યા.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, કયા જિલ્લામાં કયા તાલુકામાં કઈ જ્ઞાતિ ઉપર, મને લાગે છે કે આનો જવાબ તો આપવો મારા માટે અશક્ય છે. મેં આગળ જિલ્લા પ્રમાણે કેસની સંખ્યા આપેલી છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે આ જે બળાત્કારના કેસો છે એમાં ઓલ ઈન્ડિયામાં ગુજરાતનો ક્રાઈમ રેટ કેટલો છે અને આના સંદર્ભમાં પ્રથમ દસ રાજ્યો કયા છે?(અંતરાય)

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યો ભલે કટાક્ષમાં કહેતા હોય નંબર વન ગુજરાત, પરંતુ મને ગૃહને જણાવતાં આનંદ થાય છે કે છેલ્લેથી પહેલો નંબર ગુજરાતનો છે. સૌથી ઓછા બળાત્કાર ગુજરાતમાં થયા છે. સમગ્ર દેશમાં એક લાખે બળાત્કારનો ક્રાઈમ રેટ ૧.૭ છે અને ગુજરાતની અંદર ૦.૬ છે.

ગુજરાતની આગળ તો બધા જ રાજ્યો છે. એમણે પહેલા દસ પૂછયા એમાં મિઝોરમ ૭.૫, ત્રિપુરા ૫.૫, મધ્યપ્રદેશ ૪.૩, આસામ ૪.૩, છત્તીસગઢ ૪.૩, દિલ્હી ૩.૮, સિક્કીમ ૩.૪, અરુણાચલ પ્રદેશ ૩.૨, મેઘાલય ૩ અને ઝારખંડ ૨.૭ છે. સંખ્યાનો સવાલ છે એમાં મધ્યપ્રદેશમાં ૨૯૦૦, પશ્ચિમ બંગાળ ૧૭૦૦, મહારાષ્ટ્ર ૧૫૦૦, ઉત્તર પ્રદેશ ૧૩૦૦, આસામ ૧૨૦૦, બિહાર ૧૨૦૦, રાજસ્થાન ૧૦૦૦, આંધ્રપ્રદેશ ૧૦૦૦ અને ગુજરાતમાં ૪૦૦ થી ઓછા થયા છે.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે છેલ્લા બે વર્ષમાં ૮૦૫ બનાવો બન્યા. એટલે એવરેજ ગુજરાતની એક દીકરી ઉપર એક બળાત્કાર બને છે. આ જે કૃત્ય કરી રહ્યા છે એને પકડવાની કાર્યવાહી પણ ચાલે છે. (અંતરાય) બે વર્ષમાં ૮૦૫ છે એટલે એક દિવસમાં એક થાય.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ઉપર આવો.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : આપના દ્વારા જાણવા માગું છું કે આ જે રોજ એક બનાવ બની રહ્યો છે એને જો સખ્તાઈથી દાબવાના સરકારે પ્રયત્નો કર્યા હોત તો પાટણ જેવી ઘટના ન બની હોત. આપના દ્વારા માનનીય સરકારશ્રીને અને માનનીય ગૃહમંત્રીશ્રીને વિનંતી કરું છું કે એવો કાયદો અને એવી નસિહત થવી જોઈએ આવા બળાત્કાર કરવા વાળાને કે જેથી સમાજમાં દાખલો બેસે અને આવા પ્રયત્નો કરીને સરકાર બાકીના કેસોમાં,... ચાંદનીના બળાત્કારીઓ આજે પણ પકડાયા નથી તો એમાં સરકારે શું કાર્યવાહી કરી છે એ જાણવા માગું છું.

**શ્રી અમિત શાહ** : જવાબમાં બાકી રહેલા આરોપીઓ માટે કઈ રીતે પકડવાની કાર્યવાહી ચાલુ છે એની વિગતો આપી છે. કડક હાથે કામ લેવાનો સવાલ છે ત્યારે સભ્યશ્રીને હું આસ્વસ્થ કરવા માગું છું કે, અગાઉ કહ્યું એ પ્રમાણે ભારત સરકારના ક્રાઈમ રૅકૉર્ડ બ્યુરોએ સર્ટિફાઈડ કર્યું છે કે ગુજરાતમાં ઓછામાં ઓછા બળાત્કાર થયા છે. કડક હાથે દાબી દઈએ છીએ એટલે જ ઓછા થયા છે.

**શ્રીમતી વસુબેન ત્રિવેદી** : હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ૧૯૯૧ થી ૧૯૯૫ દરમિયાન બળાત્કારના કેટલા બનાવો બનેલા? કેટલા આરોપીઓ પકડાયા અને કેટલા કેસો કોર્ટમાં મૂકયા?

**શ્રી અમિત શાહ** : કુલ ૧૪૨૯ બનાવો બનેલા છે જેમાંથી ૧૮૪૮ આરોપીઓ પકડાયા છે અને લગભગ ૧૩૮૦ કેસોમાં ચાર્જશીટ થયેલ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ખાસ કરીને જે પાટણની ઘટનાની અંદર જે તપાસનીશ અધિકારીઓ છે એ અધિકારીઓ પણ ટેન્ટેડ છે. એના ઉપર પણ આ પ્રકારની છેડતી અને બીજા આરોપો લાગેલા છે. તો તપાસનીશ અધિકારીઓને બદલવા માગો છો કે કેમ?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ તપાસનીશ અધિકારી ટેન્ટેડ નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, સી.આઈ.ડી. મારફતે તપાસ થઈ રહી છે અને એના અહેવાલો પણ આવેલા છે એમના વડા ઉપર આ પ્રકારના આરોપો મૂકેલા છે અને માનનીય મંત્રીશ્રી આ ઘટના છૂપાવે છે. (અંતરાય)

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું ફરી એકવાર રીપિટ કરું કોઈ તપાસનીશ અધિકારી ટેન્ટેડ નથી.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, મંત્રીશ્રીએ કેવો જવાબ આપવો તેની ફરજ ના પાડી શકાય (અંતરાય) નેકસ્ટ, પ્રશ્ન ક્રમાંક:૪. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સી.આઈ.ડી. ક્રાઈમના વડા માથુર ઉપર આરોપ લાગેલા છે, માનનીય મંત્રીશ્રી એમને છાવરે છે. (અંતરાય) જે ઘટના બહાર આવેલી છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ક્રમાંક:૪, બચુભાઈ કિશોરી

## દાહોદ જિલ્લામાં નોંધાયેલ ગુના

*** ૯ શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે,-

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ બે વર્ષમાં તાલુકાવાર ચોરી, લૂંટ અને ધાડના કુલ કેટલા ગુનાઓ નોંધાયા, અને

(૨) આ ગુનાઓમાં કુલ કેટલા ગુનેગારો પકડાયા?

**મુખ્યમંત્રીશ્રી :**

| તાલુકાનું નામ | ચોરી | લૂંટ | ધાડ |
|---|---|---|---|
| દાહોદ | ૧૦૯ | ૩૨ | ૧૨ |
| ગરબાડા | ૧૩ | ૬ | ૪ |

| | | | |
|---|---|---|---|
| ધાનપુર | ૯ | ૭ | ૪ |
| દે.બારીયા | ૩૯ | ૯ | ૯ |
| લીમખેડા | ૨૪ | ૯ | ૬ |
| ઝાલોદ | ૪૭ | ૩ | ૮ |
| ફતેપુર | ૧૭ | ૧૧ | ૨ |
| કુલ | ૨૫૮ | ૭૭ | ૪૫ |

(૨)  આ ગુનાઓમાં કુલ : ૪૮૪ આરોપીઓ પકડાયા છે.

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લો રાજસ્થાન અને મધ્યપ્રદેશની બોર્ડર ઉપર આવેલો છે, મોટાભાગના ગુનેગારો મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાંથી ધુસી જાય છે અને દાહોદ જિલ્લામાં વારંવાર બનાવો બને છે, તો બોર્ડર પર  કાયમી ધોડેશ્વાર પોલીસ મૂકવા માગો છો કે કેમ? બીજી વાત, દાહોદ જિલ્લામાં પોલીસ સ્ટેશનોમાં જવાબ એકજ મળે છે કે અમારી પાસે પોલીસ સ્ટાફ  પૂરતો નથી તો પોલીસ સ્ટાફ પૂરો પાડવા માગો છો કે કેમ? ત્રીજો પ્રશ્ન, કુલ ગુના બન્યા છે. એમાંથી ૪૮૪ પકડાયા છે તો હવે દાહોદ તાલુકામાં ૧૫૩ ચોરી, લૂંટના ગુના બન્યા છે તેમાં કેટલા ગુનેગારો પકડાયા છે?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યાં સુધી બહારના રાજ્યમાંથી ગુનેગારો અહીંયા આવી ગુનો કરીને પાછા પોતાના રાજ્યમાં જતા રહે છે એ પ્રશ્ન પૂછ્યો એ સભ્યશ્રીએ બહુ વેલીડ એમનો મુદ્દો ઉઠાવ્યો છે આ સમગ્ર ગૃહ અને સમગ્ર રાજ્ય માટે ચિંતાનો વિષય છે અને એટલા માટે જ આ ગૃહની અંદર આ સરકારે ૨૦૦૩માં ગુજકોકનો કાયદો લઈને આવી હતી જેનાથી સંગઠિત ગુનાખોરીને ડામી શકાય. મહારાષ્ટ્ર, રાજસ્થાનમાંથી દાહોદ જિલ્લામાં ગુનેગારોની ટોળી આપણા પ્રદેશની અંદર આવી ગુનો કરીને પાછી ત્યાં જતી રહે અને ગુજકોકના કાયદાથી સંગઠિત ગુનાખોરીને ડામી શકાય તેવી વ્યવસ્થા કાયદામાં ક્રાયેલી છે પણ ગમે તે કારણથી બે બે વાર આ ગૃહે ઠરાવ કરીને , બે બે વાર આ ગૃહે વિનંતી કરીને કાયદો પસાર કરીને મોકલ્યો છે. સુચવેલ એમેડમેન્ટ કરીને  પાછો રાષ્ટ્રપતિ સાહેબને મોકલી આપ્યો પણ કોઈપણ કારણસર આ કાયદાને મંજૂરી આપતા નથી એનાથી આ આંતરરાજ્ય ટોળીને ખૂબ ઉતેજના મળે છે અને મારી સભ્યશ્રીને વિનંતી છે કે કેન્દ્રમાં એમના પક્ષની સરકાર છે તો બધા મિત્રો ભેગા થઈને એમના પ્રભાવનો ઉપયોગ કરીને ગુજકોકને મંજૂર કરાવી લાવે તો ગુના ડામવામાં બહુ સરળતા પડે.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે(અંતરાય)

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : ૧૫૩માંથી કેટલા પકડાયા તેનો જવાબ આપ્યો નથી.(અંતરાય)

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે હાલોલ વિસ્તારમાં જે ત્યાં આગળ લૂંટ થઈ અને લૂંટના આરોપીને દાહોદથી આપણી જવામર્દ પોલીસ અધિકારીએ પકડ્યા છે અને એમાંથી ગુના ડીટેકટ થાય એમ છે એ વાત સાચી છે?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે કોઈ પર્ટીક્યુલર કેસની વિગતવાર માહિતી નથી. પરંતુ માનનીય સભ્યશ્રીને કેટલીક વિગતો આપવાની રહી ગઈ એ મુદ્દો એમનો સાચો છે. જે એમણે કુલ સમય મર્યાદા કરી છે, સમય મર્યાદામાં ૩૫૬ આરોપી સંડોવાયેલા હતા એમાંથી ધાડના ૨૩૪,  લૂંટના ૮૬માંથી  ૫૦, ઘરફોડના ૪૫માંથી ૪૩ પકડાયા, ચોરીના ૨૧૭માંથી ૨૦૦ પકડાયા છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આ ચોરી, લૂંટ અને ધાડ એમાં કોઈ આંતર રાજય ટોળકીઓ આ ઘટનાઓમાં સંડોવાયેલી છે કે કેમ?

બીજું કે આ ચોરી, લૂંટ અને ધાડ જે ગુના નંબર ૧ થી ૫ કહેવાય, આમાં થયેલા ગુનાઓની સંખ્યા અને એની ટકાવારી કેટલી છે ?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યાં સુધી માનનીય સભ્યશ્રીએ સવાલ પૂછ્યો છે એમાં સમગ્ર રાજયમાં ૫૫ ગુનાઓમાં આંતર રાજય ટોળીઓ પકડાયેલી છે અને એ આંતર રાજય ટોળીના ૯૫ આરોપીઓ પકડાયા છે.

**અધ્યક્ષશ્રી** : દાહોદ જિલ્લા પૂરતો મર્યાદિત.

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : સાહેબ મારો સવાલ છે કે, જે તે પોલીસ સ્ટેશનમાં પૂરતો સ્ટાફ મૂકવા માગો છો કે કેમ અને બૉર્ડર ઉપર ગુનેગારો ઘૂસી જાય છે તો એના માટે ઘોડેશ્વાર પોલીસ મૂકવા માગો છો કે કેમ ?

**શ્રી અમિત શાહ** : છેલ્લા પાંચ વર્ષમાં રાજય સરકારે જુદા જુદા સંવર્ગની લગભગ તેર હજાર જેટલી જગ્યાઓ ભરવા માટેની પ્રક્રિયા..

**અધ્યક્ષશ્રી** : દાહોદ પૂરતી.

**શ્રી અમિત શાહ** : ભરતી દાહોદ જિલ્લાની અલગ ના થઈ શકે, ભરતી જે કુલ થાય એમાંથી ત્યાં કર્મચારી - અધિકારી મૂકવામાં આવે

**અધ્યક્ષશ્રી** : એના માટે પૂરતો સ્ટાફ આપો એટલી જ વાત છે.

**શ્રી અમિત શાહ** : ભરતી થાય તો સ્ટાફ આપીએ, માનનીય અધ્યક્ષશ્રી, આપ મને પૂરતો સાંભળો, ભરતી આખા રાજયની થાય છે અને ભરતી થાય એમાંથી દાહોદને સ્ટાફ જાય છે

**અધ્યક્ષશ્રી** : એ રાજયની ભરતી કરીને દાહોદને ફાળવશે. નેકસ્ટ પ્રશ્ન ક્રમાંક-૫.

**બારડોલી અને માંડવી તાલુકાનું પોલીસ મહેકમ**

***૩૬૨ શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ (બારડોલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ સુરત જિલ્લાના બારડોલી અને માંડવી તાલુકાઓના પોલીસ સ્ટેશનોમાં કેટલું મહેકમ મંજૂર કરવામાં આવેલ છે,

(૨) હાલમાં મંજૂર કરેલ મહેકમમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓની ઘટ છે, અને

(૩) આ જગ્યાઓ ભરવા માટે સરકારનું શું આયોજન છે ?

**મુખ્ય મંત્રીશ્રી** ( ગૃહ ):

(૧) બારડોલી - ૯૫, માંડવી - ૭૨

(૨)

| **સંવર્ગ** | **બારડોલી** | **માંડવી** |
|---|---|---|
| પોલીસ ઈન્સ્પેકટર | -- | -- |
| પોલીસ સબ ઈન્સ્પેકટર | -- | -- |
| હેડ કોન્સ્ટેબલ | ૨ | ૧ |
| પોલીસ કોન્સ્ટેબલ | ૨૦ | ૨ |

(૩) વહીવટી અનુકૂળતાએ જગ્યાઓ ભરવામાં આવે છે.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, ઓછા સ્ટાફના કારણે આ કામગીરી ઉપર જે અત્યાચાર થયો છે અને એના કારણે જે સ્ટાફની તકલીફ છે તે પૂરતા પ્રમાણમાં ભરાતી નથી તો આપ ભરવા માગો છો કે કેમ ?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ઓછા સ્ટાફના કારણે અત્યાચાર થયો છે એ વાત બરાબર નથી પરંતુ જ્યાં સુધી સ્ટાફ ભરવાનો સવાલ છે ત્યાં સુધી રાજય સરકાર આ બાબતમાં ખૂબ ગંભીર છે એમાં બે પ્રકારની નીતિ રાજય સરકારે અપનાવી છે એક તો મોર્ડનાઈઝેશન અપનાવી સ્ટાફની જરૂરિયાત કઈ રીતે ઓછી પડે એના માટે પણ રાજય સરકારે ખૂબ પગલાં ભર્યા છે, બધા જ પોલીસ સ્ટેશનોને કમ્પ્યુટરાઈઝ યુક્ત બનાવ્યા છે, કનેકટિવીટી, ઝેરોક્ષ, ફેકસ અને બધા જ આધુનિક ઉપકરણોથી પોલીસ સ્ટેશનો સજજ કર્યા છે એના કારણે ખૂબ સ્ટાફની જરૂરિયાતમાં ઘટાડો થાય છે. જેલ અને કોર્ટો વચ્ચે વિડિયો કોન્ફરન્સીંગ કરી એના લીધે પણ કેદીઓને લાવવા-લઈ જવા વાહનો અને સ્ટાફનો ઘટાડો થયો છે. આ રીતે રાજય સરકારે સ્ટાફની જરૂરિયાત ઓછી કરી છે અને ભરતીની પ્રક્રિયા પણ રાજય સરકારે એટલી જ તીવ્રતાથી ચાલુ કરી છે. છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૧૩,૦૦૦/- કર્મચારી-અધિકારીઓની ભરતી માટે પ્રક્રિયા ચાલુ કરી છે એ પૈકી ૪,૦૦૦/- ભરાઈ ગઈ છે અને બાકીની પ્રક્રિયા જુદા જુદા સ્ટેજે ચાલે છે.

**શ્રી ગણપતભાઈ વે. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસે હું જાણવા માગું છું કે, સુરત જિલ્લામાં પોલીસ સ્ટેશનવાર અને સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ, હાજર મહેકમ અને ખાલી જગ્યાનું મહેકમ કેટલું છે?

**શ્રી અમિત શાહ** :માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ લાંબુ પત્રક છે, આપ અનુમતિ આપો તો હું વાંચું..

**અધ્યક્ષશ્રી** : ટેબલ ઉપર મૂકજો.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માંડવીની જગ્યા બે છે એની જગ્યા ઘટાડી એક કરવામાં આવી છે તેના કારણો?

**શ્રી અમિત શાહ** : માંડવીની એક જગ્યા ઘટાડી કે નહીં એ અત્યારે હાલ મારા ધ્યાન પર નથી, ઘટી હોય તો વહીવટી કારણોસર જ ઘટી હોય એમ છતાંય વિગતે હું તપાસ કરીને માનનીય સભ્યશ્રીને માહિતી આપીશ.

**શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સુરત જિલ્લામાં પોલીસ સ્ટેશનમાં સંવર્ગવાર જગ્યા કેટલા સમયથી ખાલી છે. આ જગ્યા ક્યારે ભરવા માટે સરકારે શું આયોજન કર્યુ છે?

**શ્રી અમિત શાહ** : જગ્યાઓ ભરવા માટેનું આયોજન સમગ્ર રાજ્યમાં કર્યુ છે. તે પૈકી સુરતમાં જશે, પરંતુ જુદા જુદા સંવર્ગની જગ્યા કેટલા સમયથી બાકી છે તે પોલીસ સ્ટેશનવાઈઝ મારી પાસે માહિતી છે. ૬, ૯, ૧૨ મહિનાથી કેટલી, તો લગભગ કુલ સો-દોઢશો એન્ટ્રીઓ વાંચવાની થાય એટલે હું ગૃહના મેજ ઉપર મૂકીશ.

**એફ.એસ.એલ. દ્વારા અન્ય રાજ્યના કર્મચારીઓને તાલીમ**

***૫૬૮ શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ(રાજકોટ-૧) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :

(૧) રાજ્યની ફોરેન્સિક લૅબૉરેટરી દ્વારા અન્ય રાજ્યોના અધિકારીઓને તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો વર્ષ ૨૦૦૭ માં કયા રાજ્યના કેટલા કર્મચારીઓને તાલીમ આપવામાં આવી?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:**

(૧) હા જી, ગુજરાત રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. તેની દેશભરમાં ગણના થાય છે. અને અન્ય રાજ્યો તથા કેન્દ્ર સરકારની સી.બી.આઇ. જેવી સંસ્થાઓને તેના કેસો ઉકેલવામાં મદદ કરવા ઉપરાંત બહારના રાજ્યોના ન્યાયાલયોના ન્યાયાધીશો તથા કેન્દ્ર સરકારની સંસ્થાઓના પોલીસ અધિકારીઓ, મીલીટરીના સીનીયર અધિકારીઓ તથા ફોરેન્સીક નિષ્ણાંતોને ગુન્હાની તપાસમાં ઉપયોગમાં લેવાતી આધુનિક વૈજ્ઞાનિક પધ્ધતિઓ વિશે વિસ્તૃત તાલીમ આપવાની નોંધપાત્ર કામગીરી પણ બજાવે છે. આ તમામ તાલીમ કાર્યક્રમો કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય દ્વારા રાજ્યની એફ.એસ.એલ. ને સોંપવામાં આવે છે. આ ઉપરાંત તાજેતરમાં નેપાલના ૨૧ પોલીસ અધિકારીઓને આ પ્રકારની તાલીમ આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યની એફ.એસ.એલ. ની પસંદગી કરવામાં આવેલ અને માહે ડીસેમ્બર-૦૭ માં આ માટેના ખાસ તાલીમ કાર્યક્રમોનું આયોજન ખાતાએ કરેલ.

(૨) સને ૨૦૦૭ના વર્ષમાં એફ.એસ.એલ. દ્વારા યોજાયેલ વિવિધ તાલીમ કાર્યક્રમમાં રાજ્ય બહારના ન્યાયાધીશો, પોલીસ અધિકારીઓ, મીલીટરી ઓફીસરો, વીજીલન્સ ઓફીસરો મળી કુલ-૯૭ અધિકારીઓને વિસ્તૃત તાલીમ આપવામાં આવેલ. તેની વિગત નીચે મુજબ છે.

(અ) કેન્દ્ર સરકારની એજન્સીઓ દ્વારા મોકલવામાં આવેલ અધિકારીઓની વિગત

(૧) મીલીટરી ઓફીસરો-૫

(૨) C.B.I/N.C.B. ના અધિકારીઓ-૩

(બ) વિવિધ રાજ્યો દ્વારા મોકલવામાં આવેલ ન્યાયાધીશો, પોલીસ અધિકારીઓ તથા અન્ય અધિકારીઓની વિગત.

| **અનુક્રમ** | **રાજ્યનું નામ** | **અધિકારીઓની સંખ્યા** |
|---|---|---|
| ૧ | પંજાબ | ૦૭ |
| ૨ | હરિયાણા | ૧૪ |
| ૩ | કેરાલા | ૦૬ |
| ૪ | મધ્યપ્રદેશ | ૧૫ |
| ૫ | દિલ્હી | ૦૬ |
| ૬ | ઉત્તરાખંડ | ૦૪ |
| ૭ | રાજસ્થાન | ૧૦ |
| ૮ | આંધ્રપદેશ | ૦૭ |
| ૯ | જમ્મુ-કાશ્મીર | ૦૪ |
| ૧૦ | હિમાચલ પ્રદેશ | ૦૩ |
| ૧૧ | ઉત્તર પ્રદેશ | ૦૨ |
| ૧૨ | કર્ણાટક | ૦૩ |
| ૧૩ | ઝારખંડ | ૦૪ |
| ૧૪ | તામીલનાડુ | ૦૪ |
| | **કુલ :** | **૮૯** |

(ક) આ ઉપરાંત નેપાળ દેશના ૨૧ પોલીસ અધિકારીઓને તાલીમ આપવામાં આવી તેમજ સીંગાપોર દેશના ગૃહ મંત્રાલયના ૭ અધિકારીઓને વિસ્તૃત જાણકારી આપવામાં આવેલ.

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ** : મારો પ્રશ્ન ક્રમાંક-૬ એમાં છેલ્લા ૩ વર્ષમાં ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન ફોરેન્સિક સાયન્સ લૅબૉરેટરીને અધતન બનાવવા માટે કેટલી રકમ ફાળવવામાં આવી? અને વર્ષવાઈઝ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**શ્રી અમિત શાહ** : ૨૦૦૪-૦૫ માં ૪ કરોડ રૂપિયા એમાં ૩.૮૭ કરોડ ખર્ચ્યા. ૨૦૦૫-૦૬ માં ૮.૧૧ કરોડ એમાંથી ૮.૮ કરોડ ખર્ચ્યા, ૨૦૦૬-૦૭ માં ૭.૩૭ કરોડ, એમાંથી ૭.૧૬ કરોડ ખર્ચ્યા. ૨૦૦૭-૦૮ માં ૮ કરોડ રૂપિયા ફાળવ્યા છે. એમ ફાળવણી અને ખર્ચ એ બંનેમાં રાજ્ય સરકારે ખૂબ સારું એચીવમેન્ટ કર્યુ છે.

**શ્રી રાકેશ શાહ** : હું આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજ્યની ફોરેન્સિક સાયન્સ લૅબૉરેટરી દેશમાં ઘણું મોખરાનું સ્થાન ધરાવે છે. તો એને નેશનલ રિસોર્સિ સૅન્ટર જાહેર કરવાની હકીકત છે? તો જો હા હોય તો એની વિગત આપશો?

**શ્રી અમિત શાહ** : રાકેશભાઈએ મુદો ઉપસ્થિત કર્યો છે એમાં જવાબ હાજી છે. ભારત સરકારે રાજ્યની ફોરેન્સિક સાયન્સ લૅબૉરેટરીને નેશનલ રિસોર્સ સૅન્ટર તરીકે જાહેર કરી છે. એ માટેની સ્પેશ્યલ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. એટલે નેશનલ રિસોર્સ સૅન્ટર તરીકે જાહેર થાય, એટલે સમગ્ર દેશમાં કોઈપણ રાજ્યે જો ફોરેન્સિક સાયન્સ લૅબૉરેટરી સ્થાપવી હોય તો આપણી ફોરેન્સિક સાયન્સ લૅબૉરેટરીના માપદંડ તરીકે સ્વીકારીને મદદ માગવામાં આવે છે. હમણાં મહારાષ્ટ્ર સરકારે ફોરેન્સિક સાયન્સ લૅબૉરેટરીને અધતન કરવા માટે આપણી લૅબૉરેટરીનો સંપર્ક કર્યો હતો. મહારાષ્ટ્ર સરકાર સાથે એમ.ઓ.યુ. કરી મહારાષ્ટ્રના ગૃહ વિભાગને મદદ કરી રહ્યા છીએ. માન્ય યુનિવર્સિટીઓ પણ નેશનલ રિસોર્સ સૅન્ટર તરીકે જાહેર થાય તો ડિગ્રી સર્ટિફિકેટ, ડિપ્લોમાં કોર્સ ફોરેન્સિક સાયન્સ લૅબૉરેટરીને આપી શકે છે. જાન્યુઆરી ૨૦૦૭ થી બેંગ્લોરની નિમ્હાસ યુનિવર્સિટીએ આપણી સાથે સર્ટિફિકેટ કોર્સ શરૂ કર્યો છે. ગુજરાત યુનિવર્સિટી, નિરમા યુનિવર્સિટી પણ આની અંદર આગળ વધી રહી છે. એના પરિણામે જયુડિશિયલ અધિકારીઓને ટ્રેનિંગ આપવાનો અધિકાર મળે છે. એના અંતર્ગત જ્યુડિશિયલ અધિકારીઓને ટ્રેનિંગ આપી રહ્યા છીએ.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અને ગૃહ વિભાગને અભિનંદન આપવા જેવા છે. આ આખા દેશમાં, આખા દેશના લોકો ગુજરાતની અંદર આવશે અને આ ફોરેન્સિક સાયન્સ લૅબૉરેટરી જ્યારે બનાવી ત્યારે કોઈ આવતું નહોતું. ભારતીય જનતા પાર્ટીની સરકાર અને મોદી સાહેબ આવ્યા પછી આ બન્યું છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ઉપર આવો.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : રાજ્યની એફ.એસ.એલ.ને આંતરરાષ્ટ્રીય દરજ્જો પ્રાપ્ત થાય એ માટે સરકાર દ્વારા કોઈ પ્રયાસ કરવામાં આવેલ છે? જો હા તો કયા કયા પ્રકારના ?

**શ્રી અમિત શાહ** : આપણી એફ.એસ.એલ. ને આંતરરાષ્ટ્રીય કક્ષાનો દરજ્જો પ્રાપ્ત થાય એના માટે અનેક પ્રયત્નો આ રાજ્ય સરકારે કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, એફ.એસ.એલ દ્વારા આપણી કાર્યરત જે મોબાઈલ ઇન્વૅસ્ટીગેશન વાન છે તેને સર્ટિફીકેશન લઈ આંતરરાષ્ટ્રીય માન્યતા મેળવી છે. ખાતા દ્વારા એટલે કે એફ.એસ.એલ દ્વારા જે કઈ પરીક્ષણો કરવામાં આવે છે તેના આધાર પર સજા થાય છે, ચુકાદા આવે છે તેમાં પરફેકશન લાવવા માટે ભારત સરકારના સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજી વિભાગ હેઠળની સ્વાયત્ત સંસ્થા નેશનલ એક્રીડીટીએશન બોર્ડ ઑફ ટેસ્ટીંગ એન્ડ કેલીબ્રેશન લૅબૉરેટરી એન.એ.બી.એલ. દ્વારા આપણને આઈ.એસ.ઓ. ૧૭૨૫-૨૦૦૫ મુજબની માન્યતા પ્રાપ્ત થઈ છે. તેના આધારે આપણે એફ.એસ.એલ.ના જુદા જુદા તબક્કાની ૩૮ પ્રક્રિયાઓ જેમાં વહીવટ, કેલીબ્રેશન, પરિણામોની ખરાઈ આ બધાનું ક્રોસ ચેકીંગ કરી આ પ્રકારની માન્યતા આપવામાં આવે છે.

## ફોરેન્સીક સાયન્સ લૅબૉરૅટરીનું આધુનિકરણ

***૫૫૭ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે,

(૧) રાજયની ફોરેન્સીક સાયન્સ લૅબૉરેટરીના આધુનિકરણની કોઈ યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો વર્ષ ૨૦૦૭ માં કઈ કઈ વ્યકિત/સંસ્થાઓને કઈ કઈ પ્રકારની સેવાઓ પૂરી પાડવામાં આવે છે અને તે પેટે કેટલી રકમ લેવામાં આવી છે?

**ગૃહમંત્રીશ્રી :**

(૧) હા જી, એફ.એસ.એલ.ને રાજય સરકારે અત્યંત આધુનિક બનાવેલ છે અને તે દેશભરમાં મોખરાનું સ્થાન ધરાવતી એફ.એસ.એલ. બનેલ છે. વિવિધ પ્રકારના ગુન્હાઓની તપાસ કરવામાં જરૂરી તમામ ટૅક્નૉલૉજીઓ ધરાવતી દેશની આ એકમાત્ર એફ.એસ.એલ. છે. એફ.એસ.એલ.ની જે ટૅક્નૉલૉજીઓ બાબતે દેશમાં ગણના થાય છે તે વિશિષ્ટ ટેકનોલોજીઓ નીચે મુજબ છે.

૧) ગૌ-માંસના સ્થળ પરીક્ષણ માટેની આધુનિક મોબાઈલ વાન.
૨) ગુન્હાના સ્થળની ઝીણવટભરી તપાસ માટેની ટેલીફોરેન્સીક પદ્ધતિ.
૩) બ્રેઈન ફીંગર પ્રીન્ટીંગ પદ્ધતિ.
૪) નારકોએનાલીસીસ.

૫) સાઈકોલોજીકલ પ્રોફાઈલીંગ.
૬) કૉમ્પ્યુટરાઇઝડ ફાઈરીંગ રેન્જ.
૭) ઓડીયો-વીડીયો ફોરેન્સીક પ્રોસેસીંગ.
૮) ઓટોમેટેડ ફીંગર પ્રીન્ટ આઈડેન્ટીફીકેશન સીસ્ટમ( ઓન લાઈન તપાસ વ્યવસ્થા)

રાજયની આ એફ.એસ.એલ.ને હજુ વધુ અદ્યતન બનાવવા સરકાર દ્વારા કાર્યવાહી ચાલુ છે.

(૨) રાજયની એફ.એસ.એલ. દ્વારા ખાનગી વ્યકિતઓને સેવા પૂરી પાડવામાં આવતી નથી. પરંતુ રાજયની તેમજ રાજય બહારની વિવિધ સરકારી તથા અર્ધ સરકારી સંસ્થાઓને ગુન્હાની તપાસ માટે મદદ પૂરી પાડવામાં આવે છે. એફ.એસ.એલ. દ્વારા પોલીસ ઉપરાંત ન્યાયાલયો, સી.બી.આઈ., એન.સી.બી, ડી.આર.આઈ., મિલિટરી, વન વિભાગ, આરોગ્ય વિભાગ, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ, રેલ્વે બેંકો, કોર્પોરેશનો વિગેરે જેવી સરકારી/ અર્ધસરકારી સંસ્થાઓને મદદ પૂરી પાડવામાં આવે છે અને રાજય બહારની આવી સરકારી, અર્ધસરકારી સંસ્થાઓ પાસેથી કેસોની તપાસ કરવા માટેની ફી વસૂલવાનું ધોરણ નક્કી કરવામાં આવેલ છે. એફ.એસ.એલ. એ વર્ષ ૨૦૦૭-૦૮ માં જાન્યુઆરી-૦૮ સુધીમાં કુલ રૂ.૪૮,૩૮,૬૦૬/- ફી પેટે વસૂલ કરેલ છે. આ પ્રકારે આવકો ઉભી કરતી દેશની આ એકમાત્ર એફ.એસ.એલ. છે.

**શ્રી શંભુજી ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, છેલ્લા ત્રણ વર્ષમાં અને ચાલુ વર્ષે રાજય બહારની એજન્સી અને રાજય સિવાયની એજન્સીઓને મદદ પૂરી પાડવા પાછળ એફ.એસ.એલ.ને વર્ષવાઈઝ કેટલી આવક થયેલ છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ વાઈઝ જે આવક થયેલ છે તેમાં ૨૦૦૩-૦૪માં રૂા.૪,૭૯,૦૦૦/-, ૨૦૦૪-૦૫ માં રૂા.૬,૩૦,૦૦૦/-, ૨૦૦૫-૦૬ માં રૂા.૧૩,૨૬,૦૦૦/-, ૨૦૦૬-૦૭ માં રૂા.૪૦,૬૦,૦૦૦/-ની આવક થયેલ છે. આ આવક ભલે ઓછી દેખાતી હોય પણ કેસોમાં વધારો થયેલ છે. પરંતુ એફ.એસ.એલ. દ્વારા જે દરો નકકી કરવામાં આવેલા છે જેથી સામાન્ય કેસોમાં ગુન્હેગારોને પકડવામાં આપણે પ્રોસીકયુશનની મદદ કરી શકીએ અને અનેક ચકચારી કેસો ઉકેલવામાં આપણી એફ.એસ.એલ.એ દેશભરની તપાસ એજન્સીઓને મદદ કરી છે.

**શ્રી ઋષિકેશ ગ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજયની એફ.એસ.એલ. દ્વારા કયા કયા વર્ગના કેટલા કેટલા અધિકારીઓ/વ્યકિતઓને કેટલી સંખ્યામાં તાલીમ આપેલ છે?

**શ્રી અમિત અ. શાહ** :માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૫ માં રાજયના ૭૨૧ અધિકારીઓ જેમાં પોલીસ ઑફિસર ૨૩૫, ન્યાયાધીશો ૧૪૬, આઈ.એ.એસ., આઈ.એફ.એસ. ૧૧, ફોરેન્સીક નિષ્ણાતો-૨૮, વીજીલન્સ અને સિકયુરીટીના ઑફિસરો-૧૨, પ્રોફૅસર, ડૉકટર અને વિદ્યાર્થીઓ એમ મળી ૨૮૯ આમ ૭૨૧ જ્યારે ૨૦૦૬-૦૭ માં ૧૦૭૩ જેમાં જેમાં પોલીસ ઑફિસર ૨૧૯, ન્યાયાધીશો ૧૩૬, ફોરેન્સીક નિષ્ણાતો-૧૨૮, વીજીલન્સ અને સિકયુરીટીના ઑફિસરો-૨૬, પ્રોફૅસર, ડૉકટર અને વિદ્યાર્થીઓ એમ મળી ૬૬૪ અને ૨૦૦૭ની અંદર તેની અંદર સંખ્યા વધીને ૨૫૩૭ થઈ છે તેમાં પોલીસ ઑફિસરો-૨૭૦, ન્યાયાધીશો-૧૩૮, આઈ.એ.એસ./આઈ.એફ.એસ-૩૬, ફોરેન્સીક નિષ્ણાતો-૫૦, સિકયોરીટી અને વીજીલન્સના ઑફિસરો-૧૮ અને પ્રોફૅસર, ડૉકટર અને વિદ્યાર્થીઓ મળી ૨૦૨૫ આમ ઉત્તરોત્તર ટ્રેનિંગ આપવાની સંખ્યા છે તે વધારતા જઈએ છીએ અને તેનો ફાયદો સમગ્ર સમાજને થઈ રહ્યો છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, એફ.એસ.એલ.ના મોર્ડનાઈઝેશન દ્વારા ખાસ કરીને બ્રેઈન ફીંગર પ્રીન્ટ અને સાઈકોલોજીકલ પ્રોફાઈલીંગ આ બધા ગુન્હાઓના પરીક્ષણ માટે આ દેશના ચર્ચાસ્પદ કેસોની અંદર આ બધી વસ્તુઓનો ઉપયોગ કરીને મદદરૂપ થવા માટેનો પ્રયાસ કર્યો છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** :માનનીય અધ્યક્ષશ્રી, ૨૩ રાજયો અને ૩ કેન્દ્ર શાસિત પ્રદેશો અને સી.બી.આઈ.એ મદદ લીધી છે. અનેક ચકચારી કેસોમાં આપણે મદદ પૂરી પાડી છે. જેમાં અમરમણિ ત્રિપાઠી એટલે કે મધુમતિ ખૂન કેસ, ઉજ્જૈનનો સીરીયલ મર્ડર કેસ, કસ્ટમ એકસાઈઝના ભ્રષ્ટાચારના કેસ, અનારા ગુપ્તા કેસ, ગુટકાકિંગનો મહારાષ્ટ્રનો કેસ, નિઠારીકાંડ, તેલગી કાંડ પછી અજમેરથી પકડાયેલ હિઝબુલ મુઝાહુદ્દીન જૂથના ત્રાસવાદીઓનો કેસ હતો. પ્રાઈમ મિનિસ્ટર ઑફિસને લગતી સિક્યોરિટીનો કેસ, અનેક પ્રકારના કેસો કે જે ઉકેલવામાં એક્ષપર્ટમાં એક્ષપર્ટ ફોરેન્સીક સાયન્સ લૅબૉરૅટરી મદદ કરી શકે, એ કેસો પણ આપણે ઉકેલ્યા છે અને એમાંના કેટલાય કેસોમાં સજા પણ થઈ છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, રાજયમાં ગૌવંશ પ્રતિબંધ ધારો અમલમાં આવ્યા પછી ગાયોની હત્યા કરવાવાળા બહારથી ગાયોને કાપી અને એના માંસની હેરાફેરી કરતા હોય છે એવા સંજોગોમાં ગૌ-માંસની ચકાસણી કરીને પકડી શકાય એ પરિક્ષણ કરવા માટેની જોગવાઈ આપણી આ ફોરેન્સીક લૅબૉરૅટરીમાં છે કે કેમ, અને જો હોય તો એનું પરિણામ શું ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ બહુ અગત્યનો પ્રશ્ન પૂછ્યો છે. ગુજરાત એકમાત્ર સમગ્ર દેશમાં એવું રાજય છે કે જ્યાં ગૌ-માંસના પરિવહન પર પણ પ્રતિબંધ છે અને એની ચકાસણી સારી રીતે થઈ શકે એટલા માટે રાજયની ફોરેન્સીક સાયન્સ લૅબૉરેટરીએ ૬ લૅબૉરેટરી મોબાઈલ લૅબૉરેટરી બનાવી છે જેથી ચેકપોસ્ટ ઉપર જ આવનારા માંસના કન્ટેઈનરની અંદર એની અંદર બીફ છે કે નહીં એની ચકાસણી થઈ શકે અને ખૂબ મોટી માત્રામાં ગાય માંસને પરિવહન થતું આપણે અટકાવ્યું છે, પકડ્યું છે અને એની સજા કરવાની કાર્યવાહી પણ ચાલુ કરી છે અને એફ.એસ.એલ.ના આ ઈનેસેએટીવથી સમગ્ર દેશની અંદર જ્યાં આગળ ગૌ હત્યા પર પ્રતિબંધનો કાયદો છે એ બધી જગ્યાઓ ઉપર એક નવી પ્રેરણા મળે એવી સ્થિતિ થઈ છે.

**વડોદરા જિલ્લાના ગ્રામ રક્ષક દળના જવાનોને દૈનિક ભથ્થું ચૂકવવા અંગે**

***૧૮૭શ્રીમોહનસિંહ છો. રાઠવા(જેતપુર-પાવી) : માનનીય ગ્રામ રક્ષક દળ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) વડોદરા જિલ્લામાં ગ્રામ રક્ષક દળના જવાનોને દૈનિક ભથ્થું સમયસર ચૂકવવામાં આવતું નથી તે વાત સરકાર જાણે છે,

(૨) જો હા, તો કેટલા સમયમાં જવાનોને દૈનિક ભથ્થું ચૂકવવામાં આવશે, અને

(૩) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ કેટલું દૈનિક ભથ્થું ચૂકવવાનું બાકી છે ?

**ગ્રામ રક્ષક દળ મંત્રીશ્રી** ( રાજ્યકક્ષા):

(૧) હા, જી.

(૨) ટૂંક સમયમાં.

(૩) રૂ ૪૬,૬૬,૦૦૦/-

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લામાં લગભગ ૩૫૦ જેટલા પોલીસોની જગ્યાઓ ખાલી છે એટલા માટે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ગ્રામ રક્ષક દળના સભ્યોને દરેક તાલુકામાં ફરજ ઉપર લેવામાં આવે છે, તો એમને તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ રૂા. ૪૬,૬૬,૦૦૦/- દૈનિક ભથ્થું ચૂકવવાનું બાકી છે ત્યારે મારે એટલું જ જાણવું છે કે, આ રકમ કેટલા સમયથી ચૂકવવાની બાકી છે અને કેટલા સમયમાં ચૂકવવામાં આવશે? આ પ્રશ્નના જવાબમાં એમ કહેવામાં આવ્યું છે કે, ટૂંક સમયમાં ચૂકવવામાં આવશે તો એની મર્યાદા કેટલી? અઠવાડિયામાં કે મહિનામાં? બાર તાલુકામાં કેટલું દૈનિક ભથ્થું ચૂકવવાનું થાય છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૨૦-૨-૨૦૦૮થી આ બિલોની ચૂકવણી બાકી છે અને કુલ ચૂકવણી રૂા.૪૬,૬૬,૦૦૦/- બાકી છે અને એની અંદર કેટલીક અરજીઓ મળવાના લીધે, તપાસના લીધે ચૂકવણી બાકી રહી હતી, આખા જિલ્લામાં માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન ઉઠાવ્યો એ વખતે જ ચકાસણી અને બધી પ્રક્રિયા લગભગ પૂરી થવામાં હતી, પણ જ્યાં સુધી આજનો સવાલ છે ત્યાં સુધી રૂ. ૩૧ લાખ ૭૮ હજાર ૭૦૧ રૂપિયાના ચૂકવણા માટે પેમેન્ટ જુદા જુદા પોલીસ સ્ટેશનોમાં પહોંચી ગયા છે અને ગઈ કાલ સુધી ૧૭ લાખ ૭૭ હજાર પર રૂપિયાની ચૂકવણી થઈ ચૂકી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હોમગાર્ડના જવાનો જે સેવાઓ આપી છે એમને વહેલા પૈસા મળે એ વાત તો માનનીય મંત્રીશ્રી પણ સ્વીકારશે, ત્યારે મારે એ જાણવું છે કે, જે ચૂકવણું છે એમાં છેલ્લામાં છેલ્લી કઈ તારીખવાળો, આ જે ચૂકવવાનું બાકી હોય એવો કયો કિસ્સો છે લાસ્ટ ડેઈટ ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, એવો એકદમ એકે એક જવાનની માહિતી તો મારી પાસે હોય એ શકય નથી..(અંતરાય).

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહજી, એમને જવાબ આપવા દો, જવાબ આપવામાં એમને આપણે ફરજ નહીં પાડી શકીએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, ફરજ નથી કહેતો પણ ઈરાદાપૂર્વક જવાબ લાંબો કરવાનો મતલબ નથી, એમની પાસે જવાબ ના હોય તો માનનીય મંત્રીશ્રી કહે કે, હું મેજ ઉપર મૂકી દઈશ, પણ મેં એમ કહ્યું કે, પાંચ મહિના, છ મહિના, બાર મહિના, બે વર્ષ, કઈ તારીખથી ચૂકવણું બાકી છે?

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપની પાસે જે માહિતી હોય તે આપો.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રી પાસે રક્ષણ માગું છું. માનનીય વિરોધપક્ષના નેતાશ્રી એવું ન કહી શકે કે હું ઈરાદાપૂર્વક જવાબ લાંબો કરું છું, હજી તો હું ઊભો થયો છું, અર્ધી મિનિટ થઈ છે, તેઓશ્રી એમની ઇચ્છા મુજબનો જવાબ આપવા માટે ફરજ ન પાડી શકે.

**અધ્યક્ષશ્રી** : એટલા માટે જ મેં વિપક્ષના નેતાશ્રીને કહ્યું કે, પ્રશ્નનો જવાબ કેવા પ્રકારનો આપવો એ આપવાની આપણે ફરજ ન પાડી શકીએ, માનનીય મંત્રીશ્રી, આપ જે વિગતો આપની પાસે હોય તે આપો.

શ્રી અમિત અ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લામાં છેલ્લી વ્યકિતગત ચૂકવણું કઈ તારીખનું બાકી છે એ મને ખબર નથી, પરંતુ તારીખ ૨૦-૨-૨૦૦૭થી ચૂકવણું બાકી હતું, એવી મારી પાસે જે માહિતી છે એ જિલ્લાની છે અને એની અંદરથી ૪૬ લાખ રૂપિયા પૈકી ૩૧ લાખ ૭૮ હજાર રૂપિયા ટ્રેઝરીમાંથી ત્યાં પહોંચી ગયા છે અને ૧૭.૭૭ લાખની ચૂકવણું થઈ ચૂક્યું છે.

**અધ્યક્ષશ્રી :** ચૂકવવાની પ્રક્રિયા થઈ ગઈ છે.

**શ્રી રાકેશ શાહ :** માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી, પાસેથી એ જાણવા માગું છું કે, આ ગ્રામ રક્ષક દળના જવાનોને અત્યાર સુધીમાં આવા પ્રકારની તાલીમ આપી હોય તો કયા પ્રકારની તાલીમ આપી છે અને કેટલા સભ્યોને આવી તાલીમ આપવામાં આવી છે?

**શ્રી અમિત અ. શાહ :** ગ્રામ રક્ષક દળના સભ્યોને ગુજરાત રાજય ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટિ દ્વારા તાલીમ આપવામાં આવે છે. જ્યારે ડિઝાસ્ટર આવે ત્યારે એની ભૂમિકા ગ્રામ રક્ષક દળના જવાનોની અને સભ્યોની પણ શું હોઈ શકે એ બાબતની એમને ડિટેઈલ્સ તાલીમ આપવામાં આવે છે અને પચાસ હજારમાંથી લગભગ પાંત્રીસ હજારથી વધુ જવાનોને આ તાલીમ આપવામાં આવી છે.

**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ :** માનનીય અધ્યક્ષશ્રી, આ ગ્રામ રક્ષક દળના સભ્યોને અપાતા દૈનિક ભથ્થાનો દર કેટલો છે?

**શ્રી અમિત અ. શાહ :** દૈનિક ભથ્થું રૂપિયા ૩૧-૦૦ આપવામાં આવે છે.

**શ્રી મણીભાઈ દે. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હોમગાર્ડને આપવામાં આવતું દૈનિક ભથ્થું અને ગ્રામ રક્ષક દળના જવાનોને આપવામાં આવતા દૈનિક ભથ્થાના દરમાં ફરક કેમ છે અને બન્ને ભથ્થું સરકાર સરખું કરવા માગે છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ :** વર્ષોથી આ ફરક છે જ, પહેલાં ૨૨ રૂપિયા હતા, હમણાંથી ૩૧ રૂપિયા કરવામાં આવ્યા છે.

## રાજયમાં સી.એન.જી. અને એલ.પી.જી. ફીલીંગ સ્ટેશનો

***૬૧૦ શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(મેઘરજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજય સરકાર દ્વારા સી.એન.જી. અને એલ.પી.જી. સ્ટેશનો વધુમાં વધુ સ્થપાય તે માટે કામગીરી કરવામાં આવી રહી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો રાજયમાં તારીખ ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ આવા કેટલા ફીલીંગ સ્ટેશનો ચાલુ થયા છે,

(૩) તે પૈકી સાબરકાંઠા જિલ્લામાં કેટલા ફીલીંગ સ્ટેશનો ચાલુ થયા, અને

(૪) કેટલા સ્ટેશનો કેટલા સમયમાં ઊભા કરવાનું આયોજન છે?

**પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી**

(૧) અને (૨) ગુજરાત રાજયમાં પ્રદૂષણ ઘટાડવા અને જાહેર આરોગ્યની સુધારણાના હેતુથી અને જનતાને સસ્તા દરે વાહનોમાં ઉપયોગ થતું બળતણ આપી શકાય તે ધ્યાનમાં રાખી રાજય સરકારે વાપીથી મોરબી સુધીની ૧૨૦૦ કી.મી. લાંબી ગેસગ્રીડ પ્રસ્થાપિત કરેલ છે અને આ પાઈપલાઈનના રૂટમાં આવતા વાપી, વલસાડ, નવસારી, સુરત, અંકલેશ્વર, ભરૂચ, વડોદરા, આણંદ, નડિયાદ, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, હિંમતનગર, મોરબી, ચોટીલા, રાજકોટ જેવા શહેરોમાં વાહન ચાલકોને સી.એન.જી. સરળતાથી મળી શકે તે સારું કુલ ૧૦૬ સી.એન.જી. સ્ટેશનો ઊભાં કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ૮૩ એલ.પી.જી. સ્ટેશનો સ્થાપવામાં આવ્યા છે.

(૩) સી.એન.જી. સ્ટેશન-૧, એલ.પી.જી. સ્ટેશન-૫

(૪) હાલમાં વધુ ગેસની ફાળવણી માટેની રાજય સરકારની માગણી કેન્દ્ર સરકારમાં પડતર છે. કેન્દ્ર સરકાર તરફથી જેમ જેમ ગેસની ઉપલબ્ધિ થશે તેમ તેમ નવા સી.એન.જી. સ્ટેશનો ઊભાં કરવામાં આવશે.

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા:** માનનીય અધ્યક્ષશ્રી, આમાં સી.એન.જી.ના ૧૦૬ અને એલ.પી.જી.ના ૮૩ સ્ટેશનો ચાલુ કરવામાં આવ્યા છે એવું લખ્યું છે એ કઈ કઈ કંપનીઓને આપવામાં આવ્યા છે અને કઈ સિસ્ટમથી આપવામાં આવ્યા છે. ટેન્ડરથી આપવામાં આવે છે કે સીધા સરકારના આશીર્વાદથી આપવામાં આવે છે એ હું આપના માધ્યમથી જાણવા માગુ છું.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે સી.એન.જી. સ્ટેશનો આપવામાં આવ્યા છે એ ગુજરાતની અંદર તાપીથી માંડીને જે ગેસ ગ્રીડની આપણે સ્થાપના કરી છે એ સિવાયના રૂટ પર આપવામાં આવ્યા છે. સાબરમતી ગેસ કંપની જેની અંદર બી.પી.સી.એલ. ભાગીદાર છે અને જી.એસ.પી.સી. ભાગીદાર છે તેના દ્વારા ૩ સી.એન.જી. સ્ટેશનોની સ્થાપના કરવામાં આવી છે, મે. અદાણી એનર્જીએ અમદાવાદ અને વડોદરાની અંદર થઈને કુલ ૫૧ સ્ટેશનોની સ્થાપના કરી છે. મે. હિંદુસ્તાન પૅટ્રોલિયમે ૧૦ કર્યા છે, ગુજરાત ગેસે સુરત, અંકલેશ્વર, ભરૂચ, કીમ, બારડોલી એમ મળીને કુલ ૨૬ કર્યા છે અને જી.એસ.પી.સી.એ આ જ રૂટ પર ૧૬ સી.એન.જી. સ્ટેશનોની સ્થાપના કરી છે એવી જ રીતે એલ.પી.જી.ની અંદર પણ ઘણી બધી કંપનીઓ સામેલ છે એની અંદર રિલાયન્સ તરફથી ૨૩, એજીસ તરફથી ૧૩, ઈન્ડસ તરફથી ૪, સુપર ગેસ તરફથી ૬, વનાઝ તરફથી ૧૭, આઈ.ઓ.સી. તરફથી ૧૧, એચ.પી.સી.એલ. તરફથી ૬ અને બી.પી.સી.એલ. તરફથી ૩ એ લોકો પણ જ્યાં જરૂરિયાત પડે છે ત્યાં જેવી માગણી હોય એ રીતે આ સ્ટેશનોની સ્થાપના કરે છે.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારની દીર્ઘ દ્રષ્ટિના કારણે ૨૨૦૦ કિ.મી. ની ગેસગ્રીડની સિસ્ટમ, જેમાં ૧૨૦૦ કિ.મી. ની ગેસ ગ્રીડ સ્થપાઈ થઈ છે અને રાજયનું અર્થતંત્ર ગેસ આધારિત વિકાસ દ્વારા દેશનું પેટ્રો કેપિટલ બનવા માટે અતિશય પ્રગતિ કરી રહ્યું છે, ત્યારે આ ક્ષેત્રની અંદર રૂકાવટ શાના કારણે છે? સી.એન.જી. ના નવા સ્ટેશનોના આયોજનમાં કઈ વસ્તુના કારણે આપણે આમાં પ્રગતિ કરી શકતા નથી? શું કેન્દ્ર કક્ષાએ સી.એન.જી. અંગેના પ્રશ્નો પડતર છે? યુ.પી.એ. કેન્દ્ર સરકાર દ્વારા આ વિષયમાં ગુજરાતને સતત અન્યાય થતો હોય એવું લાગે છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સુપ્રીમ કોર્ટના ડાયરેક્ટીઝ આવ્યા પછી એન્વાયરમેન્ટ પોલ્યુશન કન્ટ્રોલ ઓથોરિટિની રચના કરવામાં આવી છે અને એ રચના થઈ ત્યારે એ વખતે ગુજરાતનું મોસ્ટ પોલ્યુટેડ તરીકે ચોથા નંબરનું સ્થાન હતું, ૨૦૦૧ની અંદર એવી પરિસ્થિતિ હતી. આદરણીય મુખ્યમંત્રીશ્રી આવ્યા પછી પોલ્યુશન ઘટાડવા માટેનો નિર્ણય લીધો અને એ નિર્ણયના કારણે આજે મને કહેતાં આનંદ થાય છે કે, ૨૦૦૬ની અંદર ગુજરાતનો ૪૩મો નંબર છે એટલે ૪ થી ૪૩ પર આવ્યા છીએ અને આ વર્ષે એકસપેકટેડ ૫૦મો નંબર થવાનો છે. આ દેશના જેટલા શહેરો છે એની અંદર પોલ્યુશન ઘટાડવાની અંદર જો સફળતા મેળવી હોય તો એ ગુજરાતે મેળવી છે. આયોજનની વાત કરું તો આયોજનનું એક રૂપ લીધું હતું. આ જ વિધાનસભાની અંદર ૨૦૦૫ના ફેબ્રુઆરી મહિનાની અંદર સી.એન.જી. બિલ પસાર કરવામાં આવ્યું હતું. સુપ્રીમ કોર્ટની ઇચ્છા કે સુધારા થાય, રાજય સરકારે કટિબધ્ધ રીતે બિલ પસાર કર્યુ પણ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, આટલા વર્ષો થયાં પણ આ બિલને હજી કેન્દ્ર સરકારે મંજૂરી આપી નથી. વધારે વિગતવાર મારે એ કહેવું છે કે, આપણી પ્રગતિ ખૂબ સરસ થઈ રહી હતી અને આ પ્રગતિ જ્યારે ચાલતી હતી ત્યારે કેન્દ્ર સરકાર પોતાનું જ બિલ લાવી અને પૅટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ એકટ, ૨૦૦૬ની રચના કરવામાં આવી, આ રચના કર્યા પછી હજી એના રૂલ્સ ફોર્મ થયાં નથી એટલે તકલીફ એ થઈ છે કે આપણે જો સી.એન.જી. સ્ટેશનો નાંખવા હોય તો આ રેગ્યુલેટરી બોડી પાસેથી મંજૂરી લેવી પડે અને કમનસીબે આ રેગ્યુલેટરી બોડીના અત્યારે રૂલ્સ ફોર્મ થયા નથી એટલે અત્યારે ખૂબ મોટી રૂકાવટ આમાં આવી છે સી.એન.જી. ના નવા સ્ટેશનો નાંખવા માટે. બીજો વિષય મારે ખાસ ધ્યાન પર મૂકવો છે રૂકાવટ બાબતમાં કે જે પ્રાઈસીંગ ફૉરમ્યુલા છેલ્લાં છ મહિનાની અંદર ગેસ ખૂબ મોંઘો થયો છે .પન્નામુક્તા તાપીનો ગેસ જે આપણને મળતો હતો જેનું રાજીવ ગાંધીએ આપણને વચન આપ્યું હતું એમાં જૂન, ૨૦૦૦ની અંદર, જૂન, જુલાઇ, ૨૦૦૩ની અંદર, જુલાઇ ૨૦૦૫ની અંદર દરેક વખતે પાર્લામેન્ટની અંદર ખાતરી આપી હતી પણ મારે દુઃખ સાથે કહેવું છે કે ગુજરાતની કંપની જી.એસ.પી.સી. એ ૧.૩ એમ.એમ.એસ.ઈ.એમ.ડી. નો જે કરાર કર્યો હતો એ કરાર રદ કરવામાં આવ્યો છે અને પહેલી એપ્રિલથી આપણને ગેસ મળવાનો નથી. મારે વધારે આપને જણાવવું છે કે, પુલીંગ ઑફ પ્રાઈસીસની અંદર ગુજરાત રાજયને લાભ આપવા માટે જે પેટ્રોનેટ એલ.એન.જી. જોડે આપણે લાંબા ગાળાનો કરાર કર્યો હતો એ કરારની અંદર પણ નીતિ બદલવાના કારણે એ કરાર પણ રદ કરવામાં આવ્યો છે અને એને કારણે પુલીંગ ઑફ પ્રાઈસીસના કારણે આપણા માટે મોંઘવારી વધી છે. મારે છેલ્લી રજૂઆત કરવી છે કે જ્યારે સી.એન.જી.ના ભાવની વાત કરી ત્યારે મુંબઇ અને દિલ્હી આ બન્ને...

**અધ્યક્ષશ્રી** : ટૂંકમાં જવાબ આપો મંત્રીશ્રી,

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એકજ લાઈન કહુ છું એ બન્ને શહેરોને

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, ટૂંકમાં જવાબ આપો.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ બહુ અગત્યનું છે સાંભળો એકજ લાઈન હું કહુ છું, ખૂબ અગત્યની લાઈન છે મારે એકજ વાત કહેવી છે કે આ ગેસ મુંબઇને મળે છે, દિલ્હીને મળે છે પણ ગુજરાતને મળતો નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહીલ** : માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે ગુજરાતને ગેસ વધારે મળે એ માટે સ્વ. રાજીવ ગાંધીએ ખાતરી આપી હતી, હું એ જાણવા માગું છું કે, એન.ડી.એ. ની સરકાર હતી અને જ્યારે અહીંયાથી ભૂતકાળમાં ચૂંટાયેલા સંસદ સભ્ય વડાપ્રધાન હતા અને અહીંયાથી જ ચૂંટાયેલા સંસદ સભ્ય નાયબ વડાપ્રધાન હતા એ સમયગાળા દરમ્યાન કેટલી વખત રજૂઆત કરી અને કેન્દ્ર સરકાર તરફથી ગેસની ફાળવણી બાબતમાં નિર્ણય કેમ ના કરાવ્યો એ હું જાણવા માગું છું.

**અધ્યક્ષશ્રી** : તમે કેટલી વખત દિલ્હીમાં રજૂઆત કરી એની વિગત આપો મંત્રીશ્રી,

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શક્તિસિંહ વિરોધપક્ષના નેતાએ જે સબજેકટ ઉપાડ્યો છે એમનો હું આભાર વ્યક્ત કરું છું એમાં ૨૫ જુલાઇ, ૨૦૦૩ની અંદર પૅટ્રોલિયમ મિનિસ્ટર શ્રી રામ નાયકજીએ એન્સ્યોર કર્યુ કે જે પન્નામુક્તાનું જોઈન્ટ વેન્ચર થયું છે અને એનું જે શીલ્ડ ડેવલપમેન્ટ થઈ રહ્યું છે એમાંથી ગેસ મળશે એ ગુજરાતને મળશે, કમનસીબે દોઢ-બે વર્ષથી આ શીલ્ડ ડેવલપમેન્ટ થયા બાદ યુ.પી.એ. સરકાર દિલ્હીમાં બેઠી, અહીંયાથી ગેસ આપણો લઈ ગયા છે આ સત્ય વાત છે.

**શ્રી બાબુભાઈ મ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ગેસ કેન્દ્ર સરકાર તરફથી નહીં ફાળવવાનો મુદ્દો રજૂ કરે છે પણ આપે કતારથી જે ગેસનો કરાર કર્યો હતો અને જેને આધારિત આપણા બે ટર્મીનલ્સ ત્રણ ટર્મીનલ્સ કરવાના હતા તેમાંથી માત્ર ૨ ટર્મીનલ્સ હજીરામાં કરવામાં આવ્યા છે. પીપાવાવમાં એક ટર્મીનલ્સ થયું નથી તો કતારમાં ગેસની વિગત આપ રજૂ કરો કે જે કરાર હતો તે સીધો ગુજરાતમાં જ આવવાનો હતો અને ગુજરાતના

ઉપભોગતાઓ માટેનો આ ગેસમાંથી કરાર અનુસાર કેટલો ગેસ મેળવવામાં આવ્યો અને આ કરારની વિગત શું છે ? કરાર ચાલુ છે કે પૂરો થઈ ગયો છે ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનો આભાર માનું છું. ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશને પેટ્રોનેટ એલ એન જી. જોડે ત્રણ મિલિયન કયુબિક મીટરનો કરાર કર્યો તેનો ભાવ રૂપિયા ૬.૭૮ cu.mt. ૧૫ વર્ષનો કરાર કર્યો જેની અંદર કેન્દ્રએ નીતિ બદલી અને કહ્યું કે કોઈ પણ કરાર જે કરેલા છે તે કેન્સલ કરવામાં આવશે. Pooling of prices કરવામાં આવશે. spot જોડે આનું મિકસીંગ કરવામાં આવશે અને મારે બીજું કહેવું છે કે, Spot નો આ જે નક્કી કર્યુ છે જે ૬ ડોલર ૭૮ નો આપણો કરાર હતો ત્યારે અત્યારે જે માર્કેટ છે તે ૧૮ ડોલરનું છે spot ના માર્કેટ ડોલર ઉપર ડાભોલનો પ્રોજૅકટ ના ચાલે એટલે ડાભોલને આપવા માટે પેટ્રોનેટનું પુલીંગ ઓફ પ્રાઈસેસ કર્યુ અને જે પેટ્રોનેટ એલ.એનજીનો ગેસનો કરાર આપણે કર્યો છે તે ડાભોલ લઈ જાય છે.

## રાજયમાં વીજ ઉત્પાદન

***૫૪૭ શ્રી કમાભાઈ ગ. રાઠોડ (વિરમગામ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(ઉર્જા) જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજયના ચાલુ વીજ મથકોના પ્લાન્ટમાંથી વધુ વીજ ઉત્પાદન મેળવી શકાય તે માટે શું પગલાં લીધેલ છે,

(૨) તેનાથી શું લાભ થયા, અને

(૩) તે અંગે કેટલો ખર્ચ કર્યો ?

**મુખ્યમંત્રીશ્રી**(ઉર્જા)

(૧) રાજયના કેટલાક વીજ મથકો ઘણા જૂના હોવાને કારણે પૂરી ક્ષમતાથી વીજ ઉત્પાદન કરી શકતા ન હતા. અને આને કારણે ઓછા પ્લાન્ટ લોડ ફેકટરથી આ યુનિટો કામ કરતા હતા તેથી આ વીજ મથકોમાંથી વધુ વીજ ઉત્પાદન મેળવા માટે નીચે જણાવેલ પગલાં લીધેલ છે.

- જૂના વીજ મથકોનું નવીનીકરણ અને આધુનિકરણ કરેલ છે.
- હાલના વીજ મથકોનું વિસ્તરણ કરીને વધુ વીજ ઉત્પાદન કરેલ છે.
- સંચાલન અને નિભાવની કાર્યપદ્ધતિમાં સુધારા કર્યા અને વધુ સારી અને આધુનિક પદ્ધતિ અમલમાં મૂકી.
- નિમ્ન કક્ષાના કોલસાની ગુણવત્તા સુધારવા માટે કોલસાને વૉશિંગ કરીને વીજ મથકને વધારે કાર્યક્ષમતાથી સંચાલન કરી વધુ વીજ ઉત્પાદન કર્યુ.
- સરદાર સરોવર યોજનામાં બંધની ઉંચાઈ વધવાથી રીવર બેડ વીજ મથકને પૂરી ક્ષમતાથી કાર્યરત કરી શકાયું.

(૨) ઉપર મુજબના જુદા જુદા પગલાં લેવાથી ૫ વર્ષ પહેલાં જે ૬૯ ટકા પ્લાન્ટ લોડ ફેકટર હતો તે વધીને ૭૫ ટકા થયેલ છે અને આને કારણે વીજ ઉત્પાદનમાં આશરે ૫૫૦૦ મીલીયન યુનિટનો વધારો થવા પામેલ છે. અને આનાથી આવકમાં રૂપિયા ૧૨૩૦ કરોડનો વધારો થવા પામેલ છે. જૂના વીજ મથકમાં જીર્ણોધ્ધાર અને આધુનિકરણ કરવાથી તે વીજ મથકો દ્વારા મૂળ ક્ષમતા જેટલું વીજ ઉત્પાદન કરી શકાય. તથા તે વીજ મથકના આયુષ્યમાં ૧૦ થી ૧૫ વર્ષનો વધારો શકય બન્યો છે.

(૩) આ અંગે રૂપિયા ૯૩૦ કરોડનો ખર્ચ થયેલ છે.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ચાલુ વીજ મથકોના પ્લાન્ટમાંથી વધુ વીજ ઉત્પાદન મેળવી શકાય તે માટે શું પગલાં લીધેલ છે ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે પ્લાન્ટ લોડ ફેકટર આપણા પ્લાન્ટો ખૂબ જ જૂના હતા. આ જૂના પ્લાન્ટોનું પર્ફોર્મન્સ સુધરે, તેનો પ્લાન્ટ લોડ ફેકટર વધે તેના માટે renovation અને modernisation નું કામ હાથમાં ધર્યુ અને આના કારણે જે ૯૩૦ કરોડ રૂપિયાનો જે ખર્ચ કર્યો છે તેનો ખૂબ મોટો લાભ થયો છે અને સીધો દાખલો આપું અને હું સરખામણી કરીશ તો ખ્યાલ આવશે કે કેટલો ફરક પડે છે. ૧૯૯૧-૯૨ની અંદર ઉકાઈ પ્લાન્ટ જે અત્યારથી ૧૭ વર્ષ પહેલાંની વાત કરું છું ૫૭.૪૦ plant load factor પર ચાલતા હતા તે આ modernisation કર્યા પછી ૬૭.૬૫ પર ચાલે છે. ગાંધીનગરનું ૧૯૯૧-૯૨ની અંદર ૬૩.૬૦ ટકા પર ચાલતા હતા તે અત્યારે ૭૨.૧૪ ઉપર ચાલે છે. વણાંકબોરીનું જે ૫૨.૬૦ ટકા ઉપર ચાલતા હતા તે આજે ૮૨.૧૮ ટકા ઉપર ચાલે છે. સિકકાની અંદર જે ૫૩.૬૦ ટકા ઉપર ચાલતા હતા તે અત્યારે ૭૭.૧૭ ટકા ઉપર ચાલે છે. માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૧-૯૨ની સરખામણીમાં જ્યારે ૫૭ ટકા હતો આજની તારીખમાં તે વધીને ૭૪.૨૭ થયો છે અને બ્રેકીંગ ડાઉન ના ગણીએ એટલે ચોમાસાની અંદર જે આપણે પ્લાન્ટ બંધ કરીએ છીએ તે પ્લાન્ટ સંપૂર્ણ આપણા તે વખતે ચાલતા હોત તો તેનો પ્લાન્ટ લોડ ફેકટર ૭૯.૫૦ થાય અને આ ઐતિહાસિક છે. આ modernisation કરવાના લાભો છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે, વોસ્ડ કોલ એટલે શું અને તેનાથી આ આખી સ્કીમને કયો ફાયદો થયો છે ? અને ગુજરાતમાં કઈ કઈ જગ્યાએ વોસ્ડ કોલ વપરાય છે તે હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારની જે નીતિ છે કે, આપણને દૂરથી કોલસો આપવાની અને દૂરથી ડી કેટેગરીનો જે કોલસો આપવામાં આવે છે તેની અંદર એસ કન્ટેન્ડનું પ્રમાણ ખૂબ વધારે હોય છે. આ ૪૦ ટકા સુધી પહોંચી જાય છે. આ કોલસો આપણે ત્યાંથી લાવતા પહેલાં તેને ધોવડાવીએ છીએ, તેને વોસ કરીએ છીએ કે જેથી તેની કેલોરીફીક વેલ્યુ પણ વધી જાય અને તેના એસ કન્ટેન્ડ ઘટી જાય. એટલે એસ કન્ટેન્ડ ઘટી જાય...

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

**એફ.એસ.એલ. દ્વારા અન્ય રાજ્યના કર્મચારીઓને તાલીમ**

૫૮૪ **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા અન્ય રાજ્યોના કર્મચારીઓને તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો વર્ષ ૨૦૦૭ માં ક્યા રાજ્યના કેટલા કર્મચારીઓને તાલીમ આપવામાં આવી ?

**જવાબ**

(૧) હા જી, ગુજરાત રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. તેની દેશભરમાં ગણના થાય છે. અને અન્ય રાજ્યો તથા કેન્દ્ર સરકારની સી.બી.આઇ. જેવી સંસ્થાઓને તેના કેસો ઉકેલવામાં મદદ કરવા ઉપરાંત બહારના રાજ્યોના ન્યાયાલયોના ન્યાયાધીશો તથા કેન્દ્ર સરકારની સંસ્થાઓના પોલીસ અધિકારીઓ, મીલીટરીના સીનીયર અધિકારીઓ તથા ફોરેન્સીક નિષ્ણાંતોને ગુન્હાની તપાસમાં ઉપયોગમાં લેવાતી આધુનિક વૈજ્ઞાનિક પધ્ધતિઓ વિશે વિસ્તૃત તાલીમ આપવાની નોંધપાત્ર કામગીરી પણ બજાવે છે. આ તમામ તાલીમ કાર્યક્રમો કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય દ્વારા રાજ્યની એફ.એસ.એલ. ને સોંપવામાં આવે છે. આ ઉપરાંત તાજેતરમાં નેપાલના ૨૧ પોલીસ અધિકારીઓને આ પ્રકારની તાલીમ આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યની એફ.એસ.એલ. ની પસંદગી કરવામાં આવેલ અને માહે ડીસેમ્બર-૦૭ માં આ માટેના ખાસ તાલીમ કાર્યક્રમોનું આયોજન ખાતાએ કરેલ.

(૨) સને ૨૦૦૭ના વર્ષમાં એફ.એસ.એલ. દ્વારા યોજાયેલ વિવિધ તાલીમ કાર્યક્રમમાં રાજ્ય બહારના ન્યાયાધીશો, પોલીસ અધિકારીઓ, મીલીટરી ઓફીસરો, વીજીલન્સ ઓફીસરો મળી કુલ-૯૭ અધિકારીઓને વિસ્તૃત તાલીમ આપવામાં આવેલ તેની વિગત નીચે મુજબ છે.

(અ) કેન્દ્ર સરકારની એજન્સીઓ દ્વારા મોકલવામાં આવેલ અધિકારીઓની વિગત

(૧) મીલીટરી ઓફીસરો-૫

(૨) C.B.I/N.C.B. ના અધિકારીઓ-૩

(બ) વિવિધ રાજ્યો દ્વારા મોકલવામાં આવેલ ન્યાયાધીશો, પોલીસ અધિકારીઓ તથા અન્ય અધિકારીઓની વિગત.

| અનુક્રમ | રાજ્યનું નામ | તાલીમાર્થીની સંખ્યા |
|---|---|---|
| ૧ | પંજાબ | ૦૭ |
| ૨ | હરિયાણા | ૧૪ |
| ૩ | કેરાલા | ૦૬ |
| ૪ | મધ્યપ્રદેશ | ૧૫ |
| ૫ | દિલ્હી | ૦૬ |

| | | |
|---|---|---|
| ૬ | ઉત્તરાખંડ | ૦૪ |
| ૭ | રાજસ્થાન | ૧૦ |
| ૮ | આંધ્રપદેશ | ૦૭ |
| ૯ | જમ્મુ-કાશ્મીર | ૦૪ |
| ૧૦ | હિમાચલ પ્રદેશ | ૦૩ |
| ૧૧ | ઉત્તર પ્રદેશ | ૦૨ |
| ૧૨ | કર્ણાટક | ૦૩ |
| ૧૩ | ઝારખંડ | ૦૪ |
| ૧૪ | તામીલનાડુ | ૦૪ |
| | **કુલ :** | **૮૯** |

(ક) આ ઉપરાંત નેપાળ દેશના ૨૧ પોલીસ અધિકારીઓને તાલીમ આપવામાં આવી તેમજ સીંગાપોર દેશના ગૃહ મંત્રાલયના ૭ અધિકારીઓને વિસ્તૃત જાણકારી આપવામાં આવેલ.

------------

**૧૨**

**અમદાવાદ શહેરમાં પાસા હેઠળ થયેલ કેસો**

૬૦૨**શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાસાના કાયદા હેઠળ કેટલા લોકોની સામે કેસો કરવામાં આવ્યા છે,

(૨) કેટલા લોકોની ધરપકડ કરવામાં આવેલ છે,

(૩) આ ધરપકડોમાંથી પાસાના બોર્ડ તરફથી કેટલાની ધરપકડોને માન્ય રાખવામાં આવેલ છે, અને

(૪) કેટલાને બોર્ડે મુક્ત કરવાની ભલામણ કરી છે ?

**જવાબ**

(૧) ૧૦૬૮

(૨) ૯૨૬

(૩) પાસા કાયદા હેઠળ અટકાયત કરવામાં આવતા ઇસમોના કેસોની હાઇકોર્ટના ત્રણ નિવૃત્ત ન્યાયાધીશોના બનેલ પાસા સલાહકાર બોર્ડ દ્વારા સમીક્ષા કરવામાં આવે છે, અને તે અન્વયે જે ૯૨૬ ઇસમોની ધરપકડ કરવામાં આવેલ તેવા ઇસમોની પાસા સલાહકાર બોર્ડ દ્વારા સમીક્ષા કર્યા બાદ કુલ-૬૭૫ ઇસમોની અટકાયતને માન્ય રાખેલ છે, એટલે કે સરકાર દ્વારા કરવામાં આવેલ કેસોમાંથી લગભગ ૭૩% કેસોને પાસા સલાહકાર બોર્ડ દ્વારા માન્ય રાખવામાં આવેલ છે.

(૪) ૨૩૬

------------

**ભિલોડા તાલુકામાં જી.આઇ.ડી.સી. ની સ્થાપના**

૩૫૯ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં જી.આઇ.ડી.સી. નું ખાત મુહૂર્ત ક્યારે કરવામાં આવ્યું,

(૨) ખાતમુહૂર્ત થયા પછીથી તા.૩૧-૧-૨૦૦૮ સુધીમાં શું પ્રગતિ થઇ છે, અને

(૩) ત્યાં કેટલા પ્રોજેકટસ કાર્યાન્વિત થયા છે અથવા પ્રગતિમાં છે ?

**જવાબ**

(૧) ભિલોડા તાલુકામાં જી.આઇ.ડી.સી. નું ખાત મુર્હૂત તા.૨૬-૦૪-૨૦૦૨ ના રોજ કરવામાં આવ્યું હતું.

(૨) અને (૩)

ખાત મુર્હૂત થયા પછી જમીનની માપણી-મોજણી, પ્લેન ટેબલ સર્વે કરી તેયાર થયેલા વિકાસ નકશા મુજબ સ્થળે ડીમાર્કેશન કરી પ્લોટ વાર ફીલ્ડ બુક્ની કામગીરી પૂર્ણ કરવામાં આવી. ત્યારબાદ વિવિધ માળખાકીય સુવિધા જેમ કે રસ્તા, વીજળી, શેરીબત્તીની કામગીરી પણ પૂર્ણ કરવામાં આવી. વિકાસ નકશા મુજબ ફાળવણી માટે ઉપલબ્ધ ૧૦૧ પ્લોટ પેકી ૯૧ પ્લોટ હેઠળની ૮૫૯૬૦ ચોરસ મીટર જમીનની ફાળવણી થયેલ છે. મોટા ભાગની

ફાળવણી ૨૦૦૭-૦૮ માં થયેલ છે. હાલ બાકી રહેલ ૧૦ પ્લોટ સામે આવેલ અરજીઓ અન્વયે ફાળવણીની કામગીરી ચાલુ છે.

આમ ફાળવણી થયેલા પ્લોટોમાં પ્રોજેક્ટની કામગીરી પ્રગતિમાં છે.

------------

**પર્યાવરણની જાળવણી અંગે વાહન વ્યવહાર ખાતાએ લીધેલ પગલાં**

૫૬૬ **શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્ય સરકારે પર્યાવરણની જાળવણી માટે વાહન વ્યવહાર ખાતામાં શું શું પગલાં લીધા છે ?

**જવાબ**

રાજ્યના વાહન વ્યવહાર ખાતા દ્વારા પર્યાવરણની જાળવણી માટે જાન્યુઆરી-૨૦૦૮ ની સ્થિતિએ રાજ્યમાં સી.એન.જી. અને એલ.પી.જી. ના કુલ ૧,૬૦,૮૩૯ વાહનોની નોંધણી કરેલ છે. તેમાં એસ.ટી. નિગમની ૮૦૩ નવી સી.એન.જી. બસોનો સમાવેશ થાય છે. પર્યાવરણની જાળવણીના ભાગરૂપે અમદાવાદ મહાનગરપાલિકા અને અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી અને સુરત મહાનગરપાલિકા અને સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટીના વિસ્તારમાં સી.એન.જી. રીક્ષા ફરજીયાત બનાવવામાં આવેલ છે. આ ઉપરાંત, કુલ ૫૧૩ પી.યુ.સી. સેન્ટરો દ્વારા વાહનોના ચેકીંગ દ્વારા પર્યાવરણની જાળવણી કરાય છે. છેલ્લા ૩ વર્ષ દરમ્યાનમાં કુલ ૫૯,૮૬૮ વાહન ચાલકો પાસેથી વાહનોનું ચેકીંગ કરીને રૂા.૭૭,૭૨,૦૩૨ ની વસૂલાત કરીને પર્યાવરણની જાળવણી અંગે પગલાં લીધેલ છે.

------------

**વાપી જી.આઇ.ડી.સી. માં પોલીસ સ્ટેશનની સ્થાપના**

૭૫૯ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં વાપી જી.આઇ.ડી.સી. ખાતે આવેલ જી.આઇ.ડી.સી. માં પોલીસ સ્ટેશન ક્યારે શરૂ કરવામાં આવેલ, | (૧) તા.૧૬-૧૦-૭૨ થી |
| (૨) ત્યાર બાદ તેને સરકાર તરફથી મકાન બનાવવા માટે જગ્યા ફાળવવામાં આવેલી છે કે નહિ, અને<br>(૩) ફાળવવામાં આવેલી હોય તો ક્યાં અને કેટલા સમયમાં બનાવવા માંગો છો ? | (૨) અને (૩)<br>હાલમાં પોલીસ સ્ટેશન વાપી ખાતે જી.આઇ.ડી.સી. નોટીફાઇડ એરીયાના મકાનમાં જ કાર્યરત છે. જી.આઇ.ડી.સી., વાપી વિસ્તારમાં આધુનિક પ્રકારનું અને સુવિધાજનક પોલીસ સ્ટેશન બનાવવા માટે જમીન મેળવવાની કાર્યવાહી ગતિમાં છે. |

------------

**પોલીસ દળ માટેની તાલીમી સંસ્થાઓ**

૫૬૧ **શ્રી ઉદેસિંહ પું.ઝાલા (બાયડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા પોલીસદળ માટે કઇ કઇ તાલીમી સંસ્થાઓ ચલાવવામાં આવે છે, અને

**જવાબ**

(૧) રાજ્યમાં,

(૧) ગુજરાત પોલીસ એકેડેમી, કરાઇ

(૨) પોલીસ તાલીમ શાળા, વડોદરા

(૩) પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જૂનાગઢ

(૪) રાજ્ય અનામત પોલીસ તાલીમ કેન્દ્ર ચોકી (સોરઠ)

એમ કુલ ચાર પોલીસ તાલીમ સંસ્થાઓ ચલાવવામાં

આવે છે.

(૨) આ તાલીમી સંસ્થાઓને અદ્યતન બનાવવા માટે ચાલુ વર્ષમાં કેટલી રકમ ફાળવવામાં આવી છે ?

(૨) રૂા.૬,૪૨,૧૪,૦૦૦/-.

------------

**રાજ્યની જેલોમાં બનેલ વિવિધ બનાવો**

૩૬૬ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની કેટલી જેલોમાં ગેંગવોર, કેદીઓ-કેદીઓ વચ્ચેના ઝગડા અને પોલીસ તથા કેદીઓ વચ્ચેના ઝગડાના બનાવો બન્યા છે,

(૨) તે પૈકી ગંભીર પ્રકારના કેટલા બનાવો છે, અને

(૩) આવા બનાવો ન બને તે માટે સરકારે શાં પગલાં ભર્યા છે ?

**જવાબ**

(૧) ગેંગવોર - એકપણ નહિ
કેદીઓ-કેદીઓ વચ્ચેના ઝગડા-૪૧ બનાવો.
પોલીસ તથા કેદીઓ વચ્ચેના ઝગડાના બનાવો- એકપણ નહિ.

(૨) એકપણ નહિ.

(૩) આવા બનાવો ન બને તે માટે સરકારે લીધેલ પગલાંની વિગતો દર્શાવતું પત્રક "અ" આ સાથે સામેલ રાખેલ છે.

<u>પત્રક- ""અ""</u>

(૧) મધ્યસ્થ જેલોમાં હથિયારધારી એસ.આર.પી. બોર્ડરવીંગ અને કમાન્ડોના પોઇન્ટ ગોઠવવામાં આવેલ છે.
(૨) જેલના સીનીયર અધિકારીઓ દ્વારા રાત્રીના સમયે તેમજ સમયાંતરે રાઉન્ડ લેવામાં આવે છે.
(૩) જેલની શિસ્ત અને સલામતીને બાધારૂપ કેદીઓને અન્ય જેલે બદલી કરવામાં આવે છે.
(૪) ઓવરક્રાઉડીંગની સમસ્યા હલ કરવા નવી બેરેકો બાંધવામાં આવેલ છે.
(૫) રાજ્યની અમદાવાદ મધ્યસ્થ જેલ તથા રાજકોટ જિલ્લા જેલ ખાતે ૧૦૦૦ કેદીની ક્ષમતા ધરાવતી નવી અંડર ટ્રાયલ જેલોનું બાંધકામ ચાલુ છે.
(૬) રાજ્યની જેલોની સલામતી વ્યવસ્થા સુદ્દઢ બનાવવા માટે ક્લોઝ સર્કીટ ટી.વી. સીસ્ટમ, હેન્ડ હેલ્ડ મેટલ ડીટેક્ટર, ડોર ફ્રેમ મેટલ ડીટેક્ટર, નારકોટિક્સ એક્સ્પ્લોઝીવ ડીટેક્ટર જેવા સાધનો વસાવવામાં આવેલ છે. તેમજ અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે જામર સીસ્ટમ સ્થાપિત કરેલ છે.
(૭) જેલોમાં નૈતિક પ્રવચનો, સાંસ્કૃતિક કાર્યક્રમો, ધ્યાન યોગ, પ્રાણાયમ, આર્ટ ઓફ લીવીંગ જેવા કાર્યક્રમોનું આયોજન અવાર-નવાર કરવામાં આવે છે. જેથી કેદીઓમાં હકારાત્મક અભિગમ કેળવી શકાય.
(૮) એક જ કેસના સહ-આરોપીઓને શક્ય હોય ત્યાં અલગ-અલગ બેરેકોમાં રાખવામાં આવે છે.
(૯) કેદીઓની રાત્રી દરમિયાન તેમજ જેલની બહાર કોર્ટ કામે કે સીવીલ હોસ્પિટલ જતા આવતા ઝડતી કરવામાં આવે છે.

------------

**નર્મદા યોજના માટે કેન્દ્ર તરફથી મળેલ રકમ**

૪૩૦ **શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજના પૂરી કરવા કે ઝડપ લાવવા ૨૦૦૪-૦૫ ના વર્ષથી કેન્દ્ર સરકાર તરફથી વધારાની કે

**જવાબ**

(૧) ના, જી.

ખાસ ગ્રાન્ટ કે લોન મળી છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં વર્ષવાર કેટલી ગ્રાન્ટ કે લોન ગુજરાત સરકારને હવાલે આપી છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) જો ના, તો આ સમયગાળામાં નર્મદા યોજનાનું બજેટ સિવાયનું ખર્ચ લોન કે અન્ય ગ્રાન્ટ દ્વારા મેળવવામાં આવ્યું હોય તો તેની વિગત શી છે ?

(૩) યોજના માટે રાજ્ય સરકાર દ્વારા યોજના શરૂ થઇ ત્યારથી વર્ષ ૨૦૦૭-૦૮ (તા.૩૧-૧૨-૨૦૦૭) સુધીમાં રૂા.૧૭૪૯૯.૦૧ ક્રોડના બજેટની નિગમને ફાળવણી કરેલ છે. તે પૈકી છેલ્લા પાંચ વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૦૩-૦૪ થી ૨૦૦૭-૦૮ (તા.૩૧-૧૨-૨૦૦૭) સુધીમાં આ ફાળવણી રૂા.૮૫૨૮.૮૨ ક્રોડની રહી છે. ૨૦૦૪-૨૦૦૫ થી વર્ષ ૨૦૦૭-૦૮ (તા.૩૧-૧૨-૦૭) સુધીમાં આ ફાળવણી રૂા.૬૭૬૬.૦૯ ક્રોડની રહી છે. કેન્દ્ર સરકાર તરફથી ગુજરાત સરકારની રજૂઆત હોવા છતાં વધારાની કે ખાસ ગ્રાન્ટ ન મળવાને લીધે વર્ષ ૨૦૦૪-૦૫ થી તા.૩૧-૧૨-૦૭ સુધીમાં નર્મદા યોજનાના ખર્ચને પહોંચી વળવા રાજ્ય સરકારની અંદાજપત્રિય સહાય ઉપરાંત નીચેની વિગતે બાહ્ય સ્ત્રોતોમાંથી સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા લોન મેળવવામાં આવેલ છે.

| **નાણાંકીય વર્ષ** | **લોન (રૂા.ક્રોડમાં)** |
|---|---|
| ૨૦૦૪-૦૫ | ૮૫૦ |
| ૨૦૦૫-૦૬ | ૨૪૪૮ |
| ૨૦૦૬-૦૭ | ૧૭૨૩ |
| ૨૦૦૭-૦૮ (તા.૩૧-૧૨-૦૭ સુધી) | ૧૫૦૦ |
| **કુલ રૂા. :** | **૬૫૨૧** |

------------

**વીરપુર તાલુકામાં નવી કોર્ટ શરૂ કરવા અંગે**

૭૬૪ **શ્રી માનસિંહ કો.ચૌહાણM#> (બાલાસિનોર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં વિભાજીત થયેલ વીરપુર તાલુકામાં નવીન કોર્ટ શરુ કરવા સરકાર વિચારે છે ખરી, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ક્યારથી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**રાજ્યની સરહદ પર રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ અંગે**

૫૬૫ **શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (ગ્રામ્ય) : માનનીય સરહદી સુરક્ષા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યની જમીન અને દરીયાઇ સરહદ પરથી રાજ્ય-રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ થતી હોવાનું રાજ્ય સરકારના ધ્યાનમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ વિસ્તારની સલામતી શી છે? | (૨) આ વિસ્તારની સલામતી માટે પુરતાં પગલાં ભરવામાં આવેલ છે. |

------------

**વાયબ્રન્ટ ગુજરાત અંતર્ગત થયેલ એમ.ઓ.યુ.**

૧૩૧**શ્રી સિદ્ધાર્થ ચી.પટેલ (ડભોઇ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૭ અન્વયે રાજ્ય કે કેન્દ્રની માલિકીના જાહેર સાહસો દ્વારા | (૧) અને (૨) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૭ |

રૂા.૧૪૯૫૩૯ ક્રોડનું મૂડી રોકાણ કરવાના એમ.ઓ.યુ. ની જાહેરાત થયેલ તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તે જાહેરાત અન્વયે તા.૩૧-૧૨-૦૭ સુધીમાં ખરેખર કેટલી રકમના કેટલા એમ.ઓ.યુ. કાર્યરત થયા ?

દરમ્યાન રાજ્ય સરકારની માલીકીના જાહેર સાહસો દ્વારા આશરે રૂા.૪૦,૦૦૦/- ક્રોડના મૂડી રોકાણના એમ.ઓ.યુ/જાહેરાત થયેલ હતાં, જે પેકી રૂા.૨૮,૦૦૦/- ક્રોડના મૂડી રોકાણના પ્રોજેક્ટોમાં કાર્યવાહી શરૂ થયેલ છે. જ્યારે કેન્દ્ર સરકારની માલીકીના જાહેર સાહસો દ્વારા રૂા.૮૭૦૦૦/- ક્રોડના મૂડી રોકાણના એમ.ઓ.યુ./ જાહેરાત થયેલ હતા, જે પેકી રૂા.૧૨૦૦૦/- ક્રોડના મૂડી રોકાણના પ્રોજેક્ટોમાં કાર્યવાહી શરૂ થયેલ છે, જે ટકાવારી પ્રમાણે ખૂબ નબળી કામગીરી ગણી શકાય.

------------

**એફ.એસ.એલ. દ્વારા અન્ય રાજ્યોને સહાયતા**

૫૯૫ **શ્રી કિશોર વાંકાવાલા (સુરત શહેર (પશ્ચિમ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ડાયરેક્ટર ઓફ ફોરેન્સીક સાયન્સ દ્વારા અન્ય રાજ્યોને ફોરેન્સીક સહાયતા પૂરી પાડવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો વર્ષ ૨૦૦૭ માં ક્યા ક્યા રાજ્યોને કેટલા કેસમાં આવી સહાયતા પૂરી પાડવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા જી, રાજ્યના ડાયરેક્ટોરેટ ઓફ ફોરેન્સીક સાયન્સ દ્વારા દેશના અન્ય રાજ્યોને તેમજ કેન્દ્ર સરકારની સી.બી.આઇ., એન.સી.બી., મીલીટરી જેવી સંસ્થાઓને જટીલ અને મુશ્કેલ ગુન્હાઓની તપાસમાં મદદ પૂરી પાડવામાં આવે છે. સને ૨૦૦૭ના વર્ષમાં કુલ-૨૭૨ કેસોમાં આવી રાજ્ય બહારની સંસ્થાઓને મદદ પૂરી પાડવામાં આવેલ. એફ.એસ.એલ. દ્વારા મદદ પૂરી પડાયેલ હોય તેવા બહુ ચર્ચીત મહત્વના કેસોમાં તેલગી કેસ, મધુમીતા શુક્લા (અમરમણી ત્રિપાઠી) મર્ડર કેસ, ઉજેનનો સીરીયલ કીલર કેસ, નિઠારીનો સામુહીક બળાત્કાર/ખૂન કેસ, પ્રાઈમ મીનીસ્ટર સીક્યોરીટીનો કેસ, પાર્લામેન્ટ પર હુમલાનો કેસ, રાજસ્થાનમાં પકડાયેલ હીઝબુલ મુઝાઈદીન-ત્રાસવાદીઓનો કેસ, જમ્મુ-કાશ્મીરનો અનારા ગુપ્તા સી.ડી. કેસ વગેરેનો સમાવેશ થાય છે.

(૨) રાજ્યની એફ.એસ.એલ. આધુનિક પારદર્શક તથા તટસ્થ હોવાને કારણે અન્ય રાજ્યો તથા કેન્દ્ર સરકારની વિવિધ સંસ્થાઓ ગુન્હાઓની તપાસમાં તેની મદદ લે છે. એફ.એસ.એલ. દ્વારા વર્ષ ૨૦૦૭ માં બહારના રાજ્યો/કેન્દ્ર સરકારની સંસ્થાઓને જે મદદ પૂરી પાડવામાં આવેલ છે તેની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | રાજ્યનું નામ | કેસો |
|---|---|---|
| ૧ | ઉત્તરપ્રદેશ | ૧૫ |
| ૨ | રાજસ્થાન | ૧૨ |
| ૩ | દિલ્હી | ૪૮ |
| ૪ | ગોવા | ૦૬ |
| ૫ | મધ્યપ્રદેશ | ૧૯ |
| ૬ | બિહાર | ૧૦ |
| ૭ | મહારાષ્ટ્ર | ૦૩ |
| ૮ | નાગાલેન્ડ | ૦૧ |
| ૯ | હરિયાણા | ૧૧ |
| ૧૦ | ઝારખંડ | ૦૪ |
| ૧૧ | જમ્મુ-કાશ્મીર | ૦૪ |
| ૧૨ | તામીલનાડું | ૦૧ |
| ૧૩ | પમિબંગાળ | ૦૫ |
| ૧૪ | કર્ણાટક | ૦૧ |

**કેન્દ્રીય સંસ્થાઓ**

| | | |
|---|---|---|
| ૧૬ | રેલ્વે | ૦૭ |
| ૧૭ | દાદરાનગર હવેલી | ૦૭ |
| ૧૮ | દમણ | ૧૦૧ |
| ૧૯ | દીવ | ૦૫ |
| ૨૦ | એરફોર્સ | ૦૨ |
| ૨૧ | ડી.આર.આઈ. | ૦૫ |
| | **કુલ :** | **૨૭૨** |

------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં નોંધાયેલ વિવિધ ગુના**

૬૫૦ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સને ૨૦૦૭ માં તાલુકાવાર કુલ કેટલા ખૂન, લૂંટ, ધાડ, ચોરી, બળાત્કાર અને ચીલઝડપના બનાવો બન્યા,

(૧)

| તાલુકાનું નામ | ખૂન | લૂંટ | ધાડ | ચોરી | બળાત્કાર | ચીલઝડપ |
|---|---|---|---|---|---|---|
| વઢવાણ | ૩ | ૩ | ૪ | ૭૫ | ૪ | ૫ |
| લખતર | ૦ | ૦ | ૦ | ૭ | ૨ | ૦ |
| મુળી | ૦ | ૦ | ૦ | ૧૫ | ૧ | ૦ |
| લીંબડી | ૩ | ૧ | ૨ | ૧૬ | ૦ | ૦ |
| ચુડા | ૧ | ૦ | ૦ | ૨૦ | ૨ | ૦ |
| સાયલા | ૪ | ૪ | ૦ | ૧૨ | ૩ | ૦ |
| ચોટીલા | ૨ | ૫ | ૦ | ૩૩ | ૧ | ૦ |
| ધ્રાંગધ્રા | ૫ | ૧ | ૧ | ૪૬ | ૧ | ૦ |
| હળવદ | ૩ | ૨ | ૦ | ૨૩ | ૩ | ૦ |
| દસાડા | ૧ | ૦ | ૧ | ૨૩ | ૦ | ૦ |

(૨) આ બનાવો પેકી ચોટીલા અને સાયલા તાલુકામાં પોલીસ સ્ટેશનવાર કેટલા ગુન્હાઓ ડીટેકટ થયા, અને

(૨)

| તાલુકાનું નામ | પો.સ્ટે.નું નામ | ગુનાડીટેકટ થયા |
|---|---|---|
| ચોટીલા | ચોટીલા | ૦૭ |
| | થાનગઢ | ૧૭ |
| સાયલા | સાયલા | ૧૨ |

(૩) કેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી ?

(૩) ૧૦૨ (એકસો બે).

------------

**જૂનાગઢ જિલ્લામાં મહિલાઓ ઉપર બળાત્કાર અને ખૂનના નોંધાયેલા ગુના**

૨૨૩ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તાલાળા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ પૂરા થતાં છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં મહિલાઓ ઉપર બળાત્કાર કરી ખૂન કરી નાંખવાના કેટલા ગુન્હાઓ નોંધાયેલા છે,

(૧) ૦૨ (બે).

(૨) નોંધાયેલ ગુન્હા કુલ કેટલા તહોમતદારો સંડોવાયેલા છે, અને

(૨) ૦૩ (ત્રણ).

(૩) તે અન્વયે કેટલાની ધરપકડ થઇ અને કેટલાની ધરપકડ કરવાની બાકી છે ?

(૩) એક આરોપીની ધરપકડ થયેલ છે. અને બે આરોપીની ધરપકડ કરવાની બાકી છે.

------------

**નર્મદા આધારિત કેનાલોના કામો**

**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજકોટ જિલ્લાના મોરબી તાલુકામાં નર્મદા

(૧) રાજકોટ જિલ્લામાંથી પસાર થતી ધ્રાંગધ્રા શાખા

આધારિત બંને કેનાલોના કામો ક્યારે શરુ કરવામાં આવેલ, અને

નહેરના કામો વિવિધ લંબાઇમાં શરૂ કરવામાં આવેલ છે. મોરબી તાલુકામાંથી પસાર થતી ધ્રાંગધ્રા શાખા નહેર અને મોરબી શાખા નહેરના કામો ચાલુ વર્ષે શરૂ કરવાનું આયોજન છે.

(૨) મચ્છુ-૨ સુધી કામો ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

(૨) મચ્છુ-૨ સુધીના કામો વહેલાસર પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

**કેમિકલ્સ ઉદ્યોગના ઝોન જાહેર કરી ઉદ્યોગો સ્થાપવા અંગે**

૬૫૯ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષમાં રાજ્યમાં કેમિકલ્સના ઝોન જાહેર કરી રાજ્ય સરકારના સહયોગથી કેમિકલ્સ ઉત્પાદનના ઉદ્યોગો સ્થાપવામાં આવ્યા નથી તે વાત સાચી છે,

(૨) જો ના, તો ક્યા વિસ્તારમાં આવા ઝોનની જાહેર કરી, આ પ્રકારના ઉદ્યોગોની સ્થાપના કરવામાં આવી, અને

(૩) તેમાં રાજ્ય સરકાર તરફથી કેવા પ્રકારનો, કેટલી રકમનો આર્થિક સહયોગ આપવામાં આવ્યો છે ?

**જવાબ**

(૧) (૨) અને (૩)

રાજ્ય સરકાર દ્વારા કેમિકલ ઉદ્યોગની જરુરીયાત પ્રમાણે આંતર માળખાકીય સુવિધાઓ સ્થાપી કેમિકલ વસાહતો સ્થાપવાની પ્રથા અસ્તિત્વમાં છે, પરંતુ કેમીકલ ઝોન જાહેર કરવાની પ્રથા અસ્તિત્વમાં નથી. રાજ્ય સરકારે પેટ્રોલીયમ, કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયન સ્થાપવાની દરખાસ્ત કેન્દ્ર સરકારને મોકલેલ છે, જે કેન્દ્ર સરકારમાં મંજુરી માટે પડતર છે.

------------

**અમદાવાદ શહેરમાં પાઈપલાઈન ધ્વારા ઘેર ઘેર ગેસ આપવાની કામગીરી**

૬૩૪ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં ઘેર ઘેર ગેસ પાઈપ લાઈન ધ્વારા ગેસનો પુરવઠો પૂરો પાડવાની કાર્યવાહી તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ક્યા ક્યા વિસ્તારોમાં ચાલી રહી છે,

(૨) ક્યા ક્યા વિસ્તારોમાં કામ પૂર્ણ થયા અને ગેસ પૂરવઠો આપવાનું કાર્યરત થયું, અને

(૩) બાકીના વિસ્તારોમાં કેટલા સમયમાં આ કામકાજ પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) નારણપુરા, નવરંગપુરા, પાલડી, વાસણા, મેમનગર, ઘાટલોડીયા, જોધપુર બોડકદેવ, વસ્ત્રાપુર, થલતેજ, વાડજ, કાંકરીયા, મણીનગર, ઇસનપુર, ઘોડાસર, ચાંદખેડા અને મોટેરા વિસ્તારો.

(૨) ઉપરોક્ત વિસ્તારોમાં મીડીયમ પ્રેસર ગેસ પાઇપલાઇનનું નેટવર્કનું કામ અંશતઃ પૂર્ણ છે. ઘેર ઘેર ગેસના ક્નેક્શન આપવાનું કામ ગ્રાહકોની માંગણી મુજબ ચાલુ છે.

(૩) માર્ચ-૨૦૦૮ સુધીમાં કુલ-૨૦,૦૦૦ ઘરોને ગેસ મળતો થશે. બાકીના વિસ્તારોમાં એપ્રિલ-૨૦૦૮ થી શરૂ કરીને માર્ચ-૨૦૧૩ સુધીમાં તબક્કાવાર કામ પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

**નર્મદા યોજના અન્વયે ઉત્પન થયેલ વીજળી**

૭૪૯ **શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજના અન્વયે છેલ્લા વર્ષે કુલ કેટલા મેગાવોટ વીજળી ઉત્પાદિત થઈ, અને

(૨) આ વીજળી કુલ કેટલા રૂપિયાની થાય ?

**જવાબ**

(૧) નર્મદા યોજનાના જળવિદ્યુત મથકોમાંથી ઓગષ્ટ-૨૦૦૪ થી ફેબ્રુઆરી-૨૦૦૫ સુધીમાં તબક્કાવાર વિજ ઉત્પાદન શરૂ થયું. તા.૩૧-૧-૨૦૦૮ સુધીમાં કુલ : ૧૦૦૩.૩૬ ક્રોડ યુનિટનું વિજ ઉત્પાદન થયું. તા.૧-૨-૨૦૦૭ થી તા.૩૧-૧-૨૦૦૮ સુધીના છેલ્લા ૧૨ મહીનામાં ૪૩૯.૭૭ ક્રોડ યુનિટનું વિજ ઉત્પાદન થયેલ છે.

(૨) વિજ ઉત્પાદનની બજાર કિંમત અંદાજે રૂા.૪ પ્રતિ યુનિટ ગણીએ તો તા.૩૧-૧-૨૦૦૮ સુધીમાં

રૂ.૪૦૧૩.૪૪ ક્રોડનું વિજ ઉત્પાદન થાય. છેલ્લા ૧૨ મહીનામાં આ વિજ ઉત્પાદનની કિંમત રૂ.૧૭૫૯.૦૮ ક્રોડ થાય.

------------

**કોલસાના ભાવમાં વધારો**

૫૪૮ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા કોલસાના ભાવમાં અને નૂરમાં કોઇ વધારો કરાયો છે કે કેમ, અને | (૧) હા, જી, છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા કોલસાના રોયલ્ટી દર કોલસાનો મૂળ ભાવ અને રેલ્વેના નૂર ભાડામાં ઘણો વધારો કરવાથી ગુજરાત રાજ્યને આશરે રૂ.૪૪૦ ક્રોડનો ભારે બોજો પડયો છે. |
| (૨) રાજ્યના વીજ ઉત્પાદન ઉપર તેની શું અસર પડી ? | (૨) ઉપર બતાવેલ કોલસાના રોયલ્ટી દર, કોલસાના મૂળ ભાવ અને રેલ્વે દ્વારા કરવામાં આવેલા નુરભાડામાં વધારાના કારણે પ્રતિ યુનિટ જનરેશન કોસ્ટમાં આશરે ૬ (છ) પેસાનો વધારો થયેલ છે અને ગુજરાતની પ્રજા ઉપર આશરે રૂ.૪૪૦ ક્રોડનો ભારે બોજ પડયો છે. |

------------

**વડોદરા શહેર/જિલ્લામાં પાસા લગાડેલ ઈસમો**

૭૬૧ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની પરિસ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વડોદરા શહેર/જિલ્લામાં કેટલા ઈસમો ઉપર ""પાસા"" લગાડવામાં આવ્યો,

**જવાબ**

(૧) પાસા હેઠળ થયેલ અટકાયતો હુકમો.

| | ૨૦૦૫ | ૨૦૦૬ | ૨૦૦૭ તા.૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ | કુલ |
|---|---|---|---|---|
| વડોદરા શહેર | ૧૬૪ | ૧૯૮ | ૨૦૫ | ૫૬૭ |
| વડોદરા જિલ્લો | ૧૬ | ૩૬ | ૪૮ | ૧૦૦ |
| કુલ : | ૧૮૦ | ૨૩૪ | ૨૫૩ | ૬૬૭ |

**પ્રશ્ન**

(૨) તેમાંથી કેટલાને ગેરકાયદેસર દારૂની હેરફેર ઉપર, કેટલા ઉપર સરકારી જમીન પચાવી પાડવા ઉપર અને કેટલા ઉપર ગેર કાયદેસર કેમિકલ્સનો વેપાર કરવા ઉપર પાસા લગાડયા ?

**જવાબ**

(૨)

| | કેટલા ઉપર ગેરકાયદેસર દારુની હેરફેર ઉપર | કેટલા ઉપર સરકારી જમીન પચાવી પાડવા ઉપર | કેટલા ઉપર ગેરકાયદેસર કેમીકલ્સનો વેપાર કરવા ઉપર |
|---|---|---|---|
| વડોદરા શહેર | ૪૧૦ | - | - |
| વડોદરા જિલ્લો | ૯૫ | - | - |
| કુલ : | ૫૦૫ | - | - |

**રાજ્યમાં વિકાસની વિવિધ યોજનાઓનું આયોજન**

૭૮૯ **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યમાં વિકાસની વિવિધ યોજનાઓનું આયોજન દર વર્ષે કરવાનું હોય છે તેનું અમલીકરણ કેટલા સમયે કરવાનું હોય છે ? | રાજ્યમાં વિકાસની વિવિધ યોજનાઓનું આયોજન દર વર્ષે કરવાનું હોય છે. તેનું અમલીકરણ સતત પ્રક્રિયારૂપે થાય છે. |

------------

## ભાવનગર જિલ્લામાં તાલુકા દીઠ કુટિર ઉદ્યોગો

૭૫૩ **ડૉ.કનુભાઇ કળસરિયા(મહુવા) : માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તાલુકાદીઠ છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ કેટલા કુટિર ઉદ્યોગ એકમો શરૂ કરવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કેટલી સબસીડી ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) તાલુકા દીઠ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ કુટિર ઉદ્યોગ એકમો શરૂ કરવામાં આવ્યા.

| અ.નં. | તાલુકાનું નામ | બાજપાઇ બેંકેબલ યોજના | પી.એમ. આર.વા ય | કુલ એકમો |
|---|---|---|---|---|
| ૧ | ભાવનગર | ૯૨૪ | ૨૫૭ | ૧૧૮૧ |
| ૨ | મહુવા | ૨૫૬ | ૩૦ | ૨૮૬ |
| ૩ | પાલીતાણા | ૭૦ | ૨૭ | ૯૭ |
| ૪ | ગારીયાધાર | ૪૦ | ૧૦ | ૫૦ |
| ૫ | શિહોર | ૧૮૧ | ૩૩ | ૨૧૪ |
| ૬ | ઉમરાળા | ૬૮ | ૧૨ | ૮૦ |
| ૭ | ઘોઘા | ૬૦ | ૧૯ | ૭૯ |
| ૮ | તળાજા | ૧૧૩ | ૩૧ | ૧૪૪ |
| ૯ | વલ્લભીપુર | ૧૭૫ | ૧૪ | ૧૮૯ |
| ૧૦ | બોટાદ | ૧૫૨ | ૩૪ | ૧૮૬ |
| ૧૧ | ગઢડા | ૬૪ | ૨૭ | ૯૧ |
| કુલ : | | ૨૧૦૩ | ૪૯૪ | ૨૫૯૭ |

(૨) કુલ રૂા.૧૪૧.૧૪ લાખની સબસીડી ચુકવવામાં આવી.

------------

## રાજ્યના બંદરોને રેલવે માર્ગથી જોડવાની કામગીરી

૫૭૨ **શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના મહત્વના બંદરોની રેલમાર્ગ જોડવા માટે છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન સરકાર ધ્વારા પ્રયત્નો કરવામાં આવ્યા છે કે કેમ,

(૨) જો હા, તો ક્યા ક્યા બંદરો માટે શી કામગીરી કરવામાં આવી, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) **૧.** દહેજ અને હજીરા બંદરોને રેલ્વે લાઇનથી જોડવા (તજજ્ઞ) મે.રાઇટસ પાસેથી પ્રાથમિક શક્યતાવર્તી અહેવાલ તેયાર કરવામાં આવેલ છે, જેને ભારત સરકારની મંજૂરી મળેલ છે. તેમજ દહેજ બંદરની યોજનાના અમલીકરણ માટે સ્પેશીયલ પરપઝ વ્હીકલ (એસપીવી) કંપનીની રચના કરવામાં આવેલ છે. જ્યારે હજીરાના અમલીકરણ માટે એસ.પી.વી. કંપની રચવાનું આયોજન છે.

**૨.** બેડી અને પોરબંદર માટે જુલાઇ-૨૦૦૨ મે. રાઇટસનો અહેવાલ મળ્યા પછી ભારત સરકારના રેલ્વે બોર્ડની મંજૂરી મેળવવા માટે સઘન પ્રયત્નો કરવામાં આવ્યા છે. ભારત સરકારમાં રાજ્ય સરકાર તરફથી ૬/૨૦૦૩, ૯/૨૦૦૪, ૧૨/૨૦૦૬, ૭/૨૦૦૬, ૧/૨૦૦૮ માં રજુઆત કરવામાં આવી છે.

**૩.** સીમર, મરોલી, વાંસી બોરસી, મીઠી

વીરડી, ખંભાત, સુત્રાપાડા, મહુવા અને પોસીત્રા બંદરોને રેલ્વે માર્ગથી જોડવા (તજજ્ઞ) મે.રાઇટસ પાસેથી પ્રાથમિક શક્યતાવર્તી અભ્યાસ કરાવવામાં આવનાર છે.

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) તેના અમલીકરણની છેવટની પરિસ્થિતિ શું છે ? | (૩) **૧.** દહેજ બંદરની યોજનાના અમલીકરણ માટે સ્પેશીયલ પરપઝ વ્હીકલ (એસપીવી) કંપનીની રચના કરવામાં આવેલ છે. જ્યારે હજીરાના અમલીકરણ માટે એસ.પી.વી. રચવાનું આયોજન છે. વાઈબ્રન્ટ ગુજરાત-૨૦૦૭ માં આઇવીએનએલ, જીઆઇડીબી, જીઆઇડીસી અને જીએમબી વચ્ચે (MOU) કરવામાં આવેલ છે.<br>**૨.** પોરબંદર અને બેડી માટે રેલ્વે જોડાણ અંગે રેલ્વે બોર્ડની મંજૂરી બાદ આગળની કાર્યવાહી થઇ શકશે.<br>**૩.** સીમર, મરોલી, વાંસી બોરસી, મીઠી વીરડી, ખંભાત, સુત્રાપાડા, મહુવા અને પોસીત્રાને પ્રિફીઝીબીલીટી રીપોર્ટ (તજજ્ઞ) મે.રાઇટસ પાસેથી કરાવવામાં આવી રહેલ છે. |

------------

## વીજ ઉત્પાદન અને માંગ

૨૯૮ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં વીજ ઉત્પાદન કેટલું હતું. | (૧) સને ૨૦૦૫-૦૬ માં ૫૯૦૭૧ મી.યુ, ૨૦૦૬-૦૭ માં ૬૧૫૪૪ મી.યુ. અને ૨૦૦૭-૦૮ ના વર્ષમાં ૩૧ ડિસેમ્બર સુધી ૪૯૨૧૨ મી.યુ. વીજ ઉત્પાદન થયું છે. |
| (૨) તેની સામે ખરેખર વીજ માંગ કેટલી હતી, અને | (૨) સને ૨૦૦૫-૦૬ માં ૧૨૦૪૭ મે.વો. અને ૨૦૦૬-૦૭ માં ૧૨૪૯૦ મે.વો. મહત્તમ અનિયંત્રિત વીજમાંગ હતી. |
| (૩) આ સમયગાળા દરમ્યાન કેટલું વીજ ઉત્પાદન વધારી શકાયું છે ? | (૩) આ સમયગાળામાં ૩૮૩૫ મિલિયન યુનિટ વધારાનું વીજ ઉત્પાદન થયું. |

------------

## એફ.એસ.એલ. ધ્વારા ન્યાયાધીશો અને એડવોકેટોને તાલીમ

૫૯૩ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની ફોરેન્સીક લેબોરેટરી ધ્વારા ન્યાયાધીશો અને એડવોકેટો માટે કોઈ પ્રકારના તાલીમ કોર્ષ યોજવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા તો વર્ષ ૨૦૦૭માં કેટલા ન્યાયાધીશો અને એડવોકેટોએ આ તાલીમ કોર્ષમાં હાજરી આપેલ છે. ? | (૨) ૧૫૦ ન્યાયાધીશો. |

------------

## ભરૂચ જિલ્લાના વાલીયા અને ઝગડીયા તાલુકાના પોલીસ મથક હસ્તકના વાહનો

**૫૮ શ્રી અમરસિંહ રા. વસાવા(દેડિયાપાડા)** : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લાના વાલીયા ઝગડીયામાં આવેલા પોલીસ સ્ટેશનમાં કેટલા વાહન અથવા જીપોની | (૧) બંને પોલીસ સ્ટેશનમાં એક-એક વાહન છે. |

વ્યવસ્થા તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છે, અને

(૨) જે પોલીસ સ્ટેશનમાં વાહનની વ્યવસ્થા ન હોય ત્યાં સરકાર કેટલા સમયમાં વાહનની વ્યવસ્થા કરવા માંગે છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યો પાસેથી લેવાની બાકી રકમ

૮૭ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યો પાસેથી કેટલી રકમ તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ લેવાની થાય છે,

**જવાબ**

(૧) નર્મદા યોજનામાં ભાગીદાર રાજ્યો પાસેથી નીચેની વિગતે તા.૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ રૂા.૨૮૪૨.૮૨ ક્રોડની રકમ લેવાની થાય છે. જેમાં રૂા.૨૬૯૭.૩૬ ક્રોડની રકમ વિવાદિત છે. અને રૂા.૨૨૭.૦૨ ક્રોડની રકમ બિન વિવાદિત છે.

(રૂા.ક્રોડમાં)

| ક્રમ | રાજ્યનું નામ | બાકી રકમ | વિવાદિત રકમ | બિન વિવાદિત રકમ |
|---|---|---|---|---|
| ૧ | મધ્યપ્રદેશ | ૧૭૧૧.૮૩ | ૧૬૪૯.૨૬ | ૬૨.૫૭ |
| ૨ | મહારાષ્ટ્ર | ૯૪૫.૬૯ | ૭૮૧.૨૪ | ૧૬૪.૪૫ |
| ૩ | રાજસ્થાન | ૧૮૫.૩૦ | ૨૬૬.૮૬ | Nil |
| | કુલ : | ૨૮૪૨.૮૨ | ૨૬૯૭.૩૬ | ૨૨૭.૦૨ |

(૨) છેલ્લા એક વર્ષમાં ક્યા ક્યા સાથી રાજ્યોએ કેટલી રકમ તે અન્વયે ચુકવી છે, અને

(૨) સાથી રાજ્યો પાસેથી રાજ્ય સરકારને ૩૧મી ડીસેમ્બર-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રૂા. ૬૬૧.૦૭ ક્રોડની રકમ નીચેની વિગતે મળેલ છે.

(રૂા.ક્રોડમાં)

| ક્રમ નંબર | રાજ્યનું નામ | ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળેલ રકમ |
|---|---|---|
| ૧ | મધ્યપ્રદેશ | ૪૦૧.૦૭ |
| ૨ | રાજસ્થાન | -- |
| ૩ | મહારાષ્ટ્ર | ૨૬૦.૦૦ |
| | કુલ : | ૬૬૧.૦૭ |

(૩) બાકી રહેતી રકમ સત્વરે ચુકવવામાં આવે તે માટે સરકારે ક્યા પ્રકારની કાર્યવાહી કરી ?

(૩) માનનીય મુખ્ય મંત્રીશ્રીએ માનનીય નાયબ અધ્યક્ષશ્રી, યોજના આયોગ અને માનનીય વડાપ્રધાનશ્રી સમક્ષ ભાગીદાર રાજ્યોના બાકી લેણાં માટે રજૂઆત કરેલ છે. સરદાર સરોવર કન્સ્ટ્રક્શન એડવાઇઝરી કમિટિની ૭૦,૭૧,૭૨,૭૪ અને ૭૫ મી મીટીંગોમાં આ બાબતે જરૂરી રજૂઆતો કરવામાં આવેલ. તદ્‌ઉપરાંત સરદાર સરોવર નર્મદા નિગમ લી. દ્વારા નિયમીતપણે દરમાસના અંતે સંબંધિત ભાગીદાર રાજ્યોને આ બાબતે પત્રો લખવામાં આવે છે. વધુમાં નાણાં વિભાગના સચિવશ્રી, મુખ્ય સચિવશ્રી દ્વારા પણ આ અંગે પત્રો લખી જરૂરી રજૂઆતો કરવામાં આવેલ છે.

------------

## કલ્પસર યોજના પાછળ થયેલ ખર્ચ

૭૭૨ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કલ્પસર-યોજના સાકાર કરવા ડીસેમ્બર-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન વર્ષવાર કેટલી રકમનું આયોજન હતું અને તેની પાછળ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) કલ્પસર યોજના સાકાર કરવા ડીસેમ્બર-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન વર્ષવાર બજેટ અને ખર્ચની વિગત નીચે પ્રમાણે છે.

રૂા.લાખમાં

| વર્ષ | બજેટ જોગવાઇ | ખર્ચ | રીમાર્કસ |
|---|---|---|---|
| ૨૦૦૬-૦૭ | ૫૦૦.૦૦ | ૧૨૮.૩૦ | |
| ૨૦૦૭-૦૮ | ૨૦૦૦.૦૦ | ૧૧૫.૦૦ | ડીસે.૦૭ સુધી |

(૨) હાલ આ યોજનાનું કામ ક્યા તબક્કે છે ?

(૨) હાલ કલ્પસર યોજનાનું કામ પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરવાના તબક્કે છે.

------------

**ઈન્ડસ્ટ્રીઅલ કોરીડોર અંગે થયેલ કામગીરી**

૫૫૧ **શ્રી ભરતસિંહજી શં.ડાભીM#> (ખેરાલુ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

નવી દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીઅલ કોરીડોર અને ડેડીકેટેડ કોરીડોર અંતર્ગત રાજ્ય સરકારે શી કાર્યવાહી હાથ ધરેલ છે ?

**જવાબ**

ડેડીકેટેડ ફ્રેઇટ કોરીડોર કેન્દ્ર સરકારના રેલ્વે મંત્રાલય દ્વારા અમલમાં મુકાનાર પ્રોજેક્ટ છે. જેની બંને બાજુએ આશરે ૧૫૦ કિ.મી. ના અંતર સુધીમાં દિલ્હી-મુંબઇ ઈન્ડસ્ટ્રીઅલ કોરીડોર પ્રોજેક્ટ કેન્દ્ર સરકાર હાથ ધરનાર છે. આ બંને પ્રોજેક્ટોનો મહત્તમ લાભ રાજ્ય સરકારને મળે તે માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. આ માટે નીચેની કાર્યવાહી હાથ ધરેલ છે.

આ યોજનાના અમલ માટે રાજ્ય સરકાર દ્વારા ગુજરાત આંતર માળખાકીય વિકાસ બોર્ડને આ કોરીડોરના વિકાસ અંતર્ગત કરવાની થતી કામગીરી માટે એપેક્સ સંસ્થા તરીકે નિયુક્ત કરેલ છે અને આ કામે એક ખાસ કંપનીની રચના કરવાની કામગીરી પ્રગતિમાં છે.

દિલ્હી-મુંબઇ ઈન્ડસ્ટ્રીઅલ કોરીડોર અંતર્ગત રેલ અને રોડ નેટવર્ક અદ્યતન કરવા અંગેનો માસ્ટર પ્લાન તૈયાર કરી ભારત સરકારને મોકલવામાં આવેલ છે.

લોજીસ્ટીક પાર્ક અને ઓદ્યોગિક વિસ્તારો વિકસાવવા અંગેનું આયોજન વિચારણા હેઠળ છે. અમદાવાદ-ધોલેરા ખાતે ઇન્વેસ્ટમેન્ટ રીજીયનનો વિકાસ કરવા અંગેનો ફીઝીબીલીટી અભ્યાસ કન્સલટન્ટને સોંપાયેલ છે.

------------

**રાજ્યમાં નવા સબ સ્ટેશનોની સ્થાપના**

૫૮૭ **શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૭-૦૮માં રાજ્યમાં કેટલા સબ સ્ટેશનો બનાવવાનું આયોજન હાથ ધરેલ છે, અને

(૨) તે પૈકી કેટલા સબસ્ટેશનોનું કામ તા. ૩૧-૧-૦૮ સુધીમાં પૂર્ણ કરેલ છે ?

**જવાબ**

(૧) ૫૦ સબસ્ટેશનો.

(૨) ૨૦ સબસ્ટેશનો કાર્યાન્વિત થયેલ છે. ૧૮ સબસ્ટેશનોના સિવિલ વર્કની કામગીરી ૯૦% પૂર્ણ થયેલ છે. બાકીના ૧૨ સબસ્ટેશનોની કામગીરી પ્રગતિમાં છે.

------------

**પંચમહાલ જિલ્લાના ખાનપુર તાલુકામાં નોંધાયેલ વિવિધ ગુના**

૭૫૪ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લાના ખાનપુર તાલુકામાં તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા છ માસમાં ખૂન, લૂંટ, ચોરીઓ, ઘરફોડ ચોરીના કેટલા કિસ્સા ક્યા ક્યા ગામે બન્યા, અને

**જવાબ**

(૧)

| ગામનું નામ | ખૂન | લૂંટ | ચોરી | ઘરફોડ ચોરી |
|---|---|---|---|---|
| પાંડરવાડા | ૧ | - | - | - |
| મોરના તલાવ | ૧ | - | - | - |
| બોરવાઇ | - | - | - | ૧ |
| બાબલીયા (ઓપી) | - | - | ૧ | - |
| ડોલરીયા | - | - | ૧ | - |

| | | | | |
|---|---|---|---|---|
| લીમડીયા ચોકડી | - | - | ૧ | - |
| બામરોડા | - | - | ૧ | - |
| નરોડા | - | - | ૧ | - |
| લીમડીયા | - | - | ૧ | - |
| ઉમરીયા | - | - | ૧ | - |
| કુલ : | ૨ | - | ૭ | ૧ |

(૨) આ બનાવોમાં ક્યા ક્યા કેસના આરોપી પકડાયા અને ક્યા કેસના આરોપી પકડવાના બાકી, આ આરોપી ન પકડવાના કારણો શું ?

(૨) ૧. ખૂનના બે ગુનામાં ૫-આરોપી સંડોવાયેલ છે. જે તમામ પકડાઇ ગયેલ છે.

૨. ઘરફોડ ચોરીનો ૧-ગુનો દાખલ થયેલ છે જે વણશોધાયેલ છે જે ગુનાની તપાસ હાલ ચાલુ છે.

૩. ચોરીઓ તમામના સાત ગુનાઓ પેકી ૨-ગુના અનડીટેક્ટ રહેવા પામેલ છે. જેમાં એક ગુનામાં વર્ગ-અ પડત સમરી ભરવામાં આવેલ છે અને એક ગુનાની તપાસ હાલ ચાલુ છે. બાકીના પાંચ ગુનાઓમાં ૧૬ આરોપીઓ સંડોવાયેલ છે. જે તમામ આરોપીઓ પકડાઇ ગયેલ છે.

------------

## ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવાયેલ પરીક્ષા

૬૬૨ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડિસેમ્બર-૨૦૦૭ની સ્થિતિએ ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા વર્ગ-૩ની કેટલી પરીક્ષા તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં લેવામાં આવી, | (૧) ૫૮. |
| (૨) તે પેકી કેટલી પરીક્ષાના પરિણામો જાહેર કરવામાં આવ્યા, અને | (૨) ૫૧. |
| (૩) પરિણામ જાહેર કરવામાં ન આવ્યા હોય તો તેના કારણો શાં છે ? | (૩) વનરક્ષા સહાયકની જ્ગ્યાની પરીક્ષાનું પરિણામ તા.૧-૨-૦૮ ના રોજ જાહેર કરાયેલ છે. અન્ય છ પરીક્ષામાં પસંદગી પામેલ ઉમેદવારોના દસ્તાવેજોની ખરાઇ સંબંધી કામગીરીની પ્રક્રિયા ચાલુ હોવાથી. |

------------

## પોલીસ ખાતાની તાલીમ સંસ્થાઓ

૫૯૧ **શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં પોલીસ ખાતાના અધિકારી, કર્મચારીઓ માટે કઈ તાલીમ સંસ્થાઓ આવેલી છે, અને | (૧) ૧. ગુજરાત પોલીસ એકેડમી, કરાઇ<br>૨. પોલીસ તાલીમ શાળા, વડોદરા<br>૩. પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જૂનાગઢ<br>૪. રાજ્ય અનામત પોલીસ તાલીમ કેન્દ્ર ચોકી (સોરઠ). |
| (૨) આ સંસ્થાઓમાં કઈ કક્ષાના કર્મચારી/ અધિકારીને ક્યા પ્રકારની તાલીમ આપવામાં આવે છે ? | (૨) ૧. પ્રોબેશનર મદદનીશ પોલીસ અધિક્ષક, પ્રોબેશનર નાયબ પોલીસ અધિક્ષક, પ્રોબેશનર પીએસઆઇને પાયાની તાલીમ, તેમજ<br>૨. મદદનીશ પોલીસ અધિક્ષક, નાયબ પોલીસ |

| | |
|---|---|
| | અધિક્ષક, પોલીસ સબ ઇન્સ્પેક્ટર અને કોન્સ્ટેબ્યુલરી પોલીસ કર્મચારીઓને રીફ્રેશર/ઇન્ડક્શન તાલીમ, તેમજ<br>૩. રાજ્ય અનામત પોલીસ દળના કોન્સ્ટેબલને પાયાની તાલીમ/રીફ્રેશર તાલીમ. |

------------

**"વંદે ગુજરાત" ચેનલનો ખર્ચ**

૬૦૬ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા વેબબેઈઝ ""વંદે ગુજરાત"" ચેનલ શરૂ કરવામાં આવી છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ આ ચેનલ કેટલા મહિના ચાલી અને તેનો માસિક ખર્ચ કેટલો થયો, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ ચેનલ ચલાવવા માટે કેબલ ઓપરેટરોને કોઈ ચાર્જ ચૂકવવામાં આવ્યો હતો કે કેમ, | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) જો હા, તો કેટલો ચાર્જ ચૂકવવામાં આવ્યો, અને | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૫) આ ચેનલ ચલાવવા માટે કોઈ પરવાનગી લેવામાં આવી હતી કે કેમ ? | (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**કપડવંજ તાલુકાના ગામોને ખેડા જિલ્લા ડી.એસ.પી.ના કાર્યક્ષેત્રમાં મુકવા અંગે**

૭૮૬ **શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કપડવંજ તાલુકાનાં પાંચ ગામોને ગાંધીનગર ડી.એસ.પી.ના કાર્યક્ષેત્રમાં શાથી મુકવામાં આવ્યા છે અને | (૧) સંબંધિત વિસ્તારના સંજોગો મુજબ જરૂરિયાત હોવાથી. |
| (૨) પુનઃપરત ખેડા જિલ્લા ડી.એસ.પી.ના કાર્યક્ષેત્રમાં ક્યારે મુકવામાં આવશે ? | (૨) હાલ આવી વિચારણા નથી. |

------------

**કચ્છ જિલ્લામાં નર્મદા યોજનાનું બાકી કામ**

૭૭૬ **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ નર્મદા યોજનાની નહેરોનું કામ કચ્છ જિલ્લામાં ક્યા તબક્કે છે, | (૧) કચ્છ જિલ્લામાં કચ્છ શાખા નહેરનું કામ આશરે ૨૧ કિ.મી. લંબાઇમાં પ્રગતિમાં છે. માટીકામ ૧૯ કિ.મી. લંબાઇમાં પૂર્ણ થયેલ છે. અસ્તરકામ પ્રગતિમાં છે. |
| (૨) મુખ્ય અને શાખા નહેરની કામગીરી માટે વર્ષ ૨૦૦૭-૦૮ માટે શાં શાં આયોજન કરવામાં આવ્યા, અને | (૨) વર્ષ ૨૦૦૭-૦૮ દરમિયાન કચ્છ જિલ્લામાં સંપૂર્ણ ૨૧ કિ.મી. લંબાઇમાં માટીકામ પૂર્ણ કરવાનું આયોજન છે અને લગભગ ૭ કિ.મી. લંબાઇમાં અસ્તરકામ પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) ૨૦૦૭-૦૮ના વર્ષમાં ક્યા ક્યા વિસ્તારોમાં નહેરો, શાખા નહેરોની કામગીરી પૂર્ણ કરવામાં આવશે? | (૩) કચ્છ જિલ્લામાં ઉપર જણાવ્યા મુજબ કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે. |

------------

**સાવરકુંડલા તાલુકાના પી.જી.વી.સી.એલ. સાથે જોડાયેલ ગામો**

૧૨૯૦ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાવરકુંડલા તાલુકાનાં ૧૧ ગામો પી.જી.વી.સી.એલ. ના વહીવટી માળખામાં મહુવા તાલુકા સાથે જોડાયેલા છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સાવરકુંડલા તાલુકાના આ ગામડા વહીવટી મુશ્કેલી નિવારવા સારૂ સાવરકુંડલા તાલુકામાં પી.જી.વી.સી.એલ.ની સાથે વહીવટી ક્ષેત્રે જોડવા માંગો છો કે કેમ ? | (૨) આ ગામોને સાવરકુંડલા પેટા વિભાગીય ક્ચેરી સાથે સાંકળવાથી તેમનું અંતર જેસર પેટા વિભાગીય ક્ચેરીની તુલનામાં વધુ થાય છે. આમ અંતર ઘટાડવાના હેતુથી આ ગામોને જેસર પેટા વિભાગીય ક્ચેરી સાથે સાંકળવામાં આવ્યાં છે. |

------------

**નવા બંદરોને રેલ્વે લાઈનથી જોડાણ**

૫૭૮ **શ્રી બાબુભાઈ જ. પટેલ(દસક્રોઈ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની બંદર નીતિ અંતર્ગત વિક્સાવવામાં આવનાર નવા બંદરોને રેલ્વે લાઈનથી જોડવાનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે માટે શા પ્રયો ક્રવામાં આવ્યા, અને | (૨) ૧. દહેજ અને હજીરા બંદરોને રેલ્વે લાઇનથી જોડવા (તજજ્ઞ) મે.રાઇટસ પાસેથી પ્રાથમિક શક્યતાવર્તી અહેવાલ તેયાર ક્રવામાં આવેલ છે. તેમજ દહેજ બંદરની યોજનાના અમલીક્રણ માટે સ્પેશીયલ પરપઝ વ્હીક્લ (એસપીવી) કંપનીની રચના ક્રવામાં આવેલ છે. જ્યારે હજીરાના અમલીક્રણ માટે એસ.પી.વી. કંપની રચવાનું આયોજન છે.<br>૨. બેડી અને પોરબંદરને રેલ્વે લાઇનથી જોડવા માટે ભારત સરકારમાં સઘન રજુઆતો ક્રવામાં આવેલ છે.<br>૩. અન્ય નવા બંદરો જેવા કે, સીમર, મરોલી, વાંસી-બોરસી, મીઠી-વીરડી, ખંભાત, સુત્રાપાડા, મહુવા અને પોશીત્રાને રેલ્વે લાઇનથી જોડવા (તજજ્ઞ) મે.રાઇટસ પાસેથી પ્રાથમિક શક્યતાવર્તી અહેવાલ તેયાર ક્રાવવાનો નિર્ણય ક્રેલ છે. |
| (૩) અને તેની હાલની પરિસ્થિતિ શું છે ? | (૩) દહેજ અને હજીરા બંદરોને રેલ્વે લાઇનથી જોડવા અંગેની યોજના માટે એસપીવી કંપનીના ઇક્વીટી પાર્ટનર નક્કી થયેલ છે. અન્ય નવા બંદરો જેવા કે, સીમર, મરોલી, વાંસી-બોરસી, મીઠી-વીરડી, ખંભાત, સુત્રાપાડા, મહુવા અને પોશીત્રાને રેલ્વે લાઇનથી જોડવા (તજજ્ઞ) મે.રાઇટસ પાસેથી પ્રાથમિક શક્યતાવર્તી અહેવાલ તેયાર ક્રાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. |

------------

**મુન્દ્રા, ભૂજ અને અંજાર તાલુકાના પથ્થરના લીઝ ધારકો**

૭૭૮ **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા ક્રશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ક્ચ્છ જિલ્લાના મુન્દ્રા, ભૂજ તથા અંજાર તાલુકામાં સન ૨૦૦૬-૦૭ના વર્ષમાં પથ્થરના લીઝ ધારકો કેટલા છે, | (૧) ૧૯૩ લીઝ ધારકો. |

(૨) આ લીઝ ધારકોને ફાળવેલ સર્વે નંબર સિવાયના વિસ્તારમાં પેશકદમી કર્યાની કેટલી ફરિયાદો મળી છે, અને — (૨) એકપણ નહીં.

(૩) આવા લીઝ ધારકો સામે સરકારે લીધેલા અથવા લેવા ધારેલા પગલાંની વિગતો શી છે ? — (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**રાજ્યના પોલીસ સ્ટેશનોનું કોમ્પ્યુટરાઈઝેશન**

૬૦૦ **શ્રીમતી જશોદાબેન ચ.પરમાર(જોટાણા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકારે રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોનું કોમ્પ્યુટરાઈઝેશન કરવાનું નક્કી કરેલ છે તે વાત ખરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧-૨૦૦૮ સુધીમાં કેટલા પોલીસ સ્ટેશનોનું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવેલ છે ? | (૨) તમામ પોલીસ સ્ટેશનોને કોમ્પ્યુટર પુરા પાડવામાં આવેલ છે. તથા કનેકટીવીટી પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. એપ્લીકેશન સોફટવેરની કામગીરી હાલ ચાલુ છે. |

------------

**પંચમહાલ જિલ્લામાં ગોવંશ હત્યાના ગુના**

૭૮૧ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૩-૦૪ થી તા. ૩૧-૩-૦૭ સુધીમાં ગોવંશ હત્યા માટે કેટલા ગુના દાખલ કરવામાં આવ્યા. | (૧) ૩૭ ગુના. |
| (૨) આ ગુનાઓમાં કેટલા તહોમતદારો પકડાયા અને કેટલા નાસતા ફરે છે, | (૨) ૧૨૪ તહોમતદારો પકડાયા તે પૈકી કોઈ ગુનેગાર નાસતો ફરતો નથી. |
| (૩) આ ગુનામાં કુલ કેટલા વાહનો પકડાયા અને કેટલા વાહનો પરત કરવામાં આવ્યા, અને | (૩) ૩૫ વાહનો પકડાયા અને તમામ વાહનોને પરત કરવામાં આવ્યા. |
| (૪) આ ગુનાઓમાં કેટલા તહોમતદારો પાસા હેઠળ અટકાયત કરવામાં આવી ? | (૪) ૪ તહોમતદારોની ""પાસા"" હેઠળ અટકાયત કરવામાં આવેલ. |

------------

**જંબુસર તાલુકાના સારોદ ગામની નર્મદા નહેરના કામ અંગે**

૬૪૧**શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ ભરુચ જિલ્લાના જંબુસર તાલુકાના સારોદ ગામના ખેડૂતોની આશરે ૩૦૦૦ એકર જમીન નર્મદા નહેરના વી.બી.સી. ૯૩ તકલાદી કામને કારણે છેલ્લા ચાર વર્ષથી પાણી ભરાઈ ગયેલ છે. તો તેના માટે સરકાર શાં પગલાં ભરવા માંગે છે ? | નર્મદા યોજનાની વડોદરા બ્રાંચ કેનાલ (વી.બી.સી.) ની ૯૩ કિ. મી. ની સાંકળ પર તકલાદી કામ થયેલ નથી. નહેરમાંથી ઝમણ થતું નથી. આમ ખેડૂતોની આશરે ૩૦૦૦ એકર જમીનમાં નહેરના કારણે પાણી ભરાતું હોવાની બાબત સત્ય નથી. |

------------

**વ્યારા તાલુકામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ વીજળી કરણ**

૨૨૭ **શ્રી પુનાભાઈ ઘે. ગામીત(વ્યારા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ વ્યારા તાલુકામાં જ્યોતિગ્રામ અન્વયે કેટલા ગામોનું વીજળીકરણ થયેલ છે, અને | (૧) અને (૨) : તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ જ્યોતિગ્રામ અન્વયે વ્યારા તાલુકાના તમામ ૧૪૮ ગામોનું વીજળીકરણ થયેલ છે. |
| (૨) બાકી રહેલા ગામોમાં કેટલા સમયમાં વીજળીકરણ કરવામાં આવશે ? | |

------------

**મુખ્ય મંત્રીશ્રીના હવાઈ પ્રવાસો**

૬૫૮ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

મુખ્ય મંત્રીશ્રીએ વર્ષ ૨૦૦૫-૨૦૦૬ અને ૨૦૦૬-૨૦૦૭માં બન્ને વર્ષમાં કેટલા હવાઈ પ્રવાસ કર્યા ?

**જવાબ**

૧૪૭.

------------

**લોક દરબાર યોજવા અંગે** ૫૫૦ **શ્રી દિલીપસિંહ વ. પરમાર(મોડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રજા, પોલીસ સહકાર અને વિશ્વાસ વધે તે માટે સમાયાંતરે સ્થાનિક કક્ષાએ ""લોક દરબાર"" યોજવા માટે રાજ્ય સરકારે સૂચનાઓ આપેલ હોવાની હકીક્ત ખરી છે,અને

(૨) જો હા, તો રાજ્યમાં જિલ્લા/શહેરવાર કેલેન્ડર વર્ષ ૨૦૦૬-૨૦૦૭માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હાજી.

| | | વર્ષ-૨૦૦૬ | વર્ષ-૨૦૦૭ |
|---|---|---|---|
| અ. નં. | શહેર/જીલ્લાનું નામ | યોજાયેલ લોકદરબારની સંખ્યા | યોજાયેલ લોકદરબારની સંખ્યા |
| ૧. | પો. કમિ. શ્રી, અમદાવાદ શહેર | ૨૧૩ | ૨૪૦ |
| ૨. | પો. કમિ. શ્રી, વડોદરા શહેર | ૨૦૫ | ૩૩૫ |
| ૩. | પો. કમિ. શ્રી, સુરત શહેર | ૭૫ | ૭૬ |
| ૪. | પો. કમિ. શ્રી, રાજકોટ શહેર | ૮૭ | ૭૦ |
| ૫. | પો. અધિ. શ્રી, અમદાવાદ રૂરલ | ૧૧૯ | ૧૮૦ |
| ૬. | પો. અધિ. શ્રી, ખેડા | ૧૫૦ | ૧૨૨ |
| ૭. | પો. અધિ. શ્રી, આણંદ | ૧૨૬ | ૧૩૧ |
| ૮. | પો. અધિ. શ્રી, ગાંધીનગર | ૧૨૨ | ૧૩૫ |
| ૯. | પો. અધિ. શ્રી, મહેસાણા | ૧૦૭ | ૭૦ |
| ૧૦. | પો. અધિ. શ્રી, સાબરકાંઠા | ૪૬૪ | ૩૭૫ |
| ૧૧. | પો. અધિ. શ્રી, વડોદરા રૂરલ | ૬૩ | ૧૧૭ |
| ૧૨. | પો. અધિ. શ્રી, પંચમહાલ | ૩૬૭ | ૪૮૩ |
| ૧૩. | પો. અધિ. શ્રી, દાહોદ | ૪૬ | ૫૪ |
| ૧૪. | પો. અધિ. શ્રી, ભરૂચ | ૧૨૦ | ૯૦૧ |
| ૧૫. | પો. અધિ. શ્રી, નર્મદા | ૧૨૯ | ૧૧૧ |
| ૧૬. | પો. અધિ. શ્રી, સુરત રૂરલ | ૧૯૫ | ૧૩૫ |
| ૧૭. | પો. અધિ. શ્રી, વલસાડ | ૧૨૦ | ૯૨ |
| ૧૮. | પો. અધિ. શ્રી, નવસારી | ૭૬ | ૫૮ |
| ૧૯. | પો. અધિ. શ્રી, ડાંગ-આહવા | ૧૭ | ૪૦ |
| ૨૦. | પો. અધિ. શ્રી, તાપી | ૦ | ૦ |
| ૨૧. | પો. અધિ. શ્રી, રાજકોટ ગ્રામ્ય | ૨૦૩ | ૨૦૩ |
| ૨૨. | પો. અધિ. શ્રી, જામનગર | ૧૮ | ૧૭૧ |
| ૨૩. | પો. અધિ. શ્રી, સુરેન્દ્રનગર | ૬૬ | ૧૩૮ |
| ૨૪. | પો. અધિ. શ્રી, જુનાગઢ | ૭૨ | ૧૩૬ |
| ૨૫. | પો. અધિ. શ્રી, પોરબંદર | ૧૦૧ | ૭૦ |
| ૨૬. | પો. અધિ. શ્રી, ભાવનગર | ૧૭૬ | ૧૪૩ |
| ૨૭. | પો. અધિ. શ્રી, અમરેલી | ૧૩૨ | ૨૨૬ |
| ૨૮. | પો. અધિ. શ્રી, કચ્છ-ભૂજ | ૧૫૫ | ૨૨૧ |
| ૨૯. | પો. અધિ. શ્રી, બનાસકાંઠા | ૧૧૦ | ૧૫૩ |
| ૩૦. | પો. અધિ. શ્રી, પાટણ | ૧૪૯ | ૧૪૧ |

------------

## નર્મદા યોજનાની ભરૂચ જિલ્લાની કેનાલોની કામગીરી

૨૪ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજનાની ડીસ્ટ્રીબ્યુટરી, માઈનોર, સબમાઈનોર કેનાલના કામો ડિસેમ્બર-૨૦૦૭ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં તાલુકાવાર ક્યા તબક્કે છે, અને

**જવાબ**

(૧) ડિસેમ્બર-૨૦૦૭ સ્થિતિએ ડીસ્ટ્રીબ્યુટરી, માઇનોર, સબમાઇનોર કેનાલના ભરૂચ જિલ્લામાં તાલુકાવાર નીચેની સ્થિતિએ છે.

| તાલુકો | ડીસ્ટ્રીબ્યુટરી અને માઇનોરના કામો | સબમાઇનોરના કામો |
|---|---|---|

| | કુલ કામ | પૂર્ણ થયેલ કામ | કામ પ્રગતિમાં | બાકી કામ | કુલ કામ | પૂર્ણ થયેલ કામ | કામ પ્રગતિમાં | બાકી કામ |
|---|---|---|---|---|---|---|---|---|
| ભરૂચ | ૨૯ | ૧૭ | ૯ | ૩ | ૩૭ | ૧ | ૨૯ | ૭ |
| વાગરા | ૧૬ | ૪ | ૯ | ૩ | ૪૦ | ૧ | ૭ | ૩૨ |
| આમોદ | ૧૯ | ૧૨ | ૭ | ૦ | ૩૬ | ૧૦ | ૧૬ | ૧૦ |
| જંબુસર | ૨૪ | ૧૮ | ૪ | ૨ | ૫૮ | ૧૨ | ૩૮ | ૮ |
| કુલ | ૮૮ | ૫૧ | ૨૯ | ૮ | ૧૭૧ | ૨૪ | ૯૦ | ૫૭ |

(૨) આ કામો કેટલા સમયમાં પૂર્ણ કરી સિંચાઈનો લાભ આપવામાં આવનાર છે ?

(૨) પૂર્ણ થયેલ નહેરોમાંથી ભરૂચ જિલ્લાના ચારેય તાલુકામાં સિંચાઈનો લાભ મળતો થઈ ગયેલ છે. બાકી રહેલા કામો તબક્કાવાર માર્ચ-૨૦૦૯ સુધીમાં પૂર્ણ કરી સિંચાઈનો લાભ આપવાનું આયોજન છે.

------------

**અન્ય રાજ્યોને ફોરેન્સીક સહાયતા પુરી પાડવા અંગે**

૫૮૯ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના ડાયરેક્ટર ઓફ ફોરેન્સીક સાયન્સ ધ્વારા અન્ય રાજ્યોને ફોરેન્સીક સહાયતા પૂરી પાડવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો વર્ષ ૨૦૦૭માં ક્યા ક્યા રાજ્યોને તથા કેન્દ્રીય તપાસ એજન્સીઓને કેટલા કેસોમાં આવી સહાયતા પૂરી પાડવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આવી સહાયતા પુરી પાડેલ રાજ્યો તથા કેન્દ્રીય તપાસ એજન્સીઓ.

| અ. નં. | વિગત | આવેલ કેસો |
|---|---|---|
| ૧ | ઉત્તરપ્રદેશ | ૧૫ |
| ૨ | રાજસ્થાન | ૧૨ |
| ૩ | CBI દિલ્હી/ગાંધીનગર | ૦૫ |
| ૪ | દિલ્હી | ૪૮ |
| ૫ | ગોવા | ૦૬ |
| ૬ | મધ્યપ્રદેશ | ૧૯ |
| ૭ | વેસ્ટર્ન રેલ્વે મુંબઈ | ૦૫ |
| ૮ | બિહાર | ૧૦ |
| ૯ | મહારાષ્ટ્ર | ૦૩ |
| ૧૦ | નાગાલેન્ડ | ૦૧ |
| ૧૧ | હરિયાણા | ૧૧ |
| ૧૨ | ઝારખંડ | ૦૪ |
| ૧૩ | જમ્મુ-કાશ્મીર | ૦૪ |
| ૧૪ | દાદરાનગર હવેલી | ૦૭ |

| | | |
|---|---|---|
| ૨૨ | ડાયરેક્ટર ઓફ રેવન્યુ ઈન્ટેલીજન્સ | ૦૫ |
| | **કુલ :** | **૨૭૨ કેસો** |

------------

**જિલ્લા કક્ષાએ સંકલન સમિતિની શરૂઆત**

૭૬૬ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં જિલ્લા સંકલન સમિતિમાં ""પંચાયત વિભાગ""ના પ્રશ્નો ન ચર્ચવા બાબતની સુચના-પરિપત્રો થયેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ક્યારે અને ક્યા કારણોસર કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, પંચાયતી તંત્રની આંતરિક વહીવટી બાબતો અંગેના પ્રશ્નો જિલ્લા સંકલન સમિતિમાં ન લેવાની સૂચના છે.

(૨) (૧) સરકારશ્રીના તા. ૨૩-૧૨-૧૯૮૨ના પરિપત્રથી આવી સૂચના આપવામાં આવેલ છે. જે હાલ અમલમાં છે.

(૨) વિધાનસભાના સભ્યશ્રીઓ ગજરાત પંચાયત અધિનિયમની જોગવાઈની રૂએ જિલ્લા પંચાયતના એસોસીએટેડ/સહ સભ્યો હોઈ તેઓ પંચાયતની સામાન્ય સભામાં પ્રશ્નોત્તરી માટે ફાળવેલ સમય દરમ્યાન પંચાયતી તંત્રની કામગીરી અંગે પ્રશ્નો રજૂ કરી શક્તા હોવાને કારણે

------------

**ખાનગી ધોરણે બંદરોનો વિકાસ**

૫૫૩ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન ખાનગીક્ષેત્રે કેટલા નવા બંદરો/ટર્મિનલો/કેપ્ટીવ જેટીઓ/ખાનગી જેટીઓ વિકસાવવામાં આવી,

(૨) વિકસાવવામાં આવેલ બંદરનું નામ અને તેની વિગતો શી છે,

(૩) જે તે વર્ષમાં કેટલું ખાનગી મૂડીરોકાણ થયું, અને

**જવાબ**

(૧) ખાનગી બંદર : ૧ (એક)
ટર્મીનલ : ૨ (બે)
કેપ્ટીવ જેટીઓ : ૨ (બે) (વિસ્તૃતીકરણ)
ખાનગી જેટીઓ : ૩ (ત્રણ)

(૨) હજીરા બંદર

મે. શેલ ગેસ બી. વી. નેધરલેન્ડ કંપની દ્વારા બંદરના વિકાસ માટે મે. હજીરા પોર્ટ પ્રા. લી. કંપનીની રચના કરી પ્રથમ તબક્કામાં ""એલએનજી"" ટર્મીનલ અને બંદરીય સુવિધાઓના કામો પૂર્ણ કરી એપ્રિલ-૦૫થી બંદર કાર્યાન્વિત થયેલ છે.

(૩) છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબ ખાનગી મૂડીરોકાણ થયું છે.

રૂા. કરોડમાં

| વિગત | ૨૦૦૪-૦૫ | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ |
|---|---|---|---|
| ખાનગી બંદરો | ૧,૫૭૬ | ૧,૦૨૫ | ૧,૪૮૩ |
| કેપ્ટીયવ જેટીઓ | ૦ | ૯૬ | ૬૮ |
| ખાનગી જેટીઓ | ૨૦ | ૨૨ | ૨૮ |
| કુલ | ૧,૫૯૬ | ૧,૧૪૩ | ૧,૫૭૯ |

,,,

(૪) ખાનગી બંદરોથી વાર્ષિક ટ્રાફિકમાં કેટલો વધારો થયેલ છે ?

(૪) છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન નીચે મુજબ ટ્રાફીકમાં વધારો થયેલ છે.

ટ્રાફીક લાખ ટનમાં

| વર્ષ | ખાનગી બંદરો પરથી હેરફેર થયેલ ટ્રાફીક | આગળના વર્ષની સરખામણીએ થયેલ વધારો |
|---|---|---|
| ૨૦૦૪-૦૫ | ૧૧૬.૧૮ | ૩૯.૧૯ (૫૧%) |
| ૨૦૦૫-૦૬ | ૨૦૧.૫૧ | ૮૫.૩૩ (૭૩%) |
| ૨૦૦૬-૦૭ | ૩૧૫.૫૮ | ૧૧૪.૦૭ (૫૭%) |

------------

**સરદાર સરોવર ડેમની મુલાકાત લેનાર પ્રવાસીઓ**

૫૫૨ **શ્રી પ્રફૂલભાઈ ખો.પટેલ (હિંમતનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

કેવડીયાને પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવાનો રાજ્ય સરકારે જે નિર્ણય કર્યો છે તેમાં વર્ષ-૨૦૦૭માં કુલ કેટલા પ્રવાસીઓએ સરદાર સરોવર ડેમની મુલાકાત લીધી ?

**જવાબ**

વર્ષ ૨૦૦૭માં કુલ ૪,૮૭,૪૩૯ પ્રવાસીઓએ સરદાર સરોવર ડેમની મુલાકાત લીધેલ છે.

------------

**હથીયારના પરવાના મેળવવાની અરજીઓ**

૬૪૫ **શ્રી આત્મારામ મ.પરમાર (ગઢડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૦૭ના વર્ષમાં રાજ્યમાં હથિયાર પરવાના મેળવવા કુલ કેટલી અરજીઓ આવી,

(૨) આ વર્ષ દરમ્યાન કેટલા હથિયાર પરવાના મંજૂર થયેલ છે ?

**જવાબ**

(૧) ૩૬૨૨.

(૨) ૧૦૨૬.

------------

**દાહોદ જિલ્લાના ખેડૂતોને મળતી વીજળી**

૧૦ **શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લાના ખેડૂતોને તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ સરેરાશ કેટલા કલાક વીજળી આપવામાં આવે છે, અને

(૨) હાલ મળતા આ વીજ કલાકો વધારવા સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લાના ખેડૂતોને તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ માહે ડિસેમ્બર-૨૦૦૭ દરમ્યાન સરેરાશ ૧૦ થી ૧૨ કલાક વીજળી આપવામાં આવેલ છે.

(૨) પાકની જરૂરિયાત તથા વીજ પૂરવઠા ની ઉપલબ્ધિ ધ્યાને લઈ વીજ પુરવઠો પુરો પાડવાનું આયોજન કરેલ છે.

------------

**સરકારી પ્રેસોમાં સંવર્ગવાર મહેકમ બાબતે**

૩૬૩ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય છાપકામ અને લેખન સામગ્રી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર, અમદાવાદ, વડોદરા અને રાજકોટ ખાતેના સરકારી પ્રેસોમાં તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ દરેક સંવર્ગની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

**જવાબ**

(૧) ગાંધીનગર અમદાવાદ, વડોદરા અને રાજકોટ ખાતેના સરકારી પ્રેસોમાં તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ દરેક સંવર્ગની કુલ ૪૯૯ જગ્યાઓ ખાલી છે. (પત્રક સામેલ છે) કુલ ૪૯૯ જગ્યાઓ પૈકી વર્ગ ૪ની ૭૫ જગ્યાઓ છે જે હવે સામાન્ય વહીવટ વિભાગની સુચના મુજબ આઉટ સોર્સથી ભરવાની થાય છે. તેમજ ૨૯૭

જ્યાઓ ફાજલ કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ છે. આમ (૪૯૯-૭૫-૨૯૭)= ૧૨૭ જ્યાઓ ખાલી રહેશે. જે પૈકી વર્ગ ૨ની ૧૧ જ્યાઓ સીધી ભરતીથી ભરવા ગુજરાત જાહેર સેવા આયોગને માંગણીપત્રક મોકલી આપેલ છે. અને વર્ગ-૩ની ૪૧ જ્યા સીધી ભરતીથી ભરવા ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને માંગણી પત્રક મોકલી આપવામાં આવેલ છે તેમજ વર્ગ-૩ની ૪૨ જ્યાઓ બઢતીથી ભરવા મંજૂરી મળેલ છે જે ભરવા અંગેની કાર્યવાહી ચાલુ છે. આથી હવે (૧૨૭-૪૧-૪૨-૧૧)= ૩૩ જ્યાઓ ખાલી રહેશે.

**પ ત્ર ક**

**ગાંધીનગર, અમદાવાદ, વડોદરા અને રાજકોટ ખાતેનાં સરકારી પ્રેસોમાં તા.૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ ખાલી જ્યાઓનું પત્રક**

| અ.નં. | સંવર્ગનું નામ | ખાલી જ્યાની સંખ્યા | | | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | ગાંધીનગર | અમદાવાદ | વડોદરા | રાજકોટ | |
| | વર્ગ-૨ | | | | | |
| ૧ | મદદનીશ વ્યવસ્થાપક | ૧ | ૨ | ૨ | ૧ | ૦૬ |
| ૨ | તાલીમ અધિકારી | ૧ | - | ૧ | ૧ | ૦૩ |
| ૩ | કલ્યાણ અધિકારી | ૧ | - | ૧ | ૧ | ૦૩ |
| ૪ | જુનીયર મદદનીશ વ્યવસ્થાપક | ૨ | - | - | ૧ | ૦૩ |
| ૫ | વહીવટી અધિકારી | - | ૧ | - | - | ૦૧ |
| | **કુલ :** | **૫** | **૩** | **૪** | **૪** | **૧૬** |
| | **વર્ગ-૩** | | | | | |
| ૬ | સ્ટાન્ડર્ડ ઓવરશીયર | - | - | ૧ | ૧ | ૦૨ |
| ૭ | હેડ એકઝામીનર | - | - | ૧ | ૧ | ૦૨ |
| ૮ | કંપોઝ ઓવરશીયર | ૨ | - | ૨ | ૨ | ૦૬ |
| ૯ | મશીન ઓવરશીયર | ૨ | - | ૧ | ૨ | ૦૫ |
| ૧૦ | બાઇન્ડીંગ ઓવરશીયર | ૨ | ૧ | ૧ | ૨ | ૦૬ |
| ૧૧ | કંપોઝ ફોરમેન | ૨ | - | - | ૨ | ૦૪ |
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** | **૭** |
| ૧૨ | સીનીયર એકઝામીનર | ૨ | - | - | ૧ | ૦૩ |
| ૧૩ | બાઇન્ડીંગ ફોરમેન | ૩ | ૧ | ૨ | ૨ | ૦૮ |
| ૧૪ | પ્રીન્ટીંગ ફોરમેન | ૧ | - | ૧ | ૨ | ૦૪ |
| ૧૫ | લાઇનો ઓપરેટર | ૧ | - | ૧ | - | ૦૨ |
| ૧૬ | મોનો ઓપરેટર | ૧ | - | - | - | ૦૧ |
| ૧૭ | હેડ મીકેનીક | ૧ | - | ૨ | ૧ | ૦૪ |
| ૧૮ | ટુ કલર ઓફસેટ મશીનમેન | ૨ | ૨ | ૩ | ૧ | ૦૮ |
| ૧૯ | પ્રુફરીડર | ૧૭ | - | ૫ | ૬ | ૨૮ |
| ૨૦ | મદદનીશ બાઇન્ડીંગ ફોરમેન | ૩ | ૧ | ૧ | ૧ | ૦૬ |
| ૨૧ | મદદનીશ કંપોઝ ફોરમેન | ૨ | - | ૨ | ૨ | ૦૬ |
| ૨૨ | મદદનીશ પ્રીન્ટીંગ ફોરમેન | ૧ | - | ૧ | ૧ | ૦૩ |
| ૨૩ | સીનીયર આસીસ્ટન્ટ | - | - | ૧ | - | ૦૧ |
| ૨૪ | ડ્રાફટસમેન | - | ૨ | - | - | ૦૨ |
| ૨૫ | ટ્રેસર | - | ૨ | - | - | ૦૨ |
| ૨૬ | પ્લેટ ટચર | - | ૨ | - | - | ૦૨ |
| ૨૭ | બેન્ચ ડ્રીલર | - | ૧ | - | - | ૦૧ |
| ૨૮ | ઇલેકટ્રીશીયન (હેડ વાયરમેન) | - | - | ૧ | ૧ | ૦૨ |
| ૨૯ | મશીન ફીટર | - | - | ૨ | - | ૦૨ |
| ૩૦ | બાઇન્ડર | ૯ | - | ૮ | ૭ | ૨૪ |
| ૩૧ | ઓફસેટ મશીનમેન | - | ૪ | - | - | ૦૪ |
| ૩૨ | મશીનમેન | ૭ | - | ૨ | ૧૩ | ૨૨ |
| ૩૩ | કંપોઝીટર | ૫ | - | ૫ | ૪ | ૧૪ |
| ૩૪ | જુનીયર આસીસ્ટન્ટ | ૭ | ૧ | ૫ | - | ૧૩ |
| ૩૫ | વાયરમેન | ૨ | - | ૨ | - | ૦૪ |
| ૩૬ | મદદનીશ બાઇન્ડર | ૪ | ૨૧ | ૯ | ૧૫ | ૪૯ |
| ૩૭ | મદદનીશ મશીનમેન | ૧૦ | ૧૧ | ૩૦ | ૧૧ | ૬૨ |
| ૩૮ | પ્રોસેસ આસીસ્ટન્ટ | - | ૩ | - | ૨ | ૦૫ |
| ૩૯ | રોટરી ઓપરેટર | - | ૧ | - | ૧ | ૦૨ |
| ૪૦ | મદદનીશ કંપોઝીટર | ૨ | - | ૧ | - | ૦૩ |
| ૪૧ | કોપી હોલ્ડર | ૬ | - | ૭ | ૮ | ૨૧ |
| ૪૨ | મીકેનીક | ૨ | ૨ | ૧ | ૧ | ૦૬ |
| ૪૩ | ટાઇમકીપર | ૧ | ૨ | ૧ | ૧ | ૦૫ |
| ૪૪ | કમ્પાઉન્ડર | - | - | ૧ | - | ૦૧ |
| ૪૫ | વેરહાઉસ મુકાદમ | ૧ | ૧ | ૧ | - | ૦૩ |
| ૪૬ | ઇસ્યુ-ચેકર-કમ-લેજર કલાર્ક | - | - | ૩ | - | ૦૩ |
| ૪૭ | જુનીયર પ્રોસેસ આસીસ્ટન્ટ | - | ૩ | ૧ | - | ૦૪ |
| ૪૮ | અધિક્ષક | ૨ | - | ૧ | - | ૦૩ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૪૯ | મુખ્ય કારકુન | ૪ | ૨ | ૧ | ૩ | ૧૦ |
| ૫૦ | સીનીયર ક્લાર્ક | ૬ | - | ૪ | ૩ | ૧૩ |
| ૫૧ | જુનીયર ક્લાર્ક | ૩ | ૫ | ૫ | ૫ | ૧૮ |
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** | **૭** |
| ૫૨ | ગુજરાતી ટાઇપીસ્ટ | ૧ | ૧ | - | ૧ | ૦૩ |
| ૫૩ | અંગ્રેજી ટાઇપીસ્ટ | ૪ | ૧ | - | - | ૦૫ |
| ૫૪ | ટાઇપીસ્ટ-કમ-ક્લાર્ક | ૧ | - | - | - | ૦૧ |
| | **કુલ :** | ૧૧૯ | ૭૦ | ૧૧૬ | ૧૦૩ | ૪૦૮ |
| | **વર્ગ-૪** | | | | | |
| ૫૫ | પેકર | ૧ | ૧ | ૮ | ૨ | ૧૨ |
| ૫૬ | કાઉન્ટર | ૧ | ૧ | ૨ | - | ૦૪ |
| ૫૭ | મશીન કાઉન્ટર | - | - | ૨ | - | ૦૨ |
| ૫૮ | જમાદાર (વોચમેન) | ૧ | - | ૧ | ૧ | ૦૩ |
| ૫૯ | વોચમેન | ૫ | ૧ | ૫ | ૨ | ૧૩ |
| ૬૦ | મઝદુર | ૩ | - | ૫ | ૨ | ૧૦ |
| ૬૧ | રોટરી મઝદુર | - | - | ૨ | - | ૦૨ |
| ૬૨ | સ્વીપર-કમ-મુકાદમ | ૧ | - | - | - | ૦૧ |
| ૬૩ | સ્વીપર | ૪ | ૨ | ૨ | ૨ | ૧૦ |
| ૬૪ | પાણીવાળા | - | - | ૧ | - | ૦૧ |
| ૬૫ | નાયક | ૧ | ૧ | ૧ | - | ૦૩ |
| ૬૬ | ક્લીનર | ૧ | - | - | ૧ | ૦૨ |
| ૬૭ | પટાવાળા | ૫ | ૨ | - | ૫- | ૧૨ |
| | **કુલ :** | **૨૩** | **૮** | **૨૯** | **૧૫** | **૭૫** |

**સમરી :**

| અ.નં. | સંવર્ગ | ખાલી જ્યાની સંખ્યા | | | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | ગાંધીનગર | અમદાવાદ | વડોદરા | રાજકોટ | |
| ૧ | વર્ગ-૧ | - | - | - | - | - |
| ૨ | વર્ગ-૨ | ૦૫ | ૦૩ | ૦૪ | ૦૪ | ૧૬ |
| ૩ | વર્ગ-૩ | ૧૧૯ | ૭૦ | ૧૧૬ | ૧૦૩ | ૪૦૮ |
| ૪ | વર્ગ-૪ | ૨૩ | ૦૮ | ૨૯ | ૧૫ | ૭૫ |
| | કુલ : | ૧૪૭ | ૮૧ | ૧૪૯ | ૧૨૨ | ૪૯૯ |

(૨) આ ખાલી જ્યાઓ સરકાર ક્યાં સુધીમાં ભરવા માંગે છે ?

(૨) ખરેખર જરૂરિયાતને લક્ષમાં રાખીને ભરવામાં આવશે.

------------

**વિદ્યાર્થીઓએ સાયન્સ સીટીનો લીધેલ લાભ**

૫૬૯ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાયન્સ સીટીના કાર્યક્રમો કેવી રીતે શાળાના બાળકોને ઉપયોગી છે, તેમાં રાજ્યની કેટલી સ્કુલોના કેટલા બાળકોએ સન ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮માં તા. ૩૧-૧-૦૮ સુધીમાં લાભ લીધેલ છે,

**જવાબ**

(૧) (અ) સાયન્સ સીટીમાં વિદ્યાર્થીઓને ઉપયોગી વિવિધ કાર્યક્રમો જેવા કે

- વિદ્યાથીઓમાં વેજ્ઞાનિક અભિગમ વિકસાવવો
- વેજ્ઞાનિક અભિગમ ધરાવતા વિદ્યાર્થીઓને વધુ કેળવણી આપવી અને પ્રોત્સાહિત કરવા
- નવી અને પ્રયોગાત્મક પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરવી
- વિશ્વ આરોગ્ય દિવસ પૃથ્વી દિવસ જેવા વેજ્ઞાનિકો દિવસોની ઉજવણી કરવી.
- વિજ્ઞાન વિષયોને અનુરૂપ પ્રવૃત્તિઓનું આયોજન કરવું
- સાયન્સ અને મેથ્સને લગતા વિવિધ શેક્ષણિક કાર્યક્રમોનું આયોજન કરવું જેવા કાર્યક્રમો કરવામાં આવે છે.

(બ) સને ૨૦૦૬-૦૭ દરમિનયાન રાજ્યની ૨૮૧૮ શાળાના ૧,૬૯,૬૭૬ અને ૨૦૦૭-૦૮માં ૩૧-૧-૨૦૦૮ સુધીમાં ૧૧૦૮ શાળાના ૧,૦૨,૧૩૭ વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમોનો લાભ લીધેલ છે.

(૨) શાળાના બાળકો માટે સાયન્સ સીટીમાં

(૨) સાયન્સ સીટીમાં શાળાના બાળકો માટે કન્સેશન

| | |
|---|---|
| ક્ન્સેશન આપવામાં આવતું હોય તો તેની વિગતો શી છે, | રૂપે નીચે મુજબના ક્ન્સેશનના લાભ આપવામાં આવે છે.<br>- ૫ રૂપિયાની જગ્યાએ માત્ર ૧ રૂપિયો ટોક્ન પ્રવેશ ફી<br>- આઈમેક્સ થ્રીડી થીયેટરમાં ૧૦૦ રૂપિયાની જગ્યાએ ૯૦ રૂપિયા, વધુમાં જો કોઈ શાળાના બાળકો બે મુવી જોવા માંગતા હોય તો ૧૮૦ રૂપિયાની જગ્યાએ ૧૫૦ રૂપિયા<br>- સીમ્યુલેટર રાઈડની ૨૫ રૂપિયાની ટીકીટમાં ૨૫ કે તેથી વધુ વિદ્યાર્થીઓ હોય તો ૧૦ ટકા કે તેથી વધુ સંખ્યામાં ૧૫ ટકા ૨૦૦ કે તેથી વધુ સંખ્યામાં ૨૦ ટકા અને ૩૦૦ કે તેથી વધુ સંખ્યામાં ૨૫ ટકા ક્ન્સેશન આપવામાં આવે છે. |
| (૩) સાયન્સ સીટીમાં કોઈ નવા પેવેલીયન ખુલ્લા મુક્વાનું આયોજન છે કે કેમ, અને | (૩) હા, જી. અને |
| (૪) જો હા, તો તેની વિગતો શી છે ? | (૪) સાયન્સ સીટી દ્વારા ખૂબ જ ટુંક સમયમાં હોલ ઓફ સ્પેસ નામનું નવું પેવેલીયન ખુલ્લું મુક્વાની બાબત સરકારશ્રીની વિચારણા નીચે છે. આ પેવેલીયન મુલાકાતીઓને સ્પેસ અને કોમ્યુનિકેશનના ક્ષેત્રમાં થયેલ નવા સંશોધનોની વર્કીંગ મોડેલ દ્વારા ખૂબજ સુંદર રીતે સમજ પુરી પાડશે. |

------------

**કરાઈ ખાતે અપાતી તાલીમ**

૫૫૮ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લાના કરાઈ ખાતે પોલીસ અધિકારીઓને અદ્યતન તાલીમ આપવા માટે પોલીસ તાલીમ અકાદમીની સ્થાપના કરવામાં આવી હોવાની હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ અકાદમીની સ્થાપના પાછળ અત્યાર સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂા. ૯,૭૮,૮૯,૦૦૦/- |

------------

**વડોદરા જિલ્લાનાં ખેતી વિષયક વીજ જોડાણો અંગે**

૧૮૮ **શ્રી મોહસિંહ છો.રાઠવા(જેતપુરપાવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ વડોદરા જિલ્લાના પાવી જેતપુર, છોટા ઉદેપુર, ક્વાંટ, નસવાડી અને સંખેડા તાલુકાના ખેડૂતોની ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા માટેની અરજીઓ મધ્ય ગુજરાત વીજ કંપની પાસે પડતર છે, અને | (૧) હા જી. |
| (૨) વીજ ક્નેકશન માંગણીવાળા ખેડૂતોને કેટલા સમયમાં વીજ ક્નેકશન આપવાનું રાજ્ય સરકારે આયોજન કરેલ છે ? | (૨) ઉપલબ્ધ વીજ પુરવઠો અને માળખાગત સુવિધાઓ લક્ષ્યમાં રાખી માંગણીવાળા ખેડૂતોને વીજ ક્નેકશન આપવાનું સરકારનું આયોજન છે. |

------------

**સાયન્સ સીટીનો લોકોએ લીધેલ લાભ**

૫૮૫ **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગીકી) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિજ્ઞાનને લોકપ્રિય બનાવવા માટે સાયન્સ સીટી ધ્વારા ૨૦૦૭-૦૮માં કઈ કઈ પ્રવૃત્તિઓ કરવામાં | (૧) વિજ્ઞાનને લોકપ્રિય બનાવવા સાયન્સ સીટી દ્વારા સને ૨૦૦૭-૦૮ માં વિવિધ કાર્યક્રમો જેવા કે, |

આવી રહી છે, અને

સને ૨૦૦૭-૦૮ માં વિવિધ કાર્યક્રમો જેવા કે,

- વૈજ્ઞાનિક દિવસોની ઉજવણી કરવી.
- પોપ્યુલર સાયન્સ લેક્ચર્સ સીરીઝ હેઠળ દેશના ૯ ખ્યાતનામ વૈજ્ઞાનિકો દ્વારા દર મહિને """પોપ્યુલર સાયન્સ લેક્ચર""નું આયોજન કરવું.
- વેકેશનના સમયગાળા દરમિયાન સાયન્ટીફીક ટોય મેકીંગ, પપેટ્રી, ઓરીગામી રોકેટ્રી તથા બીજા વિવિધ અનેક ઈન્ટરેક્ટીવ સેશનોનું આયોજન.
- પોપ્યુલર સાયન્સ રાઈટીંગ વર્કશોપ્સ, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઓલમ્પિયાડ માટે શાળાના વિદ્યાર્થીઓને ઓરીએન્ટ કરવા ઓરીએન્ટેશન પ્રોગ્રામનું આયોજન.
- સાયન્સ એક્ષ્પો-૨૦૦૮ અંતર્ગત વિવિધ વૈજ્ઞાનિક સંસ્થાઓના સ્ટોલ્સ તથા અપૂર્વ વિજ્ઞાન મેળા અંતર્ગત વિવિધ પ્રયોગાત્મક પ્રવૃત્તિઓનું આયોજન
- સાયન્સ અને મેથ્સને લગતા વિવિધ શૈક્ષણિક કાર્યક્રમોના આયોજન કરવા જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે, અને

(૨) ચાલુ નાણાકીય વર્ષે જાન્યુ.-૨૦૦૮ સુધીમાં કેટલા લોકોએ તેનો લાભ લીધેલ છે ?

(૨) ચાલુ નાણાકીય વર્ષમાં ૩૧, જાન્યુઆરી ૨૦૦૮ સુધીમાં ૪,૨૩,૬૩૩ લોકોએ લાભ લીધેલ છે.

------------

## અમદાવાદ શહેર અને જિલ્લામાં પોટા હેઠળ થયેલ કેસો

૬૦૩ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અમદાવાદ શહેર અને જિલ્લામાં ડિસેમ્બર-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોટાના કાયદા હેઠળ કેટલા લોકોની સામે કેસો કરવામાં આવ્યા છે,

(૧) એકપણ નહિ.

(૨) કેટલા લોકોની ધરપકડ કરવામાં આવેલ છે,

(૨) અગાઉના કેસોમાં ૪ (ચાર) ની ધરપકડ કરવામાં આવેલ છે.

(૩) આ ધરપકડ કરાયેલમાંથી પોટાના બોર્ડ તરફથી કેટલાની ધરપકડોને માન્ય રાખવામાં આવેલ છે,

(૩) બોર્ડ દ્વારા સમીક્ષા કરવામાં આવેલ નથી.

(૪) કેટલાને બોર્ડ મુક્ત કરવાની ભલામણ કરી છે, અને

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ કેટલા લોકો આ કાયદા હેઠળ જેલમાં છે ?

(૫) અમદાવાદ શહેર અને જિલ્લાના ૮૬ આરોપીઓ આ કાયદા હેઠળ જેલમાં છે.

------------

## બાજપાઈ સ્વરોજગાર યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લામાંથી મળેલ અરજીઓ

૩૫૮ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) બાજપાઈ સ્વરોજગાર યોજના અન્વયે સાબરકાંઠા જિલ્લામાંથી તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં શિક્ષિત બેરોજગારોને લોન સહાય માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૧) તાલુકાવાર નીચે મુજબ અરજીઓ મળી

| અ. નં. | તાલુકાનું | જીલ્લા ઉદ્યોગ કેન્દ્રને |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૯૯૩ |
| ૨ | મોડાસા | ૬૧૬ |
| ૩ | ઈડર | ૧૦૯૯ |
| ૪ | વડાલી | ૩૪૯ |

| | | |
|---|---|---|
| ૪ | વડાલી | ૩૪૯ |
| ૫ | ખેડબ્રહ્મા | ૨૯૩ |
| ૬ | વિજયનગર | ૨૯૫ |
| ૭ | ભિલોડા | ૭૦૫ |
| ૮ | મેઘરજ | ૪૮૩ |
| ૯ | માલપુર | ૩૮૧ |
| ૧૦ | ધનસુરા | ૩૧૧ |
| ૧૧ | બાયડ | ૪૪૧ |
| ૧૨ | તલોદ | ૩૮૬ |
| ૧૩ | પ્રાંતિજ | ૪૪૬ |
| | કુલ | ૬૭૯૮ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

તાલુકાવાર નીચે મુજબ અરજીઓ મંજુર કરી

| અ. નં. | તાલુકાનું નામ | બેંક દ્વારા મંજુર કરેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૫૨૪ |
| ૨ | મોડાસા | ૨૫૬ |
| ૩ | ઈડર | ૪૯૦ |
| ૪ | વડાલી | ૧૪૪ |
| ૫ | ખેડબ્રહ્મા | ૧૩૭ |
| ૬ | વિજયનગર | ૧૩૦ |
| ૭ | ભિલોડા | ૩૨૭ |
| ૮ | મેઘરજ | ૧૯૧ |
| ૯ | માલપુર | ૧૫૫ |
| ૧૦ | ધનસુરા | ૧૪૪ |
| ૧૧ | બાયડ | ૧૭૨ |
| ૧૨ | તલોદ | ૧૮૨ |
| ૧૩ | પ્રાંતિજ | ૧૭૧ |
| | કુલ... | ૩૦૨૩ |

(૩) તે પૈકી તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ ખરેખર કેટલા લાભાર્થીઓએ આ યોજના હેઠળ લોન સહાય ચૂકવવામાં આવી અને કેટલા લાભાર્થીઓને સહાય ચૂકવવાની બાકી છે અને તેના કારણો શા છે ?

(૩) ૨૨૭૭ લાભાર્થીઓને કુલ રૂા. ૧૭૫.૫૮ લાખની સહાય ચુકવવામાં આવેલ છે અને ૧૪૪ લાભાર્થીઓને રૂા. ૧૩.૧૫ લાખની સહાય ચુકવવાની બાકી છે. ચુકવવાની કાર્યવાહી પ્રગતિમાં છે. ૬૦૨ લાભાર્થીઓના ક્લેઈમ બેન્ક કક્ષાએ પડતર છે.

------------

**વીડીયો કોન્ફરન્સ દ્વારા કેદીઓને કોર્ટ સમક્ષ રજૂ કરવા અંગે**

૫૬૭ **શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જેલ-કોર્ટ વીડીયો કોન્ફરન્સ દ્વારા છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં કેટલા કેદીઓને કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા,

(૧) વર્ષ ૨૦૦૬ માં ૫૮૨૬
વર્ષ ૨૦૦૭ માં ૫૨૭૫

(૨) આ પ્રકારની સુવિધાથી સરકારને નાણાંકીય તથા સુરક્ષાની દ્રષ્ટિએ કોઈ પ્રકારનો લાભ થયેલ છે કે કેમ, અને

(૨) હા જી.

(૩) જો હા, તો શું લાભ થયેલ છે ?

(૩) વીડીયો કોન્ફરન્સીંગની સુવિધાના કારણે કાચા કામના કેદીઓને રીમાન્ડ એક્ષ્ટેન્શન અર્થે ભૌતિક રીતે કોર્ટમાં રજૂ કરવાના રહેતા ન હોઈ, પોલીસ એસ્કોર્ટ અને

વાહનોના ખર્ચમાં બચત થાય છે. પોલીસ જાપ્તામાંથી કેદીઓ નાસી જવાની અને અનધિકૃત સવલતો ભોગવવાની બાબત નિયંત્રિત બને છે. કેદીઓના માનવીય ગૌરવની વધુ સારી જાળવણી શક્ય બને છે.

------------

**૭૧**

**વાપી જી.આઈ.ડી.સી.માં ટ્રાન્સપોર્ટ નગર ની સુવિધા**

૭૬૦ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાપી ખાતે ભારે વાહનોના પાર્કિંગ માટે ટ્રાન્સપોર્ટ નગર જેવી પાયાની સુવિધા જી.આઈ.ડી.સી. તરફથી ઉપલબ્ધ કરાયેલ નથી, આ અંગે સરકાર શું કોઈ પગલાં લેવા માંગે છે કે કેમ, અને | (૧) સુવાંગ ટ્રાન્સપોર્ટ નગર માટે જમીન સંપાદન માટે કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો કેટલા સમયમાં આ સમસ્યા હલ થશે ? | (૨) જમીન સંપાદન પછી ટ્રાન્સપોર્ટ નગર સ્થાપી શકાશે. |

**બનાસકાંઠા જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંકના મકાનો**

૫૬૩ **શ્રી ઉદેસિંહ પું.ઝાલા (બાયડ) : માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ચાલુ નાણાકીય વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંકના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને | (૧) અંદાજીત રૂા. ૫૫૦.૩૭ લાખ. |
| (૩) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે ? | (૨) અંદાજીત રૂા. ૫૫૦.૩૭ લાખ. |

------------

**કચ્છ જિલ્લામાં મીઠાનું ઉત્પાદન**

૪૩૧ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં ઉદ્યોગ વિભાગ કે મીઠા ઉદ્યોગ વિભાગ દ્વારા ચકાસણી કરી મીઠું ઉત્પાદન કરવા કઈ કઈ જગ્યાએ કેટલી જમીનમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ મીઠાનું ઉત્પાદન થાય છે,

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતીએ કુલ ૧૦૫૯૫૦ એકર જમીનમાં મીઠાનું ઉત્પાદન થાય છે. મીઠાના ઉત્પાદનની જગ્યાની વિગત પત્રક-અ પર રજુ કરેલ છે.

પત્રક-અ

કચ્છજિલ્લામાં મીઠાના ઉત્પાદન માટે ફાળવેલ જમીનની વિગત દર્શાવતું પત્રક.

અ. કચ્છ જિલ્લામાં કુલ-૮ તાલુકામાં ૧૦૦ એકરથી વધુ જમીન ધરાવતાં એકમોને ૩૧-૧૨-૦૭ની સ્થિતીએ નીચે મુજબ જમીન ફાળવવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું | એકમો | જમીન (એકરમાં) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ભચાઉ | ૮૬ | ૨૫૬૬૦.૧૮ |
| ૨ | મુંદ્રા | ૩૦ | ૧૦૩૭૩.૩૨ |
| ૩ | અંજાર | ૧૯ | ૪૩૬૫.૪૫ |
| ૪ | અબડાસા | ૫ | ૧૮૫૨૦.૦૦ |
| ૫ | રાપર | ૨ | ૨૧૦.૦૦ |
| ૬ | માંડવી | ૫ | ૩૩૫૦.૦૦ |
| ૭ | ભૂજ | ૨ | ૨૦૩૬૧.૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૭ | ભૂજ | ૨ | ૨૦૩૬૧.૦૦ |
| ૮ | ગાંધીધામ | ૧૯ | ૧૪૮૬૦.૭૬ |
| | | ૧૬૮ | ૯૭૭૦૦.૭૧ |

બ. ૧૦ એકર સુધીની જમીન ધરાવનાર અગરિયાઓને ફાળવેલ જમીનની વિગત

| ક્રમ | એકમો | જમીન (એકરમાં) |
|---|---|---|
| ૧ | ૮૨૫ | ૮૨૫૦.૦૦ |

ઉપરોક્ત અ તથા બ મળી કુલ ૯૯૩ એકમોને ૧,૦૫,૯૫૦ એકર જમીન મીઠાના ઉત્પાદનના ઉપયોગ માટે લીઝ પર ફાળવવામાં આવેલ છે.

(૨) આ ઉત્પાદન થયેલ મીઠા અન્વયે સોલ્ટ સેસની કેટ કેટલી રકમ સામે તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ ૧૦૦ એકર વધુ જમીનમાં ઉત્પાદન કરતા એકમોએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી રકમ કોની પાસે જમા કરાવી, અને

(૨) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતીએ નીચે મુજબ સોલ્ટ સેસની રકમ કેન્દ્ર સરકારની સોલ્ટ કમિશ્નરશ્રીની કચેરીમાં જમા થયેલ છે.

| વર્ષ | રકમ રૂપિયા |
|---|---|
| ૨૦૦૪-૦૫ | ૨૪,૦૭,૬૧૧ |
| ૨૦૦૫-૦૬ | ૨૧,૦૧,૫૨૦ |
| ૨૦૦૬-૦૭ | ૨૭,૧૮,૩૫૬ |
| ૨૦૦૭-૦૮ | ૨૪,૩૯,૪૩૩ |

(૩૧-૧૨-૦૭ અંતિત)

(૩) ગત ત્રણ વર્ષમાં આવી જમીનો પેકી કોઈ ઉત્પાદકે ઉત્પાદન બંધ કરવાનો ઈરાદો રજૂ કરી જમીનો પરત આપવાની મીઠા ઉદ્યોગ વિભાગને જાણ કરી હોય તો તેની વિગત શી છે ?

(૩) ગત ત્રણ વર્ષમાં આવી જમીનો પેકી કોઈ ઉત્પાદકે ઉત્પાદન બંધ કરવાનો ઈરાદો રજુ કરી જમીનો પરત આપવાની મીઠા ઉદ્યોગ વિભાગને જાણ કરેલ નથી.

------------

**બાલાસિનોર ખાતેની જેલમાં સુવિધા વધારવા અંગે**

૭૬૫ **શ્રી માનસિંહ કો.ચૌહાણM#> (બાલાસિનોર) : માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લાના બાલાસિનોર ખાતે જેલમાં સુવિધાઓ અપૂરતી છે તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો આ જેલમાં મળતી સુવિધાઓ કેટલા સમયમાં પૂરતી કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ના જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યો પાસેથી લેવાની બાકી રકમ**

૨૯૦ **શ્રી સિદ્ધાર્થ ચી.પટેલ (ડભોઇ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યો પાસેથી કુલ કેટલી રકમની વસૂલાત બાકી છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતી હાલ જણાવી શકાય તેમ નથી. પરંતુ નર્મદા યોજનામાં ભાગીદાર રાજ્યો પાસેથી તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ નીચેની વિગતે રૂા. ૨૮૪૨.૮૨ કરોડની રકમ બાકી રહે છે. જેમાં રૂા. ૨૬૯૭.૩૬ કરોડની રકમ વિવાદિત છે. અને રૂા. ૨૨૭.૦૨ કરોડની રકમ બિનવિવાદિત છે.

(રૂા. કરોડમાં)

| ક્રમ | રાજ્યનું | બાકી રકમ | વિવાદિત | બિન |
|---|---|---|---|---|
| ૧ | મધ્યપ્રદેશ | ૧૭૧૧.૮ | ૧૬૪૯.૨ | ૬૨.૫૭ |

| | | | | |
|---|---|---|---|---|
| | | ૩ | ૬ | |
| ૨ | મહારાષ્ટ્ર | ૯૪૫.૬૯ | ૭૮૧.૨૪ | ૧૬૪.૪૫ |
| ૩ | રાજસ્થાન | ૧૮૫.૩૦ | ૨૬૬.૮૬ | NIL |
| | કુલ : | ૨૮૪૨.૮૨ | ૨૬૯૭.૩૬ | ૨૨૭.૦૨ |

(૨) છેલ્લા એક વર્ષમાં આ ભાગીદાર રાજ્યો પાસેથી રાજ્ય સરકારને કુલ કેટલી રકમો મળી, અને

(૨) રૂા. ૬૬૧.૦૭ કરોડ

(૩) બાકી રકમ વસુલ કરવા સરકારે શી કાર્યવાહી કરી ?

(૩) માનનીય મુખ્ય મંત્રીશ્રીએ માનીય નાયબ અધ્યક્ષશ્રી, યોજના આયોગ અને માનનીય વડાપ્રધાનશ્રી સમક્ષ ભાગીદાર રાજ્યોના બાકી લેણાં માટે રજૂઆત કરેલ છે. સરદાર સરોવર ક્ન્સ્ટ્રકશન એડવાઈઝરી કમિટિની ૭૦,૭૧,૭૨,૭૪ અને ૭૫ મી મીટીંગોમાં આ બાબતે જરૂરી રજૂઆતો કરવામાં આવેલ તદ્દઉપરાંત સરદાર સરોવર નર્મદા નિગમ લી. ધ્વારા નિયમીતપણે દરમાસના અંતે સંબંધિત ભાગીદાર રાજ્યોને આ બાબતે પત્રો લખવામાં આવે છે. વધુમાં નાણાં વિભાગના સચિવશ્રી, મુખ્ય સચિવશ્રી ધ્વારા પણ આ અંગે પત્રો લખી જરૂરી રજૂઆતો કરવામાં આવેલ છે.

------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં ઓદ્યોગિક મૂડી રોકાણ**

૬૫૧ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સને ૨૦૦૬ અને ૨૦૦૭ના વર્ષમાં કુલ કેટલું ઓદ્યોગિક મૂડી રોકાણ થયું,

(૨) આ મૂડી રોકાણ પેકી ચોટીલા અને સાયલા તાલુકામાં કેટલું થયું, અને

(૩) ક્યા ક્યા પ્રકારના ઉદ્યોગોમાં આ મૂડી રોકાણ થયું ?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સને ૨૦૦૬ અને ૨૦૦૭ દરમ્યાન મળેલ આઈઈએમ તેમ જ વાયબ્રન્ટ ગુજરાત-૨૦૦૭ હેઠળ થયેલ એમ.ઓ.યુ. ધ્યાને લેતાં કુલ રૂા. ૨૪૧ કરોડના મૂડી રોકાણની દરખાસ્તો મળેલ છે.

(૨) ચોટીલા અને સાયલા તાલુકા ખાતે કોઈ મૂડી રોકાણ માટે દરખાસ્ત નથી.

(૩) આ દરખાસ્તો અમલીકરણ હેઠળ છે. જેમાં ઉદ્યોગોના પ્રોજેકટમાં કોમર્શીયલ ઓફિસ અને હાઉસહોલ્ડ ઈક્વીપમેન્ટમાં રૂા. ૩૮ કરોડ, સીરામીક ઉદ્યોગમાં રૂા. ૧૪ કરોડ અને એગ્રો ફુડ પ્રોસેસીંગ ઉદ્યોગમાં રૂા. ૧૮૯ કરોડનું મૂડી રોકાણ અમલીકરણ હેઠળ છે.

------------

**નર્મદા યોજના પાછળ થયેલ ખર્ચ**

૨૨૪ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરદાર સરોવર (નર્મદા યોજના) યોજનાના મુખ્ય હેડવર્ક, મુખ્ય કેનાલો અને બ્રાન્ચીસ કેનાલોમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં કેટલો ખર્ચ થયો,

(૨) તે અન્વયે કેટલું કામ કેટલા ખર્ચનું બાકી છે,

**જવાબ**

(૧) સરદાર સરોવર યોજનામાં તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં

(૧) મુખ્ય હેડવર્ડ ખાતે રૂા. ૪૪૨૪.૫૭ કરોડ

(૨) મુખ્ય કેનાલના કામ ખાતે રૂા. ૪૮૪૬.૫૯ કરોડ અને

(૩) બ્રાન્ચીસ તથા ડીસ્ટ્રીબ્યુટરી કેનાલો ખાતે રૂા. ૬૨૬૫.૬૩ કરોડનો ખર્ચ થયેલ છે. તથા પાવરહાઉસનો ખર્ચ રૂા. ૨૧૨૮.૦૩ કરોડનો છે.

(૨) તા. ૩૧-૧૨-૦૭ પછી યોજનાના મુખ્ય ઘટકોમાં નીચે મુજબનું નાણાકીય કામ બાકી છે.

મુખ્ય બંધ - રૂા. ૧૪૨૨.૭૧ કરોડ

મુખ્ય નહેર - રૂા. ૧૯૭૯. ૫૯ કરોડ
જળવિજ ઉત્પાદન - રૂા. ૧૦૯૨.૪૯ કરોડ
શાખા નહેરો અને
વિતરણ વ્યવસ્થા - રૂા. ૧૫૪૬૮.૭૪ કરોડ
કુલ :- રૂા. ૧૯૯૬૩.૫૩ કરોડ

(૩) યોજનાનું સંપૂર્ણ કામ ક્યારે પૂર્ણ થશે, અને

(૩) બંધની ઉંચાઈ ૧૨૧.૯૨ મી. સુધી પૂર્ણ કરેલ છે. બાકીનું કામ આગળ વધારવા માટે નર્મદા નિયંત્રણ પ્રાધિકરણની મંજૂરી મળ્યા બાદ કામગીરી હાથ ધરવામાં આવશે. કામગીરી હાથ ધર્યા બાદ કામ પૂર્ણ કરતાં વર્કીંગ સીઝનના આશરે ૩૦ મહીના જેટલો સમય લાગશે. જ્યારે નહેરોનું સંપૂર્ણ કામ ૨૦૧૧-૧૨ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૪) હજુ કેટલો ખર્ચ થવાનો અંદાજ છે ?

(૪) સરદાર સરોવર (નર્મદા યોજના) પાછળ આશરે હજુ રૂા. ૧૯૯૬૩.૫૩ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે.

------------

**બનાસકાંઠા જિલ્લામાં ખનીજ કાઢવાની મંજૂરીની કેન્દ્ર સમક્ષ માગણી**

૬૬૧ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જવલ્લે જ મળતાં વોલેસ્ટોનાઈટ તેમજ આર્યન ઓર નામના ખનિજ, બનાસકાંઠા જિલ્લાના વિરમપુર અને અંબાજીના ડુંગરોમાં વિપુલમાત્રામાં ઉપલબ્ધ છે તે હકીકત સરકાર જાણે છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તેના ખાણ કામ માટે રાજ્ય સરકારે ક્યા કારણોસર કેન્દ્ર સરકાર સમક્ષ મંજૂરીની માંગણી મુકેલ નથી, અને

(૨) આ વિસ્તાર રક્ષિત જંગલ/અભ્યારણ્યમાં આવતો હોઈ ફોરેસ્ટ એક્ટની-૧૯૮૦ ની કલમ-૨ હેઠળ વિસ્તાર છૂટો કરવા માટે વન વિભાગને દરખાસ્ત કરેલ છે. જે છૂટો થયેલ ન હોઈ કેન્દ્ર સરકાર સમક્ષ મંજૂરીની માંગણી મૂકાયેલ નથી.

(૩) જો માંગણી મુકેલ હોય તો કઈ કક્ષાના અધિકારીશ્રી તથા પદાધિકારીશ્રી તરફથી કેટલી વખત, કેવા પ્રયત્નો મંજૂરી મેળવવા માટે કરવામાં આવ્યા છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**ઓટોરીક્ષાના ભાડા પત્રકો**

૬૩૮ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યના મહાનગરોમાં રાજ્ય સરકાર દ્વારા પેટ્રોલ અને સી.એન.જી. થી ચાલતી ઓટોરીક્ષાના ભાડા પત્રક તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લે ક્યારે બહાર પાડવામાં આવ્યા, અને

(૨) સી.એન.જી.થી ચાલતી ઓટોરીક્ષાઓ દ્વારા મુસાફરો પાસેથી પેટ્રોલના ભાડાના દરે રકમ વસૂલાત કરાય છે તે બાબતે સરકાર શી કાર્યવાહી કરવા માંગે છે ?

(૧) અને (૨) રાજ્યમાં ડ્રાઈવર સિવાય ત્રણ ઉતારુઓના વહન માટે વપરાતી ઓટોરીક્ષાના ભાડાના દર છેલ્લે રાજ્ય સરકારની તા. ૨૧-૪-૨૦૦૩ની અધિસૂચનાથી નકકી કરવામાં આવ્યા હતા, જેમાં સી.એન.જી. ઓટોરીક્ષાના ભાડાના દર અલગ રીતે નકકી કરવામાં આવેલ ન હોઈ સરકારની તા. ૨૧-૪-૨૦૦૩ની અધિસૂચના મુજબ મુસાફરો પાસેથી ભાડાના દર વસુલ કરવામાં આવે છે.

------------

**રાજ્યમાં આતંકવાદી ઘટના અને કોમી તોફાનો**

૭૫૦ **શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) છેલ્લા વર્ષ ૨૦૦૬-૨૦૦૭ દરમ્યાન રાજ્યમાં કેટલી આતંકવાદી ઘટના અને કેટલા કોમી તોફાનો બન્યા, અને

(૧) કેલેન્ડર વર્ષ-૨૦૦૬-૨૦૦૭માં
આતંકવાદી ઘટના - ૬
કોમી તોફાનો - ૨

(૨) આ વર્ષો દરમ્યાન કુલ કેટલા કલાકનો કરફ્યુ રાજ્યમાં રખાયો ?

(૨) ૨૨૨ કલાક.

------------

**એફ.એસ.એલ.ના આધુનિકરણની યોજના**

૫૭૩ **શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીના આધુનિકરણની કોઈ યોજના અમલમાં છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં કેટલી રકમના અદ્યતન સાધનો ખરીદવામાં આવેલ છે ?

(૨) રૂા. ૧૮,૧૬,૫૩,૫૬૩/-

**રાજ્યમાં અપાયેલ દારુની પરમીટો**

૨૯૯ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** — **જવાબ**

તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર નશાબંધી વિભાગ દ્વારા કેટલા ઈસમોને છેલ્લા બે વર્ષમાં દારુ માટેની પરમીટો આપવામાં આવી ?

| ક્રમ | જિલ્લાનું નામ | આપવામાં આવેલ પરમીટોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૬૭૫૬ |
| ૨ | ગાંધીનગર | ૪૫૪ |
| ૩ | વડોદરા | ૧૦૧૨૧ |
| ૪ | સુરત | ૪૬૩૧ |
| ૫ | રાજકોટ | ૭૨૩૨ |
| ૬ | ભાવનગર | ૯૮ |
| ૭ | વલસાડ | ૬૨ |
| ૮ | ડાંગ | ૨ |
| ૯ | નવસારી | ૮૪ |
| ૧૦ | ભરૂચ | ૫૫૦ |
| ૧૧ | નર્મદા | ૫ |
| ૧૨ | નડીયાદ | ૪૧૫૮ |
| ૧૩ | આણંદ | ૮૫૦૩ |
| ૧૪ | દાહોદ | ૨૫ |
| ૧૫ | ગોધરા | ૯૦ |
| ૧૬ | સાબરકાંઠા | ૨૦૭ |
| ૧૭ | મહેસાણા | ૨૮૧ |
| ૧૮ | પાટણ | ૩૬ |
| ૧૯ | બનાસકાંઠા | ૬૬ |
| ૨૦ | કચ્છ-ભૂજ | ૪૬૦૫ |
| ૨૧ | જામનગર | ૧૧૭૩ |
| ૨૨ | જૂનાગઢ | ૧૫૯ |
| ૨૩ | પોરબંદર | ૧૬૧ |
| ૨૪ | અમરેલી | ૨૭ |
| ૨૫ | સુરેન્દ્રનગર | ૧૦૫ |

| | | |
|---|---|---|
| ૨૬ | તાપી | ૦ |

------------

**રાજ્યમાં વીજ ઉત્પાદન અને માંગ**

૮૮ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલું વીજ ઉત્પાદન થયું, તે સામે વીજ માંગ કેટલી હતી, | (૧) ૨૦૦૬ના વર્ષમાં ૬૦,૬૨૫ મીલીયન યુનિટ અને ૨૦૦૭ના વર્ષમાં ૬૫,૩૭૯ મીલીયન યુનિટ વીજ ઉત્પાદન થયુ અને તેની સામે ૨૦૦૬ના વર્ષમાં ૧૨,૦૪૭ મેગાવોટ અને ૨૦૦૭ના વર્ષમાં ૧૨,૪૯૦ મેગાવોટ મહત્તમ અનિયંત્રિત વીજ માંગ હતી. |
| (૨) વીજ માંગ સામે વિજળી પુરતી હતી કે ઓછી, અને | (૨) વીજ માંગ સામે ઉત્પાદન ઓછું હતું. |
| (૩) વીજ માંગ સામે પુરવઠો ઓછો હોય તો બાકીની વિજળી મેળવવા સરકારે શા પ્રયાસો કર્યા? | (૩) વીજ માંગને પહોંચી વળવા માટે સને ૨૦૦૬માં ૭૧૩.૫૫૨ મીલિયન યુનિટસ અને ૨૦૦૭માં ૫૦૦.૭૦૫ મી.યુ. વીજળી ટૂંકાગાળાના વીજ વ્યાપાર કરારો હેઠળ ખરીદવામાં આવી હતી. |

------------

**એસ.ટી.ની નવી બસો ખરીદવા અંગે**

૭૭૩ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ના વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારનું લોકોની સુવિધા વધારવા એસ.ટી.ની બસો ખરીદવાનું આયોજન હતું, અને | (૧) હા જી. |
| (૨) તે પૈકીની કેટલી બસો તા. ૩૧-૧-૦૮ સુધીમાં ખરીદી-સુવિધા વધારવામાં આવી ? | (૨) ૨૩૧૩ બસો |

------------

**સતલાસણા તાલુકા મથકે કોર્ટ સ્થાપવા અંગે**

૭૫૨ **શ્રી ભરતસિંહજી શં.ડાભીM#> (ખેરાલુ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લાના નવિન સતલાસણા તાલુકા મથકે નવિન કોર્ટ આપવા સરકારશ્રી ધ્વારા શા પગલાં લેવામાં આવ્યા, અને | (૧) પ્રસ્તુત બાબત વિચારણા હેઠળ છે. |
| (૨) નવિન કોર્ટ ક્યારે ચાલુ કરવામાં આવશે ? | (૨) અંદાજપત્રમાં નાણાંકીય જોગવાઈ થયેથી. |

------------

**લાંચ લેતા પકડાયેલ પોલીસ કર્મચારીઓ**

૬૬૩ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ગૃહ ખાતા હસ્તકના પોલીસ ખાતામાં લાંચ રુશ્વત વિરોધી બ્યુરો દ્વારા છટકા ગોઠવી લાંચના કેસમાં સને ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના વર્ષમાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ કેટલા પોલીસ કર્મી-અધિકારીઓને લાંચ લેતા પકડવાના કેસો છે, અને | (૧) સને ૨૦૦૫-૦૬માં ૬૭ અને ૨૦૦૬-૦૭ના વર્ષમાં ૫૧ અધિકારી/કર્મચારીઓને પકડવાના કુલ-૯૦ કેસો છે. |
| (૨) પકડાયેલા આ પોલીસ કર્મી -અધિકારીઓ સામે સરકારે શાં પગલાંઓ લીધા ? | (૨) આ પકડાયેલ પોલીસ કર્મચારીઓ/અધિકારીઓ સામે બદલી/ ફરજમોકુફી/ચાર્જશીટના પગલા લેવામાં આવ્યા છે. |

------------

**સાયન્સ સીટીની શરૂઆત અંગે**

૫૯૨ **શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાયન્સ સીટીની શરૂઆત ક્યારે કરવામાં આવેલ હતી, અને

(૨) ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮માં તારીખ ૩૧-૧-૨૦૦૮ સુધીમાં સાયન્સ સીટીની મુલાકાત કેટલા લોકોએ લીધી ?

**જવાબ**

(૧) ગુજરાત સરકાર દ્વારા ""ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સીટી"" ની સ્થાપના ૧૦ ઓગષ્ટ ૧૯૯૯ના રોજ કરવામાં આવી હતી.

(૨) સને ૨૦૦૬-૦૭માં ૫,૬૦,૮૦૬ અને ૨૦૦૭-૦૮માં તા. ૩૧-૧-૨૦૦૮ સુધીમાં ૪,૨૩,૬૩૩ જેટલા લોકોએ સાયન્સ સીટીની મુલાકાત લીધી છે.

------------

**ગોદાવરી બેઝીનમાં ઓઈલ વેલનું શારકામ**

૬૦૭ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ ગોદાવરી બેઝીનમાંથી અત્યાર સુધીમાં ક્રુડ/ગેસના કેટલા ઓઈલ વેલનું શારકામ થયું, અને

(૨) ગોદાવરી બેઝીનમાંથી ક્રુડ/ગેસ/ઓઈલનો કુલ કેટલો જથ્થો મળ્યો છે ?

**જવાબ**

(૧) આઠ કુવાઓનું શારકામ કરેલ છે, ૨(બે) કુવાઓના શારકામની કામગીરી પ્રગતિમાં છે.

(૨)

| કુવો | અંદાજીત ચકાસેલ જથ્થો | |
|---|---|---|
| | ગેસ (એમએમએસસીએફડી) | ઓઈલ (બીઓપીડી) |
| કેજી-૧ | સુકો કુવો | - |
| કેજી-૧૧ | સુકો કુવો | - |
| કેજી-૮ | ૧૧ | - |
| કેજી-૧૭ | ૪.૮ | ૮૫૮ |
| કેજી-૧૫ | ૨૩ | ૨૮૪ |
| કેજી-૧૬ | ૫.૩૬ | ૫૦૫ |
| કેજી-૨૮ | ૨૫ | ૧૬૪ |
| કેજી-૩૦ | સુકો કુવો | - |
| કેજી-૨૨ | શારકામ ચાલુ છે | - |
| કેજી-૩૧ | શારકામ ચાલુ છે | - |

------------

**કપડવંજ તાલુકાની નર્મદાની મુખ્ય નહેરમાં નુક્સાન**

૭૮૮ **શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લાના કપડવંજ તાલુકામાંથી પસાર થતી નર્મદા મુખ્ય નહેર સાંકળ ૧૩૯ કી.મી. થી ૧૪૩ કી.મી. વચ્ચે મોટા પ્રમાણમાં નુક્સાન થયેલ છે તે વાત સાચી છે,

(૨) દુરસ્તી માટે સરકારનું શું આયોજન છે, અને

(૩) કેટલા સમય ગાળામાં દુરસ્તી કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ના જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**કચ્છ જિલ્લામાં બોક્સાઈટનુ વેચાણ**

૭૭૭ **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં બોક્સાઈટના લીઝ ધારકો પૈકી વપરાશ માટે કેપ્ટીવ માઈનના ઈજારદારો પૈકી બોક્સાઈટનો વપરાશ સિવાય ઓપન માર્કેટ કે નિકાસ માટે વેચાણ કરે છે તેની સરકારને જાણ છે, અને

(૨) જો હા, તો છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ક્યા ક્યા લીઝ ધારકોએ કેટલું બોક્સાઈટ ખોદયું અને વેચાણ કે નિકાસ

**જવાબ**

(૧) હા, જી

(૨) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ એક વર્ષમા કચ્છ જિલ્લામાં બોક્સાઈટ ખનિજ ખોદી વેચાણ/નિકાસ થયાની વિગત નીચે મુજબ છે

કર્યું ?

| લીઝ ધારકનું નામ | વેચાણ (મે.ટન) | | વિકાસ (Export) | કુલ મે.ટન |
|---|---|---|---|---|
| જીએમડીસી | [illegible] ગ્રેડ૩૫ | [illegible] ગ્રેડ ૬૦ | ૦.૦૦ | ૪૬૮૪૦૭.૬૧ |
| ઓરીએન્ટ એબ્રેસીવ્ ા લી. | ૦.૦૦ | ૩૧૯૪૩.૪૪૦ | ૦.૦૦ | ૩૧૯૪૩.૪૪ |
| કુલ | ૬૧૦૩૫.૩૫ | ૪૩૯૩૧૫.૭૦૦ | ૦.૦૦ | ૫૦૦૩૫૧.૦૫ |

------------

**સાવરકુંડલા ખાતે જી.આઈ.ડી.સી.ની સ્થાપના**

૧૨૯૨ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સાવરકુંડલા મુકામે કાંટા ઉદ્યોગ વર્ષો જુનો ચાલી રહેલ છે. આ ઉદ્યોગને વિકસાવવા માટે વારંવાર જી.આઈ.ડી.સી.ની સ્થાપના કરવા માટે માંગણી કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોના તરફથી કેટલી માંગણી આવેલ છે, અને

(૩) માંગણી આવ્યા પછી જી.આઈ.ડી.સી. માટે કેવા પ્રકારની શું શું કાર્યવાહી થયેલ છે ?

**જવાબ**

(૧) હા, આ હકીક્ત સાચી છે.

(૨) છેલ્લા બે વર્ષમાં કોઈના તરફથી કોઈ માંગણી આવેલ નથી.

(૩) વર્ષ ૨૦૦૧ અગાઉ મળેલ માગણીઓ અન્વયે નિગમની ૧૯-૦૬-૨૦૦૧ના રોજ મળેલી બેઠકમાં ૩૫ હેકટરની વસાહત સ્થાપવા સેધાન્તિક મંજૂરી આપવામાં આવેલ જે અન્વયે નિગમની આયોજન ટીમે સ્થળોની મુલાકાત લઈ જમીન પસંદ કરેલ તે જમીનનો ભાવ ક્લેકટરએ ચોરસ મીટર દીઠ રૂા. ૩૭૫ જણાવેલ હતો પરંતુ તે સામે ધી સ્કેલ મેન્યું. એસોસીએશન, સાવરકુંડલાના ઉદ્યોગકારોની ડિપોઝીટ વગરની ૮૯૭ જમીન માગણીની અરજીઓ મળેલ છે અને તેઓ સુચિત જમીન ફક્ત રૂા. ૧૦૦ થી રૂા. ૧૨૫ના ભાવે લેવા તેયાર છે આ સંજોગામાં આ અંગે કોઈ પ્રગતિ થયેલ નથી.

------------

**વીજ મથકોના લોડ ફેકટરમાં વધારો**

૫૭૯ **શ્રી બાબુભાઈ જ. પટેલ(દસક્રોઈ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યના વિવિધ વીજ મથકોના પ્લાન્ટ લોડ ફેકટરમાં છેલ્લા બે વર્ષમાં કોઈ વધારો થયો છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલો ?

**જવાબ**

(૧) હા જી

(૨) ૬.૭૧ ટકા

------------

**કચ્છ જિલ્લાના પથ્થરના લીઝ ધારકો પાસેથી રોયલ્ટીની વસૂલાત**

૭૭૯ **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં સન ૨૦૦૬-૦૭ તથા ડિસેમ્બર-૨૦૦૭ સુધીમાં પથ્થરના લીઝ ધારકો પાસેથી

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૬-૦૭- રૂા. ૫,૩૩,૪૫,૪૦૭/-
વર્ષ ૨૦૦૭-૦૮- (ડિસેમ્બર-૦૭) સુધી

કેટલી રોયલ્ટી વસુલ કરવાની થતી હતી, | રૂા. ૫,૧૯,૨૧,૦૮૨/-
કુલ રૂા. ૧૦,૫૨,૬૬,૪૮૯/-

(૨) તે પૈકી કેટલી રોયલ્ટી વસુલ કરવામાં આવેલ છે, અને | (૨) રૂા. ૧૦,૪૧,૬૩,૯૧૨/- વસુલ થયેલ છે.

(૩) બાકી રહેલી રોયલ્ટી વસુલ ન થવાના કારણો શા છે ? | (૩) પટ્ટેદાર દ્વારા ભરપાઈ ન થવાના કારણે

------------

## વાહન વ્યવહાર ખાતાની ચેક પોસ્ટોની આવક

૬૦૧ **શ્રીમતી જશોદાબેન ચ.પરમાર(જોટાણા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** | **જવાબ**

(૧) વાહન વ્યવહાર ખાતાની રાજ્યની ચેકપોસ્ટોની તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષની ચેક પોસ્ટ પ્રમાણે આવક કેટલી થઈ, અને | (૧) ચેક પોસ્ટ પ્રમાણે છેલ્લા ત્રણ વર્ષની જાન્યુઆરી-૦૮ સુધીની આવક નીચે પ્રમાણે છે

(રૂા. લાખમાં)

| અ.નં. | ચેક પોસ્ટનું નામ | ૨૦૦૫-૦૬ (તા.૧/૨/૦૫ થી તા. ૩૧/૧/૦૬ | ૨૦૦૬-૦૭ (તા.૧/૨/૦૬ થી તા. ૩૧/૧/૦૭ | ૨૦૦૭-૦૮ (તા.૧/૨/૦૭ થી તા. ૩૧/૧/૦૮ |
|---|---|---|---|---|
| ૧ | ભીલોડા | ૮૮૪૨.૦૮ | ૬૪૦૭.૪૯ | ૭૯૩૪.૩૧ |
| ૨ | શામળાજી | ૫૯૧૨.૦૫ | ૪૧૭૦.૪૭ | ૫૭૪૮.૫૪ |
| ૩ | સોનગઢ | ૫૮૭૪.૫૧ | ૨૮૨૬.૨૬ | ૫૧૦૭.૫૨ |
| ૪ | અમીરગઢ | ૩૦૪૬.૪૮ | ૧૨૨૭.૧૨ | ૧૯૩૨.૨૬ |
| ૫ | ડીસા | ૨૬૬૬.૮૩ | ૧૨૯૭.૬૭ | ૨૧૪૬.૮૬ |
| ૬ | દાહોદ | ૧૨૯૭.૬૮ | ૯૫૭.૫૧ | ૧૨૬૬.૭૬ |
| ૭ | ઝાલોદ | ૨૦૮.૭૧ | ૨૩૩.૪૪ | ૨૩૦.૦૬ |
| ૮ | થરાદ | ૮૯૯.૩૯ | ૩૮૨.૫૮ | ૪૯૮.૯૭ |
| ૯ | અંબાજી | ૩૯૪.૨૩ | ૩૨૫.૮૧ | ૩૬૭.૬૯ |
| ૧૦ | સામખીયાળી | ૪૫૪૭.૧૭ | ૨૫૩૪.૬૯ | ૨૧૭૨.૭૮ |
| ૧૧ | વઘાઈ | ૧૮૭.૦૦ | ૧૭૧.૯૦ | ૩૩૯.૦૯ |
| ૧૨ | જામનગર | ૫૩૮.૫૬ | ૩૪૨.૫૧ | ૨૯૩.૦૪ |
| ૧૩ | છોટાઉદેપુર | ૧૪૫.૪૮ | ૭૫.૪૪ | ૭૧.૮૪ |
| | **કુલ...** | **૩૪૫૬૦.૧૭** | **૨૦૯૫૨.૮૯** | **૨૮૧૦૯.૭૨** |

(૨) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો ક્યા ક્યા છે ? | (૨) સને ૨૦૦૬-૦૭માં ૨૦૦૫-૦૬ની સરખામણીમાં આવક ઘટી છે. નામદાર સુપ્રીમ કોર્ટના તા. ૯/૧૧/૦૫ના આદેશ મુજબ ઓવરલોડીંગ બંધ કરવાની કાર્યવાહી થવાને કારણે માંડવાળ ફી ની આવકમાં ઘટાડો થતાં આવકમાં ઘટાડો થયેલ છે. ૨૦૦૭-૦૮માં ખાતા તરફથી સઘન પ્રયાસો કરી આવક વધારવામાં આવી છે.

------------

## પંચમહાલ જિલ્લામાં ચાલતા ગેરકાયદેસર કતલખાના

૭૮૨**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** | **જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૩-૦૪ થી તા. ૩૧-૩-૦૭ સુધીમાં ગોવંશ હત્યા માટે કેટલા પશુઓ બચાવ્યા, | (૧) ૧૧૩૭ પશુઓ બચાવવામાં આવ્યા છે.

(૨) ગેરકાયદેસર ચાલતા કુલ કેટલા કતલખાનાઓ પોલીસે પકડી પાડયા, અને | (૨) ૫-કતલખાના પકડવામાં આવ્યા.

(૩) આ કતલખાના હાલમાં ચાલુ છે કે બંધ ? | (૩) પકડાયેલ કતલખાના બંધ છે.

------------

**ભરૂચ જિલ્લામાં પકડાયેલ ઈંગ્લીશ દારૂનો જથ્થો**

૬૪૩ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) ભરૂચ જિલ્લામાં જુદા જુદા તાલુકામાં ઈંગ્લીશ દારૂના ઘણા કેસ થયેલ છે તો તેની તા. ૩૧-૧-૦૮ સુધીમાં છેલ્લા એક વર્ષમાં ઈંગ્લીશ દારૂનો કેટલો જથ્થો પકડાયેલ છે, અને | (૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧/૧/૦૮સુધીમાં છેલ્લા એક વર્ષમાં ઈંગ્લીશ દારૂનો કુલ ૫૭૩૪૬ બોટલનો જથ્થો પકડાયેલ છે. |
| (૨) તેની શું કાર્યવાહી કરેલ છે ? | (૨) પકડાયેલ દારૂના જથ્થા બાબતે નામદાર કોર્ટના હુકમ આધારે કુલ ૪૨૮૩૬ બોટલોનો નાશ કરેલ છે. |

------------

**તાપી જિલ્લામાં નોંધાયેલ વિવિધ ગુના**

૨૨૮ **શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) નવરચીત તાપી જિલ્લામાં તા. ૨૭-૯-૦૭ થી તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં લૂંટ-ધાડ-બળાત્કાર અને અપહરણના કેટલા બનાવો નોંધાયા, અને | (૧) એક પણ નહીં. |
| (૨) તે પેકી કેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**રાજ્યમાં સ્થપાયેલ વીજ મથકો**

૨૫ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) સને ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ના નાણાકીય વર્ષ દરમ્યાન તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં રાજ્યમાં ક્યા નવા વીજ મથકો ઉભા કરવામાં આવ્યા,<br>(૨) આ વીજ મથકો તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ક્યા તબક્કે છે,<br>(૩) કેટલા સમયમાં આ કામ પૂર્ણ થશે, અને<br>(૪) વીજ ઉત્પાદન ક્યારે શરુ થશે ? | (૧) થી (૪)<br>(અ) **નવા પૂર્ણ થયેલા અને વીજ ઉત્પાદન કરતા વીજ મથકો**<br>(૧) ૧૧૨ મે.વો.નું ધુવારણ વીજમથક<br>(૨) ૨૫૦ મે.વો. અક્રિમોટા વીજ મથક (જીએમડીસી)<br>(૩) તારાપુર અણુ વીજમથક (રાજ્ય સરકારનો હિસ્સો ૨૭૪ મે.વો.)<br>(૪) ૨૦૦ મે.વો. ના સરદાર સરોવર જલ વિદ્યુતમથક યુનિટ નં. ૫ અને ૬ (રાજ્ય સરકારનો હિસ્સો ૬૪ મે.વો.)<br>(બ) નીચે દર્શાવ્યા મુજબના વીજમથકો આખરી તબક્કામાં છે.<br>(૧) ૭૫ મે.વો. કચ્છ લિગાઈટ વીજમથક સપ્ટેમ્બર-૨૦૦૮માં વીજ ઉત્પાદન શરૂ થવાની ધારણા છે<br>(૨) ૧૧૦૦ મે.વો. ટોરેન્ટ પાવર લિ.નો સુરત ખાતેનો સુઝેન પાવર પ્રોજેક્ટ (રાજ્ય સરકારનો હિસ્સો-૯૯૦ મે.વો.)-ઓગષ્ટ-૨૦૦૮માં વીજ ઉત્પાદન શરૂ થવાની ધારણા છે. |

------------

**રાજ્યમાં નવા સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન**

૫૯૦ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન રાજ્યમાં કેટલા નવા સબ સ્ટેશનો બનાવવાનું આયોજન કરેલ છે, | (૧) આ વર્ષે ૫૦ની જગ્યાએ ૬૦ સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન છે. |
| (૨) વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન ભાવનગર જિલ્લામાં નવા ૬૬ કે.વી. સબ સ્ટેશન સ્થાપવાનું | (૨) અને (૩)<br>ભાવનગર જિલ્લાના ગઢડા, ઉમરાલા તથા મહુવા |

આયોજન છે કે કેમ, અને

તાલુકાના અનુક્રમે માલપરા, ઘરવાડા અને વાંગર મુકામે ત્રણ ૬૬ કે.વી. સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન છે.

(૩) જો હા, તો તેની વિગત શું છે ?

------------

**આણંદ જિલ્લામાં જેલની સુવિધા**

૭૬૭ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ક્યાં ક્યાં સ્થળોએ જેલની સુવિધાઓ છે,

(૨) તેની ક્ષમતા કેટલી છે અને

(૩) હાલમાં કેટલા કેદીઓ રાખવામાં આવે છે ?

**જવાબ**

(૧) (૨) અને (૩)

| ક્રમ | સ્થળ | ક્ષમતા | હાલમાં કેદીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | આણંદ સબજેલ | ૩૫ | ૫૫ |
| ૨ | બોરસદ સબ જેલ | ૩૦ | ૩૬ |
| ૩ | પેટલાદ સબ જેલ | ૨૫ | - |
| ૪ | ખંભાત સબ જેલ | ૧૦૦ | - |

ક્રમાંક : ૩ અને ૪ ખાતે રીનોવેશનનું કામ ચાલતું હોઈ હાલ બંધ છે.

------------

**જ્યોતિગ્રામ યોજના અન્વયે કેન્દ્રને માહિતિ આપવા અંગે**

૫૫૪ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) કેન્દ્રના આયોજન પંચ દ્વારા જ્યોતિગ્રામ યોજનાની કોઈ માહિતી મેળવવામાં આવી છે કે કેમ, અને

(૨) જો હા, તો કઈ કઈ ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**જ્યોતિગ્રામ યોજનાથી વધેલ સુવિધાઓ**

૫૫૯ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) જ્યોતિગ્રામ યોજનાના અમલીકરણ બાદ રોજગારીની તકોમાં અને અન્ય સુવિધામાં શું ફેરફાર થયો છે તેનો કોઈ અભ્યાસ કરવામાં આવ્યો છે, અને

(૨) તેમાં કઈ કઈ બાબતોની માહિતિ મેળવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ અભ્યાસોમાં ગ્રામ્ય કક્ષાએ શિક્ષણ, ઉદ્યોગો, વાણિજ્યિક પ્રવૃત્તિઓ, રોજગારી, ગ્રામ્યજનોની આવક તથા તેમના જીવન પર થયેલ સામાજિક અને આર્થિક અસરોની માહિતિ મેળવવામાં આવેલ છે.

------------

**પાવી જેતપુર તાલુકા મથકે સિવિલ કોર્ટ આપવા અંગે**

૧૮૯ **શ્રી મોહસિંહ છો.રાઠવા(જેતપુરપાવી) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના પાવી જેતપુર તાલુકાના મુખ્ય મથકે પુરા સમયની સિવિલ કોર્ટ આપવા અંગેની માંગણી સંદર્ભે સરકારે શું નિર્ણય લીધો છે, અને

**જવાબ**

(૧) (અ) ""સરકારે તા. ૧૦/૨/૦૫ના હુકમથી મહેકમ મંજુર કરેલ છે.

(બ) ભાડાના મકાન માટે તા. ૧૭/૧૨/૦૭થી મંજૂરી આપવામાં આવી છે.

(ક) કોર્ટ શરૂ કરવા માટે નામદાર ગુજરાત હાઈકોર્ટ પાસેથી દરખાસ્ત મળ્યેથી""

(૨) પાવી જેતપુર તાલુકાની આમ જનતાને રાહત માટે કેટલા સમયમાં પાકા મકાન સહિત, સિવિલ કોર્ટ

(૨) ""સૂચિત કોર્ટ બિલ્ડીંગ માટે નામદાર ગુજરાત હાઈકોર્ટ પાસેથી દરખાસ્ત મળ્યેથી, અંદાજપત્રમાં જોગવાઈ

કાર્યરત કરવામાં આવશે ?

કરવાનું વિચારાશે.""

------------

## ૧૦૪

## સાબરકાંઠા જિલ્લામાં ખેત વિષયક વીજ જોડાણ માટેની અરજીઓ

૩૬૦ ડૉ. **અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા કેટલા ખેડૂતોની અરજીઓ વર્ષવાર પડતર છે અને એના કારણો શા છે, અને

(૨) ફક્ત ખેતી પર નિર્ભર ખેડૂતોને વીજ કનેક્શન પ્રાયોરીટીમાં સરકાર આપવા માંગે છે કે કેમ, અને કેટલા સમયમાં ?

**જવાબ**

(૧) તા. ૩૧-૦૧-૨૦૦૮ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં ખેત વિષયક વીજ જોડાણો મેળવવા માટેની તાલુકાવાર અને વર્ષવાર અરજીઓની વિગતોનું પત્રક ""અ"" આ સાથે સામેલ કરેલ છે. પ્રતિવર્ષ ઉપલબ્ધ વીજ પુરવઠો અને માળખાગત સુવિધાઓ લક્ષમાં રાખીને તથા પ્રતિવર્ષ ફાળવવામાં આવતી જોગવાઈ અને લક્ષ્યાંકોને આધારીત આયોજન કરવામાં આવે છે.

(૨) ખેતી હેતુ માટે વીજ કનેક્શન અગ્રતાક્રમની યાદી મુજબ ડાર્કઝોન સિવાયના વિસ્તારોમાં આપવામાં આવશે.

**પત્રક-અ**

સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર-વર્ષવાર ખેતવિષયક પડતર અરજીઓની જાન્યુઆરી-૦૮ અંતિત માહિતી.

| વર્ષ | હિંમતનગર | પ્રાંતિજ | માલપુર | બાયડ | તલોદ | વડાલી | ધનસુરા | ભિલોડા | વિજયનગર | ખેડબ્રહ્મા | મેઘરજ | ઈડર | મોડાસા | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯૯૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૪૭ | ૬૧ | ૧૦૮ |
| ૧૯૯૩ | ૧૪૯ | ૬૨ | ૬૧ | ૮૯ | ૯૮ | ૬૯ | ૬૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૯૧ | ૧૩૦ | ૯૧૩ |
| ૧૯૯૪ | ૧૭૬ | ૧૧૭ | ૬૮ | ૧૧૯ | ૧૨૦ | ૬૩ | ૫૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૯૮ | ૧૩૬ | ૧૦૪૮ |
| ૧૯૯૫ | ૨૮૮ | ૨૦૨ | ૬૪ | ૧૯૯ | ૧૩૦ | ૪૬ | ૫૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૩૫ | ૧૭૨ | ૧૨૯૫ |
| ૧૯૯૬ | ૩૧૬ | ૨૬૬ | ૬૩ | ૧૦૫ | ૧૫૩ | ૧૭ | ૭૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૯૩ | ૧૮૬ | ૧૨૭૨ |
| ૧૯૯૭ | ૩૮૫ | ૨૧૦ | ૬૫ | ૧૬૨ | ૧૫૦ | ૮૩ | ૫૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૮૦ | ૧૬૯ | ૧૫૬૧ |
| ૧૯૯૮ | ૩૦૯ | ૧૫૬ | ૧૮૦ | ૧૨૭ | ૨૦૯ | ૯૭ | ૧૧૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૬૪ | ૨૨૦ | ૧૬૭૬ |
| ૧૯૯૯ | ૩૧૨ | ૧૪૯ | ૨૫૨ | ૨૦૧ | ૧૯૧ | ૧૦૭ | ૧૨૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૩૪ | ૩૦૨ | ૧૮૬૮ |
| ૨૦૦૦ | ૧૮૮ | ૧૦૮ | ૧૦૮ | ૯૪ | ૧૪૨ | ૫૦ | ૭૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૬૮ | ૨૧૪ | ૧૧૪૩ |
| ૨૦૦૧ | ૭૨ | ૫૦ | ૫૦ | ૭૨ | ૪૪ | ૧૭ | ૨૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૫૪ | ૬૨ | ૪૪૭ |
| ૨૦૦૨ | ૨૦૮ | ૧૧૪ | ૮૦ | ૯૮ | ૧૭૪ | ૨૮ | ૬૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૭૯ | ૨૩૯ | ૧૦૮૮ |
| ૨૦૦૩ | ૧૪૧ | ૪૧ | ૨૪ | ૬૪ | ૫૮ | ૧૯ | ૪૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૫૧ | ૧૧૧ | ૫૫૭ |
| ૨૦૦૪ | ૯૭ | ૩૩ | ૨૫ | ૩૩ | ૩૪ | ૪ | ૨૦ | ૫૬૬ | ૧૮૧ | ૧૬૧ | ૪૫ | ૦ | ૦ | ૧૧૯૯ |
| ૨૦૦૫ | ૧૫૨ | ૩૨ | ૭૭ | ૫૨ | ૧૧૨ | ૫૭ | ૬૦ | ૨૩૩ | ૩૭ | ૪૯૮ | ૦ | ૦ | ૦ | ૧૩૧૦ |
| ૨૦૦૬ | ૧૨૬ | ૬૦ | ૧૨૩ | ૧૦૫ | ૬૪ | ૧૨૩ | ૪૬ | ૫૨૪ | ૧૪૮ | ૨૨૬ | ૦ | ૦ | ૦ | ૧૫૪૫ |
| ૨૦૦૭ | ૧૬૭ | ૧૦૦ | ૬૪ | ૧૫૭ | ૭૯ | ૧૩૨ | ૧૧૧ | ૪૫૧ | ૧૨૪ | ૩૫૧ | ૦ | ૦ | ૦ | ૧૭૩૬ |
| ૨૦૦૮ | ૦૮ | ૦૧ | ૬ | ૧૬ | ૦૮ | ૧ | ૧૮ | ૫૨ | ૨૫ | ૧૦ | ૦ | ૦ | ૦ | ૧૪૫ |
| **કુલ** | **૩૦૯૪** | **૧૭૦૧** | **૧૩૧૦** | **૧૬૯૩** | **૧૭૬૬** | **૯૧૩** | **૧૦૦૬** | **૧૮૨૬** | **૫૧૫** | **૧૨૪૬** | **૪૫** | **૧૭૯૪** | **૨૦૦૨** | **૧૮૯૧૧** |

-----------

## ખાનગી વીજ ઉત્પાદકો પાસેથી વીજ ઉત્પાદનની ખરીદી

૨૯૧ **શ્રી સિદ્ધાર્થ ચી.પટેલ (ડભોઇ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૧-૧-૨૦૦૭ થી તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં રાજ્યની વીજ કંપનીઓ ધ્વારા ક્યા ક્યા ખાનગી વીજ ઉત્પાદકો પાસેથી શા ભાવે કેટલી વિજળીની ખરીદી કરવામાં આવી ?

**જવાબ**

(૧) પત્રક-અ મુજબ

**પત્રક-અ**

**ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ દ્વારા ૧-૧-૨૦૦૭ થી ૩૧-૧૨-૨૦૦૭ દરમિયાન અલગ અલગ કંપની પાસેથી નીચે મુજબ વીજળીની ખરીદી કરવામાં આવેલ :**

| અનુ. નં. | એજન્સીનું નામ | ૨૦૦૭ | |
|---|---|---|---|
| | | મી.યુ. | ભાવ રૂા. / યુ. |
| ૧. | એસ્સાર પાવર લી. | ૧૯૮૯.૨૪ | ૨.૬૩ |
| ૨. | ગુજરાત પગુથણ એનર્જી લી. | ૪૦૫૩.૧૭૫ | ૩.૮૭ |
| ૩. | વીન્ડ ફાર્મ | ૩૦૭.૦૮૧ | ૩.૨૮ |

| | | | |
|---|---|---|---|
| ૪. | રીલાયન્સ ઈન્ડ. લી. | ૧૮૮.૩૨૪ | ૨.૮૪ |
| ૫. | યુનાઈટેડ ફોસ્ફરસ લી. | ૬.૯૯૨ | ૨.૭૦ |
| ૬. | ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમીકલ લી. | ૧૨.૭૫૦ | ૨.૧૪ |
| ૭. | ઓએનજીસી, અંકલેશ્વર | ૩૯.૯૩૭ | ૧.૯૦ |
| ૮. | અદાણી એક્ષપોર્ટ (ફીલીપ્સ કાર્બન) લી. | ૫૮.૧૬૭ | ૨.૪૪ |
| ૯. | અરવિંદ મીલ્સ લી. | ૨.૫૩૧ | ૪.૮૧ |
| ૧૦. | રીલાયન્સ ઈન્ડ. લી. દહેજ | ૨૪.૪૭૪ | ૩.૦૦ |
| ૧૧. | હીન્ડાલકો | ૨૩.૧૦૪ | ૩.૭૦ |
| ૧૨. | રીલાયન્સ ઈન્ડ. લી. વડોદરા | ૧૭.૪૫૬ | ૪.૦૦ |
| ૧૩. | ગેલેન્ટ મેટલ લી. | ૧૫.૦૪૪ | ૨.૫૦ |
| ૧૪. | ઝઘડીયા કોપર લી. | ૫.૬૫૧ | ૫.૨૪ |
| ૧૫. | વેલસ્પન ગુજરાત લી. | ૨૦.૩૪૩ | ૨.૬૨ |

------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં નશાબંધી અંગે પાડેલ રેડ

૬૫૨**શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં નશાબંધી અંગેની કેટલી રેડો પાડવામાં આવી, | (૧) ૩૫૦૦ રેડો. |
| (૨) આ રેડો પેકીની ચોટીલા અને સાયલા તાલુકામાં કેટલી, અને | (૨) ચોટીલા તાલુકામાં કુલ ૪૯૭<br>સાયલા તાલુકામાં કુલ ૧૮૧ |
| (૩) આ રેડ દરમિયાન કેટલા લીટર દારૂ પકડાયો અને કેટલા વ્યક્તિઓને પકડવામાં આવ્યા ? | (૩) આ રેડ દરમ્યાન ચોટીલા તાલુકામાંથી દેશીદારૂ ૩૦૩૧ લીટર રૂા. ૬૦,૬૩૦/- અને ઈંગ્લીશ દારૂ બોટલ નંગ ૨૨૦૨, કિંમત રૂા. ૭૦,૧૪૦/- તેમજ ૩૧૬ આરોપી પકડવામાં આવેલ છે જ્યારે સાયલા તાલુકામાંથી દેશીદારૂ ૩૬૫ લીટર, કિંમત રૂા. ૭૩૦૦/- અને ઈંગ્લીશ દારૂ બોટલ નંગ ૪૨૩૫, કિંમત રૂા. ૫,૬૩,૫૪૦/- તેમજ ૯૩ આરોપી પકડવામાં આવેલ છે. |

------------

## રાજ્યનો વિકાસ દર

૨૨૫ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની સન ૨૦૦૬-૦૭ની મંજૂર થયેલ વાર્ષિક યોજનાઓ પેકી કેટલી રકમનો ખર્ચ થયો, અને | (૧) રાજ્યની સન ૨૦૦૬-૦૭ની મંજુર થયેલ વાર્ષિક યોજનાઓ પેકી અંદાજીત કુલ રૂા. ૧,૪૩,૮૪,૪૫.૫૭ લાખનો ખર્ચ થયેલ છે. |
| (૨) સન ૨૦૦૬-૦૭નો વિકાસ દર કેટલો પ્રાપ્ત થયો ? | (૨) સન ૨૦૦૬-૦૭નો વિકાસ દર હાલમાં તૈયાર કરવામાં આવી રહેલ છે જે અંદાજપત્ર જાહેર કરતી વેળાએ રજુ કરવામાં આવશે. |

------------

## વર્ગ-૪ના કર્મચારીઓની કોન્ટ્રાકટ પધ્ધતિ ધ્વારા ભરતી અંગે

૬૩૯ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ રાજ્ય સરકાર ધ્વારા સરકારી નોકરીઓમાં ચોથા વર્ગની ખાલી જ્ગ્યાઓ ભરવા ખાનગી એજન્સીઓ ધ્વારા કોન્ટ્રાકટ પ્રથા દાખલ કરવામાં આવી છે કે કેમ ? | હા જી. |

------------

## કલ્પસર યોજના અન્વયે આયોજન

૭૫૧ **શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કલ્પસર યોજના અન્વયે અત્યારે ચાલુ નાણાંકીય વર્ષમાં રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે, | (૧) કલ્પસર યોજના અન્વયે ચાલુ નાણાંકીય વર્ષમાં રૂા. ૨૦ કરોડની બજેટ જોગવાઈ કરેલ છે અને પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરવા વિવિધ અભ્યાસો અને સર્વે હાથ ધરવાનું આયોજન કરેલ છે. |
| (૨) આ કલ્પસર યોજનામાં કેટલી જમીનમાં સિંચાઈનું આયોજન છે, | (૨) પૂર્વ શક્યતાદર્શી અહેવાલ અને છ વિશિષ્ટ અભ્યાસો મુજબ અંદાજીત ૧૦.૫૪ લાખ હેકટર જમીનને સિંચાઈની સુવિધા આપવી શક્ય જણાયેલ છે. |
| (૩) કુલ કેટલી વિજળી ઉત્પન્ન થશે, અને | (૩) પૂર્વ શક્યતા દર્શી અહેવાલ અને છ વિશિષ્ટ અભ્યાસો મુજબ કલ્પસર યોજનામાં ભરતીજન્ય વીજ મેળવવા માટેના બે વિકલ્પ છે. જેમાં સંભવિત સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા નીચે મુજબ છે |

| ભરતીજન્ય વીજ વિકલ્પ | સ્થાપિત વીજક્ષમતા ઉત્પાદન (મેગાવોટ) |
|---|---|
| સીંગલ બેઝીન | ૫૮૮૦ |
| ડબલ બેઝીન | ૧૬૮૦ |

(૪) આ યોજનામાં કુલ કેટલો ખર્ચ થશે અને તેને પૂરી થતાં કેટલા વર્ષ થશે ?

(૪) પૂર્વ શક્યતાદર્શી અહેવાલ અને છ વિશિષ્ટ અભ્યાસો મુજબ આ યોજનાનો વર્ષ-૧૯૯૯ના ભાવો મુજબ રૂા. ૫૪,૦૦૦ કરોડનો અંદાજીત ખર્ચ ગણેલ છે. અને પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરીને કેન્દ્ર સરકારની જરૂરી મંજૂરીઓ મળી ગયા બાદ ૧૦ વર્ષમાં યોજના પૂર્ણ થઈ શકશે.

------------

**કરાઈ ખાતે અપાતી તાલીમ**

૫૭૪ **શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લાના કરાઈ ખાતે અદ્યતન પોલીસ તાલીમ સંસ્થા સ્થાપવામાં આવી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ તાલીમી સંસ્થામાં કઈ કક્ષાના અધિકારી/કર્મચારીને ક્યા ક્યા પ્રકારની તાલીમ આપવામાં આવે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) પોલીસ અધિકારી/કર્મચારીઓને પ્રોબેશન સમય દરમ્યાનની તાલીમ, બેઝીક તાલીમ, રીફ્રેશર તાલીમ, કોમ્પ્યુટર તાલીમ, બેન્ડ તાલીમ, ફોટોગ્રાફી તાલીમ, બોમ્બ ડિસ્પોઝલ તાલીમ, અનાર્મ કોમ્બેટ તાલીમ, કમાન્ડો તાલીમ તથા યોગાસન તાલીમ

------------

**રાજ્યના બંદરોના વિકાસની નીતિ**

૩૦૦ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં નાના -મોટા બંદરોનો વિકાસ કરવા સરકારે છેલ્લે કઈ નીતિઓ નક્કી કરી છે, અને

(૨) તે અન્વયે તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ક્યા મોટા ઓદ્યોગિક ગૃહોને ક્યા બંદરો ફાળવવામાં આવ્યા છે ?

**જવાબ**

૧. બંદરનીતિ-૧૯૯૫

૨. બુટ નીતિ-૧૯૯૭

| ક્રમ | બંદર | વિકાસકાર કંપની |
|---|---|---|
| ૧. | પીપાવાવ | (૧) ગુજરાત પીપાવાવ પોર્ટ લી. |
| ૨. | મુંદ્રા | (૨) ગુજરાત અદાણી પોર્ટ લી. |
| ૩. | દહેજ | (૩) (અ)પેટ્રોનેટ એલએનજી લી. (બ) જીસીપીટીસીએલ |
| ૪. | હજીરા | (૪) હજીરા પોર્ટ પ્રા. લી. |
| ૫. | ધોલેરા | (૫) ધોલેરા પોર્ટ લી. |

------------

**રાજ્યમાં બાળકોના અપહરણ**

૭૭૪ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન રાજ્યમાં જિલ્લાવાર ખંડણી-વસુલવાના કે બદઈરાદાથી કેટલા બાળકોના અપ-હરણ થયા,

**જવાબ**

| (૧) | **અ.નં.** | **જિલ્લા/શહેર** | **અપહરણ કેસો** |
|---|---|---|---|
| | ૧ | અમદાવાદ શહેર | ૨૪ |
| | ૨ | રાજકોટ શહેર | ૦૧ |
| | ૩ | વડોદરા શહેર | ૦૨ |
| | ૪ | સુરત શહેર | ૦૫ |
| | ૫ | અમદાવાદ રુરલ | ૦૧ |
| | ૬ | ખેડા | ૦૦ |
| | ૭ | આણંદ | ૨૬ |
| | ૮ | ગાંધીનગર | ૦૦ |

| | | | |
|---|---|---|---|
| | ૮ | ગાંધીનગર | ૦૦ |
| | ૯ | સાબરકાંઠા | ૦૦ |
| | ૧૦ | મહેસાણા | ૦૦ |
| | ૧૧ | જામનગર | ૦૦ |
| | ૧૨ | રાજકોટ રુરલ | ૦૦ |
| | ૧૩ | સુરેન્દ્રનગર | ૦૦ |
| | ૧૪ | બનાસકાંઠા | ૦૦ |
| | ૧૫ | કચ્છ-ભૂજ | ૨૭ |
| | ૧૬ | પાટણ | ૦૦ |
| | ૧૭ | અમરેલી | ૦૦ |
| | ૧૮ | ભાવનગર | ૨૭ |
| | ૧૯ | જુનાગઢ | ૦૧ |
| | ૨૦ | પોરબંદર | ૦૭ |
| | ૨૧ | વડોદરા રુરલ | ૦૦ |
| | ૨૨ | ભરૂચ | ૦૧ |
| | ૨૩ | નર્મદા | ૦૦ |
| | ૨૪ | પંચમહાલ | ૦૦ |
| | ૨૫ | દાહોદ | ૦૦ |
| | ૨૬ | સુરત | ૦૩ |
| | ૨૭ | તાપી | ૦૦ |
| | ૨૮ | વલસાડ | ૦૨ |
| | ૨૯ | નવસારી | ૦૮ |
| | ૩૦ | વેસ્ટર્ન રેલ્વે | ૦૧ |
| | ૩૧ | આહવા-ડાંગ | ૦૧ |
| | | **કુલ...** | **૧૩૬** |

(૨) તે પેકીના કેટલા જીવતા પરત મળ્યા અને કેટલાને મારી નાખવામાં આવ્યા,

(૨) ઉપરોક્ત અપહરણ ર્ક્તા બાળકો પૈકી ૧૧૮ જીવતા પરત મળેલ છે જ્યારે ૭ બાળકોના મરણ થયેલ છે.

(૩) તે પેકીના કેટલા અપહરણ ર્ક્તા પકડાયા, અને

(૩) ૧૯૦ અપહરણ ર્ક્તા પકડાયા છે, અને

(૪) તેના પર શું કાર્યવાહી કરવામાં આવી ?

(૪) આરોપીઓ વિરૂધ્ધ ગુના દાખલ કરી સબળ પુરાવા મેળવી ગુનાના કામે અટક કરી નામ. કોર્ટમાં મોકલી આપી તમામ આરોપીઓ વિરૂધ્ધ ન્યાયના હિતમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

------------

**સરદાર સરોવર નર્મદા યોજનાની કેનાલના કામ અંગે**

૬૦૮ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજનાની કેનાલની કુલ લંબાઈમાંથી જિલ્લાવાર કેટલી લંબાઈનું કામ પૂર્ણ થયેલ છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજનાની કેનાલની કુલ લંબાઈ ૯૦૩૮૯.૩૨૩ કિ.મી. માંથી જિલ્લાવાર નહેરની લંબાઈ અને પૂર્ણ થયેલ નહેરની લંબાઈ નીચે મુજબ છે.

| અ. | જિલ્લો | નહેરની | તા. ૩૧-૧૨- |
|---|---|---|---|
| ૧ | નર્મદા | ૮૪૯ | ૭૫૭ |
| ૨ | વડોદરા | ૧૧૪૩૪ | ૮૮૫૩ |

| | | | |
|---|---|---|---|
| ૨ | વડોદરા | ૧૧૪૩૪ | ૮૮૫૩ |
| ૩ | ભરૂચ | ૬૦૪૫ | ૩૨૫૩ |
| ૪ | પંચમહાલ | ૨૨૧.૯૦ | ૨૧૧.૯૦ |
| ૫ | ખેડા | ૧૪૭૧.૩૪ | ૧૧૦૭.૩૦ |
| ૬ | આણંદ | ૩ | ૦ |
| ૭ | ગાંધીનગર | ૫૮૧.૨૮ | ૪૪૯.૨૮ |
| ૮ | અમદાવાદ | ૧૩૮૨૬.૮૭૯ | ૧૯૭૯.૨૧૪ |
| ૯ | મહેસાણા | ૨૪૭૩.૩૫૬ | ૪૪૫.૩૫૬ |
| ૧૦ | સુરેન્દ્રનગર | ૨૨૪૦૪ | ૨૪૯ |
| ૧૧ | પાટણ | ૮૯૯૨.૪૪૬ | ૧૬૨.૪૪૬ |
| ૧૨ | બનાસકાંઠા | ૭૬૭૫.૧૨૨ | ૧૦૩.૪૬૫ |
| ૧૩ | ભાવનગર | ૪૨૦૩ | ૨૩ |
| ૧૪ | રાજકોટ | ૧૪૧૮ | ૪૨ |
| ૧૫ | કચ્છ | ૮૭૯૧ | ૧ |
| | કુલ લંબાઈ... | ૯૦૩૮૯.૩૨૩ | ૧૭૬૩૬.૯૬૧ |

(૨) કેનાલ નેટવર્કના કામો પાછળ તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ થયો છે ?

(૨) કેનાલ નેટવર્કના કામો પાછળ તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર થયેલ ખર્ચ

(રૂા. કરોડમાં )

| અ.નં. | પુરા થતાં વર્ષનો સમયગાળો | યુનિટ-૨ મુખ્ય નહેર | ગૃપ-૪ શાખા અને વિતરણ નહેરો |
|---|---|---|---|
| ૧ | ૩૧-૧૨-૨૦૦૫ | ૧૬૩.૨૫ | ૫૭૪.૧ |
| ૨ | ૩૧-૧૨-૨૦૦૬ | ૧૨૪.૮૮ | ૫૭૬.૪૯ |
| ૩ | ૩૧-૧૨-૨૦૦૭ | ૨૦૦.૪૦ | ૩૭૨.૭૯ |
| | કુલ... | ૪૮૮.૫૩ | ૧૫૨૩.૩૮ |

------------

**કચ્છ જિલ્લામાં યોજાયેલ લોક અદાલતો**

૭૮૦ **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલી લોક અદાલતો ભરવામાં આવી, | (૧) આ સાથે સામેલ પત્રક-અ મુજબ |
| (૨) આ લોક અદાલતોમાં કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો અને કેટલા કેસો પડતર રહયા, અને | (૨) આ સાથે સામેલ પત્રક-બ મુજબ |
| (૩) આ પડતર કેસોના નિકાલ માટે રાજ્ય સરકારે શું આયોજન કર્યુ ? | (૩) વખતોવખત લોક અદાલતો યોજીને. |

**પત્રક-અ**

તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર ભરાયેલ લોક અદાલતો.

| ક્રમ | તાલુકાનું નામ | યોજાયેલ લોક અદાલતો |
|---|---|---|
| ૧. | ભૂજ | ૦૮ |
| ૨. | અંજાર | ૦૭ |
| ૩. | ગાંધીધામ | ૦૯ |
| ૪. | ભચાઉ | ૦૮ |
| ૫. | રાપર | ૦૬ |
| ૬. | માંડવી | ૦૬ |
| ૭. | મુન્દ્રા | ૦૬ |
| ૮. | નલીયા | ૦૮ |
| ૯. | નખત્રાણા | ૦૬ |
| | **કુલ...** | **૬૪** |

**પત્રક-બ**

લોક અદાલતોમાં નિકાલ અને પડતર રહેલ કેસોની સંખ્યા

| ક્રમ | તાલુકાનું નામ | મુકવામાં આવેલ કેસો | નિકાલ થયેલ કેસો | પડતર રહેલ કેસો |
|---|---|---|---|---|
| ૧. | ભૂજ | ૨૧૫૩ | ૧૯૩૪ | ૨૧૯ |
| ૨. | અંજાર | ૧૧૯૭ | ૧૦૫૯ | ૧૩૮ |
| ૩. | ગાંધીધામ | ૪૫૮૨ | ૪૦૬૧ | ૫૨૧ |
| ૪. | ભચાઉ | ૧૫૧૧ | ૧૦૨૫ | ૪૮૬ |
| ૫. | રાપર | ૭૦૬ | ૪૮૨ | ૨૨૪ |
| ૬. | માંડવી | ૪૩૯ | ૩૩૦ | ૧૦૯ |
| ૭. | મુન્દ્રા | ૪૩૩ | ૩૭૩ | ૬૦ |
| ૮. | નલીયા | ૨૪૮ | ૧૭૪ | ૭૪ |
| ૯. | નખત્રાણા | ૨૮૭ | ૨૬૪ | ૨૩ |
| | **કુલ...** | **૧૧૫૫૬** | **૯૭૦૨** | **૧૮૫૪** |

------------

**પંચમહાલ જિલ્લામાં ગ્રામ રક્ષક દળ અને ગૃહ રક્ષક દળના માણસોની સંખ્યા**

૭૮૩ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૦૭ સુધીની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં ગ્રામ રક્ષક અને ગૃહ રક્ષક દળમાં કામ કરતા માણસોની સંખ્યા કેટલી છે,

(૨) આ ગૃહ રક્ષક તથા ગ્રામ રક્ષકદળના કઈ કઈ જગ્યાએ યુનિટો ચાલે છે, અને આ યુનિટો કોની પરવાનગીથી ચાલુ છે,

(૩) આ યુનિટોમાં કુલ કેટલા માણસો કામ કરે છે, અને

(૪) આ માણસોને કેટલો પગાર તથા ભથ્થું તાલીમ તથા ફરજ દરમ્યાન ચુકવવામાં આવે છે ?

**જવાબ**

(૧) ૧. ગ્રામ રક્ષક દળની સંખ્યા કુલ : ૧૩૦૦
૨. ગૃહ રક્ષક દળની સંખ્યા કુલ : ૧૮૮૬

(૨) ૧. ગ્રામ રક્ષક દળના કુલ : ૧૧ તાલુકામાં યુનિટો ચાલુ સરકારશ્રીની મંજુરીથી.
૨. ગૃહ રક્ષક દળના કુલ : ૨૧ યુનિટો ચાલુ છે. કમાન્ડન્ટ જનરલશ્રી અમદાવાદની મંજૂરીથી ચાલુ છે.

(૩) ૧. ગ્રામ રક્ષક દળ કુલ : ૧૩૦૦ માણસો
૨. ગૃહ રક્ષક દળના કુલ : ૧૮૮૬ માણસો

(૪)

(૧) ગ્રામ રક્ષક દળના સભ્યો માનદ હોઈ પગાર ચૂકવવામાં આવતો નથી. પરંતુ માનદ વેતન ચૂકવવામાં આવે છે.

ગ્રામ રક્ષક દળના સભ્યોને રીફ્રેસર કેમ્પ દરમ્યાન રૂા. ૩૧/- તાલીમ ભથ્થું ચુકવવામાં આવે છે.

પ્રાથમિક કેમ્પ દરમ્યાન ભથ્થું ચુકવાતું નથી. ફરજ દરમ્યાન રૂા. ૩૧/- ફરજ ભથ્થું તથા વાહન ભથ્થું ચુકવવામાં આવે છે.

(૨) ગૃહ રક્ષક દળના સભ્યો માનદ્દ હોઈ પગાર ચુકવવામાં આવતો નથી. માનદ્દ ભથ્થું ચૂકવવામાં આવે છે. જે પ્રતિદિન ફરજ ભથ્થું રૂા. ૫૦/- (છ ક્લાક્ની ફરજ માટે) તથા યુનિટથી આઠ કિ.મી. દુર ની ફરજ માટે ફરજ ભથ્થું રૂા. ૫૦/- તથા દૈનિક ભથ્થું રૂા. ૫૫/- તથા આવવા જવાનું પ્રવાસ ભથ્થું તથા પરેડ દીઠ રૂા. ૧૪/- ચૂકવવામાં આવે છે. તાલીમ દરમ્યાન દૈનિક ભથ્થું રૂા. ૫૫/- અને રૂા. ૧૬/- મેસીંગ ચાર્જીસની રકમમાંથી રહેવા જમવાની વ્યવસ્થા કરવામાં આવે છે. રોકડમાં ચુક્વણી થતી નથી.

------------

**રાજ્યની અદાલતોમાં કોર્ટ કેસોના નિકાલ અંગે**

૫૫૫ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્ય ક્ક્ષા) જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| રાજ્યની કોર્ટીમાં છેલ્લા ત્રણ વર્ષોમાં કુલ કેટલા કેસોનો વર્ષવાર નિકાલ કરવામાં આવ્યો ? | રાજ્યની કોર્ટીમાં<br>વર્ષ ૨૦૦૫માં કુલ : ૧૨,૭૧,૯૯૫<br>વર્ષ ૨૦૦૬માં કુલ : ૨૫,૮૭,૨૬૮<br>વર્ષ ૨૦૦૭માં કુલ : ૧૭,૦૨,૮૬૩<br>કેસોનો નિકાલ કરવામાં આવ્યો. |

------------

## શોકદર્શક ઉલ્લેખો

**સૌરાષ્ટ્ર વિધાનસભાના પૂર્વ સભ્ય ડો. જયંતીલાલ નરભેરામ પારેખ તથા ગુજરાત રાજયના પૂર્વ મંત્રીશ્રી ઉકાભાઈ સીદીભાઈ ઝાલાના અવસાન અંગે**

**સૌરાષ્ટ્ર વિધાનસભાના પૂર્વ સભ્ય ડો. જયંતીલાલ નરભેરામ પારેખના અવસાન અંગે**

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (સભાગૃહના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે સૌરાષ્ટ્ર વિધાનસભાના પૂર્વ સભ્ય ડો. જયંતીલાલ નરભેરામ પારેખનું તારીખ ૧૦ મી ફેબ્રુઆરી, ૨૦૦૮ ના રોજ ૯૫ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ ડો. પારેખનો જન્મ ૩ જી જૂન, ૧૯૧૨ ના રોજ મોરબીમાં થયો હતો. તેઓશ્રી તબીબી વ્યવસાય સાથે સંકળાયેલ હતા.

સ્વ. ડો. પારેખ મોરબી રાજયના સમયમાં એક માત્ર ખાનગી બેંક, મોરબી મર્કેન્ટાઈલ બેંકના માલિક અને ભાગીદાર હતા. સ્વર્ગસ્થ ડો. પારેખ સ્વરાજ પ્રાપ્તિ પહેલાંના અને સ્વરાજ પછીના આશરે દોઢ દાયકા સુધી સૌરાષ્ટ્રની મહાજન પરંપરાના અગ્રણી રહયા હતા. તેઓશ્રીએ સૌરાષ્ટ્ર વિધાનસભામાં મોરબી વિસ્તારના ધારાસભ્ય તરીકે ચૂંટાઈ લોકપ્રતિનિધિત્વ કર્યુ હતું. ૧૯૫૨ ની સંસદની પેટા ચૂંટણીમાં મોરબી વાકાનેર સહિતના ઝાલાવાડની તે વખતની સંસદની બેઠક ઉપરથી તેઓશ્રી બિનહરીફ ચૂંટાયા હતા અને પોતાના વિસ્તારમાં લોકહિતનાં કામો કરી પ્રજાના પ્રશ્નોને વાચા આપી હતી.

તેઓશ્રી ઉદાર દાનવીર હતા. તેઓશ્રીએ વિનામૂલ્યે દવાખાના ચલાવી જનસેવાનું કાર્ય કર્યુ હતું. રાષ્ટ્રીય શાળા, રાજકોટને તેઓશ્રીનું આર્થિક યોગદાન અને સતત માર્ગદર્શન મળતાં રહયાં હતાં.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યો છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત રાજયના પૂર્વ મંત્રીશ્રી ઉકાભાઈ સીદીભાઈ ઝાલાના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત રાજયના પૂર્વ મંત્રીશ્રી ઉકાભાઈ સીદીભાઈ ઝાલાનું તારીખ ૨૯ મી જાન્યુઆરી, ૨૦૦૮ ના રોજ ૮૨ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી ઝાલાનો જન્મ ૧૩ મી મે, ૧૯૨૬ ના રોજ ઉના તાલુકાના ખાપટ ગામે થયો હતો. તેઓશ્રી ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી ઝાલાએ જુદી જુદી સહકારી બેંકો, સહકારી મંડળીઓ અને સહકારી સંસ્થાઓમાં ડિરેકટર તરીકે અમૂલ્ય યોગદાન આપ્યું હતું. અનેક સામાજીક અને શૈક્ષણિક સંસ્થાઓમાં ટ્રસ્ટી તરીકે પણ તેઓશ્રી કાર્યરત રહયા હતા.

સ્વર્ગસ્થશ્રી ઝાલાએ છઠ્ઠી અને સાતમી ગુજરાત વિધાનસભામાં રાજયના ઉના મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ હતું અને પોતાના વિસ્તારનાં કામો કરી પ્રજાના પ્રશ્નોને વાચા આપી હતી. તેઓશ્રીએ ૧૧ મી માર્ચ, ૧૯૮૫ થી ૫ મી જુલાઈ, ૧૯૮૫ સુધી રાજયકક્ષાના સહકાર મંત્રી તરીકે પણ સેવાઓ આપેલ હતી.

તેઓશ્રીએ અમેરિકા, કેનેડા, જમૈકા અને કયુબાનો પ્રવાસ કર્યો હતો.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યો છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી માફરત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભાગૃહના નેતાશ્રી જે શોકદર્શક ઉલ્લેખો લઈને આવ્યા છે તેમાં હું પણ મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ડો. જયંતીલાલ નરભેરામ પારેખનું ૯૫ વર્ષની વયે અવસાન થયું છે. સમાજમાં જે સમયે નાના માણસોને પગભર થવા માટે પૈસા જોઈતા હોય તો એના માટેની કોઈ વ્યવસ્થા નહોતી એવા સમયે મર્કન્ટાઈલ બેંકની સ્થાપના કરીને સમાજમાં નાના માણસોને બેંકની સુવિધા મળી શકે એ પ્રકારની વ્યવસ્થાના પ્રણેતા આજે આપણી વચ્ચે રહયા નથી. લોકસભામાં ઝાલાવાડની બેઠક ઉપરથી બિનહરીફ ચૂંટાઈને સતત લોકસેવાનું કામ કરતા સ્વર્ગસ્થ શ્રી જયંતીલાલ આજે આપણી વચ્ચે રહયા નથી ત્યારે તેમના પરિવારજનોમાં આવી પડેલ દુઃખની ઘડીમાં હું તેમને શોકાંજલિ પાઠવીને મારી દિલસોજી પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના પૂર્વ સભ્યશ્રી ઉકાભાઈ ઝાલા તેમને એક સાચા જનસેવકની વ્યાખ્યા આપણે કહી શકીએ એ રીતે જીવન જીવી ગયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, એમની સાથે જુની જમીન વિકાસ બેંકના નામથી ઓળખાતી અને આજની ગ્રામીણ કૃષિ વિકાસ અને સહકારી બેંકમાં સાથે કામ કરવાનો મને મોકો મળ્યો હતો. નાના અને સીમાન્ત ખેડૂતોની સતત ચિંતા એમના હ્રદયમાં રહેતી હતી. ધનપતિ ધનપતિ થયા કરે અને શ્રીમંત ખેડૂતની ચિંતા એમ નહીં, પણ નાના અને સીમાન્ત ખેડૂતો અને શ્રીમંત ખેડૂતો વચ્ચેની ખાઈ કેમ ઓછી થાય તેની સતત ચિંતા કરતા હતા. છેલ્લા ઘણા સમયથી શારીરિક મુશ્કેલીઓનો સામનો કરતા હતા, પરંતુ આત્મબળને ટકાવી રાખ્યું હતું. દ્રષ્ટિ્ર ગુમાવી હતી. બન્ને આંખો ગઈ હતી, છતાં થોડો અવાજ થાય તો પણ નામથી બોલાવે અને સ્વાર્થની કોઈ વાત નહીં પરમાર્થની ચિંતા કરતા એક પ્રજાના પ્રતિનિધિ કહેવાય તેવા સ્વર્ગસ્થ ઉકાભાઈના જવાથી સમાજને અને જાહેર જીવનને બહુ મોટી ખોટ પડી છે. એમના પરિવારજનો પર આવી પડેલું દુઃખ સહન કરવાની પ્રભુ શકિત આપે અને એમના આત્માને ચીર શાંતિ અર્પે એવી પ્રાર્થના સાથે હું એમને શોકાંજલિ અર્પુ છું.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહના નેતાશ્રી જે શોકઠરાવ લાવ્યા છે અને વિરોધપક્ષના નેતાશ્રીએ જેમાં પોતાનો સૂર પુરાવ્યો છે તેમાં હું પણ મારો સૂર પુરાવું છું. સ્વર્ગસ્થ જયંતિભાઈ પરીખ મુળ મોરબીના વતની હતા. જાહેર જીવનમાં એમણે એવી સેવા કરેલી કે લોકો એમને કયારેય ભૂલી શકશે નહીં, મને ઘણી વાર એમને મળવાનો મોકો મળેલો, ત્યારે એમની પાસે બે-બે કલાક બેસીએ ત્યારે ઘણું બધું મોરબી માટે અને ગુજરાત માટે કરવાની એમની ભાવના હતી. અને એ અંગે તેઓ સલાહ સૂચનો આપતા, બીજું મેડીકલ સેવાઓ એમણે જે આપેલી, અને કાયમ માટે ફ્રી દવાઓની સેવા આપેલી, એમના પરિવારજનોએ સમગ્ર મોરબી માટે અને સમગ્ર ગુજરાત માટે એમને જે લાગણી હતી તેના લીધે એમના જવાથી સમગ્ર ગુજરાતને જે ખોટ પડી છે તે કયારેય પૂરી શકાય નહીં તેવી ખોટ છે. હું સમગ્ર સભાગૃહ વતી એમને શોકાંજલિ અર્પુ છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ(ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહના નેતાશ્રી, પૂર્વધારાસભ્ય સ્વર્ગસ્થ જયંતિભાઈ પરીખ અને ઉકાભાઈ ઝાલાના અવસાન અંગે જે શ્રદ્ધાંજલિ અર્પતો ઠરાવ લાવ્યા છે અને વિરોધપક્ષના નેતાશ્રીએ જેને અનુમોદન આપ્યું છે તેમાં હું પણ મારો સૂર પુરાવું છું. મોરબીમાં જયંતિભાઈ પરીખનું નામ લોકો આજે પણ માનવીય અભિગમ, અને એમની મૂલ્યનિષ્ઠા માટે યાદ કરે છે. સ્વર્ગસ્થ ઉકાભાઈ ઝાલા સાથે છઠ્ઠી વિધાનસભામાં કામ કરવાનો મને મોકો મળ્યો હતો, અને ઉકાભાઈને અમે ઉકાબાપા કે ઉકા કાકાના હુલામણા નામથી ઓળખતા હતા. જમીન વિકાસ બેંકમાં એમનું ગુજરાતમાં વિશેષ પ્રદાન રહ્યું હતું. ઉનાની સુગર ફેકટરીને પુનઃજીવિત કરવા માટે એમણે ખૂબ જહેમત ઉઠાવી હતી. અને સૌરાષ્ટ્રમાં એક ખૂબ જ જીવંતતા સાથેના આગેવાનની સ્મૃતિ એમના પરિચયમાં આવેલાને હંમેશા રહી છે. તેઓ શિસ્તના આગ્રહી હતા, જમીન વિકાસ બેંકમાં કોઈપણ પ્રકારની લાગવગ લઈને કોઈ આવે તો તેઓ સ્પષ્ટ કહેતા કે આ બેંક ખેડૂતોના હિતની બેંક છે. કોઈના સ્થાપિત હિતો માટેની બેંક નથી. એટલી ચોક્કસાઈ રાખવા વાળા સદ્‌ગત ઉકાભાઈ અને સદ્‌ગત જયંતિભાઈને મારા તરફથી શોકાંજલિ અર્પુ છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતાશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે અને અમારા માનનીય નેતાશ્રીએ જેમાં સૂર પુરાવ્યો છે તે બન્ને શોકઠરાવોમાં હું મારો સૂર પુરાવું છું. ડોકટર જયંતિભાઈ પરીખ માત્ર ઉમદા રાજ નીતિજ્ઞ નહોતા, ઉમદા સમાજ સેવક અને ઉમદા ડોકટર પણ હતા. હું લખધીરજી એન્જિનિયરીંગ કોલેજમાં વિદ્યાર્થી હતો તે વખતે એમના પરિવારજનોએ સ્થાપેલી હોસ્ટેલના રૂમમાં હું રહ્યો છું. એટલું જ નહીં પરંતુ હોસ્ટેલના વિદ્યાર્થી તરીકે તેઓનું ડોકટરના નાતે જે વ્યકિતત્વ હતું તેના સંપર્કમાં પણ હું આવેલો હતો. તેના સંપર્કમાં પણ હું આવેલો છું. અત્યારે ખાસ કરીને મૅડિકલ પ્રોફેશનલની અંદર મની પ્રૅક્ટિસનો જમાનો આવેલો છે. એ વખતે વિદ્યાર્થી તરીકે કોઈ બિમાર પડે અને એમની પાસે જાય તો એક રૂપિયા કરતાં વધારે દવા આપે નહિ. વિદ્યાર્થી તરીકે આપણે એમની પાસે વધારે દવાની માગણી કરીએ તો એ કહે કે તમારે વધારે દવાની જરૂર નથી. છતાં પણ વધારે દવાની જરૂર હોય તો હું નહિ આપું બીજા ડૉકટર પાસે જાવ. આ પ્રકારની એથીકલ પ્રૅક્ટિસ એમણે એમના જીવનમાં કરેલી. જાહેર જીવનમાં માણસો આવે રાજનીતિમાં આવે અને પછી રાજનીતિમાંથી નીકળી જાય તો એમના જીવનની અંદર કોઈ ખાલીપો લાગતો હોય તેવું જણાય પરંતુ ડૉકટર પરીખ એવું વ્યકિતત્વ હતા કે એ રાજનીતિથી નીકળી સમાજ જીવનમાં આવ્યા ત્યારે માત્ર મોરબીની જ સેવા કરી હતી એવું નહિ અત્યારે મૅડિકલ પ્રોફેશનલ છે એમાં આવા એક ઉમદા ડૉકટરની ખોટ પડી છે. વ્યકિતગત રીતે પણ વિદ્યાર્થી તરીકે હું પણ એમનો ખાલીપો અનુભવું છું.

સ્વ. મુરબ્બી ઉકાભાઈ ઝાલા અમારા જિલ્લાના સનિષ્ઠ આગેવાન હતા, મુરબ્બી હતા અને સહકાર અને ખેતીના ક્ષેત્રમાં એમનું ખૂબ જ પ્રદાન હતું આઝાદી પછી જે પેઢી ગામડાંમાંથી આવી એમાં એમનું પ્રતિનિધિત્વ હતું. તેઓ સહકારી બેંકના અધ્યક્ષ પણ રહ્યા હતા., ધારાસભ્ય પણ થયા અને મંત્રી પણ રહ્યા પરંતુ એના જીવનની અંદર એના વ્યકિતગત જીવનની અંદર એનાથી કોઈ ફેરફાર થયો નથી. એક સામાન્ય ખેડૂત હોય એ રીતે જીવનના છેલ્લા શ્વાસ સુધી રહ્યા. વ્યકિતગત રીતે અને જાહેર જીવનમાં એમના જવાથી ખૂબ મોટી ખોટ પડી છે. આપની મારફતે દિલસોજીનો સંદેશો એમના પરિવારને મોકલી આપવામાં આવે અને પરમ કૃપાળુ પરમાત્મા એમના આત્માને શાંતિ અર્પે એટલી વિનંતી સાથે વિરમું છું.

**અધ્યક્ષશ્રી :** ગૃહના નેતાશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા અને જેને વિરોધપક્ષના નેતાશ્રીએ અનુમોદન આપ્યું એમાં હું પણ મારો સૂર પુરાવું છું.

ગુજરાતની અસ્મિતા મહાજન પેઢીઓની છે. ગુજરાતની ઓળખ મહાજન છે, સ્વ. જયંતિભાઈ પરીખ એક મહાજન પરંપરાના શ્રેષ્ઠી હતા. સૌરાષ્ટ્ર વિસ્તારના લોક પ્રતિનિધિ તરીકે અને ત્યારબાદ તેઓ જે જીવન જીવ્યા એ આપણા માટે અને સમગ્ર ગુજરાતને માટે એક ગૌરવવંતુ જીવન જીવ્યા એ આ સભાગૃહના સૌ સભ્યશ્રીઓ જાણે છે. સ્વ. ઉકાભાઈ ઝાલાના હ્દયમાં ખેડૂત વસેલા હતા એમની સાથે મને પણ કામ કરવાની તક મળી હતી. તેઓશ્રીએ પણ આપણી વચ્ચેથી વિદાય લીધી છે. આ બંને સદ્‌ગતોને આ સભાગૃહ અંજલિ આપે છે. આપણે સૌ પોતાની જગ્યા ઉપર ઊભા થઈને બે મિનિટ મૌન પાળીએ. (થોડીવાર બાદ) સભાગૃહની આ લાગણી સદ્‌ગતના કુટુંબીજનોને મોકલી આપવામાં આવશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં પાટણની ઘટના અંગે ૧૦૮ અંતર્ગત સભા મોકૂફીનો પ્રસ્તાવ રજૂ કરવાની પરવાનગી માગી છે.

**અધ્યક્ષશ્રી** : એનો જવાબ આપી દીધો છે. નેક્સ્ટ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આપે પરવાનગી આપવી જોઈએ. પરવાનગી આપો એવી અમારી વિનંતી છે. ખૂબ અગત્યની બાબત છે અને ગઈકાલે આ સંસ્થા બંધ થઈ ગઈ છે એટલા માટે આપને વિનંતી કરું છું.

**અધ્યક્ષશ્રી** : નેક્સ્ટ, શ્રી વજુભાઈ વાળા....

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

### સન ૧૯૬૩ના ગુજરાત રાજય બાંહેધરી અધિનિયમ અન્વયેના પત્રકો

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૧૯૬૩ના ગુજરાત રાજ્ય બાંહેધરી અધિનિયમ અન્વયે-

(ક) રાજ્ય સરકારે સન ૨૦૦૬-૦૭ના વર્ષ દરમિયાન આપેલ બાંહેધરીની વિગત દર્શાવતું પત્રક.

(ખ) રાજ્ય સરકાર દ્વારા બાંહેધરી આપવાના કારણે સન ૨૦૦૬-૦૭ના વર્ષ દરમિયાન રાજ્યના એકત્રિત ભંડોળમાંથી ચૂકવાયેલ રકમોની વિગત દર્શાવતું પત્રક.

(ગ) બાંહેધરી આપનારની રૂએ સરકારે ચૂકવેલ રકમ પૈકી સન ૨૦૦૬-૦૭ના વર્ષ દરમિયાન જે તે સંસ્થાઓ/વ્યકિતઓએ ભરપાઈ કરેલ રકમની વિગત દર્શાવતું પત્રક તથા વિલંબ અંગેનું નિવેદન.

સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**પત્રકો અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

### ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ અધિસૂચના

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** :માનનીય અધ્યક્ષશ્રી, હું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવવા બાબતના અધિનિયમ અન્વયેની તા. ૧૯-૯-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક: જીએચયુ-૨૦૦૭(૧૩૯)-જીયુવી-૧૦૨૦૦૭-૨૩૮૬-ક સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ અનુમતિ મળેલ વિધેયક

**સચિવશ્રી :** માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાએ ચાલુ સત્રમાં પસાર કરેલ અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક ૧ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**વિધેયક સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

## અધ્યક્ષશ્રીની જાહેરાત

### નાણાકીય સમિતિઓ ઉપર સભ્યોની ચૂંટણીની ચૂંટણીના કાર્યક્રમ અંગે

**અધ્યક્ષશ્રી** : અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતી રાજ સમિતિની ચૂંટણી માટે હું નીચે મુજબનો કાર્યક્રમ ઠરાવું છું.

૧. નામ-નિર્દેશન પત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય : મંગળવાર તા. ૪-૩-૨૦૦૮ સાંજના ૬-૦૦ વાગ્યા સુધી.
૨. નામ-નિર્દેશન પત્રોની ચકાસણીની તારીખ, સમય અને સ્થળ : બુધવાર, તા. ૫-૩-૨૦૦૮ સાંજના ૫-૩૦ વાગ્યે, નાયબ સચિવશ્રી મહેન્દ્ર જે. પરમારની ચેમ્બરમાં.
૩. નામ-નિર્દેશન પત્રો પાછા ખેંચી લેવાની તારીખ અને સમય : શનિવાર, તા. ૧૫-૩-૨૦૦૮ સાંજના ૫-૦૦ વાગ્યા સુધી.
૪. મતદાન, જો જરૂરી બને તો તારીખ, સમય અને સ્થળ : પાછળથી જાહેર કરવામાં આવશે.

## ખર્ચના પૂરક પત્રકની રજૂઆત

### સન ૨૦૦૭-૦૮ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકની રજૂઆત

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૭-૦૮ના વર્ષ માટેના ખર્ચનું પૂરક પત્રક રજૂ કરવાની રજા લઉ છું.

**ખર્ચનું પૂરક પત્રક રજૂ કરવામાં આવ્યું.**

(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય વિપક્ષના નેતાશ્રી અને વિપક્ષના સભ્યશ્રીઓ, આપે જે ૧૦૮ની નોટિસ આપી છે તે અંગેનો જવાબ મેં આપને ગૃહ શરૂ થયું તે પહેલાં આપી દીધેલ છે. મારો જવાબ છે એ લોકસભા અને વિધાનસભાની સંસદીય પ્રણાલિકા અને પરંપરાઓના આધારે છે. એટલે હવે આપણે વિધાનસભાનું કામકાજ આગળ ચલાવીશું. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઝીરો અવર્સમાં, આપ અમને રક્ષણ આપો. આપ કાલે કહો , આજે બજેટ સાંભળવું હોય તો આવતી કાલે તક આપશો, એવી અમે આપની પાસે અપેક્ષા રાખીએ છીએ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ બેસી જાવ પછી હું કહુ. આ સભાગૃહની શરૂઆત થતાં પહેલાં નિયમ ૧૦૮ નીચે કેટલાક સભ્યોની નોટિસ મળી.હતી, એ નોટિસ મળી ત્યારે વિધાનસભાની અને લોકસભાની પરંપરાઓ જોઈ અને આજની બેઠક શરૂ થાય તે પહેલાં જે સભ્યોએ નોટિસ આપી હતી એમને એનો મેં જવાબ આપી દીધો છે. મારા જવાબ બાબતમાં કાંઈ પણ ચર્ચા કરવા માગતા હોય તો આજે રિસેસમાં આપણે સાથે મળીને કરીશું. (અંતરાય) વજુભાઈ.

## અંદાજપત્રની રજૂઆત

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૦૮-૨૦૦૯ ના નાણાકીય વર્ષ માટેનું અંદાજપત્ર રજૂ કરવા હું ઊભો થયો છું. (અંતરાય)

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : આજે બધી દીકરીઓને લઈને વાલીઓ સાહેબ નીકળી ગયા છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપણે આ ગૃહની અંદર નિયમોના આધારે ચર્ચા કરવાના છીએ. એ ચર્ચા ૧૦૧ નીચેનો પ્રસ્તાવ પણ આવે છે તેની તારીખ નક્કી કરીશું. (અંતરાય) હવે, નેકસ્ટ, વજુભાઈ.

**શ્રી વજુભાઈ વાળા** : આદરણીય અધ્યક્ષશ્રી, ગરવી ગુજરાતના ગૌરવવંતા (અંતરાય) સન્માનનીય સભાગૃહ સમક્ષ હર્ષની લાગણીઓ સાથે ...

(આ તબકકે વિરોધપક્ષના નેતાશ્રી સહિત કોંગ્રેસપક્ષના સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.)

**શ્રી વજુભાઈ વાળા :** માનનીય અધ્યક્ષશ્રી, હું વર્ષ ૨૦૦૮-૨૦૦૯ નું અંદાજપત્ર રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

**આદરણીય અધ્યક્ષશ્રી,**

ગરવી ગુજરાતના ગૌરવવંતા સન્માનનીય સભાગૃહ સમક્ષ હર્ષની લાગણીઓ સાથે વર્ષ ૨૦૦૮-૦૯નું અંદાજપત્ર રજૂ કરવા હું ઉપસ્થિત થયો છું. ભૂતકાળમાં **બાર વખત** અંદાજપત્ર રજૂ કરવાનો મને અવસર મળ્યો છે અને આજે ફરી એકવાર આ અવસર સાંપડયો છે તે માટે ગૌરવ અનુભવું છું.

જ્યારે હું અવસરની સંખ્યાનો ઉલ્લેખ કરું છું, ત્યારે એ બાબત અભિપ્રેત છે કે સ્થિર શાસનનું માહાત્મ્ય ગુજરાતના પ્રજાજનો જાણે છે. ગુજરાતે દેશ અને દુનિયામાં પોતાના વિકાસ થકી એક મોટું ફલક આવરી લીધું છે. જેના મૂળમાં શાસનની સ્થિરતા, નીતિઓની સ્પષ્ટતા અને વિકાસના ધ્યેયની પ્રાપ્તિનો દ્રષ્ટિકોણ રહેલ છે. ગુજરાતના રાજકીય અને સામાજિક પ્રવાહો એ સ્પષ્ટ કરી રહ્યા છે કે રાજ્યના સામાન્ય માનવીને વિકાસમાં અને તે માટેના અમારા સંકલ્પો અને પ્રયત્નોમાં શ્રધ્ધા બેઠી છે. નાનામાં નાનો માનવી પણ વિકાસ પ્રક્રિયામાં ભાગીદાર બનવા માંગે છે; કારણ, તેને લાગ્યું છે કે સર્વાંગી વિકાસમાં ક્યાંક ને ક્યાંક તે લાભાર્થી તરીકે હકદાર બન્યો છે. ગુજરાતની પ્રજાના આ પ્રતિભાવોએ અમારી સરકારને વિકાસના વિસ્તૃત થયેલા ફલકને વધુ વિસ્તારવા પ્રોત્સાહિત કર્યા છે.

સન ૨૦૧૦ માં ગુજરાત રાજ્ય પોતાની સ્થાપનાનાં ૫૦ વર્ષની પૂર્તિ પ્રસંગે સુવર્ણ જયંતી વર્ષ ઉજવી રહ્યું છે ત્યારે **માનનીય સભાગૃહ** આ અવસરને એક વિકાસનો અવસર બનાવવા અને રાજ્યની જનતાના વિકાસ માટેનું સુયોગ્ય વાતાવરણ સર્જવા પ્રતિબદ્ધતા દાખવશે તેવી મહેચ્છા હું આ સભાગૃહ સમક્ષ વ્યક્ત કરું છું.

ગુજરાતની સાડા પાંચ કરોડ પ્રજાની આશાના કિરણ એવા આ સભાગૃહનો આવો સંકલ્પ તેને ગરીબ માનવી સાથે લાગણીના તંતુથી જોડી, છેવાડાના માનવીના વિકાસ માટે આગળ વધવામાં અગ્રેસર કરશે. સરકાર અને સમાજ દ્વારા આવનારા દિવસોમાં કેટલાક એવા સોનેરી સંકલ્પો થાય કે જેના થકી સુવર્ણ જયંતીની ઉજવણી એ માત્ર સરકારી કાર્યક્રમ ન બની રહેતાં સમગ્ર રાજ્ય માટે વિકાસનો એક મહામૂલો ઉત્સવ બની રહે.

સરકારના દરેક વિભાગો અને પ્રત્યેક સામાજિક, નૈતિક અને સાંસ્કૃતિક સંગઠનો-સંસ્થાઓ નવા સંકલ્પો કરે તો આવા સુવર્ણ ધ્યેયો થકી સોના સ્વર્ણિમ સપનાં સાકાર થાય. પડકાર મોટો છે છતાં આ માનનીય સભાગૃહ એક નવા સામર્થ્ય સાથે તે ઉપાડી લેશે તેવા વિશ્વાસ સાથે હું પ્રગતિશીલ અને પ્રજાલક્ષી અંદાજપત્ર રજૂ કરતા આનંદ અનુભવું છું.

યુનાઇટેડ નેશન ડેવલપમેન્ટ પ્રોગ્રામ દ્વારા વિશ્વના માનવ વિકાસ સૂચકાંક (હ્યુમન ડેવલપમેન્ટ ઇન્ડેક્ષ-HDI) અંગેનો રિપોર્ટ તૈયાર કરે છે. આ સૂચકાંકમાં મુખ્યત્વે જન્મ સમયે આયુ મર્યાદા, સાક્ષરતા દર અને શાળા પ્રવેશ દર તેમજ માથાદીઠ આવક એ ત્રણ પાસાઓનો સમાવેશ થાય છે. વિશ્વમાં આ સૂચકાંકની દ્રષ્ટિએ ભારતનો ક્રમ ૧૨૮ ઉપર છે. ૨૧મી સદી, એ હિન્દુસ્તાનની સદી હોય તેવી જો આપણે વાતો કરતા હોઇએ તો આવી દયનીય સ્થિતિમાંથી આ દેશને બહાર લાવવો જ રહ્યો. ગુજરાત પૂરતું આપણે આ દિશામાં કાંઇક નક્કર કરવું જ જોઇએ.

રાજ્યની વિકાસ પ્રક્રિયા માનવ વિકાસ સૂચકાંકમાં વૃદ્ધિ લાવવા તરફની હશે એમ કહીએ છીએ ત્યારે એ વાત ખાસ નોંધનીય છે કે, અમે સામૂહિક વિકાસના પ્રયત્નો કરવા ધારીએ છીએ. વિકાસની એવી પ્રક્રિયા હાથ ધરવાનું આયોજન છે કે, જે થકી ગરીબો, અનુસૂચિત આદિજાતિ, અનુસૂચિત જાતિ, વિકસતિ જાતિ, મહિલાઓ વગેરેના જીવનની ગુણવત્તામાં સુધારો લાવી શકાય. ટૂંકમાં, માત્ર ઝડપી વિકાસ જ નહીં પરંતુ, વિશાળ પાયા ઉપર લાભદાયક અને સહુને સમાન તકો મળે તેની ખાતરી સાથેની વિકાસ પ્રક્રિયા (Inclusive Growth) એ અમારું ધ્યેય છે.

**માનનીય અધ્યક્ષશ્રી**, કૃષિ વિકાસ થકી ગ્રામીણ સમૃદ્ધિને બળવત્તર બનાવી, ઓદ્યોગિક વિકાસથી રોજગારીની તકો ઊભી કરીને માળખાકીય સુવિધાઓ દ્વારા વિકાસની ગતિ વધારવાની સાથોસાથ માનવ વિકાસના સૂચકાંકમાં પણ

ગુજરાતને સમૃદ્ધ દેશોની સરખામણીમાં લઇ જવા અમે મક્કમ ડગ પાડવા માંગીએ છીએ. અદના નાગરિક્નું જીવન ધોરણ સુધરે તે માટે **આહારમાં પોષક તત્ત્વો, પીવાનું શુદ્ધ પાણી, ગુણવત્તાપૂર્ણ શિક્ષણનો વ્યાપ** તેમજ **આરોગ્યની સુવિધાઓના** વિસ્તાર થકી માનવ વિકાસની પાયાની જરૂરિયાતો સંતોષીને માનવ વિકાસ સૂચકાંક ઊંચે લઇ જવાનો અમારો પ્રયાસ છે.

ભૂતકાળમાં શિક્ષણ માટે સરકારો અને સમાજ જાગૃત હોવા છતાં પ્રાથમિક શાળા ડ્રોપ આઉટ રેટની પરિસ્થિતિ ચિંતાજનક હતી, પરંતુ **સાક્ષરતા અભિયાન**ના અમારા પ્રયાસો થકી આ ડ્રોપ આઉટ રેટ જે સન ૨૦૦૦-૦૧માં ૨૦.૫ ટકા હતો, તેમાં ધરખમ ઘટાડો કરીને લગભગ ત્રણ ટકા સુધી નીચો લાવી શક્યા છીએ. **ચિરંજીવી યોજના** થકી માતાઓ અને નવજાત શિશુઓની જિંદગી બચાવી શક્યા છીએ અને તેમના સ્વાસ્થ્યને જાળવી શક્યા છીએ. **બેટી બચાવો આંદોલન**થી સ્ત્રી-પુરુષના ચિંતાજનક ગુણોત્તરમાં આશાસ્પદ સુધારો લાવી શક્યા છીએ. આ બધું જ શક્ય બન્યું છે વિકાસને જનઆંદોલનમાં પરિવર્તિત કરવાના કારણે. જો આવાં કઠિન ક્ષેત્રોમાં ઉત્સાહજનક સિદ્ધિ મળી હોય તો ભવિષ્યમાં માનવ વિકાસના સૂચકાંક્ની બાબતે ગુજરાત દેશમાં ઉત્તમ પરિસ્થિતિ સર્જે એવી શક્યતાને પણ મૂર્તિમંત કરી શકાય.

**રાજ્યની વાર્ષિક યોજના**

વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માટેની વાર્ષિક યોજનાનું કદ **રૂા.૧૯,૦૩૦ કરોડ** નક્કી કરવામાં આવ્યું છે. જેની, સદરવાર ફાળવણી નીચે મુજબ છે.

(રૂ. કરોડમાં)

| ક્રમ | સદર | જોગવાઈ |
|---|---|---|
| ૧. | કૃષિ અને સલગ્ન પ્રવૃત્તિઓ | ૧,૨૪૯.૬૫ |
| ૨. | ગ્રામીણ વિકાસ | ૬૭૧.૯૬ |
| ૩. | ખાસ વિસ્તાર વિકાસ કાર્યક્રમ (BADP) | ૨૪.૨૦ |
| ૪. | સિંચાઈ અને પૂર નિયંત્રણ | ૫,૦૭૦.૨૦ |
| ૫. | ઊર્જા | ૭૫૦.૫૦ |
| ૬. | ઉદ્યોગ અને ખનિજ | ૭૬૨.૬૬ |
| ૭. | પરિવહન (વાહન વ્યવહાર) | ૧,૭૩૧.૭૦ |
| ૮. | વિજ્ઞાન, પ્રોદ્યોગિકી અને પર્યાવરણ | ૧૧૪.૦૦ |
| ૯. | સામાન્ય આર્થિક સેવાઓ | ૪૪૭.૬૫ |
| ૧૦. | સામાજિક સેવાઓ | ૮,૧૭૧.૪૨ |
| ૧૧. | સામાન્ય સેવાઓ | ૩૬.૦૬ |
|  | કુલ... | ૧૯,૦૩૦.૦૦ |

સદરવાર ફાળવણી કરતી વખતે **""સામાજિક સેવા""** ના સદરોને પર્યાપ્ત અગ્રતા આપવામાં આવી છે. સામાજિક સેવાના સદરો જેવા કે આરોગ્ય, શિક્ષણ, પીવાનું પાણી, આવાસન, પોષણ, સમાજ કલ્યાણ, મહિલા બાળ વિકાસ વિભાગ માટે **રૂા.૮,૧૭૧.૪૨ કરોડ** જેટલી ફાળવણી કરવામાં આવી છે.

નર્મદા યોજના માટે **રૂા.૩,૨૫૫ કરોડ**, સુજલામ્ સુફલામ્ યોજના માટે **રૂા.૮૧૭.૫૪ કરોડ**, મળી કુલ **રૂા.૪,૦૭૨.૫૪ કરોડ** જેટલી માતબર રકમ નર્મદાના નીરને રાજ્યના મહત્તમ ભાગમાં પહોંચતા કરવાના મનોરથ સાથે, રાજ્યના ખેડૂતોને સિંચાઈ માટે તથા રાજ્યના તમામ લોકોને પીવાનું શુદ્ધ પાણી ઉપલબ્ધ કરાવવાના હેતુથી ફાળવવામાં આવી છે. ગ્રામ યોજનાઓ માટે વર્ષ ૨૦૦૮-૦૯ માટે **રૂા.૬૭૧.૯૬ કરોડ** કરવામાં આવી છે. આજ હેતુસર વિકેન્દ્રિત જિલ્લા આયોજન માટે **રૂા.૨૬૬.૫૪ કરોડ** ફાળવણી કરવામાં આવી છે. રાજ્યના રસ્તાઓના વિકાસ માટે **રૂા.૧,૫૦૧ કરોડ** ફાળવણી કરવામાં આવી છે.

**રાજ્યનો આર્થિક વિકાસ દર**

સન ૧૯૬૦થી ૨૦૦૭ સુધીમાં થયેલી પંચવર્ષીય યોજનાઓમાં ગુજરાત દ્વારા લગભગ **રૂા.૧,૦૩,૬૨૦ કરોડ** ખર્ચી શકાયા હતા. તેની તુલનામાં અગિયારમી પંચવર્ષીય યોજનામાં રાજ્ય સરકારે **રૂા.૧,૦૬,૯૧૮ કરોડ** ફાળવ્યા છે. આ

હકીકત પોતે જ બોલે છે કે, ગુજરાતે કેટલી મોટી હરણફાળ ભરી છે અને કેટલો મોટો કૂદકો ભરવા સજ્જ છે. **દેશના વિકાસનો મંત્ર લઇ ચાલનારું ગુજરાત રાજ્ય આ પડકાર પણ ઉપાડી લેશે.**

સન ૨૦૦૭-૦૮ના રૂા.૧૬૦૦૦ કરોડની વાર્ષિક યોજનાની સામે આગામી વર્ષમાં **રૂા.૧૯,૦૩૦ કરોડ**ની જોગવાઇ કરવામાં આવેલ છે, જે **૧૮.૯૩ ટકા**નો વધારો સૂચવે છે. ગુજરાતે દસમી પંચવર્ષીય યોજનાના સમયગાળા માટે ૧૦.૨ ટકાના વૃદ્ધિ દર એશિયાના કોઇ દેશ કરતાં પણ વધુ પડકારરૂપ લક્ષ્યાંક અંદાજેલ. જેની સામે ગુજરાતે ગત પાંચ વર્ષના સમયગાળામાં અનેક વિટંબણાઓ વચ્ચે પણ **સરેરાશ ૧૦.૪ ટકાનો વૃદ્ધિ દર** હાંસલ કરેલ છે. જે ગુજરાતને દેશમાં અગ્રિમ હરોળમાં મૂકે છે. અગિયારમી પંચવર્ષીય યોજનામાં ૧૧.૨ ટકાનો વૃદ્ધિ દર હાંસલ કરવાનો, દેશનાં મોટાં રાજ્યોમાં સૌથી વધુ લક્ષ્યાંકનો પડકાર મૂકાયો છે. સન ૨૦૦૭-૦૮ના આગોતરા અંદાજો સૂચવે છે કે, ગુજરાત **૧૧.૩ ટકા**નો વૃદ્ધિ દર હાંસલ કરવા તરફ જઇ રહ્યું છે.

સન ૨૦૦૬-૦૭ દરમ્યાન રાજ્યનું એકંદર ઘરગથ્થુ ઉત્પાદન(GDP) રૂા.૨,૫૪,૫૩૩ કરોડ અંદાજવામાં આવેલ છે. જે સન ૨૦૦૫-૦૬ના સુધારેલ અંદાજ રૂા.૨,૧૯,૭૮૦ કરોડની સરખામણીમાં ૧૫.૮૧ ટકાનો વધારો દર્શાવે છે. સન ૨૦૦૭-૦૮ના ચાલુ દરે ઘરગથ્થુ ઉત્પાદનના આગોતરા અંદાજો **રૂા.૨,૯૨,૯૦૫ કરોડ** સૂચવે છે જે **૧૫.૦૮ ટકા**નો વધારો દર્શાવે છે.

**નિર્મળ ગુજરાત**

જનસુખાકારી માટે સ્વચ્છતાની આવશ્યક્તા પ્રતિપાદિત કરવા રાજ્ય સરકારે **નિર્મળ ગુજરાત** અભિયાન શરૂ કરેલ છે. આ અભિયાનનાં પ્રોત્સાહક પરિણામો મળ્યાં છે અને ચાલુ વર્ષ દરમિયાન ભારે વરસાદના કારણે સામાન્યત: ફાટી નીકળતા રોગચાળાના પ્રમાણમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. આ અભિયાનને વધુ સઘન અને અસરકારક બનાવવાના હેતુથી ગત વર્ષની રૂા.૧૬૮ કરોડની જોગવાઇ સામે **૫૫ ટકા વધારા** સાથે આગામી વર્ષમાં **રૂા.૨૬૧ કરોડ**ની જોગવાઇ સૂચવેલ છે.

**નિરોગી બાળક**

મને એ જણાવતાં સવિશેષ આનંદ થાય છે કે, અમારી સરકારે વર્ષ ૨૦૦૮ને **"નિરોગી બાળક"** વર્ષ તરીકે ઉજવવાનો નિર્ધાર કર્યો છે. આ ઉજવણીના પરિણામે **બાળ મૃત્યુ દર**માં ઘટાડો કરવાનું આયોજન છે. નિરોગી બાળકની વિભાવનાને શારીરિક, માનસિક અને સામાજિક સ્વસ્થતાના રૂપે સાકાર કરવા, બાળકોના માતાના ગર્ભથી માંડીને કુમારાવસ્થા સુધીના જીવન ચક્રને આવરી લેવાનું આયોજન છે. દરેક બાળકનો શારીરિક અને માનસિક વિકાસ યોગ્ય રીતે થાય તે માટે માતાની પૂર્વ પ્રસૂતિ સંભાળ, સંપૂર્ણ રસીકરણ, બાળકોના વિકાસની દેખરેખ, પર્યાપ્ત પોષણ, આરોગ્ય ચકાસણી અને સલામત તેમજ આરોગ્યપ્રદ વાતાવરણ જેવી બાબતો ઉપર ખાસ ધ્યાન આપવાનું આયોજન કર્યું છે.

**શિક્ષણ**

રાજ્યની ઉછરતી પેઢીને આપવાના શિક્ષણનું મહત્ત્વ સમજીને રાજ્ય સરકારે જરૂરી હાર્ડવેર અને સોફ્ટવેર પુરું પાડયું છે. જેમ કે, શાળાઓની સંખ્યા, શાળાઓના રૂમ વધારવા ઉપરાંત શાળાઓમાં ૩૫૯૪૬ સ્વચ્છતા સંકુલ બનાવવામાં આવ્યા છે. ૮૩**000** વિદ્યાસહાયકોની નિમણૂકો કરવાનું મોટું કામ કર્યું છે તથા બીજા **૧૧000** વિદ્યાસહાયકોની નિમણૂકો માટે અંદાજપત્રમાં જરૂરી જોગવાઇઓ કરેલ છે. પરિણામે પ્રાથમિક શાળાઓમાં **ડ્રોપ આઉટ રેટ** સુધરીને લગભગ **૩ ટકા સુધી** નીચો આવેલ છે તથા **૯૯ ટકા** જેટલો ઊંચો **પ્રવેશ દર** હાંસલ કરી શકાયો છે અને રાજ્યના ૧૦૦ ટકા પ્રવેશના નિર્ધારને બળ મળ્યું છે.

રાજ્યનું વિશાળ યુવાધન આધુનિક યુગ માટે તૈયાર થાય, આધુનિક વિશ્વની તમામ શક્યતાઓ અને તકોનો લાભ મેળવી શકે, ઓદ્યોગિક અને વૈજ્ઞાનિક પ્રવાહોમાં તેનો પૂરતો વિકાસ થાય અને યુવાધનને તેની ઉદ્યમશીલતાનું સમર્થન મળે જેથી તેનો રાષ્ટ્ર નિર્માણમાં સદુપયોગ થઇ શકે તે હેતુથી શિક્ષણ વિભાગે વિવિધ પ્રકારનું આયોજન કરેલ છે.

આ માટે નવી ટેક્નોલોજિકલ યુનિવર્સિટીની રચના કરવામાં આવી છે, જેમાં આઇ.આઇ.ટી. સમકક્ષ અભ્યાસક્રમો જુલાઇ, ૨૦૦૮થી દાખલ કરાવવાનું આયોજન છે. પ્રથમવાર વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૧,૦૬,૦૦૦ સુધી પહોંચતા ટેકનિકલ શિક્ષણ પૂરું પાડતી વધુ સંસ્થાઓ ઊભી કરવાનું મોટા પાયે આયોજન છે.

આજના યુગમાં અંગ્રેજી જ્ઞાનનો અભાવ રાજ્યના વિદ્યાર્થીઓને સાલે નહીં તે માટે સ્કોપ કાર્યક્રમ હેઠળ ૧૫થી ૩૫ વર્ષના યુવાધનને અંગ્રેજીની તાલીમ આપી રોજગારીની તકો વધારવાનું આયોજન છે.

- શિક્ષણ વિભાગ હેઠળની સન ૨૦૦૭-૦૮ની રૂા.૧૦૭૦.૧૨ કરોડની જોગવાઇ સામે **આગામી વર્ષ માટે ૨૬ ટકાનો વધારો કરી સૂચિત જોગવાઇ રૂા.૧૩૪૯ કરોડ.**

- પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણ અને પીવાના પાણીની સુવિધા માટેની સૂચિત જોગવાઇ **રૂા.૪૩ કરોડ.**

- શાળાઓને કોમ્પ્યુટરથી સજ્જ કરવા માટેની સૂચિત જોગવાઇ **રૂા.૮૫ કરોડ.**

- અત્યંત મહત્ત્વાકાંક્ષી **વનબંધુ અને સાગરખેડૂ કલ્યાણ યોજનાઓ**નો સમાવેશ કરી, **૨૦૩ માધ્યમિક** અને **૨૨૨ ઉચ્ચતર માધ્યમિક શાળા**ઓ રાજ્યભરમાં ખોલવા માટે જોગવાઇ કરવામાં આવી છે.

- ગુજરાત રાજ્યના ઔદ્યોગિક વિકાસને ધ્યાનમાં લઇને તેમજ વિદ્યાર્થીઓને સંશોધન અને વિકાસની પૂરતી તકો મળે તે માટે આઇ.આઇ.એમ., ઇસરો, પી.આર.એલ., એન.આઇ.ડી તથા એન.આઇ.એફ.ટી. જેવી સંસ્થાઓ અમદાવાદમાં શૈક્ષણિક અને સંશોધનાત્મક કાર્ય કરી રહી છે તે મુજબ ગુજરાતમાં આઇ.આઇ.ટી. કોલેજની ખાસ જરૂરિયાત લક્ષમાં લઇ રાજ્ય સરકારે પ્રથમ તબક્કે મુંબઇ આઇ.આઇ.ટી.નું એક્ષટેન્શન સેન્ટર ચાંદખેડા ખાતે શરૂ કરેલ છે.

- સ્નાતક કક્ષાએ ૧૯૬૦ અને ડિપ્લોમા કક્ષાએ ૨૫૦૫ બેઠકોનો વધારો- ઇજનેરી, ફાર્મસી અને આર્કિટેક્ચર હેઠળ સૂચવવામાં આવ્યો છે.

- વિદ્યાર્થીઓનો ઉદ્યોગો સાથે સતત સંપર્ક રહે તથા તેઓને પ્રત્યક્ષ અનુભવ મળી રહે તે માટે જી.આઇ.ડી.સી. વિસ્તારોમાં ૧૦૦ પોલિટેકનિક એક્ષટેન્શન સેન્ટર સ્થાપવામાં આવશે.

- પછાત વિસ્તારોમાં **દસ નવી કોલેજો** સ્થાપવાનું સૂચવેલ છે.

**આરોગ્ય**

માનવ સુખાકારીનો સાચો માપદંડ, એ કેટલું જીવ્યો તેના પર નહીં પણ એ કેવું જીવ્યો એના પર આધારિત છે. આ દિશામાં ગુજરાતે પ્રસૂતા માતાઓની સલામતી માટે અમલમાં મૂકેલ **ચિરંજીવી યોજના** દેશભરમાં એક અનોખી પહેલનું ઉદાહરણ છે. **માન. મુખ્યમંત્રીશ્રી**એ રાજ્યના સર્વાંગીણ વિકાસનું જે અભિયાન આદર્યુ છે તેના ભાગરૂપે આરોગ્ય વિભાગ દ્વારા આરોગ્ય સેવાઓની ગુણવત્તા સુધારણાનો સઘન કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે. અકસ્માત સમયે ત્વરિત સહાય મળે તો મહામૂલી જિંદગી બચી શકે છે તે વિચારને કેન્દ્ર સ્થાને રાખી શરૂ કરવામાં આવેલ તાકીદના પ્રસંગોએ **વિનામૂલ્યની ઇમરજન્સી સેવા ૧૦૮** રાજ્યમાં સર્વત્ર આવકાર પામી રહી છે. વિનામૂલ્યે ઇમરજન્સી સેવા માટે આજે ૧૦૮ નંબર લોકજીભે સંભળાય છે. ટૂંકા ગાળામાં અનેકોની જિંદગી બચાવવામાં મદદગાર ૧૦૮ની સેવાઓ રાજ્યના સેવાકીય ક્ષેત્રની ગુણવત્તાઓમાં ઉમેરો કરે છે. તેને સમગ્ર રાજ્યમાં વિસ્તારવા માટેની સૂચિત જોગવાઇ **રૂા. ૧૨ કરોડ.**

આગામી સમયમાં બાળ અને પ્રસૂતા માતાઓનો મૃત્યુદર ઘટાડવાની સાથોસાથ આદિવાસી અને દક્ષિણ ગુજરાત વિસ્તારમાં પ્રસરતા અનુક્રમે **સિકલસેલ એનિમીયા** અને **લેપ્ટોસ્પાયરોસીસ** જેવા જીવલેણ રોગોને નાથવા સઘન અભિયાનનું આયોજન છે.

આરોગ્ય સેવાઓનું માળખું ગ્રામીણ વિસ્તાર સુધી વિસ્તરે તે માટે અદ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ કરી ટેલીમેડિસીન જેવી સેવાઓ શરૂ કરવાનું પણ આયોજન છે.

આગામી વર્ષે **નિરોગી બાળક અભિયાન** થકી એક બીજી વિશિષ્ટ પહેલ શરૂ થઇ રહી છે, તેની સાથોસાથ માનવ વિકાસ સૂચકાંક્નાં ધોરણો અનુસાર ગુજરાત ભારતનું જ નહીં પણ વિશ્વના અન્ય વિકસિત રાષ્ટ્રોની હરોળમાં ઊભું રહે તે દિશામાં અમારો પ્રયત્ન રહેશે. આ રીતે અમે શતમ્ જીવમ્ શરદઃ ની ભાવના સાકાર કરવા તરફ આગળ વધવા માગીએ છીએ.

રાજ્યમાં જાહેર હેલ્થ પ્રોફેશનલ્સનુ. આંતરમાળખાકીય પુલ બનાવવા માટે અને આરોગ્ય ક્ષેત્રે કામ કરતા કર્મશીલોની કાર્યશેલી અને અભિગમમાં મૂળભૂત પરિવર્તન લાવવાના હેતુથી મેનેજમેન્ટ ક્ષેત્રની આઇ.આઇ.એમ. જેવી મહત્ત્વની એક સંસ્થા, રાજ્ય સરકાર અને પબ્લિક હેલ્થ ફાઉન્ડેશન ઓફ ઇન્ડિયાએ સંયુક્ત રીતે સ્થાપવાનું નક્કી કરેલ છે. રાજ્ય સરકારે આ પ્રોજેક્ટ માટે ગાંધીનગર ખાતે ૫૦ એકર જમીન ફાળવેલ છે. જૂન, ૨૦૦૮થી આ સંસ્થામાં ટૂંકા ગાળાના અભ્યાસક્રમો શરૂ કરવાનું આયોજન છે અને ગુજરાતમાંથી આવતા ઉમેદવારોના પ્રવેશ માટે ખાસ જોગવાઇ કરાઇ છે. આ પ્રોજેક્ટ માટેની સૂચિત જોગવાઇ **રૂા. ૨૦ કરોડ.**

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર હેઠળની વડોદરા, ભૂજ અને રાજકોટ ખાતેની પ્રયોગશાળાઓને માટે ૨૦૦૮-૦૯ના વર્ષમાં નેશનલ એક્રેડીટેશન બોર્ડ ફોર ટેસ્ટીંગ એન્ડ કેલીબ્રેશન લેબોરેટરીઝ (એન.એ.બી.એલ.) પ્રમાણપત્ર મેળવવા અંગે સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે. દેશભરમાં આ પ્રકારનું પ્રમાણપત્ર મેળવનાર ગુજરાત રાજ્યની આ પ્રથમ સરકારી પ્રયોગશાળા બનશે.

**વનબંધુ યોજના** અંતર્ગત રાજ્યના આદિવાસી વિસ્તારમાં ફિઝીયોથેરેપી કોલેજ શરૂ કરવાનું વિચાર્યું છે.

વિકસતી જતી હોસ્પિટલ નેટવર્કની વ્યવસ્થા સારી રીતે થઇ શકે તે માટે યોગ્ય તાલીમ પામેલ મેનેજરો ઉપલબ્ધ કરાવવા ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ખાતે હોસ્પિટલ મેનેજમેન્ટમાં અનુસ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ શરૂ કરવાનું આયોજન છે.

રાજ્ય સરકાર **આયુષ** (આયુર્વેદ, યોગ, યુનાની, સિદ્ધ અને હોમિયોપેથિક) પ્રેક્ટિશનર્સ અને ગુણવત્તા ધરાવતાં આયુર્વેદિક ઔષધો દ્વારા લોકોની તંદુરસ્તી જળવાય તે માટે કટિબદ્ધ છે. રાજ્યમાં આવેલ સરકારી આયુર્વેદિક ફાર્મસીઓ દ્વારા ઉત્પાદિત તમામ દવાઓની ગુણવત્તા સુધારીને સરકારી આયુર્વેદિક હોસ્પિટલ અને દવાખાનાઓમાં મોકલવાનું આયોજન કરેલ છે, જે માટેની સૂચિત જોગવાઇ **રૂા. ૩૨ કરોડ.**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળની સન ૨૦૦૭-૦૮ની રૂા.૫૬૫.૨૦ કરોડની જોગવાઇ સામે **૪૫.૯૨ ટકાના વધારા સાથે આગામી વર્ષ માટેની સૂચિત જોગવાઇ રૂા.૮૨૪.૭૫ કરોડ.**

આરોગ્ય સવલતોના આંતરમાળખાનું બાંધકામ અને નિભાવ એ અગત્યની પ્રવૃત્તિ છે. રાજ્ય સરકારે આરોગ્ય સંસ્થાઓના આંતરમાળખાના બાંધકામ, મરામત અને નિભાવનું ઉત્કૃષ્ટ ધોરણ જાળવવા ગુજરાત સ્ટેટ હેલ્થ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશનની રચના કરવાનો નિર્ણય લીધેલ છે. આ નૂતન અભિગમ થકી નવાં ૧૪૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તેમજ ૯૪ સામૂહિક આરોગ્ય કેન્દ્રોની સાથોસાથ ૩૦૦ પેટાકેન્દ્રો, ૨૦૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૭૪ સામૂહિક આરોગ્ય કેન્દ્રોને અપગ્રેડ કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે. આ માટેની સૂચિત જોગવાઇ **રૂા. ૬૭.૪૪ કરોડ.**

આગામી વર્ષમાં છ સરકારી લેબોરેટરીઓ અને નવ હોસ્પિટલો માટે નેશનલ એક્રીડીટેશન બોર્ડ ફોર લેબોરેટરીઝ દ્વારા માન્યતા મેળવવાની કામગીરી હાથ ધરવા માટેની સૂચિત જોગવાઇ **રૂા. ૨૫ કરોડ.**

**મહિલા અને બાળ વિકાસ**

મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે, **"મહિલાઓના હક્કો અંગે હું કોઇ બાંધછોડ કરતો નથી. મારે પુત્ર અને પુત્રીને સંપૂર્ણ સમાનતાને આધારે રાખવાં જોઇએ."** આ વાક્યને સાર્થક કરતાં, રાજ્ય સરકાર એવું વાતાવરણ ઊભું કરવા પ્રયત્નશીલ છે કે જેમાં મહિલાઓ પુરુષોની જેમ જ અંગત, સામાજિક અને આર્થિક સ્વતંત્રતા ભોગવી શકે. અન્ય માધ્યમો/ યોજનાઓ પૈકીની એક **"નારી ગૌરવ નીતિ"** દ્વારા મહિલાઓના સશક્તિકરણનું આયોજન કરવામાં આવેલ છે. રાજ્ય સરકાર **નિરોગી બાળક વર્ષ**ની ઉજવણી કરી રહ્યું છે, ત્યારે માતાઓ સુધી આ યોજના પહોંચે તે માટે જનજાગૃતિ અભિયાન કરવાનું આયોજન છે.

ગુજરાતના માનવ વિકાસ સૂચકાંકને ઊંચો લાવવાની વાત કરેલ છે ત્યારે મહિલા અને બાળ વિકાસ એ આ માટેનાં અગત્યનાં પરિમાણો છે તે સ્વીકારીને મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળની સન ૨૦૦૭-૦૮ની રૂા.૧૯૭.૨૦ કરોડની જોગવાઇ સામે **૭૨.૪૧ ટકાના વધારા** સાથે **આગામી વર્ષ માટેની સૂચિત જોગવાઇ રૂા.૩૪૦ કરોડ.**

ગ્રામ વિકાસના ભાગરૂપે ગ્રામીણ મહિલાઓના સશક્તિકરણને ધ્યાનમાં રાખી મહિલાઓ ગ્રામીણ વિકાસની પ્રક્રિયામાં ભાગીદાર બને, આર્થિક બાબતો સાથે તેમનો સીધો સંબંધ બંધાય તથા મહિલાઓનાં નાનાં જૂથો સખી મંડળો રૂપે આર્થિક પ્રવૃત્તિઓ કરે અને પગભર થાય તેવું વ્યાપક અભિયાન શરૂ કરીને મહિલાઓને આર્થિક શક્તિ આપવાનો પ્રયાસ આદર્યો છે. આશરે ૧૫ લાખ કરતાં વધુ બહેનોને પ્રવૃત્ત કરવા **રૂા. ૯૪ કરોડ**ના આયોજન સાથે ૧.૫૦ લાખ જેટલાં સખી મંડળોની રચનાનું આયોજન છે.

વિધવા સહાય પેન્શન આપીને અટકી ન જતાં નાની ઉંમરની વિધવા બહેનોને ઓશિયાળી જિંદગી જીવવી ન પડે અને તેઓ પગભર થઇ શકે, સાધન સહાય મળે તથા કૌશલ્યનો વિકાસ કરી શકે, તે માટે દર વર્ષે ૧૮ થી ૪૦ વર્ષની વય જૂથની ૧૦,૦૦૦ જેટલી નિરાધાર વિધવા બહેનોને પ્રત્યેકને રૂા.૩૦૦૦ લેખે સાધન સહાય દ્વારા સ્વનિર્ભર કરવાનું આયોજન કરેલ છે.

ગુજરાતે વિવિધ ક્ષેત્રોમાં અનેક પહેલ કરી છે. માનવ વિકાસ સૂચકાંક (HDI) ને ઊંચો લાવવાના પ્રયત્નોના ભાગરૂપે ગુજરાતની નવી પેઢીઓ અને સમાજને વધુ ઉપકારક બને તેવા ઉમદા કાર્યોની પહેલ કરવાનું સૌભાગ્ય આ સરકારને પ્રાપ્ત થયું છે ત્યારે, માનનીય અધ્યક્ષશ્રી, હું એક અગત્યની જાહેરાત કરવા માગું છું. સમાજના ચાવીરૂપ એવા બાળકોના વિકાસ અર્થે, દેશમાં પહેલી જ વાર ગુજરાતમાં એક "ચિલ્ડ્રન યુનિવર્સિટી"ની સ્થાપના કરવાનું આયોજન અમે કર્યુ છે. પ્રારંભમાં ચિલ્ડ્રન યુનિવર્સિટી પૂર્વે "બાલ ગોકુલમ" નામથી એક ઇન્સ્ટીટયુટ ચાલુ કરવાની નેમ છે.

પ્રારંભિક ધોરણે, બાળકોના શારીરિક અને માનસિક વિકાસ માટે એક વૈજ્ઞાનિક અભિગમ ઊભો થાય, આ ક્ષેત્રે કામ કરનાર સહુને તાલીમ અપાય ઉપરાંત બાળ મનને અનુરૂપ આનંદ પ્રમોદની પ્રવૃત્તિઓ, બાળ ગીતો, બાળ ફિલ્મો, બાળકોના રમકડાં, બાળકો માટે પોષણક્ષમ આહાર જેવી બાબતોએ વૈજ્ઞાનિક ધોરણે અભ્યાસ કરવા અર્થે આ ઇન્સ્ટીટયુટમાં કાર્ય થાય તેવી વિચારણા છે. આગળ જતાં "ચિલ્ડ્રન યુનિવર્સિટી" તરીકે રૂપાંતરિત થશે.

સંકલિત

**બાળ વિકાસ**

કુપોષણ એ કોઇ પણ સમાજ માટે ચિંતાનો વિષય છે. આ બાબતે ભાવિ પેઢીના કલ્યાણ માટે સરકાર અને સમાજે સહિયારી જવાબદારી ઉપાડવી આવશ્યક બની છે. બાળકો નિરોગી થાય અને કુપોષણથી મુક્ત થાય તે ઉમદા હેતુથી સરકારે પૂરક પોષણ આપવા માટે **બાલભોગ યોજના** શરૂ કરી છે. જેમાં છ વર્ષથી નાના ૩૨ લાખ ભૂલકાં, કિશોરીઓ અને ૪ લાખ સગર્ભા માતાઓને આવરી લેવાશે. ગત વર્ષે રૂા.૧૦૫ કરોડની જોગવાઇ હતી જે સામે આગામી વર્ષ માટેની સૂચિત જોગવાઇ **રૂા. ૧૨૭.૭૬ કરોડ.**

- રાજ્યમાં વધારાની ૪૦૦૦ આંગણવાડીઓ શરૂ કરવામાં આવી છે અને આંગણવાડી કેન્દ્રોના પોતાના મકાનો બાંધવા માટેની સૂચિત જોગવાઇ **રૂા.૪૦ કરોડ.**

- ૫૦૦૦ આંગણવાડીના મકાનોનું સમારકામ કરવામાં આવશે. જેને માટેની સૂચિત જોગવાઇ **રૂા.૧૦ કરોડ.**

- સ્થળાંતરીત મજૂરો માટે શહેરી ઝૂંપડપટ્ટીઓમાં મોબાઇલ આંગણવાડી કેન્દ્રો શરૂ કરવામાં આવશે.

- રાજ્ય સરકારે આંગણવાડી કાર્યકર/તેડાગર પેકી વિશિષ્ટ કામગીરી કરનાર માટે માતા-યશોદા શ્રેષ્ઠ આંગણવાડી કાર્યકર/તેડાગર એવોર્ડની યોજના શરૂ કરેલ છે. જેને માટે રૂા.૧.૧૦ કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. ૬૫૦થી વધુ આંગણવાડી કાર્યકર/તેડાગરને આ પુરસ્કાર આપવામાં આવશે. આ માટે સૂચિત જોગવાઇ **રૂા.૪૦ કરોડ.**

- રાજ્ય સરકાર દ્વારા આંગણવાડી કાર્યકર અને તેડાગરના માનદ વેતનમાં અનુક્રમે રૂા.૫૦૦ અને રૂા.૨૫૦નો માસિક વધારો જાહેર કરેલ છે. આ ઉપરાંત બન્નેને દર વર્ષે બે સાડી આપવામાં આવશે. વધુમાં આ કર્મચારીઓને ભવિષ્યનિધિનો લાભ આપવામાં આવશે, જેમાં રાજ્ય સરકાર દરેક લાભાર્થી દીઠ માસિક રૂા.૫૦ લેખે ફાળો આપશે.

**પીવાનું પાણી**

ભૂતકાળમાં ગુજરાતના ઘણા ગામડાઓમાં પીવાના પાણીની અછત વર્તાતી હતી. તેમાંયે ખાસ કરીને, વધુ પડતો ફ્લોરાઇડ, નાઇટ્રેટ અને ખારાશની સમસ્યા ઉત્તર ગુજરાત, સોરાષ્ટ્ર, કચ્છ અને મધ્ય ગુજરાતની પૂર્વ પટ્ટી વિસ્તારના અનેક ગામડાઓમાં ઉદ્દભવતી હતી. તદુપરાંત, આ વિસ્તારમાં પાણી વધુ ખેંચવાના કારણે કૂવાઓમાં પાણીના તળ ઘણા ઊંડા ઉતરી ગયા હતા.

અમારી સરકારે, માનવ વિકાસ સૂચકાંક (HDI)ના અતિ મહત્ત્વના ભાગરૂપે, સમગ્ર ગુજરાત રાજ્યમાં, પીવાના પાણીની સમસ્યા હલ કરવાનું મહાઅભિયાન વોટરગ્રીડ (Water Grid) દ્વારા હાથ ઉપર લીધેલ હતું. **માનનીય અધ્યક્ષશ્રી**, મને જણાવતાં આનંદ થાય છે કે સન ૨૦૦૧-૦૨માં ૭૬૭૫ ગામો/ફળિયાઓમાં પીવાના પાણીની સમસ્યા હતી જે પેકી ૪૧૮૭ ગામડાઓમાં ફ્લોરાઇડ, ૧૧૨૫ ગામડાઓમાં નાઇટ્રેટ અને ૨૩૬૩ ગામડાઓમાં ખારાશના પ્રશ્નો ઉદ્દભવતા હતા. મહી-નર્મદા આધારિત વોટર ગ્રીડના આયોજન તથા કેનાલ, બંધ, ચેકડેમ, વગેરે દ્વારા આ વર્ષોમાં રૂા.૭૦૩૬ કરોડના ખર્ચે પીવાના પાણીની યોજનાઓ હાથ ધરી હતી. તેના થકી ગુજરાતના ઉત્તર ગુજરાત, સોરાષ્ટ્ર, કચ્છ અને મધ્ય ગુજરાતની પૂર્વ પટ્ટીના ૪૭૭૯ ગામોમાં કાયમી ચોખ્ખું પીવાનું પાણી આપવાનું શરૂ થયું છે તથા ૨૧૫૦ ગામડાઓના કામો પ્રગતિમાં છે.

રાજ્ય સરકાર કોઇપણ ગામને જૂથ યોજના હેઠળ પાણી પૂરું પાડે ત્યાર બાદ પાણીનું આંતરિક વિતરણ, તે માટે જરૂરી માળખાનું આયોજન તથા તેને સુચારુ રીતે ચલાવવા માટેનું નાણાકીય આયોજન પાણી સમિતિના માધ્યમથી કરવાનું કામ રાજ્યમાં ખૂબ જ નોંધપાત્ર રીતે થયું છે.

પાણી પુરવઠા વિભાગ હેઠળની સન ૨૦૦૭-૦૮ની રૂા.૧૨૨૦ કરોડની જોગવાઇ સામે **૨૦.૪૩ ટકાના વધારા સાથે આગામી વર્ષ માટેની સૂચિત જોગવાઇ રૂા.૧૪૬૯.૨૫ કરોડ.**

- રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં પાણી પુરવઠા હેઠળની સૂચિત જોગવાઇ **રૂા. ૨૬૫ કરોડ.**

- રાજ્યના સાગરખેડૂ વિસ્તારોમાં પાણીની સમસ્યાના ઉકેલ માટે રાજ્ય સરકાર દ્વારા અન્ય દૂરના વિસ્તારોમાંથી પાણી પહોંચાડવાની કામગીરી, વરસાદી પાણીનો, છત મારફતે સંગ્રહ તેમજ રીવર્સ ઓસ્મોસીસ જેવી અતિ આધુનિક ટેકનીક દ્વારા ડીસેલીનેશનની કામગીરી હાથ ધરવામાં આવી છે.

- વાસ્મોની સ્થાપના પછી છેલ્લા ચાર વર્ષમાં ૧૦૧૭૯ ગામોમાં પાણી સમિતિઓએ આ પ્રકારે આંતરિક વિતરણના કામો હાથ ઉપર લીધા છે અને તે પૈકી ૨૯૭૮ ગામોમાં આવા પ્રોજેકટ પૂરા કરીને જનભાગીદારીથી સારી રીતે ચલાવવામાં આવે છે. લોકભાગીદારી દ્વારા પીવાના પાણી અર્થે ગામોની આંતરિક વિતરણ વ્યવસ્થા માટેની સૂચિત જોગવાઇ **રૂા. ૧૧૫ કરોડ.**

રાજ્યની તમામ ગ્રામ પંચાયતોને પાણી ગુણવત્તા ચકાસણી કીટ આપવાનું નકકી કરેલ છે. અત્યાર સુધી ૧૦ હજાર ઉપરાંત પાણી ગુણવત્તા ટીમોની રચના કરવામાં આવેલ છે. ચાલુ વર્ષે તમામ ગ્રામ પંચાયતોને આવી કીટ ઉપલબ્ધ કરાવવાનું આયોજન કરેલ છે.

માનનીય સભાગૃહ સમક્ષ એ વાત જણાવતા મને આનંદ થાય છે કે, માનવ વિકાસ સૂચકાંક વૃદ્ધિ માટે જવાબદાર પાયાની મુખ્ય બાબતોમાંની સેવાઓ જેવી કે, આરોગ્ય, શિક્ષણ, મહિલા અને બાળ કલ્યાણ, પીવાનું પાણીમાં ગત વર્ષની કુલ રૂા.૩૦૫૨.૫૨ કરોડની જોગવાઇ સામે આગામી વર્ષ માટે ૩૦.૪૮ ટકાના વધારા સાથે રૂા. ૩૯૮૩ કરોડની જોગવાઇ સૂચવવામાં આવી છે. આ બાબત અમારી સરકારની સુઆયોજિત વિકાસ માટેની કટિબદ્ધતા દર્શાવે છે.

**અનુસૂચિત આદિજાતિ કલ્યાણ**

દેશનાં બધાં જ અંદાજપત્રોમાં વર્ષોથી બધી સરકારો/યોજનાઓ આદિજાતિ વિકાસની વાત કરતી આવી છે, પરંતુ અનુભવ કહે છે કે કંઇ ને કંઇ ખૂટયું છે, તેથી કરોડો રૂપિયા ખર્ચ્યા છતાં ઇચ્છિત પરિણામો હાંસલ થયેલ નથી. દેશના અનુભવમાંથી શીખીને ગુજરાતે આદિવાસી સમાજ અને જાતિના વિકાસ માટે એક આદિજાતિ વિકાસ પેકેજ નિર્ધારિત કરેલ છે. વનબંધુ કલ્યાણ યોજનામાં રૂા.૧૫૦૦૦ કરોડની માતબર રકમનું જેટલું મહત્ત્વ છે તેનાથી પણ વધુ મહત્ત્વ થાગડ-થીગડ પ્રયત્નોમાંથી બહાર નીકળી વિકાસ, પ્રગતિ અને જીવન ધોરણ ઊંચું લાવવામાં આ યોજના પાયાનું કામ કરશે તે છે. આ યોજના માટે ફાળવાયેલા નાણા ઊગી નીકળે તે માટે સુગ્રથિત પ્રયાસ (holistic approach)નું આયોજન છે.

વિકાસથી વિમૂખ રહેલાઓને વિકાસની પ્રક્રિયાના લાભાર્થી બનાવવા એ ઇનકલયુસીવ ગ્રોથ (Inclusive Growth )મેળવવાના વ્યૂહમાં સોથી મહત્ત્વ બાબત બની રહે છે. અનુસૂચિત આદિજાતિ વિકાસ માટે રૂા.૧૫,૦૦૦ કરોડની જોગવાઇ કરીને અગિયારમી પંચવર્ષીય યોજનાના સમયગાળા માટે **વનબંધુ કલ્યાણ યોજના** ૨૦૦૭-૦૮થી અમલમાં મૂકવામાં આવેલ છે. અમારી સરકારે વર્ષ ૨૦૦૭-૦૮ દરમિયાન કુલ રૂા.૨૩૩૫.૩૫ કરોડની જોગવાઇ આ યોજના હેઠળ કરેલ. આ જ દિશામાં આગળ વધતાં આગામી વર્ષ માટે અમારી સરકારે ૨૫.૬૨ ટકાના વધારા સાથે આ યોજના હેઠળ **રૂા.૨૯૩૩.૭૭ કરોડ**ની જોગવાઇ સૂચવેલ છે.

આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની સન ૨૦૦૭-૦૮ની રૂા.૨૧૦ કરોડની જોગવાઇ સામે **૨૧.૪૩ ટકાના વધારા સાથે આગામી વર્ષ માટે સૂચવાયેલ જોગવાઇ રૂા.૨૫૫ કરોડ.**

- રાજ્ય સરકારે અનુસૂચિત આદિજાતિના કલ્યાણ માટે વિસ્તાર, ગામ અને વ્યક્તિ ત્રણેયના વિકાસને લક્ષમાં રાખી ૧૦ મુદ્દાના કાર્યક્રમ હેઠળ **વનબંધુ કલ્યાણ યોજના**ના પેકેજનો અમલ કરવાનું નિર્ધારિલ છે.

- ૧૦ મુદ્દા કાર્યક્રમ અંતર્ગત પાંચ લાખ કુટુંબોને રોજગારી, શિક્ષણની ગુણવત્તામાં સુધારો તેમની આવક બમણી કરવી, સહુને માટે આરોગ્ય, આવાસ, પાઇપલાઇન દ્વારા પીવાનું પાણી, સિંચાઇ સુવિધા, બારમાસી રસ્તાઓ, વીજળીની ઉપલબ્ધતા અને શહેરી વિકાસ વગેરેને આવરી લેવાયેલ છે.

- આદિજાતિ વિસ્તારમાં ગુજરાત પેટર્ન હેઠળની સૂચિત જોગવાઇ **રૂા.૨૯૬ કરોડ.**

- ધોરણ-૧થી ૭માં ભણતાં ૯ લાખ આદિજાતિ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય માટેની સૂચિત જોગવાઇ **રૂા.૧૫.૨૫ કરોડ.**

- એસ.એસ.સી. સુધીના અભ્યાસક્રમો માટે આદિજાતિના બાળકોને શિષ્યવૃત્તિના લાભ અર્થેની સૂચિત જોગવાઇ **રૂા.૨૪.૮૫ કરોડ.**

- અનુસૂચિત આદિજાતિ વિદ્યાર્થીઓને **પૂરક પોષણ યોજના** હેઠળ સંતુલિત આહાર આપવા પ્રાથમિક તબક્કે બે તાલુકા માટે સૂચિત જોગવાઇ **રૂા.૧૦ કરોડ.**

- ૫૫ આશ્રમ શાળાઓમાં ધોરણ- ૮ શરૂ કરવા સૂચિત જોગવાઇ **રૂા.૧૧.૪૦ કરોડ.**

- અનુસૂચિત આદિજાતિના વિદ્યાર્થીઓને ઉત્તમ કક્ષાનું શિક્ષણ મળે તે માટે **વનબંધુ કલ્યાણ યોજના** અંતર્ગત **ટેલેન્ટ પુલમાં ૧૦૦ વિદ્યાર્થી**ઓ માટેની સૂચિત જોગવાઇ **રૂા. ૧ કરોડ.**

- ૧૧ આદર્શ નિવાસી શાળામાં ધોરણ-૧૧-૧૨ના વિજ્ઞાન પ્રવાહ શરૂ કરવાનું આયોજન છે.

- ૧૫ નવા માધ્યમિક કક્ષાના ડ્રાય છાત્રાલયો તથા પાંચ નવા કોલેજ કક્ષાના સરકારી છાત્રાલયો શરૂ કરવા માટેની જોગવાઇ સૂચવેલ છે.

- સામાન્ય પ્રવાહની આશ્રમશાળાના ક્રમિક વિકાસ માટેની જોગવાઇ સૂચવેલ છે.

**અનુસૂચિત**
**જાતિ કલ્યાણ**

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળની સન ૨૦૦૭-૦૮ની રૂા.૪૫૦ કરોડની જોગવાઇ સામે **૨૫.૮૯ ટકાના વધારા સાથે આગામી વર્ષ માટેની સૂચિત જોગવાઇ રૂા.૫૬૬.૫૦ કરોડ.**

અનુસૂચિત જાતિઓના સર્વાંગી વિકાસ માટે વર્ષ ૨૦૦૮-૦૯માં રૂા.૧૯૯.૫૦ કરોડની જોગવાઇ કરેલ છે જે ગત વર્ષની સરખામણીમાં **રૂા.૫૬.૫૦ કરોડ** જેટલી વધુ છે.

- એમ.બી.બી.એસ. ડોકટરોને આપવામાં આવતી રૂા. બે લાખની લોનમાં વધારો કરીને રૂા. ૨.૫૦ લાખ અને વાર્ષિક આવક મર્યાદા રૂા.૨૪૦૦૦ થી વધારીને રૂા.૫૦,૦૦૦ કરેલ છે. તે જ રીતે એમ.ડી./ એમ.એસ. ડોકટરોને અપાતી રૂા.૨.૫૦ લાખની લોન વધારીને રૂા. ૩ લાખ કરવા માટે જોગવાઇ સૂચવવામાં આવી છે.

- એમ.ફીલ. અને પીએચ.ડી. વિદ્યાર્થીઓને અપાતી વાર્ષિક શિષ્યવૃત્તિમાં વધારો કરીને એમ.ફીલ.માં રૂા.૨૦ હજારથી રૂા.૨૫ હજાર અને પીએચ.ડી.માં રૂા.૨૫ હજારથી રૂા.૩૦ હજાર કરવા માટે જોગવાઇ સૂચવવામાં આવી છે.

- **ડૉ. આંબેડકર આવાસ યોજના** હેઠળ અનુસૂચિત જાતિની ૧૨૫૦ વિધવા મહિલાઓને સહાય તથા અનુસૂચિત જાતિ પેકીની અતિપછાત જાતિની ૨૫૦ વિધવા મહિલાઓને રૂા.૪૦ હજાર લેખે મકાન સહાય આપવા માટે જોગવાઇ સૂચવવામાં આવી છે.

- સફાઇ કામદારોની ૧૦૦૦ વિધવા મહિલાઓને રૂા.૪૦ હજાર લેખે મકાન બાંધકામ સહાય આપવા માટે જોગવાઇ સૂચવવામાં આવી છે.

- અનુસૂચિત જાતિના પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ માટે અમદાવાદ, રાજકોટ, વડોદરા અને વલ્લભ વિદ્યાનગર ખાતે ચાર નવા છાત્રાલયો શરૂ કરવા માટે જોગવાઇ સૂચવવામાં આવી છે.

- અમદાવાદ અને સૂરત ખાતે બે નવા સરકારી કુમાર છાત્રાલય અને ગાંધીનગર ખાતે કન્યા છાત્રાલયનું બાંધકામ શરૂ કરવા માટે જોગવાઇ સૂચવવામાં આવી છે.

**વિકસતિ**

**જાતિ કલ્યાણ**

- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગની ૧૫૦૦ વિધવા બહેનો અને વિચરતી-વિમુક્ત જાતિઓની ૭૫૦ બહેનોને મકાન બાંધવા માટે રૂા. ૪૦ હજારની સહાય આપવા માટે જોગવાઇ સૂચવવામાં આવી છે.

- **સાગરખેડૂ યોજના** અન્વયે રાજ્યના ૧૩ જિલ્લાઓના તાલુકાઓમાં રહેવા- જમવાની- સંયુક્ત સુવિધાવાળાં ૧૫ નવાં સરકારી છાત્રાલયો શરૂ કરવા જોગવાઇ સૂચવવામાં આવી છે.

- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને કોમર્શિયલ પાયલોટની તાલીમ માટે આપવામાં આવતી લોન રૂા. ૮ લાખથી વધારીને રૂા.૧૫ લાખ કરવા માટે જોગવાઇ સૂચવવામાં આવી છે.

- આર્થિક પછાત વર્ગની ધો. ૮માં ભણતી કન્યાઓને સાઇકલ ખરીદવા માટે રૂા.૨૦૦૦ સહાય આપવાની માટેની જોગવાઇ સૂચવવામાં આવી  છે.

**સમાજ સુરક્ષા**

- રાજ્ય સરકાર દ્વારા સંભાળ અને રક્ષણની જરૂરિયાતવાળા બાળકો, વિકલાંગો તથા નિરાધાર વૃદ્ધો વગેરેના કલ્યાણ ઉપરાંત સામાજિક સુરક્ષા પરત્વે કટિબદ્ધતા દાખવતાં સન ૨૦૦૭-૦૮માં આયોજન સદરે કરવામાં આવેલી રૂા.૭૫ કરોડની જોગવાઇ સામે આગામી વર્ષની જોગવાઇ **રૂા. ૧૧૫ કરોડ.**

- ૬૫ વર્ષથી વધુ વયના નિરાધાર વૃદ્ધો માટેની હાલની **"વયવંદના"** (પેન્શન) યોજનાના પ્રવર્તમાન માપદંડો મુજબ જેમની વ્યક્તિગત વાર્ષિક આવક રૂા.૨૪૦૦થી ઓછી હોય તથા કોટુંબિક વાર્ષિક આવક રૂા.૪૫૦૦થી ઓછી હોય તેમજ જેમને ૨૧ વર્ષથી વધુ વયનો પુત્ર ન હોય તેવા વૃદ્ધોને આ સહાય મળવાપાત્ર છે. તેમાં ફેરફાર કરીને બી.પી.એલ. કુટુંબની યાદીમાં સમાવિષ્ટ થતા ૬૫ વર્ષથી વધુ ઉંમરની તમામ વૃદ્ધ વ્યક્તિઓને આ યોજનાનો લાભ આપવામાં આવશે. હાલ આ યોજનાનો લાભ ૬૫,૦૦૦ જેટલા વૃદ્ધો મેળવે છે, તેમાં વધારાના અંદાજે ૬૯,૦૦૦ લાભાર્થીઓને આવરી લેવા માટેનું આયોજન છે.

- ૫૦૦ વિકલાંગ વિધવા બહેનોને રૂા.૪૦ હજાર લેખે મકાન સહાય આપવા માટે જોગવાઇ સૂચવવામાં આવી છે.

- વિકલાંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ યોજનાનો વ્યાપ વધારવા માટે વાર્ષિક આવક મર્યાદાનું હાલનું રૂા.૧૪ હજારનું ધોરણ વધારીને રૂા.૨૫ હજાર કરવા સૂચવવામાં આવેલ છે.

**વન**

વન અને પર્યાવરણ વિભાગ હેઠળની સન ૨૦૦૭-૦૮ની રૂા.૨૧૩.૫૦ કરોડની જોગવાઇ સામે **૬૨.૫૩ ટકાના વધારા સાથે આગામી વર્ષ માટે સૂચવાયેલ જોગવાઇ રૂા.૩૪૭ કરોડ.**

આગામી વર્ષમાં વનીકરણ ક્ષેત્રે રૂા.૩૪૨ કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. જે પૈકી રૂા.૧૭૦.૧૦ કરોડ આદિજાતિ વિસ્તાર પેટાયોજના અને રૂા. ૧૬.૩૫ કરોડની ખાસ અંગભૂત યોજના હેઠળ રાખવામાં આવેલ છે. જે અંતર્ગત જંગલ વિસ્તારની બહારના વિસ્તારમાં વનીકરણ કરવા રાજ્યમાં સંસ્કૃતિવન, પુનિતવન, માંગલ્યવન, કૈલાસવન વગેરે બનાવવામાં આવેલ છે.

વાનિકી ક્ષેત્રે ૨૦૩.૩૯ લાખ માનવદિન રોજગારી ઊભી કરવાનું આયોજન છે જેને માટે આદિજાતિ વિસ્તારને અગ્રતા અપાયેલ છે.

ગુજરાત સ્ટેટ લાયન કન્ઝર્વેશન સોસાયટી દ્વારા સિંહના સંરક્ષણ કરવા માટે જરૂરી પગલાં લઇ પાંચ વર્ષ માટે રૂા.૪૦ કરોડની યોજના મંજૂર કરેલ છે. જે માટે સૂચિત જોગવાઇ **રૂા.૧૨ કરોડ.**

**પર્યાવરણ**

ગુજરાત ઇકોલોજી કમિશન દ્વારા સ્થાનિક જનસમુદાયોને સાથે રાખીને ગત વર્ષે ૧૦૦૦ હેક્ટરમાં ચેર વનસ્પતિનું ઘ ાનિષ્ઠ વાવેતર હાથ ધરવામાં આવેલ. સ્થાનિક લોકોને રોજગાર મળવા ઉપરાંત દરિયા કાંઠાના પર્યાવરણની જાળવણી માટે આ વનસ્પતિનો ઉછેર મહત્ત્વનો છે. આગામી વર્ષ દરમિયાન વધુ ૨૮૫ હેક્ટર વિસ્તારમાં આ વાવેતર કરવાનું આયોજન છે.

**કૃષિ**

કૃષિ અને સહકાર વિભાગ હેઠળની સન ૨૦૦૭-૦૮ની રૂા.૭૨૮ કરોડની જોગવાઇ સામે **૨૯.૩૮ ટકાના વધારા સાથે આગામી વર્ષ માટેની સૂચિત જોગવાઇ રૂા.૯૪૧.૮૫ કરોડ.**

આપણે અગિયારમી પંચવર્ષીય યોજનાના પ્રથમ વર્ષમાં છીએ ત્યારે એ નોંધનીય છે કે ગુજરાતનો કૃષિ વૃદ્ધિ દર દસમી પંચવર્ષીય યોજનામાં સરેરાશ ૧૨% જેટલો રહેવા પામેલ છે. દસમી પંચવર્ષીય યોજનામાં ગુજરાતમાં કૃષિ અને બાગાયત ક્ષેત્રનું કુલ ઉત્પાદન વર્ષ ૨૦૦૨-૦૩ માં રૂા.૧૩,૪૦૭ કરોડના મૂલ્યનું ૧૫૮.૬૧ લાખ મેટ્રિક ટન નોંધાયેલ છે. જે વધીને વર્ષ ૨૦૦૬-૦૭ માં ૨૭૨.૨૦ લાખ મેટ્રિક ટન થયેલ છે. જેનું વર્તમાન ભાવે મૂલ્ય રૂા.૩૪,૦૦૦ કરોડ જેટલું થાય છે. આમ છેલ્લા પાંચ વર્ષમાં કૃષિ ઉત્પાદન અઢી ગણાથી વધુ થયું છે.

- ખેતી આધુનિક અને વૈજ્ઞાનિક બને તથા ઉત્પાદન ખર્ચ ઘટે તેવી ખેતી પદ્ધતિના વિકાસ અર્થે **રૂા.૩૩૭.૯૮ કરોડ** સૂચવવામાં આવેલ છે.

- નબળા વર્ગોના ખેડૂતોને ખાસ પ્રાધાન્ય આપીને કૃષિ, બાગાયત અને પશુપાલનમાં ગરીબી રેખા નીચેના ખેડૂતોને કીટનું વિતરણ કૃષિ મહોત્સવ દ્વારા નિયત સમયમાં કરવાના કારણે ગરીબ ખેડૂતોને વધુ લાભ મળે છે. આ માટે સૂચિત જોગવાઇ **રૂા.૫૯.૭૦ કરોડ.**

- આગામી વર્ષમાં રાજ્ય સરકારે અકસ્માત વીમા યોજના હેઠળ આવરી લેવાયેલ ખાતેદાર ખેડૂતો ઉપરાંત તેના કોઈ એક વારસદારનો સમાવેશ કરવાનો સૈદ્ધાંતિક નિર્ણય લીધેલ છે. આ માટેની સૂચિત જોગવાઇ **રૂા.૧૫.૦૦ કરોડ.**

- ખેડૂતો માટે પાક વીમા યોજના અન્વયે સૂચિત જોગવાઇ **રૂા.૧૪૮.૨૩ કરોડ.**

- **વનબંધુ** કલ્યાણ યોજનાના ભાગરૂપે ગોધરા ખાતે નવી કૃષિ ઈજનેરી કોલેજ અને દાહોદ ખાતે નવી કૃષિ ઇજનેરી પોલિટેકનિક શરૂ કરવાનું આયોજન.

- આદિજાતિ મહિલાઓ માટે નવું તાલીમ કેન્દ્ર સ્થાપવાનું આયોજન.

- જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક અને રાજ્યની સહકારી બેન્કોને મજબૂત કરવા અંગેની યોજના અન્વયે સૂચિત જોગવાઇ **રૂ.૪૦ કરોડ.**

- સતત ત્રણ વર્ષના કૃષિ મહોત્સવના આયોજન અને પશુ સુધારણાની ઘનિષ્ઠ સારવાર/પ્રોત્સાહનના કારણે રાજ્યમાં દૂધના ઉત્પાદનમાં વીસ ટકાનો વધારો થયો છે. રાજ્ય વ્યાપી કૃષિ મહોત્સવ દરમિયાન પશુપાલન ખાતાની પ્રચાર-પ્રસાર અને આરોગ્ય સેવાઓ લક્ષી પ્રવૃત્તિ માટેની સૂચિત જોગવાઇ **રૂ. ૧૦ કરોડ.**

- આગામી સમયમાં ખેડૂતને કૃષિ ઉત્પાદનમાં વધારો થાય, ગુણવત્તા સુધરે, સાથે સાથે કૃષિ ઉત્પાદનની બજાર માટેની માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ થાય, કૃષિ ઉત્પાદનને પૂરતું લાભપ્રદ મૂલ્ય મળી રહે તેવા હેતુથી કૃષિ બજારને સાંકળવાનો સરકારનો ઉદ્દેશ છે. બજાર વ્યવસ્થાને સુદૃઢ કરવા માટેની સૂચિત જોગવાઇ **રૂ.૧૦.૯૦ કરોડ.**

- ગુજરાતનો ખેડૂત મહેનતુ અને પ્રયોગશીલ છે, પરંતુ આકાશી ખેતી ઉપર નભતો ખેડૂત ઘણીવાર અસહાય બની જાય છે. જો પૂરતા જળસંસાધનોનું આયોજન કરાય તો ગુજરાતનો ખેડૂત કૃષિ ક્ષેત્રે દેશની આવશ્યક્તા પૂરી કરવામાં ઘણું મોટું યોગદાન આપી શકે તેમ છે. આથી રાજ્ય સરકારે જળ સંચય અભિયાન માટે ગ્રામ્ય તળાવો ઊંડા કરવા ઉપરાંત સીમતળાવો, ખેત તલાવડીઓ વગેરે દ્વારા સિંચાઈની વ્યાપક સુવિધાઓ ઊભી કરવાથી; અને છેલ્લા વર્ષોમાં સારો વરસાદ થવાને કારણે વર્ષ ૨૦૦૬-૦૭નો રવિ અને ઉનાળુ ઋતુનો વાવેતર વિસ્તાર ૨૧ લાખ હેકટરથી વધીને ૩૯ લાખ હેકટર થયેલ છે. જમીન અને જળ સંરક્ષણ ક્ષેત્રમાં ગત વર્ષની રૂ.૧૭૭.૨૦ કરોડની જોગવાઈ વધારીને આગામી વર્ષ માટેની જોગવાઇ **રૂ.૨૪૯.૨૫ કરોડ.**

**પશુપાલન**

- નવી પશુપાલન યુનિવર્સિટી, કોલેજો તેમજ પોલિટેકનિક અને તાલીમ સંસ્થાઓ સ્થાપવા માટે ગત વર્ષની રૂ.૩૬ કરોડની જોગવાઈની સામે આગામી વર્ષની જોગવાઇ **રૂ.૯૮.૪૮ કરોડ**.

- રાજ્યના કુલ ઘરેલુ ઉત્પાદનમાં પશુપાલન ૪.૫ ટકા જેટલો નોંધપાત્ર હિસ્સો ધરાવે છે.

- પશુપાલન પેટા સદર હેઠળ આગામી વર્ષ માટે સૂચિત જોગવાઇ **રૂ.૯૧.૮૭ કરોડ**. આ જોગવાઇ અંતર્ગત મુખ્યત્વે પશુધનના ઉત્પાદન અને ઉત્પાદક્તામાં વધારો કરવા માટે સુદૃઢ પશુ આરોગ્ય સેવાઓ અને સંવર્ધન પૂરું પાડવાનું આયોજન છે.

- રાજ્યના પશુપાલકોના દૂધાળા પશુઓની ઉત્પાદન ક્ષમતામાં વધારો કરવા તેમજ દૂધ ઉત્પાદનના પ્રોત્સાહન માટે કીટસની સહાય, પશુ વીમા પ્રિમિયમની સહાય અને અન્ય માળખાકીય સુવિધા પૂરી પાડવા માટે ડેરી વિકાસ સદર હેઠળ જોગવાઇ સૂચવેલ છે.

**ગ્રામ વિકાસ**

- ગ્રામીણ પરિવારોને ગરીબી રેખાથી ઉપર લાવવાના હેતુથી તેઓને આર્થિક રીતે સ્વનિર્ભર બનાવવા અને રોજગારલક્ષી કાર્યક્રમો દ્વારા રોજગાર નિર્માણ માટે આગામી વર્ષ માટેની જોગવાઇ **રૂ.૩૮૪.૩૬ કરોડ.**

- રૂરલ સેનીટેશન હેઠળ (નિર્મળ ગુજરાત માટે રૂ.૨૬ કરોડ સહિત) **રૂ.૫૫ કરોડ.**

- એપ્રિલ, ૨૦૦૮થી **રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાહેંધરી યોજના** રાજ્યના તમામ જિલ્લાઓમાં લાગુ કરવા માટે આગામી વર્ષ માટેની સૂચિત જોગવાઇ **રૂા.૬૩.૫૦ કરોડ.**

- **ઇન્દિરા આવાસ યોજના** હેઠળ આગામી વર્ષ માટેની સૂચિત જોગવાઇ **રૂા.૬૦ કરોડ.**

- **સ્વર્ણજયંતી ગ્રામ સ્વરોજગાર યોજના** હેઠળ અંદાજે ૩૬ હજાર લાભાર્થીઓને સ્વરોજગારી માટેની જોગવાઇ. **રૂા.૧૫.૪૫ કરોડ.**

- **ગોકુળ ગ્રામ યોજના** માટે આગામી વર્ષમાં સૂચિત જોગવાઇ **રૂા.૩૮ કરોડ.**

- જળસ્ત્રાવ વિસ્તાર વિકાસના વિવિધ કાર્યક્રમો માટે આગામી વર્ષ માટેની સૂચિત જોગવાઇ **રૂા.૫૪.૪૪ કરોડ.**

- ગ્રામ્ય સુખાકારી કાર્યક્રમ અન્વયે સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન પ્રોજેકટ અમલમાં મૂકવા ગ્રામ્ય વિસ્તારમાં જનજાગૃત્તિ કેળવવાના હેતુ માટે સૂચિત જોગવાઇ **રૂા.૫૫ કરોડ.**

- **આમ આદમી વીમા યોજના** હેઠળ ગુજરાતના કુટુંબોને વીમા કવચ પુરું પાડવામાં આવનાર છે જે અન્વયે આ યોજના હેઠળ ૧૦.૧૪ લાખ જમીન વિહોણા અતિ ગરીબ ગ્રામીણ પરિવારો આવરી લેવાશે. આગામી વર્ષ માટે સૂચિત જોગવાઈ **રૂા.૧૦.૧૪ કરોડ.**

**શહેરી વિકાસ**

ગુજરાતમાં ૨૦૦૧ની સ્થિતિએ ૩૭.૩૬ ટકા વસતિ શહેરોમાં વસે છે જે આવતા દાયકા સુધીમાં વધીને ૫૦ ટકા સુધી થવાની ધારણા છે. આમ રાજ્યમાં શહેરીકરણની પ્રવૃત્તિ વધતી જાય છે. તેના આયોજનરૂપે શહેરી વિકાસ અને શહેરી ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ હેઠળની સન ૨૦૦૭-૦૮ની રૂા.૧૬૯૭.૩૪ કરોડની જોગવાઇ સામે **૨૪.૩૭ ટકાના વધારા સાથે આગામી વર્ષ માટેની સૂચિત જોગવાઇ રૂા.૨૧૧૧ કરોડ.**

વૈશ્વિકરણની અસરો અને વાયબ્રન્ટ ગુજરાતની સિદ્ધિઓના કારણે ગુજરાતમાં નવા ઉદ્યોગોની સ્થાપના અને વેપાર- સેવાકીય એકમોની રોજગારીની તકોમાં વધારો થયેલ છે. દેશની સરખામણીમાં ગુજરાતમાં શહેરીકરણની પ્રક્રિયા ઝડપી બનેલ છે અને ધબકતા શહેરોના નિર્માણમાં જનભાગીદારી દ્વારા વિવિધ માળખાકીય અને પાયાની સુવિધાઓ ઊભી કરવાનું આયોજન જરૂરી બનેલ છે.

- શહેરી ગરીબોના કલ્યાણ માટેની સંકલિત કાર્યક્રમોની **ગરીબ સમૃદ્ધિ યોજના** માટે સૂચિત જોગવાઇ **રૂા.૪૫૪ કરોડ.**

- જે.એન.એન.યુ.આર.એમ.ના કાર્યક્રમ માટેની સૂચિત જોગવાઇ **રૂા.૭૫૫ કરોડ.**

- સાત મહાનગરપાલિકાઓના વિકાસ માટે સૂચિત જોગવાઇ **રૂા.૪૭૫ કરોડ.**

- નગરપાલિકાઓની માળખકીય સુવિધાઓ માટે **વાજપાઇ નગર વિકાસ યોજના**ની સન ૨૦૦૭-૦૮ની રૂા.૭૦ કરોડની જોગવાઇ સામે આગામી વર્ષની સૂચિત જોગવાઇ **રૂા.૧૮૫ કરોડ.** જેમાં નાની અને મધ્યમ કક્ષાની નગરપાલિકાઓ માટે ગટર વ્યવસ્થાના આયોજન માટેની સૂચિત જોગવાઇ **રૂા.૫૦ કરોડ.**

- સ્વચ્છ અને સ્વસ્થ ગુજરાતના ધ્યેય સાથે શરૂ કરેલ નિર્મળ ગુજરાત અભિયાનની ૨૦૦૭-૦૮ની રૂા. ૯૮.૦૫ કરોડની જોગવાઇ સામે ૬૦ ટકા વધારા સાથે સૂચિત જોગવાઇ **રૂા.૧૬૦ કરોડ.** તેમાં ખાસ કરીને શહેરી વિસ્તારોના ઘન કચરાના નિકાલ અને પ્રક્રિયાકરણ માટેની સૂચિત જોગવાઇ **રૂા. ૫૦ કરોડ.**

- રેકર્ડના કોમ્પ્યુટરાઇઝેશન અને જી.આઇ.એસ. બેઇઝડ ટેક્નોલોજી તથા નગરપાલિકાઓના કોમ્પ્યુટરાઇઝેશન માટેની સૂચિત જોગવાઇ **રૂા.૩૦ કરોડ.**

- રાજ્ય સરકાર દ્વારા ગ્લોબલ વોર્મીંગની અસરો હેઠળ હવામાનમાં થતાં ફેરફારો (ક્લાયમેટ ચેન્જ)ની બાબતને ગંભીરતાથી લઇ ઉર્જા કાર્યક્ષમતા ઓડીટ અને કાર્બન ક્રેડીટ માટેની સૂચિત જોગવાઇ **રૂા. ૭ કરોડ.**

**ગીફ્ટ (GIFT)**

નાણા, વાણિજ્ય ક્ષેત્રે ગુજરાતની આગવી ઓળખ છે. ગુજરાતની નાણાકીય ક્ષેત્રની સૂઝબૂઝ વૈશ્વિક શક્તિ બને, તેવા ઉમદા હેતુથી ગુજરાતીઓમાં પડેલી આ પરંપરાગત શક્તિનો લાભ લેવા આધુનિક વિજ્ઞાન અને માળખાકીય સુવિધા સાથેના **ગુજરાત ઇન્ટરનેશનલ ફાયનાન્સ ટેક સીટી** (GIFT)ના નિર્માણની શરૂઆત કરેલ છે.

નાણાકીય વિશ્વમાં ગુજરાતને મોખરાનું સ્થાન અપાવવાના ઇરાદાથી ગુજરાત શહેરી વિકાસ કંપની (GUDC) એ ઇન્ફ્રાસ્ટ્રક્ચર લીઝ એન્ડ ફાયનાન્સ સર્વિસીસ લિ. (IL&FS) સાથે સંયુક્ત સાહસમાં ગાંધીનગર નજીક ગુજરાત ઇન્ટરનેશનલ ફાયનાન્સ ટેક સીટી કંપની લી. (GIFT) સ્થાપના કરવા કરાર કરેલ છે. આ માટે સરકારે ૫૦૦ એકર જમીન બજાર ભાવે ફાળવેલ છે. આ સીટીમાં ૭.૫ કરોડ ચો.ફુટ વિસ્તારમાં ઓફિસો, હોટલો, શૈક્ષણિક અને તબીબી સેવાઓ, વાણિજ્યિક સેવાનો સમાવેશ થાય તેવું બાંધકામ કરાશે. ગીફ્ટ સીટી આંતરરાષ્ટ્રીય કક્ષાની માળખાકીય સુવિધાઓ ઊભી કરશે અને માહિતી પ્રૌદ્યોગિકીના ક્ષેત્રે અત્યંત આધુનિક સહાય પૂરી પાડશે. રાજ્યના ઇજનેરી અને બાંધકામ ક્ષેત્રમાં કામ કરતા કારીગરો અને ઇજનેરોની કુશળતામાં નોંધપાત્ર વધારો થાય તેવા અદ્યતન બહુમાળી મકાનો બનાવાશે. ગુજરાતીઓની વ્યાપારીક અને નાણાકીય કુશળતાને વિકસાવવાની ભરપૂર તકો મળશે. આ યોજના જ્યારે પૂરી થશે ત્યારે પાંચ લાખ વ્યાવસાયિકોને સીધી રોજગારી અને તેટલી જ સંખ્યામાં સંલગ્ન સહાયકારી સેવાઓમાં આડકતરી રોજગારીની તકો પૂરી પાડશે.

**જળશક્તિ**

ભૂતકાળમાં, ગુજરાતે દુષ્કાળ અને અછતની પરિસ્થિતિના ગાળામાં પીવાનું પાણી, ઢોર માટે ઘાસચારો અને લોકોને રોજી-રોટી માટે સ્થળાંતરના પ્રશ્નોનો અનેકવાર સામનો કરવો પડેલ છે. તે સમયે આવી કુદરતી આફતોને પહોંચી વળવા માટે ટૂંકાગાળાના ઉપાયો જેવા કે હેન્ડ પમ્પ, ટેન્કરો-રેલ્વે દ્વારા પાણી પૂરું પાડવું વગેરે યોજનાઓ હાથ પર લેવાઇ હતી. પરંતુ આનાથી લાંબાગાળાનો કાયમી ઉકેલ આવેલ ન હતો.

અમારી સરકારે, આ ઘેરી વિકટ પરિસ્થિતિમાંથી ગુજરાતની પ્રજાને કાયમ માટે બહાર લાવવા લાંબાગાળાનું આયોજન હાથ ધરી, આવા અછતગ્રસ્ત વિસ્તારોનું ડ્રોટ પ્રુફીંગ (drought-proofing )કરવાનું બીડું ઝડપ્યું છે. **માનનીય અધ્યક્ષશ્રી**, મને જણાવતાં આનંદ થાય છે કે મહી-નર્મદા આધારિત વોટર ગ્રીડના પ્રોજેક્ટના અમલ થકી, ગુજરાતના આવા અછતગ્રસ્ત વિસ્તારો; ખાસ કરીને ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ અને મધ્ય ગુજરાતની પૂર્વ પટ્ટી વિસ્તારના ગામો માટે, પીવાના પાણી અને સિંચાઇ માટે લાંબાગાળાનું આયોજન કરેલ છે. તળાવો, ચેકડેમો અને સુકીભઠ્ઠ નદીઓમાં મહી અને નર્મદાના પાણી વહેવડાવીને આ ધરતીને નવપલ્લવિત કરી છે. દૂધ ઉત્પાદનમાં અભૂતપૂર્વ ૨૦ ટકાના વધારાના મૂળમાં પણ જળશક્તિ અને ઘાસની ઉપલબ્ધિ રહેલ છે.

તદુપરાંત, વરસાદી પાણીના ટીપે ટીપાંનો સદુપયોગ થાય તે હેતુથી દેશની સર્વશ્રેષ્ઠ જળ વ્યવસ્થાપન અને સિંચાઇ માટે ઉત્કૃષ્ઠ વ્યવસ્થા વિકસાવી છે.

- જળસંપત્તિ વિભાગ હેઠળની સન ૨૦૦૭-૦૮ની રૂા.૧૫૫૯ કરોડની જોગવાઇ સામે આગામી વર્ષ માટેની સૂચિત જોગવાઇ **રૂા.૧૬૩૦ કરોડ.**

- સહભાગી સિંચાઇ વ્યવસ્થાની કામગીરી વધુને વધુ ખેડૂત જૂથોને સોંપવામાં આવે તે માટે સિંચાઇ વ્યવસ્થા માટેની સૂચિત જોગવાઇ **રૂા. ૪૦ કરોડ.**

- જળવ્યવસ્થાપનના ભાગરૂપે નવી સિંચાઇ ક્ષમતા ઊભી કરવા ઉપરાંત હયાત સિંચાઇ યોજનાઓ મારફતે છેવાડાના ખેડૂતોને પૂરતું પાણી મળી રહે તે માટે સિંચાઇ યોજનાઓના વિસ્તરણ, પુનઃ સ્થાપન અને આધુનિકરણ માટેની સૂચિત જોગવાઇ **રૂા. ૫૦.૭૨ કરોડ.**

- સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળના ચેકડેમો તથા તળાવો ઉંડા કરવાની કામગીરી માટેની સૂચિત જોગવાઇ **રૂા.૧૩૯.૯૮ કરોડ.**

- અછતના સમયમાં હાથ ધરવામાં આવેલ નાની સિંચાઇના કામોને સેઇફ સ્ટેજે લઇ જવા માટેની સૂચિત જોગવાઇ **રૂા. ૨૦ કરોડ.**

- અમદાવાદ શહેરમાંથી પસાર થતી ખારીકટ કેનાલને આર.સી.સી. ડકટ મારફતે લઇ જઇ તેમજ આ કેનાલના તથા આજુબાજુના વિસ્તારને નયનરમ્ય બનાવવાના કાર્યક્રમ અન્વયે જોગવાઇ **રૂા. ૨૫ કરોડ.**

## વિરામનો સમય મોકુફ રાખવા અંગે

**શ્રી રણછોડભાઈ ફળદુ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સભાગૃહમાં અંદાજપત્રની રજૂઆત પૂરી થાય તે હેતુથી વિરામનો સમય રદ કરવામાં આવે.

**અધ્યક્ષશ્રી** : રિસેસ રદ કરીએ છીએ અને નાણામંત્રીશ્રીનું પ્રવચન ચાલુ રહેશે.

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી):**

**સરદાર સરોવર**

**યોજના**

તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા દેશની ૧૪ નદીઓના પ્રોજેકટસને રાષ્ટ્રીય સંપત્તિ તરીકે જાહેર કરીને, તે પ્રોજેકટસના ૯૦ ટકા જેટલું ફંડ કેન્દ્ર સરકાર દ્વારા આપવાની જાહેરાત કરાઇ છે. પરંતુ તેમાં નર્મદા નદી ઉપરના વિવિધ પ્રોજેકટસનો સમાવેશ કરેલ નથી, તેમ છતાં અમે સરદાર સરોવર યોજના પૂરી કરવાના મકકમ નિર્ધાર સાથે આગળ વધવા માંગીએ છીએ. યોજનાના શિલાન્યાસથી લઇ ૨૦૦૧ સુધીમાં રૂા ૧૦,૯૭૮.૬૩ કરોડ વપરાયા છે. અમારે મન આ યોજનાનું માહાત્મ્ય એટલું મોટું છે કે અમે સન ૨૦૦૧થી ડિસેમ્બર, ૨૦૦૭ સુધીમાં **રૂા. ૧૪,૩૧૩.૨૦ કરોડ**નો ખર્ચ કર્યો છે. સમગ્ર દેશ જ્યારે વીજળીના સંકટ સામે ઝઝૂમી રહ્યો છે ત્યારે ગુજરાતે દેશહિતમાં આ કાર્ય આટલા ટૂંકા ગાળામાં કરીને કુલ **૯૬૫૯.૬૮૨ મીલીયન યુનિટસ**નું વીજ ઉત્પાદન રાષ્ટ્રને ભેટ ધરેલ છે.

રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનાના બંધની ઉંચાઇ ૧૧૦.૬૪ મીટરથી વધારી ૧૨૧.૯૨ મીટર થતાં બંધમાં વધુ પાણીનો સંગ્રહ થવાથી સિંચાઇ અને પીવાના પાણીનો પુરવઠો મળી રહેવા અંગેની વિશ્વસનીયતામાં વધારો થયેલ છે. બંને પાવર હાઉસના તમામ એકમો કાર્યાન્વિત થતાં કુલ ૧૪૫૦ મે.વો. જેટલી પર્યાવરણને સાનુકૂળ જળ વિદ્યુત ઉત્પાદન ક્ષમતા થકી અત્યાર સુધીમાં એક હજાર કરોડ યુનિટ વીજળી ઉત્પન્ન કરવામાં આવેલ છે. જેમાંથી રૂા.૩૨૦ કરોડની આવક થવા પામેલ છે. રાજસ્થાન સરહદ સુધીનું મુખ્ય નહેરનું કામ આગામી નાણાકીય વર્ષ દરમિયાન પૂર્ણ કરવાનું આયોજન છે.

નર્મદા પ્રભાગ હેઠળની સન ૨૦૦૭-૦૮ની રૂા.૩૧૯૩ કરોડની જોગવાઇ સામે આગામી વર્ષ માટેની સૂચિત જોગવાઇ **રૂા.૩૪૪૦ કરોડ.**

**સુજલામ સુફલામ યોજના**

મહત્ત્વાકાંક્ષી સુજલામ સુફલામ યોજનાની કામગીરી સંતોષકારક રીતે આગળ ધપી રહી છે. આ યોજના અંતર્ગત ઉત્તર ગુજરાતને ફાળવાયેલ નર્મદાના એક મિલિયન એકર ફીટ પૂરના પાણીનો વપરાશ કરવા માટે હાથ ધરાયેલ કુલ આઠ પાઇપલાઇનોની કામગીરી પૈકી સાત પાઇપલાઇનોની કામગીરી પૂર્ણતાને આરે છે.

**સુજલામ સુફલામ યોજના** હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૦૭ મોટા ચેકડેમો બાંધવાનું આયોજન કરેલ, જે પૈકી ૧૦૦ ચેકડેમોની કામગીરી પૂર્ણ થયેલ છે. કચ્છ વિસ્તારમાં હાથ ધરવામાં આવેલ બંધારાના કામો પૈકી ૧૬ કામો પૂર્ણ થયેલ છે, જ્યારે ૨૪ કામો પ્રગતિમાં છે. આ ઉપરાંત, પાનમ હાઇલેવલ કેનાલ, કડાણા ડાબા કાંઠા હાઇલેવલ કેનાલ અને સંતરોડ વિયરના કામો પ્રગતિમાં છે.

આ યોજના અંતર્ગત, ચેકડેમ હોય, ખેત તલાવડી હોય, ગામડાઓમાં પીવાનું શુદ્ધ પાણી હોય અથવા ક્ષાર નિયંત્રણ માટે બંધારા હોય, આ બધાને કારણે રાજ્યની પ્રજાને પીવાનું પાણી અને ખેડૂતોને ખેતીમાં લાભ મળતો થયો છે. આ વિસ્તારમાં અત્યાર સુધી ખેતી વરસાદ આધારિત હોવાથી ફક્ત ખરીફ પાક લેવાતો હતો. પરંતુ, હવે સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલમાં પાણી ગયા વર્ષે વહેવડાવ્યા બાદ, ખરીફ ઉપરાંત રવિ વાવેતર કરવામાં આવ્યું છે તથા ઉનાળું પાકોના વાવેતર માટે તકો ઊભી થવાથી ખેડૂતોના આર્થિક વિકાસમાં વૃદ્ધિ થઇ છે.

પીવાના પાણી માટે ૧૦ જિલ્લાઓના ૪૯૦૪ જેટલા ગામોને આવરી લેતી કુલ ૩૨ યોજનાઓનો, આ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે, તેમાંથી ડિસેમ્બર-૨૦૦૭ સુધીમાં ૨૫૦૦ ગામોને પીવાનું પાણી પૂરું પાડવાનું શરૂ કરવામાં આવેલ છે અને વધારાના ૧૪૬૩ ગામોની પીવાના પાણીની યોજના પ્રગતિમાં છે.

**ડ્રીપ સ્પ્રિંકલર યોજના**

સરકારે વિશાળ પાયા ઉપર ઝુંબેશ સ્વરૂપે ડ્રીપ અને સ્પ્રીંક્લર જેવી માઇક્રો સિંચાઇ દાખલ કરવાનું અભિયાન હાથ ધરેલ છે, જેના ફળસ્વરૂપ, અત્યાર સુધીમાં ૭૦,૭૨૮ હેક્ટર વિસ્તારમાં ડ્રીપ સ્પ્રિંકલર સિંચાઇ સફળતાપૂર્વક કાર્યરત થઇ છે. સરકાર આ પ્રકારની આધુનિક ટેક્નોલોજી દ્વારા ખેડૂતને લાભો ઉપલબ્ધ કરાવવા પ્રતિબદ્ધ છે.

**ક્ષાર નિયંત્રણ**

રાજ્યમાં ૧૬૦૦ કિ.મી. જેટલો દરિયા કિનારો હોવાથી જમીનમાં ક્ષારનું પ્રમાણ વધવાને કારણે જમીનની ઉત્પાદન શક્તિ ઉપર અને આ વિસ્તારના ભૂગર્ભજળની ગુણવત્તા ઉપર માઠી અસર પહોંચી છે. **સાગરખેડુ યોજના** અન્વયે ક્ષાર પ્રવેશ નિયંત્રણના વિવિધ કામો માટેની સૂચિત જોગવાઇ **રૂા. ૧૬૨ કરોડ.**

**કલ્પસર**

રાજ્યની લાંબાગાળાની પીવાના પાણીની તથા વીજળીની જરૂરિયાતને પહોંચી વળવા માટે મહત્ત્વાકાંક્ષી કલ્પસર યોજનાનું આયોજન છે. જમીન સર્વેક્ષણનું અને દરિયાઇ સર્વેક્ષણના પ્રથમ તબક્કાનું કાર્ય પૂર્ણ થયેલ છે. પર્યાવરણની મંજૂરી માટેના અભ્યાસનો રીપોર્ટ નીરી- નાગપુર દ્વારા આખરીકરણના છેલ્લા તબકકામાં છે જે તેયાર થતાં કેન્દ્ર સરકારને પર્યાવરણની મંજૂરી માટે મોકલવામાં આવશે.

સરકારે, પ્રોજેકટના વિવિધ અભ્યાસોને આગળ ધપાવવા માટે એક ઉચ્ચ કક્ષાનું એક્ષપર્ટ એડવાઇઝરી ગૃપ નીમેલ છે. આગામી વર્ષ માટેની સૂચિત જોગવાઇ **રૂા.૪૦ કરોડ.**

**પંચાયત**

પંચાયત, ગ્રામ, ગૃહ નિર્માણ વિભાગ હેઠળની સન ૨૦૦૭-૦૮ની રૂા.૫૪૩.૫૧ કરોડની જોગવાઇ સામે **૨૫.૩૦ ટકાના વધારા સાથે આગામી વર્ષ માટે સૂચિત જોગવાઇ રૂા.૬૮૧ કરોડ.**

ગામડું સમૃદ્ધ તો દેશ સમૃદ્ધ, એ બાબતથી આપણે અજાણ નથી. જ્યોતિગ્રામ યોજનાએ સુખી ગામડાના સપનાને સાકાર કરવાની દિશામાં ખૂબ મોટો ફાળો આપેલ છે, પરંતુ ૨૧મી સદીના વિશ્વમાં ગુજરાતનું ગામડું પાછળ ન રહી જાય તે ઉમદા હેતુથી ગુજરાતના ગામડાને આધુનિક વિજ્ઞાનનો લાભ મળે, ગામ થકી ઇન્ફોર્મેશન ટેક્નોલોજી દ ારગથ્થુ બને, જ્ઞાન વિજ્ઞાનની ક્ષિતિજો વિસ્તરે તે હેતુથી **"ઇ-ગ્રામ - વિશ્વ ગ્રામ"**ના અભિયાનને આગળ વધારવા

સમગ્ર એશિયામાં પ્રથમવાર બ્રોડબેન્ડ ક્નેકટીવીટીથી ગામડું વિશ્વ સાથે જોડાય તેવું આયોજન કર્યુ છે. બ્રોડબેન્ડ ક્નેકટીવીટીના કારણે ગામડાના શિક્ષણમાં, આરોગ્ય (ટેલીમેડીસીન) સેવામાં, પશુ ચિકિત્સા/રોગ નિદાન તથા કૃષિ ઉત્પાદનોના બજાર લીન્કેજ માટે આધુનિક કૃષિમાં પાયાના ફેરફારોની દિશામાં જવાનું સરળ થશે. બીજા અર્થમાં કહીએ તો **"ઇ-ગ્રામ - વિશ્વ ગ્રામ"**નું આ અભિયાન અને બ્રોડબેન્ડ ક્નેકટીવીટીની આ યોજના ગામડે ગામડે **"વૈજ્ઞાનિક કામધેનુ"** પુરવાર થશે.

તમામ ગ્રામ પંચાયતોનું બ્રોડબેન્ડ ઇ-ક્નેકટીવીટીથી જોડાણ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. આ ઇ-ક્નેકટીવીટીથી ગ્રામ પંચાયત ખાતે ઇન્ટરનેટની સુવિધા, વીડીયો કોનફરન્સની સુવિધા, મલ્ટીકાસ્ટીંગ પ્રસારણ તથા તમામ ગ્રામ પંચાયત એકબીજા સાથે વિના મૂલ્યે વાત કરી શકે તેવી વોઇસ ઓવર આઇપી (વોઇપ) ઉપલબ્ધ થશે. તમામ ગ્રામ પંચાયોતનું બ્રોડબેન્ડ ઇ- ક્નેકટીવીટીના જોડાણ સાથે **ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બનશે.**

આ યોજના અંતર્ગત ગયા વર્ષની સરખામણીએ ૩૩ ટકાના વધારા સાથે આગામી વર્ષ માટેની જોગવાઇ **રૂા.૪૦ કરોડ.**

સરકાર ગામને શહેર જેવી જરૂરી આંતર માળખાગત સુવિધાઓ પુરી પાડવા માટે કટિબદ્ધ છે. જેના ભાગરૂપે મોટા ગામો કે જેની વસ્તી વધારે છે અને શહેરીકરણ તરફ જઇ રહ્યા છે તેવા ગામો માટે આંતરમાળખાકીય સુવિધાનો વ્યાપ વધારવા રાજ્ય સરકારે આ યોજનાનો અમલ કરવાનું નકકી કરેલ છે. જે અન્વયે, ગામના આંતરિક રસ્તાઓની મરામત અને નવા બનાવવા, સ્ટ્રીટલાઇટની વ્યવસ્થા કરવી તેમજ જરૂર જણાયે બિનપરંપરાગત ઊર્જા પુરી પાડવી, પીવાનું ચોખ્ખું પાણી દરેક ઘર સુધી પહોંચે તેવી વ્યવસ્થા પુરી પાડવી, ગંદા પાણીના નિકાલ માટે ગટર વ્યવસ્થા જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરવા કુલ જોગવાઇ **રૂા.૫૦ કરોડ.**

**સરદાર પટેલ આવાસ યોજના** હેઠળ અત્યાર સુધીમાં ૨,૬૭,૪૬૪ મકાનો બાંધી આપવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત આગામી વર્ષ માટેની અંદાજિત ૨૬ હજાર મકાનો માટેની જોગવાઇ **રૂા.૯૦ કરોડ.**

રાજ્યના અન્ય વિકસિત તાલુકાઓના સંદર્ભમાં ૩૦ વિકાસશીલ તાલુકાઓને પાંચ વર્ષના ગાળામાં વિકસિત તાલુકાઓની સમકક્ષ લાવવાની જાહેર કરેલી કટિબદ્ધતાને અમલમાં મૂકવા માટે રાજ્ય સરકાર દ્વારા આયોજન કરાયેલ છે. આ તાલુકાઓના સર્વાંગી અને ઝડપી વિકાસ માટે આગામી વર્ષમાં તાલુકાદીઠ ફાળવવામાં આવતી ગ્રાન્ટની રકમ રૂા.એક કરોડ વધારી રૂા. બે કરોડ કરી, **રૂા.૬૦ કરોડ**ની જોગવાઇ સૂચવવામાં આવી છે. જેમાંથી રૂા.૩૮ કરોડની માતબર રકમ આદિવાસી વિસ્તારોમાં ફાળવવામાં આવી છે.

**ઉદ્યોગ**

ગુજરાત ઓદ્યોગિક ક્ષેત્રે મૂડીરોકાણમાં પ્રથમ ક્રમાંકે પહોંચ્યું છે. આમ છતાં આગામી અગિયારમી પંચવર્ષીય યોજનામાં ૧૧.૨ ટકાનો વૃદ્ધિ દર હાંસલ કરવો હોય તો ઓદ્યોગિક ક્ષેત્રે ઉત્પાદનનો વિકાસ વૃદ્ધિ દર ૧૪.૫ ટકા થાય તે આવશ્યક છે. આ સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે ઉદ્યોગ વિભાગે અભૂતપૂર્વ હરણફાળ ભરવાનો આ સમય છે.

આપણા દેશના વિકાસમાં અસંગઠિત ક્ષેત્રનું યોગદાન ખૂબ નોંધપાત્ર રહ્યું હોવા છતાં સમગ્ર દેશમાં આ ક્ષેત્ર સંદતર ઉપેક્ષિત રહ્યું છે તેથી ગુજરાતે અસંગઠિત ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે અલાયદી નીતિ ઘડવાનો સંકલ્પ કર્યો છે. આ કાર્યમાં અસંગઠિત ક્ષેત્રે કામ કરતા કારીગરો માટે કૌશલ્ય નિર્માણ અર્થે અને સામાજિક સુરક્ષા જેવા મહત્ત્વના પાસા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાનું આયોજન છે. જે માટે **રૂા.૧૦૦ કરોડ**ની સર્વગ્રાહી જોગવાઇ સૂચવવામાં આવી છે.

પરંપરાગત રીતે ગુજરાત ઓદ્યોગિક ક્ષેત્રે ઉદાહરણરૂપ કામગીરી કરી રહ્યું છે. પરંતુ ઉદ્યોગોની નવી ક્ષિતિજોને આંબવાની નેમ અને આયોજનમાં નવીન પ્રાણ પૂરવાના સંકલ્પ સાથે આગળ વધી ગુજરાતમાં ઉદ્યોગો દ્વારા રોજગારીની તકો વધે એ આવશ્યક છે. ૧૬૦૦ કિ.મી. લાંબો દરિયા કિનારો માત્ર આયાત- નિકાસ માટે સીમિત રહે તેના બદલે મોટા જહાજવાડા ઊભા કરી શીપીંગ ઉદ્યોગને બળ આપવા માંગીએ છીએ. શીપના સમારકામ/જાળવણી

માટે વિપુલ તકો ઉપલબ્ધ છે. જ્યારે સૌરાષ્ટ્ર અને કચ્છ પાસે ઓટોમોબાઇલ અંગેનું પરંપરાગત કૌશલ્ય છે ત્યારે, ગુજરાત આ તકનો લાભ મેળવે તેવી અમારી નેમ છે.

SEZ એ હવે સર્વસ્વીકૃત બાબત બની છે ત્યારે ગુજરાતમાં SEZ એ ઔદ્યોગિક ઉત્પાદન માટેના વિશ્વ કક્ષાના માળખાકીય સુવિધાવાળા વિસ્તાર છે જે દુનિયાના મૂડીરોકાણકારોને આકર્ષે છે; એ જ રીતે દિલ્હી- મુંબઇ કોરીડોર કે જેમાં આશરે ૪૦ ટકા ભાગ ગુજરાતમાંથી પસાર થશે તે ઉદ્યોગો માટેની નવીનત્તમ ક્ષિતીજોનો કરોડરજ્જુ બનશે.

બંદરોનો વિકાસ, બંદર આધારિત દરિયા કિનારાના પીઠપ્રદેશ (હિન્ટરલેન્ડ)નો વિકાસ, દિલ્હી મુંબઇ ઔદ્યોગિક કોરીડોર અને નવો બનેલો પૂર્વનો હાઇ-વે વગેરે ગુજરાતના ઔદ્યોગિક જગતને ચારે તરફ ફેલાવશે. ઔદ્યોગિક વિકાસ ફક્ત ગુજરાતના **ગોલ્ડન કોરીડોરમાં** જ સીમિત ન રહેતા સમગ્ર રાજ્યને રોજગારી આપતા ઉદ્યોગો થકી રાજ્યને **ગોલ્ડન ગુજરાત**માં પરિવર્તિત કરવાની ક્ષમતા ધરાવશે.

દિલ્હી- મુંબઇ ઇન્ડસ્ટ્રીયલ કોરીડોરના પ્રથમ ચરણના ભાગરૂપે ધોલેરા, સાંતલપુર, હાલોલ અને દહેજ-વિલાયત પૈકીના વિસ્તારોને સ્પેશીયલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયન (SIR) તરીકે વિકસાવવામાં આવશે.

ઉદ્યોગ અને ખાણ વિભાગ હેઠળની સન ૨૦૦૭-૦૮ની રૂા.૬૪૦.૮૫ કરોડની જોગવાઇ સામે આગામી વર્ષ માટે **૩૯.૮૧ ટકાનો વધારો કરી સૂચિત જોગવાઇ રૂા.૮૯૬ કરોડ.**

**માનનીય અધ્યક્ષશ્રી, ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ વર્ષ** ૨૦૦૩, ૨૦૦૫ અને ૨૦૦૭ થકી, ભારતના તથા વિદેશી ઔદ્યોગિક ગૃહો દ્વારા ગુજરાતમાં રોકાણ કરવા માટે અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડયો છે.

૨૦૦૩ અને ૨૦૦૫ની સમીટમાં કુલ રૂા.૧,૭૨,૨૨૮ કરોડના મૂડીરોકાણના સમજૂતિ કરાર થયા હતા તે પૈકી રૂા.૧,૩૫,૨૬૩ કરોડના પ્રોજેકટો પૂરા થયા છે અથવા તો અમલીકરણ હેઠળ છે.

૨૦૦૭ની સમીટ દ્વારા કુલ રૂા.૬,૬૬,૦૦૦ કરોડની ઉદ્યોગ આઇ.ટી.ક્ષેત્ર અને શહેરી વિકાસ ક્ષેત્રે જંગી મૂડીરોકાણની દરખાસ્તો મળી હતી અને કુલ **૨૧ લાખ સીધી રોજગારી**ની તકો ઊભી થાય તેવું સર્વશ્રેષ્ઠ વાતાવરણ ઊભું થયેલ છે.

આ સુંદર પ્રતિભાવથી પ્રોત્સાહિત થઇને સરકારે જાન્યુઆરી, ૨૦૦૯માં ચોથી **ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ** યોજવાનું આયોજન શરૂ કરી દીધેલ છે.

અવિકસિત અને અલ્પવિકસિત વિસ્તારોમાં ઔદ્યોગિક વિકાસ થાય તે માટે પબ્લિક પ્રાઇવેટ પાટર્નરશીપથી જી.આઇ.ડી.સી. વસાહતો સ્થાપવાના આયોજન માટે સૂચિત જોગવાઇ **રૂા. ૫૦ કરોડ.**

વિવિધ ક્ષેત્રોમાં ઉદ્યોગોને જરૂરિયાત મુજબનું માનવ બળ મળે તે હેતુથી **રૂા. ૩૫ કરોડ**ના ખર્ચે એન્કર ઇન્સ્ટીટયુટ મારફત તાલીમ આપવા માટે વ્યવસ્થા ઊભી કરવાનું આયોજન છે.

જેમ્સ એન્ડ જવેલરી ક્ષેત્રમાં રૂા.૨૦ કરોડના ખર્ચે તાલીમ માટે માળખું ઊભું કરવાનું આયોજન છે.

**ખનીજ વિકાસ**

ખનીજ સંપત્તિના સંશોધન, ઉત્ખનન અને તેના ઔદ્યોગિક હેતુમાં વિશેષ મૂલ્યવૃદ્ધિ માટેની ખનીજનીતિ અમલમાં છે. કચ્છ અને જામનગર જિલ્લામાં ઉપલબ્ધ બોક્સાઇટના અપગ્રેડેશન દ્વારા એલ્યુમીનાનો વિશાળ પ્લાન્ટ અને કચ્છમાં લાઇમસ્ટોનનો ઉપયોગ કરવા ખાનગી કંપનીના સંયુક્ત સાહસમાં સિમેન્ટ પ્લાન્ટ સ્થાપવામાં આવી રહ્યો છે. પંચમહાલ જિલ્લામાં મેંગેનીઝ આધારિત ઉદ્યોગો જેવા કે ઇ.એમ.ડી. પ્લાન્ટ અને ફેરોએલોઇઝ પ્લાન્ટ પણ સંયુક્ત સાહસમાં સ્થાપવા માટે સમજૂતી કરારો કરેલ છે.

આગામી વર્ષમાં કચ્છમાં લખપત અને અબડાસા તાલુકાના લાઇમસ્ટોન વિસ્તારમાં કરોડો વર્ષ જુના ભૂસ્તરીય અવશેષો પ્રદર્શિત કરતા જીઓપાર્ક સ્થાપવામાં આવશે.

કચ્છના ૨૩૦૦૦ ચો.કી.મી.ના વિસ્તારમાં જીઓકેમીકલ મેપીંગનો એક પ્રોજેક્ટ હાથ ધરવામાં આવેલ છે જે નવા ખનીજ સંશોધનો ઉપરાંત કૃષિ  અને પર્યાવરણમાં પણ ઉપયોગી નીવડશે.

**મત્સ્યોદ્યોગ**

**સાગરખેડૂ યોજના** હેઠળ પોરબંદર, વેરાવળ અને માંગરોળ મત્સ્ય બંદરોમાં  યુરોપિયન યુનિયન નોર્મ્સ પ્રમાણે સ્વચ્છતાના ધોરણો જાળવી કામગીરી કરવામાં આવે છે. ફીશલેન્ડીંગ સેન્ટર માટે પાયાની સુવિધાઓ પૂરી પાડવાની જોગવાઇ સૂચવાઇ છે. માર્કેટીંગ ઇન્ટરવેન્શન અન્વયે જોગવાઇ કરાયેલ છે. ઇનલેન્ડ એક્વા કલ્ચર હેઠળ પણ સુવિધાઓ પૂરી પાડવાની જોગવાઇ સૂચવેલ છે.

રાજ્ય સરકારે વિદેશી શક્તિઓની હેરાનગતિથી માછીમારોને બચાવવા તેમને બાયોમેટ્રીક ઓળખપત્રો પૂરાં પાડવાનું આયોજન છે. આ ઓળખપત્રની મદદથી મત્સ્યોદ્યોગ ખાતુ તેમજ અન્ય ઓથોરીટી માછીમારોની રાષ્ટ્રીયતાની ઓળખ નક્કી કરી શકે છે. તેમજ વિદેશી સત્તાવાળા દ્વારા પકડવામાં આવેલ માછીમારોને જ્યારે મુક્ત કરવામાં આવે ત્યારે તેની વ્યક્તિગત ઓળખ માટે તેમજ કુદરતી આફતોના સમયે પણ માછીમારોની અગવડ નિવારી શકાય છે. મત્સ્ય બોટોને આંતરરાષ્ટ્રીય સરહદનું ઉલ્લંઘન કરતાં અટકાવવા માટે ગ્લોબલ પોઝીશનીંગ સીસ્ટમ (GPS) પૂરાં પાડવાનું આયોજન કરેલ છે. ગત વર્ષની રૂા.૨૫ કરોડની જોગવાઇની સરખામણીએ આગામી વર્ષની સૂચિત જોગવાઇ **રૂા.૫૦ કરોડ.**

માછીમારોની **જૂથ અકસ્માત વીમા યોજના**ને અપગ્રેડ કરી નવી નીતિ મુજબ હાલની વીમા કવચની રકમ રૂા. ૫૦,૦૦૦ થી વધારી **રૂા. એક લાખ** કરવામાં આવેલ છે.

**ઊર્જા**

દેશના દરેક ખૂણામાંથી વીજળી સંકટના વાવડ આવ્યા કરતા હોય છે. તાજેતરના સર્વેક્ષણ મુજબ પીક લોડ દરમ્યાન ૧૨ ટકા અને સામાન્ય લોડ દરમ્યાન ૮ ટકા ખાધ સાથે ૫૦ અબજ યુનિટની વીજ ખાધ દેશમાં પ્રવર્તે છે તેવા સમયે ગુજરાતે ઉત્તમ વીજ વ્યવસ્થાનું ઉદાહરણ પૂરું પાડયું છે. ગ્રામ્ય જીવન ધોરણને સક્ષમ બનાવવા **જ્યોતીગ્રામ** જેવી યોજના આપીને ગ્રામ રોજગારીને બળ પૂરું પાડયું છે. આર્થિક પાયમાલીમાંથી બચાવીને રાજ્યના વીજળી બોર્ડને ખાધમાંથી બહાર કાઢીને પ્રજાના નાણાનો સદુપયોગ કર્યો છે.

એ જ રીતે સ્થાપિત વીજ મથકોના પ્લાન્ટ લોડ ફેક્ટર (પીએલએફ)ને સરેરાશ ૬૦ થી ૬૫ ટકાથી વધારી ૮૦ ટકાએ પહોંચાડી વાર્ષિક ૫૦૦ કરોડ યુનિટ સુધીના ઉત્પાદને પહોંચાડયું છે.

વીજ ગ્રાહકને વીજળી વાપરવાનો સંતોષ ત્યારે મળે કે જ્યારે વીજ પરિવહન માટેની માળખાકીય સુવિધાઓ સક્ષમ હોય. ભૂતકાળમાં આ બાબતે ઉપેક્ષા થયેલ છે જેમાંથી બહાર આવીને આ સુવિધાઓ પૂરી પાડી છે.

જ્યોતિગ્રામ યોજના એ જેમ ગુજરાતના ગામડાઓને ઝળહળતું કર્યુ છે તેમ અમારી સરકારે ગરીબોના દ ્વારોમાંથી અંધારા ઉલેચવાનું મહત્ત્વનું કામ હાથ ધર્યું છે. અનુસૂચિત આદિજાતિ, અનુસૂચિત જાતિ અને ગ્રામ્ય/ શહેરી ગરીબોને ઘરગથ્થુ વીજ જોડાણ રાહત દરે આપી ગરીબના ઘરમાં આશાનો પ્રકાશ પાથરવાની અમારી નેમ છે. **રૂા. ૮૬.૫૦ કરોડ**ની જોગવાઇ સાથે બે લાખ પંચોતેર હજાર કુટુંબોને તેનો લાભ મળે તેવું આયોજન છે.

આગામી વર્ષમાં રાજ્યમાં આદિમ જૂથના ૧૩,૦૩૩ આદિવાસી લાભાર્થીઓના ઘરોનું નિશુલ્ક વીજળીકરણ કરવા માટેની સૂચિત જોગવાઇ **રૂા. ૫.૩૦ કરોડ.**

અગિયારમી પંચવર્ષીય યોજનામાં રાજ્યમાં ૧૧૧૬૪ મે.વો જેટલી વીજ ઉત્પાદન ક્ષમતા વધારવા અને રાજ્યમાં ઊર્જા ક્ષેત્રને વધુ સુદ્રઢ બનાવવાના રાજ્ય સરકારના મક્કમ ઇરાદાને અનુલક્ષીને આગામી વર્ષે ઊર્જા ક્ષેત્રની જોગવાઇ રૂા. ૬૧૨.૪૦ કરોડથી વધારીને **રૂા. ૭૪૮. ૫૦ કરોડ.**

આગામી વર્ષમાં ધુવારણ ખાતે ૩૬૦ મે.વો. તેમજ ભાવનગર ખાતે લિગ્નાઇટ આધારિત ૫૦૦ મે. વો.ના વીજ મથકના ઇરાદાપત્ર આપવાની વિચારણા છે.

**બિનપંરાપરાગત ઊર્જા**

ગ્લોબલ વોર્મીંગ જ્યારે ચિંતાનો વિષય બન્યો છે ત્યારે ગુજરાત સરકાર બિનપરંપરાગત ઊર્જા ઉત્પાદનના મહત્વને સ્વીકારે છે. એક જ વર્ષના ટૂંકા ગાળામાં ૬૨૫ મે.વો. વીજળીની ક્ષમતા સ્થાપીને એતિહાસિક સ્થિતિ હાંસલ કરી છે. આગામી વર્ષે વધુ ૮૦૦ મે.વો.નું આયોજન છે.

સૂર્ય શક્તિ-સૂર્ય ઊર્જા (સોલાર એનર્જી) તરફ સમાજનું ધ્યાન આકર્ષાય અને રોજીંદા જીવનમાં પણ સોલાર એનર્જીને સ્થાન મળે તે હેતુથી ગાંધીનગરને સોલાર સીટી બનાવવાના એક ઉદાહરણરૂપ પ્રકલ્પનું આયોજન અને તે માટેની જોગવાઇ **રૂા. ૫ કરોડ.**

**પેટ્રોલીયમ**

સમગ્ર દેશમાં ગુજરાતે પેટ્રોલીયમ ક્ષેત્રે પગરણ માંડીને આજે દેશના **પેટ્રો કેપીટલ** તરીકે ગુજરાતની ઓળખ ઊભી કરી છે. ગેસ આધારિત અર્થતંત્ર એ સમયની માંગ છે અને તેમાં ગુજરાતે પહેલ કરી છે. ઘરવપરાશ માટે કે પરિવહન માટે ગેસ હોય, ઊર્જા ઉત્પાદન માટે કે કારખાનાઓ માટે ગેસ હોય ગુજરાતે વ્યાપકપણે માળખાકીય સુવિધાઓનું નિર્માણ હાથ ધર્યું છે. એ જ રીતે પેટ્રોલીયમ યુનિવર્સિટીની સ્થાપના કરીને પેટ્રોલીયમ ક્ષેત્રે તાલીમ પામેલ માનવ બળનું પણ સફળ આયોજન ક્યું છે.

રાજ્યમાં ગેસ આધારિત અર્થતંત્ર સ્થાપવાના રાજ્ય સરકારના દ્રઢનિર્ધાર અન્વયે ગેસના પરિવહન માટે રાજ્યના ૧૪ જિલ્લાઓમાં ૧૧૭૦ કિ.મી. જેટલી ગેસગ્રીડ સ્થાપવામાં આવી છે. રાજ્યના અન્ય જિલ્લાઓ અને વિસ્તારોને જોડતી ૮૦૦ કિ.મી. જેટલી ગેસગ્રીડ સ્થાપવાની કાર્યવાહી વિવિધ તબક્કે આયોજન હેઠળ છે.

સી.એન.જી.ના ઉપયોગ થકી પર્યાવરણને તો લાભ થયો જ છે પણ સાથે ગરીબ અને મધ્યમવર્ગના લોકોને પણ આર્થિક લાભ થયો છે. હાલમાં રાજ્યમાં કાર્યરત ૧૦૦ જેટલા સી.એન.જી. સ્ટેશનો ઉપરાંત બીજા ૫૦ સ્ટેશનો સ્થાપવા સાથે આગામી પાંચ વર્ષમાં ૩૦૦ સી.એન.જી. સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે.

ઊર્જા ક્ષેત્રના ઇંધણ માટે સંકટ તોળાઇ રહ્યું છે ત્યારે આગોતરુ આયોજન કરીને રાજ્ય હેઠળના ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોર્પોરેશન દ્વારા ઇજિપ્તમાં બે, યમનમાં ત્રણ અને ઓસ્ટ્રેલીયામાં ત્રણ બ્લોક્સ ક્રૂડઓઇલ અને ગેસના ઉત્ખનન માટે મેળવવામાં આવ્યાં છે.

આ ઉપરાંત ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોર્પોરેશને NELP રાઉન્ડના બીડીંગમાં ONGC સાથે ચાર બ્લોક ગુજરાતમાં શારકામ માટે મેળવેલ છે તેમજ રાજસ્થાન ઓનશોર, આંધ્રપ્રદેશ ઓનશોર અને મુંબઇમાં ઓફશોર બ્લોક ઓપરેટર તરીકે મેળવવામાં સફળતા મેળવી છે.

**માર્ગ અને મકાન**

માર્ગ અને મકાન વિભાગ હેઠળની સન ૨૦૦૭-૦૮ની રૂા.૧૪૭૬.૨૭ કરોડની જોગવાઇ સામે **૧૧.૭૭ ટકાના વધારા સાથે આગામી વર્ષ માટે સૂચવાયેલ જોગવાઇ રૂા.૧૬૫૦ કરોડ.**

રાજ્યમાં માળખાકીય સુવિધાઓ વધુ સારી અને ઉપયોગી બને તે બાબત ધ્યાને લઇને ગુજરાતના રસ્તાઓના નિર્માણમાં ક્રાંતિકારી વ્યૂહાત્મક પરિવર્તન આપણે લાવ્યા છીએ અને તેના ભાગરૂપે **પ્રગતિપથ, વિકાસપથ** અને **પ્રવાસીપથ**ના કામોને આ વર્ષે પણ આગળ ધપાવવાનું આયોજન છે. અંદાજે ૬૨૭ કિ.મી.ના માર્ગો માટેની સૂચિત જોગવાઇ **રૂા.૨૦૯ કરોડ.**

હવે માળખાકીય સુવિધાઓમાં ખાનગી રોકાણકારો પણ આગળ આવતા રાજ્ય સરકારે તેનો લાભ લઇને રાજ્ય ધોરીમાર્ગ વિકાસ યોજના અંતર્ગત અંદાજે ૩૪૦૦ કિ.મી. લંબાઇના રસ્તાઓની સુધારણા રૂા.૯૦૦૦ કરોડના ખાનગી રોકાણથી કરવા આયોજન કર્યું છે; તથા વિશ્વબેન્ક લોન સહાય દ્વારા અંદાજે ૧૮૦૦ કિ.મી. લંબાઇના રસ્તાઓની સુધારણા રૂા. ૨૦૦૦ કરોડના ખર્ચે કરવા આયોજન કર્યુ છે.

- રાજ્ય સરકારે રસ્તાના વિકાસ માટે ગત વર્ષની સરખામણીએ ૧૬ ટકા વધારા સાથે આગામી વર્ષમાં સૂચવેલ જોગવાઇ **રૂા. ૧૫૦૧ કરોડ.**

- વાયેબીલીટી ગેપ ફંડ (વી.જી.એફ) અને બિલ્ડ ઓપરેટ એન્ડ ટ્રાન્ફર (બી.ઓ.ટી.)ના ધોરણે ૧૦૦૦ કિ.મી.ની લંબાઇના રસ્તાઓનું ચાર માર્ગીય તથા છ માર્ગીય રસ્તાઓમાં રૂપાંતર કરાશે. જેમાં અમદાવાદ-વીરમગામ-માળીયા, રાજકોટ-જામનગર-ખંભાળીયા, હાલોલ- ગોધરા- શામળાજી, બગોદરા-વાસદ, ભાવનગર-ધોલેરા-વટામણ-ધોળકા- સરખેજ- અમદાવાદ, ભાવનગર-વલ્લભીપુર-ધંધુકા-બગોદરા, ભૂજ-ભચાઉ તેમજ નખત્રાણા-પાનન્ધ્રોનો સમાવેશ થાય છે.

- નાબાર્ડની રૂા. ૧૬૯૫ કરોડની સહાયથી પાંચ મોટા ગ્રામ્ય માર્ગ સુધારણા યોજનાઓની સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે. આ યોજનાઓ હેઠળ ૭૨૫૫ કી.મી. લંબાઇના ગ્રામ્ય રસ્તાઓની સુધારણા હાથ ધરવામાં આવશે. જેનાથી ૩૨ લાખ જેટલી ગ્રામ્ય પ્રજા લાભાન્વિત થશે અને ૩૭૧૦ ગામોને વધારે સારું માર્ગીય જોડાણ પ્રાપ્ત થશે.

- **કિસાન પથ યોજના** હેઠળ ગ્રામ્ય રસ્તાની ૪૩૫૦ કિ.મી.ની લંબાઇની સુધારણા ૩૨૦ કરોડના ખર્ચે બે તબકકામાં મંજૂર કરાયેલ છે. જે પેકી ૨૨૧ કિ.મી. લંબાઇની સુધારણાના કામો માટે સૂચિત જોગવાઇ **રૂા. ૫૦ કરોડ.**

**બંદરો**

- સમગ્ર દેશના બંદરો ઉપરથી પરિવહન થતા કુલ કાર્ગોના ૨૮ ટકા જેટલો કાર્ગો ગુજરાતના બંદરો પરથી થાય છે. તદઉપરાંત, દેશના મધ્યમ અને નાના બંદરો દ્વારા પરિવહન થતા કુલ કાર્ગો પેકી ગુજરાતનો હિસ્સો ૭૩ ટકા છે.

- ભૂતકાળમાં ગુજરાતનો ૧૬૦૦ કિ.મી.નો દરિયા કિનારો ઉપેક્ષિત રહેવા પામ્યો છે. છેલ્લા કેટલાક સમયથી બંદરોનો વિકાસ પૂરા વેગથી ચાલી રહ્યો છે પરંતુ અમારી સરકાર માત્ર બંદરોનો વિકાસ કરીને અટકેલ નથી પરંતુ તેથી આગળ વધી સર્વાંગી વિકાસનો ત્રિપાંખીયો અભિગમ અપનાવેલ છે. જેમાં બંદર વિકાસ, બંદર આધારિત વિકાસ અને દરિયા કિનારે વસતા સાગરખેડૂઓના મહત્ત્વાકાંક્ષી વિકાસ માટેના આયોજનનો સમાવેશ કરાયેલ છે. આમ, આ ત્રિવિધ વિકાસને વેગ મળે તે હેતુથી નીચે મુજબનું આયોજન વિચારાયેલ છે:

- અત્યાર સુધી બે એલ.એન.જી. ટર્મીનલ દહેજ અને હજીરા ખાતે કાર્યરત થયા છે તથા મુન્દ્રા અને પીપાવાવ ખાતે સંયુક્ત સાહસ ઉપક્રમે બે નવા એલ.એન.જી. ટર્મીનલ સાથે કુલ ચાર ટર્મીનલો કાર્યાન્વિત થશે.

- રાજ્યના નવ ગ્રીન ફીલ્ડ બંદરો મહુવા, ખંભાત, સુત્રાપાડા, વાંસી-બોરસી, મીઠી વીરડી, સીમર, બેડી, મોઢવા, મરોલીના વિકાસ માટે ઓફર મંગાવવામાં આવેલ છે. હયાત દહેજ અને પોરબંદર નજીક નવી સાઇટસ માટેની ઓફર મંગાવવામાં આવેલ છે.

- નવલખી, મગદલ્લા, ઓખા અને ભાવનગર બંદરોનું સ્ટ્રેટેજીક પાર્ટનરશીપ દ્વારા વિસ્તરણ અને સુધારણા માટેની ઓફર મંગાવવામાં આવી છે. ખાનગી કંપનીઓ દ્વારા કેપ્ટીવ જેટીઓના વિસ્તરણની યોજનાઓ પણ હાથ ધરવામાં આવેલ છે.

- ગુજરાતમાં શીપ બ્રેકીંગ ઉદ્યોગ સારો એવો વિકસ્યો છે પરંતુ શીપ બિલ્ડીંગ ઉદ્યોગ ઉપર ખાસ ધ્યાન કેન્દ્રિત થયેલ ન હતું. અમારી સરકારે આ ક્ષેત્રે પહેલ કરેલ છે, જેથી રાજ્યનાં દરિયા કાંઠા ઉપર બાવીસ સ્થળોએ શીપ બિલ્ડીંગ/ રીપેરીંગ યાર્ડનો વિકાસ, ખાનગી બંદરો, ખાનગી જેટીઓ, કેપ્ટીવ જેટીઓ, વીટીએમએસ સીસ્ટમ, તાલીમ અને નવા મરીન અભ્યાસક્રમો દાખલ કરવા, પ્રવાસન, પેસેન્જર અને રો-રો ફેરી સર્વિસને લગતી યોજનાઓ વગેરેના અમલીકરણથી દરિયા કિનારે વસતા સાગરખેડૂઓને સીધો અથવા આડકતરો લાભ થવા ઉપરાંત વધારાની રોજગારીની તકો ઉપલબ્ધ થશે.

- આગામી વર્ષે ગુજરાત મેરીટાઇમ બોર્ડના હયાત બંદરો ઉપર રૂા. ૧૭૫ કરોડના ખર્ચે વિકાસની યોજનાઓ હાથ ધરવાનું વિચારાયેલ છે અને કુલ રૂા. ૪૨૬૭ કરોડનું ખાનગી મૂડીરોકાણ થવાની સંભાવના છે.

- ગુજરાતના નાના બંદરો ઉપરથી આગામી વર્ષ દરમ્યાન અંદાજે **૧૬૦ મિલિયન મેટ્રીક ટન** ટ્રાફિકની હેરફેર થવાની સંભાવના છે જે **એક અનોખી સિદ્ધિ ગણી શકાય.**

**વાહન વ્યવહાર**

- ગ્રામ્ય વિસ્તારની કન્યાઓનો સાક્ષરતા દર વધે અને ઉચ્ચ શિક્ષણ મેળવવામાં સહુલીયત પૂરી પાડી શકાય તે આશયથી સરકારે પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તેમજ કોલેજોમાં અભ્યાસ કરતી ગ્રામ્ય વિસ્તારની કન્યાઓને ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની બસોમાં દિવસમાં એક વાર વિનામૂલ્યે જવા- આવવા માટેની સુવિધા પૂરી પાડવાની યોજના અમલમાં મૂકેલ છે.

- મોટર વાહન ખાતાની ચેક પોસ્ટો પૈકી ૧૦ ચેકપોસ્ટોનું કોમ્પ્યુટરાઇઝેશન કરવાથી માલવાહક વાહનોની આવક વધવા ઉપરાંત પોલીસ ખાતા, આબકારી ખાતા અને વેચાણવેરા ખાતા વચ્ચે માહિતીની આપ-લે સરળ બની છે.

- ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના કાફલાના જૂના વાહનો બદલવાના ચાલુ કાર્યક્રમના ભાગરૂપે અગાઉ ઉમેરાયેલ ૨૫૦૦ નવી બસો ઉપરાંત આગામી વર્ષે ૧૦૦૦ નવી બસો ખરીદવા માટેની સૂચિત જોગવાઇ **રૂા.૧૬૦ કરોડ.**

- આગામી વર્ષે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ માટે પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ હેઠળ આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબના અદ્યતન બસ ટર્મીનલોનું બાંધકામ હાથ ધરવામાં આવશે.

- વિદ્યાર્થીઓ અને રોજિંદા મુસાફરો માટે સ્માર્ટ કાર્ડ આધારિત પાસ પદ્ધતિ દાખલ કરવામાં આવશે.

**પ્રવાસન**

વૈશ્વિક અર્થવ્યવસ્થામાં પ્રવાસન ખૂબ મોટાપાયે આર્થિક સાધનો અને વ્યવસાય ઊભી કરતી પ્રવૃત્તિ બની ચૂકી છે. વિશ્વના ઘણા દેશોની અર્થવ્યવસ્થાનો એક મોટો આધાર પ્રવાસન છે. ગુજરાતે છેલ્લા કેટલાક વર્ષોથી પ્રવાસન પ્રવૃત્તિ વિકસે અને ગુજરાત વધુને વધુ પ્રવાસીઓને આકર્ષતું થાય એ દિશામાં સઘન પ્રયાસો હાથ ધર્યા છે. નવરાત્રિ મહોત્સવ, પતંગોત્સવ અને શરદોત્સવ કે રણોત્સવ જેવા માધ્યમ થકી ગુજરાતનો ભાતીગળ કલા વારસો અને

વૈવિધ્યસભર પ્રવાસનધામોને વિશ્વ ફલક પર મૂકવાની અમારી નેમ છે. તાજેતરમાં અમદાવાદ, રાજકોટ અને સૂરત ખાતે ઉજવાયેલ પતંગોત્સવની અભૂતપૂર્વ સફળતાના પગલે હજુ થોડાંક દિવસો પહેલા જ કચ્છના રણને વિશ્વ સમક્ષ રજૂ કરવાનો એક અત્યંત સફળ પ્રયોગ ગુજરાતે કર્યો છે. પ્રવાસન ઉદ્યોગ ગરીબમાં ગરીબ માણસને રોજગારી પૂરી પાડે છે એ એનું વિશેષ મહત્ત્વ છે.

- દરેક જિલ્લામાં પ્રવાસન સ્થળોનો વિકાસ થાય, વિકસિત સ્થળોની જાળવણી તથા પ્રવાસીઓ સ્થળોની મુલાકાત લે તે હેતુથી જિલ્લા મુખ્ય મથકે જિલ્લા પ્રવાસન સોસાયટીની રચના કરવાની વિચારણા છે. જે માટેની સૂચિત જોગવાઇ **રૂા. ૨૨ કરોડ.**

- રાજ્ય સરકાર લોકભાગીદારીની રાહે પ્રવાસન સ્થળોનો વિકાસ કરવા માંગે છે અને આવા પ્રોજેકટોનો વિકાસ કરવાના હેતુથી પ્રોજેક્ટ ડેવલપમેન્ટ ફંડની રચના કરવાનું આયોજન છે.

- પ્રવાસન ક્ષેત્રના સાહસિકોને વિશેષ મદદ કરવાના હેતુથી એક વેન્ચર કેપીટલ ફંડ ઊભું કરવાનું આયોજન છે.

- રાજ્યના ૬ મોટા યાત્રાધામો તેમજ જિલ્લામાં આવેલા દેવસ્થાનોના વિકાસ કામો માટેનું આયોજન છે.

**ગૃહ**

ગૃહ વિભાગ હેઠળની સન ૨૦૦૭-૦૮ની રૂા.૧૭૫.૨૦ કરોડની જોગવાઇ સામે **૧૬.૮૧ ટકાના વધારા સાથે આગામી વર્ષ માટે સૂચવાયેલ જોગવાઇ રૂા.૨૦૪.૬૫ કરોડ.**

- રાજ્યમાં કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ વધુ સુદૃઢ અને કાર્યક્ષમ બને તથા ગુનાઓની તપાસ ઝડપી થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં આગામી વર્ષમાં વંડાગામ, ખટોદરા, પુનાગામ, અમરોલી, અડાજણ, રણધીકપુર ખાતે નવા પોલીસ સ્ટેશનો સ્થાપવાનું તથા વડોદરા અને જામનગર ખાતે બે નવા મહિલા પોલીસ સ્ટેશનો શરૂ કરવા ઉપરાંત ગોધરા શહેર પોલીસ સ્ટેશનનું વિભાજન કરી નવું પોલીસ સ્ટેશન ઊભું કરવાનું તેમજ દહેજ, કાલાવાડ, રાધનપુર, જાફરાબાદ, રાજુલા પોલીસ સ્ટેશનોને અપગ્રેડ કરવાનું આયોજન છે.

- નાણાકીય ફ્રોડ ઇન્વેસ્ટીગેશન માટે સી.આઇ.ડી. (ક્રાઇમ અને રેલવે)ના સીધા નિયંત્રણ હેઠળ એક નવું સેલ ઊભું કરવાનું. તથા રાજ્યમાં સાઇબર ગુનાઓ અટકાવવા માટે અમદાવાદ શહેર પોલીસમાં સીટી ક્રાઇમ બ્રાન્ચમાં એક નવું સેલ બનાવવાનું આયોજન છે.

- નવરચિત સાત જિલ્લાઓ ખાતે લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરોની કામગીરી સુદૃઢ કરવા તથા રાજ્યમાં લાંચ રૂશ્વતખોરીની બદી ઉપર અસરકારક નિયંત્રણ લાવી શકાય તે માટે નવા સાત એ.સી.બી. પોલીસ સ્ટેશનો ખોલવાનું તથા રાજ્યની જેલોમાં રહેતા કેદીઓને તાકીદની તબીબી સારવાર મળી રહે માટે જુનાગઢ જિલ્લા જેલ, છોટાઉદેપુર સબ જેલ, મોડાસા, ગોંડલ સબ જેલ ખાતે એમ્બ્યુલન્સ વાન માટે પણ આયોજન છે.

- રાજ્યના નાગરિક સંરક્ષણ તંત્રના ૧૪ એકમોને ક્વીક રીએકશન ટીમથી સુસજ્જ કરવામાં આવી રહેલ છે.

- પોલીસ દળના આધુનિકરણ માટે તેમજ તેને અદ્યતન અને પરિણામલક્ષી શસ્ત્ર સરંજામ પૂરો પાડવા, વાહનો, કોમ્પ્યુટરાઇઝેશન તથા પોલીસ આવાસન માટેની જોગવાઇ **રૂા.૬૦ કરોડ.**

- રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં પોલીસ સ્ટેશનો, જીલ્લા કચેરીઓ અને પોલીસના આવાસોના બાંધકામ માટે સૂચિત જોગવાઇ **રૂા.૭ કરોડ.**

- રાજ્યના ત્રણ જીલ્લાઓમાં સરહદી વિસ્તારના વિકાસ માટે સૂચિત જોગવાઇ **રૂ.૨૪.૨૦ કરોડ.**

- એ વાત હવે સર્વસ્વીકૃત છે કે મહિલાઓ દરેક ક્ષેત્રમાં સશક્ત પુરવાર થઇ છે; ત્યારે ગુજરાતના પોલીસ બેડામાં અલગથી એક મહિલા ક્માન્ડો યુનિટ તેયાર કરવાનું આયોજન છે.

**ન્યાયતંત્ર**

ન્યાયનો વિલંબ એ સમાજ જીવનનો ચિંતાજનક વિષય છે. ગુજરાત સરકારે આ માટે અનેક પહેલ થકી તેનો સુખદ ઉકેલ લાવેલ છે. સમગ્ર દેશમાં ગુજરાત રાજ્યમાં ન્યાયમંદિરોના નિર્માણનો સિલસિલો ગયા ૪૫ વર્ષમાં ન થયો હોય તેવો થયેલ છે.

લોક અદાલતની કામગીરીના કારણે સસ્તામાં સસ્તો ન્યાય એટલે કે ૬૪ પેસામાં મળે તેવી વ્યવસ્થા ગુજરાતે પ્રારંભ કરી છે. તે જ પ્રકારે ૯૪ સાંધ્ય ન્યાયમંદિરો શરૂ કરવામાં આવ્યા છે, જેમના દ્વારા ૨.૪૪ લાખ કેસોનો નિકાલ કરવામાં આવેલ છે.

ઝડપી ન્યાયને શક્ય બનાવવા છેલ્લા પાંચ વર્ષમાં ૬૧ ન્યાયમંદિરો અને ૧૪૫૧ નવી જગ્યાઓ ન્યાયમંદિરો માટે ઊભી કરવામાં આવી છે. પરિણામે પડતર કેસોની ૧૦૮.૩૩ લાખની સંખ્યામાં ઘટાડો થઇને માત્ર ૨૪ લાખ કેસ પડતર રહ્યા છે જે નોંધપાત્ર છે.

કાયદા વિભાગ હેઠળની સન ૨૦૦૭-૦૮ની રૂ.૫૮ કરોડની જોગવાઇ સામે **૧૯.૪૦ ટકાના વધારા સાથે આગામી વર્ષ માટે સૂચવાયેલ જોગવાઇ રૂ.૬૯.૨૫ કરોડ.**

- અમદાવાદ અને સુરત ખાતે બે લાંચરુશ્વત વિરોધી બ્યુરોના કેસો માટેની ખાસ અદાલતોની સ્થાપના.

- **વનબંધુ** કલ્યાણ યોજના હેઠળ એટ્રોસિટી એકટ નીચેના કેસો માટે નવસારી, વલસાડ, દાહોદ, નર્મદા, હિંમતનગર અને પાટણ ખાતે વધુ છ ખાસ અદાલતો.

- મોડાસા ખાતે વધારાના જિલ્લા ન્યાયાધીશનું એક નવું ન્યાયમંદિર.

- નિર્મળ ગુજરાત અન્વયે અમદાવાદ ખાતે સેનીટેશન ન્યાયમંદિર.

- જામનગર અને મહેસાણા ખાતે બે લેબર ન્યાયમંદિરો.

- વાઘોડિયા, કલ્યાણપુર, બેચરાજી, ઘોઘંબા ખાતે પૂર્ણ સમયના ન્યાયમંદિર તથા રાજ્ય સરકારની નીતિ પ્રમાણે હળવદ, સાયલા, ઘોઘા, ગઢડા, નસવાડી ખાતે સિવિલ જજ અને જ્યુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસના પૂર્ણકાલિન ન્યાયમંદિરોની સ્થાપના માટેની સૂચિત જોગવાઇ **રૂ.૭.૩૪ કરોડ.**

- રાજ્યમાં ૨૦ નારી અદાલતો સ્થાપવામાં આવી છે.

**વિજ્ઞાન**
**અને પ્રોદ્યોગિકી**

ભાસ્કરાચાર્ય ઈન્સ્ટીટયુટ ફોર સ્પેસ એપ્લીકેશન એન્ડ જીઓ-ઇન્ફોર્મેટિક્સ (બાયસેગ) એ રાજ્ય કક્ષાની સંસ્થા છે. આ સંસ્થાએ જીઓ-ઇન્ફોર્મેટિક્સ ટેકનિકનો ઉપયોગ કરી પછાત તાલુકાઓના આયોજન માટે ખૂબ જ ઉપયોગી નીવડે તેવા પ્રકારના એટલાસ તૈયાર કરેલા હતા. રાજ્યના બાકી રહેતા અન્ય તાલુકાઓ માટે પણ આવા પ્રકારના એટલાસ તૈયાર કરવાનું આયોજન છે. વધુમાં આ સંસ્થામાં આવેલી એકેડેમી ઓફ જીઓ- ઇન્ફોર્મેટિક્સ ખાતે આવનાર દિવસોમાં જીઓ-ઇન્ફોર્મેટિક્સ વિષયના માસ્ટર્સ તેમજ પીએચ.ડી. કક્ષાના કોર્ષ હાથ ધરવાનું આયોજન છે.

બ્રોડબેન્ડ દ્વારા કોમન સર્વિસ સેન્ટર અને ઇ-ગ્રામ જોડવામાં આવી રહ્યાં છે ત્યારે આવી સગવડોનો ઉપયોગ કરી રાજ્ય સરકારની કેટલીક અગત્યની નાગરિકલક્ષી માહિતી અને સેવાઓ આપવા માટે ગુજરાત પોર્ટલ તૈયાર કરવાની કામગીરી હાથ ધરાઇ છે.

દર મહિનાના ચોથા ગુરૂવારે **માન. મુખ્યમંત્રીશ્રી**ના **"સ્વાગત કાર્યક્રમ"** દ્વારા લોકોના પડતર પ્રશ્નોનો ઉકેલ લાવવામાં આવે છે આ કાર્યક્રમને વધુ વેગવંત બનાવવા માટે વીડીયો કોન્ફરન્સ દ્વારા તાલુકા કક્ષા સુધી પહોંચવાની સરકારની નેમ છે. આ માટે તાલુકા કક્ષા સુધીના GSWANના સાધનોને અપગ્રેડ કરવા માટેના પ્રોજેક્ટ હાથ ધરાશે.

**નાગરિક પુરવઠો**

અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહકો બાબતોનો વિભાગ હેઠળની સન ૨૦૦૭-૦૮ની રૂા.૧૨.૬૦ કરોડની જોગવાઇ **સામે ૧૮૧.૩૪ ટકાના વધારા સાથે આગામી વર્ષ માટેની સૂચિત જોગવાઇ રૂા.૩૫.૪૫ કરોડ.**

**અંત્યોદય યોજના** હેઠળ રાજ્ય સરકારે ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો પેકી ૭.૯૫ લાખ અત્યંત ગરીબ કુટુંબોનો સમાવેશ કરેલ છે.

**મહેસૂલ**

મહેસૂલ વિભાગનું કાર્યક્ષેત્ર સમાજના સામાન્ય માનવીને સ્પર્શે છે. અત્યાર સુધી આ અંગે પરંપરાગત વ્યવસ્થાઓ હતી. અમારી સરકારે આધુનિક ટેક્નોલોજી તથા ઇ- ગર્વનન્સના માધ્યમથી સામાન્ય માનવીના કાર્યોમાં સરળતા અને પારદર્શકતા આવે તે હેતુથી સેવાઓ ઉપલબ્ધ કરવા માટે વિવિધ યોજનાઓ હાથ ધરી છે. જેમાં લેન્ડ રેકર્ડઝ, દસ્તાવેજોની ઉપલબ્ધી ઝડપથી મળે તથા માલિકી હક્ના વિવાદો ઘટે તેવું આયોજન કર્યું છે.

**ઇ- ધરા પ્રોજેક્ટ** હેઠળ બે અગત્યના હક્ક પત્રકો ૭-૧૨ અને ૮- એ નું કોમ્પ્યુટરાઇઝેશનનું કામ સમગ્ર રાજ્યમાં પૂર્ણ કરેલ છે. ગામના નમૂના નંબર- ૬ની સ્કેનીંગ અને ડિઝીટાઇઝેશનની કામગીરી હાથ ધરેલ છે.

સને ૨૦૦૮-૦૯ માટે નવી અગિયાર મામલતદાર કચેરીઓ તથા ચાર જિલ્લા સેવા સદનોના નિર્માણ અને આધુનિકરણ માટેની સૂચિત જોગવાઇ **રૂા. ૧૮ કરોડ.**

જિલ્લાઓની તળજમીનોના સીમાંકનને સુનિતિ કરવાના ભાગરૂપે જામનગર જિલ્લાનો પાયલોટ પ્રોજેક્ટ તરીકે સંપૂર્ણ રીસર્વે હાથ ધરાશે. વેજ્ઞાનિક પદ્ધતિએ તૈયાર કરેલ જંત્રી આગામી વર્ષથી અમલમાં મૂકાનાર છે.

ઇ-સ્ટેમ્પીંગ પ્રથા આગામી નાણાકીય વર્ષમાં જામનગર, ભાવનગર તથા જુનાગઢ ખાતે શરૂ કરવાનું આયોજન છે.

- ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (GSDMA)ને વિવિધ કામગીરીઓ માટે સૂચિત જોગવાઇ **રૂા.૧૬૦.૯૫ કરોડ.**

- ઇન્સ્ટીટયૂટ ઓફ સીસ્મોલોજીકલ રિસર્ચ (ISR)ને બાંધકામ ઉપરાંત વિવિધ સંશોધન પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ દ્વારા નાણાકીય સહાયનું આયોજન.

- GSDMA દ્વારા ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન માનવ ક્ષમતાગઠન (GIDM) સંસ્થાના મકાન બાંધકામ તથા સંચાલનના ખર્ચને પહોંચી વળવા નાણાકીય સહાયનું આયોજન.

- આગામી વર્ષમાં બાવીસ જિલ્લામાં આપત્તિ કામગીરી કેન્દ્રોનું બાંધકામ પૂર્ણ કરી, ગાંધીનગર ખાતે આધુનિક રાજ્ય આપત્તિ કેન્દ્રનું બાંધકામ કરવાનું આયોજન છે. પાંચ આપત્તિ પ્રતિકારક કેન્દ્રોનું નેટવર્ક ગાંધીનગર, સૂરત, વડોદરા, રાજકોટ અને ગાંધીધામ ખાતે કાર્યાન્વિત કરવાનું આયોજન.

- રાજ્ય સરકારે સન ૨૦૧૦ સુધીમાં સમગ્ર રાજ્યમાં શાળા સલામતી કાર્યક્રમનો અમલ કરવાનું નક્કી કરેલ છે, જે અન્વયે GSDMAએ દ્વારા શિક્ષણ વિભાગ અને બિનસરકારી સંસ્થાઓના ઉપક્રમે કાર્યક્રમનું આયોજન.

- આગામી વર્ષ દરમ્યાન જનજાગૃત્તિ ઊભી કરવા, પ્રચાર અને તાલીમ આપવા જેવી વિવિધ આપત્તિ શમન પ્રવૃત્તિઓ માટે આયોજન.

- GSDMAએ આપત્તિ શમન ક્ષમતા વર્ધન અને વિવિધ પ્રકારની સાધન સામગ્રીની ખરીદી માટે, ભૂકંપ દરમ્યાન અવસાન પામેલ લોકોની યાદીમાં સ્મૃતિવનના બાંધકામ-નિભાવ માટે, આપત્તિ જોખમ વ્યવસ્થાપન કાર્યક્રમ અને તેને લગતી તાલીમ વગેરે માટે આયોજન કરેલ છે.

**શ્રમ અને રોજગાર**

- શ્રમ અને રોજગાર વિભાગ હેઠળની સન ૨૦૦૭-૦૮ની રૂ.૮૦ કરોડની જોગવાઇ સામે **૫૮.૭૫ ટકાના વધારા સાથે આગામી વર્ષ માટેની સૂચિત જોગવાઇ રૂા.૧૨૭ કરોડ.**

- વર્ષ ૨૦૦૬ની સરખામણીમાં રોજગાર કચેરીઓ મારફત પૂરી પાડવામાં આવતી રોજગારીમાં ગુજરાતે બમણો વધારો કરેલ છે. આ ઉપરાંત રોજગારી પૂરી પાડવામાં છેલ્લા પાંચ વર્ષથી દેશભરમાં ગુજરાત પ્રથમ ક્રમાંક ઉપર આવે છે. જે આપણા સૌના માટે ગૌરવની વાત છે.

- **વનબંધુ અને સાગરખેડૂ** વિસ્તારમાં ૨૦ નવી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ શરૂ કરવાનું આયોજન છે. રાજ્યમાં વ્યવસાયી તાલીમની સુવિધાઓ નહીં ધરાવતા ૪૭ તાલુકાઓમાં આવી સવલતો ઊભી કરવાની વિચારણા છે.

- વૈશ્વિકરણ દ્વારા ઊભી થતી નવી તકોને ધ્યાને લઇને આગામી શૈક્ષણિક સત્રમાં નવા પચાસ વિષયો વિવિધ આઇ.ટી.આઇ.માં શરૂ કરવાનું આયોજન છે. આગામી વર્ષમાં વધુ ૧૦ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ સેન્ટર ઓફ એક્સલન્સ તરીકે અપગ્રેડ કરાશે.

- રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ અસંગઠિત ક્ષેત્રના ગરીબી રેખા નીચે જીવતા કામદારો અને તેમના કુટુંબો માટે આરોગ્ય કવચ પૂરું પાડવાની વિચારણા છે. પ્રથમ તબકકામાં રાજ્યના પાટણ, કચ્છ, જામનગર, દાહોદ અને ભરૂચ જીલ્લામાં ૪.૪૩ લાખ અસંગઠિત ક્ષેત્રના ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોને આ યોજનાનો લાભ આપવાનું આયોજન છે.

**યુવક સેવા**

**અને સાંસ્કૃતિક**

- તૂરી-બારોટ, વાદી, નટ, ભરથરી જેવી અતિપછાત જાતિના પરંપરાગત કલાકારોની કલાને પ્રોત્સાહિત કરવા ખીલવવા માટેનું આયોજન છે.

- મંદ બુદ્ધિ અને શારિરીક ખોડખાંપણ ધરાવતા યુવક-યુવતીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવી તેમને પ્રોત્સાહન આપી તેવા યુવક યુવતીઓને બીરદાવી શકાય તે હેતુને લક્ષમાં રાખી **"ઉમંગ ઉત્સવ"**ના નામે યોજના વિચારવામાં આવી છે.

- ગાંધીનગર ખાતેના રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયના આધુનિકરણનું કામ પૂર્ણ થતાં આ ગ્રંથાલય ગુજરાત નોલેજ સેન્ટર તરીકે પ્રસ્થાપિત થશે.

- ગુજરાત રાજ્યની સ્થાપનાની સુવર્ણ જયંતી ઉજવણીના યોગ્ય અને અગ્રીમ આયોજન માટેની સૂચિત જોગવાઇ **રૂા.૫ કરોડ.**

- મહાન ક્રાંતીવીર અને આઝાદીના લડવૈયા સ્વ. શ્રી શ્યામજી કૃષ્ણવર્માએ બ્રિટીશ હુકૂમત પાસેથી ભારતને મુક્ત કરાવવા અથાગ મહેનત કરેલ હતી. કચ્છ જિલ્લામાં માંડવી ખાતે તેમના જન્મ સ્થાનમાં સ્મારકની રચના માટે સરકારશ્રીએ ૧૫૨ એકર જમીન ફાળવેલ છે અને તેમની સ્મૃતિને જાળવવા માટે એક યાદગાર સ્મારક **"ક્રાંતી તીર્થ**''ની રચના માટેની સૂચિત જોગવાઇ **રૂા.૫ કરોડ.**

**રમતગમત**

- ગ્રામીણ પ્રજામાં લુપ્ત થઇ રહેલી પરંપરાગત ગ્રામીણ રમતોને પ્રોત્સાહન આપવા અને તેઓની શક્તિઓને જાગૃત કરી યોગ્ય દિશામાં વાળવા માટે તરણેતર અને દેવગઢબારીયા મૂકામે પરંપરાગતરીતે યોજાતાં લોકમેળામાં ગ્રામીણ ઓલમ્પિક્સનું આયોજન કરવામાં આવે છે. અત્યાર સુધી યોજાયેલ ચાર ગ્રામીણ ઓલમ્પિક્સમાં ૧૩,૯૭૩ ખેલાડીઓએ ભાગ લીધેલ છે.

- રાજ્યના બાળકો અને યુવક-યુવતીઓ સાહસિક બને તે માટે જુનાગઢ અને માઉન્ટ આબુ ખાતે સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા કાર્યરત છે. જેમાં ૮ થી ૧૩ વર્ષના બાળકો અને ૧૫ થી ૩૫ વર્ષની વય ધરાવતા યુવક-યુવતીઓને પર્વતારોહણની તાલીમ આપવામાં આવે છે.

- ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાનું રમતગમત સંકુલ સ્થાપવા માટે ૨૫-એકર જમીન ફાળવવામાં આવેલ છે.

- ગુજરાતના રમતવીરોએ વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન ૧૪૯ ચંદ્રકો પ્રાપ્ત કર્યા છે.

- ગુજરાતની ઓળખ વોલીબોલ, સ્વીમીંગ, આર્ચરી જેવી રમતોમાં ન હતી, પરંતુ છેલ્લા ચાર-પાંચ વર્ષોમાં આ રમતોમાં ગુજરાતના ખેલાડીઓએ ઉત્કૃષ્ઠ દેખાવ કરેલો છે.

- ગુજરાતની બહેનોની ટીમે શાળાકીય રાષ્ટ્રક્ક્ષાની સ્પર્ધાઓમાં સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરવા ઉપરાંત આર્ચરીમાં છેલ્લા બે વર્ષમાં પાંચ ચંદ્રકો અને સ્વીમીંગમાં **૪૧ ચંદ્રકો** પ્રાપ્ત કરીને નામના મેળવી છે.

- આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગુજરાત રાજ્યના **૬૫** રમતવીરો પહોંચ્યા છે. આમ ગુજરાતની યુવા-શક્તિએ રમત ગમત ક્ષેત્રે પણ **જીતેગા ગુજરાત** તાદ્દશ કર્યુ છે.

**રાજવિત્તીય વ્યવસ્થાપન**

**માનનીય અધ્યક્ષશ્રી**, મને જણાવતાં આનંદ થાય છે કે, દસમી પંચવર્ષીય યોજના માટે યોજના પંચે રૂા. ૪૭,૦૦૦ કરોડ નિર્ધારિત કર્યા હતા, તેની સામે રાજ્ય સરકારે રૂા. ૪૯,૪૧૫ કરોડ ખર્ચીને ૧૦૫ ટકા જેટલો લક્ષ્યાંક હાંસલ કર્યો છે. રાજ્યની મહેસૂલી આવકમાં સ્થિર વધારો થયો છે. સન ૨૦૦૨-૦૩ના વર્ષમાં મહેસૂલી આવક રૂા. ૧૭,૮૭૫ કરોડ હતી તે વર્ષ ૨૦૦૮-૦૯માં વધીને રૂા. ૩૮,૨૭૮ કરોડ થવાની સંભાવના છે. આ જ સમયગાળા દરમ્યાનનું મહેસૂલી ખર્ચ પણ રૂા.૨૧,૪૪૦ કરોડથી વધીને રૂા.૩૮,૨૪૨ કરોડ થવાની સંભાવના છે. આમ છતાં,

વિત્તીય શિસ્ત અને ખર્ચ નિયંત્રણને કારણે મહેસૂલી ખર્ચમાં માત્ર નવ ટકા વધારો થયો છે જેની સામે, મહેસૂલી આવકમાં થયેલો વધારો ૧૬ ટકા જેટલો છે.

વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન આયોજન હેઠળના ખર્ચમાં લગભગ ૧૯ ટકા જેટલા વધારા સાથે આજે રાજ્ય રાજવિત્તીય વ્યવસ્થાપનમાં પ્રથમ સ્થાન ધરાવે છે. રાજ્ય સરકારે ગુજરાત રાજવિત્તીય જવાબદારી અધિનિયમ, ૨૦૦૫માં નિર્ધારિત કરવામાં આવેલા તમામ લક્ષ્યાંકો ૨૦૦૬-૦૭ના વર્ષમાં હાંસલ કર્યા છે.

રાજ્ય સરકારે, રાજવિત્તીય વ્યવસ્થાપનના ભાગરૂપે એકત્રિત ડૂબત નિધિ અને બાંયધરી ફેડણી નિધિની સ્થાપના કરી છે. અને તેમાં દર વર્ષે વધારો થતો જાય છે. એકત્રિત ડૂબત નિધિ રૂા.૩૬૯૦ કરોડની છે. જ્યારે બાંયધરી ફેડણી નિધિ લગભગ રૂા.૧૪૨૦ કરોડની છે.

મહેસૂલી ખર્ચ નિયંત્રણ હેઠળ રહેવાને કારણે રાજ્ય રાજવિત્તીય સ્થિરતા તરફ આગળ વધી રહ્યું છે. વર્ષ ૨૦૦૬-૦૭ માં રૂા.૧૭૭૦ કરોડ જેટલી મહેસૂલી પુરાંત ઊભી થઇ છે, જે ૨૦૦૭-૦૮ માટેના સુધારેલા અંદાજો મુજબ વધીને રૂા.૨૩૪૦ કરોડ જેટલી થવાની અપેક્ષા છે. રાજવિત્તીય ખાધ, રાજ્યના એકંદર ઘરગથ્થુ ઉત્પાદનના ત્રણ ટકાથી પણ નીચેના સ્તરે સ્થિર રહી છે. ગુજરાત રાજવિત્તીય જવાબદારી અધિનિયમ, ૨૦૦૫ હેઠળ નકકી કરવામાં આવેલા લક્ષ્યાંકો રાજ્ય સરકારે હાંસલ કરી લીધાં છે. ગુજરાત રાજવિત્તીય જવાબદારી અધિનિયમ, ૨૦૦૫ અન્વયે નિવેદનો વર્ષ ૨૦૦૮-૦૯ માટેના વાર્ષિક નાણાકીય પત્રકની સાથે રજૂ કર્યા છે.

**૨૦૦૬-૦૭નો હિસાબ**

હવે હું ૨૦૦૬-૦૭ના વર્ષની ખરેખર આવક અને ખર્ચની સમીક્ષા હાથ ધરીશ. વર્ષ દરમ્યાન ચોખ્ખી લેવડ દેવડના કારણે રૂ.૧૫૩.૭૩ કરોડની પુરાંત રહેશે તેવી ધારણા સુધારેલા અંદાજમાં હતી, પરંતુ ૨૦૦૬-૨૦૦૭ના વર્ષ માટેના હિસાબ ચોખ્ખી લેવડ દેવડના કારણે રૂ. ૩૭૭.૯૬ કરોડની ખાધ દર્શાવે છે.

(રૂા. કરોડમાં)

| | | **૨૦૦૬-૨૦૦૭ના સુધારેલ અંદાજ** | **૨૦૦૬-૨૦૦૭ના હિસાબ** |
|---|---|---|---|
| (૧) | એકત્રિત ફંડ | | |
| | મહેસૂલ આવક | ૩,૦૪,૫૯.૯૨ | ૩,૧૦,૦૨.૨૨ |
| | મહેસૂલ ખર્ચ | ૨,૮૬,૫૭.૦૭ | ૨,૯૨,૩૨.૧૩ |
| | મહેસૂલ હિસાબ પર ખાધ / પુરાંત | (+) ૧૮,૦૨.૮૫ | (+) ૧૭,૭૦.૦૯ |
| | મૂડીની આવક | ૮૮,૮૨.૨૬ | ૭૭,૪૮.૫૮ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | ૧,૦૧,૮૧.૩૮ | ૯૯,૮૯.૯૯ |
| | મૂડી હિસાબ પર ખાધ / પુરાંત | (-) ૧૨,૯૯.૧૨ | (-) ૨૨,૪૧.૪૧ |
| | એકત્રિત ફંડ (ચોખ્ખું) | (+) ૫,૦૩.૭૩ | (-) ૪,૭૧.૩૨ |
| (૨) | આકસ્મિક ફંડ (ચોખ્ખું) | -- | (+) ૭૩.૬૧ |
| (૩) | જાહેર હિસાબ (ચોખ્ખો) | (-) ૩,૫૦.૦૦ | (+) ૧૯.૭૫ |
| | સરવાળો : ચોખ્ખી લેવડ- દેવડ (૧+૨+૩) | (+) ૧,૫૩.૭૩ | (-) ૩,૭૭.૯૬ |

**૨૦૦૭-૨૦૦૮ના સુધારેલ અંદાજ :**

૨૦૦૭-૨૦૦૮ના અંદાજમાં ચોખ્ખી લેવડ-દેવડોને કારણે પુરાંત રૂા.૩૨૯.૫૮ કરોડની થવાની ધારણા હતી, પરંતુ સુધારેલા અંદાજમાં ચોખ્ખી લેવડ દેવડના કારણે પુરાંત રૂા. ૧૫,૧૭.૯૪ કરોડ થવાની ધારણા છે.

(રૂ. કરોડમાં)

| | | ૨૦૦૭-૨૦૦૮ ના અંદાજ | | ૨૦૦૭-૨૦૦૮ના સુધારેલ અંદાજ | |
|---|---|---|---|---|---|
| (૧) | એકત્રિત ફંડ | | | | |
| | મહેસૂલ આવક | | ૩,૨૯,૬૪.૨૨ | | ૩,૪૯,૭૯.૨૦ |
| | મહેસૂલ ખર્ચ | | ૩,૧૩,૧૩.૩૬ | | ૩,૨૬,૩૯.૫૬ |
| | મહેસૂલ હિસાબ પર ખાધ / પુરાંત | (+) | ૧૬,૫૦.૮૬ | (+) | ૨૩,૩૯.૬૪ |
| | મૂડીની આવક | | ૧,૦૩,૯૪.૧૨ | | ૮૮,૮૦.૭૨ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | | ૧,૧૪,૪૦.૪૦ | | ૯૫,૦૨.૪૨ |
| | મૂડી હિસાબ પર ખાધ / પુરાંત | (-) | ૧૦,૪૬.૨૮ | (-) | ૬,૨૧.૭૦ |
| | એકત્રિત ફંડ (ચોખ્ખું) | (+) | ૬,૦૪.૫૮ | (+) | ૧૭,૧૭.૯૪ |
| (૨) | આકસ્મિક ફંડ (ચોખ્ખું) | | -- | | -- |
| (૩) | જાહેર હિસાબ (ચોખ્ખો) | (-) | ૨,૭૫.૦૦ | (-) | ૨,૦૦.૦૦ |
| | સરવાળો : ચોખ્ખી લેવડ- દેવડ (૧+૨+૩) | (+) | ૩,૨૯.૫૮ | (+) | ૧૫,૧૭.૯૪ |

**૨૦૦૮-૨૦૦૯નો અંદાજ :**

સને ૨૦૦૮-૨૦૦૯ના અંદાજ નીચે પ્રમાણે રૂા.૮,૭૬.૨૦ કરોડની એકંદર ખાધ દર્શાવે છે.

(રૂ. કરોડમાં)

| | | ૨૦૦૮-૨૦૦૯ના અંદાજ | |
|---|---|---|---|
| (૧) | એકત્રિત ફંડ | | |
| | મહેસૂલ આવક | | ૩,૮૨,૭૮.૧૨ |
| | મહેસૂલ ખર્ચ | | ૩,૮૨,૨૫.૭૩ |
| | મહેસૂલ હિસાબ પર ખાધ / પુરાંત | (+) | ૫૨.૩૯ |
| | મૂડીની આવક | | ૧,૦૭,૦૫.૮૭ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | | ૧,૧૨,૨૯.૪૬ |
| | મૂડી હિસાબ પર ખાધ / પુરાંત | (-) | ૫,૨૩.૫૯ |
| | એકત્રિત ફંડ (ચોખ્ખું) | (-) | ૪,૭૧.૨૦ |
| (૨) | આકસ્મિક ફંડ (ચોખ્ખું) | | -- |
| (૩) | જાહેર હિસાબ (ચોખ્ખો) | (-) | ૪,૦૫.૦૦ |
| | સરવાળો : ચોખ્ખી લેવડ- દેવડ (૧+૨+૩) | (-) | ૮,૭૬.૨૦ |

----------

હવે હું મારા પ્રવચનનો ભાગ-ખ રજૂ કરીશ.

આદરણીય અધ્યક્ષશ્રી,

સને ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષના અંદાજો અનુસાર ખાધ રૂપિયા ૮૭૬.૨૦ કરોડની અંદાજવામાં આવી છે.

આ સભાગૃહના સભ્યશ્રીઓએ, મારા આગળના પ્રવચન પરથી એ જોયું હશે કે સર્વાંગી વિકાસના રાજય સરકારના અભિગમમાં, કૃષિ વિકાસ, ઔધોગિક વિકાસ, માળખાકીય સુવિધાઓનો વિકાસ સાથે, માનવ વિકાસ સૂચકાંકને ઉંચે લઈ જવાના ભગીરીથ કામગીરી કરી, તેમાં પણ ગુજરાતને સમૃદ્ધ દેશોની સરખામણીએ લઈ જવાની સરકારની નેમ છે.

અગિયારમી પંચવર્ષીય યોજનાના રૂપિયા એક લાખ કરોડ ઉપરાંતના લક્ષ્યાંકને પહોંચી વળવા સાથે, જી.એસ.ડી.પી. ના ૧૧.૨ ટકાના વૃદ્ધિ દરના લક્ષ્યાંકને હાંસલ કરવા માટેની, સમગ્ર નાણાકીય વ્યવસ્થા આપણે ગોઠવવાની છે. આગામી વર્ષની વાર્ષિક યોજના માટે રૂપિયા ૧૯,૦૩૦ કરોડની જરૂરીયાત રહેશે. આ પરિપ્રેક્ષ્યમાં રાજયના વિકાસની નવી ઉંચાઈ હાંસલ કરવા, વધારાના નાણાકીય સ્ત્રોતોનું આયોજન કરવું જરૂરી બન્યું છે.

ગુજરાતની આજની આર્થિક સદ્ધરતાને હજુ વધુ ઉન્નત અને સમૃદ્ધ સ્થિતિએ પહોંચાડવાના અભિગમ સાથે હવે વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માટેના કરવેરાની દરખાસ્ત રજૂ કરું છું.

**વ્યવસાયવેરો**

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને વિકાસના કામો હાથ ધરવા માટે કરવેરાનો એક નવો સ્ત્રોત પ્રાપ્ત થાય તે હેતુથી રાજય સરકાર દ્વારા વ્યવસાયવેરો ઉઘરાવવાની સત્તા તા.૧.૧૦.૨૦૦૬ થી આપવામાં આવી છે.

વ્યવસાયવેરાના કાયદાની જોગવાઈ મુજબ, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ હાલ વ્યવસાય વેરો ઉઘરાવીને, રાજયના એકત્રિત ભંડોળમાં જમા કરાવે છે. રાજય સરકાર ત્યારબાદ, તેટલી રકમ " કલેકટીંગ ચાર્જીસ" તરીકે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને ફાળવી આપેલ છે.

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને તા.૧.૧૦.૨૦૦૬ થી આપવામાં આવેલી સત્તા બાદ, તેમની નાણાકીય આવકમાં વધારો નોંધાયેલો છે. આ પરિણામથી પ્રોત્સાહિત થઈને રાજય સરકારે, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને વ્યવસાયવેરો, અમૂક અપવાદોને બાદ કરતાં, નાંખવાની (levy) ઉઘરાવવાની અને ઉઘરાવ્યા બાદ પોતાની પાસે રાખી શકે તેવી સત્તાઓ આપવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણયથી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, વ્યવસાયવેરો નાંખી શકશે અને તેમાંથી થતી આવક પોતાના સ્વભંડોળમાં રાખી શકશે. આ મુજબની જોગવાઈથી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને અંદાજે રૂપિયા ૧૨૦ કરોડની આવક સીધી રીતે પ્રાપ્ત થશે.

વ્યવસાયવેરાના કાયદામાં, આ અંગે કરવાના થતા સુધારા અંગેનું બિલ વિધાનસભાના ચાલુ સત્રમાં રજૂ કરવામાં આવશે.

**વધારાનો વેરો**

રાજયમાં માનવ સંશાધનના વિકાસને પ્રાધાન્ય આપવાનો સરકારે નિર્ણય લીધો છે. રાજયના સમતોલ આર્થિક અને સામાજીક વિકાસ માટે, માળખાકીય વિકાસ જરૂરી છે. વિકાસની ગતિને વધારવા માટે રાજયના એકત્રિત ભંડોળમાં વધારે નાણાની જરૂરીયાત રહેશે. આ જરૂરીયાતને પૂરી કરવા, રાજયમાં વસ્તુઓના વેચાણ ઉપર લાગતા વેલ્યુએડેડ ટેકસ ઉપરાંત, વધારાનો વેરો (Additional tax) નાંખવાની દરખાસ્ત કરું છું.

આ દરખાસ્ત અનુસાર, વેટ કાયદા હેઠળ જે વસ્તુઓ ઉપર હાલમાં રૂપિયે ચાર પૈસાના દરે વેરો લેવાય છે, તેવી વસ્તુઓના દરમાં, રૂપિયે એક પૈસાનો ઉમેરો થશે. એ જ રીતે તે સિવાયની તમામ વેરાપાત્ર વસ્તુઓના હાલના દરમાં રૂપિયે ૨.૫ (અઢી પૈસા) નો ઉમેરો થશે.

ટેકસ ક્રેડિટ અંગેની વેટ કાયદાની હાલની જોગવાઈ પ્રમાણે વધારાના વેરાની પણ ટેકસ ક્રેડિટ મળવા પાત્ર થશે. પેટ્રોલ, ડિઝલ, ડિકલેર્ડ ગુડઝ, માફી પાત્ર વસ્તુઓ વગેરેને આ વધારાનો વેરો લાગુ પડશે નહીં.

ગુજરાત વેલ્યુએડેડ ટેકસ એકટ, ૨૦૦૩ માં આ અંગે કવરાના થતા સુધારા અંગેનું બિલ વિધાનસભાના ચાલુ સત્રમાં રજૂ કરવામાં આવશે.

**સમાપન**

સને ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષના અંદાજપત્રની આખરી પરિસ્થિતિ આ પ્રમાણે રહેશે.

| | **(રકમ રૂપિયા કરોડમાં)** |
|---|---|
| ૧.અંદાજ અનુસારની ખાધ | ૮૭૬.૨૦ |
| ૨. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને વ્યવસાયવેરાની સૂચિત તબદીલી | ૧૨૦.૦૦ |
| ૩. સૂચિત વધારા વેરાની આવક | ૮૮૦.૦૦ |
| ૪. અંદાજી એકંદર ખાધ | ૧૧૬.૨૦ |

બિન વિકાસલક્ષી ખર્ચમાં ઘટાડો કરીને, કરકસરયુકત વહીવટ દ્વારા કરવેરાનું વસૂલાત તંત્ર વધારે અસરકાર બનાવીને તથા બિન કરની આવકોમાં વધારો કરીને, અંદાજી ખાધ ઘટાડવાનો અમારો પ્રયત્ન રહેશે.

માનનીય સભાગૃહની વિચારણાઅર્થે હું આ અંદાજપત્ર રજૂ કરું છું.

**સન ૨૦૦૮-૨૦૦૯ નું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૩-૩૩ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૦૮ ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૨૬મી ફેબ્રુઆરી ૨૦૦૮**
**ફાલ્ગુન ૭, ૧૯૨૯ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**સતલાસણા ખાતે ટ્રેઝરી કચેરી શરૂ કરવા અંગે**

*૮૧૮ **શ્રી ભરતસિંહજી શં. ડાભી(ખેરાલુ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) મહેસાણા જિલ્લાના નવા સતલાસણા તાલુકામાં નવિન ટ્રેઝરી કચેરી કયારે ચાલુ કરવાનું આયોજન છે,

(૨) સરકારે નવીન મકાન અથવા જમીન બાબતે સદર ઓફિસ ચાલુ કરવા કોઈ કાર્યવાહી કરેલ છે કે કેમ, અને

(૩) કયારથી ચાલુ કરવામાં આવશે?

**નાણા મંત્રીશ્રી :**

(૧) મહેસાણા જિલ્લાના નવા સતલાસણા તાલુકામાં નવીન ટ્રેઝરી કચેરી ચાલુ કરવાનું કોઈ આયોજન નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી ભરતસિંહજી શં. ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત એ જાણવા માગું છું કે સતલાસણા તાલુકો અંતરીયાળ એરિયો છે, અને ટ્રેઝરી શરૂ કરવાની ખૂબ જ જરુરીયાત છે, એટલે સરકારશ્રી આમાં ફેરવિચારણા કરી અને આ બાબતે સત્વરે મંજૂરી આપે તેવી અપેક્ષા રાખું છું.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લાનો ખેરાલુ તાલુકો છે એમાં ૧૬૯ ગામો હતાં એમાંથી તાલુકા વિભાજન થયું તેના પછી એમાં વડનગર અને સતલાસણા તાલુકા પણ એમાંથી જુદા થયા હતા પણ જયારે પેટા તિજોરી કચેરીની રચના કરવાની વાત આવે છે તો એમાં પેટા તિજોરી કચેરી પાસેથી ઉપાડ અધિકારી હોય, કે કેટલા લોકો ઉપાડ કરે છે કેટલી રકમનો ઉપાડ કરે છે તેના આધારે પેટા તિજોરી કચેરીનું કેન્દ્ર આપવામાં આવે છે. સતલાસણામાં ઉપાડ કરનાર અધિકારી બે જ છે. એક મામલતદાર અને એક ધરોઈ ડેમ છે એમાં જેના બિલો આવે તે, એ રીતે છે. સ્ટેમ્પ વેન્ડરની સંખ્યા બે જ છે. અને તેનું વાર્ષિક વેચાણ કુલ બે લાખ ૩૦ હજાર રૂપિયાનું જ છે. બીજું જે પેન્શનરો હતા તે ટ્રેઝરીમાં આવીને પૈસા લેતા હતા તેના બદલે પેન્શન જે તે બેંકમાં ખાતુ ધરાવતા હોય તે ખાતામાં ડાયરેકટ જમા આપી દઈએ છીએ. એટલે કોઈ પેન્શનરને પેન્શન માટે ટ્રેઝરી ઓફિસમાં આવવાની જરુર પડતી નથી. આ રીતે કાર્યનું ભારણ નથી એટલા માટે સતલાસણા માટે ટ્રેઝરી ખોલવાનું મુનાસીફ લાગતું નથી.

**બેકલોગની જગ્યાઓ ભરવા અંગે**

*૬૧૩ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) અનુસૂચિત જાતિઓની બેકલોગની તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) બેકલોગની આ ખાલી જગ્યાઓ સરકાર કેટલા સમયમાં ભરવા માગે છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) ૨૧૨ (બસો બાર).

(૨) શકય તેટલા વહેલા.

**શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે કયા સંવર્ગની અને કેટલી જગ્યાઓ ખાલી છે અને છેલ્લા પાંચ વર્ષથી હું આ બેકલોગની જગ્યાઓ અંગે પ્રશ્ન પૂછતો આવ્યો છું, અને વહેલી તકે ભરવામાં આવશે એવો જવાબ આપવામાં આવે છે. તો કોઈ સમય મર્યાદા નકકી કરવામાં આવે કે આ બાકી રહેતી બેકલોગની જગ્યાઓ કેટલા સમયની અંદર ભરવામાં આવશે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ અનુસૂચિત જાતિની બેકલોગની કેટલી જગ્યાઓ ખાલી છે તે અંગેનો હતો અને મેં જવાબ આપ્યો કે ૨૧૨ જગ્યાઓ ખાલી છે, પણ મારી પાસે ૨૦-૨-૨૦૦૮ની સ્થિતિ અંગેની માહિતી પણ છે અને ૨૦-૨-૦૮ની સ્થિતિ પ્રમાણે ૨૧૨ માંથી ૧૩ જગ્યાઓ ભરાઈ ગઈ છે, ૧૯૦ જગ્યાઓ જે ખાલી રહેતી હતી તેમાંથી ૪૩ જગ્યાઓ માટે માગણી પત્રકો મોકલાઈ ગયાં છે, ૧૫ માટેની જાહેરાત પણ આપી દીધી છે. ૧૩ માટે કોર્ટમાં કેસ પેન્ડીગ છે. ફકત ૧૧૯ જગ્યાઓ હવે અનુસૂચિત જાતિની બાકી રહે છે એમાંથી ૧૧૨ જગ્યાઓ શિક્ષકોની આવતા વર્ષે ભરાઈ જશે.

**શ્રી અંબાલાલ આ. રોહિત** : બેકલોગની જગ્યાઓ ભરવા માટે ગુજરાત હાઈકોર્ટમાં કોઈ રીટ દાખલ થયેલી છે ખરી? અને કોના દ્વારા દાખલ થયેલી છે? અને તેમાં હાલમાં શું પરિસ્થિતિ છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : હમણાં મેં ઉપર જવાબમાં પરિસ્થિતિ જણાવી તે તાજેતરની પરિસ્થિતિ જ છે.

**શ્રી શૈલેષ મ. પરમાર** : હું એ જાણવા માગું છું કે ૧૧૯ જગ્યાઓ ખાલી છે તે જગ્યાઓમાં વર્ગ-૧ની કેટલી છે, વર્ગ-ર ની કેટલી છે અને વર્ગ-૩ ની કેટલી જગ્યાઓ ખાલી છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : ૧૧૯ જગ્યાઓમાંથી બધી જગ્યાઓ વર્ગ-૩ ની છે અને વિદ્યા સહાયકની છે. અને એપ્રિલ મહિના પછી ભરવાની શરૂઆત થશે. વર્ષના અંત સુધીમાં આ બધી જગ્યાઓ ભરાઈ જશે.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : બેકલોગની જગ્યાઓ તાજેતરમાં કઈ જગ્યાએ ભરાયેલ છે તેની છેલ્લી સ્થિતિ શું છે? આ જગ્યાઓ ભરાય એના માટે કોઈ સમીક્ષા કરીએ છીએ ખરા?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : મેં મારા અગાઉના જવાબમાં પહેલા પ્રશ્નનો બે-ત્રણ વખત ઉલ્લેખ કર્યો છે. સમીક્ષા કરવા માટે મંત્રી મંડળની પેટા સમિતિ છે અને એ સમિતિ એની સમીક્ષા કરતી હોય છે. નવી સરકાર આવ્યા પછી એ અંગેની સમિતિનું ગઠન અઠવાડિયા પહેલા મેં કર્યુ છે. જેવું વિધાનસભાનું સત્ર પૂરું થાય એટલે એની બેઠક હું બોલાવી લઈશ. બીજું સચિવ કક્ષાએ પણ આ અંગેની કમિટી બનાવવામાં આવી છે. એની મિટિંગમાં પણ આની સમીક્ષા થાય છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : અનામતની જગ્યા ભરવા માટે નામદાર ગુજરાત હાઈકોર્ટે આદેશો આપેલા છે. આજનો પ્રશ્ન ક્રમાંક ૨૪ જોઈએ તો એમાં કુલ ૭૪૭૧ જગ્યાઓ ભરવાની બાકી છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ક્રમાંક ૨૪ આવે ત્યારે એની ચર્ચા કરજો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : ગરીબ વ્યકિતઓની હું ચિંતા વ્યક્ત કરું છું. આ અંગેના ફિગરો હું બોલીશ તો સરકારશ્રી ઊછળશે. ૭૪૭૧ જગ્યાઓ સરકારશ્રીએ કાઢી છે. જાન્યુઆરી, ૨૦૦૮ની સ્થિતિએ આ જગ્યાઓ ખાલી બતાવી છે. મારી ચિંતા અને માનનીય મંત્રીશ્રીને પણ આ અંગેની ચિંતા હોવી જોઈએ. આ ગૃહમાં એકબીજા સામે આક્ષેપો કે બચાવ માટે નથી વાત કરતો. પરંતુ જે તંત્રે અનામતના બેકલોગ ભરવા માટે બેદરકારી સેવી છે ત્યારે આપણે સૌએ સાથે મળીને કડક થવું જોઈએ. આ ૭૪૭૧ જગ્યાઓ આ રીતે નથી પહોંચતી. જે જગ્યાઓ દસ ટકા કાપની કારણે બંધ કરી દેવાની વાત આવી છે એમાં અનામતની જગ્યા પણ કાપવામાં આવે છે. એ કાપમાંથી અનામતની જગ્યા બાકી રાખવાનો નિર્ણય થયો છે. માનનીય મંત્રીશ્રી પોતે પણ આ વર્ગની ચિંતા કરનાર છે ત્યારે આ જગ્યાઓ સમયબદ્ધ રીતે ભરવા માટે સરકારશ્રીનું શું આયોજન છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : પહેલા તો મેં મારા ઉદ્‌બોધનમાં કોઈ રાજકીય ટીકા ટિપ્પણ કરી નથી. ફકત માહિતી જ આપી છે. એમણે વાત કરી એ કુલ બેકલોગની વાત કરી છે. જ્યારે બે નંબરનો પ્રશ્ન ફકત અનુસૂચિત જાતિ માટેનો હતો એટલે અનુસૂચિત જાતિ પૂરતી જ મેં માહિતી આપી છે. ૨૪ નંબરના પ્રશ્નની સંપૂર્ણ માહિતી મારી પાસે છે. જે માહિતી જોઈતી હશે એ હું આપીશ. એમની ચિંતા એ સરકારની પણ ચિંતા છે. આ બેકલોગની જગ્યાઓ તાત્કાલિક ભરાય એ માટે સરકાર કોઈપણ અધિકારી કક્ષાએ જેને પણ કંઈ કરવા જેવું હશે એ પણ સરકાર કરશે એ પણ આપને કહું છું.

## સુરેન્દ્રનગર જિલ્લામાં ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ

*૬૭૩ **શ્રી પોપટભાઈ સ. જીંજરીયા (ચોટીલા)** : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ કેટલી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ આવેલી છે,
(૨) આ સંસ્થાઓ પૈકીની ચોટીલા અને સાયલા તાલુકામાં કેટલી આવેલી છે,
(૩) આ સંસ્થાઓમાં કેટલા તાલીમાર્થીઓ કયા કયા ટ્રેડમાં અભ્યાસ કરે છે, અને
(૪) આ તાલીમાર્થીઓ પૈકીના કેટલાને સ્ટાઈપેન્ડ મળે છે?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી:**

(૧) તારીખ ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ ૦૪ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ આવેલી છે.
(૨) આ સંસ્થાઓ પૈકી ચોટીલા તાલુકામાં ચોટીલા ખાતે એક આઈ.ટી.આઈ. આવેલ છે અને સાયલા તાલુકામાં કોઈ આઈ.ટી.આઈ. આવેલ નથી.
(૩) આ સંસ્થાઓમાં કુલ ૧૫૨૩ તાલીમાર્થીઓ વાયરમેન, ફિટર, મશીનીષ્ટ, ડ્રાફટસમેન મિકેનિક, સર્વેયર, મિકેનિક ડિઝલ, કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસિસ્ટંટ, હેર એન્ડ સ્કીન કેર, ડ્રેસમેકીંગ, કટીંગ એન્ડ સુઈંગ, ઈલેકટ્રીશીયન, આર્મેચર મોટર રીવાઈન્ડીંગ, ઈલેકટ્રોનિકસ મિકેનિક, મિકેનિક મોટર (વ્હીકલ) એટેન્ડન્ટ ઓપરેટર (કેમીકલ પ્લાન્ટ), ટુ વ્હીલર રિપેરર (ઓટો) પ્રોડકશન એન્ડ મેન્યુફેકચરીંગ (બીબીબીટી), ટર્નર મશીનીષ્ટ (ગ્રાઈન્ડર), સર્ટિફિકેટ ઈન સોફટવેર પોગ્રામીંગ, સર્ટિફિકેટ ઈન ઈ-કોમર્સ, વેલ્ડર જેવા વ્યવસાયોમાં અભ્યાસ કરે છે.

(૪) આ તાલીમાર્થીઓ પૈકીના ૩૭૦ તાલીમાર્થીઓને સ્ટાઈપેન્ડ મળે છે.

**શ્રી પોપટભાઈ સ. જીંજરીયા** : આપની મારફતે મારે એ જાણવું છે કે સુરેન્દ્રનગર જિલ્લો એકદમ પછાત છે. આ આખા જિલ્લામાં ફકત ચાર જ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ આવેલી છે. સાયલા આમાંથી બાકી છે. તો સાયલામાં આ તાલીમ સંસ્થા આપવા માગો છો કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : સુરેન્દ્રનગર જિલ્લાની અંદર એમણે આઈ.ટી.આઈ.ની વાત કરી છે. ઈન્ડસ્ટ્રીયલ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ સરકાર મારફતે ચાલે છે એને ઇન્સ્ટિટ્યૂટ કહેવાય છે. જે સ્વ નિર્ભર અથવા ગ્રાન્ટ ઈન એઈડ ચાલે છે એ ટ્રેનિંગ સેન્ટર કહેવાય. આ રીતે ચાર આઈ.ટી.આઈ. ચાલે છે એમાં એક વઢવાણ, ચોટીલા, દસાડા અને ધ્રાંગધ્રામાં ચાલે છે. માનનીય સભ્યશ્રી જે વિસ્તારમાંથી આવે છે એમાં સાયલા વિસ્તાર આવી જાય છે. સાયલા વિસ્તારમાં આઈ.ટી.આઈ. માટે સમગ્ર ગુજરાત માટે જાહેરાત આપેલી હતી. સ્વ.નિર્ભર ચાલુ કરવા માટે આપણી પાસે ડિમાન્ડ આવી છે. એ ડિમાન્ડ નહિ હોય તો સાયલા તાલુકામાં વહેલામાં વહેલી તકે આઈ.ટી.આઈ. ચાલુ થાય એના માટે સરકાર પ્રયત્ન કરશે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ પ્રશ્ન-૩ના પેટા જવાબમાં આ સંસ્થાઓમાં કુલ ૧૫૨૩ તાલીમાર્થીઓ તાલીમ લઈ રહ્યા છે તેમ જણાવ્યું છે. તે પૈકીના ૩૭૦ તાલીમાર્થીઓને સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે. તો હું આપના મારફતે એ જાણવા માગું છું કે સ્ટાઈપેન્ડ આપવાના ધોરણો શું છે? બીજો સવાલ એ છે કે ચોટીલા ખાતે જે ઔદ્યોગિક તાલીમ સંસ્થા ચાલી રહી છે તેમાં દરેક ટ્રેડના જે માસ્ટર હોવા જોઈએ એ પૂરતી સંખ્યામાં નથી એ હકીકત સાચી છે? જો આ હકીકત સાચી હોય તો દરેક ટ્રેડના માસ્ટરની જગ્યાની મંજૂરી આપીને જગ્યાઓ ભરવા માગે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : જે કોર્સ ચાલતો હોય તેની અંદર એ જગ્યાઓ હોય જ, એની અંદર શિક્ષકો પણ હોય છે. કોઈ સવાલ નથી. પરંતુ આપે કહ્યું કે ૧૫૨૩ સંખ્યા આપી છે. તેમાં સમસ્ત સુરેન્દ્રનગર જિલ્લા માટેની વાત છે. જિલ્લામાં કેટલા કેટલા પ્રકારના કોર્સ ચાલે છે, સુરેન્દ્રનગરમાં જે ૧૦ ઈન્સ્ટીટયૂટ ચાલે છે અને ૧૦ ઈન્સ્ટીટયૂટમાં આવા આવા કોર્સીસ ચાલે છે અને તેના ધોરણોમાં બે રીતે સ્ટાઈપેન્ડ આપે છે. જે વિદ્યાર્થી એસ.સી., એસ.ટી. અને બેકવર્ડ ક્લાસના હોય તે વ્યકિતને ૨૦૦ રૂપિયા સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે અને સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ મારફત એને ૨૦૦ રૂપિયા શિષ્યવૃત્તિ પણ આપવામાં આવે છે. એટલે દર મહિને આ રીતે આપવામાં આવે છે. તેની આવક મર્યાદા ૧૧,૦૦૦ હોય છે અને તેના નોર્મ્સ છે, કુલ વિદ્યાર્થીઓ આમાં હોય તેના મેરીટ પ્રમાણે જેના વધારે માર્કસ હોય તેને શિષ્યવૃત્તિ અને સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે.

### સાવરકુંડલા ખાતે આઈ.ટી.આઈ. કૉલેજના ઉપયોગ અંગે

***૧૨૯૩ શ્રી કાળુભાઈ વીરાણી (કુંડલા)** : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. સાવરકુંડલા મુકામે આઈ.ટી.આઈ. કૉલેજના મકાનનું બાંધકામ પૂર્ણ થયેલ છે, પરંતુ આઈ.ટી.આઈ. કૉલેજ તરીકેનો ઉપયોગ થતો નથી તે હકીકત સાચી છે, અને

૨. જો હા, તો આ મકાનનો આઈ.ટી.આઈ. કૉલેજ તરીકે તેનો ઉપયોગ કરવા માગો છો?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી:**

૧. ના,જી.

૨. આ મકાનનો આઈ.ટી.આઈ. માટે ઉપયોગ કરવામાં આવે છે.

**શ્રી કાળુભાઈ વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, સાવરકુંડલા મુકામે છેલ્લા એક વર્ષમાં ટૂંકા ગાળામાં સરકારશ્રી તરફથી ૧૦ એકર જમીનમાં આઈ.ટી.આઈ. કૉલેજ બે કરોડના ખર્ચે બનાવી છે. આધુનિક સાધનો સાથે સરસ કામગીરી શરૂ થઈ ગઈ છે. તો સરકારને અને આ વિભાગના મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે આવી સરસ કૉલેજ..(અંતરાય) અભિનંદન આપવા જ પડે. ૩૫ વર્ષમાં નથી થયું એ એક વર્ષમાં આ સરકારે કર્યું છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય શ્રી કાળુભાઈ, આપ પેટા પ્રશ્ન ઉપર આવો.

**શ્રી કાળુભાઈ વીરાણી** : આવું સરસ કામ કરીને આઈ.ટી.આઈ. કૉલેજ ચાલુ થઈ ગઈ છે એટલે મંત્રીશ્રીને અભિનંદન આપું છું.

**અધ્યક્ષશ્રી** :નેકસ્ટ.

### આણંદ જિલ્લામાં રમતગમત સંકુલની સુવિધા અંગે

***૮૦૩ શ્રી અમિતકુમાર અ. ચાવડા (બોરસદ)** : **માનનીય રમત-ગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. આણંદ જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ જિલ્લા/તાલુકા કક્ષાના રમતગમત સંકુલની સુવિધા કયાં કયાં છે,
૨. સુવિધા ન ધરાવતા તાલુકાઓમાં સુવિધા ઉભી કરવાનું કોઈ આયોજન છે કે કેમ અને
૩. જો હા, તો કેટલા સમયમાં?

**રમત-ગમતમંત્રીશ્રી:**

૧. આણંદ જિલ્લાના મુખ્ય મથકે રમત-ગમત સંકુલ માટે જમીન ઉપલબ્ધ થયેલ ન હોવાથી રમત-ગમત સંકુલની સુવિધા ઉપલબ્ધ થઈ શકી નથી. તાલુકા મથકે રમત-ગમત સંકુલ બનાવવાની કોઈ નીતિ હજુ નક્કી થયેલ નથી.
૨. અને ૩

સરદાર પટેલ રમત-ગમત સંકુલ યોજના અંતર્ગત જિલ્લા કક્ષાએ જ રમત-ગમત સંકુલ બનાવવાની હાલની સરકારની નીતિ છે, તેથી તાલુકા કક્ષાના રમત-ગમત સંકુલની સુવિધા ઉભી કરવાનો હાલના તબક્કે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, જવાબમાં કહેવામાં આવ્યું છે કે રમત-ગમત સંકુલ માટે જિલ્લા મથકે જમીન ઉપલબ્ધ નથી. તો મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જમીન ઉપલબ્ધ નથી એવું કયા આધારે કહેવામાં આવ્યું છે? આ માટે કલેકટરશ્રી અને અન્ય ઓથોરિટી સાથે પત્રવ્યવહાર કરવામાં આવ્યો છે કે કેમ અને જો જિલ્લા મથકે અથવા તો જિલ્લામાં અન્ય કોઈ જગ્યાએ આ માટેની અનુકૂળ જમીન ઉપલબ્ધ હોય તો આપ સંકુલ બનાવવા માગો છો કે કેમ અને કેટલા સમયમાં?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા સંકુલ બનાવવા માટે રાજય સરકારની આ એક લોકપ્રિય યોજના છે અને જે જે જિલ્લાઓમાં જિલ્લા કેન્દ્રો ઉપર જમીન ઉપલબ્ધ હતી ત્યાં સંકુલો બનાવવા માટેનું આયોજન થઈ ગયું છે. આણંદ જિલ્લામાં આણંદમાં જમીન ઉપલબ્ધ નથી પણ કલેકટરશ્રી સાથે પરામર્શ કરીને તેમણે બે-ત્રણ નજીકના તાલુકાઓમાં જમીનની દરખાસ્તો કરી છે. તેમાંથી ગમે તે એક જગ્યાએ આ સંકુલ બનાવવા માટેનું આયોજન છે.

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જગ્યાઓ ઉપલબ્ધ થાય ત્યાં સુધી નગરપાલિકા પાસે જે રમત-ગમતના મેદાનો છે તેને અપગ્રેડ કરીને તે વિસ્તારના ખેલાડીઓને લાભ આપવા માગો છો કે કેમ? ખરેખર તો શું છે કે સરદાર પટેલ રમત-ગમત સંકુલ યોજનાનું નામ છે અને સરદાર પટેલના વિસ્તારમાં આ યોજનાનું અમલીકરણ નથી થયું તેનું દુઃખ છે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું કે આ જે આયોજન છે તે પ્રમાણે ૧૧મી પંચવર્ષીય યોજનામાં ૨૦૦૮-૨૦૦૯નું આણંદનું આયોજન છે. આપણે આગળ ચાલી રહ્યા છીએ. હજી ૨૦૦૮માં આપણે બેઠા છીએ. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, સંકુલો માટેનું આયોજન ૧૧મી પંચવર્ષીય યોજનામાં હોય તે પ્રમાણે ૨૦૦૮-૨૦૦૯માં આણંદનો નંબર આવે છે. આ તો જમીન માગવા માટેની પ્રોસેસ વહેલી શરૂ કરેલ છે એટલે વહેલી ખબર પડી.

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, રમત ગમત સંકુલ માટે રાજયના કેટલા જિલ્લાઓની અંદર કેટલી જમીન ઉપલબ્ધ છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : ૧૮ જિલ્લાઓની અંદર જમીન ઉપલબ્ધ છે. એની યાદી જોઈતી હોય તો હું મેજ ઉપર મૂકી દઈશ.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, જવાબમાં જણાવ્યું છે કે, જિલ્લા કક્ષાએ જમીન ઉપલબ્ધ નથી. મારી વિનંતી એટલા માટે છે કે, આ કઈ રીતે ધ્યાનમાં આવી કે જમીન ઉપલબ્ધ નથી? અમારી જાણ મુજબ જિલ્લા મથકે જમીન ઉપલબ્ધ છે. આ ખોટો જવાબ આપીને ગૃહને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન થયો છે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીને કહેવું છે કે, અહીંયાં જે જવાબ આપ્યો છે એમાં કલેકટરશ્રી પાસે દરખાસ્ત મૂકી છે. કલેકટરશ્રીનો લેખિત પત્ર છે. એની નકલ જોઈતી હોય તો હું આપી શકું એમ છું.

**અધ્યક્ષશ્રી** : ફરીવાર કહેતા હોય તો કલેકટરશ્રી પાસેથી વિગતો મેળવીને આપે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : એ જમીન આપતા હોય તો રાજય સરકાર સ્વીકારશે.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં હાલ કેટલા જિલ્લાઓમાં રમત-ગમત સંકુલ ઉપલબ્ધ છે? કયા કયા જિલ્લાઓમાં ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, કહેતા હોય તો નામ બોલી જાઉં.

**અધ્યક્ષશ્રી** : આ પ્રશ્ન આણંદ જિલ્લા પૂરતો મર્યાદિત છે.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જિલ્લા રમત-ગમત સંકુલો માટે કેટલી જમીનની જરૂર હોય છે અને આ જમીનો મેળવવા માટે શું શું પ્રયત્નો કર્યા?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા કક્ષાના સંકુલો માટે ૧૫થી ૨૦ એકરની જરૂર હોય છે. કલેકટરશ્રીને ચાર પત્રો લખવામાં આવ્યા છે. કલેકટરશ્રીએ પોતાના તાલુકામાં જે કોઈ અધિકારી હતા એ વિભાગના અધિકારી સાથે પરામર્શ કર્યા પછી ગઈકાલે ફેકસથી મને માહિતી મોકલી છે. બાકરોલી અને બોરીયાવીમાં જમીન ઉપલબ્ધ છે. આણંદની બાજુમાં છે. એટલા માટે રાજય કક્ષાએ નિર્ણય લેવાનો છે.

**સાબરકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના અન્વયે પડતર અરજીઓ**

***૬૧૫ શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(મેઘરજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧ ડીસેમ્બર, ૨૦૦૭ની સ્થિતિએ રાષ્ટ્રિય કુટુંબ સહાય યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જીલ્લામાંથી તાલુકાવાર કેટલી અરજીઓ સામે કેટલી મંજૂર કરી સહાય ચૂકવવામાં આવી,

(૨) કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) નામંજૂર કરવાના કારણો શાં શાં છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:**

(૧) તા. ૩૧ ડીસેમ્બર, ૨૦૦૭ની સ્થિતિએ રાષ્ટ્રિય કુટુંબ સહાય યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જીલ્લામાં તાલુકાવાર નીચે મુજબ અરજીઓ મંજૂર કરી સહાય ચૂકવવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | અરજીઓની સંખ્યા | મંજૂર કરેલ અરજીઓ | સહાય ચૂકવેલ અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | હિંમતનગર | ૧૭૫ | ૧૨૦ | ૧૨૦ |
| ૨ | ભિલોડા | ૫૦ | ૪૪ | ૪૪ |
| ૩ | પ્રાંતિજ | ૧૬ | ૧૪ | ૧૪ |
| ૪ | તલોદ | ૭ | ૬ | ૬ |
| ૫ | ઈડર | ૪૦ | ૨૬ | ૨૬ |
| ૬ | વડાલી | ૧૦ | ૭ | ૭ |
| ૭ | ખેડબ્રહ્મા | ૨૨ | ૧૯ | ૧૯ |
| ૮ | વિજયનગર | ૨૨ | ૨૧ | ૨૧ |
| ૯ | મોડાસા | ૭૩ | ૩૧ | ૩૧ |
| ૧૦ | ધનસુરા | ૦ | ૦ | ૦ |
| ૧૧ | માલપુર | ૪ | ૪ | ૪ |
| ૧૨ | મેઘરજ | ૨ | ૨ | ૨ |
| ૧૩ | બાયડ | ૮ | ૭ | ૭ |
| | કુલ : | ૪૨૯ | ૩૦૧ | ૩૦૧ |

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ કુલ : ૪૪ અરજીઓ પડતર હતી (તાલુકાવાર પત્રક સામેલ છે.)

**પત્રક**

**તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ પડતર અરજીઓની વિગત દર્શાવતું પત્રક**

| **અ. નં.** | **તાલુકાનુ નામ** | **પડતર અરજીઓની સંખ્યા** |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧૯ |
| ૨ | મોડાસા | ૩ |
| ૩ | પ્રાંતિજ | ૨ |
| ૪ | ભિલોડા | ૫ |
| ૫ | તલોદ | ૧ |
| ૬ | બાયડ | ૧ |
| ૭ | ઈડર | ૮ |

| | | |
|---|---|---|
| ૮ | ખેડબ્રહ્મા | ૩ |
| ૯ | વડાલી | ૨ |
| | કુલ : | ૪૪ |

(૩) ના મંજૂર કરવાના કારણો નીચે મુજબ છે.
(૧) ગરીબી રેખા નીચે જીવતા હોવાનો પુરાવો રજુ કરેલ ન હોવાથી
(૨) મુખ્ય કમાનાર વ્યક્તિનું અવસાન થયા તારીખથી બે વર્ષમાં અરજી ન કરવાના કારણે
(૩) મુત્યુ પામેલ વ્યક્તિના કુટુંબની મુખ્ય કમાનાર વ્યક્તિમાં સમાવેશ થતો ન હોવાના કારણે
(૪) મુખ્ય કમાનાર વ્યક્તિની વય મર્યાદા નિયત કરેલ વયમર્યાદા ૧૮થી ૬૫ વર્ષમાં સમાવેશ ન થવાના કારણે

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રિય કુટુંબ સહાય યોજના એ ભારત સરકારની યોજના છે અને ભારત સરકારમાંથી સહાય આવ્યા બાદ એમાં જે અરજીઓ છે એને સહાય ચૂકવવામાં કેટલો સમય થયો? અને આ વિલંબ કેમ થાય છે એ જાણવા માગું છું. આ જે ૪૪ અરજીઓ બાકી છે એની પરિસ્થિતિ શું છે? એને નહીં ચૂકવવાના કારણો જણાવશો.

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા નિષ્ણાત સભ્યશ્રીને કહું છું કે, આ યોજના ૨૦૦૨ સુધી કેન્દ્ર સરકાર હસ્તક હતી. ૨૦૦૨-૨૦૦૩ પછી આ યોજના કેન્દ્ર સરકારે રાજય સરકારને તબદીલ કરી છે. અત્યારે રાજય સરકાર સંકટ મોચન યોજનાના નામે ચલાવી રહી છે. બીજો પ્રશ્ન ૪૪ અરજીઓ પડતર હતી. ગઈકાલે મેં માહિતી મંગાવી તો આ ૪૪માંથી હવે ૨૨ અરજીઓ પડતર છે. ત્રીજો પ્રશ્ન, ચૂકવણીમાં વિલંબ થાય છે. આ જિલ્લા કે તાલુકામાં કોઈ વિલંબ થયેલ નથી.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, સંકટ મોચન યોજના હેઠળ છેલ્લા ૩ વર્ષમાં રાજયમાં કેટલા લાભાર્થીઓને કેટલી રકમ ચૂકવાઈ ?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૪-૨૦૦૫માં ૧૭૨૭૨ લાભાર્થીઓને ૧૯.૫ કરોડ, ૨૦૦૫-૨૦૦૬માં ૭૭૧૮ લાભાર્થીઓને ૪.૫૩ કરોડ અને ૨૦૦૬-૨૦૦૭માં ૬૯૩૧ લાભાર્થીઓને ૬.૩૬ કરોડ રૂપિયાની રકમ ચૂકવવામાં આવી છે.

**શ્રી કિરીટભાઈ ગં. પટેલ** : જવાબ મળી ગયો છે.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ૪૨૯ અરજીઓ આવેલી તે પૈકી કેટલી નામંજૂર થઈ, કયા વર્ષમાં નામંજૂર થઈ અને નામંજૂર સામે અપીલ કોને થઈ શકે?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ૮૪ નામંજૂર થઈ છે એના જુદા જુદા કારણો છે. એક તો એઈજ ગૃપ ૧૮ થી ૬૫ વર્ષનું હોવું જોઈએ , બી.પી.એલ. યાદીમાં એનું નામ હોવું જોઈએ અને સાથે સાથે મૃત્યુ થયા પછી ૨ વર્ષમાં અરજી કરવી જોઈએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ આપેલો છે. માનનીય સભ્યશ્રી એમ કહી શકે છે. માનનીય સભ્યશ્રી નવા હોય પૂછી શકે, માનનીય મંત્રીશ્રીએ સમય બચાવવા પ્રયાસ કરવો જોઈએ, એમણે કહેવું જોઈએ કે જવાબ છાપ્યા મુજબ.

**અધ્યક્ષશ્રી :** માનનીય શકિતસિંહભાઈ, સભ્યશ્રીએ પ્રશ્ન પૂછવો જ જોઈતો ન હતો.

**કપડવંજ તાલુકામાં શિક્ષિત બેરોજગારોને આપેલ રોજગારીની સંખ્યા**

*** ૭૯૮શ્રી મણીભાઈ દે. પટેલ/ M#>(કપડવંજ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ખેડા જિલ્લામાં તા: ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ કેટલા શિક્ષિત બેરોજગાર નોંધાયેલ છે, અને
(૨) આ પૈકી કપડવંજ તાલુકામાં નોંધાયેલ શિક્ષિત બેરોજગારોમાંથી છેલ્લા બે વર્ષમાં કેટલા લોકોને રોજગારી મળેલ છે?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :**
(૧) ૨૭૧૨૫
(૨) ૫૧

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ખેડા જિલ્લામાં તા:૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ ૨૭,૧૨૫ બેરોજગાર નોંધાયેલ છે એમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચના કેટલા કેટલા બેરોજગાર નોંધાયેલા છે અને મારો બીજો પ્રશ્ન એ છે કે આ જે ત્રીજા અને ચોથા વર્ગના કેટલા કર્મચારીઓને ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવે છે ત્યારે એ સંસ્થાઓ દ્વારા પહેલેથી સેટીંગ કરેલું હોય છે અને રોજગાર સંસ્થામાં જો એનું નામ

નોંધાયેલ ન હોય તો નોંધાવીને પણ એને ઈન્ટરવ્યુમાં બોલાવવામાં આવે છે એટલે ક્રમાનુસાર ઈન્ટરવ્યુમાં બોલાવવામાં આવે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે એમણે કીધું એમ ક્રમવાર જ હોય છે. માગણી પ્રમાણે આપણી પાસે જેટલા લોકોના લીસ્ટમાં નામ હોય એ પ્રમાણે એક વ્યકિતની સામે ત્રીસ વ્યકિતઓને મોકલીએ, ઘણી વખત આપણી પાસે લીસ્ટ ના હોય તો એકની સામે દસ થી પાંચ જેટલા મેકસીમમ લોકો હોય તો એ રીતે આપણે લીસ્ટ પ્રમાણે મોકલીએ છીએ અને એમાં પણ કદાચ કોઈ કચેરીની અંદર એવું થતું હોય તો આપ ચોક્કસ ધ્યાન દોરજો, આપણે એમાં ચોક્કસ સુધારો કરીશું. આપે જે કહ્યું ખેડા જિલ્લામાં આજ સુધીમાં જે શિક્ષક છે એમાં અનુસૂચિત જાતિ, જનજાતિ, બેકવોડ કલાસના કેટલા સભ્યો છે, આ ૨૭,૧૨૫માંથી અનુસૂચિત જાતિના ૪૭૮૪, અનુસુતિત જનજાતિના ૪૮૮, બક્ષીપંચના ૧૦૪૯૫ છે, અધર બેકવોડ કલાસના ૨૨૧ છે અને અન્ય ૧૧૧૩૭ છે. આ જે છે એ ખેડા જિલ્લામાં છે એ જ પ્રમાણે કપડવંજ જિલ્લામાં છે એની પણ આપણી પાસે માહિતી છે પણ કપડવંજમાં જે ૫૧ લોકોને મંજૂરી મળેલ છે એ ૨૯૦૩ રજિસ્ટર હતા, એમાંથી ૫૧ને રોજગારી મળેલ છે.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ ૫૧ જણાને જે રોજગારી મળી છે એમાંથી મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે ૫૧માંથી કેટલા એપ્રેન્ટીસ ને કેટલા કાયમી છે? એમાંથી ગ્રૅજ્યુએટ કેટલા અને નૉન ગ્રૅજ્યુએટ કેટલા?

**શ્રી વજુભાઈ વાળા** : રોજગારી મળી હોય એ તો ત્યાં જ એને આપી દીધી હોય. કાયમ માટેની જ રોજગારીની રીતે હોય.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, ઑર્ડર આપી દીધા છે એ તો એપ્રેન્ટીસ તરીકે ગણીને રોજગારી ગણે છે. એપ્રેન્ટીસ તરીકે ગણીને રોજગારી ગણાવે છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જરૂીરયાત પ્રમાણે નામ મોકલાવે કે મારે આ જરૂરિયાત છે એ પ્રમાણે નામ મોકલાવે અને એને નોકરીમાં રાખે છે.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, એટલી તો ખબર હોયને કે એ એપ્રેન્ટીસ લીધા છે કે કાયમી લીધા છે?

**અધ્યક્ષશ્રી :** વિગત હોય તો આપો.

**શ્રી વજુભાઈ વાળા** : એપ્રેન્ટીસની જ છે. બધાને જે કાયમી હોય એના માટે એ રીતે મોકલીએ છીએ.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : એપ્રેન્ટીસ એ કાયમી રોજગારી નથી. એને તાલીમ આપીને છૂટા કરી દેવામાં આવે છે તો એને કાયમી રોજગારી કેવી રીતે ગણી શકાય?

**શ્રી વજુભાઈ વાળા** : અરે આ તો શિક્ષિત બેરોજગાર હોય છે, જો શિક્ષિત બેરોજગાર હોય તો એ પહેલેથી જ એમ કહે કે મારે તાલીમ જોઈએ છે તો એને તાલીમ માટે અને કાયમી જોઈતી હોય તો કાયમી, કોન્ટ્રાકટ બેઝ ઉપર તો કોઈને મોકલતા નથી.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આંકડો જાણવો છે કે કાયમી કેટલા અને કેટલા એપ્રેન્ટીસ કેટલા, એપ્રેન્ટીસ માગ્યા હોય તો એપ્રેન્ટીસ અને કાયમી માગ્યા હોય તો કાયમી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** તમે પ્રશ્ન પૂછીને બેસી જાવ. તમે જવાબ સાંભળો પછી પૂછો. તમે બન્ને જણા ઊભા રહીને કેવી રીતે જવાબ આપો છો? રામસિંહભાઈ, તમે બેસી જાઓ.

**શ્રી વજુભાઈ વાળા** : એ ટેમ્પરરી હોય એમાંથી કન્વર્ટ કરીને કાયમી કરે. સરકારમાં પણ નોકરીમાં રાખે છે એને પહેલા પ્રોબેશન ઉપર રાખે છે અને ત્યાર પછી કન્ફર્મ કરે છે. એ તો દરેક જગ્યાએ હોય છે. (અંતરાય)

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : (બેઠા બેઠા) ખોટો જવાબ આપે છે.

**અધ્યક્ષશ્રી** : જવાબ ખોટો હોય તો નિયમો પ્રમાણે કાર્યવાહી કરી શકાય છે. (અંતરાય) પંકજભાઈ, બેસી જાઓ. માનનીય મંત્રીશ્રી જવાબ આપતા હોય ત્યારે મહેરબાની કરીને ઊભા નહીં થવાનું.

**શ્રી વજુભાઈ વાળા** : અમારી પાસે તમામ કાયમી માટે છે. એપ્રેન્ટિસ નથી. છતાં પણ માનનીય સભ્યશ્રીને કહું કે કોઈપણ જગ્યાએ નોકરી માટે મોકલે ત્યારે કાયમી રાખવા માટેના આશયથી ન મોકલે. એને રોજગારી માટે મોકલે છે. પછી એના વર્તન અને વહેવાર જોઈને કાયમી કરે છે. સરકારમાં પણ એ જ રીતે થાય છે. એને એપોઈન્ટમેન્ટ પ્રોબેશનલ જ અપાય છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : રામસિંહભાઈ, આપ બેસી જાઓ. આપના પ્રશ્નનો જવાબ મળ્યો છે. ન મળ્યો હોય તો નિયમ પ્રમાણે વિધિ કરી શકો છો.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : એમની પાસે આંકડાઓ જ નથી. જે ભરતી મેળાઓ થાય છે, (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ જે જવાબ ઈચ્છો એ જવાબ મંત્રીશ્રી ન આપે. જવાબ આપ્યો છે એમાં આપને એમ લાગે કે આમાં કંઈ અપૂરતું છે તો એના માટે નિયમ ૯૨ નીચે વિધિ કરી શકો છો. આપ સિનિયર સભ્ય છો. નિયમોની ચોપડી જોઈ લો.

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ખેડા જિલ્લામાં ૨૭૧૨૫ શિક્ષિત બેરોજગારોની નોંધણી થઈ છે. એના ભાગરૂપે ફક્ત કપડવંજમાં ૫૧ લોકોને રોજગારી આપવામાં

આવી છે. જિલ્લાના બાકીના ૨૭૧૨૫ શિક્ષિત બેરોજગારો છે એમાંથી કેટલા જણાને નોકરી આપવામાં આવી છે? સમગ્ર ગુજરાતમાં કેટલા શિક્ષિત બેરોજગારોની નોંધણી કરવામાં આવી છે?

**અધ્યક્ષશ્રી** : માનનીય શૈલેષભાઈ, આ ગુજરાત અંગેનો પ્રશ્ન નથી. ખેડા જિલ્લાનો છે. ખેડા જિલ્લા પૂરતો જવાબ આપશે.

**શ્રી વજુભાઈ વાળા** : ખેડા જિલ્લામાં ૨૭૧૨૫ હતા એમાંથી ૨૪૮૩ લોકોને રોજગારી મળી છે.

**પેન્શન અને પ્રૉવિડન્ટ ફંડ કચેરીમાં પડતર પેન્શન કેસોના નિકાલ અંગે**

***૩૭૫ શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ : (બારડોલી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ નિયામક, પેન્શન અને પ્રૉવિડન્ટ ફંડની કચેરીમાં પેન્શનના કેટલા કેસો પડતર છે?

(૨) કેસો પડતર રહેવાના કારણો શાં છે, અને

(૩) આ પેન્શન કેસોના ઝડપી નિકાલ લાવવા સરકારે શું આયોજન કરેલ છે?

**નાણા મંત્રીશ્રી :**

(૧) ૩૪૬

(૨) ચકાસણી પ્રક્રિયામાં હતા.

(૩) આજની તારીખે આ પૈકીનો એક પણ કેસ પડતર નથી.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીનો જવાબ જોતાં મને એમ સ્પષ્ટ દેખાય છે કે મારો પ્રશ્ન પૂછાયો પછી આ પડતર કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે. હું એ જાણવા માગું છું કે આ કેટલા સમયથી પડતર હતા અને પડતર હતા તો કયા કારણોસર પડતર રાખવામાં આવ્યા હતા? જવાબદાર અધિકારીઓ સામે સરકાર કોઈ પગલાં લેવા માગે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે હતું એમાં એમણે સ્પષ્ટ સવાલ પૂછયો છે કે તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ નિયામક, પેન્શન અને પ્રૉવિડન્ટ ફંડની કચેરીમાં પેન્શનના કેટલા કેસો પડતર છે? ભૂતકાળમાં પેન્શન અને પ્રૉવિડન્ટ ફંડની કચેરીમા જે કેસો પેન્ડીંગ રહેતા હતા હવે એવા કેસો પેન્ડીંગ રહેતા નથી. એટલા માટે કે કોઈપણ કર્મચારી નિવૃત્ત થવાનો હોય એ પહેલાના એક વર્ષ પહેલા પોતાના પેપર વિભાગ મારફત મોકલી દે છે અને પેન્શન વિભાગ તરફથી આ માણસ નિવૃત્ત થવાનો હોય એ પહેલાના છ મહિન અગાઉ એને કેટલું પેન્શન મળશે, કેટલી ગ્રેજ્યુઈટી મળશે, એને જે રૂપાંતરિત પેન્શન જોઈતું હોય એ રૂપાંતરિત પેન્શન પણ કેટલું મળશે એ એડવાન્સમાં એની રીતે કહી દે છે. આ રૂટીન પ્રોસિઝર પ્રમાણે આપે જે કહ્યું એ પ્રમાણે ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ ૩૪૬ કેસો હતા એ તમામ કેસોની અંદર નિરાકરણ થયું છે પણ નિરાકરણ થયું એનો અર્થ એવો નથી કે એ મંજૂર થયા છે, એમાંથી જે મંજૂર થયેલા કેસો હતા એ કેસોમાંથી ૨૮૦ કેસો મંજૂર થયા હતા. ૮૬ કેસો ડિપાર્ટમેન્ટને રીફર કરવામાં આવ્યાં હતાં, ડિપાર્ટમેન્ટને રીફર કર્યા પછી, આપે જે કહ્યું છે ૩૧-૧-૦૮ પછી, રીફર કર્યા પછી પાછા આવ્યાં એમાંથી ૬ કેસો નિકાલ કરી દીધા છે. બાકી કેસો જે તે વિભાગમાંથી અમને પરત આપવાના બાકી છે.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષ મહોદય, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે ગુજરાતની ઘણી બંધમિલોના કામદારોના પ્રોવિડન્ટ ફંડના પૈસાની અંદર જે માલિકોએ પૈસા ભરવા જોઈએ એ ભર્યા નથી. પરિણામે મિલો બંધ થઈ ગઈ. કારીગરોને પ્રોવિડન્ટ ફંડના પૈસા વીસ-વીસ વર્ષ સુધી મળ્યા નથી એ મિલ કારીગરો માટે આપ કાંઈ કરી શકશો?

**અધ્યક્ષશ્રી** : આ પ્રશ્ન આમાંથી ઉપસ્થિત થતો નથી.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, પ્રશ્ન નં.૩ માં એમ કહ્યું છે કે પેન્શન કેસનો ઝડપથી નિકાલ અને એનો જવાબ આવ્યો, આજની તારીખે આ પૈકીનો એકપણ પ્રશ્ન પેન્ડીગ નથી. માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે કપરાડા તાલુકાનો વર્ગ-૪નો કર્મચારી બે વર્ષથી પેન્શન માટે આંટા મારે છે. નેકસ્ટ સંકલનના શનિવારના દિવસે પ્રશ્ન પૂછ્યો હતો, એનો આજની તારીખે પણ નિકાલ નથી થયો અને જવાબ આપ્યો છે કે કોઈપણ પ્રશ્ન પેન્ડીગ નથી.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું ફરીથી કહું છું કે મારા ડિપાર્ટમેન્ટની અંદર, મારી કચેરીની અંદર કોઈ કેસ પેન્ડીંગ નથી. મેં કહ્યું ૨૮૦ કેસ છે,એ કેસોનો નિકાલ કરી દીધો નિકાલ એ રીતે થયો ૨૮૦ લોકોના મંજૂર કરી દીધા. ૬૬ લોકોની અંદર ક્ષતિપૂર્તિ માટે એ પરત ડિપાર્ટમેન્ટની અંદર મોકલ્યા છે અને એ ડિપાર્ટમેન્ટમાંથી પણ અમારી પાસે ૬ કેસ આવ્યા એ ૬ એ ૬ કેસ અમે મંજૂર કર્યા છે. કોઈપણ કોઈનો કેસ હોય, મારા ડિપાર્ટમેન્ટમાં પેન્શનરનો બાકી હોય તો મને એ રીતે કહેજો. અમે સ્પષ્ટ સૂચના આપી છે કે અવસાનની અંદર, અવસાન પામેલી વ્યકિતને તાત્કાલિક પ્રાયોરિટીની અંદર એના પરિવારને પેન્શન આપી દેવાનું અને જે નિવૃત્ત થતા હોય કારણ કે પેન્શનના કાગળો સરકાર તો નિયમ અનુસાર એક વર્ષ અગાઉ કાગળો મોકલી દે છે. ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓ ચાલે છે એમાં કાંઈક મોકલવામાં વિલંબ થાય છે એટલે એવા લોકોનું બાકી હોય. સરકારી કર્મચારી તો એડવાન્સમાં ૬-૬ મહિના અગાઉ એને કેટલું પેન્શન, ગ્રેચ્યુઈટી, રૂપાંતરિત પેન્શન કેટલું મળવાનું છે એ બધું એડવાન્સમાં નક્કી કરી દઈએ છીએ.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીના જવાબ જોતાં મને હજુ પણ શંકા છે કે, પડતર કેસો હું સો ટકા ખાતરીપૂર્વક કહું છું કે મારા સુરત જિલ્લામાં કેશુભાઈ ચૌધરી જે સર્વિસ કરતા હતા એના ચંપલ ઘસાઈ ગયા છે છતાં હજુ એને પ્રોવિડન્ટ ફંડના નાણાં મળ્યાં નથી.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આજ પછી કોઈ આની અંદર કેસ હોય ૩૧-૧-૦૮ ના રોજ જે નોંધાયેલ હોય અને બાકી હોય એવા મને કોઈ વ્યકિતગત કેસ હોય તો કહેજો, હું એની સામેના અધિકારી જે હશે તેની સામે સખત હાથ કામ લઈશ. બાકી અત્યારે કોઈ કેસ પેન્ડીગ નથી એ હકીકત છે.

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ સકારાત્મક વાત કરી તેને આવકારું છું. પરંતુ માનનીય મંત્રીશ્રી થાય છે એવું કે આ વિભાગના મેં પણ જવાબ આપ્યા છે. એલ.એ.કયુ. પૂછાય એટલે જેટલા સમયથી પડયા હોય એને ધકો મારીને ડિપાર્ટમેન્ટમાં પાછા મોકલાય અને જવાબ આપે કે એકપણ કેસ પેન્ડીગ નથી. માનનીય મંત્રીશ્રીએ જે ચિંતા વ્યકત કરી તેને આવકારું છું. માણસનું મૃત્યુ થાય કે રિટાયર થાય તો તેને એના હકના પૈસા કેન્દ્ર સરકારમાં તો જેવો રિટાયર થાય એના બીજા દિવસે મળી જાય, આપણે એક વર્ષ પહેલા કાર્યવાહી શરૂ કરીએ છીએ, પરંતુ પરિપૂર્ણ નથી થતી, આના માટે કોઈ એવી અધિકારી કક્ષાની કમિટી જેનું મોનિટરિંગ આપ કરતા હોય, આ કેસો છે એમાં છેલ્લા કેટલાક સમયથી આપ તપાસ કરશો તો ખ્યાલ આવશે કે ૩૪૬, એલ.એ.ક્યુ. પુછાય છે એટલે તુરતજ કાં તો ડિપાર્ટમેન્ટને મોકલી આપવામાં આવે કાં તો મળવાપાત્ર હોય એનું ફાયનલ થઈ જાય. કોઈ નીતિ એવી નક્કી થાય જેનું મોટરિંગ આપની કક્ષાએ થાય તેવું કરવા માગો છો કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું કે, કેન્દ્ર સરકારની અંદર રિટાયર થાયને તરત મળી જાય છે. હંમેશા નિવૃત્ત થાય એ પહેલાં એને નક્કી કરવાનું, એને કહી દઈએ છીએ તને આટલું પેન્શન મળવાનું છે. એ નિવૃત્ત થાય એ પહેલાં કહી દઈએ છીએ. છતાંય માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં પેન્શનમાં નિવૃત્ત લોકોને ખૂબ મુશ્કેલી પડતી હતી, માણસને નિવૃત્ત થયા પછી એના પેન્શનના કાગળો ચાલુ થતા હતા એના બદલે એ સર્વિસમાં ચાલુ હોય, એક વર્ષ એનું બાકી હોય ત્યારે એના પેન્શનના કાગળો થઈ જાય છે અને છતાં હું હાઉસમાં કહું છું કે, કોઈ પણ વ્યકિતની કોઈપણ ફરિયાદ હોય પેન્શન માટે, એને પેન્શન ના મળતું હોય, વિભાગ વિલંબ કરતો હોય તો મને કહે, હું તાત્કાલિક એને પેન્શન અપાવવા માટે ખાતરી આપું છું.

## રાજય સરકારનું આંતરિક અને બાહ્ય દેવું

***૧૯૧શ્રી મોહનસિંહ છો. રાઠવા (જેતપુર-પાવી)** : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧ ડિસેમ્બર-૨૦૦૭ની સ્થિતિએ રાજય સરકારનું આંતરિક અને બાહ્ય દેવું કેટલું છે, અને

(૨) સરકારનું દેવું વધવાના કારણ શું છે ?

**નાણા મંત્રીશ્રી** :

(૧) આંતરિક દેવું અંદાજે રૂા. ૭૪૬૪૭.૧૭ કરોડ છે જ્યારે બાહ્ય દેવું શૂન્ય છે.

(૨) રાજયના વિકાસ માટેના મૂડી ખર્ચને પહોંચી વળવા માટે.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, ૩૧ ડિસેમ્બર-૨૦૦૭ની સ્થિતિએ રૂા. ૭૪૬૪૭.૧૭ કરોડ આંતરિક દેવું છે. મારે એટલું જ જાણવું છે કે, આ જે દેવાની રકમ છે એ દર વર્ષે વધતી જાય છે એ દેવું દ ટાડવા માટે હવે શું કાર્યવાહી કરવી જોઈએ ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, દેવું વધારવું કે દેવું સમયસર ભરવું એ બે વાતોમાં થોડો ફરક છે. કારણ કે, જે રૂા. ૭૪૬૪૭.૧૭ કરોડનું દેવું છે એ દેવું એ કોઈ આપણે રેવન્યુ એક્સપેન્ડીચર માટેનું દેવું નથી. આ દેવું એ કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ માટેનું દેવું છે. અને આ દેવું છે એ રાજય સરકાર પોતાની ઇચ્છા મુજબ ગમે તેની પાસેથી પૈસા ઉછીના લઈ શકતી નથી. આપણે પૈસા જોઈતા હોય તો પૈસા બે રીતે , એક તો ભારત સરકાર આપે અથવા તો ભારત સરકારે નક્કી કર્યા મુજબનું નાબાર્ડ પાસેથી મળે, રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયા પાસેથી મળે અને નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટસ ( એન.એસ.સી.) મારફતે મળે, આ સિવાય આપણે બહારથી કોઈ પાસેથી કરજ લઈ શકતા નથી. અને કરજ લીધા પહેલાં પણ પ્લાનીંગ કમિશન આમાં ચકાસણી કરે છે કે આને આટલું કરજ કરવા દેવું કે નહીં? એ કરજ કરવા દેતા પહેલાં રાજયની રિ-પેઈંગ કેપેસીટી નક્કી કરે અને જેની રિ-પેઈંગ કેપેસીટી હોય એને જ કરજ કરવાની છૂટ આપે છે, આપણી ઇચ્છા મુજબ કરવા દેતા નથી. આ કરજમાં આપણે લોનના હપતા નિયમિત ભર્યા છે, વ્યાજ નિયમિત ભર્યુ છે. આપણી નિયમિતતાના કારણે ગુજરાત રાજયનો રેન્કીંગ એએ ક્લાસ છે, એ.બી.સી.નહીં પણ એએ ક્લાસ છે. આપણે જો આ કરજ ભરી દઈએ તો વિકાસના કામો ન થાય આ સસ્તા ભાવે આપણને વ્યાજ મળે, કારણ કે, જો ભારત સરકાર તરફથી આપણને જે લોન મળે એમાં લોનમાં ૭૦ ટકા આપણે રિ-પેઈંગ કરવાની હોય, ૩૦ ટકા સબસિડીના રૂપમાં મળે એટલે એ ફાયદો થાય અને એન.એસ.સી.ના પૈસા મળતા હોય એ ૨૦-૨૦ વર્ષે ભરવાના પૈસા મળતા હોય અને એ રીતે કરજ કરીએ છીએ. એટલે કરજ કરવાની રાજયની આર્થિક સ્થિતિમાં કોઈ મુસીબત હોય આવું કોઈ કારણ નથી.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, રાજય સરકારનું આ જે જાહેર દેવું છે એમાં કેન્દ્ર દ્વારા આપણે ફરજિયાત નાની બચતમાંથી

અમુક નાણા લેવા પડે છે તો આ નાની બચતમાંથી આ કુલ દેવામાંથી કેટલા રૂપિયા આપણે નાની બચત પૈકી લીધા ?

મારો બીજો પ્રશ્ન એ છે કે, આનો રેઈટ ઓફ ઈન્ટરેસ્ટ નાની બચત યોજનાના જે આપણે ફરજિયાત લેવા પડે છે એનો રેઈટ ઑફ ઈન્ટરેસ્ટ શું હોય છે અને બજારના પ્રર્વતમાન રેઈટ ઑફ ઈન્ટરેસ્ટ શું હોય છે ?

**શ્રી વજુભાઈ વાળા** : ભારત સરકારના રેઈટ ઑફ ઈન્ટરેસ્ટ ખૂબ મોટા હોય છે એમાં ૩ થી ૪ ટકાનો ફેર હોય છે ડિપોઝિટમાં વધુ હોય છે. જે નાની બચત યોજના છે. એમાં કેન્દ્ર સરકાર પહેલાં કેન્દ્ર સરકારની યોજના છે, જે તે રાજયમાં નાની બચત નીચે જેટલી રકમ ભેગી થઈ એ રકમમાંથી પહેલાં કેન્દ્ર આપણને ૭૦ ટકા રકમ આપતી હોય અને ૩૦ ટકા કેન્દ્ર સરકાર રાખતી હતી. હવે ફરીથી કેન્દ્ર સરકાર નાની બચત યોજનાના ગુજરાત રાજયમાંથી જેટલી રકમ ભેગી થાય એ તમામ રકમ

આપણે ગુજરાત રાજયની અંદર જ રાખવાના છીએ અને એ આપણે રાખવી પડે અને જે રાજયની અંદર નાની બચત યોજનાની ભાવના હોય અને જયાં નાની બચત વધુ થતી હોય એ રાજયની સ્થિરતા આર્થિક રીતે મજબૂત કહેવાય. આ રીતે ૪૪૬૪૭કરોડમાંથી ૪૪૪૭૯ કરોડ રૂપિયા નાની બચતના છે. ૬૦ટકા હિસ્સો નાની બચતનો છે અને સરકારે નકકી કરેલ રેટ પ્રમાણે જુદા જુદા સમયના જુદા જુદા રેટ હતા પરંતુ માર્કેટ રેટ કરતાં ઓછા રેટે મળ્યા છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, દર વર્ષે જાહેર દેવું વધતું જાય છે એ ચિંતાનો વિષય છે. એકબાજુ કરવેરા વધે એની સામે એનું કરજ પણ આપણે વધારતા જઈએ. દર વર્ષે જે ફીસ્કલ રીસ્પોન્સીબીલીટી બીલ લાવ્યા એના પછી દેવું ઘટાડવા માટે ટારગેટ નકકી કરેલ હતો અને બીજા રાજયોએ આ કુલ ઘરગથ્થુ ઉત્પાદન ૩૦ટકા કરતાં નીચે કરતા આવ્યા છીએ આંકડા મળ્યા છે એ પ્રમાણે ૧૦ રાજયો એવા છે કે એનું કરજ રાજયના કુલ ઘરગથ્થુ ઉત્પાદન ૨૦ટકાથી ૨૫ ટકા નીચું છે જયારે આપણે ૩૦ટકાથી નીચે આવતું નથી.

**અધ્યક્ષશ્રી** : સીધા પ્રશ્ન ઉપર આવો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું પ્રશ્ન ઉપર જ આવું છું. આ રાજય સરકાર કુલ કરજ, ઘરગથ્થુ ઉત્પાદનના ૩૦ટકાથી નીચે લાવીને ઘરગથ્થુ ઉત્પાદનના ૨૦ટકા કરવા માગો છો કે કેમ અને માગતા હોય તો એની સામે પાંચ વર્ષનું આયોજન શું છે?

**શ્રી વજુભાઈ વાળા** : મેં ઉપર જ કહ્યું. આપ કહો છો આટલા ટકાથી આટલા ટકા હોવા જોઈએ તો આયોજન પંચને ખબર જ હોય પરમીશન આપતા પહેલાં. હું મારી ઈચ્છા પ્રમાણે કરજ કરી શકતો નથી. આયોજન પંચ કહે છે રિઝર્વ બેંકને કહો તમને બોન્ડ આપે, સેન્ટ્રલ બેંકને કહો લોન આપે આયોજન પંચ પ્લાન સહિત નકકી કરે એ પ્રમાણે જ કરીએ છીએ. આર્થિક સ્થિરતા બીજા રાજયમાં હોય છે. હું છાતી ઠોકીને કહું છું કે ગુજરાત જેટલું બીજું કોઈ રાજય સ્ટ્રેન્થન નથી. હું આંકડા આપીને કહું છું કે માનનીય અર્જુનભાઈ, જવાબ સાંભળો. હું આંકડા આપને કહું છું. અત્યાર સુધી દરેક સરકાર ઓવરડ્રાફટ લેતી હતી કોઈ વર્ષ એવું નહોતું કે ઓવરડ્રાફટ લીધો ન હોય. આજની તારીખે આ રાજયની સ્થિતિ એવી છે કે આપણી પાસે કોન્સોલીડેટેડ ફંડ ૩૨૬૦ છે એની સામે ૪૩૦ કરોડ વ્યાજ મળ્યું. ગેરંટી ફંડ ૧૧૫૨ કરોડ એની સામે૨૬૭કરોડ વ્યાજ આજે ૫૧૦૯કરોડ આપણા પોતાના ફંડના એ કેન્દ્રમાં જમા પડયા છે અને ૬૩૦ આપણી સીલીંગ છે એના માટે આજની તારીખે ૫૭૩૯કરોડ આપણે રિઝર્વ બેંકમાંથી વાપરીએ ત્યાં સુધી ઓ.ડી. થતું નથી એટલા માટે આપણા રાજયને ડબલ એ રેન્ક મળ્યો છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ. પ્રશ્ન ક્રમાંક-૧૨ શ્રી કુંવરજીભાઈ બાવળીયા (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ હતો કે અત્યારે કુલ ૩૦ટકા સુધી, એનાથી વધારે આપણું કરજ છે. એ ઘટાડીને ૨૦ટકા સુધી લઈ જવા માગીએ છીએ કે કેમ? અને આવતા પાંચ વર્ષનું આયોજન શું છે? અને જે મંત્રીશ્રીએ કહ્યું કોન્સોલીડેટેડ ફંડની અંદર સીંકીંગ ફંડમાં રાખ્યું છે. કેન્દ્રમાં નાણાપંચને જરુરિયાત હોય તો શરતના ભાગરૂપે બીલ લાવ્યા અને બીલ પ્રમાણે રાખવું પડે એમાં કાંઈ નવી વાત નથી પણ ૨૦ટકા સુધી લઈ જવા માગો છો કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : રાખવું પડે પણ રાજય સરકારની આર્થિક સ્થિતિ સારી ન હોય, પગાર ચૂકવવા પૈસા ન હોય, વિકાસના કામો થતા ન હોય તો પછી કયાંથી રાખી શકે?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : કરવું પડે નવું કરતા નથી.(અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : એ ફાઈનાન્શિયલ સ્ટ્રેન્થન થાય. દરેક રાજ્ય ખોટી રીતે પૈસા ન વાપરે એના માટે નિયમો કર્યા છે. નિયમનું ૧૦૦ ટકા પાલન કરીએ છીએ. કરજ કેટલું વધારવું કે ન વધારવું એ પંચવર્ષીય યોજના ન હોઈ શકે. વિકાસનાં કામોની જરૂર પડે. કરજ કરવાની અંદર અચકાવવું ન જોઈએ. ગરીબ માણસને કેમ ઊભો કરવો, ગામડાને કેમ ઊભું કરવું એના માટે કરજ કરવામાં શરમ ન અનુભવવી જોઈએ.

**સિમેન્ટ કંપનીઓ પાસેથી વસૂલ કરવાની બાકી વેચાણવેરાની રકમ**

***૮૦૬ શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) ડિસેમ્બર-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન રાજ્યમાં આવેલ કઈ કઈ મોટી સિમેન્ટ કંપનીઓ પાસે કેટ કેટલો વેચાણવેરો વસૂલવાનો બાકી નીકળે છે અને

(૨) તે વસૂલવા સરકારે શી કાર્યવાહી કરી?

**નાણા મંત્રીશ્રી :**

**(૧) પત્રક**

| **સીમેન્ટ એકમનું નામ** | **તા.૩૧-૧૨-૦૭ ના રોજ બાકી વસૂલાત (રકમ રૂ.લાખમાં)** |
|---|---|
| એલ.એન્ડ ટી. જે.ટી.આઇ. ઓઈલ ફીલ્ડ પ્રોજેક્ટ | ૪.૧૫ |
| બાલારામ સીમેન્ટ | ૧૩૬૩.૦૦ |
| રાધાકિશન સીમેન્ટ | ૨૧૫.૯૬ |
| હનુમાન સીમેન્ટ પ્રા.લીમીટેડ | ૩૭.૦૪ |
| સોમાની સીમેન્ટ કંપની | ૭૭૩.૨૧ |
| મહાકાલી સીમેન્ટ | ૧૫.૨૭ |
| પંચમહાલ સીમેન્ટ કંપની લીમીટેડ | ૧૦૬૨.૭૦ |
| સેવાલિયા સીમેન્ટ વર્ક્સ | ૪૫૩.૩૮ |
| વી.કી. સીમેન્ટ પ્રા.લીમીટેડ | ૪.૮૫ |
| અલ્ટ્રાટેક સીમેન્ટ લીમીટેડ | ૪૨૮૪.૨૯ |
| ગુજરાત અંબુજા સીમેન્ટ લીમીટેડ | ૫૧૪.૧૪ |
| ગુજરાત હાઇટેક ઈન્ક | ૫૦૪.૭૦ |
| ગુજરાત સિધ્ધિ સીમેન્ટ કંપની | ૪૯૭૬.૮૯ |
| કામદાર સીમેન્ટ કંપની | ૧૨૧.૧૮ |
| સોરાષ્ટ્ર સીમેન્ટ લીમીટેડ | ૬૮૯૫.૦૦ |
| એચ.એમ.પી. સીમેન્ટ કંપની | ૪૪૫૯.૧૧ |
| ગુજરાત હિમાલિયા સીમેન્ટ કંપની | ૧૩૧.૮૫ |
| સરદાર સીમેન્ટ પ્રા.લીમીટેડ | ૪૩૫.૬૩ |
| કાંગારૂ સીમેન્ટ પ્રા.લીમીટેડ | ૧૪.૦૨ |
| સુવિધા સીમેન્ટ પ્રા.લીમીટેડ | ૧૮૪.૮૩ |
| ગાયત્રી સીમેન્ટ એન્ડ કેમીકલ | ૩.૭૧ |
| શક્તિ સીમેન્ટ | ૧.૩૫ |
| જ્યુપીટર સીમેન્ટ કંપની | ૬૫૮.૦૦ |
| દ્વારકા સીમેન્ટ | ૫૨.૬૭ |
| જે.કે. સીમેન્ટ પ્રા.લીમીટેડ | ૪.૪૫ |

(૨) શક્ય વસૂલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા અને જમીન મહેસૂલ કાયદા અન્વયે જરૂરી પગલાં લેવામાં આવેલ છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી કુલ ૨૫ સિમેન્ટ કંપનીઓ એવી છે કે જેમની પાસેથી કાં તો વેચાણ વેરાની અથવા તો ગુજરાત મૂલ્ય વર્ધિત વેરાની અથવા મહેસૂલને લગતી ખૂબ મોટી રકમ રાજ્ય સરકારે કંપની પાસેથી વસૂલ કરવાની રહે છે. એમાં એક અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની લિ., બીજી ગુજરાત સિદ્ધિ સિમેન્ટ કંપની, ત્રીજી સૌરાષ્ટ્ર સિમેન્ટ લિમિટેડ અને ચોથી એચ.એમ.પી. સિમેન્ટ કંપની આ ચાર કંપનીઓ પાસેથી ખૂબ મોટી રકમ વસૂલ કરવાની રહે છે. આ ચાર કંપનીઓ પાસે આ રકમ વસૂલ કરવાની કેટલા સમયથી બાકી

છે અને વહેલામાં વહેલી તકે આ કંપનીઓ પાસેથી રકમ વસૂલ કરવા માટે રાજ્ય સરકાર સખ્તાઈથી શું પગલાં ભરવા માગે છે?

**શ્રી વજુભાઈ વાળા** : આ જે એમણે કંપનીઓ કહી અલ્ટ્રાટેક અને ગુજરાત અંબુજા સિમેન્ટ કંપનીની વાત કરી તો એની પાસે પૈસા છે એ બાકી છે, પણ પૈસા ઓવરડયુ નથી. બાકી હોવા અને મુદત વીતી એ બેમાં ફેર છે, એટલા માટે ગુજરાત રાજ્ય ઈન્ડસ્ટ્રિયલ ડેવલોપમેન્ટ માટે થઈને સેલ્સટેક્સની અંદર રાહતો હતી. બે રાહતો હતી. કાં તો ૭ વર્ષ સુધી સેલ્સ ટેક્સ ન ભરવો, અથવા તો સેલ્સ ટેક્સ વસૂલ કરો પછીના ૭ વર્ષે હપ્તા ભરવાની વાત હતી. અલ્ટ્રાટેક અને ગુજરાત અંબુજા સિમેન્ટ એ બંનેના ડિફરમેન્ટના પૈસા ભરવાના છે, એટલે બાકી નથી. એમાં ગુજરાત અંબુજા સિમેન્ટ છે એના ડિફરમેન્ટના રેગ્યુલર પૈસા ભરાય છે. અલ્ટ્રાટેક છે એના ૧-૪-૨૦૧૧ થી ભરવાની વાત છે. એના પૈસા ઓવર ડયુ નથી. બાકી છે. ગુજરાત સિદ્ધિ સિમેન્ટ માટે થઈને જે પૈસા હતા એ ગુજરાત સિદ્ધિ સિમેન્ટની અંદર જે ઈન્ડસ્ટ્રિઝ માંદુ પડે તો કેમ ઊભું કરવું એના માટે થઈને સ્વ. રાજીવ ગાંધી વખતે સીક ઈન્ડસ્ટ્રિઝ કંપની એકટ થયો. એ સીક ઈન્ડસ્ટ્રિઝ કંપની એકટ નીચે બોર્ડની રચના થઈ એને બાઈફર કહેવામાં આવે છે. એના ઉપર અપીલ કરે તો આઈફર થાય. એમાં ગુજરાત સિદ્ધિ સિમેન્ટની અંદર ૧૦૮ કરોડ રૂપિયા બાકી હતા. એમાંથી અત્યારે ૪૯ કરોડ રૂપિયા બાકી રહ્યા છે. ૫૮ કરોડ ભરાઈ ગયા છે. એ આપણા નહિ, પણ આઈફરે રિપૉર્ટ આપ્યો છે. આઈફરે કહ્યું છે કે જે સેન્ટ્રલ ગવર્નમેન્ટનું બોર્ડ છે, એને કહ્યું છે કે આની પાસેથી પૈસા વસૂલ કરો. ૭ વર્ષની અંદર આ પૈસા વસૂલ કરવા એવું કહ્યું છે. એની અંદર દર વર્ષે જેટલી વાર્ષિક રકમ ભરવી જોઈએ, એના કરતા વધુ રકમ ભરે છે અને અંદાજે પચાસેક કરોડ રૂપિયા બાકી છે અને રેગ્યુલર ભરે છે. કોઈ મુદત વિતેલ નથી થઈ એમાં.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : ૨૫ કંપનીઓ પાસેથી વસૂલાત વેચાણ વેરાની બાકી છે. સરકારનો આટલો મોટો સ્ટાફ જમીન મહેસૂલ આપણે સો ટકા વસૂલાત કરીએ છીએ. આ કંપનીના ચૂંટણી પહેલા સિમેન્ટના ભાવ ૧૦૦ રૂપિયા હતા.

**અધ્યક્ષશ્રી** : સીધા પ્રશ્ન ઉપર આવો. કોઈ પ્રીએમ્બલ નહીં. સીધા પ્રશ્ન ઉપર આવો.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : ચૂંટણી પહેલા સિમેન્ટના ભાવ ૧૦૦ રૂપિયા અને ૧૦૫ હતા.

**અધ્યક્ષશ્રી** : બાકી લેણાની વસૂલાત ઉપર આપ પૂછો છો.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ વસૂલાતની બાબતની વાત કરું છું. આપ મને સાંભળો. ચૂંટણી પહેલાં ૧૦૦ રૂપિયા ભાવ હતો. ત્યારબાદ ૨૨૫ રૂપિયા ભાવ થયો. વસૂલાત નહીં કરવા માટે અને આ સિમેન્ટ કંપનીઓને રાહત આપવા માટેનો પ્રશ્ન છે. મારી પાસે માહિતી આવી છે તે પ્રમાણે એક થેલીમાં ૧૦૦ રૂપિયા વધારો કરી આપ્યો. * (xxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxx)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ તમામ શબ્દો રેકર્ડ ઉપરથી કાઢી નાંખવા જોઈએ.

**અધ્યક્ષશ્રી** : રેકર્ડ ઉપરથી કાઢી નાખું છું. આ જાતના આક્ષેપો નહીં. નેકસ્ટ, આ જાતના આક્ષેપો નહી કરો. હું આ રેકર્ડ ઉપરથી કાઢી નાંખુ છું. આપે જવાબ આપવાની કોઈ જરૂર નથી. (અંતરાય) સામાન્ય રીતે નીતીનભાઈ જે બોલાયું છે તેની વાત આપણે કરી લઈએ. નીતિનભાઈ નહીં, નહીં. માનનીય સભ્યશ્રી રામસિંહભાઈએ પૂરક પ્રશ્ન દરમ્યાન જે આક્ષેપો કર્યા છે તે આક્ષેપો કાઢી નાંખું છું. કોઈ સભ્યએ આક્ષેપ કરતાં પહેલાં, પહેલાં મંત્રીશ્રીને નિયમ-૩૭ નીચે જાણ કરવી જોઈએ અને તમે સિનિયર સભ્ય છો. તમારી પાસે આવી કોઈ માહિતી હોય તો તે માહિતી તમારે મંત્રીશ્રીને મોકલી આપવાની હતી. તે મોકલી આપી નથી અને તમે તમારી સભ્ય તરીકેની ફરજ ચૂકયા છો. નેકસ્ટ.

## રાજય સરકારનું જાહેર દેવું અને માથાદીઠ આવક

*** ૮૯ શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ (સાવલી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) તા.૩૧ ડીસેમ્બર-૨૦૦૭ની સ્થિતિએ રાજય સરકારનું જાહેર દેવું કેટલું છે, આ દેવા સામે રાજયની માથાદીઠ આવક કેટલી અને માથાદીઠ દેવું કેટલું, અને

(૨) આ જાહેર દેવા સામે રાજય સરકારે છેલ્લા એક નાણાકીય વર્ષમાં તા.૩૧-૧૨-૦૭ સુધીમાં તે અન્વયે કેટલું વ્યાજ ચૂકવ્યું અને કેટલી મુદ્દલ રકમ ચૂકવી?

**નાણા મંત્રીશ્રી :**

(૧) અને (૨)

| તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ | |
|---|---|
| રાજયનું જાહેર દેવું | અંદાજે રૂા.૭૪૬૪૭.૧૮ કરોડ |
| માથાદીઠ દેવું | રૂા.૧૩,૨૫૯ |
| માથાદીઠ આવક | માથાદીઠ આવકની ગણતરી નાણાકીય વર્ષના સંદર્ભમાં |

* (xxxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

| | |
|---|---|
| | કરવામાં આવે છે. તા.૩૧-૧૨-૦૭ એ નાણાકીય વર્ષનો ભાગ છે. જેથી માથાદીઠ આવકની ગણતરી વર્ષાન્તે કરી શકાય. |
| વ્યાજ | અંદાજે રૂા.૪૯૪૧.૯૧ કરોડ |
| મુદ્દલ | અંદાજે રૂા.૧૦૮૬.૩૭ કરોડ |

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં જણાવ્યા પ્રમાણે રાજય સરકારનું દેવું રૂા.૭૪૬૪૭.૧૮ કરોડ બતાવ્યું છે. મુદ્દલ છે તે ૧૦૮૬.૩૭ કરોડ છે. જયારે વ્યાજની રકમ ચૂકવી છે તે ૪૯૪૧.૯૧ કરોડ છે. તો તેનો મતલબ એવો થયો કે આપણે લોન લીધી છે તેનું વ્યાજ વધારે ચૂકવ્યું છે. મુદ્દલ ઓછું ચૂકવ્યું છે. તો હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ જે દેવું દિવસે દિવસે વધતું જાય છે તો દેવું ઓછું કરવા સરકાર જે હવાઈ મુસાફરીઓ કરે છે.....

**અધ્યક્ષશ્રી** : નહીં નહીં, સીધો પ્રશ્ન જ પૂછો..

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે કહયું તેનો હાર્દ એ છે કે મુદ્દલ ઓછું ચૂકવ્યું છે અને વ્યાજ વધુ ચૂકવ્યું છે. એ છે એ મારા વખતનું નથી. આ વારસામાં મળેલી વાત છે. ભાઈ આ તમારા વખતનું છે. તમે બેસો અર્જુનભાઈ. ખુમાનસિંહભાઈ તમારા વખતનું છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર, ઓર્ડર

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે ખુમાનસિંહ ભાઈ આપણે જે લોન મળે તે કોઈપણ લોન તે પાંચ વર્ષના ગાળા માટે મળે તો તેની અંદર લગભગ વ્યાજ અને મુદ્દલ તે રીતે ભરપાઈ કરીએ છીએ. પરંતુ જયારે વીસ વીસ વર્ષના લાંબા ગાળાની લોન મળે ત્યારે કાં તો મુદલ અથવા વ્યાજ બે ભેગુ થઈને ભરવું પડે. જેથી કરીને આપણે કોઈ ઓવરડયુ રહે નહીં. આ લોજ જે આપણને નેશનલ સેવિંગ્સ સ્કીમની મળે, વર્લ્ડ બેંકની મળે, કેન્દ્રની લોન મળે તે બધી લોનો લાંબા ગાળાની મળે છે. પણ આપણી માથે કરજ ત્યારે વધે તમે કહો છો તે રીતે મુદ્દલ ઓછુ ભરપાઈ થાય અને વ્યાજ ન ભરાય. જો આપણે વ્યાજ ન ભરીએ તો આપણને મુસીબત થાય. પણ મુદ્દલ અને વ્યાજ ભરતા જઈએ તો પછી વ્યાજ ઓછું થાય. આમાં જે સિસ્ટમ છે તે ઓલ ઓવર ઈન્ડિયાની અંદર તમામ રાજયોમાં એકસરખી હોય છે. આપણે ત્યાં કોઈ નવી સિસ્ટમ નથી. આ જે સિસ્ટમ છે તે કેન્દ્ર સરકારે આપણને લોન આપતી પહેલાં નકકી કરેલી હોય છે અને તેનું આપણે પાલન કરીએ છીએ.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, આપ તો ૧૩ વર્ષથી બજેટ રજૂ કરો છો. અને વારસામાં, વારસામાં , વારસામાં...

**શ્રી વજુભાઈ વાળા** : આ બધું વારસામાં મળ્યું છે.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : પણ કયાં સુધી વારસામાં ?

**શ્રી વજુભાઈ વાળા** : વારસામાં એટલા માટે કહું છું કે, આ કરજ તો બધાને વારસામાં મળે પણ કરજની જે પદ્ધતિ છેને, આ જ વારસામાં મળ્યું છે કે મુદ્દલ ઓછી હોય અને વ્યાજ વધુ હોય, ગમે એમાં જોજો, આખા હિન્દુસ્તાનની સિસ્ટમ છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, આપના નેતાશ્રી ઊભા છે એટલે એમને પ્રશ્ન પૂછવા દો. અર્જુનભાઈ, આપની સ્થિતિ તો ગાંગુલી જેવી છે, એ નેતા છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના પાસેથી અમુક કોમેન્ટો અપેક્ષિત નથી.

**અધ્યક્ષશ્રી** : આપ ઊભા હોવ ત્યારે એમને ઊભા ન રહેવું જોઈએ, વાસ્તવિકતાથી કહું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, વારસામાં, એટલે કે ૧૯૯૫માં કેટલું રાજય ઉપર દેવું હતું, મારો બીજો પ્રશ્ન એ છે કે, ૧૯૯૫ પછી ૨૦૦૧માં કેટલું દેવું હતું. માનનીય અધ્યક્ષશ્રી, આ પાટલી ઉપર, આપ એ વાતના સાક્ષી છો કે ૧૯૯૪માં નાણા ખાતું મારી પાસે હતું...

**અધ્યક્ષશ્રી** : માનનીય વિરોધપક્ષના નેતાશ્રી મને સંબોધીને વાત કરી શકો છો પણ મને વચ્ચે રાખીને વાત ન થાય.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીને વચ્ચે રાખ્યા વગર કહું છું કે, માનનીય વજુભાઈ સહિત, ભારતીય જનતા પક્ષ આ તરફ બેસતો હતો ત્યારે નાણા મંત્રી, રાજ્યકક્ષા તરીકે હું ત્યાં કામ કરતો હતો ત્યારે બહારનું દેવું થોડું પણ વધ્યું તો દેવાળિયું રાજય થઈ ગયું છે, એવું કહેનાર આજે એમ કહે છે કે, દેવું તો જેનામાં તાકાત હોય એને મળે, દેવું હોય તો સારું છે. ત્યારે હું જાણવા માગું છું કે, ૧૯૯૦માં, ૧૯૯૫માં, ૨૦૦૧માં, આ ત્રણ સાલમાં કેટલું દેવું હતું?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે સવાલ છે એના માટે જુંદું જોઈએ, અને આપ તો નાણા મંત્રીશ્રી તરીકે રહી ચૂક્યા છો અને તમને જે વસ્તુની ખબર હોય કે ૧૯૯૨-૯૩માં કેટલું હતું. આ સવાલ સ્પષ્ટ છે. (અંતરાય) કઈ કઈ સાલમાં કેટલું છે એ તો આપણને જે બુક આપી છે એની અંદર દરેક વખતે આવતું હોય છે,

પણ આજે એ સવાલ નથી. (અંતરાય) છતાં માનનીય અધ્યક્ષશ્રી, એમનો કહેવાનો ભાવાર્થ એ છે કે, એમના વખતમાં, કોંગ્રેસના વખતમાં દેવું ઓછું હતું અને ભાજપના વખતમાં વધારે છે, આ આંકડા કહું છું. એ વખતે ઓછું હતું, અરે, ઓછું હતું પણ દેવું કરવા માટે થઈને, જેમને રિપેઈંગ કેપેસીટી હોયને એને દેવું આપે, એ વખતે રિપેઈંગની ત્રેવડ નહોતી, અને આપને જોઈતું હોય તો ટેબલ ઉપર, પૂરેપૂરું ૧૯૬૦ થી માંડીને અત્યાર સુધી દેવું હોયને એ તો ટેબલ ઉપર (અંતરાય) અને આ તો સરકારના આંકડા છે એ આપવા માટે તૈયાર છીએ. પણ માનનીય અધ્યક્ષશ્રી, એમનો કહેવાનો ભાવાર્થ એ છે કે એમના વખતમાં દેવું ઓછું હતું અને અત્યારે વધારે છે પણ આ જે દેવું છેને, એ તો વિકાસના કામો માટે થઈને આપે છે, નહીં કે કોઈને એ કરવા માટે, અને એટલા માટે કહું છું કે, ગુજરાત રાજય એ પૂરાંતવાળું રાજય થયું છે, મહેસૂલી આવક કરતાં મહેસૂલી ખર્ચ ઓછું છે, અને એટલા માટે પૂરાંતવાળું રાજય છે, અને પૂરાંતવાળું રાજય હોય એટલે એને દેવું કરવાની પરવાનગી કેન્દ્ર સરકાર આપે છે, બીજા કોઈને દેવું કરવાની પરવાનગી આપતા નથી. આ જે મળે છેને એમાં કોઈ ખોટું નથી કર્યુ, અને અમે અત્યારે એકેએક વ્યાજના પૂરેપૂરા પૈસા ભરીએ છીએ. લોનના પણ પૈસા પૂરેપૂરા ભરીએ છીએ, અમારા માથે કોઈનો એક પણ પૈસો ચડત નથી અને ડબલ 'એ' રૅન્કનું સ્ટેટસ આ રાજય ધરાવે છે, આથી બીજું વિશેષ શું હોઈ શકે? આનાથી નાણાકીય સ્થિતિ સદ્ધર બીજી શું હોઈ શકે? અને દેવું છે એ તો અમે સ્વીકારીએ છીએ, તમને લખીને આપીએ છીએ.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### સીમેન્ટ કંપનીઓ પાસેથી વેચાણવેરાની બાકી વસુલાત

૧૩૫ **શ્રી સિદ્ધાર્થ ચી.પટેલ (ડભોઇ)** : તા.૫-૩-૦૭ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંક્તિ પ્રશ્ન ક્રમાંકઃ૧૯૦૯૩ (અગ્રતાક્રમ-૬૭)ના અનુસંધાને **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૬ના રોજ રાજ્યની સીમેન્ટ કંપનીઓ દ્વારા વેચાણવેરા પેટે અંદાજે ૩૨,૪૨૮.૩૩ કરોડની રકમ વસુલ કરવાની બાકી છે તે હકીક્ત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ કેટલી રકમ સીમેન્ટ કંપનીઓ પાસેથી વસુલવાની બાકી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ બાકી રકમ વસુલ કરવા કંપનીઓ સામે સખ્તાઈભર્યા પગલાં ભરવા માંગે છે કે કેમ ? | (૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ગુજરાત મૂલ્યવર્ધિતવેરા અધિનિયમ અને જમીન મહેસૂલ અધિનિયમ અન્વયે જરૂરી પગલાં લેવામાં આવે છે. |

------------

### રાજ્ય સરકારનું જાહેર દેવું અને વ્યાજ

૨૭ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧ ડીસેમ્બર-૨૦૦૭ની સ્થિતિએ રાજ્ય સરકારનું જાહેર દેવું કેટલું છે, અને | (૧) અંદાજે રૂા. ૭૪૬૪૭.૧૮ કરોડ |
| (૨) આ દેવા ઉપર કેટલું વ્યાજ છેલ્લા એક નાણાકીય વર્ષમાં તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં ચુકવાયું ? | (૨) નાણાકીય વર્ષ ૨૦૦૭-૦૮માં તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં અંદાજે રૂપિયા ૪૯૪૧.૯૧ કરોડ ચુકવાયું. |

------------

### નાણાપંચ દ્વારા રાજ્ય સરકારને ફાળવેલ રકમ તેમજ ખર્ચ

૬૬૯ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સન ૨૦૦૫-૨૦૦૬ અને ૨૦૦૬-૨૦૦૭ ના વર્ષમાં કેન્દ્રીય નાણા પંચ દ્વારા ભલામણ કર્યા મુજબ | (૧) કેન્દ્ર સરકાર તરફથી નીચે મુજબ વર્ષવાર રકમ મળેલ છે. |

| | | |
|---|---|---|
| કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને વર્ષવાર કેટલી રકમ મળી, અને | | (રૂા.કરોડમાં) |
| | ૨૦૦૫-૨૦૦૬ | ૩૬૪.૪૦ |
| | ૨૦૦૬-૨૦૦૭ | ૬૭૨.૦૬ |
| (૨) ફાળવેલ રકમ રાજ્ય સરકારે તારીખ ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં કેટલી અને ક્યા હેડે ખર્ચ કરી ? | (૨) સામેલ પત્રક "અ" મુજબ. | |

**પ ત્ર ક - અ**

કેન્દ્રીય નાણા પંચની ભલામણ અનુસાર કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને સને ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ દરમ્યાન મળેલ રકમની તેમજ તેમાંથી કરાયેલ ખર્ચની વિગતો.

(રૂા.કરોડમાં)

| ક્રમ | વિભાગનું નામ અને યોજનાનું નામ | સને ૨૦૦૫-૦૬ | સને ૨૦૦૬-૦૭ | વિભાગના ખર્ચનું મુખ્ય સદર | કુલ થયેલ ખર્ચ |
|---|---|---|---|---|---|
| ૧. | મહેસૂલ વિભાગ<br>કુદરતી આપત્તી રાહત ફંડ | ૧૮૪.૫૦ | ૨૪૬.૮૬ | ૨૨૪૫ | ૧૨૨૯.૫૩* |
| ૨. | નર્મદા, જળસંપત્તિ પા.પુ. અને કલ્પસર વિભાગ.<br>રાજ્યની ખાસ જરૂરિયાત | - | ૫૦.૦૦ | ૪૭૦૧ | ૪૬.૧૩ |
| ૩. | પંચાયત ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ<br>પંચાયતી રાજ સંસ્થાઓ માટે | ૯૩.૧૦ | ૧૮૬.૨૦ | ૨૫૧૫ | ૨૭૯.૩૦ |
| ૪. | રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ<br>હેરીટેજ કન્ઝર્વેશન | - | ૬.૨૫ | ૨૨૦૫ | ૩.૪૪ |
| ૫. | વન અને પર્યાવરણ વિભાગ<br>વનોની જાળવણી | ૪.૦૦ | ૪.૦૦ | ૪૪૦૬ | ૭.૯૮ |
| ૬. | માર્ગ અને મકાન વિભાગ<br>(૧) માર્ગ અને પુલોની જાળવણી.<br>(૨) મકાનોની જાળવણી. | <br>-<br>- | <br>૧૧૧.૯૦<br>૨૫.૪૫ | <br>૩૦૫૪<br>૨૦૫૯ | <br>૧૮૦.૧૦<br>૨૫.૪૫ |
| ૭. | શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ<br>શહેરી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ | ૮૨.૮૦ | ૪૧.૪૦ | ૨૨૧૭ | ૧૨૪.૨૦ |
| | સરવાળો : | ૩૬૪.૪૦ | ૬૭૨.૦૬ | - | ૧૮૯૬.૧૩ |

* કુદરતી આપત્તી રાહત ફંડમાં દર્શાવેલ ખર્ચની રકમમાં રાજ્ય સરકારે ફાળવેલ રકમનો પણ સમાવેશ કરેલ છે.

------------

**વ્યારા તાલુકામાં રમતગમત પ્રવૃત્તિઓ પાછળ કરેલ ખર્ચ**

૨૩૨**શ્રી પુનાભાઈ ઘે. ગામીત(વ્યારા) : માનનીય રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વ્યારા તાલુકામાં છેલ્લા એક વર્ષમાં તારીખ ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ કઈ કઈ રમતગમત પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

વ્યારા તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ રમતગમત પાછળ થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | રમતનું નામ | થયેલ ખર્ચ (રૂપિયામાં) | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | કુલ |
| ૧ | તાલુકા કક્ષા<br>કબડ્ડી, ખો-ખો, વોલીબોલ, એથ્લેટીક્સ | ૧,૮૦૦ | ૧,૮૦૦ | ૩,૬૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| | બાળ કબડ્ડી, ખો-ખો, વોલીબોલ, એથ્લેટીક્સ | | | ૦ |
| ૩ | જિલ્લા કક્ષા મહિલા કબડ્ડી, ખો-ખો, લોન ટેનીસ | ૧,૦૦૦ | ૧,૨૦૦ | ૨,૨૦૦ |
| ૪ | જિલ્લા કક્ષા શાળાકીય ખો-ખો, લોન ટેનીસ | - | ૩,૨૦૦ | ૩,૨૦૦ |
| ૫ | જિલ્લા કક્ષા બાળ ટેબલ ટેનીસ, લોન ટેનીસ | - | ૩,૬૦૦ | ૩,૬૦૦ |
| | કુલ : | ૪,૬૦૦ | ૧૧,૬૦૦ | ૧૬,૨૦૦ |

------------

## કચ્છ જિલ્લાના ઓદ્યોગિક એકમોમાં શ્રમિકોના અકસ્માતે મૃત્યુના બનાવો

૮૧૨**શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં ઓદ્યોગિક એકમોમાં કામ કરતાં શ્રમિકોના અકસ્માતને કારણે અપમૃત્યુ થયા છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો લખપત, નખત્રાણા, મુન્દ્રા, ભૂજ, અંજાર, ગાંધીધામ અને ભચાઉ તાલુકાના ક્યારે ક્યારે આવા અપમૃત્યુના બનાવો બન્યા અને કેટલા કામદારોના મૃત્યુ નોંધાયા, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) પત્રક-(ક) મુજબ.

**પ ત્ર ક - ક**

| ક્રમ | તાલુકાનું | અપમૃત્યુના | બનાવની | મૃત્યુની |
|---|---|---|---|---|
| ૧ | લખપત | ૨૩-૩-૦૭ | ૧ | ૧ |
| ૨ | નખત્રાણા | - | - | - |
| ૩ | મુન્દ્રા | ૨૩-૧-૦૭ | ૧ | ૧ |
| | | ૨-૨-૦૭ | ૧ | ૧ |
| | | ૩૦-૪-૦૭ | ૧ | ૧ |
| | | ૨૪-૫-૦૭ | ૧ | ૧ |
| | | ૩૧-૫-૦૭ | ૧ | ૧ |
| | | ૧૩-૬-૦૭ | ૧ | ૧ |
| | | ૧૪-૭-૦૭ | ૧ | ૧ |
| | | ૨૬-૭-૦૭ | ૧ | ૧ |
| | | ૨-૮-૦૭ | ૧ | ૧ |
| | | ૭-૯-૦૭ | ૧ | ૧ |
| | | ૧૪-૧૦-૦૭ | ૧ | ૧ |
| | | ૨૫-૧૦-૦૭ | ૧ | ૧ |
| | | ૨૭-૧૦-૦૭ | ૧ | ૧ |
| | | ૭-૧૧-૦૭ | ૧ | ૧ |
| ૪ | ભૂજ | ૧૪-૨-૦૭ | ૧ | ૧ |
| ૫ | અંજાર | ૨૪-૧-૦૭ | ૧ | ૧ |
| | | ૨૮-૫-૦૭ | ૧ | ૧ |

| | | | | |
|---|---|---|---|---|
| | | ૨૮-૫-૦૭ | ૧ | ૧ |
| | | ૨૯-૬-૦૭ | ૧ | ૧ |
| | | ૩૧-૭-૦૭ | ૧ | ૨ |
| | | ૧૧-૮-૦૭ | ૧ | ૧ |
| | | ૧૧-૯-૦૭ | ૧ | ૧ |
| | | ૧૪-૧૧-૦૭ | ૧ | ૧ |
| | | ૧૬-૧૧-૦૭ | ૧ | ૧ |
| | | ૨૧-૧૨-૦૭ | ૧ | ૧ |
| ૬ | ગાંધીધામ | ૧૪-૪-૦૭ | ૧ | ૧ |
| | | ૧૭-૭-૦૭ | ૧ | ૧ |
| | | ૨૧-૧૧-૦૭ | ૧ | ૧ |
| ૭ | ભચાઉ | ૨૬-૧૨-૦૬ | ૧ | ૧ |
| | | ૩-૨-૦૭ | ૧ | ૧ |
| | | ૫-૬-૦૭ | ૧ | ૧ |
| | | ૨-૧૨-૦૭ | ૧ | ૧ |
| | | કુલ : | ૩૨ | ૩૩ |

(૩) આવા અકસ્માત કે બેદરકારી બદલ કોની કોની સામે કઈ કઈ કાર્યવાહી થઇ ?

(૩) આવા અકસ્માત કે બેદરકારી બદલ ક્સુરવાર કારખાનાના માલિક/મેનેજર સામે કોર્ટમાં કેસ કરવામાં આવેલ છે. (પત્રક-ખ મુજબ).

**પ ત્ર ક - ખ**

કારખાનાના માલિક કે મેનેજર સામે કોર્ટમાં નીચે પ્રમાણેના કેસ કરવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકો | કોર્ટમાં કાર્યવાહી ચાલુ છે તેવા કેસોની સંખ્યા | દંડ કરવામાં આવેલ છે તેવા કેસોની સંખ્યા | કારખાના ધારા હેઠળ કોઇ ગુનો બનતો ન હોય તેવા કેસો |
|---|---|---|---|---|
| ૧ | લખપત | ૧ | - | - |
| ૨ | નખત્રાણા | - | - | - |
| ૩ | મુન્દ્રા | ૭ | ૧ | ૬ |
| ૪ | ભુજ | ૧ | - | - |
| ૫ | અંજાર | ૬ | ૧ | ૨ |
| ૬ | ગાંધીધામ | ૧ | ૧ | ૧ |
| ૭ | ભચાઉ | ૪ | - | - |
| | કુલ : | ૨૦ | ૩ | ૯ |

------------

**એક કરોડથી વધુ બાકી વેચાણવેરાના એકમો**

૩૦૨**શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં એક કરોડ કે તેથી વધુ રકમ વેચાણવેરા પેટે બાકી હોય તેવા ક્યા ક્યા ઉદ્યોગો તા.૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ છે, તેમની પાસેથી કેટલી રકમ વસુલ કરવાની થાય છે, અને

**જવાબ**

(૧) રાજ્યમાં એક કરોડ કે તેથી વધુ વેચાણવેરાની રકમ તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ બાકી હોય તેવા ટેક્ષટાઈલ, ઓઈલ, સ્ટીલ, પેઈન્ટસ, કેમીકલ્સ, પેપર, સિન્થેટીક્સ ખાતર, ફાર્માસ્યુટીકલ્સ વગેરે ઉદ્યોગોના કુલ-૪૨૬ એકમો પાસેથી રૂા.૪૯૦૯.૨૬ કરોડની રકમ વસુલ કરવાની થાય છે.

(૨) બાકી રહેલ વેચાણવેરાની રકમ વસુલ કરવા ક્યા ક્યા ઉદ્યોગો સામે શી કાર્યવાહી કરી, તે અન્વયે કેટલી રકમ વસુલ કરવામાં આવી ?

(૨) શક્ય તેટલા વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા, કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા, તેમજ જમીન મહેસૂલ કાયદા હેઠળ વસુલાતનાં પગલાં લેવામાં આવેલ છે અને તે અન્વયે રૂા.૩૮૫.૩૪ કરોડની રકમ વસુલ કરવામાં આવેલ છે.

------------

**જામનગર જિલ્લામાં બેરોજગારોને નોકરી અંગે**

૪૬૦ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ના નાણાકીય વર્ષમાં તા.૩૧-૧-૨૦૦૮ સુધીમાં જામનગર જિલ્લામાં કેટલા બેરોજગારોની સંખ્યા નોંધાયેલ છે, અને

(૨) આ નોંધાયેલ બેરોજગારોને સરકાર દ્વારા નોકરી આપવા અંગે કોઇ આયોજન છે કે કેમ ?

**જવાબ**

(૧) ૨૦૦૬-૦૭ ૭૬૭૮
૨૦૦૭-૦૮ ૬૯૬૦

(૨) ઓદ્યોગિક ભરતી મેળાઓ, લશ્કરી મેળાઓ, સ્વરોજગાર શિબિરો, શાળા-કોલેજોમાં કેરીયર કોર્નરના વર્ગો ચલાવવામાં આવે છે.

------------

**દાહોદ જિલ્લામાં શિક્ષિત બેરોજગારોને રોજગારી**

૧૨ **શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લા રોજગાર કચેરીમાં છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ કુલ કેટલા શિક્ષિત બેરોજગારોની નવીન નોંધણી કરવામાં આવી, અને

(૨) તે પેકી કેટલા શિક્ષિત બેરોજગારોને રોજગારી પૂરી પાડવામાં આવી ?

**જવાબ**

(૧) ૮૭૦૭

(૨) ૧૮૯૧

------------

**ખાનગી ફાર્માસીસ્ટ અને તકનીકી કોલેજોના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવા અંગે**

૩૬૮**શ્રી ભાવસિંહ રાઠોડ (સમી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર ખાનગી ફાર્માસીસ્ટ અને તકનીકી કોલેજોમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ અને બક્ષીપંચ જાતિના વિદ્યાર્થીઓને શિક્ષણ ફી અને સ્કોલરશીપ આપવા વિચારણા કરે છે એ હકીકત સાચી છે,

**જવાબ**

(૧)

| અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે | વિકસતી જાતિ કલ્યાણના વિદ્યાર્થીઓ માટે |
|---|---|
| રૂા.૧.૦૦ લાખની વાર્ષિક આવકની મર્યાદામાં આવતા પ્રોફેશનલ કોર્સ માટે પેમેન્ટ સીટ સિવાયના વિદ્યાર્થીઓ માટે ભારત સરકારની પોષ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અમલમાં છે જ્યારે રૂા.૧.૦૦ લાખથી વધુ આવક ધરાવતા વાલીઓની કન્યાઓને રાજ્ય સરકારની યોજના હેઠળ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. | શિષ્યવૃત્તિ આપવાની યોજના અમલમાં છે, જે હેઠળ ગ્રાન્ટ-ઈન-એઈડ સંસ્થામાં ભણતાં વિદ્યાર્થીને ભારત સરકારની યોજના હેઠળ રૂા.૪૪,૫૦૦ની વાર્ષિક આવક મર્યાદા હોય તો શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. રાજ્ય સરકારની યોજના હેઠળ રૂા.૧૮,૦૦૦ની વાર્ષિક આવક મર્યાદા હોય તો પૂરી શિષ્યવૃત્તિ આપવામાં આવે છે અને રૂા.૧૮,૦૦૦ થી રૂા.૨૪,૦૦૦ના વાર્ષિક |

| | |
|---|---|
| | આવક મર્યાદાના કિસ્સામાં અડધા દરે શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. રાજ્ય સરકારની યોજના હેઠળ કન્યાઓ માટે આવક મર્યાદાનું ધોરણ નથી. |

(૨) જો હા, તો આ બાબતની માંગણીઓ કોના તરફથી સરકારને મળી છે, અને

(૩) માંગણીઓનો અમલ ક્યા શૈક્ષણિક વર્ષથી શરૂ કરવામાં આવશે ?

(૨) અને (૩) : ઉપર ખંડ (૧) ની વિગતો જોતાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**રાજ્ય સરકારનું દેવું અને વ્યાજ**

૪૩૪**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ રાજ્યનું કુલ દેવું છેલ્લા ત્રણ વર્ષોમાં સતત વધતું રહ્યુ છે તે હકીકત સાચી છે;

(૨) જો હા, તો નાણાકીય શિસ્ત જાળવવાની કબુલાત તેમજ વધુ વ્યાજ દરની લોનો ચુકવી સસ્તા વ્યાજનું કરજ લેવા છતાં વ્યાજનું ખર્ચ વધતું જાય છે, તે હકીકત સાચી છે, અને

(૩) જો ના, તો તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ કેન્દ્ર સરકારનું કરજ અને આંતરિક કરજની વર્ષવાર વિગત તેમજ સંબંધિત વર્ષોમાં ચુકવેલ વ્યાજ ખર્ચની વિગત શી છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) રૂા. કરોડમાં

| | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ | તા. ૩૧-૧૨-૦૭ સુધી |
|---|---|---|---|
| આંતરિક દેવું | ૫૫૪૦૨.૭૫ | ૬૧૧૯૫.૩૦ | ૬૩૫૭૨.૬૩ |
| કેન્દ્ર સરકારનું દેવું | ૧૧૫૨૩.૦૮ | ૧૦૯૫૮.૭૦ | ૧૧૦૭૪.૫૪ |
| કુલ જાહેર દેવું | ૬૬૯૨૫.૮૩ | ૭૨૧૫૪.૦૦ | ૭૪૬૪૭.૧૭ |
| જાહેર દેવાનું કુલ વ્યાજ | ૫૪૫૨.૧૦ | ૬૧૮૩.૪૮ | ૪૯૪૧.૯૧ |

------------

**કચ્છ જિલ્લામાં પરંપરાગત કામગીરી કરતી મહિલાઓના ઉત્કર્ષ માટે કરેલ ખર્ચ**

૮૧૫ **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મુંદ્રા, અંજાર, ભૂજ અને નખત્રાણા તાલુકાઓમાં ગ્રામ્ય અનુસૂચિત જાતિના કારીગરો અને પરંપરાગત કામગીરી કરતી મહિલાઓના ઉત્કર્ષ માટે સન ૨૦૦૭-૦૮ના વર્ષમાં તા. ૩૧-૧-૦૮ સુધીમાં સરકારે શાં પગલાં લીધા છે, અને

(૨) આ ઉત્કર્ષ માટે સરકારે કેટલો ખર્ચ કરેલ છે ?

**જવાબ**

(૧) બેન્કેબલ યોજના એન. એસ. એફ. ડી. સી. નવી દિલ્હી સહાયીત સીધા ધિરાણની યોજના અને માનવ ગરીમા યોજના હેઠળ ધિરાણ/સહાય આપવામાં આવેલ છે.

(૨) આ સમય દરમ્યાન રૂા. ૫૯.૦૧ લાખનો ખર્ચ કરેલ છે.

----------

**ભરૂચ જિલ્લા રોજગાર કચેરીમાં નોંધાયેલ બેરોજગારોને રોજગારી અંગે**

૨૬૮**શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

**જવાબ**

| | |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લાની રોજગાર કચેરીમાં કેટલા બેરોજગાર ઉમેદવારની નોંધણી થયેલ છે, | (૧) ૪૬૯૧૬ |
| (૨) આ પૈકી સરકારી નોકરી માટે કેટલા ઉમેદવારોની ભલામણ કરવામાં આવેલ, અને | (૨) ૩૬૧ |
| (૩) કેટલા ઉમેદવારોને સરકારી નોકરી આપવામાં આવી ? | (૩) ૭૨ |

-----------

**રાજ્યમાં અનામત વર્ગોના બેકલોગની જગ્યાઓ ભરવા અંગે**

૩૭૩ ડૉ. **અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અનામત વર્ગોની બેકલોગની જગ્યાઓ ભરવા માટે હાઈકોર્ટે સરકારને છેલ્લે ક્યારે આદેશ આપેલ હતા, | (૧) અનામત વર્ગોની બેકલોગની જગ્યાઓ ભરવા સંદર્ભે શ્રી ઉપેન્દ્રરાય એસ. બ્રહ્મભટ્ટ દ્વારા દાખલ થયેલ સ્પે. સીવીલ એપ્લીકેશન નંબર- ૧૬૪૭/૧૯૯૮માં નામદાર ગુજરાત હાઈકોર્ટે તા. ૭-૭-૯૮ ના રોજ આદેશ આપેલ છે. |
| (૨) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ વર્ગ પ્રમાણે કેટલી જગ્યાઓ ભરવામાં આવી, | (૨) વર્ગ-૧ ૨૧૯<br>વર્ગ-૨ ૬૪<br>વર્ગ-૩ ૫૯૧૪<br>વર્ગ-૪ ૧૨૭૪<br>કુલ : ૭૪૭૧ જગ્યાઓ<br>તા. ૩૧-૦૧-૨૦૦૮ની સ્થિતિએ ભરવામાં આવી. |
| (૩) બેકલોગની જગ્યાઓ ભરવા માટે સરકારનું શું આયોજન છે, અને | (૩) મા. મંત્રીશ્રી, સા.ન્યા. અને અધિકારીતા વિભાગના અધ્યક્ષપદે સમીક્ષા બેઠકો યોજીને તથા સચિવશ્રીઓની બેઠકમાં આ બાબત ચર્ચામાં લઈને તમામ વિભાગોને બેકલોગની જગ્યાઓ ભરવા સૂચના આપવામાં આવે છે. |
| (૪) ક્યાં સુધી આ જગ્યાઓ ભરવા માંગે છે ? | (૪) શક્ય તેટલા વહેલા |

-----------

**પંચમહાલ જિલ્લાના શહેરા અને લુણાવાડા તાલુકામાં પછાતવર્ગોની છાત્રાલયોમાં મળેલ ક્ષતિઓ**

૮૦૯ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં શહેરા અને લુણાવાડા તાલુકામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની તેમજ અનુસૂચિત જાતિના કેટલા છાત્રાલયો ક્યા ક્યા ટ્રસ્ટો દ્વારા ચાલે છે, | (૧) (અ) સામેલ પત્રક-૧ મુજબ.<br>(બ) સામેલ પત્રક-૨ મુજબ. |

**પત્રક-૧**

**સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના છાત્રાલયો**

| અ. નં. | ટ્રસ્ટનું નામ | છાત્રાલયની સંખ્યા |
|---|---|---|
| ૧ | **<u>શહેરા તાલુકો</u>**<br>સર્વોદય કેળવણી મંડળ, પાંડવા, તા. લુણાવાડા, જિ. પંચમહાલ. | ૧ |
| ૨ | પંચમહાલ જિલ્લા બક્ષી વિકાસ મંડળ, મુ.સાંપા, તા. ગોધરા, જિ. પંચમહાલ | ૨ |
| ૩ | ત્રિમૂર્તિ વિકાસ ટ્રસ્ટ, ગજેસિંહના મુવાડા, તા. બાલાસિનોર, જિ. | ૧ |

| | | |
|---|---|---|
| | ખેડા. | |
| ૪ | કલ્પતરૂ વિકાસ મંડળ, દલવાડા, તા. શહેરા જિ. પંચમહાલ. | ૨ |
| ૫ | ગૃપ ગ્રામ વિકાસ મંડળ, મુ.દલવાડા, તા. શહેરા, જિ. પંચમહાલ | ૧ |
| ૬ | ગોપાલક વિકાસ મંડળ, ક્વાલી, તા. શહેરા, જિ. પંચમહાલ. | ૧ |
| ૧ | **<u>લુણાવાડા તાલુકો</u>** સર્વોદય કેળવણી મંડળ, મુ. દલવાઈ સાવલી,તા. લુણાવાડા, જિ. પંચમહાલ | ૧ |
| ૨ | પંચમહાલ જિલ્લા બક્ષી વિકાસ મંડળ, મુ. છ.બા.મુવાડા, તા. લુણાવાડા, જિ. પંચમહાલ | ૧ |
| ૩ | પંચમહાલ જીલ્લા મહિલા વિકાસ સંઘ, ગોધરા | ૧ |
| ૪ | હરિઓમ એજ્યુ. ટ્રસ્ટ, તલાટીની ખડકી, બાલાસિનોર, જિ. ખેડા | ૧ |
| ૫ | નવાગામ ગ્રામ્ય વિકાસ મંડળ, નવાગામ, તા.લુણાવાડા, જિ. પંચમહાલ. | ૨ |
| ૬ | નવજીવન યુવક મંડળ, મુ.કેવડીયા, તા. ગોધરા, જી. પંચમહાલ. | ૧ |
| ૭ | નવરત્ન ગ્રામ વિકાસ એજ્યુ.ટ્રસ્ટ, મુ.લકડીપોયડા, તા. લુણાવાડા, જિ. પંચમહાલ | ૩ |
| ૮ | જન કલ્યાણ કેળવણી મંડળ, આંબલીયાત, તા.સંતરામપુર, જિ. પંચમહાલ. | ૧ |
| ૯ | જય સંતોષીમાં પ્રગતિ ટ્રસ્ટ, થાણાસાવલી, તા.લુણાવાડા, જિ. પંચમહાલ. | ૧ |
| ૧૦ | જય ખોડીયારયુવક મંડળ, ઉટડી, તા.લુણાવાડા, જિ. પંચમહાલ | ૧ |
| ૧૧ | વણકર પ્રગતિ મંડળ, મુ.ખારોલ, તા. લુણાવાડા, જિ. પંચમહાલ | ૧ |
| ૧૨ | શિવશક્તિ એજ્યુકેશન ટ્રસ્ટ, ઉટડી, તા. લુણાવાડા, જિ. પંચમહાલ | ૧ |
| ૧૩ | કરૂણાનીકેતન એજ્યુ. સોસાયટી, ખેમપુર, તા. લુણાવાડા, જિ. પંચમહાલ | ૨ |
| ૧૪ | કર્ણેશ્વર કેળવણી મંડળ, કોલવણ, તા. લુણાવાડા, જિ. પંચમહાલ. | ૧ |
| ૧૫ | શ્રેયર્સ એજ્યુ.ટ્રસ્ટ, કોઠંબા, તા.લુણાવાડા, જિ. પંચમહાલ. | ૨ |
| ૧૬ | રઘુ યુવક મંડળ, રાધવના મુવાડા, તા. લુણાવાડા, જિ. પંચમહાલ. | ૧ |

| | | |
|---|---|---|
| ૧૭ | શ્રી મહિસાગર કેળવણી મંડળ, મુ. નમનાર, તા. લુણાવાડા, જિ. પંચમહાલ | ૧ |
| ૧૮ | શ્રી મહિસાગર કેળવણી મંડળ, મુ. ચાંપેલી, તા. લુણાવાડા, જિ. પંચમહાલ. | ૧ |
| ૧૯ | શ્રી ભાથીજી મહારાજ કેળવણી મંડળ, મુ. સરોલી, તા. લુણાવાડા, જિ. પંચમહાલ. | ૧ |
| ૨૦ | શ્રી શિવશક્તિ કેળવણી મંડળ, કસલાલ, તા. લુણાવાડા, જિ. પંચમહાલ. | ૧ |

**પત્રક-૨**

**અનુસૂચિત જાતિના છાત્રાલયો**

| અ.નં. | ટ્રસ્ટનું નામ | છાત્રાલયની સંખ્યા |
|---|---|---|
| ૧ | **શહેરા તાલુકો** ગુજરાત નાગરીક કેળવણી ટ્રસ્ટ, ખારોલ | ૧ |
| ૨ | પછાતવર્ગ કલ્યાણ મંડળ, સુરેલી | ૧ |
| ૩ | ડૉ. આંબેડકર યુવક મંડળ, ઉજડા | ૧ |
| ૧ | **લુણાવાડા તાલુકો** ગુજરાત હરીજન સેવક સંઘ, અમદાવાદ | ૧ |
| ૨ | જ્ઞાનદિપ પ્રગતિ મંડળ, વિરણીયા | ૧ |
| ૩ | ખારોલ વણકર પ્રગતિ મંડળ, ખારોલ | ૧ |
| ૪ | જય સંતોષીમા પ્રગતિ ટ્રસ્ટ, થાણાસાવલી | ૧ |
| ૫ | શ્રી સ્વામીનારાયણ એજ્યુ. ટ્રસ્ટ, વરધરી | ૧ |

(૨) તે પૈકી કેટલા છાત્રાલયોની કેટલીવાર તપાસ છેલ્લા બે વર્ષ દરમ્યાન કરવામાં આવી,

(૨) (અ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના ૩૩ છાત્રાલયોની તપાસ છેલ્લા બે વર્ષ દરમ્યાન ૮૦ વાર કરવામાં આવી.

(બ) અનુસૂચિત જાતિના ૮ છાત્રાલયોની તપાસ છેલ્લા બે વર્ષ દરમ્યાન ૨૫ વાર કરવામાં આવી.

(૩) તપાસ દરમિયાન કેટલા છાત્રાલયોમાં ક્ષતિઓ જણાઈ આવી, અને

(૩) (અ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ૨૮ છાત્રાલયોમાં ક્ષતિઓ જણાઈ આવી.

(બ) અનુસૂચિત જાતિના તપાસ દરમ્યાન ૮ છાત્રાલયોમાં ક્ષતિ જણાઈ આવી.

(૪) આવી ક્ષતિઓ સામે શું શું કાર્યવાહી કરવામાં આવી ?

(૪) આવી ક્ષતિઓ સામે છાત્રાલયોમાં સંચાલનમાં સુધારો કરવા તાકીદ આપવામાં આવી તેમજ સંખ્યા ઘટાડો, ગ્રાન્ટ કપાત અને માન્યતા રદ કરવા જેવા પગલા લેવામાં આવ્યા.

**રાજ્ય સરકારનું દેવું વધવા/ઘટવાના કારણો**

૬૮૨ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન** **જવાબ**

| | |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ રાજ્યનું કુલ દેવું કેટલું છે, | (૧) અંદાજે રૂા. ૭૮૨૪૦.૪૫ કરોડ |
| (૨) આ દેવું જો વધ્યું હોય તો તે વધવાના અને ઘટ્યું હોય તો ઘટવાના કારણો શાં છે, અને | (૨) રાજ્યના વિકાસ માટેના મૂડી ખર્ચને પહોંચી વળવા માટે |
| (૩) રાજ્યનું દેવું ઘટાડવા રાજ્ય સરકારે આગામી વર્ષમાં શાં પગલાં લેવા ધારેલા છે ? | (૩)<br>(૧) લોનની પાક્યા તારીખે ચુકવણી કરવામાં આવે છે.<br>(૨) ગુજરાત રાજવિત્તિય જવાબદારી અધિનિયમ, ૨૦૦૫માં નિર્ધારિત લક્ષ્યાંક બે વર્ષ અગાઉ પુરા કરવામાં આવેલ છે.<br>(૩) રાજ્યની નાણાકીય શિસ્તના કારણે મહેસુલી પુરાંત રહે છે.<br>(૪) દેવું અને રાજ્યનો ઘરગથ્થુ ભાવાંક ૩૦ ટકા કરતાં ઓછી રહે છે. |

-----------

**અમદાવાદ શહેરમાં શિક્ષિત બેરોજગારોની નોંધણી અને રોજગારી અંગે**

૬૧૪ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા શિક્ષિત બેરોજગારોની નોંધણી કરવામાં આવી, અને | (૧) ૪૩૯૩૦ |
| (૨) આ સ્થિતિએ કેટલા બેરોજગાર લોકોને રોજગારી પૂરી પાડવામાં આવી ? | (૨) ૧૪૪૨૧ |

----------

**સુરેન્દ્રનગર જિલ્લામાં બાળમજૂરોના શોષણ અંગે**

૬૭૪ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં બાળ મજૂરોના શોષણ અટકાવવા માટે સને ૨૦૦૭ ના વર્ષમાં શ્રમ વિભાગ દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી, ? | (૧) ૧૯૪ કારખાના અને ૬૮૪ સંસ્થાઓની તપાસણી કરવામાં આવી. |
| (૨) કેટલા બાળ મજૂરો શોધી કાઢવામાં આવ્યા, અને | (૨) શૂન્ય |
| (૩) બાળ મજૂરોનું શોષણ કરનાર સામે સરકારે શાં પગલાં લીધા ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**આઈ.ટી.આઈ. ની સુવિધાથી વંચિત તાલુકામાં સુવિધા ઊભી કરવાનું આયોજન**

૮૦૫ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ રાજ્યમાં કેટલા તાલુકાઓમાં આઈ.ટી.આઈ. ની સુવિધા નથી, ક્યા ક્યા તાલુકાઓમાં છે, | (૧) ૪૭ તાલુકામાં સુવિધા નથી. જે તાલુકાઓમાં આઈ.ટી.આઈ. સેવા ઉપલબ્ધ છે તેની યાદી સામેલ પત્રક મુજબ છે. |
| (૨) સુવિધાથી વંચિત તાલુકામાં આઈ.ટી.આઈ. શરુ કરવાનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો કેટલા સમયમાં ? | (૩) સત્વરે |

## પત્રક

રાજ્યના ૨૨૫ તાલુકાઓ પેકી જે તાલુકાઓમાં વ્યવસાયલક્ષી સંસ્થા (સરકારી આઈ.ટી.આઈ./ગ્રાન્ટ ઈન એઈડ આઈ.ટી.સી./સ્વનિર્ભર આઈ.ટી.સી.) ની સુવિધા ઉપલબ્ધ છે તેની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | જીલ્લાનું નામ | તાલુકાનો ક્રમ નંબર | તાલુકાનું નામ | ક્રમ | જીલ્લાનું નામ | તાલુકાનો ક્રમ નંબર | તાલુકાનું નામ | ક્રમ | જીલ્લાનું નામ | તાલુકાનો ક્રમ નંબર | તાલુકાનું નામ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧ | અમદાવાદ | ૯ | આણંદ | ૬૪ | આણંદ | ૧૮ | ભાવનગર | ૧૨૭ | ભાવનગર |
| | | ૨ | દશક્રોઈ | | | ૬૫ | પેટલાદ | | | ૧૨૮ | પાલીતાણા |
| | | ૩ | સાણંદ | | | ૬૬ | બોરસદ | | | ૧૨૯ | ઘોઘા |
| | | ૪ | વિરમગામ | | | ૬૭ | ઉમરેઠ | | | ૧૩૦ | વલ્લભીપુર |
| | | ૫ | ધંધુકા | | | ૬૮ | ખંભાત | | | ૧૩૧ | મહુવા |
| | | ૬ | ધોળકા | | | ૬૯ | તારાપુર | | | ૧૩૨ | બોટાદ |
| | | ૭ | બાવળા | | | ૭૦ | સોજીત્રા | ૧૯ | કચ્છ | ૧૩૩ | ગાંધીધામ |
| | | ૮ | માંડલ | ૧૦ | પંચમહાલ | ૭૧ | ગોધરા | | | ૧૩૪ | લખપત |
| ૨ | ગાંધીનગર | ૯ | ગાંધીનગર | | | ૭૨ | લુણાવાડા | | | ૧૩૫ | માંડવી |
| | | ૧૦ | દહેગામ | | | ૭૩ | હાલોલ | | | ૧૩૬ | ભૂજ |
| | | ૧૧ | કલોલ | | | ૭૪ | શહેરા | | | ૧૩૭ | ભચાઉ |
| | | ૧૨ | માણસા | | | ૭૫ | કાલોલ | | | ૧૩૮ | અંજાર |
| ૨ | મહેસાણા | ૧૩ | મહેસાણા | | | ૭૬ | ખાનપુર | | | ૧૩૯ | અબડાસા |
| | | ૧૪ | વિસનગર | | | ૭૭ | કડાણા | | | ૧૪૦ | રાપર |
| | | ૧૫ | વિજાપુર | | | ૭૮ | સંતરામપુર | | | ૧૪૧ | મુન્દ્રા |
| | | ૧૬ | વડનગર | | | ૭૯ | મોરવા (હડફ) | ૨૦ | સૂરત | ૧૪૨ | સુરત |
| | | ૧૭ | ખેરાલુ | | | ૮૦ | ઘોઘંબા | | | ૧૪૩ | બારડોલી |
| | | ૧૮ | ઉંઝા | ૧૧ | દાહોદ | ૮૧ | દાહોદ | | | ૧૪૪ | માંડવી |
| | | ૧૯ | કડી | | | ૮૨ | ઝાલોદ | | | ૧૪૫ | માંગરોળ |
| | | ૨૦ | સતલાસણા | | | ૮૩ | દેવગઢ બારીઆ | | | ૧૪૬ | પલસાણા |
| ૪ | પાટણ | ૨૧ | પાટણ | | | ૮૪ | લીમખેડા | | | ૧૪૭ | મહુવા |
| | | ૨૨ | ચાણસ્મા | | | ૮૫ | ગરબાડા | | | ૧૪૮ | ઓલપાડ |
| | | ૩ | સિધ્ધપુર | | | ૮૬ | ફતેપુરા | | | ૧૪૯ | ચોર્યાસી |
| | | ૨૪ | સાંતલપુર | | | ૮૭ | ધાનપુરા | | | ૧૫૦ | ઉમરપાડા |
| | | ૨૫ | રાધનપુર | ૧૨ | રાજકોટ | ૮૮ | રાજકોટ | | | ૧૫૧ | કામરેજ |
| | | ૨૬ | હારીજ | | | ૮૯ | ગોંડલ | ૨૧ | તાપી | ૧૫૨ | વ્યારા |
| ૫ | બનાસકાંઠા | ૨૭ | પાલનપુર | | | ૯૦ | વાંકાનેર | | | ૧૫૩ | વાલોડ |
| | | ૨૮ | દાંતા | | | ૯૧ | ધોરાજી | | | ૧૫૪ | સોનગઢ |
| | | ૨૯ | થરાદ | | | ૯૨ | મોરબી | | | ૧૫૫ | નિઝર |
| | | ૩૦ | ડીસા | | | ૯૩ | ટંકારા | | | ૧૫૬ | ઉચ્છલ |
| | | ૩૧ | અમીરગઢ | | | ૯૪ | ઉપલેટા | ૨૨ | ભરુચ | ૧૫૭ | અંકલેશ્વર |
| ૬ | સાબરકાંઠા | ૩૨ | મોડાસા | | | ૯૫ | જેતપુર | | | ૧૫૮ | વાલીયા |
| | | ૩૩ | મેઘરજ | | | ૯૬ | જસદણ | | | ૧૫૯ | ઝઘડીયા |
| | | ૩૪ | ખેડબ્રહ્મા | ૧૩ | સુરેન્દ્રનગર | ૯૭ | વઢવાણ | | | ૧૬૦ | ભરૂચ |
| | | ૩૫ | બાયડ | | | ૯૮ | ચોટીલા | | | ૧૬૧ | વાગરા |
| | | ૩૬ | ભિલોડા | | | ૯૯ | દશાડા | | | ૧૬૨ | આમોદ |
| | | ૩૭ | વિજયનગર | | | ૧૦૦ | ધ્રાગધ્રા | | | ૧૬૩ | જંબુસર |
| | | ૩૮ | હિંમતનગર | | | ૧૦૧ | લીમડી | ૨૩ | નર્મદા | ૧૬૪ | ડેડીયાપાડા |
| | | ૩૯ | ઈડર | | | ૧૦૨ | હળવદ | | | ૧૬૫ | સાગબારા |
| | | ૪૦ | પ્રાંતિજ | ૧૪ | જામનગર | ૧૦૩ | જામનગર | | | ૧૬૬ | તિલકવાડા |
| | | ૪૧ | તલોદ | | | ૧૦૪ | કાલાવાડ | | | ૧૬૭ | નાંદોદ |
| | | ૪૨ | માલપુર | | | ૧૦૫ | ઓખામંડળ | ૨૪ | વલસાડ | ૧૬૮ | પારડી |
| | | ૪૩ | ધનસુરા | | | ૧૦૬ | ભાણવડ | | | ૧૬૯ | વલસાડ |
| ૭ | વડોદરા | ૪૪ | વડોદરા | | | ૧૦૭ | ધ્રોલ | | | ૧૭૦ | ધરમપુર |
| | | ૪૫ | નસવાડી | | | ૧૦૮ | ખંભાળીયા | | | ૧૭૧ | ઉમરગામ |
| | | ૪૬ | છોટાઉદેપુર | | | ૧૦૯ | કલ્યાણપુર | | | ૧૭૨ | કપરાડા |
| | | ૪૭ | સંખેડા | | | ૧૧૦ | જામજોધપુર | ૨૫ | નવસારી | ૧૭૩ | નવસારી |
| | | ૪૮ | પાદરા | ૧૫ | જૂનાગઢ | ૧૧૧ | જૂનાગઢ | | | ૧૭૪ | ગણદેવી |
| | | ૪૯ | પાવી-જેતપુર | | | ૧૧૨ | ઉના | | | ૧૭૫ | ચીખલી |
| | | ૫૦ | વાઘોડીયા | | | ૧૧૩ | તલાલા | | | ૧૭૬ | વાંસદા |
| | | ૫૧ | સાવલી | | | ૧૧૪ | માંગરોળ | | | ૧૭૭ | જલાલપોર |
| | | ૫૨ | કરજણ | | | ૧૧૫ | કેશોદ | ૨૬ | ડાંગ | ૧૭૮ | આહવા |
| | | ૫૩ | ડભોઈ | | | ૧૧૬ | વેરાવળ | | | | |
| | | ૫૪ | ક્વાંટ | | | ૧૧૭ | માણાવદર | | | | |
| | | ૫૫ | સીનોર | | | ૧૧૮ | વિસાવદર | | | | |
| ૮ | ખેડા | ૫૬ | નડીયાદ | | | ૧૧૯ | મેંદરડા | | | | |
| | | ૫૭ | બાલાસિનોર | | | ૧૨૦ | સૂત્રાપાડા | | | | |
| | | ૫૮ | માતર | | | ૧૨૧ | કોડીનાર | | | | |
| | | ૫૯ | કપડવંજ | ૧૬ | પોરબંદર | ૧૨૨ | પોરબંદર | | | | |
| | | ૬૦ | ઠાસરા | ૧૭ | અમરેલી | ૧૨૩ | અમરેલી | | | | |
| | | ૬૧ | વિરપુર | | | ૧૨૪ | રાજુલા | | | | |
| | | ૬૨ | મહેમદાવાદ | | | ૧૨૫ | વડીયા | | | | |
| | | ૬૩ | મહુધા | | | ૧૨૬ | સાવરકુંડલા | | | | |

----------------

## સુરત જિલ્લા અને શહેરમાં વેચાણવેરાની ચોરીના કેસો

૩૭૬ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લા અને શહેરમાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સેલ્સટેક્ષની આવક કેટલી થઇ,

(૨) આ સમયગાળામાં સેલ્સટેક્ષની ચોરીના કેટલા કેસો કરવામાં આવ્યા, અને

(૩) તેમની સામે શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| વર્ષ | આવક (રૂ. કરોડમાં) | |
|---|---|---|
| | સુરત જિલ્લો | સુરત શહેર |
| ૨૦૦૫-૦૬ | ૫૦૪.૦૬ | ૪૫૬.૨૫ |
| ૨૦૦૬-૦૭ | ૮૫૫.૮૬ | ૭૮૬.૮૯ |
| ૨૦૦૭-૦૮ (તા. ૩૧-૧-૦૮ સુધી) | ૭૫૦.૬૭ | ૬૦૧.૩૨ |

(૨) ૨૬૧.

(૩) તપાસ કાર્યવાહી હાથ ધરી વેરો, વ્યાજ, દંડ વસુલવા અંગે પગલાં લેવામાં આવેલ છે.

------------

## રાજ્યમાં અનામત વર્ગોની સંવર્ગવાર બેકલોગની ખાલી જ્યાઓ

૧૯૨**શ્રી મોહસિંહ છો.રાઠવા(જેતપુર પાવી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ રાજ્ય સરકારની સેવાની અનામત વર્ગોની સંવર્ગવાર બેકલોગની કેટલી જ્યાઓ ખાલી છે, અને

(૨) નામદાર વડી અદાલતના આદેશ બાદ સરકારે અનામતની જ્યાઓ અંગે શું શું પ્રયત્નો કર્યા, અને

**જવાબ**

(૧)

| વર્ગ | અ.જા | અ.જ.જા | સા. શૈ.પ.વ. | કુલ |
|---|---|---|---|---|
| વર્ગ-૧ | ૦૧ | ૩૦ | ૧૭ | ૪૮ |
| વર્ગ-૨ | ૧૧ | ૫૨૪ | ૪૪૫ | ૯૮૦ |
| વર્ગ-૩ | ૧૯૫ | ૨૮૧૨ | ૧૬૬૪ | ૪૬૭૧ |
| વર્ગ-૪ | ૦૫ | ૧૬૩ | ૧૫૫ | ૩૨૩ |
| કુલ : | ૨૧૨ | ૩૫૨૯ | ૨૨૮૧ | ૬૦૨૨ |

(૨) અનામત વર્ગોની બેકલોગની જ્યાઓ ભરવા સંદર્ભે શ્રી ઉપેન્દ્રરાય એસ. બ્રહ્મભટ્ટ દ્વારા દાખલ થયેલ સ્પે. સીવીલ એપ્લીકેશન નંબર-૧૬૪૭/૯૮માં નામદાર હાઈકોર્ટે તા. ૭-૦૭-૧૯૯૮ના આદેશ બાદ નીચે મુજબના પ્રયત્નો સરકારશ્રી દ્વારા કરવામાં આવ્યા છે.

૧. સમાજ કલ્યાણ વિભાગના તા. ૨૦-૧૧-૧૯૯૮ના ઠરાવથી બેકલોગની સમીક્ષા અર્થે મંત્રીમંડળની પેટા સમિતિની પુનઃ રચના કરવામાં આવી.
૨. સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૫-૨-૧૯૯૯ના ઠરાવથી બેકલોગની જ્યાઓ ખાસ ભરતીથી ભરવા સૂચનાઓ બહાર પાડવામાં આવી.
૩. સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૨-૪-૧૯૯૯ના ઠરાવથી સરકારી ખર્ચમાં કરકસર સંદર્ભે બેકલોગની જ્યાઓ ભરવા

સ્પષ્ટતાઓ બહાર પાડવામાં આવી.

૪. માન. મંત્રીશ્રી સા. ન્યાય અને અધિકારીતાના અધ્યક્ષપદે સમીક્ષા બેઠકો યોજવામાં આવી.

૫. સચિવશ્રીઓની બેઠકમાં બેક્લોગની જગ્યાઓ ભરવા બાબત ચર્ચામાં લઈ સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવી.

(૩) આ બેક્લોગની જગ્યાઓ કેટલા સમયમાં સરકાર ભરવા માંગે છે ?

(૩) શક્ય તેટલા વહેલાં

------------

**તાપી જિલ્લામાં શિક્ષિત બેરોજગારોને રોજગારી અંગે**

૨૩૩ **શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવરચીત તાપી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ કેટલા શિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે, અને

(૨) તેઓને રોજગારી મળે તે માટે ક્યા પ્રકારનું આયોજન કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૧૨૭૮૪

(૨) ઓદ્યોગિક ભરતી મેળાઓ, લશ્કરી મેળાઓ, સ્વરોજગાર શિબિરો, શાળા-કોલેજોમાં કેરીયર કોર્નરના વર્ગો ચલાવવામાં આવે છે.

------------

**કચ્છ જિલ્લામાં નાની બચત ક્ષેત્રે મળેલ ડીપોઝીટની રકમ અંગે**

૮૧૩ **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૫-૦૬, ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ ના વર્ષમાં તા. ૩૧-૧-૨૦૦૮ સુધીમાં વર્ષવાર કચ્છ જિલ્લાના લોકો દ્વારા નાની બચત જેવી વિવિધ બચત યોજનાઓમાં કેટલી રકમની ડીપોઝીટો મળેલ છે, અને

(૨) આ ડીપોઝીટમાંથી કચ્છ જિલ્લાના વિકાસ માટે કેટલી રકમ વર્ષવાર બચત સામે ફાળવવામાં આવી?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૦૮ સુધીમાં કચ્છ જિલ્લાના લોકો દ્વારા નાની બચત જેવી વિવિધ બચત યોજનાઓમાં થયેલ વર્ષવાર કુલ રોકાણ નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | થયેલ રોકાણ રૂા. |
|---|---|---|
| ૧ | સને ૨૦૦૫-૨૦૦૬ | ૭૦૨.૩૪ કરોડ |
| ૨ | સને ૨૦૦૬-૨૦૦૭ | ૬૧૩.૯૦ કરોડ |
| ૩ | સને ૨૦૦૭-૨૦૦૮ તા.૩૧-૧-૦૮ ની સ્થિતિએ રોકાણ | ૪૬૭.૩૨ કરોડ |

(૨) નાની બચત યોજનાઓમાં લોકો દ્વારા કરાતા રોકાણોની (નેટ) રકમ કેન્દ્ર સરકારના ભંડોળમાં જમા થાય છે. આ રકમ સામે કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને ૧૦૦ ટકા પ્રમાણે ફાળવવામાં આવેલ રકમની લોન અન્ય લોનોની સાથે રાજ્યના એકત્રિત ભંડોળમાં જમા થાય છે. આ એકત્રિત ભંડોળના નાણાનો ઉપયોગ રાજ્યના વિકાસ કાર્યોમાં કરવામાં આવે છે. આથી કોઇ જિલ્લા માટે (અહીં કચ્છ જિલ્લા માટે) નાની બચત યોજનાઓની લોનમાંથી ફાળવાયેલ ચોક્કસ રકમની વિગત આપવી શક્ય નથી.

------------

**જામનગર જિલ્લામાં વેટ અંગેના પાડેલ દરોડા**

૪૬૧ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

| | |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં સન ૨૦૦૭-૦૮ના વર્ષ દરમ્યાન તા.૩૧-૧-૨૦૦૮ સુધીમાં વેટ અંગેના કેટલા દરોડા પાડવામાં આવ્યા, અને | (૧) ૨૦ |
| (૨) આ દરોડા દરમ્યાન કેટલા રૂપિયાની વેટની ચોરી પકડાઈ ? | (૨) રૂા.૧૭,૭૬,૧૬૭/- |

------------

**દાહોદ જિલ્લામાં રમતગમત ક્ષેત્રે ફાળવેલ રકમ**

૧૩ **શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી) : માનનીય રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા ત્રણ વર્ષમાં તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે કેટલી રકમ ફાળવવામાં આવી, અને | (૧) દાહોદ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે નીચે મુજબ રકમ ફાળવવામાં આવી :- |

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **રમતગમત પ્રવૃત્તિઓ માટે ફાળવેલ રકમ (રૂપિયામાં)** | | | **સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે ફાળવેલ રકમ (રૂપિયામાં)** | | | **કુલ રકમ (રૂપિયામાં)** |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | |
| ૧. | દેવગઢબારીયા | ૨,૯૧,૭૨૮ | ૬,૩૧,૪૩૪ | ૪,૫૯,૦૬૯ | - | - | - | ૧૩,૮૨,૨૩૧ |
| ૨. | ધાનપુર | ૩,૪૦૦ | ૫૮,૪૦૦ | ૩,૪૦૦ | - | - | - | ૬૫,૨૦૦ |
| ૩. | લીમખેડા | ૩,૪૦૦ | ૩,૪૦૦ | ૩,૪૦૦ | - | - | - | ૧૦,૨૦૦ |
| ૪. | ગરબાડા | ૩,૪૦૦ | ૩,૪૦૦ | ૫૩,૪૦૦ | - | - | - | ૬૦,૨૦૦ |
| ૫. | દાહોદ | ૩,૪૦૦ | ૩,૪૦૦ | ૩,૪૦૦ | - | - | - | ૧૦,૨૦૦ |
| ૬. | ઝાલોદ | ૫૮,૪૦૦ | ૩,૪૦૦ | ૩,૪૦૦ | - | - | - | ૬૫,૨૦૦ |
| ૭. | ફતેહપુરા | ૩,૪૦૦ | ૩,૪૦૦ | ૩,૪૦૦ | - | - | - | ૧૦,૨૦૦ |
| ૮. | સમગ્ર દાહોદ જિલ્લો | - | - | - | ૪૧,૦૦૦ | ૪૨,૦૦૦ | ૪૨,૦૦૦ | ૧,૨૫,૦૦૦ |
| | કુલ સરવાળો : | ૩,૬૭,૧૨૮ | ૭,૦૬,૮૩૪ | ૫,૨૯,૪૬૯ | ૪૧,૦૦૦ | ૪૨,૦૦૦ | ૪૨,૦૦૦ | ૧૭,૨૮,૪૩૧ |

| | |
|---|---|
| (૨) આ રકમ વધારવા સરકાર વિચારે છે ખરી ? | (૨) જરૂર જણાય ત્યાં રકમ વધારવા વિચારવામાં આવશે. |

------------

**પાટણ જિલ્લામાં શ્રમિકોના અકસ્માત અન્વયે વળતર ચૂકવવા અંગે**

૩૬૯**શ્રી ભાવસિંહ રાઠોડ (સમી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં સને ૨૦૦૭ ના વર્ષમાં કેટલા શ્રમિકોના ઉદ્યોગ કારખાનાઓમાં અકસ્માતથી મૃત્યુ અને અકસ્માતના બનાવો બનવા પામ્યા, અને | (૧) શૂન્ય. |
| (૨) શ્રમિકોની સુરક્ષા અને તેઓના કુંટુંબના ઈસમોને વળતર મળે તે માટે સરકારે શાં શાં પગલાં લીધા ? | (૨)<br>(અ) શ્રમિકોની સુરક્ષા માટે સરકાર દ્વારા લેવાયેલ પગલાં નીચે મુજબ છે. |

| | |
|---|---|
| ૧ | મશીનના ભયજનક ભાગો પર યોગ્ય ગાર્ડ/ફેન્સીંગ કરાવવામાં આવેલ છે. |
| ૨ | ભયજનક મશીનોમાં સલામતી માટે થર્ડ પાર્ટી (સક્ષમ વ્યક્તિ) દ્વારા તેની ચકાસણી કરાવવામાં આવે છે. |

| | |
|---|---|
| ૩ | શ્રમયોગીઓમાં સલામતી માટે જાગૃતિ લાવવા તાલીમી કાર્યક્રમો યોજવામાં આવેલ છે. |
| ૪ | શ્રમયોગીઓ સંરક્ષણાત્મક સાધનો પહેરીને જ કામ કરે તેની નિરીક્ષણ દરમ્યાન ચકાસણી કરવામાં આવે છે. |
| ૫ | જોખમી પ્રક્રિયામાં રોકાયેલ શ્રમિકોના સ્વાસ્થ્યની સમયાંતરે ચકાસણી કરવામાં આવે છે. |

(બ) વર્ષ ૨૦૦૭ દરમ્યાન અકસ્માતનો કોઇ બનાવ બનવા પામેલ ન હોઇ વળતર આપવાનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી.

------------

**કચ્છ જિલ્લામાં અષ્ટાવક્ર યોજનાના લાભાર્થીઓ**

૮૧૭ **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં અષ્ટાવક્ર યોજના અનુસાર સરકાર તરફથી વિકલાંગોને કેવા પ્રકારની મદદ કરવામાં આવે છે,

(૨) તા.૩૧-૧-૦૮ની સ્થિતિએ કચ્છમાં વિકલાંગોની કેટલી સંખ્યા છે,

(૩) અષ્ટાવક્ર યોજનાના અમલ માટે રાજ્ય સરકારે કચ્છ જિલ્લામાં કઇ કઇ સંસ્થાને માન્યતા આપેલ છે, અને

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં અષ્ટાવક્ર યોજના અનુસાર સરકાર તરફથી વિકલાંગોને નીચે પ્રમાણેની મદદ કરવામાં આવે છે.

તબીબી પ્રમાણપત્ર, તબીબી સારવાર, રાજ્ય સરકારનું ઓળખપત્ર, રેલ્વે કન્સેશન, વિકલાંગતા અનુસાર સાધન સહાય, શાળામાં ભણતા વિકલાંગોને શિષ્યવૃત્તિ, સંત સુરદાસ યોજનાનો લાભ, સ્વરોજગાર માટેની લોન, ઉ.વ. ૬ થી ૧૮ ના બાળકોને સંકલિત શિક્ષણનો લાભ, સ્વરોજગારી માટેના સાધનો આપવા.

(૨) મહર્ષિ અષ્ટાવક્ર યોજનામાં રાપર તાલુકા સિવાય થયેલ સર્વે અનુસાર વિકલાંગોની સંખ્યા ૧૫.૦૮૭ છે.

(૩) કચ્છ જિલ્લામાં નીચેની સંસ્થાઓને માન્યતા અપાયેલ છે.

| અ. નં. | સંસ્થાનું નામ | સોંપાયેલ તાલુકાનું નામ |
|---|---|---|
| ૧ | નવચેતન અંધજન મંડળ, ભચાઉ, જિ.કચ્છ-ભુજ | ભચાઉ |
| ૨ | સ્પંદન એ મેડીકલ રીલીફ એન્ડ રીહેબીલેશન ટ્રસ્ટ, સેન્ટ ઝેવિયર્સ સ્કુલ રોડ, | ભુજ |
| ૩ | નવચેતન અંધજન મંડળ, ભચાઉ, જિ.કચ્છ-ભુજ | ગાંધીધામ |
| ૪ | કચ્છ વિકાસ ટ્રસ્ટ, રાયધણપર, પો.બો.નં.૧૪, જિ.ભુજ-કચ્છ | નખત્રાણા |
| ૫ | સ્પંદન એ મેડીકલ રીલીફ એન્ડ રીહેબીલેશન ટ્રસ્ટ, સેંન્ટ ઝેવિયર્સ સ્કુલ રોડ, | માંડવી |
| ૬ | શ્રી યુવા વિકલાંગ મંડળ, કચ્છ, હેમાન્સી કોમ્યુનીકેશન, | લખપત |

| | | |
|---|---|---|
| | કોમ્યુનીકેશન, મું.પો.બળદીયા, તા.ભુજ, જિ.કચ્છ | |
| ૭ | સ્પંદન એ મેડીકલ રીલીફ એન્ડ રીહેબીલેશન ટ્રસ્ટ, સેંન્ટ ઝેવિયર્સ સ્કુલ રોડ, ભુજ-કચ્છ | અબડાસા |
| ૮ | નવચેતન અંધજન મંડળ, માધાપર વિક્લાંગ વિધ્યાવિહાર, કચ્છ ડેરી સામે, માધાપર અંજાર હાઇવે, માધાપર, ભુજ | મુન્દ્રા |
| ૯ | માતાલક્ષ્મી રોટરી ચેરીટેબલ સોસાયટી, આદીપુર, જિ.કચ્છ | અંજાર (નોંધઃ- કામગીરી સુપ્રત કરાયેલ છે, પરંતુ સંસ્થાએ કામગીરી સ્વીકારેલ નથી. |

(૪) માન્યતા આપવામાં આવેલ સંસ્થાને વાર્ષિક કેટલી રકમની ગ્રાંટ આપવામાં આવે છે ?

(૪) માન્યતા આપવામાં આવેલ સંસ્થાને વાર્ષિક રૂા.૫,૮૨,૦૦૦/- ની ગ્રાંટ આપવામાં આવે છે.

------------

**પંચમહાલ જિલ્લામાં શ્રમિક ખેડૂતોના મૃત્યુ તેમજ વિમાની અરજીઓના નિકાલ અંગે**

૮૧૧ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૧-૪-૦૫ થી તા.૩૧-૩-૦૭ સુધીમાં પંચમહાલ જિલ્લામાં કુલ કેટલા શ્રમિકોના મૃત્યુ થયા,

(૨) આ મૃત્યુ થયેલ શ્રમિકોના વીમા માટેની કેટલી અરજીઓ આવી,

(૩) તે પૈકી કેટલી મંજૂર કરી અને કેટલી નામંજૂર કરી, અને

(૪) નામંજૂર થવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) શ્રમ અને રોજગાર વિભાગની શ્રમિક સુરક્ષા યોજના હેઠળ આવરી લેવાયેલ નિયત છ વર્ગીકૃત વ્યવસાયનાં શ્રમિકો પૈકી મળેલ અરજીઓ મુજબ ૧૧૦ શ્રમિકોના અકસ્માતે મૃત્યુ થયા છે.

(૨) ૧૧૦

(૩) મંજૂર થયેલ અરજીઓ - ૩૨
નામંજૂર થયેલ અરજીઓ - ૫૮

(૪) અરજીઓ નામંજૂર થવાનાં કારણો મુખત્વે નીચે મુજબ છે :-

૧. ખેતશ્રમિક ન હોવાથી
૨. નિયત ૩૦ દિવસની સમય-મર્યાદામાં અકસ્માતની જાણ ન કરવાથી.
૩. ગેરકાયદેસર રીતે મુસાફરી કરવાને લીધે
૪. જમીન ધારણ કરતા હોવાથી
૫. પોતાની જમીનમાં ખેતી કરતાં હોઇ ખેડૂત તરીકે કામગીરી કરતાં હોવાથી
૬. શ્રમિક કાર્ડ ધરાવતા ન હોવાથી
૭. કામદાર વળતર ધારા હેઠળ વળતર મેળવેલ હોવાથી
૮. કુદરતી મૃત્યુ થયેલ હોવાથી
૯. અસ્થિર મગજના હોઇ તથા ખેતમજુર ન હોવાથી

------------

**રાંધણ ગેસના સીલીન્ડર ઉપરના વેચાણવેરાની આવક**

૬૮૩ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના

**જવાબ**

(૧)

વર્ષમાં રાંધણગેસના સીલીન્ડર ઉપર વેચાણવેરા પેટે કુલ કેટલી આવક રાજ્ય સરકારને થઇ, અને

| વર્ષ | આવક |
|---|---|
| ૨૦૦૫-૦૬ | રૂા.૧૦૯.૮૨ કરોડ (ગૃહ વપરાશ) |
| ૨૦૦૬-૦૭ | રૂા.૪૭.૮૩ કરોડ (ગૃહ વપરાશ) |

(૨) ગેસ સીલીન્ડરના ભાવ વધે છે તે પ્રમાણે વેચાણવેરાની રકમ પણ વધે છે. તે અન્વયે રાજ્ય સરકાર રાંધણગેસના સીલીન્ડર ઉપર વેચાણવેરાની રકમ ઓછી કરવા માંગે છે કે કેમ ?

(૨) ગૃહ વપરાશના રાંધણગેસના સીલીન્ડર ઉપર અગાઉ ૧૨.૫ ટકા વેરો હતો, જે ઘટાડીને તા.૧૮-૪-૨૦૦૬ થી ૪ ટકા કરવામાં આવેલ છે.

------------

**કચ્છ જિલ્લામાં ૧ કરોડથી વધુ વેચાણવેરા/વેટના બાકી એકમો સામે લીધેલ પગલાંઓ**

૮૧૪ **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં વેચાણવેરા કે વેટ અન્વયે તા.૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ૧ કરોડ કે વધુ રકમની ચુકવણી ન કરનારા એકમો સામે નિયમ અનુસાર વસુલાત કરવામાં આવી નથી, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આવા એકમો ક્યા ક્યા છે, અને

(૩) આવા એકમો સામે લેવાયેલ પગલાંની વિગત શી છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પાટણ જિલ્લામાં બક્ષીપંચના ગરીબો માટે મકાન સહાયના ખર્ચ અંગે**

૩૭૦ **શ્રી ભાવસિંહ રાઠોડ (સમી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૬-૨૦૦૭ના નાણાકીય વર્ષમાં બક્ષીપંચ જાતિના ગરીબો માટે વ્યક્તિગત મકાન સહાય યોજના હેઠળ કેટલી રકમની જોગવાઇ કરવામાં આવેલ,

(૨) તે સામે પાટણ જિલ્લાના સમી, હારીજ અને રાધનપુર તાલુકાને કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને

(૩) ફાળવેલ રકમ પાછળ ઓછો ખર્ચ થવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) રૂા.૧૭૦૯.૦૦ લાખ.

(૨) સમી - રૂા.૭.૦૦ લાખ
હારીજ - રૂા.૪.૧૦ લાખ
રાધનપુર- રૂા.૫૫.૩૦ લાખ

(૩) નાણાકીય ફાળવણી મુજબ સંપૂર્ણ ખર્ચ થયેલ હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**વેચાણવેરા પેટે થયેલ આવક**

૬૮૪ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના નાણાકીય વર્ષમાં વેચાણવેરાની આવકનો કેટલો લક્ષાંક હતો, તે અન્વયે વર્ષવાર તા.૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ કેટલી વેચાણવેરાની આવક રાજ્ય સરકારને મળી, અને

**જવાબ**

(૧) સન ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના નાણાકીય વર્ષના વેચાણવેરાની આવકનો લક્ષાંક અને તે અન્વયે વર્ષવાર તા.૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ નીચે પ્રમાણે વેચાણવેરાની આવક રાજ્ય સરકારને મળી.

| વર્ષ | વાર્ષિક લક્ષાંક | વાર્ષિક આવક |
|---|---|---|
| ૨૦૦૫-૦૬ | ૯૧૦૦.૦૦ | ૧૦૫૬૧.૩૫ |
| ૨૦૦૬-૦૭ | ૧૧૦૦૦.૦૦ | ૧૨૮૧૭.૪૬ |
| ૨૦૦૭-૦૮ | ૧૫૪૩૦.૦૦ | ૧૨૧૯૨.૬૬ |

| | | |
|---|---|---|
| (જાન્યુ.૦૮સુધી) | | |

(૨) વેચાણવેરાની આવક સમયસર નહીં વસુલતા સરકાર દ્વારા શા પગલાં લેવામાં આવ્યા?

(૨) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ અને જમીન મહેસૂલ કાયદા અન્વયે જરૂરી પગલાં લેવામાં આવે છે.

## કામકાજ સલાહકાર સમિતિના અહેવાલની રજૂઆત

**અધ્યક્ષશ્રી** : હું કામકાજ સલાહકાર સમિતિનો પહેલો અહેવાલ રજૂ કરું છું. (અંતરાય)

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

### બજેટના પ્રકાશનો અપૂરતાં મળવા અંગે

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ગઈ કાલે જે બજેટ રજૂ થયું એ બાબતમાં મારો પૉઈન્ટ ઑર્ડર છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, શું છે?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, સાંભળ્યા વગર જ આપ નિર્ણય આપી દેવા માગો છો? મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે.

**અધ્યક્ષશ્રી** : હા, કહો, આ તો તમે ગઈ કાલે જે બજૅટ રજૂ થયું એની વાત કરો છો,

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હા, તો ગઈ કાલે જે બજૅટ રજૂ થયું એનો જ પૉઈન્ટ ઑફ ઑર્ડર છે, માનનીય અધ્યક્ષશ્રી. જુદા જુદા વખતે માનનીય અધ્યક્ષશ્રીના જે રૂલિંગ છે, એમાં જ્યારે બજૅટ રજૂ થાય ત્યારે બજૅટને લગતા તમામ પ્રકાશનો સંપૂર્ણ રીતે દરેક સભ્યશ્રીને મળી જવાં જોઈએ. ગઈ કાલે જે બજૅટ રજૂ થયું એમાં માનનીય અધ્યક્ષશ્રી, અંદાજપત્ર પ્રકાશન નં. ૩૧ (અંતરાય) એ કોઈ સભ્યશ્રીને ગઈ કાલે મળ્યાં નથી. જ્યારે તપાસ કરી ત્યારે એમ કહેવામાં આવ્યું કે પ્રિન્ટિગમાં છે. માનનીય અધ્યક્ષશ્રી, આવી અધૂરી માહિતી સાથેનું અંદાજપત્ર રજૂ કરી શકાય નહીં. અને એને કારણે જે માહિતી માનનીય સભ્યશ્રીને ઑન હેન્ડ હોવી જોઈએ અને સમાજના જે જુદા જુદા નિષ્ણાતોને પણ ઓન હેન્ડ હોવી જોઈએ એ એમની પાસે ઉપલબ્ધ ન હતી અને એને કારણે બજૅટ વિશેનું ગઈ કાલે જે ચિત્ર સ્પષ્ટ થયું એ ચિત્ર માનનીય અધ્યક્ષશ્રી કોઈ પાસે સ્પષ્ટ ન હતું. હું એક જ દાખલો આપું કે ચિત્ર કઈ રીતે સ્પષ્ટ નહોતું થતું એનો.

**અધ્યક્ષશ્રી** : નહીં, પૉઈન્ટ ઑફ ઑર્ડર વિશે પહેલાં કહો પછી આપણે એની ચર્ચા ઉપર આવીએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : નહીં પણ હું દાખલા સાથે કહેવા માગું છું કે એના લીધે શું મુશ્કેલી થઈ.

**અધ્યક્ષશ્રી** : નહીં, પણ પૉઈન્ટ ઑર્ડર શું છે આપનો?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ગઈ કાલે જે કહેવામાં આવ્યું કે આપણે વેટની અંદર માત્ર ૧ પૈસાનો વધારો કર્યો છે, ૪ પૈસાની બદલે ૧ પૈસો, વેટની અંદર સાડા બાવીસથી પચ્ચીસ ટકાનો વધારો થયો છે એ માત્ર આ બુકલૅટ ઉપરથી ખબર પડે છે.

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીયશ્રી અર્જુનભાઈ, આપ આપના પૉઈન્ટ ઑર્ડર ઉપર બોલતા હોત તો સૂચના આપવાનું સહેલું પડત. બાકીની બાબત અંદાજ પત્રની સામાન્ય ચર્ચામાં આપ લઈ શકો છો પરંતુ અત્યારે પ્રશ્ન એટલો જ છે કે આપનો પ્રશ્ન હું સમજ્યો છું ત્યાં સુધી કે જે સાહિત્ય ગઈ કાલે વહેચવામાં આવ્યું એમાં એક પુસ્તક ઓછું છે એમ તમારું કહેવું છે. હવે આ બાબતમાં હું તપાસ કરાવીને આપને જવાબ આપીશ. નેકસ્ટ. (અંતરાય) માનનીયશ્રી નીતિનભાઈ, હકીકત તો એ છે કે મેં કામકાજ સલાહકાર સમિતિનો અહેવાલ રજૂ કર્યો છે એ અહેવાલ ઉપરની ચર્ચા હતી ત્યાં પણ એમણે પૉઈન્ટ ઑફ ઑર્ડર રેઈઝ કર્યો એ પૉઈન્ટ ઑફ ઑર્ડર આજની જે કાર્યવાહી ચાલતી હતી એને લગતો ન હતો તેમ છતાં મેં એલાઉ કર્યો અને એ પછી મેં કાઢી નાંખ્યો છે, હવે એના ઉપર કોઈ ચર્ચાને અવકાશ નથી. હવે કામકાજ સલાહકાર સમિતિનો અહેવાલ હું વાચું છું. (અંતરાય) એ પણ પ્રશ્ન તમે ઉપસ્થિત કરી શક્યા હોત, પણ મેં જ્યારે કહ્યું કે હું કામકાજ સમિતિનો અહેવાલ રજૂ કરું છું. અને હું અહેવાલ વાચું છું ત્યારે મને એવું હતું તમે કામકાજ સલાહકાર સમિતિના અહેવાલ ઉપર કંઈક કહેવા માગો છો પણ આપે અંદાજ પત્રની વાત કરી અને અંદાજ પત્રના સાહિત્ય ઉપરની વાત કરી એટલે મેં કહ્યું કે અંદાજપત્ર પરનું કોઈ સાહિત્ય મોડું આવ્યું હોય તો એના ઉપરની કોઈ વાત હશે તો હું તમને કહીશ. હવે એવી કોઈ વાત હશે તો એની તપાસ કરીને આપણે બેસીને વાત કરીશું. (અંતરાય) અત્યારે અહીંયા ચર્ચા થાય એમાં કોઈ વાંધો નથી.

## કામકાજ સલાહકાર સમિતિના અહેવાલની રજૂઆત (ક્રમશ:)

**અધ્યક્ષશ્રી:** અત્યારે અહીંયા કામકાજ સલાહકાર સમિતિનો પહેલો અહેવાલ હું મૂકું છું. ૧૨મી ગુજરાત વિધાનસભાની કામકાજ સલાહકાર સમિતિનો પહેલો અહેવાલ

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો પહેલો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક રવિવાર, તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૦૮ના રોજ રાત્રે ૮-૦૦ વાગે સરકીટ હાઉસ, ગાંધીનગર ખાતે મળી હતી. સમિતિએ ગુરૂવાર તારીખ ૨૮-૨-૨૦૦૮ના રોજ સભાગૃહમાં હાથ ધરવાના સરકારી વિધેયકો સંબંધમાં વિચારણા કરી હતી.

ગુરૂવાર, તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૮ના રોજ નીચે દર્શાવ્યા મુજબના સરકારી વિધેયકો ચર્ચા માટે હાથ ધરવા અને જરૂર જણાય તો સભાગૃહની બેઠકનો સમય લંબાવીને પણ તેની વિચારણા પૂરી કરવા સમિતિ ભલામણ કરે છે.

(૧) સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૧૬ સન ૨૦૦૭નું ગુજરાત વ્યવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત વિધેયકની પુનઃ વિચારણા.

(૨) સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૨ સન ૨૦૦૮નું રજિસ્ટ્રેશન (ગુજરાત સુધારા) વિધેયક

(૩) સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૧૫ સન ૨૦૦૭નું ગુજરાત વ્યવસાયિક ટૅક્નીકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત વિધેયકની પુનઃ વિચારણા.

(૪) સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૩ - સન ૨૦૦૮નું ગુજરાત વિધાનસભા સભ્ય (ગેરલાયકાત નિવારણ) (સુધારા) વિધેયક

(૫)

## સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, "આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના પહેલા અહેવાલ સાથે સંમત થાય."

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો**

## રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ)

**અધ્યક્ષશ્રી** :રાજયપાલશ્રીના સંબોધન માટે તારીખ ૧૮મી જાન્યુઆરી, ૨૦૦૮ના રોજ માનનીય સભ્યશ્રી આત્મારામ પરમાર તરફથી જે આભાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે અને જેને માનનીય સભ્યશ્રી ડો. નીમાબેન આચાર્યએ અનુમોદન આપ્યું છે તે આ પ્રમાણે છે.

"રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો"

"અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

હવે માનનીય સભ્યશ્રીઓ પોતાના સુધારા એક પછી એક રજૂ કરે.

**શ્રી બ્રિજરાજસિંહ હે. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારો ક્રમાંક-૧ રજૂ કરું છું.

"રાજયમાં ઔદ્યોગિક વિકાસ હરણફાળ ભરી રહયો છે, ત્યારે નાના અને મધ્યમ ઉદ્યોગો, હાલ મોટી સંખ્યામાં મરણપથારીએ છે તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાંક:૧ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારો ક્રમાંક-૩ રજૂ કરું છું.

"રાજયના શહેરી ગરીબોના જીવનધોરણ સુધારવા ૧૩ હજાર કરોડ નિર્ધારીત કર્યા છે, પરંતુ ગ્રામીણ વિસ્તારના ગરીબોના જીવનધોરણ સુધારવા સરકારે શું આયોજન કરેલ છે, તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાંક:૩ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારો ક્રમાંક-૪ રજૂ કરું છું.

"રાજયના ૫૦ લાખ જેટલા શહેરી ગરીબોના જીવનધોરણ સુધારવા રૂા.૧૩ હજાર કરોડની શહેરી ગરીબ સમૃધ્ધિ યોજના નિર્ધારીત કરી છે, પરંતુ તેનો અમલ કયારથી કરવામાં આવશે., તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાંક:૪ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારો ક્રમાંક-૬ રજૂ કરું છું.

"વનબંધુ કલ્યાણ યોજના વ્દારા પાંચ લાખ કુટુંબોને રોજગારીની તકો વધારવા અને તે અન્વયે દર વર્ષે કેટલા બેરોજગારોને કયા કયા ક્ષેત્રમાં રોજગારી આપવામાં આવશે તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાંક:૬ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારો ક્રમાંક-૭ રજૂ કરું છું.
"અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, બક્ષી પંચની વિકસતી જાતિઓ અને વિકલાંગો માટેની શૈક્ષણિક સુવિધાઓ અંતર્ગત છાત્રાલયમાં અપાતી સુવિધા બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાંક:૭ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી બાબુભાઈ મ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારો ક્રમાંક-૯ રજૂ કરું છું.
"ગુજરાતની માથાદીઠ આવક પાંચ વર્ષ પહેલા રૂ. ૧૮,૨૦૦/-ની હતી, તે વધીને રૂ.૨૬,૫૪૩/- સુધી પહોંચી છે, પરંતુ છેલ્લા પાંચ વર્ષમાં માથાદીઠ દેવું કેટલું વધેલ છે, તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાંક:૯ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારો ક્રમાંક-૧૧ રજૂ કરું છું.
"પાવરલુમ ઉદ્યોગોને પૂરતી સહાય ન મળતાં મૃત:પ્રાય થતા જાય છે, આથી તેના વિકાસ માટે સરકારે લીધેલ પગલાનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાંક:૧૧ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારો ક્રમાંક-૧૨ રજૂ કરું છું.
"રાજયમાં વીજ ઉત્પાદન વધેલ છે, છતાં ખેડૂતોને પૂરતા પ્રમાણમાં વિદ્યુત આપી શકાતી નથી, તેમજ વીજ કાપથી ખેડૂતોના ઉભા પાક સુકાઈ જાય છે. તેથી ખેડૂતોને નિયમિત વીજ પુરવઠો મળી રહે, તે માટે કેવા પ્રકારનું આયોજન કરેલ છે, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાંક:૧૨ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારો ક્રમાંક-૧૩ રજૂ કરું છું.
"આગામી પાંચ વર્ષમાં ૧૫૦૦૦ મેગાવોટ વીજ ઉત્પદનના આયોજન સામે છેલ્લા વર્ષમાં ખરેખર કેટલું વીજ ઉત્પાદન થયું તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાંક:૧૩ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી બાવકુભાઈ ના. ઉંઘાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારો ક્રમાંક-૧૪ રજૂ કરું છું.
"કોર્ટોમાં વરસોથી પેન્ડીંગ કેસોના નિકાલ બાબતે સરકારે શું આયોજન કરેલ છે, તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાંક:૧૪ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી દીતાભાઈ ભી. મછાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક-૧૫ રજૂ કરું છું.
"ખુલ્લા બજારમાં ખાદ્યતેલ અને ઘઉંના પોષણમુલ્ય તત્વોની પૂર્તિ કરવા ફોર્ટીફીકેશન કરવામાં આવે છે, આ હેતુ માટે કરાવેલ નાણાકીય આયોજનનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાંક:૧૫ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી પરંજયાદિત્યસિંહજી કૃ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારો ક્રમાંક-૧૬ રજૂ કરું છું.
"ખાદ્યતેલનો સરકારે કયા ભાવે, કેટલો બફર સ્ટોક કરેલ તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાંક:૧૬ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારો ક્રમાંક-૧૭ રજૂ કરું છું.
"કુટીર અને ગ્રામોદ્યોગના વિકાસ માટે સ્વરોજગારી બેન્કેબલ યોજનામાં બેન્કો તરફથી ચૂકવાતી સહાયમાં પડતી હાલાકી દૂર કરવાની બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાંક:૧૭ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી કિરણકુમાર લ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારો ક્રમાંક-૧૮ રજૂ કરું છું.
"વીર શહીદોની યાદમાં વિરાંજલી વનનું અભિયાન હાથ ધરી ૧,૮૫,૭૦,૦૦૦ વૃક્ષોના કરેલ વાવેતર પૈકી હાલ કેટલા વૃક્ષો જીવંત છે અને તેની કાળજી રાખવા શું પ્રયાસો કરવામાં આવ્યા છે, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી"

**સુધારા ક્રમાંક:૧૮ રજૂ કરવામાં આવ્યો.**

## રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરના સુધારાની એકત્રિત યાદી

| અ.નં | સુધારો | રજૂ કરનાર સભ્યશ્રી |
|---|---|---|

| ૧. | ૨. | ૩. |
|---|---|---|
| | **પ્રસ્તાવના અંતે નીચેના શબ્દો ઉમેરવા:-** <br> **''પરંતુ દિલગીર છીએ કે -** | |
| ૧. | રાજયમાં ઔદ્યોગિક વિકાસ હરણફાળ ભરી રહયો છે, ત્યારે નાના અને મધ્યમ ઉદ્યોગો, હાલ મોટી સંખ્યામાં મરણપથારીએ છે તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી બ્રિજરાજસિંહ જાડેજા |
| * ૨. | રાજયમાં કૃષિ ઉત્પાદન ૯૦૦૦ કરોડથી વધીને ૩૪૦૦૦ કરોડનું થવા છતાં, ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે સરકારે કરેલ આયોજન અંગે પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | |
| ૩. | રાજયના શહેરી ગરીબોના જીવનધોરણ સુધારવા ૧૩ હજાર કરોડ નિર્ધારીત કર્યા છે, પરંતુ ગ્રામીણ વિસ્તારના ગરીબોના જીવનધોરણ સુધારવા સરકારે શું આયોજન કરેલ છે, તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી નિરંજનભાઈ પટેલ |
| ૪. | રાજયના ૫૦ લાખ જેટલા શહેરી ગરીબોના જીવનધોરણ સુધારવા રૂા.૧૩ હજાર કરોડની શહેરી ગરીબ સમૃધ્ધિ યોજના નિર્ધારીત કરી છે, પરંતુ તેનો અમલ કયારથી કરવામાં આવશે., તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી અમરસિંહ વસાવા |
| * ૫. | આંગણવાડી કાર્યકર બહેનોને માતા યશોદા પુરસ્કારથી સન્માનિત કરી છે, પરંતુ આ આંગણવાડી બહેનોની વર્ષો જુની પગાર માગણીઓ પડતરમાં છે, તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | |
| ૬. | વનબંધુ કલ્યાણ યોજના વ્દારા પાંચ લાખ કુટુંબોને રોજગારીની તકો વધારવા અને તે અન્વયે દર વર્ષ્ો કેટલા બેરોજગારોને કયા કયા ક્ષ્ોત્રમાં રોજગારી આપવામાં આવશે તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી જીતુભાઈ ચૌધરી |
| ૭. | અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, બક્ષી પંચની વિકસતી જાતિઓ અને વિકલાંગો માટેની શૈક્ષણિક સુવિધાઓ અંતર્ગત છાત્રાલયમાં અપાતી સુવિધા બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી અમીતભાઈ ચાવડા |
| * ૮. | રાજયના વિકાસ દરનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, પરંતુ વધતા જતા કુલ દેવાની રકમનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | |
| ૯. | ગુજરાતની માથાદીઠ આવક પાંચ વર્ષ પહેલા રૂ. ૧૮,૨૦૦/-ની હતી, તે વધીને રૂ.૨૬,૫૪૩/- સુધી પહોંચી છે, પરંતુ છેલ્લા પાંચ વર્ષમાં માથાદીઠ દેવું કેટલું વધેલ છે, તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી બાબુભાઈ શાહ |
| * ૧૦. | રાજયની બંધ પડેલ મીલોના કામદારોની બાકી રકમ ચુકવવામાં વિલંબ નિવારવા બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | |
| ૧૧. | પાવરલુમ ઉદ્યોગોને પૂરતી સહાય ન મળતાં મૃત:પ્રાય થતા જાય છે, આથી તેના વિકાસ માટે સરકારે લીધેલ પગલાનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી રામસિંહ પરમાર |
| ૧૨. | રાજયમાં વીજ ઉત્પાદન વધેલ છે, છતાં ખેડૂતોને પૂરતા પ્રમાણમાં વિદ્યુત આપી શકાતી નથી, તેમજ વીજ કાપથી ખેડૂતોના ઉભા પાક સુકાઈ જાય છે. તેથી ખેડૂતોને નિયમિત વીજ પુરવઠો મળી રહ, તે માટે કેવા પ્રકારનું આયોજન કરેલ છે, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી ખુમાનસિંહ ચૌહાણ |
| ૧૩. | આગામી પાંચ વર્ષમાં ૧૫૦૦૦ મેગાવોટ વીજ ઉત્પદનના આયોજન સામે છેલ્લા વર્ષમાં ખરેખર કેટલું વીજ ઉત્પાદન થયું તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| ૧૪. | કોર્ટોમાં વરસોથી પેન્ડીંગ કેસોના નિકાલ બાબતે સરકારે શું આયોજન કરેલ છે, તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી બાવકુભાઈ ઉંધાડ |
| ૧૫. | ખુલ્લા બજારમાં ખાદ્યતેલ અને ધઉંના પોષણમુલ્ય તત્વોની પૂર્તિ કરવા ફોર્ટીફીકેશન કરવામાં આવે છે, આ હેતુ માટે કરાવેલ નાણાકીય આયોજનનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી દિતાભાઈ મછાર |
| ૧૬. | ખાદ્યતેલનો સરકારે કયા ભાવે, કેટલો બફર સ્ટોક કરેલ તે બાબતનો પ્રવચનમાં | શ્રી પરાંજયાદિત્યસિંહજી |

| | | |
|---|---|---|
| | કોઈ ઉલ્લેખ નથી. | પરમાર |
| **૧૭.** | કુટીર અને ગ્રામોદ્યોગના વિકાસ માટે સ્વરોજગારી બેન્કેબલ યોજનામાં બેન્કો તરફથી ચુકવાતી સહાયમાં પડતી હાલાકી દુર કરવાની બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી જીતુભાઈ ચૌધરી |
| **૧૮.** | વીર શહીદોની યાદમાં વિરાંજલી વનનું અભિયાન હાથ ધરી ૧,૮૫,૭૦,૦૦૦ વૃક્ષોના કરેલ વાવેતર પૈકી હાલ કેટલા વૃક્ષો જીવંત છે અને તેની કાળજી રાખવા શું પ્રયાસો કરવામાં આવ્યા છે, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી કિરણકુમાર મકવાણા |

*** આ સુધારા સભાગૃહમાં રજૂ થઈ શકયા નહીં.**

**શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, નામદાર રાજયપાલશ્રીએ વિધાનસભા ગૃહમાં ઉપસ્થિત થઈને આ વિધાનસભાને સંબોધન કર્યુ. આ એક એવી પરંપરા છે કે જે રાજયની સ્થાપના થઈ ત્યારથી પ્રથમ ગવર્નર મહેંદી નવાબજંગ ત્યાર પછીના શ્રી નિત્યાનંદ કાનુન્ગો, શ્રીમન્ નારાયણ, શારદા મુખરજી, .(.અંતરાય) ભાઈ, તેનું કારણ એટલા માટે કે હું સ્વામિનારાયણમાંથી આવું છું એટલા માટે. પછી સુંદરસિંહ ભંડારી અને જેમણે આપની વચ્ચે ઉપસ્થિત રહીને આ સભાગૃહને સંબોધન કર્યુ એવા માનનીય નવલકિશોર શર્માજીએ આ હાઉસને સંબોધન કરીને એક ઉચ્ચ પરંપરા અને પ્રણાલીનું જતન કર્યુ છે.

નામદાર રાજયપાલશ્રીએ આ ગૃહને સંબોધન કર્યુ ત્યારે તેમના શબ્દો છે તે મારે યાદ અપાવવા છે. તેમના શબ્દો એ હતા કે તેમણે આ વિધાનગૃહને લોકશાહીનું મંદિર કહ્યું છે. હવે આપણે નક્કી કરવાનું છે લોકશાહીના મંદિરમાં જે લોકો બેઠા છે તે તેમના શબ્દોને કેટલાં સાર્થક કરે. મારે સાથે સાથે એ પણ કહેવું છે માનનીય રાજયપાલશ્રીએ પોતાના પ્રવચનમાં આ સરકાર આગામી વર્ષ દરમિયાન જે કંઈ કામગીરી કરવા માગે છે તેનો ઉલ્લેખ છે. સરકાર જે જે નવી યોજનાઓ લઈને આવી છે તેનો ઉલ્લેખ છે. માનનીય અધ્યક્ષશ્રીના પ્રવચનમાંથી આ ગુજરાતના આ વર્ષ માટેના છઠ્ઠીના લેખ લખાયા હોય એવું કહી શકાય. મારે જે વાત કરવી છે કે રાજયપાલશ્રીના પ્રવચનમાંથી જે હકીકતો આપણને જાણવા મળી છે તેમાં સરકારની જે યોજના છે સર્વ જન હિતાય, સર્વ જન સુખાય, સર્વ મંગલ્યે માંગલ્ય. આ સમગ્ર સમાજના તમામ વર્ગોના હિત અને કલ્યાણ માટેની યોજના, તેના વિકાસ માટેની યોજના રાજયપાલશ્રીના પ્રવચનમાંથી દેખાઈ આવે છે. મારે જે વાત કરવી છે આજે કે માનનીય અધ્યક્ષશ્રીના પ્રવચનમાંથી જે વિગતો આવે છે તેમાં જોઈ શકાય છે કે આગામી દિવસોમાં ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની જે સરકાર છે, માનનીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને આગેવાની હેઠળની જે સરકાર છે તે સરકારની દ્રઢતા, તે સરકારનું મજબૂત અને મક્કમ મનોબળ અને પારદર્શક સરકારની આગવી છબી તેમના પ્રવચનમાંથી આપણને દેખાઈ આવે છે. મારે જે વાત કરવી છે કે આ સરકારે રાજયપાલશ્રીના પ્રવચનમાંથી જે હકીકતો બહાર આવી છે કે આ સરકાર ગુજરાતને કઈ કક્ષાએ લઈ જવા માગે છે. વિકાસની એવી તીવ્ર અને ઉંચી ઉંચાઈએ લઈ જવા માગે છે કે એક સમૃદ્ધ ગુજરાતને સમૃદ્ધિ અપાવવા માગે છે. ગુજરાતને સલામતી અપાવવા માગે છે. ગુજરાતને સ્વાભિમાન આપવા માગે છે અને ગુજરાતને સમરસ બનાવવા માગે છે. મારે જે વાત કરવી છે ગુજરાતને સમગ્ર રાષ્ટ્રમાં નંબર વન પર જે અત્યારે આપણે જોઈ રહ્યાં છીએ તે જગ્યાએ વિકાસ રથને આગળ ધપાવવા માટેના જે પ્રયત્નો છે તેમાં જોઈ શકાય છે. (અંતરાય). તેને ટેવ છે બેઠા બેઠા બોલવાની. વાંધો નહીં. ઓ.કે. ગુજરાતનો સમતોલ વિકાસ થાય, સર્વાંગી વિકાસ થાય તે જ આ સરકારનું સ્વપ્ન છે. મારે વાત જે કરવી છે રાજયપાલશ્રીના પ્રવચનમાં જે ગયા વર્ષે સરકારની જે કામગીરી થઈ છે તે સરકારે જે કંઈ નક્કી કર્યુ તે કામગીરીનો પણ ઉલ્લેખ છે ત્યારે અમે જે કંઈ આ સરકારે કહ્યું છે તે કર્યુ છે. યાને કહા સો કિયા. રઘુકૂલ રીત સદા ચલી આઈ, પ્રાણ જાય પર વચન ન જાય. જે જે વચનો સરકારે આપ્યાં હતાં એ વચનોને પરિપૂર્ણ કરવા માટેના પ્રયનો કર્યા અને એટલા માટે જ મારે જે વાત કરવી છે કે ૧૨ મી વિધાનસભાના આપણે સૌ સભ્યશ્રીઓ છીએ, ૧૨ મી વિધાનસભાના આપણે સૌ સભ્યશ્રીઓ છીએ કે જેના માટે માનનીય રાજયપાલશ્રીએ લોકશાહીના મંદિરનો શબ્દપ્રયોગ કર્યો છે. આપણે એવા રાજપુરુષો છીએ કે મારી જે કલ્પના છે આ લોકશાહીના મંદિરમાં બેઠેલા ધારાસભ્યશ્રી માટેની કે ગુજરાતની આપણી ૨૧ મી સદીની શરૂઆત છે ત્યારે આપણે સૌ ગુજરાતના સૂત્રધાર બનીએ, આપણે સૌ ગુજરાતની પ્રગતિના ધરોહર બનીએ, આપણે સૌ ગુજરાત માટે પથદર્શક બનીએ, આપણે સૌ ગુજરાત માટે માર્ગદર્શક બનીએ, ગુજરાત માટે એને દોરનાર વિકાસની કેડી કંડારીને આદર્શ નેતૃત્વ પૂરું પાડીએ અને એ પ્રકારનું રાજકીય નેતૃત્વ અને એ પ્રકારના રાજપુરુષની કક્ષાએ આપણે હોઈએ તો મને લાગે છે કે માનનીય રાજયપાલશ્રીએ જે ગુજરાત વિધાનસભા માટે લોકશાહીના મંદિરનો શબ્દપ્રયોગ કર્યો છે એને યથાર્થ ઠરાવીએ અને એટલા માટે હું કહું છું કે જે મિત્રો અહીં બેઠા છે એ સમગ્ર ૫ વર્ષના શાસન દરમ્યાન હકારાત્મક અભિગમ કેળવે અને હકારાત્મક અભિગમ સ્થાપે તો ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતને જે ઉંચાઈને લઈ જવા માગે છે ત્યાંસુધી પહોંચવામાં આ ગૃહના સન્માનનીય સભ્યોનો સારો એવો હિસ્સો રહેશે એમ હું માનું છું. મારે એ વાત કરવી છે કે એમાં કોઈએ કાંઈ ગુમાવવાનું નથી,કદાચ વિરોધપક્ષના મિત્રોને ગુમાવવાનું થાય (અંતરાય)

**અધ્યક્ષશ્રી:** માનનીય આત્મારામભાઈ, મને સંબોધીને જ વાત કરો અને આપના પ્રવચનનો વિસ્તાર ના બદલો.

**શ્રી આત્મારાભાઈ મ. પરમાર:** આમાં કોઈએ કાંઈ ગુમાવવાનું નથી (અંતરાય) ગુજરાતની આ ચૂંટણી થયા પછી આ પહેલું સત્ર છે અને ગત ચૂંટણીના પરિણામોની અસર આમાં થોડીઘણી રહે. મારે જે વાત કરવી છે તે એ છે કે સમગ્ર ચૂંટણીની પ્રક્રિયા દરમ્યાન આ ગુજરાતની ગરિમાને લાંછન લગાડવાનો, ગુજરાતની ગરિમાને બગાડવાના પ્રયત્નો થયા છે, પરંતુ પરિસ્થિતિ હવે એવી થઈ છે અને એનો મારે એક દાખલો આપવો છે કે સામેથી ગુજરાતની પ્રજાને અનેક રીતે ગુમરાહ કરવાના પ્રયત્નો થયા, અહીંની નેતાગીરી ના ફાવે તો ઉપરથી લઈને આવ્યા અને ત્યાંથી લાવીને પણ ગુજરાતની પ્રજાને જે રીતે ગુમરાહ કરવાના પ્રયત્નો કર્યા છે તેમાં કયાંય પણ એમને સફળતા મળી નથી. મારે એક દાખલો એટલા માટે આપવો છે કે...(અંતરાય)

**અધ્યક્ષશ્રી:** માનનીય રામસિંહભાઈ, હું તમને અને તેમને પણ કહું છું, મેં તેમને પહેલાં પણ રોકયા હતા અને આપનો કહેવાનો વારો આવશે.

**શ્રી આત્મારાભાઈ મ. પરમાર:** મારે એક દાખલો એ આપવો છે કે પહેલાંના જમાનામાં એક રાજા બીજા રાજયના રાજા ઉપર હુમલો કરે ત્યારે ગઢનો દરવાજો તોડીને પછી જ ગઢમાં પ્રવેશ કરી શકાતો હતો.

**અધ્યક્ષશ્રી:** માનનીય આત્મારામભાઈ, મને સંબોધીને વાત કરો, રામસિંહભાઈ તરફ ધ્યાન ન આપો.

**શ્રી આત્મારામભાઈ મ. પરમાર:** આ ગઢનો દરવાજો તોડવા માટે સાંઢીયા રાખવા પડે, આ સાંઢીયા શબ્દ સારો ના લાગે તો હું સાંઢ શબ્દ વાપરું છું કે સાંઢ રાખવા પડે. હું આ વિધાનસભામાં છેલ્લા કેટલાક વખતથી બેઠેલો છું અને જોઉં છું કે આ એક પરંપરા રહી છે કે કોંગ્રેસ પક્ષ સત્તા વિના એક મિનિટ પણ ટકી શકે નહીં, સત્તા આગલા બારણેથી ના મળે તો પાછલા બારણેથી પણ એ મેળવવાનો પ્રયત્ન કરે એવી એમની માનસિકતા રહી છે. આવી તેમની માનસિકતા રહી છે ત્યારે મારે એ વાત કરવી છે કે આ દરવાજો તોડવો હોય તો એમને ખ્યાલ હતો કે....

ગુજરાતમાં નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી સરકાર, તેણે કરેલા પ્રજા હિતના કાર્યો, તેમણે કરેલા ગરીબો માટેના કાર્યો, તેમણે કરેલા વન બંધુ માટેના કાર્યો, તેણે કરેલ શહેરી ગરીબો માટેના વિકાસના કાર્યો, તે બધું જોયા પછી ગુજરાતની પ્રજા કયારેય એમની સાથે ચાલી શકવાની નથી, એટલા માટે હમણાં કહ્યું તેમ તેમને દરવાજો તોડવો હતો, પણ દરવાજો તોડવાની એમની તાકાત નહોતી, તેથી કેટલાક સાંઢ લઈ આવ્યા, અને પરિસ્થિતિ એવી થઈ કે એ સાંઢિયા પણ પતી ગયા અને તેઓ પણ પતી ગયા, ગુજરાતની પ્રજાએ આ બધાને વીણી વીણીને સાફ કરી નાખ્યા છે. અને દર્શાવી આપ્યું છે કે ગુજરાતની પ્રજા કોની સાથે છે. ગુજરાતની પ્રજા હંમેશા વિકાસની સાથે રહી છે, ગુજરાતનો ઈતિહાસ બોલે છે તમે જુઓ, ૧૯૯૫ થી ૧૯૯૮માં ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર હતી. પણ કોંગ્રેસને પેલો ઉંટનો લબડતો હોઠ જોઈને શિયાળ પાછળ પાછળ દોડે એ રીતે એમને જરા ખ્યાલ આવ્યો કે ગરબડ છે એટલે તરત જ આગળ થઈ જાય, અને તે રીતે તે વખતે સતાનો ખેલ આપણે બધાએ જોયો છે, એ વાતને આજે મારે એટલા માટે યાદ દેવડાવવી છે કે તે વખતે આ બધા ભેગા થઈ અને સરકાર બનાવી, પણ એ કજોડાની સરકાર હતી, અને કજોડું કયારેય લાંબુ ચાલ્યું નથી.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, તમારો સમય તમે જો બધાના વતી લેવાના હો તો ભાજપને ૧૫૪ મિનિટનો સમય આપેલો છે, તમારી ૧૨ મિનિટ થઈ ગઈ છે. એટલે બાકીના સભ્યોના સમયનો ખ્યાલ રાખજો.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારે વાત કરવી હતી તે જે સત્ય હકીકત છે તેનો ચિતાર તો આપવો પડે, અને તે વખતે જે પરિસ્થિતિ પેદા થઈ, અને બધા લડયા, તો જે લોકોની કાંધે બેસીને કોંગ્રેસ સત્તા સ્થાને બેઠી હતી, તેના કેટલા ચૂંટાયા? ચાર, ચાર જનાજો ઉંચકવા વાળા ચૂંટાયા, એક દોણી વાળો નહોતો ચૂંટાયો, પણ સાહેબ આ વખતે પરિસ્થિતિ એવી થઈ કે એક દોણી વાળો આવી ગયો પાછળ, એટલા માટે મારે ગુજરાતની પ્રજાની માનસિકતાની વાત કરવી છે. કે ગુજરાતની પ્રજાએ કયારેય દગાખોરોને સ્વીકાર્યા નથી. ગુજરાતની પ્રજાએ વિકાસની આડે આવનારાને કયારેય સ્વીકાર્યા નથી, અને આટલું કહ્યા પછી હું એમ કહીશ કે આજે ગુજરાતની જે પરિસ્થિતિ છે એમાં આપણે જોઈ શકીએ છીએ કે ગુજરાત આજે સમગ્ર દેશમાં ગ્રોથ એન્જિન કહી શકાય તે પ્રકારનો આર્થિક વિકાસની જે પ્રક્રિયા છે તે પ્રક્રિયામાં આપણે અગ્ર ક્રમે છીએ. રિઝર્વ બેંકના આંકડાઓની વાત કરીએ, રાજીવ ગાંધી ફાઉન્ડેશનની વાત કરીએ, કેન્દ્ર સરકારના એવોર્ડની વાત કરીએ, ૨૧ મુદ્દાના કાર્યક્રમના અમલીકરણ માટેની યોજના છે તેના માટેના કેન્દ્ર સરકારનો રિપોર્ટ છે તેની વાત કરીએ તો તમામ રીતે આજે ગુજરાત સમગ્ર રાષ્ટ્રમાં નંબર વન છે. અને તેનો યશ કોઈને પણ ફાળે જતો હોય તો આ ગૃહના નેતૃત્વ કરનારા માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને તેનો યશ જાય છે. મારે એ જ વાત કરવી છે કે ઘ ણીવાર પરિસ્થિતિ એવી થાય છે કે આપણે એવું ઈચ્છીએ કે ગુજરાત નંબર વન આવે, પણ આ તો સાહેબ આ બધાની માનસિકતા એવી છે કે અમારા ખંભે બેસીને નંબર વન આવે, સાહેબ અમે ઘણીવાર કહીએ છીએ કે, અમને તો ગુજરાતના વિકાસમાં રસ છે. આજે પણ જોઈ શકીએ છીએ કે ગુજરાત તમામ રીતે નંબર વન છે, ગઈકાલે અમારા માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ બજેટ રજૂ કર્યુ, બજેટની જે સંપૂર્ણ દિશા છે તે દિશા ગુજરાતના વિકાસ માટેની છે. મારે વાત કરવી છે કે અત્યારે માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાંથી જે વિગતો બહાર આવી છે સભાગૃહના સંબોધન વિના, એમાં કન્યા કેળવણી હોય, પ્રવેશ ઉત્સવ હોય, મારે વાત એટલા માટે

કરવી છે કે ગુજરાતને એક એવો પહેલો મુખ્ય મંત્રી મળ્યો છે કે જેમણે ગરીબ દીકરીઓના શિક્ષણની ચિંતા કરી છે. ગામડાની દીકરીઓને ભણાવવાની ચિંતા કરી છે, અને ત્યાંસુધી કે એમને જે કંઈ ભેટ સોગાદોની રકમ મળતી હતી તે રકમ પણ એ આ ગરીબ દીકરીઓ માટે કન્યા કેળવણીમાં આપીને સમગ્ર રાષ્ટ્રમાં એક જબરજસ્ત દાખલો ગુજરાતના મુખ્ય મંત્રીશ્રીએ પૂરો પાડયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એટલું જ કહીશ કે આ શાસનમાં અનેક પ્રકારની કામગીરીઓ થઈ છે. બેટી બચાવો અભિયાન પણ શરૂ થયું, પ્રવેશોત્સવની ચર્ચા કરીએ ત્યારે મને એમ થાય છે કે પ્રવેશોત્સવની પરિસ્થિતિ છે એમાં ડ્રોપ આઉટ રેશિયો ઘટ્યો છે. ફક્ત ત્રણ પૉઈન્ટ જેટલો જ રહ્યો છે. પ્રવેશોત્સવમાં આપણે સો ટકાએ પહોંચ્યા છીએ ત્યારે મને ઘણી વખત ખ્યાલ આવે છે કે આ ૫૦-૫૦ વર્ષ સુધી સામી પાટલીવાળા સત્તામાં બેઠા હતા ત્યારે એમના મનમાં આવો વિચાર તે વખતે આવ્યો હોત કે આ રીતે બધાને સાક્ષર કરવા જોઈએ તો ગુજરાતમાં અભણતાનું પ્રમાણ રહેત નહિ. આ બજૅટમાં અનેક બાબતો માટે જોગવાઈ કરવામાં આવી છે. વનબંધુ યોજના, સાગર ખેડૂ યોજના, જયોતિગ્રામ યોજના, સમરસ ગ્રામ યોજના આવી તો અનેક યોજનાઓ છે. મારે ખાસ કરીને આ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં સૌરાષ્ટ્રમાં અમારી જે સમસ્યા હતી એમાં ખાસ તો પાણીની ખૂબ મોટી સમસ્યા હતી. આજે સૌરાષ્ટ્રની ગામડાંની મા-બહેનોના અમારી સરકાર ઉપર આર્શીવાદ ઊતર્યા છે. પાણી આપવાનું સારામાં સારું કામ કર્યુ છે એના લીધે સૌરાષ્ટ્રની પ્રજાના આર્શીવાદ આ સરકાર ઉપર ચોક્કસ ઊતરશે. આ સરકાર દ્વારા પ્રજા હિતના કાર્યો થઈ રહ્યા છે અને આગામી દિવસોમાં ગુજરાત શાંત, સલામત અને પ્રગતિશીલ રહે તેવી આપણે સૌ અપેક્ષા રાખીએ અને આ પ્રસ્તાવ સાથે બધા સહમત થાય અને આપણે રાજયપાલશ્રીને આભાર માનતો પ્રસ્તાવ મોકલીએ એટલી હું સૌને વિનંતી કરું છું.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય(અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૨મી વિધાનસભાના જન પ્રતિનિધિ તરીકે સર્વે પ્રતિનિધિઓને હું હ્રદયપૂર્વક અભિનંદન આપું છું.

મહામહીમ આદરણીય માનનીય રાજયપાલશ્રીના ખૂબ જ પ્રભાવશાળી સંબોધન ઉપર આભાર પ્રસ્તાવ ઉપર મને બોલવાની તક મળી એટલા માટે હું મારી જાતને સૌભાગ્યવાન ગણું છું. દેશમાં રાષ્ટ્ર ભકતો ખૂબ જ ચિંતિત હતા પરિસ્થિતિ એટલી ખરાબ હતી કે ચારેય બાજુ ધર્મવાદ, કોમવાદ ભ્રષ્ટાચાર આ બધાની વચ્ચે દેશનો વિકાસ કઈ રીતે થશે એની ચિંતા અને તેવા સમયે આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતનું સુકાન સંભાળ્યું અને રાજયમાં એક નવી આશાનો સંચાર કર્યો. મન હોય તો માળવે જવાય. એજ રાજકારણીઓ, એજ અધિકારીઓ, એ જ પ્રજા અને એજ કાયદાઓની સાથે એક દ્રઢ નિર્ધાર કર્યો. માનનીય નરેન્દ્રભાઈએ સ્વામી વિવેકાનંદ જેવો અડગ નિર્ધાર કર્યો, અથાગ પરિશ્રમ કરીને, અથાગ પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. તેઓએ દિવસના ૧૫ થી ૨૦ કલાક કામ કરીને એક જબરજસ્ત ક્રાંતિનું ગુજરાતમાં તેઓએ સર્જન કર્યુ જે આજે આપણે જોઈ શકીએ છીએ. ગુજરાતનો એક જબરજસ્ત વિકાસ કર્યો જેની નોંધ સમગ્ર દેશ અને વિદેશના લોકોએ લીધી છે. આજે ગુજરાતને આપણે એવા સ્થાને મૂકી દીધું છે કે દેશના લોકો પણ ગુજરાતના વિકાસમાંથી પ્રેરણા લઈ રહ્યા છે ત્યારે ગુજરાતની પ્રજા માટે ચોક્કસ કહીશ કે ગુજરાતની પ્રજા બુદ્ધિશાળી છે, હોંશિયાર છે, વિચક્ષણ છે કે કોઈપણ વસ્તુને ધ્યાનમાં લીધા વગર ગત પાંચ વર્ષના વિકાસને ધ્યાને લઈને એને નજર સમક્ષ રાખીને ગુજરાતને પ્રજાએ ઐતિહાસિક ચૂંટણીઓના જંગમાં પોતાનું અનુમોદન આપ્યું છે, પ્રગતિના વિચારોને અનુમોદન આપ્યું એના લીધે ખરેખર આપણી વિકાસ માટેની યાત્રા છે એ ફરી વખત વેગવાન બનશે.

વધુ તેજ રફતાર સાથે આગળ વધશે. મને ખરેખર એ કહેતાં ખૂબ આનંદ થાય છે કે ગુજરાત જે રીતે પ્રગતિ કરી રહ્યું છે અને જે રીતે સુવર્ણકાળમાં પ્રવેશી ચૂક્યું છે એ રીતે આજે ગુજરાતને નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં પ્રથમ નંબરનું સ્થાન પ્રાપ્ત કરાવ્યું છે અને એથી વિશેષ આગળ વાત કરું તો ગુજરાત વિશ્વના વિકાસશીલ દેશોની હરોળમાં ઉભું રહી ગયું છે. આટલો બધો આપણા દેશ અને રાજયનો વિકાસ થયો છે. હું એમ કહીશ કે ૨૦૧૦માં આપણે જે સુવર્ણજયંતિ ઉજવી રહ્યા છીએ અને આપણે અહીં બિરાજેલા તમામ સભ્યશ્રીઓને આ ગૌરવ પ્રાપ્ત થવાનું છે ત્યારે મારી સર્વને વિનંતી છે કે આ વિકાસ યાત્રામાં હકારાત્મક અભિગમ સાથે આપણે બધા જોડાઈએ અને ગુજરાતના ભવ્ય ભવિષ્યકાળનું આપણે નિર્માણ કરીએ. મુખ્યમંત્રીશ્રીની ઇચ્છા છે કે ગુજરાતને સાચા અર્થમાં સુવર્ણકાળમાં પ્રવેશ આપીને પ્રજાને એ સુવર્ણયુગના દર્શન કરાવીએ. હું આપને કહીશ કે જે વૃદ્ધિદર આપણે હાંસલ કર્યો છે, દેશનો સૌથી વધુ વૃદ્ધિદર ૧૦.૦૨ ટકાનો વૃદ્ધિદર આપણે હાંસલ કર્યો છે અને આગામી પંચવર્ષીય યોજનામાં આપણે ૧૧.૨ ટકાનો વૃદ્ધિદર હાંસલ કરવાનો છે અને ઔદ્યોગિક ક્ષેત્રે ૧૪ ટકાનો વૃદ્ધિદર આપણે સ્વીકાર્યો છે. આ દેશમાં સૌથી વિશેષ છે અને ખૂબ જ વધારે છે. ત્યારે આપણે બધા ભેગા થઈને વિકાસ યાત્રામાં કામ કરીએ અને જે વિકાસ થયો છે, ગત પાંચ વર્ષમાં વિકાસ થયો છે તેના આંકડા બોલે છે. માથાદીઠ આવક ૨૦૦૨ પહેલાં ૧૮,૨૦૦ હતી, તે આજે માથાદીઠ આવક ૨૦૦૭ સુધીમાં ૨૬,૫૪૩ થઈ છે. એ જ બતાવે છે કે વિકાસના ફળ લોકોના ઘર સુધી પહોંચ્યા છે. લોકોના આંગણા સુધી પહોંચ્યા છે. જે રીતે વિકાસ થયો છે તે રીતે હું વાત કરીશ સરદાર સરોવર યોજનાની. સરદાર સરોવર યોજના ૨૦૦૧ સુધીનો કુલ ખર્ચ ૧૦,૯૭૮ કરોડ રૂપિયા હતો. જે ૨૦૦૨થી ૨૦૦૭ સુધીમાં આ ખર્ચ ૧૧,૨૦૮ કરોડ રૂપિયા કરવામાં આવ્યો છે. એ બતાવે છે કે નર્મદા યોજનામાં કેવી જબરજસ્ત પ્રગતિ થઈ છે. ૧૨૨ મીટરની હાઈટ સુધી લઈ જવા માટે અનેક અવરોધો આવ્યા હોવા

છતાં પણ એ બધાંને પાર કરીને આપણે નર્મદાના વિકાસના જે કામો કર્યા છે તેમાં ૧૪૫૦ મેગાવોટ વીજળીનું ઉત્પાદન, ૪૫૮ કિલોમીટર મુખ્ય નહેર, ૧૭,૩૫૫ કિલોમીટરની પેટા નહેરનાં કામો પૂર્ણ થયેલ છે. કચ્છ અને સૌરાષ્ટ્રના દુર્ગમ ગામડાંઓ સુધી આપણે પીવાનું પાણી ૧૮૬૧ કિલોમીટરની લાંબી પાઈપ લાઈન દ્વારા પૂરું પાડ્યું છે. બહુ મોટી સિદ્ધિ આપણે નર્મદાના ક્ષેત્રે હાંસલ કરી છે. બધી તમે વાતો કરશો તો વાતોનો ઈતિહાસ કહીએ તો લાંબો થઈ જશે. (અંતરાય) પાંચ વર્ષના આંકડા બોલે છે કે આપણે કેટલું કામ કર્યું છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય નીમાબેન, તમે તેમને સંબોધીને નહીં, મને સંબોધીને કહો. નહીં તો ટ્રેક ચેન્જ થઈ જશે. કોઈ ટ્રેક ચેન્જ ન કરો.

**ડો. નીમાબેન બી. આચાર્ય** : જી, જી. માનનીય અધ્યક્ષશ્રી, જળ સંચયક્ષેત્રે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : સોરી, સોરી, અર્જુનભાઈ, પ્લીઝ, આપ બેસી જાવ, આપના વખતે કહેજો. (અંતરાય) એનું આપને દુઃખ હોય તો મને ખબર નથી.

**શ્રીમતી નીમાબેન ભા. આચાર્ય** : જળસંચય ક્ષેત્રે ૬૦,૦૦૦ ચેકડેમો અને ૧૫,૦૦૦ તળાવોની વ્યવસ્થા કરી છે. જેના લીધે જમીનના પાણીના તળ ઊંચા આવ્યા અને તેના લીધે આપણો ખેડૂત સમૃદ્ધ થયો છે. ખેતી વધી છે. તેની સાથે સાથે કૃષિરથનું આયોજન કરીને સતત ત્રણ વર્ષ સુધી ગામડે ગામડે કૃષિરથ પહોંચાડ્યો છે. આદરણીય મુખ્યમંત્રીશ્રીની સાથે તમામ અધિકારીઓ, આઈ.એ.એસ. અધિકારીઓ હોય, આઈ.પી.એસ. અધિકારીઓ હોય, તમામ ધારાસભ્યો, કાર્યકર્તાઓ, સર્વ લોકોએ ગામડે ગામડે સાથે જઈને વૈજ્ઞાનિક પદ્ધતિથી કેવી રીતે ખેતી થાય તેની સમજણ ખેડૂતોને આપી. ખેડૂતોમાં જાગૃતિ લાવ્યા અને તેના લીધે કૃષિ ક્ષેત્રે એટલો જબરજસ્ત વિકાસ થયો. કૃષિ ક્ષેત્રે રૂ.૯૦૦૦/- કરોડની જે આવક હતી એ વધીને રૂ.૩૪૦૦૦/- કરોડની થઈ આ સિદ્ધિ બતાવે છે અને એની સાથે હું આપને કહું કે, વાઈબ્રન્ટ ગુજરાત, આ કોઈ ગામડાની સમૃદ્ધિની વાત કે ગામડાના વિકાસની વાત અને ખેડૂતોના વિકાસની વાત સાથોસાથ વાઈબ્રન્ટ ગુજરાત દ્વારા ઔદ્યોગિક ક્ષેત્રે જે ક્રાંતિ લાવવામાં આવી છે એની આખા વિશ્વે નોંધ લીધી છે. વાઈબ્રન્ટ ગુજરાતમાં સાડા આઠ હજાર કરોડ રૂપિયાના એમ.ઓ.યુ થયા છે અને એમાંથી ૮૦ % ઉદ્યોગોના કામ ચાલુ થઈ ગયા છે અને બાકીના ઉદ્યોગો પાઈપલાઈનમાં છે અને વાઈબ્રન્ટ ગુજરાત દ્વારા જે ઔદ્યોગિક ક્રાંતિ થઈ એ ઔદ્યોગિક ક્રાંતિના કારણે આપણા રાજયને નંબર વનનું સ્થાન પ્રાપ્ત થયું અને રિઝર્વ બેંકે આ નંબર વનનું સ્થાન આપ્યું છે અને એ આપણા માટે ખૂબ ગૌરવની વાત છે. આ ઔદ્યોગિક ક્રાંતિને લીધે તેર લાખ જેટલી રોજગારી પ્રાપ્ત થવાની છે, તેર લાખ જેટલા યુવાનોને રોજગારી આપી શકવાના છીએ. એ યુવાનોને તાલીમબદ્ધ કરવા માટે એની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. કેટલીક આઈ.ટી.આઈ. કૉલેજોમાં ઉદ્યોગોને અનુરૂપ અભ્યાસક્રમો દ્વારા યુવાનોને તૈયાર કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જા ક્ષેત્રે જબરજસ્ત પ્રગતિ થઈ છે. ૬૨૬ કરોડની ખોટ હતી એમાંથી ૨૨૦ કરોડનો નફો પ્રાપ્ત કર્યો છે. ૨૪૫૬ મેગાવોટનું ઉત્પાદન વધ્યું છે અને આવતા પાંચ વર્ષમાં ૧૫૦૦૦ મેગાવોટનો વધારો થવાનો છે. જયોતિગ્રામ યોજના હેઠળ ૧૦૦૦ દિવસમાં ૧૮૦૦૦ ગામડાઓને ૨૪ કલાક થ્રી ફેઈઝ વીજળી આપવામાં આપીને ઝળહળતા કર્યા છે. અને ગુજરાત પૅટ્રોલિયમ હબ બનવા જઈ રહ્યું છે, ત્યારે મારી માનનીય વિરોધપક્ષના સભ્યશ્રીઓને વિનંતી છે કે, જે રીતે ગુજરાતનો વિકાસ થઈ રહ્યો છે એ રીતે તમે પણ આની અંદર સાથ આપો અને ગુજરાતના અનેક પેન્ડીંગ પ્રશ્નો છે, લગભગ ૧૫૦થી વધારે પ્રશ્નો કેન્દ્ર સરકાર સમક્ષ પડતર છે એ પ્રશ્નોને તાત્કાલિક ઉકેલી અને ૨૦૧૦ સુધીમાં આપણે સુવર્ણયુગમાં પ્રવેશ કરીને જબરજસ્ત રીતે સુવર્ણ જયંતિની ઉજવણી કરીએ એવી મારી સર્વેને મારી વિનંતી છે અને મહિલા અને બાળ વિકાસમાં જબરજસ્ત પ્રગતિ થઈ છે. (સમયસૂચક ઘંટડી) મારે બે જ વાત કરવાની છે. ચિરંજીવ યોજના વિશે વાત કરું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી આપ જેટલું લાંબું બોલશો એટલું આપની પાછળના સભ્યો નહીં બોલી શકે. આપના દંડકે આપને જેટલી મિનિટો ફાળવી છે એ પૂરી થાય છે. બીજી ચર્ચાની અંદર બીજી વાત કરજો. માનનીય શકિતસિંહજી...

**શ્રી શક્તિસિંહ હ. ગોહીલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આત્મારામભાઈ, મારા મિત્ર, મારા જિલ્લાના પ્રતિનિધિ, ઊંટ બનીને, સત્તાની, ઘણી વાતો કરી, હું સમજી શકું, માનનીય ફકીરભાઈ, માનનીય મંત્રીશ્રી...

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

### અસંસદીય શબ્દ રદ કરવા બાબત

**શ્રી નીતિનભાઈ ર. પટેલ**:માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. એમણે માનનીય આત્મારામભાઈને ઊંટ બનીને વાતો કરી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહીલ** : અરે મેં એમને કયાં ઊંટ કહ્યું છે. આ મારી મિનિટોમાં નહીં ગણાય. એટલી જ વિનંતી છે. બિનજરૂરી વાત ઉભી કરી છે. આ મારી મિનિટોમાં નહીં ગણાય.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : ના સાહેબ, માનનીય શકિતસિંહજી બોલ્યા કે આત્મારામભાઈ ઊંટ બનીને વાતો કરી છે. સાહેબ, આપ તપાસી લો, સાહેબ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહીલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો રેકર્ડ મંગાવવામાં આવે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, હાલ જ રેકર્ડ મંગાવવામાં આવે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહીલ** : હા, રેકર્ડ મંગાવવામાં આવે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, રાઈટ સર, હાલ જ મંગાવી લો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહીલ** : મારો રેકર્ડ જોવામાં આવે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહીલ** : આ બિનજરૂરી મિનિટો છે એ એમના ફાળે ગણાશે.

**અધ્યક્ષશ્રી** : શકિતસિંહજી આપ તો સિનિયર સભ્ય છો. શકિતસિંહજી આપને તો સંસદીય બાબતોનો અનુભવ છે. આપે આત્મારામભાઈના શબ્દો લઈને શરૂ કરવાનું ન હોય. આપને તો આપના શબ્દોથી શરૂ કરવાનું હોય.

**શ્રી શક્તિસિંહ હ. ગોહીલ** : માનનીય અધ્યક્ષશ્રી, મુવ ઑફ ધ રીઝોલ્યુશનના શબ્દોથી શરૂઆત કરવી પડે? અને માનનીય સભ્યશ્રી જેમણે આ આભાર પ્રસ્તાવ મુવ કર્યો છે એમણે જે શબ્દો બોલ્યા, એમનું એમાં નામ છે એનાથી મેં શરૂઆત કરી. માનનીય આત્મારામભાઈના પ્રસ્તાવને માનનીય નીમાબેને સમર્થન આપ્યું. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીમાબેનના શબ્દો હતા, જે વાણી, જે જુસ્સો હતો, મને ૧૯૯૦ થી ૧૯૯૫ના દિવસોની યાદ આવી ગયા. માનનીય સભ્યશ્રીએ જે ભાષા અને જે બિરદાવલિ કહેતા હતા, કોંગ્રેસના મુખ્યમંત્રીશ્રી માનનીય શ્રી ચીમનભાઈ પટેલ અને કોંગ્રેસના મુખ્યમંત્રીશ્રી છબીલદાસ મહેતા અને કોંગ્રેસની સરકાર માટે માનનીય સભ્યશ્રીએ આ જ શબ્દો, આજ જુસ્સો, આવો જ પ્રેમ, આવી જ જનતાની વાત, આવી જ વિશ્વાસની વાત માનનીય સભ્યશ્રી ૧૯૯૦થી ૧૯૯૫ સુધી જે ગાથા ગાઈ હતી, એ દિવસોને મને એમણે યાદ કરાવ્યા. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આત્મારામભાઈ કહેતા હતા કે જીતીને આવ્યા છીએ. મતો લઈને આવ્યા છીએ, ચૂંટાઈને આવ્યા છીએ, જીતીને આવ્યા છીએ. મારે અને આત્મારામભાઈએ બંનેએ યાદ કરવું પડે કે આપણે હાર્યા પણ છીએ. ખરાબ રીતે હાર્યા છીએ. સામે પવને તો હરાય પણ પવન તરફેણમાં હોય ત્યારે હાર્યા છીએ અને જીત્યા છીએ ત્યારે અપેક્ષાઓ હોય, જાહેર જીવનમાં પણ અપેક્ષાઓ લઈને આવીએ એ હું સમજી શકું. આ વખતે માનનીય ફકીરભાઈ કદાચ ન ચૂંટાયા હોત તો માનનીય આત્મારામભાઈ મંત્રી હોત. માનનીય અધ્યક્ષશ્રી, તકદીરના ખેલ છે. ઉંટ બનવાનો સવાલ પ્રસ્તાવને લેવાદેવા નથી. હું સમજી શકું વ્યથા, દુખાવો પારખી શકું છું કારણ કે હું એમના જેમ એ જ જિલ્લાનો વતની છું. સમાજની વચ્ચે રહેનારો માણસ છું. મતો એ જ પેરામીટર નથી. માનનીય અધ્યક્ષશ્રી, હું જીતીને આવ્યો અને હું અહમ કરું કે હું જીત્યો છું. હીટલરને ૧૦ વર્ષ સુધી ૮૯ ટકા મતો મળ્યા હતા. ૧૦ વર્ષ શું આપણે એ પેરામીટર મૂકીશું કે આ મહાન લોકશાહીનો પૂજારી મળ્યો હતો. એટલે મતો મળ્યા હતા. ૧૦ વર્ષ પછી એ માણસે સુસાઈડ કરવો પડયો હતો અસત્યના દસકા અને સત્યની સદી હું જીત્યો એટલે હું સિકંદર, માનનીય અધ્યક્ષશ્રી, એવું નથી. એક ગરીબ માણસ નાની દુકાન લઈને બેઠો હોય કે મોટો વેપારી મોટી દુકાન લઈને બેઠો હોય, દુકાનના ઓટલે ચડે છે ત્યારે ઓટલાને એ નમન કરે છે કે આ મારી રોજી છે. આ મારી આસ્થા છે. આ મારું જીવનનિર્વાહનું સાધન છે. એક ગરીબ માણસ બુટપોલીસ કરતો હોયને એ નાનો ઘોડો મૂકે એને પણ નમન કરે છે કે આ મારી રોજી છે. આ મારી આસ્થા છે. એ જ રીતે હું આજે ચૂંટાઈને આવ્યો, આપણે સૌ આ ગૃહમાં ચૂંટાઈને આવ્યા હોય એ આપણે નમન કરવું પડે ગુજરાતની જનતાને કે એ જનતા છે, એનો પ્રેમ છે એના મત છે તો આપણે આ એરકન્ડીશન ગૃહમાં આ વૈભવી ઠાઠ ભોગવીએ છીએ. કોઈ એમ કહે કે હું તો બહુ સરકારનું નથી વાપરતો, મને તો મારા મિત્રો વ્યવસ્થા કરી આપે છે. અરે એ મિત્રો એટલા માટે વ્યવસ્થા કરે છે કારણ કે આપ સત્તામાં છો. આપના પાસે પાવર છે. પાવર હટશે ત્યારે ખબર પડશે કે આ મિત્રો એમનેમ નથી કરતા. જે મિત્રો મદદ કરે છે એ મદદનું લેણું ઘણુંબધું લઈ લે છે. માનનીય અધ્યક્ષશ્રી, મને વિશ્વાસ છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી એમની ચેમ્બરમાં બેસીને પણ મારું પ્રવચન ધ્યાનથી સાંભળતા હશે. પ્રણાલિકા તો એ છે, માનનીય અધ્યક્ષશ્રી, વિવેક તો એ છે, આ ગુજરાતની વિધાનસભાનો ઈતિહાસ તો એ છે કે જ્યારે વિરોધપક્ષના નેતા બોલે , ગૃહના નેતા સામે બેસે, એક પ્રેમનો ભાવ, એક સંસ્કારિતા, એક આદર, એક સંસ્કૃતિ, એક આ વિધાનસભાની પરંપરા છે એ તૂટે છે. પરંપરાઓ તૂટે છે.

**અધ્યક્ષશ્રી** : આપણે કોઈને આ રીતે.. ..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : નહીં નહીં હું તો કયાં કોઈને ..

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ બધા શબ્દો રેકર્ડ ઉપરથી કાઢી નાખવા જોઈએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ બધા શબ્દો, પ્રણાલિકાઓના પુસ્તકમાં લખ્યું છે કે વિરોધપક્ષના નેતા બોલે છે ત્યારે મુખ્યમંત્રીશ્રી બેસે છે અને આભાર પ્રસ્તાવ ઉપરનો જવાબ મુખ્યમંત્રીશ્રી આપે છે. હું આપના આપેલા પુસ્તકને ક્વોટ કરું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહજી આપણે ત્યાં પરંપરાઓ રહી છે કે કોણે હાજર રહેવું, કોણે ના રહેવું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : I am not asking you to compel him to remain present. I am expressing my feeling.

**અધ્યક્ષશ્રી** : હું ઉભો છું આપ બેસી જાવ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : I am expressing my feeling.

**અધ્યક્ષશ્રી** : You can, you can. પણ આપણા ત્યાં એ પરંપરા રહી છે. આપ જે આગ્રહ રાખો એ રાખી શકાય નહીં. કોઈપણ મંત્રીશ્રી , મુખ્યમંત્રીશ્રી હોય.. ..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : I am not asking you compel him. Compel કરવા માટે હું કયાં આગ્રહ રાખુ છું.

**અધ્યક્ષશ્રી** : આપણા ત્યાં પરંપરા આ રહી છે. આપ આપનું પ્રવચન કરો ત્યારે બીજાએ હાજર રહેવું એ પરંપરા નથી. રહેવું હોય તો રહે અને સાંભળે એ કહેવાની જરૂર નથી. આપ આપની વાત કરો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહીલ :** હું કમ્પેલ નથી કરતો. હું તો આ વિધાનસભાની પરંપરાઓ આપના માધ્યમથી ગૃહના રેકર્ડ ઉપર મૂકું છું કે આ સંસદીય પ્રણાલિકાઓના પુસ્તકમાં આમ લખ્યું છે. આ હું નથી કહેતો. આ શબ્દો પ્રણાલિકાઓનું પુસ્તક કહે છે. હવે આવતા દિવસોમાં કહેવાશે કે આ પ્રણાલિકા તુટી હતી. એમ પણ કહેવાશે જ્યારે નવું પુસ્તક લખાશે. જ્યારે આ સચિવશ્રી નિવૃત્ત થશે ત્યારે એ પુસ્તક લખશે, આપ લખશો. આપ અધ્યક્ષ તરીકે મારા વિશે પણ લખશો, આ પ્રણાલિકા અમે પ્રસ્થાપિત કરીએ છીએ. આપ તો એના સાક્ષી છો. હું એ કહેતો હતો કે નાનામાં નાનો માણસ છે એ પણ એનો વિવેક નથી ચૂકતો. બૂટ પોલિશ કરનાર છોકરો પણ એના ઘોડાને સલામ કરે છે. અમારે મન ચિંતા શેની હોવી જોઈએ. અમારે મન ચિંતા ગુજરાતના હિતની હોવી જોઈએ. વિરોધ પક્ષ તરીકે અમારી ભૂમિકા, મારી અને મારા પક્ષના સભ્યશ્રીઓની ગુજરાતનું હિત થતું હશે, આવી ગુજરાતની સુવર્ણ જયંતી ઉજવાતી હશે, વ્યકિતની પ્રસિદ્ધિ માટે નહીં, ગુજરાતના હિત અને ગુજરાતની પ્રસિદ્ધિ માટે ત્યારે અમારું સમર્થન હશે. પાંચ કરોડ નહિ, ૫૦ કરોડ વાપરો ગુજરાતનું ગૌરવ પ્રસ્થાપિત કરવા માટે. પણ વ્યકિતના ગૌરવ માટે હશે ત્યારે અમારે બોલવું પડશે, ત્યારે અમે વિરોધીની ભૂમિકા ભજવીશું મારે એ કહેવું છે.

આ સરકાર જ્યારે રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવની વાત લઈને આવી છે ત્યારે મારે કહેવું જોઈએ કે કોઈ નાનામાં નાનું કામ હોય છે ત્યારે આપણે ત્યાં પરિપત્રો થયા છે. માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ જાગૃત છે. નાણા વિભાગ જ આ પરિપત્રો કરે છે કે નાનામાં નાનું કામ કરવું હોય તો એના ટેન્ડરો બહાર પાડવા પડે છે. ટેન્ડર વગર કામ ન અપાય. કર્મયોગી પ્રોજૅકટ બહાર પડ્યો. ૧૨.૫૦ કરોડનો પ્રોજૅકટ. ટેન્ડર બહાર પડ્યું નહીં, ૧૨.૫૦ કરોડનું ટેન્ડર નહીં. આ કામ આઈ.એલ.એફ.એસ. નામની કંપનીને આપવામાં આવે છે. વાતો ગુજરાતીની કરવી પણ મોટા કોન્ટ્રાકટ તો ગુજરાત બહારનાને વગર ટેન્ડરે. ૧૨.૫૦ કરોડનો પ્રોજૅકટ બનાવનાર આ વગર ટેન્ડરે કામ લેનાર કંપની કામ શું કરતી હતી? રોડ અને પુલો બનાવવાનું કામ કરતી હતી. ટ્રેનિંગનું કોઈ કામ એની જિંદગીમાં કર્યું નથી. આ કંપનીને કામ સોંપાયા પછી શું થયું? એણે જાહેરાત આપીને પહેલા થોડા સારા પાંચ-સાત લોકોને રાખ્યા પછી ટ્રેનિંગ આપવા માટે ટી.ઓ.ટી. (ટ્રેનિંગ ઑફ ટ્રેનર્સ) શરૂ કર્યું. એ કોને આપ્યું? એણે અધિકારીઓને ટ્રેનિંગ આપી દીધી. એ અધિકારીઓ શું કરશે? ચાર દિવસ જઈને બીજાને ટ્રેનિંગ આપશે. આ ચાર દિવસ ટ્રેનિંગ આપશે એ અધિકારીઓને પગાર મળે છે એટલે એનાથી વધારે લેવાય નહીં. એ વધારે કંઈ લેશે નહીં. એના ઉપર માણસ બેસશે જે સહાયક તરીકે કામ કરશે એને માત્ર ૩૦૦૦ મળશે. બાકીના બધા સરકારના અધિકારીઓ બીજાને ટ્રેનિંગ આપશે કર્મયોગીની અને ૨૫૦ રૂપિયા કર્મચારી દીઠ ચાર દિવસના કલાકો માટેના ૨૫૦ રૂપિયા લેશે. ૮૦ ટકા પૈસા કંપનીના ખિસ્સામાં જશે. હું તો કહીશ કે ૧૨.૫૦ કરોડ માટે એકાઉન્ટિબિલિટી હોવી જોઈએ. કોઈકની પાસે જવાબદારી હોવી જોઈએ. શા માટે વગર ટેન્ડરે? શું એ આપણા કોઈ મામા-માસીના છે? આપણે પ્રજાની તિજોરીના રક્ષકો છીએ એ વાતને લઈને ચાલીએ તો એની સાર્થકતા દેખાડવી પડે. શબ્દોની સજાવટ, "ખાતો નથી અને ખાવા દેતો નથી" એની લોકોને પ્રતીતિ કરાવવી પડે, અહેસાસ થવો પડે. આશ્રમ શાળાઓમાં તાલીમ આપવા માટે આ જ કંપની આઈ.એલ.એફ.એસ.ને કામ સોંપાયું. ૨૫૦૦ રૂપિયા પ્રતિ શિક્ષક ચૂકવવાના, આ જ કામ કરવા માટે એક નિષ્ણાંત કંપનીને ટેન્ડર આપ્યા કે સાહેબ આનાથી સારું કામ અમે માત્ર ૨૫૦ રૂપિયામાં કરી દઈશું, ૨૫૦ વાળાને નહિ આપવાનું, ૨૫૦૦ વાળાને કામ આપવાનું ,એ ૨૫૦૦ રૂપિયાના કારણે ૧૬૦૦ શિક્ષકોના ૨૫૦૦ રૂપિયા, પ્રોજૅકટ કેટલાનો? ૪ કરોડ રૂપિયાનો. આ ૪ કરોડ રૂપિયા જાય છે કયાંથી ? આ ૪ કરોડ રૂપિયાનો ખર્ચ છેને એ પછાતવર્ગોના કલ્યાણ માટે ક્રમાંક-૯૬ની જે માગણી આ વિધાનસભા ગૃહ મંજૂર કરીને એ ભાવના સાથે કે આદિવાસીનું , આદિજાતિ સમાજનું કલ્યાણ કરવા માટે અમે ખર્ચ મંજૂર કરીએ છીએ. એ ક્રમાંક-૯૬ની માગણીમાંથી ૪ કરોડ રૂપિયા • (ચાઉં ) થઈ ગયા, વગર ટેન્ડર(ચાઉં) થઈ ગયા. આપણે ચિંતા કરતા હોઈએ ગુજરાતના હિતની. માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીના પ્રવચનમાં કયાંક તો એનો રણકો પડવો જોઈએને કે આ ગુજરાતનો વિકાસ થાય એમાં અમને રસ છે. અમે વિરોધપક્ષમાં બેઠા હોઈએ તો પણ કેન્દ્રમાંથી ગુજરાતને વધારેમાં વધારે પૈસા કેમ મળે એની ચિંતા સેવનારા માણસો છીએ, રાજનીતિ કરનારા લોકો નથી, સસ્તી પ્રસિદ્ધિમાં માનનારા લોકો નથી., માનનીય અધ્યક્ષશ્રી, દાખલો આપું. માનનીય મંત્રીશ્રીઓને ક્રોસ ટોકની બહુ ટેવ છે એટલે મારે ક્રોસમાં જવાબ આપવો પડશે. માનનીય નીતિનભાઈને આપના મારફતે વિનંતી કરું કારણ કે હું એમના જેવો •(અવિવેકી) નથી કે ક્રોસ ટોક કરું(અંતરાય) આજનો માનનીય

---

•( ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

•( ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

અધ્યક્ષશ્રી, (અંતરાય) (અવિવેકી) કઈ રીતે? (અંતરાય) (અવિવેક) કરે છે એટલે કહું છું,, ક્રોસ ટોક (અંતરાય) મંત્રીશ્રીઓ (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય નીતિનભાઈ (અંતરાય) માનનીય નીતિનભાઈ, જ્યારે એ બોલતા હોય ત્યારે તમે બેઠા બેઠા બોલવાનું પહેલાં બંધ કરો તો હું એમને કહી શકીશ. કારણ કે તમે જરા સંયમ રાખો. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી, એ બોલ્યા પછી એમણે નીતિનભાઈને સંબોધીને નહોતું બોલવું જોઈતું. એમણે જે કાંઈ કહેવાનું હતું એ મને જ સંબોધનીને કહેવાનું હતું, એમણે વિરોધપક્ષના નેતાને કહેવાની જરૂર ન હતી. (અંતરાય) હું તમને કહું છું નીતિનભાઈ આપને ફરીથી વિનંતી કરું છું કે આપના ઉપર જરા સંયમ રાખશો તો આ પરિસ્થિતિ પેદા નહિ થાય. વિરોધપક્ષના નેતાશ્રીને હું કહુ છું કે એમણે નીતિનભાઈને વાત કરવાની જરૂર નથી. જે કાંઈ નીતિનભાઈ બોલ્યા હોય અને ક્રોસટોકનો જવાબ આપવો હોય તો તમે મને સંબોધીને આપજો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : એક મિનિટ, એ જે બોલ્યા કે, હું નીતિનભાઈ જેવો (અવિવેકી) નથી, એ શબ્દ રેકર્ડ ઉપરથી કાઢી નાંખવા જોઈએ.

**અધ્યક્ષશ્રી** : નહિ, એ શબ્દ કાઢી નહિ, એ શબ્દ પોતે પાછા ખેંચી લેશે. આપ શબ્દ પાછા ખેંચી લેશો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, નીતિનભાઈ બેઠા બેઠા (અવિવેક) કરતા હતા, આપ સમજી શકો છો ક્રોસ ટોક એ (અવિવેક) છે. પણ છતાં માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઈ પણ મારા મિત્ર છે એમની લાગણી ભલે જે હોય તે મારે એવું નહિ કહેવું જોઈએ. હું એ કહેવા માગતો હતો આપના મારફતે આખું ગૃહ અને આખા ગુજરાતની જનતા જાણ છે કે કેન્દ્ર સરકાર ગુજરાતનું કેટલું હિત ઈચ્છે છે. આ રાજ્ય સરકાર છૂપાવી ના શકે એટલે જવાબ આપવો પડયો છે બહાર તો બહુ ગાળો પડે છે. કેન્દ્ર સરકારને, માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૫-૨૦૦૬માં નાણાપંચ દ્વારા જે ભલામણના પૈસા મળવા જોઈએ એ માત્ર ૩૬૪.૪૦ કરોડ હતા. ૨૦૦૬-૦૭ માં લગભગ ડબલ ૩૬૪.૪૦ની સામે ૩૭૨.૦૬ કરોડ રૂપિયા આ ગુજરાતને કેન્દ્ર સરકારે આપ્યાં છે, બતાવે માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ સભ્યશ્રી કે જ્યારે એન.ડી.એ.ની સરકાર હતી ત્યારે દરેક વિભાગમાં કેટલા પૈસા આવતા હતાં? આપના નાયબ વડાપ્રધાન હતા. ઘણા બધા વગના સંજોગો હતાં, ગાંધીનગરનું રેલવે સ્ટેશન પણ આપણે કયા પરિસ્થિતિમાં લઈ શક્યા હતા? આ પરિસ્થિતિ છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણે આપણા ગરીબ ભાઈઓ હોય એની ચિંતા આપણે કરવી જોઈએ. ક્યારેક શબ્દોના સ્વરૂપમાં, ક્યારેક પ્રસિદ્ધિની ભૂખમાં આપણે ભૂલી જતા હોઈએ છીએ કે નવા શબ્દો કૉઇન કરીએ પણ એ કોઈકના આત્માને ડંખે એવા ન હોવા જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, અનેક મિત્રોએ કહ્યું છે કે, અમને વનવાસી કે વનબંધુ ગમતું નથી, અમે તમારા બંધુ છીએ. વનવાસી કે વનબંધુના બદલે આત્મબંધુ એમને ગણવા જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે કહીને એમને સમાજથી જુદા પાડવાનો પ્રયત્ન છે કે તમે તો વનમાં રહેનારા છો, તમે વનબંધુ છો, તમે વનવાસી છો. આ રીતે અપમાનિત કરવાનો કોઈને અધિકાર નથી. માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રની સરકાર આવી, આવતાની સાથે નક્કી કર્યુ, વિચાર વિમર્શ કરીને નક્કી કર્યુ કે, કોઈ સામાન્ય માણસ જીવનનિર્વાહ માટે ક્લ્ટીવેટ કરતો હોય જમીન તો એ આદિવાસી ભાઈ એ આપણો ભાઈ છે. એની સંસ્કૃતિનું જતન થાય, એનું જીવન નિર્વાહ થાય એટલા માટે એમને જમીન આપવાનો નિર્ણય કયો. એ નિર્ણય થયો, એ નિર્ણય થયા પછી શું થયું ગુજરાતમાં? આંતરસુબાની ઘટના તરફ સૌએ ચિંતા રાખવી જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, સરકાર કોઈક પુસ્તકનું વિમોચન કરવાની હોય તો દોડી જાય, રાજયની બહાર પણ ઊડી જાય પરંતુ કોઈ આદિવાસી ભાઈ, કોઈ મારા ભાઈને નિર્દય રીતે મારી નાખવામાં આવ્યો હોય, એની હત્યા થાય, એના અધિકાર ઉપર તરાપ આવી હોય તો એના આંસું લૂંછવા જવાનો આપણને સમય ન હોય? અને એ આંસું લૂછવા ન જતા હોય એને આપણે એમ કહીએ કે એમને ગુજરાતની જનતાનું હિત હેયે છે?

માનનીય અધ્યક્ષશ્રી, ઉત્સવો છે એ મુઠ્ઠીભર લોકોને પ્રિય હોઈ શકે, ઉત્સવો જે છે એ કદાચ વાયબ્રન્ટ થઈને થોડા લોકોને નચાવી શકે પણ ઝૂંપડામાં બેઠેલા ગરીબની તકલીફ જોઈને સત્તાધીશની આંખમાં આંસું ન આવતા હોય તો એ સત્તા સામાન્ય માણસને કામની નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આખી લંકા સોનાની બનાવી હતી રાવણે એમ કહેવાય છે. શું એને વિકાસ કહેવાય કે રાવણ બહુ વિકાસશીલ હતો ? શું એમ કહેવાય કે રાવણ જેવો પ્રગતિશીલ માણસથી લંકા સોનાની થઈ ગઈ ? અરે એના મુઠ્ઠીભર માણસો, એ પાંચ ધનપતિઓ છે એ કરોડપતિઓ થાય અને કરોડપતિમાંથી અબજોપતિઓ થાય, સાડા પાંચ કરોડની જનતાનું હિત નથી. સાડા પાંચ કરોડની જનતાનું હિત ત્યારે છે કે, ગરીબ અને શ્રીમંત વચ્ચે સેતુ બનાવવાનું કામ સરકાર કરે તો To build a bridge between haves and have nots એ duty હોવી જોઈએ સરકારની. શું આજે એ ફરજ બજાવાય છે ખરી ? હું મારી જાતને પ્રશ્ન પૂછું, હું આપના મારફતે સરકારને પ્રશ્ન પૂછું અને જો એ ચિંતા હોત અને અમારી પણ એ ચિંતા છે, હું તો મુખ્ય મંત્રીશ્રીને આપના મારફતે વિનંતી કરું, સરકારને વિનંતી કરું કે લઈને આવો સારા કામો, કાપ દરખાસ્તો પણ પાછી ખેંચીશું, ટેકો પણ આપીશું અને યશ પણ આપીશું અને તમારી પીઠ પણ થાબડતા ખચકાઈશું નહીં જો ગુજરાતનું હિત થતું હોય તો પરંતુ હિત એ

માત્ર આંકડાની માયાજાળમાં ન હોય. માનનીય મુખ્ય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું આપના માધ્યમથી, પહેલાંના રાજાઓ એ પછી રાજા અકબર હોય, એ રાજા વિક્રમ હોય એ વેશપલટો કરીને જનતા વચ્ચે જતા હતા પરિસ્થિતિ જાણવા જતા હતા કે મારી જનતા મારા માટે શું કહે છે અને મારી જનતા કેમ જીવે છે ? કારણ કે, માનનીય અધ્યક્ષશ્રી, નહીં તો ઈન્દ્રાણિયોનું એક પાત્ર હોય છે, ઈન્દ્રિાણિયોનું કામ હોય છે ઈન્દ્રના આસનની બાજુમાં નૃત્ય કરવાનું. ઈન્દ્ર કોઈ એક વ્યકિત નથી. જે વધારે તપ કરે એ ઈન્દ્રના આસન પર બેસે અને એ ઈન્દ્રાણિયો એના માટે નૃત્ય કરતી હોય અને એ ઈન્દ્ર જેવો બીજો કોઈ તપ કરીને એ આસને બેસે અને પેલો ઊતરે પછી ઊતરનાર સામે એ ઈન્દ્રાણીયો માનનીય અધ્યક્ષશ્રી, થૂંકતી પણ નથી એમ આપણા શાસ્ત્રો કહે છે. એમ કેટલાક લોકો એવા છે ભૂતકાળમાં પણ જે આ ખુરશી ઉપર ગૃહના નેતાની બેઠા હતા ને એની આજુબાજુ નૃત્ય કરતા હતા, આજે જે બેઠા હોય એમની બાજુ કરે છે અને કાલે અમારા અર્જુનભાઈ કે મોહનસિંહ બેસશે તો એના માટે પણ કરશે, આ એમની ખાસિયત છે.

**અધ્યક્ષશ્રી** : આપને કુલ ૨૨ મિનિટ થઈ છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : હું ૨૫ મિનિટમાં પૂરું કરવાનો છું.

**અધ્યક્ષશ્રી** : ના, આપને કુલ ૬૭ મિનિટો

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એમાં જે ત્રણ-ચાર મિનિટ છે એ બાદ થશે, હું બે મિનિટમાં મારી વાત પૂરી કરું છું.

**અધ્યક્ષશ્રી** : બાકીના સભ્યો ન બોલવાના હોય તો આપ ૬૭ મિનિટ બોલો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા સભ્યશ્રીઓમાં કુટુંબની ભાવના છે એટલે બહુ ચિંતા નથી. ઘણા સળી કરવા બેઠા છે પણ અસર નહીં થાય. માનનીય મુખ્યમંત્રીશ્રીએ બહાર નીકળીને ઝાંકવાનો પ્રયત્ન કરવો પડશે. ચા કરતા કીટલી ગરમ છે. જે અધિકારી તંત્ર બેફામ થયું છે તો હું ટીકા કરું છું. મારી ટીકા સાંભળશે તો એમનું હિત થશે. આપણે અહીંયા કોઈ કલબ કે કોઈ વ્યકિતના મોટા હોર્ડિંગ લાગે ઈશ્વરના દરબારમાં પણ જાહેર જીવન કરનાર લોકોનો એક ચોપડો રહે છે. આ ચોપડે કોઈ જાહેરાત પૈસાથી થતી નથી. એ ચોપડે લખાય છે એ ચિંતા પણ અમારે સૌએ જાહેર જીવનમાં પડેલા લોકોએ કરવી પડે છે. ત્યાં કોઈનું નથી ચાલતું. આ ગુજરાતનું સચિવાલય એ જનતાનું સચિવાલય છે. એક અશકત માણસ, એક વૃદ્ધ માણસ, એક બીમાર માણસ આ સરકારના પ્રતિનિધિનો હાથ નહીં કાન પકડી શકે એવી વ્યવસ્થા હોય એવી કલ્પના હતી. વિધાનસભા કે સચિવાલયના દરવાજા સુધી દરેક માણસ આવી શકતો નથી. કદાચ માનનીય મુખ્યમંત્રીને ખબર નહીં હોય એમના અધિકારીઓ જે અત્યાચાર કરે . આ કોમ્પ્લેક્ષની લિફ્ટ મંત્રી માટે વાપરવાની જુદી છે અને સામાન્ય જનતાની જુદી છે. સામાન્ય માણસને ના પાડે કે બહાર ઊભા રહો, દાદરા ચડીને જાવ, જયાં જવું હોય ત્યાં જાવ. અહીં ઊભા નહીં રહેવાનું. આ લોકશાહીની કલ્પના નહોતી. મહાત્મા ગાંધીજીની નહોતી કે નહોતી બાબાસાહેબ આંબેડકરની (અંતરાય) આ વાત મેં પ્રજાના અવાજ તરીકે રજૂ કરી છે. મારા માનનીય સભ્યશ્રીઓ પ્રસ્તાવમાં જે સુધારા લાવ્યા છે એને સમર્થન આપીને હું મારી વાત પૂરી કરું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહજી, આપના પ્રવચનમાં એક (ચાંઉ) શબ્દ હતો. (ચાંઉ) કરી જાવ એવો શબ્દ આપે વાપર્યો છે તે મેં સાંભળ્યો છે. એને અસંસદીય જાહેર કરું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આપ જોઈ લો સાહેબ.

**અધ્યક્ષશ્રી** : હા. જોઈ લીધો છે. નોંધી લીધો છે એટલે વચ્ચે ઈન્ટ્રપ ન કર્યો આપને.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપે તકલીફ લેવાની જરૂર નથી. આપ કહેતા હોય કે એ શબ્દ લાયક નથી તો હું પાછો ખેંચી લઉં છું. આપે દૂર કરવાની જરૂર નથી. હું સંસદીય બાબતોનું સન્માન કરનાર માણસ છું. શબ્દની ભુલ થઈ ગઈ હોય તો હું એ શબ્દ પાછો ખેંચી લઉં છું.

**અધ્યક્ષશ્રી** : આઈ એપ્રીશીએટ.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહ સમક્ષ મહામહીમ રાજયપાલશ્રીએ જે પ્રવચન આપ્યું એનો આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે. આત્મારામભાઈ આ સભાગૃહ સમક્ષ લઈને આવ્યા છે ત્યારે આ મહામહીમ રાજયપાલશ્રીના પ્રસ્તાવના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરું છું. હમણાં જ સાથી પક્ષના સન્માનનીય નેતા એમનું પ્રવચન જયારે કરી રહયા હતા હું એમને માત્ર બે જ મીનીટમાં ટુંકમાં જવાબ આપવા માગું છું કે આઈ.એલ. એન્ડ એફ.એસ. એક કંપની માટે જે એમણે વાત કરી એમાં મને પેનીવાઈસ, પાઉન્ડ ફુલીશ એવા પ્રકારની ગંધ આવે છે. કારણકે હયુમન રીસોર્સીસ ડેવલપમેન્ટ માટે સૌ પ્રથમ વાર ૫૦ વર્ષના ઈતિહાસમાં રાજય સરકારના કર્મચારીઓને કર્મયોગી બનાવવા માટે જે કાર્યક્રમ લઈને આ સરકારે નવો અભિગમ શરૂ કર્યો છે એના માટે આ ખર્ચ નીગ્લીઝીબલ ખર્ચ ગણી શકાય. આ સન્માનનીય ગૃહના નેતા માટે કેટલાક વિધાનો સાથી પક્ષના નેતાએ કર્યા છે ત્યારે એનો જવાબ ગુજરાતની જનતાએ આપ્યો છે. ગુજરાતની જનતાના વિવેક બુદ્ધિમાં સાથી પક્ષના નેતાશ્રીને વિશ્વાસ અને ભરોસો હોવો જોઈએ. ચૂંટણી જીતવા માટે અનેક રીતે કદાચ ચૂંટણીઓ જીતી શકાતી હશે, પરંતુ લોકોના દિલ જીતીને ચૂંટણીઓ જીતવાનું જો કામ કર્યુ હોય તો એ આ સરકારના સુકાની નરેન્દ્રભાઈ મોદીએ આ કામ કરી બતાવ્યું છે, કારણ કે જનતાને અહેસાસ થયો છે સુરક્ષાનો

અહેસાસ, જનતાને અહેસાસ થયો છે વિકાસનો અહેસાસ. આ મહામહિમ રાજ્યપાલશ્રીનું પ્રવચન એ વિશિષ્ટ એટલા માટે હું કહું છું કે એકવીસમી સદીની શરૂઆતમાં ગુજરાત ઉપર જે પ્રકારની આપત્તિઓ આવી, ગુજરાત ઉપર ધરતીકંપથી લઈને વિશ્વની આતંકવાદી ઘટનાઓનો ઓછાયો રાજ્ય સરકારના અર્થતંત્ર ઉપર પડ્યો. અને એના કારણે જે ગુજરાત કણસતું ગુજરાત હતું, એ ગુજરાતને ધબકતું ગુજરાત બનાવવા માટેના જે મહા પરિશ્રમ થયા છે એ છેલ્લા ૫ વર્ષની અંદર આ સરકારે કરેલી કામગીરીનું વિવરણ માનનીય મહામહિમ રાજ્યપાલશ્રીએ કર્યુ છે એમાંથી પ્રતિબિંબિત થાય છે. સરકારે જે નવા ઈનોશિયેટિવ લીધા એનો જોટો જડવો મુશ્કેલ છે. કોઈપણ રાજ્યના શાસનની અંદર આટલી મોટી સંખ્યામાં નવા ઈનોશિયેટિવ દ્વારા કામગીરી થઈ છે એ ઈનોશિયેટિવ એ શાળા પ્રવેશોત્સવની વાત હોય કે કન્યા કેળવણી કાર્યક્રમની વાત હોય કે ૧૮,૦૦૦ ગામડાઓમાં પહોંચીને શાળામાં બાળકોને દાખલ કરવાની વાત હોય કે ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવાની વાત હોય કે ચિરંજીવી અને માતૃવંદના યોજના દ્વારા ગરીબ પરિવારોની પ્રસૂતિ માતાને વૈધકીય સહાય આપવાની વાત હોય કે ન્યાય માટે તડપતા સાંધ્ય કોર્ટ મારફત ગરીબ માણસોને ન્યાય આપવાની વાત હોય. આ બધા જ નવા ઈનોશિયેટિવ દ્વારા રાજ્યના અને રાષ્ટ્રના ઉત્સવને ગામડા સુધી અને તાલુકા કક્ષા સુધી લઈ જવાની વાત હોય એવા આ નવા ઈનોશિયેટિવ આ સરકારે માત્ર પોતાના સમયગાળા દરમ્યાન કર્યા છે. જેની વાત મહામહીમ રાજ્યપાલશ્રીએ તેમના પ્રવચનમાં કરી છે.

કૃષિ રથયાત્રા દ્વારા કૃષિ ઊપજની અંદર અનેકગણો વધારો કર્યો, પીવાના પાણી માટે ટૅન્કર ફ્રી સ્ટેટ. એક સમય હતો. જ્યારે સમગ્ર રાજ્યની અંદર હજારો ગામડાઓની અંદર ઉનાળામાં પીવાનું પાણી ટૅન્કરો મારફત પાણી પહોંચાડવું પડતું હતું. ત્યારે આ ગામડાઓને ટૅન્કર રહિત કરવાનો શ્રેય આ સરકારે પોતે મેળવ્યો છે. જળસંચય યોજના મારફત, સૂજલામ્ સૂફલામ્ યોજના ઉત્તર ગુજરાતની સૂકી ધરતી, સૌરાષ્ટ્રની સૂકી ધરતી, કચ્છની સૂકી ધરતી છેલ્લા ૫૦ વર્ષથી જેની રાહ જોઈ રહી હતી, જે યોજનાઓ અને પાણી ઉત્તર ગુજરાત અને ગુજરાની ધરતી સુધી નહોતું પહોંચી શકતું એને પહોંચાડવાનું આયોજન અને કામગીરી થઈ છે. એનું પ્રતિબિંબ જીતેગા ગુજરાતની અંદર ગુજરાત, ઉત્તર ગુજરાતની જનતાએ પૂરું પાડ્યું છે. સૌથી મોટું કામ જો ગુજરાતને સમગ્ર દેશનું ગ્રોથ એન્જિન એટલે કે આર્થિક વિકાસનું એક ચાલક બળ બનાવવાનું કામ આ સરકાર કરી શકી છે, કારણ કે ડબલ ડિજિટ ગ્રોથ રેટ આખા દેશનો બધા જ રાજ્યનો જે વિકાસદર છે એ વિકાસ દરમાં જો સૌથી હાઈએસ્ટ વિકાસ દર પ્રાપ્ત કરવાનો શ્રેય ગુજરાત રાજ્યને મળ્યો હોય તો એ સરકારની નીતિને આભારી છે અને આમાં વાઈબ્રન્ટ ગુજરાતમાં સ્પેશ્યલ ઈકોનૉમિક ઝોન જે ૫૧ જેટલા સ્પેશ્યલ ઈકોનૉમિક ઝોન જેનો આખા દેશની અંદર બીજા રાજ્યમાં વિવાદ થાય ત્યારે ગુજરાતમાં વિવાદ મુક્ત સ્પેશ્યલ ઈકોનૉમિક ઝોન મારફતે મુડીરોકાણ માટેની સંભાવનાઓ અને મુડીરોકાણ થયું છે, એના કારણે ગુજરાત આજે દેશનું પ્રથમ કક્ષાનું રાજ્ય બની રહ્યું છે. ગેસ ગ્રીડ સિસ્ટમ, પેટ્રો કેપિટલ ઑફ ઈન્ડિયા, પૉર્ટ ડેવલપમેન્ટ આપણી શકિતઓ છે. ગુજરાતની જળ શકિત, આપણી ઊર્જા શકિત આપણી જ્ઞાન શકિતનો વિકાસ કરીને ગુજરાતનો જે વિકાસ કરવાનું મોડેલ આ રાજ્ય સરકારે અમલમાં મૂક્યું એના કારણે આ સિદ્ધિ આપણે હાંસલ કરી શક્યા છીએ. તેના કારણે આપણે આ સિદ્ધિ હાંસલ કરી શકયા છીએ. ઈન્ડસ્ટ્રીઝ ક્ષેત્રે નવા ઈનીસીએટીવ તેમાં રીવર ફ્રન્ટ યોજનાની વાત હોય, ગાંધીનગરના આંગણે ફાઈનાન્સ સીટી એટલે કે ગીફટ ટાઉનશીપ બનાવવાની વાત હોય અને તેમાં સાહેબ એક લાખ કરતાં વધારે યુવાનોને રોજગારી મળી શકે તે પ્રકારની આર્થિક સેવાઓ આપવાની ટાઉનશીપ બનાવવાની વાત હોય આવા ઈનીસીએટીવ રાજય સરકારે લીધા છે અને તેની વાત ગુજરાતના મહામહિમ રાજયપાલશ્રીએ તેઓના પ્રવચનમાં કરી છે. ત્યારે આવા પ્રવચનના આભાર પ્રસ્તાવની બાબતમાં સમગ્ર ગૃહે એક થઈને આભાર પ્રસ્તાવ પસાર કરવો જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, સાગરખેડૂ, વનબંધુ અને શહેરી ગરીબોના વિકાસ માટેની યોજનાઓ મારફતે અંદાજે ૪૭ હજાર કરોડ રૂપિયા જેટલું કામ આવતા પાંચ વર્ષમાં ગરીબ પરિવારોને ઉપર લાવવા માટેનું કામ કરવાનો અભિગમ અને નવા ઈનસીએટીવ રાજય સરકારે લીધેલા છે. ગ્રામ્ય વિસ્તારોમાં સમરસ ગામ, તીર્થ ગ્રામ, જયોતિગ્રામ અને તેના દ્વારા સમગ્ર ગામડાઓનો કેમ વિકાસ થાય અને વંચીતોનો વિકાસ કરીને વણથંભી વિકાસ યાત્રા રાજય સરકારે ચાલુ રાખી છે. એક સમય એવો હતો કે એકવીસમી સદીની શરૂઆતમાં કે જયારે સમગ્ર દેશ એમ માનતા હતો કે ગુજરાત બેઠું નહીં થઈ શકે તે ગુજરાત આજે દોડતું થયું છે. એક ટેક ઓફના સ્ટેજ ઉપર આજે જયારે આવીને ઉભું છે અને દસ પંચવર્ષીય યોજનાઓમાં જેટલા નાણાં ખર્ચાયા એટલા જ નાણા માત્ર પાંચ વર્ષમાં અગિયારમી પંચવર્ષીય યોજનામાં ખર્ચાય તે પ્રકારની ભૂમિકા ઉપર આજે જયારે ગુજરાત જયારે આવીને બેઠું છે અને આયોજન પંચે દેશના આયોજન પંચે ગુજરાતને અગિયારમી પંચવર્ષીય યોજનામાં સૌથી વધુ ગ્રોથરેટ ૧૧ ટકાનો ગ્રોથ રેટ જેના માટે ૧૪ ટકા જેટલો ઔદ્યોગિક વિકાસ દર હાંસલ કરવા માટે આપણા નાણામંત્રી પણ બજેટની અંદર જે પ્રકારનો વિકાસલક્ષી આયોજનો લઈને આવ્યા છે ત્યારે આ રાજય એ અપ્રતિમ વિકાસ તરફ જયારે જઈ રહયું છે ત્યારે સાથી પક્ષના મિત્રોએ પણ પોતાની વિવેકબુદ્ધિને ધ્યાનમાં્ લઈને જે કઈ તેમના નિરીક્ષણ છે, ત્રુટિઓ છે તેને લઈને વધુ ઝડપી વિકાસ કેમ થાય તે દિશામાં સૂચનો આવે અને માત્ર ટીકા કરવી તે લોકશાહીની અંદર ઉપયોગી નીવડતી નથી. જયારે લોકોના હદય જીતીને આવેલી સરકાર હોય, જેમાં દરેક વર્ગના

લોકોએ સમર્થન આપ્યું છે તેવી સરકારના રાજયપાલશ્રી જયારે આ સભાગૃહ સમક્ષ જે પ્રવચન કર્યુ છે તેના માટેના આભાર પ્રસ્તાવને હું મારું સમર્થન જાહેર કરું છું.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા (ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહને માનનીય રાજયપાલશ્રીએ સંબોધન કર્યુ તેનો આભાર પ્રસ્તાવ લઈને ભાઈશ્રી માનનીય સભ્યશ્રી આત્મારામભાઈ લઈને આવ્યા છે તેને હું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી ગુજરાતની અંદર ગુજરાતના સંસ્કારો, ગુજરાતની સંસ્કૃતિ તેવી રહી છે કે જેણે ગુજરાતને બળવતર બનાવવા માટે હંમેશાં કાળજી લીધી છે. જયારે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીના હાથમાં રાજયનું સુકાન આવ્યું ત્યારે એમ કહીશ કે વિકાસનો સૂર્યોદય થયો હોય એમ લાગે છે. આ વિકાસનો સૂર્યોદય ભારતીય જનતા પાર્ટીના શાસનમાં થયો તે પહેલાં જે પરિસ્થિતિ હતી અને હમણાં વિરોધપક્ષના નેતાશ્રી આદિવાસી મિત્રો માટે વનવાસી શબ્દને માટે એમને રૂચિ ન હતી. પણ એ આદિવાસી મિત્રોને માટે ૨૦૦૧ સુધી માત્રને માત્ર એમના વિકાસમાં, એમના શાસનમાં માત્ર ૫૪૨૬૫ રૂપિયા નવમી પંચવર્ષીય યોજનામાં અને ત્યાર પછી એક જ વર્ષમાં ૪૯૪૧૫ રૂપિયાનો ખર્ચ પંચવર્ષીય યોજનામાં કર્યો એ જ રીતે આદિવાસી મિત્રોને માટે મને લાગે છે કે, આપણે ૬૨૦૦ કરોડ રૂપિયા માત્રને માત્ર ૧૯૭૪થી ૨૦૦૧ સુધી કર્યો અને એક જ વર્ષના ગાળામાં ૬૨૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ આ ભાજપની સરકારે કર્યો છે. આદિવાસીઓ માટેનો પ્રેમ માત્ર શબ્દોથી બતાવી શકાતો નથી અને જો એ પ્રેમ શબ્દોથી બતાવી શકાતો હોય તો મારે સામે બેઠેલા મિત્રો અને વડીલોને પૂછવું છે કે, આપની પાસે ઘણા શબ્દો હતા. એકાદ શબ્દને લઈને માત્ર આપણે કોઈ જ્ઞાતિ માટે અરુચિ છે એવું નહીં બતાવી શકીએ. ભાજપની સરકારે હરિજનો માટે દલિત શબ્દ વાપરી અને જે વાઘરી શબ્દ હતો એમને દેવીપૂજક કહી અને એમનું સન્માન કર્યું છે. આમ માત્રને માત્ર શબ્દોથી નહીં પણ એ સમાજોને માટે, એ વર્ગોને માટે દિલમાં લાગણી હોવી જોઈએ, એમના ઉત્થાન માટે, એમના વિકાસ માટે આપના દિલમાં કેટલી લાગણી છે એના ઉપરથી એમનું સન્માન કરી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યારથી આ ગુજરાતનો વહીવટ પોતાના હાથમાં લીધો ત્યારથી એમણે એક આત્મમંથન કર્યું કે આ ગુજરાતને, ગુજરાત જ નહીં પણ મારે સમૃદ્ધ ગુજરાત બનાવવું છે અને સમૃદ્ધ ગુજરાત બનાવીને રાષ્ટ્રભરમાં નંબર વન બને અને વિશ્વની નજર આ ગુજરાત તરફ વળે એ જાતની પરિસ્થિતિનું મારે નિર્માણ કરવું છે અને એના માટે એમણે સતત આત્મમંથન કર્યુ છે અને એ આત્મમંથનના ભાગરૂપે એમણે ગુજરાતના સર્વાંગી વિકાસ માટેના પ્રયાસો કર્યા અને પંચામૃત દ્વારા ગુજરાતના વિકાસ માટેની શકિતઓ, જ્ઞાનશકિત, જળશકિત, ઉર્જાશકિત, રક્ષાશકિત અને જનશકિત, આ પાંચે શકિતઓનો સમન્વય કરી અને આજે ગુજરાતનો વિકાસ થશે એ માટેના એમણે પ્રયાસો કર્યા અને એ પ્રયાસોના ભાગરૂપે ગુજરાતના વિકાસની આજે જે ગતિ છે એ ગતિ આગળ વધી રહી છે અને આજે જે ગતિ આગળ વધી રહી છે એ માટે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જોયું કે, ગુજરાત એ ૧૮૦૦૦ જેટલા ગામડાંમાં વસેલું ગુજરાત છે અને જ્યાં સુધી ૧૮૦૦૦ જેટલા ગામડાંને શહેરોમાં જે સુવિધાઓ મળે છે એ સુવિધાઓ ગામડામાં રહેતા લોકોને મળતી ન થાય ત્યાં સુધી ગુજરાતનો વિકાસ થયો છે એમ કહી શકાય નહીં અને એટલા માટે ગુજરાતના વિકાસની અંદર ગામડાંઓનો વિકાસ શરૂ કર્યો, એ ગામડાંઓની અંદર ગોકુળિયું ગામ હોય કે સમરસ ગામ હોય, ગ્રામસભા હોય કે જયોતિગ્રામ હોય, તીર્થગામ હોય કે નિર્મળગામ હોય, આ તમામ યોજનાઓ ગામડાઓ માટે મૂકીને જુદી જુદી યોજનાઓ દ્વારા ગામડાઓના વિકાસ માટેની કાર્યવાહી ગુજરાતમાં આજે ચાલે છે, એના પરિણામે આજે ગુજરાતના ગામડાંઓનો વિકાસ ધીરેધીરે આગળ વધી રહ્યો છે, એટલું જ નહીં પરંતુ ગુજરાતમાં ગામડું અને ગામ એ તો છેવટે ખેતી પ્રધાન છે, અને ખેતી એ તો આપણી કરોડરજજુ છે અને એટલે જયાં સુધી ખેતીનો વિકાસ ન થાય, ગામડાંનો વિકાસ ન થાય, ખેડૂતોનો વિકાસ ન થાય, ખેતમજૂરોનો વિકાસ ન થાય, ગ્રામજનોનો વિકાસ ન થાય ત્યાં સુધી ગુજરાતનો સાચો વિકાસ થયો એમ નહીં કહી શકાય અને એટલા માટે માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને ભારતીય જનતા પાર્ટીની સરકારે આમૂલ પરિવર્તન લાવવા માટે ગામડાંની ખેતીમાં નવતર પ્રયોગ કર્યો છે. ૨૦૦૫-૨૦૦૬ અને ૨૦૦૭ આ ત્રણ વર્ષના સમયગાળમાં એમણે કૃષિ મહોત્સવનું આયોજન કર્યું અને એ કૃષિ મહોત્સવ ગુજરાતને માટે આશીર્વાદરુપ નીવડ્યો છે કે ગુજરાતના કૃષિ વિભાગના તજજ્ઞો ગામડામાં જાય, ખેડૂતોની વચ્ચે બેસે અને એમની જે ચીલાચાલુ ખેતી છે એ ખેતીની પદ્ધતિઓ હતી એમાં એમને માર્ગદર્શન આપે. એમને સોઈલ કાર્ડ, સારું બિયારણ, જમીનની અંદર કયું ખાતર કેટલા પ્રમાણમાં નાંખવું એ જણાવે એટલું જ નહીં પણ પાણી વાપરવાની પદ્ધતિ પણ એમને શીખવી અને સંયમપૂર્વક પાણી વાપરે એ રીતે કરીને એની ખેતી સુધરે અને એને સારા ભાવ મળે એ રીતે ખેડૂતની આવક પાંચ વર્ષમાં બમણી થાય એવી નેમ રાજય સરકારની હતી અને એ રીતે એ કામ પણ આ રાજય સરકારે કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે એની સાથે સાથે વંચિતોના વિકાસમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચની કોમો હોય કે પછી વિકલાંગો હોય એ તમામ માટે વિવિધ પ્રકારની યોજનાઓ મૂકીને એના વિકાસને માટે શ્રેણીબદ્ધ પગલાં લીધાં છે. અને એને કારણે એ સમાજનો આજે વિકાસ થઈ રહ્યો છે. આ બધું રાજયની સરકારે ગુજરાતને નંબર વન કરવા માટે, રાજયની પ્રજાને સુખી કરવા માટે, રાજયની પ્રજા સ્વમાનભેર જીવે એવી પરિસ્થિતિનું નિમાર્ણ કરવા રાજયની આ સરકાર અને એના મુખ્યમંત્રી બન્ને એ દિશામાં આજે પણ સચેત અને જાગૃત છે. માનનીય અધ્યક્ષશ્રી, આ બધાની વચ્ચે મને એક

વાત યાદ આવે છે કે રામ રાજય હતું ત્યારે રામ રાજમાં પણ મંથરાઓ હતી. અને એ મંથરાઓ રામના શાસનમાં કોઈકને રાજય મળે એટલે કે રામને રાજગાદી મળે અને મંથરાના પેટમાં દુખે, અયોધ્યામાં આનંદ પ્રસરે અને મંથરાને પેટમાં દુખે. પરિણામે મંથરાઓ સમાજમાં કોઈકનું ભલું થાય, કોઈકનું સારું થાય એ સહન ન કરનારી મંથરાઓ આજે પણ છે. અને આ મંથરાઓ ગુજરાતના વિકાસને અટકાવી નહીં શકે. આ મંથરાઓ ધીમે ધીમે આ શાસનના કારણે નાશ પામશે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, એક મુદ્દો કહેવો છે. ગુજરાતના વિકાસ માટે ઘણી વાત થઈ છે પણ ફક્ત વિકાસથી માનવી જીવી ન શકે તો એ વિકાસ શા કામનો? એટલા માટે આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીએ એવી વ્યવસ્થા કરી છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય લીલાધરભાઈ આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય કુંવરજીભાઈ.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી ધારાસભ્યશ્રી મહામહિમ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર જે આધાર પ્રસ્તાવ લઈને આવ્યા છે અને એમાં માનનીય ડો. નીમાબેને સમર્થન કર્યું છે. એના વિશે હું મારા થોડા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ડો.નીમાબેન જ્યારે બોલી રહ્યાં હતાં, મારી પહેલાના વકતા માનનીય ધારાસભ્યશ્રી બોલી રહ્યા હતા એ બધાની સાથે મારે કામ કરવાનો મોકો મળ્યો હતો. હું ઘણાં સમયથી આ હાઉસમાં ચૂંટાઈને આવું છું ત્યારે એમની સાથે કામ કરવાનો મને મોકો મળ્યો છે અને મારા વિસ્તારના લોકો મને વિશ્વાસભેર મોકલે છે એટલે મારે એમની બહુ ટીકા નથી કરવી કારણ કે એ લોકોને હું બહુ નજીકથી ઓળખું છું. માનનીય અધ્યક્ષશ્રી, હું એટલું જ કહેવા માગું છું કે આ સન્માનીય ગૃહની અંદર જે કાંઈ આપણે બોલી રહ્યા છીએ ત્યારે એટલું ચોક્કસ કહીશ કે પોતાના આત્મા ઉપર હાથ મૂકીને જે કાંઈ બોલાઈ છે એ સાચુ બોલાય છે કે કેમ? એટલું જો વિચારીને બોલશો તો મને એમ લાગે છે કે, આ સન્માનનીય ગૃહનું સન્માન ચોક્કસ જળવાશે. એનો જવાબ, અત્યારે લગભગ પાનખર ઋતુ પસાર થઈ રહી છે, વસંત ઋતુ આવી રહી છે, એ જવાબ વિધાનસભાની ચૂંટણીઓ ગઈ, તાલુકા, જિલ્લા અને નગરપાલિકામાં ગ્રામ પ્રજાએ આપણને બતાવી દીધો છે. એટલે આવતા દિવસોમાં પેલી કહેવત જેવું છે ગુજરાતીમાં એક ઉક્તિ છે.

"પીપળ પાન ખરંતા હસતી કુંપળિયા અમ વીતી તમ વીતશે જરા ધીરી બાપુડિયા"

આવતા દિવસોમાં હજી દિવસો આવી રહ્યા છે જે ભય, ભૂખ અને ભ્રષ્ટાચાર વિનાની સરકારના સૂત્રો સાથે સત્તા સંભાળનાર મારી સામેના મિત્રોને કહેવું છે કે હું ખૂબ લાંબા સમયથી જાહેર જીવનમાં છું. મેં જોયું છે જે ભ્રષ્ટાચાર ભૂતકાળમાં ક્યાંક થતો એ વાત સ્વીકારીશું પણ પાછલા વરસોમાં ભ્રષ્ટાચારે જે માઝા મૂકી છે એ તો જ્યારે જેને અનુભવાયું હોય એને ખબર હોય. મારે એકજ દાખલો આપવો છે કે ગઈકાલે ગૃહમંત્રીશ્રી એક પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા કે દરેક પોલીસ સ્ટેશનની અંદર પોલીસની જેટલી સ્ટ્રેન્થ હોવી જોઈએ એના કરતાં સ્ટાફ ઓછો હોવાના કારણે ગુનેગારોને પકડવામાં અથવા તો ગુનાઓ જે થાય છે એને રોકવામાં પહોંચી શકાતું નથી. મારે ફક્ત એક દાખલો આપવો છે હું છેલ્લાં ઘણા વર્ષોથી જોતો આવું છું લગભગ મોટાભાગના પોલીસ સ્ટેશનોમાં આ જે સ્ટાફ હોય છે એમાંથી બે કે ત્રણ વ્યક્તિ તો ફક્ત જે અનઅધિકૃત વાહનો ચલાવતા હોય છે એના હપ્તા ઉઘ ારાવવામાં રોકાયેલા હોય છે. આજથી દસ વર્ષ પહેલાં છકડો રિક્ષા ચલાવતા હોય એનો ૧૦ રૂપિયા હપ્તો લેવાતો હતો, ટેમ્પો અને જીપો ચલાવતા હોય એના ૩૦૦ રૂપિયાનો હપ્તો ઉઘરાવાતો. આજે એના ત્રણ ગણા ભાવ થઈ ગયા છે. એટલો ભ્રષ્ટાચાર વધ્યો છે. આ હકીકત સાથેના શબ્દો હું બોલું છું. મોટાભાગે પોલીસ સ્ટેશનોની અંદર જ્યારે સામાન્ય માણસ દાખલ થાય એની ફરિયાદ કરવા જાય ત્યારે એની પાસે પેટ્રોલ કે ડિઝલના પૈસા પોલીસવાળા લે પછી જ એની ફરિયાદ દાખલ થાય છે. છતાંય એમ કહેવામાં આવે કે આની અંદર અમારો કયાંય ભ્રષ્ટાચાર નથી. હું એમ કહીશ કે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી વિભાગની અંદર ભય વિના ભ્રષ્ટાચારની શરૂઆત થઈ છે.

મારે બીજી અક વાત એ કહેવી છે કે, હમણાં મારા મિત્ર કહી રહ્યા હતા માનનીય ઊર્જા મંત્રીશ્રી અત્યારે હાજર નથી પણ છતાં મારે કહેવું છે કે, ગઈ ચૂંટણીની અંદર ભારતીય જનતા પાર્ટીના ચૂંટણી ઢંઢેરામાં એક મુદ્દો ઉમેરાયો હતો પહેલા એ શાસનમાં હતા અને ગઈ ચૂંટણી વખતે એ મુદ્દો લઈને આવ્યા હતા કે અમે ખેડૂતોને ચૌદ કલાક થ્રી-ફેઈઝ વીજળી આપવાના છીએ. આજે કેટલા કલાક વીજળી અપાય છે? આટલેથી અટકતું નથી. ૧૯૯૧માં જે જનરલ કેટેગરીમાં, સામાન્ય કેટેગરીમાં વીજળી જોડાણ માટેની માગણીઓ કરી હતી આજે એ લાઈનમાં ઊભાં છે. એટલેથી નહિ પણ હું એમ કહીશ કે જુલાઇ, ૨૦૦૪ની અંદર તત્કાળ વીજ જોડાણ ખેડૂતોને આપવા માટેની જાહેરાત કરી હતી તત્કાળ વીજ જોડાણનો અર્થ મને ખબર નથી શું થાય છે પણ આજે હજી પણ તત્કાળ વીજ જોડાણના પૈસા સાત સાત મહિનાથી જે ખેડૂતોને ભર્યા છે જેમની પાસેથી એંશી એંશી હજાર રૂપિયા કે એક એક લાખ રૂપિયા જે ખેડૂતો પાસેથી વસૂલ કર્યા છે એને આઠ આઠ મહિના સુધી ખેતીવાડીના વીજ જોડાણ આવ્યા નથી. જ્યારે પૂછવામાં આવે છે ત્યારે બોર્ડ તરફથી કહેવામાં આવે છે જવાબ એનો જે ખેડૂતોને મળે છે એ એવો કહેવામાં આવે છે કે અમારી પાસે માલસામાન નથી. એટલેથી અટકતું નથી મારે એમ કહેવું છે કે, કેટલાક વિસ્તારોની અંદર જો વીજ ચોરીના કેસો પકડાયા હોય એની અંદર બે કલમો ઉમેરાય એક ૧૩૫ નીચે ડાયરૅક્ટ વીજ ચોરી થતી હોય તે અને બાકીની વીજ ચોરીઓમાં ૧૨૬ની જે પોલીસ કેસ થાય છે અરે અમુક વિસ્તારની અંદર તો ૧૩૫ નીચે ...

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે.

**વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૧૫**

**અધ્યક્ષશ્રી શ્રી અશોક ભટ્ અધ્યક્ષસ્થાને**

**અધ્યક્ષશ્રી** : માનનીય દંડકશ્રી, પરિસ્થિતિ એ છે કે, તમારી પાસે કુલ ૩૯ મિનિટ છે. છ વક્તા બોલવાના બાકી છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, બે મિનિટ.

**અધ્યક્ષશ્રી** : મને આપવામાં વાંધો નથી, બીજાનો સમય કપાશે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : જી, માનનીય અધ્યક્ષશ્રી, હું ઉર્જાની વાત કરી રહ્યો હતો. જાણે કે ખેડૂતોએ તો ખેડૂત સમાજની અંદર જન્મ લઈ અને મોટી ભૂલ કરી હોય તેમ ૫૦-૫૦, ૬૦-૬૦ ગાડીઓ વીજળી બોર્ડના ચેકીંગ માટે એક સામટી ત્રાટકી પડે. જાણે કે ધાડપાડુઓ હોય તેનાથી પણ મોટી સંખ્યામાં તે રીતે ખેડૂતો ઉપર શંકાની દ્રષ્ટિથી જોવામાં આવે અને પછી તેની ઉપર ૧૩૫મી કલમ નીચે અને ૧૨૬મી કલમ નીચે મોટાં બિલો એવા આપવામાં આવે કે ઘણા ખેડૂતોએ તેના કારણે આપઘાત પણ કરવા પડયા છે. તેમાંય તે હું એટલું ચોક્કસ કહીશ કે ૧૩૫મી કલમમાં કોઈ પણ એકેય બોર્ડનાં ચારેય વિભાગોમાં એક પણ જગ્યાએ તેને ૧૨૬મી કલમમાં ફેરવવામાં આવતા નથી. અહીંયાથી પણ સરકારની અંદરથી ૧૩૫મી કલમોને ૧૨૬મી કલમ નીચે મૂકીને ખાસ માણસો તેમનાં હોય તેમની સાથે ભ્રષ્ટાચાર કરીને રાહતો આપવામાં આવે છે. તેથી પણ હું આગળ કહીશ અમુક વિસ્તારની અંદર અમુક સમાજના લોકોને, અમુક જ્ઞાતિના લોકોને ધ્યાનમાં રાખીને તેમનાં એ જ સમાજના ખેડૂતોના વાડી અને ખેતરો ઉપર વીજ ચેકીંગ કરવામાં આવે છે અને તેને આર્થિક રીતે ભાંગી નાંખવાની પ્રવૃત્તિ આ સરકારની અંદર ચાલી રહી છે. મારે બી.પી.એલ યાદીની એક વાત તે પણ કરવી છે કે છેલ્લાં વર્ષોમાં દોઢ બે વર્ષથી નવી યાદી તૈયાર થયા પછી ( સમય સૂચક ઘંટડી ) માનનીય અધ્યક્ષશ્રીના સુધારા માટે અને તેની અંદર જે ક્ષતિઓ રહી ગઈ છે તે સુધારવા માટે અને ખરેખર બી.પી.એલ.ના લાભાર્થીઓ વંચિત રહ્યાં છે તેમનો ફરી વખત તેમાં સમાવેશ થાય તેને માટે વારંવાર સરકારની અંદર રજૂઆત કરવામાં આવે છે પણ તેના માટેની કોઈ કાર્યવાહી થતી નથી. એક જ સૂચન કરું. છેલ્લે હમણાં જે અતિવૃષ્ટિ થઈ તે પછી પાકનું ધોવાણ, જમીનનું ધોવાણ થયું તેના માટે ખેડૂતોએ ફોર્મ ભર્યા, રજૂઆતો થઈ પણ આજની તારીખ સુધી એ જે નુકસાન થયું છે તે નુકસાન ભરપાઈ કરવા માટે અથવા તેના વળતર માટેની કોઈ પણ કાર્યવાહી અહીંયાથી કરવામાં આવી નથી. ખેતીની અંદર જે ખૂબ મોટા પ્રમાણમાં પાકમાં નુકસાન થયું છે તેના માટેની જોગવાઈ આની અંદર...

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવા : (શહેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીએ આપેલા પ્રવચન અંગે માનનીય મારા મિત્ર આત્મારામભાઈ જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે તે આભાર પ્રસ્તાવના અનુસંધાનમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છું. ગુજરાતની અંદર જ્યારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને (અંતરાય) લોકોનું ભલું થયું છે.

**અધ્યક્ષશ્રી** : જેઠાભાઈ, આપ મારી સામે જોઈને બોલો. વ્યકિતની સામે જોઈને નહીં. મુદ્દા ઉપર બોલો.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાત રાજયની અંદર આવી ત્યારથી લોકોની અંદર પ્રાથમિક ફરજો અને જવાબદારી, પ્રજામાં સુખ શાંતિ જળવાય રહે, રાજયનો ઉત્તરોત્તર વિકાસ થાય તેની કામગીરી કરવાની રાજય સરકારની આ રીતની જે કામગીરી થઈ છે તેનાથી વર્તમાન સરકારમાં વિશ્વાસ મૂકીને ગુજરાતની પ્રજાએ, ગુજરાતની ખૂબ શાણી પ્રજાએ ભારતીય જનતા પાર્ટીની સરકારને ખૂબ બહુમત આપીને ગુજરાતની અંદર ફરી વખત ભારતીય જનતા પાર્ટીનું શાસન સ્થાપિત કરવામાં મોટો ફાળો આપ્યો છે.

રાજય સરકારની અંદર છેલ્લાં પાંચ વર્ષમાં જનહિતને ધ્યાનમાં રાખીને કરેલી કામગીરી માટે જે સિદ્ધિઓ હાંસલ કરી છે તે સિદ્ધિઓની અંદર આખા દેશનું ધ્યાન ખેંચાય એવી ગુજરાતે પ્રગતિ કરી છે. તેની અંદર ભારતના આયોજન પંચે દશમી પંચવર્ષીય યોજનાની અંદર ગુજરાતનો દર ૧૦.૨ ટકાનો વૃદ્ધિનો લક્ષ્યાંકનો આપ્યો હતો તે લક્ષ્યાંકને વટાવીને રાજય સરકારે ૧૧.૨ ટકાનો દર હાંસલ કર્યો છે. ૧૪ ટકા સુધી ઔદ્યોગિક વિકાસ દરની સિધ્ધિ હોંસલ કરવાની હતી એનો સ્વીકાર કરીને એનો પડકાર ઝીલી લીધો છે ગુજરાત રાજયમાં પ્રથમ ૯ પંચવર્ષીય યોજનામાં થયેલ કુલ ૫૪,૨૬૫ કરોડ રૂપિયાના ખર્ચની સામે ૨૦૦૨ થી ૨૦૦૭ માં ૧૦ મી યોજનામાં કુલ ૪૯,૪૧૫ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો અને જે ખર્ચ પ્રજાની ઉપર એકપણ કરવેરા વિનાનો ખર્ચ, એકપણ પૈસાનો વેરો નાખ્યો નથી અને એ રીતે આ ખર્ચ કર્યો છે એ એક સારું અને સુશાસન કહેવાય એવું શાસન ગુજરાતની પ્રજાને આ ભારતીય જનતા પાર્ટીની સરકારે અને શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે આપ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૫ વર્ષ પહેલાં ગુજરાતની માથાદીઠ આવક ૧૮,૨૦૦ રૂપિયાની હતી એ વધીને ૨૬,૫૪૩ રૂપિયા થઈ છે. રાજય સરકારે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, બક્ષીપંચ, વિકસતી જાતિ અને વિકલાંગો સહિતને માટે શૈક્ષણિક અને સ્વાસ્થ્ય વિશેની કલ્યાણકારી યોજનાઓને પ્રાથમિકતા આપીને એનું ફલક વિસ્તારીને અસરકાર બનાવી છે. જેમાં આ વર્ષે ૨૯૧ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપીને શિક્ષણનો વ્યાપ વધે એ રીતની કામગીરી કરી છે. રાજય સરકારે કુંવરબાઈનું મામેરું યોજનામાં આ વર્ષે ૭૨,૭૮૯ કન્યાઓને અને સાત ફેરા સમૂહ લગ્નની યોજનામા ૭,૮૨૦ યુગલોને નાણાકીય સહાય પૂરી પાડવાનું કામ ભાજપની સરકારે કરેલ છે.

ઘર વિહોણા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, બક્ષીપંચ જાતિના ૮૨,૮૫૮ લાભાર્થીઓને મકાન સહાય આપવાની કામગીરી કરેલ છે. રાજય સરકારે રાજયના ૧૧ જિલ્લા મથકોમાં બાબાસાહેબ આંબેડકર ભવનો બનાવીને એને કાર્યરત કરવાની કામગીરી કરેલ છે ત્યારે આ મારા મિત્રો જે અહીં બેઠેલા છે તેમણે આજસુધી એ કામગીરી કેમ નહોતી કરી? અમદાવાદમાં રાષ્ટ્રીય કક્ષાનું બાબા સાહેબ આંબેડકર ફાઉન્ડેશનનું લોકાર્પણ કરેલ છે. રાજયની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા યોજનાની કામગીરી પૂર્ણ કરવાની કામગીરીને અગ્રતા આપીને આ યોજનામાં ૨૦૦૧ સુધીમાં થયેલ ૯૭,૮૬૩ કરોડ રૂપિયાના ખર્ચની સામે સરકારે છેલ્લા ૫ વર્ષમાં ૧૧,૨૦૮ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે અને મુખ્ય બંધની ઉંચાઈ ૧૯૧.૯૨ હતી એનું નિર્માણ કાર્ય પૂરું કર્યુ છે. આ યોજના દ્વારા રાજયમાં ૧૯૧૦૦ કિલોમિટરની બલ્ક પાઈપલાઈન અને ૧ હજાર કિલોમિટર ઉપરની વિસ્તરણ પાઈપલાઈન દ્વારા રાજય સરકારે કેવડીયાથી કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત સુધીના દૂરના વિસ્તારોમાં પીવાના પાણી માટેની કામગીરી કરી છે. કોંગ્રેસના શાસનમાં પીવાના પાણી માટે ટેન્કરો અને ટ્રેઈનો ચલાવવી પડતી હતી ત્યારે નરેન્દ્રભાઈ મોદીની સરકારે આ રીતે આ બધા વિસ્તારોમાં પાણી પહોંચાડવાની એક મહત્વની કામગીરી કરી છે એ ગુજરાતની પ્રજાના હિતની સારામાં સારી કામગીરી છે.

ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણમાં પ્રથમ સ્થાને રહયું છે ત્યારે ઔદ્યોગિક વિકાસ માટે સાનુકૂળ વાતાવરણ, આર્થિક સ્વાતંત્ર, આંતર માળખાકીય સુવિધા, બંદરો અને માર્ગો,વીજળી અને પાણીની સવલત, ઔદ્યોગિક શાંતિ અને સુધારાલક્ષી અભિગમના કારણે ગુજરાતના ઔદ્યોગિક એકમોનો વિકાસ તરફ એશિયાનું ધ્યાન ખેંચાયું હોય ત્યારે એશિયાના મોટા દેશો ચીન, જાપાન અને કોરીયા એ આ રાજય સરકારના અભિગમના કારણે ગુજરાતમાં વધુને વધુ મૂડીરોકાણ કરવા માટે પ્રેરાયા છે ત્યારે મને કહેતાં દુ:ખ થાય છે કે કોંગ્રેસના શાસનમાં અગાઉ અમદાવાદમાં જે ૮૫ મિલો ચાલતી હતી એ મિલો આજની તારીખમાં એકપણ ચાલુ નથી. આ લોકોએ આ મિલો બંધ કરાવી છે. આ લોકો એટલા માટે જ સામી પાટલી ઉપર બેઠા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૮.૫ હજાર કરોડ રૂપિયાથી વધુ મૂડીરોકાણના સમજૂતી કરાર થયેલા છે અને એમાંથી સમજૂતી કરારામાંથી ૮૦ ટકા રોકાણ વાસ્તવિક બન્યું છે અને અનેક પ્રોજેકટો અમલમાં મૂકાયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વબેંક ઓફ ઈન્ડિયાના પ્રસિધ્ધ કરેલા અહેવાલના કારણે ૨૦૦૭ માં સમગ્ર દેશમાં થયેલા અનેક ઔદ્યોગિક મૂડીરોકાણોની સામે ૨૫૦૮ ટકાથી સૌથી વધારે ફાળા સાથે ગુજરાત પ્રથમ રાજય બન્યું છે અને વિશ્વ બેંકના અભ્યાસ અને અહેવાલ અનુસાર ઔદ્યોગિક મૂડીરોકાણ ૩૩ પોઈન્ટમાંથી સૌથી વધારે ૨૮ પોઈન્ટ સાથે ગુજરાત પ્રથમ રહયું છે એના માટે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અભિનંદનને પાત્ર છે. આ લોકો કે જે કયારનાય એવું કહે છે કે ગુજરાતમાં ખેડૂતોને ત્રાસ આ લોકોએ એવું કહ્યું કે ગુજરાતમાં ખેડૂતોને ત્રાસ આપવામાં આવે છે, ત્યારે મારે એમને પૂછવું છે કે મહેસાણામાં કોંગ્રેસની સરકાર હતી ત્યારે ખેડૂતો ઉપર ગોળીબાર કર્યો હતો, અને એક ટ્રક ભરાય એટલા પગરખાં ગાંધીનગરમા પડયાં હતાં, ગુજરાતમાં સુખ શાંતિ વધે, ગુજરાતના લોકોની સમૃધ્ધિ વધે સુશાસન આપવા માટે, ભય અને ભ્રષ્ટાચાર નાબૂદ કરવા માટેનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી થયું છે. આજ સુધીમાં (અંતરાય) સાહેબ, મને રક્ષણ આપો, આ લોકો મને બોલવા દે, માનનીય અધ્યક્ષશ્રી, ગોલાણાનો હત્યાકાંડ, માનગઢનો હત્યાકાંડ, માનનીય વલ્લભભાઈનો હત્યાકાંડ, આ કોંગ્રેસને કંઈ બોલવાનો અધિકાર નથી, કંઈ કહેવાનો અધિકાર નથી, ગુજરાતની પ્રજાએ કહી બતાવ્યું છે. વિરોધપક્ષના નેતાશ્રી બોલતા હતા કે ભ્રષ્ટાચાર થાય છે. મારે એ કહેવું છે કે ભ્રષ્ટાચાર તો કયારે થતો હતો કે વહાલા દવલાની નીતિ હતી, ત્યારે ટેન્ડરો આપવા માટે પોતાના માણસો હોય તેમને ટેન્ડરો આપવામાં આવતાં હતાં. ગુજરાતના મુખ્ય મંત્રીશ્રીએ પારદર્શક વહીવટ લાવી અને ઈ ટેન્ડરીંગની વ્યવસ્થા કરી છે.

**અધ્યક્ષશ્રી** : આપને મળેલો સમય પૂરો થઈ ગયો છે. માનનીય નાનુભાઈ.

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી(સુરત શહેર (ઉત્તર)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સભ્યશ્રી આત્મારામભાઈ પરમાર મહામહીમ રાજયપાલશ્રીના પ્રવચન ઉપરનો આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે, તેને હું મારું સમર્થન કરવા અહીં ઉપસ્થિત થયો છું. આ ગૃહમાં જે જે સભ્યોએ પોતાના વિચારો વ્યકત કર્યા તે વિચારો મિશ્ર વિચારો હતા, અહીં આંબેડકર અને ગાંધીની વાત કરવામાં આવી, ગાંધીના વિચારોની વાત કરવામાં આવી, આંબેડકરની વિચારધારાની વાત કરવામાં આવી, મારે આ સભ્યોને પૂછવું છે કે આઝાદીના ૫૦ વર્ષ સુધી ગાંધીજીના વિચારોની હત્યા અને આંબેડકરના વિચારોની હત્યા જો કોઈએ કરી હોય તો આ ૫૦ વર્ષ સુધી શાસન કરનારાઓએ કરી છે. અને તેથી ગુજરાતની પ્રજાએ છેલ્લા ૧૫ વર્ષથી એમને એમનું સ્થાન બતાવી દીધું છે. ગાંધીજીના સાચા વિચારો, ગાંધીજીના સાચા આદર્શો એ હતા કે ગામડું સમૃદ્ધ થાય, ગામડું કેવું હોવું જોઈએ, તે માટેના એમના વિચારો સ્પષ્ટ હતા. મહાત્મા ગાંધીજીએ ગ્રામ સ્વરાજમાં જે ગામડાની કલ્પના કરી હતી તે સાચી કલ્પના આજે ગામડાંમાં દેખાઈ રહી છે. અને તેનો શ્રેય જો કોઈને આપવો હોય તો માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના પાંચ વર્ષના શાસનને આપવો પડે. ખૂબ ટૂંક સમયમાં વસંત આવી રહી છે. હું કવિ કાલીદાસનું ટૂંકું વાકય પ્રસ્તુત કરવા માગું છું." સર્વે પ્રિય ચારો તરં" અર્થાત્ વસંતમાં બધું પ્રિયતર લાગે છે. સદાબહાર વસંત ખીલેલી છે વિકાસની. એવી રીતે ગુજરાતના ગામડાંની અંદર શહેરોની અંદર સદાબહાર વસંત ખીલેલી છે. સાચા વિકાસનો લોકોને અહેસાસ થયો છે, લોકો વિકાસને મહેસૂસ કરી રહ્યા છે. ગામડાં કેવા હોય, વિકાસ કોને કહેવાય એનો અહેસાસ થઈ રહ્યો છે. મહામહીમ રાજયપાલશ્રીના પ્રવચનમાં જે મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો છે એમાં આદર્શ ગામડાં સાકાર કરવાની વાત છે.

વનબંધુ યોજના, સાગર ખેડૂ યોજના હોય કે શહેરી ગરીબ સમૃદ્ધ યોજના હોય મને કહેતાં સંકોચ થાય છે કે વિરોધપક્ષના નેતા વનબંધુ શબ્દ ઉપર આપત્તિ ઉઠાવતા હતા. વનબંધુ શબ્દમાં આપત્તિ દેખાતી હોય એવા લોકોને તો ગુજરાતની પ્રજાએ ફેંકી દીધા છે. સાગર ખેડૂની વાત છે, પાયામાંથી ગામડાંને ઊભા કરવાની વાત છે. વનવાસીભાઈઓને પાયામાંથી ઊભા કરવાની વાત છે. જળ સંચયની વાત છે. જળ સંચયના કારણે, સાગર ખેડૂના કારણે ગામડાંનો વિકાસ થઈ રહ્યો છે એના એક બે દાખલા આપની સમક્ષ મૂકવા માગું છું.

હું સુરતથી આવું છું સુરતની અંદર મારા રત્ન કલાકારભાઈઓ મજૂરી કરીને ગામડાંની અંદર પૈસા મોકલતા હતા. એક સમય એવો હતો કે વૈશાખ મહિનો આવે એટલે ગામડાંમાંથી રત્ન કલાકારભાઈઓના વાલીઓ પત્ર લખતા હતા કે બેટા વાવણીની સીઝન શરૂ થવાની તૈયારી છે. ખાતર લેવાનું બાકી છે, બિયારણ લેવાનું બાકી છે, દવા લેવાની બાકી છે તેથી તું તાત્કાલિક એના માટે પૈસા મોકલ. અગર કોઈ સામાજિક પ્રસંગ હોય બહેન દીકરીના ચાંદલા હોય કે લગ્ન હોય ત્યારે પૈસા મંગાવવામાં આવતા અને મારો રત્ન કલાકારભાઈ એ પૈસા મોકલતો ત્યારે એના ખેતર માટે બિયારણ આવતું હતું, સામાજિક પ્રસંગ ઉકેલાતો હતો. જ્યારે અત્યારે પરિસ્થિતિ ઉલ્ટી છે. ગામડાંની અંદર અત્યારે સિંચાઈની વ્યવસ્થા થઈ, જળ સંચયની યોજનાઓ થઈ, કૃષિ રથના સંકેતો આવ્યા એના કારણે ખેડૂતોમાં જાગૃતિ આવી અને તેથી કૃષિ ઉત્પાદન વધ્યું છે. આજે ગામડાંમાં રત્ન કલાકારના વાલીઓ રહે છે અને રત્ન કલાકારભાઈએ સુરતમાં ફ્લૅટ લેવો છે એની વાલીને ગામડે ખબર પડે અથવા તો મોબાઈલથી સંદેશો આવે છે કે મેં સાંભળ્યું છે કે તારે સુરતમાં ફલેટ લેવાનો છે, તારે પ્લોટ લેવો છે, મકાન લેવું છે તો એની ફિકર ન કરીશ આપણે કપાસ ખૂબ સારો પાક્યો છે, માંડવી ખૂબ સારી પાકી છે તેથી બે-ચાર કે પાંચ લાખ રૂપિયા હું અહીંથી મોકલીશ તું ચિંતા કર્યા વગર પ્લોટ લે આજે આ ગામડાંની સ્થિતિ છે. પહેલા ગામડાંમાંથી શહેરોમાં હિજરત થતી હતી એના બદલે આજે શહેરોમાંથી ગામડાંમાં લોકો રહેવા જવા લાગ્યા છે.

જ્યોતિ ગ્રામ યોજનાની વાત કરીએ તો આ યોજનાને કારણે નાના નાના હીરાના કારખાનેદારો જે પહેલા શહેરમાં હીરાનું કારખાનું ચલાવતા હતા એ ગામડાંની અંદર કારખાના ચલાવવા લાગ્યા છે આ જ્યોતિ ગ્રામ યોજનાનો લાભ છે. ખેડૂતોને પહેલા ઓછા વૉલ્ટેજ મળતા હતા ૨૫૦ કે ૨૭૫ વૉલ્ટેજ મળતા હતા એ અત્યારે પૂરા વૉલ્ટેજથી વીજળી મળતાં એના જે ઉપકરણો છે જે બળી જતા હતા એ બંધ થઈ ગયા છે આ જ્યોતિ ગ્રામનો લાભ છે. એટલે જે સાચા ગામડાંની વાત છે, આદર્શ ગામડાંની વાત છે એ આ માનનીય મુખ્યમંત્રીશ્રીના શાસનની અંદર પૂરી થઈ છે. અગાઉ જે સરકારો હતી એ વિકાસના કાર્યો માટે વિચારતી ખરી પરંતુ કંઈ કરતી નહોતી. જ્યારે આ સરકાર એવી છે કે જે ચાદરને ટૂંકી કરવાવાળી નહિ પરંતુ ચાદરને પહોળી કરવાવાળી મોટી કરવા વાળી સરકાર છે. ગુજરાતીઓ ગૌરવથી કહી શકે છે કે ગુજરાતની હરિફાઈ કોઈ રાજય સાથે નહિ, પરંતુ આંતરરાષ્ટ્રીય દેશો સાથે થઈ રહી છે. આ ગુજરાતની સાડા પાંચ કરોડની જનતાએ ભારતીય જનતા પાર્ટીની સરકારને આ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને ત્રીજી વખત શાસનના સૂત્રો આપ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, શાસન અને પ્રજા એક બની છે. પ્રજા અત્યારે સરકારની સાથે અદ્વૈતભાવની લાગણી અનુભવી રહી છે. પહેલાં પ્રજા શાસનને કયારેય સ્વીકારતી નહોતી. મારે વધારે વાત નથી કરવી પણ સાચું જે ગામડું છે એ ગામડાંની કલ્પના મુજબની સરકાર ચાલી રહી છે. તે સરકારની વાત લઈને આવ્યા છે તે રાજયપાલશ્રીના પ્રવચનને હું મારું અનુમોદન આપું છું.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર (ઠાસરા)** : માનનીય અધ્યક્ષશ્રી, આભાર પ્રસ્તાવ ઉપર હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, આત્મારામ જ્યારે આ પ્રસ્તાવ ઉપર બોલતા હતા ત્યારે હું બરાબર ધ્યાનથી સાંભળતો હતો. ગામડાંની એક કહેવત છે કે વરને હંમેશા વરની માં જ વખાણે. બીજું કોઈ વખાણે નહીં. આખા પ્રવચનમાં સરકારના વખાણ સિવાય એક પણ જગ્યા મેં એવી જોઈ નથી કે સરકારના વખાણ સિવાય બીજો કોઈ શબ્દ વાપર્યો હોય. માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) હું આવીશ, થોડીક શાંતિ રાખો. વખાણ કરવાની જગ્યાએ મારી સાથે સંમત થાય તો હું રાજકારણ છોડી દઈશ. પણ મારી સાથે સંમત થાવ.

**અધ્યક્ષશ્રી** : શ્રી રામસિંહભાઈ, તમારી પાસે મર્યાદિત મિનિટો છે. એટલે તમે સીધી જ વાત કરો.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું રાજકીય અવલોકનમાં નહીં પડું. પ્રવચનમાં જળસંચયની એક વાત કરીશ કે પાંચ વર્ષમાં ૬૦,૦૦૦ ચેકડેમો બનાવ્યા. ૧,૭૧,૦૦૦ ખેત તલાવડી બનાવી. ૩૫,૦૦૦ બોરીબંધ બનાવ્યા. ૧૪,૦૦૦ તળાવો ઉંડા કર્યા. સામે બેઠેલા મિત્રોને પૂછયું કે બોરીબંધ એટલે શું? બોરીબંધ એટલે માટી કે રેતી ભરીને થેલી પર થેલી મૂકીને એને બોરીબંધ બતાવ્યા. માનનીય અધ્યક્ષશ્રી, એક વર્ષના ચોમાસા પછી એક પણ બોરીબંધ મને બતાવે. એક પણ ખેડૂત મને બતાવે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર, ઑર્ડર, મોહનભાઈ, આ બાજુથી બોલતા હતા ત્યારે અવાજ નહોતો, તેથી તમે પણ સંયમ રાખો.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, સિમેન્ટ, રેતી કૉંક્રિટના ચેકડેમો નથી રહેતા તો આ બોરીબંધ ચોમાસામાં એક પણ રહયો નથી. એ કહે તો હું સાબિત કરી બતાવું અથવા તો તેમની સાથે જઈને મને બતાવે. માનનીય અધ્યક્ષશ્રી, ખેત તલાવડી, જે ખેત તલાવડી બનાવી, ખેડૂતોએ પાળા થોડાક ઉંચા કર્યા અને ખેત તલાવડીની અંદર પૈસા ઉઠાવી લીધા. હમણાં અમારા ખુમાનસિંહભાઈ બોલતા હતા. સામે કોણ હતું મને ખબર નથી. બોરીબંધમાં, ખેત તલાવડીમાં બહુ ભ્રષ્ટાચાર થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, આ જળસંચયમાં મોટામાં મોટો

ભ્રષ્ટાચાર થયો હોય તો આ વિભાગમાં થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત અને ગ્રામ વિકાસ. સરદાર પટેલ આવાસ યોજના, સરદાર પટેલ આવાસ યોજનામાં આ કોને લાભ મળે તો જેના નામે બી.પી.એલ. નંબર હોય. ગ્રામ્ય લેવલમાં બી.પી.એલ. નંબરો ગયા વખતે ચેક કર્યું. જે ગામની અંદર બી.પી.એલ. નંબર ૧૦૦ હતા તેના ૧૦૦ની અંદર ૨૫ કરી નાખ્યા. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી ફતેસિંહજી, શ્રી જેઠાભાઈ, ઑર્ડર, ઑર્ડર. શ્રી જયંતિભાઈ. જ્યારે આ બાજુથી પ્રવચન થતું હતું ત્યારે આ બાજુથી એક પણ અવાજ થતો નહોતો. એમને કહેવાનો અધિકાર છે. શું કહેવું એ તમારી ઇચ્છા પ્રમાણે નહીં કહે. આપે શાંતિ જાળવવી જ પડશે.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : મારો કહેવાનો ભાવાર્થ એ છે કે બી.પી.એલ. નંબર ઈરાદાપૂર્વક સૂચનાઓ આપીને જિલ્લા વિકાસ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી મારફતે સૂચના આપવામાં આવે.
કે બી.પી.એલ. નંબર ઓછા કરી એના ફૉર્મ ભરાય, ફૉર્મ ભરાયા પછી કોણે ચકાસણી કરી એ કોઈને ખબર નથી અને બી.પી.એલ.ના નંબરો ઓછા થઈ ગયા એના કારણે ગ્રામ્ય લેવલની અંદર જે વિધવા બહેનો હતી એ બહેનોના બી.પી.એલ. નંબર નીકળી ગયા. એના કારણે એને રૅશન કાર્ડ મળતું નથી, એને અનાજ મળતું નથી, એને સરદાર આવાસ યોજનાનો લાભ મળતો નથી. એની અંદર પણ હું કહી શકું એમ છું. સરદાર આવાસની અંદર જે રકમ છે એ રકમ ફક્ત રૂ.૩૮૦૦૦/- છે. રૂ.૭૦૦૦/- લાભાર્થીએ ભોગવવાના છે. એ સાત હજાર રૂપિયા લાભાર્થી ભોગવી શકે એમ નથી. આજે સિમેંટનો ભાવ રૂ.૨૨૫/- ની થેલી છે. લોખંડનો ભાવ રૂ.૩૫/- છે. ઈંટોનો ભાવ રૂ.૧૨૦૦/- થી રૂ.૧૮૦૦/- છે. લેબર વધ્યું છે. સરદાર આવાસમાં બે લાખ સત્યાશી હજાર મકાનો બનાવ્યા છે એ [•] (xxxxxx) છે. આ મોંઘવારીના કારણે એકપણ સરદાર આવાસ પૂરા થયા નથી. લોખંડનો ભાવ વધ્યો છે એના કારણે એકપણ સ્લેબ બન્યો નથી. સરકારશ્રી ધારે તો લોખંડના સ્લેબ વગર લોખંડ કે સિમેંટના પતરાં નાંખે તો સરદાર આવાસ પૂરા થાય એમ છે.

**અધ્યક્ષશ્રી** : આપનું પ્રવચન પૂરું થાય છે.

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

### અસંસદીય શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવા બાબત

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ (xxxxxx) છે એ અસંસદીય શબ્દ છે એ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

**અધ્યક્ષશ્રી** : એ શબ્દો રદ કરવામાં આવે છે.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : આનાથી કેટલું ચલાવવાનું? આ તો એક સેમ્પલ છે.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ(વિરમગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં સન્માનનીય સભ્યશ્રીઓનું અભિવાદન કરું છું. માનનીય રાજયપાલશ્રીએ આ રાજય સરકારની નીતિ અને સિદ્ધિઓનું નિરૂપણ કર્યું છે અને મારા સાથી મિત્ર આત્મારામભાઈ પરમાર એના ઉપર આભાર પ્રસ્તાવ લાવ્યા છે એના સમર્થનમાં હું ઊભો થયો છું. મારા કહેવાનો મતલબ એટલો છે કે, સમય અને શ્વાસોશ્વાસ કુદરતે દરેકને સરખા આપ્યા છે. કુદરતે તમને અને અમને ગુજરાતની સેવા કરવાની તક આપી છે. એને સાર્થક કરવા માટે ગુજરાતનાનિર્માણના
ભગીરથ યજ્ઞ કાર્યમાં જોડાવાનો અને એ ઇમારતનો પાયો જે મજબૂત છે એ ગુજરાતની ઇમારતનું હું વર્ણન કરું. એમાં ગુજરાતને જ્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈનું નેતૃત્વ મળ્યું છે ત્યારે મને કહેવાનું મન થાય છે કે, " કદમ હોય જો અસ્થિર તો રસ્તો મળતો નથી અને અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી." આપણને આવા અડગ મનના માનવી એવું સબળ નેતૃત્વ પ્રાપ્ત થયું છે ત્યારે હમણાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી જે કેન્દ્ર સરકારની સહાયની જે વાત કરી રહ્યા છે ત્યારે મને કહેવાનું મન થાય છે કે, ગુજરાતની અંદર કારમો ભૂકંપ આવ્યો અને એ ભૂકંપની જે શેષ રકમ હતી એ કેન્દ્ર સરકારે બીજા રાજયોમાંથી ઉઘરાવી હતી એ હજુ સુધી ગુજરાતને મળી નથી. ત્યારે આ હળહળતો અન્યાય કેન્દ્રની સરકાર ગુજરાતની પ્રજા સાથે કરી રહી હોય ત્યારે ગુજરાતના વિકાસનો દર (અંતરાય) અને એટલે તો બાબુભાઈ કચ્છમાંથી સૂપડાં સાફ થઈ ગયાં છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી કમાભાઈ તમે મારા તરફ ધ્યાન આપો. બાબુભાઈ આપ તો સિનિયર સભ્ય છો. એક નવા સભ્યને બોલવા દો.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ** : ગુજરાતના વિકાસનો દર ૧૦.૭ ટકાથી વધી ગુજરાત મહેસૂલી પુરાંતવાળું રાજય બન્યું છે ત્યારે ગુજરાત એ દેશમાં ઉત્પાદનનું પાવર હાઉસ તરીકે પ્રસ્થાપિત થયું છે. એ કહેતાં મને આનંદ થાય છે કે, ૧૯૯૦-૧૯૯૫માં ૯૦૦૦ કરોડનું કૃષિ ઉત્પાદનની આવક હતી એની સામે અત્યારે એનો આંકડો ૩૪૦૦૦ કરોડથી વધારે થવા જાય છે. ાહેલા લેબ ટુ લેન્ડનો કાર્યક્રમ હતો અત્યારે મુખ્યમંત્રીશ્રીની દીર્ઘદ્દષ્ટિને કારણે સોઈલ ટુ સેટેલાઈટના કાર્યક્રમ દવારા ખેડૂતો, ખેતરો અને ગામડા સુધીનો જે વિકાસ થયો છે, ખેડૂતોએ કેવું પાણી આપવું, ખેડૂતોએ કેવા પ્રકારનો પાક લેવો, ખેડ્રતો આજે ખેતી કરતા થયા છે. ગુજરાતના ખેડ્રતો ઈઝરાઈલ પધ્ધતિથી ખેતી કરતા થયા છે ત્યારે ગુજરાતની માથાદીઠ આવક પણ વધી છે જેના કારણે કચ્છમાં કાજુ વલસાડમાં

[•] (xxxx ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

ગુલાબની ખેતી થવા લાગી છે. ગુજરાત બીજી હરિયાળી ક્રાંતિ તરફ આગળ વધી રહયું છે ત્યારે આપણે સૌએ માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવા ઘટે. માનનીય અધ્યક્ષશ્રી, અમારા કાઠીયાવાડની અંદર અને નળકાંઠા વિસ્તારની અંદર એક ઘોડી ચાલતી હોય અને ઘોડી પર અસવાર કેવો હોય એના ઉપરથી ઘોડી રેવાલ ચાલતી હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, ઘોડી સરસ મજાની હોય પણ જો એનો અસવાર સરસ મજાનો ના હોય તો ઘોડી ગટકો લેતી હોય છે અને જયારે ઘોડીને સરસ મજાનો અસવાર મળ્યો હોય ત્યારે ઘોડી સરસ મજાની રેવાલની ચાલે ચાલતી હોય છે, ત્યારે મને કહેવાનું મન થાય છે કે અત્યાર સુધી આ ગુજરાતની વિકાસરૂપી ઘોડી એ ઘોડી હતી એને ટટુ બનાવી દેવામાં આવી હતી અને અત્યારે જયારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ એની ઉપર અસવાર થઈને નીકળ્યા છે ત્યારે ગુજરાતની આ વિકાસરુપી ઘોડી સરસ મજાની રેવાલની ચાલે ચાલી રહી છે ત્યારે મને આપને કહેતાં આનંદ થાય છે કે ગુજરાત સર્વત્ર સર્વગ્રાહી વિકાસ કરી રહયું છે ત્યારે ગુજરાતનો ખેડૂત એના પૂરક વ્યવસાય તરીકે દૂધ ઉત્પાદનના વ્યવસાયને જયારે સ્વીકારવા જઈ રહયો છે ત્યારે આ ગૃહને કહેતાં મને આનંદ થાય છે કે ગુજરાતની અંદર આવા બધા કાર્યક્રમોને કારણે કૃષિરથના અભિગમને કારણે ગુજરાતના દૂધ ઉત્પદકોમાં ૨૦ ટકાનું દૂધ ઉત્પાદન વધ્યું છે. હિન્દુસ્તાનની અંદર ઝાપાનના વડાપ્રધાનશ્રી મોરી આવ્યા ત્યારે સમગ્ર દેશમાંથી માત્ર એક જ મુખ્યમંત્રીને બોલાવવામાં આવેલા અને એનું શ્રેય જાય છે આપણા ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને.

ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને જયારે જાપાનના વડાપ્રધાને બોલાવ્યા ત્યારે સ્પેશીયલ ઈન્વેસ્ટમેંટ રીજીયન તરીકે ગુજરાતનું ધોલેરા બંદર અને ભરુચ જિલ્લાના દહેજ જેવા બંદરો માટે સ્પેશીયલ ઈન્વેસ્ટમેંટ રીજીયન નીચે આની મોરીએ વાત કરી ત્યારે આ ગૃહને કહેતાં આનંદ થાય છે કે આવો સમસ મજાનો ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર માર્ગ દિલ્હીથી મુંબઈ અહીંથી પસાર થઈ રહયો છે અને ગુજરાતનો વિકાસ રોકેટ ગતિએ આગળ વધી રહ્યો છે, એથી પણ આગળ કહેતાં મને આનંદ થાય છે કે ગુજરાતની માતા અને શીશુઓની જિંદગી બચાવવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીની દીર્ઘદૃષ્ટિને કારણે એક લાખ જેટલી માતાઓ અને શીશુઓની જિંદગી બચાવી અને ચિરંજીવી યોજના નીચે અમારા માનનીય મંખ્યમંત્રીશ્રીએ એશીયાનો પ્રથમ એવોર્ડ એશીયા ઈનોટીવ એવોર્ડ ગુજરાતને પ્રાપ્ત કરાવ્યો છે. અમને કહેતા આનંદ થાય છે કે ગુજરાતની અંદર રમતગમત ક્ષેત્રની અંદર ૧૧ જિલ્લાની અંદર રમતગમત સંકુલોનું નિર્માણ કરેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, પાંડુરંગ શાસ્ત્રીએ એક પંકિત સરસ મજાની કહી છે.,

લોચન જેનું લાલ છે તે જ ખરો યુવાન છે,
યુવાન જો ધારે તો સૃષ્ટિ સજાવે, સાચી સમજ વિના જીવન લજાવે.

આવું સરસ મજાનું રમતગમમત ક્ષેત્રે પણ ગુજરાતની સરકાર પ્રદાન કરી રહી છે ત્યારે નારી તું નારાયણી, નારી રતનની ખાણ, આવા મહિલા ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા માટે અમારા રમતગમત મંત્રીશ્રી માનનીય ફકીરભાઈ વાઘેલા સાહેબે પણ આ સરકારે અઢી કરોડ રૂપિયાની સ્પેશિયલ જાહેરાત કરી છે ત્યારે હું એમને અભિનંદન આપું છું. આવી સરસ મજાની વાત છે. હમણાં માનનીય રામસિંહભાઈ પરમાર જયારે વાત કરી રહયા હતા ત્યારે મને એ વાતનું દુઃખ થાય છે. એમની વાત જે હતી, બી.પી.એલ. કાર્ડની પણ બી.પી.એલ. કાર્ડના જે નિયમો બનાવ્યા છે એ કેન્દ્રની સરકારે બનાવ્યા છે અને કેન્દ્રની સરકારે જયારે નિયમો બનાવ્યા છે ત્યારે ગુજરાતના ગરીબોને ઉશ્કેરવાનું બંધ કરી અને ગુજરાતના ગરીબો માટે, ગુજરાતના દલિતો માટે, ગુજરાતના શોષિતો માટે, ગુજરાતના આદિવાસીઓ માટે, ગુજરાતની સરકાર જે ઝડપે કામ કરી રહી છે એમાં રોડા નાખવાનું મહેરબાની કરીને બંધ કરી અને કેન્દ્રની સરકારને તમે સાચી સમજ આપો કે ગુજરાત આર્થિક રીતે સક્ષમ રાજય બન્યું છે.

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

## કેન્દ્ર સરકારની ટીકા કરવા અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ વિરોધ પક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો પુસ્તકના પાના નં. ૩૩૮ તરફ આપનું ધ્યાન દોરવા માગું છું. અધ્યક્ષશ્રીના નિર્ણય ક્રમાંક: ૪૮૩ -કેન્દ્ર સરકારની ગૃહમાં ટીકા ન થઈ શકે. રીલેવન્ટ જ માત્ર વાંચું છું. બીજા પૅરામાં એ વાત બહુ સ્પષ્ટ છે કે આપણે બીજા કોઈ સ્ટેટ ગવર્નમેન્ટ કે કેન્દ્ર સરકારને ક્રિટીસાઈઝ કરી શકતા નથી. એક વાત સ્પષ્ટ છે અને મેં વખતોવખત રૂલિંગો આવ્યા છે એ જોયાં છે કે કોઈ વસ્તુ સ્ટેટની હોય કે તકલીફ હોય તો મૂકી શકાય. પણ "you cannot criticise the act of the Central Government. Let us be very clear." ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રકારની વાત જે રીતે થઈ છે, આપ રેકર્ડ મંગાવીને જોશો તો પણ લાગશે. માનનીય મંત્રીશ્રીઓ અને માનનીય સભ્યશ્રીઓ બન્ને તરફથી આ ગૃહમાં આ નિર્ણયની વિરુદ્ધ આ વાતો થયા કરે છે અને આપના તરફથી રોકાય એ વાતની આ રૂલિંગના આધાર ઉપર વિનંતી કરું છું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ફક્ત એટલું કહ્યું છે કે બી.પી.એલ.ના નિયમો કેન્દ્ર સરકાર બનાવે છે. એની કોઈ ટીકા કરી નથી. ફક્ત સ્પષ્ટતા કરી છે. આમાં કોઈ

ટીકાની વાત આવતી નથી. ફક્ત સમજૂતીની વાત આવે છે. કેન્દ્ર સરકાર બી.પી.એલ.ના નિયમો બનાવે છે એ જ વાત માનનીય સભ્યશ્રીએ કરી છે. આમાં કોઈ ટીકા થઈ નથી.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં રામસિંહભાઈએ પણ એમ કહ્યું કે સરકાર અધિકારીઓને હુકમો આપે અને નામો કમી કરવામાં આવે છે. એવુ કંઈ છે જ નહીં.

**અધ્યક્ષશ્રી** : રામસિંહભાઈના વિધાન ઉપર નથી. શ્રી કમાભાઈએ વાત કરી હતી એના ઉપર વિપક્ષના નેતાશ્રીનો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. એમાં એમણે કહ્યું છે કે કેન્દ્ર સરકારની ટીકા થઈ શકતી નથી. જે સંદર્ભમાં શ્રી કમાભાઈએ વાક્ય વાંચ્યા છે એ સંદર્ભમાં હું જોઈ જઈશ. હું મારું રૂલિંગ રિઝર્વ રાખું છું.

# રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ) (ક્રમશઃ)

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી હમણાં જે વાત કરતા હતા એને હું આગળ વધારું છું. આગળ એટલા માટે વધારું છું કે, હમણાં એમણે આક્ષેપ કર્યો હતો કે કેન્દ્ર સરકાર વધારે ગ્રાન્ટ આપી રહી છે. મને કહેતાં એ વાતનું દુઃખ થાય છે, હમણાં જ મળેલા આંકડા મુજબ કેન્દ્ર સરકારે ૨૫૩૧ કરોડ રૂપિયા જેટલી રકમ કચ્છના ભૂકંપના નામે ઉઘરાવી છે. એની સામે ગુજરાતને ૧૪૬૭ કરોડ રૂપિયા જ ચૂકવ્યા છે. એ વાતનું અમને દુઃખ થાય છે. ગુજરાતનો જે રીતે ઝડપભેર વિકાસ થઈ રહ્યો છે અને એ વિકાસમાં એ પછી રસ્તાની વાત હોય, પીવાના પાણીની વાત હોય, નર્મદાના જળ ખેડૂતોના ખેતર સુધી લઈ જવાની વાત હોય. હમણાં જ્યારે ખેડૂતોની વાત થતી હતી ત્યારે ખેડૂતોના પુત્ર તરીકે મને દુઃખ થાય છે કે ભૂતકાળમાં સાબરકાંઠામાં ખેડૂતોની ખાંભીઓ ખોડેલી, ત્યાં આજે પૂજન થઈ રહ્યા છે. ગુજરાતના ખેડૂતો જ્યારે સરકાર સામે આંદોલન લઈને નીકળતા ત્યારે તેમને ગોળીએ દેવામાં આવતા હતા. આનંદની વાત છે કે આ સરકારે ખેડૂતો સામે એક પણ ગોળીબાર કર્યા નથી. આ સરકારે ખેડૂતોને ખૂબ જ સારા લાભો કરાવ્યા છે. રસ્તાની વાત કરીએ તો આજે લીંબડીથી બગોદરા જતા હાઈ-વે ઉપર ભૂતકાળમાં પૂજ્ય મોરારીબાપુનો રામ પારાયણ જ્ઞાનયજ્ઞ રાખવો પડતો હતો. આજે ફૉર લેન હાઈ-વેના કારણે એક પણ અકસ્માત થતો નથી. આજે ગુજરાતના કોઈપણ છેડે જવું હોય, રાજકોટ જવું હોય ત્યાં સડસડાટ પહોંચી જઈએ છીએ. અમને કહેતાં આનંદ થાય છે કે, ત્યારે અકસ્માતો ઘટાડવા પૂજ્ય મોરારીબાપુની કથા થતી, જ્યારે આજે ગુજરાતમાં ગમે તે સ્થળે જવું હોય ત્યાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રીની દીર્ઘદ્રષ્ટિના કારણે ખૂબ જ સારા રસ્તાઓ થયેલા છે.

**શ્રી મુકેશ ભે. ગઢવી(દાંતા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીના પ્રવચનના આભાર પ્રસ્તાવમાં જે આત્મારામભાઈ લઈને આવ્યા છે અને નીમાબેને જેને ટેકો આપ્યો છે એમાં હું મારી વાત રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીએ આ ગૃહને લોકશાહીનું મંદિર કહ્યું છે. લોકશાહીનું મંદિર અને એની પ્રણાલિકા આપણે સૌએ જાળવવાની રહે. આપણે પ્રજામાંથી ચૂટાઈને આવેલા પ્રતિનિધિઓ છીએ. આપણાં સાથી પક્ષ, સત્તાધારી પક્ષ અને વિરોધપક્ષ બંને પક્ષોની ઉપર જ્યારે પ્રજા મીટ માંડીને બેઠી છે ત્યારે આપણી આંતરિક લડાઈ અને આપણાં અંદર અંદરના આક્ષેપોનો વહીવટતંત્ર વધુ ને વધુ લાભ લઈ અને પોતાનું ધાર્યુ ના કરાવે એ જોવાની પણ આપણા સૌની ફરજ બને છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, નવો નેતા નવ વખત નમન કરે એ વાત સાચી છે, કારણ કે એને નમન કરવું પડે નવ વખત, કારણ કે એને એની પોતાની પ્રતિષ્ઠા જમાવવાની છે પણ નેતાને નમન કરવાની જગ્યાએ પ્રજાને નમન કરે ને તો મારી દ્રષ્ટ્રિએ વધુ ઉચિત ગણાશે.

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર, ઓર્ડર, શ્રી કમાભાઈ તમે જ્યારે બોલતા હતા ત્યારે એ અવાજ નહોતા કરતા.

**શ્રી મુકેશકુમાર ભે. ગઢવી** : માનનીય અધ્યક્ષશ્રી, આજે એટલા માટે કહેવું પડે છે કે વહીવટતંત્ર ઉપરની પકડ દિવસે ને દિવસે આંતરિક ઝઘડાઓ ઊભા કરાવીને ખૂબ ઓછી થતી જાય છે. એમાંય તે ખાસ કારણ કે આ રાજ્યપાલશ્રીનું પ્રવચન છે અને રાજ્યપાલશ્રીએ વહીવટી વડા છે એટલા માટે કહેવું પડે છે કે વહીવટતંત્રની અંદર સમીક્ષાની જે વાત હતી એ સદંતર ભુલાઈ ગઈ છે. આજે સદંતર એટલા માટે ભુલાઈ ગઈ કે સત્તર વર્ષથી આ ભારતીય જનતા પાર્ટીનું રાજ આવ્યું છે અને ગઈ વખતે ૧૩૦ બેઠકો હતી એમાં આજે એ લોકો ગર્વ લઈ રહ્યા છે એ લોકોને મારે ખાસ ધ્યાને લાવવું છે ૧૩૦ બેઠકોમાંથી ૧૧૭ બેઠકો થઈ છે, ઘટાડો થયો છે નહિ કે વધારો. માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) તમે તો નીતિનભાઈ એ જ ઈચ્છોને કે તમે તો સામેના ગૃપમાં હતાને એટલા માટે, (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, કેશુભાઈ પણ એ જ ઈચ્છે છે તમે જે ઈચ્છો છો એજ. માનનીય અધ્યક્ષશ્રી, આજે એટલા માટે અતિ દુઃખની વાતનો પ્રસંગ એક રજૂ કરવો છે કે આપણા મહેસૂલ વિભાગના વહીવટી વડા, સચિવશ્રી એમને ત્યાં હાઈકોર્ટની અંદર જઈ અફિડેવિટ કરવું પડે કે અમારા વિભાગ તરફથી આ મોટી ભૂલ થઈ છે. માનનીય અધ્યક્ષશ્રી, જો પરવાનગી આપે તો આવતી કાલે એ એફિડેવિટ હું આ હાઉસમાં ટેબલ ઉપર રજૂ કરવા માટે તૈયાર છું (અંતરાય) આ તો વહીવટી રીતે, એમાં કોઈ બીજી વાત નથી કરવા માગતો, વહીવટી રીતે જે ભૂલ થઈ છે એ હાઈકોર્ટની અંદર સોગંદ ઉપર કહેવું પડે. આ આપણે જો સમીક્ષા જો કરી હોત તો કદાચ આ પરિસ્થિતિ ઊભી ના થઈ હોત, માનનીય અધ્યક્ષશ્રી, એક સુપ્રીમકોર્ટમાં આપણા અધિકારી જઈને અફિડેવિટ કરે છે કે આ ખેડૂતની જમીન તો ૨૦૦ કરોડની છે અને એને અમે પરત ના આપીએ. સુપ્રીમકોર્ટ એમ કહેકે ૨૦૦ કરોડની

જમીનને તમારે હડપ કરી લેવાની અને એમને કહ્યું કે હવે સંપાદનની કાર્યવાહી કરીએ છીએ અને આ વખતે વિનિયોગ વિધેયકની અંદર પૂરક માગણીમાં એ પૈસાની આપની રજૂઆત આવી છે આ પરિસ્થિતિ છે. આજે એટલા માટે મારે કહેવું પડે છે કે સમીક્ષા જો આપણે કરીએ (અંતરાય)

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર, માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભાના જે નિયમો છે એમાં બહુ સ્પષ્ટ જોગવાઈ છે એમના કહેવા પ્રમાણે મેટરો કોર્ટોમાં પેન્ડિગ છે, સબજયુડિસ મેટરોની અહીંયાં ચર્ચા થઈ શકતી નથી એટલા પૂરતું માનનીય અધ્યક્ષશ્રી હું આપનું ધ્યાન દોરું છું.

**અધ્યક્ષશ્રી** : શ્રી આત્મારામભાઈ તમારો પોઈન્ટ ઓફ ઓર્ડર નથી.

**શ્રી મુકેશકુમાર ભે. ગઢવી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાસ એ ધ્યાન એટલા માટે દોરવું છે કે વહીવટી પકડ ઓછી થતી જાય છે. અને વહીવટી વડાઓ એ માત્ર મુખ્ય મંત્રીશ્રી અને સત્તાધીશોને શું ગમશે એ પહેલા દિવસે નક્કી કર્યુ છે. કારણ કે, એ સારા અશ્વો ઉપરના સવારો છે એટલે સમજી જાય છે કે આને શું ગમશે એટલે તુરત જ એણે સવારી અને લગામ ખેંચી એટલા માટે મારે આપના ધ્યાન ઉપર મૂકવું પડે છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી બાબુભાઈ.

**શ્રી બાબુભાઈ જ. પટેલ(દસકોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીના પ્રવચન બદલ આભાર પ્રસ્તાવ સભ્યશ્રી આત્મારામભાઈ લઈને આવ્યા છે એને હું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતની સંસ્કૃતિ એ એક એવા મુખ્ય મંત્રી મળ્યા છે કે એ લવ ગુજરાત, આઈ લવ ગુજરાતની વાત કરી રહ્યા છે ત્યારે આવા સંત માણસની વાત કરીએ ત્યારે આપણને ગૌરવ થવું જોઈએ. એનો પરિવાર સાડા પાંચ કરોડની પ્રજા એ મારો પરિવાર છે એવી જેના હ્લદયમાં વાત છે, ત્યારે એના વિકાસની કોઈપણ વાત કરીએ તો વિકાસની ખૂબ વાત કરી છે. કોઈ પણ બાબતમાં ચાહે કૃષિની વાત કરીએ, નર્મદાની વાત કરીએ, જળ સિંચનની વાત કરીએ અને સૂજલામ્ સૂફલામ્ના વિચારને હું અભિનંદન આપું છું. ઉત્તર ગુજરાતની મને ખબર છે, મિત્રો દર બે વર્ષે દુકાળ આવતો હતો. હમણાં તમને વાત કરીશ, એક ખેડૂત અને એક રબારીએ મને વાત કરી, રબારીએ એવી વાત કરી કે, સાહેબ , હું મુખ્ય મંત્રીશ્રીનો ફોટો મારા ઘરમાં રાખું છું કે આવા મુખ્ય મંત્રીશ્રી આપણને મળ્યા છે કે એ જ્યારથી આવ્યા છે ત્યારથી અમારે અમારી ગાયોને ઢોરવાડે મૂકવા જવી નથી પડી અને કોંગ્રેસના શાસનમાં તો ગાયોને ઢોરવાડે મોકલતા હતા. આ એવા મુખ્ય મંત્રી મળ્યા છે કે મારા ૧૪ વર્ષના દીકરાની વાત કરું.

**અધ્યક્ષશ્રી** : શ્રી પરબતભાઈ પહેલા તમે પાછા જઈને પાછળ જઈને બેસો.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : તોફાન કોને કહેવાય, કરફયુ કોને કહેવાય એ એના ૧૪ વર્ષના છોકરાને ખબર નથી. આવા મુખ્ય મંત્રીશ્રીને હું લાખ લાખ અભિનંદન આપું છું. આ મુખ્ય મંત્રીશ્રીએ ગામડાઓની ચિંતા કરી છે. એકે એક ગામડાની વાત કરીએ તો, તમને ગામડાઓની વાત કરવાનો અધિકાર નથી. મિત્રો મેં વાત કરી, વોટર હાર્વેસ્ટીંગની ચિંતા તમે નથી કરી. ખેડૂતના દીકરાને લાઈટ-પાણીની સગવડ મળી છે, સરપંચો બનવા ધડાધડી ચાલે છે. ગોકુળીયું ગામ, કૃષિ દરેક જગ્યાની વાત કરીએ તો મિત્રો એકે એક કામની વાત આજે કરીએ તો એટલી બધી વાતો થઈ શકે એવી નથી. જળ સિંચનની વાત કરીએ, જયોતિ ગ્રામની વાત કરીએ એ બધા કરતાં નર્મદાની વાત કરું છું. વિધાનસભા ગૃહ, ગુજરાતના કોંગ્રેસના કારમા કલંકની ભૂતકાળની મારે વાત કરવી છે. ગુજરાતની આઠમી વિધાનસભાના અધ્યક્ષ અને ગુજરાત વિધાનસભાના સચિવશ્રી દ્વારા લખાયેલ એક પુસ્તકમાં મેં એક પુસ્તક વાંચ્યું હતું, સાહેબ, અધ્યક્ષશ્રીના પાના-૯૦માં ટાંકેલ વાત શબ્દે શબ્દ વાંચવા માગું છું. મારું માથું શરમથી ઝૂકી જાય છે. માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૭૦ના દાયકાની, આપ પણ નવયુવાન હશો, માનનીય અધ્યક્ષશ્રી, આ વાત હું શરૂ કરું છું કે, વાત એમ હતી કે, ૧૯૭૨ના જુલાઇમાં ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધયપ્રદેશ આ ચારેય મુખ્ય મંત્રીઓએ વડાપ્રધાન શ્રીમતી ઈંદિરા ગાંધી ઉપર નર્મદાનો ચૂકાદો આપવાનું છોડયું કારણ કે, ટ્રિબ્યુનલમાં વર્ષો સુધી પડેલાની વાત થતી હતી તો ૧લી જાન્યુઆરી, ૧૯૭૪ના રોજ ઈંદિરા ગાંધી ચૂકાદો જાહેર કરશે, તેવી ચોકકસ વાત છે. ચૂકાદામાં ડેમની ઉંચાઈ ૪૬૫ ફૂટ, ગુજરાત માટે સંતોષકારક ચૂકાદો આપશે, પ્રજાનો હરખ સમાતો નહતો, પ્રજાનો હરખ સમાય નહીં, અધિકારીઓને પણ દિલ્હી આવવાનું કહેણ મોકલ્યું, આ વાત એટલી નકકી કે સ્વ.શ્રી ચીમનભાઈ પોતાના પ્રધાનોને જિલ્લામાં જઈને જાહેરમાં વધામણા કરવાનો કાર્યક્રમ પણ યોજયો હતો પણ આ ગુજરાતની ધરતી છે. જયાં કરણઘેલાના સમયમાં માધુ પણ પાકયો છે. ચીમનભાઈ ત્યારે મુખ્યપ્રધાન હતા. તેમના કોંગ્રેસ પક્ષના સાથીઓને થયું જેઓ તેમની સામે આડકતરી કે સીધી રીતે પેંતરા રચતા હતા તેમને થયું કે ઈન્દીરાજી ચુકાદો કરશે તો ચીમનભાઈ યશ મેળવશે તેથી બળવાખોરો દોડયા દિલ્હી. તેમાં શાસક કોંગ્રેસના કેટલાક અગ્રણી ખરા ઈન્દીરાજીને સમજાવ્યું કે ચુકાદો મુલત્વી રાખો. વિષ રેડયું અને ગુજરાતની મંથરાઓ ફાવી. વડાપ્રધાનના સચિવાલયમાંથી ફોન આવ્યો નર્મદાનો ચુકાદો મુલતવી રાખ્યો. ચીમનભાઈએ આ વાતનો પુસ્તિકામાં ઉલ્લેખ કર્યો છે. એ પુસ્તિકામાં મેં ૧૯૮૯માં વાંચી પણ હું ૧૯૭૪ના જુલાઈમાં દિલ્હી ગયો હતો ત્યારે કેન્દ્રમાં સ્વ. માજી પ્રધાન તેઓનું વ્યકિતત્વ જીવનભર બિનવિવાદાસ્પદ રહ્યું હતું એમણે કહી છે. શાસકના કેટલાક અગ્રણીઓ બળવાખોર જે હોય એ પ્રજાનો દ્રોહ છે. " હોત સે ગઈ વો બુંદ સે ન આઈ" હવે નર્મદા કયારે આવશે? ગુજરાતની પ્રજા એમને કયારેય માફ નહીં કરે. આ કુંદનલાલ ધોળકિયાએ લખેલું પુસ્તક છે. તમે કામ ન કર્યું પ્રજાનો દ્રોહ કર્યો એ દિવસે નર્મદાને આવવા દીધી હોત તો આજે ગુજરાત હરિયાળું હોત.

**અધ્યક્ષશ્રી** : એમને નહીં, મને સંબોધીને કહો.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એ વખતે એમણે પ્રજાને છેતરી. એ વખતે ઘેનમાં હતા. વોટ બેંક એમની પાસે હતી. એમને પ્રજાની પડી નહોતી. પ્રજા ધીમેધીમે જાગૃત થઈ કે આ પ્રજાને લૂંટી રહ્યા છે. પ્રજાના લૂંટારું છે. ત્યારે ધીરેધીરે ખબર પડી કે સાચી વાત શું છે. હું માનું છું કદાચ લીલાધરભાઈ વાઘેલા એ વખતે પંચાયત મંત્રી હતા(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : કોંગ્રેસ કે એવું કાંઈ બોલ્યા નથી. બાબુભાઈ, આપ ટ્રેક ન બદલો. મુદ્દા ઉપર આવો.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મુદ્દા ઉપર આવું છું. નર્મદાનો કાર્યક્રમ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પૂરો કર્યો. ગામડે ગામડે પાણી મોકલ્યું. કચ્છથી એકલાખ કિલોમીટરની પાઈપલાઈન નાખી. જળસંચયની વાત કરીએ ત્યારે ગામડાં સમૃદ્ધ થયાં, ૬૦૦૦૦ ચેકડેમ બન્યા. ૧૭૧૦૦૦ જેટલી ખેત તલાવડી બનાવી. કેમ સાહેબ આમાં શું તકલીફ હતી? એમણે તળાવ બનાવ્યા હોત તો પણ સારું હતું. એમના શાસનમાં એક વર્ષ પણ એવો નથી ગયો કે દુષ્કાળ ન પડયો હોય. ૧૦૦૦-૧૨૦૦ ફુટે પાણી આવ્યું. ઉત્તર ગુજરાતના લોકોને મજૂરી કરવા જવું પડતું હતું. લાખ લાખ અભિનંદન આપું છું. સૂજલામ્ સૂફલામ્‌ને લીધે ખેડૂત ખેતી કરતા થયા. લોકસહકાર અને લોક ભાગીદારીથી કામ કરવાની કોઈએ પ્રેરણા આપી હોય  તો એના પ્રણેતા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી છે. આજે ગુજરાતની પ્રજા કાયદો અને વ્યવસ્થાની વાત કરે છે. જેઠાભાઈએ વાત સમજાવી. એમના સમયમાં કાયદો અને વ્યવસ્થાનું ગુજરાતમાં રામરાજય ચાલી રહ્યું છે.  કયાંક કરફયુ નહીં, કયાંય તોફાન નહીં. રામરાજય ચાલી રહ્યું છે. નવરાત્રી, બેટી બચાવવાની વાત, દીકરી ભણાવો, રક્ષાબંધન. આ પહેલા એવા મુખ્યમંત્રી બન્યા છે કે એક લાખ રાખડી આવી અને રાખડી બાંધનાર દીકરીને એમણે વાત કરી કે તમારે ભણવું હોય તો એસ.ટી.ની અંદર  ભણવા માટે ફ્રી ચાર્જ . આ કરનાર કોઈ હોય તો એ નરેન્દ્રભાઈ મોદી છે. એમને અભિનંદન આપું છું અને મારી વાત પૂરી કરું છું.

**શ્રી મણીભાઈ દે. પટેલ(કપડવંજ)** :  રાજ્યપાલશ્રીએ ગૃહ સમક્ષ જે પ્રવચન આપ્યું છે, એમાં અમારા કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓએ જે સુધારા વ્યક્ત કર્યા છે.  એને દાખલ કરવા માટે વિનંતી કરું છું.  રાજ્યપાલશ્રીના પ્રવચન દરમ્યાન સરકારશ્રીએ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ, બક્ષીપંચ અને બીજા ગરીબ લોકોનો વિકાસ જુદી જુદી યોજના મારફત થયો છે એવી વાત કરી છે, પરંતુ હકીકતમાં આ છેલ્લા ૧૦-૧૫ વર્ષમાં પૈસાદાર માણસ વધુ પૈસાદાર થયો છે અને ગરીબ માણસ વધારે ગરીબ થયો છે.  રાજ્યપાલશ્રીના પ્રવચનમાં તેઓશ્રીએ નર્મદા યોજના અંગે જે વાત કરી છે, એમાં આજથી ૧૦ વર્ષ પહેલા નર્મદા યોજનાનું કામ કેવડિયાથી કડી સુધી મુખ્ય નહેરનું કામ પૂરું થયું હતું, પરંતુ સરકારના અણઘડ વહીવટના હિસાબે શાખા પ્રશાખા અને આ જે કામગીરી ન થવાને લીધે આજસુધી આ વિસ્તારોને હજુ સુધી પાણી મળી શક્યું નથી. અત્યારે જે શાખાઓ અને પેટા શાખાઓની કામગીરી ચાલી રહી છે, તેના કામની ગુણવત્તા પણ ખૂબ જ નબળી પ્રકારની છે.  જ્યારે પણ એમાં પાણી છોડવામાં આવે છે, ત્યારે આ નહેર તૂટી જવાની છે.

જળસંચયની વાત જ્યારે કરવામાં આવી છે ત્યારે અમારા સભ્યશ્રી રામસિંહભાઈએ કહ્યું તેમ અમારા ખેડા જિલ્લામાં જેમ બીજે ચોરી, લૂંટફાટ થાય છે તેમ અમારે ત્યાં નવાઈ લાગે તેવી લૂંટફાટ, ચોરી થઈ છે.  ખેડા જિલ્લાની એક પણ ખેતતલાવડી રહી નથી.  બધી જ ચોરાઈ ગઈ છે. અત્યારે એક પણ ખેત તલાવડી ખેડા જિલ્લામાં અસ્તિત્વ ધરાવતી નથી.  અત્યારે ખેડા જિલ્લામાં કૃષિ મહોત્સવ દરમ્યાન જે આગેવાનો અને કાર્યકરોને સાચવવાની પ્રવૃત્તિ આ સરકાર દ્વારા કરવામાં આવી છે તે ખૂબ નિંદનીય છે.  એના પરિણામે કૃષિ ઉત્પાદનમાં કોઈ વધારો થયો નથી.  જ્યારે કોઈ ખેડૂતને એની જમીનની ચકાસણી કરવાની હોય ત્યારે એક જ ખેતરમાંથી ત્રણ-ચાર જગ્યાએ માટીના નમૂના લઈ એનું મિશ્રણ કરી એની ચકાસણી કરવાની હોય છે, જ્યારે સરકારશ્રી દ્વારા જે સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે, તે તાલુકાના બે-ત્રણ ખેતરની માટી લઈ એની ચકાસણી કરી એના નમૂના પ્રમાણે તાલુકાના બધા જ ખેડૂતોને આ સોઈલ હેલ્થ કાર્ડ આપી દેવામાં આવ્યા છે.  આ સોઈલ હેલ્થ કાર્ડ જમીનની ચકાસણી એક પાક લીધા પછી ફરીથી ચકાસણી કરવાની હોય છે, તો જ સાચું પરિણામ આવી શકે છે.  ૩ વર્ષ પહેલાં એક વખત સોઈલ હેલ્થ કાર્ડ આપ્યા પછી ફરી એની સામે કોઈ પુનઃરચના કરવામાં આવી નથી.  એમ કહેવામાં આવે છે કે ખેડૂતની આવક ખૂબ વધી છે.  ખેડૂતોની આવક સરકારના પ્રયત્નોને હિસાબે નહિ, પણ ખેડૂતની પોતાની મહેનત, ખેડૂતોની પોતાની બુદ્ધિ, ખેડૂતોની કુશળતા, કાર્યક્ષમતા અને આ નવું સુધારેલ બી.ટી. બિયારણ અને બીજા આધુનિક બિયારણનો ઉપયોગ કર્યો છે, એના કારણે ખેડૂતોની આવક વધી છે.  ઊર્જા ક્ષેત્રે જ્યોતિગ્રામ યોજના સરકારે દાખલ કરી છે, પરંતુ જે મુખ્ય ગામ છે, તે મુખ્ય ગામને જ્યોતિગ્રામ યોજનાનો લાભ મળ્યો છે, પરંતુ પેટા પરા અને નાના નાના ગામો છે એ ૨૦૦ની વસ્તીવાળા એવા કેટલાય ગામો છે જેને જ્યોતિગ્રામ યોજનાનો લાભ મળ્યો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, અને તેઓને રાત્રે અંધારામાં રહેવું પડે છે. બાળકોનો અભ્યાસ બગડે છે. આનાથી વિશેષ ખેડા જિલ્લામાં  અને ખાસ કરીને ગુજરાતના મોટા ભાગના વિસ્તારોમાં ગામડાઓમાં વસ્તી બોરકૂવા ઉપર અને ખેતરોમાં વસે છે. છૂટાછવાયા વિસ્તારોમાં વસ્તી માટે આ જયોતિગ્રામ યોજના એક શાપ સમાન છે. પહેલાં બોરકૂવા ઉપર વીજળી મળતી હતી ત્યારે સિંગલ ફેઝથી બાળકો ભણી શકતા હતા. ઘરની કામગીરી ચાલતી હતી. અત્યારે વીજળી આઠ કલાક દિવસે મળે તો રાત્રે સંપૂર્ણ અંધારામાં લોકોને રહેવું પડે છે. લોકોને હેરાન થવું પડે છે.

ઈ-ધારા કાર્યક્રમ દ્વારા આ યોજના દાખલ કરવામાં આવી છે તેમાં ખેડૂતોને આજે પણ ૭-૧૨ ના ઉતારા, ૮-અના ઉતારા અને જરૂરી દસ્તાવેજો લેવામાં ઘણી મુશ્કેલીઓ પડે છે.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે (ભાવનગર શહેર (ઉત્તર))** : માનનીય અધ્યક્ષ મહોદય ૧૨મી વિધાનસભામાં ગુજરાતના રાજયપાલશ્રી નવલકિશોર શર્માજીના આભાર પ્રસ્તાવ અમારા આદરણીય સભ્યશ્રી આત્મારામભાઈએ મૂકેલ પ્રસ્તાવના સમર્થનમાં હું મારી વાત મૂકું છું.

મારી વાત મૂકતાં પહેલાં હું મારા સાથી સભ્ય વિરોધપક્ષના નેતાએ જે એક વાક્ય કહ્યું કે અસત્યના દશકાઓ અને સત્યની સદીઓ. એ વાતને હું સમર્થન આપું છું કે ૧૯૯૫ની અંદર અસત્યના દશકાઓ પૂરા થયા અને આજે ૧૯૯૫ પછી સત્યની સદીઓ શરૂ થઈ છે. મારા બીજા સાથી મિત્રોએ બી.પી.એલ. કાર્ડની વાત કરી. કદાચ એમના ધ્યાન ઉપર નહીં હોય કે કેન્દ્ર સરકાર દ્વારા જે નિયમો બનાવવામાં આવે છે અને એન.ડી.એ.ની જે સરકાર હતી ત્યારે બી.પી.એલ કાર્ડના ૨૨ લાખ કાર્ડ ધારકો ગુજરાતની અંદર હતા અને આજે યુ.પી.એ.ની સરકાર જે છે તે ૧૧ લાખ ઉપર આવી ગયા છે. ૫૦ ટકાનો ઘટાડો થયો છે. મારા મિત્રને કદાચ ખબર નહીં હોય કે આ મુદ્દો એમણે ખોટી જગ્યાએ ઉપાડી લીધો છે અને કદાચ એમને વિરોધપક્ષના નેતા કઈ કહે તો એ... (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય રામસિંહભાઈ, માનનીય રામસિંહભાઈ આપ સિનિયર છો. એક વસ્તુ આપણે આ સભાગૃહની અંદર એક પરંપરા પણ રહી છે કે જે નવા સભ્ય પહેલીવાર જ્યારે બોલતા હોય ત્યારે સિનિયર સભ્ય વચ્ચે ન બોલે અને એટલું ગૌરવ જાળવે એટલી મારી આપને વિનંતી છે.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : માનનીય અધ્યક્ષ મહોદય, હું યાદ કરાવું છું, આઝાદી પછી, આઝાદી પછી આઝાદીના સમયે જે..

**અધ્યક્ષશ્રી** : હું જોવડાવી લઈશ.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : માનનીય અધ્યક્ષ મહોદય, જે ક્રાંતિકારીઓએ જે દેશફેસાની કરી, જે સ્વાતંત્ર સેનાનીઓએ જે કામ કર્યુ, તેના કારણે દેશને જે આઝાદી મળી,

**અધ્યક્ષશ્રી** : હું વિગતો મંગાવી લઈશ.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : માનનીય અધ્યક્ષ મહોદય, એના કારણે દેશને આઝાદી મળી અને દેશને આઝાદી મળ્યા પછી દેશની અંદર અને રાજયની અંદર જે સરકારોએ પોતાની સત્તાઓ ચલાવી તેના કારણે ગુજરાતને નહીં પણ બધી જગ્યાએ ભ્રષ્ટાચારે માઝા મૂકી, આતંકવાદે પણ માઝા મૂકી અને એના કારણે એક શાયરે એવું લખ્યું કે

"મોત જેવા મોતને પડકારનારા કયાં ગયા? લોભ લાલચથી નજરને ચોરનારા કયાં ગયા ? ધ્યેયની ખાતર ફનાગીરીને સ્વીકારીને સ્વયં કાળ સામે આંખને ટકરાવનારા કયાં ગયા?"

આજે આખા દેશની અંદર ભ્રષ્ટાચારથી મુક્ત કોઈ રાજય હોય, આતંકવાદથી મુક્ત કોઈ રાજય હોય તો એક ગુજરાત રાજય છે. મારી પાસે જે આંકડા છે તે પ્રમાણે આખા દેશની અંદર આતંકવાદી હુમલાઓને કારણે છ હજાર નાગરિકો અને ચાર હજાર જવાનોના મૃત્યુ થયાં છે. પરંતુ ગુજરાતની અંદર પાંચ વર્ષની અંદર એક વ્યકિતનું આતંકવાદને કારણે મૃત્યુ થયું છે. એ ગુજરાત માટે આતંકવાદથી મુકત બનાવવાનું ગૌરવ છે. એના કારણે મારે કહેવું પડે છે. આ શેરને ફરી વખત યાદ કરું છું કે,

"મોત જેવા મોતને પડકારનારા આ રહ્યા, મોત જેવા મોતને પડકારનારા આ રહ્યા, લોભ લાલચથી નજરને ચોરનારા આ રહ્યા. ધ્યેયની ખાતર ફનાગીરીને સ્વીકારીને સ્વયં કાળ સામે આંખને ટકરાવનારા આ રહ્યા."

આજે આખા દેશની અંદર આતંકવાદનો હુમલાઓ જેના ઉપર થવાની ખૂબ મોટી શક્યતાઓ છે. જેને રક્ષણ આપવું પડે છે અને કેન્દ્ર સરકાર પણ જેનાથી ચિંતિત છે.

માનનીય મુખ્યમંત્રી છે એમને માટે આ પંકિત હું કહુ છું કે, " કાળ સામે આંખને ટકરાવનારા આ રહ્યા " મિત્રો આપણે બધાય આ મારી વાત સાથે સંમત થશે એ હું જાણું છું. એક મહિલા ધારાસભ્ય તરીકે હું અહીંયા ઉપસ્થિત છું અને આખા દેશની અંદર અને ગુજરાતની અંદર મુખ્યમંત્રીશ્રીએ મહિલાઓ માટેના જે કામો કર્યા છે, મહિલાઓ માટે જે વિકાસના કામો કર્યા છે તે સંવેદનાઓ દર્શાવે છે અને એને કારણે આજ આપ જોઈ રહ્યા છો કે આ સદનની અંદર જ્યાં ગુજરાતના ધારાઓ ઘડવાના છે, જ્યાં કાયદાઓ ઘડવાના છે એ ગૃહની અંદર મહિલાઓનું પ્રતિનિધિત્વ આ સરકારને કારણે વધ્યું છે. આ સરકારને મહિલાઓ ગૌરવવંતી બની છે. અધ્યક્ષ મહોદય, મારે યાદ કરાવવો છે ૧૯૯૫ પહેલાંનો સમય, લઠ્ઠાકાંડ થતો હતો, લઠ્ઠાકાંડમાં એટલે કે દારૂ ન પીવો એના પર બાન છે, એને કારણે જો કોઈ મૃત્યુ થાય તો એના પરિવારના લોકોને એ વખતની સરકાર ૨૫,૦૦૦ અને ૫૦,૦૦૦ રૂપિયાની સહાય આપતી હતી. પરંતુ કોઈ મહિલા, કોઈ વિધવા બહેન ગુજરી જાય તો એના અનાથ બાળકોને કંઈ આપવામાં આવતું નહિ. કોઈ આંગણવાડી કાર્યકર ગુજરી જાય એને કંઈ આપવામાં આવતું નહિ. કોઈ ખેતમજૂર, કોઈ ખેડૂત કોઈ વિદ્યાર્થી ગુજરી જાય તો પણ એના પરિવારને કોઈ સહાય આપવામાં આવતી નહિ. પરંતુ આ સંવેદનશીલ સરકાર મુખ્યમંત્રીશ્રીએ નારીગૌરવની વાત કરી છે એ સરકાર કોઈ વિધવા મા મરી જાય એના બાળકને નોંધારા નથી છોડતી, કોઈ આંગણવાડી કાર્યકર ગુજરી જાય તો પણ એના પરિવારને નોંધારા નથી છોડતી, એને વીમાનું રક્ષણ પૂરું પાડીને એક લાખ રૂપિયા સુધીની સહાય આપવામાં આવે છે. મારે એ વાત કહેવી છે કે પરિવાર જે છે, ઘર જે છે એ મહિલાથી ચાલતું હોય છે, ઘરની બધી જ જવાબદારી મહિલા ઉપર હોય છે, દ

ારનું કંઈ પણ કામકાજ હોય તો એ મહિલા ઉપર હોય છે, પણ એ ઘરની માલિકી પુરુષની હતી અત્યારસુધી. એવી જ રીતે બાળકને જન્મ મા આપે, બાળકને ઉછેરે મા, બાળકને સંસ્કાર આપે, પરંતુ આ મકાનની માલિકી અથવા તો બાળકના નામની પાછળ મા નું નામ કે મહિલાનું નામ આપવાનો કયારેય કોઈ સરકારે વિચાર નહોતો કર્યો. પરંતુ મારી આ પ્રવર્તમાન સરકારે મિલકતની અંદર પણ જે ઘર મહિલા ચલાવે છે તે ઘરની માલિકીમાં પણ મહિલાનો હિસ્સો ગણ્યો છે. બાળકની પાછળ માત્ર પિતાનું જ નહિ પરંતુ માતાનું નામ મૂકવાનો પણ આ સરકારે વિચાર કર્યો છે. એ બદલ હું ગુજરાતની તમામ મહિલાઓ વતી આ ગૌરવવંતી સરકાર અને મુખ્યમંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું. ગ્રામ્ય વિસ્તારની મહિલાઓએ માગણી કરી હતી એનાથી વિશેષ આ સરકારે આપ્યું છે. ગ્રામ્ય વિસ્તારમાં અમે જતાં ત્યારે મહિલાઓ કહેતી કે બહેન અમને વાળુ ટાળે લાઈટ આપજો, પરંતુ આ સરકારે ચોવીસ કલાક થ્રી ફેઈઝ લાઈન ઘરની અંદર આપી છે. ઘર ઘરની અંદર દીવડા જલાવ્યા છે. મહિલાની માગણી નહિ હોવા છતાં ચોવીસ કલાક લાઈટ આપી છે. આવતા દિવસોની અંદર શહેરી મહિલા ગૃહિણીને ઘર ઘર સુધી ગેસ આપવાની તાકાત આ સરકારની છે. આ મુખ્યમંત્રીની છે.

અધ્યક્ષ મહોદય, ઔદ્યોગિક વિકાસની જો વાત કરીએ તો ઔદ્યોગિક વિકાસની અંદર પણ ૬.૫ લાખ કરોડની મૂડી રોકાણ લાવી શકવાની તાકાત અગાઉના કોઈ મુખ્યમંત્રી કે કોઈ અન્ય રાજયના મુખ્યમંત્રીમાં પણ ન હતી અને નથી આ માત્ર અમે નથી કહેતા, કેન્દ્ર સરકાર દ્વારા નિયંત્રિત આર.બી.આઈ. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા એ પણ એવું કહે છે કે, ૨૦૦૬-૦૭ ની અંદર આખા દેશની અંદર જે મૂડીરોકાણ થયું છે, આખા દેશના મૂડીરોકાણમાં સૌથી વધારે એટલે કે, ૨૫.૮ ટકા મૂડીરોકાણ માત્રને માત્ર ગુજરાતમાં થયું છે. કુશળ વહીવટ, અડગ મનોબળ અને મક્કમ નિર્ધારની સાથે આગળ વધી રહેલા મુખ્યમંત્રી, ગુજરાતને આજે જે ઊંચાઈ ઉપર પહોંચાડવા માગે છે એ મારી સામે બેઠેલા સભ્યશ્રીઓને ૨૦૧૦ની સાલમાં દેખાઈ આવશે. ૨૦૧૦ની અંદર સ્વર્ણિમ ગુજરાત આપણે બધાએ જોવાનું છે. આપણે બધાએ એના સાક્ષી બનવાનું છે.

ઔદ્યોગિક વિકાસની વાત છે એ માત્ર અમે નથી કહેતા પરંતુ ઇકોનોમિક્સના જે ટાઈગરો ગણાય છે, ચીન, જાપાન એ બધા દેશો પણ ગુજરાતની અંદર મૂડીરોકાણ કરવા માટે તત્પર છે. દેશના સુપ્રિમો કે ઉદ્યોગકારો ગણાય છે એવા રતન ટાટા એવું કહે છે કે, "ગુજરાતની અંદર જો મૂડીરોકાણ ન કરે એ મૂર્ખ ગણાશે". અનિલ અંબાણી એવું કહે કે, આ ગુજરાતની અંદર ૨૪ કલાક કામ કરતા મુખ્યમંત્રી જ નહીં C.E.O. પણ આ ગુજરાતની અંદર છે. આટલું સારું વહિવટી માળખું હોય, માળખાગત સુવિધાઓ હોય તો, સાહસિક પ્રજા હોય અને માળખાગત તમામ પ્રકારની સુવિધા રસ્તા-લાઈટ અને પાણીની સુવિધા મળતી હોય તો કયો રોકાણકાર અહીંયા રોકાણ ન કરે? આ મુખ્યમંત્રીશ્રીએ દેખાડી આપ્યું છે કે તકની રાહ જોનાર નહીં પણ તકને ઊભી કરનાર માણસ જ તાકાતવર ગણાય છે. આ તાકાતવર માણસ ગુજરાતમાં આવતા દિવસોની અંદર સ્વરર્ણીમ ગુજરાત માત્ર દેશની અંદર જ નહીં પણ વિશ્વની અંદર પણ એ પોતાની જાતને સાબિત કરવાની તાકાત ધરાવે છે. શ્રી મૂકેશ અંબાણી એવું કહે છે કે, ગુજરાત છે એ ભારતનું માત્ર વર્તમાન જ નથી પણ ભારતનું ભવિષ્ય પણ ગુજરાત છે. આ વાત અમે, અમારો પક્ષ કે ગુજરાતના કે ભારતના લોકો જ નહીં પણ જે ઉદ્યોગકારો છે એ આ વાત કરે છે. અને આ મારી તમામ વાતને સમર્થન આપી ગુજરાતની પ્રજાએ એ સાબિત કરી આપ્યું છે કે ગુજરાતનો કોઈ નાથ હોય, ગુજરાતનો કોઈ રક્ષક હોય, ગુજરાતનું કોઈના હૈયે હિત હોય તો એ આપણા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ભારતીય જનતા પાર્ટીની સરકાર પાસે છે. આટલી વાત કરી હું મારી વાત પૂરી કરું છું અને માનનીય સભ્યશ્રીઓ મારી વાતને સમર્થન આપશે. હું માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપરના આભાર પ્રસ્તાવમાં મારું સમર્થન આપું છું.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ(બાબરા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીના સંબોધન પરના આભાર પ્રસ્તાવમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં સરકાર તરફથી એમ કહેવામાં આવે કે હું ખાતો નથી અને ખાવા દેતો નથી. પણ મને ખબર છે કે આમાં પહેલી બેંચમાં બેસતા હતા એવા ઘણા લોકો આજે હાજર નથી. મોટા ભાગના લોકોને આ સરકારમાં ધનનો ડાયાબીટીસ થઈ ગયો છે. અને છતાં પણ મુખ્યમંત્રીશ્રી એમ કહે છે કે હું ખાતો નથી અને ખાવા દેતો નથી. કેટલાય મંત્રીશ્રીઓની આત્મકથા લખવામાં આવે તો નકરા સર્વે નંબરો જ આવે એવી પરિસ્થિતિ છે. આમ છતાં એમ કહે છે કે હું ખાતો નથી અને ખાવા દેતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, એમ કહેવામાં આવે છે કે આખા ભારત દેશમાં ગુજરાત નંબર વન છે. પણ મને આ સરકાર તરફથી કેટલાય લેખિત પત્ર મળેલા છે. અમારા વિસ્તારમાં નાળા-પુલિયા તૂટી ગયા છે એ રિપેર કરાવો, રોડના પેચ વર્ક કરો. તો સરકાર તરફથી જવાબ આપવામાં આવ્યો છે કે, હાલ રાજય સરકારની નાણાકીય પરિસ્થિતિ સારી નથી, નાણાકીય ઉપલબ્ધતાએ તમારા કામો કરી આપવામાં આવશે. એવા તો મને જવાબ આપ્યા છે. અને છતાં પણ આપણે નંબર વન. માનનીય અધ્યક્ષશ્રી, અમે તો શિવાજી, મહારાણા પ્રતાપ અને સ્વામી વિવેકાનંદના આદર્શ પ્રમાણે એને આદર્શ માનીને ચાલીએ છીએ. રામ અને કૃષ્ણ અમારા ઈષ્ટદેવ છે, પણ અમુક લોકોની ગુડબુકમાં નહીં આવવાના કારણે, અમારું માથું કપાવવા માટે છે પણ નમાવવા માટે નથી. ઘણાં લોકોની ગુડબુકમાં અમારે આવવું ન હતું અમારે ભાંગી જવું છે પણ નમવું નથી. અમારે જરૂર વગરના વખાણ નથી કરવા. માનનીય અધ્યક્ષશ્રી મને ખબર છે કે આ રાજયની અંદર તમે કોઈ પણ રજિસ્ટ્રાર ઑફિસમાં જંતરી પ્રમાણેનો દસ્તાવેજ લઈને જાવ તો એક પણ ઑફિસમાં ૫૦૦ થી

૧૦૦૦ રૂપિયા દીધા વગર દસ્તાવેજ રજિસ્ટ્રર નથી થતો અને છતાં એમ કહેવામાં આવે છે કે આ રાજયમાં કોઈ પણ જાતનો ભ્રષ્ટાચાર નથી તમે સુરત હોય કે અમદાવાદ હોય, કોઈપણ વ્યકિત બિનખેતી કરાવે, એમાં આ રાજયનો એક પણ વ્યકિત બતાવે કે, અમે આ બિનખેતી એક પણ રૂપિયાની લાંચ કે ભ્રષ્ટાચાર વગર કરાવી છે. રાજયમાં દરરોજ પચાસ ટ્રક દારૂ આવે છે, એ કયાંથી આવે છે, રાજયની સરહદો પરથી આવે છે. છતાંય એમ કહેવામાં આવે કે આ રાજયમાં દારૂ વેચાતો નથી. એના હપ્તા કયાંથી કયાં સુધી પહોંચે છે એ આ રાજયના બધા લોકો જાણે છે છતાંય એમ કહેવામાં આવે કે હું ખાતોય નથી અને ખાવા દેતોય નથી. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે કહેવા માગું છું કે, અહીંયાથી એમ કહેવામાં આવે છે કે આ રાજયમાં ખેતીનું ઉત્પાદન જે થાય છે એમાં અગાઉ આ રાજયમાં ૨૩ લાખ ગાંસડી કપાસ થતો હતો અમે આવ્યા પછી ૧,૨૩,૦૦૦ ગાંસડી કપાસ થાય છે. મારે કહેવું છે કે, અમેરિકાની મોન્સાટો કંપનીએ બી.ટી. કપાસનું સંશોધન કર્યુ અને આ બી.ટી. કપાસને સમગ્ર વિશ્વમાં સ્વીકાર્યુ અને ભારતના પાંચ સાત રાજયોએ સ્વીકાયું. જે જગ્યાએ બાજરી, મગફળી અને કપાસ એવા પાકો થતા હતા એના ખેડૂતોએ બી.ટી. કપાસ આવવાના લીધે બીજા પાકો વાવવાનું બંધ કરી અને બી.ટી. કપાસનું વાવેતર કર્યુ. પણ છતાંય અમુક લોકો એવી વાતો કરે કે અમારા લીધે આ ઉત્પાદન વધ્યું છે. હવે તમે કયાંય ખેતરમાં કામ કરવા ગયા હતા? આ બી.ટી. કપાસ આવવાના કારણે બીજા પાકોનું ઉત્પાદન ઘટ્યું અને કપાસનું ઉત્પાદન વધ્યું. બી.ટી. કપાસનું ઉત્પાદન વધ્યું, કારણકે ખેડૂતોએ બી.ટી. કપાસને સ્વીકાર્યો. બીજું ચૂંટણી પહેલાં, ચૂંટણી દરમિયાન આ રાજયના ખેડૂતોને અગિયાર કલાક, બાર કલાક કે તેર કલાક વીજળી આપવામાં આવતી હતી. ચૂંટણીનું પરિણામ આવી ગયા પછી પાંચ કે છ કલાક વીજળી આપવામાં આવે છે અને છતાંય એમ કહેવામાં આવે કે અમે આ રાજયના ખેડૂતોને ચૌદ ચૌદ કલાક વીજળી આપીએ છીએ.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર(હાલોલ)** : માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહીના મંદિર એવા આ સન્માનનીય ગૃહને મહામહિમ રાજયપાલશ્રીએ જે સંબોધન કર્યુ એનો આભાર પ્રસ્તાવ માનનીય સભ્યશ્રી આત્મારામ પરમારે રજૂ કર્યો છે તેમાં મારું સમર્થન આપવા માટે હું ઊભો થયો છું.

આ આભાર પ્રસ્તાવમાં વિરોધપક્ષના નેતાશ્રી અને વિરોધપક્ષના ઘણા બધા સભ્યોએ બહુ ઉલ્લેખ કર્યો એમને હું કહેવા માગું છું કે ભાષાની અંદર કટાક્ષ કરીને જુદા જુદા વિશેષણો વાપરીને ભાષણ કરવું બહુ સરળ છે પરંતુ પ્રજાની આકાંક્ષાઓના એરણ પર લોકમત જીતવો બહુ અઘરો છે. આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી લોકમત મેળવીને બેઠા છે. વિરોધપક્ષના કે વિરોધપક્ષના નેતાની મહેરબાનીથી મુખ્યમંત્રી તરીકે નથી બેઠા આ સરકાર ચાલે છે તો પ્રજાના આશીર્વાદથી ચાલે છે, મતદારોના આશીર્વાદથી ચાલે છે. વિરોધપક્ષના આશીર્વાદથી આ સરકાર નથી ચાલતી. વિરોધપક્ષના નેતા તો ખૂબ સિનિયર છે અમારા કરતાં ખૂબ અનુભવી છે અમે તો કદાચ પહેલી બીજી વાર આ ગૃહમાં આવતા હોઈશું, પ્રશ્નોત્તરી કાળ ચાલતો હતો ત્યારે વિરોધપક્ષના નેતાશ્રીએ પ્રશ્ન ક્રમાંક-૨૪ નો ઉલ્લેખ કર્યો કે ૭૪૭૧ જગ્યાઓ ખાલી છે પણ મેં વાંચ્યું ૨૪ નંબરના પ્રશ્નના જવાબમાં તો ૭૪૭૧ જગ્યાઓ ભરેલી છે એમ જણાવેલ છે એટલે એમને કદાચ કોઈ ગેરસમજ ઊભી થઈ હશે એ વખતે મને ચર્ચાનો અવકાશ ન મળ્યો એટલે હું ઉલ્લેખ ન કરી શક્યો. વિરોધપક્ષના નેતા અમારા કરતાં ઘણા સિનિયર છે અમારા મુરબ્બી છે. એમનું આ ધ્યાન દોરું છું. આપણા સૌના અને સમગ્ર દેશના હૃદય સમ્રાટ એવા આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ગુજરાતની એક ઓળખ ઊભી થઈ છે. આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશને જ નહિ સમગ્ર દુનિયાને એક નવો રાહ ચીંધ્યો છે. ગુજરાતપણાનું એક સ્વાભિમાન ઊભું કર્યુ છે. અમારી સરકારના વિચારો છે, સંકલ્પો છે, કૃતિ છે અને સંસ્કૃતિ છે. આ એ જ ગુજરાત છે કે જ્યાં આગળ ગાંધીજીની જન્મભૂમિ છે. આ ગુજરાત સરદાર પટેલનું છે,નરસિંહ મહેતાનું છે, આ ગુજરાત દયાનંદ સરસ્વતીનું છે, આ ગુજરાત ઝવેરચંદ મેઘાણીનું છે, આ ગુજરાત કવિ નર્મદનું છે, આ ગુજરાત કલાપીનું છે. આ સંતોની ભૂમિ છે, પવિત્ર ભૂમિ છે. મોરારી બાપુની, પ્રમુખ સ્વામી, રમેશભાઈ ઓઝા, ડોંગરેજી મહારાજની, નારાયણ બાપુની આ ગુજરાત ભૂમિ છે. આ શૂરવીરોની ભૂમિ છે. આપણા આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતને એટલા બધા એવોર્ડ મળ્યા છે કે દેશની કોઈ સરકારને આટલા બધા એવોર્ડ મળ્યા નથી. આ એવોર્ડમાં વિરોધપક્ષને કહેવા માગું છું કે રાજીવ ગાંધી ફાઉન્ડેશને પણ એક એવોર્ડ આપ્યો છે. અને કદાચ તેને ખોટો આપ્યો હોય તો તેના ટ્રસ્ટીઓ હોય તેને દૂર કરવા તમારે જે કરવું હોય તે કરવાની છૂટ છે. ચાર વખત મુખ્યમંત્રીશ્રીને નંબર.વન નો એવોર્ડ મળ્યો છે. તેમને ગુજરાતનો સર્વાંગી ક્ષેત્રે વિકાસ કર્યો છે. માત્ર જનહિતને કેન્દ્ર સ્થાને રાખીને વહીવટમાં ગુણાત્મક પરિવર્તન લાવીને જન ભાગીદારીથી વિકાસની નવી તરાહ અપનાવીને જે કાર્યસિધ્ધિઓ મેળવી છે તેનાથી ગુજરાત ઉપર આખા દેશનું ધ્યાન કેન્દ્રિત થયુ છે. માનનીય અધ્યક્ષશ્રી, ભારતના આયોજન પંચે રાજયની ક્ષમતાને પિછાણીને દશમી પંચવર્ષીય યોજનામાં સમગ્ર દેશ માટે નક્કી કરેલા વાર્ષિક વૃદ્ધિ દરની સામે ગુજરાતને ૧૦.૦૨ ટકાનો વૃદ્ધિ દરનો લક્ષ્યાંક આવ્યો હતો જે ગુજરાતે હાંસલ કરી લીધો છે. એટલું જ નહીં અગિયારમી પંચવર્ષીય યોજના માટે ગુજરાતને ૧૧.૨ ટકાનો લક્ષ્યાંક આપ્યો છે જે પડકાર ગુજરાતે ઉપાડી લીધો છે. વધુમાં રાજયમાં ૭૫ લાખ જેટલાં વન ક્ષેત્રમાં વસતા અનુસૂચિત જનજાતિઓનાં વિકાસ માટે રૂપિયા ૧૫૦૦૦ કરોડનાં વન બંધુ કલ્યાણ પેકેજનો અમલ શરૂ કરી દીધો છે. મને યાદ છે જ્યારે આ પેકેજની જાહેરાત આદરણીય મુખ્યમંત્રી આ સન્માનીય ગૃહ સમક્ષ કરી રહ્યા હતા ત્યારે વન બંધુ સમાજની ચિંતા જે લોકોએ ૪૫ વર્ષો સુધી કરી નથી તેમનો વિકાસ કર્યો નથી એવા પરિબળો આ પેકેજને રાજકીય સ્ટંટ ગણાવતા

હતા અને વિરોધ કરતા હતા અને કહેતા હતા ચૂંટણીઓમાં લાભ લેવા આ બધા પેકેજો જાહેર કરે છે. જે રીતે વિરોધપક્ષના લોકોને વન બંધુ શબ્દની અંદર વિશ્વાસ નથી એવા લોકોને હું કહેવા માગું છું કે જ્યારે તમારી સરકાર હતી વન બંધુમાંથી જ તમે મુખ્યમંત્રી બનાવ્યા હતા ત્યારે પણ વન બંધુઓની ચિંતા નથી કરી. તેના કરતાં વધારે ચિંતા આદરણીય નરેન્દ્રભાઈ સાહેબે વન બંધુ સમાજની કરી છે. આવા પરિબળોને હું કહેવા માગું છું કે, તમારા વિસ્તારમાં વન બંધુ વિકાસના કામો તમે વર્ષો સુધી કરી શકયા ના હોય તો અમારી સરકારને કહેજો તમારાં બાકી કામ છે તે કરી આપશે.

વધુમાં ગુજરાતમાં સિંચાઈ અને પીવાના શુદ્ધ પાણી તેમજ જળ સંચયના કામો ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારમાં કરવા માટે અમારી સરકારે આદરણીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈની દીર્ઘદ્રષ્ટિથી સુજલામ્ સુફલામ્ યોજનાનો અમલ કર્યો. આ યોજના હેઠળ કુલ ૭૦૦૦ કરોડ જેટલી જંગી રકમનાં કામો ગુજરાતમાં કરવાનું આયોજન કર્યુ. આપણા દેશની કેન્દ્ર સરકાર જ્યારે એન.ડી.એ.ની સરકાર હતી અને અટલ બિહારી બાજપાઈજી જ્યારે વડાપ્રધાન પદે બિરાજતા હતા ત્યારે ગુજરાતને ૭ હજાર કરોડ રૂપિયા સુજલામ્ સુફલામમાં આપવાનું એક નક્કી કર્યુ હતું. •(xxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxx) ભલે તે ૪ હજાર કરોડ રૂપિયા ના આપ્યા.

**અધ્યક્ષશ્રી** : કેન્દ્ર સરકારની ટીકા ના થાય, આપ એ શબ્દો કાઢી નાખો.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : વખાણ કરું છું ભાઈ, માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી આ તો કેન્દ્ર સરકારના વખાણ કર્યા છે કે ૩ હજાર કરોડ રૂપિયા આપ્યા, ૪ હજાર કરોડ નથી આપ્યા તો તમારી વગ વાપરીને લઈ આવો તો ગુજરાતનો વિકાસ હજુ સારી રીતે કરી શકીશું. આ ચાર હજાર કરોડ રૂપિયા ના આપ્યા તો કંઈ નહીં પણ આ કામમાં અમને સહકાર આપો.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

### કેન્દ્ર સરકાર માટે ટીકાત્મક ઉચ્ચારણો અંગે

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ(વિરોધપક્ષના નેતાશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી એમ કહેવા માગે છે કે "યુ.પી.એ.ની સરકારે ૪૦૦૦ કરોડ રૂપિયા નહીં આપીને અન્યાય કર્યો છે." તો કેન્દ્ર સરકારની ટીકા આ રીતે ૪૦૦૦ કરોડ રૂપિયા આપ્યા નથી એ રીતે ના થઈ શકે. તો એના સંજોગો હોય તો ના આપ્યા હોય તો એના માટે રાજય સરકાર પાસે લડવાના રસ્તા છે, એના માટેની જોગવાઈઓ છે, પણ ગૃહમાં એના માટેની ટીકા ના થઈ શકે એવું મેં હમણાં જ કોડ કરેલ છે અને કેન્દ્ર સરકારની ટીકા ના થઈ શકે એવાં એક નહીં પણ અનેક જજમેન્ટ પણ છે. તો આ શબ્દો પાછા ખેંચાવા જોઈએ અથવા તો એ રેકર્ડ ઉપરથી દૂર થવા જોઈએ.

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકારના જે પ્રશ્નો હોય એના વિશે ચર્ચા થઈ શકે છે. કાલે ઉઠીને ગેસ બાબતની રજૂઆત આવે, બંદરો માટેની નીતિ બાબતની કોઈ રજૂઆત આવે તો એની ચર્ચા થઈ શકે. અહીં કોઈ ટીકા થઈ નથી, આ પડતર પ્રશ્ન છે. આટલા પૈસા મળ્યા છે અને આટલા પૈસા નથી મળ્યા એ હકીકત છે અને એ હકીકતને અહીં આગળ મૂકવામાં કોઈ ટીકાનું સ્વરૂપ ગણાતું નથી. એટલે આમાં કેન્દ્ર સરકારની કોઈ ટીકા આવતી નથી, આમાં તો હકીકત આવે છે. કાલે ઉઠીને રેલવેનો કોઈ પ્રશ્ન હોય તો એ બાબતમાં પણ ચર્ચા આવી શકે છે. પછી એમ કહેવામાં આવે કે આ તો કેન્દ્ર સરકારનો વિષય છે તો એ પ્રશ્નની ચર્ચા ના થાય? તો આ રીતે એમણે કોઈ ટીકા કરી નથી, પરંતુ જે હકીકત છે એ બતાવી છે.

**અધ્યક્ષશ્રી:** માનનીય શકિતસિંહજીનો અગાઉ એક પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો હતો અને આ મુદ્દો બીજો છે. આ બન્નેનું રૂલિંગ હું આવતી કાલે આપીશ.

# રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ) (ક્રમશઃ)

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : ૪૦૦૦ કરોડનાં કામો બાકી રહયાં એના માટે આદરણીય મુખ્યમંત્રીશ્રીએ આ યોજના રાજયના ફંડમાંથી પૂર્ણ કરવાનો સંકલ્પ લીધેલ જે આજે પરિપૂર્ણતાના આરે છે. આમ ગુજરાતનો વિકાસ એક રોકેટ ગતિથી થઈ રહયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ૨૪ કલાક થ્રી ફેઈઝ વીજળી ગુજરાતનાં ૧૮,૦૦૦ ગામો જે જયોતિ ગામ યોજના હેઠળ આપીને આર્થિક પ્રવૃત્તિઓમાં ક્રાંતિકારી પરિવર્તન અમારી સરકાર લાવી છે. વધુમાં આ કામગીરી ફકત ૧૦૦૦ દિવસમાં પૂર્ણ કરીને ગ્રામીણ વીજળી પુરવઠા ક્ષેત્રે સમગ્ર દેશમાં ગૌરવ પ્રાપ્ત કર્યુ છે. આ યોજના મહામહિમ રાષ્ટ્રપતિજીએ રાજયને સમર્પિત કરેલ હતી. આ કાર્યક્રમ મારા મત વિસ્તારમાં પાવાગઢની

---

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીઆ આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

જગત જનની, શકિતપીઠ મહાકાળી માતાજીની પવિત્ર દેવભૂમિ ઉપર યોજાયો હતો. આમ વિદ્યુત ક્ષેત્રે સુધારા કરવામાં ગુજરાત દેશનું એક અગ્રેસર રાજય છે તેમ આયોજન પંચે પણ સ્વીકાર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકારે ઈન્ફર્મેશન ટેકનોલોજી દ્વારા ઈ-ગર્વનન્સ ક્ષેત્રે આગવી પ્રતિષ્ઠા મેળવી છે અને આદરણીય મુખ્યમંત્રીશ્રીનો ઓન લાઈન ટેકનોલોજી દ્વારા જન ફરિયાદ નિવારણ કાર્યક્રમ (સ્વાગત) આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા વધારે છે. હવે તાલુકા સ્થળ સુધી અમારી સરકાર આ કાર્યક્રમને લઈ ગયેલ છે એ આપણા સૌના માટે ગૌરવની વાત છે

માનનીય અધ્યક્ષશ્રી, વધુમાં ગ્રામ વિસ્તારની કન્યાઓને અભ્યાસ માટે બસ મુસાફરીના ભાડામાંથી સંપૂર્ણ માફી આપવામાં આવી છે. રાજયમાં પ્રાથમિક શાળાઓમાં લગભગ ૯૩૦૦૦ વિદ્યા સહાયક શિક્ષકોની નિમણૂક કરી છે.

રાજયમાં કૃષિ ક્ષેત્રે કૃષિ રથ ગામે ગામે એટલે કે લગભગ ૧૯૦૦૦ જેટલાં ગામોમાં મોકલીને અમારી સરકારે કષિ ક્ષેત્રે એક નવી ક્રાંતિ ઉભી કરી છે.

તે જ પ્રમાણે 'બેટી બચાવો' અભિયાનથી સમગ્ર રાજયમાં એક જાગૃત્તિ લાવ્યા છે તેને લીધે દીકરીઓના જન્મદરમાં પણ વૃધ્ધિ થયેલ છે.

રાજયમાં વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં રસ્તાઓની સુધારણાના કાર્યમાં છેલ્લા પાંચ વર્ષમાં  લગભગ ૩૦,૦૦૦ કિલોમિટરના રસ્તાનું કામ પૂર્ણ કરેલ છે ને ગ્રામ્ય રસ્તાઓની સુવિધાઓનું સ્તર ઉંભું લાવવામાં સફળતા મેળવેલ છે

માનનીય અધ્યક્ષશ્રી, મને યાદ છે કે વિરોધપક્ષના અમુક સભ્યશ્રીઓ કહેતા હતા કે જનતાને નમન કહવું જોઈએ. તો અમે તો જનતાને નમન કરીએ જ છીએ અને મતદારોને પણ નમનકરીએ છીએ અને એનું પરિણામ આ વિધાનસભાની ચૂંટણીમાં મતદારોએ આપી દીધું છે. અમે ઈટાલીમાં જઈને નમન કરતા નથી. અમે તો અમારા મતદારોને નમન કરીએ છીએ, અને તેનું પરિણામ પણ આ ગુજરાતની વિધાનસભામાં મતદારોએ આપી દીધું છે, માનનીય નરેન્દ્રભાઈ મોદી સાહેબ અને ભારતીય જનતા પાર્ટીને આશિર્વાદ આપીને પરિણામ આપ્યું છે. હું તો તમને શીખ આપીશ કે તમે મતદારોને નમન કરો, નહીંતર આખી જિંદગી એ જ પાટલી ઉપર બેસવું પડશે, જે રીતે વ્યકિતની પ્રસિદ્ધિની વાત વિરોધપક્ષના આગેવાનોએ કરી છે, હું તેમને પણ કહેવા માગું છું કે વ્યકિતની પ્રસિદ્ધિમાં કયારેય ભારતીય જનતા પાર્ટી હોય નહીં, કયારેય અમારી સરકારમાં વ્યકિતની પ્રસિદ્ધિની વાત હોય નહીં, વ્યકિતની પ્રસિદ્ધિ તો કદાચ તમે ત્યાંથી જાણી લાવ્યા હો જયાં તમારી સરકાર ચાલતી હોય. ત્યાંથી જાણી લાવ્યા હો,  તો એમને પણ શીખ આપજો કે આ રાજયમાં વ્યકિતની પ્રસિદ્ધિ કયારેય ચાલે નહીં, માનનીય આત્મારામભાઈ પરમાર આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું. સમગ્ર ગૃહને વિનંતી કરું છું કે આ આભાર પ્રસ્તાવને સ્વીકારે.

**શ્રી છનાભાઈ કા. ચૌધરી(ધરમપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આ સભાગૃહના સભ્ય શ્રી આત્મારામભાઈ પરમાર જે આભાર પ્રસ્તાવની ચર્ચા લાવ્યા છે તેમાં સુધારો અને મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. અહીં ઘણી ચર્ચા ચાલી, ગુજરાતના વિકાસ માટે સામેના સભ્યશ્રીઓએ વાત કરી, વંચિતોના વિકાસ, આદિવાસીઓના કલ્યાણ, કૃષિનો વિકાસ, મહિલાઓનો વિકાસ, તેના ઉપર જે ચર્ચા થઈ એમાં મને પોતાને એવું લાગે છે કે આપણે અહીં બેસીને ચર્ચા કરીએ છીએ પણ ખરેખર આદિજાતિ કલ્યાણ કે જેમાં આપણે ઘણી બધી જાહેરાતો કરી એછીએ. ખાસ કરીને શિક્ષણમાં, ત્યારે ખરેખર શિક્ષણની પરિસ્થિતિ જોઈએ તો આજે શિક્ષણમાં આદિજાતિના જે બાળકો ભણે છે તે ફકત પ્રાથમિક શિક્ષણ એ લોકોને મફત મળે છે, પણ ઉંચ્ચ શિક્ષણમાં અત્યારે આ સરકારે જે સેલ્ફ ફાઈનાન્સ કોલેજો શરૂ કરી છે તેમાં ખૂબ ઉંચી ફી હોવાને કારણે અને ભ્રષ્ટાચારને કારણે આ આદિવાસી વિદ્યાર્થીઓ તેમાંથી અભ્યાસ છોડી દે છે. સરકારી આંકડા મુજબ ઉચ્ચ શિક્ષણની કોલેજો અને સેલ્ફ ફાઈનાન્સ કોલેજો છે તેમાં આદિજાતિ માટે ૩૦૫૧ જેટલી જગ્યાઓ છે. પણ ફી નહીં ભરી શકવાના કારણે ફકત ૧૧૭૬ વિદ્યાર્થીઓએ જ તેમાં પ્રવેશ લીધો છે. ૧૮૭૫ જેટલા વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહ્યા છે. ત્યારે આ સરકારને મારી દરખાસ્ત છે કે જેમ સમાજ કલયાણ ખાતુ એસ.સી. વિદ્યાર્થીઓ માટે ફી આપે છે તે જ રીતે આ વિદ્યાર્થીઓ માટે પણ ટ્રાયબલ વિભાગમાં કોલેજોની ફી આપવી જોઈએ. છાત્રાલયોની ખૂબ ઓછી સુવિધા છે. કોલેજમાં વિદ્યાર્થી એડમીશન મેળવી લે છે પણ છાત્રાલયની સુવિધા મળતી ન હોવાને કારણે વિદ્યાર્થી પોતાનો અભ્યાસ છોડી દે છે. ત્યારે ટ્રયબલ વિભાગ દ્વારા દરેક જગ્યાએ આવા છત્રાલયો શરૂ કરવા જોઈએ. ખાસ કરીને ઉર્જા  વિકાસની જે વાત થઈ છે કે ગુજરાતમાં ૧૮૦૦૦ ગામડાંઓમાં જયોતિ ગ્રામ યોજના પૂર્ણ થઈ છે. પણ હું કહેવા માગું છું કે અત્યારે પણ જયોતિગ્રામ યોજનાનું કામ ચાલુ જ છે, થાંભલા નખાઈ રહ્યા છે, તાર ખેંચાઈ રહ્યા છે, ત્યારે એમ કેવી રીતે કહી શકાય કે ૧૮૦૦૦ ગામડામાં તમામ લોકોને લાભ મળ્યો છે. ખેડૂતોને આઠ કલાક વીજળી પૂરી પાડવામાં આવે છે. તેવી વાત કરવામાં આવી પણ અત્યારે ખેડૂતો એટલા બેહાલ છે કે ખેડૂતોનો પાક ઉભો છે તે સૂકાઈ રહ્યો છે.ઘણીવાર વીજળી આઠ કલાક મળે અને તેમ છતાં પાકને પાણી નથી આપી શકતા. દર અઠવાડિયે અલગ અલગ સમયે વીજળી આપવામાં આવે છે. કોઈ વખતે દિવસે આપવામાં આવે તો કોઈ વખતે રાત્રે આપવામાં આવે. ખેડૂતનું ખેતર એ કંઈ કારખાનું  નથી કે રાત્રે જઈને પાકને પાણી આપી શકે? ખેતરમાં તો જંગલી જાનવરનો ભય હોય, ઝેરી જીવજંતુનો ભય હોય, સાપ છીપલાનો ભય હોય તેવા સંજોગોમાં  અસંખ્ય ખેડ્રતોએ પોતાના જાન પણ ગુમાવ્યા છે ત્યારે  ખેડૂતોને આઠ કલાક

નહિ પરંતુ ૧૨ કલાક કે ૧૪ કલાક વીજળી આપવાનું ચૂંટણી ઢંઢેરામાં જાહેરાત કરી છે એ પ્રમાણે એને મળવી જોઈએ. ગઈ કાલે બજૅટ રજૂ કર્યુ એનો અભ્યાસ આપણે કર્યો એમાં વીજળીના દરમાં ૧૨ પૈસાને બદલે ૧૮ પૈસાનો વધારો થયો છે. જ્યારે નાના વીજ વપરાશકારો છે એને તો ૩૦ પૈસા વધારે આપવા પડશે. આ નાના વીજ વપરાશકારો છે એ બિલ ભરી નહિ શકે અને અત્યારે અમારા દક્ષિણ ગુજરાત વીજ કંપની તરફથી ૨૦૦૫-૦૬ના ટૅરિફ પ્રમાણે ડિપોઝિટ ભરવાનું કહેવામાં આવે છે. એ વધારાના ડિપોઝિટના પૈસા વસૂલ કરવાનું ચાલે છે. જ્યારે વીજ વપરાશકાર વીજળી બિલ ભરવા જાય ત્યારે એની ઉપર દબાણ કરવામાં આવે છે કે તમારે ડિપોઝિટ જમા કરાવવી પડશે નહિતર તમારા વીજ બિલના પૈસા લેવામાં નહિ આવે. જો એક અથવા તો બે મહિના વીજ બિલ ભરવામાં ન આવે તો એના ઉપર વ્યાજ આકારવામાં આવે છે જે ખોટું છે.

પંચાયત અને ગ્રામ વિકાસની વાત કરું તો માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં ગ્રામ મિત્રોની વાત કરવામાં આવી છે. ૬૬૦૪૩ જેટલા ગ્રામ મિત્રો ભરવામાં આવ્યા છે. ફક્ત ૧૧ મહિના એમને રાખીને જેવી ચૂંટણી પૂરી થઈ એટલે છૂટા કરી દેવામાં આવ્યા છે. જો કોઈને રોજગારી આપવી હોય તો એને કાયમી આપવી જોઈએ. માનનીય નાણામંત્રીશ્રીએ કહ્યું કે અમે કાયમ માટે નોકરી આપીએ છીએ. આ ગ્રામ મિત્રોને પ્રલોભન બતાવીને..(સમય સૂચક ઘંટડી)

**અધ્યક્ષશ્રી** : માનનીય પ્રાગજીભાઈ પટેલ.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભા ગૃહની અંદર માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર માનનીય સભ્યશ્રી આત્મારામભાઈને જે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો એમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય રાજયપાલશ્રીએ જે પ્રવચન કર્યુ એ પ્રવચનમાં એમણે જણાવ્યું કે રાજયની અંદર તાજેતરની વિધાનસભાની ચૂંટણીમાં કોઈ અનિચ્છનીય ઘટના બની નથી. શાંતિપૂર્ણ વાતાવરણની અંદર ચૂંટણી સંપન્ન થઈ છે. આ કંઈ નાની બાબત નથી. આ રાજયની અંદર એક કરોડ જાગૃત મહિલા સહિત બે કરોડ અઢાર લાખ લોકોએ મતદાન કરીને લોકશાહીમાં એક સારો દાખલો બેસાડયો છે. કોઈપણ જાતનો અનિચ્છનીય બનાવ નહિ, બીજા રાજયોમાં ચૂંટણી ટાણે કેટલા બધા તોફાનો થાય છે, અનેકના જીવ જાય છે જ્યારે આ રાજયમાં અમારી સરકારે કાયદો અને વ્યવસ્થા બરાબર જાળવી છે અને એક પણ અનિચ્છનીય બનાવ બન્યો નથી. આ ચૂંટણી સંપન્ન થઈ એમાં ઘણા જૂના નિયમો બદલવા પડે તેવી પરિસ્થિતિ થઈ છે. આ ચૂંટણીની અંદર ગાંધીવાદ, જ્ઞાતિવાદ, સમાજવાદ કે સામ્યવાદ ફાલ્યા ફૂલ્યા વગર અમારા નેતા નરેન્દ્રભાઈ લાર્જર ધેન લાઈફ બન્યા છે. અમારા નેતા એમ કહે કે હું ગુજરાતની સાડા પાંચ કરોડની પ્રજાની તિજોરીનો ચોકીદાર છું, આવા નેતા માટે એમના નેતા એમ આવીને કહે કે મોતના સોદાગર જેવો શબ્દ બોલે એનાથી હલકી કોઈ બાબત નથી. મારે એમાં નથી પડવું કે એમને સ્પીચ વાચતા નથી આવડી કે લખનારે ભૂલ કરી એમાં હું પડવા માગતો નથી. એમના ૫૦ વર્ષના શાસનમાં પ્રજાને ખરેખર વિકાસથી વંચિત રાખી છે. હું ગામડામાંથી ધારાસભ્ય તરીકે આવું છું. ગામડાની ૫૦ વર્ષ પરિસ્થિતિ કેવી હતી એ હું જાણું છું. આજે ગુજરાતની અંદર શહેરો જેટલી વ્યવસ્થા આ સરકારે ગામડાંમાં કરી છે અને વ્યવસ્થા કરવાનું ચાલી રહ્યું છે.

પાણીની વાત કરું, તેમના શાસનમાં પાણી માટે પ્રજા વલખાં મારતી હોય, માથે બે-બે બેડાં હોય, તેની કેડમાં નાનું બાળક હોય, પરસેવે રેબઝેબ હોય એ ગામડાંની પરિસ્થિતિ મેં જોઈ છે. અમારા પાણી પુરવઠા મંત્રી કહેતા હતા કે કોંગ્રેસ પાસેથી જ્યારે શાસન આવ્યું ત્યારે પાંચ હજાર પાણીના ટેંકર કરિયાવરમાં મળ્યા હતા. આજે એક પણ ટેંકર પાણી ગુજરાતમાં જતું નથી. આખા ગુજરાતમાં પીવાના પાણીની પાઈપ લાઈન નાખી છે. નર્મદાનું શુદ્ધ પીવાનું પાણી અપાય છે. તમારા કોંગ્રેસના શાસનમાં કેવું પાણી, ટેંકરમાં કોઈ માથાભારે સરપંચ હોય, કોંગ્રેસનો આગેવાન હોય તો તેના ઘરે ટેંકર નાખે. પ્રજાને તરસી રાખે. આવું શાસન આપણે જોયું છે. આજે રાજયમાં સૌ જાણીએ છીએ કે નર્મદા ડૅમની ઉંચાઈ વધે, તેની નિર્ણાયક ઉંચાઈ થાય અને પ્રજાને પાણી મળે તે માટે આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ ઉપવાસ કરવા પડે. આ દેશમાં પહેલો એવો બનાવ છે કે પાણી માટે મુખ્યમંત્રીશ્રીએ ઉપવાસ કરવા પડે. શેના માટે? પ્રજાને પાણી મળે. આપણે જાણીએ છીએ. હું સરકારને અભિનંદન આપું છું કે ૫૮ કરોડના ખર્ચે પીવાના પાણીની યોજના ૯૮ ટકા પૂરી થવા આવી છે. બે ટકાનું કામ પૂરું થવાની તૈયારીમાં છે.

એક ખેડૂતનો દીકરો છું ત્યારે મારે ખેડૂતની વાત કરવી છે કે આ રાજયની અંદર માત્રને માત્ર ખેડૂતોની ચિંતા કરી હોય તો અમારી સરકારે કરી છે. અમારા માનનીય મુખ્યમંત્રીશ્રીએ કરી છે. ખેડૂતોને આજદિન સુધી કેટલી મુશ્કેલીઓ હતી? મહેસૂલ વિભાગની વાત કરું તો સૌથી સારો ઐતિહાસિહ નિર્ણય અમારા મહેસૂલ વિભાગે કર્યો છે. નવી શરતમાંથી જૂની શરતમાં કરવાનો. નવી શરતમાંથી જૂની શરત કરવી હોય તો કેવી રીતે થતી? પહેલાંના એમના શાસનમાં નવી શરતની જમીન કોઈ સુખી માણસ કરાવી શકતો. સામાન્ય માણસ નવી શરતમાંથી જૂની શરત કરાવી ન શકે અને તલાટીથી માંડીને કલેક્ટર સુધી નિવેદ ધરવાં પડતાં. ત્યારે તેમાં જૂની શરતો થતી. આજે અમારા શાસનમાં મહેસૂલ વિભાગે આખા રાજયમાં સતત ૧૫ વર્ષનો કબજો ધરાવતા ખેડૂતોને એક પણ પૈસો લીધા સિવાય, તેની અરજી સ્વીકાર્યા સિવાય અમારી સરકારે જૂની શરત કરી આપી. એમાં પણ કેટલાય ખેડૂતો ૬૦ ટકાનો પટ ભરી શકતા નહોતા. રાજયની સરકારે, રાજયના મુખ્યમંત્રીએ આ ચિંતા કરી અને ૬૦ પટમાંથી પણ મુકિત આપી છે. મારે કહેવું છે કે આ ખેડૂતોની ચિંતા અમારી સરકારે કરી છે. અમારી સરકારમાં જ્યારે ખેડૂતનું

ખેતીનું કામ કરતાં આકસ્મિક મૃત્યુ થાય તો આજે એક લાખ રૂપિયા તેના વારસદારને મળે. મારે સરકારને અભિનંદન આપ્યા છે કે ખેડૂતના એક વારસદારને પણ ઈન્કલુડ કરીને તેનું પણ સુરક્ષાકવચ વધાર્યું છે. નહીં તો તેમના શાસનમાં ખેડૂતનું આકસ્મિક અવસાન થાય ત્યારે પૈસો આપવામાં આવતો નહોતો. એ તો લઠ્ઠો પીને મરી જાય ત્યારે, દારુ પીને મરી જાય તો તેને વળતરના પૈસા ચૂકવતા, એટલે પૈસા આવે એટલે તેનો વારસદાર પણ પીવાનું ચાલુ રાખે. આ બધા પૈસા બંધ કરીને અમારી સરકારે ખેડૂતોને પૈસા આપવાનું ચાલુ કર્યું છે.

બીજું મારે કહેવું છે કે ગામડાંમાં ગાંડા બાવળ એટલા બધા હતા, કોઈ ખેડૂત જ્યારે તેના ખેતરના શેઢે બાવળ કાપે તો પણ તેના ઉપર કેસ થતો હતો. અમારી સરકારે આ રાજયની અંદર આખા ગુજરાતમાં ગાંડા બાવળ કાઢવાની છૂટી. એ ખેડૂતના ઉપર કેસ ન થાય. મારે કહેવું છે કે કેટલાય ગાંડા બાવળો આમ તો આટલી આચારસંહિતા ડિસેમ્બરમાં હતી તો પણ કાઢી નાખ્યા અમારા મુખ્યમંત્રીએ. સૌ જાણે છે આજે. મારો કહેવાનો મતલબ કે આ બધી સુવિધા, સામાન્ય માણસ ટ્રેક્ટર લઈને શહેરમાંથી જાય તો પોલીસ તેને વ્હીસલ મારે અને ઉભા રાખાવે. ૧૦૦-૨૦૦ રૂપિયાનો દંડ કરે. આવા કેસો ગામડાંમાં ખેડૂતો, ટ્રેકટર ધારકો ઉપર થતા હતા અમારી સરકારે તેને એક ખેડૂતનું વાહન ગણીને ગાડાનું સ્વરૂપ ગણીને આજે એ કેસોમાંથી મુકિત આપી છે. આજે ગામડાંના લોકો શહેર વચ્ચેથી તેના પ્રસંગોમાં પાંચ-પચીસ માણસો બેસાડીને જતાં-આવતા આપણે જોઈએ છીએ.

બીજું મારે કહેવું છે કે માનનીય રાજયપાલશ્રીએ નારી અદાલતો સ્થાપવાની વાત તેમના પ્રવચનમાં કરી છે. ગુજરાતમાં મહિલા અને બાળવિકાસમાં ૧૯ જેટલી નારી અદાલતો સ્થાપી છે અને નારીનું ગૌરવ વધારવાની વાત કરી છે. આ વાત કરતાં પહેલાં મારે થોડીક વાત સભાગૃહમાં કરવી છે. માનનીય વિરોધપક્ષના નેતા હમણાં એમના પ્રવચનમાં બોલી રહ્યા હતા. જ્યારે આ સભાગૃહની અંદર નારી ગૌરવની આખો દિવસ વાત ચાલતી હોય, એની ચર્ચા ચાલતી હોય ત્યારે એક મહિલા નારી સભ્યની ઉપર એક હલકા પ્રકારના ઉચ્ચારણો થાય એ સભાગૃહમાં એનાથી વધુ બીજી કોઈ દુ:ખજનક બાબત ન હોઈ શકે. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના મોઢે આ વાત ન શોભે. એક સિનિયર નારી સભ્ય ઉપર ચર્ચા ન કરી શકાય.

**અધ્યક્ષશ્રી** : આપ મુદ્દા ઉપર રહો.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : હા જી. માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે, નારી અદાલતની સ્થાપના એટલા માટે કરવાની જરૂર પડી કે, પ્રાચીન સમયથી ખાસ કરીને ગ્રામીણ વિસ્તારની અંદર મહિલાઓને ન્યાય મેળવવા માટે માત્ર બે માર્ગ હતા. એક જ્ઞાતિ પંચાયત અને બીજી કાયદેસરની પંચાયતો હતી જે કાનૂની વ્યવસ્થા છે. જ્ઞાતિ પંચાયતમાં ખાસ કરીને એમના ધર્મ અને પરંપરાગત જે નિયમો હતા એ પ્રમાણે એમની પંચાયતો ન્યાય આપતી અને એની અંદર મહિલા સભ્યો ન હતા. એના કારણે જ્યારે કોઈ કેસ ચાલતો હોય, ઘરેલું હિંસા કે બાળકો કે છૂટાછેડાનો કેસ ચાલતો હોય ત્યારે આવી પંચાયતો સ્વયં આવીને રજૂઆતો નહોતી કરી શકતી અને એની અંદર મહિલાઓ પણ નહોતી. એના કારણે એમણે ન્યાય નહોતો મળતો. એ જો કોર્ટોની અંદર જાય તો મુખ્ય અદાલતોની અંદર કાનૂની વ્યવસ્થા માટે જાય તો એમને નીચું જોવું પડતું હતું. એના માટે આ રાજયની સરકારે ૧૯ જેટલી નારી અદાલતોની રચના કરી છે અને ચાલુ પણ કરી છે. મારે કહેવું છે કે, આ સ્ત્રીઓની ભેદભાવ, સામાજિક સ્થિતિ સુધારવા માટે આવા અનેક કામો કરી અને આજ દિન સુધીમાં નારી અદાલતોમાં ૩૭૦૦ જેટલા કેસો હાથ ધર્યા છે. દહેજ, બાળકોનો કબજો અને છૂટાછેડામાં ન્યાય આપ્યો છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી ખુમાનસિંહ ભાઈ, આપને વારંવાર સૂચના આપવી પડે એ બરાબર નથી. તમે સિનિયર સભ્ય છો એટલે ફરીવાર કહું છું અને છેલ્લીવાર કહું છું.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : હું નારી અદાલતની વાત કરતો હતો, સ્ત્રીનું સન્માન થાય એની વાત કરતો હતો, એના માટે રાજય સરકારે જે કામ કર્યું એની વાત કરતો હતો. પણ વિપક્ષના સભ્યો ગઈ કાલે એક નારીના બહાના નીચે, નારી ઉપર અત્યાચાર થયો એના બહાના નીચે ગઈ કાલે જે બૂમાબૂમ કરી એની મારે વાત કરવી છે. એની અંદર માત્રને માત્ર રાજનીતિ ડોકિયાં કરે છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી પ્રાગજીભાઈ આપ આપના વિષય ઉપર જ રહો, વિષય ઉપર રહીને જ વાત કરો.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું વિષય ઉપર રહીને જ વાત કરું છું. નારીનું ગૌરવ થાય એ અમે પણ ઇચ્છીએ છીએ. અમારી પણ બહેન-દીકરીઓ સલામત રહે એમ ઇચ્છીએ છીએ. ગુજરાતની અંદર અમારી બહેન-દીકરીઓ સલામત રહે. બહેન-દીકરીઓની છેડતી કરનારાઓને સજા થાય એની ઉપર કડક હાથે કામ લેવાય એમ અમે પણ ઇચ્છીએ છીએ. પરંતુ મારે કહેવું છે કે, જ્યારે સમાજ પૂર્ણપણે વિકસિત ન હોય ત્યારે આવા વરવાં પરિણામો આપણે જોવાં પડે છે. મહિલા અત્યાચારોની વાત કરું તો મહિલા અત્યાચારની બાબતમાં ભારતનો દર ૬.૭ ટકા હતો. જ્યારે ગુજરાતની અંદર આ દર ૨.૫ ટકા એટલે કે, અઢી ટકા રહ્યો છે. એ દર્શાવે છે કે, ગુજરાતની અંદર મહિલાઓની કેટલી સુરક્ષા છે. જ્યારે ખેતીની સિઝન આવે ત્યારે, વાવણીની શરૂઆત થાય ત્યારે કાયમ માટે બિયારણ માટે આંદોલનો થાય, કાયમ માટે ખાતરના આંદોલનો થાય. અમારું શાસન આવ્યું ત્યારથી કયારેય કોઈ આંદોલનો અમે જોયાં નથી. અને આપણે જાણીએ છીએ કે, આ વહીવટમાં છેલ્લા ૩ વર્ષથી કૃષિ રથનું આયોજન થાય છે. જેના કારણે ખેડૂતોને વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવાની માહિતી મળે છે એના કારણે ખેતીનું ઉત્પાદન વધ્યું છે.

ગામડાની અંદર ખરા ઉનાળાની અંદર રાજયના મુખ્યમંત્રીશ્રી આ કાર્યક્રમમાં જોડાય, મંત્રીમંડળ જોડાય, ધારાસભ્યશ્રીઓ જોડાય, સચિવો જોડાય અને એક લાખ જેટલા અધિકારીઓ આની અંદર નાના મોટા જોડાય આ નાની બાબત નથી. જયારે આવડો મોટા કૃષિ મહોત્વની અંદર એક લાખ અધિકારીઓ જોડાય ત્યારે આ અભૂતપૂર્વ ઘટના હું તો માનું છું. રસ્તા અને મકાન ઉપર માનનીય રાજયપાલશ્રીએ ઘણી બધી વાતો કરી છે. ગામડાની અંદર પહેલાના શાસનમાં એમના શાસનામાં મેં તો જોયું છે કે ટ્રેકટરની અંદર કોઈ ડીલીવરીવાળી બેનને કોઈ સામા તાલુકામથકે લઈ જવી હોય તો રસ્તામાં ડીલીવરી થતી આવા રસ્તાઓ હતા એમના શાસનમાં એ પણ આપણે જાણીએ છીએ. આજે રસ્તાઓ કેવા છે એ સત્ય હકીકતની હું વાત કરું છું. ગામડામાં આજે એક એક રસ્તા પાકા ડામરાના રસ્તા, ગામડાથી ગાંધીનગર અને બધા જિલ્લાથી તાલુકાથી તાલુકા અને જિલ્લાથી જિલ્લા સુધી રસ્તા જોડાયા છે. કરોડો રૂપિયાનું બજેટઆ સરકારે ફાળવ્યું છે. રસ્તાની અંદર છેલ્લા ૫ વર્ષમાં ૪૪૮૨ કરોડના બજેટથી આ રસ્તાનું કામ હાથ ધર્યુ છે સરકારે ત્યારે મારે કહેવું છે કે વિશ્વબેંકે જે ઈન્ડિયન રોડ કંસ્ટ્રકશન ઈન્ડસ્ટ્રીઝ ઉપરના એમના અહેવાલમાં ટાંકયું છે કે ગુજરાતનો હાઈવે પ્રોજેકટ એ ભારત વર્ષનો હાલનો ઉત્તમ પ્રોજેકટ છે એ દેખાડે છે કે આ સરકારે કામ કર્યુ છે રસ્તા માટે. અન્ય બીજી યોજના કિસાનપથ હોય કે વિકાસપથ હોય નાબાર્ડ હોય, ખાસ મરામત હોય, ૩૧હજાર કિલોમિટર કરતા પણ વધારે રસ્તા આ ૫ વર્ષમાં પૂર્ણ કર્યા છે. અમારી સરકારે આ રસ્તાનું સ્તર ઉંચું લાવવા માટે કરોડો રૂપિયાનું આયોજન કરી એના સિવાય ગામડાની જે બધા સભ્યોની ચિંતા હતી, હું ગઈ ટમનની અને અગાઉના બધા સભ્યોની ચિંતા હતી નોનપ્લાન રસ્તાની, નોન પ્લાન રસ્તાની અંદર પણ આ સરકારે બજેટનું આયોજન કર્યુ છે અને વિધાનસભાના એક સભ્યદીઠ મારા ખ્યાલ મુજબ ૨૦લાખ રૂપિયાના સૂચનો મગાવ્યા છે. આ આનંદદાયક છે કે ગામડના નાના નાના રસ્તા જે પ્લાનમાં નથી એવા રસ્તાનું આયોજન કરી શકાય. આ વખતે એક બીજા પણ હું સરકારને અભિનંદન આપું છું કે ચોમાસાની અંદર કયાંકને કયાંક એવા બનાવ બનતા, અતિભારે વરસાદને કારણે રસ્તામાં પાણી ભરાઈ જવાથી પુલો તૂટી જવાથી એક ગામડાથી કે શહેરમાં જઈ શકાતું નહોતું.

**પોઈન્ટ ઓફ ઓર્ડર**

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારે તમારી પાસેથી માર્ગદર્શન માગવું છે. ૧:૨નું વકતવ્ય તો ચાલે છે પણ સમયની મર્યાદા શું છે એ જાણવું છે.

**અધ્યક્ષશ્રી** : સમયની મર્યાદા સભ્ય સંખ્યા ઉપર આધારીત છે સભ્ય સંખ્યા પ્રમાણે કેટલો સમય તમને મળે છે એ તમારા દંડકને મેં જણાવી દીધું છે એટલે આપનો પોઈન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી. જે સમયની મર્યાદા છે એના કરતા મેં વધારે ફાળવી છે અને એ પ્રમાણે સમયનું સંચાલન ચાલે છે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું વાત કરતો હતો ગામડાની અંદર અતિ ભારે જયારે વરસાદ થાય ત્યારે ગામડા પાણીથી વિખૂટા પડતા હતા, અનેક ગામડાનો સંપર્ક થઈ શકતો નહોતો. આ પરિસ્થિતિ સમગ્ર ગુજરાતની અંદર ચોમાસામાં ૨-૩ દિવસ માટે કાયમ માટે બનતી આવતી હતી. વર્ષોથી બને છે. ૫૦ વર્ષથી આ કોઈના ધ્યાનમાં, કોઈ સરકારોના ભૂતકાળની સરકારના ધ્યાનમાં નથી આવ્યું કે આના માટે શું કરી શકાય? અમારી સરકારે આ બજેટમાં ૩૦૦ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ ફાળવી છે કે કોઈપણ ગામની માળખાકીય સુવિધા, સંપર્ક જળવાઈ રહે અને આખા અઢારે અઢાર હજાર ગામડાની અંદર એક પણ ગામ એવું ના હોય કે ચોમાસામાં ગમે તેટલો અતિ ભારે વરસાદમાં એના રસ્તા માટે ૩૦૦ કરોડનું બજેટ આજે ફાળવ્યું છે એ અભિનંદનને પાત્ર છે. માર્ગ અને મકાન વિભાગના માનનીય મંત્રી શ્રીમતી આનંદીબેનને કે એમણે આ અમારી ચિંતા દૂર કરી. મારે વાત ખેડૂતોની કરવી છે. ખેડૂતોને અતિભારે વરસાદથી ગયા વર્ષે ૨-૫ વર્ષે અતિ ભારે વરસાદથી એનો પાક ધોવાઈ જાય, એની જમીન ધોવાઈ જાય તો આ સરકારે એની ચિંતા કરી પણ ભૂતકાળની કોઈ સરકારોએ એની કયારેય ચિંતા નથી કરી. છેલ્લા ૨ વર્ષથી હું જોઉ છું કે કરોડો રૂપિયાનું પેકેજ સરકાર આપે ત્યારે ખેડૂતોનો પાક ધોવાાઈ જાય, ખેડ્રતોનો પાક તણાઈ જાય, અમદાવાદ જિલ્લાની વાત કરું, ગયા વર્ષના પેકેજમાં ૩૩ કરોડ રૂપિયા જેટલા લાભાર્થી ખેડૂતોને પૈસા ચૂકવવામાં આવ્યા હતા. પેકેજના પૈસા અને ચાલુ પેકેજના પૈસા પણ આ વખતના પૈસાની પણ ચૂકવણી કરવા માટેની કાર્યવાહી શરૂઆતના તબકકામાં છે. મારો કહેવાનો મતલબ એ છે કે કોંગ્રેસના શાસનમાં કયારેય કોઈ ખેડૂતોને પેકેજ ચૂકવવામાં આવ્યું છે એવું મારા ધ્યાનમાં નથી. માત્ર અને માત્ર ૧૯૯૭ની અંદર પેકેજ જાહેર કરવામાં આવ્યું હતું. માનનીય અધ્યક્ષશ્રી, એ વખતે માનનીય મુખ્યમંત્રીશ્રી શંકરસિંહબાપુ હતા અને એ પેકેજ ૩ વર્ષે ચૂકવાયું હતું એ શરમને પાત્ર છે એમના માટે. અમારી સરકાર નિયત સમયમાં ચાર-છ મહિનામાં પૅકૅજ ચુકવતી સરકાર છે. જાહેરાત કરતી નથી, ચૂકવે છે. આટલા આટલા કામો કરતી સરકાર હોય ત્યારે ટીકા અને ટિપ્પણ તો વિરોધ પક્ષની એક ફરજમાં આવે છે. પણ વાજબી ટીકાઓ થાય એ જરૂરી છે. જ્યારે ૨૦૧૦માં સુવર્ણ જયંતી ઉજવવાની હોય ત્યારે માત્ર ફટાકડા ફોડી, મકાનોને રંગ-રોગાન કરી નાખે એવી રીતે ઉજવવાની નથી. વાસ્તવિક રીતે બધી યોજનાઓ એના લક્ષ પ્રમાણે પૂરી થાય, સમાજ સુખી થાય, ગુજરાતનો સર્વાંગી વિકાસ થાય, એના માટેના રાજ્ય સરકારના પ્રયત્નો સફળ થાય એના માટેનું આલ્વાન રાજ્ય સરકારે કર્યું છે. એના માટે રાજ્ય સરકાર અને એક બેન તરફથી એક સંકલ્પ પણ આવનાર છે. ખેડૂતો માટે હમણાં તાજેતરમાં સહકારી માળખાનું એક બિલ પસાર કર્યું હતું. એના અંદર આ રાજ્યના ખેડૂતોને ઘ ણી રાહતો મળે તેમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહની અંદર માનનીય સભ્યશ્રી આત્મારામભાઈ આદરણીય રાજ્યપાલશ્રીના પ્રવચન પરનો આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એને મારું અનુમોદન આપું છું અને હું મારી વાત પૂરી કરું છું.

## અધ્યક્ષશ્રીની જાહેરાત

### ગુજરાત પાર્લામેન્ટરી એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભા

**અધ્યક્ષશ્રી** : મારે એક જાહેરાત કરવાની છે. ગુજરાત પાર્લામેન્ટરી એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભા સભાગૃહનું આજનું કામકાજ પૂરું થયા પછી વિધાનસભાના ચોથા માળે આવેલ શાસક પક્ષના ખંડમાં રાખવામાં આવેલ છે. તેમાં દરેક સભ્યશ્રીને અચૂક હાજર રહેવા વિનંતી છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૧૧ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૮ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા.૨૭મી ફેબ્રુઆરી,૨૦૦૮**
**ફાલ્ગુન ૮, ૧૯૨૯ શાકે**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ)

**અધ્યક્ષશ્રી** :રાજયપાલશ્રીના સંબોધન માટે તારીખ ૧૮મી જાન્યુઆરી, ૨૦૦૮ના રોજ માનનીય સભ્યશ્રી આત્મારામ પરમાર તરફથી જે આભાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે અને જેને માનનીય સભ્યશ્રી ડો. નીમાબેન આચાર્યએ અનુમોદન આપ્યું છે તે આ પ્રમાણે છે.

"રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો"

"અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

હવે રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ અને તેના ઉપરના રજૂ થયેલા સુધારા ઉપરની ચર્ચા આગળ ચાલશે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહામહિમ રાજયપાલશ્રી દ્વારા આ સન્માનનીય સભાગૃહમાં જે પ્રવચન કર્યુ તેના ઉપર આ ગૃહના માનનીય સભ્યશ્રી આત્મારામભાઈ પરમાર જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એના સમર્થમાં મારી વાત કરવા ઊભો થયો છું.

આજથી બરાબર છ વર્ષ પહેલાં ૨૭ ફેબ્રુઆરી, ૨૦૦૨ના રોજ એક કમનસીબ ઘટના બની. ગોધરા સાબરમતી એકસપ્રેસ એના એફ-૬ ડબ્બામાં રામભકતો, કારસેવકો જ્યારે અયોધ્યાથી પરત થઈ રહ્યા હતા ત્યારે આ કારસેવકોને જીવતા ભૂંજવી નાખવાનો પ્રયાસ થયો જેની અંદર ૨૨ જેટલી મા-દીકરીઓ હતી. આઠ જેટલા નાના બાલુડાં હતાં. આ ૫૮ રામભકતોને જીવતા ભૂંજવી એમને મારી નાંખવા માટેનો પ્રયત્ન કર્યો. કાવતરું રચીને, ચેઈન પુલીંગ કરીને..

**અધ્યક્ષશ્રી** : માનનીય પ્રદીપસિંહજીભાઈ, આ બધી બાબતોની તપાસ એક તપાસ પંચ કરી રહ્યું છે તેથી એ વાત સિવાય બીજી વાત ઉપર આગળ વધો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આજના દિવસે એમને યાદ કરીને શ્રદ્ધાંજલિ આપવા માટે ઊભો થયો છું. મારો કહેવાનો આશય એ હતો કે આવા તત્ત્વોની પાછળ કોણ સંડોવાયેલું હતું, સાચા અર્થમાં મોતના સોદાગરો કોણ હતા એ આ સન્માનનીય સભાગૃહને કહેવા માગું છું. (આ તબક્કે અમુક શાસક પક્ષના સભ્યશ્રીઓ પાટલીઓ થપથપાવી)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ સભ્યશ્રી જ્યારે શ્રદ્ધાંજલિ અર્પતા હોય ત્યારે પાટલીઓ થપથપાવી ન જોઈએ કારણ કે આ એક દુ:ખદ ઘટના હતી.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : ગુજરાતની ધરતી ઉપર કોઈ આતંકવાદી પોતાના મેલા મનસૂબા પાર પાડવા માટે આવે, ગુજરાતની પ્રજાના લોહીથી ગુજરાતની ધરતી ભીંજવવા માટે કોઈ આતંકવાદી આવે ત્યારે ગુજરાતના જવામર્દ પોલીસ અધિકારી આ આતંકવાદની ભાષામાં વાત કરે છે જેના કારણે ગુજરાતની અંદર છેલ્લા પાંચ વર્ષની અંદર કોઈ આતંકવાદી ઘટના બની નથી. મહા ભારતનો એક પ્રસંગ છે. સમાજના હિત ખાતર શ્રીકૃષ્ણે યમુના નદીમાં કાળા નાગને નાથ્યો હતો ત્યારે સમાજ કોના પડખે ઊભી રહે કાળા નાગની પડખે ઊભી રહે કે આ કાળા નાગના ત્રાસથી મુકિત આપવા વાળા લોકો સાથે રહે?

આ કોંગ્રેસના મિત્રો જે ૧૯૯૦ થી આજ ૨૦૦૮ સુધી આ વિધાનસભામાં ૯૨ સીટો લાવવા માટે સક્ષમ નથી. એના પ્રયાસો સાકાર એટલા માટે નથી થયા કે ૧૯૯૦ થી ૧૯૯૫ના શાસનમાં ચીમનભાઈ પટેલ સાથે જોડાઈને સત્તાસ્થાને પાછળથી ખુરશી ઉપર બેસવાનો પ્રયત્ન કર્યો. ૧૯૯૫ થી ૧૯૯૭ની અંદર પક્ષ પલટુ ધારાસભ્યોની સાથે બેસીને ફરી એક વખત સત્તા સ્થાને બેસવાનો પ્રયત્ન કર્યો. ૧૯૯૮ થી ૨૦૦૨ માં ભારતીય જનતા પક્ષનું શાસન આવ્યું અને ભારતીય જનતા પક્ષ જ્યારે ગુજરાતના વિકાસ રથને આગળ ચલાવ્યો ત્યારે ૨૦૦૨માં ગુજરાતને સમગ્ર વિશ્વભરની અંદર બદનામ કરવામાં પોતાનો સૂર પૂરાવ્યો. આજે ૨૦૦૨ થી ૨૦૦૭માં ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને સર્વશ્રેષ્ઠ રાજય બનાવ્યું અને ગુજરાતની ધરતી ઉપર ભારતીય જનતા પાર્ટીનો વિજય નિશ્ચિત હતો, એવા સંજોગોમાં અસંતુષ્ટોના સહારે ફરી એકવાર ગુજરાતની ગાદી ઉપર બેસવાનો મનસૂબો કર્યો. પણ ગુજરાતની પ્રજાએ તેમને સાથ ન આપ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના મતદારોનું પીંડ આ કોંગ્રેસ જાણતી નથી. માત્રને માત્ર નકારાત્મક રાજનીતિ, વાહિયાત અને બેબુનિયાદ આક્ષેપો, પ્રપંચ અને ખોટી જાહેરાતોના માધ્યમથી પ્રજાને ગુમરાહ કરવાનો પ્રયત્ન કર્યો. આ વિધાનસભાની ચૂંટણીમાં માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ગુજરાતની પ્રજાએ ૪૯.૧૨ ટકા જેટલા મતોથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીને ૧૧૯ સીટો સાથે વિજયી બનાવી.

ગુજરાતના ઈતિહાસમાં ન બન્યું હોય તેવું, ૨૨ જેટલી સીટો ભારતીય જનતા પાર્ટીએ મહિલા સભ્યોને આપી, જેમાંથી ૧૫ જેટલા મહિલા ધારાસભ્યો આ સન્માનનીય સભાગૃહ સુધી પહોંચી શક્યા છે. ૧૩ જેટલા દલિત ધારાસભ્યોમાંથી ૧૧ દલિત ધારાસભ્યો ચૂંટાયા. આ સન્માનનીય સભાગૃહમાં કહું કે જ્યારે મ્યુનિસિપલ કૉર્પોરેશનની ચૂંટણીમાં નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ગુજરાતમાં જ્યારે ભાજપનો ભગવો લહેરાયો ત્યારે સામા પક્ષે એવું કહેવામાં આવતું હતું કે આ તો મશીનમાં ગરબડ કરી હતી. આ વખતે ચૂંટણીમાં તમારી પાસે કહેવાનો મુદ્દો છે ખરો? આ નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની ગુજરાતની ટીમ જેમ ક્રિકેટની ટીમમાં ધુંઆધાર બૅટિંગ કરી રહ્યા છે તેમ ગુજરાતના વિકાસ માટે ધુંઆધાર બૅટિંગ કરતી આ ટીમ સામે કોંગ્રેસના મિત્રો જેમ ઑસ્ટ્રેલિયાની ટીમમાં જે અમ્પાયર હતા એ સ્ટીવ બકનરની ભૂમિકા ભજવી રહ્યા છે. મારે ગુજરાતની પ્રજાને, ગુજરાતની ગરીબ ખમીરવાળી સ્વાભિમાની પ્રજાને સલામ કરવાની ઇચ્છા થાય છે. કોંગ્રેસે પોતાના ચૂંટણી ઢંઢેરામાં મફત ટી.વી. આપવાની વાત કરી, પરંતુ આ ગુજરાતની ખમીરવાળી ગરીબ પ્રજાએ મફત ટી.વી. આપવાની જાહેરાત કરવાવાળાને મત ન આપીને ભારતીય જનતા પાર્ટીને વિજયી બનાવી. આ વખતની ચૂંટણીમાં હું અસારવા વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટણી લડતો હતો. આપણને સૌને ખબર છે કે ચૂંટણીના દિવસે મતદાન મથક ઉપર લાંબી લાંબી લાઈનો થઈ અને આ લાંબી લાઈનો વચ્ચે જ્યારે હું મતદાન મથકોની મુલાકાત લેતો હતો. એ મતદાન કેન્દ્રોની મુલાકાત વખતે મને એક મોટી ઉંમરના ઘરડા માજી જે લાઈનમાં ઉભા હતા એ મળ્યા. આ મતદાન મથકમાં આવવાનો તેમનો ક્રમ તૈયાર હતો. મને કહે કે દીકરા, આ મતદાન પેપર છે તેમાં મોદી કયા નંબરે છે? માનનીય અધ્યક્ષશ્રી, નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના લોકો સુધી પહોંચી ગયા છે. ગુજરાતના પરિણામો આવ્યા ત્યારે ગુજરાતમાં ખુશીનો માહોલ સર્જાયો. ખુશીના માહોલની સાથે આ ગુજરાતના વિજયના ઉત્સવની ઉજવણી માત્ર ગુજરાતમાં નહીં, પણ વિદેશની ધરતી પર પણ થઈ. આ પહેલાં એવા મુખ્યમંત્રી કોઈ એક રાજયના મુખ્યમંત્રી જ્યારે ચૂંટણીમાં ચૂંટાય ત્યારે તેની ઉજવણી દેશ સહિત વિદેશની ધરતી ઉપર થતી હોય તો આ માત્ર પહેલો પ્રસંગ હતો. માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી રામસિંહભાઈ, કેટલીકવાર સાંભળવું પડે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના પેટમાં ભા.જ.પ.ના નરેન્દ્રભાઈ મોદીના વિજયથી તેલ રેડાય એ સમજી શકાય. સત્તા વગરનું જીવન એમને દોહ્યલું લાગે. કોંગ્રેસ દુઃખી થાય તે સમજી શકાય પણ પાકિસ્તાનના ડોન નામના સામયિકે તેના તંત્રીલેખમાં લખ્યું કે ગુજરાતની ચૂંટણીના પરિણામો ચિંતાજનક છે. (અંતરાય)

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

### પ્રવચન દરમ્યાન અખબારના ઉલ્લેખ અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, અખબાર આધારિત વાત અહીં ન થઈ શકે.

**અધ્યક્ષશ્રી** : અખબાર આધારિત વાત નથી કરતા, આપ જાણો છો. અખબારને આધારિત વાત નથી કરતા. એ અખબારનો રેફરન્સ આપે છે.એ કવોટ કરીને અખબાર આધારિત રેફરન્સ લે છે. અખબાર વાંચવું એ અલગ વસ્તુ છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહીલ** : અમે પણ અખબાર વાંચીશું. જૂની પ્રથાને આપણે તોડવાની?

**અધ્યક્ષશ્રી**: આપણે કોઈ પ્રથા તોડતા નથી. આપણા જે સામયિકો લખેલા છે એના અવલોકન છે. એનો ઉલ્લેખ કરે છે. જેવી રીતે આપણે પુસ્તકોનો ઉલ્લેખ કરીએ છીએ એવી રીતે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહીલ** : અમે પણ કરીશું. એ અખબાર વાંચે છે.

**અધ્યક્ષશ્રી** : આપ કરશો ત્યારે એનો સંદર્ભ જોઈશું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : હું લંકા સુધી નથી પહોંચ્યો, હું તો પાકિસ્તાન સુધી પહોંચ્યો છું. પાકિસ્તાનના અખબારોને ચિંતા થાય અને ગુજરાતના કોંગ્રેસને ચિંતા થાય. શ્રી નરેન્દ્રભાઈ મોદીની જીતથી ૨ જણાને દુઃખ થયું છે. ટ્વેન્ટીનો જમાનો છે. આ કોંગ્રેસના મિત્રોને...

**અધ્યક્ષશ્રી** : તમે તમારા વિષય ઉપર આગળ ચાલો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** :હા, આ ટેસ્ટ મૅચની જેમ રમે તો કયાં મેળ પડવાનો છે. આ ચૂંટણીના પરિણામો પછી ગુજરાતની પ્રજામાં આમાં આવું કેમ થયું એની વિશદ ચર્ચા થઈ. આ પરિણામોમાં ક્યાંક કોંગ્રેસના કાર્યકર્તાઓ કહેતા કે આપણે અફઝલ ગુરુને ફાંસી આપી હોત તો આપણી હાલત આવી ન થઈ હોત. આ દેશના સંશાધનો ઉપર લઘુમતીઓનો સૌથી પહેલો અધિકાર છે જે ગુજરાતની પ્રજા કોઈપણ હિસાબે સ્વીકારવા તૈયાર નથી. ચર્ચામાં સન્માનનીય સંત શિરોમણિ મોરારી બાપુએ જ્યારે આ લોકોએ રામ સેતુના અસ્તિત્વનો ઇન્કાર કર્યો ત્યારે રામ સેતુ નહી, રામ સે...તુ હૈ, રામ નામના અસ્તિત્વને સ્વીકારવા તૈયાર ન હોવ તો કોંગ્રેસનું રામ નામ સત્ય થઈ જવાનું એ નિશ્ચિત છે. હમણાં જ જમ્મુ કાશ્મીરની સરકાર પ્રસ્તાવ લાવી અને આ પ્રસ્તાવની અંદર જેમ મૃતક આતંકવાદીઓના પરિવારજનોને પેન્શન આપવાની વાત આ જમ્મુ કાશ્મીરની સરકારે કરી છે.

**અધ્યક્ષશ્રી** : અન્ય રાજયની વાત ન થાય.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : આ તો ધ્યાન દોરું છું.

**અધ્યક્ષશ્રી** : નહીં, આપણા રાજયની વાત કરો. આગળ ચાલો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મહાત્મા ગાંધીનું ગુજરાત, જેણે સ્વાતંત્ર્ય સામેના આંદોલનનો જન જુવાળ અને સરદાર પટેલની ભારતની એકતાની લોખંડી તાકાતનું સામર્થ્ય ધરાવતી આ ગુજરાતની પ્રજા આ હિન્દુસ્તાનનું ગ્રોથ એન્જિન બની અને ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી આ ગ્રોથ એન્જિનના સારથી છે. " કુચ કરે બીના જય જયકાર નહીં હોતી, સહી દિશા તરફ કોશિશ કરનેવાલોકી કભી હાર નહીં હોતી. જેના સામે ૬ વર્ષની અંદર ભ્રષ્ટાચારનો એકપણ આક્ષેપ નથી થયો એવા માનનીય મુખ્યમંત્રીશ્રી, એવા પ્રામાણિક મુખ્યમંત્રીશ્રી, એવી આ સરકારની સામે કર્મયોગીના નામે જયારે ગુજરાતના હિત માટેનું કામ થયું છે એનો મુદ્દો ટાંકીને આ સરકાર સામે આક્ષેપ કરવામાં આવે છે. આ કોંગ્રેસ તો ભ્રષ્ટાચારની ગંગોત્રી છે. એનો ભૂતકાળ અને એના પ્રસંગોને યાદ કરીએ તો અનેક પ્રસંગો આ સભાગૃહ સમક્ષ ચર્ચાઈ ગયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ એવા મુખ્યમંત્રીશ્રી છે જે કહે છે કે કે હું ગુજરાતની ભકિતમાં લીન છું, મને ગુજરાતનું ઘેલું લાગ્યું છે. આઈ લવ માય ગુજરાત એન્ડ આઈ લીવ ફૉર ગુજરાત. આઝાદીના દિવસોમાં જેમ રાષ્ટ્રભકિત ચેતનાનું ગાન વન્દે માતરમ એમ ગુજરાતના વિકાસ માટે ભારતીય જનતા પાર્ટીએ અને આ ગુજરાતની સાડા પાંચ કરોડની પ્રજા માટે જેમ નારો આપ્યો કે, " જીતેગા ગુજરાત". જીતેગા ગુજરાત એ અમારા માટે, ગુજરાત માટે જે શ્રેષ્ઠતમ હોય એ સંપૂર્ણ કરી શકવાનો સંકલ્પ મંત્ર એટલે જીતેગા ગુજરાત. ક્યાંક ગુજરાતનો કોઈ દીકરો કે દીકરી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટમાં, કંપની સેક્રેટરીની એકઝામમાં, કેટમાં કે સ્પેસની અંદર પસંદગી પામે અમારા માટે એ જીતેગા ગુજરાત. કેન્દ્રએ આઈ.આઈ.ટી.ની માન્યતા ન આપી પણ આઈ.આઈ.ટી. બૉમ્બે અને ગુજરાત સરકાર દ્વારા શિક્ષણની નવી દિશા શરૂ કરી અમારા મન એ જીતેગા ગુજરાત. ૬ વર્ષના ગાળામાં આ રાજય સરકારની કામગીરીને કારણે જ્યારે વિશિષ્ટ પ્રશસ્તિપત્રો, એવોર્ડ મળ્યા હોય અમારા માટે એ જીતેગા ગુજરાત. માતા, શિશુની જિંદગી બનાવવા માટે અને જનભાગીદારી પ્રેરિત ચિરંજીવી યોજનાને જ્યારે એશિયા ઈનોવેટીવ એવોર્ડ મળે અને એના કારણે માતાના મૃત્યુનું પ્રમાણ ઘટે, અમારા માટે એ જીતેગા ગુજરાત. ૫ વર્ષ પહેલા જે ગુજરાત ઈલેકટ્રીસીટી કંપનીની ૬૨૬ કરોડની ખોટ હતી. કોઈપણ ચમરબંધીને છોડયા સિવાય ગુજરાત સરકાર દ્વારા ગુજરાત ઈલેકટ્રીસીટી બોર્ડ દ્વારા એના સુવહીવટને કારણે આજે જ્યારે ૨૨૦ કરોડનો નફો થયો છે, અમારા માટે એ જીતેગા ગુજરાત. રીઝર્વ બેંક ઑફ ઈન્ડિયાએ ઔદ્યોગિક મૂડીરોકાણના જે આકડા પ્રસિદ્ધ કર્યા એમાં ૨૫.૮ ટકા ૭૫હજાર કરોડ સાથે જ્યારે ગુજરાત નંબર-૧ છે અમારા માટે એ જીતેગા ગુજરાત. સ્પેશિયલ ઈકોનૉમિક ઝોનનો કાયદો બનાવીને ૫૧ જેટલા ACZને કેન્દ્ર સરકાર દ્વારા જ્યારે મંજૂરી આપવામાં આવી, બંધ પડેલી મિલોની અંદર એપેરલ પાર્ક સર્જીને રોજગારી માટેનું સાધન પૂરું પાડ્યું છે. ૬ લાખ ૬૬હજાર કરોડના ઉદ્યોગો જ્યારે ગુજરાતમાં સ્થપાવાના છે અને ૧૩લાખ જેટલા બેકાર યુવાનોને જ્યારે રોજગારી મળવાની છે અમારા માટે એ જીતેગા ગુજરાત. સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા ૫૦ મેગાવોટનો પ્લાન્ટ જ્યારે રાષ્ટ્રને અર્પણ કરવામાં આવ્યો અમારા માટે એ જીતેગા ગુજરાત. ઉત્તર ગુજરાતની અંદર જ્યારે ફ્લૉરાઇડ કન્ટેનવાળા પાણી અને જેના કારણે યુવાન અકાળે વૃદ્ધત્વ જેવી સ્થિતિમાં મુકાતો હતો એવી સ્થિતિમાં જ્યારે ભારતીય જનતા પક્ષની સરકાર, નરેન્દ્રભાઈ મોદીની સરકારે પાણી પહોંચાડયા અને એના કારણે આ યુવાનને નવજીવન મળ્યું, અમારા માટે એ જીતેગા ગુજરાત. ૧૦૮ મેડીકલવાન જ્યારે કોઈ અકસ્માતમાં કોઈ જિંદગી બચાવવા સફળ બને અને જ્યારે એને નવજીવન મળે અમારા માટે એ જીતેગા ગુજરાત. બીનનિવાસી ભારતીય પરિષદના જે કેન્દ્રીય મંત્રાલય દ્વારા પ્રકાશિત પુસ્તકમાં ચાર પાના ભરીને ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીની પ્રશંસા જ્યારે અમને વાચવા મળે, અમારા માટે એ જીતેગા ગુજરાત. રતન ટાટા કહે છે કે, You are stupid, if you do not invest in Gujarat. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આ દેશના સર્વોચ્ચ ઉદ્યોગપતિ આ ગુજરાતના ઉદ્યોગો માટે આ પ્રમાણેનો સંદેશો આપતા હોય અમારા માટે એ જીતેગા ગુજરાત. ગુજરાતના ગૌરવને રાષ્ટ્રની મહોર એટલે શ્રેષ્ઠ મુખ્યમંત્રી નંબર-વન આ સન્માનનીય સભાગૃહ સમક્ષ થોડા દિવસ પહેલા બનેલી ઘટના, જ્યારે કેન્યાની અંદર ગુજરાતીઓનો આક્રંદ હતો, અને ત્યાંના હાઈકમિશ્નર ઑફિસ બંધ કરીને આ ગુજરાતીઓને ૪૮ કલાક સુધી કોઈ મદદરૂપ ના થઈ શકે એની સામે બોલવાવાળી કોઈ સરકાર આજે આ કેન્દ્રની અંદર નથી એ અમારા માટે વ્યથા છે. ૨૦૦ મેગાવોટ પાવર કાપીને ગુજરાતના કિસાનોના ઊભા પાક બાળવા માટેનું જે કેન્દ્ર સરકાર દ્વારા થયું છે, એની સામેની અમારા મનમાં વ્યથા છે. ૨૦૦૪માં fractured mandate લઈને કેન્દ્રની અંદર બેઠેલી આ યુ.પી.એ.ની સરકારે કહ્યું હતું કે અમે ૧૦૦ દિવસમાં મોંઘવારી ઘટાડીશું. ૪ વર્ષમાં ૬ વખત પેટ્રોલ અને ડિઝલનો ભાવ વધારો કરીને એક વખતનું એન.ડી.એ.નું રાજય એ છતનું રાજય હતું આજે યુ.પી.એ.નું રાજય એ અછતનું રાજય છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવ ઉપર હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સવારથી શરૂઆત થઈ છે. "ચક દે રેલવે"નો માહોલ છે અને એ માહોલમાં, (અંતરાય) બેન, ફાઈલો જોવી અને કોમેન્ટ કરવી એ બન્ને ન ચાલે.

**અધ્યક્ષશ્રી.** : આપ આપના વક્તવ્ય ઉપર આવી જાઓ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એટલે આ સમયે મને પ્રાર્થનાના શબ્દો યાદ આવે છે. જ્યારે આપણે ભણતા હતા ત્યારે એક પ્રાર્થના બોલતા હતા. એમાંથી એક પંક્તિ કહીશ કે, "અસત્યમાંથી પરમ સત્યે તું લઈ જા, ઊંડા અંધારેથી પરમ તેજે તું લઈ જા." મારા સાથી પ્રદિપસિંહ બોલતા હતા ત્યારે એમણે એક ઘટનાને યાદ કરી. ઘ ટના તો દુ:ખદ હતી. ૫૯ લોકો ટ્રેનમાં સળગી ગયા અને એના પછી ૨૦૦૦ લોકો મરી ગયા. જે ઘટના હતી એને યાદ કરી અને શ્રદ્ધાંજલિ આપતા હતા. એ શ્રદ્ધાંજલિ અપાતી હતી ત્યારે આપણા મનમાં દુ:ખ હોવું જોઈએ. એની જગ્યાએ મને દુ:ખ એ વાતનું થયું કે અહીંયા તો પાટલીઓ થપથપાવતા હતા. કારણ કે * (xxxxxxxxxxxxx xxxxxxxxxx xxxxxxxxx.) એને દુ:ખ ન હતું, એને આનંદ હતો કે આ ઘટના ન બની હોત તો આ હાઉસમાં ન આવ્યા હોત.

**અધ્યક્ષશ્રી** : *( xxxxx xxxxxxxx) એ શબ્દો હું કાઢી નાખું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ હાઉસમાં બનેલી ઘટના છે. પાટલીઓ થપથપાવવાની ઘટનાનો મેં ઉલ્લેખ કર્યો છે. હું તો અપેક્ષા રાખતો હતો કે આપ એમને ટકોર કરશો. જ્યારે શ્રદ્ધાંજલિ અપાતી હોય ત્યારે પાટલીઓ થપથપાવવાની ન હોય. પણ સત્ય ક્યાંકને ક્યાંક કોઈ જગ્યાએ મનમાં છુપાયેલું હોય એ બહાર આવી જાય છે. મારા સાથી પ્રદિપસિંહ બોલતા હતા ત્યારે, માનનીય અધ્યક્ષશ્રી, આપે તો માનસિક રીતે રોગી લોકો, રોગ ગ્રસ્ત લોકો હોય છે એને હૉસ્પિટલોમાં જોયા છે. એ લોકો એની માન્યતાના બાદશાહ હોય છે. મારા ગામમાં પણ એક માનસિક ક્ષતિ વાળો માણસ પોપટ આજે પણ જીવે છે. એ પોપટને આપણે ગમે તે કહીએ, આપણે કહીએ કે પોપટ તું રામ બોલ તો પોપટ રામ ન બોલે, પોપટ રામ નહીં બોલું એમ પણ ના કહે. કારણ કે રામ બોલાઈ જાય. અમારા કરશનભાઈ બેઠા છે એમને ખબર હશે. પોપટ રામ નહીં બોલે. તમે ગમે તે કરશો પણ પોપટ રામ ન બોલે. આપણે પૂછીએ કે શા માટે બોલતો નથી? તો કહે કે તમે ગાડી આપી? બંગલો આપ્યો? વાડી આપી? એના વગર પોપટ ના બોલે. અહીંયા એવા ઘણા હતા કે પોપટ રામ નહોતા બોલતા. પ્રદિપસિંહભાઈ, માયાબેન, કનુભાઈ નહોતા બોલતા. એ આજે રામ બોલતા થઈ ગયા તો પણ આગલી લાઈનમાં આવ્યા નહીં. પહેલા મને યાદ છે કે પહેલા માજી અને મોદી ફેન ક્યાં છે એમ હતું. પ્રદિપસિંહ, આપ ત્રણ વર્ષ પહેલાં નરેન્દ્રભાઈ વિશે શું બોલતા હતા? કનુભાઈ શું બોલતા હતા? માયાબેન શું બોલતા હતા? કેમ ફરી ગયા? વારો ન આવ્યો તો પણ. વાંધો નહીં બોલતા રહો, કોઈ દિવસ વારો આવશે. પણ મારે તો એમણે જે વાત કરી કે (અંતરાય) મારા કરતા સિનિયર અને મારા કરતા વિદ્વાન સાથી મિત્ર છે. મારે એટલી વાત કરવાની છે કે પ્રદિપસિંહ વાત કરતા હતા કે અઝહર મસૂદને ફાંસી કેમ નથી આપતા?

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. મારા નામનો ઉલ્લેખ કર્યો છે એટલે મારે કંઈક કહેવું છે. મારે કહેવું છે કે પોરબંદરની જે હૉસ્પિટલમાં (અંતરાય) માનનીય અર્જુનભાઈ જે ગયા વખતે વિરોધપક્ષના નેતા હતા. * (xxxxx xxxxxx).

**અધ્યક્ષશ્રી.** : આ શબ્દો હું રેકર્ડમાંથી કાઢી નાખું છું. તમારે કહેવું નહિ પડે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : પ્રદિપસિંહજી સહન કરતા શીખવું પડે. મારે તો એમણે જે અધર્મની વાત કરી છે એની વાત કરવી છે.

**અધ્યક્ષશ્રી.** : માનનીય અર્જુનભાઈ આ બધા વિષય લેવા જતા તમારી મિનિટ વપરાતી જશે.(અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એમણે જે બોલ્યા છે એનો માત્ર જવાબ આપું છું.

**અધ્યક્ષશ્રી.** : મને કોઈ વાંધો નથી તમે બોલો એમાં વાંધો નથી પણ તમારી મિનિટ વપરાશે. (અંતરાય) અરે, જગદીશભાઈ, તેઓ બોલે તો મને વાંધો નથી, એમના વકતવ્યમાં શું બોલવું એ નથી કહેતો, માત્ર તમારી ૭૭ મિનિટ છે એ બાકીના સભ્યોની ઓછી થશે એટલું જ ધ્યાન દોરું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, અઝહરને ફાંસી દેવાની વાત કરી હતી. ફાંસીની સજાઓ દેશની કોર્ટો કરતી હોય છે એને કોઈ રોકી શકતું નથી પણ મારે તો એટલું જ કહેવાનું આ અફઝલના ગુરુ છે એના ગુરુ અજરમસુદ કાશ્મિરની જેલમાં હતા અને આ દેશના વિદેશમંત્રી કંધાર મૂકી આવ્યા હતા. એ મૂકવા જતા રોકવાની ફરજ આપની હતી, મહેમાન બનાવી, બિરિયાની ખાતાં ખાતાં મોકલી આપ્યાં હતા ત્યારે કયાં ગયા હતા?

**અધ્યક્ષશ્રી.** : અર્જુનભાઈ ફરીથી જે ઉલ્લેખ આપણા રાજ્યને, વિધાનસભાને ના સંપકર્તા હોય એની વાત ના કરીએ તો વધારે સારું લાગશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ તો ઉલ્લેખ્ થયો એટલે જવાબ આપું છું. આ કોઈને ના ગમે એ સ્વાભાવિક વાત છે. આપને ના ગમે, મનેય ના ગમે પણ કેટલાક લોકોને ગમતું હશે ત્યાં મૂકવા જવાનું એટલે મારે ઉલ્લેખ્ કરવો પડ્યો છે. એટલે જે સત્ય છે એ સત્ય જ રહે છે અને મારે આ જ્યારે આભાર પ્રસ્તાવની શરૂઆત થઈ ત્યારે માત્ર આ રાજયપાલશ્રીના પ્રવચનની અંદર જે શરૂઆત થઈ છે એની અંદર પણ

---

*(xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

* **(xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

કોઈ જગ્યા કેવી રીતે પાંચ વર્ષ પહેલાનું sentence ફરી પાછું મુકાઈ ગયું. આપ સૌ જાણો છો કે આ વિધાનસભાગૃહ ગુજરાતની પાંચ કરોડની જનતાની અપેક્ષા પરિપૂર્ણ કરવાનું સૌથી અસરકારક માધ્યમ છે. આ જ્યારે રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવના પ્રવચનમાં લખવાનું હોય ત્યારે ગુજરાતની સાચી વસ્તી લખવી પડે એ પાંચ વર્ષ પહેલાની નહિ પણ આજની લખવી જોઈએ એનાથી શરૂઆત થઈ છે અને એટલા માટે મારે થોડીક આ સરકાર સત્ય તરફ જાય એના માટે, અસત્યથી દૂર લઈ જવા માટે થોડીક વાત કરવી છે. હમણાં વાત કરતા હતા, ગઈકાલે પણ વાત થઈ આ સરકારને કેટલાક એવોર્ડ મળેલા છે. રાજીવ ગાંધી ફાઉન્ડેશને એવોર્ડ આપ્યો છે. હું આ ત્રીજી વખત પડકાર આપું છું કે આ સરકારને રાજીવ ગાંધી ફાઉન્ડેશને આપેલો એવોર્ડ એ જો કોઈ એની પાસે ચંદ્રક આવ્યો હોય, કોઈ એવું છાપેલું સર્ટિફિકેટ આવ્યું હોય, અથવા તો કોઈ ઈનામ આવ્યું હોય તો મને બતાવે તો હું આજે રાજીનામું આપવાની મારી તૈયારી છે, આ ત્રીજી વખત પડકાર આપું છું અને તમે રાજીનામું ના આપતાં એના ઉપર ઘણાં લોકોની રોજીરોટી ચાલે છે. પણ તમે માફી જરૂર માગજો, હાઉસની માફી માગજો. હું આ ત્રીજી વખત કહુ છું કે આ પડકાર હજુ સુધી ઝીલાયો નથી. સત્ય છે એને કદાચ એકજ વખત અસત્ય બનાવી શકાતું હશે અને મારા નેતાએ કહ્યું એ પ્રમાણે કદાચ આ અસત્યનો દસકો હશે, અસત્યની કોઈ દિવસ સદી હોતી નથી. આ એવોર્ડની વાત અનેક વખત થાય છે પણ પડકાર ઝીલવાની કોની તૈયારી છે? માનનીય અધ્યક્ષશ્રી, અસત્ય બોલવું, વારંવાર બોલવું અને જોરથી બોલવું એ જર્મનીના હિટલરનો પણ સિદ્ધાંત હતો. આ ગુજરાતમાં કોઈનો સિદ્ધાંત હોય તો મને વાંધો નથી. બીજું આની અંદર લખ્યું છે કે, - વંચિતોનો વિકાસ મારી સરકારના હૈયે છે. વંચિતોનો વિકાસ હૈયે હોય તો મને ખૂબ આનંદ થાય. ચૂંટણી પહેલાની વાત થઈ કે વન બંધુ કલ્યાણ યોજના, અમે આટલા કરોડ રૂપિયા વાપરવાના છીએ, એની પંદર હજાર કરોડ રૂપિયાની જાહેરાત કરી, માનનીય અધ્યક્ષશ્રી, ગરીબી સમૃદ્ધિ યોજના, શહેરી ગરીબો માટે અગિયાર હજાર કરોડની જાહેર કરી અને સાગર ખેડૂઓની તેર હજાર કરોડની સાગર કિનારાના લોકો માટે જાહેર કરી. માનનીય અધ્યક્ષશ્રી, જે યોજના માટે આ વર્ષની અંદર એક રૂપિયાની જોગવાઈ નહતી એના પ્રચાર માટે કરોડો રૂપિયા વપરાયા અને જ્યારે ચૂંટણી પૂરી થઈ એટલે બધા પૅકેજે, યોજનાઓ બધું જ ભૂલી જવાયું. (અંતરાય) બજૅટમાં નથી, ચાલુ હશે તમારો પ્રચાર ચાલુ હશે, બજૅટમાં કોઈ જગ્યાએ જોગવાઈ નથી, એક પણ જગ્યાએ જોગવાઈ નથી અને મેં ત્યારે પણ કહ્યું કે, ૨૦૦૭-૦૮ના બજૅટમાં એક પણ જગ્યાએ આ વન બંધુ કલ્યાણ યોજના માટે એક રૂપિયાની જોગવાઈ બતાવી દો, હું જાહેર જીવન છોડવા તૈયાર છું, આજે પણ મારો પડકાર છે, આ હાઉસના રૅકૉર્ડ ઉપર કહું છું, બતાવી દો મને, પણ એ નહીં બતાવી શકે. કારણ કે,અસત્ય વારંવાર અને જોરથી બોલવાથી સત્ય થઈ જતું નથી. માનનીય અધ્યક્ષશ્રી, એના માટે કાનૂન બનાવ્યો, કેન્દ્ર સરકારે રાઈટ ટુ ફૉરૅસ્ટ બિલ લઈ આવ્યા, જમીન આપવાની, જે લોકો ૨૦૦૫ સુધી જમીન ખેડતા હતા આદિવાસી ભાઈઓ જંગલમાં એના માટે કાનૂન આવેલો છે. આજે જમીન આપી શકાય એમ છે પણ ચૂંટણી પહેલાં મતો લેવા હતા એટલે કાનૂનમાં કોઈ જોગવાઈ નહતી છતાંય સનદના નામે બીજા કાગળિયા અપાયા અને હવે જ્યારે જમીન આપી શકાય એમ છે ત્યારે સનદના બદલે આંતરસુબામાં ગોળીઓ અપાય છે અને કોઈ ખબર પૂછવા જતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, વંચિતોના વિકાસની વાત હોય ત્યારે કેન્દ્રની રાષ્ટ્રીય રોજગાર ખાતરી કાનૂન છે એના હેઠળ દરેક વ્યકિતને સો દિવસની રોજગારી, દરેક કુટુંબને સો દિવસની રોજગારી મેળવવાનો હક્ક આપ્યો છે અને રોજગારી ના આપે તો એને ઘેર બેઠા એને ભથ્થું આપવું પડે એવી જોગવાઈ છે. આજે ગુજરાતના તમામ જિલ્લાઓનો પહેલી એપ્રિલથી એમાં સમાવેશ થયો છે અને એમાં કોઈ બજૅટ લિમિટ નથી. એક હજાર કરોડ રૂપિયા વાપરવાની ક્ષમતા હોય તો વાપરી શકે એમ છે પરંતુ માત્ર ૬૩ કરોડની આ વખતે જોગવાઈ કરી છે અને ગઈ વખતે ૪૨ કરોડ રૂપિયા વપરાયા હતા. આમાં વંચિતોનો વિકાસ કયાંથી થાય? માનનીય અધ્યક્ષશ્રી, આખા દેશમાં મિનિમમ વેજીસ છે એ સો રૂપિયા આસપાસ છે. ગુજરાતમાં ૬૦ રૂપિયાથી વધતું નથી. વધારે તો પેલા કરોડપતિઓને વધારાનું વેતન આપવું પડે માટે અને ગુજરાતમાં ખેત મજૂરો આ યોજનામાં કામ કરવા આવવાના છે એને સો રૂપિયા આપવા પડે, વધારે તો આ યોજનામાં એક હજાર કરોડ રૂપિયા વાપરી શકાય એમ છે પણ ગરીબોને રોજી અને જમીન નહીં એને ગોળીઓ આપવાની છે અને ક્યારેક ક્યારેક ઊંઘની અને બીજી ગોળીઓ આપી મતો લેવાના છે. માનનીય અધ્યક્ષશ્રી, એમ કહેવાય છે કે, ગુજરાતનું હિત પ્રથમ હોવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, એવોર્ડોની વાત આવી છે ,ગુજરાતમાંથી કેટલાય લોકોને ભારત રત્ન એવોર્ડો મળ્યા છે, કેટલાયને વીર ચક્ર એવોર્ડો મળ્યા છે, અશોક વીર ચક્ર એવોર્ડો મળ્યા છે અને ભારતમાં કેટલાયને નોબેલ પારિતોષિકો પણ મળ્યા છે, માનનીય અધ્યક્ષશ્રી, કોઈએ હોર્ડિંગ્સ લગાવ્યા નથી કયાંય અને અહીં તો જે કલબો આવી છે અમુક અમુક કે જ્યાં પ્રશસ્તિ, પણ બીજા ઘણા પ્રકારના કામો થતા હોય છે. એવી કલબોના લોકો છે, સર્વશ્રેષ્ઠ મુખ્ય મંત્રી નંબર-વન ત્રણ વર્ષથી હોર્ડિંગ્સ લગાવતા આવે છે. કોઈ નોબેલ પારિતોષિક લઈ આવ્યા નથી અને કોઈ ભારત રત્ન પણ લઈ આવ્યા નથી અને કોઈએ ભારત રત્ન હોર્ડિંગ્સ લગાવવાની જરૂર નથી પડી. શું કરવા જરૂર પડી છે ? એટલા માટે કે કોઈને કોઈકને, કોઈકની ફેવર જોઈએ છે. અહીંયા પણ કોઈકની ફેવર જોઈતી હશે અને બહાર પણ કોઈકની ફેવર જોઈતી હશે. મારે માત્ર એટલું જ કહેવાનું છે કે ગુજરાત કોઈ જગ્યાએ નંબર લઈ આવ્યું હોત તો હું જરૂર તારીફ કરત. જે મેગેઝીન નંબર-૧ની વાત કરે છે. નંબર-૧ મુખ્યમંત્રી

કહ્યા છે એણે ગુજરાતને કયાં મૂક્યું છે એ બતાવું છું. ઈન્ડીયા ટુ ડેનો સરવે થયો છે. ખેતીવાડીમાં ગુજરાતને પાંચમો નંબર, પ્રાથમિક આરોગ્યમાં ગુજરાતને આઠમો નંબર આપ્યો..અંતરાય..જયનારાયણભાઈ, યાદ રાખજો આપને નાણા વિભાગ કે નર્મદા વિભાગ આપ્યો નથી. ખૂબ પાછળ છે એ આપ્યું છે. બજેટ આપ્યું નથી. ગ્રાહક બજાર સૂચક આંકમાં સાતમો નંબર, કાયદો અને વ્યવસ્થામાં છઠ્ઠો નંબર. આમાં આપણે પહેલા કઈ જગ્યાએ આવ્યા? ..અંતરાય..હા. કદાચ એમાં પહેલો નંબર હશે. હવાઈ ઉડ્ડયનમાં પહેલો નંબર છે. ઉદ્યોગપતિઓના હવાઈ ઉડ્ડયનમાં આખા ભારતમાં ગુજરાત પહેલા નંબરે છે. લકઝરી જેટ ગુજરાત સરકાર પાસે છે નહીં લકઝરી જેટ બહુ મોટા ઉદ્યોગપતિઓ પાસે હોય એટલા માટે આ ગુજરાતને પાછળ રાખવાનું અને હોર્ડિંગ્સમાં પોતે પહેલા રહેવાનું બીજે કયાંય નહીં એટલા માટે મારે માત્ર એટલી જ વાત કરવાની છે.

ભા.જ.પા.એ સંકલ્પપત્ર બનાવ્યો અને ૧૬ કલાક વીજળી આપવાની વાત કરી. ગુજરાતના ખેડૂતોને થયું ૧૬ કલાક વીજળી મળશે. ખૂબ જરૂરિયાત છે આજની અને ચૂંટણી ઉપર ૧૪ કલાક વીજળી આપવાનું શરૂ કર્યું. અમે જયાં જઈએ ત્યાં કહે કે હવે ૧૪ કલાક વીજળી મળશે. આપણને આનંદ થાય કે ૧૪ કલાક વીજળી મળશે પણ ચૂંટણી પૂરી થાય અને ખેડૂતોના ફોન આવે ચૂંટણી પૂરી થાય અને જે વાત આવે છે કે હવે તો ૬ કલાક વીજળી મળતી નથી તો વીજળીનું શું કરવું?..અંતરાય..પંજાબની અંદર જયારે ભાષણ કરવા મુખ્યમંત્રીશ્રી ગયા ત્યારે એમણે કહ્યું હતું કે મારા ગુજરાતના ખેડૂતને ૨૪ કલાક વીજળી મળે છે અને દર વર્ષે નવી મારૂતિ લે છે ત્યારે પૂછવાનું છે કે ૨૪ કલાક વીજળી મળે છે અને ગુજરાતનો ખેડૂત નવી મારૂતિ દર વર્ષે લે છે? આટલી બધી ભકિત સારી નહીં. ખેડૂતોની ભકિત કરો અહીં કાંઈ ભકિત કામ નહીં આવે. ૬ કલાક વીજળી મળે છે. મેં કહયું કે આવતી ચૂંટણી ઉપર જોજો ફરી પાછી વીજળી આવશે. અત્યારે તો જી.ઈ.બી., પી.જીવીસીએલ, યુજીવીસીએલ, એમજીવીસીએલની રેડ આવે છે તો ખેડૂતોને આટલામાં પકડયા, આટલામાં પકડયા. ખેડૂતોને એકલાને શું કરવા પકડે છે? સુરતની અંદર એક મોટી કંપની પોતે પાવર બનાવે અને પાવર બનાવીને ગુજરાતના વીજળી બોર્ડને વેચે એમાંથી એણે પાવરની ચોરી કરી અને એને નોટિસ ફટકારી કે ૪૦કરોડ રૂપિયા ભરી આપો. કયારથી? ૨૦૦૫થી. તેઓ ચોરી કરતા હતા ૧૯૯૮થી. ૩૦૦૦કરોડની ચોરી કરી એને હાઈકોર્ટમાં જવાની પરમિશન આપી. ઉઘરાણી એસ્સાર પાસે ન કરી પણ ખેડૂતને ૧૦૦૦૦ ભરવાના હોય તો એને પોલીસ સ્ટેશન લઈ જાય કારણકે ખેડૂતો હવાઈ જહાજ જેટ આપતા નથી. પેલી મોટી કંપની બંને આપે છે. એટલા માટે કહું છું સત્યની થોડી નજીક આવો. દીકરીઓને બચાવવાની વાત થાય છે. બહુ સારી વાત છે. આપણે ત્યાં દીકરા-દીકરીના જન્મવાનો અસમાન દર છે એ ચિંતાનો વિષય છે. બધા સામૂહિક પ્રયાસો થયા.એ પ્રયાસમાં અમે સાથે છીએ પણ કયાંક જુનાગઢમાં દીકરી પર બળાત્કાર થયો, કયાંક પાટણમાં બળાત્કાર થયો એને બચાવવાની વાત આવે તો કહે તમે ગુજરાતને બદનામ કરો છો. ગુજરાતની ઘટના હોય અને કોઈ વાત કરે તો કહે ગુજરાત બદનામ થાય છે.
પણ બદનામ કરવાવાળાને કોઈ પકડતું નથી. એને બચાવવાની વાત થાય છે. મારે એટલી જ વાત કરવાની છે કે

**અધ્યક્ષશ્રી.** : આપની ૨૦ મિનિટ થઈ છે બાકીના સભ્યો છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : બે મિનિટમાં પૂરું કરું છું. દીકરીઓને બચાવવાના કામની અંદર રાજનીતિ લઈ આવવાની જરૂર નથી. બળાત્કારીઓની કોઈ જાત હોતી નથી અને એને સજા કરવાની વાત આવે ત્યારે ગુજરાતના હિતની વાત છે. ગુજરાતના હિતની વાત છે એ સૌએ સ્વીકારવી જોઈએ. એટલા માટે કહું છું કે અહીયા સત્યની નજીક જો રાજ્યપાલનું પ્રવચન તૈયાર કર્યુ હોત તો એમાં જરૂરથી સંમત થાત, પરંતુ સુધારા સ્વીકારવામાં આવે તો આ રાજ્યપાલના પ્રવચન સાથે હું જરૂરથી સુધારા સાથે સંમત થઈશ. આટલી વાત કહી હું મારી વાત પૂરું કરું છું.

**શ્રીમતી વસુબેન ત્રિવેદી(જામનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીના સંબોધનનો આભાર પ્રસ્તાવ શ્રી આત્મારામભાઈ લઈને આવ્યા છે. એમને મારું સમર્થન આપું છું. મનમાં હું વિચારતી હતી અર્જુનભાઈ સાથે યુનિવર્સિટી ક્ષેત્રે ઘણું કામ કર્યુ છે. વિધ્વાન છે. સિન્ડિકેટ સેનેટમાં પણ રહી ચૂક્યા છે. મને એમ હતું કે ગૃહની અંદર રચનાત્મક અભિગમથી વિરોધપક્ષે બેસીને સારી વાત કરશે. ૨૦ મિનિટના ઉપયોગમાં ૧૦ મિનિટ તો મુખ્યમંત્રીશ્રીએ શું કર્ય, ભારતીય જનતા પાર્ટીએ શું કર્યુ એમાં વીતાવી એનું દુ:ખ થતું હતું. આટલી વાત વિપક્ષમાં રહીને રચનાત્મક અભિગમથી કરી હોત તો કદાચ સામે ન બેઠા હોત. મુખ્યમંત્રીશ્રી શું કરે એમાં ૨૦ મિનિટ પૂરી થઈ અને ગુજરાતના વિકાસમાં સહયોગ કરશે એવી એકપણ વાત અર્જુનભાઈએ કરી નહિ. મને લાગે છે કે લોકશાહીના મંદિર સમાન આ વિધાનસભા ગૃહમાં સતત બીજી વખત જામનગરનું પ્રતિનિધિત્વ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. અગિયારમી વિધાનસભા દ્વારા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટીની વિચારધારા દ્વારા થયેલ લોકસેવાના અને લોકહિતના કારણે ફરીથી આ વિધાનસભા ગૃહમાં આવવાનું સૌભાગ્ય સાંપડ્યું છે. અહીંયા રાજ્યપાલ મહોદયે જે વાત એમના સંબોધનમાં કરી છે, એમાં સરકારનાં કાર્યોનું પ્રતિબિંબ પડે છે, એને વ્યાપક જનસમર્થન મળ્યું છે. જનતા એની સાક્ષી છે. આંકડાકીય માહિતીઓ રાજ્યપાલશ્રીએ એમના સંબોધનમાં ખૂબ સરસ રીતે વર્ણવી છે.

મારે બીજી જ વાત કરવાની છે. સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ અને એ વિચારધારાને વળેલી આ સરકાર અને મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતની ધરતીને, ભૂમિને માતાની જેમ પવિત્ર ગણી છે. ભોગભૂમિ કે જમીનનો ટુકડો ગણેલ નથી. સૌને વંદેમાતરમથી સ્વાભિમાન અને રાષ્ટ્રીયતાની ભાવના આપી છે. વિવિધ આયોજનો દ્વારા રાજ્ય

સરકારની કામગીરીમાં જનભાગીદારી કરી છે. એકેએક ગુજરાતી વિશ્વમાં હોવાનું ગૌરવ લેતો થયો છે. પશ્ચિમના દેશો જે વિકાસના સંદર્ભમાં બસ ચૂકી ગયા છે એ બસ ગુજરાતે પકડી લીધી છે. સમાજ હંમેશા સુખ અને શાંતિ ઝંખતો હોય છે. આપણે અતિતમાં જરા જોઈએ. જ્યારે જ્યારે ભારતે પ્રગતિ કરી છે એને સ્વર્ણિમ યુગ તરીકે ઓળખાય છે. જ્યારે જ્યારે દીર્ઘકાળ સુધી શાંતિ, સલામતિ અને જનભાગીદારી દ્વારા વિકાસનાં કાર્યો હરહંમેશ પાયાનાં કેન્દ્રો રહ્યા છે. સ્વર્ણિમ જયંતિ ૨૦૧૦ નો યુગ સુવર્ણયુગ બનાવવાનાં તમામ કાર્યો કરવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. પ્રાચીન સમયમાં વેદોના પ્રાદુર્ભાઓ સમયે બાદમાં ગુપ્તકાળ કે મૌર્યકાળમાં ભારતે દુનિયાને કઈને કઈક ભેટ આપી છે. દર્શન, જ્ઞાન, વિજ્ઞાન હોય કે સમૃદ્ધિ હોય ભારત દુનિયામાં અગ્રેસર રહ્યું છે.હાલ તમામ ક્ષેત્રે ગુજરાત અગ્રેસર અને નંબર વન ગુજરાત તરીકે પ્રસિદ્ધ થઈ રહ્યું છે. આજે વિશ્વભરની નજર ફરીથી ભારત પર આવે છે ત્યારે કોઈકે તો પહેલ કરવી જ પડે અને ગુજરાતે હર હંમેશ ભારતને વિકાસની દિશામાં નેત્વૃત્વ આપેલ છે. આજે રાજયના મુખ્યમંત્રીશ્રીએ વિકસિત ગુજરાતના સંદર્ભે વિશ્વના નકશામાં ગુજરાતને સ્થાન અપાવ્યું છે. દૂર દરિયાપાર વેપાર કરવા મારા કચ્છના રામજી માલણનું હોકાયંત્ર સહિતનું માલજહાજ હોય કે હાજી કાસમની બોટ વીજળી હોય. એની વાત મને યાદ આવે છે ત્યારે ગુજરાતના આજના ૧૬૦૦ કિલોમીટરના દરિયાના બંદરોનો વિકાસ કરીને જે વિક્રમ સર્જક વિકાસ કર્યો છે તેની યાદ મનમાં તાજી થાય છે. મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે વરસો પુરાણી વાતોનો અભિગમ અપનાવીને વિકાસનું એક બીડુ ઝડપ્યું છે.

પ્રાચીન લોકોના બંદરોનો લોકયાર્ડ અને આજના માંડવીના જહાજવાડા કે ભાવનગરના શીપ બ્રેકિંગયાર્ડની યોજના અતિતનું પુનરાવર્તન કરાવે છે. પ્રાચીન વલભીપુરની વિદ્યાપીઠ મને યાદ આવે છે. હું શિક્ષણમંત્રી જે તે વખતના શ્રીમતી આનંદીબેનને અભિનંદન આપું છું એટલા માટે કે વલભીપુરની વિદ્યાપીઠ યાદ આવે છે ત્યારે ગુજરાતમાં ૧૫ નવી યુનિવર્સિટી દ્વારા વિવિધ વિષયો જ્ઞાનશકિતની ઉપાસનાની સરખામણી કરવાની ઇચ્છા થાય છે. પ્રાચીન મોંહેજો દડો અને ધોળાવીરાની નગરરચના જોઈને દુનિયાભરના આર્કિટેક આશ્ચર્યચકિત થઈ જાય છે. ધોળાવીરાના પાણી નગરોની પ્રણાલીમાં જાણે હવે મારી સરકારની નર્મદા યોજનાના ફરી મને દર્શન થાય છે. ૧૨૧.૯૨ મીટરની ઉંચાઈના નિર્ણય માટે સંઘર્ષ કરીને તેનું નિમાર્ણકાર્ય રાજયના મુખ્યમંત્રીશ્રીએ કર્યુ છે. સર્વે સન્તુ નિરામય શબ્દો મારા લાલપુર તાલુકાના ઈશ્વરીયા ગામમાં નિરામય ગ્રામ યોજના દ્વારા ફરી આત્મસાત કરવાના પ્રયત્નોની સાક્ષી પુરવા પ્રયાસ કરે છે. માનનીય અશોકભાઈશ્રી જે તે વખતે આરોગ્યમંત્રી હતા અને નિરામય ગ્રામ યોજના જે તે વખતે ઘણુ બધું કામ ગામડાના સંદર્ભમાં એ સમયે થઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજનીતિમાંથી લોકોનો વિશ્વાસ ઉઠી ગયો હતો. સફેદ ખાદીધારી રાજનેતાઓમાં યુવાનોને સૂગ થવા માંડી હતી. એવા સમયની અંદર રાજયના મુખ્યમંત્રીશ્રીએ વિકાસની કેડીના એવા સંજોગો કંડાર્યા કે વિકાસના પથ પર આ રાજયની સાડા પાંચ કરોડની પ્રજા તે યાત્રી બની અને પડખે ઉભી રહી. સમગ્ર ગુજરાત, દેશ અને વિશ્વની નજર આ વખતે ગુજરાત પર હતી. વિકાસના મુખ્ય મુદ્દાથી ચૂંટણી લડાઈ હોય તેવું પ્રથમ વખત બન્યું છે. પ્રથમ વખત પૉઝિટીવ મતદાન થયું છે. મુખ્યમંત્રી મોદીજી જ હોય તેવું પ્રથમ વખત લોકોની જીભ ઉપર હતું. કોંગ્રેસની સરકારમાં કોણ મુખ્યમંત્રી ન બને, કોણ ન ચૂંટાય આવી નૅગેટિવ વાત હતી. મને લાગે છે કે નૅગેટિવ મતદાન થતું હતું. પ્રમાણિક પ્રયત્નોમાં વિજય મળે છે, લોકોએ વિશ્વાસ મૂક્યો છે. ગુજરાતનું શું એની ચિંતા વિપક્ષના લોકોએ કરી હોય એવું મને કયાંય એમના ભાષણોમાં જણાયું નથી. એક ને એક વાત મોદીનું શું કરવું? આ વિષય ઉપર વધારે કોન્સન્ટ્રેટ કરી રચનાત્મક અભિગમ તરફ જરા દૃષ્ટિ કરે તે જરૂરી છે. ગૌરવશાળી ગુજરાતના નિર્માતા મુખ્યમંત્રીશ્રીએ તમામ ક્ષેત્રે વિકાસ કરી રાજકીય આટાપાટાથી ઉપર ઉઠીને સાડાપાંચ કરોડની જનતાને વિકાસના કામ સાથે જોડવાનો પ્રયત્ન કર્યો છે. એક દેશની મોટી સેવા થઈ છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે પાંચ વર્ષ રાજય કર્યુ ત્યારે દેશની એક મોટી સેવા થઈ છે અને એ છે કે નક્કર વિકાસ અને પોકળ વચનોનો ભેદ હવે લોકોને ખબર પડી ગયો છે. પ્રમાણિક વહીવટ અને ભ્રષ્ટ વહીવટ વચ્ચેની ભેદરેખાની લોકોને ખબર પડી છે. ગુજરાતની જીતે લોકશાહીના મૂલ્યોને ફરી જીવંત કર્યા છે. એકવીસમી સદી ભારતની છે અને એ દિશામાં ગુજરાતનું આ પહેલું કદમ છે એમ કહીશ તો જરા પણ ખોટું નથી. લોકશાહીના સિદ્ધાંત મુજબ હવે ગવર્નમેન્ટ બાય ધી પીપલ, ઓફ ધી પીપલ, ફોર ધી પીપલનો સમય શરૂ થયો છે અને ગુજરાતે જ આ શુભ શરૂઆત કરીને દેખાડી છે. નાટયાત્મક રાજનીતિને લોકોએ નકારી કાઢી છે. ગુજરાતના હિતની વાત હૈયે હોત તો વિપક્ષમાં બેસવાનો વારો ન આવ્યો હોત. ગયા પાંચ વર્ષમાં આ ગૃહમાં બેસવાનું મને સદ્ભાગ્ય સાંપડયું હતું. ત્યારે જે વાત ગૃહમાં થતી હતી. એ વાતોને સમાજે પણ સાંભળી છે એવું લાગ્યા કરે છે. મને યાદ નથી પણ કાલે કોઈએ વિપક્ષમાંથી એમ કહ્યું કે બૂટપોલિસ કરનાર તેના ઓટલાને પૂજે છે, આ જોવું એ સારી વાત છે. બૂટપોલિસ કરતો માણસ ઓટલાને પૂજે એ જોવું એ સારી વાત છે. પરંતુ કદાચ એના દિલની વ્યથામાં ડોક્યું કર્યું હોત, એની ગરીબી સામે જોયું હોત સારું હતું, રાજયની સરકારે ભૂખમરો, ગરીબી અને અંધશ્રદ્ધાની સામે લડવા માટે. સૌથી કોઈ મોટું શસ્ત્ર હોય તો એ શિક્ષણ છે એમ સમજીને મનમાં સંવેદના લાવીને સંવેદનશીલ સરકારે આદિવાસી પ્રદેશોમાં તાલુકે તાલુકે વિજ્ઞાન પ્રવાહની શાળા, ફાર્મસી, ઇજનેરી ઉચ્ચ ટૅક્નૉલૉજીના શિક્ષણની સુવિધા, વન બંધુ કલ્યાણ પૅકેજનું આયોજન આ રાજય સરકારે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનવ સેવા એજ માધવ સેવા, ફોન એ ફ્રેન્ડ અને લાઈફ લાઈન જેવા એક નંબર સેવા માટે આપ્યો આ શબ્દો લોકોના જીભે હતા ત્યારે એક નવો નંબર ડાયલ ૧૦૮ ખૂબ જ ટૂંકા ગાળામાં ૧૦૦૦

થી પણ વધુ લોકોને નવજીવન આપ્યું. આરોગ્ય ક્ષેત્રે આરોગ્ય સેવા માટે ગુજરાત સરકારે પ્રોફેશનલ મેનેજમેન્ટ ધરાવતી ઈમરજન્સી મેનેજમેન્ટ એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુશન ઈ.એમ.આર.આઈ. સાથે ભાગીદારી કરી અસરકારક સેવા પૂરી પાડી હતી. મને હમણા કવિ કાગની કેટલીક ઉકિત યાદ આવતી હતી, ઘાટ એવો ઘડાયો છે કે, ' પગલાં ખોડા ને ડુંગર માપવા જીભ જૂઠી ને દેવા સાત, કંઠ રૂંધાણા ને દરિયાના પાણી પીવા પંડના લાગ્યા પંડને પાપ'.

માનનીય અધ્યક્ષ્યશ્રી, આજે ૧૨મી વિધાનસભામાં ૧૫ જેટલી મહિલાઓ પ્રતિનિધિત્વ કરી રહી છે એનું મને ગૌરવ છે. મારા પક્ષ દ્વારા મહિલા વિકાસ અને તે પણ નિર્ણય પ્રક્રિયામાં એનું મને ગૌરવ થાય એ સ્વાભાવિક છે. મહિલાઓની વાત થતી હતી ત્યારે મારે કહેવાનું છે કે દેશનું રક્ષણ કરનારા શહીદોની વિધવાઓને પોતાની મા-બેન સમજીને રાજયના મુખ્યમંત્રીશ્રીએ સૌ પ્રથમ વખત આર્થિક સહયોગ આપવાનું કામ કર્યું હતું. ગાર્ગેયી-મૈત્રી જેવી વિદેશીઓની ગાથા ગૌરવ અપાવતી હતી. આજે જ્યારે શાળામાં નામ દાખલ કરવા સમયે માતાનું નામ ફરજિયાતપણે દાખલ કરવાનો નિર્ણય લીધો છે ત્યારે એક સ્ત્રી તરીકે મારા સ્વતંત્ર અસ્તિત્વનો મને પણ અહેસાસ થયો છે. મારા જેવી ૨.૫૦ કરોડ નારી શકિતએ આ અહેસાસ અનુભવ્યો હશે કદાચ ૨૦૦૦ વર્ષ પછીથી. આ નાની સૂની ઘટના નથી. પરંતુ જે બહેનો આનો ભોગ બની રહી છે એ બહેનોને જરા મળીએ ત્યારે આ ઘટના એના મનમાં નવું જીવન જીવવાના એક ઉન્માદ સાથે આપણી સાથે વાત કરે છે. 'યત્ર નાર્યસ્તુ પૂજયન્તે રમન્તે તત્ર દેવતા:' લોકો આનો અર્થ મારા ગુજરાતના શાસનને કારણે સમજ્યા છે એવું મારું દ્રઢપણે માનવું છે. હમણા જુનાગઢની વાત થતી હતી એમની વાતોમાં ક્યાંક અલગ અલગ ઘટનાઓ આવતી હતી એની ચર્ચામાં વિપક્ષના લોકો બોલતા હતા ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવું છે કે, કોગ્રેસની સરકારોમાં સહાની કાંડ અને તાંદુર કાંડ આ બન્ને કાંડને આજે પણ દેશની બહેનો ભૂલી નથી ગુજરાતની જ બહેનોને નહીં સમગ્ર દેશની બહેનોને હચમચાવી દેનારા સહાની કાંડ અને તાંદુર કાંડની પાછળ કોણ હતું? કેમ તપાસ ન થઈ? આ વિષય કોઈ બહેનો ભૂલી નથી અને મારા જેવી શિક્ષિત બહેનો આવા કાંડ ઉપર શરમ ફિટકારે છે. (અંતરાય) મને બોલાવશો તો આખું કાંડ કહી દઈશ અહીંયા, મને વધારે બોલાવશો તો આખું કાંડ હું કહી દઈશ કે એની પાછળ કોણ હતું? અને કોણે શું કર્યું અને કેમ સજાઓ નથી થઈ?

માનનીય અધ્યક્ષશ્રી, કામધેનુ દિવ્ય ઔષધિ મહિલા સહકારી મંડળી મારા જામનગરની બહેનો ગૌ મૂત્રના અમૂલ્ય ઔષધી તત્ત્વોને વેડફાતા અટકાવીને એમાંથી આર્યુવેદની દવાઓનું ઉત્પાદન કરે છે, પૈસા કમાઈ છે અને લોકોનું આરોગ્ય સાચવે છે. ગૌ માતા બચે એ સામર્થ્ય મારી સરકારના મહિલા અને બાળ વિકાસના અભિગમને કારણે કરી શક્યા છીએ. ભારતના અન્ય રાજયોએ પણ આ વાતને જોઈ છે. ૧૯ નારી અદાલતો, ૧૮ હજાર સખી મંડળો અને માતા યશોદાનું ગૌરવ આંગણવાડીની બહેનોને મળે એ અમારી આ સરકારમાં જ શકય બને. અત્યાર સુધી આવું કાંઈ શકય બન્યું નથી. માનનીય અધ્યક્ષશ્રી, આગામી વર્ષને અમે 'બાળ આરોગ્ય વર્ષ' તરીકે ઉજવવા જઈ રહ્યા છીએ. સરકારનો ખૂબ સારો અભિગમ છે નીરોગી બાળ વર્ષનો ત્યારે બાળ ગોકૂલમ અને ચિલ્ડ્રન યુનિવર્સિટી બનવા જઈ રહી છે ત્યારે સુરત ખાતે ચાલતું એક સમર્થ ભારત પ્રકલ્પ હોય કે જામનગર ખાતે ચાલતા ગર્ભિણી પરિચર્યાની ઊંડી ભારતીય આર્યુવેદિક વૈજ્ઞાનિક પદ્ધતિ પર સંશોધન કરતા ગર્ભ વિજ્ઞાન અનુસંધાન કેન્દ્ર હોય "બાલો હિ બલં રાષ્ટ્રસ્ય"

એ મંત્ર અમે સાકાર કરવા જઈ રહ્યા છીએ, કારણકે અહીંયાની સરકાર એક વિચારધારાને વરેલી સરકાર છે રાષ્ટ્રની સાથે જોડાયેલી સરકાર છે. "નવીન પર્વ કે લિયે નવીન પ્રાણ ચાહીએ". આ ઉક્તિને સાર્થક કરતા દરેક ઉત્સવ સાચા અર્થમાં પર્વ બનાવીને ઉજવવામાં આવે છે. નવરાત્રી અને પતંગોત્સવના ઉત્સવ સાથે વિશ્વને જોડીને "વસુધૈવ કુટુંબકમ" ની ભાવનાના દર્શન કરાવ્યા છે. મારું વિધાનસભામાં હોવું, એ મારા જામનગરના અને ગુજરાતના અમારા સમર્થનનું પ્રતીક છે આવા સમર્થ ગુજરાત રાજયના સફળ સુકાની માનનીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતના વિકાસની વિશિષ્ટ કેડી કંડારાતી હોય તેના શિલ્પી થવાનું અમને સૌને ગૌરવ છે.

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી આત્મારામભાઈ માનનીય રાજયપાલશ્રીના પ્રવચનનો આભાર પ્રસ્તાવ જે લાવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. મહામહિમ રાજયપાલશ્રી બંધારણની પાંચમી અનુસૂચિ પ્રમાણે શેડ્યુલ એરિયાના બંધારણીય વડા છે. રાજયપાલશ્રી ખૂબ ચિંતિત છે. આ આદિવાસી વિસ્તારનો વહીવટ કેવી રીતે થાય, એનો વિકાસ કેવી રીતે થાય, એનું મોનીટરીંગ કેમ થાય છે એના માટે ખૂબ ચિંતિત છે અને એનો રિપૉર્ટ રાષ્ટ્રપતિને દર વરસે મોકલવાનો હોય છે પરંતુ મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે ૨૦૦૧થી જ્યારથી આ ગૃહના નેતા મુખ્યમંત્રીશ્રી બન્યા છે ત્યારથી એક પણ વખત આ રિપોર્ટ મોકલવામાં આવ્યો નથી.

અધ્યક્ષશ્રી:માનનીય અનિલભાઈ, રાજયપાલશ્રીના કાર્યાલયની વાત અહીંયા ન થાય. એ ન થાય રિપોર્ટ રાજયપાલશ્રીએ નથી મોકલ્યો એમ કહ્યું આપે.

**ડૉ. અનિલ જોષીયારા:** અહીં આ સરકાર તરફથી રિપોર્ટ મોકલવામાં આવતો નથી એવું કહું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : રિપોર્ટ દર વરસે મોકલવો જોઈએ એ આ સરકારે આવ્યા પછી એક પણ રિપોર્ટ મોકલાવ્યા નથી એવી વાત કરી છે.

**અધ્યક્ષશ્રી**: રાજયપાલશ્રીની જવાબદારી છે એવું કહ્યું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ**: રિપોર્ટ રાજયપાલશ્રીએ નથી મોકલવાનો.

**અધ્યક્ષશ્રી:** એમણે સેન્ટ્રલ ગવર્નમૅન્ટને મોકલવાની વાત કરી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ:** રાજયપાલશ્રી બહુ ચિંતિત છે એમ ઉલ્લેખ કરીને કહે છે. એમની ટીકા નથી. સવાલ આ ગૃહના નેતા આવ્યા પછી રિપોર્ટ નથી જતો. રિપોર્ટ રાજયપાલશ્રીએ નથી મોકલવાનો સરકારે મોકલવાનો છે.

**ડૉ. અનિલ જોષીયારા:** માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના ઘણા બધા સભ્યશ્રીઓએ અને નામદાર રાજયપાલશ્રીના પ્રવચનમાં પણ જણાવ્યું છે કે, ૧૯૭૪થી ૨૦૦૧ સુધી ટ્રાયબલ વિસ્તારના વિકાસ માટે ૬,૫૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયો અને છેલ્લાં પાંચ વર્ષમાં ૬૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયો મારે આમાં એમ કહેવું છે કે જ્યારે ૬,૫૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ આટલા વર્ષોમાં થયો છે એ સમયે ખરેખર વિકાસ થયો છે અને છેલ્લાં પાંચ વર્ષમાં જે ૬ હજાર કરોડ રૂપિયા ખર્ચાયા છે એ પૈસા જરૂર ખર્ચાયા છે પણ વિકાસ થયો નથી. આ આદિવાસી વિસ્તારમાં આજે પણ રસ્તાઓ, નદી, નાળા, પુલિયા તૂટી ગયા છે આજે પણ ત્યાં સિંચાઇની કોઈ સુવિધા નથી. મારે તો ત્યાંસુધી કહેવું છે કે આદિવાસી વિભાગના હેડમાં એના પૈસા બતાવી દેવામાં આવે છે અને ખર્ચ બીજે ક્યાંક થાય છે આ આદિવાસી વિભાગનું બજેટ જો જોશો તો ખ્યાલ આવશે કે આ પૈસા ફક્ત બતાવવામાં આવે છે આનું ધ્યાન જે તે સમયે સિંચાઇ મંત્રીશ્રી નરોત્તમભાઈ હતા એમનું પણ દોર્યુ હતું ત્યારે ૩૦૦-૩૦૦ કરોડ રૂપિયા નર્મદા નિગમના શેરમૂડી ભંડોળ માટે વપરાય એમાં કયા આદિવાસી વિસ્તારનો વિકાસ થાય છે?

મારે બીજું કહેવું છે કે જંગલની જમીન આપવાનો કેન્દ્ર સરકારે ૩-૧૧-૨૦૦૫નો એક પરિપત્ર બહાર પાડ્યો હતો અને કેન્દ્ર સરકારે એક ડેડલાઈન આપી હતી કે તારીખ ૩૧-૧૨-૨૦૦૬ સુધી જે લોકો આ કબજો ધરાવે છે ૧૯૮૦ પહેલાંની જમીન એની તમામ માહિતી કેન્દ્ર સરકારને ૩૧-૧૨-૨૦૦૬ સુધીમાં મોકલી આપવાની હતી એવી ૬૭૦૦૦ અરજીઓ આ ગુજરાત સરકારમાં પડેલી છે. સરકારે મોકલી નથી એ કારણે એના વિષે કાર્યવાહી ન થઈ શકી અને વધુમાં મુખ્યમંત્રીશ્રી જ્યારે ચૂંટણી આવે ત્યારે સવિનય કાનૂન ભંગની વાત કરે છે. કાનૂનનો ભંગ જ્યારે ગુજરાતનો કોઈ આદિવાસી માણસ કરવાની વાત કરે છે જ્યારે એના હક્ક માટે વાત કરે છે ત્યારે કાયદો આવી જાય છે. વન અધિકાર કાનૂન એના તારીખ ૧-૧-૨૦૦૮ના નિયમો બન્યા છે એના અધિકારની રૂએ જ્યારે માગણી કરે ત્યારે એને ગોળીઓ મારવામાં આવે છે આ દુ:ખની વાત છે. જ્યારે ડાંગ જિલ્લાના કિંમતી જંગલોનું અને ત્યાંના હજારો વૃક્ષોનું નિકંદન નીકળ્યું ત્યારે આ સરકારની દૃષ્ટિએ એને રાષ્ટ્રવાદ કહેવામાં આવે છે અને અમારા આદિવાસી હક્ક માટે જ્યારે લડે છે ત્યારે એને નકસલવાદમાં ખપાવવામાં આવે છે આ એટલા માટે નકસલવાદ કહેવામાં આવે છે કે, આ સરકારે જે ૧૩-૧૨-૦૬ના રોજ જે ગોળીઓ આપી છે અને જેના લીધે જે માણસો મરી ગયા છે તેને ઘરોમાંથી ઉપાડીને લાવ્યા પછી માર્યા છે. તેને જ્યારે ઘરોમાંથી કોમ્બીંગ કરીને લાવ્યા હતા ત્યારે આ એમની કસ્ટડીમાં માણસ કેવી રીતે મરી ગયો તે પણ તપાસનો વિષય છે. એટલા માટે આ નકસલવાદ છે એવું આ સરકાર ખપાવી રહી છે એમ મને લાગે છે. મારે આ સરકારને પણ કહેવું છે જ્યારે આદિવાસીઓના ટોળા સાથે આવી ગયા હતા તો સરકાર પાસે ઘણી બધી રીત હતી. તે ટોળાના ૧૫૦ માણસોને વિખેરવા માટે હવામાં ગોળીબાર કરી શક્યા હોત, અશ્રુવાયુ છોડી શક્યા હોત, પગમાં ગોળી મારી શક્યા હોત. પણ તેમ નથી કર્યુ. માત્ર એક વ્યકિતને નીચે ગોળી વાગી છે પેટ ઉપર તે સિવાય બધી જ ગોળીઓ છાતીમાં મારી છે, માથામાં અને ગળામાં મારી છે. આ દુ:ખદ બાબત છે અને જે સાજાભાઈ જે ભા.જ.પ.નો કાર્યકર હતો, તે જ્યારે કસ્ટડીમાં હતો તેને લઈ ગયા, તેને ખબર જ ન હતી તેના ઘરે તો કમળની ઝંડીઓ લહેરાતી હતી. તેના ઘ ારવાળાને તો મરી ગયો છે તેની ખબર જ ન હતી. અમે તેનો પોસ્ટમોર્ટમનો રિપોર્ટ જોયો અને બોડી જોઈ તેનું જે એન્ટ્રી પોઈન્ટ છે તે બિલકુલ નાનું છે. પોઈન્ટ ફાઈવ સેન્ટીમીટરથી પણ નાનું છે. એટલે હું કહું છું કે આ સરકારે જોડે ઉભા રાખીને ગોળી મારી છે અને કસ્ટડીમાં મારી નાંખવામાં આવ્યા છે. કારણકે હું ડોકટર છું મને ખબર છે જ્યારે એન્ટ્રી પોઈન્ટ નાનું હોય ત્યારે ગોળી જોડેથી મારવામાં આવે છે અને જ્યારે એન્ટ્રી પોઈન્ટ મોટું હોય, બખોલું પડી ગયેલું હોય ત્યારે ગોળી દૂરથી વાગેલી હોય છે. એટલે આ જે મર્ડર કરવામાં આવ્યું છે તે કસ્ટડીયન ડેથ છે અને આના માટે હું માગણી કરું છું કે આની ઈન્કવાયરી ગુજરાત હાઈકોર્ટના જજ **દ્વારા** કરવામાં આવે તો અમને ન્યાય મળે નહીંતર આ આદિવાસીઓ જંગલની જમીન માગતા માગતા રખડતા થઈ જાય તે પરિસ્થિતિ થઈ છે. આ સરકારે આના સિવાય પણ ઘણી બધી બાબતોમાં આદિવાસીઓના હાથ કાપી નાખ્યા છે. આદિવાસીઓ માટે પંચાયત ધારો આવ્યો અને પંચાયત ધારો ૧૯૯૬ તેનામાં આદિવાસીઓ વહીવટ કરી શકે તેને માટે પંચાયતમાં સ્પેશ્યલ જોગવાઈ છે કે તેનો તાલુકા પ્રમુખ, તેનો જિલ્લા પ્રમુખ તે પોતે હાઈ શકે. જિલ્લા પ્રમુખ અને તાલુકા પ્રમુખ તે અધિકારની રૂએ મૂક્યા તો ખરાં પણ વહીવટ ના કરી શકે તેને માટે કારોબારી અધ્યક્ષના નામે બીજો માણસ બેસાડી દીધો અને વહીવટ તે માણસ તે કરી શકતા નથી આજે ફકત તે ગાડી અને બંગલો સાચવી રહ્યા છે. તેમની પાસે કોઈ સત્તા નથી એટલે આ લોકો આ રીતે આદિવસીઓ વહીવટ ના કરી શકે તેને માટેના તમામ પ્રયત્નો આ સરકારે કર્યા છે. મને તો એમ લાગે છે ગુરૂ દ્રોણાચાર્યે જ્યારે એકલવ્યનો અંગૂઠો લઈ લીધો હતો તેમની જે કાબેલિયત જોઈને અંગૂઠો લઈ લીધો હતો તેમ આ સરકારે પણ કારોબારીના નવા અધ્યક્ષના નામે આદિવાસીઓનો અંગૂઠો લઈ લીધો છે.

આદિવાસી વિસ્તારમાં પીવાના પાણી માટેની સગવડ ફક્ત અને ફક્ત હેન્ડપંપ છે ત્યારે આ સરકારે એવું કર્યુ કે આ યોજના, આ હેન્ડ પંપના રીપેરીંગનું કામ પંચાયતવાળા કરે. હવે પંચાયત પાસે એવી કોઈ સત્તા નથી

સાહેબ, ૫૦૦ રૂપિયામાં આખા વર્ષમાં કોઈ દિવસ હેન્ડ પંપ રિપેર ના થાય. બીજી જગ્યાએ જે હેન્ડ પંપ રિપેર થાય છે તે નળથી પાણી લે છે અને આ સરકાર જાણે છે કે આદિવાસી વિસ્તારમાં ફક્ત હેન્ડ પંપથી પાણી પીવે છે એટલા માટે આ સરકાર તેમની જવાબદારીમાંથી છટકી રહી છે. મારી આ સરકારને વિનંતી છે કે આમાં ફરી પાછી તપાસ કરે અને જુએ કે આદિવાસીઓને ન્યાય મળે. એના સિવાયની ઘણી બધી એવી બાબતો છે કે જેમાં આ સરકાર આદિવાસીઓને ખૂબજ અન્યાય કરે છે અને ખાસ કરીને શિક્ષણમાં અને ગયા વખતે તેમણે જાહેરાત કરી હતી કે ૧૦ અને ૧૨માં સાયન્સ સ્કૂલો ખોલવાની. સાહેબ, આજે સાયન્સ સ્કૂલોને નામે ત્યાં ૧૧મું ધોરણ ચાલુ કર્યુ સાયન્સનું સાહેબ, નહીં શિક્ષકો મૂક્યા, એક પણ શિક્ષક નહીં, લેબોરેટરી નહીં કરી વગર લેબોરેટરીએ, વગર શિક્ષકે આજે આદિવાસી સમાજના ૮૦૦ છોકરાં ૧૧મા ધોરણમાં ભણી રહ્યાં છે. તેનું શું પરિણામ આવશે તે આપ સૌ જાણશો.

**ડૉ. કનુભાઈ વા. કળસરીયા (મહુવા)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીના સંબોધન ઉપર આભાર પ્રસ્તાવ લઈને આ ગૃહ સમક્ષ માનનીય સભ્યશ્રી આત્મારામભાઈ પરમાર આવ્યા છે, ત્યારે તેમાં હું મારા વિચારો રજૂ કરવા માટે તથા સમર્થન આપવા ઉપસ્થિત થયો છું.

માનનીય મારા સર્જન અને સજજન મિત્ર આ વિષય ઉપર બોલી રહ્યા હતા ત્યારે હું તે વિષયને જાજો સ્પર્શ કરવા નથી માગતો પણ છેલ્લે જે હેન્ડ પંપની વાત થઈ તે હેન્ડ પંપની જવાબદારી પંચાયતો ઉપર છોડવામાં આવી તે બહુ આવકારદાયક અને વરદાનરૂપ પગલું મેં ગણ્યું છે અને મને લાગ્યું છે.અગાઉ એવું રહેતું કે હેન્ડ પંપ રીપેર કરવા માટે ગામના લોકો કાયમ માટે યોજના ઉપર, બીજા ઉપર અને અધિકારીઓ ઉપર આધારિત રહેતા હતા. હવે કિંમતી સાધનોની કીટ પણ પંચાયતને સોંપવામાં આવી, જેથી તેઓ સ્વાવલંબી બની શકે અને પોતાની જાતે રીપેર કરી શકે. એમાં જે ખર્ચ થાય એ આપવાની જોગવાઈ પણ છે. અમારા વિસ્તારમાં પૂજય મોરારીબાપુને સાંભળવાનો મોકો અવારનવાર મળે છે. પોતાના ગામ વિશે મોરારીબાપુ કહેતા હોય છે કે પોતાના ઘર સામે ખાડો હોય અને એને પૂરવા માટે પણ લોકો સરકાર પાસે અપેક્ષા રાખે અથવા તો મોરારીબાપુ આ ખાડો પૂરાવી આપે, તો તે બરાબર ન કહેવાય. એના માટે લોકોએ પણ જાગૃત બનવું પડે. હેન્ડપંપની જવાબદારી પંચાયતો ઉપર છોડી એ વિકેન્દ્રીકરણ છે, એટલા માટે એ આવકાર્ય ગણાવું જોઈએ.

બીજું મારે એ કહેવું છે કે ગુજરાતની પ્રજાનું એ સદ્‌ભાગ્ય છે કે આ જે સરકાર છે એ સ્થિર સરકાર છે. મને તો માત્ર દસ વર્ષનો અનુભવ છે. ત્રીજી વખત મને આ સન્માનનીય સભાગૃહમાં આવવાનો મોકો મળ્યો છે. પણ, જે સ્થિરતાથી શાસન ચાલી રહ્યું છે અને દિનપ્રતિદિન પ્રગતિ થઈ રહી છે, એનો વધારેમાં વધારે યશ ગુજરાતની પ્રજાને દેવો જોઈએ. કારણ કે જે ઝંઝાવાત જેવો વિરોધ ચાલી રહ્યો હતો. અનેક પ્રકારના કાવાદાવાઓની રમત રમાઈ રહી હતી. કેન્દ્રમાં પણ અન્ય પક્ષનું, યુ.પી.એ.નું શાસન હતું, એવા સમયમાં શાંતિપૂર્ણ ચૂંટણી પ્રક્રિયા થઈ અને એ રીતે આ સન્માનનીય સભાગૃહમાં ભારતીય જનતા પાર્ટીની સ્થિર સરકાર ફરીથી શાસન કરવા માટે આવી એ એક ગૌરવની બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ કહીએ છીએ કે આ સભાગૃહ ગુજરાતનું, આપણા પ્રદેશનું એક મંદિર છે. એ મંદિરની ગાથા અને ગૌરવ વધે એવું આપણે સૌએ કરવું જોઈએ. એક બહુ જાણીતી બાબત છે, એનું સંસ્કૃત મને ખ્યાલ નથી, પણ ગુજરાતીમાં ખ્યાલ છે કે કોઈપણ ક્ષેત્રમાં કરેલું પાપ એ તીર્થ ક્ષેત્રમાં ધોવાઈ જાય છે તીર્થક્ષેત્રમાં તમે જાઓ તો તમે પુણ્યવાન અને પાપથી મૂકત બનો છો. તીર્થક્ષેત્રમાં કરેલું પાપ વજ્રલેપ બની જતું હોય છે અને એ પાપ ધોવાતું નથી. આ સભાગૃહમાં જે કાર્યવાહી બધા સભ્યશ્રીઓ કરી રહ્યા છે, એ એવી દૃષ્ટિથી થવી જોઈએ કે પ્રજાજીવન ઉપર શ્રેષ્ઠ છાપ પડે. હું કહીશ કે અહીંની કાર્યવાહી બધા જાણતા હોય છે, વાંચતા હોય છે, નિહાળતા હોય છે, પણ સભ્યશ્રીએ વ્યકત કરેલા વિચારો જાણી શકતા નથી. આપણે સૌએ મળીને વિચારોમાં પણ કોઈ પ્રકારની મલિનતા ન આવે એવા શ્રેષ્ઠ વિચારો થાય એવું કરવું જોઈએ. વિચારોની શુદ્ધિ સુધી પહોંચીએ. પ્રજા જીવનમાં જે કંઈ દુર્ઘટનાઓ બનતી હયો છે, જે ખરાબ બનાવો બનતા હોય છે, એ પણ આખરે તો અહીંયાથી જ એની ચાવી અથવા તો એના મૂળ અહીંયા હોય છે. એનું જે જીનેટીક છે એ આ સભાગૃહમાં હોય છે, કેમ કે બધા જ પ્રજાજનોની મીટ એના પ્રતિનિધિઓ ઉપર, એના નેતાઓ ઉપર અને એના માર્ગદર્શક આગેવાનો ઉપર રહેતી હોય છે. એવો એક શ્લોક શ્રીમદ્‌ ભગવદ્‌ ગીતાના ત્રીજા અધ્યાયમાં છે.

" યદ્યક્ષરતિ શ્રષ્ઠં, તત દેવેતજ્ઞ જનઃ સયત્પ્રમાણં કુરુતે, લોકસ્યદનુ વર્તતે. "

એનો ગુજરાતી ભાવાનુવાદ એવો છે કે, શ્રેષ્ઠ લોકો કરે જે જે, તે જ અન્ય જનો કરે. તેઓ જેને માન્યતા આપે તે રીતે લોકો વર્તતા.

અહીંયા બધા શ્રેષ્ઠ લોકો ઉપસ્થિત છે, ત્યારે એવો દાખલો બેસાડવો જોઈએ કે પ્રજા પણ એ રસ્તે ચાલવાનું સ્વીકારે. અહીંયા માનનીય મુખ્યમંત્રીશ્રીની આગેવાની અને માર્ગદર્શન સતત મળતા રહ્યા છે. ખોટી પ્રશંસા કરવાનો મારો ઈરાદો નથી અને ખોટી પ્રશંસા કરવાનું કોઈના માટે ફરજિયાત પણ નથી. પણ હકીકત જે લાગે છે તે કહેવા માગું છું કે ગુજરાતની પ્રજાનું અને આપણું સદ્‌ભાગ્ય છે કે આપણને સુંદર માર્ગદર્શન, શ્રેષ્ઠ માર્ગદર્શન, નિષ્ઠાવાન અને સમર્પિત મુખ્યમંત્રીશ્રી મળ્યા છે. એના કારણે દિનપ્રતિદિન જે પ્રગતિ થઈ રહી છે અને આપણને માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં પણ કહેવામાં આવ્યું કે વિકાસને સર્વ સમકક્ષ હોવો જોઈએ એટલે કે બધા જ પ્રજાજનોને ગરીબ, મધ્યમ, તવંગર એ બધાને દષ્ટિમાં રાખીને સાને બેલેન્સમાં રાખીને વિકાસ થવો જોઈએ અને એટલું જ

નહીં, પરંતુ સર્વ જીવો પ્રતિ પણ દયાભાવ હોય અને ગાયને આપણે પ્રતિક માનતા હોય તો જે ગૌવંશની હત્યાબંધી એને પણ આ સરકાર એક શ્રેષ્ઠ ધ્યેય માને છે અને એ દિશામાં પ્રયત્નશીલ છે અને પ્રશ્નોત્તરીના જવાબમાં પણ કહેવામાં આવ્યું છે કે આપણી ફોરેન્સીક રિસર્ચ લેબોરેટરીમાં આ ગૌમાંશ છે એને પણ સાબિત કરવા માટેની જે કાંઈ પ્રક્રિયા છે અને એ કાંઈ જરૂરિયાત છે એ વસાવવામાં આવી છે અને એનો વિકાસ કરવામાં આવ્યો છે. તો આવી આ રાજય સરકાર સુંદર કાર્ય કરી રહી છે.

એક જે પાટણની ઘટનાનો વારંવાર કયારેક ને કયારેક કોઈ મિત્રો એની વાત કરતા હોય છે. મારે કહેવું છે કે અને અભિનંદન આપવા છે આ સભાગૃહને કે એની ચર્ચા જાહેરમાં ના આપવામાં આવી અને ના આપવી જોઈએ.

**અધ્યક્ષશ્રી:** માનનીય કનુભાઈ, એની ચર્ચા ના કરો, આપ વિષય ઉપર જ બોલો.

**ડૉ.કનુભાઈ વા. હળસરીયા:** માનનીય અધ્યક્ષશ્રી, આની સાથે એ જ કહેવું છે કે પ્રકાશને ફેલાવવા માટે અંધારાની ચર્ચા ના હોય, અંધારું તો ઉલેચવું જોઈએ અને જે કાંઈ અને જે કાંઈ કમી હોય એ આપણે સૌએ સાથે મળીને દૂર કરવી જોઈએ, પરંતુ આપણે સૌ સત્કાર્યો અને વિકાસની ચર્ચા કરીએ અને રાજકીય અવલોકનો ઓછામાં ઓછાં થાય તો આપણે જે વિકાસ કરી રહયા છીએ એ ચોકકસ હજુપણ આગળ વધારે વિકાસ કરી શકવાના છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, 'સત્યમેવ જયતે' એ આપણું સૂત્ર છે હો સત્યની સદી કે સત્યનો દસકો જે કાંઈ હોય એ બહુ જ સાપેક્ષ વસ્તુ છે. આ જે સદી કે દસકો ચાલે છે એને ચર્ચાનો વિષય ના બનાવવો જોઈએ, પરંતુ અત્યારે શ્રેષ્ઠ કાર્ય થઈ રહયું છે અને દસકો તો પૂરો થઈ ગયો છે કાર્ય એટલે હાલ જે કાંઈ કાર્ય થઈ રહયા છે એ સદી તરફ જઈ રહયા છીએ એમ કહું તો ખોટું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે જયોતિગ્રામ દ્વારા ઘેર ૨૪ કલાક સતત વીજળી આપવાનું શ્રેષ્ઠ કાર્ય કે જે કોઈપણ ના કરી શકે એવું કાર્ય કર્યુ છે, કદાચ કોઈ ગામ કે ઘર આના લાભથી વંચિત રહી ગયું હોય તો એના માટે આ સરકાર હજુપણ એ કરવા માટે પ્રયત્નશીલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, પાણીની બાબતમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે જે કાંઈ કાર્ય કર્યુ છે એ અદ્‌ભૂત કાર્ય છે અને મારા વિસ્તારનો દરિયાકાંઠાનો વિસ્તાર છે એટલે મને અનુભવ છે કે આ વિસ્તારનાં ગામડાંને ખાલી કરવાં પડે એવો એક વખત સમય આવ્યો હતો, પરંતુ એવા જ ગાળામાં જે પાણી માટેનું કામ થયું, ક્ષાર નિયંત્રણનું કામ થયું અને એના કારણે અત્યારે ત્યાંનું જનજીવન એ નવપલ્લવિત થયું છે. આજે ત્યાં લલીછમ વાડીઓ જોવા મળે છે અને ત્યાંના ગામડાંને નર્મદા અને મહીનું પાણી પીવા મળે છે. મને યાદ છે કે હું ધારાસભ્ય બન્યાને બીજું વર્ષ હતું ત્યારે અહીંના એક ક્ષાર નિયંત્રણ અંગેના અધિકારીને હું એ વિસ્તારમાં લઈ ગયો હતો અને તેમને પીવા માટેનું પાણી આપ્યું અને મેં કહયું કે તમે આ પાણી પીઓ કે જેથી અમારા વિસ્તારના લોકો કેવું પાણી પીએ છે એનો ખ્યાલ આવી શકે. જો એ પાણી તમે ના પી શકો તો કાઢી નાંખજો. તો તેમણે એ પાણી પીધું, પરંતું એ પાણી કડવું અને ખારું હતું એટલે તેમણે તુરત જ એ પાણી કાઢી નાંખ્યું અને તેમને મીઠા પાણીનો કોગળો કરાવવો પડયો હતો. મેં તેમને કહયું કે આવું પાણી ઢોર પણ પી શકતાં નથી એવું પાણી અમારા વિસ્તારના લોકો પીએ છે. તો આના માટેની વહેલીતકે યોજના થવી જોઈએ અને ત્યારપછી નિકોલ અને માલણ બંધારા ની યોજના થઈ કે જેની વિગતે ચર્ચા હું વિભાગની માગણીઓ ઉપરની ચર્ચામાં કરીશ. એટલે મારે કહેવાનું એ છે કે આ સરકારની સતત જાગૃત્તિના કારણે બધાં જ ગામોને ચોખ્ખું પીવાનું પાણી આપવાની વ્યવસ્થા થઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રસ્તા, શિક્ષણ અને આરોગ્ય એ ક્ષેત્રોમાં પણ ખૂબ સારું કામ થયું છે. ૧૫ વર્ષ, ૨૦ વર્ષ કે ૨૫ વર્ષ પહેલાંના રસ્તાઓ મને યાદ છે. આજે કદાચ કોઈ ગામ રસ્તાથી વંચિત હોય તો એનો અર્થ લોકો અને એના પ્રતિનિધિની જાગૃતતાનો અભાવ હોઈ શકે અને સરકાર તો બધા કામ માટે બધાને સમાન ભાવથી કાર્ય કરવા માટે તત્પર હોય છ એવો મારો અનુભવ છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની બાબતમાં પણ વિદ્યા સહાયકોની જે ભરતી થઈ છે અને નિષ્પક્ષરીતે, ન્યાયપૂર્ણ રીતે ભરતી થઈ એના કારણે શિક્ષણનું સ્તર ખૂબ જ ઉંચું આવ્યું છે. એ વખતના, શરૂઆતના વર્ષોમાં જ્યારે જ્યારે ગામડામાં જવાનું થતું હતું ત્યારે લોકો કહેતા કે અમારું બાળક ચોથા ધોરણમાં ભણે છે, પણ તેને વાંચતા નથી આવડતું, આવું અનેક જગ્યાએથી જાણવા મળતું હતું, હવે એવું સાંભળવા મળતું સદંતર બંધ થઈ ગયું છે, અને બધાને સંપૂર્ણ સંતોષ છે, અને વિદ્યા સહાયકો જે શિક્ષણનું કામ કરી રહ્યા છે તેના માટે વિશેષ સંતોષ પ્રગટ કરી રહ્યા છે, ઘણી વાર તો એવું સાંભળવા મળે છે કે જુના અનુભવી શિક્ષકો છે તેના કરતાં પણ આ વિદ્યા સહાયકો શ્રેષ્ઠ કામગીરી કરી રહ્યા છે તેવો લોકોનો અનુભવ રહ્યો છે.

આરોગ્યની બાબતમાં પણ ચિરંજીવી યોજના દ્વારા, ત્યારપછી ભ્રૂણ હત્યા રોકો અને બેટી બચાવો આંદોલન દ્વારા તેમજ રોગી કલ્યાણ સમિતિ દ્વારા સુંદર કાર્યવાહી થઈ રહી છે. તેના કારણે નાના મોટા પ્રશ્નો જે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર કે પછી હોસ્પિટલમાં રહેતા હતા અને તકલીફ રહેતી હતી તેનો સાથે મળી અને આ સમિતિના સભ્યો ત્વરિત ઉકેલ લાવી શકે છે. અને પાંચસો, હજાર કે પાંચ દસ હજાર રૂપિયાની ખર્ચની મંજૂરી લેવા માટે જવું પડતું નથી, અને તેના માટે તાત્કાલિક અમલવારી થાય છે અને દવા માટે જરૂરી હોય તો પણ આ સમિતિ દ્વારા મંજૂરી મળતી હોય છે. અને ખૂબ સુંદર કામગીરી થઈ રહી છે. આજનો

જમાનો સમૃદ્ધિ વીના સંસ્કૃતિને સ્વીકારી શકવાનો નથી, સ્વામી વિવેકાનંદે કહ્યું હતું કે પહેલા પ્રજાના પેટનો ખાડો પૂરો અને પછી ભકિત અને સંસ્કૃતિની વાતો કરો. હિન્દુસ્તાન કંગાળ બન્યું તેનું મુખ્ય કારણ તેની એ વખતને ભૌતિક ગરીબી હતી. આજકાલ અહીં ગુજરાતમાં અને સમગ્ર રાષ્ટ્ર જેની સામે મીટ માંડી રહ્યું છે તેવા આપણા ગુજરાત રાજયમાં સમૃદ્ધિની દિશામાં જે કાર્યવાહી થઈ રહી છે તેને સમગ્ર દુનિયાએ પણ દાદ આપવી પડે તેવી કામગીરી થઈ રહી છે. અને તેમાં પણ શ્રેષ્ઠ અને ઉલ્લેખનીય કાર્ય જો કોઈ હોય તો તે આપણો ૧૬૦૦ કિલો મીટરનો દરિયા કિનારો છે તેના જે બંદરો છે તેનો વિકાસ કરવાનું કાર્ય છે, જે અગાઉ કયારેય થયું નહોતું. મારા મહુવાની જ વાત કરવી છે, હમણાં મેં પાણીની વાત કરી, ત્યારે મહુવા એક વખત સૌરાષ્ટ્રનું કાશ્મીર કહેવાતું હતું. મહુવાની નેતાગીરી આ સભાગૃહ સુધી મહુવાના વિકાસ દ્વારા પહોંચી હતી. પણ પછી વચ્ચેના વર્ષમાં પાણીની તંગીના કારણે ૨૦ વર્ષ પહેલા મહુવા ઉજ્જડ બનવા માંડયું હતું, અને હવે ફરીથી છેલ્લા દસ વર્ષથી મહુવા હરિયાળું બની રહ્યું છે. એ જ રીતે અગાઉ આ મહુવાની ઓળખ મહુવા બંદર તરીકેની હતી, મહુવા એટલે મહુવા બંદર એમ જ કહેવાતું, પરંતુ મહુવાના એ બંદરનું ધીરે ધીરે સીલ્ટીંગ થતું ગયું, ધીરે ધીરે તેના ઉપર જોઈતું લક્ષ્ય ન અપાયું, અને સરકારો પણ એ વિષે સુષુપ્ત રહી, અને તેના કારણે છેલ્લા વીસ વર્ષથી તે બંદર સાવ બંધ થઈ ગયું. પરંતુ તેનો સરવે કરાવી અને સરવેમાં પુરે પુરી શકયતાઓ તપાસી અને તે મહુવાના બંદરનો વિકાસ કરવા માટેની યોજના આ સરકારે બનાવી છે, અને તે દિશામાં ઝડપભેર સરકાર આગળ વધી રહી છે તેના માટે હું માનનીય મુખ્ય મંત્રીશ્રીને અભિનંદન આપું છું.

મારે એક છેલ્લી વાત એ કરવી છે જે. મને ઘણાં સમયથી મહત્ત્વની લાગે છે, અગ્રેજોએ આપણા ઉપર ખૂબ શાસન કર્યુ. આજે પણ હજુ અંગ્રેજીનો પ્રભાવ તો છે જ. અંગ્રેજી ભાષા તરીકે શીખવી જોઈએ અને તેના વગર ચાલવાનું નથી તે વાત હું માનું છું. અને તેના માટે જેટલું કરીએ એટલું ઓછું પડે તેમ છે. પણ આપણે સભાગૃહની શરૂઆતમાં જ્યારે • (xxxxx xxxxxxxxx xxxxxxxxxxx xxxxxxxxxxx)

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, વિધાનસભાના અધ્યક્ષ અને વિધાનસભાના કાર્ય માટે આપ કોઈ કોમેન્ટ નહીં કરી શકો, હું એ શબ્દો કાર્યવાહીમાંથી કાઢી નાખું છું.

**શ્રી કનુભાઈ વા. કળસરીયા** : સોરી, માનનીય અધ્યક્ષશ્રી, પણ આ મારો માત્ર વિચાર હતો.

**શ્રી જગદીશ મો. ઠાકોર (દહેગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના માનનીય સભ્યશ્રી આત્મારામભાઈ માનનીય રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવની વાત લઈને આવ્યા છે, તેમાં હું સંમત થઈ શકતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ચૂંટણીમાં લોકોની માગણીઓ સ્વીકારીને સરકાર બનાવવી અને લોકોની લાગણીઓ ભડકાવીને સરકાર બનાવવી એ બંનેમાં ફરક છે. આ બંધારણ જેમણે લખ્યું છે તેવા બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબે કહ્યું છે કે કોઈ પણ બંધારણ ગમે તેટલું સારુ હોય પણ એનો અમલ કરનાર લોકો ખરાબ હોય તો તે જ ઘડીએ તે બંધારણ પણ ખરાબ થઈ જાય છે. ત્યાંથી આગળ વધીને બંધારણના વિદ્વાન વિશ્લેષકોએ કહ્યું છે સત્તા માણસને ભ્રષ્ટ બનાવે છે, સંપૂર્ણ સત્તા માણસને સંપૂર્ણ ભ્રષ્ટ બનાવે છે અને એનાથી આગળ વધીને કહ્યું કે સત્તા ભ્રષ્ટ કરે છે અને સત્તા જેમની પાસે આવે એ સત્તાને ગુમાવવાને ભયે અતિ ભ્રષ્ટ બને છે. જેમ પંડિતો પોતાની પાસે ગીતા રાખે છે, પાદરીઓ પોતાની પાસે બાઈબલ રાખે છે એમ સત્તા સ્થાને બેઠેલા લોકોએ અને પ્રજાના પ્રતિનિધિઓએ પણ બંધારણને હર હંમેશ સાથે રાખવું જોઈએ એવું હંમેશા હું માનુ છું. હું એટલા માટે માનું છું કે અહીંયા મહિલાઓની વાતો કરવામાં આવી અને મહિલાઓની વાતોમાં સામા પક્ષે ખૂબ જ સારી વાતો પણ કરી અને એની સાથે સાથે આપણે ભૂલવું પણ ન જોઈએ કે સમગ્ર દેશમાં શરમજનક ઘટના આપણા રાજકોટમાં પણ બની છે. આપણે એની ચિંતા કરવી પડશે. એક મહિલા એને ન્યાય નથી મળતો અને ન્યાય નથી મળતો એટલે બહું ટૂંકા વસ્ત્રો પહેરી પોતાના ઘરેથી નીકળે છે. રાજકોટ પોલીસ કમિશ્નરને મળવા જાય છે એ લોકતંત્રની અંદર ટૂંકા વસ્ત્રો પહેરીને હાથમાં ધોકો લઈને મહિલા નીકળે છે ત્યારે એની વેદના પણ સમજવાની ક્યાંકને ક્યાંક જરૂરિયાત ઊભી થઈ છે. વર્તમાનપત્રોના આપણે સૌ સાક્ષી છીએ. કોઈ ગાંધીનગરની ઘટના હોય કે કોઈ નડિયાદની કે વડોદરાની ઘટના હોય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવા જાય છે ત્યારે એની ફરિયાદ નથી લેવામાં આવતી ત્યારે ત્યાં પણ મહિલા પોતાના વસ્ત્રો ફાડીને વિરોધ નોંધાવે છે. આ બધી ઘટનાઓને આપણે દુ:ખદ ઘ ટનાઓ તરીકે જોવી જોઈશે.

સરસ્વતીના ધામનો બનાવ હોય શિક્ષણ અને એ સરસ્વતીના ધામમાં એક ગરીબ પિતા જેને સંતાનોને ભણાવવાની એની ક્ષમતા નથી એ ગરીબ પિતાના બધા જ સંતાનો ખૂબ જ હોંશિયાર છતાં એક દીકરાને સાહેબ ભણવામાંથી ઉઠાડી લે છે કારણ કે એની પાસે ભણાવવા માટે વ્યવસ્થા નથી પૈસા નથી. એક દીકરી ખૂબ જ હોંશિયાર એને સાહેબ પી.ટી.સી. માં ભણાવવા માટેની વ્યવસ્થા કરીને પાટણની પી.ટી.સી. કૉલેજમાં દાખલ કરે છે. એ પિંતાની દીકરી વાચાળ, હોંશિયાર છે એ દીકરી ઉપર જે કૃત્ય થયું. બનાવ પહેલી તારીખે બને છે, એ પહેલી તારીખનો બનાવ ચોથી તારીખે આપણા સૌના ધ્યાન ઉપર આવે છે. બીજી તારીખે એ દીકરી પાગલ છે તેવો ડોળ

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

કરવામાં આવે છે. બીજું જે ભૂવાઓમાં કે તાન્ત્રિકોમાં આપણે માનતા નથી પરંતુ ચૂંટણી પહેલા ચૂંટણી જીતવા ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી પોતાના નિવાસસ્થાને ભૂવાઓને બોલાવ્યા હતા અને કહેવામાં આવ્યું હતું કે તમે ઘઉંના દાણા નાખજો, દોઢ નાખજો, શ્રીફળ આપજો અને ભાજપની સરકાર બને તેવો પ્રચાર કરજો. બીજી તારીખે દીકરીને ત્યાં લઈ જવામાં આવે છે અને તાંત્રિક પણ એમ કહે છે કે આને વળગાડ વળગ્યો છે અને એ ચૌધરીની દીકરી એના વાલીને ફોન કરે છે. વાલીઓ બીજી તારીખે આવે છે એ વાલીઓ આવ્યા પછી એ તંત્રની રાહ જોવે છે કે આમાં તંત્ર કંઈક કરે. ત્યાંના આચાર્યશ્રી બીજી તારીખે ફરિયાદ લઈને જાય છે વડી કચેરીએ. બીજી તારીખે તેમને કહેવામાં આવે છે કે હજુ આનો જવાબ બાકી છે. ત્રીજી તારીખે આવો. ત્રીજી તારીખે વાલીઓ આવે છે. વાલીઓ રાહ જૂએ છે કે વડી કચેરી આવી અને અમારી દીકરીને ક્યાંક ન્યાય આપે અને એ વડી કચેરી જ્યારે નથી આવતી ત્યારે વાલીઓનો આક્રોશ, ગુસ્સો ચરમસીમાએ જાય છે અને ચોથી તારીખે જે ઘટનાઓ ઘટી છે. પી.ટી.સી. કૉલેજમાં ત્યારે સમગ્ર દેશ અને દુનિયાનું ધ્યાન પી.ટી.સી. કૉલેજની મારી દીકરી ઉપર જાય છે. બળાત્કારની વાત ધ્યાને આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, ઘટનાઓ બની, માનનીય મંત્રીશ્રી, સ્થાનિક ધારાસભ્યો ત્યાં ગયા. આ ઘટના એવી હતી કે ઘટના ઘટે અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી રણ મહોત્સવ મનાવી શકે? એવી ઘટના હતી આ ગૃહ માટે? આ ઘટનામાં એ દીકરી તાકાતવાળી બની અને તેનો પરિવાર જ્યારે આખું સ્કેન્ડલ બહાર લાવ્યો તેને એક લાખ રૂપિયા જવાંમર્દી માટે આપવાની જાહેરાત તંત્ર કરે છે. અમારા વિપક્ષના નેતા સાથે અમારે તેના ઘરે જવાનું થયું. પાટણમાં સરકીટ હાઉસમાં પત્રકારોએ પૂછ્યું કે માનનીય શકિતસિંહભાઈ, આપનો પ્રતિભાવ આપો. ત્યારે વિપક્ષના નેતાશ્રીએ કહ્યું હતું કે આવા બનાવોમાં રાજકીય પ્રતિભાવ આપવાનો ન હોય. રાજકીય કોમેન્ટ કરવાની ન હોય. અમે વિપક્ષમાં બેઠા છીએ ત્યારે સરકાર પાસે અમે જવાબ માગીશું. આમાં મારે રાજકીય વાત એટલા માટે નથી કરવી કે દીકરીના બાપને જ્યારે અમે મળ્યા ત્યારે વિધાનસભાના સભ્ય શૈલેષભાઈ અમારી સાથે હતા. તેના ઘરની પરિસ્થિતિ જોઈને તેના પિતાને થોડીક આર્થિક મદદ કરવાની વાત કરી. ત્યારે તેની જે ખુમારી હતી તે ખુમારીને હું મારા વંદન કરું છું, અને તેની સમગ્ર ગૃહ પણ નોંધ લે એવી વિનંતી કરું છું. તેના પિતાએ કહ્યું કે મારી દીકરીનું શિયળ લૂંટાઈ ગયું છે. મને એવો ન્યાય અપાવો કે જેના લીધે સમગ્ર ગુજરાતની અંદર એક દાખલો બેસે કે પાંચ-પાંચ નરાધમો કોઈ દીકરી ઉપર બળાત્કાર ન કરે. આવા બળાત્કારીઓને જો યોગ્ય સજા થશે તો મારે આર્થિક નહીં પણ સપોર્ટની જરૂર છે મારી દીકરીના મનોબળને. ગુજરાતની દીકરીઓ પર આવા બનાવો ન બને એ ઘટનાને સખત શબ્દોમાં દાબી દેવાની જરૂર છે. તેણે રકમ લેવાની ના પાડી. આચાર્યશ્રીને મૂકવા, લઈ જવા, પ્રક્રિયા હશે. ગઈકાલે અને અગાઉ આ ઘટના પછી સમગ્ર પાટણ બંધ રહે છે, એ પછી પણ તેના વાલીઓ ગાંધીનગર મળવા આવે છે. કેમ કોઈ મોટું માથું મળતું નથી ગાંધીનગર તેના વાલીઓને? કેમ ગભરાઈએ છીએ? કેમ સી.બી.આઈ.ની ઈન્કવાયરી નથી આપતાં? કેમ આપણે તંત્ર નક્કી નથી કરતાં વિપક્ષ અને સરકાર બન્ને બેસીને? વાતો બહાર જુદી કરીએ છીએ કે આવી ઘટનાઓ ગુજરાત માટે શરમજનક છે. આપણે સાથે બેસીને આવી ઘટનાઓ ન બને તેની ચિંતા કરીએ પણ ગૃહમાં, સરકારમાં એવી વાત નહીં. તેના વાલીઓને પણ સાંભળવાનો સમય નથી. એ પણ દુઃખદ ઘટના છે અને એટલે જ આપના દ્વારા વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બંધારણ જ્યારે ઘડાતું હતું ત્યારે બંધારણમાં આદિવાસીઓ માટે સૂચન થયું હતું. એ સૂચન કરનારે કહ્યું હતું કે તમે આદિવાસીઓને લોકશાહી નહીં શીખવાડી શકો. લોકશાહીની રીતરસમો તમારે આદિવાસીઓ પાસેથી શીખવાની છે. જમીન સાથે જોડાયેલા સૌથી વધુ લોકતાંત્રિક લોકો છે. તેઓને પૂરતા સાધનો જોઈએ તેવું નથી. તેઓને પૂરતું રક્ષણ જોઈએ છે. તેઓને વિશેષ આજના નં.૧ રક્ષણ મેળવતા રક્ષણની જરૂર નથી. વિશેષ રક્ષણની જરૂર નથી. તમે ભારતીય તરીકે છો. તેઓને ભારતીય તરીકે જેમ બીજાંને ઓળખો છો તેમ આદિવાસીઓને પણ ઓળખો. જંગલની પ્રકૃતિ સાથે, કુદરતના ખોળે ઉછરેલો આદિવાસી છે. જે વાઘ કે ચાલાક ચિત્તાથી ગભરાતા નથી પણ આજના સરકારી તંત્રથી ગભરાય છે. (સમય સૂચક ઘંટડી) અડધી મિનિટમાં પૂરું કરું છું. આ જ વિધાનસભામાં અગાઉ જ્યારે સરકાર પાંચ વર્ષ માટે આવી હતી ત્યારે વિપક્ષના નેતાશ્રી અમરસિંહ ચૌધરી સાહેબે વિધાનો કર્યા હતા એને હું યાદ દેવડાવવા માગું છું. છેવાડાના માનવી માટેનું આપણું ફંડ હોય, છેવાડાના માનવી માટેની વ્યવસ્થા હોય એ વ્યવસ્થા જો તમે નહીં આપી શકો તો ગુજરાતમાં નકસલવાદના બીજ રોપનારી સરકાર પણ ભાજપની હશે. એવું વિધાન સ્વર્ગસ્થ વિપક્ષના નેતાશ્રી અમરસિંહભાઈએ આ જ વિધાનસભામાં કર્યું હતું એ વિધાનને આજે હું વળગી રહું છું. એટલા માટે હું વળગી રહું છું કે, આ વિધાનથી પૂર્વ પટ્ટી હોય કે બક્ષીપંચના બેલ્ટમાં પણ જે થઈ રહ્યું છે એના કારણે ખરાબ પરિણામો આવવાના છે...

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ(રાજગઢ)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીએ આ સભાગૃહને સંબોધન કર્યું એના ઉપર માનનીય આત્મારામભાઈ જે આભાર પ્રસ્તાવ લાવ્યા છે એને સમર્થન આપવા માટે હું અહીં ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે દિવસથી આ વિષય ઉપર ચર્ચા ચાલે છે, ટીકા-ટિપ્પણ ભરપૂર થાય છે. આ રાજયના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના વહીવટ પછી આ રાજયને ઓળખ મળી છે. એ ઓળખમાં "આપણું ગુજરાત આગવું ગુજરાત, સ્વચ્છ ગુજરાત નિર્મળ ગુજરાત." આ પહેલાં પૂર્વના સમયમાં દિલ્હીમાં જઈને ઘૂંટણીએ પડીને ભીખ માગતા હતા. એ વખતના શાસનમાં કોણ હતું? એ આપને યાદ હશે. મારે ઊંડાણમાં પડવું નથી, મારે વાત યાદ દેવડાવવી છે. હમણાં શ્રી જગદીશભાઈ ઊંડાણથી વાત કરતા હતા. એ વાતને આપણે દુઃખદ ઘટના

કહીએ. મારે એ વાતને યાદ દેવડાવવી છે. એ વડોદરા હોય, સુરત હોય, અમદાવાદ હોય કે ગોધરા હોય. રાત્રે આઠ વાગ્યા પછી આ ગુજરાતની દીકરીઓ બજારમાં કોઈ ચીજવસ્તુઓ ખરીદી કરવા જઈ શકતી નહોતી. એ વાત આપણા કોંગ્રેસના મિત્રોએ ભૂલવી જોઈએ નહીં. એનાથી આગળ કહું તો આ વાત ગુજરાતની પોલીસના રેકર્ડ ઉપર હશે, ગૃહ વિભાગના રેકર્ડ ઉપર હશે. જે સમયમાં એક દિવસમાં ૧૦થી ૧૨ કન્યાઓને વિધર્મીઓ લઈ જતા હતા એ આ લોકશાહી માટે શરમજનક ઘટના કહી શકાય. આ વાત ૧૯૮૫ના પહેલાંના ઇતિહાસના રેકર્ડ ઉપર હશે. એ ચેક કરી લેજો. એક નહીં અનેક આવી ઘટનાઓ રેકર્ડ ઉપર હશે. એટલા માટે આજના આ નિર્ભય ગુજરાતની હું વાત કહું છું. એક જમાનો હતો, ગુન્હો કરે બિહારમાં અને સંતાય ગુજરાતમાં, ગુન્હો કરે ઉત્તર પ્રદેશમાં અને સંતાકૂકડી રમે ગુજરાતમાં, ગુન્હો કરે મહારાષ્ટ્રમાં અને સંતાય ગુજરાતમાં. આ ગુજરાતમાં નકસલવાદની વાત હોય કે આતંકવાદની વાત હોય આ તમામ તત્ત્વોને નેસ્ત નાબૂદ કરનાર કોઈ મુખ્યમંત્રી હોય કે મર્દ ભાયડો તો આ એક નરેન્દ્રભાઈ મોદીજીના નામનો એક વીર પુરુષ છે જે કળીયુગનો ભાથીજી કહેવાય. વિપક્ષનો એક જ નારો ચાલતો આવે છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી ખુમાનસિંહભાઈ..

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : વિપક્ષના નેતા વ્યકિત પૂજાની વાત કહેતા હતા. વિપક્ષના નેતા કહેતા હતા કે વિકાસની વાત હોય તો અમે સાથે છીએ, એ બાબતે એમને ધન્યવાદ.તેઓ અત્યાર લગી કોંગ્રેસના મિત્રો પહેલાં * (xxxxx ) (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી ફતેસિંહભાઈ આ ગૃહમાં હાજર ન હોય એમની વાત ન થઈ શકે. આ શબ્દો હું રેકર્ડ ઉપરથી કાઢી નાખું છું. તમે તમારા વિષય ઉપર બોલો. આવા નામોનો ઉલ્લેખ ન કરો.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : એ વ્યકિત પૂજા નહોતી? રાજયના મુખ્યમંત્રીશ્રીએ કૃષિ મહોત્સવ હોય, કન્યા કેળવણી મહોત્સવ હોય, કોઈપણ મહોત્સવની અંદર આ રાજયના મુખ્યમંત્રીએ પોતાનું નામ કયાંય જોડ્યું નથી. માનનીય અધ્યક્ષશ્રી આ એક જ મુખ્યમંત્રીશ્રી એવા છે કે ગુજરાતને જો બદનામી મળે તો આ રાજયના મુખ્યમંત્રી કહે કે બદનામી મને આપજો પણ ગુજરાતની કયાંય બદનામી હું સહન નહીં કરું એવા આ એક જ મુખ્યમંત્રી પેદા થયા છે. આ એ ગુજરાત છે કે જે ગુજરાતમાં કોઈ કાયદો વ્યવસ્થા નહોતી. એ ગોલાણા હત્યાકાંડ હોય કે માનપુર હત્યાકાંડ હોય અહીં મારા આદરણીય મુકેશભાઈ ગઢવી નથી. મારે આ ગૃહના ફલોર ઉપર માનનીય અધ્યક્ષશ્રીને ઉદ્દેશીને કહેવું છે કે એમના ગામમાં દલિતોને હિજરત કરવી પડી હતી પાછા કેમ આવી શક્યા નથી? તપાસ કરાવી લે. (અંતરાય) જગદીશભાઈ, હું તો સત્યઘટના બોલું છું. ગરીબોના નામે રાજય કરનાર કોંગ્રેસને મારે પૂછવું છે કે મુકેશભાઈ ગઢવીના ગામાં હિજરત કરી ગયેલા એ દલિતોની દશા શું છે અને અત્યારે તેઓ કયાં છે એની તપાસ કરે. મારી સરકાર , ભાજપની સરકાર ઉપર હમણાં અનેક વિપક્ષોએ આક્ષેપો કર્યા છે. મારે એમને કહેવું છે કે વંચિતોની વિકાસ યાત્રામાં રાજય સરકાર પીડિત સમાજ, અનુસૂચિત જાતિ હોય, કે અનુસૂચિત જનજાતિ હોય કે બક્ષીપંચનો સમાજ હોય દરેક પ્રકારના સમાજના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવાની શરૂઆત કરી. શિષ્યવૃત્તિ તો કોંગ્રેસ પણ આપતી હતી પણ કોંગ્રેસની જે પદ્ધતિ હતી એ પદ્ધતિ એવી હતી કે વિદ્યાર્થી આઠમા ધોરણમાં ભણે અને આઠમું છોડીને નવમા ધોરણમાં જાય, બીજા વર્ષે એની શિષ્યવૃત્તિ જિલ્લામાંથી તાલુકામાં આવે અને તાલુકામાં જ્યારે શિષ્યવૃત્તિ આવે, શિક્ષકો જ્યારે લેવા જાય ત્યારે ત્યાંથી જવાબ મળે શિષ્યવૃત્તિના પૈસા કર્મચારીઓના પગારમાં આપી દીધા છે. હમણા તમારે થોભવું પડશે. આ વ્યવસ્થા કોંગ્રેસની હતી. અમારી સરકાર પૂજય આનંદીબેનના સમયમાં પૂરા પાંચ વર્ષમાં કયાંય કોઈપણ જિલ્લાની એવી એક પણ ફરિયાદ નહીં હોય, આ રાજય સરકારની સ્વચ્છ પ્રતિભાનો નમૂનો છે. શિક્ષણ વિભાગમાં એના પૈસા વાલીના હાથમાં આપવાની વ્યવસ્થા પહેલામાં પહેલી આ નરેન્દ્રભાઈ મોદીજીની સરકારે કરી છે, એ પહેલા કેમ નહોતા કરતા અને એટલે કહું કે શિક્ષણ વિભાગની નિંદા કરો છો, કોઈ એવો બનાવ બને તો નિંદા કરે એ બરાબર છે પણ આ સરકારે જે કાર્ય કર્યા છે, શિક્ષણ વિભાગના હું પણ એક સ્કૂલના કારકુનમાંથી અહીં ધારાસભ્ય બનીને આવ્યો છું. હું આકડા યાદ દેવડાવું છું કે તમને જ્યારે ગુજરાતની જનતાએ ખદેડ્યા હતા સત્તા ઉપરથી અને તમે જે મનમાં કોંગ્રેસના મિત્રો જે મનમાં અમરપટ્ટો લઈને આવેલા એવા કેટલાયની ડિપોઝીટનો સવાલ થયો અને અહીંથી ખદેડયા તે વખતે આ રાજયમાં શિક્ષણની દશા શું હતી? અમારી સરકારે ૯૩હજાર ઉપરાંત વિદ્યા સહાયકોની ભરતી કરી. ગરીબ આદિવાસી વિસ્તારમાં જ્યાં શિક્ષક નહોતા, જ્યાં શાળાનો ઓરડો નહોતો અને આ બંને નહોતા, કોંગ્રેસના રાજયમાં શાળાનો ઓરડો નહોતો, અને શિક્ષકો નહોતા અને એ કેન્દ્ર ઉપરથી સીધો પગાર લઈને ઘેર ભાગી જતા હતા. આ એ જ મર્દ મુખ્યમંત્રીના નેજા હેઠળ આ સરકારની કુનેહભરી દૃષ્ટિને કારણે આજે ગુજરાતમાં ગામડામાં દરેક શાળામાં માત્ર વિઝીટ કરી આવો, અમે માત્ર કૃષિ મહોત્સવ, કન્યા કેળવણી, બેટી બચાવો અભિયાન દરમિયાન દરેક શાળામાં અમે ગયા છીએ અને એજ અભિયાન દરમિયાન મારા તાલુકાને કલંક લાગેલું મહિલા પછાતપણાનું, આખા ગુજરાતમાં ધોધંબા તાલુકો એવો હતો કે જેનો સ્ત્રી શિક્ષણમાં નીચામાં નીચો દર હતો. આ રાજય સરકારના પ્રયત્નોને કારણે આજે મારા તાલુકામાં ૨૩ ટકાથી લઈને ૭૩ ટકા મહિલા શિક્ષણ વિભાગનો ઊંચો દર અમે લઈ શકયા છીએ. એટલા માટે કોંગ્રેસને હું એ જ કહુ છું કે તમારો વહીવટ હતો એ

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા છે.

માત્ર ખુરશીના રાજકારણ માટે હતો. જનતા માટે નહોતો અને જો જનતા માટે હોત, જે સરકાર પાંચ વર્ષમાં કરી શકી એવું ૪૫ વર્ષ કરવામાં કયા અવરોધો નડયા, તાગડધિન્ના કરવા સિવાય કંઈ કોંગ્રેસે આજલગી આ ગુજરાતની ધરતી પર કોઈ લક્ષ્ય આપ્યું નથી. એના અનેક પુરાવા છે. આ શિક્ષણ વિભાગની દેન છે. એના સિવાય જળ સિંચન અભિયાન માનનીય મુખ્યમંત્રીશ્રી લઈને આવ્યા. હું જ્યારે ચૂંટાઈને આવ્યો ત્યારે મારા વિસ્તારમાં ચાર ચેકડેમો હતા. એમાં બે ચેકડેમોમાં પાણી લઈ શકાય એમ હતું. બીજા બે ચેકડેમોમાં પાણી દીવાલને અડે પણ નહીં એવા હતા. આજે ૮૦૦ કરતાં વધારે ચેકડેમો ઘોઘંબા તાલુકામાં થયા છે. એના પરિણામો જોવા હોય તો નજીકના કોંગ્રેસના ધારાસભ્ય વિઝીટ કરી લે. ગરીબ આમજનતા એના બારણામાં આદરણીય નરેન્દ્ર મોદીજીનો ફોટો મૂકીને ગૌરવ અનુભવે છે. એનું કારણ એ છે કે આમજનતાના દુ:ખો સુધી પહોંચનાર આ સરકાર કે જેણે આ પ્રયત્નો કર્યા છે. આ પ્રયત્નોના કારણે ગઈ ચૂંટણીમાં ૧૧૭ ચૂટાઈને અહીં બેઠા છે. ગઈ ચૂંટણીમાં કોંગ્રેસે ઘણા મુદ્દાઓ ઊભા કર્યા હતા. હમણાં એક મુદ્દો ઉપસ્થિત કર્યો હતો. માનનીય પ્રદિપસિંહજી ગોધરાના મુદ્દા ઉપર બોલ્યા ત્યારે અર્જુનભાઈ બોલ્યા કે ૫૯ મર્યા અને એના પછી ૨૦૦૦ મરી ગયા એનું શું? આમને પહેલા મર્યા એની નહીં પણ પછી મર્યા એની ચિંતા છે. આદરણીય મોહનસિંહ રાઠવા બેઠા છે. અમારા વિસ્તારમાં તોફાનોમાં જે પરિણામો મળ્યા છે, ગરીબ આદિવાસી દીકરી ઉપર બળાત્કારના તોફાનો હતા. એ કોઈ રાજકીય કારણોસર ન હતા. ગોધરા કાંડમાં કોંગ્રેસ લુણાવાડામાં આવીને કબરો ખોદે. કબરો ખોદવાથી કોઈ સત્તા મળતી નથી.

**શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી(જામનગર (ગ્રામ્ય)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીએ ગૃહમાં જે સંબોધન કર્યું એનો આભાર પ્રસ્તાવ જે માનનીય આત્મારામભાઈ લાવ્યા છે એમાં મારું સમર્થન આપું છું અને આ વિષયમાં બે શબ્દો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીએ ગૃહમાં કરેલ સંબોધન પરના આભાર પ્રસ્તાવ પર બોલવાનો મને જે અવસર પ્રાપ્ત થયો છે એને હું મારું અહોભાગ્ય માનું છું. ૧૨મી વિધાનસભાના જનપ્રતિનિધિ તરીકે હું ચૂંટાઈને આવ્યો છું અને માનનીય રાજ્યપાલશ્રીએ તેમના સંબોધનમાં જે અભિનંદન પાઠવ્યા છે તેથી હું તેમનો આભાર વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની ૧૨મી વિધાનસભાની ચૂંટણીઓ કોઈપણ અનિચ્છનીય ઘટના વગર સંપન્ન થઈ છે. એક કરોડ ઉપરાંત જાગૃત મહિલા મતદાતાઓ સહિત એકંદરે બે કરોડ અઢાર લાખ મતદાતાઓએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને લોકતંત્રનું ગૌરવ વધાર્યું છે. જે સમગ્ર ગુજરાત અને આપણા સૌ માટે ગૌરવની બાબત છે. તથા ગુજરાતની જનતાએ આ ચૂંટણીમાં આપેલ ચુકાદો ઐતિહાસિક છે. છેલ્લા પાંચ વર્ષમાં જનહિતને કેન્દ્રમાં રાખી માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ વહીવટમાં ગુણાત્મક પરિવર્તન લાવીને જનભાગીદારીથી રાજ્યના વિકાસની નવી કેડી કંડારેલ તે રાજપથ-હાઈવે થઈ ગયેલ છે. જેના કારણે ગુજરાત ઉપર સમગ્ર દેશનું ધ્યાન આકર્ષિત થયું છે. ગુજરાત સર્વશ્રેષ્ઠ રાજ્ય બનવા તરફ આગળ વધી રહ્યું છે. તે માટેના પ્રયાસોમાં વર્તમાન સરકારના ખૂબ જ રચનાત્મક અભિગમની રાજ્યના દરેક મતદારોએ નોંધ લઈ માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વને જનાદેશ દ્વારા પુન: સમર્થન આપેલ છે. જે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીનું વિશ્વસનીય નેતૃત્વ, સ્પષ્ટ નીતિ અને સાફ નિયતને કારણે આ સમર્થન પ્રાપ્ત થયું છે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા રાજ્યના સર્વાંગી વિકાસ, શાંતિ સલામતી અને સમૃદ્ધિ માટેનો અવિરત પુરુષાર્થ કરીને ભારત દેશના વિકાસમાં ગુજરાત પોતાના યોગદાનમાં મોખરે રહ્યું છે. અનેક વિરોધો હોવા છતાં પણ ગુજરાતની પ્રજાએ તે વિરોધને નકારીને લોક તાંત્રિક માર્ગને મજબૂત કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આગામી ૨૦૧૦ ગુજરાતની સ્થાપનાના ૫૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ સ્વર્ણિમ જયંતિને સાકાર કરવા માટે સરકાર દ્વારા અત્યારથી પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જેમાં ગુજરાતને દરેક ક્ષેત્રોમાં ઉચ્ચ શિખરે લઈ જવાના સંકલ્પ માટે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીનો અડગ નિર્ધાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતના આયોજનપંચે રાજ્યની ક્ષમતાને પિછાણી ૧૦મી પંચવર્ષીય યોજનાના સમગ્ર દેશ માટે નક્કી કરેલ વાર્ષિક વૃદ્ધિદર સામે ગુજરાતને ૧૦.૦૨ ટકા વૃદ્ધિદરનો લક્ષ્યાંક આપેલ હતો, તે ગુજરાતે હાંસલ કરેલ છે અને ૧૧મી પંચવર્ષીય યોજના માટે ૧૧.૦૨ ટકાનો લક્ષ્યાંક આપેલ છે જેમાં ૧૪ ટકા સુધીનો વૃદ્ધિદર હાંસલ કરવાનો પડકાર ગુજરાતે ઉપાડી લીધેલ છે જે આપણા સૌ માટે ગૌરવરૂપ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજી છેલ્લા સાત વર્ષથી રાજ્યના વંચિતોની ચિંતા કરી રહ્યા છે. વંચિતોનો આર્થિક વિકાસ, શૈક્ષણિક વિકાસ, આરોગ્ય માટેની ચિંતા અને સામાજિક પ્રસંગો માટે અનેક યોજનાઓ અમલમાં છે એના માટે કરોડો રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા વંચિતો પ્રત્યેની લાગણીની નોંધ લઈ માનનીય રાજ્યપાલશ્રીએ પોતાના સંબોધનમાં વંચિતોને અગ્રતા આપીને માનનીય મુખ્યમંત્રીશ્રીની લાગણીમાં સૂર પૂરાવ્યો છે, જે સમગ્ર રાજ્યના વંચિતો માટે ગૌરવની વાત છે. આમ, વંચિતોની લાગણીને ગંભીરતાથી લઈ વિવિધ યોજનાઓનો અમલ કરી માનનીય મુખ્યમંત્રીશ્રીએ પરમપૂજ્ય હેડગેવારજીના સામાજિક સમરસતા વાદ, પંડિત દિનદયાળ ઉપાધ્યાયજીના માનવ એકાત્મતાવાદ અને ભારત રત્ન ડો. બાબા સાહેબ આંબેડકરજીના સામાજિક સમતાવાદ આમ ત્રણેયના ત્રિવેણી સંગમને મૂર્તિમંત કરવા માટેનો અડગ નિર્ધાર વ્યકત કરેલ છે જે ગુજરાતના વંચિતો માટે ગૌરવની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજ્યની ૧૨મી વિધાનસભા ગૃહમાં પ્રથમ વખત ધારાસભ્ય તરીકે પ્રવેશવાનું મને સૌભાગ્ય પ્રાપ્ત થયું છે, સાથે સાથે આ ગૃહમાં એક માત્ર હું વિકલાંગ છું. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજી ઉપર વિશ્વાસ મૂકીને મને મારા વિસ્તારના મતદારોએ જંગી બહુમતિથી વિજયી બનાવીને ગુજરાતની આ મહાન વિધાનસભાના સભ્ય તરીકેની જવાબદારી સોપેલ છે, જે મારા જીવનમાં કાયમી સંભારણું બની રહેશે. સાથે સાથે વિકલાંગ તરીકેના મારી અનુભૂતિ-વેદનાથી વિકલાંગોની મુશ્કેલીઓની સંવેદના મારા હ્રદયમાં છે. આ મુશ્કેલીઓ દૂર કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજી પણ અંગત ધ્યાન આપીને વિકલાંગો માટે કરોડો રૂપિયા મંજૂર કરેલ છે જેથી મારા જેવા લાખો વિકલાંગોને આપણી સરકાર ઉપર વિશ્વાસ ઊભો થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજના જે પૂર્ણ થઈ છે તે પણ સરકારની એક અનેરી સિદ્ધિ છે તથા આ યોજના સમગ્ર ગુજરાતને હરિયાળી ક્રાંતિ તરફ લઈ જશે. માનનીય અધ્યક્ષશ્રી, જળસંચય માટે જનભાગીદારીથી જળ વ્યવસ્થાક્ષેત્રે પણ ક્રાંતિ સર્જી છે. ૬૦,૦૦૦ જેટલા ચેકડેમો, ૧૪,૮૦૦ જેટલા તળાવો ઊંડા કરીને જળસંચયમાં વધારો કર્યો છે. સાથે સાથે ખૂબજ ઓછા ખર્ચે ૩૫,૪૦૦ બોરીબંધ દ્વારા પણ જળસંચયમાં ખૂબજ સિદ્ધિ મેળવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય કૃષિક્ષેત્રે ખૂબજ સ્વાલંબી થયેલ છે. કૃષિ ઉત્પાદન ૯,૦૦૦ કરોડથી વધીને ૩૪,૦૦૦ કરોડનો વિક્રમ સર્જક આંક વટાવી ગયેલ છે જેનાથી રાજ્યના કિસાનો સમૃદ્ધ થયા છે અને લાખો ખેત મજૂરોને રોજગારી મળી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઔદ્યોગિકક્ષેત્રે મૂડીરોકાણમાં ગુજરાતે પ્રથમ સ્થાન મેળવેલ છે જે અભિનંદનીય છે. ઈકોનૉમિક ટાઈગર ગણાતા ચીન, જાપાન, કોરિયા જેવા વિકસિત રાષ્ટ્રો પણ ગુજરાતમાં વધુને વધુ મૂડીરોકાણ કરી રહ્યા છે તેની સામે ગુજરાતના ઔદ્યોગિક સાહસિકો સોરઠના શેરની જેમ માથુ ઉચકી શક્યા છે કારણ કે, સાવજ જેવા મુખ્યમંત્રીશ્રી ગુજરાતને મળ્યા છે. આમ ગુજરાતને ઔદ્યોગિક ક્ષેત્રે વિકાસના ઉચ્ચ શિખરે લઈ જવાનો માનનીય મુખ્યમંત્રીશ્રીનો દૃઢ સંકલ્પ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઔદ્યોગિક વિકાસ માટે રૂપિયા સાડા આઠ કરોડથી વધારે રકમોના સમજૂતી કરારો કરવામાં આવ્યાં છે જેમાંથી ૮૦ ટકા રોકાણો વાસ્તવિક બની ગયા છે. રિઝર્વ બેક ઓફ ઈન્ડિયા દ્વારા પ્રસિદ્ધ થયેલ અહેવાલમાં સમગ્ર દેશમાં થયેલ ઔદ્યોગિક મૂડીરોકાણ ૨૫.૦૮ ટકાના સૌથી વધુ ફાળા સાથે ગુજરાત પ્રથમ રહ્યું છે, આમ ઔદ્યોગિક વિકાસની હરણફાળને કારણે ૧૩ લાખ જેટલા યુવાનોને રોજગારી મળવાની તક ઊભી થઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વાઈબ્રન્ટ ગુજરાત આઈ.ટી. ઈન્વેસ્ટ સમિટ દ્વારા રૂપિયા ૧૫,૦૦૦ કરોડથી વધારે રકમના સમજૂતી કરારો કરવામાં આવ્યાં છે તે પણ ગુજરાત રાજ્ય અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના પ્રયત્નો અભિનંદનીય છે. કમ્પ્યુટર સોસાયટી ઑફ ઇન્ડિયા ધ્વારા બૅસ્ટ ઈ-ગર્વન સ્ટેટ એવોર્ડ ૨૦૦૭ એનાયત કરેલ છે. વિદ્યુત ક્ષેત્રે ગુજરાત દેશનું અગ્રેસર રાજય છે. તે રાષ્ટ્રીય આયોજન પંચે સ્વીકારેલ છે તેમજ ઊર્જા ક્ષેત્રે ગુજરાતને પાંચ વર્ષમાં રાષ્ટ્રિય તથા આંતર રાષ્ટ્રિય કક્ષાના ૧૫ જેટલા એવોર્ડ મળેલ છે.

જયોતિગ્રામ યોજના માત્ર એક હજાર દિવસમાં પૂર્ણ કરીને ૧૮ હજાર ગામડાઓને ૨૪ કલાક થ્રી ફેઈઝ વીજળી ઉપલબ્ધ કરાવીને ગ્રામ્યજનોના સામાજિક અને આર્થિક પ્રવૃત્તિમાં ક્રાંતિકારી પરિવર્તન આવેલ છે. ગુજરાત વિદ્યુત બોર્ડ પાંચ વર્ષ પહેલાં રૂા. ૬૨૬ કરોડની ખોટ કરતું હતું જેમાં આમૂલ પરિવર્તન કરીને ૨૦૦૭માં રૂા. ૨૨૦ કરોડનો નફો કરેલ છે. આગામી પાંચ વર્ષમાં ૧૫૦૦૦ મેગાવોટનું વીજ ઉત્પાદન કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી સી.કે.રાઉલજી.

**શ્રી સી.કે. રાઉલજી(ગોધરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના સંબોધનના આભાર પ્રસ્તાવ ઉપર મારાં સૂચનો રજૂ કરવા માટે ઊભો થયો છું. ગઈકાલે શાસકપક્ષના પ્રસ્તાવ લાવનાર શ્રી આત્મારામ પરમારનું પ્રવચન હું ખૂબ શાંતિથી સાંભળતો હતો. શ્રી આત્મારામ પરમાર એમ કહેતા હતા, !!રઘુ કૂળ રીત સદા ચલી આઈ, પ્રાણ જાય પર વચન ના જાઈ!!. સાહેબ હું હમણાં ગયા રવિવારે અયોધ્યા ગયો હતો, કળિ યુગની વાત અને સતયુગની આ વાત એટલા માટે કરું છું કે, રામચંદ્ર ભગવાને સત યુગમાં તો તેર વર્ષ વનવાસ ભોગવ્યો હતો પણ આ તો ૧૯૯૨ થી આજે ૨૦૦૮ સુધી આજે રામચંદ્ર ભગવાન કળિયુગમાં પણ મળતા નથી એની વાતનું દુ:ખ અમને તો ઠીક પણ અમે જ્યારે ત્યાં દર્શન કરવા ગયા ત્યારે ૬૦ મીટર દૂરથી દર્શન નથી કરી શક્યા. આજે સાત હજાર સૈનિકો એ રામચંદ્રનું રક્ષણ કરતા હોય એમ એ વાત તમે ભૂલી ગયા છો. (અંતરાય) કેન્દ્ર સરકારની જવાબદારી, પણ તે વખતે તમારી સરકાર, વાજપાઈની હતી, માનનીય સભ્યશ્રીને તે વખતે પણ એન.ડી.એ.ની સરકાર હતી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય સી.કે.રાઉલજી.

**શ્રી સી.કે. રાઉલજી** : મારો કહેવાનો મતલબ કે, !!રઘુ કૂળ રીત સદા ચલી આઈ, પ્રાણ જાય પર વચન ના જાઈ!!. માનનીય રાજયપાલશ્રીના સંબોધન બદલ આભાર પ્રસ્તાવમાં પંચવર્ષીય આયોજનમાં હરણ ફાળ, નવ પંચવર્ષીય યોજનામાં ખર્ચ ૫૪૨૬૫ કરોડ અને આ દસમી પંચવર્ષીય યોજનામાં ૪૯૪૧૫ કરોડ . નવ પંચવર્ષીય યોજનામાં ૫૪૨૬૫ કરોડ અને આ પાંચ વર્ષમાં આ ૨૦૦૦ થી ૨૦૦૭ નવ પંચવર્ષીય યોજના કરતાં ૪૮૫૦

કરોડનો ખર્ચ. મારો કહેવાનો મતલબ તમારી હરણ ફાળ શું છે ? હું એ કહેવા માગું છું કે, આ લીંબડીથી બગોદરાનો રસ્તો નેશનલ હાઈ-વે ઓથોરિટીનો કેન્દ્ર સરકારનો છે. ૧૯૯૬-૯૭માં જ્યારે અમે માર્ગ અને મકાન ખાતાના મંત્રી હતા, ત્યારે અમે એવું નહોતા વિચારતા કે આ ભા.જ.પ.ના માણસો આ રસ્તા ઉપર જશે. બહેનશ્રી કહેતા હતા કે, હકારાત્મક અભિગમ, માનનીય નીતિનભાઈ આ તમારા હકારાત્મક અભિગમની વાત કરું છું ત્યારે રચનાત્મક અને હકારાત્મક( અંતરાય) સાહેબ મને ખ્યાલ છે કે, તે વખતે ૬૦૦ કરોડના જોબ નંબરો અમે આપ્યા હતા રસ્તા અને પુલોના પણ માનનીય બાવકુભાઈ ઉંઘાડ (અંતરાય) અરે, ખોટા નહતા આજે પણ ટેક્નીકલ અને વહિવટી મંજૂરીવાળા પડેલા છે. પણ અમે અહીંયા આવ્યા ત્યારે અમને કાગળ લખવામાં આવ્યા કે, નાણાકીય ઉપલબ્ધિ થયેથી તમારા રસ્તાના કામો પૂર્ણ કરવામાં આવશે. ઇરાદાપૂર્વક સાહેબ, નૅગેટિવ અને પોઝેટિવ હું તો આપના મંત્રીશ્રીને કહીશ કે, રોડ અને પુલો થશે તો અમે કોંગ્રેસવાળા એકલા નથી જવાના. હકારાત્મક અભિગમની વાત હું એટલા માટે કરું છું કે આજે પાંચ વર્ષ તમારા છે, કાલે અમારા આવશે. સો દિવસ સાસુના તો એક દિવસ વહુનો આવશે, ચિંતા ના કરો. મને એ વાતની ચિંતા છે કે, માનનીય શાસકપક્ષના તમામ સભ્યો બસ, નરેન્દ્ર મોદી અમારા વહીવટ કર્તા એક નંબરના (અંતરાય) સાહેબ હું તમને પૂછું છું કે, તમે આ મંત્રી મંડળમાં બેઠેલા એક મંત્રી એમ કહે કે, કેબિનૅટમાં બેઠેલા આ એક શ્રેષ્ઠ મંત્રી કે આ એક અમારા શાસકપક્ષનો શ્રેષ્ઠ ધારાસભ્ય એવી તમે જાહેરાત આપો. જુઓ તમે મોદી સાહેબ શું કરે છે તમને? વ્યકિતવાદ આ દેશમાં કોઈ દિવસ ચાલતો નથી. કોંગ્રેસના કેટલાએ નેતાએ દેશની સ્વતંત્રતા માટે બલિદાન આપ્યું છે. ભા.જ.પા.ના એક પણ નેતા બતાવો આ દેશ માટે બલિદાન આપ્યું હોય. ખોટી વાતો કરવી, લોકોને ભરમાવવા એ વાત ભૂલી જાવ. ભલે તમે ૧૧૭ છો મેં કહ્યું છે એ પ્રમાણે વિચારી લેજો અમે પણ વહીવટ કરતા હતા.

**અધ્યક્ષશ્રી.** : શ્રી રાઉલજી, તમારે મિનિટો બહુ ઓછી છે.

**શ્રી સી.કે. રાઉલજી** : હકારાત્મક અને નકારાત્મક અભિગમની વાત શાસક પક્ષ કરે છે. મને દુઃખ થાય છે કે અમારા ૬૦૦કરોડના જોબ નંબર પુલ અને રસ્તાના નૅગેટિવ રીતે કેન્સલ કર્યા છે. સિંચાઈની સુવિધાની વાત કરું. માર્ગ ભલે ફોર લેન થાય કે સીકસ લેન થાય . ગોધરા પંચમહાલની વાત કરું તો ૧૯૯૬માં એલાઈમેન્ટ લાઈન બાયપાસ મંજૂર કર્યો હતો. આજે ૭ કિલોમીટર અને ૮ કિલોમીટરનો રસ્તો બે ફેસના રસ્તા બાયપાસ ન થવાને કારણે મહિનામાં ૨-૩ એકસીડન્ટ થાય છે. માસુમ બાળક પણ ગુમાવીએ છીએ. હરણફાળ ભરી છે એમ કહે છે પણ આજે ૧૦ વર્ષથી ૮ કિલોમીટરનો રસ્તો કરી શકતા નથી અને હરણફાળની વાત કરે છે. એટલે મારો કહેવાનો મતલબ છે કે ૯ પંચવર્ષીય યોજનામાં ૪૯૫૦ કરોડ ખર્ચાતા હોય ત્યારે દુઃખ થાય છે પ્રોપર વે જાવ.

પાણીની સુવિધાની વાત કરું. ચૂંટણી આવતી હતી એ પહેલાં ભા.જ.પા.ના કેબીનેટ કક્ષાના મંત્રીએ એક કી.મી.પ્રધાનમંત્રી સડકનો રોડ હતો નાળિયેર ફોડીને ગયા પછી લોકોને મળવા પણ આવ્યા નથી કારણકે મત જોઈતા હતા લોકોને ભરમાવતા હતા. ભલે ભરમાવે તમારે જે કરવું હોય એ કરો પાંચ વર્ષ કારણકે પાંચ વર્ષની મુદતની મર્યાદા છે. અમે સજાગ છીએ. સહકારી માળખામાં ગરીબ, આદિવાસી, બક્ષીપંચના લોકોની ચિંતા નથી. પંચમહાલ, દાહોદ જિલ્લામાં લાખો લોકો હિજરત કરીને બીજા શહેરમાં જાય છે. સિંચાઈની સુવિધા નથી. ૪૯૫૦કરોડ રૂપિયા ૯ પંચવર્ષીય યોજનામાં પાંચ વર્ષમાં પૈસા વાપર્યા હોય તો કયાં વાપર્યા. આદિવાસી માટે શું વાપર્યું, બક્ષીપંચના છાત્રાલય માટે શું વાપર્યું? આદિવાસીઓનો કોઈ બેલી નથી, ખેડૂતોનો કોઈ બેલી નથી. પંચમહાલ જિલ્લામાં અમે મહી-પંચમહાલ મંડળી ચલાવીએ છીએ. આજે સહકારી માળખુ ખાડે ગયું છે. પંચમહાલ ડિસ્ટ્રીક બેંક બંધ થવાની હતી. કેન્દ્ર સરકારને ધન્યવાદ આપું છું કે ૧૧૫૦કરોડ જેટલી રકમ આપી છે. સહકાર મંત્રીશ્રી સાંભળે છે. પંચમહાલની ૩૦ થી ૩૫લાખ જેટલી પ્રજા આર્થિક વહીવટના સકંજામાં સપડાઈ છે. શેરડી પકવતા ખેડૂતને મજૂરી જેટલા પૈસા નથી. ૯૦લાખ જેટલી રકમ ડીસ્ટ્રીક બેંકમાં છે. ભલે ભા.જ.પા.ના શાસન કર્તાઓએ કર્યું હોય હું એમ નથી કહેતો કે એમને સજા કરો પણ ડિસ્ટ્રીક બેંક ચાલુ કરાવો કારણકે મારી આદિવાસી પ્રજાને, બક્ષીપંચના થાપણદાર દ્વિધામાં છે.પાંચ હજાર, દસ હજાર, વીસ હજાર બચત મૂકી હોય એ પણ મળતી નથી એ વાતનું દુઃખ એટલા માટે છે કે સહકારી માળખું ખાડે ગયું છે. મોટી વાતો થાય છે કે ગુજરાતમાં દારુબંધી છે. પંચમહાલમાં માજી મંત્રીનો દીકરો બુટલેગર તરીકે પાસામાં પકડાયો હોય, ગાંધીના ગુજરાતમાં દારુબંધીની વાત કરતા હોઈએ ત્યારે મારે એ કહેવું છે કે ગુજરાતમાં દારુબંધીની વાત કરનારા તમારા માજી મંત્રીનો પુત્ર આજે જેલની અંદર સબડે છે. વધારે વાત ન કરતા એટલું જ કહીશ કે આ સુધારાની અંદર સહકાર મંત્રીને જણાવીશ કે લોકોની દુઆ લો, આશિર્વાદ લો. બુમો પાડવાથી કાંઈ વળશે નહીં. મુખ્યમંત્રીશ્રીએ અધિકારીઓને કર્મયોગીની ટ્રેનિંગ આપી છે તો ધારાસભ્યશ્રીઓને પણ ટ્રેનિંગ આપે તો લોક કલ્યાણની સારી વાત થાય એટલી વિનંતી કરીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી કાળુભાઈ વીરાણી(કુંડલા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં....

**અધ્યક્ષશ્રી.** : વિરામનો સમય થયો છે. આપનું પ્રવચન ચાલુ રહેશે.

વિરામ :સવારના ૧૦-૩૦ થી ૧૧-૦૦

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી કાળુભાઈ વીરાણી(કુંડલા)** : માનનીય અધ્યક્ષશ્રી આ ગૃહમાં રાજ્યપાલશ્રીના પ્રવચનમાં સમર્થન આપવા માટે આ ગૃહના સભ્યશ્રી આત્મારામભાઈ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે, એમને મારું સમર્થન આપવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, દેશમાં ગુજરાત રાજય એ આગવું રાજ્ય છે. આ દેશમાં અને રાજ્યમાં ૧૯૪૭ માં સ્વરાજય આવ્યું. સ્વરાજ્ય આવ્યું ત્યારે પરમ પૂજ્ય ગાંધીજી અને સરદાર વલ્લભભાઈની કલ્પના હતી કે આ દેશમાં સ્વરાજ્ય આવ્યું છે. જ્યારે સ્વરાજ્ય આવ્યું ત્યારે દેશની નદીઓ પાણીથી ભરપૂર ચાલતી હતી. પાણીનો કોઈ તૂટો નહોતો, પણ આ દેશના નેતાઓની કલ્પના હતી કે સ્વરાજ્ય આવ્યું છે અને આ નદીઓમાં પાણીના બદલે ઘી અને દૂધની નદીઓ ચાલશે. આવી કલ્પના આ નેતાઓની હતી. પણ સ્વરાજ્ય આવ્યા પછી આ દેશની અને ગુજરાતની જનતાએ સતત એકપક્ષીય શાસનમાં ૪૦ વર્ષ સુધી વિશ્વાસ મૂક્યો. આ દેશ અને રાજ્યની ધૂરા હાથમાં આપી. ૪૦ વર્ષના અંતે જે આ દેશના નેતાઓની કલ્પના હતી કે નદીમાં પાણી ભરપૂર ચાલે છે. ઘી અને દૂધની નદીઓ જરૂરથી થશે, પરંતુ મને દુઃખ સાથે કહેવાનું મન થાય છે કે પાણી તો નદીઓમાં સૂકાઈ ગયું. દૂધ અને ઘીની નદીઓ તો શરૂ ન થઈ, પણ ૪૦ વર્ષમાં કુશાસનના કારણે લોકોને પીવાનું પાણી મળતું બંધ થયું. લોકોની સલામતી રહી નહિ. ૪૦ વર્ષના અંતે મને કહેતાં દુઃખ થાય છે કે સૌરાષ્ટ્રનો ખેડૂત શક્તિશાળી છે, ખેડૂત કાચુ સોનું પેદા કરી શકે તેવી શક્તિ ધરાવતા ખેડૂતને પણ ૪૦ વર્ષના શાસનના અંતે પીવાનું પાણી પણ ૨૦૦૦ ફૂટે મળતું બંધ થયું છે. ખેતી ભાંગીને ભૂકો થઈ. આ શાસન કર્તાઓના ૪૦ વર્ષના શાસનમાં જે વિશ્વાસ મૂક્યો હતો એમની ઊંઘ ન ઊડી. એમને ઈશ્વરે શક્તિ પણ ન આપી કે આપણે તળાવો બનાવીએ, ચેકડેમો બનાવીએ કે જેથી વરસાદનું પાણી રોકીએ. મારે વધુમાં કહેવું છે કે પીવાનું પાણી મળતું બંધ થઈ ગયું, પણ લોકોની સલામતી ન રહી. ૪૦ વર્ષના શાસનમાં ખુલ્લેઆમ મંત્રીશ્રીઓની હત્યાઓ થાય. ખુલ્લેઆમ ધારાસભ્યશ્રીઓની હત્યાઓ થાય. આજે વાત કરવામાં આવે છે પાટણની. મારે કહેવું છે કે ૪૦ વર્ષનો ઇતિહાસ તો યાદ કરો. કેવી સ્થિતિ હતી? આપણા હ્રદયને પૂછીને જુઓ. આપણા મંત્રીશ્રીઓની ખુલ્લેઆમ હત્યાઓ થતી હતી. સામાન્ય માણસની શું સ્થિતિ હશે. દારુની રેલમછેલ થાય, સરકીટ હાઉસમાં મંત્રી નિર્વસ્ત્ર પકડાય આ સ્થિતિ ગુજરાતની હતી.

માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્રના લોકોને પીવાનું પાણી મળે નહીં. ખેતીની કોઈ સલામતી નહીં. પોતાની કોઈ સલામતી નહીં. તેના કારણે સૌરાષ્ટ્રનો ખેડૂત સ્થળાંતર કરીને નવસારી, સુરત, બોમ્બે પોતાની મહામૂલી ખેતી મૂકીને અને પોતાના વ્હાલસોયા બાળકો મૂકીને રોજીરોટી માટે અને પેટ ભરવા સ્થળાંતર કરવું પડતું હતુ. મને કહેતાં ગૌરવ થાય છે કે ચાલીસ વર્ષ પછી ગુજરાતની જનતા જાગી અને ચાલીસ વર્ષ પછી ગુજરાતની જનતાએ કરવટ બદલ્યો. આ લોકો ઉપર ચાલીસ વર્ષ સુધી વિશ્વાસ મૂકયા પછી તે લોકોએ વિશ્વાસઘાત કર્યો છે. અત્યારે તે લોકો બેઠા બેઠા કાળી ધાઉ નાંખે છે. તમારા ઉપર ચાલીસ વર્ષ સુધી વિશ્વાસ મૂકયો હતો અને તમે કામ કર્યુ હોત ને તો આજે આ જગ્યાએ બેઠા હોત મને સો ટકા વિશ્વાસ છે. ગૃહમાં જેટલા સભ્યો વચ્ચે બોલે છે તેને ગુજરાતની જનતાએ તારી તારી વીણીને ફેકી દીધા છે. બધા જતા રહ્યા છે. કેટલાક પાટલી ઉપરથી બોલતા હતા, કેટલાક રાડો નાંખતા હતા તે બધા ઘરભેગા થઈ ગયા છે. આ કુશાસન પછી સરદારની અને ગાંધીજીની જે કલ્પના હતી તેવું શાસન ગુજરાતમાં ૧૯૯૫ થી આજસુધી ચાલી રહયું છે. ગુજરાત આજે સલામત છે મને કહેતાં ગૌરવ થાય છે અને અમારા રાઉલજી પૂર્વ મંત્રી બોલતા હતા, •(xxxxx )એ કહે કે નવ પંચવર્ષીય યોજનાઓમાં ૫૫ હજાર કરોડના કામો થયા અને પાંચ વર્ષમાં ૪૯૦૦ કરોડના કામ થયું. એમાં તમે બળતરા શું કામ કરો? અમારા સી.એમ. સાહેબે તે કરી બતાવ્યું છે. તમારા ૪૫ વર્ષ એમાં બધા આવી ગયા, જનતાદળ આવી ગયું, જનતાદળ(જી), આવી ગયું કોંગ્રેસ (આઈ) અને કોંગ્રેસ સંસ્થા આ બધા આવી ગયા. ત્યારે તમે આયોજનના કામ જે તમે ૪૫ વર્ષમાં ન કર્યા તે અમે છેલ્લા પાંચ વર્ષમાં કરી બતાવ્યા છે. ભ્રષ્ટાચાર કર્યો હોત ને મિત્રો તો તમે અહીં બેઠા હોત. ગુજરાતની જનતા બહુ શાણી જનતા છે. મારે કહેવું ન હતું પણ હવે કહેવાનું મન થાય છે. ગત ચૂંટણીમાં ટીવી ખોલીને બટન દબાવી એટલે માનનીય અધ્યક્ષશ્રી વિકાસ, વિકાસ, વિકાસ અને પંજો બતાવે , પછી બોલાવે રસ્તા, નિશાળ, પ્રાથમિક શાળા, શિક્ષણ, સલામતી અને પછી એક ખેડૂત પાણીના ટીંપા માટે તડપતો હોય. તેને ટયુબ રાખે માથે. બે ટીંપા પાણી પડે પછી તે ખેડૂતના પત્નીને બતાવે, બે બાળકો બાજુમાં બેસાડે આ બધુ આવડતું હતું તે બધુ યાદ કરાવ્યું. પછી એક લેમ્પ ઉપર બાળે અને પછી તે ખેડૂત તડપતો હોય તે ખેડૂતની પત્ની બે રોટલાના બટકાં બાળકોને આપે. (xxxxx) પણ મને કહેતાં ગૌરવ થાય છે કે ગુજરાતની શાણી જનતાએ અર્જુનભાઈને ત્યાં ટીવી ખોલો અને દેખાય એને બિચારાને ખબર નહીં હોય કે હું વિરોધપક્ષનો નેતા મટી જવાનો છું. તેને કલ્પના નહીં હોય. અહીં નથી બેઠા. પણ મને કહેતાં ગૌરવ થાય છે કે ગુજરાતની જનતાએ એમની નોંધ લીધી કે મિત્રો તમે આજે જે વિકાસ થઈ રહ્યો છે એ વિકાસ તમે ૪૦ વર્ષમાં નથી કરી શકયા. ખેડૂતની દશા તમે જે બગાડી છે તેવું તો મને લાગે હિન્દુસ્તાનમાં કયાંય નહીં થયું હોય. આ એમનું પાપ તમારે ભોગવવાનો વારો આવ્યો છે. આ તેમનું પાપ ભોગવો છો. આપણા ઈતિહાસોમાં લખ્યું છે કે કરેંગા એ ભરેંગા. ચાલીસ વર્ષ સુધી કર્યુ છે તો ચાલીસ વર્ષ ભોગવવું પડશે. ત્યાં લગી તમારે આ બાજુ કોઈ દિ ભૂલે નહીં કરો. અમારા ઠાકોર સાહેબ ગમે તેવું ભાષણ કરે, ગમે તેવા આંકડા આપે. રાજકોટની બજાર લાંબી ગણે કે ટૂંકી ગણે, પણ ગુજરાતની જનતા સૌને પગથી માથા સુધી ઓળખે છે. આવા (xxxxx) ફેલાવ્યા પછી ગુજરાતની જનતાએ એક સંપ કરીને ૧૧૭ બેઠકો આપી. આમાં કેટલીય સમિતિઓ રચી, કેટલાય આડા ફાટ્યા, કેટલાય ઊભા હાલ્યા અને કેટલાએ એમ કહ્યું કે નરેન્દ્રભાઈ આવા છે પણ આ ગુજરાતની શાણી જનતાએ બહુ સારો નિર્ણય લીધો. એમની પાસે ન્યાય છે. પાંચ

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

વર્ષ સુધી આ પટ્ટો રીન્યુ કરાવવા માટે તપશ્ચર્યા કરવી પડે. મને આજે કહેતાં ગૌરવ થાય છે કે ૪૦ વર્ષના અંતે લોકો જે પાણી વગર તડપતા હતા ને એને કારણે આજે ફરી વખત આ ભારતીય જનતા પાર્ટીની સરકાર, આ ભારતીય જનતા પાર્ટીની સરકારના વહીવટ કરતા મંત્રીશ્રીઓ, મુખ્યમંત્રીશ્રી અને બધાની શકિતથી આજે સૌરાષ્ટ્ર લીલું-હરિયાળું બની રહ્યું છે. તમે તમારા હૃદયને પૂછો તમે સૌરાષ્ટ્રમાં કહેતા હશો તો તમને ખબર હશે. અમારા બાવકુભાઈ અત્યારે હાજર નથી નહીં તો મારે કહેવું હતું કે, આજે બાબરા અને અમરેલી જિલ્લો પાણી માટે તડપતો હતો એ આજે આ સરકારને કારણે હરિયાળા બન્યા છે. ગુજરાત સલામત બન્યું છે.(અંતરાય)

**શ્રી અધ્યક્ષશ્રી** : માનનીય કાળુભાઈ, આપનો સમય પૂરો થાય છે. શ્રી કાળુભાઈ, આપના પ્રવચનમાં (xxxxx) શબ્દ બે વખત વપરાયો છે એ રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે. નેકસ્ટ, શ્રી હર્ષદભાઈ વસાવા.

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા(રાજપીપળા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી આત્મારામભાઈ પરમાર વિધાનસભા ગૃહમાં મહામહિમ રાજયપાલશ્રીએ કરેલા સંબોધન પરનો જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં મારું અનુમોદન આપવા અને મારા વિચારો વ્યક્ત કરવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ છેલ્લા પાંચ વર્ષની અંદર જે વિકાસ કર્યો છે અને એ વિકાસના આધારે હું આપના માધ્યમથી આ રાજયની અંદર ૭૫ લાખ કરતાં પણ વધુ લોકો આદિવાસી સમાજના વસેલો છે, આ સમાજના વિકાસ માટે ૧૯૭૪ થી લઈ ૨૦૦૧ સુધી માત્ર ૬૫૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે ૨૦૦૨-૨૦૦૭ સુધી માનનીય નરેન્દ્રભાઈના શાસનમાં ૬૦૦૦ કરોડનો ખર્ચ થયો છે. આ ખર્ચ એ બતાવે છે કે, આદિવાસીઓના વિકાસ માટે જો કોઈએ ચિંતા કરી હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારના શાસનમાં માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ કરી છે. એથી વધુ આદિવાસીઓના વિકાસ માટે આગામી ૧૨મી પંચવર્ષીય યોજના માટે ૧૫૦૦૦ કરોડ રૂપિયાનું વન બંધુ પૅકૅજ આપીને આ આદિવાસીઓનો વિકાસ કરીને અન્ય સમાજની હરોળમાં લાવવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે ભગીરથ પ્રયાસ કર્યો છે એ માનનીય મુખ્યમંત્રીશ્રીની સંવેદનશીલતા છે. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા અનિલભાઈ અને ઘણા વિરોધ પક્ષના સભ્યશ્રીઓ આદિવાસી વિસ્તારના વિકાસની વાત કરતા હતા ત્યારે મારે કહેવું છે કે ગુજરાત પૅટર્ન યોજના થકી એનું આયોજન તાલુકા લેવલે અને જિલ્લા લેવલે થાય છે એમાં તમામ ધારાસભ્યશ્રીઓ એના સભ્ય છે.દરેક વિસ્તારમાં જ્યાં નાના નાના ગામડાંઓ આવેલા છે ત્યાં જ્યારે ચોમાસું આવે ત્યારે શહેર તરફ કે પાકા રસ્તા તરફ જઈ શકતા ન હતા એવા વિસ્તારોના દરેક તાલુકાને એટલી ગ્રાન્ટ આપી છે એને કારણે એ તમામ ગામો આજે પાકા રસ્તાઓથી જોડાયા છે. માનનીય અધ્યક્ષશ્રી, વન વિસ્તારની અંદર જે ગામો આવેલા છે જ્યાં વીજળી, પાણી, રસ્તાની કોઈ સુવિધા ન હતી એ વિસ્તારોની અંદર પણ આ સરકારે આયોજનબધ્ધ કામ કર્યું છે. આયોજન વિચારીને કર્યુ છે. ત્યાં આગળ સોલાર લાઈટ આપીને સોલાર ઊર્જા આવા વિસ્તારોની અંદર આપી છે. હેન્ડપંપની સુવિધાઓ આપી છે. આદિવાસીઓના પ્રશ્નની વાત મારા વિરોધપક્ષના સાથી મિત્રોએ ઘણી કરી છે મારે એટલું એમને પૂછવું છે કે સૌથી વધુ શાસન આ રાજયની અંદર કોણે કર્યુ છે. આદિવાસીઓના પ્રશ્નો મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈનું શાસન આવવાથી જ ઊભા થયા છે કે આના પહેલાં આ પ્રશ્નો હતા? સૌથી વધુ શાસન આપ લોકોએ કર્યુ છે. ત્યારે આદિવાસી ભાઈઓ આપને યાદ ન આવ્યા, કેમ તમે એમને યાદ ન કર્યા. આદિવાસીઓની જ્યારે તમે અહીંયા ગૃહની અંદર વાત કરો છો ત્યારે સૌથી વધુ જવાબદાર આપ લોકો છો. આપે જો આ આદિવાસી સમાજની ચિંતા કરી હોત, વિકાસની વાત કરી હોત તો આજે આ પ્રશ્નો આ ગૃહની અંદર આપના થકી ઉપસ્થિત ન થયા હોત. આદિવાસીઓ જંગલની અંદર રહે છે ત્યારે હું એમ કહેવા માગું છું કે એ આજે રહેવા ગયા છે કે વર્ષોથી એ લોકો જંગલમાં રહે છે. વર્ષોથી જંગલમાં રહેતા હતા તો એમને જમીન ખેડવાનો અધિકાર, હક્ક એ અગાઉ આપવો જોઈતો હતો એ અધિકાર કેમ ન આપ્યો? જ્યાં ભારતીય જનતા પાર્ટીની સરકાર રહી છે એવા રાજયોની અંદર આપણા રાજયમાં પણ ૪૪૦૦ હેક્ટર જમીનની સનદો આ ભારતીય જનતા પાર્ટીના શાસનની અંદર અપાઈ છે એટલું જ નહિ ૩૩૦૦ હેક્ટર જમીનોની સનદો જે કેન્દ્રની અંદર પડેલી છે એ સનદો આપવાનું કામ પણ માનનીય મુખ્યમંત્રીશ્રી જ્યારે કરી રહ્યા છે ત્યારે સુપ્રીમ કોર્ટમાં રીટ લાવવાનું કામ જે લોકોએ કરાવ્યું છે એ મારી સામેના મિત્રો ખાસ કરીને જાણે છે. કોણ રીટ કરાવે છે એ પણ ખબર છે. આદિવાસીઓના હક્ક આપવાની વાત તો સાઈડ પર રહી પણ એમને ગેરમાર્ગે દોરીને ઉશ્કેરણી કરીને આંતરસૂબાની જે ઘટના બની છે એની પાછળ કોણ જવાબદાર છે એની પાછળ જે લોકો •(xxxxx) રાજકીય સત્તા લેવા માગે છે એવા લોકો પરદા પાછળ રહીને ખેલ ખેલી રહ્યા છે હું આપના થકી મારા સાથી મિત્રોને વિરોધપક્ષના મિત્રોને હું એવું કહેવા માગું છું કે આદિવાસીઓને જ્યારે અધિકાર આપવાની વાત કરો છે ત્યારે તમે સાચી દૃષ્ટિએ સાચા મનથી તમે આદિવાસીઓને સાચી સલાહ આપો તેમને ગેરમાર્ગે ન દોરશો કે જેના કારણે ઉશ્કેરણી કરીને અનેક પ્રકારના ઘર્ષણ ઊભાં કરાવીને એ આદિવાસીઓ મરે એવું તમે ઇચ્છો છો એના આધારે તમે સત્તા પડાવવા માગો છો આ જે કૃત્ય કરી રહ્યા છો એ શરમજનક બાબત છે. દુ:ખની ઘટના છે. એટલું જ નહિ પણ જ્યારે વિધાનસભાની ચૂંટણીઓ થવાની હતી ત્યારે (xxxxx)દેવગઢબારીયાની અંદર આવીને આપણે ત્યાં..

**અધ્યક્ષશ્રી:** આ સભાગૃહના સભ્ય ન હોય એના નામ નહિ લેવાના એ સિવાયની વાત આપ કરો.

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા:** કોંગ્રેસના નેતાઓ અહીંયા આગળ આવીને આદિવાસી સમાજને છેતરીને ત્યાં આગળ બોલાવીને આદિવાસીઓને સનદ પ્રમાણે જમીન આપવાની છે એમ કહીને એમને ગેરમાર્ગે દોરીને ત્યાં આગળ એકત્ર કરીને ખોટી જે વાતો કરવાની એમની જે આજે પણ ટેવ રહેલી છે એ ટેવ ન ભૂલે તો આ સમાજ માફ કરવાનો નથી. જે રીતના આ સમાજની પાછળ શિક્ષણ આપવું જોઈતું હતું આ સમાજને જાગરૂકતા તરફ લઈ જવો જોઈતો હતો આ સમાજ કંઈક સારું વિચારી શકે અન્ય સમાજની દિશામાં હોઈ શકે એવી સારા રચનાત્મક બાબતો એમણે મૂકવા જોઈતા હતા એ મૂકી ન શક્યા તેના કારણે આજે પણ આદિવાસી સમાજ ગામડામાં વસતો સમાજ ગરીબ હતો એને ગરીબીમાંથી બહાર લાવવાનો પ્રયત્ન માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વન બંધુ પેકેજ લાવીને કર્યો છે. સરદાર સરોવર યોજના એ મારા વિસ્તારની અંદર આવી છે.
મને એનું ગૌરવ છે પણ છેલ્લા પાંચ વર્ષની અંદર જે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ ૯૦ મીટરની ઉંચાઈએથી ૧૨૧ મીટરની ઉંચાઈએ લઈ જવાનું, જેનો ખર્ચ જ્યારે શિલાન્યાસ થયો ત્યારથી (સમય-સૂચક ઘંટડી) ફક્ત બે મિનિટ.

**અધ્યક્ષશ્રી** : અડધી મિનિટમાં પૂરું કરો.

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા** : શિલાન્યાસ થયો ત્યારથી ૨૦૦૧ સુધીમાં ૧૦ હજાર કરોડનો ખર્ચો થયો હતો. ફક્ત પાંચ વર્ષમાં જ ૧૪ હજાર કરોડનો ખર્ચ કરીને આ યોજનામાં ૧૨૧ મીટરની ઉંચાઈએ લાવી ૧૪૫૦ મેગાવોટ વીજળી કેન્દ્રને, રાષ્ટ્રને સમર્પિત કરી છે. આ એક યોજના થકી આ રાજયની જીવાદોરી છે.

**શ્રી ચંદુભાઈ ડાભી (કરજણ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના માનનીય સભ્યશ્રી આત્મારામભાઈ પરમાર જે રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે, તેના ઉપર હું મારા મંતવ્યો રજૂ કરું છું.

આત્મારામભાઈએ વાત કરી ગુજરાતની અસ્મિતાની, ગુજરાતના સમરસની વાત કરી અને ગુજરાતના રક્ષણની વાત કરી. આપણે તે ભૂલી જઈએ છીએ કે આ જ ગુજરાતમાંથી આપણે ચૂંટીને મોકલેલા • (બાબુભાઈ કટારા આજ કબૂતરબાજીમાં સંડોવાઈને આજે જેલમાં છે).

**અધ્યક્ષશ્રી** : આપના શબ્દો પાછાં ખેંચી લો. આ સભાગૃહની અંદર જે વ્યકિત ના હોય તેનું નામ ના લઈ શકાય. આપ તો સિનિયર રહ્યા સભ્ય છો, ઉપાધ્યક્ષપદે રહી ચૂક્યા છો. આ પ્રકારના શબ્દોમાં ના જાવ તો સારું.

**શ્રી ચંદુભાઈ ડાભી** : મારા શબ્દો પાછાં ખેંચી લઉં છું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી ચંદુભાઈનું પ્રવચન ચાલુ કરો અને મેં નીતિનભાઈને કહ્યું છે પછી ચેમ્બરમાં બોલાવીને વાત કરીશ. (અંતરાય)

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, આત્મારામભાઈ જ્યાં રહે છે સુરતમાં અને ચૂંટાય છે ગઢડામાંથી. પણ સુરતની એક ઘટના છે તે ઘટનાને ભૂલી જાય છે કે સુરતમાં જીવન ભારતી સ્કૂલ છે અને ત્યાં કિરણ જાદવ કરીને છેલ્લાં ૨૫ વર્ષથી એક દલિત શિક્ષક નોકરી કરતા હતા. તેમને આ સ્કૂલના સંચાલક અને આચાર્ય દ્વારા એક નજીવા કારણસર તેમને ૨૦ થી ૨૫ નોટિસ આપવામાં આવી. એટલે બધો માનસિક ત્રાસ આપ્યો છે કે જે પોલીસ કમિશ્નરને મળ્યા અને કહ્યું કે હવે મારાથી કોઈ વેઠાય એવું નથી, આત્મહત્યા સિવાય હવે મારી પાસે કોઈ રસ્તો નથી. આ ફરિયાદ કર્યા પછીથી તેના દશમા દિવસ પછી આ વ્યકિત છે તેને આત્મહત્યા કરી છે. એટલું જ નહીં પણ આત્મહત્યાનો બનાવ બન્યા પછી બે દિવસ પછી આ કેસ નોંધવામાં આવે છે અને હવે સંચાલક અને આચાર્ય છે તે બન્નેને બચાવવા માટે વાલીઓ અને અન્ય જે શિક્ષકો છે તેના દ્વારા નિવેદનો લેવામાં આવે છે. તો માનનીય આત્મારામભાઈને આ જે શિક્ષક છે તેને માટે શું કરવા માગે છે? આબુમાં રાજસ્થાન સરકારે કોઈ પણ ગુજરાતી જમીન ખરીદી ના શકે..

**અધ્યક્ષશ્રી** : અન્ય રાજયોની સરકારો વિશે આપણે ના બોલી શકીએ. તેનો ઉલ્લેખ પણ ના થાય.

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, ભાજપના એક ટોચ કક્ષાના રાષ્ટ્રીય નેતાના કહેવાથી આ ગુજરાત સરકારે આંધ્રપ્રદેશની એક આર્યન કૅમીકલ કંપની આવેલી છે. એ કંપનીને કચ્છની એક લાખ એકર જમીન આપવાનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે. એટલું જ નહીં, ગુજરાત ઉર્જા વિકાસ માટે જે ટ્રાન્સફોર્મર બનાવવાનું છે, એસ.ટી.બસોની નવી બોડી જે બનાવવાની છે, એના માટેનો કોન્ટ્રેકટ ગુજરાતીને આપવામાં આવ્યો નથી, પણ બિન-ગુજરાતીને આપવામાં આવ્યો છે.

નર્મદા એ ગુજરાતની જીવાદોરી છે. એ વખતના કોંગ્રેસના જે વડાપ્રધાન હતા તેમના દ્વારા મંજૂરી અને ત્યારપછી જે પણ ગુજરાતના મુખ્યમંત્રી બન્યા તેમના દ્વારા એનો પાયો નંખાયો અને ૮૦.૩ ફીટ સુધીની ઉંચાઈ વધારવામાં આવી. ત્યારબાદ આજની ઉંચાઈ વધી છે. અત્યારે કહીએ છીએ કે ૫૫૨૪ ગામડા અને ૮૭ નગરોને એનાથી પાણી આપવામાં આવે છે, જો ૮૦.૩ મીટરની ઉંચાઈ ન વધારી હોત તો આજની તારીખે કેવી રીતે પાણી આપી શકાયું હોત? ૮૭ નગરોની વાત કરી છે. હું ગાંધીનગરની વાત કરું કે અહીંથી મુખ્ય કેનાલ પસાર થાય છે. અડધા ગાંધીનગરને એના બોરમાંથી પાણી મળે છે. ગઈકાલે એક સભ્યએ ભૂકંપનો ઉલ્લેખ કર્યો હતો. ભૂકંપ હતો

• ( ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

ત્યારે કેન્દ્રમાં એન.ડી.એ. ની સરકાર હતી, એટલું જ નહીં, પણ ગુજરાતના ચૂંટાયેલા નાયબ વડાપ્રધાન પણ ત્યાં હતા. પછી શું બન્યું છે એને પેપરો અને છાપાઓએ બહુ સરસ રીતે આપ્યું છે. એની રાહતો કોના ઘર સુધી પહોંચી છે, કોના ઘરમાંથી નીકળી છે, તંબુઓ, ધાબળા અને અન્ય ઘરવખરી કોના ઘરમાં ગઈ?

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના ઔદ્યોગિક વિકાસની હરણફાળની વાત કરવામાં આવી. એમનું કહેવું છે કે એના લીધે લગભગ ૧૩ હજાર કારીગરોને રોજી મળી છે. તપાસ તો કરો કે આખા ગુજરાતની જી.આઈ.ડી.સી.ની હાલત શું છે? લગભગ ૭૦ ટકા ઉપરાંત જી.આઈ.ડી.સી.ના નાના કારખાનાઓ બંધ થઈ ગયા છે. હજારો, લાખો કારીગરો બેકાર બન્યા છે. એમને પૂરતું વળતર આપવામાં આવ્યું નથી. એમના પ્રશ્નો એવા છે કે ઘરવખરી વેચી દેવી પડે છે. આત્મહત્યાના કેટલાક બનાવો પણ એને લીધે બનતા હોય છે.

કેટલીક બીજી વાતો પણ છે. આ સરકારે ઉર્જા વિકાસની વાત કરી. ૫ વર્ષમાં ૨ હજાર ટ્રાન્સફોર્મર નાંખીને વીજ ઉત્પાદન વધારવાની વાત થઈ. ૫૬૦૦ મેગાવોટ વીજળી ઉત્પન્ન થઈ છે અને ૧૫ હજાર મેગાવોટનું આયોજન છે. પવન ઉર્જામાં ૫ વર્ષમાં ૪૦૦૦ મેગાવોટની વાત પણ કરવામાં આવી.

**શ્રી યોગેશ પટેલ(રાવપુરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ લઈને મારા સાથી ધારાસભ્ય શ્રી આત્મારામભાઈ પરમાર આવ્યા છે, એને હું આવકારું છું અને એને અનુમોદન આપું છું.

માનનીય રાજયપાલશ્રીએ તેમના પ્રવચનમાં બહુ સારી વાત કરી છે. એમણે કહ્યું છે કે ૨૦૦૭માં વિધાનસભાની ચૂંટણીઓ થઈ એ શાંતિમય વાતાવરણમાં થઈ છે, તેનો પણ પ્રવચનમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. માનનીય નરેન્દ્રભાઈના ૫ વર્ષના કુશળ વહીવટ, તેમની પ્રમાણિકતા અને તેમની ઈમેજ ઉપર આ ચૂંટણીઓ લડાઈ અને રાજયના લાખો મતદારો ચૂંટણીના દિવસે ઉમટી પડયા, ભારે મતદાન થયું અને ઐતિહાસિક ચુકાદો આવ્યો અને ભારતીય જનતા પાર્ટીના ૧૧૭ ધારાસભ્યોને જનાદેશ મળ્યો. આ રાજયની પ્રજાએ ફરીથી ત્રીજી વખત શ્રી નરેન્દ્રભાઈ મોદીને ગુજરાતની ગાદીનો તાજ પહેરાવ્યો છે. ગઈકાલે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ માનનીય નરેન્દ્રભાઈ માટે હિટલરની વાત કરી. તો મને લાગે છે કે તેમને ઈતિહાસની ખબર નથી કે હિટલર હોય અને ૮૯ ટકા મતદાન ૧૦ વર્ષમાં થયું. આ તો અંધારા અને અજવાળા જેવી વાત છે. અંધારું હોય તો અજવાળું ના હોય અને અજવાળું હોય તો અંધારું ના હોય. સૂર્ય ઉગે ત્યારે.....(અંતરાય)

**અધ્યક્ષશ્રી:** માનનીય અર્જુનભાઈ, તમે કયા પોપટની વાત કરો છો એ તમને જ ખબર છે કે નહીં,તમારે ત્યાં પોપટ રામ ના બોલતો હોય તો વધારે નવાઈ છે.

**શ્રી યોગેશભાઈ ના. પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, "યતો ધર્મઃ તતો જયાઃ" એક ધર્મથી જ રાજ ચાલે છે અને એનો હંમેશાં જય થાય છે જે રાજા ધર્મવીર હોય, શૂરવીર હોય, નીતિવાન હોય, સત્યવાદી હોય એની પ્રજા સુખી અને યશસ્વી થાય છે. આ લોકો કાન બંધ રાખતા હોય છે અને રાજયની બહાર જાય તો ત્યાંની જનતા આ આપણા મુખ્યમંત્રીશ્રી માટે શું વાત કરે છે એ સાંભળતા જ નથી અને જો એ વાત એ સાંભળતા હોય તો હાઉસમાં આ જે વાત કરે છે એ ના કરે. હમણાં જ માનનીય ચંદુભાઈએ જે વાત કરી, એમણે લોકશાહીની વાત કરે છે તો મને કહેવા દો કે બધા જાણે છે કે ૧૯૯૮ માં લોકશાહીનું ખૂન આ હાઉસમાં કોણે કર્યુ હતું? તમારા મોંઢે ચંદુભાઈ, આ વાત શોભતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા મુખ્યમંત્રીશ્રી ધર્મવીર છે અને એના લીધે તો આ રાજયમાં છેલ્લા ૫ વર્ષથી મેઘરાજાની મહેર વરસે છે, કયાંય છેલ્લા ૫ વર્ષથી કોઈ દુષ્કાળ જોવા મળ્યો નથી. વરસાદ બહુ જ પડયો એનાથી ધંધા રોજગાર ખીલ્યા છે અને ખેડૂતો પણ બહુ જ ખૂશ છે અને સુખી છે. (અંતરાય) અમારા વડોદરા શહેર અને સુરતમાં...(અંતરાય) ૨૫ થી ૩૦ ઈંચ સુધીનો વરસાદ પડયો અને અમારા સુરતમાં એક એક માળ સુધી પાણી ભરાયાં હતાં. આ એ જ મુખ્યમંત્રીશ્રી હતા કે જેમણે પાણીના પૂરમાં લોકોને સહાય કરી અને ૩-૩ દિવસસુધી ત્યાં પૂરમાં ફર્યા હતા અને એનું પરિણામ સુરતની પ્રજાએ આ ચૂંટણીમાં આપી દીધું છે. માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી ધારાસભ્યશ્રી આત્મારામભાઈ પરમારે વાત કરી અને ગઈકાલે તેમણે વિરોધપક્ષની ટીકા કરી હતી કે આ લોકોને સત્તા વિના ચાલતું નથી. તો આપણે તો ઈતિહાસ જાણીએ છીએ કે મહારાણા પ્રતાપે એક વખત ચિતોડની ગાદી ગુમાવી હતી અને એ જંગલમાં ફરતા હતા ત્યારે તેમને ભામાશા મળ્યા અને તેમણે મહારાણા પ્રતાપને મદદ કરી અને પ્રજાનો મત પણ તેમની સાથે હતો અને એના લીધે ફરીથી તેમણે ચિતોડની ગાદી પ્રાપ્ત કરી હતી. આ કોંગ્રેસ પાસે આખા ગુજરાતમાં કોઈ વીર મહારાણા પ્રતાપ નથી, પણ તેમને તો ભામાશા બહુ મળે છે. એમને પૈસા આપનારા બહુ મળે છે કે મોદીને હટાવો. તેમને તો મહારાણા પ્રતાપ થવું નથી, પણ તેમને તો ભામાશા થવું છે. ધર્મવીર થવું નથી પણ ધનવીર થવું છે. (અંતરાય) માટે તો અમે અહીં બેઠા છીએ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી:** માનનીય ખુમાનસિંહ, આપનો ખાસ એક પિરિયડ રાખવો પડશે.

**શ્રી યોગેશ પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, તેમણે કાયદો અને વ્યવસ્થાની કાયમ ટીકા કરી કે રાજયમાં કાયદો અને વ્યવસ્થા નથી? તો જે વ્યકિતના હાથમાં હકુમત છે, જે ધારે તો કાયદો અને વ્યવસ્થા ઉપર આ સરકારને હટાવીને રાષ્ટ્રપતિશાસન ઠોકી શકે છે. તેવા રાજયપાલશ્રીએ પણ એમના પ્રવચનમાં એવું કહ્યું છે કે કાયદો અને વ્યવસ્થા આ રાજયમાં સારી રીતે ચાલે છે. ગુનાઓની તપાસ થાય છે અને શોધખોળ થાય છે, આંતરિક સલામતીની

કામગીરી અસરકારક રીતે થઈ રહી છે. તેથી આ ગુજરાત સલામત છે. અહીં આતંકવાદની ઘટનાઓ બની છે, પરંતુ બહુ મામૂલી બની છે, તેનાથી બહુ મોટી જાનહાનિ નથી થઈ, પીવાના પાણીની વાત કરીએ તો ભૂતકાળમાં અપણે ન્યુઝ પેપરમાં પહેલા પાના ઉપર ફોટા છપાતા જોયા હતા, પાણીના ટેન્કરોની લાઈનો હોય, રેલવેમાં પાણી લઈ જવાતું હોય, પરંતુ છેલ્લા છ વર્ષથી આવી લાઈનો જોવા નથી મળતી. આખી મારૂતી ગાડી જાય તેવી મોટી પાઈપ લાઈનો આ સરકારે નાખી છે, છેક રાજસ્થાન સુધી આ પાઈપ લાઈન ટૂંક સમયમાં જોડાવાની છે, નાના નાના ગામડાંમાં પણ પીવાનું પાણી અપાઈ રહ્યું છે, કચ્છમાં પાણી અપાઈ રહ્યું છે. અને હવે પીવાના પાણીની સમસ્યા આ રાજયમાં રહેવાની નથી.

આ સરકારે રસ્તાઓ પણ ખૂબ બનાવ્યા છે, એટલા મોટા રસ્તાઓ બનાવ્યા છે એના ઉપર ભારતીય જનતા પાર્ટીના લોકો જાય છે અને સામે પક્ષે બેઠેલા લોકો પણ જાય છે, તેમ છતાં આ રાજયના વહીવટ અને કામગીરી થઈ રહી  છે તેની જ્યારે ટીકા કરે છે ત્યારે એવું લાગે છે કે આ રસ્તાઓ ઉપર તેઓ જતા નથી લાગતા.

એસ.ઈ.ઝેડ.ની વાત કરીએ તો કોઈપણ વેપારી અને ઉદ્યોગપતિ તેમને જે જગ્યાએ ઉદ્યોગ નાખવો હોય ત્યાં પહેલા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જુએ છે, કે અહીં ઉદ્યોગ કરીશું તો સારી રીતે ચાલશે કે નહીં, અહીં કોઈ ગુંડાગીરી છે કે નહીં, એ બધું જુએ પછી સરકાર જુએ છે, પછી ત્યાં ઉદ્યોગ નાખે છે.  કેન્દ્ર સરકારે ૫૧ જેટલા એસ.ઈ.ઝેડ આ રાજયને આપ્યા છે. તો આ રાજયે એસ.ઈ.ઝેડ. ના કાયદા પણ પહેલી વખત બનાવ્યા છે, અનેક ઉદ્યોગો અહીં સ્થપાવાના છે, તેનાથી લાખો લોકોને આ રાજયમાં રોજગારી મળવાની છે. કૃષિની વાત કરીએ તો ગુજરાતનો ખેડૂત હવે બાપડો નથી રહેવાનો.  આજે ખેડૂતની આવક ૪ ગણી વધી છે, અને રહેણી કરણી પણ બદલાઈ ગઈ છે. આજે ખેડૂત પુત્ર મોટર સાયકલ લઈને ફરતો દેખાય છે. તાલુકામાં પણ મોટર સાયકલની એજન્સીઓની દુકાનો ખુલી છે. તાલુકા કક્ષાએ આ સરકારે ઉદ્યોગો નાખ્યા તેનું પરિણામ શું આવ્યું? તેનું પરિણામ એ આવ્યું કે ખેડૂતોની જમીન જે સસ્તા ભાવમાં વેચાતી હતી તેના આજે પાંચ ગણા ભાવો થઈ ગયા છે, ખેડૂતોને રોજી મળવા માંડી છે, અને જે ગામડાં તૂટી રહ્યા હતા અને ગ્રામ્ય જનતા શહેર ભણી જતી હતી તેમાં પણ ઘટાડો થયો છે.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી આત્મારામ ભાઈ પરમાર નામદાર રાજયપાલશ્રીના પ્રવચન બદલ આભાર પ્રસ્તાવ આ સભાગૃહ સમક્ષ લાવ્યા છે ત્યારે હું એમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું ઘણા સમયથી મારી સામેની બેન્ચ ઉપર બેઠેલા મિત્રોને સાંભળી રહ્યો છું. બહુ ધ્યાનથી સાંભળું છું. દરેક વસ્તુ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ કરી, માનનીય નરેન્દ્રભાઈએ આમ કર્યુ, માનનીય નરેન્દ્રભાઈના નેતૃત્વ હેઠળ આમ કર્યુ. આવી માત્ર વાતો કરી અને આ ગુજરાતની જનતાને •(ગૂમરાહ) કરવાનું કામ મારા સામે બેઠેલા મિત્રો કરી રહ્યા છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી,  (ગૂમરાહ) શબ્દ અસંસદીય છે તેથી એ શબ્દ પાછો ખેંચી લો.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, (ગૂમરાહ) શબ્દ પાછો ખેંચી લઉં છું.  હમણાં વાત કરી કે ખેતીનું ઉત્પાદન વધ્યું છે, ખેડૂતોને ચાર ગણી આવક થઈ છે એ વાત સાચી છે. છેલ્લા પાંચ વર્ષ થયા વરસાદ સારો થાય છે, ખેડૂતો સુધારેલા બિયારણો વાપરે છે,  ખાતર નાંખે છે, કેન્દ્ર સરકારના હિસાબે ખેડૂતોને વળતર યુક્ત ભાવો મળે છે અને એના પરિણામે ખેડૂતોની આવકો ચાર ગણી વધી હોય એમાં રાજય સરકારને કંઈ લેવાદેવા કે સબંધ નથી.  આપે ખેડૂતોને કોઈ સહાય નથી આપી, ખેડૂતોને સમયસર વીજળી આપવાની દરકાર પણ આ સરકારે કરી નથી. એટલા માટે માત્રને માત્ર ખોટી વાતો કરીને આ ભારતીય જનતા પક્ષના મારા સાથી મિત્રો પ્રચાર કરી રહ્યા છે. ખેડૂતોના નામે વાતો કરતા હોય કે ખેડૂતો માટે અમે આમ કર્યુ તેમ કર્યુ તો ગત વરસે  આખા સૌરાષ્ટ્રમાં પૂર આવ્યું હતું એના કારણે ખેડૂતોની હજારો એકર જમીનનું ધોવાણ થયું હતું,  પાકનું ધોવાણ થયું હતું એના લીધે પાક નિષ્ફળ ગયો હતો એનો સરકારે સરવે પણ કર્યો હતો તેમ છતાં આજ દિન સુધી ખેડૂતોને કોઈ સહાય ચૂકવવાની કામગીરી આ સરકારે હાથ ધરી નથી  ખેડૂતો સહાય માટે રાહ જોઈ રહ્યા છે.

વીજળીના પ્રશ્નની વાત કરું તો માનનીય ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઈ  ખૂબ જ વિદ્વાન છે એનો મને આનંદ છે. ગુજરાત વિદ્યુત બોર્ડ માત્રને માત્ર નફો કરવા માટે હોય માત્રને માત્ર ખેડૂતો જ ચોર છે તેવી વૃત્તિ દાખવીને ખેડૂતોને હેરાન પરેશાન કરવાની જ કામગીરી કરી રહ્યું છે.  ખેડૂતોએ ૧૯૫૧ની સાલથી વીજ કનૅક્શન માટેની માગણી કરી છે છતાં  એને એ કનૅક્શન આજે પણ મળ્યું નથી.  તત્કાળ વીજ કનૅક્શનની વાત કરવામાં આવી એમાં ૬૦ દિવસમાં કનૅક્શન આપવામાં આવશે પરંતુ આજે ચાર-ચાર વર્ષ  થવા છતાં હજી એમને કનૅક્શનો આપવામાં આવ્યા નથી.  ખેડૂતોને ફક્ત પાંચથી છ કલાક જ વીજળી આપવામાં આવે છે.  ચૂંટણી પહેલા વીજળી મળતી હતી પરંતુ ચૂંટણી પછી એમાં પણ કાપ આવી ગયો છે.  જે પાવર આપવામાં આવે છે એ ટ્રીપીંગ વાળો લો વોલ્ટેજવાળો મળે છે જેના હિસાબે ખેડૂતો પરેશાન થઈ જાય છે. પી. ડી. સી. કનૅક્શનો ચાલુ કરવાની વાત કરી હતી, પરંતુ એ કનૅક્શનો ચાલુ કરાવવામાં ખેડૂતોને પગે પરસેવો આવી જાય છે.

---

• (      ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

જ્યોતિ ગ્રામ યોજનાની વાત કરવામાં આવી છે. ૨૪ કલાક ગામડાંને વીજળી આપીશું એ ગામડાંમાં ચાલુ થઈ છે પરંતુ ગામ સાથે જોડાયેલા પેટા પરા અને મોટા ભાગના ખેડૂતો વાડી વિસ્તારમાં રહેતા હોય છે ખેત મજૂરો રહેતા હોય છે તેવા વિસ્તારને જ્યોતિ ગ્રામ યોજનાનો લાભ આપવાની કોઈ કાર્યવાહી હાથ ધરાતી નથી. તત્કાળ કનૅક્શન સમયસર મળે એના માટે આ સરકાર કંઈ કાર્યવાહી કરતી નથી માત્ર જાહેરાતો કર્યા કરે છે. કોઈપણ જાતની જાણ કર્યા વગર ખેડૂતોના વીજ કનૅક્શનો કાપી નાખવામાં આવે છે. અવારનવાર ખોટા ચેકીંગો કરવામાં આવે છે, ખેડૂતોને ગભરાવવામાં આવે છે. અમારા જામનગર જિલ્લામાં સેવક ભટિયા ગામે ખેડૂતના ખેતરમાં ૨૧ જેટલી ગાડીઓ સાથે વીજળી બોર્ડના અધિકારીઓ ત્રાટક્યા. એના બોર ઉપર તો ચોરી ન પકડાઈ પરંતુ એ ખેડૂતને એમ કહ્યું કે તું બતાવ બીજા કોણ કોણ ચોરી કરે છે. ખેડૂત ગભરાટથી આઘાત પામ્યો અને એને એટૅક આવી ગયો અને તે ગુજરી ગયો. આવો ત્રાસ ખેડૂતો ઉપર ગુજરાત વિદ્યુત બોર્ડ કરી રહ્યું છે.

કાયદો અને વ્યવસ્થાની વાત કરતા હોય તો ચાંદનીનું પ્રકરણ બન્યું એના આરોપીઓ હજી સુધી પકડાયા

નથી. પાટણમાં બનાવ બન્યો. હમણાં મારા વિસ્તારમાં જામનગર તાલુકામાં નંદપુર ગામે એક શિક્ષકે વિદ્યાર્થીનીની છેડતી કરી તેથી આ શિક્ષકને ગામ લોકોએ મેથીપાક પણ આપ્યો. શિક્ષકોને કોઈ ભય નથી રહ્યો તેવી આ રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ છે. મારા મિત્રો કહે છે કે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સારી છે, ગુજરાત સલામત છે. પરંતુ ગુજરાતમાં કયાંય સલામતી નથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ખૂબ ખરાબ છે.

માનનીય અધ્યક્ષશ્રી, બી.પી.એલ. કાર્ડમાં ગરીબ લોકોને. ખૂબ અન્યાય થયો. લાખોની સંખ્યામાં ગુજરાતમાંથી બી.પી.એલ. કાર્ડધારકોને બાકાત કરી નાખવામાં આવ્યા છે. જેના કારણે ગરીબ માણસોને સરકારી સહાય મળે છે એ સહાય અટકી ગઈ અને આવા ગરીબ માણસોને મળતી સહાય બંધ થઈ ગઈ છે. જેના કારણે ગરીબ લોકોમાં ખૂબ ઉશ્કેરાટ છે. ગરીબ લોકોમાં ખૂબ ઉકળાટ છે. આ બી.પી.એલ.નો પ્રશ્ન રાજય સરકાર ગંભીરતાથી લેતી નથી.

આ સિવાય કાયદો અને વ્યવસ્થાની વાત કરો તો પણ આવી સ્થિતિ છે. ખેડૂતોને ૭/૧૨ અને ૮/અના દાખલા લેવા માટે તાલુકા મથકે ત્રણ-ત્રણ વાર ધક્કા ખાવા પડે છે. કૉમ્પ્યુટરમાં ભૂલોને કારણે વરસ-વરસ સુધી ખેડૂતોને સાચા ઉતારા નથી મળતા. આવી સ્થિતિ છે. આવી સ્થિતિ જંગલી રોઝ અને ભૂંડના ત્રાસની ખેડૂતો માટે ઉભી થઈ છે. જંગલી રોઝનો ત્રાસ નાબૂદ કરવા માટે સરકાર કોઈ પગલાં લેતી નથી. એવી જ રીતે અત્યારે ભૂંડના ટોળાને ટોળા ખેડૂતોના ઉભા પાકનો નાશ કરે છે. આવી સ્થિતિ દૂર કરવા માટે કે ખેડૂતોને મદદ કરવા માટે(અંતરાય) વાસ્તવિકતા છે, તમે તપાસ કરજો. જો સરકાર ખેડૂતોને ખરેખર મદદ કરવા માગતી હોય તો આ રોઝના અને ભૂંડના ત્રાસમાંથી ખેડૂતોને મુક્ત કરવા માટે જરૂરી પગલાં લેવા જોઈએ અને ખેડૂતોને મદદ કરવી જોઈએ. માત્ર વાતો કરતી આ સરકાર છે. તેના કારણે માનનીય રાજયપાલશ્રીના પ્રવચન અંગેના આભાર પ્રસ્તાવને હું ટેકો આપી શકતો નથી.

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી આત્મારામભાઈ પરમાર વિધાનસભા ગૃહમાં મહામહિમ્ રાજયપાલશ્રીએ કરેલા પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે તેના સમર્થનમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા કોંગ્રેસના સાથી મિત્રો ખેડૂતોની ખૂબ લાગણીસભર અને ચિંતાની વાતો કરનારા છે. આ માત્ર વાતો કરવાથી ખેડૂતોનો પ્રશ્ન હલ થઈ શકતો નથી. ચાર-પાંચ વર્ષ પહેલાં ભારતીય જનતા પાર્ટીની કેન્દ્રમાં જે એન.ડી.એ. સરકાર હતી એ સરકારમાં પેટ્રોલ અને ડિઝલમાં ૫ ટકા ઈથેનોલ ની ભેળસેળ કરવા માટે નિર્ણય લેવાયેલ. આ યુ.પી.એ.ની સરકાર આવ્યા પછી આ નિર્ણય સ્થગિત કરવાને કારણે..

**અધ્યક્ષશ્રી** : આપણે આપણા રાજયની વાત કરીએ તો વધુ સારું છે.

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ** : તેના ઉપર જ આવું છું. સમગ્ર દેશમાં ગુજરાત રાજય એવું છે કે જ્યાં સુગર ફૅકટરી સહકારી ધોરણે ચાલી રહી છે. સમગ્ર ગુજરાતના શેરડી પકવતા ખેડૂતોનો પ્રશ્ન છે. એટલા માટે કહું છું. ખેડૂતોને શેરડીના ભાવોની વાત કરીએ તો ૨૦૦૬-૨૦૦૭માં એક કિવન્ટલના ૧૮૦૦થી ૨૦૦૦ના ભાવે ખાંડ વેચાતી હતી. આ •((xxxxx) કારણે સમગ્ર દેશની અંદર..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી ઈશ્વરસિંહભાઈ, તમે ગુજરાત ઉપર વાત કરો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : (xxxxx ) આ શબ્દો રૅકૉર્ડ ઉપરથી દૂર થવા જોઈએ.

**અધ્યક્ષશ્રી** : એ શબ્દો હું રૅકૉર્ડ ઉપરથી દૂર કરું છું. ઈશ્વરસિંહભાઈ, આપ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર વળગી રહો. બાકીની વાત ન કરો.

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જેના કારણે ખેડૂતોને ૧૪૦૦થી ૧૫૦૦ના ભાવો પ્રાપ્ત થતા હતા એ પરદેશથી ખાંડ આવવાને કારણે ખેડૂતોની હાલત ખૂબ કફોડી થઈ છે અને આજે ૭૦૦થી ૮૦૦ના ગાળામાં ભાવ પ્રાપ્ત થાય છે. જે ૫૦ ટકાના ભાવો ખેડૂતોની મળી રહ્યા છે. મારા કોંગ્રેસના મિત્રો કહેતા હતા કે

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

ખેડૂતો તમારા રાજમાં આત્મહત્યા કરે છે. એટલા માટે હું આ સ્પષ્ટતા કરું છું. ભૂતકાળમાં કાયમી અછતગ્રસ્ત ગુજરાત, પાણીની સમસ્યાગ્રસ્ત ગુજરાત, દુષ્કાળગ્રસ્ત ગુજરાત, ટેંકરગ્રસ્ત ગુજરાતને મુકિત મળી છે. આ પાંચ વર્ષમાં આદરણીય નરેન્દ્રભાઈ મોદીની સરકારમાં સમગ્ર ગુજરાતમાં જે દુષ્કાળની પરિસ્થિતિ સર્જાતી હતી. સમગ્ર ગુજરાતની અંદર જે દુષ્કાળની પરિસ્થિતિ પેદા થઈ હતી એમાં છેલ્લા પાંચ વર્ષની કામગીરીને લઈને જે કામગીરી થઈ છે એમાં ૬૦૦૦૦ ચેક ડૅમ, ૧૭૧૦૦૦ ખેત તલાવડી, ૩૫૪૦૦ બોરી બંધ, નદી ઉપર મોટા ચેક ડૅમ, હયાત કોઝ-વેને ચેક ડૅમમાં ફેરવવામાં આવ્યા.૧૪૮૦૦ તળાવો ઊંડા કરવામાં આવ્યા. ગામનું પાણી ગામમાં અને સીમનું પાણી સીમમાં સમાવીને જળ મંદિરનો નવતર અભિગમ હાથ ધર્યો છે. એના પરિણામે ભૂગર્ભ જળના સ્તરમાં વધારો થયો છે. પાણીની ગુણવત્તા સુધરતાં જમીન સંરક્ષણ થયું છે. જેના કારણે ખેતીનું ઉત્પાદન વધ્યું છે. આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીમાં પ્રજાએ વિશ્વાસ મૂકીને લોકભાગીદારી દ્વારા કામો કરેલા છે. સરકાર આપે ૬૦ પૈસા પ્રજા વાપરે એક રૂપિયો, સરકાર આપે ૮૦ પૈસા પ્રજા વાપરે એક રૂપિયો. આ એક વિશ્વસનીયતાનું પ્રતિક છે. ભૂતકાળની અંદર કોંગ્રેસ પક્ષના વડાપ્રધાન કહેતા હતા કે પ્રજા માટે એક રૂપિયો આપીએ છીએ એમાંથી ૮૫ પૈસા ચવાઈ જાય છે અને ૧૫ પૈસા જ પ્રજા સુધી પહોંચે છે. આ બધા લોકભાગીદારીથી કામ થયા છે એ ગૌરવની બાબત છે. જેના પરિણામે સમગ્ર દેશમાં ગુજરાતે કૃષિ વિકાસ ક્ષેત્રે દિશાસૂચક પ્રગતિ સાધી છે. સતત ૩ વર્ષ કૃષિ મહોત્સવ થકી કૃષિ રથને સાર્વત્રિક આવકારદાયક સફળતા મળી છે. જેના પરિણામે હરિયાળી ક્રાંતિ આવી છે. જેના પરિણામે ગુજરાતનું કૃષિ ઉત્પાદન વધ્યું છે. ૪૫-૪૫ વરસ જેમના હાથમાં શાસન હતું એમના શાસનમાં કૃષિ ઉત્પાદન ૯૦૦૦ કરોડથી વધારે નહોતું થયું આ માત્ર પાંચ વર્ષની કામગીરીને કારણે સમગ્ર ગુજરાતના વિસ્તારમાં પાણી પહોંચાડવાના કારણે આજે ૩૪૦૦૦ કરોડ રૂપિયાનું કૃષિ ઉત્પાદન થયું છે આ એક મોટી સિદ્ધિ છે. કિસાનોની આવક વૃદ્ધિ થતાં જળ, જમીન અને ટૅક્નૉલૉજીનો સમન્વય કરીને ગુજરાતમાં અતિ વરસાદ જેવી કુદરતી આપત્તિ છતાં ૧૨ % જેટલો કૃષિ વિકાસ દર પ્રાપ્ત થયો છે. સમગ્ર દેશમાં ૨ % કૃષિ દરની તુલનાએ ગુજરાતનો આ કૃષિ દર ગૌરવરૂપ બની રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે સહકારી બેંકીંગ અને સહકારી પ્રવૃત્તિને વધુ સુગ્રથિત કરવા તેમજ ખેત બજારો અને ગ્રામીણ અર્થતંત્રને વધુ સુધારવા પગલાં લીધાં છે. પશુ પાલનમાં દૂધનું ઉત્પાદન વધારવાના પ્રોત્સાહક પગલાંને પરિણામે છેલ્લા ૧ વર્ષમાં ૨૦ % દૂધનું ઉત્પાદન વધ્યું છે. રાજય સરકારે પાણીના વૈજ્ઞાનિક વપરાશ અને જમીનની ફળદ્રુપતા વધારવા અને ખેત પેદાશોની ઉત્પાદકતાની વૃદ્ધિ માટે ડ્રીપ ઈરીગેશન માટે ૧૫૦૦ કરોડ રૂપિયાનની સબસીડિ આપી આજે છેલ્લા પાંચ વર્ષથી ગુજરાતના ખેડૂતો ટપક સિંચાઇ થકી ઓછું મૂડી રોકાણ કરી વધુ ઉત્પાદન લઈ રહ્યા છે. દક્ષિણ એશિયામાં ચીન, હૉંગકૉંગ, સિંગાપુર, જાપાન, તાઈવાન, કોરિયા જેવા વિશ્વના દેશો આજે ઔદ્યોગિક ઉત્પાદનમાં અવ્વલ નંબરે છે. ભાજપની આ સરકાર તેઓની સાથે ગુજરાતને હરીફાઇ કરાવવાનો મનસૂબો અને મક્કમ નિર્ધાર વ્યક્ત કરીને ગુજરાતમાં ઔદ્યોગિક ક્ષેત્રે ૨૫.૮ ટકાનું રોકાણ સાથે સમગ્ર દેશમાં પ્રથમ નંબરે રહ્યું છે. એ સાથે સૌથી વધારે એસ.ઈ.ઝેડની સ્થાપના કરવાના ૫૧ જેટલા મંજૂરી પત્રો ગુજરાતને મળ્યા છે. જેમાંથી કેટલાય કાર્યરત થયા છે. ગુજરાતમાં ટૅક્સટાઈલ કૉર્પોરેશનની જમીનમાં એપરલ પાર્કની સ્થાપના કરી જેના કારણે બેરોજગાર કામદારોને રોજી-રોટી મળે એવું આયોજન કર્યું છે. સાથે સાથે આવા ઔદ્યોગિક ગૃહો સાથે પ્રજાને આનંદ-પ્રમોદ મળી રહે તેવો વિકાસનો વ્યૂહ અપનાવાઈ રહ્યો છે. આપને યાદ હશે કે જ્યારે ગુજરાત રાજયમાં મૂડી રોકાણ કરવા માટે કૉન્ફરન્સો ભરવામાં આવી ત્યારે ભારતના નામાંકિત ઉદ્યોગપતિ શ્રી રતન તાતાએ જણાવ્યું હતું કે, આ વર્તમાન મુખ્યમંત્રીએ ગુજરાત રાજયમાં મૂડી રોકાણ આકર્ષવા કોઈ પ્રયાસ કરવાની આવશ્યકતા નથી. કારણ કે, જો અમે ગુજરાતમાં મૂડી રોકાણ નહીં કરીએ તો અમે શું કરીશું? આવી વાત જ્યારે શ્રી રતન ટાટા કહેતા હોય ત્યારે મારા સાથી મિત્રોએ પણ કબૂલવું રહ્યું કે, ભાઈ, ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી નંબર વન છે એમાં જરાય શંકાને સ્થાન નથી. જેનાથી એમને ૭૮ જેટલા એવોર્ડો પ્રાપ્ત થયા છે. ૪૫ વર્ષના શાસનમાં મને ખબર નથી કે કેટલા મુખ્યમંત્રીશ્રીઓને એવોર્ડ મળ્યા હોય, આ એક સત્ય હકીકત છે. ભારતની મુલાકાતે આવેલા જાપાનના ભૂતપૂર્વ વડાપ્રધાનશ્રી મોરીએ મુખ્યમંત્રીશ્રીને દિલ્હી બોલાવીને એટલા માટે મુલાકાત આપી હતી કે, જાપાન ઉપર ઊગતા સૂર્યના કિરણો પડે છે એ હવે ગુજરાત ઉપર પણ પડશે. તેવો એમને અહેસાસ વર્તમાન સરકારની કામગીરીથી થયો હશે તેથી જાપાન સરકારના સહયોગથી દિલ્હી મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર પ્રોજેકટ તેમજ અમદાવાદ જિલ્લાના ધોલેરા, ભરુચ જિલ્લાના મારા દહેજ જેવા સ્થળોએ સ્પેશીયલ ઈન્વેસ્ટમેંટ રીજીયન સ્થાપવાની પણ પહેલ રાજય સરકારે કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના સભ્યો જાણે છે તે મુજબ એક બેરલ ક્રુડ ઓઈલના ભાવ.. ..

**શ્રી જગદીશ મો. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી વાંચીને વાત કરે છે. બીજી ટમ છે.

**અધ્યક્ષશ્રી** : જગદીશભાઈ, કેટલાક આકડા કેટલાક ઉલ્લેખો પોતાની પાસે ના હોય, આખું પ્રવચન નથી વાંચતા.. નહીં , નહીં.. (અંતરાય) આપણો સમય બગડે છે. આપ ચાલુ રાખો અને ફતેસિંહભાઈ આપે ઉભા થવાની જરૂર નથી., આપ આપનું પ્રવચન ચાલુ રાખો.

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એક બેરલના ક્રૂડ ઓઈલના ભાવો જે સો ડોલર સુધી પહોંચી ગયા છે, જેના પરિણામે ગુજરાતની વિકાસની ગતી રુંધાય નહીં અને એનો મહત્તમ લાભ ગુજરાતના ક્રુડ ઓઈલ દ્વારા રોયલ્ટીમાંથી તે ગુજરાતના સ્ટેટ પેટ્રોલીયમ કોર્પોરેશન, ગુજરાતની એક નામાંકિત કંપની દ્વારા

રચાયેલ છે જેના કાર્યક્ષેત્રનું વિસ્તરણ દેશવિદેશના ખૂણેખૂણેથી ક્રૂડ ઓઈલ શોધીને ડીસ્ટ્રીબ્યુશનનું કામ પણ કરી રહયા છીએ.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા(બોરસદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના પ્રવચનના આભાર પ્રસ્તાવ ઉપર મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. આ ગુજરાત, ગાંધીનું ગુજરાત કહેવાય, જયારથી આ ગુજરાત રાજય અસ્તિત્વમાં આવ્યું ત્યારથી આજદિન સુધી જે પ્રગતિ થઈ, જે વિકાસ થયો, જે વિશ્વમાં નામના મળી એનો જો કોઈને યશ મળવો જોઈએ તો આ ગુજરાતની પ્રજાની આવડત અને ગુજરાતની પ્રજાની મહેનત અને આ ગુજરાતની પ્રજાની સાહસિકતા અને આજદિન સુધીના તમામ શાસકોના સુસાશનને મળવો જોઈએ. અહીં મારા મિત્રો છેલ્લા ૨ દિવસથી એક વ્યકિતની પ્રસંશા કરી રહયા છે ત્યારે મારે એમને કહેવું જોઈએ કે પથ્થરની મૂર્તિ આગળ ઉભા રહીને ગમે તેટલી સ્તુતિ કરવાથી કયારેય પથ્થરમાંથી ભગવાન પ્રગટ થવાના નથી અને કયારેય તમને જે લાભની આશાઓ છે એ પૂરી થવાની નથી. એમની વાત સાંભળીને એક વાત યાદ આવે, પેલી કહેવત છે કે * (xxxxx xxxxxxxx xxxxxxxxxxxx)

**અધ્યક્ષશ્રી.** : આ શબ્દો રદ કરવામાં આવે છે. આ શબ્દો અગાઉ વપરાઈ ગયા છે. કાઢી નાખીએ છીએ.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, શબ્દો પાછો ખેંચી લઉ છું સાહેબ. માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતની જે દશા છે કે આ ગુજરાતમાં ભા.જ.પ.ના વહીવટમાં સમાજમાં વૈમનસ્યતાનું વાતાવરણ ઉભું થયું છે. આ ગુજરાતમાં ભારતીય જનતા પક્ષના શાસનમાં પાછલે બારણેથી દારુબંધી હળવી કરવામાં આવી રહી છે ત્યારે મારે ચોકકસ કહેવું પડે કે આ ગાંધીના ગુજરાતમાં એમના શાસનમાં ગોડસેની વિચારધારાનો અમલ થઈ રહયો હોય એમ ચોકકસ લાગે છે. આજે ગુજરાતની અસ્મિતાની વાત થાય, હમણાં માનનીય સભ્યશ્રીએ વાત કરી કે કોંગ્રેસના રાજયમાં પેપરના પહેલા પેજ પર ટેન્કરનો ફોટો આવતો હતો પણ મારે એમને કહેવું જોઈએ કે કોંગ્રેસના રાજયમાં કયારેય કોંગ્રેસના પ્રમુખ ટેબલ નીચેથી લાંચ લેતા હોય એવો ફોટો નહોતો આવતો, મારે એમને કહેવું જોઈએ કે ગુજરાતની પ્રજાએ જેને મતો આપીને ચૂંટીને મોકલ્યા હતા એવા સંસદસભ્ય કયારેય કબુતરબાજી કરતા પકડાયા હોય એવો એક પણ દાખલો કોંગ્રેસના રાજયમાં નથી બન્યો. આજે વાત કરે છે જળસંચયની એમાં એમ કહેવામાં આવે કે હજારોની સંખ્યામાં બોરીબંધ બનાવ્યા, હજારોની સંખ્યામાં ચેકડેમ બનાવ્યા, હજારોની સંખ્યામાં તળાવો ઉંડા કરાવ્યા, આજે મારે એમને પૂછવું છે કે આ ચેકડેમ, બોરીબંધ કે તળાવો ઉંડા કરવાથી પાણીના તળ કેટલા ઉંચા આવ્યા એ તો ભગવાન જાણે પણ ચોકકસ વ્યકિતના ખિસ્સાના તળ ચોકકસ ઉંચા આવ્યા છે એ વિશ્વાસપૂર્વક કહેવા માગુ છું. આજે વાત કરી ગુજરાતમાં બહેનોના રક્ષણની, જેમ જગદીશએ ચિંતા વ્યકત કરી, આજથી આઠ મહિના પહેલા જુનાગઢમાં ચાંદની નામની બાળા ઉપર અત્યાચારનો બનાવ બને, એને ન્યાય અપાવવા માટે એનું કુટુંબ રજૂઆત કરે ત્યારે એની વાત સાંભળવામાં ના આવે, ધીમેધીમે એના ટેકામાં એનો સમાજ આવે તો પણ સરકારના કાન ના ખુલે. ધીમે ધીમે એની પાછળ આખું ગુજરાત અને સમાજના તમામ વર્ગના અને તમામ વિસ્તારના લોકો જાય અને રજૂઆત કરે તેમ છતાં પણ સરકારની આંખો ન ઊઘડે. એના કારણે રાજકોટ કે પાટણ જેવા દુ:ખદ બનાવો આ રાજ્યમાં બની રહ્યા છે. આપના મારફત સરકારના જે પણ વહીવટદારો છે એમને વિનંતી કરવાની છે કે પ્રજાનો અવાજ કે વિરોધ પક્ષનો અવાજ હોય ત્યારે ક્યારેય હળવાશમાં ન લેતા. સાચી વાતનો અમલ કરવા માટે ત્વરિત પગલા લેવામાં આવે તો આવનારા દિવસોમાં ગુજરાતની નાલેશીભરી વાતો થઈ છે એવા બનાવો નહીં બને. બાબુભાઈએ વાત કરેલ કે ભૂતકાળમાં અધ્યક્ષશ્રીની વાત ટાંકીને એમનું માથું શરમથી ઝુકી જાય છે ત્યારે મારે યાદ કરાવવું પડે કે એમણે ગુજરાતના વહીવટદારો માટે કહ્યું હતું કે મારું માથું શરમથી ઝુકી જાય છે. ગુજરાતના બનાવો બન્યા એ કલંક છે એવા શબ્દો વાપરેલ. એની યાદ અપાવવી પડે છે. ચૂંટણી આવી ત્યારે અમારા વિસ્તારની વાત કરું તો આ રાજ્યના મુખ્યમંત્રી આવે, લોકોને ભાષણમાં એમ કહે કે તમે આ ચૂંટણીમાં ભા.જ.પ.ને મત આપો. અમે એવો વહીવટ કરીશું કે તમે ઘેરથી ડોલચું લઈને નીકળજો. ઘેરઘેર પેટ્રોલના કૂવા નીકળશે, એ પેટ્રોલ લાવજો અને દુકાને જઈને વેચી આવજો. કોઈ બીજો ધંધો રોજગાર કરવાની જરૂર નહિ પડે. તમારું ઘર ચાલશે. આજે ચાર વર્ષ થઈ ગયા, મુખ્યમંત્રીશ્રીને આપના મારફત પૂછવા માગું છું કે કેટલા ડોલચા ભરાયા અને કેટલા કૂવા ભરાયા અને કોનું ભલું થયું? આજે વહીવટની વાત કરીએ તો ભ્રષ્ટાચાર કયા ખાતામાં નથી? એક જવાબદાર સભ્ય તરીકે પડકાર ફેંકવા માગું છું કે આજે કોઈપણ મંત્રી એમ કહેતા હોય કે અમારા વહીવટમાં કે અમારા ખાતામાં ભ્રષ્ટાચાર નથી તો અમારી સાબિત કરી બતાવવાની તૈયારી છે. તલાટીથી માંડીને સચિવ સુધી તમામ કક્ષાએ ભ્રષ્ટાચાર એટલો બધો વિકરાળ સ્વરૂપ લઈને બેઠો છે. (અંતરાય) ગ્રામ મિત્રની વાતો કરી. મહિલા માટેના યશોદા એવોર્ડ આપવામાં આવે એની ના નહીં પણ એના આંગણવાડી કાર્યકર્તાઓ કે જેમને મહિલા સંમેલનોમાં બહેનોને લાવવાની જવાબદારી સોંપાય છે, ખૂબ સારી કામગીરી કરી રહ્યા છે. એમના પગાર વધારાની માગણી વર્ષોની છે એને સ્વીકારી હોત અને સાથે સાથે યશોદા એવોર્ડ આપ્યા હોત તો અમે એમાં પ્રશંસા કરતા.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે એવું કહ્યું કે મંત્રીશ્રીને પડકાર ફેંકું છું કે ભ્રષ્ટાચાર કરે છે.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર કાર્યવાહીમાંથી કાઢી નાખવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી** : તમારા પ્રવચનમાં જવાબ આપજો. માનનીય વર્ષાબેન....

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી (વઢવાણ)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના મારા સાથી સભ્ય માનનીય આત્મારામભાઈ માનનીય રાજ્યપાલશ્રીના સંબોધન પર આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એને મારું સમર્થન આપું છું અને સાથે મારી વાત મૂકવાની અનુમતિ લઉં છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા જેવા નવા ચૂંટાયેલા ગૃહના સભ્યોને માનનીય રાજ્યપાલશ્રીએ પોતાના સંબોધનમાં પ્રથમ પંક્તિમાં અભિનંદન આપ્યા છે તે બદલ હું માનનીય રાજ્યપાલશ્રીનો દિલથી આભાર વ્યક્ત કરું છું. અહીંયા કોંગ્રેસના મિત્રોને અમારા માનનીય નરેન્દ્રભાઈ અને અમારી સરકારની પ્રશંસા થતી હતી તે સ્વીકૃત ન હતું અથવા એના માટે અનેક જુદી જુદી વાતો કરી છે. મારે મુખ્યમંત્રીશ્રીને આજે ધન્યવાદ આપવાનું એટલા માટે મન થાય છે કે આજ સુધી કોઈએ પણ નહીં અપનાવેલ ઉચ્ચ ધોરણો સ્થાપિત કર્યા છે. એટલે જ આજે ગુજરાત વિકાસની હરણફાળ ભરી રહ્યું છે. માનનીય મુખ્યમંત્રીશ્રીનું સુશાસન એટલે દીર્ઘદ્રષ્ટિ, પ્રજા પ્રત્યેની સંવેદનશીલતા, મૂલ્ય અને સિદ્ધાંતોથી દિશા સૂચન, ત્વરિત નિર્ણયશક્તિ, અતૂટ વિશ્વાસ, પારદર્શક વહીવટ, કુશળ પ્રબંધક, નિર્ભયતાના સુમેળથી આજનું ગુજરાત નંબર-૧ બન્યું છે. અમો સૌને માનનીય નરેન્દ્રભાઈના નેતૃત્વમાં કામ કરવાની તક મળી છે જે અમારું પરમ સૌભાગ્ય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું માનું છું કે ૨૧મી સદીમાં ઝડપથી વિકસિત અર્થવ્યવસ્થાઓની પ્રતિસ્પર્ધામાં ગુજરાતની અર્થવ્યવસ્થા મોખરે રહે તે માટે અમારી સરકાર જે રીતે કામ કરી રહી છે તે પરિણામ સ્વરૂપે ગુજરાત દેશના અન્ય રાજ્યોથી નહીં પણ વિશ્વની વિકાસશીલ અર્થવ્યવસ્થાઓ માટે રોલમૉડલ બન્યું છે. આજે વિકાસ માટે ગુજરાત મૉડલ દેશમાં જ નહિ પણ વિશ્વના અનેક દેશમાં પણ અનુકરણીય બન્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને આ કહેતાં ખૂબજ આનંદ થાય છે કે જ્યારથી માનનીય મુખ્યમંત્રીશ્રી મોદીએ ગુજરાતનું સુકાન સંભાળ્યું છે ત્યારથી ગુજરાતમાં દુકાળ નથી પડ્યો ને પુરતો વરસાદ પડ્યો છે એટલે જેમ કુદરત સરકારની સાથે છે તેમ ગુજરાતની જનતા પણ અમારી સરકાર સાથે છે. એટલે સુધી કે માનનીય નરેન્દ્રભાઈએ જે ક્ષેત્રમાં કામ હાથ ધર્યુ છે તેમાં અભૂતપૂર્વ સફળતા પ્રાપ્ત કરી છે માટે જ કહી શકાય કે માનનીય નરેન્દ્રભાઈ ગુજરાત માટે સૌથી શુકનીયાળ મુખ્યમંત્રી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સમગ્ર દેશમાં ગુજરાત ઔદ્યોગિકક્ષેત્રે પ્રગતિ અને મૂડીરોકાણમાં પ્રથમ સ્થાને ઊભું છે એનું જો કોઈ મુખ્ય કારણ હોય તો રાજ્ય સરકારની સ્પષ્ટ ઔદ્યોગિક નીતિ, સાનુકૂળ વાતાવરણ અને આંતરમાળખાકિય સવલતો છે. સમય સમય પર યોજાતી ઈન્વેસ્ટર્સ મીટ અને મૂડીરોકાણ માટેના કાર્યક્રમોથી વિશ્વના ઉદ્યોગકારો ગુજરાતમાં રોકાણ કરવા પ્રેરિત થયા છે તેનો જો કોઈને શ્રેય આપવો હોય તો આપણા દીદ દ્રિષ્ટા માનીય મુખ્યમંત્રીશ્રી અને તેમની કામ કરતી ટીમને ફાળે જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે પશ્ચિમ બંગાળ અને અન્ય રાજ્યોમાં એસ.ઈ.ઝેડનો વિરોધ થઈ રહ્યો છે ત્યારે ગુજરાત એસ.ઈ.ઝેડ માટે બીનવિવાદાસ્પદ મૉડલ તરીકે સમગ્રદેશને અને વૈશ્વિક અર્થતંત્રમાં ઝડપથી જોડાઈ જવા માટે દિશા આપી રહ્યું છે જે આપણા સૌ માટે ગૌરવની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ રાજ્યનો વિકાસ એ રાજ્યમાં ઉપલબ્ધ ઊર્જાના આધારે શકય હોય છે. આપણી સરકારે ફકત ૧૦૦૦ દિવસોમાં ૧૮૦૦૦ ગામડાઓમાં થ્રીફેઈઝ વીજળી આપી ગામડાંઓને પ્રકાશથી ઝળહળતા કરીને રેકૉર્ડ સ્થાપિત કર્યો છે. ઉર્જાક્ષેત્રમાં મેળવેલ સિદ્ધિઓને કારણે સરકારશ્રીને ૧૫ જેટલા એવોર્ડ ભારત સરકાર અને અન્ય સંસ્થાઓ તરફથી મળ્યાં છે. સાથે સાથે સરકારની બીનપરંપરાગત ઊર્જાની સ્પષ્ટનીતિને કારણે આજે ૮૫૧ જેટલા વિન્ડફાર્મ કાર્યરત થયા છે, સાથે સાથે સોલાર ઊર્જામાં પણ નોંધપાત્ર૦ પ્રગતિ થઈ છે. મને ખાત્રી છે કે માનનીય નરેન્દ્રભાઈના નેતૃત્વમાં કામ કરતી આ સરકાર આવતા દિવસોમાં આપણા નગરો સોલાર ઊર્જાથી ઝળહળતાં થશે અને સોલાર ટાઉન તરીકે ઓળખાશે. ઊર્જાના તમામ સ્ત્રોતો પહેલા પણ આપણી પાસે હતાં જ, પરંતુ અમારી સરકારની સ્પષ્ટ ઊર્જાનીતિ, કુશળ પ્રબંધ અને વીજ ચોરી અટકાવીને તે કારણે આજે ગુજરાત ઊર્જાક્ષેત્રે સ્વનિર્ભર બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, પેટ્રોલિયમની વાત કરીએ તો ગુજરાત રાજે પેટ્રોકેપિટલ તરીકે ઓળખાય છે. ૫૧ જેટલા ઓઈલ એન્ડ ગેસ બ્લૉકના વિકાસ માટે કરારો થયા છે અને વિતરણ માટે હજારો કિલોમિટરની પાઈપલાઈનો નંખાઈ ગઈ છે. આ ક્ષેત્રમાં માનવસંશાધનની કમી ના રહે તે માટે દેશની પ્રથમ પેટ્રોલિયમ યુનિવર્સિટીની સ્થાપના ગુજરાતમાં આપણી સરકારે કરી છે જે આપણા માટે અદ્વિતિય સિદ્ધિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણી સરકાર ઈન્ફરમેશન કોમ્યુનિકેશન ટેકનોલોજીમાં રાજ્ય મોખરે રહે તે માટે આ ક્ષેત્ર માટે અનેક કરારો કર્યા છે અને હજારો કરોડોનું રોકાણ થઈ રહ્યું છે જે નિશ્ચિતરૂપથી ગુજરાતને આઈ.ટી.ક્ષેત્રમાં બેંગલોર અને હૈદ્રાબાદનો વિકલ્પ પૂરો પાડશે તેમ કહુ તો ખોટું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગરથી આવું છું, મારા જિલ્લામાં સરકારશ્રી દ્વારા ૧૦૦ થી વધારે ચેકડેમોનું નિર્માણ થયું છે જેના ફલસ્વરૂપે પાણીની ઉપલબ્ધતા થતા આ વર્ષે કપાસ અને જીરાનું વિક્રમજનક ઉત્પાદન થયું છે. જેથી ખેડૂતોની આર્થિક સ્થિતિમાં નોંધનીય સુધારો થયો છે, સાથે સાથે વિશ્વનું સૌથી મોટું પમ્પીંગ સ્ટેશન મારાં જિલ્લામાં જ કાર્યરત થવાનું છે જે માટે ગુજરાત સરકારને જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા છે. નર્મદાના નીર સુરેન્દ્રનગર માટે વરદાનરૂપ સાબિત થયા છે. કારણ કે વર્ષો સુધી છ કે આઠ દિવસે મળતું પાણી આજે

એકાંતરે પાણી મળતું થયું છે. મને આશા છે કે આવતા દિવસોમાં સુઆયોજનથી દૈનિક પાણી પણ પ્રજાને મળતું થશે. આમ લોકોની સુખાકારીમાં વધારો કરવા બદલ સુરેન્દ્રનગરની જનતા માનનીય મુખ્યમંત્રીશ્રી જે ખરેખર પાણીવાળા મુખ્યમંત્રી તરીકે સાબિત થઈ ગયા છે તેઓની ઋણી રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર દ્વારા મહિલા અને બાળ વિકાસ માટેની થયેલ ઉત્કૃષ્ટ કામગીરીને હું બિરદાવું છું. ખાસકરીને રાજ્યના ખૂણેખૂણે સખી મંડળોની સ્થાપનાથી લાખો ગ્રામ્ય મહિલાઓને આર્થિક ઉપાર્જનનો વિકલ્પ આપ્યો છે. આજે રાજયમાં મહિલા આયોગ કાર્યરત થયું છે. જે મહિલાઓ માટે સરકારની સૌથી મૂલ્યવાન ભેટ છે. બેટી બચાવો અભિયાનની સફળતાની નોંધ દેશના તમામ રાજયોમાં લીધી છે. મહિલાઓના ઉત્થાન માટે વિશેષ સંવેદના ધરાવતા માનનીય મુખ્ય મંત્રીશ્રી માટે સમગ્ર નારી જગત આભારી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આરોગ્યની વાત કરીએ તો સરકારશ્રીની ચિરંજીવી યોજનાને પહેલા જ વર્ષે એશિયા ઈનોવેટિવ એવોર્ડ મળ્યો છે. આજે ગુજરાતની ગુણવત્તા સભર ને સસ્તી સારવારના કારણે વિદેશી દર્દીઓ ગુજરાત આવતા થયા છે. જે પણ એક નોંધનીય બાબત છે. જેને મૅડિકલ ટુરિઝમ તરીકે પણ નામના મેળવી છે. આજે રાજય સરકારની ૧૦૮ની સેવા દરેકના હૈયે વસી ગઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રીના ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડૅવલપમેન્ટ એકટ ધ્વારા જનભાગીદારીનો અભિગમ સર્વ સ્વીકૃત બન્યો છે. તેના કારણે નગરોમાં વિકાસ અને માળખાકીય સવલતો ઊભી થઈ છે જેથી નગરોના વિકાસમાં નોંધપાત્ર તેજી આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકારે છેલ્લા પાંચ વર્ષમાં માર્ગ અને મકાન વિભાગની ભિન્ન ભિન્ન યોજનાઓ ધ્વારા વિકાસ પથ, કિસાન પથ, પ્રગતિ પથ, અને પ્રવાસી પથ બનાવી રસ્તાઓને મખમલી સ્વરૂપ આપ્યું છે. જે આજે વિકાસની મિસાલ બન્યા છે. હું આ કહેતાં ગૌરવ અનુભવું છું કે, વિકાસ તો દેશના દરેક રાજયોમાં થાય છે પણ ગુજરાતમાં તો વિકાસ દેખાય છે અને એજ વિકાસની ખરી પરિભાષા છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકાર દરેક માનવીના ઉત્થાન માટે સંવેદના ધરાવે છે. એટલે જ છેવાડાના માણસ સુધી શૈક્ષણિક, આરોગ્યને સુખાકારી સવલતો પૂરી પાડવામાં સફળ રહી છે. એ આદિવાસી બંધુ હોય કે વનવાસી બંધુ હોય એ શહેરના ગરીબ વર્ગ હોય કે ગ્રામ્યની ગરીબ પ્રજા હોય આપણી સરકાર દરેક વ્યકિત સુધી પહોંચી છે જેથી સાબિત થયું છે કે, સરકાર કરોડપતિઓની નહીં પણ કરોડો લોકોની છે. માનનીય અધ્યક્ષશ્રી, આજ ગુજરાતના વિકાસ સ્તંભો અથવા ઉદ્યોગો એક બીજાને પૂરક થયા છે. દાખલા તરીકે સરદાર સરોવર યોજનાએ એક માત્ર પાણી અને વીજળી તરીકે સરદાર સરોવર યોજના નહીં પરંતુ પ્રવાસન વિકાસ માટેની યોજના બનીને ઊભરી છે અને એટલે જ લાખો લોકો દર વર્ષે આ યોજનાની મુલાકાત લે છે.

માનનીય અધ્યક્ષશ્રી, નાણાં અને વાણિજ્ય ક્ષેત્રે ગુજરાતની આગવી ઓળખ રહી છે. રાજયની નાણાકીય સૂઝ બૂઝ અને પ્રબંધન શકિત, ટૅક્નૉલૉજીના ઉપયોગથી વૈશ્વિક શકિત બને એ માટે માળખાકીય સુવિધા ઊભી કરવા માટે રાજય સરકારે ગુજરાત ઇન્ટરનૅશનલ ફાયનાન્સ ટેકસિટીના નિમાર્ણની શરૂઆત કરી છે. જે ગુજરાતને આર્થિક કેપીટલ બનાવવાની દિશામાં નોંધનીય કદમ ઉઠાવી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રીએ પ્રત્યેક વર્ષને વિશિષ્ટ ક્ષેત્રના વિકાસ માટે ઉજવવાનો સંકલ્પ કરેલ જેના કારણે માનનીય મુખ્ય મંત્રીશ્રીના ઉલ્લાસ સાથે વિકાસનો અભિગમ સાકાર થયો છે. અંતમાં માનનીય રાજયપાલશ્રીના સંબોધનમાં ઉલ્લેખીત તમામ વિગતો, યોજનાઓ, સરકારશ્રીની સફળતાઓ પર વિદ્વવતા પૂર્ણ પ્રકાશ પાડવા બદલ હું તેમની આભારી છું.

**શ્રીમહેન્દ્રસિંહ પ. સરવૈયા (પાલીતાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, નામદાર રાજયપાલશ્રીના પ્રવચન ઉપર સભાગૃહમાં આભાર પ્રસ્તાવ લઈને આવેલા મારા સિનિયર અને મારા વિસ્તારના ધારાસભ્ય એવા વડીલ શ્રી આત્મારામ પરમારના પ્રસ્તાવને હું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગુજરાત દરેક ક્ષેત્રે વિકાસની હરણ ફાળ ભરી રહ્યું છે. તેનો તમામ યશ માનનીય મુખ્ય મંત્રીશ્રીને જાય છે. તેમને મારા ખૂબ ખૂબ અભિનંદન. આજના દિવસે મને ગોંડલના રાજા ભગવતસિંહજીની યાદ આવે છે. કારણ કે, તે સમયમાં ગોંડલ રાજયે તે વર્ષોમાં પહોળા રસ્તા, અન્ડર ગ્રાઉન્ડ ઈલેકટ્રીસિટી લાઈટો, અન્ડર ગ્રાઉન્ડ ગટરોની વ્યવસ્થા, તળાવો, શિક્ષણની વ્યવસ્થા તથા બગીચાનું આયોજન આવા ઉચ્ચ આયોજનો તે સમયના રાજવીની દીર્ઘદ્રષ્ટિથી સમગ્ર દેશના રજવાડાઓ કરતા હતા. અમારા વિરોધપક્ષમાં બેઠેલા સાથી મિત્રોને જણાવવાનું છે કે, એ પહેલાં એક વાત કરી દઉં કે મારા જ જિલ્લાના વિરોધપક્ષના નેતા છે કદાચ મારાથી થોડી ભૂલ થાય તો સહન કરી લેજો. વિરોધપક્ષમાં બેઠેલા મારા સાથી મિત્રો પાસે જાણવું છે કે, ભા.જ.પ. પહેલાં આપના પક્ષની ઘણી સરકારોએ ઘણા વષો સુધી રાજય સત્તા ભોગવી હતી તો આ ગોંડલ રાજયની દીર્ઘદ્રષ્ટિ કેમ નજરે ન પાડી ? માનનીય અધ્યક્ષશ્રી, મને આજના સમયે ગોંડલના રાજવી ભગવતસિંહજી હોય કે ભાવનગરના પ્રજાવત્સલ્ય રાજવી કૃષ્ણકુમારસિંહજી કે સરદાર વલ્લભભાઈ પટેલ જેવા દર્શન માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ર મોદીમાં થઈ રહ્યા છે.

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ અને મારી સરકારના આવા સારા વિચાર સાથે ગુજરાતની પ્રજાને તમામ સુવિધા પ્રાપ્ત થઈ રહી છે. તે બદલ સલામ કરીએ છીએ. આ વખતે ચૂંટણી પ્રચારમાં એક જ મુદ્દો ચાલતો હતો. મોદી

હટાવો, મોદી હટાવો. ખાસ કરીને કૃષિ રથ હોય, સોહરાબુદ્દીન એન્કાઉન્ટર હોય કે સરકારની કોઈપણ સારી યોજના હોય કોંગ્રેસના મિત્રો, દૂર ગયેલા મિત્રો એક જ વાત કરતા હતા એનાથી સાબિત થાય છે કે આ રાજય સરકાર પ્રગતિશીલ રાજય સરકાર છે. મારી સરકારે ગુજરાત સરકાર દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ અને અમારા વિસ્તારના ધારાસભ્ય વીજળીના કરન્ટ જેવા શ્રી સૌરભભાઈ દલાલના વડપણ હેઠળ જયોતિગ્રામ યોજના લાવ્યા છીએ. જેનાથી અમારા જિલ્લાના ગામડાંના લોકોએ શહેર તરફ દોટ મુકી હતી એ અટકાવી શકયા છીએ કારણકે ૨૪ કલાક ગામડાંને વીજળી મળતી થઈ તેથી કુટિર ઉદ્યોગ, હીરા ઉદ્યોગ, ગૃહ ઉદ્યોગના દ્વાર ખૂલ્યા છે. તે બદલ સરકારને અભિનંદન. રાજય સરકારે ભાવનગર જિલ્લામાં ખેડૂતોને લો વોલ્ટેજ વીજળી મળતી અને ટી.સી. મેળવવા માટે રાહ જોવી પડતી એ દૂર કરી છે. ખેડૂતોને વીજળી સારા પ્રમાણમાં મળતી થઈ છે તેથી ખેડૂતોની આવક વધી છે. હમણાં મારા મિત્રો કહેતા હતા કે ગુજરાતના કિસાનો આત્મહત્યા કરી રહ્યા છે. મુખ્યમંત્રીની દીર્ઘદ્રષ્ટિ કારણે લો વોલ્ટેજનો પ્રશ્ન દૂર થયો છે તમારી કેન્દ્રની તાકાત હોય તો મહારાષ્ટ્રના, આંધ્રના ખેડૂતો આત્મહત્યા કરે છે એ વાત ધ્યાન ઉપર નહીં હોય એવું મને લાગે છે. બીજી વાત પણ એવી હતી કે એક મિત્ર નામ ભૂલી ગયો છું. એક ધારાસભ્ય વાત કરતા હતા એમ પણ એક વાત યાદ આવે છે. અગાઉના કેન્દ્રના વિદેશ મંત્રી બોફોર્સ કાંડની ચિઠ્ઠી લઈને વિદેશ ગયા અને પકડાયેલા અને એમણે રાજીનામુ આપવું પડેલું એવી જ રીતે રાજય સરકારે જળસંચય માટે પણ ખૂબ જ કામ કર્યું છે. જળસંચયની યોજના મૂકીને રાજયમાંથી કાયમી દુષ્કાળને દેશવટો આપ્યો છે. દેશવટો નહીં કહી શકાય કારણકે બીજા રાજયોમાં નહીં થયું હોય. હું મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું કારણકે અમારા જિલ્લામાં પણ આ યોજના અંતર્ગત ખૂબ મોટો ફાયદો થયો છે. ચેકડેમ, બોરીબંધ, ભૂગર્ભ ટાંકા બનાવવાથી પાણીના તળ ૮.૫ મીટરની ઊંચાઈએ આવ્યા છે. કૃષિ પેદાશમાં પણ ખૂબ મોટા પ્રમાણમાં લાભ થયો છે. મારા જિલ્લામાં ૩૬૦૦૦ હેકટરમાં કપાસનું વાવેતર થતું હતું આજે એક લાખ હેકટરમાં કપાસનું વાવેતર થાય છે. બાવકુભાઈ ઉઘાડે કાલે કહ્યું હતું કે આજથી વર્ષ પહેલા બાવકુભાઈ રાજય સરકારની ખૂબ પ્રસંશા કરતા હતા કાલે જોયું તો મને ખૂબ દુ:ખ થયું પણ • (સો ચૂહે(અંતરાય).સો ચૂહે મારકર બિલ્લી હજ કો ચલી)એવું લાગ્યું કારણકે આપણે બધા એકમાં હતા.

**શ્રી જગદીશ મો. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે.

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા** : પાછા ખેંચી લઉં છું.

**શ્રી જગદીશ મો. ઠાકોર** : બોલો છો એવું શું કરવા કે પાછા ખેંચવા પડે?

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા** : મહી પરીએજ યોજના રાજય સરકારની આવી છે. એમાં પવિત્ર નર્મદા નદી છે એમાં ભાવનગર જિલ્લાને લાભ મળ્યો છે. ૬૧૧ ગામડાંને આવરી લીધા છે. ખંભાત, નાવડા, ધાંધળી આખા જિલ્લાને લાભ મળ્યો છે. મહી પરીએજ નર્મદાનું પવિત્ર પાણી આખા ગામને મળતું થયું છે. વડીલોને જાત્રા કરાવવા નદીમાં સ્નાન કરાવવા લઈ જતા હતા. પરંતુ આજે આ સરકારની દીર્ઘદ્રષ્ટિથી ઘરની ચકલીમાં પવિત્ર પાણી આવે છે અને આપણે ઘરે સ્નાન કરી શકીએ છીએ. માણસ જ નહિ, પણ ભેંસો પણ સ્નાન કરે છે. આ રાજ્ય સરકારની મહી-પરિએજ યોજનાથી દરેક ગામોને પીવાનું પાણી મળ્યું છે. આ મારી સરકાર છે. એનું મને લાગે છે કે લક્ષ્ય એવું લાગે છે કે સરકારની નેમ હોય એવું લાગે છે કે "લક્ષ તક પહુંચે બીના પથમે પથિક વિશ્રામ કેસા" આ સૂત્ર સાથે આ સરકાર કામ કરી રહી છે એવું દેખાઈ રહ્યું છે. બારમી વિધાનસભાના સભ્ય તરીકે એ પણ ૨૦૧૦ માં ગુજરાત સ્થાપનાના ૫૦ વર્ષે સુવર્ણ જયંતિના વર્ષકાળ દરમ્યાન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સુવર્ણ જયંતિ અવિસ્મરણીય બની રહે તેનું મને અને ભાજપના સભ્યને ગૌરવ છે. વિકાસની હરણફાળની વાત કરીએ તો મુખ્યમંત્રીશ્રીની દીર્ઘ દ્રષ્ટિથી જ્યારે સમગ્ર દેશનો વિકાસ દર ૮ ટકા આજુબાજુ રહ્યો છે તેવા સમયે અને તેવી જ પરિસ્થિતિમાં અત્યાર સુધીમાં ગુજરાતનો હંમેશા વિકાસદર આગળ રહેતા પ્રદેશોને પાછળ રાખીને સમગ્ર દેશ નહિ, પણ આંતરરાષ્ટ્રીય અર્થતંત્રના ખેરખાંઓનું ધ્યાન પણ ગુજરાત ઉપર કેન્દ્રિત થાય છે. ૧૧.૩ ટકાના વિકાસ દરથી ગુજરાતની ભાજપ સરકાર આગળ વધી રહી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીને આ બાબતે અભિનંદન આપું છું.

આરોગ્યની બાબતમાં આપણે જોઈશું તો કોઈપણ ક્ષેત્રમાં જોઈએ આરોગ્યમાં ખાસ મુખ્યમંત્રીશ્રીએ લક્ષ આપ્યું છે. રાજ્યની આર્થિક અને ઔદ્યોગિક વિકાસની સાથે આરોગ્યની સુવિધાઓ પણ ખૂબ મહત્ત્વની અને અગત્યની છે. એના પ્રત્યે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર દેશ અને ગુજરાતને નવો રાહ બતાવ્યો છે. અત્યાર સુધી પ્રવાસન નીતિ અને ટુરિઝમને મહત્ત્વ આપવામાં આવતું, પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રીએ મૅડિકલ ટુરિઝમનો નવો અભિગમ અપનાવ્યો છે, તેથી આજે ગુજરાતમાં દેશના, પણ વિદેશના દર્દીઓ પણ ખૂબ મોટા પ્રમાણમાં ગુજરાતની હૉસ્પિટલમાં આવી રહ્યા છે. ગુજરાત માટે ગૌરવ લેવા જેવી બાબત એ છે કે ગુજરાતના ડૉક્ટર એચ.એલ. ત્રિવેદીનું કિડની માટેનું સંશોધન હોય કે તેજસ પટેલનું હાર્ટ માટેનું સંશોધન હોય તેઓએ ગુજરાતને આંતરરાષ્ટ્રીય માળખા કક્ષાએ ગૌરવ અપાવ્યું છે. જેનો શ્રેય ભાજપને જાય છે તેમજ ચિરંજીવી યોજના પાયલોટ પ્રોજેકટ ૫ જિલ્લામાં જે રજૂ કરવામાં આવ્યો હતો, એમાં માનનીય મુખ્યમંત્રીશ્રીને આ વિષય સાથે ખૂબ અભિનંદન આપું છું કે માતાનો અને બાળકોનો મૃત્યુદર ઘટ્યો છે.

---

• (    ) માનનીય સભ્યશ્રી દ્વારા આ શબ્દો પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી.** : નવોદિત સભ્યો આ સભાગૃહની અંદર ગઈકાલે બોલ્યા હતા. બધા મોઢે બોલ્યા હતા. આજે એક મહિલા ધારાસભ્યશ્રી અને મહેન્દ્રસિંહજીએ પ્રવચન લખેલું વાંચ્યું છે. મારો અનુરોધ છે કે હવે પછી પ્રવચન વખતે માત્ર મુદ્દાઓ જ રાખે. સમગ્ર પ્રવચન નહિ, જેથી તમારી મૌલિકતા આવશે, તે હકીકત સાચી છે. બીજી વાત છે કે અસંસદીય અને સંસદીય શબ્દો માત્ર ચોપડી પૂરતા નથી. ચોપડી એ માર્ગદર્શિકા છે. એટલા માટે આપણો એકપણ શબ્દ એવો ન હોય કે જેને અસંસદીય કહેવો પડે અને શબ્દો બોલ્યા પછી પાછા ખેંચવા પડે એવા શબ્દો આપણે ન બોલીએ. આપણી ભાષાનું ગૌરવ એ આપણા વ્યક્તવ્યનું ગૌરવ વધારનારું છે, એટલા માટે કહું છું કે માત્ર ચોપડી પુસ્તકની અંદર આપેલ શબ્દો જ નહિ, પણ જે શબ્દો સમાજને સારા ન લાગે એ પણ અસંસદીય છે. એ અસંસદીયની વ્યાખ્યા છે. હું અનુરોધ કરું છું કે આપણી ભાષા આપણું ગૌરવ વધારનારી બને.

**શ્રી નિરંજન પટેલ(પેટલાદ)** : માનનીય અધ્યક્ષશ્રી, મારું સૂચન છે કે મેં ભૂલ કરી હોય અને મારી આજુબાજુવાળા શબ્દો પાછા ખેંચી લે, પણ ખરેખર મારે કહેવું જોઈએ કે મેં શબ્દો પાછા ખેંચ્યા છે.

**અધ્યક્ષશ્રી.** : આ સભાગૃહમાં એવું બોલીએ કે શબ્દો પાછા ખેંચવા જ ન પડે.

**શ્રી નિરંજન પટેલ** : આપણા વતી બીજા ખેંચતા હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્ય શ્રી આત્મારામભાઈ જેમના આત્મામાં રામ વસે છે એવા આત્મારામભાઈ રાજ્યપાલશ્રીએ કરેલ પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે. હું માનું છું કે રામના જેવા વિચાર રાખી આપણે આગળ વધીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે વિધાનસભાની અંદર જે રીતની ચર્ચા થવી જોઈએ તે રીતની ચર્ચામાં ભૂતકાળમાં અમે હતા ત્યારે ચર્ચા થતી હતી તેમાં આજે આપણે ઉણા ઉતર્યા હોય એવું મારું માનવું છે. જયારે હોય ત્યારે રાજકીય વાતો થાય છે. કેન્દ્રની વાતો થાય છે, રાજયની વાતો થાય છે. કેન્દ્રની અંદર ૫૦ વર્ષ કોંગ્રેસે રાજ કર્યુ અને બાકીનાએ છ વર્ષ રાજ કર્યુ તે વાત નથી આવતી. ૫૦ વર્ષ કોંગ્રેસે ગુજરાતમાં રાજ કર્યુ. હજુ તમારે તો પા પા પગલી છે. શિદને ભાઈ ઉતાવળા થાઓ છો.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે આત્મ મંથન કરવાની જરૂર છે. ૧૩૯ માંથી ૧૧૭ થયા, માયનસ થયા છે તેની ચિંતા નથી કરતા. બસ જીત્યા, જીત્યા, જીતવાના તો માપદંડ કેવા છે ? ખિસ્સું ભારે કોનું છે. દાવપેચ વસ્તુ અલગ છે સાહેબ. જીતની બહુ પાછા પ્રજાના પ્રતિનિધિની વાતો કરે છે પણ ખાસ કરીને મારે કહેવું છે કે

**અધ્યક્ષશ્રી.** : આપનું કહેવાનું રહી ન જાય તેની ચિંતા કરજો. સમયની મર્યાદા છે.

**શ્રી નિરંજન પટેલ** : સાહેબ એક જ વાત આરતી ઉતારવાની વાતો સાંભળી થાકી ગયા. આપણે આટલું મોટું બજૅટ બનાવીએ છીએ અને તે બજૅટને વિવિધ રીતે આપણે યોજનાઓ બનાવીએ છીએ. યોજનાઓ પ્રજા કલ્યાણ માટે કરીએ છીએ. એ યોજનાઓના જે ફંડ વપરાય છે તેના રૂપિયામાંથી કેટલા ટકા, કેટલા પૈસા પ્રજા સુધી જાય છે, છેવાડાના માનવી સુધી તે ચિંતનનો વિષય છે તેની ચિંતા કરવામાં આપને નંબર વન છીએ કે નહીં. જે ઉઠીને નંબર વન કહે છે પણ પ્રજા સુધીના એ પૈસા વપરાય, મને રક્ષણ આપો. હું કોઈનામાં બોલતો નથી પછી મારે?

**અધ્યક્ષશ્રી.** : આપે તે શીખવાની જરૂર નથી.

**શ્રી નિરંજન પટેલ** : સાહેબ પછી આપ સિનિયર સિનિયર કહીને બેસાડી દો છો ? એટલા બજૅટની અંદર આપણે જે મોટું બજૅટ બનાવીએ છીએ નંબર વન કહીએ છીએ આપણે પણ એ પ્રજા સુધી જાય, પ્રજા સુધી વપરાય, છેવાડાના માનવી સુધી જાય તેમાં નંબર વન બનીએ તો આપણે નંબર વન કહેવાઈએ. શિક્ષણની અંદર આટલું મોટું બજૅટ ૩૦ થી ૪૦ ટકા બજૅટ વાપરીએ છીએ પણ એક થી સાત ધોરણની અંદર એકથી સાત ધોરણની અંદર નાના બાળકોનું શિક્ષણ સુધરે એની ચિંતા કરીએ તો આપણે નંબર વન બનીએ. મારા પ્રશ્નના જવાબમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૧૪૭ વખત હવાઈ પ્રવાસ કર્યો તેમાં નંબર વન ખરા ? પણ રોજ ૧૪૭ બસો રસ્તા પર ખોટવાઈ જાય છે તે બસોને ટાયરો નથી હોતા, એ બસોને કાચ નથી હોતા, એ બસોને વાયપર નથી હોતા, એ બસોને હોર્ન નથી હોતું, એ બસોને સાઈડ લાઈટ નથી હોતી, એ બસોને બ્રેક લાઈટ નથી હોતી એમાં નંબર વન બનીએ તો આપણે નંબર વન કહેવાઈએ. વીજળી ઉત્પાદનમાં અને વાપરવામાં નંબર વન આપણે કહીએ છીએ. ભૂતકાળની સરકારની અંદર ચૌદ કલાક ખેડૂતોને વીજળી આપવામાં આવતી હતી. એને બદલે છ કલાક, સાત કલાક વીજળી આપીએ તો નંબર વન છીએ કે નંબર ઝીરો છીએ તે વિચાર કરવાનો સમય પાકી ગયો છે. આપણે બોરીબંધ બનાવ્યા, ઘણા બધા બંધો બનાવ્યા, સુજલામ સુફલામ યોજના કરી, સુંદર નામ આપ્યા, મીઠા નામ, લોકોને ગળે ઉતરે તેવા નામ આપ્યા પણ તે બોરીઓ અત્યારે હયાત રાખવામાં નંબર વન છીએ કે બે નંબર છીએ તે આપણે વિચાર કરવાનો, ચર્ચા કરવાનો સમય પાકી ગયો છે. તેમના પ્રવચનમાં ગુણાત્મકની વાત આવી છે એટલે કહું છુ. પ્રવચનમાં નિષ્ઠાપૂર્વકની વાત આવી છે, પ્રમાણિકતાની વાત આવી છે, એટલે આ બધી વાત કરું છું કે આપણે કેટલા પ્રમાણિકતા પ્રમાણે યોજનાઓનો અમલ કરી શકીએ છીએ તેની વાત કરું છું. ૧૪૮૦૦ તળાવો આપણે ઉંડા કર્યા. સરકારની યોજના સારી હતી. પૈસા સારા ફાળવ્યા હતા પણ પરિણામ નથી. મારા આણંદ જિલ્લાની અંદર ૧૦ કરોડ જેવી માતબર રકમ વાપરી છે પણ સાહેબ એ તળાવો ઉંડા થયા નથી. તળાવોની માટી પારા પર નાંખી અને અંદર પણ નાંખી અને વરસાદ આવે ત્યારે તેને ખોદી નાંખ્યું. પાણી ભરપાઈ ગયું. એ પૈસા પાછા બીલ બનીને જતા રહ્યા છે. પ્રજાના પૈસાનું બાષ્પીભવન થયું છે સરકારની યોજના સારી હોવા છતાં પણ આપણે એનો લાભ લઈ ન શક્યા એની ચિંતા કરવામાં આપણે નંબર વન બનીશું તો નંબર વન બનીશું.

માનનીય અધ્યક્ષશ્રી, આવતા દિવસોની બહુ બહું મીઠી વાતો કરી જે પણ બોલવા ઊભા થાય છે એ આરતી ઉતારવાની વાતો કરે છે પણ અમારા બાવકુભાઈએ આરતી ન ઉતારી તેઓ મંત્રી હતા અને જો આરતી ઉતારી હોત તો નીતિનભાઈની જગ્યાએ સાહેબ તેઓ બેઠા હોત. પણ એમણે આરતી ન ઉતારી કેમ કે ખુમારીવાળા એ પટેલ હતા એટલે તેઓ અહીંયા આવ્યા છે, વિરોધમાં અહીંયા આવ્યા છે એનું ગૌરવ તમને હોવું જોઈએ. એ માટે આત્મ મંથન કરવાની જરૂર છે એમાં નંબર વન ક્યારે બનીશું આપણે? આવી તો ઘણી બધી વાતો કરવાની છે પણ આજે અહીંયા હું મારી વાત પૂરી કરું છું.

**શ્રી રજનીકાંત સો. પટેલ(ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૨મી ગુજરાત વિધાનસભાના સભ્ય તરીકે પ્રજા મતથી ચૂંટાઈ આવવા બદલ ધન્યતા અનુભવું છું. પ્રથમ વાર આ ગૃહ સમક્ષ બોલવા ઊભો થયો છું ત્યારે સાચા અર્થમાં હર્ષની લાગણી અનુભવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના મહામહિમ રાજયપાલશ્રી માનનીય નવલકિશોર શર્માજીએ આ ગૃહને કરેલા સંબોધન માટે મારા સાથી સભ્યશ્રી આત્મારામભાઈ પરમારે જે આભાર પ્રસ્તાવ મૂક્યો એને સમર્થન આપવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા અમારા તરફથી એક વાત બોલાય કે નંબર વન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ ત્યારે તુરત જ વિપક્ષમાં બેઠેલા સૌ સાથી મિત્રો દુ:ખની લાગણી અનુભવે છે. એમની દુ:ખની લાગણી હું સમજી શકું છું. પણ સાચા અર્થમાં આ સરકારમાં વિકાસ થયો હોય અને વિકાસના આધાર પર જ્યારે ચૂંટણી લડાઈ હોય અને એ ચૂંટણીમાં ફક્ત કોંગ્રેસ જ નહીં, પણ અન્ય કેટલીય પાર્ટીઓ એક થઈ આક્રમક બની આ રાજય અને રાજયના બહારના અનેક લોકો ચૂંટણીમાં ભાગ લેવા આવ્યા હોય તેમ છતાં પણ જ્યારે ગુજરાતની પ્રજાએ ખૂબ જ કોઠાસૂજ વાપરી ભારતીય જનતા પાર્ટીને અને માનનીય નરેન્દ્રભાઈના નેતૃત્વને સમર્થન કર્યું હોય ત્યારે માનનીય નરેન્દ્રભાઈ માટે મને કહેવાનું મન થાય છે કે, ' હું હાથને મારા ફેલાવું તો તારી ખુદાઈ દૂર નથી, હું માગુ અને પછી તું આપે એ વાત મને મંજૂર નથી.' માનનીય અધ્યક્ષશ્રી, એ પ્રકારે ગુજરાતની પ્રજાએ સ્વયંભૂ મતદાન કરી અને માનનીય નરેન્દ્રભાઈના નેતૃત્વમાં વિશ્વાસ મૂક્યો, આ ગુજરાતના વિકાસ માટે વિશ્વાસ મૂક્યો અને માનનીય નરેન્દ્રભાઈની પાત્રતા માટે એ પ્રકારે મતદાન કર્યું એ માટે માનનીય નરેન્દ્રભાઈ ખરેખર અભિનંદનને પાત્ર છે અને હું એમને અંત:કરણથી અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતમાં જ્યારે વિકાસ થઈ રહ્યો છે ત્યારે મારે એક વાત કહેવી છે કે આ રાજયની જીવાદોરી સમાન જે યોજના હતી અને જેનો શીલાન્યાસ ઘણાં વર્ષો પહેલા થયો હતો એ નર્મદા યોજના અને સરદાર સરોવર યોજના એ યોજનામાં શીલાન્યાસ પછી ખૂબ એમાં વિલંબ થયો પરિણામે ગુજરાતને ખૂબ મોટું એના કારણે નુકસાન થયું છે. માનનીય અધ્યક્ષશ્રી, સરદાર સરોવર યોજના હમણા પૂર્ણ થાય અને એના પાણી હમણા અમારા ગામ સુધી આવે અમારા વિસ્તારમાં આવે આ પ્રકારની રાહ જોવા વાળા અનેક વડીલો જ્યારે આજે પણ મળે છે એ થોડાક વર્ષો પહેલા એમ કહેતા હતા કે મને વિશ્વાસ ન હતો કે નર્મદાનું પાણી અમારા વિસ્તારમાં આવશે. માનનીય શ્રી નરેન્દ્રભાઈનું નેતૃત્વ આવ્યું અને એમણે આને અગ્રિમતા આપી અને એના પરિણામે સમગ્રતયા આ યોજના પૂર્ણ થઈ અને જ્યારે નર્મદાની મુખ્ય કેનાલમાંથી પાણી વહ્યાં છે ત્યારે અમે ખૂબ આનંદની લાગણી અનુભવી રહ્યા છીએ. હું જે વિસ્તારમાંથી આવું છું એ વિસ્તારમાં પછાત તાલુકો છે બહુચરાજીનો ત્યાં રૂપેણ અને પુષ્પાવતી જેવી નદીઓમાં નર્મદાની મુખ્ય કેનાલમાંથી પાણી છોડવામાં આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે, એ પાણી રૂપેણ અને પુષ્પાવતીમાં છોડાયા અને એના કારણે પછાત વિસ્તારના ખેડૂતો, જેમની જમીન વર્ષો સુધી બિન પિયત હતી, પાણી વિનાની હતી, એ જમીનમાં રવિ પાકો ઊગતા થયાં અને આજે ખૂબ સુંદર ઉત્પાદન એ લોકો લઈ રહ્યા છે અને મારા પ્રવાસ દરમિયાન જ્યારે એ લોકો મને કહેતા હોય કે એક સમય હતો જ્યારે એક મણ ઘઉં કે બાજરી લાવીને અને અમે ખાતા હતા, આજે એવો સમય છે કે અમે ચાર મણ પાંચ મણ ઘઉં કે બાજરી જીવડાને નાંખીએ છીએ ત્યારે ખૂબ આનંદ થાય છે કે આ પ્રકારનો વિકાસ ગુજરાતની પ્રજા અનુભવી રહી છે. કૃષિ ક્ષેત્રે ગુજરાતે દિશાસૂચક પ્રગતિ કરી છે અને મારા સાથી મિત્ર ગઈકાલે કહેતા હતા કે બી.ટી. કપાસનું વધારે વાવેતર થયું અને એના પરિણામે કપાસનું ઉત્પાદન વધારે થયું અને એના આધારે આ ગુજરાત જ્યારે ગૌરવ લઈ રહ્યું છે ત્યારે મારે આપના માધ્યમથી એમને કહેવું છે કે, આ રાજય સરકારે ફક્ત બી.ટી. કપાસના ઉત્પાદનની વાત નથી કરી, એણે વાત કરી છે રૂપિયા નવ હજાર કરોડના ઉત્પાદન કે જે આજે ૩૪૦૦૦ કરોડનો વિક્રમ સર્જી રહ્યું છે ત્યારે આ વાત રૂપિયામાં થઈ રહી છે ફક્ત કોઈ એક કપાસની જાત માટે નહિ. આ કૃષિનું જે શ્રેય છે એ ગુજરાત સરકારની જે સુંદર અને સ્પષ્ટ દિશા, સ્પષ્ટ નીતિ અને ગુજરાતના ખેડૂતો માટે માર્ગદર્શન રૂપ અને કૃષિરથનું આયોજન થયું એના પરિણામે ગુજરાતના ખેડૂતો કૃષિના સંદર્ભે સારી આધુનિક પદ્ધતિ જાણતા થયા અને એના આધારે આ ઉત્પાદન વધ્યું છે ગુજરાતનો ક્રાઇમ રેઈટ અને બળાત્કારના થયેલા કેસો વિશે પૂછનારા લોકોને મારે એ કહેવું છે કે, છેલ્લાં પાંચ વર્ષમાં કોમી તોફાનો પર સફળ નિયંત્રણ રહ્યું છે અને ઓર્ગેનાઈઝડ ક્રાઇમનો જડમૂળથી નાશ થયો છે. સમગ્ર ગુજરાતમાં એક પણ અનિચ્છનીય મોટી ઘટના છેલ્લાં પાંચ વર્ષમાં બની નથી ત્યારે મારે આપના માધ્યમથી એ કહેવું છે કે, આજે રાત્રે મોડા પણ કોઈ બહેન બેટી, પોતાના સ્કૂટર પર નિર્ભયપણે જઈ શકે છે કે આવી શકે છે એકલદોકલ ઘટનાઓ ક્યારેક બનતી હોય છે સમાજજીવનમાં એ ઘટનાઓ માટે કડક હાથે કામ લેવાવું જોઈએ એવું અમે પણ કહીએ છીએ. પણ ફક્ત એ

એક બે ઘટનાઓ બને એના લીધે બધી પૉઝિટીવ ઘટનાઓ ભુલાઈ જાય એ બરાબર નથી. આ રાજયમાં સમાજમાં નારીનું ગૌરવ જે પ્રકારે વધ્યું છે કે ગૌરવ આપણી નજર સમક્ષ ન આવે અને ફક્ત એક બે ઘટનાઓ લઈને આપણે આ પ્રકારની વાત કરીએ એ વિષય મને લાગે છે કે નારીના ગૌરવ માટે પણ બરાબર નથી. રાજયના આર્થિક અને ઔદ્યોગિક વિકાસની સાથોસાથ રાજયમાં આરોગ્યની સુવિધાઓ અને જીવનધોરણની ગુણવત્તા વધે એવું અસરકારક કામ આ સરકારે કર્યુ છે. બાળમરણ અને પ્રસૂતા સમયે જે માતાનું મરણ થતું હતું એના માટે ચિરંજીવ યોજના અને એના જેવી અનેક બીજી યોજનાઓ લાવીને બાળક કે માતા કોઈ ડૉક્ટરી ઇલાજ વિના મૃત્યુ ન પામે એટલા માટે સરકારે જે ચિરંજીવ યોજનાના માધ્યમથી પગલાં લીધા એ ખરેખર અભિનંદનને પાત્ર છે અને એના કારણે અનેક નવજાત શિશુ અને માતાના જીવન બચ્યા છે ત્યારે આ ચિરંજીવ યોજનાને પહેલાં જ વરસે 'એશિયા ઈનોવેટિવ ' એવોર્ડ મળેલ છે એ ખરેખર અભિનંદનને પાત્ર છે. માણસની મહામૂલી જિંદગી બચી શકે એના માટે તાકીદના પ્રસંગોએ વિના મૂલ્યની ઇમરજન્સી સેવાઓ-૧૦૮ એ જે રાજય સરકારે શરૂ કરી છે એ માટે મને કહેતા ખૂબ ગૌરવ થાય છે કે, રાજયમાં સર્વત્ર અત્યારે આ ૧૦૮ ની સેવાઓ જે અપાઈ રહી છે આરોગ્ય વિભાગ દ્વારા એની ખૂબ પ્રશંસા થઈ રહી છે અને એ ખૂબ સારી રીતે સેવાઓ આપી રહી છે. ઇમરજન્સી સેવાઓ ભૂતકાળમાં આટલી ઝડપથી મળતી નહોતી. ક્યાંક નાનો મોટો એકસીડન્ટ થયો હોય અને એ ઝડપથી દવાખાને ન પહોંચે એટલા માટે થઈને એમનું મૃત્યું થયું હોય એવા કેસ ખૂબ બધા મોટા પ્રમાણમાં બન્યા હોય. કોઈ ગરીબ માણસ એ ઝડપથી રિક્ષા કે ગાડી ના કરી શકે. તેને માટે તેના કોઈ પરિવારજનનો જીવન દીપક બુઝાઈ ગયો હોય એવો સમય દૂરનો નથી ત્યારે ૧૦૮ની સેવા શરૂ કરી અને રાજય સરકારે ખૂબ સુંદર કામ કર્યુ છે અને તેમાં તેની ગુણવત્તામાં ઉમેરો કરવા અને સમગ્ર રાજયમાં આ સેવા ચાલુ કરવા માટે બજેટમાં પણ રૂપિયા ૧૨ કરોડની જે સૂચિત જોગવાઈ કરાય તે ખરેખર અભિનંદનને પાત્ર છે અને તેને માટે હું રાજય સરકારને અભિનંદન આપું છું. આ અને આવા અનેક વિકાસના કામોને સફળતાથી સર કરનાર ગુજરાતના જવા મર્દ મુખ્યમંત્રીના વિશ્વસનીય નેતૃત્વ, સ્પષ્ટ નીતિ અને સાફ નિયતમાં જ્યારે ગુજરાતની પ્રજાએ સમજી વિચારીને વિશ્વાસ મૂક્યો હોય ત્યારે તેમને પડકાર ફેંકનારા લોકોને મારે એમ કહેવું છે કે " ફાનુસ બનકર હવા હિફાજત જીસકી કરે, વો શમા કયા બૂઝે જીસે રોશન ખુદા કરે ".

**અધ્યક્ષશ્રી** : બન્ને પક્ષો તરફથી મળેલી યાદી પ્રમાણે વક્તાઓ હવે પૂરા થાય છે. મેં એન.સી.પી. પક્ષ અને અપક્ષ ધારાસભ્યશ્રીઓને પણ સમય ફાળવ્યો હતો. તેમણે આજે ચર્ચામાં ભાગ લેવાની અનિચ્છા બતાવી છે.

## અધ્યક્ષશ્રીની જાહેરાત

### બિન સરકારી સભ્યોના સંકલ્પને સમયની ફાળવણી કરવા અંગે

**અધ્યક્ષશ્રી** :આ ગૃહમાં મારે એક જાહેરાત કરવાની કે નિયમાનુસાર બિન સરકારી સભ્યોના કામકાજ માટે બે કલાકનો સમય ફાળવવામાં આવે છે. આ કામકાજને બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ સમય ફાળવણી કરતી હોય છે પરંતુ બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિની રચના ના થઈ હોવાને કારણે નિયમાનુસાર મને મળેલી સત્તાની રૂએ આવતીકાલે હાથ ધરવાના બિન સરકારી સંકલ્પો પૈકી સભ્યશ્રી પ્રાગજીભાઈ પટેલના સંકલ્પને ૫૫ મિનિટ અને સભ્યશ્રી સુશ્રી ઉષાબેન પટેલના સંકલ્પને ૬૦ મિનિટનો સમય ફાળવ્યો છે. મને લાગે છે કે આ ફાળવણી સાથે સભાગૃહ સંમત થશે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧૨-૪૨ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બપોરના ૩-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા.૨૭મી ફેબ્રુઆરી,૨૦૦૮**
**ફાલ્ગુન ૮, ૧૯૨૯ શાકે**
**(બીજી બેઠક)**
**સભાગૃહ બપોરના ૩-૦૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## બી.પી.એલ.યાદીમાં સમાવેશ ન થવા બાબતની ફરિયાદો

**૬૨૦ શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(મેઘરજ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે: -

(૧) તા.૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બી.પી.એલ.યાદીમાં સમાવેશ થવાને પાત્ર હોવા છતાં યાદીમાં સમાવેશ ન હોવા અંગે સાબરકાંઠા જિલ્લામાંથી તાલુકાવાર કેટલી ફરિયાદો મળી,
(૨) આ ફરિયાદો પૈકી કેટલા ફરિયાદીઓનો સમાવેશ બી.પી.એલ.યાદીમાં કરવામાં આવ્યો,
(૩) તેનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી:**

(૧) તા.૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બી.પી.એલ.યાદીમાં સમાવેશ થવાને પાત્ર હોવા છતાં યાદીમાં સમાવેશ થયો ન હોવા અંગેની એક પણ ફરિયાદ મળેલ નથી.
(૨) પ્રશ્ન નથી.
(૩) પ્રશ્ન નથી.
(૪) પ્રશ્ન નથી.

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં કહ્યું છે કે ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ એક વર્ષમાં બી.પી.એલ.યાદીમાં સમાવેશ થવાને પાત્ર એક પણ ફરિયાદ મળી નથી પરંતુ મારા ચૂંટણી પ્રચારમાં અને બાકી પણ મારા પ્રવાસમાં ગયો ત્યારે હજારો ફરિયાદો મને મળેલી છે. આ બાબતમાં હું આપનું ખાસ ધ્યાન એ દોરવા માગું છું અને વધુમાં ખાસ જ્યારે સર્વે કરવા એજન્સીઓ જતી હોય છે તે એજન્સી સરપંચ સાથે મીલીભગત થઈને પક્ષપાતભર્યુ વલણ જ્યારે અપનાવતી હોય ત્યારે હજારોની સંખ્યામાં બી.પી.એલ. કાર્ડ વગરના રહી જતા હોય છે તે બાબતમાં મારે ખાસ આપશ્રીને જણાવવાનું કે આ દ્વારા બી.પી.એલ.કાર્ડની જે ઝુંબેશ ઉપાડવા માટે પોલિયો કૅમ્પ કે એવી કંઈક ઝુંબેશ જે ઉપાડી છે તેવું કોઈ બી.પી.એલ.કાર્ડ માટે આપણે ઝુંબેશ ઉપાડવા માગીએ છીએ કે કેમ ? અને ખાસ કરીને કોની જવાબદારી કદાચ રહી ગયા હોય તો કોની જવાબદારી ? અને જવાબદારી નક્કી કરવા માટે કાંઈ આપણે નક્કી કર્યુ છે કે કેમ ? અને જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવા માગો છો કે કેમ તે પૂછવા માગું છું.

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના પ્રશ્નમાં તેમને ચૂંટણી દરમિયાન જે ફરિયાદો મળી છે અને ભારત સરકારની ગાઈડ લાઈન પ્રમાણે શરૂઆતના એપ્રિલ અને મે માસમાં આની ચકાસણી કરવામાં આવશે અને તેમાં માનનીય સભ્યશ્રીની ફરિયાદ હશે તો તેનો સમાવેશ કરવા માટે પૂરેપૂરી ચકાસણી કર્યા પછી તે મંજૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે કંઈ ફરિયાદના અનુસંધાને પ્રત્યુત્તર આપ્યો તેમાં થોડી માહિતી મેળવવા માગું છું કે છેલ્લી બી.પી.એલ.યાદી તૈયાર થઈ ત્યાર પછી ઘણાં ગામની અંદર તે બી.પી.એલ.યાદીની ગ્રામસભામાં મૂકીને મંજૂરી આપવામાં આવી નથી એવી ઘણી ગ્રામ પંચાયતો છે. તે ગ્રામ પંચાયતો જેણે બી.પી.એલ.યાદીને જ્યાં સુધી ગ્રામસભામાં મંજૂરી ના આપે ત્યાં સુધી તેની અમલવારી થઈ શકે નહીં તો જે ગ્રામ પંચાયતોએ આવી કાર્યવાહી ના કરી હોય તો તેને તાકીદ કરવા માગે છે કે કેમ?

બીજો મારો પ્રશ્ન એ છે કે, ઘણા ગામની અંદર બી.પી.એલ.યાદીનો સર્વે થાય છે ત્યારે તેની અંદર સૂચનાઓ પણ અપાય છે તે ઘરે ઘરે જઈને ચકાસણી કરવાની પણ જે સર્વે કરતી એજન્સીને આ કામ સોંપવામાં આવે છે તે એજન્સી ઘરે ઘરે જઈને નથી કરતાં તેને માટે તાકીદ કરીને જે તે એજન્સીએ આવી ભૂલ કરી હોય તેને માટે હવે પછીથી સૂચનાઓ આપવા માગે છે કે કેમ ?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કુંવરજીભાઈનો જે પ્રશ્ન છે તેમાં મારે એટલી જ વાત કરવી છે મેં અગાઉ જે વાત કરી છે કે એપ્રિલ અને મે માસમાં આની કાર્યવાહી કરવામાં આવશે તો આ ગતિશીલ કાર્યવાહી છે, નિરંતર કાર્યવાહી છે. માનનીય સભ્યશ્રીઓને જણાવું છું કે જેના બી.પી.એલ.કાર્ડમાં ઉમેરો કરવાનો હોય કે કમી કરવાના હોય તે માટે અમે એપ્રિલ અને મે માસમાં આનો કાર્યક્રમ બહાર પાડીશું અને જે બી.પી.એલ.ને લાયક હશે તેનો સમાવેશ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**શ્રી દિલીપસિંહ વ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, બી.પી.એલ.કુટુંબો જે નક્કી કરવાની ગાઈડ લાઈન છે તે કેન્દ્ર સરકારની છે તો કેન્દ્ર સરકારે અમૂક સંખ્યામાં જ, અમૂક મર્યાદામાં જ કુટુંબોની જે મર્યાદા નક્કી કરેલ છે કે કેમ?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારે ૧૧.૩૯ લાખ કુટુંબોની મર્યાદા નક્કી કરી છે.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે બી.પી.એલ.ની યાદી ગ્રામસભા મારફતે સરકાર તૈયાર કરવા માગે છે કે નહીં ? અને જે સર્વે થયો છે તેને પુનઃ કરવા માગે છે કે નહીં ?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે વાત કરે છે ભારત સરકારના ધારા-ધોરણના ૧૩ આંક મુજબ જ, ભારત સરકારની ગાઈડ લાઈન પ્રમાણે આ યાદી તૈયાર કરવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી** : તેમનો પ્રશ્ન એટલો જ છે કે ગ્રામસભા દ્વારા તેને તમે મંજૂર કરવા માગો છો ? જે કંઈ હોય તે વિગત આપો.

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, એપ્રિલ મે માસમાં આની કાર્યવાહી થવાની છે તે વખતે આપના વિસ્તારની રજૂઆતો જે તે ગ્રામ પંચાયતોને મોકલી આપશો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હુ જાણવા માગું છું કે આ જે બી.પી.એલ. માટેના નિયમો કેન્દ્ર સરકર મારફતે કરવામાં આવે છે. તો આપણે ૧૮,૦૦૦ જેટલાં ગામડાંમાં વીજળી પહોંચાડી છે એના કારણે સામાન્ય ઝૂંપડામાં પણ પંખો હોય છે. તો આના માટે બી.પી.એલ.ના નિયમોમાં કોઈ છૂટછાટ કરવા માટે કેન્દ્ર સરકારને રજૂઆત કરી શકાય?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : મારે આ બાબતમાં એ કહેવું છે કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ તા. ૧૩-૧૨-૨૦૦૭ ના રોજ દિલ્હી ખાતે રજૂઆત કરી છે, પરંતુ કેન્દ્ર સરકારે ના પાડી છે કે ૧.૩૯ લાખથી વધારે કુંટુંબોની સંખ્યા કરવાની નથી એવો જવાબ આપ્યો છે. એટલે એની સંખ્યામાં વધારો કરી શકાય તેમ નથી.

**કેન્દ્ર સરકાર દ્વારા ગ્રામ વિકાસની યોજનાઓ માટે ગ્રાન્ટ ફાળવવા બાબત**

***૮૩૨ શ્રી અમિતકુમાર અ. ચાવડા(બોરસદ)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં વિવિધ ગ્રામ વિકાસની યોજનાઓમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે, અને

(૨) કેટલી રકમનો ખર્ચ રાજય સરકાર દ્વારા કરવામાં આવેલ છે?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી:**

(૧)કેન્દ્ર સરકારે છેલ્લાં બે વર્ષ,

(૧) વર્ષ ૨૦૦૬-૦૭ માં રૂા.૫૩૦.૫૫ કરોડ

(૨) વર્ષ ૨૦૦૭-૦૮ માં રૂા.૩૫૭.૫૦ કરોડ

ગ્રાન્ટ તા. ૩૧-૧૨'૦૭ સુધી ફાળવવામાં આવેલ છે.

(૨) રાજય સરકારે,

(૧) વર્ષ ૨૦૦૬-૦૭ માં રૂા. ૪૭૬.૭૭ કરોડ

(૨) વર્ષ ૨૦૦૭-૦૮ માં રૂા. ૩૧૯.૦૫ કરોડ

નો ખર્ચ તા. ૩૧-૧૨-૦૭ સુધી કરેલ છે.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, સર્વ પ્રથમ ખરેખર તો બે વર્ષમાં ગુજરાતનાં ગામડાંના વિકાસ માટે યુ.પી.એ. સરકારે ૯૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે તે બદલ હું તેમને અભિનંદન આપું છું.હું આપશ્રી મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ૨૦૦૬-૦૭ માં ૫૩.૭૮ કરોડ અને ૨૦૦૭-૦૮ ૩૮.૪૫ કરોડ રૂપિયા હજુ વણવપરાયેલ રહયા છે. તો એ વણવપરાયેલ રહેવાનાં કારણો શું છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપણી આ જે ગ્રામ વિકાસની યોજનાઓ ચાલે છે તેમાં કેન્દ્ર સરકાર તરફથી જે રકમ ફાળવવામાં આવે છે એ રકમ સામાન્ય રીતે ફેબ્રુઆરી અને માર્ચ મહિનામાં એનો છેલ્લો હપતો અપાય છે એના કારણે ઘણી બધી રકમ વાપરી શકાતી હોતી નથી. આમ હજુપણ કેન્દ્ર સરકાર તરફથી જે રકમ ગુજરાત સરકારને મળવાની છે એમાં ૨૦૮ કરોડ રૂપિયા હજુપણ મેળવવાના બાકી છે. જો રકમ સમયસર ફાળવવામાં આવતી હોય તો વાપરવામાં કોઈ તકલીફ હોતી નથી.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ગ્રામ વિકાસ દ્વારા કેટલાં સખી મંડળો અત્યારે કાર્યરત છે? બીજું કે મહિલા સશકિતકરણ અને સ્વરોજગારી માટે કોઈ કાર્યવાહી રાજય સરકારે કરેલ છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો સખી મંડળોનો એક કન્સેપ્ટ છે કે જેને માનનીય મુખ્યમંત્રીશ્રીએ ખૂબ સારી રીતે ઉપાડયો છે એના કારણે જે આપણે મહિલા સશકિતકરણ કરવા માટે અહીંયાં અનેક

સ્વસહાય જૂથની રચના કરવામાં અવે છે. પહેલાં સ્વ સહાય જૂથ જેમ તેમ અને ગમે તેમ થતાં હતાં એને કાર્ય રત કરવા માટેની વ્યવસ્થા કરવાનો પ્રયત્ન કર્યો છે. મહિલાઓ સાથે એકઠી બેસી શકે, કામગીરી કરી શકે, આર્થિક ઉપાર્જન કરી શકે, સંકલિત રીતે આયોજન કરે અને બેંકિંગ વ્યવસ્થા કરીને નાના ધંધા રોજગાર કરી શકે. એવી બી.પી.એલ. નીચેની અને સામાન્ય મહિલાઓને પણ આમાં ભાગ લેવાની તક મળે છે. મને કહેતાં આનંદ થાય છે કે અત્યારસુધીમાં ૧.૪૪ લાખ જૂથ અસ્તવ્યવસ્ત હતાં એને સંકલિત કર્યા છે.૩૫ હજાર જૂથોને ધિરાણ અને બેંક યોજનાની લીંક કરી આપ્યાં છે, આ ઉપરાંત ૨૫ હજાર સ્વસહાય જૂથને ધિરાણ સાથે પણ લીંક કર્યા છે. નવા વધારાના ૧.૪૦ લાખ સખી મંડળોની રચના કરવાનું આયોજન છે અને હજુપણ બીજાં ૧ લાખ સખી મંડળોને દિ ારાણ લીંક કરવા માટે પણ વ્યવસ્થા ગોઠવાશે. આ રીતે સખી મંડળોને પણ ગ્રામ્ય રોજગારી યોજનામાં સમાવેશ કરીને સખી મંડળોને પણ એનકરેજ કરવાનું કામ આ સરકારે કર્યુ છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ વાત કરી કે ૨૦૦૬-૦૭ ના વર્ષમાં જેટલી રકમ અપાઈ છે એમાંથી ૫૩.૭૮ કરોડ રૂપિયા જેવી રકમ વણવપરાયેલ પડી રહી છે. તો મારી જાણ પ્રમાણે અને હું જાણું છું ત્યાંસુધી જે તે ગ્રામ વિકાસ એજન્સીઓના નિયામકશ્રીઓ છે એમને જે રકમ આપવામાં આવે છે એમના તરફથી આ રકમ સમયસર વાપરીને ખર્ચનો ઓડિટ રિપોર્ટ આપવાનો થતો હોય છે એ રિપોર્ટ સમયસર તેમના તરફથી મળતો નથી અને સરકાર તરફથી એટલે કેન્દ્ર સરકારને એનો રિપોર્ટ જતો નથી એટલે છેલ્લે પૈસા માર્ચમાં સરકારમાં આવે છે અને એટલે વણવપરાયેલ રહેવાના કારણો આ છે. તો એ હકીકત સાચી છે કે નિયામકશ્રીમાંથી ખર્ચનો રિપોર્ટ સરકારમાં આવતો નથી અને સરકારમાંથી સમયસર કેન્દ્ર સરકારમાં જતો નથી એટલા માટે પછી ત્યાંથી ઓછા આપે છે અથવા તો વણવપરાયેલ પડતર રહે છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : ગુજરાત સરકારમાં આ બાબત સાચી નથી. એટલા માટે કે આ કેન્દ્ર સરકારની સિસ્ટમ છે તે અંગે એપ્રિલ અને મે માસમાં કોઈપણ સ્કીમ મંજૂર થાય તો ૫૦ ટકા રકમ આપવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી** : વિલંબ થાય છે કે નહીં?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : ના, જી.

**શ્રી અંબાલાલ આ. રોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ દરમિયાન ગ્રામ વિકાસની વિવિધ યોજનામાં કેટલા નાણાં આપ્યાં, અને તેની સામે કેન્દ્ર સરકારે કેટલા નાણાં ફાળવ્યાં? અને તેની સામે કેટલો ખર્ચ કરવામાં આવ્યો? ઈન્દિરા આવાસ યોજનામાં ખરેખર કેન્દ્ર સરકાર કેટલી રકમ આપે છે અને રાજય સરકાર કેટલી રકમ આપે છે તે હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર તરફથી આપણને જે કંઈ ગ્રાન્ટ મળે છે એમાં ૨૦૦૬-૦૭ માં કેન્દ્ર સરકારે ફાળવેલી રકમ ૫૩૦ કરોડ છે અને ૪૭૬ કરોડની રકમ આપણને મળી છે. ૨૦૦૭-૦૮ માં આપણને ફાળવેલી રકમ ૩૫૭ કરોડ છે એમાંથી ૩૧૯ કરોડની રકમ આપણને મળી છે. તેની સામે અમે જે ખર્ચ કર્યો છે તે પણ હું જણાવું કે ૮૯.૮૬ ટકા ખર્ચ અમે ૨૦૦૬-૦૭ના વર્ષમાં કર્યો છે અને ૨૦૦૭-૦૮માં ૯૬.૪૮ કરોડનો ખર્ચ રાજય સરકારે કર્યો છે, પણ એમની સાથે સાથે જે રાજય સરકારે ફાળવ્યા એમાં ૯૧.૨૫ નો ખર્ચ કર્યો અને ૨૦૦૬-૦૭માં ૧૩૧ કરોડ રૂપિયા રાજય સરકારે ખર્ચ કર્યો છે. ૯૯.૧૯ કરોડ રાજયસરકારે આપેલી રકમનો પણ ખર્ચ કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, બીજો એક મુદ્દો પણ હું ધ્યાને મૂકવા માગું છું અને માનનીય સભ્યશ્રીએ પૂછેલા પ્રશ્નનો જવાબ આપવા માગું છું અને ખૂબ અગત્યનો પ્રશ્ન એ છે કે ઈન્દિરા આવાસ યોજના એટલે કેન્દ્ર સરકારે મોકલેલી યોજના એવી જાતની એક ઈમ્પ્રેસન કરીને ઘણાં લોકો ફરતા હોય છે. અને આ માટે મારે ધ્યાન દોરવું છે કે ઈન્દિરા આવાસ યોજના ગુજરાતમાં બહુ સારી રીતે ચાલે છે અને બે વર્ષમાં ૧ લાખ ૬ હજાર કરતા વધારે ઈન્દિરા આવાસ બાંધ્યા છે, પરંતુ જ્યારે આપને.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, અહીં મને સંબોધીને જવાબ આપો, એમની સામે જોવાની જરૂર નથી.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અહીં ઈન્દિરા આવાસની બાબતમાં ૨૫ હજાર રૂપિયાની રકમ આપણને ફાળવવામાં આવે છે તેમાંથી ૭૫ ટકા રકમ કેન્દ્ર સરકાર આપે છે, એટલે ૧૮૭૫૦ રૂપિયાની રકમ કેન્દ્ર સરકાર પાસેથી આપણને મળે છે, એમાં ગુજરાત સરકાર ૬૨૫૦ રૂપિયા ઉમેરે છે. અને એમ કરીને ૨૫ હજાર રૂપિયાની રકમ સંકલિત કરે છે, પણ આપ જાણો છો કે ૪૩ હજાર રૂપિયામાં એક યુનિટ બને છે, એમાં ૨૫ હજાર રૂપિયામાંથી ફક્ત ૧૮૭૫૦ રૂપિયાની રકમ જ આપણને હાથમાં આવે છે. બાકીના ૧૧ હજાર રૂપિયાની વધારાની રકમ એડ કરીને આ ગુજરાત સરકાર ઈન્દિરા આવાસ યોજના પૂરી કરવા માટે આપે છે. ૩૬ હજાર રૂપિયાની રકમ થઈ ગયા પછી બાકીના ૭ હજાર રૂપિયા લોકો આપે છે. એ રીતે આપની કલ્પનામાં હશે કે આ ઈન્દિરા આવાસ બંધાય છે તે આપના દ્વારા જ બંધાય છે, અને કેન્દ્ર સરકાર મોકલે છે, પણ એવું નથી, જે બંધાય છે તેમાં ગુજરાત સરકાર પણ ૪૮ ટકા રકમ આપે છે. એટલે એવી ઈમ્પ્રેસન આપની છે.

**અધ્યક્ષશ્રી** : કોઈની પણ ઈમ્પ્રેસન હોય તો એ દૂર કરવાની મંત્રીશ્રીની ફરજ છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી બે વાત જાણવા માગું છું. એક તો ૨૦૦૧-૦૨ માં કેન્દ્ર સરકાર તરફથી ગ્રામ વિકાસની યોજનામાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. એક, અને બીજું..

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી આ સવાલ છેલ્લા બે વર્ષનો છે..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું સવાલ બરાબર ધ્યાનથી વાંચી ગયો છું કે, ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં વિવિધ ગ્રામ વિકાસની યોજનાઓમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે, પણ વર્ષ વાઈઝ આંકડા, મેં પોતે પણ મંત્રી તરીકે જવાબ આપ્યા છે, છેલ્લા પંદર વર્ષના આંકડા સાથે હોય, જવાબ ન આપવો હોય તો એમની મરજી છે, જવાબ ન આપવો હોય અને એમણે ગૃહને અંધારામાં રાખવું હોય તો એમની મરજી છે,

**અધ્યક્ષશ્રી** : આપણે ત્યાં પ્રશ્ન દાખલ કરતી વખતે પણ આપણે છેલ્લા ૩ વર્ષના આંકડા જ માગીએ છીએ. આમાં આપેલ વિગતો છે તેની અંદરથી આપને કંઈ પૂછવું હોય તો પૂછો. બાકી ૨૦૦૧-૦૨ માટે જુદો પ્રશ્ન પૂછવો જ પડે, આપ તો વિરોધપક્ષના નેતા છો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : મારો બીજો પ્રશ્ન છે કે ૨૦૦૬-૦૭ માં જે વણ વપરાયેલી રકમ રહી છે, કારણ કે ૪૭૬.૭૭ કરોડ વપરાયા છે. ફાળવ્યા હતા ૫૩૦.૫૫ કરોડ, ૮૯ ટકા વપરાયા છે અને ૧૧ ટકા રકમ વપરાયા વગરની રહી છે. ગ્રાન્ટ મોડી આવે તે કંઈ આ પહેલીવાર નથી, ગ્રાન્ટ તો મોડી પહેલા પણ ગમે તે સરકાર કેન્દ્રની હોય તેની તે રીતે જ ગ્રાન્ટ આવતી હોય છે. હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આ તંત્ર પાસેથી કામ લેવાનું છે એને બહુ છાવરવાની જરૂર નથી ગુજરાતના વિકાસનું હિત એ સૌનું હિત છે. આવી ગ્રાન્ટ વણવપરાયેલી ન રહે એના માટે કોઈ નક્કર પગલાં આપણે ભરવા માગીએ છીએ કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : કેન્દ્ર સરકારમાંથી મળતી રકમ છેલ્લા મહિનામાં મળતી હોય છે. ૮૯-૯૦ ટકા જેટલું કામ થઈ ગયું હોય ત્યારે આ રકમ પડી રહે છે તેવું કહેવું બરાબર નથી. ચોક્કસપણે વધુમાં વધુ એફિશિયન્ટ કરીને યોજનામાં વધારે ખર્ચ થાય તેવું આયોજન રાખીએ છીએ.

### મઠ, અડદ અને તુવેરની દાળના ભાવ

*** ૯૨ શ્રીખુમાનસિંહ રા. ચૌહાણ(સાવલી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

તા. ૩૧-૧-૨૦૦૭ થી તા.૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં રાજયમાં મઠ, અડદની દાળ તુવેરનીદાળ અને વાલના ભાવોમાં મોટો ઉછાળો આવેલ છે તે રોકવા સરકારે શાં પગલાં લીધાં?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી:**

રાજય સરકાર દ્વારા કઠોળના ભાવને રોકવા માટે નીચે મુજબના પગલાં લેવાયેલ છે.

(અ) ભાવ અંકુશમાં રહે તે માટે તેમજ સંગ્રહાખોરીને અટકાવી શકાય તે માટે રાજય સરકાર દ્વારા "ગુજરાત કઠોળ સંગ્રહ (નિયંત્રણ) આદેશ ૨૦૦૭" બહાર પાડવામાં આવેલ છે. તે અન્વયે ઉત્પાદકો, જથ્થાબંધ વિક્રેતા અને છૂટક વિક્રેતાની સંગ્રહ મર્યાદા નક્કી કરવામાં આવેલ છે.

(બ) ઉપરોકત આદેશની જોગવાઈઓ અન્વયે નિયામકશ્રી, નાગરિક પુરવઠા કચેરી તથા જિલ્લા કચેરીઓ દ્વારા જરૂરી તપાસણી તથા મોનિટરીંગ કરવામાં આવે છે. તથા પખવાડીક માહિતી મેળવવામાં આવે છે, અને ભાવ નિયંત્રણમાં રહે તે માટે કાળજી લેવામાં આવે છે.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : મારો પ્રશ્ન ખૂબ જ અગત્યનો છે. આ બહુ જ ચિંતાનો વિષય છે. સરકાર કૃષિ રથ કાઢે છે તેમ છતાં કઠોળના આટલા બધા ભાવો વધી ગયા છે. હવે તો કઠોળ ખાવાનું બંધ કરી દેવું પડે તેવી પરિસ્થિતિ ઊભી થઈ છે. હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ ભાવો વધવા માટેનું શું કારણ છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : એક તો કોઈપણ કોમોડીટી કઠોળ છે એની ઉપર નિયંત્રણ કરવાનું કામ કેન્દ્ર સરકારે ગુજરાત સરકારને આપ્યું નથી. તેમ છતાં એના ભાવો નિયંત્રણ કરવા માટે અમે આયોજન કર્યુ છે જે અંગે આપ સૌ સભ્યશ્રીઓનું ધ્યાન દોરીશ. એક પત્ર હતો પલ્સેસ ઈમ્પોર્ટીંગ એસોસિએશન ઑફ ઇન્ડિયાના જણાવ્યા અનુસાર વરસાદની અછતના લીધે ભારતને આ વરસે મોટા પ્રમાણમાં કઠોળની આયાત કરવી પડશે. હું આ આખા દેશ માટેની વાત કરુ છું. ગયા વરસે ૯૪ લાખ મૅટ્રિક ટનનું કઠોળનું ઉત્પાદન થયું હતું જે આ વરસે ફક્ત ૮૫ લાખનું જ ઉત્પાદન થયું છે. આ વરસે દેશમાં ૩૫ લાખ મૅટ્રિક ટન કઠોળ લાવવું પડશે એના લીધે મોંઘ ્વારી વધી રહી છે. ગુજરાત સરકાર તેનું નિયમન કરવા માટે એનો સ્ટૉક કન્ટ્રોલ કરવા માટે એનું નિયંત્રણ કર્યુ છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ઊંચા ભાવ જોઈએ તો એ ખુલ્લા છે એના ઉપર કોઈ નિયંત્રણ નથી. મુંબઇ બંદરનું ધ્યાન દોરુ તો તુવેરની દાળ ૩૩૦ યુ.એસ. ડોલર ગયા વરસે હતી એ આ વરસે ૫૧૫ યુ.એસ. ડોલર થઈ ગઈ છે. આંતરરાષ્ટ્રીય કક્ષાએ કઠોળના ભાવો વધી ગયા છે. તેમ છતાં ગુજરાતમાં કોઈ આવો ભાવ વધારો થયો નથી. પાંચ ટકાનો ફેરફાર થયો છે. કઠોળ છે એમાં કોઈ પણ જગ્યાએ ભાવ વધારાની અસર થઈ નથી. એનું નિયંત્રણ અમે કરી રહ્યા છીએ.

**શ્રી યોગેશ પટેલ** : દરેક કુટુંબ પહેલા ઘરમાં કઠોળ ભરતુ હતું જ્યારે શાક મોંઘા થાય ત્યારે કઠોળનો ઉપયોગ કરે, પરંતુ અત્યારે કોઈપણ કઠોળ ૩૦ રૂપિયાથી નીચે નથી. તો મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે પુરવઠા

તંત્ર અને જિલ્લા કચેરી દ્વારા અડદની દાળ, તુવેર દાળ, મઠ અને વાલનો કેટલો જથ્થો જપ્ત કર્યો? જથ્થાબદ્ધ વિક્રેતાઓ કેટલો જથ્થો સંગ્રહ કરી શકે અને છૂટક વિક્રેતાઓ કેટલો સંગ્રહ કરી શકે એ મંત્રીશ્રી જણાવે.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : અમારા વિભાગ દ્વારા આના માટે આયોજન કર્યુ છે. ઈમ્ફોર્સમેન્ટ દ્વારા જે સ્ટૉક રાખવાની સત્તા આપવામાં આવી છે એનાથી વધારે સ્ટૉક ન રાખી શકે તેવું આયોજન છે. અમે ૩૮૭૧ તપાસો કરી છે એમાં ૨૦ લાખ ૧૪૬ કિલો માલ કબજે કર્યો છે. એટલે કે ૪૮ લાખ ૪૬ હજાર ૫૪૯ રૂપિયાની કિંમતનો કઠોળનો જથ્થો કબજે લીધો છે. એમાંથી એ લોકોની ફરિયાદો સાંભળ્યા પછી રાજય સરકારે જે જથ્થો પરમેનેન્ટ લીધો છે. એવો ૨૪,૮૧૪ કિલો લીધો છે. આ રીતે ૫,૭૯,૩૭૪ રૂપિયાનો જથ્થો રાજયસાત કરેલ છે. તેમાં ચાર કોર્ટ કેસ પણ કરવામાં આવ્યા છે.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, કઠોળનું ઉત્પાદન વધે તેના માટે સરકાર કંઈ વિચારે છે ખરી?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : વરસાદ સારો આવે તો કઠોળ પણ પેદા થાય. ગુજરાતમાં પ્રોબ્લેમ નથી. પ્રોબ્લેમ છે આપણાં દેશના બીજાં રાજયોમાં વરસાદ જ્યાં ઓછો થયો છે ત્યાં કઠોળ પેદા ન થતાં આ કઠોળ બીજે તણાઈ જાય છે.

**શ્રી કાળુભાઈ વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજય સરકાર દ્વારા ભાવો અંકુશમાં રહે એ માટે કોઈ આદેશો બહાર પાડવામાં આવ્યા છે કે કેમ? અને તેની સંગ્રહ મર્યાદા કેટલી નક્કી કરવામાં આવી છે?

**અધ્યક્ષશ્રી** : ભાવ માટે આદેશો બહાર પાડવામાં આવ્યા છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર દ્વારા આપણને બીજાં કોઈ નિયમો લાગુ પાડવા દીધા નહોતા. ત્યારે તેની અંદર સંગ્રહ મર્યાદા નક્કી કરી છે. ભાવોને કાબુમાં લેવા માટે વાર્ષિક ઉપયોગમાં લેવાના કાચા માલ, કોઈ પણ કાચા માલનું પ્રોડક્શન કરતા હોય એવા ઉત્પાદક યુનિટોમાં તેની પાસે સાથે જે કંઈ હોય તેમાંથી ૧/૬ જેટલો જથ્થો પોતે પોતાની પાસે સ્ટૉકમાં રાખી શકે. મધ્યમ કક્ષાના ઉત્પાદકો હોય તો ત્રણ-ચાર મહિનાનું ઉત્પાદન કરીને એ યુનિટો બંધ થતાં હોય અને ફક્ત પોતાના યુનિટોમાં ૫૦૦ કિવન્ટલનો જથ્થો રાખવાની છૂટ આપીએ છીએ. જથ્થાબંધ વિક્રેતા હોય તો ૧૦૦૦ કિવન્ટલ જેટલો જથ્થો એ રાખી શકે અને છૂટક વિક્રેતા હોય તો ૫૦ કિવન્ટલ જેટલો જથ્થો કઠોળનો એ રાખી શકે. આટલું એ રાખે. તેનાથી વધારે રાખે તો તેને અમારા વિભાગ દ્વારા, એન્ફોર્સમેન્ટ દ્વારા જથ્થો કબજે કરવામાં આવે છે અને તેને બજારમાં વિતરણ માટે દબાણ કરવામાં આવે છે.

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નના જવાબમાં જણાવ્યું છે કે નિયામકશ્રી નાગરિક પુરવઠા કચેરી તથા જિલ્લા કચેરીઓ દ્વારા જરૂરી તપાસણી તથા મોનીટરીંગ કરવામાં આવે છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે ૩૧-૧-૦૭થી ૩૧-૧૨-૦૭ સુધીમાં વડોદરા જિલ્લામાં આવી કેટલી તપાસણી કરવામાં આવી અને તેમાં કોઈ ગેરરીતિઓ પકડાઈ છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે આખા ગુજરાતનું છે. તેમાં વિગતવાર જોઈતું હોય તો..

**અધ્યક્ષશ્રી** : જિલ્લાવાર છે? ન હોય તો માહિતી ટેબલ ઉપર મૂકજો.

### કચ્છ જિલ્લામાં બી.પી.એલ. યાદી તૈયાર કરવા બાબત

***૮૪૫ શ્રી રમેશ વ. મહેશ્વરી (મુંદ્રા)** : માનનીય **ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) કચ્છ જિલ્લામાં બી.પી.એલ. કુટુંબોના સર્વે બાબતે યાદી તૈયાર કરવા માટે તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં યાદી તૈયાર કરવામાં આવી છે કે કેમ?
(૨) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ આ નવી તૈયાર કરવામાં આવેલી યાદી બાબતે અનિયમિતતા સંબંધી કુલ કેટલી ફરિયાદો સરકારને મળેલ છે?
(૩) આ ફરિયાદોમાંથી કુલ કેટલી ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે અને કેટલી ફરિયાદોનો નિકાલ બાકી છે, અને
(૪) બાકી ફરિયાદોનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે અને ગંભીર પ્રકારની બેદરકારી/ગેરરીતિ બાબતે કેટલા કર્મચારી/અધિકારીઓ સામે કયા પ્રકારના પગલાં લેવામાં આવ્યા?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી :**

(૧) હા,જી.
(૨) કોઈ ફરિયાદ મળેલ નથી.
(૩) પ્રશ્ન રહેતો નથી.
(૪) પ્રશ્ન રહેતો નથી.

**શ્રી રમેશ વ. મહેશ્વરી** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન છે કચ્છ જિલ્લામાં બી.પી.એલ. કુટુંબોના સરવે બાબત યાદી તૈયાર કરવા માટે ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ કુલ કેટલા બી.પી.એલ. કાર્ડ છે?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : ૧,૦૪,૫૯,૦૦૦ બી.પી.એલ. કાર્ડ ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં યાદી તૈયાર કરવામાં આવી છે કે કેમ? અને એક વર્ષમાં યાદી તૈયાર કરવામાં આવેલી છે તેની હા કહી છે. બી.પી.એલ.ની યાદીમાં જે વિસંગતતાઓ છે એ પૂછવા માટે સભ્યશ્રીનું જે હાર્દ આ પ્રશ્નમાં છે. આ બી.પી.એલ.ની યાદીમાં તેના આધારે ગ્રામીણ રોજગાર યોજનાના કામો બી.પી.એલ.ની યાદીમાં વિસંગતતાના કારણે ગ્રામીણ રોજગારીની અંદર કચ્છ જિલ્લાની અંદર નહિવત્ કામગીરી થઈ છે ત્યારે આ બી.પી.એલ.ની યાદીમાં કોઈ ક્ષતિઓ રહી ગઈ હોય તો રાજય સરકાર કેન્દ્ર સરકારના ધારા-ધોરણો પ્રમાણે અને રાજય સરકારોની જે રજૂઆતો હોય એના આધારે કોઈ ફેરવિચારણા કરીને સુધારો કરવા માગે છે કે કેમ ?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં ગુજરાત સરકારની કોઈ ભૂલ નથી. કેન્દ્ર સરકારની મર્યાદાના કારણે આ પ્રશ્ન છે. સભ્યશ્રીનો પ્રશ્ન છે એમાં એપ્રિલ-મેમાં સુધારો થવાનો છે એમાં આ જોઈ લઈશું.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, બી.પી.એલ. કાર્ડ ધારકોને હાલમાં જે બે રૂપિયે કિલો ઘઉં આપવામાં આવે છે તેની જગ્યાએ તૈયાર લોટ આપવા માગો છો કે કેમ?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, આને આ સુસંગત નથી. આ નાગરિક પુરવઠાનો પ્રશ્ન છે.

**શ્રીમતી નીમાબેન ભા. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, જે બી.પી.એલ. યાદીમાં જે લોકો રહી ગયા છે, કેન્દ્ર સરકારે પહેલાં લિમિટેશન કર્યું અને કમી કર્યા એના હિસાબે ઘણા બધા રહી ગયા છે. ખાસ કરીને જે લોકોને બિમારી હોય, ખૂબ ગરીબ હોય અને એમને આરોગ્યમાં નિયમ બનાવેલો છે કે હૉસ્પિટલમાં મફત સારવાર મળે. એનો લાભ આ બી.પી.એલ.ના કાર્ડ ન હોવાના કારણે વંચિત રહી જાય છે ત્યારે અમારી પાસે આવા લોકો આવે છે. ત્યારે ખૂબ મુશ્કેલી પડે છે. તો બી.પી.એલ.ના કાર્ડમાં રહી ગયા છે એવા લોકોનો ક્યારે સમાવેશ કરવામાં આવશે? એમાં સુપ્રીમ કોર્ટના આદેશ પ્રમાણે કોઈ નિયમ નક્કી થયો છે કે કેમ?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં જ મેં વાત કરી છે કે એપ્રિલ-મેમાં આની કાર્યવાહી થવાની છે અને તેમાં ટી.ડી.ઓ. કક્ષાએ કામગીરી થવાની છે. આ ગૃહના બધા જ માનનીય સભ્યશ્રીઓનો પ્રશ્ન છે. એ માટે એપ્રિલ-મેમાં કાર્યવાહી કરીને જે પાત્ર હશે એમને સમાવવાનો પ્રયત્ન કરવામાં આવશે.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, કચ્છ જિલ્લામાં કોઈ એક ગામમાં ગ્રામ સભાએ બી.પી.એલ.ની યાદી મંજૂર કરી હોય એવું છે?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, આખા દેશની અંદર આ એક જ સુધારો હોઈ શકે. એ ગુજરાત હોય, મહારાષ્ટ્ર હોય, રાજસ્થાન હોય ગમે તે હોય એમાં ગ્રામ સભા જ એની મંજૂરી આપે છે.

**અધ્યક્ષશ્રી:** એમણે માત્ર કચ્છ જિલ્લાના એક ગામ વિશે પૂછ્યું છે? એ ગામની માહિતી હોય તો આપો.

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, એ ગામનું નામ આપે તો તપાસ કરાવીશું. (અંતરાય)

## સમી, હારીજ અને રાધનપુર તાલુકામાં સામાજિક વનીકરણ

***૩૭૯ શ્રી ભાવસિંહભાઈ ડા. રાઠોડ(સમી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) પાટણ જિલ્લાના સમી, હારીજ અને રાધનપુર તાલુકામાં તા.૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઈ કઈ નર્સરીઓ તથા પ્લાન્ટેશનમાં કેટલા રોપાના વાવેતર જંગલ ખાતાના નૉર્મલ અને સામાજિક વનીકરણ વિભાગોએ કર્યા,

(૨) આ નર્સરીઓ અને પ્લાન્ટેશન પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) કેટલા શ્રમજીવીઓને માનવદિન ઊભા કરવામાં આવ્યા?

**વન મંત્રીશ્રી** :

(૧) પાટણ જિલ્લાના સમી, હારીજ અને રાધનપુર તાલુકામાં તા.૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિવિધ નર્સરીઓમાં રોપા ઉછેરીને ૧૪.૪૯ લાખ રોપાઓનું વાવેતર નૉર્મલ અને સામાજિક વનીકરણ વિભાગે કર્યું છે.

(૨) આ નર્સરીઓ અને પ્લાન્ટેશન પાછળ કુલ રૂ.૧૭૩.૨૧ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

(૩) શ્રમજીવીઓને ૧,૪૯,૮૫૩ માનવ દિન ઊભા કરવામાં આવ્યા છે.

**શ્રી ભાવસિંહભાઈ ડા. રાઠોડ :** માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ વિભાગ તરફથી મળ્યો છે. એમાં ખર્ચની વિગતો પણ મળી છે. મારે એ જાણવું છે કે, સમી, હારીજ અને રાધનપુર તાલુકાની રેન્જમાં વન ખાતા તરફથી કરવામાં આવેલ વાવેતરમાં કેટલા રોપાઓ અને ઝાડ જીવિત છે? બીજું જાણવું છે કે, આ વાવેતર બાબતે કરવામાં આવેલ ફરિયાદો સરકારના ધ્યાન ઉપર આવી છે કે નહીં? જો હોય તો તેની તપાસ સરકાર ઉચ્ચ કક્ષાએ કરાવવા માગે છે કે કેમ? અને મારી ગંભીર ફરિયાદ છે કે, રેન્જરોએ ધારા પત્રકો બનાવી, ભરાવી ખોટા નામો

લખાવીને તથા મજૂરોને ઓછી રકમ ચૂકવી નાણાકીય ગોલમાલ કરી છે. આ બાબતે સરકાર રેન્જરો સામે તપાસ કરાવવા માગે છે કે કેમ?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, સમી, હારીજ અને રાધનપુર તાલુકામાં વન વિભાગની નર્સરીઓમાં છેલ્લા ૨ વર્ષમાં ૫૨.૬ લાખ રોપાઓ ઉછેરવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : એમનો પ્રશ્ન એ છે કે, એન.જી.ઓ. સામેની ફરિયાદો મળી છે કે કેમ?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, ફરિયાદો હશે તો એની તપાસ કરાવીશું.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પાસેથી મારે એ જાણવું છે કે આ રોપા ઉછેરવામાં આવ્યા છે એ ગાંડા બાવળના છે કે ગાંડા બાવળ સિવાયના રોપાઓ છે? અગાઉ મારા ધ્યાનમાં આવ્યું છે કે મોટાભાગના ગાંડા બાવળ જ વાવતા એટલે એના સિવાય છે કે કેમ અને મારો બીજો પ્રશ્ન એ છે કે જે રોપા ઉછેરવામાં આવ્યા છે એમાંથી રાધનપુર સમી અને હારીજમાં કેટલા રોપાઓ જીવંત છે.

**શ્રી કિરીટસિંહ જી. રાણા**: માનનીય અધ્યક્ષશ્રી, બાવળ તો કોંગ્રેસના રાજયમાં હતા. રાજય સરકારે તો કપાવ્યા છે અને ખૂબ જ નડતા હતા. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી શંકરભાઈએ જે પૂછયું છે ૨૦૦૬-૦૭ દરમિયાન સમીમાં ૧૨,૨૨મ,૮૨૦ રોપાઓ વાવેલ છે તે પૈકી ૧૦,૮૩,૧૫૯ જીવંત છે તેમજ હારીજ તાલુકામાં ૮૦,૮૪૩ પૈકી ૩૭,૧૨૪ જીવંત છે. રાધનપુર તાલુકામાં ૭૧,૪૩૬ પૈકી ૩૩,૩૭૦ જીવિત છે. એકંદરે કુલ મળીને ત્રણે ૧૩,૭૫,૦૯૮ પૈકી ૧૧,૫૩,૬૫૩ જીવિત છે.

**શ્રી રમણલાલ ના. પાટકર** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે જે પ્લાન્ટેશન કરવામાં આવ્યા છે એમાં પાયાનું ખાતર કયું કયું નાખવામાં આવે છે અને એના માટે ખાડો કેટલા બાય કેટલાનો ખોદવામાં આવે છે અને એનું વીડીંગ કેટલા સમયની અંદર કરવામાં આવે છે?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, એમાં એમ નથી આવતું પણ જે ખાતર બૅગ આખી તૈયાર પાર્ટીશન માટે રોપો કરવો પડે છે.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે કેટલા શ્રમજીવીઓને માનવદિન ઉભા કરવામાં આવ્યા તો ૧,૪૯,૮૫૩ માનવદિન ઉભા કરવામાં આવ્યા છે તેવો જવાબ છે તો આ જે માનવદિન ઉભા કર્યા એમાં જે ખાડા ખોદવાનું કામ જે મજૂરો કરે છે એ ખાડાની ઉંડાઈ, પહોળાઈ અને કેટલા માપની હોય છે અને એમને અત્યાર સુધી આ ૧,૪૯,૮૫૩ માનવદિનમાં કેટલા પૈસા ચૂકવવામાં આવ્યા છે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રોપા ઉછેરવામાં પડવાની જરૂર નથી. પોલીથીન બેગમાં માટી ભરવામાં આવે, ખાતર નાખવામાં આવે અને બી નાખવામાં આવે છે અને માનવદિનની એમણે વાત કરી તો હારીજમાં સાડત્રીસ હજાર માનવદિન છે જેમાં ત્રાણુહજાર માનવદિન છે અને રાધનપુરમાં ઓગણીસ હજાર માનવદિન વપરાયા છે.

**શ્રી અનિલકુમાર અ. માળી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સમી, હારીજ અને રાધનપુર તાલુકામાં કેટલા હેકટરમાં વાવેતર કરવામાં આવ્યું એ તાલુકાવાઈઝ જણાવવામાં આવે.

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે સમી હારીજ તાલુકામાં ૭૨૩ હેકટર વાવવામાં આવેલ છે. હારીજ તાલુકામાં ૯૭ હેકટર, રાધનપુરમાં ૧૧૦ હેકટર એમ કુલ મળીને ૯૩૦ હેકટર છે.

**શ્રી અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે જે આ ૧૭૩ લાખ અને ૨૧ હજારનો જે ખર્ચ થયો છે એમાં પોલીથીન બેગમાં ઉછેરવાના પ્લાનનો કેટલો ખર્ચ છે અને પ્લાન્ટેશન પાછળનો કેટલો ખર્ચ છે અને બીજો પ્રશ્ન એ છે કે માનવદિન ૧૪૯૮૫૩ માનવદિન છે તો દૈનિક ભથ્થું શું ચૂકવો છો?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ રોપા ઉછેરવાની વાત અને વાવેતર આ બંનેનો ખર્ચ છે એમાં નર્સરીમાં રોપા ઉછેરવાના પાછળનો ખર્ચ છે એ રૂા. ૫૬.૧૦ લાખ છે અને વાવેતર કરવાનો જે ખર્ચ છે એ રૂા. ૧૧૭.૧૧ લાખનો ખર્ચ છે.

## દાહોદ અને ઝાલોદ તાલુકાઓમાં રોપા-ઉછેર માટે ફાળવેલ રકમ

*૧૬**શ્રી બચુભાઈ ના. કિશોરી(લીમડી)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ દાહોદ તાલુકાઓમાં રોપા ઉછેર માટે છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) તાલુકાવાર કેટલા રોપા ઉછેરવામાં આવ્યા?

**વન મંત્રીશ્રી :**

(૧) છેલ્લા બે વર્ષમાં નીચે મુજબની રકમ ફાળવવામાં આવી.

(રકમ રૂા. લાખમાં)

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષ | ફાળવવામાં આવેલ રકમ |
|---|---|---|---|
| ૧ | દાહોદ | ૨૦૦૫-૦૬,<br>૨૦૦૬-૦૭<br>(તા. ૩૧-૧-૦૭ સુધી)<br>કુલ : | ૭૧.૪૪<br>૬૭.૨૧<br>------------<br>૧૩૮.૬૫ |
| ૨ | ઝાલોદ | ૨૦૦૫-૦૬,<br>૨૦૦૬-૦૭<br>(તા. ૩૧-૧-૦૭ સુધી)<br>કુલ :<br>એકંદરે કુલ : | ૮૫.૭૮<br>૧૦૧.૮૧<br>------------<br>૧૮૭.૫૯<br>૩૨૬.૨૪ |

(૨) નીચે પ્રમાણે રોપા ઉછેરવામાં આવ્યા.

(રોપાની સંખ્યા લાખમાં)

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષ | ઉછેરવામાં આવેલ રોપા |
|---|---|---|---|
| ૧. | દાહોદ | ૨૦૦૫-૦૬,<br>૨૦૦૬-૦૭<br><br>કુલ : | ૨.૯૨<br>૪.૮૮<br>----------<br>૭.૮૦ |
| ૨. | ઝાલોદ | ૨૦૦૫-૦૬,<br>૨૦૦૬-૦૭<br><br>કુલ:<br>એકંદર કુલ : | ૩.૮૩<br>૭.૬૭<br>-----------<br>૧૧.૫૦<br>૧૯.૩૦ |

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ અને ઝાલોદ તાલુકાઓમાં આ જે કાંઈ ખર્ચ થયેલ છે અને રોપા ઉછેર થયેલ છે એમાં ખેડૂત નર્સરી મારફત અને વન ખાતા મારફત કેટલા રોપા ઉછેરવામાં આવ્યા છે? ખરેખર કુલ કેટલા રોપા વાવવામાં આવ્યા અને એમાંથી કેટલા ઉછર્યા છે?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : દાહોદ અને ઝાલોદ તાલુકામાં વર્ષ ૨૦૦૫-૦૬ માટે ૧૯.૩૦ લાખ રોપાઓ ઉછેરવામાં આવ્યા છે અને સરેરાસ રોપા દીઠ ખર્ચ રૂા. ૨૩.૧૫ કરવામાં આવેલ છે.

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા** : હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે દાહોદ તથા ઝાલોદમાં નર્સરીઓમાં મુખ્યત્વે કયા કયા રોપાઓ ઉછેરવામાં આવ્યા છે?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : સામાજિક વનીકરણ વિભાગ દ્વારા મુખ્યત્વે ગરમાળો, કરંજી, અરડુસી, લીમડો, કણજી, આંબળા, વડ, પીપળ, ખેર, બહેડા, મહુડા, ગુલમ્હોર, વાંસ, સીતાફળ, વગેરે તથા અન્ય ફળાઉ રોપાઓ ઉછેરવામાં આવ્યા છે.

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : આ જે રોપા ઉછેરવામાં આવ્યા એમાં ખેડૂત નર્સરીમાં કેટલા ઉછેરવામાં આવ્યા અને વન ખાતાના પ્લાન્ટેશન મારફતે કેટલા ઉછેરવામાં આવ્યા એ મારો પ્રશ્ન હતો.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : આ વન વિભાગની નર્સરી હોય એમાં ઉછેરવામાં આવે છે. જ્યારે પ્લાન્ટેશન કરવાનું હોય ત્યારે વાવેતર વન વિભાગની જમીનમાં કરવામાં આવે છે. ખેડૂતોને આપવામાં આવે છે એ વન મહોત્સવ હોય તે વખતે આપવામાં આવે છે. ગ્રામ પંચાયતને પણ એ જ રીતે આપવામાં આવે છે. ખેડૂતોની જમીનમાં ઉછેરવામાં આવતા નથી.

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : આમાં સ્પષ્ટ છે કે દર વર્ષે ખેડૂત નર્સરીમાં ઉછેરવામાં આવે છે, વન ખાતા દ્વારા પણ ઉછેરવામાં આવે છે. બન્ને અલગ અલગ હું માગું છું.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : વન વિભાગની નર્સરીઓ આવેલી છે એ નર્સરીઓમાં જ ઉછેરવામાં આવે છે અને પ્લાન્ટેશન કરવાનું હોય ત્યારે વન વિભાગની જમીન હોય ત્યાં પ્લાન્ટેશન કરવામાં આવે છે. ખેડૂતોને જરૂર હોય તો આપીએ છીએ. સબસિડાઈઝ રીતે રોપાઓ આપીએ છીએ. વન મહોત્સવ હોય ત્યારે એક ગ્રામ પંચાયતને ૫૦૦૦ જેટલા રોપાઓ અમે આપીએ છીએ.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : આ જે રોપા રોપવામાં આવે છે તો દાહોદ જિલ્લામાં આઝાદી પહેલા જંગલ હતું કે કેમ એનો માનનીય મંત્રીશ્રી પાસે કોઈ પુરાવો છે?

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય મંત્રીશ્રી જે જવાબ આપે છે, અમને એ બાબતમાં સંતોષ નથી. હું સ્પષ્ટતા કરવા માગું છું કે વન વિભાગ મારફત કોઈ ખેડૂતની નર્સરીમાં પોતે પ્રાઈવેટ નર્સરીમાં રોપા ઉછેરવા માટે વન વિભાગ અમૂક રોપા દીઠ મજૂરી આપે છે. ખેડૂતો પોતાની નર્સરીમાં રોપા તૈયાર કરે છે અને બીજા ખેડૂતોને વન વિભાગ મારફતે વાવવા માટે આપે છે. એક આ યોજના છે. બીજી યોજના છે એમાં વન વિભાગ પોતાની નર્સરી હોય તે જમીનમાં રોપા ઉછેરે છે. મંત્રીશ્રીને માહિતી ન હોય.

**અધ્યક્ષશ્રી** : આપણે પ્રશ્ન પૂછીએ ત્યારે સ્પષ્ટતાપૂર્વક પૂછવો જોઈએ.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : સાહેબ, રોપા ઉછેરવા એટલે વન વિભાગવાળા બે રીતે રોપા ઉછેરાવે છે. આમાં સ્પષ્ટતા જ છે અને હવે હું સ્પષ્ટતાથી એટલા માટે જાણવા માગું છું કે જે ખેડૂત રોપા ઉછેરીને, જે વનવિભાગ મારફત ખેડૂતને આપે છે એના બદલામાં ખડૂતને અમૂક રકમ મળતરના ભાગરૂપે મળે છે. બીજું, વનવિભાગ એની નર્સરીમાં ઉછેર્યા પછી વનવિભાગ મારફત ખેડૂતને અપાય છે. આમાં બે રીતે ઉછેરવામાં આવે છે. એટલા માટે આમાંથી કેટલા રોપા ખેડૂતોને અપાણા એમાંથી કેટલાનું વાવેતર થયું અને એમાંથી કેટલા રોપા જીવતા છે?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી પ્લાન્ટેશન બનાવ્યા પછી જાહેર લોકો હોય, જાહેર સંસ્થા હોય ગવર્નમેન્ટનો વનમહોત્સવ હોય ત્યારે ૫૦૦૦-૫૦૦૦ની સંખ્યામાં આપી છીએ. ઉછેરવા માટે ખડૂતને નથી આપતા, જે ગવર્નમેન્ટ જ બધે એના. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, એમનો પ્રશ્ન એટલો જ છે કે ખેડૂત દ્વારા જે ખેડૂતની નર્સરીમાં રોપા ઉછેર થાય એ અંગેની માહિતી તમારી પાસે છે?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : ના, જી.

**અધ્યક્ષશ્રી** : ના હોય તો ટેબલ ઉપર મૂકજો.

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : હા, જી. ટેબલ ઉપર મૂકીશ.

**રાજ્યમાં ગેસ સીલીન્ડરની અછત**

*** ૮૫૩ શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા)** : **માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં ગેસ સીલીન્ડરની અછત સર્જાવાના કારણો કયાં,
(૨) આ અછત નિવારવા સરકારે શી કાર્યવાહી કરી,
(૩) વ્યકિતદીઠ કેટલા K.G. ગેસકેન્દ્ર દ્વારા ફાળવવામાં આવે છે, અને
(૪) શિયાળા પૂરતું આ જથ્થામાં વધારો કરવા માટે કેન્દ્ર સરકાર સમક્ષ કોઈ રજૂઆત કરવામાં આવેલ છે કે કેમ?

**અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી :**

(૧) રાજ્યમાં ગેસ સીલીન્ડરની અછત નથી.
(૨) અછત ન હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) કેન્દ્ર સરકાર દ્વારા આ માટે કોઈ ધોરણ નિયત કરેલ નથી.
(૪) શિયાળા દરમ્યાન બેકલોગની પરિસ્થિતિ નિવારવા કંપનીઓ સાથે બેઠકો ગોઠવી વધુ જથ્થો ઉપલબ્ધ કરાવવા તથા બેકલોગ ઘટાડવાનું આયોજન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે શિયાળા દરમ્યાન આ ગેસ સીલીન્ડર માટે બેકલોગ મોટો થતો હોય છે પણ માનનીય મંત્રીશ્રીએ જેમ જવાબ આપ્યો એમ હાલમાં ગેસ સીલીન્ડરની અછત નથી. પરંતુ આ જે બેકલોગ ઊભો થયો છે એમાં મારા ધ્યાનમાં એવું આવ્યું છે કે રેશીડેન્શ્યલમાં વપરાતો ગેસ અને કોમર્શિયલમાં વપરાતો સીલીન્ડરનો ગેસ આ બંનેના ભાવમાં શું તફાવત છે? અને જો કોઈ કોમર્શિયલ ગેસ સીલીન્ડર વાપરે એની જગ્યાએ જો રેશીડેંશ્યલ ગેસ સીલીન્ડર વાપતરતા હોય તો એવા સંજોગોમાં પુરવઠા વિભાગ દ્વારા એ જપ્ત કરવામાં આવે છે એના બદલે મારી માગણી એ છે કે એના ડિસ્ટ્રીબ્યુટરનું લાઈસન્સ રદ કરવાનું વિચારી શકાય કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગેસની બાબત હમણાંજ અનુભવવામાં આવી છે કે ગુજરાતમાં જે ગેસની પેનિક ઊભી થઈ હતી. શરૂઆતમાં અમારી સરકાર હમણા નવી શરૂઆત થઈ ત્યારથી તો એનો ભય જે હતો એની પાછળનું કારણ બીજું કોઈ હતું નહિ, પરંતુ શિયાળો આવ્યો હતો, એની જરૂરિયાત થોડી વધી હતી એ વખતે થોડો શોર્ટફોલ લાગતો હતો. પરંતુ સરકારે તરત જ એના ઉપર પગલાં લીધાં અને અમારાં સભ્યશ્રી પ્રદિપસિંહે જે કહ્યું એ વાત સાચી છે. અમારા એન્ફોર્સમેન્ટ દ્વારા આ ગેસનો જે સીલીન્ડર ડોમેસ્ટીક ૩૧૦ રૂપિયામાં મળે છે એજ સીલીન્ડરનો ઉપયોગ કરીને કોમર્શિયલમાં વાપરવાનો આગ્રહ લોકો કરતા હતા અને એનો કંટ્રોલ ઓછો દેખાતો હતો અને એ જ્યારે અમારા ધ્યાન ઉપર આવ્યું ત્યારે એના ઉપર એન્ફોર્સમેન્ટ દ્વારા ખૂબ

કાબુ કર્યો છે અને હવે એનો દુરુપયોગ થતો નથી. આ જે પેનીક હતો એની પાછળનું કારણ એ હતું કે લોકો જ્યારે શિયાળામાં ગેસ એકઠો કરી લેતા હતા એનું કારણ એ કે કેન્દ્ર સરકાર એકવાર પેટ્રોલના ભાવ વધશે એમ કહે છે એટલે ગેસ યુઝરો પેટ્રોલિયમ પ્રોડકટને એકઠી કરવા માટે પોતાના સીલીન્ડર પોતાની પાસે વધારે રાખવા માટે આ બનાવટી રીતે એનો ઉહાપોહ વર્તમાનપત્રમાં સાંભળવા મળ્યો હતો. પરંતુ આપે જોયું છે કે એવો કોઈ શોર્ટેઝ અત્યારે નથી. અત્યારે જોઈએ તે પ્રમાણે મળે છે અને અમારી સરકારે પણ આના જે પ્રોડ્યુસર ચાર કંપનીઓ છે એમને બોલાવવામાં આવ્યાં, એમની સાથે ડાયલોગ કર્યો છે, એમની સાથે ચર્ચા કરી છે અને એમણે પણ ખાતરી આપી છે કે ગેસ કોઈ જગ્યાએ ખુટશે નહિ. જે બેકલોગ ગુજરાતમાં હતો એ બેકલોગ પુરો કરવા માટેની એમણે ખાતરી આપી હતી. ડિસ્ટ્રીબ્યુટરો ૫૧૭ ગુજરાતમાં છે એના ઉપર ચોક્કસાઈ કરવામાં આવી હતી કે કોઈપણ જગ્યાએ ગેરરીતિ થશે તો આ સરકાર કોઈને માફ કરશે નહિ અને હમણાં તમામ પરિસ્થિતિ કંટ્રોલમાં છે અને કોઈપણ જગ્યાએ ગેસની તકલીફ હોય એવું દેખાતું નથી.

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સમગ્ર ગુજરાતમાં ૫૧૭ જેટલી ગેસ એજન્સીઓ આવેલી છે, જ્યારે અછત હોય ત્યારે કાળાબજારનો પણ પ્રશ્ન ઉત્પન્ન થતો હોય છે તો ગુજરાત સરકાર આ જે ગેસ એજન્સીઓ છે આવી કેટલી ગેસ એજન્સીઓ ઉપર કાળાબજારના પગલાંરૂપે એના ઉપર શું કાર્યવાહી કરી છે અને શું પગલાં લીધાં છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, તપાસની કાર્યવાહીનો સિલસિલો સતત ચાલુ જ રહે છે. એમનું ધ્યાન દોરું કે ૨૦૦૭ની સાલમાં ૨,૧૨૯ તપાસ અમે કરી અને ૬,૧૪૫ ગેસ સિલિન્ડરો જપ્ત કર્યા છે અને ૬૪,૮૦,૦૦૦/- રૂપિયાના ગેસ સિલિન્ડરો અમે કબજે કર્યા છે અને એમાંથી જથ્થો ૩,૨૪૪ ગેસ સિલિન્ડરોને ૩૦,૪૮,૨૩૮/- રૂપિયાનો જથ્થો અમે રાજયસાત કર્યો છે, ૩૪ પોલીસ કેસો કર્યા છે એ ઉપરાંત હોટલોમાં જે દુરુપયોગ થતો હતો એમાં પણ ૧,૮૦૮ અમે તપાસો કરાવી છે ૨,૨૦૪ સિલિન્ડરોનો જથ્થો જપ્ત કર્યો છે, ૨૩,૪૩,૦૦૦/- રૂપિયાનો જથ્થો કબજે કર્યો છે, ૧૦,૮૩,૦૫૮/- રૂપિયાનો કબજે કરી રાજયસાત કર્યો છે અને આ ડિસ્ટ્રીબ્યુટરો જે એનો દુરુપયોગ કરે છે, સૂચના એવી આપવામાં આવી છે કે, વાપરનાર કરતાં જે ડિસ્ટ્રીબ્યુટરો છે એની મોટી જવાબદારી છે અને એ જવાબદારીમાંથી જો એ લેપ્સ થશે તો એ બધાના લાયસન્સ કેન્સલ કરવામાં સરકાર જરા પણ પાછી પડશે નહીં.

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગું છું કે, અમને ઘણી એવી રજૂઆતો અને ફરિયાદો મળી છે કે, ગેસનો પુરવઠો પ્રજાને સમયસર મળતો નથી, તો ગેસનો પુરવઠો પ્રજાને સમયસર મળી રહે તે માટે સરકારશ્રી ધ્વારા કોઈ કાર્યવાહી થઈ છે, જો હા, તો શું થયેલ છે ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, તપાસ કરવાનો સિલસિલો સતત ચાલુ છે. જાન્યુઆરીથી ડિસેમ્બર મહિના સુધીમાં ૨,૧૨૯ તપાસો કરી છે અને ૬,૧૪૫ સિલિન્ડરો અમે જપ્ત કર્યા છે એજ પ્રમાણે બાકીના ૩,૨૭૪ સિલિન્ડરો બીજા પણ ગેસના અમે રાજયસાત કર્યા છે આ પ્રમાણે જપ્ત કરવાની કાર્યવાહી ચાલે છે તદુપરાંત ડિસ્ટ્રીબ્યુટરો જે છે અગાઉ જે પ્રશ્ન પૂછ્યો હતો એનો થોડો પૂરક જવાબ આપું

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રી એની અંદર જ જવાબ આપો, અગાઉની વાત ગઈ.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : તો આ પ્રમાણેની કાર્યવાહી ચાલે છે.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : માનનીય અધ્યક્ષ મહોદયશ્રી, મારે એ જાણવું છે કે, ગેસ નોંધાવતી વખતે મહિલાઓને સમસ્યા એ થાય છે કે, ફોન, ગેસના ડિસ્ટ્રીબ્યુટર હોય છે એ ઉપાડતા નથી હોતા એના માટે કોઈ આપણા તરફથી કોઈ કાર્યવાહી કરી શકાય અને એમાં એવું એક સૂચન કે આન્સરીંગ મશીન ફોન ઉપર મૂકી શકાય અને એની જો પ્રિન્ટઆઉટ લઈ શકાય તો સિનિયર સિટિઝનોને રૂબરૂ નોંધાવવા જાતે ન જવું પડે અને ફોન ઉપર બૂક થઈ જાય એ મારે જાણવું છે ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : અત્યારે રૂબરૂ નોંધાવવા જવું પડે છે પરંતુ ભવિષ્યમાં એમના સૂચનની નોંધ લઈએ છીએ.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ક્રમાંક - ૧૨, શ્રી ધનજીભાઈ સેંધાણી.

### કચ્છ જિલ્લામાં પંચાયત વિભાગમાં આશ્રિતોને રહેમ રાહે નોકરી

*** ૮૪૧શ્રી ધનજીભાઈ ગો. સેંધાણી(માંડવી)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં પંચાયત વિભાગ હસ્તકના રહેમરાહે આશ્રિતોને નોકરી આપવાના કેટલા કેસો એક વર્ષ, બે વર્ષ અને ત્રણ વર્ષ કે તેથી વધુ ઉપરના કેટલા છે,

(૨) તે અન્વયે કેટલા કેસો વિચારણા હેઠળ છે,

(૩) આવા કેસોનો નિકાલ કેટલા સમયમાં થશે ?

**પંચાયત મંત્રીશ્રી** :

(૧)

| અનુ.નંબર | સમય | પડતર કેસો |
|---|---|---|
| ૧ | ૧ વર્ષના | ૨ |
| ૨ | ૨ વર્ષના | ૬ |
| ૩ | ૩ વર્ષ કે તેથી વધુ ઉપરના | ૩ |
| | કુલ | ૧૧ |

(૨) ૧૧

(૩) બનતી ત્વરાએ.

**શ્રી ધનજીભાઈ ગો. સેંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં પંચાયત વિભાગ હસ્તકના રહેમરાહે આશ્રિતોને નોકરી આપવામાં કેટલા કેસો એક વર્ષ, બે વર્ષ અને ત્રણ વર્ષ કે તેથી વધુ ઉપરના કેટલા છે, તે અન્વયે કેટલા કેસો વિચારણા હેઠળ છે અને આ કેસોનો નિકાલ કેટલા સમયમાં થશે ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ વર્ષમાં આ જે કેસો પેન્ડિંગ છે કચ્છ જિલ્લામાં રહેમ રાહે નોકરીના એ ૧૧ કેસો પેન્ડિંગ છે અને ૧૧ કેસો તબક્કાવાર અમે હાથમાં લઈને એના પેપર્સ મળી રહેતાંની સાથે અમે એને અમે પૂરા કરીશું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, રહેમ રાહે નોકરી છે એ જયારે કર્મચારીનું મૃત્યુ થાય ત્યારે તાત્કાલિક તેના પરિવારને મદદરૂપ થવા માટે છે. બે-બે વર્ષથી પેન્ડીંગ હોય એવા ૬ કેસો છે. હું બે વાત મંત્રીશ્રી પાસેથી આપની મારફત જાણવા માગું છું કે પેન્ડીંગ ન રહે અને ઝડપી નિકાલ થાય એના માટે કોઈ તંત્ર છે? અને બીજું રહેમરાહે નોકરીમાં ભૂતકાળમાં ઉદાર નીતિ હતી. ચાલુ સર્વીસમાં કર્મચારીનું મૃત્યુ થાય તો ઉદાર રીતે નોકરી મળતી હતી. હવે આવક મર્યાદાથી માંડીને અનેક મૃદા મૂકયા છે. જેની કર્મચારી વર્ગ તરફથી પણ ઘ ણીવાર માગણી આવી છે તો આ નીતિમાં કોઈ ઉદારતા સરકાર લાવવા માગે છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ખરેખર ઉદારતા હવે આવી છે. પહેલા તો આવકની મર્યાદા હતી. કોઈ મેળ પડતો ન હતો. અત્યારે હવે મર્યાદા બિલકુલ નાબૂદ કરવામાં આવી છે. એને કારણે ૬ મહિનામાં અરજી કરે તો એને રહેમરાહે નોકરી મળી શકે છે.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે રહેમરાહે નોકરીમાં ફીકસ પગારની નીતિ કેમ લાગુ પાડી છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આજકાલ જે ફીકસ પગારની બાબત એમણે મને પ્રશ્ન પૂછયો અહીં રાજય સરકારમાં પણ જે કોઈને નોકરી આપવામાં આવે છે એ એકસપર્ટ અને એની કક્ષાએ કોમ્પીટન્ટ વ્યકિતને નોકરી આપવામાં આવે છે. એને માટે પેરામીટર હોય છે. અહીં એવું પેરામીટર નથી એટલે જે લોકોને નોકરી આપવામાં આવે છે એને પાંચ વર્ષ સુધી ફીકસ પગાર આપીએ છીએ. પેરામીટર ન હોઈ એ લોકોને સહેલાઈથી નોકરી મળી શકે છે. એકસપર્ટને ૨૫૦૦ રૂપિયા આપતા હોઈએ પાંચ વર્ષ માટે તો આવા જે બિલકુલ મેચ્યોર્ડ ન હોય, જેને બંધારણનો કોઈ અધિકાર ન હોય અને છતાં પણ એને રહેમ રાહે નોકરી આપતા હોઈએ ત્યારે એને વધારે પગાર આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. એમને પેરીટીમાં આવે તો પાંચ વર્ષ માટે ફીકસ પગાર આપવાની વ્યવસ્થા સરકારની છે એ લાઈન ઉપર નોકરી આપવામાં આવે છે.

**શ્રી બાબુભાઈ મ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી,.•. (xxxxx) (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નહીં બાબુભાઈ, આપ સીધા પ્રશ્ન ઉપર આવો(અંતરાય)

**શ્રી બાબુભાઈ મ. શાહ** : એમના (xxxxx)

**અધ્યક્ષશ્રી** : બાબુભાઈ, આપનો પ્રશ્ન હું રદ કરું છું(અંતરાય)બાબુભાઈ, આ પ્રશ્નોત્તરીનો સમય છે. આપનું નિવેદન બંધ કરો. આપ સિનિયર સભ્ય છો. આપનું નિવેદન બંધ કરો.

**શ્રી બ્રિજરાજસિંહ હે. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું. આ પ્રશ્ન કચ્છ જિલ્લાનો છે પણ મારા જામનગર અને અમરેલી જિલ્લાનો પ્રશ્ન છે. પાંચ-પાંચ વર્ષથી સતત અરજી કરે છે પણ ખાતુ ઈરાદાપૂર્વક ગાઈડલાઈનમાં પણ આવે છે પણ ઈરાદાપૂર્વક રીમાર્ક કાઢીને અરજદારને અન્યાય થાય છે તો એના માટે સરકાર તાત્કાલિક નિર્ણય લેવા માગે છે કે કેમ?

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રહેમરાહે નોકરી માગનાર વ્યકિતના ઘણા પેપર આપવામાં વિલંબ થાય છે એ પેપર પૂરતા આવી જાય અને સરકારના નીતિ નિયમોમાં ફીટ થતા હોય તો નોકરી આપવામાં કોઈ તકલીફ નથી.

## પાટણ જિલ્લામાં સરદાર પટેલ આવાસ યોજનામાં બનાવેલ મકાનો

*** ૩૦૭ શ્રી જોધાજી ગુ. ઠાકોર(વાગડોદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) પાટણ જિલ્લામાં ગરીબો માટેના સરદાર પટેલ આવાસ યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ કેટલા મકાનો બનાવવાનો લક્ષ્યાંક હતો,

(૨) તે લક્ષ્યાંક સામે કેટલા આવાસો તૈયાર થયા અને કેટલા મકાનોના કામો ચાલુ છે, અને

(૩) ગામડાંમાં વસતા ગરીબ લાભાર્થીઓને ધ્યાને રાખી આવાસોની રકમ અને ડિઝાઇનમાં સુધારા વધારા કરવા માગો છો કે કેમ?

**પંચાયત મંત્રીશ્રી:**

(૧) પાટણ જિલ્લામાં ગરીબો માટેના સરદાર પટેલ આવાસ યોજના અન્વયે સને ૨૦૦૬-૦૭ના વર્ષમાં ૭૦૫ તથા ૨૦૦૭-૦૮ના વર્ષમાં ૩૫૦ આવાસો બનાવવાનો લક્ષ્યાંક હતો.

(૨) તે લક્ષ્યાંક સામે તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ સને ૨૦૦૬-૦૭ના ૬૫૦ તથા સને ૨૦૦૭-૦૮ના ૨૫૬ મળી કુલ-૯૦૬ આવાસો તૈયાર થયા અને ૧૪૯ મકાનોના કામો ચાલુ છે.

(૩) મકાન બાંધકામ સામગ્રીના વધતા ભાવો અન્વયે મકાન બાંધકામમાં છૂટછાટો મૂકી બાંધકામ કિંમત ઘટાડવા પ્રયાસ કરેલ છે અને આવાસની ડિઝાઇનમાં ફેરફાર કરવાનો પ્રશ્ન નથી.

**શ્રી જોધાજી ગુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, પાટણ જિલ્લામાં ગરીબો માટેના સરદાર પટેલ આવાસ યોજનામાં તા.૩૧-૧૨-૦૭માં આપના જવાબમાં લખ્યું છે કે, ૨૦૦૬-૦૭ ના વર્ષમાં ૭૦૫ મકાનો મંજૂર કરવામાં આવેલ તથા ૨૦૦૭-૦૮ માં ૩૫૦ મંજૂર કરવામાં આવેલ. જ્યારે મારું એટલું કહેવું છે કે પાટણ જિલ્લામાં બી.સી., બક્ષી, ઓ.બી.સી. અને વિકસતી જાતિના લોકો રહે છે, તો લક્ષ્યાંક ઘટવાનાં કારણો શાં? જે મકાન બનાવવામાં આવેલ છે, તેમાં ૨૦૦૬-૦૭ માં ૬૫૦ મકાનો અને ૨૦૦૭-૦૮ માં ૨૫૬ મકાનો બાંધવામાં આવ્યા છે, તેમાં ૯૦૬ પૂર્ણ કર્યા છે અને ૧૪૯ બાકી રહ્યા છે તો બાકી રહેવાનાં કારણો શાં?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : દરેક જિલ્લાને જે પ્રમાણે પ્રમાણસર વસ્તીની જરૂરિયાત અને ગરીબી રેખા નીચે જીવતા લોકોને આવાસો આપવામાં આવે છે એ પ્રમાણે પાટણમાં ૨૦૦-૦૭ માં ૭૦૫ અને ૨૦૦૭-૦૮ માં ૩૫૦ આવાસોની ફાળવણી કરવામાં આવેલી. એ સપ્રમાણસર છે અને એનું બાંધકામ ચાલુ છે. એમની લાગણી છે કે આ મકાનોનું કામ ક્યારે પૂરું થશે. આ તમામ મકાનો ૩૧મી માર્ચ ૨૦૦૮ ની અંદર પૂરા થાય છે અને ગરીબ લોકોને લાભાર્થીઓને મકાન સોંપવામાં આવશે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપવાં છે કે ૧૮,૦૦૦ રૂપિયા એક મકાન દીઠ આપવાની જે નીતિ હતી, એની જગ્યાએ ૪૦,૦૦૦ રૂપિયા મકાન દીઠ આપવાનો નિર્ણય કર્યો. મંત્રીશ્રીને અને સરકારે અભિનંદન આપું છું. મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે પાટણ જિલ્લાના આ બધા તાલુકામાં તાલુકા સહ કેટલો લક્ષ્યાંક હતો અને કેટલો પૂર્ણ કરવામાં આવેલ છે.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : પાટણ જિલ્લાના ૭ તાલુકા છે. એ તાલુકામાં જે ફાળવેલ લક્ષ્યાંક અલગ અલગ તાલુકામાં અલગ અલગ છે. ૨૦૦૬-૦૭ નો કહું છું. પાટણ તાલુકાનો ૧૫૫ લક્ષ્યાંકની સામે ૧૫૫ પૂર્ણ કરવામાં આવેલ છે. સિદ્ધપુર તાલુકામાં ૯૫ માંથી ૯૨ પૂર્ણ કરવામાં આવેલ છે. ચાણસ્મામાં ૧૫૫ ની સામે ૧૫૫ પૂર્ણ કરેલ છે. હારીજમાં ૯૦ ની સામે ૯૦ પૂર્ણ કરેલ છે. સમીમાં ૧૧૫ માંથી ૭૧ પૂર્ણ અને ૪૪ બાકી છે એ પૂર્ણ કરવામાં આવશે. રાધનપુરમાં ૮૦ મકાનો બાંધવામાં આવ્યા છે. ફાળવેલ લક્ષ્યાંક ૮૦ હતો અને ૭૮ પૂર્ણ કર્યા છે. અને સાંતલપુરમાં ૧૫. ૨૦૦૭-૦૮ નો લક્ષ્યાંક પૂછયો છે. પાટણનો ૧૦૫ હતો એમાં ૯૦ પૂરા થયા છે. સિદ્ધપુરમાં ૫૫ હતો ૪૬ નો લક્ષ્યાંક પૂર્ણ કર્યો છે. ચાણસ્મામાં ૫૦ નો લક્ષ્યાંક હતો એમાં ૪૮ પૂર્ણ કર્યા છે. હારીજનો ૨૫ નો લક્ષ્યાંક હતો એમાં ૨૪ પૂર્ણ થાય છે. સમી માં ૪૧ ની સામે ૧૫ પૂર્ણ થાય છે. રાધનપુરમાં ૪૫ ની સામે ૪૫ પૂર્ણ થાય છે. સાંતલપુરમાં ૨૯ હતો એની સામે ૧૯ પૂર્ણ થાય છે. બાકી રહેલાં મકાનો ૩૧મી માર્ચ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : આ સરદાર આવાસ યોજનામાં ૪૦,૦૦૦ રૂપિયા લક્ષ્યાંક સરકાર તરફથી છે. ભાવ ખૂબ વધી ગયા છે. ભાવ વધવાના કારણે આ કાર્યમાં વિલંબ થાય છે, તો સરકાર એમાં સરદાર આવાસ યોજનામાં વધુ મદદ કરવા માગે છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : ૩૬,૦૦૦ નો લક્ષ્યાંક છે એમાં ૭,૦૦૦ લાભાર્થી આપે છે એમ ૪૩,૦૦૦ નો લક્ષ્યાંક છે. આ શેડ્યુઅલ ઑફ રેટ છે. સરકારનો રિવાઈઝ રેટ થતા જે કઈ ઊંચી કિંમત આવતી હશે એ પ્રમાણે એમનું સૂચન ધ્યાનમાં લેવામાં આવશે.

**જંબુસર તાલુકાના હરિયાળી-૩ ગ્રામયોજના અંતર્ગતનાં કામો**

***૬૯૫ શ્રી કિરણકુમાર લ. મકવાણા(જંબુસર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ જંબુસર તાલુકાના હરિયાળી-૩ ગ્રામ યોજના અંતર્ગતનાં કામો કઈ સંસ્થાને (એન.જી.ઓ.) ને આપવામાં આવ્યા હતા,

(૨) તે કામો ખરેખર કરવામાં આવ્યા છે,

(૩) લોકોને યોજનાનો લાભ મળ્યો છે,

(૪) આ યોજના પાછળ કેટલું ખર્ચ થયેલ છે, અને

(૫) આ યોજના હેઠળ કેટલા ઈસમોને રોજી-રોટી મળેલ છે?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી :**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન રહેતો નથી.

(૩) પ્રશ્ન રહેતો નથી.

(૪) પ્રશ્ન રહેતો નથી.

(૫) પ્રશ્ન રહેતો નથી.

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ જંબુસર તાલુકામાં હરિયાળી-૩ ગ્રામ યોજના અંતર્ગતનાં કામ કઈ સંસ્થાને આપવામાં આવ્યા હતા. એ કામો ખરેખર કરવામાં આવ્યા છે? લોકોને આ યોજનાનો લાભ મળ્યો છે? આ યોજના પાછળ કેટલો ખર્ચ થયેલ છે? આ યોજના હેઠળ કેટલા ઈસમોને રોજીરોટી મળેલ છે?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : આ યોજના હેઠળ કોઈ એન.જી.ઓ. ને કામગીરી આપવામાં આવેલ નથી. એન.જી.ઓ. તાલીમ અને સંગઠનનું કામ કરે છે.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : તા. ૩૧-૧-૨૦૦૭ થી તા. ૩૧-૧-૨૦૦૮ ની.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે નેક્સ્ટ.

# અતારાંકિત પ્રશ્નો

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

**સીંગતેલના વધતા ભાવને કાબુમાં લેવા સૌરાષ્ટ્ર ઓઈલ મીલ એસોસીયેશન સાથે થયેલ બેઠક**

૧૩૬ **શ્રી સિદ્ધાર્થ ચી.પટેલ (ડભોઇ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૭-૦૮ના વર્ષમાં સીંગતેલના વધતા ભાવને કાબુમાં લેવા માટે રાજ્ય સરકારે સૌરાષ્ટ્ર ઓઈલ મીલર્સ એસોસીએશન સાથે તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં કેટલી બેઠકો યોજી, | (૧) રાજ્ય સરકારે સૌરાષ્ટ્ર ઓઈલ મીલર્સ એશોસીએશન સાથે કોઈ બેઠક યોજેલ નથી. |
| (૨) સૌરાષ્ટ્ર ઓઈલ મીલર્સ એસોશીએશન દ્વારા રાજ્ય સરકારને ૮૫૦ રૂા. ના ભાવે બફર સ્ટોક કરવા લેખિતમાં જાણ કરેલ તે હકીકત સાચી છે, અને | (૨) ના જી. |
| (૩) જો હા, તો સરકારે આ ૮૫૦ રૂા. ના ભાવે બફર સ્ટોક નહીં કરવાના કારણો શાં છે ? | (૩) પ્રશન ઉપસ્થિત થતો નથી. |

------------

**રાજ્યમાં રહેમરાહે નોકરી આપવા બાબત**

૮૩૬ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચાયતમાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા આશ્રિતોને રહેમરાહે નોકરી આપી, | (૧) ૧૪૨ |
| (૨) કેટલી અરજીઓ સામે કેટલાની નિમણૂકો આપી, | (૨) ૧૦૮૨ અરજીઓ સામે કુલ -૧૪૨ને નિમણૂક આપી |
| (૩) કેટલા આશ્રિતોની રહેમરાહેની માંગણીઓ સરકારમાં પડેલી છે, | (૩) ૫૦૬ |

(૪) કેટલા સમયથી આ માંગણીઓ પેન્ડીંગ પડેલ છે, અને

(૪) જુદા જુદા સમયથી.

(૫) સરકાર આ બાબતે રહેમ નજર રાખી દરેકને નિમણૂકો આપવા માંગે છે કે કેમ ?

(૫) રહેમરાહે નિમણુકની પ્રવર્તમાન નીતિને ધ્યાનમાં રાખીને.

------------

**હળવદ અને મૂળી તાલુકામાં બી. પી. એલ. કાર્ડ આપવા બાબત**

૬૯૬ **શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ અને મૂળી તાલુકામાં તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બી. પી. એલ. કાર્ડ આપવામાં આવ્યા, | (૧) શૂન્ય |
| (૨) આ બી.પી.એલ. કાર્ડ પેકીના કેટલા કાર્ડ રદ કરવા માટેની કેટલી અરજીઓ છેલ્લા એક વર્ષમાં મળી, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ અંગે શું નિર્ણય કરવામાં આવ્યો, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) નવા બી.પી.એલ. કાર્ડ આપવા અંગેની કેટલી અરજીઓ પડતર છે ? | (૪) શૂન્ય |

------------

**તીર્થગામ યોજના જાહેર કરવા બાબત**

૬૯૩ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચાયત વિભાગ દ્વારા તીર્થગામ યોજના જાહેર કરાયેલ છે તે વાત સાચી છે, | (૧) હા |
| (૨) જો હા, તો તા. ૩૧-૧-૨૦૦૮ સુધીમાં કેટલા ગામો તીર્થ ગામ તરીકે જાહેર કરવામાં આવ્યાં છે, અને | (૨) ૬૭૫ ગામો |
| (૩) ક્યા ક્યા જિલ્લામાં ? | (૩) તમામ જિલ્લાઓમાં |

------------

**પંચમહાલ જિલ્લામાં વૃક્ષછેદનના ગુનાઓ**

૮૪૭ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષ દરમ્યાન તાલુકાવાર કેટલા વૃક્ષછેદનના ગુનાઓ નોંધાયા,

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર નીચે જણાવેલ સંખ્યા મુજબના ગુનાઓ નોંધાયેલ છે.

| અન. નં. | તાલુકાનું નામ | ગુનાની સંખ્યા (વન ખાતાના વૃક્ષોના ગુનાઓ) | ગુનાની સંખ્યા (માલિકીના વૃક્ષોના ગુનાઓ) |
|---|---|---|---|
| ૧. | ગોધરા | ૧૩૬ | ૦૬ |
| ૨. | શહેરા | ૧૩૯ | ૦૬ |
| ૩. | લુણાવાડા | ૧૬૯ | ૩૫ |
| ૪. | ખાનપુર | ૧૪૪ | ૦૩ |
| ૫. | મોરવા | ૧૬૨ | ૦૫ |

| | | | |
|---|---|---|---|
| ૬. | કાલોલ | ૫૩ | ૦૭ |
| ૭. | હાલોલ | ૧૯૪ | -- |
| ૮. | ઘોઘંબા | ૨૬૭ | -- |
| ૯. | સંતરામપુર | ૨૯૯ | ૦૬ |
| ૧૦. | કડાણા | ૨૩૫ | - |
| ૧૧. | જાંબુઘોડા | ૧૨૪ | ૧૦૦ |
| | કુલ | ૧૯૨૨ | ૧૬૮ |

(૨) આવા વૃક્ષછેદન થયેલા ઝાડના ગેરકાયદેસર વહન કરતા કેટલા વાહનો પકડાયા, અને

(૨) માલિકીની જમીનમાં વૃક્ષછેદન થયેલા ઝાડના ગેરકાયદેસર વહન કરતા વાહનો તાલુકાવાર નીચે જણાવેલ વિગતે પકડાયેલ છે.

| અનુક્રમ નં. | તાલુકાનું નામ | ગેરકાયદેસર વહન કરતાં પકડાયેલ વાહનો |
|---|---|---|
| ૧. | ગોધરા | ૦૩ |
| ૨. | કાલોલ | ૦૭ |
| ૩. | હાલોલ | - |
| ૪. | સંતરામપુર | - |
| ૫. | લુણાવાડા | - |
| ૬. | શહેરા | ૦૩ |
| ૭. | ખાનપુર | - |
| ૮. | કડાણા | - |
| ૯. | જાંબુઘોડા | ૦૨ |
| ૧૦. | ઘોઘંબા | - |
| ૧૧. | મોરવા | ૦૩ |
| | કુલ | ૧૮ |

વન વિભાગની જમીનમાં આવા વૃક્ષછેદન થયેલ ઝાડના ગેરકાયદેસર વહન કરતા ૧૩ વાહનો પકડાયા.

(૩) એકથી બીજીવાર પકડાયેલ એવા કેટલા વાહનો હતા અને તેની સામે શાં પગલાં લીધેલ છે ?

(૩) એકથી વધુવાર પકડાયેલા ૯ (નવ) વાહનો છે જેની સામે કાયદાકીય કાર્યવાહી કરેલ છે.

------------

**સરદાર પટેલ આવાસ યોજનામાં જમીન વિહોણા ખેતમજૂરોને ૧૦૦ ચો. વારના પ્લોટ**

૩૧ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) સરદાર પટેલ આવાસ યોજના અંતર્ગત તા. ૩૧ ડિસેમ્બર ૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જમીન વિહોણા ખેત મજૂરોને ૧૦૦ ચો. વારના મફત પ્લોટ ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કેટલા મંજૂર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) સરદાર પટેલ આવાસ યોજના અંતર્ગત તા. ૧-૧-૦૬ થી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં ૮૫૦ અને તા. ૧-૧-૦૭ થી તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં ૯૧૫ અરજીઓ મંજુર કરી જમીન વિહોણા ખેતમજૂરોને ૧૦૦ ચો.વારના મફત પ્લોટ તાલુકાવાર નીચે મુજબ પ્લોટ ફાળવ્યા.

| | તાલુકાનું | તા.૩૧-૧૨- | તા. ૩૧-૧૨- |
|---|---|---|---|
| ૧ | ભરૂચ | ૧૨૫ | ૧૨૦ |
| ૨ | અંક્લેશ્વર | ૧૨૫ | ૧૨૫ |
| ૩ | હાંસોટ | ૯૫ | ૧૦૫ |

| | | | |
|---|---|---|---|
| ૩ | હાંસોટ | ૯૫ | ૧૦૫ |
| ૪ | વાગરા | ૭૫ | ૧૦૫ |
| ૫ | આમોદ | ૮૦ | ૧૧૦ |
| ૬ | જંબુસર | ૧૫૦ | ૧૨૫ |
| ૭ | જગડીયા | ૧૦૦ | ૧૧૫ |
| ૮ | વાલીયા | ૧૦૦ | ૧૧૦ |
| | **કુલ** | **૮૫૦** | **૯૧૫** |

(૨) આ પ્લોટ ઉપર મકાન બાંધવા માટે કેટલા મકાનોને સહાય આપવામાં આવી, અને

(૨) આ પ્લોટ ઉપર મકાન બાંધવા માટે તા. ૧-૧-૦૬ થી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં ૮૫૦ અને તા. ૧-૧-૦૭ થી તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં ૯૧૫ મકાનોને સહાય આપવામાં આવી.

(૩) તે પૈકી કેટલા મકાનોના કામ પૂર્ણ થયા અને કેટલા મકાનોના કામો બાકી છે ?

(૩) --પત્રક મુજબ--

પત્રક

| | તાલુકાનું નામ | તા. ૧-૧-૦૬ થી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં | | તા. ૧-૧-૦૭ થી તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં | |
|---|---|---|---|---|---|
| | | પૂર્ણ | અધૂરા | પૂર્ણ | અધૂરા |
| ૧ | ભરૂચ | -- | ૧૨૫ | ૧૭૫ | ૭૦ |
| ૨ | અંકલેશ્વર | ૧૫ | ૧૧૦ | ૨૦૫ | ૩૦ |
| ૩ | હાંસોટ | ૨૮ | ૬૭ | ૧૪૧ | ૩૧ |
| ૪ | વાગરા | -- | ૭૫ | ૧૧૩ | ૬૭ |
| ૫ | આમોદ | ૩૪ | ૪૬ | ૯૧ | ૬૫ |
| ૬ | જંબુસર | ૨૭ | ૧૨૩ | ૨૦૩ | ૪૫ |
| ૭ | જગડીયા | ૪૩ | ૫૭ | ૧૧૭ | ૫૫ |
| ૮ | વાલીયા | ૧૪ | ૮૬ | ૧૩૬ | ૬૦ |
| | કુલ | ૧૬૧ | ૬૮૯ | ૧૧૮૧ | ૪૨૩ |

------------

**વનબંધુ યોજના માટે જોગવાઈ બાબતે**

**૬૧શ્રી અમરસિંહ રા. વસાવા(દેડિયાપાડા) :** માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) સરકારે વનબંધુ યોજનામાં ૧૫૦૦૦/- કરોડ રૂપિયા જોગવાઈની જાહેરાત કરવામાં આવી છે, અને

(૨) તે અંગેની ક્યા વર્ષના બજેટમાં નાણાંકીય જોગવાઈ કરવામાં આવી છે ?

**જવાબ**

(૧) વનબંધુ કલ્યાણયોજના હેઠળ પાંચ વર્ષમાં રૂા. ૧૫૦૦૦ કરોડ ખર્ચ કરવાનો નિર્ધાર કરવામાં આવેલ છે.

(૨) વર્ષ/૨૦૦૭-૦૮ માં રૂા. ૨૩૩૫.૩૬ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

------------

**અમદાવાદ જિલ્લામાં નીલગાય, ભૂંડોને કારણે ખેતીને થયેલ નુકસાન**

૩૭૮**શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

અમદાવાદ જિલ્લામાં નીલગાય અને ભૂંડોનો ખૂબ જ ત્રાસ છે તેના કારણે ખેતીના અને શાકભાજીના પાકોને ખૂબ જ નુકસાન થાય છે આ નુકસાન દૂર કરવા સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

અમદાવાદ જિલ્લામાં નીલ ગાય અને ભૂંડોના ત્રાસને કારણે ખેતીના અને શાકભાજીના પાકોને નુકશાન દૂર કરવા નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે.

(૧) રોઝની વધતી વસ્તીના નિયંત્રણ માટે તેને પકડવા, ખસીકરણ કરવામાં પુરતી સફળતા ન મળતા, રોઝના નિકાલ માટે ગુજરાત સરકાર દ્વારા જ્યાં રોઝથી

પાકને વધુ નુકશાની જણાય છે તેવા જુદા જુદા વિસ્તારોના ૧૫૪૫ ગામના સરપંચશ્રીઓને વન્ય પ્રાણી સંરક્ષણધારા ૧૯૭૨ હેઠળ નીલ ગાયોનો નિકાલ કરવાની પરવાનગી આપવાની સત્તા આપવામાં આવેલ છે. જેમાં અમદાવાદ જિલ્લાના ૯૦ ગામના સરપંચશ્રીઓને નીલગાયોનો નિકાલ કરવાની પરવાનગી આપવાની સત્તા આપવામાં આવેલી છે.

(૨) ઉપદ્રવવાળા વિસ્તારમાં ફટાકડા ફોડીને, હલન ચલનવાળા ચાડિયા રાખીને તથા રોઝડાઓને હાંકો કરીને દૂર કરવામાં આવે છે.

(૩) ખેતીના પાકને થતા નુકશાન સામે પાકને રક્ષણ આપવાની ખેડૂત શિબિરો અને ગ્રામ સભાઓમાં ખેડૂતોને સમજ આપવામાં આવે છે.

(૪) ખેડૂતોને પોતાના ખેતરમાં કાંટાળા તારની વાડ બનાવવા માટે સરકારશ્રીના નિયમોનુસાર મંજુર કરવામાં આવેલ એસ્ટીમેટની ૫૦ ટકા રકમ સહાય તરીકે આપવામાં આવે છે. આ યોજનાઓની વિસ્તૃત જાણકારી ખેડૂતોને વન વિભાગ દ્વારા ખેડૂત શિબિરોમાં આપવામાં આવે છે.

------------

**વડોદરા તાલુકામાં બી.પી.એલ. લાભાર્થીઓ**

૮૨૫ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

વડોદરા તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ કુલ કેટલા ક્યા ક્યા ગામના બી.પી.એલ. લાભાર્થીઓ છે ?

**જવાબ**

વડોદરા તાલુકામાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ કુલ ૧૮૮૮૯ બી.પી.એલ. કુટુંબો છે. ગામવાર બી.પી.એલ. કુટુંબોની યાદી પરિશિષ્ટ--૧ મુજબની આ સાથે સામેલ છે.

પરિશિષ્ટ--૧

**વડોદરા ગ્રામ્ય તાલુકાના બી.પી.એલ લાભાર્થીઓની ગામવાર યાદી તા. ૩૧-૧૨-૦૭ અંતિત**

| અ. નં. | ગામનું નામ | ૦--૧૬ સ્કોર સુધીના કુટુંબોની સંખ્યા | ૧૭-૨૦ સ્કોર સુધીના કુટુંબોની સંખ્યા | ૦-૨૦ સ્કોર સુધીના કુટુંબોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | અજીતપુરા | ૧૧ | ૭ | ૧૮ |
| ૨ | અજોડ | ૩ | ૩૧ | ૩૪ |
| ૩ | આલમગીર | ૯ | ૧૨ | ૨૧ |
| ૪ | અલ્હાદપુરા | ૧૮૩ | ૨૯ | ૨૧૨ |
| ૫ | આમલિયારા | ૯૩ | ૯૮ | ૧૯૧ |
| ૬ | અંપાડ | ૪૦ | ૭૪ | ૧૧૪ |
| ૭ | અનગઢ | ૭૫૫ | ૭૮૯ | ૧૫૪૪ |
| ૮ | અણખી | ૩૪ | ૧૦૩ | ૧૩૭ |
| ૯ | અનખોલ | ૪૨ | ૧૦૧ | ૧૪૩ |
| ૧૦ | અંકોડીયા | ૧૬ | ૫૧ | ૬૭ |
| ૧૧ | આસોજ | ૨૪ | ૧૪૨ | ૧૬૬ |
| ૧૨ | બાજવા | ૩૯૮ | ૧૬૨ | ૫૬૦ |
| ૧૩ | ભાયલી | ૫૬૮ | ૪૮૨ | ૧૦૫૦ |
| ૧૪ | બીલ | ૨૫૯ | ૬૯ | ૩૨૮ |
| ૧૫ | ચાપડ | ૧૩૧ | ૩૮ | ૧૬૯ |

| અ. નં. | ગામનું નામ | ૦--૧૬ સ્કોર સુધીના કુટુંબોની સંખ્યા | ૧૭-૨૦ સ્કોર સુધીના કુટુંબોની સંખ્યા | ૦-૨૦ સ્કોર સુધીના કુટુંબોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧૬ | છાણી | ૨૩૩ | ૩૭૮ | ૬૧૧ |
| ૧૭ | ચીખોદરા | ૧૫૩ | ૫૭ | ૨૧૦ |
| ૧૮ | દશરથ | ૨૫૦ | ૨૦૨ | ૪૫૨ |
| ૧૯ | દેણા | ૩૮ | ૧૮ | ૫૬ |
| ૨૦ | ધનીયાવી | ૧૨૩ | ૪૫ | ૧૬૮ |
| ૨૧ | ધનોરા | ૨૧૫ | ૪૦૬ | ૬૨૧ |
| ૨૨ | દીવાલીપુરા | ૯ | ૫૬ | ૬૫ |
| ૨૩ | ડોડકા | ૧૦ | ૧૦૧ | ૧૧૧ |
| ૨૪ | દોલતપુર | ૦ | ૨ | ૨ |
| ૨૫ | દુમાડ | ૯૩ | ૧૭૬ | ૨૬૯ |
| ૨૬ | ફાજલપુર (અણખી) | ૫૨ | ૬૨ | ૧૧૪ |
| ૨૭ | ફાજલપુર (સાકરદા) | ૧૦૪ | ૨૧૨ | ૩૧૬ |
| ૨૮ | ફતેપુરા | ૨ | ૭ | ૯ |
| ૨૯ | ગોકુલપુરા | ૧૯ | ૧૫ | ૩૪ |
| ૩૦ | ગોસીન્દ્રા | ૩૫ | ૫૮ | ૯૩ |
| ૩૧ | હાંસજીપુરા | ૧૭ | ૧૪ | ૩૧ |
| ૩૨ | હંસાપુરા | ૩ | ૨૬ | ૨૯ |
| ૩૩ | હેતમપુરા | ૫ | ૪૦ | ૪૫ |
| ૩૪ | હીગલોટ | ૧ | ૨૬ | ૨૭ |
| ૩૫ | ઈટોલા | ૭૪ | ૧૯૨ | ૨૬૬ |
| ૩૬ | જોબનટેકરી | ૧૬ | ૨૪ | ૪૦ |
| ૩૭ | કજાપુર | ૬ | ૮ | ૧૪ |
| ૩૮ | કન્ડકોઈ | ૭ | ૮ | ૧૫ |
| ૩૯ | કચ્ચીયા | ૬૩ | ૧૦૯ | ૧૭૨ |
| ૪૦ | કરાલી | ૩૭ | ૭૨ | ૧૦૯ |
| ૪૧ | કરોડીયા | ૬૬ | ૪૯ | ૧૧૫ |
| ૪૨ | કાશીપુરા | ૧૬૬ | ૨૦ | ૧૮૬ |
| ૪૩ | કેલનપુર | ૪ | ૧૭૩ | ૧૭૭ |
| ૪૪ | ખલીપુર | ૧૦૭ | ૪૫ | ૧૫૨ |
| ૪૫ | ખાનપુર | ૧૭ | ૧૮ | ૩૫ |
| ૪૬ | ખંટબા | ૨૩ | ૬૭ | ૯૦ |
| ૪૭ | કોટાલી | ૧૩૭ | ૪૩ | ૧૮૦ |
| ૪૮ | કોરણા | ૧૧૫ | ૨૪૪ | ૩૫૯ |
| ૪૯ | કોયલી | ૨૪૭ | ૩૩૮ | ૫૮૫ |
| ૫૦ | લાલજીપુરા | ૧૫૧ | ૧૧૯ | ૨૭૦ |
| ૫૧ | મહાપુરા | ૨૪ | ૨૨ | ૪૬ |
| ૫૨ | મારેઠા | ૪૫ | ૯૦ | ૧૩૫ |
| ૫૩ | મસ્તુપુર ગામડી | ૬૯ | ૩૨ | ૧૦૧ |
| ૫૪ | મેઘાકુઈ | ૧૮ | ૧૧૬ | ૧૩૪ |
| ૫૫ | મુજાર ગામડી | ૨૩ | ૨૦ | ૪૩ |
| ૫૬ | નંદેસરી | ૧૮૯ | ૨૯૬ | ૪૮૫ |
| ૫૭ | નવાપુરા | ૯ | ૯ | ૧૮ |
| ૫૮ | પદલમા | ૧૩૮ | ૧૩૫ | ૨૭૩ |
| ૫૯ | પાતરવેણી | ૧૨૦ | ૧૫ | ૧૩૫ |
| ૬૦ | પોર | ૧૯૩ | ૧૭૩ | ૩૬૬ |
| ૬૧ | રાભીપરા | ૬૮ | ૩૪ | ૧૦૨ |

| અ. નં. | ગામનું નામ | ૦--૧૬ સ્કોર સુધીના કુટુંબોની સંખ્યા | ૧૭-૨૦ સ્કોર સુધીના કુટુંબોની સંખ્યા | ૦-૨૦ સ્કોર સુધીના કુટુંબોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૬૨ | રાઘવપુરા | ૮૭ | ૧૧ | ૯૮ |
| ૬૩ | રમણ ગામડી | ૪૪ | ૧૯ | ૬૩ |
| ૬૪ | રામનાથ | ૫ | ૨૩ | ૨૮ |
| ૬૫ | રણોલી | ૯૭ | ૧૧૯ | ૨૧૬ |
| ૬૬ | રસુલપુર | ૦ | ૧ | ૧ |
| ૬૭ | રતનપુર | ૧૦ | ૪૫ | ૫૫ |
| ૬૮ | રાયકા | ૫૧ | ૬૩ | ૧૧૪ |
| ૬૯ | રાયપુરા | ૮૯ | ૧૩૨ | ૨૨૧ |
| ૭૦ | રૂવાંદ | ૩૭ | ૧૨૭ | ૧૬૪ |
| ૭૧ | સલાડ | ૨૭ | ૧૦૩ | ૧૩૦ |
| ૭૨ | સમસપુરા | ૧૨૬ | ૫૫ | ૧૮૧ |
| ૭૩ | સમીયાલા | ૧૨૪ | ૨૧૯ | ૩૪૩ |
| ૭૪ | સમસાબાદ | ૫ | ૪૦ | ૪૫ |
| ૭૫ | સાંકરદા | ૯૭ | ૨૯૯ | ૩૯૬ |
| ૭૬ | સરાર | ૧૧૦ | ૧૨૯ | ૨૩૯ |
| ૭૭ | સયાજપુરા | ૧૪૨ | ૯ | ૧૫૧ |
| ૭૮ | સેવાસી | ૧૨ | ૧૩૯ | ૧૫૧ |
| ૭૯ | શાહપુરા | ૧૦ | ૧૪ | ૨૪ |
| ૮૦ | શંકરપુરા | ૪૫ | ૯૩ | ૧૩૮ |
| ૮૧ | શેરખી | ૧૮૭ | ૪૩૦ | ૬૧૭ |
| ૮૨ | સિંઘરોટ | ૧૫૩ | ૩૪૭ | ૫૦૦ |
| ૮૩ | સીસ્વા | ૫૮ | ૬૩ | ૧૨૧ |
| ૮૪ | સોખડા | ૧૧૪ | ૧૧૪ | ૨૨૮ |
| ૮૫ | સુખલીપુર | ૨૭ | ૮ | ૩૫ |
| ૮૬ | સુલ્તાનપુરા | ૧૬ | ૧૬ | ૩૨ |
| ૮૭ | સુંદરપુરા | ૧૮ | ૬૨ | ૮૦ |
| ૮૮ | તલસટ | ૧૩ | ૧૧ | ૨૪ |
| ૮૯ | તતારપુરા | ૪૬ | ૭૬ | ૧૨૨ |
| ૯૦ | ઉંડેરા | ૧૯૯ | ૧૩૭ | ૩૩૬ |
| ૯૧ | ઉટિંયા (કાજપુર) | ૧૭ | ૧૯ | ૩૬ |
| ૯૨ | ઉટિંયા (મેઢાદ) | ૭૫ | ૨૦ | ૯૫ |
| ૯૩ | વદડલા | ૧૬૩ | ૯૯ | ૨૬૨ |
| ૯૪ | વડસાલા | ૧૫૨ | ૭૮ | ૨૩૦ |
| ૯૫ | વરનામા | ૨૪ | ૮૧ | ૧૦૫ |
| ૯૬ | વાસણા-કોતરીયા | ૫૮ | ૧૫૦ | ૨૦૮ |
| ૯૭ | વેમાલી | ૪૦ | ૧૦૭ | ૧૪૭ |
| ૯૮ | વીરોદ | ૧૦૪ | ૧૫૯ | ૨૬૩ |
| ૯૯ | વોરા ગામડી | ૫૩ | ૧૭ | ૭૦ |
| | કુલ | ૮૬૯૫ | ૧૦૧૯૪ | ૧૮૮૮૯ |

-----------

**હાલોલ તાલુકા પંચાયતનું મકાન જર્જરીત થવા બાબત**

૧૩૭ **શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર (હાલોલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) હાલોલ તાલુકા પંચાયતનું મકાન જર્જરિત થઈ | (૧) તાલુકા પંચાયત હાલોલના હયાત મકાન |

ગયેલ છે તેવી ફરિયાદ મળેલ છે,

(૨) જાન્યુઆરી ૩૧, ૨૦૦૮ની પરિસ્થિતિએ આ નવીન તાલુકા પંચાયતનું મકાન બનાવવા માટેની શી કાર્યવાહી થયેલ છે, અને

(૩) ક્યાં સુધી નવીન મકાનનું કામ પૂર્ણ કરવાનું આયોજન છે ?

જર્જરિત થવા અને તેના વિકલ્પે નવીન મકાન બનાવવા અંગેની માંગણી થયેલ છે.

(૨) નીતિ વિષયક બાબત છે.

(૩) આ બાબત નીતિ વિષયક હોઈ વિચારણા હેઠળ છે.

------------

**વનબંધુ કલ્યાણ યોજના બાબતે**

૩૮૫ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) રૂા. ૧૫૦૦૦/- કરોડની વનબંધુ કલ્યાણ યોજનાના પેકેજમાંથી વર્ષ ૨૦૦૭-૦૮ ના વર્ષમાં તા.૩૧/૧/૦૮ સુધીમાં કેટલા રૂપિયાની ફાળવણી કરવામાં આવી, અને

(૨) વર્ષ ૨૦૦૭-૦૮ ના આદિજાતિ વિકાસ વિભાગના રૂા. ૨૩૦૬/- કરોડના બજેટરી યોજનાઓમાં જ નવા નામકરણ કરવામાં આવેલ છે કે પછી વનબંધુ માટે અલગ પેકેજના રૂપમાં પેસાની ફાળવણી કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) રૂા. ૨૩૩૫.૩૬ કરોડ

(૨) વનબંધુ કલ્યાણ યોજના આગામી પાંચ વર્ષ દરમ્યાન આદિજાતિના સર્વાંગી કલ્યાણનો કાર્યક્રમ સિધ્ધ કરવા માટેનું રૂા. ૧૫૦૦૦ કરોડનું પેકેજ છે. આ કોઈ જુદી યોજના નથી. વર્ષ ૨૦૦૭-૦૮ માં આદિજાતિ વિકાસ વિભાગની રૂા. ૨૩૩૫.૩૬ કરોડના બજેટમાં જ વનબંધુ કલ્યાણ યોજનાનો સમાવેશ થઈ ગયેલ છે.

------------

એચબી-૯૮૩-૪

**ખેડુતોના ઉભા પાકને નીલગાય, ભૂંડના લીધે થતું નુકસાન**

૮૩૮ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) જંગલી ભૂંડ અને નીલગાયના લીધે ખેડૂતોના ઉભા પાકને ભારે નુકશાન થાય છે. ખેડૂત આર્થિક પાયમાલ થાય છે તે હકીક્ત સરકાર જાણે છે કે કેમ, અને

(૨) જો હા, તો તેના ત્રાસથી છોડાવવા સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) હા જી.

(૨) ખેડુતોના ખેતીના ઉભા પાકનાં રક્ષણ માટે નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા છે.

- રોઝની વધતી વસ્તીના નિયંત્રણ માટે તેને પકડવા અને ખસીકરણ કરવામાં પુરતી સફળતા ન મળતાં, રોઝના નિકાલ માટે ગુજરાત સરકાર દ્વારા જ્યાં રોઝથી પાકને વધુ નુકશાની જણાય છે, અને જે વિસ્તારો અભ્યારણ્યને અડીને આવેલ નથી તેવા વિસ્તારોના ૧૫૪૫ ગામના સરપંચશ્રીઓને વન્યપ્રાણી સંરક્ષણ ધારા- ૧૯૭૨ હેઠળ નીલગાયનો નિકાલ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે.

- ખેડુત પોતાના ખેતરમાં કાંટાળા તારની વાડ બનાવે તો વર્ષ ૨૦૦૫-૦૬ થી સરકારશ્રીના નિયમોનુસાર મંજૂર કરાવેલ એસ્ટીમેન્ટની ૫૦% રકમ સહાય તરીકે આપવામાં આવે છે. આ યોજનાની વિસ્તૃત જાણકારી વન વિભાગ દ્વારા ખેડુત શિબિરોમાં આપવામાં આવે છે.

- રોઝના ઉપદ્રવવાળા વિસ્તારોમાં હાંકો કરીને, ફટાકડા ફોડીને, અવાજો કરીને, હલનચલનવાળા ચાડિયા રાખી

નીલગાયથી થતા નુકશાન સામે ખેતીના પાકને રક્ષણ આપવાની ખેડુતો શિબિરો અને ગ્રામ સભાઓમાં ખેડુતોને સમજ આપવામાં આવે છે.

------------

**ગીર પમિ વન વિસ્તારમાં સેટલમેન્ટ કમિશનરશ્રીએ નક્કી કરેલ એવોર્ડ**

૨૩૪ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલ ગીર પમિ વન વિસ્તાર સેટલમેન્ટ કમિશ્નરશ્રીના એવોર્ડ પ્રમાણે નકકી થયેલ છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો જંગલ વિસ્તારમાં આવેલ ગામો તથા અન્ય જગ્યાઓ ઉપર જવા આવવા માટેના રસ્તાઓના હકકો રીઝર્વ ફોરેસ્ટ અને સેન્ચુરી ફોરેસ્ટ વિસ્તારમાં સેટલમેન્ટ કમિશ્નરશ્રીના એવોર્ડ પ્રમાણે આપેલ છે કે કેમ? | (૨) હા જી. |

**ગુજરાત પેટર્ન નીચે વ્યારા તાલુકામાં તળાવ બનાવવા બાબત**

૨૩૭ **શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગુજરાત પેટર્ન હેઠળ વ્યારા તાલુકામાં ગામોમાં પાણી સંગ્રહ કરવા માટે કેટલા તળાવ કરવામાં આવેલ છે, | (૧) ૧૯ તળાવો કરવામાં આવેલ છે. |
| (૨) કેટલા ગામોમાં આ યોજના કાર્યરત છે, અને | (૨) ઉપરોક્ત તળાવો ૧૯ ગામોમાં કાર્યરત છે |
| (૩) બાકી રહેતા ગામોમાં કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) બાકી ગામો માટે હાલના તબક્કે કોઈ આયોજન નથી. |

------------

**ગરીબી રેખા નીચેના કુટુંબોને ખાંડ, કેરોસીન તથા અનાજનો પુરવઠો આપવા બાબત**

૬૮૯ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેન્દ્ર સરકારના નકકી થયેલ ધારા ધોરણ પ્રમાણેના ગરીબી રેખા હેઠળના કુટુંબોના ખાંડ, કેરોસીન તથા અનાજના જથ્થામાં, રાજ્ય સરકાર પ્રતિ કુટુંબદીઠ ઘટાડો કરી, ફાળવણી કરી વિતરણ કરી રહેલ છે તે પાછળના શાં કારણો છે, | (૧) <u>ખાંડ</u><br>કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવતો લેવી ખાંડનો જથ્થો પુરતો છે. ખુલ્લા બજાર અને લેવી ખાંડના ભાવો વચ્ચે તફાવત ઓછો હોવાથી ખાંડનો ઉપાડ માંડ ૩૦ થી ૪૦ ટકા જ થાય છે.<br>**<u>કેરોસીન</u>**<br>કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને જે જથ્થો ફાળવવામાં આવે છે તે પુરેપુરો જથ્થો રાજ્યના તમામ નોન ગેસ કાર્ડધારકોને વિતરણ કરવામાં આવે છે.<br>**<u>અનાજ</u>**<br>કેન્દ્ર સરકાર તરફથી બી.પી.એલ. તથા અંત્યોદયના કુલ ૨૧.૩૦ લાખના કુટુંબો માટે |

અનાજ ફાળવવામાં આવે છે, જેની સામે રાજ્ય સરકારે ૩૪ લાખ કુટુંબોને આવરી લીધેલ છે જેથી અંત્યોદય કુટુંબોને કેન્દ્ર સરકારે ઠરાવેલ ધોરણ મુજબ ૩૫ કિલો અનાજનો જથ્થો આપવામાં આવે છે, જ્યારે બી.પી.એલ કુટુંબો વધારે આવરી લીધેલ હોઈ તેમને ૨૦ કિલો મુજબનો અનાજનો જથ્થો આપવામાં આવે છે.

(૨) આ અંગે જો કેન્દ્ર સરકાર જવાબદાર હોય તો આ જથ્થો પુરતા પ્રમાણમાં વહેંચવા માટે રાજ્ય સરકારે શું કાળજી લીધી છે, અને

(૨) આ બાબતમાં કેન્દ્ર સરકારને રાજ્ય સરકાર તરફથી યોજના હેઠળ સમાવિષ્ટ કરવામાં આવેલ તમામ કુટુંબોને અનાજ ફાળવવા અવારનવાર દરખાસ્ત સાદર કરવામાં આવેલ છે અને રાજ્યને મળતા તમામ અનાજનું મહત્તમ વિતરણ કરવામાં આવે છે.

(૩) જથ્થાની પુરતી ઉપલબ્ધી અંગે કેવા પ્રકારના પ્રયત્નો કર્યા છે ?

(૩) ઉપર મુજબ

------------

**સસ્તા અનાજની દુકાનો ફાળવવા બાબત**

૭૦૧ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧મી ડીસેમ્બર, ૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સસ્તા અનાજની કેટલી નવી દુકાન ફાળવવામાં આવી છે, | (૧) ૨૮૭૬. |
| (૨) આ નવી ફાળવેલ દુકાનો સામે સરકારને કુલ કેટલી ફરિયાદો મળી છે, અને | (૨) ૨૬૬. |
| (૩) તે પૈકી કેટલી ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે ? | (૩) ૨૧૧. |

------------

**કપડવંજ તાલુકાના રમોસડી ગામે પંચાયત ઘર જર્જરીત હાલતમાં**

૮૫૭ **શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કપડવંજ તાલુકાના રમોસડી ગામે પંચાયત દ ાર જર્જરીત હાલતમાં છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા |
| (૨) જો હા, તો કેટલા સમયમાં નવું બાંધકામ કરવાનું આયોજન છે ? | (૨) બનતી ત્વરાએ |

------------

**બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર તલાટી કમ મંત્રીની ખાલી જ્ગ્યાઓ**

૧૯૬ **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ તાલુકાવાર કેટલી મંજૂર જ્ગ્યાઓ પૈકી કેટલી તલાટીઓની જ્ગ્યાઓ ખાલી છે,

**જવાબ**

(૧) તાલુકાવાર ખાલી જ્ગ્યાઓ નીચે મુજબ છે.

| | તાલુકાનું નામ | મંજુર | ખાલી |
|---|---|---|---|
| (૧) | પાલનપુર | ૯૨ | ૧૭ |
| (૨) | અમીરગઢ | ૨૬ | ૦૮ |
| (૩) | વડગામ | ૮૨ | ૧૭ |
| (૪) | દાંતા | ૬૭ | ૨૦ |
| (૫) | ડીસા | ૧૦૧ | ૨૧ |

| | | | |
|---|---|---|---|
| (૫) | ડીસા | ૧૦૧ | ૨૧ |
| (૬) | ધાનેરા | ૪૬ | ૧૮ |
| (૭) | દાંતીવાડા | ૩૦ | ૧૨ |
| (૮) | કાંકરેજ | ૭૦ | ૨૧ |
| (૯) | દિયોદર | ૪૫ | ૧૦ |
| | તાલુકાનું નામ | મંજુર | ખાલી |
| (૧૦) | ભાભર | ૩૧ | ૦૬ |
| (૧૧) | થરાદ | ૭૨ | ૧૯ |
| (૧૨) | વાવ | ૭૧ | ૨૭ |
| | **કુલ** | **૭૩૩** | **૧૯૬** |

(૨) વધારાની કામગીરી કેટલા તલાટીઓને ક્યારથી આપેલ છે, અને

(૨) કુલ-૧૦૪ તલાટી-કમ-મંત્રીઓને જુદા-જુદા સમયથી વધારાની કામગીરી આપેલ છે.

(૩) ખાલી જગ્યાઓ ન ભરવાના કારણોસર કામગીરી અંગે મળેલ ફરિયાદો અને ઉપાય અંગે શી કાર્યવાહી કરવાની રહે છે?

(૩) આંતરીક વ્યવસ્થા તથા પંચાયત સહાયકની ભરતી કરીને કાર્યવાહી કરવામાં આવે છે.

------------

**ગાંધીનગર જિલ્લામાં તાલુકા પંચાયતોમાં મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ**

૩૦૫ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર તાલુકા પંચાયતોમાં સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧)

| | તાલુકાનું નામ | વર્ગવાર મંજુર મહેકમ | | | |
|---|---|---|---|---|---|
| | | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | કુલ |
| (૧) | ગાંધીનગર | ૧ | ૯૧ | ૦૫ | ૯૭ |
| (૨) | કલોલ | ૧ | ૮૫ | ૧૧ | ૯૭ |
| (૩) | માણસા | ૧ | ૭૯ | ૦૮ | ૮૮ |
| (૪) | દહેગામ | ૧ | ૮૪ | ૦૭ | ૯૨ |

(૨) આ મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) ૭૫ જગ્યાઓ જુદા-જુદા સમયથી ખાલી છે.

(૩) તે ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૩) બનતી ત્વરાએ

------------

**સોનગઢની સેન્ટ્રલ પેપર પલ્પ મીલ્સને ફાળવાતા વાંસની કિંમત**

૪૩૭ **શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) કરાર બધ્ધતાનાં કારણે રાજ્યની વન પેદાશોની ઉપજનાં ધોરણે સોનગઢની સેંન્ટ્રલ પેપર પલ્પ મીલ્સને ફાળવાતાં વાંસની કિંમત ઉપજતી નથી તે હકીકત સાચી છે, અને

**જવાબ**

(૧) ના જી.

(૨) જો ના, તો છેલ્લા ત્રણ વર્ષોમાં તા.૩૧/૧૨/૦૭ની સ્થિતિએ વર્ષવાર કેટલા જથ્થા સામે ટન દીઠ કેટલી કિંમત વસુલ કરવામાં આવી ?

(૨) સેન્ટ્રલ પલ્પ મીલ્સને વાંસ કાઢવા માટેના કરાર મુજબ તેમાંથી મળતા વાંસના ટૂકડા (લોપ્સ એન્ડ ટોપ્સ) કરાર પ્રમાણે અપાયેલ છે. છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ મીલને આપવામાં આવેલ વાંસના ટૂકડા અને વસુલ કરવામાં આવેલ

રોયલ્ટીની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | વર્ષ | વાંસના ટૂકડા લોપ્સ એન્ડ ટોપ્સ (મે. ટનમાં) | વસુલ કરવામાં આવેલ રકમ/રોયલ્ટી (રૂપિયામાં) | રોયલ્ટીના દર પ્રતિ મે.ટન દિઠ (રૂપિયામાં) |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૪-૦૫ | ૯૩૫૨૨.૦૧૦ | ૨,૬૮,૩૬,૦૧૦ | ૨૪૦.૦૦<br>તા. ૧-૧૧-૦૩ થી ૩૧-૧૦-૦૪<br>૨૮૮.૦૦<br>તા. ૧-૧૧-૦૪ થી ૩૧-૧૦-૦૫ |
| ૨ | ૨૦૦૫-૦૬ | ૭૫૩૧૪.૮૭૦ | ૩,૩૫,૯૬,૩૨૬ | ૩૪૫.૬૦<br>તા. ૧-૧૧-૦૫ થી ૩૧-૧૨-૦૫<br>૪૭૫.૦૦<br>તા. ૧-૧-૦૬ થી ૩૧-૧૨-૦૬ |
| ૩ | ૨૦૦૬-૦૭ | ૮૨૭૮૩.૧૧૦ | ૪,૪૩,૩૬,૭૦૯ | ૪૭૫.૦૦<br>તા. ૧-૧-૦૬ થી ૩૧-૧૨-૦૬<br>૫૫૦.૦૦<br>તા. ૧-૧૧-૦૭ થી ૩૧-૧૨-૦૭ |
| ૪ | ૨૦૦૭-૦૮<br>(તા. ૩૧-૧૨-૦૭ અંતિત) | ૧૨૭૦૦.૦૦૦ | ૮૫,૦૦,૦૦૦ | ૫૫૦.૦૦<br>તા. ૧-૧-૦૭ થી ૩૧-૧૨-૦૭<br>૬૫૦.૦૦<br>તા. ૧-૧-૦૮ થી |
| | કુલ | ૨૬૪૩૧૯.૯૯૦ | ૧૧,૩૨,૬૯,૦૪૫ | |

------------

**વનબંધુ યોજના માટે કરવામાં આવેલી જોગવાઇ**

૩૮૨**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વનબંધુ યોજના માટે વર્ષ ૨૦૦૭-૦૮માં કેટલી જોગવાઇ કરવામાં આવી હતી, અને | (૧) રૂા. ૨૩૩૫.૩૬ કરોડ |
| (૨) તેમાંથી તા. ૩૧/૧/૨૦૦૮ સુધીમાં કેટલી રકમ વાપરવામાં આવી ? | (૨) રૂા. ૧૨૯૫.૭૬ કરોડ (ડિસેમ્બર-૦૭ અંતિત) |

------------

**વડોદરા જિલ્લામાં ગ્રામ પંચાયતોને પોતાનું પંચાયત ઘર આપવા બાબત**

૬૮૬ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા. ૩૧/૧/૨૦૦૮ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં બાકી રહેતી ગ્રામ પંચાયતોને ક્યાં સુધીમાં પોતાનું પંચાયત ઘર આપવાનું સરકારનું આયોજન છે ? | દરેક ગ્રામ પંચાયતોને પંચાયત ઘર હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**વિરાંજલી વન યોજનામાં વૃક્ષો રોપવા બાબત**

૮૬૨ **શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ૯ ઓગસ્ટ ૨૦૦૭ના રોજ રાજ્ય સરકારે રાજ્યમાં કુલ કેટલા વૃક્ષો "વિરાંજલી-વન" યોજના નીચે રોપ્યા, | (૧) ૯ ઓગસ્ટ ૨૦૦૭ના રોજ રાજ્ય સરકારે રાજ્યમાં ૧,૮૫,૭૦,૦૦૦ વૃક્ષો વિરાંજલી વન મહોત્સવ નીચે રોપ્યા છે. |

(૨) આ વૃક્ષોને સંભાળવા રાજ્ય સરકારે શું આયોજન કર્યું છે,

(૨) રાજ્ય સરકારે આ વૃક્ષો સંભાળવાની જવાબદારી જે તે ગ્રામ સમિતિની દેખરેખ હેઠળ સખી મંડળને સોંપેલ છે, સખી મંડળ ન હોય તો ગામોમાં ગ્રામ પંચાયત, ગ્રામ વોટરશેડ સમિતિ, સહભાગી વનવ્યવસ્થાની સમિતિ, જિલ્લા વન વિકાસ એજન્સીની સમિતિ, ઈકો ક્લબ, ઈકો ડેવલપમેન્ટ કમિટિ, શાળા, દવાખાનું, દુધ મંડળી અને સેવા સહકારી મંડળી જેવી સંસ્થાઓને સોંપેલ છે.

(૩) સરકાર આ યોજનામાં વર્ષ ૨૦૦૮ માં કેવી રીતે આયોજન કરવા માંગે છે, અને

(૪) કેટલા વૃક્ષો રોપવાનું આયોજન છે ?

(૩) અને (૪)

વિરાંજલી વન મહોત્સવ હેઠળ રોપવામાં આવેલ રોપાઓની માવજત કરવાનું આયોજન છે.

------------

### બનાસકાંઠા જિલ્લામાં રહેમરાહે નોકરી આપવા બાબત

૮૫૯ **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧/૧૨/૦૭ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લા પંચાયત વિભાગમાં વારસદારોને રહેમરાહે નોકરી આપવાના કેટલા કેસો પડતર છે, | (૧) ૧૯ |
| (૨) પડતર હોવાના કારણો શાં છે, અને | (૨) વહીવટી |
| (૩) સરકાર કેટલા સમયમાં આવા વારસદારોને નોકરી આપવા વિચારે છે ? | (૩) બનતી ત્વરાએ આ કેસોનો નિયમાનુસાર નિકાલ કરવામાં આવશે. |

------------

### સુરત જિલ્લામાં સસ્તા અનાજની નવી દુકાનો ખોલવા બાબત

૮૨૭ **શ્રી આત્મારામ મ.પરમાર (ગઢડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં જાન્યુ-૦૭થી ડીસે-૨૦૦૭ સુધીમાં સસ્તા અનાજની કેટલી નવી દુકાનો ખોલવા માટેની મંજૂરી આપી છે, | (૧) ૩૦ |
| (૨) કેટલી અરજીઓ આવી, | (૨) ૬૯ |
| (૩) નોકરી ચાલુ હોય અને સસ્તા અનાજની દુકાન માટે મંજૂરી મેળવવા ગેરરીતિ કરી હોય આવી કોઇ ફરીયાદ મળેલ છે કે કેમ, અને | (૩) હા |
| (૪) જો મળી હોય તો, શું પગલાં લીધા છે ? | (૪) ફરિયાદ કરનાર અરજદારને ફરીયાદ પરત્વે તપાસ કરી જવાબ પાઠવવામાં આવેલ છે તેમજ ફરીયાદ દફતરે કરવામાં આવેલ છે. |

------------

### વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેરોસીનની ફાળવણી

૧૯૩ **શ્રી મોહસિંહ છો.રાઠવા(જેતપુર પાવી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર માસદીઠ કેટલા કીલોલીટર કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવ્યો , | (૧) આ સાથે પત્રક-૧-૨માં દર્શાવ્યા મુજબ કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવેલ છે. |
| (૨) ફાળવવામાં આવેલ જથ્થા પૈકી કેટલા કીલો લીટર કેરોસીનનો જથ્થો ડીલરોની નિષ્કાળજીને કારણે લેપ્સ ગયો, અને | (૨) ડીલરોની નિષ્કાળજીના કારણે કોઇ જથ્થો લેપ્સ ગયો નથી. |

(૩) એક કાર્ડ દીઠ કેટલા લીટર કેરોસીન ગ્રામીણ વિસ્તારમાં પુરુ પાડવાનો સરકારનો નિયમ છે ?

(૩) રાજ્યના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં ૧ થી ૩ વ્યક્તિના નોન ગેસ કાર્ડ ધારકોને ૫ લીટર મુજબ તથા ૪ કે તેથી વધુ વ્યક્તિના નોન ગેસ કાર્ડ ધારકને ૧૦ લીટર મુજબ કેરોસીન વિતરણ કરવામાં આવે છે.

**પત્રક-૧**

| કેરોસીનની તાલુકાવાઇઝ અને માસવાર ફાળવણીની વિગત વર્ષ-૨૦૦૬ જિ. વડોદરા | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકાની વિગત | તાલુકા અને માસવાઇઝ કેરોસીન ફાળવણી કે. એલ. માં | | | | | | | | | | | |
| | | ૧/૨૦૦૬ | ૨/૨૦૦૬ | ૩/૨૦૦૬ | ૪/૨૦૦૬ | ૫/૨૦૦૬ | ૬/૨૦૦૬ | ૭/૨૦૦૬ | ૮/૨૦૦૬ | ૯/૨૦૦૬ | ૧૦/૨૦૦૬ | ૧૧/૨૦૦૬ | ૧૨/૨૦૦૬ |
**અધ્યક્ષશ્રી** :રાજયપાલશ્રીના સંબોધન માટે તારીખ ૧૮મી જાન્યુઆરી, ૨૦૦૮ના રોજ માનનીય સભ્યશ્રી આત્મારામ પરમાર તરફથી જે આભાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે અને જેને માનનીય સભ્યશ્રી ડો. નીમાબેન આચાર્યએ અનુમોદન આપ્યું છે તે આ પ્રમાણે છે.

"રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો"

"અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

હવે રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ અને તેના ઉપરના રજૂ થયેલા સુધારા ઉપરની ચર્ચા આગળ ચાલશે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આવેલ આભાર પ્રસ્તાવ પર મારી વાત મૂકું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીનું જે પ્રવચન હતું અને આ વિધાનગૃહને જે સંબોધન કર્યુ તેના ઉપરથી એક બાબત બિલકુલ દેખાય છે કે આવતીકાલનું ગુજરાત કેવું હશે? આવતી કાલના ગુજરાત માટે જે ભવ્યાતીત કલ્પના કરવામાં આવી છે તે એમના પ્રવચન ઉપરથી બિલકુલ દેખાતું હતું. મેં હમણાં વિચાર કર્યો કે દસ પંદર વર્ષ જેટલો સમય ભારતીય જનતા પાર્ટીની સરકાર અને બાકી કોંગ્રેસને સત્તામાંથી બહાર નીકળે પંદરેક વર્ષ જેટલો સમય થયો. ત્યાર પછીનું રાજયપાલશ્રીનું જે પ્રવચન હતું અત્યારે પહેલી વખત પંદર વર્ષ સુધી કોંગ્રેસની સરકાર આવી એ પછી ૧૯૭૫ની અંદર એક ગઠબંધન સરકાર ગુજરાતની અંદર આવી અને ત્યારે કોંગ્રેસ પક્ષ વિરોધપક્ષમાં હતો. પંદર વર્ષ જેટલા સમયમાં એ વખતે શાસન ચાલ્યા પછી એ વખતના સંવાદો શું હશે ત્યારના માનનીય અધ્યક્ષશ્રી એક સંવાદ જે હતો તેમાં એક ખેડૂતના દીકરા તરીકે ગામડામાંથી આવું છું ત્યારે એ શબ્દો આ ગૃહના ધ્યાન પર મૂકવા પડે. માનનીય અધ્યક્ષશ્રી એ શબ્દો મારે આ ગૃહના ધ્યાન ઉપર મૂકવા પડે. એ વખતે કોંગ્રેસ પક્ષના જ એક સભ્ય, ૨૦-૨૨ દિવસ મોરચા સરકાર અહીંયા આવેલી અને એ પછી વાત કરે અને ત્યારની વાતમાં એમના શબ્દો એવા હતા ' ઓખા મંડળના એક ખેડૂત કે જેની પાસે ૩૦૦ વીઘા જમીન કે જેના કુટુંબના માણસોને પહેરવા લૂંગડા નથી અને તેના ઘરના બધા માણસો રાહત કામ ઉપર મજૂરીએ જાય છે, એને બિયારણ નથી મળતું તો આવતા વર્ષે ભૂખમરાથી બચવા માટે મુખ્યમંત્રીશ્રી એના માટે કંઈક કરે.' શ્રી મારખી ગોરિયા નામના સભ્યશ્રીએ આ વાત કરેલી. ૧૫ વર્ષ સુધી આ સરકાર આવ્યા પછી અત્યારે હાલ ખેડૂતોની વાત આ સભાગૃહમાં થતી હોય, કૃષિની વાત થતી હોય એમાંય મારા વિદ્વાન વિરોધ પક્ષના નેતાશ્રી એમ કહે છે કે, જો કોઈ સારી વાત હશે, રચનાત્મક કામ હશે કે ગુજરાતના વિકાસની વાત હશે તો એને મારું સમર્થન રહેશે. હું એ બાબતને બિરદાવીશ, હું પીઠ થપથપાવીશ. આવા શબ્દો જ્યારે વિપક્ષના નેતા કહેતા હોય ત્યારે મને સંપૂર્ણ શ્રદ્ધા જે મારા વિદ્વાન વિપક્ષના તેના ઉપર એમની કથની અને કરણી બંને એક હશે. અત્યારે હું જે વાત કરું છું એની અંદર સો ટકા સરકારના કામની અંદર એ સરકારને બિરદાવશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલી જ વાત કરવી હતી કે ઉત્તર ગુજરાતની વાત કરું તો હું ઉત્તર ગુજરાતમાંથી આવું છું. પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, આજથી પાંચ સાચ વર્ષ પહેલાંની વાત કરું તો કેટલા મોટા પ્રમાણમાં માઈગ્રેશન થતું હતું. દુષ્કાળની સ્થિતિ આવે ત્યારે ૧૦૦૦-૧૨૦૦ કરોડ રૂપિયાનું બજૅટ થતું અને સ્કેરસીટીની અંદર આટલું બજૅટ વાપરાઈ જતું હતું અને આ વાત વર્ષો વર્ષ કેટલાય વર્ષોથી ચાલી આવે છે. આ રાજય સરકાર આવતાની સાથે નર્મદાનું પાણી ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છની ઘરતી સુધી પહોંચાડ્યું છે એ પ્રમાણે ઉત્તર ગુજરાતમાં આજે આવ્યું અને સુફલામ સુજલામ કેનાલ થકી ૩૪૫ કિલો મીટર સુધી આ કેનાલની અંદર પાણી પહોંચતું કર્યુ. ૧૪,૮૦૦ જેટલા તળાવો ઊંડા કર્યા, ચેક ડૅમો માટેની એક મોટી શ્રૃંખલા બનાવી અને વરસાદી પાણીને રોકી જમીનમાં ઉતારવા માટેનું કામ કર્યું છે. એના કારણે થઈને ઉત્તર ગુજરાતની ઘરતીમાં ૨૫-૨૫, ૩૦-૩૦ ફૂટ જેટલા પાણી ઉપર આવ્યા છે. વર્ષોથી પડતા દુષ્કાળમાંથી બહાર નીકળવા માટેનો પ્રયત્ન થઈ રહ્યો છે. જો આ વાત સાચી હોય તો વિરોધ પક્ષના નેતાશ્રીએ આ બાબતમાં સમર્થન કરવું જોઈએ, આ બાબતને બિરદાવવી જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત પણ મારે કહેવી જોઈએ કે ગુજરાતની અંદર ઉનાળાની હવે જ્યારે શરૂઆત થતી હોય ત્યારે કયાં ડંકી નાંખવી, કયાં આગળ ટૅન્કર વાપરવું એની જ વાત ચાલતી હોય એવા સંજોગોમાં અત્યારે ૨૪૫૯ જેટલા ગામોની અંદર ઘર ઘર સુધી પીવાના પાણીના કનૅક્શન ગામડાં સુધી પહોચાડવા માટેનું આ રાજય સરકારે ભગીરથ કાર્ય ર્ક્યું છે, પૂર્ણ થવા જઈ રહ્યું છે એ બાબત પણ જો સાચી હોય તો વિરોધપક્ષના નેતાશ્રીએ આ બાબતને પણ બિરદાવવી જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, ગામડાંની અંદર ૨૪ કલાક વીજળી ગરીબ માણસના ઘર સુધી પહોંચતી થઈ છે. વીજળીકરણના કામમાં ગામડાંને પણ ૨૪ કલાક વીજળી પહોંચે એવું પણ જો કામ થયું હોય તો વિરોધ પક્ષના નેતાશ્રીએ એ બાબતને પણ બિરદાવવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, ૯૩,૮૮૮ જેટલા વિદ્યા-સહાયકોની ભરતી થઈ રાજયની અંદર, ૧૮ હજાર ગામોની અંદર મહિલાઓનું સશકિતકરણ કરવા માટે લાખોની સંખ્યામાં મહિલાઓને સ્વ-સહાય જૂથો, સખીમંડળોના માધ્યમથી સંચિત કરી અને પોતે આત્મનિર્ભર બને એ માટેનું જે અભ્યાન ચલાવ્યું. માનનીય અધ્યક્ષશ્રી, સૌથી મોટી વાત કે જ્યારે દીકરીની કોઈ વાત ચાલતી હોય, અહીંયા એના માટેની ચર્ચા થતી હોય ત્યારે મારે એક વાત ચોક્કસ કહેવી પડે. સુખી સંપન્ન પરિવારની દીકરી હોય તો એને એના મા-બાપ ડિલિવરી પ્રસંગે પ્રાઇવેટ દવાખાનામાં લઈ જાય અને બાળકને પેટીમાં રાખવું પડે એવા સંજોગો જ્યારે નિર્માણ થયા હોય, લોહીનો બાટલો ચડાવવો પડ્યો હોય કે જ્યારે ઑપરેશન કરાવવાનું હોય ત્યારે ૧૦-૧૫ હજાર રૂપિયા સુધીનો ખર્ચ થતો હોય એવા સમયે ગરીબ પરિવારની દીકરીને મા-બાપ એની પાસે પૈસા ન હોવાના કારણે પ્રાઇવેટ દવાખાનાની સુવિધાથી વંચિત રાખે આવા ગરીબ પરિવારની દીકરીને બચાવવા માટે રાજયના મુખ્યમંત્રીશ્રીએ ચિરંજીવ યોજના મૂકી અને આ રાજયની અંદર ગરીબ પરિવારની દીકરીઓને બચાવવા માટેનું એક મહા અભિયાન આ રાજય સરકારે લીધું, જેના કારણે પહેલાં જ વર્ષે આ ચિરંજીવ યોજનાને 'એશિયા ઈનોવેટિવ' એવોર્ડ આ ગુજરાતને મળ્યો છે અને ગુજરાતે જે પ્રમાણે આ કામ કર્યુ છે એના કારણે હિંદુસ્તાનના અન્ય રાજયો પણ એને અનુસરી રહ્યા છે. એના કરતાં પણ વિશેષ, સૌ કોઈની અને આ સભાગૃહની જે ચિંતા હતી સેક્સ રેશિયો, દીકરાઓના સંખ્યાના પ્રમાણમાં દીકરીઓની સંખ્યા જે વારંવાર ઘટતી જતી હતી જેના કારણે આજથી પાંચ વર્ષ પહેલાં ૧૦૦૦ દીકરાએ દીકરીઓની સંખ્યા માત્ર ૮૦૨ હતી, પાંચ વર્ષમાં લોક જાગૃતિનું કામ કર્યુ, સરકારે જે અભિયાન આખું ઉપાડ્યું જેના કારણે અત્યારે ૧૦૦૦ દીકરાએ ૮૦૭ દીકરીઓ થઈ છે, જે ગ્રાફ દિવસે દિવસે ઘટતો જતો હતો એની જગ્યાએ લોક જાગૃતિને કારણે અને સરકારના પુરુષાર્થ અને પરિશ્રમને કારણે આ સંખ્યાની અંદર, દીકરીઓની સંખ્યામાં પણ વધારો થયો છે. મારે આજના પ્રસંગે એ બાબત પર આ સભાગૃહનું ખાસ ધ્યાન દોરવું છે કે ગુજરાતની પ્રજા એ સ્વાભિમાની પ્રજા છે, વિપક્ષની અંદર બેઠા હોઈએ ત્યારે શબ્દોની પણ કયાં કયાં સુધીના શબ્દો જ્યારે બોલવામાં આવે છે કોઈ નાની મોટી ઘટના બની હોય, તો એના પરિપેક્ષમાં બોલતા હોય, ત્યારે જે અહીંયા સભાગૃહની અંદર ન બોલી શકતા હોય એવા વિપક્ષના નેતા સુધીના એમના શબ્દો જે હોય રાવણ જેવા શબ્દો, હિટલર જેવા શબ્દો, શું આ સભાગૃહને શોભા દે છે. ગુજરાતની પ્રજા એ સ્વાભિમાની પ્રજા છે. ગુજરાતની પ્રજા એના ગૌરવ અને સ્વાભિમાન, એની સામે લડવાવાળા લોકોની સામે એક બનીને અને રહેવાવાળી પ્રજા છે ગુજરાતની પ્રજા પોતાનું સ્વાભિમાન અને ગૌરવનું વસ્ત્રાહરણ કોઈપણ જગ્યાએ થતું હોય તો ન સહન કરવાવાળી પ્રજા છે ગુજરાતની પ્રજાના સ્વમાન અને સ્વાભિમાન એનું વસ્ત્રાહરણ કરવા માટે જો કોઈ પ્રયત્ન કરે તો એ સહન ન કરે અને એના માટે આ મહાભારત કાંડની વાત હું નથી કરતો અત્યારે પણ ગુજરાતના સ્વમાન અને સ્વાભિમાન અને એનું વસ્ત્રાહરણ કરવા માટે કોઈપણ દુઃશાસન કે દુર્યોધન જેવા પ્રયત્ન કરશે તો એવા સંજોગોની અંદર ગુજરાતની પ્રજા ભીષ્મ બની અને ભીષ્મ પ્રતિજ્ઞ લેતાં જરાય પણ અચકાય એવી નથી અને ગયા દિવસોમાં એના પરિણામ બતાવ્યાં છે. આવી ઘટનાઓને કારણે મારે એ વાત કહેવી છે કે જો ક્ષત્રિય વટની વાત કરતા હોય અને એવા સંજોગોની અંદર જો વાત ચાલતી હોય તો અમારા ક્ષત્રિયોનો તો એ ધર્મ રહેલો છે ગઈકાલે વિરોધપક્ષના નેતાશ્રી જ્યારે ઉદાહરણ આપી રહ્યા હતા ત્યારે બાદશાહ અકબરનું ઉદાહરણ આપીને વાતો કરતા હતા, ત્યારે કહેવાની જરૂર હતી કે અમારા ઉત્તર ગુજરાતની અંદર આ ડુંગરે ડુંગરે ભટકવાવાળા મહારાણા પ્રતાપનું જો ઉદાહરણ આપ્યું હોત તો ક્ષત્રિય તરીકે અમને પણ લાગત કે અમારા ક્ષત્રિય આગેવાન તરીકે એક ગૌરવશાળી નેતા બેઠા છે. જ્યારે નરેન્દ્રભાઈનો વિષય આવતો હોય ત્યારે મારે કહેવું જોઈએ કે, નાના નાના વિષયને લઈને જ્યારે ચર્ચા થતી હોય ત્યારે મારે આ ગૃહના ધ્યાન પર એ વાત મૂકવી છે કે, આટલા ખરચા કરે છે, આમ રહે છે, આમ નિર્ણય લે છે, આમ કરે છે આવી વાત થતી હોય ત્યારે એક બાબત જોવી જોઈએ કે આખા હિંદુસ્તાનના અલગ અલગ રાજયની અંદર જાઓ, સામાન્ય ધારાસભ્ય પણ સારી સારી ગાડીઓની અંદર ફરતા હોય છે આ ગુજરાતના મુખ્યમંત્રી આજે પણ મહિન્દ્રાની સ્કોર્પિયો ગાડી છે એની અંદર આજે પણ મુસાફરી કરે છે આખા હિંદુસ્તાનના કોઈપણ રાજયની અંદર જઈએ તો કોઈપણ મુખ્યમંત્રી આ પ્રકારની ગાડીમાં નથી ફરતા, સૌથી ઓછી કિંમતની સૌથી ઓછા ખરચાવાળી ગાડીની અંદર જ્યારે રાજયના મુખ્યમંત્રીશ્રી પ્રવાસ કરે છે, આ બાબતનું ધ્યાન મારે એટલા માટે દોરવું પડે છે કે, આ એમને નથી દેખાતું. મારે એના કરતાં પણ બીજી એક વાત આજના પ્રસંગે કરવી જોઈએ કે, રાજયના મુખ્યમંત્રીશ્રી, એમનું પારિવારિક જીવન હોય એમના ભાઈઓનું, એમના કુટુંબનું જીવન હોય એ પણ બિલકુલ આજે પણ સાદગી પૂર્ણ, આજે એમના નાના ભાઈ પંકજભાઈ અને એમના માતુશ્રી, પંકજભાઈ અહીંયા આગળ એક અધિકારી છે, અહીંયા આગળ એ અધિકારી-કર્મચારીને મળતા એક નાનકડા મકાનની અંદર આજે પણ રહે છે અહીંયા બીજા કેટલાય મુખ્યમંત્રીશ્રીઓનું વૈભવશાળી જીવન, કેટલાય મુખ્યમંત્રીશ્રીઓ આવ્યા એમના પરિવારના લોકો અને એમની શું શું વાતો હતી ઇતિહાસ આપણા બધાની સાથે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે છેલ્લે એ વાત કહેવી જોઈએ કે સરદાર પટેલ એ વિધાતાએ આપેલી એક ભેટ ગુજરાતને મળી હતી. ગુજરાતની પ્રજાને એવું હતું કે સરદાર વધારે જીવ્યા હોત તો ગુજરાતનું ખૂબ મોટું ભલું થાત. એમને નાની ઉંમરે લઈ લીધા એનું ગુજરાતની પ્રજાને ખૂબ દુઃખ હતું. ફરી વિધાતાએ આપણને નરેન્દ્ર મોદીની ભેટ આપી છે, ત્યારે એમને સાચવવાની જવાબદારી ગુજરાતની તમામ પ્રજાની છે.

નામદાર રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવને હું મારું સમર્થન કરું છું.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા(જેતપુર-પાવી)** : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય રાજયપાલ સાહેબે આ વિધાનસભા ગૃહમાં જે પ્રવચન કર્યુ છે, તેના આભાર પ્રસ્તાવ ઉપર હું મારા કેટલાક વિચારો અને સૂચનો પણ રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

મેં બહુ જ પ્રેમથી બધા જ આદરણીય ધારાસભ્યશ્રીઓને સાંભળ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, મારી લાગણી પ્રમાણે ૧,૯૬,૦૦૦ ચોરસ કિલોમીટરનું આ ગુજરાત અને તેમાં ૧૮૨૭૫ જેટલા ગામો આવેલા છે. હું આજની વાત નહીં કરું. ગુજરાત અને ભારત દેશ આઝાદ થયો અને ૧૯૬૦માં ગુજરાત રાજયની સ્થાપના થઈ, તે વખતે ગુજરાતની પરિસ્થિતિ કેવી હતી? ૧૯૯૪ સુધીનો ઈતિહાસ કહું તો ૭૧ હજાર કિલોમીટરના રસ્તા, ગુજરાતના ૧૮૨૭૫ જેટલા ગામોમાં પાકા ડામરના રસ્તા અને કાચા રસ્તા મળી કુલ ૭૧ હજાર કિલોમીટરના રસ્તા હતા. સાહેબ, બીજુ એ પણ કહુ કે ૧૭૮ જેટલા મહાકાય બંધો. બોરીબંધો અમે નહીં બાંધ્યા. રેતીની, સીમેન્ટની થેલી, ખાલી થેલીમાં રેતી ભરીને બોરીબંધો કરવાનું કામ અત્યાર સુધીની સરકારોએ નહીં કર્યુ. પરંતુ ૧૭૮ બંધો ગુજરાતમાં બંધાયા. એમાં કોઈ ના ન કહી શકે. ઉકાઈથી માંડીને મધુવન બંધ, કરજણ, સુખી, રામી, દેવ, કડાણા, પાનમ, ધરોઈ,મહીસાગર, મચ્છુ, માછરનાલા, કબૂતરી એ બધા બંધોને હું યાદ ન કરાવું, પણ એટલું તો હું કહીશ કે કોણ હતું એ બાંધનાર અને કઈ સરકાર હતી? એના કારણે સમગ્ર ગુજરાતમાં સિંચાઈમાં લગભગ ૨૩ ટકાનો વધારો આ ગુજરાતની ધરતી ઉપર કરવાનું કામ એ કોંગ્રેસની સરકારોએ કર્યુ છે એમ કહું તો ખોટું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં લગભગ ૪૦ હજાર જેટલા નદીઓ ઉપરના પૂલો, એ મહીસાગરના હોય કે નર્મદા નદીના હોય. એ તમામ પૂલો, ૧૪ જેટલી નદી આ ગુજરાત રાજયમાં આવેલી છે, તેના ઉપર પૂલો બાંધવાનું કામ પણ અગાઉની સરકારોએ કર્યુ છે એમ કહું તો ખોટું નથી. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાનું જે મકાન, જેમાં આપણે બેસીએ છીએ એ મકાન બનાવવાનું કામ પણ અગાઉની સરકારોએ કર્યુ છે એમાં કોઈ બેમત નથી. ૨૫ જિલ્લામાં કલેકટર, ડી.ડી.ઓ. કે કોઈપણ અધિકારીની કચેરીઓ કે તાલુકાની કચેરીઓ બનાવવાનું કામ પણ કોંગ્રેસની સરકારોએ કર્યુ છે. પ્રાથમિક શાળાઓ, હાઈસ્કૂલો, કોલેજો, યુનિવર્સિટીઓ, દવાખાના, કોર્ટ કચેરી, એટલું જ નહીં, પણ ૫૦ જેટલા બોર્ડ-કોરપોરેશનો આ ગુજરાત રાજયમાં બનાવવાનું કામ પણ કોંગ્રેસની સરકારોએ કર્યુ છે. એમાં પ્રજાના પ્રતિનિધિઓ વહીવટ કરવા માટે બેસતા હતા, એ પણ મને યાદ છે. આજે બોર્ડ કોરપોરેશનોની હાલત કેવા પ્રકારની છે, એમાં પ્રજાના કેટલા પ્રતિનિધિઓ બેસે છે, એમાં મારે પડવું નથી.

સમગ્ર ગુજરાતમાં હેન્ડ પંપો કરીને પીવાના પાણીની સુવિધા ડુંગરાળ વિસ્તારના ગામોને પણ જે તે વખતે કરી આપી.આજે તો ગ્રામ પંચાયતના સરપંચને ૫૦૦ રૂપિયા આપીને હેન્ડપંપ રીપેર કરવાનું કામ સોંપ્યું. આના લીધે હેન્ડપંપ રીપેર થતા નથી. ૨૦૦, ૨૦૦ ફૂટ ઉંડા બોર સારેલા હોય, તેની પાઈપો સડી ગઈ હોય, તેને કાઢવા માટે મોટરથી જ નીકળી શકે. એવા બોરના કામો પણ અત્યારે થઈ શકતા નથી. લોકોને પીવાનું પાણી પણ મળતું નથી. પાણી પુરવઠાના તમામ ડેપ્યુટી એન્જીનીયરો, કાર્યપાલક ઈજનેરો, સુપ્રિન્ટેન્ડિંગ એન્જીનીયરોએ એક દરખાસ્ત ગુજરાત સરકારને કરી છે કે અગાઉ ગેંગો દ્વારા જે હેન્ડ પંપો રીપેર થતા હતા તેવી પરિસ્થિતિનું નિર્માણ ફરી ચાલુ કરવું જોઈએ.

૧૯૭૨, ૧૯૭૬, ૧૯૮૦ સુધી જંગલની જમીન કાયમી ધોરણે આ ગુજરાતના આદિવાસીઓને ૧૩ જેટલા જિલ્લા, ૪૩ જેટલા તાલુકા અને ૫૮૮૪ જેટલા ગામોના આદિવાસીઓને જંગલની જમીન કાયમી ધોરણે આપવાના ઠરાવો પણ પાછલી સરકારોએ જ કર્યા છે. આ પહેલી વખત હિન્દુસ્તાનની સરકારે પણ આ બિલ જે ૨૦૦૫નો ખરડો પસાર કરીને જમ્મુ અને કાશ્મીર સિવાય હિન્દુસ્તાનના ૮ કરોડ જેટલા આદિવાસીઓને જંગલની ગૌણ પેદાશો અને ૧૦ એકર જેટલી જમીન કાયમી ધોરણે આપવા માટેનો ખરડો પણ લોકસભામાં પસાર કર્યો છે.

૧૨૭ જેટલી કોમોને બક્ષી પંચમાં લઈ જવાનું કામ પણ અગાઉની સરકારોએ કર્યુ છે. મફત કન્યા કેળવણી, જમીન વિહોણા લોકોને ૧૦૦ ચોરસ વારના પ્લોટ, સરદાર પટેલ, ઈન્દિરા આવાસ યોજના હેઠળ ગરીબોને મકાન બાંધવા, આયોજન મંડળની સ્થાપના આ બધી જ કાર્યવાહી તે વખતે કરી છે. પરંતુ કેટલાક માનનીય ધારાસભ્યશ્રીઓ એમ કહે છે કે છેલ્લા ૫ વર્ષમાં ૬ હજાર કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. પહેલા ૨૬ વર્ષમાં ૬૫૦૦ કરોડ ખર્ચાયા અને અમે ૫ વર્ષમાં ૬ હજાર કરોડ ખર્ચ્યા, એમ પણ કેટલાક મિત્રોએ કહ્યું. સાહેબ, પહેલાનો ઈતિહાસ હું વાંચતો હતો. ત્યારે છત્રપતિ શિવાજી મહારાજનું બજેટ ૨૦૦ રૂપિયાનું હતું. એ ૨૦૦ રૂપિયાના બજેટમાં તે વખતે એવી પરિસ્થિતિ હતી કે ૧ પૈસામાં ૧ મણ સુધીનું અનાજ મળતું હતું. એટલુ બધું સસ્તું હતું અને એટલી બધી વસતિ પણ દેશમાં ન હતી. તે વખતે કોઈ રોડ, એસ.ટી. કે કોઈ જાતની સુવિધા પણ દેશમાં ન હતી. ૧૯૫૧માં ભારત સરકારનું બજેટ ૨૫૧ કરોડ રૂપિયાનું હતું. એ ૨૫૧ કરોડનું બજેટ હતું ત્યારે તે વખતની જે પરિસ્થિતિ હતી, એ મોંઘવારીના પ્રમાણમાં જોગવાઈઓ થતી હોય છે. આવતા ૧૦ વર્ષમાં આ બી.જે.પી.ની સરકારનું બજેટ પણ વામણું લાગશે, એવા દિવસો આવવાના છે એમાં બેમત નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૫-૦૬માં વિધાનસભામાં માનનીય નાણામંત્રીશ્રીએ અંદાજપત્ર, ગુજરાત પેટર્નમાં એવી રકમ બતાવેલી કે અમારી સરકાર ગુજરાતના આદિવાસીઓ માટે ૪૧૪ કરોડ રૂપિયા વાપરવાની છે. પરંતુ વર્ષના અંતે એ રકમ ૨૬૧ કરોડ રૂપિયા જ ખર્ચાઈ. ૪૧૪ કરોડ રૂપિયા મંજૂર કર્યા અને એમ કરીને તમામ આદરણીય ધારાસભ્યો, મુખ્યમંત્રીનું સન્માન પણ કરેલું, બહુમાન પણ કરેલું. પરંતુ છેલ્લે વર્ષના અંતે ૨૬૧ કરોડ

રૂપિયા જ ખર્ચાયેલા. એટલે આદિવાસીઓને હથેળીમાં ચાંદ બતાવવાનું કામ આ લોકોએ કર્યુ છે એમાં બેમત નથી. ૫ વર્ષની વાર્ષિક યોજનામાં ૧૫ હજાર કરોડ રૂપિયા બતાવવા, એ તો ભારત સરકારે પણ કીધું છે કે આ જે રકમ છે એ ૧૫ ટકા પ્રમાણે ૧૫ હજાર કરોડ થવાની જ છે. આના કરતા આ તો ૧૫ ટકા કરતા વધારે, ૧૭ ટકા રકમ એમાં પણ મળવી જોઈએ એવી પણ મારી લાગણી છે.

વન બંધુ યોજનામાં ડી-સેગની રચના કરી. આ ડી-સેગની રચના કરવા પાછળનું કારણ શું? આખી બિરસા મુંડા કચેરી કરોડોના ખર્ચે આપણે તૈયાર કરી. આદિજાતિ કમિશનરનો આટલો મોટો વિભાગ, એની પાછળ આટલો મોટો ખર્ચ થાય. તો આ ડીસેગની કચેરી બનાવીને ગુજરાતથી બહારના અધિકારીઓને અહીંયાં લાવીને કરોડો રૂપિયાનો ખર્ચ કરવા પાછળનો શું મતલબ છે એ મને સમજાતું નથી. એવી જ રીતે આદિજાતિની જે ટ્રાયબલ યોજના હેઠળ ડાંગમાં ૮૨, વલસાડમાં ૨૯, ગોધરામાં ૫૪, ખેડબ્રહ્મામાં ૧૦૦, છોટા ઉદેપુરમાં ૧૦૦, દાહોદમાં ૧૫૫, ભરૂચમાં ૧૦૦, વાસદામાં ૭૧, માંડવીમાં ૧૧૧, સોનગઢમાં ૭૮ એમ કુલ ૯૭૭ તળાવો ઉંડાં કરવા માટેનો ૧૦ કરોડ ૩ લાખ ૪૭ હજાર રૂપિયાની રકમ ફાળવી હતી. એક તળાવના ૫ લાખ કે ૧૦ લાખ રૂપિયાનો ખર્ચ કરીને એને ઉંડાં કરવા માટેનાં ટેન્ડર બહાર પાડયાં અને લાગતાવળગતા મળતિયા લોકોને આ તળાવો ઉંડાં કરવા માટેનાં ટેન્ડરો આપી દેવામાં આવ્યાં અને એમાં ખર્ચ જોઈએ તો ૧ કલાકના એક ટ્રેકટરના ૩૦૦ રૂપિયા ગણ્યા અને એક દિવસના ૬ કલાકના એ રીતે ૧૮૦૦ રૂપિયા થયા અને એવી રીતે આમાં ૨-૩ લાખ રૂપિયાનું કામ કરીને બાકીના ૫ લાખ રૂપિયા બધાએ ભેગામળીને સગેવગે કરી દીધા છે અને બીજા ૩૦ કરોડ ૩૩ લાખ અને ૪૦ હજાર રૂપિયાની હજુપણ માગણી કરે છે. તો આદિવાસીઓ પાછળ ના વાપરતાં, આદિવાસીઓની યોજનાઓ પાછળ ના વાપરતાં આ કરોડો રૂપિયા એમની પાસે જતા રહયા છે. એ રીતે આશ્રમશાળાઓ ૪૫૬, ઉત્તર બુનિયાદી શાળા ૮૯, છાત્રાલયો ૯૩૫, આદર્શ નિવાસી શાળાઓ ૬૫ અને પૂર્વ પટ્ટીના ૧૩ જિલ્લામાં ૪૩ તાલુકાઓમાં આ સુવિધાઓ ઉપલબ્ધ કરેલ અને તે કરવા માટે છોટુભાઈ નાયક, દિલખુશ દિવાનજી, જુગતરામ દવે, રતનસિંહભાઈ મહીડા, ચંદુભાઈ પટેલ, બરોડા, ડાહયાભાઈ નાયક, ઠકકર બાપા આવા તમામ આદરણીય લોકો અને સાબરકાંઠામાં ભાવસાર અને બનાસકાંઠામાં અકબરભાઈ ચાવડા આ બધા લોકોએ પૂર્વપટ્ટીમાં શિક્ષણની સુવિધા ઉભી કરવા માટે રાતદિવસ મહેનત કરી, પરંતુ અત્યારે પરિસ્થિતિ એવી છે કે ત્યાં જે શિક્ષકો મૂકવા જોઈએ એ શિક્ષકો પણ આપણે મૂકી શકતા નથી અને એના કારણે આજે ૧૦૮૭ જેટલી જગ્યાઓ ખાલી છે. એમાં ૧૬૦ શિક્ષકો અત્યારે ભર્યા છે, પરંતુ ૯૨૭ જેટલી જે જગ્યાઓ ખાલી છે એમાં કારકુન, શિક્ષકો અને રસોઈયાઓની જગ્યાઓ જે ખાલી છે એ તાત્કાલિક ભરવા માટે મારી સરકારને નમ્ર વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી જિલ્લાઓમાં બધા કહે  છે કે અમે સર્વ શિક્ષા અભિયાન, કન્યા કેળવણી, ડ્રોપ આઉટ આ બધું કરીને આદિવાસી વિદ્યાર્થીઓને વધુ ભણાવીને એ લોકો ઉંચી જગ્યા ઉપર જાય એટલા માટે પ્રાથમિક શાળાઓમાં શિક્ષકો જે મૂકવા જોઈએ એ શિક્ષકોની ૭૧૩૫  જેટલી જગ્યા ખાલી છે એમાં વડોદરામાં ૫૩૦, સુરતમાં ૭૧૪, પંચમહાલમાં ૧૦૧૪, દાહોદમાં ૮૫૨, સાબરકાંઠામાં ૪૦૮, ભરૂચમાં ૪૪૮, નર્મદામાં ૨૦૯, વલસાડમાં ૪૭૧, નવસારીમાં ૩૯૯, બનાસકાંઠામાં ૧૯૪૧, ડાંગમાં ૧૬૮ એમ કુલ ૭૧૩૫ જગ્યાઓ આંતરિયાળ વિસ્તારોમાં બધે જયારે ખાલી છે તો મારી વિનંતી છે કે ૪૯૦ જેટલી પી.ટી.સી. કોલેજો ગુજરાતમાં ખોલવામાં આવી છે અને એક એક બાળકને આ પી.ટી.સી. કોલેજમાં જવા માટે ૪-૪ લાખ રૂપિયા ડોનેશન આપીને એ પી.ટી.સી. થયેલા છે એવા છોકરાઓથી જો આ ૭૧૩૫ જગ્યા તાત્કાલિક ધોરણે ભરવામાં આવે તો આ ગામડાના ગરીબ તમામ લોકોને શિક્ષણની સુવિધા મળી રહે એવી મારી નમ્ર વિનંતી છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા(ટંકારા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહના સન્માનનીય સભ્યશ્રી આત્મારામભાઈ પરમાર રાજયપાલશ્રીના સંબોધન ઉપરનો આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે અને જેને ડો. નીમાબેન આચાર્યએ ટેકો આપ્યો છે તેમાં હું પણ મારો સૂર પૂરાવવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલા દિવસે આ ગૃહના માનનીય વિરોધપક્ષના નેતાશ્રી વાત કરતા હતા કે આ આપણું સન્માનીય ગૃહ છે. તો આ સન્માનનીય ગૃહ છે એ અમે સૌ સ્વીકારીએ છીએ, પરંતુ ૧૯૯૬ ની ઘટના મને યાદ આવે છે કે આ ગૃહમાં માઈકોના વધારેમાં વધારે ઘા કર્યા હોય અધ્યક્ષ ઉપર હોય, કે મંત્રી મંડળ ઉપર હોય કે પછી ટ્રેઝરી બેન્ચ ઉપર હોય ત્યારે વધારેમાં વધારે માઈકના ઘા કર્યા ત્યારે આ સન્માનનીય ગૃહ કેમ યાદ ન આવ્યું?  માનનીય અધ્યક્ષશ્રી, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર જયારથી આવી ત્યારથી એણે ગામડાંમાં આપણે જોઈએ તો કોંગ્રેસના વખતમાં ભાગલા પાડો ને રાજ કરવાની જે નીતિ હતી તે નીતિ ભારતીય જનતા પાર્ટીની સરકારે ખતમ કરી છે. સમરસ ગામથી તીર્થ ગામ સુધી આ ગામડાને લઈ જનાર આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. ગામડાંમાં ભાગલા પાડી વિવાદો કરી અને મત મેળવવાનું કામ આજ સુધી કોંગ્રેસે કર્યુ છે, આજે ભાઈ શ્રી રાઘવજીભાઈ વાત કરતા હતા કે ગામડાંમાં ઉત્પાદન કેમ વધ્યું, કે પાંચ વર્ષથી વરસાદ સારો થયો, બિયારણ સારું આવ્યું, કેન્દ્ર સરકારે ભાવો ઉંચા આપ્યા, એમાં ગામડાં સદ્ધર થયા, પણ મારે એમને કહેવું છે કે ૪૫ વર્ષ સુધી આ મા ભોમનું ધાવણ ધાવવા સુધીની વાત નથી, પણ તેનું લોહી ચૂસવામાં પણ કંઈ બાકી નહોતું રાખ્યું, અને ગામડાંમાં સો ફૂટે પાણી હતા તે આ ૪૫ વર્ષમાં એક હજાર ફૂટ સુધી નીચા ગયા, ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને તેણે પહેલું એ કામ કર્યુ કે ઠામ બનાવો તો પાણી રહે. વરસાદ ગમે એટલો થાય, પણ પાણી રોકવાના સાધનો ન હોય તો પાણી દરિયામાં જવાનું છે. મને કહેતાં ગૌરવ થાય છે કે ભારતીય જનતા પાર્ટીની સરકાર

આવ્યા પછી ૬૦ હજાર ચેક ડેમો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે બનાવ્યા છે. હમણાં બોરી બંધની વાત કરતા હતા. તો ગામડાંમાં હજારો બોરી બંધ એક પણ રૂપિયાના ખર્ચ વિના બનાવ્યા છે. ભલે બોરી બંધમાં એક વખત પાણી રોકાયું હોય, પણ એ પણ આ મા-ભોમનું ધાવણ તમે ચૂસી ગયા હતા તેના બદલે અમે આ મા ભોમના પેટાળમાં પાણી ઉતારવાના પ્રયત્નો કર્યા છે. ૧ લાખ ૭૦ હજાર ખેત તલાવડીઓ બનાવી અને તેના કારણે વરસાદના પાણી હતા તે એ ખેત તલાવડી મારફત આ જમીનના તળમાં જવાને કારણે જમીનના તળ ઉંચા આવ્યા. એ જ રીતે ૧૪૮૦૦ તળાવો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ઉંડા કર્યા જેના કારણે આ ઉત્પાદન વધ્યું છે. આ ઉત્પાદન વધવાના કારણો મારે આપવાં છે. ગામડાંમાં ખેડૂતને જાગૃત કરવા માટે ગામો ગામ કૃષિ રથ મોકલી અને તજજ્ઞોએ ગામડાંના ખેડૂતોને જે માર્ગદર્શન આપ્યું અને કઈ રીતે ખેતી કરવી તેનું માર્ગદર્શન આપવાને કારણે ગામડાંના ખેડૂતો આ ખેતીમાં બદલાવ લાવ્યા. તેને કારણે પણ આ ઉત્પાદન વધ્યું છે. ગામડાંમાં ઉત્પાદન વધવામાં બીજું એક કારણ એ પણ છે કે પશુ પાલન ઉપર આ રાજય સરકારે વધારેમાં વધારે ભાર આપવાને કારણે પશુ પાલન વ્યવસાય વધ્યો અને તેના કારણે ખેડૂતોની સાઈડની આવક પણ વધવાને કારણે ખેડૂત સદ્ધર થયો. મારે કહેવું છે કે માનનીય ધારાસભ્યશ્રી કહેતાં હતા કે ગામડામાં રોજ ખેડૂતો મારૂતી લે છે, મને કહેતાં ગૌરવ થાય છે કે મારા ટંકારા તાલુકાનું ઉમીયાનગર કરીને નાનું ૧૧૦ ઘરનું ગામ છે. એમાં આજે તમે જઈને જોઈ શકો છો, આ છેલ્લા પાંચ વર્ષમાં એ ગામમાં ૧૦૭ નવા ટ્રેકટરો આવ્યા અને ૧૫૬ નવી હોન્ડા મોટર સાયકલ આવી છે. આને આવક વધી ન કહેવાય તો શું કહી શકાય? આ વાત કરવા કરતા મારે બીજી વાત એ કરવી છે કે ગુજરાતમાં અને ભારતમાં જયારે સ્વરાજ આવ્યું તે પહેલાના વખતમાં, રાજા શાહીના વખતમાં આપણે દીકરીઓને દૂધ પીતી કરતા હતા. એ દૂધ પીતી ન કરવા માટે તે વખતમાં ડો. રાજા રામ મોહન રાયે ઝૂંબેશ ઉપાડેલી અને સમગ્ર રાજયની ચિંતા અને માનવ રાજની ચિંતા કરવા માટે સ્ત્રી ધનની ઘટતી જતી સંખ્યાને અટકાવવા માટેના એમણે એ જમાનમાં પ્રયત્નો કરેલા. ત્યારપછી જો આ ભારતમાં કોઈએ આવી પહેલ કરી હોય તો એ આ ગુજરાતના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બેટી બચાવો અભિયાન ઉપાડીને કરેલી છે. અને આ બેટી બચાવો અભિયાનને કારણે ગુજરાતમાં દીકરીઓની સંખ્યા જે ૮૦૩ હતી તેના બદલે આ પાંચ વર્ષમાં ૮૭૦ થઈ છે. અને આ બેટીઓના આશિર્વાદના કારણે કુદરતે પણ રહેમ કરી અને વધુ વરસાદ વરસાવ્યો અને કોઈ પણ જાતની આપત્તિ પણ આ ગુજરાતમાં પાંચ વર્ષમાં આવી નથી. કોઈ ઘરનો કોઈ પણ માણસ વ્યવહાર કરતો હોય ત્યારે તેની નીતિ અને નિયત સારી હોય તો એ ઘરમાં સો ટકા લક્ષ્મી આવે છે. ભગવાનના જમાનામાં પણ નારીની પૂજા થતી હતી. ત્યારે પણ નાણા ખાતાનું સંચાલન મા લક્ષ્મી કરતા હતા. ત્યારે નાણાં ખાતાનું સંચાલન મહાલક્ષ્મી કરતા હતાં. શિક્ષણ ખાતાનું સંચાલન મા સરસ્વતી કરતાં હતાં. રક્ષા ખાતાનું સંચાલન મા દુર્ગા અને અન્ન પુરવઠાનું સંચાલન મા અન્નપૂર્ણા કરતા હતા. આ દેવી શકિતઓને વરસોથી પૂજતા આવ્યા છીએ. મા ન હોય તો આપણે ન હોય, દીકરી ન હોય તો પત્ની ન હોય, આ માની કુંખે જન્મેલ સ્વામી વિવેકાનંદ હોય કે દયાનંદ સરસ્વતી હોય કે મહાત્મા ગાંધી હોય જેમણે જન્મ લઈને માનવ જાતની સેવા કરવાનો આજ સુધી પ્રયત્ન કર્યો છે. મને આનંદ થાય છે કે આપણા દેશની આઝાદી માટે જેમણે શહીદી વહોરી છે તેવા વીર ભગતસિંહ, એમની માતા વિદ્યાવતી ન હોત તો આવા પુત્ર ન જન્મ્યા હોત. મને કહેતાં આનંદ થાય છે કે જે કર ઝુલાવે પારણું તે જગ પર કરે રાજ, જો એ કર ઝુલાવે પારણાને જો આપણે બચાવીએ નહિ તો આ પારણું કઈ રીતે ઝૂલશે. મને કહેતાં આનંદ થાય છે કે કયાંથી આવશે મા. યમરાજની સાથે લડાઈ કરી અને પતિને છૂટો કરનાર સાવિત્રી કયાંથી આવશે. કયાંથી આવશે મેરી ઝાસીની દુર્ગાવાળી લક્ષ્મીબાઈ અને કયાંથી આવશે અવકાશમાં જનારી કલ્પના ચાવલા. માના ઉદરમાં એક દીકરી હોય અને એ કલ્પના કરે કે હે મારી મા મને ખબર પડી ગઈ છે કે તમે સોનોગ્રાફી કરાવ્યા પછી મને આ દુનિયાની અંદર એક દીકરી તરીકે ઉછેરશો કે કેમ? એ મારી મા આના કારણે તું મારું મર્ડર કરવા માટે દવાખાને જવાની. હે મા મારા હાથમાં એટલી શકિત નથી કે તારો પાલવ જાલીને તને ઊભી રાખી શકું. હે મારી મા એક વાર મને આ પૃથ્વી ઉપર જન્મ લેવા દે અને તારા મમતા ભર્યા ખોળાની અંદર ખૂંદવા દે. હે મારી મા જ્યારે સમય આવશે ત્યારે મને પાંખો આવશે અને હું ઊડી જવાની છું. આ દીકરી આપણે ઉછેરીએ અને ૨૦ વર્ષની થાય અને તે પારકે ઘેર જતી રહે છે. જ્યારે બાપ બે વખત રડતો સારો લાગે. એક તો દીકરીને વિદાય આપતા હોય ત્યારે બાપની આંખમાં આંસુ આવતાં હોય ત્યારે બાપ રોતો હોય ત્યારે સારો લાગે. બીજી વખત ત્યારે રૂએ કે એક દીકરો હોય એ બાપને ઘરડા ઘરમાં મૂકી આવે ત્યારે રોવે. જીંદગીની અંદર એ બાપ માંદો થયો હોય ત્યારે ખાટલા પાસેથી દીકરો ચાર વાર નીકળે તેમ છતાં બાપને ન પૂછે કે એ બાપા તમે દવા ખાધી તમને હવે કેમ છે પરંતુ દીકરી ત્યાંથી નીકળે તો બાપની આગળ ઊભી રહેશે. બાપને માથા ઉપર હાથ ફેરવશે કે બાપ તમે દવા પીધી તમને ચા આપું આ કહેનાર મમતા ભરી આ દુનિયાની અંદર કોઈપણ શકિત હોય તો એ નારી શકિત છે. આ નારી શકિતને બચાવવા માટેનો આ મુખ્યમંત્રીશ્રીએ જે પ્રયત્ન કર્યો છે એને લાખ લાખ અભિનંદન આપું છું અને આ પ્રસ્તાવને મારો ટેકો આપું છું.

**શ્રી જીતેન્દ્ર સુખડીયા(સયાજીગંજ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહ સમક્ષ મહામહીમ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર માનનીય સભ્યશ્રી આત્મારામભાઈ પરમાર જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે તેને અનુમોદન આપવા માટે હું ઊભો થયો છું.

ગુજરાતના સમગ્ર વિકાસના એકેએક પાસાને આવરી લઈને ખૂબ સુંદર વાત મહામહીમ રાજયપાલશ્રીએ પોતાના પ્રવચનમાં કરી છે. ૨૧મી સદીમાં આખું વિશ્વ ઝડપથી આગળ વધી રહ્યું છે. તેની સાથે કદમ મીલાવીને આપણું ગુજરાત પણ કેમ આગળ વધે તેનો પડઘો રાજયપાલશ્રીએ પોતાના પ્રવચનમાં પાડ્યો છે. પ્રગતિશીલ ગુજરાતમાં ગૌરવ અને અસ્તિત્વના દર્શન થાય છે. ૨૧મી સદીના પ્રથમ દાયકામાં ગુજરાત સરકારે જન ભાગીદારીથી જળ સંચય ક્ષેત્રે સુંદર કામગીરી કરી બતાવી છે. જળ શકિતને વિકાસમાં રૂપાંતર કરીને સમગ્ર વિશ્વને ચકિત કરી નાખ્યું છે. ત્રણ લાખ જેટલા ચેકડેમ, બોરીબંધ, ખેત તલાવડીઓ બનાવી છે. જળ સંચય દ્વારા ભૂગર્ભ જળના સ્તર ઉપર લાવવાનું ભગીરથ કામ આપણે કરી બતાવ્યું છે. ગુજરાતના ૭૫૦૦ ગામોમાં ભૂગર્ભ જળમાં ફલોરાઈડ અને નાઈટ્રેટ આવતું હતું આ પાણી પીવા લાયક નહોતું ત્યાં આપણે ટેન્કરો દ્વારા પાણી પહોંચાડવા પડતા હતા. આજે સમગ્ર રાજય ટેન્કર ફ્રી થઈ ગયું છે. પાણીની ગુણવત્તા સુધરતા પીવાનું શુદ્ધ પાણી મળતું થયું છે અને જમીન સંરક્ષણનું કામ પણ થયું છે. દરેક ગ્રામ પંચાયતમાં પાણીની શુદ્ધતા ચેક કરવાના સાધનો પણ આપવામાં આવે છે. આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ ગુજરાતના ભગીરથ બનીને આવ્યા છે. ત્યારે નર્મદા અને સુજલામ્-સુફલામ્ દ્વારા રાજયની જળ ક્રાંતિને જબરજસ્ત વેગ મળી રહ્યો છે તથા રાજયે પોતાની રીવરગ્રીડ સમગ્ર દેશમાં પ્રથમવાર ઉભી કરી છે. જળક્રાંતિને કારણે કૃષિ ક્ષેત્રે છેલ્લા પાંચ વર્ષમાં રાજયનું કૃષિ ઉત્પાદન રૂા. ૯,૦૦૦ કરોડથી વધીને રૂા. ૩૪,૦૦૦ કરોડનો વિક્રમ સર્જક આંક વટાવી ગયું છે અને આવતા પાંચ વર્ષમાં આનાથી પણ બમણું કરવાનું આપણું આયોજન છે. અતિ વરસાદ જેવી કુદરતી આપત્તિ છતાં ગુજરાતે ૧૨ ટકા જેટલો કૃષિ વિકાસ દર હાંસલ કર્યો છે. આફતને પણ અવસરમાં પલટવાનું આપણું ગુજરાતીઓનું જે સામર્થ્ય છે તેને ઉજાગર કરવાનું કામ રાજયના મુખ્યમંત્રીએ જે પ્રેરણારૂપ દૃષ્ટાંત આપીને કર્યું છે એ બિરદાવવા લાયક છે. કુદરતી આપત્તિ છતાં ગુજરાતે ૧૨ ટકા જેટલો કૃષિ વિકાસ દર હાંસલ કર્યો છે જે દેશના ૨.૫ ટકા કૃષિ વિકાસ દર કરતાં લગભગ પાંચ ગણો વધારે છે. આ માટે ગુજરાતે નવી સ્ટ્રેટેજી કૃષિ મહોત્સવની છેલ્લા ત્રણ વર્ષથી અમલમાં મૂકી છે. જેના કારણે આ શકય બન્યું છે. તેમાં ખેડૂતોને ફ્રી કૃષિ કીટ આપવામાં આવી. સોઈલ હેલ્થ કાર્ડથી કયો પાક વધારે ઉતરે તેની વૈજ્ઞાનિક માહિતી કૃષિ યુનિવર્સિટી અને કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતોને આપવામાં આવી. આ બધાને કૃષિ ક્રાંતિમાં જોડવામાં આવ્યા છે. તેના પરિણામે કપાસના ઉત્પાદનમાં ગુજરાત દેશમાં નં.૧ બન્યું છે અને તેની ઉત્પાદકતા હેકટરે ૭૦૦ ગાંસડી થાય છે. જે વિશ્વવિક્રમ છે. તે જ રીતે ફ્રુટ અને શાકભાજી પણ હેકટર દીઠ ૧૦૦ ટન ઉત્પાદન લઈ ગુજરાત પ્રથમ નંબરે આવે છે. હવે ગુજરાતમાં કૃષિ ક્રાંતિને આગળ લઈ જવા માટે સિંચાઈની હાલની ૪૦ લાખ હેકટરમાંથી દોઢી કરવાનો લક્ષ્યાંક ગુજરાતે નક્કી કર્યો છે. જેથી ખેડૂતો બારેમાસ બે થી ત્રણ પાક લઈ શકે. ગ્રામીણ વિકાસ ત્યારે જ થાય જ્યારે રસ્તા, પાણી અને વીજળી ત્રણેય ગામડાંમાં પહોંચે. ગુજરાતે રસ્તા અને પાણી ઉપરાંત હવે રાજયના ૧૮,૦૦૦ ઉપરાંત ગામોને ૨૪ કલાક થ્રી ફેઝ વીજળી આપી છે. એટલું જ નહીં પરંતુ આ વર્ષથી ગામડાંમાં ઘરે ઘરે ખેડૂતો અને ગરીબોને વીજળી કનેકશન મળે તે માટેનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

આ કારણથી ગ્રામીણ જનતાનું જીવનધોરણ છેલ્લા બે વર્ષથી સતત સુધરતું જાય છે. ગ્રામ ઉદ્યોગ તથા કુટિર ઉદ્યોગ જેવી સ્વરોજગારી વધતાં ગામડાંમાંથી શહેરો તરફનું સ્થળાંતર ઓછું થયું છે. એટલું જ નહીં પરંતુ ગુજરાતના ગામડાંમાં વધતી જતી સમૃદ્ધિ જોઈને આ ગ્રામ્ય બજાર હસ્તગત કરવા માટે થઈને વિશ્વભરની કન્ઝયુમર આઈટમો વેચતી કંપનીઓ હવે ગુજરાતના ગામડાંઓના બજારો સર કરવા માટે થઈને આગળ વધી રહી છે. એક સરવે મુજબ આ કંપનીઓના ટી.વી., રેફ્રીઝરેટર, મોટરસાઈકલ જેવી અનેક ચીજોનું વેચાણ ગુજરાતમાં ૩૦ ટકાથી પણ વધારે થયેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહર્ષિ અરવિંદે એક સદી પહેલાં ભવિષ્ય ભાખ્યું હતું કે ૨૧મી સદી એ ભારતની સદી હશે. આપણો ભારત દેશ વિશ્વના સર્વોચ્ચ શિખરે હશે. પૂર્વ પ્રધાનમંત્રીશ્રી અટલબિહારી બાજપાઈએ અને પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી અબ્દુલ કલામે કહ્યું હતું કે વર્ષ ૨૦૨૧માં ભારત વિશ્વના સર્વોચ્ચ શિખરે હશે. તત્કાલિન પ્રધાનમંત્રીશ્રી મનમોહનસિંઘે ગત વર્ષે જણાવેલ કે આગામી ૧૦ જ વર્ષમાં ભારત, આપણો દેશ વિશ્વમાં પ્રથમ નંબરે હશે. સર્વ ક્ષેત્રે વિકાસની બાબતમાં ગુજરાત આજે હિંદુસ્તાનમાં પ્રથમ નંબરે છે. આપણા ગૃહના નેતા અને આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ રાજયના શહેરોને વિશ્વ કક્ષાના બનાવવાનો ભગીરથ પુરુષાર્થ આદર્યો છે. સમયોચિત શહેરી વિકાસ માટે રાજય સરકારે સને ૨૦૦૫થી અંદાજપત્રીય જોગવાઈ અઢીગણી વધારી છે. શહેરી વિકાસની વહિવટી કાબેલિયતને કારણે જવાહરલાલ નહેરુ અર્બન રીન્યુઅલ મિશન હેઠળ રૂા. ૪૦૦૦ કરોડથી વધારે રકમના પ્રોજેકટોને મળેલ મંજૂરીએ રાષ્ટ્રીય કક્ષાએ સૌનું ધ્યાન ખેંચ્યું છે. વિવિધ આવાસ યોજનાઓ હેઠળ શહેરી ગરીબો માટે છેલ્લા પાંચ વર્ષમાં ૫૫,૦૦૦ આવાસોનું નિર્માણ કરેલ છે. શહેરોની સંપૂર્ણ કાયાપલટ થઈ રહી છે. લોકો તેને નિહાળી રહ્યા છે. ગુજરાતના વિકાસને લોકોએ અનુમોદન આપ્યું છે અને ગત વિધાનસભાની ચૂંટણીમાં જેના દ્વારા આપણે ચૂંટાઈને આ ગૃહમાં બેઠાં છીએ, ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વને, નરેન્દ્રભાઈ મોદીની કાર્યશૈલીને અનુમોદન આપીને ૧૧૭ જેટલા સભ્યોને જંગી બહુમતીથી જીતાડીને આ ગૃહમાં મોકલ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશમાં ઔદ્યોગિક પ્રગતિ અને ઔદ્યોગિક મૂડી રોકાણમાં ગુજરાત પ્રથમ સ્થાને રહ્યું છે. વાઈબ્રન્ટ ગુજરાતની શ્રેણીમાં ત્રણ વૈશ્વિક રોકાણકાર પરિષદો યોજીને રૂ.૮.૫ હજાર કરોડથી વધુ મૂડી રોકાણના કરારો કર્યા છે. સમગ્ર દેશમાં ઔદ્યોગિક મૂડી રોકાણમાં ૨૫.૮ ટકાથી વધુ મૂડી રોકાણથી ગુજરાત આજે પ્રથમ નંબરે રહ્યું છે. સમગ્ર દેશમાં એસ.ઈ.ઝેડનો કાયદો ગુજરાતે સર્વ પ્રથમ કર્યો છે. અત્યાર સુધીમાં ૫૧ એસ.ઈ.ઝેડના સ્થાપના માટે ભારત સરકારની મંજૂરી મળી ગઈ છે. એસ.ઈ.ઝેડ આધારિત વૈશ્વિક સ્તરની સુવિધાઓ સાથે નવી નગર યોજનાઓ અને નવા નગરો અસ્તિત્વમાં આવશે. નવી રોજગારીની તકોનું સર્જન થશે. રાજયમાં ઔદ્યોગિક વિકાસની હરણફાળને કારણે ૨૧ લાખ જેટલી રોજગારીની તકો ઊભી થવાની શક્યતા છે. જે લોકોને બે હાથે મહેનત કરવાની અને પોતાનું મગજ ચલાવવાની વૃત્તિ હશે એવી પ્રકૃતિ હશે એવો કોઈપણ વ્યકિત ગુજરાતમાં શોધ્યો પણ નહીં જડે એ પ્રકારનું આયોજન રાજય સરકારના માધ્યમથી થઈ રહ્યું છે. રાજય સરકાર સંચાલિત જાહેર ક્ષેત્રના સાહસો જે મૃતપ્રાય સ્થિતિમાં હતા અને ખોટ કરીને જીવતા હતા એ આજે સેંકડો કરોડોનો નફો કરતા થયા છે. જેમાં જી.એસ.એફ.સી., જી.એન.એફ.સી., જી.ઈ.બી. એના ઉદાહરણ છે. એની અંદર પોતાની રોજગારીની સલામતી માટે રાજયના આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીમાં અનહદ શ્રદ્ધા ધરાવે છે. તેઓશ્રીના અથાગ પ્રયત્નો, મક્કમ નિર્ધાર અને શુદ્ધ મનોબળને કારણે સમગ્ર દેશમાં માંદા ઉદ્યોગોને સજીવન કરવાની અને પ્રોફિટ મેકીંગ કરતા કરવાની અનેક સિદ્ધિઓ મેળવી છે. (સમય સૂચક ઘંટડી) શ્રી આત્મારામભાઈ પરમારના આભાર પ્રસ્તાવને અનુમોદન કરું છું.

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ (ગ્રામ્ય)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના ગૌરવ સમાન લોકશાહીના વિશ્વાસરૂપી એવા મંદિર સમાન આ વિધાનગૃહમાં રાજકોટ ગ્રામ્યના પ્રતિનિધિ તરીકે માનનીય અધ્યક્ષશ્રી હું આપને વંદન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના નામદાર રાજ્યપાલ મહોદયે ગુજરાત વિધાનસભામાં જે સંબોધન રજૂ કરેલ છે જે અંગે માનનીય સભ્યશ્રી આત્મારામભાઈ પરમારે જે આભાર પ્રસ્તાવ રજૂ કરેલ છે તેમાં હું મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની જનતાએ પ્રખર વિદ્વાન રાષ્ટ્રભકિતમાં તરબતર પારદર્શક વહીવટકર્તા, લોક હૃદય સમ્રાટ, કર્મવીર, સામાજિક સમરસતાના પ્રણેતા એવા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને ત્રીજીવાર ગુજરાતની પ્રજાએ પૂરા આત્મસન્માન સાથે પ્રચંડ બહુમતીએ વિજેતા બનાવ્યા છે. તેઓના નેતૃત્વમાં યોજાયેલ ચૂંટણીમાં હું રાજકોટ-૭ના પ્રતિનિધિ તરીકે ચૂંટાઈ આવવા બદલ ગૌરવ અનુભવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ચાલતી આ સરકારમાં આજે ગુજરાત સર્વ ક્ષેત્રમાં પ્રગતિ કરી રહ્યું છે. જેમ કોઈ ઘરમાં પૂજા થતી હોય અને એ પૂજામાં આપણે પવિત્ર પંચામૃતનો ઉપયોગ કરીએ તેવી જ રીતે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પંચામૃત યોજના દ્વારા જન શકિત, જળ શકિત, ઊર્જા શકિત, જ્ઞાન શકિત અને રક્ષા શકિત આ પાંચ શકિતઓનો સમન્વય કરીને વિકાસની ક્રાંતિ સર્જી દીધી છે. સમગ્ર દેશમાં આજે ગુજરાત ઊર્જા ક્ષેત્રે, ઔદ્યોગિક ક્ષેત્રે, શિક્ષણ ક્ષેત્રે, આરોગ્ય ક્ષેત્રે, કાયદો અને વ્યવસ્થાની દૃષ્ટિએ તેમજ અન્ય તમામ દૃષ્ટિએ આજે દેશના અન્ય રાજયો કરતાં આપણું ગુજરાત ખૂબ જ આગળ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજના જેના ભૂમિ પૂજનથી ૨૦૦૧ સુધીમાં માત્ર ૧૦,૭૯૭.૬૩ કરોડ રૂપિયાનો ખર્ચ થયો હતો. જ્યારે છેલ્લા ૬ વર્ષમાં આ યોજના તેના લક્ષ્યાંકને એવા ૧૨૧.૯૨ મીટર પહોંચાડવા માટે ૧૧,૨૦૮ કરોડ રૂપિયાનો ખર્ચ કરીને પૂર્ણ કરી છે જે ધન્યવાદને પાત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ નર્મદા યોજના પૂરી થવાના કારણે તેના ફળસ્વરૂપે આજે ગુજરાત એ ૧૪૫૦ મેગાવોટની વિદ્યુત ક્ષમતાવાળો વિદ્યુત પ્રોજેક્ટ દેશને સમર્પિત કરેલ છે. આ નર્મદાના પાણી ૧૮૬૧ કિલોમીટરની બલ્ક પાઈપ લાઈન દ્વારા કેવડિયાથી કચ્છ-સૌરાષ્ટ્ર તથા ઉત્તર ગુજરાતના છેવાડાના ગામડાઓ તથા રાજયના મુખ્ય શહેરોમાં લોકોને નર્મદાના પાણી પહોંચાડી દીધા છે જે ટૂંકાગાળામાં ઐતિહાસિક સિદ્ધિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય બંધારણના પ્રણેતા રાષ્ટ્રપુરૂષ એવા ભારત રત્ન ડો. ભીમરાવ આંબેડકર સાહેબે કહેલું કે કોઈ રાજય કે દેશનો વિકાસ કરવો હોય તો નબળા વર્ગના લોકોને માટે કંઈક કરી છૂટવું જે દિશામાં ગુજરાતની ભાજપની સરકાર માનનીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં પૂરતા નાણાંની ફાળવણી દ્વારા જુદી જુદી અનેકવિધ યોજનાઓ દ્વારા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, બક્ષી પંચ તેમજ અન્ય જાતિઓ માટે ખૂબ સારી રીતે કામ કરી રહી છે. જેમકે કુંવરકકકબાઈ મામેરુ યોજના, આંબેડકર આવાસ યોજના, પાઈલોટ ટ્રેનીંગ યોજના, વિદેશ અભ્યાસ માટે લોન યોજના, મેડીકલ સહાય, કન્યાઓને સાયકલ સહાય વિગેરે જેવી અનેક યોજનાઓ અમલમાં છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરની સ્મૃતિમાં આજે અગિયાર જિલ્લામાં ડૉ. આંબેડકર ભવનોના લોકાર્પણ થઈ ગયેલ છે અને અમદાવાદમાં રાષ્ટ્રીય કક્ષાના ડૉ. બાબા સાહેબ આંબેડકર ફાઉન્ડેશનનું પણ લોકાર્પણ કરેલ છે. માનનીય અધ્યક્ષશ્રી જે બતાવે છે કે ગુજરાતની સરકાર સામાજિક સમરસતામાં દેશના અન્ય રાજયો કરતાં વિશેષ રીતે કામ કરી રહી છે. આજે ગુજરાત રાજય કૃષિ ક્ષેત્રે દેશના અન્ય રાજયોની હરોળમાં આવી ગયું છે. છેલ્લા ત્રણ વર્ષમાં કૃષિ મહોત્સવ, જળસંચયના કાર્યક્રમો, સોઈલ હેલ્થકાર્ડ તથા કૃષિ માર્કેટીંગમાં સરકારના પ્રોત્સાહનને પગલે કૃષિ ઉત્પાદન રૂા. નવ હજાર કરોડથી વધીને ચોત્રીસ હજાર કરોડનો આંક વટાવી ગયું છે. કૃષિ

ક્ષેત્રે ખૂબ જ ટૂંકાગાળામાં મોટી પ્રગતિ ગણાય. ગુજરાતમાં શહેરી વિકાસ ક્ષેત્રમાં શહેરી ગરીબો માટે ગૃહ નિર્માણની જોગવાઈ સાથે વિવિધ આવાસ યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં પંચાવન હજાર જેટલા આવાસોનું નિર્માણ કરેલ છે. તેમજ રાજયના પચાસ લાખ જેટલા શહેરી ગરીબો માટે રૂપિયા તેર હજાર કરોડની શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના નિર્ધારીત કરેલ છે જેનાથી નબળા વર્ગના લોકોને "ઘરના ઘરનું " સ્વપ્ન સાકાર થશે અને શહેરના વિકાસની સાથે ગુજરાત રાજયનો પણ વિકાસ થશે. કોઈપણ શહેરનો વિકાસ હોય કે કોઈપણ રાજયનો વિકાસ હોય કે કોઈપણ દેશનો વિકાસ હોય એ વિકાસ ત્યારે જ શકય બને કે જ્યારે સુરક્ષા હોય અને ગુજરાત આજે સુરક્ષા અનુભવી રહ્યું છે અને સુરક્ષા એ વિકાસની ગૅરન્ટી છે અને વિકાસ ક્ષેત્રે આજે આપણું ગુજરાત રાષ્ટ્રીય કક્ષાએ નંબર-વન બન્યું છે. ઔદ્યોગિક વિકાસની વાત કરીએ તો ગુજરાતમાં આજે સ્થિર, સલામત અને સક્ષમ નેતૃત્વવાળી સરકાર હોવાના કારણે દેશ અને દુનિયાના મોટા ઔદ્યોગિક ગૃહો આજે પોતાનું મૂડીરોકાણ ગુજરાતમાં કરી રહ્યા છે જેના ભાગરૂપે માનનીય અધ્યક્ષશ્રી, આજે રૂપિયા સાડા આઠ લાખ કરોડથી વધુ જંગી મૂડીરોકાણના કરારો થયેલા છે. જેનાથી આવનાર સમયમાં ગુજરાતના યુવાનો માટે મોટી રોજગારીની તકો પ્રાપ્ત થશે.

ગુજરાત રાજય ઉર્જા ક્ષેત્રમાં માત્ર એક હજાર દિવસના ટૂંકાગાળામાં જયોતિગ્રામ યોજના પૂર્ણ કરીને રાજયના અઢાર હજાર ગામડાઓમાં ચોવીસ કલાક થ્રીફેઈઝ વીજળી પૂરી પાડીને દેશનું પ્રથમ એવું રાજય છે કે જયાં ગામડાઓમાં પણ ચોવીસ કલાક વીજળી મળે છે જે એક ઐતિહાસિક કાર્ય કહી શકાય. એક સમય એવો હતો કે લોકો ગામડામાંથી ગાંધીનગરમાં ફરિયાદ લઈને આવતા કે અમારા ગામડામાં લાઈટ નથી. વાળુ ટાણે લાઈટ નહોતી, સવારમાં વહેલી સવારે કોઈ બેન ગાય કે ભેંસ દોવા ઉઠે અને અંધારાના કારણે સાપ, વીંછી કરડી જાય અને અનેક યાતનાઓનો ભોગ બનતી અને એક સમય એવો હતો કે રાત્રીના સમયે વિદ્યાર્થીઓનું જીવન જોખમમાં મૂકાઈ જતું પરંતુ આ દરેક યાતનાઓમાંથી આજે જયોતિગ્રામ યોજના દ્વારા દરેકમાંથી મુકિત મળી છે જ્યારે હું એક મહિલા પ્રતિનિધિ તરીકે ચૂંટાઈ આવી છું તો મારે મહિલાઓના વિકાસની વાત કરવી છે કે આજે આખાએ હિંદુસ્તાનમાં પ્રથમ એવા મુખ્યમંત્રી છે કે જેમણે મહિલાઓ માટેની વિશેષ યોજનાઓ સાકાર કરી છે. જેમાં સ્ત્રીભ્રૂણ હત્યા અટકાવી અને બેટી બચાવોના આંદોલનો પાર પાડયા છે. તેવી જ રીતે કન્યા કેળવણીને પણ વિશેષ મહત્વ આપ્યું છે. જૂના જમાનાના લોકો બાળકીને દુધ પીતી કરતા. આમ તે યુગમાં કરતા, પરંતુ અત્યારના યુગમાં શું થઈ રહયું હતું? અત્યારના યુગમાં માતાની કૂખને જ કબ્રસ્તાન કરી દેવામાં આવી હતી અને એ વાતને, લાગણીના સ્વરૂપમાં વિચારી માનનીય મુખ્યમંત્રીશ્રીએ એમાં ચિંતિત થઈ અને બેટી બચાવવાના આંદોલનો પાર પાડ્યા અને આખાએ હિંદુસ્તાનમાં કોઈ એવા મુખ્યમંત્રી નહીં, જેવા આપણા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી છે કે જેમણે દીકરી બે કુળને તારે" એ સૂત્રને ચરિતાર્થ કરવા માટે કન્યા કેળવણીને વિશેષ મહત્ત્વ આપ્યું અને પોતાને જે ભેટ સોગાદો મળી હોય તેની જાહેરમાં નિલામી કરી અને એ રૂપિયાનું દાન કરી અને કન્યા કેળવણીમાં આપી દેવામાં આવ્યા. આમ ગુજરાતમાં ભારતીય જનતા પક્ષની સરકાર દ્વારા છેલ્લા છ વર્ષના એકધારા અને સ્થિર શાસનથી રાજયનો વિકાસ દરેક ક્ષેત્રમાં જોઈ શકાય છે આમ માનનીય અધ્યક્ષશ્રી, આજે નામદાર રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ અંગે માનનીય સભ્યશ્રી આત્મારામભાઈ પરમારે જે પ્રસ્તાવ રજૂ કરેલ છે તેમાં હું મારો સૂર પૂરાવું છું.

**શ્રી ખુમાનસિંહ ર. ચૌહાણ(સાવલી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સભ્ય અને મારા સાથી મિત્ર એવા ભાઈશ્રી આત્મારામભાઈ પરમાર માનનીય રાજયપાલશ્રીનો આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે ત્યારે મારા કેટલાક વિચારો, મંતવ્યો અને લાગણીઓ આપના મારફતે આ સરકારને કહેવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ત્રણ દિવસથી હું આ આભાર પ્રસ્તાવ ઉપરની ચર્ચાઓ જોઉ છું, સાંભળું છું ત્યારે મને એ વાતનું દુ:ખ છે કે આપણે ભા.જ.પ.માં હોઈએ કે કોંગ્રેસમાં હોઈએ, એક વખત ચૂંટાઈને બે કે પાંચ વખત ચૂંટાઈને સરકારમાં હોઈએ કે વિરોધપક્ષમાં હોઈએ પણ જ્યારે લોકો આપણને મત આપે છે ત્યારે એના પ્રતિનિધિને એ વાતને નજરમાં રાખીને મત આપે છે કે અમારો મત એળે નહીં જાય. એવી શ્રદ્ધાથી મત આપે છે કે અમારા પ્રતિનિધિ ગુજરાતની વિધાનસભામાં જાય અને અમારા વિસ્તારની જે પાયાની જરૂરિયાતો છે, પીવાના પાણીની વાત હોય, શિક્ષણની સુવિધાની વાત હોય, આરોગ્યની વાત હોય કે કદાચ કોઈ એક સામાજિક મુશ્કેલી ઊભી થઈ હોય તેની વાત હોય, ત્યારે અમારા વિસ્તારમાંથી વિધાનસભામાં જઈને એવું પ્રતિનિધિત્વ કરે કે અમે જેને મત આપ્યો છે એ મતદારો ગૌરવથી કહી શકે કે અમારા પ્રતિનિધિ આજે ગુજરાત વિધાનસભામાં સમગ્ર ગુજરાતની ચિંતા કરે છે. આ સમાજના છે, પેલા સમાજના છે એવી વાત નહિ, આ પક્ષના છે કે પેલા પક્ષના છે એની વાત નથી. પણ જ્યારે ગુજરાતના વિધાનસભાના સભ્ય તરીકે ચૂંટાઈને ગુજરાતની વિધાનસભામાં બેસે ત્યારે એણે સમગ્ર સમાજની ચિંતા કરવી જોઈએ. દરેક લોકોની ચિંતા કરવી જોઈએ. સમગ્ર ગુજરાતનો સંતુલિત વિકાસ થાય એની ચિંતા કરવી જોઈએ અને એવી લાગણીઓનો પડઘો અહીંયા પાડવો જોઈએ. પ્રેક્ષક ગેલેરીમાં બેઠેલા હોય કે સરકારી અધિકારીઓની ગેલેરીમાં બેઠેલા હોય.

**અધ્યક્ષશ્રી** : ગેલેરીને સંબોધન નહીં કરો. આપ સિનિયર સભ્ય છો.

**શ્રી ખુમાનસિંહ ર. ચૌહાણ** : આપણે હંમેશા વિકાસની ચિંતા કરવી જોઈએ. પક્ષાપક્ષીના રાજકારણો પાંચ વર્ષ માટે રહેતા હોય છે. આજે આ પાટલી પર તો કાલે પેલી પાટલી પર હોઈએ પણ જે લોકોએ વિકાસને

નજરમાં રાખીને આપણને મત આપ્યા હોય ત્યારે ગુજરાતનો વિકાસ કેવી રીતે થાય એની આપણે ચિંતા કરવી જોઈએ. આપના મારફત એ વાત કહેવા માગું છું કે ગુજરાતમાં વિકાસ થયો છે એવું સામા પક્ષથી જ્યારે વારંવાર કહેવામાં આવે, માનનીય મુખ્યમંત્રીશ્રીના વારંવાર વખાણ કરવામાં આવે ત્યારે સામે બેઠેલા મારા મિત્રોને કહેવા માગું છું કે મિત્રો, કેશુભાઈના નેતૃત્વ નીચે ગુજરાત વિધાનસભામાં ભારતીય જનતા પક્ષ બે વખત બહુમતી લઈને આવ્યો છે. માધવસિંહભાઈના રાજમાં પણ ત્રણ-ત્રણ વખત માધવસિંહભાઈના નેતૃત્વમાં ૧૪૮ સીટ સાથે આવ્યા છે ત્યારે તમે એમ ન માનો કે નરેન્દ્રભાઈના નેતૃત્વ નીચે ભા.જ.પ એકલો વિજય મેળવે છે. આજે એ દુ:ખ છે કે ગુજરાતમાં જે કાંઈ બન્યું છે એ શરમથી માથું ઝૂકી જાય એવું છે. આજે ભ્રષ્ટાચારે માઝા મૂકી છે. ટી.વી.નું બટન દબાવો તો તમને એમ કહેવામાં આવે કે પાટણની કૉલેજની અંદર એક દીકરી ઉપર પાંચ નરાધમોએ બળાત્કાર કર્યો છે. સવારે ઊઠીને છાપું વાંચો તો અત્યાચાર, લૂંટ, બળાત્કાર, ધાડ અને ખૂન સિવાય કંઈ ન મળે. મિત્રો સમગ્ર ગુજરાતની અંદર આજે ભ્રષ્ટાચારે માઝા મૂકી છે. એના એક-બે દાખલા આ સભાગૃહના સન્માનનીય સભ્યોને કહેવા માગું છું. ગુજરાતની અંદર પાણીના લેવલ ઊંચા આવે, ગુજરાતની અંદર કિસાનો સુખી થાય એમ કરીને ચેકડેમોની જે યોજનાઓ દાખલ કરવામાં આવી એ ચેકડેમો મારા વડોદરા જિલ્લા અને મારા પંચમહાલ જિલ્લાની અંદર.....

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે. સભાગૃહ ફરી ૫-૩૦ વાગ્યે મળશે. આપનું પ્રવચન ચાલુ રહેશે.

**વિરામ સાંજના ૫-૦૦ થી ૫-૩૦**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું તેમ સમગ્ર ગુજરાતની અંદર ભ્રષ્ટાચાર ફૂલ્યો ફાલ્યો છે, વધ્યો છે. છાપામાં, ટી.વી. મિડિયામાં આવે છે ત્યારે આક્ષેપ, પ્રતિઆક્ષેપ થાય છે ત્યારે વડોદરા જિલ્લાને મારા પાડોશી જિલ્લો પંચમહાલની અંદર પણ ચેકડેમમાં કેટલાક ધારાસભ્યોની ગ્રાન્ટો , નાણાપંચની ગ્રાન્ટોની ફાળવણી કેટલાક મળતિયા N.G.O.ને ચેકડેમનું કામ સોંપી દેવામાં આવ્યું છે. મને લાગે છે કે લગભગ ચારેક દિવસ પહેલા એવી વાત જાણવા મળી હતી કે ગાંધીનગર જિલ્લાની અંદર એક મંત્રીશ્રી ચેકડેમનું ઉદ્‌ઘાટન કરવા ગયેલા એનું ઉદ્‌ઘાટન થયેલું અને ત્યાર પછી એ ચેકડેમ બંધાયો કે ના બંધાયો એની કોઈ તપાસ માટે અરજીઓ અને રજૂઆત થઈ ત્યારે અધિકારીઓ તપાસ કરવા ગયેલા ત્યારે એ ચેકડેમનું નામોનિશાન નહતું. ચેકડેમ તણાઈ ગયો છે, ખોવાઈ ગયો છે, લાપત્તા થયો છે એની કોઈને ખબર જ નહિ.

માનનીય અધ્યક્ષશ્રી, ચેકડેમોની જો તપાસ કરવામાં આવે તો લગભગ એક-બે ફૂટનો પાયો ખોદાય, રાતોરાત એ ચેકડેમ ચણાય જાય, વચ્ચે માટી-રેતી ધલાઈ જાય, એની ગુણવત્તા જળવાવી જોઈએ એ નથી જળવાતી અને કરોડો રૂપિયાના ચેકડેમ અમૂક પ્રકારના N.G.O.ને આપીને કેટલાક પદાધિકારીઓ પણ આમાં સંડોવાયેલા છે અને આપે પણ કદાચ છાપાના માધ્યમ દ્વારા જાણ્યું છે કે કાલોલ તાલુકાની અંદર ખેત તલાવડીઓની અંદર T.D.O. પણ જેલમાં ગયેલા અને હજુ એની તપાસ કરવામાં આવે તો મને લાગે છે કે આ ચેકડેમની અંદર કેટલાક અધિકારીઓ પણ જેલમાં જાય ત્યારે આપણે બધા ગુજરાતની ચિંતા કરવાવાળા અહીંયા બેઠાં છીએ, પોતાના વિસ્તારના લોકોનું અહીંયા પ્રતિનિધિત્વ કરીએ છીએ ત્યારે પક્ષાપક્ષીથી રાજકારણમાં ના રહીએ, આક્ષેપ-પ્રતિઆક્ષેપમાં ના રહીએ પણ આવો ચેકડેમનો હેતુ. હું તો કહું છું કે ભા.જ.પ. સરકારે ચેકડેમોનું આયોજન કર્યુ છે એને હું ધન્યવાદ આપું છું પણ એવા ચેકડેમોની અંદર ગુણવત્તાનું ધોરણ જળવાય, સારી ગુણવત્તાવાળા ચેકડેમ બને.

માનનીય અધ્યક્ષશ્રી, ખેત તલાવડીઓ તો માર્ચ-એપ્રિલ મહિનો આવે અને એપ્રિલમાં ચાલુ કરવામાં આવે અને વરસાદ પડે એટલે જતો રહે. ફરિયાદ કરવી કોને? ફરિયાદ કરીએ અને તપાસ કરવા આવે ત્યારે મને લાગે છે કે એ ખેત તલાવડીમાં પાણી જ ભરાય ગયા હશે. હવે એમાં શું કરે? ભ્રષ્ટાચારે માજા મૂકી છે. આજે વીજળીના કનૅક્શન મળતાં નથી અને વાત કરે ૧૧-૧૨ કલાક વીજળી આપીએ છીએ. આજે તો ૬ કલાક વીજળી મળે છે.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ(ખંભાત)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રવચન અંગે માનનીય આત્મારામભાઈએ જે આભાર પ્રસ્તાવની દરખાસ્ત મૂકી છે તેને અનુમોદન આપવા માટે અત્રે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર આ ચૂંટણી આવવાના એક-દોઢ વર્ષથી હિન્દુસ્તાનના વિરોધપક્ષો, કહેવાતા બુદ્ધિજીવીઓ, કહેવાતા બિન સાંપ્રદાયકતાવાદીઓ ગુજરાતની અંદર ફરીથી ભા.જ.પ.નું શાસન ના આવે એ માટે જબરજસ્ત ષડયંત્ર રચ્યું હતું. એવો જબરજસ્ત પ્રચાર કર્યો, ટી.વી.માધ્યમોમાં, પ્રચાર માધ્યમોમાં, પેપરો અને બૌધ્ધિકોના પ્રવચનોમાં આ બધામાં જાણે કે, ગુજરાત અને ગુજરાતની પ્રજાએ કોઈ ઘોર અપરાધ કર્યો હોય અને માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને બેસાડ્યા એવો આખો ડોળ આખા હિન્દુસ્તાનને અને દુનિયાને બતાવવામાં આવ્યો પરંતુ ગુજરાતની જે પ્રજા હતી એ પ્રજાએ જે ચુકાદો આપ્યો છે એ ખરેખર ગુજરાતની શાણી પ્રજા કહેવાય છે એ હકીકત છે. ગુજરાતની એ શાણી પ્રજાએ ચુકાદો આપ્યો અને માનનીય મુખ્ય મંત્રીશ્રીને ત્રીજીવાર મુખ્ય મંત્રી તરીકે પ્રસ્થાપિત કર્યા. આજે દેશ અને દુનિયામાં સાબિત થઈ ગયું કે, ગુજરાતમાં જે કાંઈ વાત થતી હતી એ વાત ખોટી હતી. સાચી વાત બહાર આવી. દૂધનું દૂધ ને પાણીનું પાણી છૂટું પડી ગયું. તો આ રીતે

ગુજરાતનો જે વિજય હતો એ ગુજરાતનો વિજય બીજે અસર ના કરે એના માટે આ વાત હતી અને પ્રચારની એવી પરાકાષ્ટા હતી કે, એક વખત યુ.પી.એ.ના મોભાના માનવીએ કહી દીધું કે, ગુજરાતના મુખ્ય મંત્રી ધાતક છે, ગુજરાતની પ્રજા ધાતક છે. આ કહેવાની રીત છે? પાછળથી ફેરવી તોળ્યું પરંતુ આ બધું ગુજરાતની પ્રજાએ જોયું. આ વખતે આ ગુજરાતની પ્રજાએ આખા દેશની અંદર પ્રથમવાર જે વિકાસનો મુદ્દો કોઈ સ્વીકારતું નહતું એ વિકાસના મુદ્દાના આધાર ઉપર ગુજરાતની પ્રજાએ મતો આપ્યા અને એ વિકાસના મુદ્દાના આધાર ઉપર ગુજરાતની પ્રજાએ ત્રીજીવાર મુખ્ય મંત્રીને બેસાડ્યા છે. આખા દેશમાં ત્રણ વસ્તુ ગુજરાતે કરી છે, સૌથી પહેલાં જ્યોતિ ગ્રામ યોજના, તમે કહો કે ના કહો, આખા દેશમાં જ્યારે દિલ્હીની પાર્લામેન્ટમાં પણ જો જનરેટર મૂકવા પડતા હોય, બૉમ્બેમાં જનરેટરનો ઉપયોગ કરવો પડતો હોય અને જ્યારે આ જ્યોતિ ગ્રામ યોજના છેલ્લા અમારા સત્રમાં મૂકાઈ ત્યારે માનનીય મિત્રોએ મજાક ઉડાવી હતી કે તમે આમ તો વીજળી આપી શકતા નથી તો કેવી રીતે આપશો? આ કુનેહબાજ મુખ્ય મંત્રીશ્રી અને તે વખતના માનનીય વીજળી મંત્રીશ્રી સૌરભભાઈએ જે રીતે કુશળતાપૂર્વક ગુજરાતના ૧૮,૦૦૦ ગામોને વીજળી આપી. પરિણામે જે આપણો સંકલ્પ છે, મારો અને તમારો બધાનો સંકલ્પ છે કે જો હિન્દુસ્તાન અને ગુજરાતની પ્રજાનું કલ્યાણ કરવું હોય તો ગામોનું કલ્યાણ કરો, ગામોના શહેરો તરફનો પ્રવાહ અટકાવી દો. એ અટકાવવા માટેની પહેલી જરૂરિયાત એ વીજળી છે. એ વીજળીને કારણે આજે ગામડામાં ઉદ્યોગો પેસવા માંડ્યા છે. દા.ત. અમારા વિસ્તારમાં જે હીરાના કારખાનાઓ હતા એ હીરાના સંપૂર્ણ કારખાનાઓ ગામડાઓમાં ગયા અને ગામડાઓમાં લોકોએ પોતાના કારખાના ચલાવ્યા, પોતાના કુટુંબના સભ્યો પણ હીરા ઘસતા થઈ ગયા, એટલે એક બાજુ ખેતી કરે અને બીજી બાજુ પોતાનો ધંધો કરે અને ગરમ ગરમ ખાવાનું પણ પેલાને મળે, આ રીતે સુખી જિંદગી, અને ગામડાઓની જિંદગીમાં સુધારો કરવાનો આ વિશેષ પ્રયત્ન થયો અને એમ કરીને ગામડાઓની પ્રજાનું હિત કર્યુ, વિદ્યાર્થીઓનું પણ હિત કર્યું, કોઈ પાનના ગલ્લાવાળાની પણ આવક વધી, વાળંદની સલૂનની આવક પણ વધી, આ રીતે ગામડાઓનો ઉત્કર્ષ કરવો જોઈએ, એ સાચી દાનતથી કરેલું કામ હતું એ આજે દીપી ઊઠેલ છે. આ ઉપરાંત જે રીતે કૃષિ મહોત્સવોનો આખા દેશમાં પ્રચાર થયો અને ગુજરાતમાં એનો પૂરેપૂરો જે ઉપયોગ કર્યો, આજે એરકન્ડિશનવાળી લૅબૉરેટરીમાંથી લોકોને એપ્રિલ મહિનામાં અધિકારીઓને ગામડાઓમાં જઈને લોકો વચ્ચે બેસવાનું કહો અધિકારીઓને, અને બચારા બેસે અને રજા પણ ના લે અને મહિના સુધી ખેડૂતોને સમજાવે કે ખેતી આવી રીતે કરવી, હું તો ખેડૂત નથી, પરંતુ હું ગયેલો છું, અને પરિણામે લોકોએ ખેતીને આધુનિક ખેતી બનાવવાનો પ્રયત્ન કર્યો અને કુદરતે પણ સાથ આપ્યો એટલે ગુજરાતનું ખેત ઉત્પાદન છે એ ૯,૦૦૦ માંથી ૩૪ કરોડ ઉપર પહોંચ્યું એ હકીકત છે એમાં કોઈ શંકાને સ્થાન નથી. તો આ રીતે ગુજરાત જે પ્રગતિ કરી રહ્યું છે એ પ્રગતિની વાત આંખે ઊડીને વળગે એવી છે અને આપણે બધા લોકો ભ્રષ્ટાચારની વાતો કરીએ છીએ. પરંતુ ગુજરાતની સરકારે ભ્રષ્ટાચારને નાબૂદ કરવા માટે આજે છ-સાત વર્ષોથી જે રીતે કોઈપણ નોકરી હોય, કોઈપણ એડમિશન હોય તો એના મેરિટથી થાય છે, જો એને ટકાવારી હોય તો જ પેલાને એડમિશન મળે. માનનીય મુખ્ય મંત્રીશ્રી કે અમારા જેવાનો કોઈ છોકરો હોય એને ઓછી ટકાવારી હોય તો પણ એને નોકરી કે એડમિશન ના મળે. મારા મિત્રો તમે બધા એ દિવસો યાદ કરો જ્યારે તમારા રાજમાં કોઈ તમારો આગેવાન કહે કે કાલથી નોકરીએ આવી જજે. એ ૩૫ ટકા માર્ક હોય તો એને નોકરી મળે અને ગરીબનો છોકરો ૮૦ટકા માર્કવાળો રહી જતો હતો. અમારા તાલુકામાં, અમારા જિલ્લામાં મેં જોયું તો ભ્રષ્ટાચાર નાબૂદ કરવા પારદર્શિતા શરૂ કરી એ ગુજરાત સરકારે શરૂ કરી. ભ્રષ્ટાચાર નાબૂદ કરવાનું પહેલું પગથિયું છે.• (પાંચ જણાને પી.ટી.સી.ની નોકરી આપીને ૫-૫લાખ રૂપિયા લેતા હતા અહીં બેઠેલા ઘણા લોકો છે.)

**અધ્યક્ષશ્રી** : શિરિષભાઈ, આપના શબ્દો પાછા ખેંચો.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : પાછા ખેંચું છું.

**અધ્યક્ષશ્રી** : નહીં, આટલી સરળતાથી નહીં. જરા દુ:ખ અનુભવો. આ પ્રકારના શબ્દ સભાગૃહ માટે ન વપરાય અને હવેથી વાપરશો નહીં.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ:** આ રીતે ગુજરાતમાં ભ્રષ્ટાચાર નાબૂદ કરવાનો પ્રયત્ન થયો છે. જળસંપત્તિનું કાર્ય થયું છે. એ કાર્ય પણ ખૂબ નોંધનીય છે, પ્રસંશનીય છે. નર્મદા યોજનાની વાત કરું. નર્મદા યોજનાને ઊંચાઈ પર લઈ જવાની હતી ત્યારે મેધા પાટકર હાઈકોર્ટમાં ગયા અને જે તોફાન કર્યું એની સામે માનનીય મુખ્યમંત્રીશ્રીએ લાલ આંખ કરીને ઉપવાસ કર્યા અને ગુજરાતની સમગ્ર જનતાને એમની સાથે જોડી દીધી. સમગ્ર જનતા એમની સાથે થઈ અને પરિણામે આપણી વાત બર આવી અને નર્મદા યોજનાની ઊંચાઈ ૧૨૧ મીટર થઈ. એનો યશ માનનીય મુખ્યમંત્રીશ્રીને જાય છે. નર્મદા યોજના કોઈની યોજના નથી. કોંગ્રેસના રાજયમાં પણ કામ થયું છે પણ રોકેટ ગતિથી કામ થવું જોઈએ. મોહનસિંહભાઈ રાઠવાએ વાત કરી કે પ્રગતિ થઈ છે તો આ પાંચ વર્ષમાં ખૂબ પ્રગતિ થઈ છે અને રોકેટ ગતિએ ગુજરાતની પ્રગતિ ખૂબ થઈ છે. ગુજરાતની પ્રગતિ માટે પ્રયત્ન થયા છે પરિણામે ગુજરાત નંબર-૧ રાજય થયું. ગુજરાતના કૃષિ મહોત્સવને બીજા રાજયો પણ અપનાવવા માંડયા છે. મારા વિસ્તારમાં પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ બેનમુન કામ કર્યું છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ ખંભાતને ઓઈલ સિસ્ટમ જી.એસ.પી.સી. ગેસ આપ્યો. ખંભાતને બંદર બનાવવાના પ્રયત્નો કર્યા. આવા અનેક પ્રયત્નો કર્યા છે. અનેક ક્ષેત્રમાં

• ( ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો સભ્યશ્રી દ્વારા પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

પ્રયત્ન કર્યા છે. પછી અમે માનનીય મુખ્યમંત્રીશ્રીના વખાણ કરીએ તો એમાં નવાઈ શું છે? આપ લોકો વર્ષોથી એક જ કુટુંબના લોકોના વખાણ કરતા આવ્યા છો અને કરી રહ્યા છો. માનનીય મુખ્યમંત્રીશ્રી પાછળ તો કોઈ છે જ નહીં. પાછળ કોઈના વખાણ કરવાના નથી.

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ(મહુવા)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા આદરણીય અને સન્માનનીય સભ્યશ્રી આત્મારામભાઈ પરમાર આ વિધાનસભામાં રાજયપાલશ્રીના પ્રવચનનો પ્રસ્તાવ લઈને આવ્યા છે. એમને ઘણા વખતથી આ વિધાનસભામાં સાંભળુ છું. એમના અવાજનો રણકો આજે બદલાયો છે. આત્માનો જે અવાજ છે એ કાંઈક જુદો આ વિધાનસભામાં સાંભળ્યો છે એટલા માટે એના અવાજનો રણકો બદલાયો છે. એ વર્ષોથી વિધાનસભામાં આવે છે અને ચર્ચાનો દોર પકડે છે. આ વિધાનસભામાં ૨-૩ દિવસથી ચર્ચા ચાલે છે. ત્યારે આક્ષેપ, પ્રતિ આક્ષેપનો દોર જે ચાલે છે એ થોડો માઝા મૂકી રહ્યો છે. આ જાણે ચૂંટણીનું પ્લેટફોર્મ હોય એવા સ્ટેજે આપણે જઈ રહ્યા છીએ. આપણે એ ભુલી રહ્યા છીએ કે ચૂંટણી ઢંઢેરો જયારે આપણે બહાર પાડીએ છીએ ત્યારે દરેક પક્ષ પોતાના ચૂંટણી ઢંઢેરા પ્રમાણે વિધાનસભામાં કાર્યક્રમ કરે છે અને ચર્ચા કરતા હોય છે. કોઈ જગ્યાએ ચૂંટણી ઢંઢેરો કાઢયો ન હતો છતાંપણ ભા.જ.પા.ની સરકાર જયારે આવી હતી ત્યારે આદિવાસીઓના હકક ઉપર જબરજસ્ત તરાપ પાડી હતી. આદિવાસી વિસ્તારમાં કિંમતી જમીન જે પડેલી હતી. જેને હડપ કરવા માટેના જે કાયદાઓ નડતા હતા એ કાયદાઓ રાતોરાત બદલી કાઢવામાં એમણે આંચકો અનુભવ્યો નહોતો. ચૂંટણી ઢંઢેરામાં એનો અવાજ આવતો નહોતો, છતા ૮ કિ.મી.નો કાયદો કાઢીને ખેડૂતોનો જે હક્ક પડતો હતો કે ૮ કિ.મી. માં ખેડૂત જમીન લઈ શકે તેવો જૂનો કાયદો હતો એને હટાવીને શાહુકારગીરીને હવાલે કર્યો છે. એટલું જ નહિ, ૧૯૧૯ ની અંદર હિન્દુસ્તાનમાં જબરજસ્ત દુકાળ પડ્યો તે વખતે શાહુકાર સાથે બ્રિટિશ સરકારે સાથે મળીને શાહુકારગીરીમાં ચંચુપાત કરવા દીધી અને તે વખતે દક્ષિણ ગુજરાતની અને ગુજરાતની જમીન હડપ કરવામાં શાહુકારોએ કઈ બાકી રાખ્યું નથી. કોંગ્રેસનું રાજ આવ્યું અને સ્વતંત્રતા લીધી. તે વખતે ગણોત કાયદો, ૭૩એએ કાયદો અને રક્ષિત જમીનનો કાયદો દાખલ થયો. હું એટલા માટે વાત કરું છું કે જ્યારે જ્યારે આપણે આદેશ લઈને આવીએ છીએ, તો આદેશ વગરનું કામ કર્યુ છે, તે ખૂબ જ દુ:ખદ છે. આ આદેશ વગરનું કામ છે. આપ સૌને હું યાદ દેવડાવું છું. આદેશ લેતી વખતે ચૂંટણીના ઢંઢેરામાં જુદી વાત હોય અને કાયદા બને છે જુદા અને આઘાત આ હિન્દુસ્તાનની પ્રજા સુધી પહોંચે છે. નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવાનો કાયદો બનાવ્યો. મારે જાણવું છે કે નવી શરતની જમીન જૂની શરતમાં બનાવવા પાછળનો શું ઈરાદો છે? શું એની અંદર ડાંગર વધુ પાકે છે? એની અંદર અનાજ વધુ પાકે છે? એનો છૂપો ઈરાદો ફરી પેલો ૮ કિ.મી. ના કાયદાની અંદર છૂપો ઈરાદો સંતાયો હતો એ છૂપો ઈરાદો એની અંદર દાખલ થાય છે. દક્ષિણ ગુજરાતમાં ૫-૫ કરોડની લ્હાણી સાથે જમીન વેચાય છે. આઘાત લાગે તેવી આ ઘટના છે. નાણા ચૂકવતી વખતે એટલા બધા ભાવ બોલાય છે કે નાણાં ગણવા માટેનાં મશીન લાવવામાં આવે છે. એનાથી આગળ જઈએ તો એની હોડ જે અહીંયાં વિધાનસભામાં બેઠેલા વચ્ચે સુધી આવી ગઈ છે. આપ સૌની મારફત જે પ્રસ્તાવ લાવ્યા છે ત્યારે કેટલીક ચિંતિત બાબતો...

**અધ્યક્ષશ્રી** : ગણપતભાઈ વસાવા...

**શ્રી ગણપતભાઈ વે. વસાવા(માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ લઈને સભ્યશ્રી આત્મારામભાઈ આવ્યા છે, તેમાં હું મારો સૂર પુરાવું છું.

રાજ્ય સરકારે છેલ્લા ૫ વર્ષની અંદર માત્રને માત્ર જનહિત કેન્દ્ર સ્થાને રાખીને વહીવટમાં ગુણાત્મક પરિવર્તન લાવી અને જનભાગીદારીથી વિકાસનો નવો રાહ અપનાવ્યો છે અને એના કારણે જે કાર્ય સિદ્ધિ મેળવી છે, તેનાથી ગુજરાત ઉપર આખા દેશનું ધ્યાન આકર્ષિત થયું છે. ગુજરાત રાજ્યમાં અંબાજીથી લઈને ઉંમરગામ સુધીમાં ૧૩ જિલ્લા અને ૪૭ તાલુકામાં આદિવાસી પટ્ટા ઉપર ૭૫ લાખ જેટલા આદિવાસી સમાજનો વસવાટ છે. ભૂતકાળની સરકારમાં આદિજાતિ વિભાગ માટેના બજેટની જોગવાઈ જોતા ભૂતકાળની સરકારોએ માત્ર આદિવાસી સમાજના વિકાસની વાત કરી છે. આ બજેટની જોગવાઈ ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે. આદિવાસી સમાજને હથેળીમાં ચાંદ બતાવી આ પ્રજાને ગુમરાહ કરવામાં આવી છે, પછાત રાખવામાં આવી છે. વાસ્તવમાં કોઈ વિકાસનાં કાર્યો થયાં નથી. એના કારણે આદિવાસી સમાજ પછાત રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૭૪થી ૨૦૦૧ સુધી આટલા લાંબા સમયગાળા દરમ્યાન માત્ર ૬૫૦૦ કરોડ રૂપિયા જેટલો ખર્ચ થયો હતો તેની તુલનામાં પાંચ વર્ષમાં માનનીય મોદીજીની સરકારે આદિવાસી સમાજના વિકાસ માટે ૬૦૦૦ કરોડ રૂપિયા જેટલો ખર્ચ કર્યો છે. તેનાથી પણ આગળ વધીને રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાનીવાળી ભારતીય જનતા પાર્ટીની સરકારે આદિવાસી સમાજને વિકાસ યાત્રામાં ભાગીદાર બનાવવા માટે રૂપિયા પંદર હજાર કરોડની વનબંધુ કલ્યાણકારી યોજનાનો અમલ શરૂ કર્યો છે. આ વનબંધુ કલ્યાણકારી યોજના મારફતે આગામી પાંચ વર્ષમાં પાંચ લાખ આદિવાસી કુટુંબોને રોજગારીની તકો આપવાની, તેઓનો આર્થિક વિકાસ બમણો કરવાની, આદિવાસીઓના શિક્ષણની ગુણવત્તા સુધારવાની અને તેમના ઉચ્ચ અભ્યાસ ઉપર ભાર મૂક્યો છે. આદિવાસીઓના આરોગ્યની સુવિધાઓ, તેઓને ઘરની વ્યવસ્થા, પીવાના પાણીની પાઈપલાઈનો મારફતે શુદ્ધ પીવાનું પાણી મળે અને સિંચાઈની સુવિદ્યા પૂરી પાડવાની તથા બારમાસી રસ્તાઓ આપવાની વાત તેમણે તેમાં કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ ક્ષેત્રની વાત કરું તો આદિવાસીઓના દીકરા અને દીકરી ડૉકટર અને એન્જિનિયર બને તે માટે રાજય સરકારે આદિવાસી પછાત તાલુકાઓમાં વિજ્ઞાન પ્રવાહની શાળાઓ શરૂ કરી છે. હું મારા મત વિસ્તારની વાત કરું તો મારા ઉમરપાડા તાલુકાની અંદર આઝાદીના આટલા વર્ષો પછી પહેલી વખત કોઈ રાજયના મુખ્યમંત્રી આવી વિજ્ઞાન પ્રવાહની શાળાની શરૂઆત કરે અને આદિવાસી દીકરા દીકરીઓને પ્રવેશ અપાવી અમલ કરે તે એક ગૌરવની વાત છે. આદિવાસીઓના દીકરા દીકરીને વિદેશમાં ભણવા જવાનું હોય તો પણ રાજય સરકારે ઓછા વ્યાજની લોન આપવાની વાત કરી છે. તેમાં દર વર્ષે ખૂબ મોટી સંખ્યામાં આદિવાસી દીકરા દીકરીઓ પાઈલોટ બનવા, એન્જિનિયર બનવા વિદેશ જતા હોય છે. શિક્ષણની વાત કરું તો મારા આગળના સભ્યશ્રીએ ખૂબ વાતો કરી છે. શિક્ષણને આ રાજય સરકારે ભ્રષ્ટાચાર મુક્ત કર્યુ છે. આજે પી.ટી.સી. કૉલેજોમાં એડમીશનની વાત હોય, બી.એડ કૉલેજોમાં પ્રવેશ આપવાની વાત હોય, મૅડિકલ કૉલેજમાં અને એન્જિનિયરીંગ કોલેજોમાં પ્રવેશ આપવાની વાત હોય ભૂતકાળમાં પૈસાની તાકાતે કોઈ એક મંત્રીશ્રીનો સગો હોય, ધારાસભ્યશ્રીનો સગો હોય, સંસદસભ્યશ્રીનો સગાવ્હાલો હોય તેવા દીકરાઓને પ્રવેશ મળતો હતો. આજે દરેક ક્ષેત્રે મેરીટ આધારીત સિસ્ટમ હોવાને કારણે ગરીબ દીકરો હોંશિયાર છે તેને ખૂબ આસાનીથી પ્રવેશ મળે છે. એ જ રીતે નોકરીઓમાં સરકારના દરેક વિભાગમાં જે ભરતી થાય છે તેની અંદર કોઈપણ જાતની લાગવગ વગર માત્ર મેરીટના આધારે ગરીબ દીકરાઓને પણ નોકરી મળે છે. હું આ રાજયના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને ઉર્જામંત્રીશ્રી સૌરભભાઈ પટેલને અભિનંદન આપું છું. ઉર્જાશકિતને વિકાસના ચાલકબળ તરીકે અને ઉર્જા શકિતના વિકાસ ઉપર તેઓએ ધ્યાન કેન્દ્રિત કર્યુ છે. એક હજાર દિવસ જેટલા ટૂંકા ગાળામાં જયોતિગ્રામ યોજના પૂર્ણ કરી ગ્રામીણ ક્ષેત્રે સમગ્ર દેશમાં ગૌરવ પ્રાપ્ત કર્યુ છે. આજે અઢાર હજાર ગામડાઓમાં ચોવીસ કલાક થ્રી ફેઈઝ લાઈટ મળે છે.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી આત્મારામભાઈ પરમાર આ ગૃહમાં રાજયપાલશ્રીના પ્રવચનનો પ્રસ્તાવ લઈને આવ્યા છે ત્યારે હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું. છેલ્લા ત્રણ દિવસથી આપણે રાજયપાલશ્રીના પ્રવચનના આભાર પ્રસ્તાવ ઉપર ચર્ચા સાંભળી રહ્યા છીએ. તેમાં આક્ષેપો પ્રતિ આક્ષેપો થાય પણ વિકાસ આપણે જોઈએ તો

આ રાજયની અંદર લોકશાહીની શરૂઆત થઈ ત્યારથી અત્યાર સુધી આ રાજયની અંદર મોટા મોટા ડૅમો ધારો કે કડાણા હોય, નર્મદા હોય કે બીજી નદીઓ ઉપર જે ડૅમો બન્યા છે એને કારણે એના ફળ ગુજરાતની પ્રજા આજે ચાખી રહી છે. અહીંયા જળ સંચયની વાત કરવામાં આવી, આ સરકારે પારદર્શકતાની પણ વાત કરી. મારે દુઃખ સાથે કહેવું જોઈએ કે પહેલા પણ ચેક ડૅમો બનાવવામાં આવતા હતા પણ આ સરકાર આવ્યા પછી એની ડિઝાઇન બદલી, પહેલા લાકડાંના ચેક ડૅમો બનાવવામાં આવતા હતા કે જેના કારણે વધુ પાણી આવ્યું હોય તો એ પાણી કાઢી નાંખવામાં આવતું હતું. અત્યારે જે ડિઝાઇન બનાવવામાં આવી છે એમાં ચેક ડૅમો સળંગ બાંધી દેવામાં આવતા હોય છે એમાં જે પાણી ચોમાસામાં વરસાદનું આવે છે ત્યારે એ પાણીનો નિકાલ ન થવાના કારણે આજુ બાજૂની ખેતી ડૂબમાં જતી હોય છે અને આ ચેક ડૅમોમાં મને ખ્યાલ છે ત્યાં સુધી ૮૦ ટકા ચેક ડૅમો એવા બન્યા છે કે પોતાની ખાનગી એજન્સીઓને સોંપીને અથવા તો મળતિયાને સોંપીને બનાવવામાં આવ્યા છે એમાંથી ૮૦ ટકા ચેક ડૅમો આજે ખલાસ થઈ ગયા છે. ચેક ડૅમો કયાંય રહ્યાં જ નથી. અહીંયા ૧૪,૮૦૦ તળાવોની વાત કરી છે આમાં એટલો બધો ભ્રષ્ટાચાર થયો છે એમાં હું મારા મત વિસ્તારની વાત કરીશ, •.(xxxxx) (xxxxx) (xxxxx) આમાં મારા વિસ્તારમાં ચોમાસુ બેસવાની તૈયારી હતી..(અંતરાય)

**અધ્યક્ષશ્રી :** શ્રી માનસિંહભાઈ, વિધાનસભા કાર્યાલયની કોઈ વાત આપ આ ગૃહમાં કરી ન શકો. આ આપના ધ્યાનમાં રહે.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૪,૮૦૦ તળાવો બનાવવામાં આવ્યા એમાં ૩-૪ કરોડનું કૌભાંડ મારા બાલાસીનોરના મત વિસ્તારના તળાવોની અંદર થયું છે. એક બાજુ આપણે પારદર્શકતાની વાત કરીએ, ખરેખર સરકારનો અભિગમ સાચો છે તળાવો ઊંડા થવા જોઈએ પરંતુ વરસાદ થવામાં અઠવાડિયું બાકી હતું અને ખાનગી એજન્સીઓ રોકી તળાવો ખોદવામાં આવ્યા અને ૮ લાખનું કામ હોય તો ફક્ત ૧ લાખનું જ કામ થયું અને ૭ લાખ રૂપિયાનો અધિકારી કે પદાધિકારી જે કોઈ મળતિયાઓ હોય એણે ભ્રષ્ટાચાર કર્યો છે. આવો ભ્રષ્ટાચાર મારા મત વિસ્તારમાં વિરપુરના તળાવોમાં થયો છે. તો આખા ગુજરાતની અંદર ૧૪,૮૦૦ તળાવોમાં કેટલો ભ્રષ્ટાચાર થયો હશે? આમાં પારદર્શકતાની વાત કયાં આવી? માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા કડાણા હાઈ લેવલ યોજના હતી એનું માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ સુજલમ-સુફલામ નામ આપ્યું, નામ સારું છે. આ યોજના રાજયના ખેડૂતોનો વિકાસ થાય અથવા સારી ખેતી થાય એના માટેની હતી, રાજયના સાત તાલુકાઓમાંથી આ યોજના પસાર થાય છે, ઘણી યોજનાઓનો સમય જોઈએ તો ૮-૧૦ વર્ષ એમાં નીકળી જતા હોય છે. આ નર્મદા યોજના હજુ પણ ચાલુ છે. એજ રીતે આ સુજલામ-સુફલામ યોજના આપણે જોઈએ તો એમાં જે એનું આયોજન કરવું જોઈએ એ રીતે થયું નથી. એની જે સ્પ્રેડીંગ કેનાલ બનાવી છે એમાં આજુ બાજુના જે કોતરો હોય, નદી-નાળા હોય એનું પાણી ખેડૂતોના ખેતરોમાં ડાઈવર્ટ થયું છે અને ગયા વર્ષે આપણે જોઈએ તો

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

ગામડાંની નદી કિનારાની ખેતી આને કારણે ડૂબમાં ગઈ હતી. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ એવી સૂચના આપી કે રાત દિવસ કામ કરી અને આ યોજના જલદી પૂરી કરો અને આ યોજનાનું પાણી ૩૪૫ કિલો મિટર જવું જોઈએ એવી શું ઉતાવળ હતી કે આ યોજના ઝડપી બનાવવાની વાત હતી? આને કારણે આજે આ યોજનામાં એટલું બધું તકલાદી કામ થયું છે, એટલું ખરાબ કેનાલોનું માટી કામ થયું છે જેને કારણે ચારથી પાંચ જગ્યાએ આ કેનાલ તૂટી ગઈ છે. માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાની ચૂંટણીઓ આવતી હતી એના ભાગરૂપે રાત દિવસ કામ કરીને જલદી આ યોજનાનું કામ કરવામાં આવ્યું હતું.

**શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીના સંબોધન પરના આભાર પ્રસ્તાવના સમર્થનમાં બોલવા ઊભો થયો છું. આ ગૃહમાં હું પહેલી વાર ચૂંટાઈ આવ્યો છું. રાજયપાલશ્રીએ અમને બધાને અભિનંદન આપ્યા છે એ બદલ એમનો આભાર માનું છું. કવિવર રવિન્દ્રનાથ ટાગોરે જે જાહેર જીવનમાં પડેલા લોકો છે, આગેવાનો છે અને જેમણે પોતાની કલમ દ્વારા આ રાષ્ટ્રના સમાજના પ્રશ્નોને લોકોની સામે લઈ જવાના છે તેના માટે એક ઉક્તિ લખી છે એમાં એમણે કહ્યું છે,

" કંગાલોને જ્ઞાન હીના કરું ના, જાલિમોને ઝુકી પાયે પડું ના, અભાઓની વચ્ચે પણ ઊંચા મસ્તકે જીવું એવી શક્તિ દેજો પ્રભુજી, એવી શક્તિ દેજો પ્રભુજી"

આ ઉક્તિને આજે અક્ષરસઃ જો કોઈ પોતાના જીવનમાં ઉતારીને એને ચરિતાર્થ કરી રહ્યું હોય તો એ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી કરી રહ્યા છે. નરેન્દ્રભાઈ મોદીની કાર્ય પદ્ધતિના કારણે ગુજરાત આજે નંબર-વન રાજય બન્યું છે, હું જે વિસ્તારમાંથી ચૂંટાઈને આવું છું એ બનાસકાંઠા જિલ્લાએ નરેન્દ્રભાઈના નેતૃત્વમાં વિશ્વાસ મૂકીને આઠ વિધાનસભાઓની બેઠકમાંથી સાત ધારાસભ્યોને ચૂંટીને મોકલ્યા છે, મારો બનાસકાંઠા જિલ્લો પણ સૌરાષ્ટ્ર અને કચ્છની જેમ પાણીની તંગી અનુભવતો જિલ્લો છે આ વખતની આ ચૂંટણીની અંદર મહેસાણા અને પાટણના જે વિસ્તારો છે ત્યાંનું પાણીનું જે સિંચાઇનું કામ ગુજરાતની આ સરકારે કર્યુ છે, તેના કારણે થઈને લોકોને વિશ્વાસ આવ્યો છે અને એમને એમ લાગ્યું છે કે અમારું આ કામ જો કોઈ કરી શકે તો એ નરેન્દ્રભાઈ મોદી જ કરી શકે એટલા માટે થઈને અમને સાત ધારાસભ્યોને ચૂંટીને મારા જિલ્લાએ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની ટીમમાં મોકલ્યા છે (અંતરાય) કોમેન્ટ કરવી સરળ છે વાતને સમજવી અને વ્યવહારમાં ઉતારવું એ અઘરું છે, આપણે એમ કહીએ છીએ કે, રાજયની આવક વધી છે એના માટેનું કારણ સારો વરસાદ આ જે વાત મારા વિરોધપક્ષના મિત્રોએ કરી છે, આપણા શાસ્ત્રોમાં કહ્યું છે કે,

**"સુખસ્ય મૂલમ ધર્મ, ધર્મસ્ય મૂલમ અર્થ, અને અર્થસ્ય મૂલમ સુરાજ્ય, સુરાજ્ય મૂલમ ઇંદ્રિય જય"**

જેણે ઇંદ્રિયોને પોતાના કાબૂમાં રાખીને ચારિત્ર્યથી જેણે રાજય કર્યુ છે એવા રાજાઓ જે હોય છે એ રાજય સુખી અને સમૃદ્ધ થાય છે અને આ કામ નરેન્દ્રભાઈ મોદી કરી શક્યા છે એનું અમને ગૌરવ છે, વિરોધપક્ષના નેતાશ્રીએ ગયે વખતે જે વાત કરી છે એમણે કરેલી વાતમાં હું સમાજને બે ભાગમાં વહેંચીને પોતાની વોટની રાજનીતિ કોંગ્રેસે કાયમ કરી છે ધનવાન અને ગરીબોની વાત અને દલિતોની વાત, વનવાસી આદિવાસીઓની વાત એ કરીને કોંગ્રેસે કાયમ જ સમાજને તોડવાની ભૂમિકા નિભાવી છે.

**શ્રી શૈલેષ મ. પરમાર(શહેર કોટડા)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં હું મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું. એક ગાલીબે કહ્યું છે કે,

" જસબે શોકે શહાદત કો, કા કીજીયે અબ તો હમને ભી, હાથો મેં સર લે લીયા હે, કતલ હોને સે, આખિર કહાં તક ડરે, અબ તો હમને ભી કાતીલોં કે મોહલ્લે મેં, ઘર લે લીયા હે"

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લી ત્રણ બેઠકોથી હું સાંભળી રહ્યો છું કે માનનીય મુખ્યમંત્રીશ્રીના ખૂબ વખાણ આ ગૃહ દ્વારા થઈ રહ્યાં છે. મારા સાથી મિત્રોને ખુશ કરવા માટે હું પણ માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું. વન બંધુ યોજનાની વાત લઈને,આદિવાસીઓની વાત લઈને છેલ્લાં બે દિવસથી જે રીતની ચર્ચા આ ગૃહમાં થઈ રહી છે મારે સાથી મિત્રોને કહેવું છે તમે ગુજરાતનો ઇતિહાસ જુઓ કે ૧૯૬૦થી ગુજરાતની જ્યારથી સ્થાપના થઈ અને સ્થાપના થયા પછી ગુજરાતનો એક ખેડૂતનો દીકરો જ્યારે એન્જીનીયર બન્યો અને તે બન્યા પછી ગુજરાતની જો કોઈ ગાદી સોંપી હોય તો તે આ આદિવાસીનો દીકરો કોંગ્રેસ પાર્ટીએ પ્રથમ આદિવાસીના દીકરાને ગુજરાતનો મુખ્યમંત્રી બનાવ્યો હતો. આદિવાસીઓની વાત કરવી અને આદિવાસીઓને કંઈ આપવું તેમાં બહુ મોટો ફરક છે. આ તો કહેવાની વાત છે ભાઈ, તાકાત હોય તો આપો.

**અધ્યક્ષશ્રી** : શૈલેષભાઈ, તમે મારી સામું જોઈને બોલો. એ બાજુ ધ્યાન ના આપો.

**શ્રી શૈલેષ મ. પરમાર** : તાકાત હોય તો આપ આપો. આપે બે મંત્રીઓ આપ્યા છે. તેના ખાતા જુઓ. અરે, આદિવાસીઓને આપવું જ હોય, આદિવાસીઓનું જો સન્માન જ કરવું હોય તો આપો નાણાં, આપો રેવન્યું, આપો ગૃહ. પણ ખાલી વાત કરવી સિક્કાની બે બાજુ. આ• (xxxxxx xxxxxxx)

**અધ્યક્ષશ્રી** : (xxxxx) શબ્દ કાઢી નાંખો. અને હવે આ ફરી વખત ના વાપરતા (અંતરાય) મારી સામે જોઈને બોલો.

---

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી શૈલેષ મ. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, મને ઉશ્કેરે છે શું કરું? જે રીતે શિક્ષણની અંદર અને બીજી યોજનાઓની અંદર બેટી બચાવોની વાત થાય, ભૃણ હત્યાની વાત થાય, એસ.ટી./ એસ.સી અને ઓ.બી.સી.ની વિદ્યાર્થીનીઓને ભણતર માટે શિષ્યવૃત્તિની વાત થાય, તેને સાયકલ આપવાની વાત થાય, ગામમાં ભણતર માટે મફત બસ સેવાની જ્યારે વાત થાય ત્યારે રાજયપાલશ્રીના પ્રવચનમાં મેં વાંચ્યુ છે કે નોલેજ કોર્પોરેશન ઉભું કરવા માગે છે. કન્યા કેળવણી નિધિ અને વિદ્યા લક્ષ્મી બોન્ડ તે પણ બહાર પાડવા માગે છે. મારે દુઃખ સાથે કહેવું પડે છે જે રીતે પાટણનો બનાવ બન્યો, એક દલિત મહિલા ઉપર, એક દલિત બેટી ઉપર ત્યાંના ગુરૂઓ જ્યારે વરૂઓ બન્યા અને તેની ઉપર જે બળાત્કાર થયો ત્યારે તે પ્રવચન ૧૮મી તારીખનું આ છે. ૩૧મી તારીખનો આ બનાવ તેમ છતાં પણ માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં એમ લખવામાં આવ્યું છે પાના નં.૧૪ ઉપર કે કન્યા કેળવણી ક્ષેત્રે કલંકરૂપ પરિસ્થિતિનું નિર્માણ ના થાય તે કરવા માટે રાજય સરકાર સફળ નીવડી છે. આટલું • (ખોટું પ્રવચનમાં, ખોટી વાત)

**અધ્યક્ષશ્રી** : (ખોટું ) શબ્દ નહીં વપરાય.

**શ્રી શૈલેષ મ. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, પાછા ખેંચી લઉં છું. જે રીતની વાત કરી હતી તે દલિત મહિલા, તે દલિત બેટી કે જેના ઘરે અમે ગયા હતા. જગદીશભાઈએ સવારે જે રીતે વાત કરી એટલું ગરીબ કુટુંબ અને તેને એમ હતું કે મારી દીકરી પી.ટી.સી.થશે, તે ભણશે અને તેને નોકરી મળશે તો તે કુટુંબ સધ્ધર થશે.(સમય સૂચક ઘંટડી) બે મિનિટ આપો માનનીય અધ્યક્ષશ્રી, આપે સાત મિનિટ મને આપવાનું કહ્યું છે.

**અધ્યક્ષશ્રી** : થોડું એડજેસ્ટ કરવું પડશે.

**શ્રી શૈલેષ મ. પરમાર** : આપે ચાર મિનિટ જ આપી. • (xxxxx) (xxxxx)

**અધ્યક્ષશ્રી** : કોઈ એ રીતે નથી.

**શ્રી શૈલેષ મ. પરમાર** : બે મિનિટ., ડોકટર બાબા સાહેબ આંબેડકર ભવન બનાવવાની વાત ગઈ સરકારની અંદર, ગયા સત્રમાં થઈ હતી. એવી જાહેરાત થઈ હતી કે સમગ્ર ગુજરાતના એક એક જિલ્લા અને એક એક તાલુકાની અંદર ડો. બાબાસાહેબ આંબેડકર ભવન બનાવવામાં આવશે અને ચોપડે એમ લખવામાં આવેલ છે કે ૧૧ જિલ્લાઓમાં જ ડો. બાબાસાહેબ આંબેડકર ભવન બનાવવામાં આવેલ છે. આ વાતનું જરા ખાસ ધ્યાન રાખે. માનનીય મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા બેઠા છે. આપ તો દલિતોના સાચા હમદર્દ છો. આપના હાથમાં તાકાત છે, સત્તા છે. ગુજરાતનો એકપણ તાલુકો ડો. બાબાસાહેબ આંબેડકર ભવન વગર રહી ન જાય એવા વિચાર સાથે વિરમું છું.

**શ્રી કાનજીભાઈ રા. તળપદા(ધોળકા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આત્મારામભાઈ નામદાર રાજયપાલશ્રીના પ્રવચન અંગે આભાર પ્રસ્તાવ લાવ્યા છે, એ અંગે હું મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના ઘણા સન્માનનીય સભ્યશ્રીઓએ એવી વાત કરી કે માનનીય નરેન્દ્રભાઈ મોદી અને ભાજપની સરકાર ઘણા વર્ષોથી ઘણી સારી કામગીરી કરી રહી છે અને એટલે ગુજરાતમાંથી આ વખતે પણ ભાજપને ગુજરાતની પ્રજાએ બહુમતિ આપી છે. આ વાત સાથે હું સંમત થતો નથી. ચૂંટણીઓ પહેલા ૬ મહિનાથી ચૂંટણી જીતવા માટેની યુકિત પ્રયુકિતઓ ભાજપના માંધાતાઓ કરી રહ્યા હતા. • (એમની પહેલી યુકિત એ હતી કે જે કોંગ્રેસના વોટર્સ છે, એમના નામ મતદાર યાદીમાંથી કાઢી નાંખવા. એમને ફોટા નહીં આપવા. એમ કરીને કોંગ્રેસના વોટર્સ ઓછા થયા હતા. ત્યારબાદ ચૂંટણી આવ્યા પછી પૈસાની રેલમછેલ, દારૂની રેલમછેલ).

**અધ્યક્ષશ્રી** : આપ જે વાત કરો છો એ ચૂંટણી પંચ અંગેની છે અને ચૂંટણી પંચ અંગે કોઈ ટીકા-ટીપ્પણ આ ગૃહમાં કરી શકાય નહીં. આપ આગળ વધો.

**શ્રી કાનજીભાઈ રા. તળપદા** : હું એ શબ્દો પાછા ખેંચી લઉ છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સામાન્ય વહીવટ હેઠળ આ બધું આવી જાય.

**અધ્યક્ષશ્રી** : ચૂંટણી પંચની કાર્યવાહી આપણે લેતા નથી. એ નવા છે, આપ નહીં. આ અંગેની ચર્ચા કરવી હશે તો પછી કરીશું. માનનીય કાનજીભાઈ, આપ આગળ વધો.

**શ્રી કાનજીભાઈ રા. તળપદા** : માનનીય અધ્યક્ષશ્રી, ઘણા સભ્યશ્રીઓએ વાત કરી કે ખેડૂતોનો ઘણો જ વિકાસ આ સરકારે કર્યો છે. હું આ વાત સાથે સંમત થતો નથી. ખેડૂતોના હાલ બેહાલ થઈ ગયા છે. ખેડૂતો દેવાદાર થઈ ગયા છે. ખેડૂતોને કેટલી બધી મુશ્કેલીઓ પડે છે, એ મુશ્કેલીઓનો ખ્યાલ માત્ર ખેડૂતોને જ આવી શકે. હું પોતે પણ ખેડૂત છું. માંડ માંડ ગુજરાન ચાલે. ૩ સાંધે ત્યાં ૧૩ તૂટે એવી ખેડૂતોની પરિસ્થિતિ છે. સરકારશ્રીએ લેન્ડ રેવન્યુ કોડ અંગે કાયદા કર્યા. એને પેટામાં મૂકીને, નેવે મૂકીને સરકારી જમીન છે એ જમીન

---

• (        ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચવામાં આવ્યા છે.

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

• (    ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

વિહોણા પછાત વર્ગને આપવાની જોગવાઈ છે, એને બદલે મોટી મોટી કંપનીઓને એ જમીન આપી દીધી છે. ખેડૂતોને બે કે પાંચ વીઘા જમીન પણ આ સરકાર આપી શકી નથી.

બે ત્રણ વર્ષ પહેલા ધોલેરામાં કલેકટરશ્રીએ લેન્ડ કચેરી બોલાવેલી. ત્યારે એમણે કહ્યું હતું કે બે દિવસમાં ૨૩૫ ખેડૂતોને ૮, ૮ એકર જમીન આપવી. નકકી થયેલી એ જમીન ૨ દિવસમાં અદાણી ગ્રૂપને આપી દીધી અને ખેડૂતોને અન્યાય કર્યો છે. (સમય સૂચક ઘંટડી.) સાહેબ, ખેડૂતોની થોડી વાત તો કરવા દો.

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ(રાજકોટ-૧)** : માનનીય અધ્યક્ષશ્રી, આ બારમી વિધાનસભામાં પહેલીવાર વિધાનસભ્ય તરીકે ચૂંટાઈને આવ્યો છું. એક ખેડૂત પરિવારમાંથી આવું છું, શહેરી વિસ્તારમાંથી ચૂંટાયો છું. આ જે આભાર પ્રસ્તાવ લઈને માનનીય સભ્યશ્રી આત્મારાભાઈ આવ્યા છે અને માનનીય રાજયપાલશ્રીએ નવા ચૂંટાયેલા સભ્યોને જે રીતે અભિનંદન આપ્યાં છે એ માટે તેઓશ્રીનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં બે દિવસથી માનનીય રાજયપાલશ્રીના સંબોધન ઉપર આભાર પ્રસ્તાવની ચર્ચા ચાલી રહી છે જેને હું સાંભળી રહયો છું. હમણાં જ માનનીય સભ્યશ્રી એમ કહેતા હતા કે એક આદિવાસીને કોંગ્રેસે મુખ્યમંત્રીશ્રી બનાવ્યા અને એનું શ્રેય તેમણે લીધું છે. તો મારે તેમને કહેવું છે કે આજે ત્રીજી ટર્મ માટે એક બક્ષીપંચના સામાન્ય કુટુંબના સભ્ય શ્રી નરેન્દૂભાઈ મોદીને  મુખ્યમંત્રી તરીકે ભારતીય જનતા પાર્ટીએ પસંદ કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં એમ કહેવાયું કે અમારી સરકારના શાસનમાં ૧૨ કલાક અને ૧૪ કલાક વીજળી આપતા હતા અને આજે ૮ કલાક જ વીજળી અપાય છે. મારે તેમને કહેવું છે કે ૧૨ કલાક અને ૧૪ કલાક વીજળી આપવાની વાતો કરનારા લોકોને કહેવું છે કે હું પણ એક ખેડૂત છું અને મને ખબર છે કે બે બે માણસો રાખવા પડે અને એ કયારે વીજળી આવે અને મોટર ચાલુ થાય એની રાહ જુએ અને બીજો માણસ કયારા ઉપર પાણી વાળતો હોય આવી પરિસ્થિતી ગામડાંમાં અમે જોઈ છે. આજે ૮ કલાક વીજળી સતત એકધારી અને પૂરા વોલ્ટેજથી મળી રહે છે અને તમે ૧૪ કલાક વીજળી આપવાની વાત કરો છો તો એ ૧૪ કલાકમાં કેટલીવાર પાવર બંધ વચ્ચે થઈ જાય અને વર્ષમાં ત્રણ ત્રણવાર મોટરો બળી નથી હતી અને આજે સતત ૮ કલાક અને પૂરા વોલ્ટેજથી વીજળી આપવાને કારણે એકપણ ખેડૂતની મોટર બળી જતી નથી અને મોટર બાંધવાવાળાઓનો વ્યવસાય આજે બંધ થઈ ગયો છે એવી પરિસ્થિતિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેટલીક ડેમો અંગેની વાત કરવામાં આવી અને કડાણા અને ભાદર એવા ૧૦-૧૨ ડેમોના નામ બોલ્યા. હું તેમને ધન્યવાદ આપું છું અને જે કામ કરે એનાં વખાણ થાય અને એમાં •(કોઈના પેટમાં તેલ રેડાય)એ બરાબર નથી.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, *(કોઈના પેટમાં તેલ રેડાય) આ શબ્દપ્રયોગ બરાબર નથી.

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, મેં કોઈનું નામ લીધું નથી અને કોઈ *(બંધ બેસતી પાઘડી પહેરી લે) તો એમાં હું શું કરું.

**અધ્યક્ષશ્રી** : *(પેટમાં તેલ રેડાય) એ શબ્દો પાછા ખેંચી લો અને (બંધ બેસતી  પાઘડી પહેરી લે) એ શબ્દો પણ પાછા ખેચી લો. આપ આપની ગામઠી શૈલીમાં બોલો એ બરાબર, પરંતુ આવા શબ્દપ્રયોગ ના કરો અને એ શબ્દો પાછા ખેંચી લો.

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, હું મારા એ શબ્દો પાછા ખેંચી લઉં છું. માનનીય અધ્યક્ષશ્રી, એ જે ૧૨ કે ૧૪ ડેમોનાં નામ બોલ્યા. તો ૧૯૬૨ માં નર્મદાનો પાયો નંખાયો, કડાણા બંધની સાથે એનો પાયો નંખાયો, ભાખરા નાંનગલ સાથે એનો પાયો નંખાયો હતો તો આ નર્મદા બંધ જો ભાખરા નાંનગલની સાથે પૂરો થયો હોત તો આજે ગુજરાતનો ઈતિહાસ કાંઈક જુદો જ હોત. ૧૯૯૫ માં આ કાર્યવાહી શરૂ થઈ અને નર્મદા ડેમની કામગીરીને ગતિ મળી જેના કારણે આજે ૧૨૧ મિટર ઉંચાઈને આપણે પહોંચી શકયા છીએ અને એના લીધે સૌરાષ્ટ્રનાં છેવાડાનાં ગામડાંને પીવાનું પાણી આજે મળતું થઈ ગયું છે, કચ્છનાં છેવાડાંનાં ગામોને પીવાનું પાણી મળતું થઈ ગયું છે. આજે ૪૦-૪૦ વર્ષ સુધી શાસન કરનારા લોકોને કોઈ સમ દેવા ગયું ન હતું કે તમે નર્મદાનું પાણી ના આપતા. ૪૦ વર્ષ સુધી કોઈને આ વસ્તુ કેમ ના સૂઝી અને આજે અમારા દીર્ઘદ્રષ્ટા મુખ્યમંત્રીશ્રી માનનીય નરેન્દ્રભાઈ મોદી આ વસ્તુ કરી ચૂકયા છે ત્યારે તેમને એનો જશ મળે એ સ્વાભાવિક છે અને એમને એ જશ આપવાની આપણા સૌની ફરજ છે. માનનીય રાજયપાલશ્રીના સંબોધન ઉપરના આભાર પ્રસ્તાવને મારું સમર્થન આપીને વિરમું છું.

**શ્રી બચુભાઈ ના. કિશોરી(લીમડી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી આત્મારામભાઈ પરમાર, માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર જે આભાર પ્રસ્તાવ લાવ્યા છે તેના ઉપર હું મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, હું સામે પક્ષેથી બે દિવસથી જે બોલાય છે તે સાંભળું છું, મારે ભાષણ નથી કરવું પણ જે વાતો સાંભળી છે તેના ઉપર મારે કેટલુંક કહેવું છે. અહીં એમ કહેવામાં આવ્યું છે કે ૧૮ થી ૨૦ કલાક વીજળી આપવામાં આવે છે. હું પોતે ખેડૂત છું, આજની તારીખમાં અમારે ત્યાં પિયત ચાલે છે, હમણાં જ મેં બપોરે ફોન

• (          ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

ઉપર વાત કરી કે શું પરિસ્થિતિ છે, તો કહે કે વીજળી તો સાહેબ રાતના અગિયાર વાગ્યે કે ૧૨ વાગ્યે આવે તેનું કંઈ ઠેકાણું નથી. તમે આવો એટલે અમે મશીન તૈયાર કરી રાખ્યું છે, આવી ઘરથી વાત આવી છે. આ મારા ઘરની વાત કરું છું. મારા ચોસાલા ગામની મંડળી છે. અમારે બે પિયત મંડળી છે એક તો રવાખાહાત અને એક ગામતળ, આ બે મંડળીમાં લગભગ સો થી દોઢસો ખેડૂતો છે. હું પોતે પણ એમાં સભ્ય છું. આજની તારીખમાં છ થી સાત કલાક થી વધારે વીજળી મળતી નથી. અને તે પણ રાત્રે કયારેક ૧૨ વાગ્યે કે બે વાગ્યે આવે તેની પણ ખબર નથી. સાહેબ આ કપડાં બદલીને ત્યાં પણ આખી રાત બેસવું પડે અને તો પણ કેટલા કલાકે વીજળી આવે તેની પણ ખબર નથી. કદાચ અગિયાર વાગ્યે આવે કદાચ બાર વાગ્યે આવે આ પરિસ્થિતિ વીજળીની છે. એટલે મારે તો એમ કહેવું છે કે તમે જે કંઈ સત્ય હોય તે કહો એમાં વાંધો નથી. મને એમ લાગ્યું, મેં શાસ્ત્રોમાં વાચ્યું હતું કે ભયંકર કળિયુગ આવશે પણ આટલો ભયંકર કળિયુગ આવ્યો છે તેના મને અહીં દર્શન થયા છે એવું મને લાગે છે, આ વાત બિલકૂલ હકીકત છે.

બીજું વનબંધુ યોજનાના નામે વાત કરી છે. ૧૫ હજાર કરોડ રૂપિયાની વાત કરી છે. અમે તો આદિવાસીઓ કહેવાઈએ, આ વન બંધુ કોણ છે તેની મને ખબર નથી. આદિવાસી તરીકે જો આ યોજનાની વાત હોય તો મારે કહેવું છે કે તમે કયા પ્રકારની યોજના કરવા માગો છો. આજે આદિવાસી વિસ્તારની વાત કરું તો ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ છે, એમાં કર્મચારીઓને વેતન આપવામાં આવે છે તેની વાત કરું તો પટાવાળાની જગ્યા છે એમાં સાત વર્ષથી પટાવાળાની જગ્યા ઉપર ૬૦૦ રૂપિયા ફિકસ પગાર આપવામાં આવી રહ્યો છે. આજની તારીખે અમે આ બાબતમાં વારંવાર રજૂઆતો કરીએ છીએ તો કહે છે કે આ સરકારની યોજના છે તમે આમાં પ્રશ્ન પણ ન પૂછી શકો. મે પ્રશ્ન દાખલ કર્યો તો કહે કે આમાં પ્રશ્ન ન હોય, નીતિ છે. સરકાર ધારે તે કરે, આ જાતનો આદિવાસીઓનો વિકાસ કરવો હોય તો ચાલુ રાખો પાંચ વર્ષ સુધી, મને કંઈ વાંધો નથી. પણ ખરેખર દુ:ખની વાત છે કે આ રીતનો વહીવટ ચાલે છે. આ આદિવાસીઓનું નામોનિશાન ખલાસ થઈ જશે. અને મને એમ લાગે છે કે આદિવાસીનો વિકાસ નહીં પણ વિનાશ કરવા વાળી આ સરકાર છે એમ કહું તો પણ ખોટું નથી. ખરેખર આજે ગરીબ માણસો ગરીબ થઈ રહ્યા છે અને શ્રીમંત વધારે શ્રીમંત થઈ રહ્યા છે. આવી નીતિ છે. આદિવાસી સબ પ્લાનના નામે પૈસા ફાળવામાં આવે છે, એમાં વાત કરું તો સાંભળો, કરોડો રૂપિયાની વાતો છે પણ એ પૈસાનો ખરેખર આદિવાસીઓ માટે સાચો ઉપયોગ થાય છે તેની જો તપાસ આ સરકાર કરે તો મને ખૂબ આનંદ થશે. આદિવાસીના નામના પૈસા, વાતો કરે છે આદિવાસીની અને પૈસા વપરાય છે શહેરી વિસ્તારમાં કે જે ઉજળિયાત કે મોટી કોમ માટે, મારી ના નથી, ઉજળિયાત કોમ અને શહેરી વિસ્તારનો વિકાસ થવો જોઈએ, પણ આદિવાસીના નામે અને આદિવાસીના નામના પૈસા આ રીતે વાપરાય અને આદિવાસીના નામની વાતો કરે તે ખરેખર દુ:ખની વાત છે.

બીજી વાત કરું તો નર્મદાના પાણીની વાત છે, તો આપણે ઘણું બધું પાણી પહોંચાડયું છે, છે ક કચ્છમાં અને રાજસ્થાન સુધી પહોંચાડયું છે, મને વાંધો નથી. પણ દાહોદ જિલ્લાને પણ લીફ્ટ કરીને આપો, અમે કોઈ જાતની યોજનાના પૈસા લેવા માગતા નથી, ચેક ડેમો કે કોઈ બીજા પૈસા અમે લેવા માગતા નથી. પણ અમને નર્મદાનું પાણી આપો તો હું તમને અભિનંદન આપીશ. પણ દાહોદની વાત આમાં કયાંય આવતી નથી. કારણ કે અહીં તો આદિવાસી જિલ્લો છે, અહીં ઉપર પાણી ન ચડે, બીજી જગ્યાએ લીફ્ટ કરીને ચડાવવાનું હોય તો ત્યાં જઈ શકે, પણ દાહોદ જિલ્લાને ન અપાય, કારણ કે તયાં આદિવાસીઓ છે. એટલે આદિવાસીઓને આપવામાં આ સરકાર ભેદભાવ કરી રહી છે તેના તરફ આ સરકાર વિચારે તેવું પણ આ તબક્કે મારું સૂચન છે.

માનનીય મંત્રીશ્રીએ ગ્રામ મિત્રો નીમ્યા છે, ગામડાંના નાના નાના માણસો નીમ્યા છે, સારી વાત છે. પણ એ લોકોને આજે અગિયાર મહિનાથી પગાર નથી મળતો, તેના માટે તો વિચારો. ખરેખર આ લોકો અમને ફરિયાદ કરે છે કે અમને અગિયાર મહિના માટે નીમ્યા છે તો અગિયાર મહિનાનો પગાર તો આપો. પણ એક મહિનાનો પગાર આપ્યો છે અને ત્યારબાદ આજની તારીખમાં બધા બિચારા આ પગાર માગી રહ્યા છે. વાહન વ્યવહારમાં આજની તારીખમાં આદિવાસી કે ગ્રામ્ય કન્યાઓને જે બસમાં મફત પાસ આપવાની વાત છે.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી(મોટાપોંઢા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર માનનીય ગૃહના સભ્યશ્રી આત્મારામભાઈ પરમાર સાહેબ આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

ગયા પાંચ વર્ષની ટર્મ અને આ શરૂઆતની ટર્મમાં આપણા ઘરે પોપટ પાંજરામાં પૂરેલો હોય એને શીખવવામાં આવેલ હોય કે રોજ મીઠું મીઠું બોલે • (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx)

**અધ્યક્ષશ્રી** : માનનીય જીતુભાઈ, આ સભાગૃહના સભ્યો માટે આપ આ પ્રકારે બોલો એ સારું નથી. આપ આપની વાત કરોને?

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : આ ગુજરાત રાજયની અંદર છેલ્લા પાંચ વર્ષથી કન્યા કેળવણીની અંદર એક થી સાત ધોરણ સુધીની કન્યાઓ માટે પ્રવેશોત્સવ ઉજવવામાં આવે છે, પરંતુ માધ્યમિક વિભાગમાં જ્યારે આ વિદ્યાર્થીઓ ભણવા જાય છે ત્યારે એને નોન ગ્રાન્ટેબલ શાળાઓમાં ભણવા માટે જવું પડે છે. તેથી આદિવાસી

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

વિસ્તારની અંદર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ સરકારી ગ્રાન્ટેબલ આપવી જોઈએ. કદાચ આવતા દિવસોમાં ખૂબ ગંભીરતાથી આ બાબતને ધ્યાન ઉપર લેશે.

આ સરકારે વન બંધુ યોજનાની જાહેરાત કરી. મારા મોટાપોંઢા મત વિસ્તારની અંદર આદરણીય મુખ્યમંત્રીશ્રીએ એક વન બંધુના નામે પોગ્રામ કરેલો. જેની ગ્રાન્ટ હજી આપવાની બાકી છે. આ કામગીરી ૨૦૦૮-૦૯માં થવાની છે. એના માટે ૫૫ લાખનો ખર્ચ નાનાપોંઢામાં થવાનો છે એની હજી જોગવાઈ કરવાની બાકી છે.

ભ્રષ્ટાચારની વાત આ તબક્કે કરવા માગું છું. સી.આર.એફ. યોજના હેઠળ વલસાડ જિલ્લામાં કાંસ સાફ કરવાની વાત કરવામાં આવી હતી. માનનીય સિંચાઈ મંત્રીશ્રીનું આ બાબતે ધ્યાન દોરીશ કે આ કાંસ સાફ કરવાની વાત છે એટલે કે ગંદકી સાફ કરવાની વાત છે એના માટે સી.આર.એફ. યોજના હેઠળ દસ કરોડ રૂપિયાનો ખર્ચ કરી દેવામાં આવ્યો છે. કોઈને એની ખબર નથી, આમાં ખૂબ ભ્રષ્ટાચાર થયો છે તેથી હું સરકારનું આ બાબતે ધ્યાન દોરવા માગું છું. કોઈપણ યોજના બને ત્યારે સામાન્યમાં સામાન્ય માણસને એની ખબર હોવી જોઈએ. તેથી સિંચાઈ મંત્રીશ્રી આની તપાસ કરે તેવી વિનંતી કરું છું.

રોજ સવાર પડે અને હાઉસમાં કહેવામાં આવે કે થ્રી ફેઈઝ વીજળી ૨૪ કલાક ગામડાંમાં આપવામાં આવે છે. અમારા વલસાડ જિલ્લામાં વન વાટિકા તરીકે એક બૂકનું વિતરણ કરવામાં આવ્યું છે. એમાં લખેલ છે કે ગામડાંમાં ૨૪ કલાક થ્રી ફેઈઝ પાવર આપવામાં આવે છે. પરંતુ મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે ગામડાંની અંદર થ્રી ફેઈઝ નહિ પરંતુ સીંગલ ફેઈઝ પાવર મળે છે. થ્રી ફેઈઝ તો ફક્ત છ કલાક જ મળે છે. જ્યારે સરકારે પુસ્તિકામાં ૨૪ કલાકની વાત કરી છે તેથી હું માનનીય ઊર્જા મંત્રીશ્રીનું આ અંગે ધ્યાન દોરું છું. ૨૪ કલાક પાવર આપવાની વાત કરતા હોય ત્યારે સ્વ. ઈન્દિરા ગાંધીને યાદ કરવા જોઈએ કે જેમણે બેંકોનું રાષ્ટ્રીયકરણ કર્યું હતું જેના લીધે સમગ્ર દેશ અને ગુજરાતના લોકો ગાડીવાળા અને બંગલાવાળા થયા છે.

**શ્રી મહેન્દ્રભાઈ લી. મશરુ (જુનાગઢ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીએ આ સન્માનનીય સભાગૃહમાં જે સંબોધન કર્યું છે તેના ઉપર આ ગૃહના સભ્ય માનનીય શ્રી આત્મારામભાઈ જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે તેને હું સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું સામે બેઠેલા મિત્રોને સાંભળતો હતો. વારંવાર કહે કે અહીં મુખ્યમંત્રીશ્રીનું નામ શું કામ? મુખ્યમંત્રીશ્રીને અભિનંદન શું કામ? પરંતુ મારા મિત્રોને કહેવું છે કે આ તો પરંપરા છે. આ બધા મિત્રો આ સાઈડ ઉપર બેસતા હતા ત્યારે પણ મુખ્યમંત્રીશ્રીના વખાણ થતાં હતા અને તેનો હું સાક્ષી છું. અમે વખાણ કરીએ છીએ, માત્ર મુખ્યમંત્રીશ્રીના વખાણ કરીએ છીએ. એ મુખ્યમંત્રીશ્રી છે. એ સૌના છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી છે. કોઈ એક પાર્ટીના મુખ્યમંત્રીશ્રી નથી. જયારે મુખ્યમંત્રીશ્રીનું પદ હોય ત્યારે એ પદના વખાણ થતાં હોય છે. પદના વખાણ થતાં હોય ત્યારે જયારે ભૂતકાળમાં પણ અહીં આપના પક્ષના જયારે મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે પણ વખાણ કરતા હતા. એ પદના વખાણ થતાં હોય છે ત્યારે એ વખાણ આપણને આવકાર્ય હોવાં જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીએ તેમના પ્રવચનમાં બહુ સારી વાત કરી છે કે આ વિધાનસભાગૃહને લોકશાહીનું મંદિર ગણ્યું છે. હું તો તેનાથી પણ આગળ વધીને કહેવા માગું છું કે આ લોકશાહીનું મંદિર તો છે તેની સાથે સાથે દરિદ્રનારાયણ દેવનું પણ મંદિર છે. દરિદ્રનારાયણ દેવના વિકાસ માટે, છેવાડાના માનવીના વિકાસ માટે તેના સુધી રાજયના વિકાસના ફળો પહોંચાડવા માટેનું આ એક માધ્યમ છે અને તેના માટે આ એક મંદિર છે તેમ કહું તો પણ ખોટું નથી. બીજી વાત રાજયપાલશ્રીએ એ કહી કે ચૂંટણીનો ઐતિહાસિક ચુકાદો આવ્યો એમ પણ એમણે કહયું. વાત સાચી છે. બહુ જ શાંતિપૂર્ણ વાતાવરણમાં આ ચૂંટણીઓ સંપન્ન થઈ અને તેનો યશ ગુજરાતની પ્રજાને જાય છે અને તેનો યશ આપણાં સૌ ગુજરાતના નગરજનોને, ગુજરાતના લોકોને જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીનું જે પ્રવચન હોય છે આ પ્રવચનમાં સરકારની નીતિઓ, સરકારે કરેલા કાર્યો અને કરવા ધારેલા કાર્યોનું નિરૂપણ હોય છે અને માનનીય રાજયપાલશ્રીએ સરકારની જે સિદ્ધિઓ, તેમણે કરેલા કાર્યો અને તેમણે કરવા ધારેલા કાર્યો અંગેનું નિરૂપણ કરેલું છે. તેમાં બે-ત્રણ વસ્તુઓ કહેવા માગું છું. એક તો જે પાણીનો પોકાર થતો હતો. ભૂતકાળમાં દક્ષિણ ગુજરાતને બાદ કરતાં સમગ્ર ગુજરાતમાં પાણીના તળ ૧૦૦૦-૧૦૦૦ ફૂટ નીચા ગયા હતા. ત્યારે એ વખતે અમારી રાજકોટની પ્રજા પાણી માટે ટળવળતી હતી. તે વખતે ટ્રેઈન દ્વારા પાણી મોકલવું પડતું હતું. મારે ભૂતકાળના શાસકોને પૂછવું છે કે ત્યારે ચેકડેમો કે નર્મદાની પાઈપલાઈનો આ બધું કેમ આપણે ન કરી શકયા. જો આપણે ર્ક્યું હોત, ૭૦૦ કિલોમીટરની પાઈપલાઈનો તે વખતે પાથરી દીધી હોત તો સૌરાષ્ટ્ર અને ગુજરાતની જનતા પાણી માટે ટળવળતી હતી તે ટળવળતી ન હોત.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી એક વાત કરવી છે. જયોતિગ્રામ. જયારથી ગામડાંનો ઉદ્‌ભવ થયો ત્યારથી ગામડાંની અંદર લાઈટ નહોતી. આપણો દેશ આઝાદ થયો, ગુજરાત રાજયની સ્થાપના થઈ તે પછી પણ આટલા ૫૦ વર્ષ સુધી ગામડાંની અંદર લાઈટ નહીં, ગામડાંનું બાળક રાત્રે ભણી ન શકે, ગામડાંનું બાળક રાત્રે સૂઈ ન શકે, ગામડાંનું બાળક અભ્યાસમાં શહેરી બાળક કરતાં પાછળ રહી જાય. ગામડાંના લોકો માટે રાત્રે લાઈટ ન મળે. આ સરકારે જયોતિગ્રામ યોજના દાખલ કરીને માત્ર ૧૦૦૦ દિવસની અંદર ૧૮,૦૨૩ ગામડાંમાં લાઈટ આપી દીધી છે. આ એક બહુ મોટી વાત છે.

પ્રવાસનની વાત કરી દઉં. ૧૯૬૦થી ગુજરાતનો સૌથી મોટો રોપ-વે પ્રોજૅકટ ટળવળતો હતો. આ સરકારે ગુજરાતનો સૌથી મોટો, એશિયાનો સૌથી મોટો પ્રોજૅકટ મંજૂર કરીને એનું કામ પણ ચાલુ દીધું છે. આવતા બે વર્ષની અંદર હવાની અંદર ૮૦ પેસેન્જરો સાથે બેસીને હવાની અંદર ઊડતા આપણે જોઈ શકીશું.

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ(તાલાળા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ ઉપર હું મારું મંતવ્ય આપવા માટે ઊભો થયો છું. પ્રથમ વખત આ હાઉસની અંદર ધારાસભ્ય તરીકે અહીંયાં ચૂંટાઈને આવ્યો છું.

છેલ્લા ત્રણેક દિવસથી આ હાઉસની અંદર મારા તમામ સાથી સભ્યશ્રીઓની વાતો સાંભળું છું. મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે, ગુજરાત નંબર વન, ગુજરાત નંબર વન, હું પણ ઇચ્છું અને સમગ્ર હાઉસ પણ ઇચ્છે કે, ગુજરાત નંબર વન થાય. હિંદુસ્તાનમાં નહીં પણ સમગ્ર દુનિયામાં ગુજરાત નંબર વન થાય અને એની અંદર બધા સામેલ થાય. પણ ક્યારે? (અંતરાય) એક સેકંડ સાંભળો, એનો જવાબ આપું છું. હું મુખ્યમંત્રીને પણ અભિનંદન આપું કાંઈ વાંધો નથી. જે યોજનાઓ, વનબંધુ, સાગર ખેડુ પૅકૅજ કે આવા ઘણા બધા પૅકૅજ ડીકલેર કર્યા છે. એની અંદર મારે પૂછવું છે કે, મારા જ વિસ્તારની અંદર જે વનવાસી કે આદિવાસીઓ રહે છે, એની અંદર ગીરની બૉર્ડરની અંદર ૧૯૯૮થી કાયદાની જોગવાઈથી આવતા પ્રશ્નોને આજની તારીખ સુધી ફૉરૅસ્ટ ડિપાર્ટમૅન્ટમાં અનેકવાર રજૂઆતો કરવા છતાં એનો ઉકેલ આવ્યો નથી. કાયદાઓની જોગવાઈ હોવા છતાં આદિવાસી બેલ્ટની અંદર આદિવાસીઓની વચ્ચે સાસણમાં આખા હિન્દુસ્તાનમાં આ એક એવું સૅન્ટર છે કે જ્યાં નિગ્રો આદિવાસીઓની વસ્તી છે. પૅકૅજ સારા છે. વાંધો નથી. પણ ફૉરૅસ્ટ ખાતાની સાથે અમે કામ કરીએ છીએ. એ કોઈપણ પૅકૅજ આવ્યું હોય તો એનો અમલ કરવા દેતું નથી. આદિવાસી વિસ્તારમાં, ગીર વિસ્તારમાં સેટલમેન્ટની અંદર ફૉરૅસ્ટ ખાતું આજની તારીખે કરવા દેતું નથી. એ વાત કરવા માટે હું આવ્યો છું. આના માટે વિચારવાનું છે. ગુજરાત નંબર વન ત્યારે બને. અહીંયાં બહેનો બેઠા છે એમને પૂછવું છે કે, ગુજરાત નંબર વન ક્યારે બને? આ ગાંડા બાવળની વાત કરું. ગ્રામીણ વિસ્તારની અંદર ગાંડા બાવળ છે એ તો સારું છે. (અંતરાય) મારા સિનિયર સભ્યોને હું જવાબ આપું છું.

**અધ્યક્ષશ્રી** : આપ સિનિયર સભ્યો છો, આ નવા સભ્ય બોલે છે ત્યારે આપ બધા સભ્યો સાંભળો. એ સારું છે.

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, ગાંડા બાવળ સારા છે. હું ગ્રામ્ય વિસ્તારમાંથી આવું છું. ગુજરાતની ૭૦ ટકા પ્રજા ગામડાઓમાં રહે છે. એમની હું વાત કરું છું. ગામડાની મા-બહેન-દીકરીઓ ટોઈલેટ જવા માટે અંધારાની રાહ જોઈને બેઠેલી હોય છે. એ અંધારું થાય ત્યારે ટોઈલેટ જતી હોય છે એના માટે ગાંડા બાવળ સારા છે એટલા માટે વાત કરું છું. પહેલાં તો ગ્રામ્ય વિસ્તારમાં ઘેર-ઘેર ગરીબ પરિવાર સુધી પેલી જે યોજનાઓ છે એના ટોઈલેટ બનાવવાનું કામ કરી આપો અને પછી ગુજરાત નંબર વન બનાવવાની વાતો કરો મિત્રો, વાતો. આ ખોટી વાત નથી વાસ્તવિકતા છે. સાસણ મૂકામના ધર્મની વાત કરનાર ભાજપને કહેવું છે કે, કે કનકાઈ માતાજીનું મંદિર સાસણમાં આવેલું છે. એશિયાનું ફર્સ્ટ નંબરનું સાસણ કહેવાય. સિંહો ત્યાં વસે છે એ કનકાઈ માતાજીના મંદિરમાં કોઈ યાત્રિકે જવું હોય તો ફોરેસ્ટ ખાતાવાળા પકડે અને ૧૨હજાર સુધીના દંડ કરવાના દાખલા છે. એટલા માટે મારી વિનંતી છે કે આ વાતની અમલવારી થાય એવી તકેદારી રાખે.

**સભાપતિશ્રી શંકરભાઈ દે. વાઘેલા અધ્યક્ષસ્થાને**

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, નામદાર રાજયપાલશ્રીએ ગૃહને સંબોધન કર્યુ અને એમના પ્રત્યે આભારની લાગણી વ્યકત કરતો માનનીય આત્મારામભાઈ પરમારનો આભાર પ્રસ્તાવ ઉપરની ચર્ચામાં હું મારી વાત કહેવા ઉભો થયો છું. રાજયપાલશ્રીનું પ્રવચન એ રાજય સરકારની સિદ્ધિઓને વર્ણવતા શબ્દો, એમના પ્રવચનની અંદર મૂકવામાં આવે છે. આ પ્રવચનની અંદર પંચવર્ષીય યોજનામાં હરણફાળનો એક ફકરો હું વાંચતો હતો અને એમાં આ રાજય સરકાર ગયા વર્ષોમાં ૫૪૨૬૫ કરોડ રૂપિયાની નવમી પંચવર્ષીય યોજના સામે દસમી પંચવર્ષીય યોજનામાં ૪૯૪૧૫ કરોડ રૂપિયાનું ખર્ચ કરવાની સિદ્ધિઓનું વર્ણન કર્યુ, મારે કહેવું છે કે નવમી પંચવર્ષીય યોજના જે છે એ ૨૮હજાર કરોડની હતી અને એને બાદ કરીએ તો આઠ પંચવર્ષીય યોજનાઓ માત્ર રૂા. ૨૬હજાર કરોડ રૂપિયાની જ થાય. નવમી પંચવર્ષીય યોજનાની મંજૂરી સમયે હું નાણામંત્રી હતો ત્યારે આયોજનપંચે મંજૂર કરી હતી, એમ કહીને સિધ્ધિઓ ના લઈ શકાય. જયારે રૂપિયો ગાડાના પૈડા જેવો હતો, બે હજાર રૂપિયા ટનનું લોખંડ હતું અને દસ રૂપિયાથી ચાલીસ રૂપિયાની સિમેન્ટથી થેલી હતી એ વખતે આ પંચવર્ષીય યોજનામાં ગુજરાતનું નવસર્જન અને આજે આપણે હાઉસમાં જે બેઠા છીએ એ પણ કોંગ્રેસના શાસનમાં થયેલ કામગીરી હતી. એ કામગીરીની મુલવણી કરવાને બદલે આપણે માત્ર આપણી જે વાતો કહીએ એ પ્રચારાત્મક તરીકે લેખાવી જોઈએ. ૫૦હજાર રૂપિયા ટને લોખંડ આવતું હોય અને ૨૦૦ રૂપિયા સિમેન્ટની થેલી વેચાતી હોય ત્યારે આયોજનની અંદર રકમ વધારવી એ જરૂરી હોય છે અને મને એનાથી પણ આગળ રાજયપાલશ્રીના પ્રવચનની અંદરના શબ્દો હતા કે મારી સરકારે પ્રજાની ઉપર કરવેરાનો બોજ વધારવાને બદલે સુચારુ નાણાકીય વ્યવસ્થા કરીને એ સિધ્ધિ હાંસલ કરી છે. સત્યથી, આ વાસ્તવિકતાથી કેટલી દૂરની વાત છે. કરવેરા નથી નાખ્યા ત્યારની વાત આ પ્રવચનમાં હશે પણ તે પછી બે દિવસ પહેલા જ રજૂ થયેલ બજેટ અંગે એક પત્રકાર મિત્રે ખૂબ સારું કહયું, માનનીય વજુભાઈ સાહેબને મશ્કરી કરવાની ખૂબ ટેવ છે પણ આવી ક્રુર મશ્કરી ટેક્ષ નાંખીને કરશે

એવી અમને કલ્પના નહોતી. જો નાણાકીય શિસ્તતા હોય તો ૧૪હજાર કરોડનું કરજ આપણે ૧૯૬૦માં ગુજરાત રાજય થયું ત્યારથી ૧૯૯૮ના માર્ચની ૩૧મી તારીખ સુધીમાં રાજયનું કરજ માત્ર ૧૪હજાર કરોડનું હતું અને એ પછી ૯ વર્ષની અંદર એ કરજ ૭૬હજાર કરોડે પહોંચ્યું છે એ તમે નાણાકીય શિસ્તબદ્ધતા કેવી રીતે કહી શકો? પૂર્વ નાણામંત્રીશ્રી અત્યારે પણ ટ્રેઝરી બેંચમાં બેઠેલા છે અને એમને કોઈ શાબાશી આપતું હતું કે કરજ તો મર્દના માથે હોય, પછેડી એટલી સોડ કરીને પણ રાજયની વ્યવસ્થા સાચવી શકાય છે એવી જો કયાંય આમા વાત આવી હોત તો અમે પણ આભાર પ્રસ્તાવની અંદર સુર પુરાવેત.

સિંચાઈની વાત કરી, સુજલામ સુફલામની વાત કરી, એ તો વીતી હોય એ જાણે. ગયા વર્ષે માનનીય નાણામંત્રીશ્રીએ ૨૫ કરોડ રૂપિયાની એક નવી સેવાઓ તૂટેલા તળાવો અને તળાવો ઉંડા કરવા માટે કરી, એ રજૂઆત અમારી એટલા માટે હતી કે કચ્છ અને સૌરાષ્ટ્ર જેવા વિસ્તારમાં વરસાદી પાણીનું ટીપેટીપું સાચવવા માટે જરૂરી હોય છે. એમાંનો એક રૂપિયો પણ કચ્છમાં ૩૧મી ડિસેમ્બર સુધીમાં ગયો નથી. નવી સરકાર આવી હોય અને એ પછી મોકલવાના હોય તો જુદી વાત છે. રીએપ્રોપ્રિએશન કરીને આપવાના હોય તો માર્ચ મહિનો બાકી છે. પણ અમારામાં એક કહેવત છે કે "ખટેત ખેંગાર ને ભોગવે ભારો" માનનીય અધ્યક્ષશ્રી, રજૂઆત અમે કરીએ અને બીજે પૈસા ખર્ચાઈ જતા હોય તો અમારો પ્રદેશ તો સૂકો છે. જ્યાં નર્મદાના પાણીની અમે ઝંખના કરીએ છીએ. નર્મદાના પાણી માટે જેમ ગુજરાતની તમામ જનતા એક છે એમ અમે કચ્છના તમામ ધારાસભ્યો આ બાબતે એકમત છીએ. આ પાણી લાવવા માટેનું કોઈ આયોજન, એનું વ્હાઈટ પેપર તો બહાર પાડો. હમણાં વાત આવી કે નર્મદાની નહેર લાવવાના વિસ્તારમાં પર્યાવરણ વિભાગની વાઈલ્ડ લાઈફ કમિટીએ એક સ્પષ્ટતા માગી છે કે વાઈલ્ડ એસીસ (જંગલી ગધેડા) જવા માટેનો માર્ગ કઈ રીતે કરશો. એ પછી કલીયરન્સ આપવાના છે. આ વખતે સમગ્ર કચ્છની પ્રજાની ચિંતા છે એ વાતનો ઉપાય આમાં હોત તો અમે ચોક્કસ આ આભાર પ્રસ્તાવને સમર્થન આપતા. એમાંની કોઈ વાત નથી. સાંસ્કૃતિક બાબતનો કોઈ ઉલ્લેખ માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચનમાં કરવામાં આવેલ નથી. ગુજરાતમાં આટલા મોટા ઉત્સવો થતા હોય, સાંસ્કૃતિક વિભાગ હોય છે. એનું ખાસ ખાતું છે એ શિક્ષણ મંત્રીશ્રીના હાથ નીચે છે. આ વખતે એ માનનીય ફકીરભાઈને આપવામાં આવેલ છે. આ પ્રવચનમાં સાંસ્કૃતિક વિભાગનો આમાં ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. અમારા કલાકાર મિત્રો માટેનું કંઈક કર્યું હોત તો અમે સમજી શકતા. માહિતી ખાતાનો ઉલ્લેખ છે. મારે ધન્યવાદ આપવા જોઈએ તત્કાલીન શિક્ષણ મંત્રી આનંદીબેનને, એમણે પ્રશ્નના જવાબમાં કલાકારોને ઈનામો આપવાના હતા એમાં કમિટી નીમીને એક સાથે ચાર-પાંચ વર્ષના ઈનામો આપ્યા. પણ માત્ર ઈનામો આપવાથી નહિ પણ એમના જીવન નિર્વાહ માટે અને એમને પ્રોત્સાહન આપવા માટેની કોઈ યોજનાનો અમલ થયો હોત અને એનો આમાં ઉલ્લેખ કર્યો હોત તો અમે ધન્યવાદ આપી શકત. હું માનનીય આત્મારામભાઈનો પ્રસ્તાવ છે એને સમર્થન આપી શકતો નથી.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ(કડી)** : માનનીય અધ્યક્ષશ્રી, આત્મારામભાઈ પરમાર માનનીય રાજ્યપાલશ્રી નવલકિશોર શર્માના આપણા સન્માનનીય ગૃહ સમક્ષ થયેલ સંબોધનના આભાર પ્રસ્તાવના સમર્થનમાં હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગઈ કાલે, આજે સવારે અને આજની આ બીજી બેઠક દરમિયાન કુલ ૫૭ માનનીય સભ્યશ્રીઓએ માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર એમના વિચારો પ્રગટ કર્યા છે. મોટાભાગના સભ્યશ્રીઓએ માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચનને આવકાર્યું છે, બિરદાવ્યું છે. આ સરકારે, માનનીય નરેન્દ્રભાઈ મોદી કે જેઓ આ ગૃહના પણ નેતા છે એમની સરકાર દ્વારા જે કામો થયા છે અને જે કામો કરવાનું આયોજન છે એ અંગે વિગતવાર વિશ્લેષણ કરીને ગુજરાતના ભવિષ્યને ઉજ્જવળ બનાવવા માટે આ પ્રસ્તાવને સમર્થન આપ્યું છે. માનનીય નરેન્દ્રભાઈ મોદી જે રાજ્યના મુખ્યમંત્રી અને ગૃહના સન્માનનીય નેતા અને ગુજરાતની પ્રજાના હૃદય સમ્રાટ અને સમગ્ર દેશમાં મુખ્યમંત્રી તરીકેની એક અલગ છાપ, વિકાસ પુરુષ તરીકેની એક પ્રતિષ્ઠા મેળવનાર એક મુખ્યમંત્રી છે. આજે મને જણાવતા આનંદ થાય છે કે ૭મી ઑકટોબર ૨૦૦૧ થી માંડીને આજે ૨૩૩૫ મો દિવસ સળંગ સ્થિર શાસન, પ્રગતિનું શાસન ગુજરાતને આપનાર સૌથી વધુ સમય ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પારદર્શકતાથી, પ્રમાણિકતાથી, નિષ્ઠાપૂર્વક રાજ આપનાર મુખ્યમંત્રી તરીકે આજે એમણે નામના મેળવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ૨૩૩૫માં દિવસ મુખ્યમંત્રી રહ્યા પછી આજે ગુજરાતની પ્રજાનો ત્રીજીવાર વિશ્વાસ જીત્યા પછી છેલ્લું વિધાનસભાનું ઇલૅક્શન થયું એમાં ગુજરાતના બે કરોડ અઢાર લાખ મતદારોએ મતદાન કર્યુ અને ૪૯ ટકા કરતા વધુ મત ભારતીય જનતાપક્ષના ઉમેદવારોને આપી અહીંયા બેઠેલા ૧૧૭ સન્માનનીય ધારાસભ્યોને નરેન્દ્રભાઈના વિશ્વાસથી ભારતીય જનતાપક્ષના સિદ્ધાંત ઉપર, રાષ્ટ્રભકિતથી પ્રેરાઈને કામ કરવા માટે અહીંયા મોકલ્યાં છે. હું ત્રણ દિવસથી અને ત્રણ બેઠકથી માનનીય સભ્યશ્રીઓને સાંભળી રહ્યો છું. માનનીય વિરોધપક્ષના નેતા અગાઉ પણ ૯૦ થી ૯૫ આ ગૃહના સભ્ય રહી ચૂકેલા છે. મને એમ હતું, મારા મિત્ર છે, વકીલ છે, હાઈકોર્ટમાં પ્રૅક્ટિસ કરે છે. મને એમ હતું કે એમના પ્રવચનમાં ગુજરાતના માટે મુખ્યમંત્રીશ્રીને મદદરૂપ થાય, સરકારને મદદરૂપ થાય, પ્રજાને મદદરૂપ થાય એવો કોઈ નવો સંદેશો મળશે, એવી કોઈ નવી વાત મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા વિરોધપક્ષના નેતાની સાથે બીજા પણ એક પૂર્વ વિરોધપક્ષના નેતા બાજુમાં જ બેઠા છે. ગયા પાંચ વર્ષ સુધી આ ગૃહમાં વિરોધપક્ષના નેતા તરીકે એમણે કામ કર્યુ છે. બે-બે વિરોધપક્ષના

નેતા, એક અત્યારના ચાલુ અને બીજા પૂર્વ. મને એમ હતું કે આ બંને જે વાત કરશે એ સરકારને, પ્રજાને ઉપયોગી બનશે, પણ **અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે એમના પ્રવચનની અંદર કોઈ વાત નવી નથી, કોઈ વિચાર નવો નથી કે કોઈ દિશા નવી નથી, એની એ •(xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) આ હાઉસમાં (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : જોઈ લઈશું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મને ખબર હતી (xxxxx) ગયેલી એ સાંભળી સાંભળીને ગુજરાતની પ્રજા થાકી ગયેલ. ગુજરાતના દૈનિકપત્રોમાં, ગુજરાતના મિડિયામાં આની આજ વાત મૂકાય અને મારા દ ણા માનનીય સભ્યશ્રીએ એમના પ્રવચનમાં ઉલ્લેખ્ કર્યો છે આ વખતનું ચૂંટણી યુદ્ધ, આ વખતની લોકશાહીનું યુદ્ધ એક ઐતિહાસિક યુદ્ધ હતું. ૨૦૦૨ની ચૂંટણીઓમાં જ્યારે માનનીય નરેન્દ્રભાઈના નેતૃત્વમાં જબરજસ્ત સભ્ય સંખ્યા સાથે ભા.જ.પ.ના ધારાસભ્યો ચૂંટાયા ત્યારે કોંગ્રેસના સભ્યશ્રીઓ એમ કહેતા હતા કે આ તો ગોધરાના બનાવો પછી પ્રજાની લાગણી ભડકાવી, પ્રજાની કોમી લાગણીઓનો ઉપયોગ કરી, ધાર્મિક લાગણીનો ઉપયોગ કરી આ સરકાર બનાવી છે. એ સરકારે પાંચ વર્ષ સુધી ગુજરાતના વિકાસ માટે કામ કર્યુ. ગુજરાતના વિકાસમાં અપ્રિતમ કામગીરી કરી અને આ વખતે જે ચૂંટણી થઈ ૨૦૦૭ની ચૂંટણી એ વખતે માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ગયા પાંચ વર્ષમાં સરકારે જે કામ કર્યુ હતું. ગુજરાતનો જે વિકાસ કર્યો, ગુજરાતની જે પ્રગતિ કરી, જે લોકોએ ગુજરાતને ગોધરાના તોફાનો પછીના સમયમાં ગુજરાતની શાન, કાયદાપ્રિય પ્રજા, વેપાર-ધંધો, ઉદ્યોગ, શિક્ષણ આખી દુનિયામાં પ્રસરેલી આ પ્રજાને બહારના લોકો મારફત, કારણ કે એમનાથી તો કાંઈ થાય એવું નહતું, ગુજરાતમાં બોલાય એવું નહતું અને બોલે તો પ્રજા મારી નાખે એવી સ્થિતિ હતી. એટલે શું કર્યુ, બહારના લોકોને, કહેવાતા બિન સાંપ્રદાયિક લોકોને ઉશ્કેરીને, આગળ કરીને પોતે પડદા પાછળ રહીને ગુજરાતની પ્રજાને બદનામ કરવામાં આ લોકોએ ગયા પાંચ વર્ષમાં ૨૦૦૨ની ચૂંટણીઓ વખતે કાંઈ બાકી રાખ્યું નહતું.

: ગુજરાતની પ્રજા ખૂની છે, બળાત્કારી છે, લૂંટારું છે. અહીંયા ધંધો કરશો, અહીંયા ઉદ્યોગ નાંખશો તો તમારું બધું લૂંટાઈ જશે. જે ગુજરાત મહાત્મા ગાંધીજીનું ગુજરાત, જે ગુજરાત સરદાર વલ્લભભાઈ પટેલનું ગુજરાત, એ ગુજરાતને આખી દુનિયામાં આ કહેવાતા બિનસાંપ્રદાયિક લોકોએ, આ કોંગ્રેસીઓએ આ ડાબેરીઓએ, આ ગુજરાત વિરોધીઓએ બદનામ કર્યુ. અમારા એક સભ્યશ્રીએ ખૂબ સાચું કહ્યું કે, ગુજરાતની પ્રજા ખૂબ શાણી પ્રજા છે. ગુજરાતની પ્રજા કોઈના દોરવવામાં આવી જાય એવી નથી. કોઈ છાપું વાંચી, કોઈ ટી.વી.નો રિપોર્ટ જોઈ ગુજરાતની પ્રજા ભ્રમિત થઈ જાય એવી નથી ૨૦૦૨ના ઇલૅક્શનમાં અનેક જાતનો વિરોધ વંટોળ હતો તો પણ નરેન્દ્રભાઈની સરકાર તે વખતે બનેલી. આ વખતે ફરી ચૂંટણી આવી, ફરી ચૂંટણીમાં કારસો રચાયો ગુજરાતને બદનામ કરવાનો ( અંતરાય ) દારૂ તો કોંગ્રેસના વખતમાં કેટલો પીવાતો હતો ભાઈ, તમારા જૂના પ્રવચનો કાઢો ભાઈ, તમે માનસિંહભાઈ, મારી વાત સાંભળો સાહેબ, માનસિંહભાઈ, બાબુભાઈ, ભાઈ જોષીયારા અહીંયા બેઠેલા લોકોના સાહેબ જૂના પ્રવચનો,

**અધ્યક્ષશ્રી** : માનનીય નીતિનભાઈ તમે મારી સામે જોઈને બોલો. એ તમને ઉશ્કેરે તો તમે ઉશ્કેરાવ નહીં, મારી સામે જોઈને બોલો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : સાહેબ આપને જ સંબોધન કરું છું.

**અધ્યક્ષશ્રી** : નહીં.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા જે લોકો દારૂની વાતો કરે છે એમના વખતમાં જે લઠ્ઠાકાંડો થયા હતા એવા કોઈ લઠ્ઠાકાંડો ભા.જ.પ.ની સરકાર આવ્યા પછી ગુજરાતમાં થયા નથી. લઠ્ઠો કોણ પિવડાવતું હતું, દારૂ કોણ પિવડાવતું હતું ? એ ગુજરાતની પ્રજા સારી રીતે જાણે છે, બોલાવશો નહીં (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ જગદીશભાઈ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : ગુજરાતની પ્રજાએ આ વખતે પણ ફરીથી માનનીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિશ્વાસ પ્રગટ કર્યો. આ વખતે પણ શું થયું? આ વખતે જે ચાલ્યું એમાં ગુજરાતના માટે જે ગોધરા પછીની વાત કહી, વિકાસ માટેની વાત અમે મૂકી કે ગુજરાતને વિકાસ, પ્રગતિ, સમૃદ્ધિ, સલામતી અને પારદર્શક વહીવટ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ આપ્યો. માનનીય અધ્યક્ષશ્રી, હું આપને જણાવવા માગું છું કે, અહીંથી કેટલાક વિરોધપક્ષના અમારા સભ્યશ્રીઓએ કાયદો અને વ્યવસ્થાની વાતો કરી, ગુજરાતની શાંતિની વાતો કરી. માનનીય અધ્યક્ષશ્રી, આજે હું એમને થોડા ભૂતકાળમાં લઈ જવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, હું ૧૯૯૦માં આ સન્નમાનીય સભાગૃહનો સભ્ય હતો, ૧૯૯૦ થી ૧૯૯૫, માનનીય અધ્યક્ષશ્રી આપણને બધાને ખબર છે, કોંગ્રેસના શાસનમાં કોંગ્રેસના મંત્રી રહી ચૂકેલા વલ્લભભાઈ પટેલનું જાહેરમાં ધોળા દિવસે ખૂન થયેલું, કોંગ્રેસના લોકો એમના મંત્રીકક્ષાના નેતાને પણ બચાવી શકેલા નહતા માનનીય અધ્યક્ષશ્રી ( અંતરાય ) પોપટલાલ સોરઠિયા

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર, ઑર્ડર, જગદીશભાઈ, રામસિંહભાઈ પ્લીઝ( અંતરાય) તમને બોલવાની તક મળી હતી. (અંતરાય) શ્રી ખુમાનસિંહભાઈ.

---

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : સાહેબ આપણને શરમ આવે, આ કોંગ્રેસના લોકોને શરમ આવવી જોઈએ.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી ખુમાનસિંહ

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : શરમ આવવી જોઈએ.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ખુમાનસિંહ તમે બોલતા હતા ત્યારે બધાએ શાંતિથી સાંભળેલ છે, એ ઘટનાઓનું નિરૂપણ કરે છે, કોઈના ઉપર આક્ષેપ નથી કર્યો એટલે શાંતિથી સાંભળવાની જે પ્રણાલી શરૂ થઈ છે એને જાળવીએ. (અંતરાય) શ્રી રામસિંહભાઈ પ્લીઝ. આપના ઉપર કોઈ આક્ષેપ નથી કર્યો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે હકીકત છે એ કહું છું. પોપટલાલ સોરઠિયા ધારાસભ્ય હતા. એમને ધ્વજવંદન વખતે રાષ્ટ્રીય પર્વમાં ડી.એસ.પી., અધિકારીઓની હાજરીમાં એમને ગોળી મારવામાં આવેલી એ વખતે કઈ સરકાર હતી એ તમારી જાતને પૂછો(અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હજુ એક વાત મારે કહેવી છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : જગદીશભાઈ, આપને પ્રવચનનો સમય મળ્યો હતો. એ પ્રવચનમાં આપ બધું જ કહી શકયા હોત. હવે જવાબમાં એ કહેવાના જ છે. આપણે એક મર્યાદા નક્કી કરેલી છે. પરિણામે બે દિવસમાં ૬૦ કરતાં વધુ સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો છે. મંત્રીશ્રી જવાબ આપે છે, ત્યારે એ વાત ચોકકસ છે કે તમને ગમે તેવું તેઓ કહેવાના નથી. મંત્રીશ્રીનો જવાબ તમને ગમે તેવો ન હોઈ શકે (અંતરાય) નહીં, આપે જે કહેવું હોય હજી ચર્ચા આગળ ચાલશે ત્યારે આપ કહી શકશો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એક જૂની વાત યાદ કરવી છે. મહાત્મા ગાંધીજીનું પોરબંદર, વિરોધ પક્ષના નેતા નીકળી ગયા સાંભળવા રહ્યા નથી. પોરબંદરના ધારાસભ્ય છે એ વખતે પોરબંદરની જેલમાં જે કેદીઓને પૂરવામાં આવતા હતા. રાત્રે બધા બહાર નીકળે. કોંગ્રેસની સરકારના આશીર્વાદથી આખી રાત ગુના કર્યા પછી સવારે જેલમાં જતા રહે. આ હકીકત છે. કોંગ્રેસના શાસનમાં જોયું છે. આ કેદીઓ ઉપર તો કડપ ન બેસાડી શકી અને નાછૂટકે એવો નિર્ણય કર્યો પોરબંદરની જેલ બંધ કરવાનો નિર્ણય સરકારે કર્યો. કેદીઓને કન્ટ્રોલ નહીં કરી શકવાને કારણે આ કોંગ્રેસમાં પોરબંદરની જેલ બંધ કરવી પડી હતી આપ અમારો વહીવટ તો જુઓ(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ખુમાનસિંહભાઈ, નહીં, એમને જવાબ આપવાનો અધિકાર છે. તમે તમારી તક ગુમાવી છે. તમે બોલવાનું ભુલી ગયા છો.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : અમે આપ(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આ એમનો આક્ષેપ નથી. બે સમયગાળાની પરિસ્થિતિનું નિરૂપણ કર્યું છે. એમને જે નિરૂપણ કરવું હોય એ એમનો અધિકાર છે. હું એમને રોકી શકું નહીં.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું નવો નવો ધારાસભ્ય હતો અને કેવા નામો અહીં આવતા હતા. ગૃહ મંત્રી જવાબ આપે. સભ્યશ્રીઓ પ્રશ્ન પૂછે ગુજરાતમાં ગેંગ કેટલી? પોરબંદરમાં એક ગેંગ ચાલતી હતી. પોરબંદરના પોર્ટ ઉપર જેટલો માલ આવે કે જાય એનું ચૂકવણું કરવું પડતું હતું. અમદાવાદમાં અમૂક ગેંગ ચાલતી હતી. વડોદરામાં ગેંગ ચાલતી હતી. આજે માનનીય નરેન્દ્રભાઈના નેતૃત્વમાં એકપણ ગેંગનું અસ્તિત્વ રહ્યું નથી. ગેંગવાળા કાં તો ઉપર જતા રહ્યા કાં તો જમીનમાં પાંચ ફુટ નીચે કબરમાં જતા રહ્યા. ગુજરાતની આ ભા.જ.પા. સરકારના નરેન્દ્રભાઈ મોદીની સરકારની કામગીરી છે. ગુજરાતને શાંત બનાવ્યું છે. સલામત બનાવ્યું છે. ભ્રષ્ટાચારની વાત કરું તો આખું ગુજરાત જાણે છે કે ગુજરાતમાં એક સૂત્ર બહુ પ્રચલિત થયું છે "હું ખાતો નથી અને ખાવા દેતો નથી" જે માણસ ૨૩૩૫ દિવસ ગુજરાત જેવા સમૃદ્ધ ભારતના નંબર-૧ રાજયના મુખ્યમંત્રી રહ્યા હોય, મને આનંદ છે જે વિરોધપક્ષના ધારાસભ્યશ્રીઓએ પ્રવચન કર્યું. એમાં એક પણ ધારાસભ્યશ્રીના પ્રવચનમાં માનનીય મુખ્યમંત્રીશ્રીના વ્યકિતગત જીવન માટે, એમની પ્રમાણિકતા માટે એક ટાંકણી જેટલી વાત કરવાની પણ અહીં કોઈની હિંમત નથી. આ રીતનો પારદર્શક વહીવટ માનનીય મુખ્યમંત્રીશ્રીએ કર્યો છે. વાતો કેવી કરતા હતા. હસવા જેવી વાત છે. આનંદની વાત છે. ચૂંટણી વખતે કોંગ્રેસના નેતાઓ એવું કહેતા હતા કે મુખ્યમંત્રીશ્રી પાસે ૨૦-૨૫ જોડી ચંપલો છે, બૂટ છે. ૨૫૦ જોડી કપડાં છે. એમને કપડાનો શોખ છે માનનીય મુખ્યમંત્રીશ્રીને અને એનાથી વધુ તમારી કોંગ્રેસના, પછી એમ કહેશો કે બહારની વાત ન કરશો. ૬૫ કરોડ રૂપિયાનું બોફોર્સનું કૌભાંડ ખાલી થોડા સમય માટે કરાયું હતું. આટલા મોટા સમૃદ્ધ રાજ્યમાં એક પણ પૈસાનો આક્ષેપ કરવાની તમારા કોઈનામાં પણ તાકાત નથી અને આજે પણ હું તમને ચેલેન્જ કરું છું કે એક પણ વાર તમે કહી શકો છો? સરકારની હજારો યોજના ચાલતી હોય, સરકારના હજારો કામ ચાલતાં હોય, ક્યાંક ખોટું થયું હોય, ભૂલ થઈ હોય, કર્મચારી, અધિકારીએ ખોટું કર્યુ હોય, કામ નબળું, સારું થયું હોય એ અલગ વાત છે. પણ મુખ્યમંત્રીશ્રી વિશે એક ટકો પણ વાત કરવાની કોઈની વાત રહી નથી.

માનનીય મુખ્યમંત્રીશ્રી સામે કરી કરીને શું આક્ષેપો કર્યા છે. વિરોધ પક્ષના નેતાએ એમ કહ્યું કે કર્મયોગી યોજનામાં ૧૨ કરોડ રૂપિયાનું કામ એક કંપનીને અપાયું. આટલા બધા લાંબા વખતથી મુખ્યમંત્રીશ્રી રહ્યા પછી નરેન્દ્રભાઈ વિશે, સરકાર વિશે આક્ષેપ કરી કરીને શક્તિસિંહજી માનનીય વિરોધ પક્ષના નેતા ૧૨ કરોડ રૂપિયા

